
આત્મ ઉત્થાનનો પાયો
ચિંતક
અધ્યાત્મયોગી, પરમ પૂજ્ય,
પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય



પરમ પૂજ્ય, અધ્યાત્મયોગી, પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રીના જીવન-સાગરમાં નિરભિમાન, અનાશંસભાવ, પરાર્થ પ્રિયતા, કલ્યાણની કામના, સદૈવ સસ્મિત રહીને શિવમસ્તુનો આર્શીવાદ વરસાવતી મુખમુદ્રા, ઊંડા ચિંતન-મનનની અનુપ્રેક્ષા, પ્રિયતા, નમસ્કાર નિષ્ઠા, ભગવદ્‌ભકિત આદિની અનેકાનેક સદ્‌ગુણ સરિતાઓ, શુભ સંગમ સાધતી જોવા મળશે અને એના ખળભળાટમાંથી સરજાતા મહાગાનને સાંભળવા કાન સરવા કરીશું તો જસ્સ મણે નવકારો, સંસારો તસ્સ કિં કુણઈ, શિવમસ્તુ સર્વ જગત, મિત્તિમે સવ્વ ભૂએસુ અને ખામેમિ સવ્વ જીવે જેવા કેટલાય સાધના ગીતોના રહસ્યાર્થ પડઘો પાડતા સંભળાશે.

મન એમનું મૈત્રી અને મહામંત્ર પરના મનનથી મંજાયેલું હતું. ચિત્ત એમનું ચારિત્રથી ચોક્ખું હતું. તન એમનું તપની તાજગીથી તરવરાટ અનુભવતુ હતું. જીવન એમનું જપની જ્યોતથી ઝળહળતું હતું. મુખ એમનું માધુર્યથી મનોહર હતું. હાસ્ય એમનું રહસ્યભર્યું હતું, તો બોલવું એમનું તત્ત્વભર્યું હતું. વાણી એમની વેધક હતી તો એમનું મૌન પણ કંઈ ઓછું અસરકારક નહોતું. આવી એક એકથી અધિકી અનેકતાઓના અવતાર સમા જૈન સંઘમાં સહુ કોઈના હૈયામાં સ્થાન-માન પામી ચુકેલા અને વાત્સલ્ય ભાવથી પવિત્ર ચારિત્રવંત એવા પૂજયપાદ પરમ ગુરૂદેવ પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્ય શ્રીને વંદના...

પૂજ્યપાદ
શાસનસમ્રાટ્ શ્રીમદ્
વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ
સાહેબના સમુદાયના પૂજ્ય આચાર્યશ્રી
વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ
સાહેબના શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી
દર્શનવિજયજી મહારાજની પ્રેરણાથી
શ્રી સિહોર શ્વેતામ્બર મૂર્તિપૂજક
તપગચ્છ જૈન સંઘના જ્ઞાનખાતામાંથી
પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજને તથા
જ્ઞાનભંડારને ભેટ.

卐

શિવમસ્તુ સર્વજગતઃ

# આત્મઉત્થાનનો પાયો

( આત્મા-મૈત્ર્યાદિભાવો-ધ્યાન વિગેરે વિષયો ઉપરના ચિંતનો )


-: ચિંતક - લેખક :-

પરમ પૂજ્ય, અધ્યાત્મયોગી, અજાતશત્રુ અણગાર પંન્યાસપ્રવર

શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

: સંપાદક :-

પરમ પૂજ્ય, પંન્યાસપ્રવર

શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય



-: પ્રકાશક :-

ભદ્રંકર પ્રકાશન

૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી,

સુજાતા ફ્લેટ પાસે, શાહીબાગ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૭૮૬૮૨૮૮

# ચિંતક : લેખક


પરમ પૂજ્ય, કર્મસાહિત્ય નિષ્ણાત, વાત્સલ્ય વારિધિ,
આચાર્યદેવ, શ્રીમદ્વિજય પ્રેમસુરીશ્વરજી મહારાજા ના શિષ્યરત્ન,
શાસનપ્રભાવક, કલિકાલ કલ્પતરુ, આચાર્યદેવ શ્રીમદ્વિજય,
રામચંદ્રસુરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન, મૈત્ર્યાદિ ભાવનાઓના સાધક,
પરમ પૂજ્ય, પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્ય....!



: પ્રાપ્તિસ્થાન :

સર્વ કલ્યાણકર સમિતિ
આરાધના ધામ,
મુ. વડાલીઆ સિંહણ,
તા. જામ ખંભાળીયા,
જી. જામનગર

સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ-૧.

પાર્શ્વનાથ પુસ્તક ભંડાર
તળેટી રોડ, ફૂવારા સામે,
પાલીતાણા

સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી,
ઝવેરી બજાર, મુંબઇ-૨.

સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે,
પાલીતાણા

સંવત
૨૦૫૧

કિંમત : ૧૨૦-૦૦

: મુદ્રક :
ભરત પ્રિન્ટરી
ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રીલીફ રોડ, અમદાવાદ-૧.

# ❋ પ્રકાશકીય ❋

વિશ્વોપકારી, મહાપુરુષોની ભવ્ય પરંપરામાં માન–પાન સાથે સ્થાન પામેલા પરમ પૂજ્ય, પંન્યાસજી **શ્રી ભદ્રંકરવિજયજી** ગણિવર્ય શ્રી પરોપકાર પરાયણ જીવનના સમર્થ સાધક હતા.

આરાધનાના મંગલ માર્ગે પોતાનું જીવન ધન્ય બનાવ્યું અને તેમાં જે અનુભવ્યું તેને અક્ષરરૂપે–પુસ્તકરૂપે પરિણમી. પૂજ્યશ્રીનું જીવન જેમ મહાન–ભવ્ય હતું તેમ લખાણ પણ મૌલિક મર્મસ્પર્શી અને ચિંતન પ્રધાન તથા આરાધના–સાધના–સ્વાધ્યાય અને શાસ્ત્રના ચિંતન–મનન–નિદિધ્યાસનના પરિપાકરૂપ હોવાથી સીધું–સાદું અસરકારક છે. અને તેમાં વિવિધ વિષયોની વિશદ છણાવટ છે. ઘણાં વર્ષોના ઘણાં પ્રયત્ને પણ પ્રાપ્ત ન થાય એવા અનુભવ વચનો આ લખાણમાં છે.

આ ચિંતનો જીવન જીવવાની અદ્ભુત કલાની કલ્યાણકારી કેડી બતાવે છે. તેમાંથી જીવનને સુંદર રીતે જીવી જવાનો મહાન અને મંગલકારી સંદેશ પ્રાપ્ત થાય છે.

આરાધનાના અર્થીઓને પથપ્રતિ પ્રસ્થાન કરાવે છે. મુમુક્ષુ–જીજ્ઞાસુ આત્માઓ માટે માર્ગદર્શનની મહામૂલી મૂડી બની જાય છે.

શાસન રસિક ભવ્ય જીવો માટે ઉપકારક આ ચિંતનો–પુસ્તકરૂપે પ્રકટ થયા અને મિથ્યાત્વના મૂળમાં રહેલા મોહને મહાત કરવા માટે માઈલસ્ટોન બન્યા. મોક્ષ આપવાની નૈસર્ગિક શક્તિના વિકાસ માટે ઉપકારક બન્યા.

અણમોલ શ્રુતનો ખજાનો ધરાવતાં આ પુસ્તકોમાંથી પ્રથમ નમસ્કાર મન્ત્રના ચિંતનોના સાત પુસ્તકોના સંગ્રહને એક વિશાળ વોલ્યુમ તરીકે **ત્રૈલોક્ય દીપક મહામન્ત્રાધિરાજના** નામથી પ્રકાશિત કર્યું. જેને ખુબ જ જબ્બર આવકાર મળ્યો. શ્રેષ્ઠ આરાધકો–સાધકોએ વારંવાર તેનું અધ્યયન કર્યું અને કરી રહ્યા છે.

જેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનો પ્રસંગ આવ્યો છે. ત્યારબાદ બાકીના ૧૦ પુસ્તકો.

**૧. તત્ત્વ દોહન.** — **૨. તત્વપ્રભા**
**૩. મંગલ વાણી.** — **૪. સંત વચન સોહામણા.**
**૫. અજાત શત્રુની અમરવાણી.** — **૬. અનુપ્રેક્ષાનું અમૃત.**
**૭. ચિંતન ધારા.** — **૮. મનન માધુરી.**
**૯. આત્મચિંતન** — **૧૦. ધર્મચિંતન**

ને “ આત્મ ઉત્થાનનો પાયો ” ના નામથી વોલ્યુમરૂપે પ્રકાશિત કરવાનું વિચાર્યું. અને તેના માટે સંપાદનની જવાબદારી પૂજ્યપાદશ્રીના શિષ્યરત્ન, સુગમ સાહિત્યના લેખક-સંપાદક એવા આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન, પરમ પૂજ્ય, પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રીએ સ્વીકારતા ખૂબ જ ટુંક સમયમાં આ મહાન ગ્રન્થ પ્રકાશિત કરવા અમે સદ્ભાગી બન્યા છીએ.

આ ગ્રન્થના પદાર્થો વાંચન-ચિંતન દ્વારા આત્માના ઉત્થાન કરવા માટે પાયારૂપ બનશે તે નિઃશંક છે.

આવા વિશાળ ગ્રન્થને ૮ મહિના જેવા ટુંકા સમયમાં પ્રિન્ટ કરી આપનારા ભરત પ્રિન્ટરીના માલિક કાંતિલાલ ડી. શાહ તથા સુંદર ગેટ-અપ સાથે ટાઈટલ બનાવી આપનાર શાર્પ ઓફસેટના ધર્મેશભાઈ શાહનો આ તકે અમો ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ.

—ભદ્રંકર પ્રકાશન.

અમદાવાદ.

# ※ સંપાદકની કલમે ※

જીવમાત્ર સુખને ઝંખે છે, ઈચ્છે છે. સુખ મળે તો રાજી થાય છે. દુઃખ આવે તો દુઃખી થાય છે.

સામાન્ય દેખાતા ભૌતિક સુખો જે શાશ્વતા નથી, તેવા સુખોના સ્પર્શમાત્રથી રાજી થઈ જનારાને ખબર નથી, કે આ સુખો તો જવાના છે.

હાં....! સુખ જોઈએ તે વાત સાચી પણ સાચું સુખ તો તે જ કે, જે કાયમી રહે તે. અને કાયમ માટે સુખની સ્થિરતા મોક્ષ સિવાય ક્યાંય નથી. આપણે આત્માનું ઉત્થાન પૂર્ણતાએ કરવું હોય તો મોક્ષ સિવાય છૂટકો જ નથી. એવા મોક્ષમાં જવા માટે, આત્મઉત્થાન માટે, એના મૂળમાં શું જોઈએ? આત્માનું ઉત્થાન વર્તમાનમાં કઈ રીતે સરળતાથી શક્ય બને....તે માટે પરમોપકારી, પરમ હિતકારી, અમારા પરમ ગુરુદેવ પંન્યાસપ્રવર **શ્રી ભદ્રંકરવિજયજી** ગણિવર્યશ્રીએ અનેક આગમો–ગ્રન્થોનું અધ્યયન કરીને તેના ઉપર કલાકોના કલાકો, વર્ષોના વર્ષો સુધી ચિંતન કર્યું અને તેમાંથી અનુભવ સિદ્ધ નિચોડને પામ્યા તેને શબ્દસ્થ કર્યા. વારંવાર પરિશીલના દ્વારા એ પદાર્થોને હૃદયસ્થ કર્યા એટલું જ નહિં સ્વના ચિંતન સાથે પરને પણ ઉપકારક બને તે માટે પ્રકાશિત કર્યા. અને એ પ્રકાશનો દ્વારા આરાધક સાધક આત્માઓ માર્ગદર્શન મેળવીને કલ્યાણની કેડી ઉપર આગળ વધ્યા. ફક્ત જૈનો જ નહિ, અજૈનો પણ કંઈક આત્માનુભૂતિ મેળવ્યાનો આનંદ પામીને તૃપ્ત થયા–થઈ રહ્યા છે.

ઘણાં સમયથી કેટલાક ભાવિકો તરફથી મળતા સૂચન અને અંતરના આ ચિંતનો પ્રત્યેના ખેંચાણથી થતું કે આ બધા પુસ્તકો તથા ચિંતનો, પત્રોને ચાર મોટા વોલ્યુમ તરીકે પ્રકાશિત કરીને જૈન જગતને એક પ્રેકટીકલ સમ્યગ્ જીવન જીવવાની ચાવી અપાય તો સારું. તેમાં સુશ્રાવક હીંમતભાઈની અંતરની લાગણીથી અને અન્ય ભાવિકોના સહકારથી નવકારના પુસ્તકો–અન્ય લખાણો એકત્ર કરી પૂજ્યશ્રીના નવકારના એક અનેરા ખજાનારૂપે **ત્રૈલોક્યદીપક મહામન્ત્રાધિરાજના** નામે સંપાદન કરીને પ્રકાશિત કર્યું.

બીજું વોલ્યુમ–આત્મા–મૈત્ર્યાદિભાવો–ધ્યાન–સમ્યગ્દર્શન વિગેરે ૧૪ વિભાગ પાડીને "આત્મઉત્થાનનો પાયો" ના નામે તૈયાર કર્યું. અને તે આજે પ્રકાશિત થઈને ભાવિકોને પૂજ્યશ્રીના નજરાણારૂપે મળી રહ્યું છે. તો હવે પછી ત્રીજા વોલ્યુમરૂપે પૂજ્યશ્રીના બધા જ પત્રોને એક વોલ્યુમમાં સમાવિષ્ટ કરવાના મનોરથ છે.

અને ચોથા વોલ્યુમ રૂપે બાકીના લેખો તથાપૂજ્યપાદ અમારા ગુરુમહારાજ પૂજ્ય શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજે પૂજ્યશ્રીના વ્યાખ્યાનો લખ્યા છે, તે વ્યાખ્યાનોને પ્રકટ કરવા.

આ રીતે ચાર વોલ્યુમો તથા પ્રતિમાપૂજન આદિ મહત્ત્વના પાંચ પુસ્તકોનું એક વોલ્યુમ. એટલી પૂજ્યશ્રીની શબ્દસ્થ મૂડીને સંકલિત કરીને અમારા આત્મ કલ્યાણ માટે ઉપયોગમાં લેવા સાથે સૌ કોઈને પણ ઉપકારક બને તે જ મુખ્ય ભાવના છે.

પૂર્વના કોઈ અશાતાવેદનીય કર્મના ઉદયે અસ્વસ્થતા રહેતી હોવા છતાં પણ પૂજ્યશ્રીની અનહદ કૃપાના કારણે પૂજ્યશ્રીના ભાવોને પ્રસરાવવાની ભાવનાને અટકાવી નથી શકતો અને તે ભાવના પ્રસારિત કરવા પ્રયત્ન કરું છું. તેમાં મને પરમ પૂજ્ય, પરમોપકારી, વાત્સલ્ય-વારિધિ, આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પરમ પૂજ્ય, કરુણાવંત આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, પરમ પૂજ્ય, મહાન તપસ્વી, મારા સંયમ જીવનના ઘડવૈયા, મુનિરાજ શ્રી મહાભદ્ર-વિજયજી મહારાજ સાહેબ, મારા પ્રત્યે લાગણીનો ધોધ વહેડાવનારા, પરમ પૂજ્ય, આચાર્યદેવ, શ્રીમદ્વિજય પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજા, મારા ઉપકારી, ગુરુદેવ, આચાર્યદેવ, શ્રીમદ્વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજા તથા સંયમનું દાન અપાવનારા, પૂજ્યપાદ પિતા મુનિવર, શ્રી મહાસેન વિજયજી મહારાજા તથા સંસ્કાર સિંચક, પવિત્ર પ્રેરણામૂર્તિ માતુશ્રી જીવીબેનની અદૃશ્ય સહાયથી...

પૂજ્યપાદ તપસ્વીરત્ન, આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા, પરમ પૂજ્ય, પ્રશાન્તમૂર્તિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદથી તથા તપસ્વી, મુનિશ્રી જિનસેનવિજયજી, મુનિશ્રી વીરસેનવિજયજી આદિ મુનિરાજોની અત્યંત લાગણીભરી સહાયથી તથા આત્મીય તરીકે રહી સતત દરેક કાર્યમાં સહકારી મુનિ શ્રી હેમપ્રભવિજયજીની સહાયથી આ કાર્યો કરી શકું છું.

શ્રી લલિત વિસ્તરા ગ્રન્થમાં કહ્યું છે કે, પરમોપકારી દેવાધિદેવ, તીર્થંકર પરમાત્મા આજન્મેતે પરાર્થવ્યસીનનઃ અને વીતરાગસ્તોત્ર ગ્રન્થમાં કહ્યું છે કે, મૈત્રી પવિત્રપાત્રાય. આદિ વિશેષણોનાં સ્વામી છે.

આવા પરમોત્કૃષ્ટ મૈત્રી અને પરોપકારને વિશિષ્ટ મહાપુરુષોએ મહાન ગ્રન્થોમાં કેવું સ્થાન-માન આપ્યું છે. તેના સ્પંદનરૂપ કેટલાક શ્લોકો ગ્રન્થની છેલ્લે તે-તે ગ્રન્થના નામના ઉલ્લેખપૂર્વક આપેલ છે. આ સર્વ શ્લોકો પૂજ્યશ્રીના દૈનિક ચિંતનોના એક ભાગરૂપ હતા. પૂજ્યશ્રીના હૈયામાં આ ભાવો આટલા દ્રઢ કેમ થયા...? તેનું સમાધાન મને મળ્યું કે, પૂજ્યશ્રી આ જ ભાવોના ચિંતન-મનનમાં હતા.

આ જ્ઞાનની આરાધના-સાધનાના દ્વારા આત્માના ઉત્થાનને પૂજ્યો પામ્યા. અને પરંપરાએ પરમપદને પામશે તેવા અનુપમ-પરમોચ્ચ પદને પામવા આપણે સૌ સદ્ભાગી બનીએ....!

પંન્યાસ વજ્રસેનવિજય
જુનાગઢ શ્રાવણ સુદ-૧૫

# યોગી મહાત્મા...!

વાચનાદાતા : પૂ. આ. ભદ્રગુપ્તસૂરિ મ. સા.
સંકલનકાર : મુનિ કલ્પરત્નવિજય.
વૈ. સુ. ૧૪. વડગામ.

જુદા જુદા જ્ઞાનીપુરુષોએ યોગી પુરુષોની જુદી જુદી કલ્પનાઓ આપી છે કોઈની કલ્પના એવી હોય છે કે, જેની પાસે આકાશગામિની વગેરે જે લબ્ધિઓ હોય તે યોગી-પુરુષ કહેવાય. કોઇ વળી એવી કલ્પના આપે છે કે જે દુનિયાથી અલિપ્ત હોય, ગુરુ વગેરેનાં સાન્નિધ્યમાં રહેતા હોય તે યોગીપુરુષ. કોઇ કહે છે કે, જે જટાધારી હોય, દુનિયાની કોઇ પરવા જેને ન હોય... આવી પણ કલ્પના યોગીની આપી છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ યોગીની કલ્પના કરતા કહે છે કે...

यस्य दृष्टि कृपावृष्टिः, गिरः शमसुधाकिरः ।
तस्मै नमः शुभज्ञान-ध्यानमग्नाय योगिने ॥

'જેની આંખમાંથી દયાની-કરુણાની વૃષ્ટિ થાય છે અને જેમની વાણીમાંથી સમતા-રૂપી સુધા નીતર્યા કરે છે, તેવા યોગીપુરુષને નમસ્કાર કરું છું.'

એમણે એવા યોગીની કલ્પના કરી છે કે, જે વિશ્વ પર નિરંતર કરુણા વરસાવે. કેમકે આ વિશ્વ દ્રવ્ય અને ભાવથી દુઃખી છે.

યોગી પુરુષનું આ લક્ષણ બતાવ્યું છે કે, એ કોઇની પણ સામે જુએ, તેઓ કરુણા વરસાવતા લાગે. આવા મહાપુરુષો પાસે જે કોઈ પણ જાય તેમના ઉપર એવી કૃપાનું બુંદ ઝરે કે, જેના દ્વારા તેના તાપ અને સંતાપ નષ્ટ થઈ જાય છે.

આપણે ત્યાં અને એમાંય જૈનસંઘમાં તો ખરા, પણ વિશેષે કરીને આપણા સમુદાયમાં બહુ જ ગૌરવ લઈ શકીએ એવા યોગીપુરુષ હતા પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી મ. સા.

એમના સંપર્કમાં આપણામાંથી ઘણા ઓછાવત્તા અંશે આવ્યા હશે. અમે ઘણાં સાધુઓ એમના ઘણાં ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા છીએ. જ્યારે જ્યારે જોતા ત્યારે એમની આંખોમાંથી કરુણા વહેતી જોવા મળતી,

ખરતરગચ્છના એક મહાત્મા એમની પાસે ગયા. તેઓ પોતાના અનુભવમાં કહે છે કે, અમે જ્યારે એમની પાસે જઈએ ત્યારે પંન્યાસજી મહારાજ અમને અમારા જ લાગતા. એમનો સ્વ-પરનો ભેદ ભૂલાઈ ગયેલો. જેમ પોતાના શિષ્યની આગળ પ્રેમને

વાત્સલ્યથી વાત કરે એટલા જ હેત-પ્રેમથી વાત તેઓશ્રી અમારી સાથે કરતા. એક નાનામાં નાનો સાધુ એમની પાસે જાય તો પણ એમની વાત શાંતિથી સાંભળતા.

પીંડવાડામાં અમે હતા. એકવાર એક નાના સાધુ એમની પાસે બેઠેલા. હું ત્યાં પૂજ્યશ્રી પાસે ગયો. તે વખતે પંન્યાસજી મ. તે બાળમુનિને પૂછતા હતા, 'તને કયુ શાક ભાવે છે?' પછી મને કહે, 'જો તને આમ પૂછું તો આશ્ચર્ય લાગે. તને તો એમ જ પૂછું કે, કયો ગ્રન્થ તને ગમે છે? તમે બીજાની વાતમાં–બીજાની પસંદગીમાં ઈન્ટરેસ્ટ લો. તો એમાં આત્મિયતા બંધાય છે, અને આ આત્મિયતા બંધાયા પછી તમે એને સાચી વાત કરશો, તો એ કડવી હશે તો પણ એ સ્વીકારશે. એટલા પરથી એમની પાસે જે કોઈ જાય તે એમના બની જતા.

ભૂજપુરમાં તેઓશ્રીનું ચાતુર્માસ હતું. ત્યારે ત્યાંથી એક મુનિનો મારા ઉપર પત્ર આવેલો. તેઓ લખતા હતા કે, અમે તેઓશ્રીના પ્રવચન સાંભળવા જઈએ ત્યારે અમને એમ જ લાગે કે, અત્યારે અમે જાણે તીર્થંકરની વાણી સાંભળીએ છીએ કે શું? આંખમાંથી સ્નેહ–વાત્સલ્યને કરુણાનો ઝરો વહેતો હોય એમ લાગે છે. જેમના જીવનમાં નિરસતા આવી ગઇ હોય અને તે એમની પાસે બેસે તો એની નિરસતા દૂર થઈ જતી અને જીવન નવપલ્લવિત બની જતું. આ કરુણાવંત મહાત્મા પાસે જઈએ તો આપણું હૈયું ઉત્સાહથી હર્યું-ભર્યું બની જાય. અને આપણા જીવનમાં સંયમનો થનગનાટ વધી જાય.

એમના પ્રવચનોની શૈલી નિરાળી હતી. એમનામાં કોઇના પણ પ્રવચનની કોપી નહોતી. સિદ્ધ પુરુષ હતા. સિદ્ધ પુરુષ ક્યારે પણ કોઇની કોપી નથી કરતા. જ્યારે પણ પ્રવચન આપે ત્યારે એ ચાર મિનિટે સચોટ ઉપમાઓ આપતા જાય.

ઉપદેશ પણ તેઓશ્રી એવી રીતે આપતા કે જેમાં ક્યાંય વ્યંગ ન મળે, એમનો ડાયરેક્ટ એપ્રોચ જ એવો હતો કે, માણસને કોઈપણ જાતની અપીલ ન રહે. તેઓશ્રી એક વાત કહેતા કે, ચતુર્વિધ સંઘ પ્રત્યે દરેક સાધુના હૈયામાં બહુમાન જોઇએ. 'આ મારો સંઘ તીર્થસ્વરૂપ છે. ચતુર્વિધ સંઘ એ તીર્થ અને તીર્થ એટલે પ્રભુ છે–પરમાત્મા છે. ચતુર્વિધ સંઘ પ્રત્યેનું બહુમાન એટલે પરમાત્મા પ્રત્યેનું બહુમાન છે. ચતુર્વિધ સંઘના કોઈપણ અંગ સાથે તોછડો વ્યવહાર ન હોવો જોઈએ. કોઈની સાથેનો તોછડો વ્યવહાર એ જિનેશ્વર ભગવાનની આશાતના બરાબર છે. કોઈપણ દેવ–દેવીનો પણ અપલાપ નથી કરવાનો. દૈવી તત્ત્વને ક્યારે પણ છંછેડવાનું નથી. આપણે ત્યાં તો એક સિદ્ધચક્રનું મહાપૂજન થાય તો પણ નવગ્રહ વગેરેની પૂજા કરીએ છીએ. એમાં રાહુ–કેતુ એની પણ અવહેલના કરવાની નથી!

આપણી વાણીને અમૃતતુલ્ય બનાવવાનો પ્રયત્ન કરવાનો છે. તેઓશ્રી એવી અમૃતતુલ્ય વાણી વહાવતા. જેના દ્વારા તો એ સ્વ–પર સમુદાયમાં અજાતશત્રુ તરીકે પંકાયા હતા. તેઓને યોગીપુરુષ તરીકે અપનાવતા.

સંઘની પાસે સાધનાનું અંગ નહોતું તો એમણે શંખેશ્વર વગેરે તીર્થમાં લાખ નવકારનું વિધિપૂર્વક આરાધન સંઘમાં શરૂ કરાવ્યું.

એમની પાસે માર્ગદર્શન પૂછાવીએ તો સુંદર માર્ગદર્શન મોકલતા. એમની ઈચ્છા એવી કે સંઘમાં નવકારની આરાધના વધે, તો સંઘમાં નવું બળ વધે.

સં. ૨૦૧૪નું સંમેલન નિષ્ફળ ગયું. અમે બધા રીલીફ રોડના એક મકાનમાં બેઠા હતા. ત્યાં એકે પ્રશ્ન કર્યો કે, સંમેલન નિષ્ફળ કેમ ગયું? ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે, આપણી સાધના ઓછી પડી, આપણી સાધના તૂટી માટે. આપણી સાધના વધારો. તે વખતે તેઓશ્રીએ મને એક કાગળ આપ્યો અને કહ્યું કે, નવકાર મંત્રમાં નવે રસો સ્ફુરે છે. અને એના પર તું વિશેષ ચિંતન કરીને લખ.

શાંત રસથી માંડીને શૃંગાર રસ સુધીના બધા જ રસો આ નવકાર મંત્રમાંથી અનુભવી શકાય છે. એમની આ ગંભીર અનુપ્રેક્ષા હતી.

એવા આ મહાપુરુષના હૈયે સંઘનું હિત વસેલું હતું. દ્રવ્ય અને ભાવથી સંઘ ઉન્નત બને એને અનુલક્ષીને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓનો વિકાસ થવો જોઈએ. એમણે તો ત્યાં સુધી કહ્યું કે, એવું સિદ્ધ કરો કે, મૈત્ર્યાદિ ભાવના ન હોય તો સમકિત ન ટકે, એવું શાસ્ત્રીય રીતે સિદ્ધ કરો. માટે એ ભાવના તો આપણે કેળવવી જ જોઈએ. ચતુર્વિધ સંઘમાં એક બીજાને મળીએ તો આપણી આંખો લડવી ન જોઈએ, હસવી જોઈએ અને મોંમાંથી અમૃત જેવી વાણી ઝરવી જોઈએ.

આવા હતા એ મહાપુરુષ–તેમને આપણા કોટિશઃ વંદન હો....!

# * જીવન વૈભવ *

મુનિ હેમપ્રભવિજય.

यस्यदृष्टिः कृपावृष्टि–र्गिरः शमसुधाकीरः ।
भद्रंकराय शान्ताय, तस्मै भक्त्या नमोनमः ॥

જેમની દૃષ્ટિમાંથી કૃપા વરસી રહી છે. અને વાણીમાંથી અમૃત વરસી રહ્યું છે. તેવા પરમ શાંત પરમ કરુણાલુ, વાત્સલ્ય વારિધિ, પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજાને નમસ્કાર થાઓ...!

જેમ ધરતીની કૂખે ઘણાં કિંમતી રત્નો છૂપાયેલા છે, તેમ ધરતી પર જીવન જીવતા માણસોમાં ઘણા કિંમતી નરરત્નો મળી આવે છે. અવસરે એ નરરત્નો પ્રગટ થાય છે, આપણી વચ્ચે આવે છે, પોતાના તેજથી સર્વને અજવાળે છે, અને સંઘ–સમાજ અને ધર્મના ઉત્કર્ષ માટે ઉન્નત કાર્યો કરે છે. દિવ્ય જીવન જીવીને માનવતાની મહેક મૂકતા જાય છે.

એવા જ મહાપુરુષ... જૈન શાસનના તેજસ્વી ઝળહળતા જ્યોતિર્ધર, અધ્યાત્મયોગી, પ્રશાન્તમૂર્તિ, વાત્સલ્યવારિધિ, પરાર્થરસિક, પરોપકારી, કરુણામય, સર્વ જીવ હિતચિંતક, પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ...!!!

જેમનું જન્મથી મરણ સુધીનું જીવન સ્વ માટે તો ઉપકારક બન્યું પણ સાથે સાથે અનેકોને માટે પ્રેરણાત્મક બન્યું.

ગૌરવવંતો ગુજરાત દેશ, સમાજ અને રાષ્ટ્રને દાનેશ્વરી–રાજેશ્વરી તપ–ત્યાગ અને સંયમના સાધકોની–ભક્તોની ભેટ આપવા સાથે પરમ પવિત્રતમ તીર્થોની ભેટ આપીને પરમ ઉચ્ચ સ્થાન પામી શક્યો છે, તેવા ગુજરાતની તવારીખમાં ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણનું સ્થાન ખૂબ જ ગૌરવવંતુ અને મહામૂલુ છે.

ન્યાય સંપન્ન વૈભવને પામેલા દયાળુ, ધર્મવીર શેઠ હાલાભાઇ...!

તથા

માયાળુ, ધર્મ સંસ્કારી શ્રાવિકા... ચુનીબેનના ઘરે ચોથા પુત્ર રત્નનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૫૮ માગસર સુદ–૩ના થયો. નામ પાડ્યું ભગવાનદાસ....હુલામણું નામ ભગુ..!

બચપણથી જ માતા–પિતાના સંસ્કારથી વાસિત ભગવાનદાસભાઇ બે વર્ષની વયે તો અષ્ટપ્રકારી પૂજા કરતા અને ભાવવાહી સ્તુતિઓ બોલતા થઇ ગયા અને પછી તો પ્રાચીન સ્તવનો–પદો મધુર સ્વરે બોલતા તથા નગારા સાથે કાંસીઓ વગાડતા.

પાંચ વર્ષની ઉંમરે તો શેરીના બાળકોના લીડર બની ગયા. રમતમાં કંઇ મતભેદ પડે કે, કોઈના મનદુઃખ થઈ જાય તો તે માટે ભગુનો નિર્ણય સૌને માન્ય રહેતો.

દિવસો પસાર થાય તેમ ઉંમર વધતા ભગુભાઇને સીનેમા જોવા લઈ જાય તો ઝોકા ખાય–ઉંઘી જાય પણ જુએ નહિ અને પૌષધ કરવા જાય તો તેમના ઉરમાં આનંદ ન માય અને જાણે સ્વર્ગ મળ્યા જેવો આનંદ થાય...!

૧૨ વર્ષની વયે ધાર્મિક અભ્યાસમાં પાંચ પ્રતિક્રમણ અર્થ સાથે કર્યાં. ઉપરાંત યોગશાસ્ત્રના ચાર પ્રકાશ, ૧૫–૧૬ વર્ષની વયે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ત્રણે ચોવીસીઓ, સવાસો–દોઢસો–સાડા ત્રણસો ગાથાના તત્ત્વ ભર્યાં સ્તવનો–પદો–સજ્ઝાયો કંઠસ્થ કર્યાં.

૧૮ થી ૨૦ વર્ષની વયે ઉપાધ્યાયજીના સ્તવનોની પ્રેસકોપી કરી હતી, તેને સંગ્રહીત કરીને ગૂર્જર સાહિત્ય સંગ્રહ રૂપે પ્રકાશિત કરી.

ત્યારપછી શ્રી આનંદઘનજી મહારાજના ગૂઢાર્થભર્યાં સ્તવનો–પદો સજ્ઝાયો કંઠસ્થ કર્યાં.

આવા આધ્યાત્મિક અભ્યાસના આધારે નાની ઉંમરથી જ મૈત્રીભાવ–વાત્સલ્યભાવ–ક્ષમાપના–શાંતિ–પરોપકાર–કૃતજ્ઞતા જેવા ગુણો એમનામાં ખૂબ ખૂબ ઝળકતા નજરે પડતા.

ભગુભાઈએ કલ્યાણ મિત્રોના સહયોગથી નવપદ આરાધક સમાજની સ્થાપના કરી

અને તેમાં સેક્રેટરી તરીકે રહીને તે વખતે સૌ પ્રથમ સામુદાયિક નવપદની ઓળીઓ કરાવવાની શરૂઆત કરી. જેથી નવપદ તથા આયંબિલનો મહિમા ખૂબ જ વધવા લાગ્યો.

સાધુપણું એટલે સકળ જીવરાશિ પ્રત્યે નીતરતો સ્નેહ પરિણામ, માનસિક સુખનો અગાધ મહાસાગર. સંસારના સર્વ સુખના રાગનો ત્યાગ કરી દુઃખોની સામે ચાલીને સ્વીકાર કરવો તે સાધુતા.

એવી ઉચ્ચ સાધુતાને પામવા કટિબદ્ધ બનેલા ભગુભાઈ વ્યવહાર ધર્મ–ઔચિત્યના પાલનમાં એક્કા હતા. અને તેથી જ ભાઈઓને મળી કુટુંબીઓને વાત કરી અને પત્નીની પણ રજા લીધી. તેમના ભરણપોષણનો બંદોબસ્ત કરીને સૌના અંતરના ઉલ્લાસપૂર્વક વડીલોનાં આશીર્વાદો તથા નાનાઓની શુભ ભાવનાઓથી ભાવિત બનીને સંયમની અનુમતિ મેળવી.

જેમનું ચારિત્ર અતિ ઉચ્ચકોટીની શુદ્ધતાને વરેલું હતું એવા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજ...!

જેમની જ્ઞાન–ધ્યાન તથા જ્ઞાન સાધનાની અનોખી લગનીની વાંસળીના નાદે નાના બાળથી મોટા વૃદ્ધો જાગૃત થઈ ચૂક્યા હતા, તેવા પૂજ્યપાદ પંન્યાસજી શ્રી પ્રેમ-વિજયજી ગણિવર તથા જેમની વાણીના નાદના ધનુષ ટંકારે તો મોહના નશામાં ચકચૂર એવા આત્માઓ પણ જાગ્રત બની ચૂક્યા હતા, તેવા પૂજ્યપાદ મુનિ શ્રી રામવિજયજી મહારાજ...! જેની પ્રતિભાઓના પાવન ચરણે જીવન સમર્પિત કરવા તૈયાર થયા અને વિક્રમ સંવત ૧૯૮૭ના દિવસે પૂજ્યપાદ શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાનાં સાન્નિધ્યમાં, પૂજ્યપાદ પંન્યાસજી શ્રી પ્રેમવિજયજી ગણિવર્યશ્રીને ઉપાધ્યાય પદ, પૂજ્યપાદ મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજાને પંન્યાસ પદ તથા પાંચ મુમુક્ષુઓની સાથે મુનિપદ પામવા બડભાગી બન્યા અને તેઓને પૂજ્યપાદ પંન્યાસજી શ્રી રામવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન તરીકે સ્થાપ્યા અને સંસારી નામ ભગવાનદાસને સાર્થક કરવા કલ્યાણ કરનારું નામ મુનિ શ્રી ભદ્રંકરવિજયજી તરીકે જાહેર કરાયું. દીક્ષાની હિત-શિક્ષાને હૈયામાં કોતરીને સંયમની સાધનામાં તલ્લીન બનેલા મુનિ શ્રી ભદ્રંકરવિજયજીની ઉંચી સપ્રમાણ આજાનબાહુ દેહયષ્ટિ ૦ મુખની ગંભીરતા૦ ઓજસ્વી૦ ભજનની પ્રતિભા ૦ સ્મિત ભરી વાણી૦ પ્રસન્ન–મધુર અને વિનમ્ર પ્રકૃતિ, ૦ ધીર–ગંભીર–નિખાલસ સ્વભાવ. આ બધા ગુણોએ સૌના હૈયાને મોહી લીધા હતા.

પૂજ્યપાદ આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજે કહેલું કે, ભદ્રંકરવિજયના સામુ-દ્રિક લક્ષણો મેં જોયા છે. એ તો જૈનશાસનનો મહાન સ્તંભ અને સૌને પ્રિયપાત્ર શાસનનો શ્રેષ્ઠ રત્ન બનવાનો છે.

તેઓએ આપેલો મન્ત્ર–

"પરસ્પૃહા મહાદુઃખમ્ નિઃસ્પૃહત્વમ્ મહાસુખમ્" એ સોનેરી વાક્યને પૂજ્યશ્રીએ આત્મસ્થ કરી લીધું.

મહા સુદ ૬ સંવત ૧૯૮૭માં તેમની વડી દીક્ષા થઈ.

હવે તો સ્વાધ્યાય-અધ્યયનની ધૂણી ધખાવી દીધી અને થોડા સમયમાં તો સાધુ-આચારના ગ્રન્થો જેવા કે, દશવૈકાલિક, શ્રી ઉત્તરાધ્યયન-શ્રી આવશ્યકસૂત્ર-પિંડનિર્યુક્તિ આદિ ગ્રન્થો સાથે પંચસૂત્ર-પ્રશમરતિ-શાંતસુધારસ-યોગશાસ્ત્ર-ધર્મબિંદુ-અષ્ટક-ષોડશક-વિંશિકાઓ-બત્રીશીઓ-યોગદૃષ્ટિ સમુચ્ચય-યોગબિંદુ-તત્ત્વાર્થસૂત્ર-લલિત વિસ્તરા-અધ્યાત્મસાર-સન્મતિતર્ક-શાસ્ત્રવાર્તા સમુચ્ચય આદિ તાત્ત્વિક ગ્રન્થોનું અધ્યયન કર્યું. તેમાં પણ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના ગ્રન્થરત્નોના ચિંતનો દ્વારા મૈત્ર્યાદિ ભાવોથી અતિશય ભાવિત થતા ગયા.

મહાનિશીથ આદિ આગમો તથા વિશેષાવશ્યક ભાષ્ય, આવશ્યક નિર્યુક્તિ વિગેરે મહત્ત્વના ગ્રન્થો દ્વારા નવકારમન્ત્ર પ્રત્યે વધુને વધુ દૃઢ શ્રદ્ધાવાળા બનતા ગયા. બસ... પછી તો નવકારમન્ત્ર-મૈત્ર્યાદિ ભાવોનો સ્વ-પર કલ્યાણ માટે ઉપયોગ કરવા લાગ્યા અને એમનો આત્મા વધુને વધુ તે પદાર્થોથી પરિણત થતો ગયો.

ચતુઃ શરણ ગમન-દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદન-આ ત્રિપદીનો વધુને વધુ ફેલાવો કર્યો.

વાંચન-ચિંતન-મનન દ્વારા સ્વ-પર દર્શનોના-ગ્રન્થોને પણ વાંચીને સ્યાદ્વાદમય-દૃષ્ટિ દ્વારા સ્વદર્શનમાં સમન્વય કર્યો પછી તો એ પદાર્થોના ચિંતનો લેખનમાં અવતરણ કરીને પુસ્તકોનું પ્રકાશન થવા લાગ્યું.

ગુણોના દરિયા જેવા પૂજ્યપાદશ્રીના એક-એક ગુણોને તથા તે ગુણ માટે પ્રેકટીકલ જીવન જીવ્યા તે અંગે વિચારીએ તો દિવસોના દિવસો જાય અને લખવા બેસીએ તો પાનાના પાના ભરાય. પણ સામાન્યથી... દિગ્દર્શન કરશું તો પણ થશે કે અહો.... કેવા હતા આ મહાપુરુષ...!

## નિઃસ્પૃહતાના ઉપાસક

એક દિવસ તેમની પાસે એક પ્રેસ-રિપોર્ટર આવ્યો. તેણે કહ્યું, "હું ઘણા મુનિ ભગવંતોના ચાતુર્માસના અહેવાલો દૈનિક-પેપર્સમાં પ્રગટ કરું છું. તેનો મહિને લગભગ પચાસ રૂપિયાનો ચાર્જ લઉં છું."

પંન્યાસજી મહારાજે આ સાંભળીને કહ્યું.

"આ રીતે ય તમે સાધુના પરિચયમાં આવો છો, તો ક્યારેક તમને આધ્યાત્મિક લાભ થશે. મહિનાના પચાસ રૂપિયા લેખે હું તમને ચાર મહિનાના રૂ. ૨૫૧ અપાવી દેવા તૈયાર છું. પણ એક શરત છે કે, મારો કોઈ અહેવાલ છાપામાં પ્રગટ ન થવો જોઈએ."

જે જમાનામાં નામ માટે પડાપડી થતી હોય, ત્યાં પ્રશંસાથી પર રહેવાની પૂજ્યશ્રીની મનોવૃત્તિ જોઇને પ્રેસ-રિપોર્ટર આશ્ચર્ય અનુભવી રહ્યો...! એને થયું કે કેવી આ અધ્યાત્મ નિષ્ઠા...! કેવી આ વિરલ વિભૂતિ...!

## સંયમરક્ષા માટેની જાગૃતિ...!

પૂજ્યશ્રીને કોટથી વિહાર કરીને, વડાલા જવું હતું, સાથે એક મુનિ પણ હતા.

ઇર્યાસમિતિના ઉપયોગપૂર્વક પૂજ્યશ્રી આગળ વધી રહ્યા હતા. અચાનક રસ્તામાં વિહારની વાટે વર્ષા શરૂ થઈ, વિરાધનાના ભયથી બચવા માટે પૂજ્યશ્રી તરત જ રસ્તાની એક દુકાનના છજા નીચે જતા રહ્યા. અડધો કલાક રોકાયા. વરસાદ બંધ પડયો.

સાથે રહેલા મુનિ ભગવંતે કહ્યું, 'સાહેબ...! વરસાદ બંધ થઈ ગયો છે, આપની આજ્ઞા હોય તો આગળ ચાલીએ.'

પૂજ્યશ્રીએ સ્નેહપૂર્ણ શબ્દોમાં કહ્યું, "ભાઈ હમણાં જ વરસાદ બંધ થઈ ગયો છે, તેથી વરસાદનું સચિત્ત પાણી વિખરાયેલું પડયું છે. આ તો રાજમાર્ગ છે લોકો આ-જા કરે છે. દશ મિનિટ બાદ લોકોની અવર-જવરથી આ પાણી (પ્રાયઃ) અચિત્ત થઈ જશે, પછી ચાલશું'."

આ સાંભળતાં સાથેના સાધુ દિઙ્મૂઢ થઇ ગયા. પૂજ્યશ્રીની જીવરક્ષા માટેની-સંયમરક્ષા માટેની આવી સાવધાની જોઈ અનુમોદના કરતાં થોડીવાર પછી આગળ વધ્યા.

## કરુણાસાગર :

એક દિવસ સાંજના વિહાર હતો. ડામરની સડક હતી. રસ્તા પરનો ડામર પીગળી ગયો હતો. તેમાં એક સાપ ફસાયેલો હતો. છૂટવા માટે તરફડિયાં મારતા એ સર્પને પૂજ્યશ્રીએ જોયો. દયાળુ દિલના દાનેશ્વરી દીનબંધુ એવા ગુરુદેવથી આ દૃશ્ય જોવાયું નહિ. તરત જ સાથેના એક શ્રાવકને નવકાર સંભળાવવા જણાવ્યું. શ્રાવકે નવકાર સંભળાવ્યો. પોતે પણ નવકાર બોલતા હતા.

'न च धर्मो दयापरः ।' દયાથી બીજો કોઇ શ્રેષ્ઠ ધર્મ નથી.

આ શુભ ભાવના અને નવકાર મહામન્ત્રના પ્રભાવે તરત જ એ સાપ છૂટો થઇને સડસડાટ કરતો, પોતાના સ્થાન પર ચાલ્યો ગયો. આ જીવને બચાવવાનો, તેનો ઉદ્ધાર કરવાનો આત્મિક સંતોષ સાહેબજીના હૃદયમાં સમાતો ન હતો.

હૈયાની વિશાળતાને વરેલા પૂજ્યશ્રી હાલાર જેવા એકદમ લગભગ ધર્મરહિત ક્ષેત્રમાં વિચરીને લોકોને ધર્મવાસિત કર્યા, તેમ માલેગામ જેવા સુધારક ગામને પણ પોતાની સમતા અને સદ્વાણી દ્વારા ધર્મના ઉપાસક બનાવી પરમાત્મા પ્રત્યે શ્રદ્ધાળુ બનાવ્યા હતા.

નિંદાનું નામ નહિ. સાથે-સાથ પોઝીટીવ થીંકીંગ. નેગેટીવ બોલે નહિ પણ બોલનારના વાક્યોને પણ પોઝીટીવ બનાવી દે અને કોઈપણ લખાણને અંતે નકારાત્મક આવે જ નહિ... આ હતી... પૂજ્યશ્રીની સાહજિક સિદ્ધિ...!

નાના કે મોટા કોઈ પણ હોય પહેલા તેમનું સાંભળે અને પછી તે-તે વ્યક્તિની યોગ્યતા મુજબ થોડી અને નાનકડી પણ એવી તત્ત્વચર્ચા મૂકી દે કે, જે સામાના અંતરાત્માને કાયમ માટે સ્થિર કરી દે. આવો અનુભવ જે જે પુન્યાત્માઓને થયો છે તેઓ આજે પણ એવી જ અનુભૂતિ કરે છે.

મૈત્રીભાવનો ડંકો વગાડ્યો. સાધુતાની જ્યોત પ્રસરાવી અને તેથી જ દરેક ગચ્છ સમુદાયમાં તથા સકળ સંઘમાં તેઓ અજાતશત્રુ અણગાર તરીકે પ્રખ્યાતિને પામનારા બન્યા.

સાધુપદની જવાબદારીને સમજનારા પૂજ્યપાદશ્રીને એમના પૂજ્યોએ વારંવાર આચાર્યપદ માટે આગ્રહ કર્યો છતાં પોતાની નમ્રતાને આગળ કરીને એક જ વિનંતિ કરતા કે મારામાં એ પદની યોગ્યતા નથી, ત્યારે વડીલો વિચારતા કે આવા મહાન પદને યોગ્ય આત્મા હોવા છતાં જો એ પદ ન લે તો બીજાને કેમ અપાય, તેથી ત્રણ વખત તો બધાની પદવીઓ બંધ રહી હતી.

સામુદાયિક નવપદજીની ઓળીઓ-ઉપધાન-ખીરના એકાસણા-જેવા અનુષ્ઠાનોમાં નવકારનો નાદ એવો ગજાવ્યો કે બધાના હૈયામાં નવકારના મહિમાને વર્ણવતો પૂર્વસૂરિકૃત આ શ્લોક બેસી ગયો કે,

> जिणसासणस्स सारो-चउदसपुव्वाण जो समुद्धारो ।
> जस्स मणे नवकारो-संसारो तस्स किं कुणइ ॥

જે જિન શાસનનો સાર છે, ચૌદ પૂર્વમાંથી ઉદ્ધરેલ છે, એવો નવકાર જેના હૈયામાં છે, તેને સંસાર કંઈ કરી શકે નહિ.

ગમે તે આશયથી આત્મા નવકારનું સ્મરણ કરે, તો પણ તેના જીવનમાં નવકાર પુન્ય પ્રકાશ પાથર્યા વિના ન રહે કારણ કે નવકાર સર્વ પાપનો નાશક મંત્ર છે.

આવા ગુણોના સ્વામી એવા પૂજ્યપાદશ્રીને પૂર્વના કોઈ અશાતા વેદનીય કર્મના ઉદયે છેલ્લા ૧૨ વર્ષ તો ખૂબ જ અસ્વસ્થતા રહી, છતાં પણ... સમતા સમાધિને ટકાવીને જગત સમક્ષ એક આદર્શ રજૂ કરતા ગયા તે તો પ્રત્યક્ષ જોનારાઓ જ સમજી શકે.

છેલ્લા વર્ષોમાં રાજસ્થાનની પવિત્ર તીર્થભૂમિઓમાં જ વધુ રોકાવાનું થયું. પૂજ્યશ્રીને તીર્થ અને તીર્થંકર પ્રત્યે એવી અવિહડ શ્રદ્ધા હોવાથી શક્ય હોય તો તીર્થમાં પ્રવેશ દિવસથી અટ્ઠમનો તપ કરે. અને ત્યાં કલાકોના કલાકો સુધી ભક્તિ કરે. ત્યાંના પવિત્ર પરમાણુઓ દ્વારા આત્માને સ્થિર કરીને ચિંતન કરે અને તે રીતે તે ચિંતનોને વધુને વધુ આત્મા સાથે ભાવિત કરતા.

વડીલ પૂજ્યોના હૈયામાં શ્રેષ્ઠ મહાત્મા તરીકે સ્થાન-માન પામેલા પૂજ્યશ્રીના

હૈયામાં વડીલ પૂજ્યો પ્રત્યે પણ આત્માની એકમેકતા રૂપ સંબંધ હતો, તેનો એક એવો પ્રસંગ બન્યો કે, સંવત.... વૈશાખ વદ–૧૧ ની રાત્રે ઊંઘમાં એકાએક એમના મુખમાંથી જોરદાર ચીસ નીકળી ગઇ. બધા જ મહાત્માઓ ભેગા થઇ ગયા. શું થયું...શું થયું...? પૂછવા લાગ્યા એટલે ધડકતા હૈયે પૂજ્યશ્રીએ કહ્યું કે એક મને બહુ જ ખરાબ સ્વપ્ન આવ્યું. શું આવ્યું...? જાણે કે કોઇ રાક્ષસ મારી અંગત વસ્તુ ઝુંટવીને ચાલતો થયો. તેથી ચીસ નીકળી ગઇ. અને થોડા ટાઇમ પછી સમાચાર મળ્યા કે પુજ્યપાદ શ્રી પ્રેમ-સૂરીશ્વરજી મહારાજા કાળધર્મ પામ્યા છે. આ છે પૂજ્યોની સાથે આત્માની ઐકયતાનો સંબંધ.

## વસમી વિદાય :

* સફલ જન્મ તે છે કે જેમાં સંયમની પ્રાપ્તિ હોય, અરિહંતની આરાધના હોય.
* સફલ જીવન તે છે કે જેમાં સંયમની સાધના હોય, પ્રભુ આજ્ઞાનું પાલન હોય.
* સફલ મરણ તે છે કે અંત સમયે બોધિ અને સમાધિ હોય. ભાવિના અનંત જન્મોનો નાશ હોય.

અલ્પ ભવમાં મુક્તિ હોય.

જૈન શાસનની આ અનોખી કળાને પૂજ્ય પંન્યાસજી મહારાજ વર્યા હતા.

પ્રભુભક્તિ–નવકારનો જાપ, ગુણાનુરાગ, વિનય, વાત્સલ્ય, દાક્ષિણ્ય, દયા, પરોપકાર, સમતા, પરહિત–ચિંતન, સકલ સત્ત્વ હિતાશય, કરુણા, ઔચિત્ય, પાલન, આવું–આવું તો કેટ–કેટલું જૈનશાસનનું ઝવેરાત આ પ્રાજ્ઞપુરુષે સાધના દ્વારા જીવનમાં સિદ્ધ કર્યું. અને સાધકોના જીવનમાં સંપ્રદાન કર્યું. અનેકોના પથદર્શક બન્યા.

એમની જીવન જ્યોતિનો ઝળહળતો પ્રકાશ, સાધના માર્ગે, સંયમ માર્ગે, પરમાત્માના પરમાનંદના માર્ગે, પથરાતો અનેકોના અંતરને અજવાળતો જીવનમાં પ્રેરણારૂપ બની રહ્યો.

આયુષ્યની અવધિ પૂરી થવા આવી.

કાળ પણ આ મહાપુરુષનો સત્કાર કરવા તત્પર બન્યો.

મૃત્યુ પણ આ સંતને ગોદમાં લેવા તલપાપડ બન્યું.

... અને આવ્યો વૈશાખ માસ... સં. ૨૦૩૬... દિવસો પસાર થતાં જાય છે, ત્યાં જ વૈશાખ સુદ–૧૪ ના દિવસે તબિયતમાં પલ્ટો આવ્યો.

સાહેબજી, સાવધાન બન્યા...

મુનિ શ્રી વજ્રસેનવિજયજી તથા મુનિ શ્રી જિનસેનવિજયજી આદિ મહાત્માઓ ખડે પગે સાહેબજીની સેવામાં હાજર હતા.

પ્રતિક્રમણની બધી ક્રિયાઓ કરી, દરેક કાઉસ્સગ્ગ કર્યા, બધા કાઉસગ્ગ પુજ્યશ્રી સ્વસ્થતાપૂર્વક પારતા. સકલ સંઘને મિચ્છામિ દુક્કડમ્ દીધા.

પછી માત્રુ કરવાની શંકા થઇ. પાટ પરથી ભાળવીને નીચે બેસાડવામાં આવ્યા.

સ્વસ્થતાપૂર્વક માત્રુ કર્યું. પછી પાછા પાટ પર બેઠા. તે સમયે મુનિ ભગવંતોએ પૂજ્યશ્રીને પ્રાર્થના કરી.

"જો આપ બે મિનિટ પાટ પર બેસો તો ગળામાં જે કફ અટકયો છે તે છૂટો થાય" ત્યારે પૂજ્યશ્રી બોલ્યા,

"હવે આ છેલ્લો... સમય છે."

આટલું કહીને પૂજ્યશ્રી પાટ પર પગ લાંબા કરી બેસી ગયા. સજાગ અને સાવધાન બની ગયા.

સહુ સાથે ક્ષમાપના કરી. તેમાં જે કફનો અવાજ આવતો હતો, તે ધીરે ધીરે મંદ પડવા લાગ્યો. બધા મહાત્માઓ ખુશ થયા કે, હાશ! આપણા ગુરુજીને રાહત થઇ... પણ એ રાહત ઠગારી નીકળી. કારણ કે પૂજ્ય મુનિરાજ **શ્રી** વજ્રસેનવિજયજી મહારાજે પૂજ્યશ્રીની નાડી તપાસી અને એક મિનિટમાં તો એમની ચીસ નીકળી કે...ગુરુ મહારાજ! નાડી જાય છે...! પોતાના પ્રાણપ્યારા પરમ ગુરુદેવની છેલ્લા પંદર-પંદર વર્ષથી ખડે પગે સેવા કરીને પોતાને ગુરુજીમાં વિલીન કરી દીધા હતા. તે ગુરુજીની નાડી બંધ પડે, વિયોગની વસમી વેળા નજર સમક્ષ આવે અને એ ભક્ત શિષ્યની ચીસ નીકળે તેમાં નવાઇ ન હતી. તરત જ મુનિ **શ્રી** કુંદકુંદવિજયજીએ સાહેબજીના કાન પાસે મુખ રાખી શ્રી નમસ્કાર મહામન્ત્ર સંભળાવવાનું ચાલુ કર્યું.

શ્વાસ મંદ પડતો ગયો....
આઠના ટકોરા થયા...
ત્યાં એકા એક પૂજ્યશ્રીની બન્ને આંખો ખુલી ગઈ...
તે વાત્સલ્ય વરસાવતી ખુલ્લી સૌમ્ય આંખો...
પરમ તેજનો પ્રકાશ પાથરતી હતી અને
આરાધનાનું અમૃત વરસાવતી હતી....

અંતિમ સમયે એ જ અમૃતનું સર્વને દાન કરતી... સજાગ બની. સર્વ જીવોને ખમાવતાં-ખમાવતાં, નમસ્કાર મહામન્ત્રનું રટણ-શ્રવણ કરતાં કરતાં, ધૂન સાંભળતા... સાંભળતા ખૂબ જ સમાધિપૂર્વક રાતના આઠ... કલાક... દશ મિનિટે... તે સજાગ આંખો સદાયને માટે મીંચાઇ ગઈ...!

મૃત્યુ મંગલમય બન્યું,
'સમાધિ'ને વર્યું...!

પૂજ્યપાદશ્રીના સાંગોપાંગ જીવનના મર્મના તાગને પામવું તો અશક્ય પ્રાયઃ છે, પણ એમના યત્કિંચિત્ જીવનને જો જાણવું હોય તો તેમનું જીવનચરિત્ર—

"**પૂજ્ય પંન્યાસજી મહારાજ**" પુસ્તક વાંચવાથી કંઈક આંશિક જીવન જાણ્યાની અનુભૂતિ થશે.

# અનુક્રમણિકા


| વિષય | પેઈજ નં. |
|---|---|
| **આત્મચિંતન** | ૧ |
| **આત્મચિંતન ક્રમ** | ૨ |
| **આત્મસ્વરૂપ** | ૩ |
| આત્મશક્તિ | ૩ |
| શરીર અને આત્માનો સંબંધ | ૫ |
| **જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ** | ૭ |
| આત્માની બે અવસ્થા | ૭ |
| આંધળા અને પાંગળાનું દૃષ્ટાન્ત | ૮ |
| જીવના બે દોષો | ૮ |
| **આજ્ઞા પાલનથી મોક્ષઃ** | ૯ |
| આત્મામાં અવસ્થાન | ૧૦ |
| **આત્મભાવનું મૂલ્યાંકન** | ૧૧ |
| **આત્મભાવ–પરભાવ** | ૧૨ |
| દાન–શીલ–તપ–ભાવયોગ | ૧૩ |
| **આત્મ રસિકતા** | ૧૩ |
| આત્મગુણ | ૧૪ |
| **શુદ્ધ આત્મદ્રવ્યની મધુરતા** | ૧૫ |
| ઉપકાર તત્ત્વ | ૧૫ |
| **આત્મા સર્વનો છે** | ૧૬ |
| **દૃષ્ટિ સ્વરૂપ** | ૧૬ |
| **વિદેહી આત્મા** | ૧૭ |
| **આત્મ બુદ્ધિ** | ૧૮ |
| **આત્મસ્વરૂપમાં સ્થિરતા** | ૧૯ |
| **સ્વાધ્યાય સ્વનું ચિંતન** | ૨૦ |
| **આત્માનું અમરગાન** | ૨૦ |
| **આત્માની એકતા** | ૨૧ |
| **જીવનું સ્વરૂપઃ સચ્ચિદાનંદ** | ૨૨ |
| **અધ્યાત્મ–દર્શન** | ૨૩ |
| જિનશાસનનો મૂલાધાર | ૨૪ |
| શુદ્ધ દૃષ્ટિ | ૨૫ |
| **આત્મદર્શન** | ૨૬ |
| **આત્મભાન** | ૨૬ |
| **આત્મજ્ઞાન** | ૨૭ |
| **નિશ્ચયથી આત્મધ્યાન** | ૨૮ |
| **આત્મ સાક્ષાત્કાર** | ૨૮ |
| સત્ત્વપ્રધાન તમોગુણ | ૨૯ |
| **ચૈતન્ય દર્શન** | ૩૦ |
| મનનું ક્ષેત્ર | ૩૦ |
| મોક્ષ માર્ગ | ૩૧ |
| **અવિદ્યાનો વિલય** | ૩૨ |
| સત્યતત્ત્વ | ૩૨ |
| **વિચાર અને વિવેક** | ૩૩ |
| જ્ઞાતા દૃષ્ટા | ૩૪ |
| **આંતર દૃષ્ટિ** | ૩૫ |
| **આત્માનુભવનો ઉપાય** | ૩૬ |
| આત્માની અખંડ સ્મૃતિ | ૩૬ |
| આત્મધ્યાન | ૩૭ |
| **સંબંધનું જ્ઞાન** | ૩૮ |
| **આત્મમય ચિત્તવૃત્તિ** | ૩૯ |
| **અશાન્તિનું મૂળ** | ૪૦ |
| ચૈતન્યનો અનુભવ કરવાની રીત | ૪૧ |
| –કેટલીક દલીલો | ૪૧ |
| ચૈતન્ય સ્મરણ | ૪૨ |
| ચૈતન્યની આસક્તિ | ૪૨ |
| ચૈતન્યની ભક્તિ | ૪૩ |
| **આત્માધાર જીવન** | ૪૪ |
| પ્રતિકૂળતા ઉપકારક છે | ૪૪ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| શાન્તિ-અશાન્તિનો અનુભવ | ૪૫ |
| નિરપેક્ષ શાન્તિ કેવી રીતે મળે? | ૪૫ |
| આત્માના આધારે જીવન એટલે શું? | ૪૫ |
| વિચાર અને આચાર વચ્ચેનો સુમેળ | ૪૬ |
| આત્મજ્ઞાન અને તેના સાધન | ૪૭ |
| આત્મપ્રેમ અને તેનો ઉપાય | ૪૮ |
| પ્રેમનો પોકાર | ૪૯ |
| નિર્વિકલ્પતા અને નિઃસંગતા | ૪૯ |
| બ્રહ્મભાવનો પ્રભાવ | ૫૦ |
| ઈચ્છાનિરોધ | ૫૧ |
| તત્ત્વ દર્શન | ૫૨ |
| તત્ત્વ વિચાર | ૫૩ |
| તત્ત્વનું તત્ત્વ | ૫૪ |
| તત્ત્વ પ્રસાદ | ૫૫ |
| તત્ત્વ બોધ | ૫૬ |
| ભેદાભેદાત્મક તત્ત્વજ્ઞાન | ૫૬ |
| મૈત્ર્યાદિભાવ ચિંતન | ૫૯ |
| મૈત્ર્યાદિભાવ ચિંતન | ૬૦ |
| ભાવનાઓનો ભાવ અને પ્રભાવ | ૬૧ |
| ભેદાભેદ | ૬૧ |
| ભાવનાનું બળ | ૬૨ |
| ભાવનાનું સ્વરૂપ | ૬૨ |
| મૈત્રી ભાવના | ૬૩ |
| ધર્મનું લક્ષણ | ૬૪ |
| જ્ઞાન અને ભાવના | ૬૫ |
| મને મળો તે સર્વને મળો | ૬૫ |
| નવકાર એ ભાવનાનો વિષય | ૬૬ |
| યોગ્યતા વિકસાવવાનો ઉપાય | ૬૭ |
| ભાવરક્ષા | ૬૮ |
| દયાનો મૂળાધાર | ૬૯ |
| ભાવ દયા | ૭૦ |
| દયા ભાવની દિવ્યતા | ૭૧ |
| ધર્મનું મૂળ દયા | ૭૧ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| દાન અને દયા | ૭૩ |
| પ્રયોગાત્મક જીવન | ૭૩ |
| પરોપકારની પ્રધાનતા | ૭૪ |
| ત્યાગની મહત્તા | ૭૫ |
| કૃતજ્ઞતા અને પરોપકાર | ૭૫ |
| અચિન્ત્ય શક્તિપુંજ | ૭૬ |
| મૈત્ર્યાદિની શક્તિ | ૭૭ |
| ત્રણ મહાન ભાવો | ૭૭ |
| ભાવનાનું સામર્થ્ય | ૭૯ |
| મૈત્રીભાવનું સામર્થ્ય | ૭૯ |
| કરુણાભાવનું સામર્થ્ય | ૮૦ |
| પ્રમોદભાવનું સામર્થ્ય | ૮૦ |
| માધ્યસ્થ્યભાવનો પ્રભાવ | ૮૦ |
| સર્વજીવોનું હિતચિંતન | ૮૧ |
| મૈત્ર્યાદિ ભાવોનો મહિમા | ૮૨ |
| શમ એટલે કષાયોનો ઉપશમ | ૮૩ |
| સંવેગ એટલે મોક્ષાભિલાષ | ૮૩ |
| નિર્વેદ એટલે ભવ વિરક્તિ | ૮૩ |
| અનુકમ્પા એટલે હૃદયની આર્દ્રતા | ૮૪ |
| આસ્તિક્ય એટલે પરાર્થ | ૮૪ |
| ચાર ભાવનાઓનો સાર | ૮૫ |
| મૈત્રી માહાત્મ્ય | ૮૫ |
| મૈત્ર્યાદિભાવ સંયુક્તમ્ | ૮૬ |
| જીવમૈત્રી અને જિનભક્તિ | ૮૭ |
| ભક્તિ અને મૈત્રી | ૮૮ |
| જીવમૈત્રી, જિનભક્તિ, ઋણમુક્તિ | ૮૯ |
| વૈરાગ્ય અને મૈત્રી | ૮૯ |
| મૌન અને મૈત્રી | ૮૯ |
| સમસ્ત સત્ત્વવિષયક સ્નેહ એ મૈત્રી છે | ૯૦ |
| મૈત્રી ભાવના | ૯૦ |
| ધર્મ કલ્પવૃક્ષનું મૂળ | ૯૦ |
| ધ્યાન એટલે? | ૯૧ |
| મૈત્રીનું મંગળગાન | ૯૨ |
| મૈત્રીનું માહાત્મ્ય | ૯૩ |

| વિષય | પેઇજ નં. |
| --- | --- |
| ઇચ્છાનું પ્રાબલ્ય | ૯૩ |
| ઇચ્છા એ જ દુઃખ છે | ૯૩ |
| સુખ દુઃખના નિવારણનો અનન્ય ઉપાય | ૯૪ |
| ધર્માનુષ્ઠાનની સફળતાનો આધાર | ૯૫ |
| **મહામૂલી મૈત્રીભાવના** | **૯૫** |
| સર્વ જીવોના હિતનું ચિંતન | ૯૬ |
| **પ્રમોદ ભાવના** | **૯૭** |
| **કરુણા ભાવના** | **૯૯** |
| શુભ અધ્યવસાય | ૧૦૦ |
| આત્મદૃષ્ટિ—આત્મતુલ્ય | ૧૦૧ |
| તિરસ્કારથી તિરસ્કાર | ૧૦૨ |
| **જિનધર્મમાં કરુણા** | **૧૦૩** |
| કરુણા અને ઉદારતા | ૧૦૩ |
| કરુણા ભાવનું સામર્થ્ય | ૧૦૪ |
| **રસાધિરાજ કરુણારસ** | **૧૦૪** |
| કરુણારસના સ્વામી | ૧૦૫ |
| **માધ્યસ્થ્ય ભાવના** | **૧૦૭** |
| **માધ્યસ્થ્યનો મહિમા** | **૧૦૯** |
| મધ્યસ્થનો અર્થ | ૧૧૦ |
| સાચું માધ્યસ્થ્ય | ૧૧૧ |
| **આત્મૌપમ્ય દૃષ્ટિ** | **૧૧૨** |
| શ્રેષ્ઠ ભાવના | ૧૧૩ |
| જીવને અભેદપ્રિય છે | ૧૧૩ |
| **સર્વ સમર્પણભાવની આરાધના** | **૧૧૪** |
| વૈરાગ્ય ભાવના | ૧૧૫ |
| **ધર્મ–ચિંતન** | **૧૧૬** |
| **ધર્મચિંતન** | **૧૧૭** |
| **ધર્મ એટલે શું ?** | **૧૧૮** |
| ભૌતિક સુખોની પ્રતિષ્ઠા | ૧૧૮ |
| આદ્ય કારણ શું ? | ૧૧૯ |
| ધર્મની નીપજ | ૧૨૦ |
| **ધર્મની ઓળખ શું ?** | **૧૨૧** |
| પ્રથમ અંકુર ઔદાર્ય | ૧૨૨ |
| બીજો અંકુર દાક્ષિણ્ય | ૧૨૨ |
| ત્રીજું અંકુર પાપજુગુપ્સા | ૧૨૩ |
| ચોથો અંકુર નિર્મળ બોધ | ૧૨૩ |
| પાંચમો અંકુર જનપ્રિયતા | ૧૨૩ |
| **ધર્મ શું છે ?** | **૧૨૩** |
| અધર્મની વ્યાખ્યા | ૧૨૪ |
| પરમાત્માની ભાવના | ૧૨૪ |
| સાધુની સફળતા | ૧૨૪ |
| ગુણસ્થાનક પ્રવેશ | ૧૨૫ |
| સન્માનનું દાન | ૧૨૬ |
| **ધર્મનું સ્વરૂપ** | **૧૨૬** |
| વસ્તુનો સ્વભાવ તે ધર્મ | ૧૨૭ |
| **ધર્મ–મહાસત્તા** | **૧૨૭** |
| તીર્થંકરોની ભાવદયા | ૧૨૭ |
| ધર્મ મહાસત્તાની આજ્ઞા | ૧૨૮ |
| ધર્મ મહાસત્તાના પ્રતિનિધિ તીર્થંકરદેવ | ૧૨૯ |
| સર્વ નયયુક્ત જૈનદર્શન | ૧૩૦ |
| **ધર્મનું માર્મિક સ્વરૂપ** | **૧૩૧** |
| ધર્મ સાહસ | ૧૩૧ |
| **ધર્મ સર્વોત્કૃષ્ટ મંગળ** | **૧૩૨** |
| ધર્મના બે પ્રકાર | ૧૩૨ |
| વત્થુ સહાવો ધમ્મો | ૧૩૩ |
| ચેતનમાં પાંચ ભાવ | ૧૩૩ |
| ધર્મનું જ્ઞાન અને શ્રદ્ધાન | ૧૩૩ |
| શ્રદ્ધાનું સ્વરૂપ | ૧૩૪ |
| ભક્તિનું સ્વરૂપ | ૧૩૫ |
| **ધર્મની સત્યતાનો આધાર** | **૧૩૫** |
| પ્રતિજ્ઞાની પૂર્ણતાનો આધાર | ૧૩૬ |
| **ધર્મ માત્રનું મૂળ નમ્રતા** | **૧૩૬** |
| સત્યધર્મની પ્રાપ્તિ | ૧૩૬ |
| વિનય | ૧૩૬ |
| **પરમાત્માને ભજવાનો માર્ગ** | **૧૩૭** |
| વિનયમૂલક ધર્મ | ૧૩૮ |
| **આણાએ ધમ્મો** | **૧૩૮** |

| વિષય | પેઇજ નં. |
|---|---|
| ગુણુવત્ પારતંત્ર્ય | ૧૩૯ |
| **આજ્ઞાપાલન એ જ ધર્મ** | **૧૪૦** |
| પરમાત્માની આજ્ઞા | ૧૪૧ |
| આજ્ઞાની આરાધના | ૧૪૧ |
| યોગક્ષેમંકર પરમાત્મા | ૧૪૨ |
| જિનેશ્વર ભગવંતોની ભક્તિ | ૧૪૩ |
| **આશ્રવ...સંવર...** | **૧૪૪** |
| સમ્યક્ત્વનું સ્વરૂપ | ૧૪૪ |
| શરણુ એટલે શું ? | ૧૪૫ |
| મુક્તિનો સાચો ઉપાય | ૧૪૫ |
| ઉત્કૃષ્ટ જિનાજ્ઞા | ૧૪૬ |
| આજ્ઞાની આરાધના અને વિરાધનાનું ફળ | ૧૪૬ |
| **ધર્મ સાધનાનો રાજમાર્ગ** | **૧૪૭** |
| સર્વને સમાવવારૂપ વિશાળતા | ૧૪૭ |
| **આરાધનાના અંગો** | **૧૪૮** |
| **ધર્મનો પ્રભાવ** | **૧૪૯** |
| સર્વ જીવ હિતભાવના | ૧૫૦ |
| ભાવધર્મ | ૧૫૧ |
| **ન્યાયમાં ધર્મ** | **૧૫૨** |
| મોક્ષમાર્ગ સ્વરૂપ | ૧૫૨ |
| **ક્ષમા એ પરમ ધર્મ** | **૧૫૩** |
| આજ્ઞા બહુમાન | ૧૫૩ |
| **ધર્મનું મૂળ** | **૧૫૪** |
| જીવકર્મનો સંબંધ | ૧૫૫ |
| સાપેક્ષતા | ૧૫૬ |
| આત્માના ગુણુ | ૧૫૬ |
| અતિચારની ગાથા | ૧૫૭ |
| પરમાત્મા એ વૈદ્ય | ૧૫૭ |
| **ધર્મસ્નેહ** | **૧૫૮** |
| સિદ્ધોનો અનુગ્રહ | ૧૫૮ |
| **ધર્મ અને ધાર્મિકતા** | **૧૫૯** |
| ધાર્મિકતા | ૧૫૯ |
| **આપણે કેવા ?** | **૧૬૦** |
| **આનંદનો વિષય** | **૧૬૧** |

| વિષય | પેઇજ નં. |
|---|---|
| શ્રી જિનધર્મ | ૧૬૧ |
| **સુવિશુદ્ધ ધર્મ** | **૧૬૨** |
| ધર્મ પુરુષાર્થની સિદ્ધિ | ૧૬૩ |
| આપણો ધર્મ | ૧૬૩ |
| ધર્મ બુદ્ધિ | ૧૬૩ |
| ધર્મભોજનનું પરિણમન | ૧૬૪ |
| ધર્મ પરિણતિની કસોટી | ૧૬૪ |
| ધર્મના હેતુ સ્વરૂપ અને ફળ | ૧૬૪ |
| પૂર્ણત્વ કાજે | ૧૬૫ |
| પૂર્ણ ધર્મ | ૧૬૬ |
| **ચાર પ્રકારના ધર્મ** | **૧૬૬** |
| મનનું દાન | ૧૬૭ |
| પાત્રભેદે દાન-રત્નપાત્ર | ૧૬૭ |
| સુવર્ણપાત્ર | ૧૬૮ |
| રજતપાત્ર | ૧૬૮ |
| **દાન ધર્મ** | **૧૬૯** |
| પરમાત્માનું ઋણુ | ૧૭૦ |
| **મોક્ષ માર્ગનો મહિમા** | **૧૭૧** |
| **ભાવ ધર્મ** | **૧૭૧** |
| નિશ્ચય ભાવ ધર્મ | ૧૭૨ |
| અહંભાવનું દહન | ૧૭૩ |
| **ભાવ-માહાત્મ્ય** | **૧૭૪** |
| દેતાં શીખો પણુ માગો નહિ | ૧૭૪ |
| તીર્થંકર પરમાત્માની આજ્ઞા | ૧૭૫ |
| ભાવ આપવાનું છે | ૧૭૫ |
| યોગી થવાની પ્રથમ શરત | ૧૭૬ |
| **ધર્મારાધનની પાયાની રીત** | **૧૭૭** |
| **ધર્મના સાધકને માર્ગદર્શન** | **૧૭૭** |
| મૂંઝવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ | ૧૭૮ |
| આગ્રહરહિતતા | ૧૭૮ |
| દ્રવ્યપૂજાનું મહત્ત્વ | ૧૭૯ |
| પાત્રતા કેળવવાના ઉપાય | ૧૭૯ |
| આરાધનામાં પ્રમાદ અહંકાર કેમ ! | ૧૮૦ |
| અવશ્ય કરણીય ક્રિયાઓ | ૧૮૦ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| ઉપકારક ક્રિયાઓ | ૧૮૧ |
| કક્ષાનો વિચાર | ૧૮૨ |
| ધર્મક્રિયાની રૂચિ | ૧૮૩ |
| દ્રવ્ય વિના ભાવ ન હોય | ૧૮૪ |
| પ્રવૃત્તિની મુખ્યતા | ૧૮૪ |
| અનુપમ ઉપકારી શ્રીસંઘ | ૧૮૫ |
| લજ્જાગુણ | ૧૮૬ |
| આચાર: પ્રથમો ધર્મ: | ૧૮૬ |
| ભવિતવ્યતાવાદનું આલંબન ક્યારે? | ૧૮૭ |
| સૌથી મોટા દોષ અસદ્ આગ્રહ | ૧૮૮ |
| **ધર્મસંગ્રહ** | **૧૯૦** |
| વીતરાગ | ૧૯૧ |
| નિર્ગ્રન્થ | ૧૯૨ |
| શ્રુત-ચારિત્ર ધર્મ | ૧૯૩ |
| શ્રદ્ધાવાન આત્માદિની શુદ્ધિ | ૧૯૫ |
| શ્રાદ્ધ ઉત્પન્ન થવાના સાધનો | ૧૯૬ |
| **ગૃહસ્થ ધર્મનું હાર્દ** | **૧૯૯** |
| ધર્મ-અધર્મ | ૧૯૯ |
| ગૃહવાસ એટલે શું? | ૨૦૦ |
| **દરિદ્રતા નિવારણનો ઉપાય** | **૨૦૨** |
| દરિદ્રતાનું દુ:ખ | ૨૦૨ |
| અનેકવિધ દરિદ્રતાઓ | ૨૦૩ |
| સાચું ધન | ૨૦૩ |
| ધાર્મિક દરિદ્રતા ટાળો | ૨૦૪ |
| સાચો આશ્રય | ૨૦૫ |
| **ધાર્મિક શિક્ષણનો હેતુ** | **૨૦૬** |
| ધાર્મિક શિક્ષણ | ૨૦૭ |
| સૂત્રનો મહિમા | ૨૦૮ |
| શિક્ષકની સજાગતા | ૨૦૯ |
| તત્ત્વજ્ઞાનનું ફળ | ૨૧૦ |
| **સમ્યક્-દર્શન** | **૨૧૧** |
| **સમ્યગ્દર્શન પામવા ચિંતનના ચમકારા** | **૨૧૨** |
| **શ્રદ્ધા અને જ્ઞાન** | **૨૧૩** |
| બુદ્ધિનું સ્થાન | ૨૧૩ |
| જ્ઞાન-બુદ્ધિની મહાનતા | ૨૧૪ |
| જ્ઞાન-શ્રદ્ધા કાર્ય-કારણભાવ | ૨૧૫ |
| જ્ઞાનનું મૂળ શ્રદ્ધા | ૨૧૬ |
| ઉત્તમ મનુષ્યની પરીક્ષા | ૨૧૭ |
| **સાચું જ્ઞાન અને સંયમ** | **૨૧૮** |
| જ્ઞાનની મહત્તા | ૨૧૯ |
| **વિચાર, આચાર અને શ્રદ્ધા** | **૨૨૦** |
| શ્રદ્ધાનું બળ | ૨૨૧ |
| **ક્રિયાના ગર્ભમાં જ્ઞાન** | **૨૨૩** |
| **જ્ઞાનીનું સ્વરૂપ** | **૨૨૪** |
| **નિર્વેદ અને સંવેગ** | **૨૨૫** |
| નિર્વેદ | ૨૨૬ |
| **શ્રદ્ધા અને સંવેગ** | **૨૨૭** |
| વિધાન-શુદ્ધિ | ૨૨૮ |
| સંસારનું સ્વરૂપ | ૨૨૯ |
| નમસ્કાર કરવાની યોગ્યતા | ૨૩૧ |
| **પરમ શ્રદ્ધેય શાસ્ત્રો** | **૨૩૨** |
| સમ્યગ્જ્ઞાનના અભાવનું ફળ | ૨૩૩ |
| સમ્યગ્જ્ઞાન કોને કહેવું? | ૨૩૪ |
| સાચાં શ્રદ્ધેય શાસ્ત્રો | ૨૩૪ |
| **શ્રી જૈનદર્શનની લોકોત્તર આસ્તિકતા** | **૨૩૭** |
| જીવ ઉપર અસર | ૨૩૭ |
| શ્રદ્ધાનાં છ સ્થાનો | ૨૩૮ |
| **શાસ્ત્રાભ્યાસનું ફળ** | **૨૪૦** |
| **સાચું શાસન-વીતરાગ શાસન** | **૨૪૦** |
| **શ્રી જિનશાસનનો મહાન ઉપકાર** | **૨૪૧** |
| **શ્રી જિનશાસનનું હૃદય** | **૨૪૨** |
| **શ્રી જૈનશાસનની અનુપમ આરાધના** | **૨૪૩** |
| આરાધનાના ત્રણ મુખ્ય પ્રકાર | ૨૪૪ |
| **સમ્યગ્દર્શન** | **૨૪૫** |
| **પરમ તત્ત્વ** | **૨૪૮** |
| **સમ્યગ્દર્શન વિચાર** | **૨૪૯** |
| **યથાર્થ દર્શન** | **૨૫૦** |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| **આંતર-નિરીક્ષણ** | ૨૫૧ |
| શક્તિ પર અસર | ૨૫૨ |
| **બોધિ-સમાધિ અને આરોગ્ય** | ૨૫૩ |
| **આત્મૌપમ્ય ભાવ** | ૨૫૪ |
| સમ્યગ્દર્શન | ૨૫૪ |
| મૈત્રીભાવનું માહાત્મ્ય | ૨૫૪ |
| દર્શનગુણનું આવરણ | ૨૫૫ |
| આત્મૌપમ્યભાવની ભૂમિકા | ૨૫૫ |
| ધર્મનું મૂળ | ૨૫૬ |
| **સંવેદન** | ૨૫૬ |
| **ત્રિશલ્યનાશક સ્નેહ-પરિણામ** | ૨૫૮ |
| **ઉપાસ્ય-તત્ત્વનું દર્શન** | ૨૫૯ |
| **ભક્તિ** | ૨૬૦ |
| **ભક્તિ ચિંતનની હારમાળાનાં મણકાં** | ૨૬૧ |
| **વિભક્તિ ટાળે તે ભક્તિ** | ૨૬૨ |
| **ભક્તિની શક્તિ** | ૨૬૩ |
| અહંકારને ટાળવા ભક્તિ | ૨૬૩ |
| **ભક્તિના ભેદ** | ૨૬૪ |
| **ભક્તિ-વૈરાગ્ય અને જ્ઞાન** | ૨૬૫ |
| ભગવાન અને ભક્તિ | ૨૬૫ |
| **વૈરાગ્યથી આત્મદર્શન** | ૨૬૬ |
| ભક્તિ વડે આત્મદર્શન | ૨૬૬ |
| ભક્તિ વડે આત્મગુણોની તુષ્ટિ-પુષ્ટિ | ૨૬૭ |
| વૈરાગ્ય અને ભક્તિ | ૨૬૮ |
| નિષ્ઠા અને ભક્તિ | ૨૬૮ |
| જ્ઞાન અને ભક્તિ | ૨૬૯ |
| આત્મ નિવેદન ભક્તિ | ૨૬૯ |
| નમસ્કારમાં નવધા ભક્તિ | ૨૭૦ |
| **દેવ-ગુરુની ભક્તિ** | ૨૭૦ |
| **અનુગ્રહ અને અનુરાગની શક્તિ** | ૨૭૧ |
| શ્રદ્ધાની શક્તિ | ૨૭૨ |
| ભક્તિનું લક્ષ્ય | ૨૭૨ |
| **ભગવદ્ ચિંતન** | ૨૭૩ |
| **પરમાત્માનું નામ** | ૨૭૪ |
| **પ્રભુ સ્મરણ** | ૨૭૫ |
| પ્રભુ સાથે મનનું જોડાણ | ૨૭૬ |
| પરમાત્માની પ્રધાનતા | ૨૭૭ |
| **પરમાત્મ ભક્તિ** | ૨૭૭ |
| પરમાત્માનું ધ્યાન કર્તવ્ય | ૨૭૮ |
| **સાચા સ્વામી** | ૨૭૯ |
| **વીતરાગનું સામર્થ્ય** | ૨૮૦ |
| પરમ મિત્ર પરમ બંધુ | ૨૮૧ |
| **શ્રી અરિહંતનું સ્વરૂપ** | ૨૮૧ |
| શ્રી અરિહંત ભગવંતો કેવા છે? | ૨૮૨ |
| શ્રી અરિહંતના સેવકો | ૨૮૩ |
| **પૂર્ણાનંદનો પ્રકાશ** | ૨૮૪ |
| અનિત્યનો અવિચાર | ૨૮૬ |
| બાહ્ય-આંતરિક ક્રિયા | ૨૮૭ |
| ભાવ એટલે...! | ૨૮૮ |
| **પ્રભુભક્તિનું મુખ્યસૂત્ર** | ૨૯૦ |
| ચૈત્યવંદન-એક મહાન ધર્માનુષ્ઠાન | ૨૯૦ |
| જિનબિંબ એટલે ચૈત્ય | ૨૯૧ |
| ભાવ-અરિહંતનું સ્વરૂપ | ૨૯૧ |
| પ્રભુની પરાર્થ વ્યસનીતા | ૨૯૨ |
| જીવ પ્રત્યે કલ્યાણભાવના | ૨૯૩ |
| ધર્મશક્તિ | ૨૯૪ |
| તીર્થંકરની મહાસત્તા | ૨૯૪ |
| સર્વ કલ્યાણકરની ભાવના | ૨૯૫ |
| અનન્ય ઉપકારી શક્રસ્તવ | ૨૯૭ |
| **અનન્ય ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતો** | ૨૯૭ |
| **પ્રભુ પ્રેમ અને વિશ્વાસ** | ૨૯૯ |
| આપણા ભગવાન | ૨૯૯ |
| પ્રભુનો પ્રેમ અને કામનો ધ્વંસ | ૩૦૦ |
| પૂર્ણતાની દૃષ્ટિ એ જ પ્રેમનું લક્ષણ | ૩૦૧ |
| પ્રેમ અને સ્થિરતા | ૩૦૧ |
| **પૂર્ણ પ્રેમાનંદમયતાનો પ્રયોગ** | ૩૦૧ |
| પ્રેમની અભિલાષા | ૩૦૨ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| આનંદનો જન્મ | ૩૦૪ |
| **આત્મસમ અને આત્મપૂર્ણદૃષ્ટિ** | **૩૦૫** |
| **પરમને પ્રણામ** | **૩૦૬** |
| મહાન કોણ? | ૩૦૭ |
| પરમ કૃપાળુ પરમાત્મા વંદનીય છે | ૩૦૭ |
| **હું નહિ, તું નહિ તે** | **૩૦૮** |
| શાંતિની ચાવી | ૩૦૮ |
| તમે કોણ છો? | ૩૦૯ |
| જગતનો દેણદાર | ૩૦૯ |
| **હૃદયમાં ઈશ્વર** | **૩૧૦** |
| **માન-દાનનો પ્રભાવ** | **૩૧૦** |
| પ્રસન્નતાનું દાન | ૩૧૧ |
| **પ્રાર્થના અને શુભેચ્છા** | **૩૧૧** |
| પરમાત્મભાવનો પ્રકાશ | ૩૧૩ |
| **પ્રાર્થના અને ધ્યાન** | **૩૧૩** |
| પ્રાર્થનાનું બળ | ૩૧૫ |
| **ઈશ્વર પ્રાર્થના** | **૩૧૫** |
| પ્રાર્થના શા માટે? | ૩૧૭ |
| પ્રાર્થના-વસ્તુ | ૩૧૭ |
| ઈશ્વર પ્રાર્થનાનો અધિકારી | ૩૧૯ |
| ઈશ્વરનું સ્વરૂપ | ૩૧૯ |
| યથાર્થ ઈશ્વર પ્રાર્થના | ૩૧૯ |
| શ્રી વીતરાગની પ્રાર્થનાનું સુપરિણામ | ૩૨૦ |
| પ્રાર્થના | ૩૨૧ |
| **તીર્થભક્તિ-પ્રભુભક્તિ** | **૩૨૧** |
| તીર્થ મહિમા | ૩૨૨ |
| અનંતકોટિ સિદ્ધસ્થાન | ૩૨૩ |
| **અસીમોપકારી શ્રી તીર્થંકરપદ** | **૩૨૫** |
| **કર્મમીમાંસા** | **૩૨૭** |
| **કર્મમીમાંસા-ઉન્નતિના આધારભૂત સોપાન** | **૩૨૮** |
| **કર્મફળ** | **૩૨૯** |
| **કર્મનો અબાધિત નિયમ** | **૩૩૦** |
| જેવું કરે તેવું પામે | ૩૩૦ |
| કર્મના પ્રકાર | ૩૩૧ |
| સાચો સ્વામી પુણ્ય-કર્મ | ૩૩૨ |
| **પુણ્યની પરમાવશ્યકતા** | **૩૩૨** |
| ધર્મના બે સ્વરૂપ | ૩૩૨ |
| પુણ્યનો હેય-ઉપાદેય વિભાગ | ૩૩૩ |
| બાહ્ય ઈચ્છા: એક પાપ | ૩૩૪ |
| કૃતજ્ઞતા-ગુણની કેળવણી | ૩૩૪ |
| સ્વાર્થ પરિહાર | ૩૩૫ |
| **શુદ્ધિ-શુભનું પ્રદાતા પુણ્ય** | **૩૩૬** |
| ગુણ પ્રાપ્તિનો ઉપાય | ૩૩૬ |
| પુણ્યથી પુણ્યની વૃદ્ધિ | ૩૩૭ |
| મોક્ષ-પણ પરોપકાર સ્વરૂપ | ૩૩૮ |
| પુણ્યથી શુદ્ધ ઉપયોગ | ૩૩૮ |
| **પુણ્ય-પ્રદાતા ત્રણ યોગો** | **૩૩૯** |
| જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષ: | ૩૩૯ |
| અનુમોદના-પુણ્ય | ૩૪૦ |
| કરણ-કરાવણ અને અનુમોદન | ૩૪૦ |
| **પુણ્ય-પાપની શુભાશુભતા** | **૩૪૨** |
| નમસ્કાર-પુણ્ય | ૩૪૨ |
| દાન, પુણ્ય અને ધર્મની એકરૂપતા | ૩૪૩ |
| નવધા પુણ્ય | ૩૪૪ |
| **અઢાર પાપો અને નવધા પુણ્ય** | **૩૪૪** |
| નવ પુણ્ય અને અઢાર પાપ | ૩૪૪ |
| નવ પુણ્ય અને નવપદનો સંબંધ | ૩૪૫ |
| **નવધા પુણ્યથી નવપદ આરાધના** | **૩૪૮** |
| નવપુણ્ય અને નવપદ | ૩૪૮ |
| **નવ પુણ્યની ઉત્પત્તિ-નવપદ** | **૩૫૦** |
| **કર્મ, ધર્મનું સર્જન** | **૩૫૩** |
| **પુણ્યનું પોષણ-પાપનું શોષણ** | **૩૫૫** |
| **તથાભવ્યત્વ અને સહજમળ** | **૩૫૬** |
| **કર્મ-કારણ** | **૩૫૭** |
| **અહિંસા પરમો ધર્મ** | **૩૫૯** |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| **અહિંસાદિ ઉપર આલેખાયેલ લેખક્રમ** | ૩૬૦ |
| **અહિંસા અને સમાપત્તિ** | ૩૬૧ |
| **પ્રકૃતિનું મહાશાસન** | ૩૬૨ |
| **અહિંસા પર અન્વેષણ** | ૩૬૩ |
| હિંસાથી દુઃખ–અહિંસાથી સુખ | ૩૬૩ |
| દુષ્ટ અધ્યવસાય | ૩૬૪ |
| આત્માનું નિત્યાનિત્યત્વ | ૩૬૫ |
| **અહિંસા વિચાર** | ૩૬૭ |
| અહિંસા–સંયમ–તપ | ૩૬૭ |
| **અહિંસા** | ૩૬૮ |
| પ્રજ્ઞા | ૩૬૮ |
| અહિંસાની અનુભૂતિ | ૩૬૯ |
| **અહિંસા–સંયમ–તપ** | ૩૭૦ |
| ભાવના | ૩૭૧ |
| સમજપૂર્વકનું જ્ઞાન | ૩૭૩ |
| **અહિંસા અને અનેકાન્ત** | ૩૭૪ |
| અનેકાન્ત | ૩૭૫ |
| **અનેકાન્ત–અહિંસા–સ્યાદ્વાદ** | ૩૭૬ |
| **જીવનની સફળતા** | ૩૭૯ |
| **જીવનની સફળતાના મુખ્ય પાયાઓ** | ૩૮૦ |
| **સદાચારનું પ્રેરક બળ** | ૩૮૧ |
| ઉચ્ચ વસ્તુઓની રુચિ | ૩૮૧ |
| **આચારોનું પરિબળ** | ૩૮૨ |
| વિચાર શુદ્ધિ | ૩૮૩ |
| **સદ્‌વૃત્તિના પાયા** | ૩૮૪ |
| **લજ્જા–મર્યાદા** | ૩૮૫ |
| મર્યાદા | ૩૮૫ |
| **પાત્રતાનો પાયો** | ૩૮૬ |
| વ્યવહાર અને નિશ્ચયથી ઉપકારક તત્ત્વ | ૩૮૭ |
| **બ્રહ્મચર્ય પાલન** | ૩૮૮ |
| માનસિક સૃષ્ટિ | ૩૮૯ |
| સૃષ્ટિના પદાર્થોનું વિશ્લેષણ | ૩૯૦ |
| **સાચી સંસ્કૃતિ** | ૩૯૧ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| **સહિષ્ણુતા** | ૩૯૩ |
| મૌન | ૩૯૩ |
| **જીવનનું જીવન** | ૩૯૪ |
| **દોષ અને ગુણ** | ૩૯૫ |
| **સજીવનો તિરસ્કાર!** | ૩૯૬ |
| જીવસત્કાર | ૩૯૭ |
| **દૃષ્ટિ તેવી સૃષ્ટિ** | ૩૯૮ |
| લોક સંજ્ઞાથી પર | ૩૯૮ |
| **'શિવ' શુભ સંકલ્પ** | ૩૯૯ |
| **સાચા સુખનો માર્ગ** | ૪૦૦ |
| **દુઃખ સુખ માટે છે** | ૪૦૧ |
| **સુખ–દુઃખ મીમાંસા** | ૪૦૨ |
| **સુખનું સાચું સ્વરૂપ** | ૪૦૪ |
| સુખ–દુઃખનું દર્શન ચિંતન | ૪૦૪ |
| **સુખ–દુઃખ** | ૪૦૫ |
| **બોધઃ એક બળ** | ૪૦૬ |
| સુખનું સ્વરૂપ | ૪૦૬ |
| બુદ્ધિ વ્યાપાર | ૪૦૬ |
| દુઃખ હળવું કરવાનો ઉપાય | ૪૦૭ |
| દુઃખનો ધિક્કાર અને પાપનો ડર | ૪૦૭ |
| મનનીય મુદ્દો | ૪૦૮ |
| **આગમોનો અર્ક** | ૪૦૮ |
| **નમવું અને ખમવું** | ૪૧૦ |
| **મુક્તિનો માર્ગ** | ૪૧૧ |
| **મોક્ષના સાધન** | ૪૧૨ |
| **નયવાદ** | ૪૧૩ |
| **નયવાદના પ્રેરક પ્રકરણો** | ૪૧૪ |
| **નયવાદની ઉપયોગીતા** | ૪૧૫ |
| નયશ્રુત–દુર્નયશ્રુતના દૃષ્ટાંત | ૪૧૬ |
| એકાન્તવાદના ફળ | ૪૧૬ |
| **સ્યાદ્વાદ–દર્શન** | ૪૧૭ |
| અનેકાન્તવાદની વ્યાપકતા | ૪૧૮ |
| ભિન્નાભિન્ન | ૪૧૮ |

| વિષય | પેઈજ નં. |
| --- | --- |
| સ્યાદ્વાદનો મહિમા | ૪૧૯ |
| પારમેશ્વરી આજ્ઞા | ૪૨૦ |
| સાચા પરમેશ્વર | ૪૨૦ |
| આજ્ઞા | ૪૨૧ |
| **સ્યાદ્વાદની સાર્વભૌમતા** | **૪૨૧** |
| સ્યાદ્વાદની દૃષ્ટિ | ૪૨૧ |
| સ્યાદ્વાદ એક મહાન રથિક | ૪૨૨ |
| વિશ્વશાન્તિની ભાવના અને સ્યાદ્વાદ | ૪૨૨ |
| સર્વોપકારી સ્યાદ્વાદ | ૪૨૩ |
| સ્યાદ્વાદનું સ્વાતન્ત્ર્ય | ૪૨૪ |
| સ્યાદ્વાદનું કાર્ય | ૪૨૪ |
| સ્યાદ્વાદની અમી નજર | ૪૨૫ |
| **સ્યાદ્વાદનું મહત્ત્વ** | **૪૨૬** |
| પ્રભુ શ્રી મહાવીરસ્વામીનો અનન્ય ઉપકાર | ૪૨૬ |
| સ્યાદ્વાદને જીવનમાં ઉતારો | ૪૨૭ |
| સ્યાદ્વાદનું શિક્ષણ | ૪૨૮ |
| સ્યાદ્વાદની વફાદારી | ૪૨૯ |
| અમાપ ઉપકારક સ્યાદ્વાદ | ૪૨૯ |
| સ્યાદ્વાદ દૃષ્ટિ | ૪૩૦ |
| ઉત્સર્ગ અને અપવાદ | ૪૩૧ |
| **એકાન્ત દૃષ્ટિના દોષો** | **૪૩૧** |
| ટૂંકી દૃષ્ટિથી અનર્થ | ૪૩૨ |
| **અનેકાન્તવાદ** | **૪૩૩** |
| સ્યાદ્વાદની આવશ્યકતા | ૪૩૪ |
| એકાંતવાદ અસત્ય છે | ૪૩૫ |
| **શુદ્ધ નયની ભાવના** | **૪૩૬** |
| આત્માનું અસ્તિત્વ | ૪૩૬ |
| **વ્યવહાર–નિશ્ચય દર્શન** | **૪૩૮** |
| વ્યવહાર અને નિશ્ચય | ૪૩૯ |
| **પરસ્પરોપગ્રહો જીવાનાં** | **૪૩૯** |
| ભવ્યત્વ એટલે ? | ૪૪૦ |
| **નિશ્ચય મોક્ષમાર્ગ** | **૪૪૧** |
| સમ્યગ્દૃષ્ટિ જીવનું લક્ષ્ય | ૪૪૨ |

| વિષય | પેઈજ નં. |
| --- | --- |
| જ્ઞાન નિશ્ચયનું અને પાલન વ્યવહારનું | ૪૪૨ |
| નિશ્ચય–વ્યવહારનો સુમેળ | ૪૪૨ |
| સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગ | ૪૪૩ |
| મોક્ષ માર્ગરૂપ પ્રભુ | ૪૪૪ |
| **સામાયિક ધર્મ** | **૪૪૫** |
| **સામાયિક ધર્મ–અનુપમ સામ્યાંશો** | **૪૪૬** |
| **પ્રતિદિન અવશ્ય કરવા લાયક ક્રિયા સામાયિક** | **૪૪૭** |
| સામાયિક એટલે શું ? | ૪૪૭ |
| દ્રવ્ય અને ભાવ સામાયિક | ૪૪૭ |
| ખરું સામાયિક | ૪૪૮ |
| શ્રી નવકારનું સ્વરૂપ | ૪૪૮ |
| શ્રી અરિહંતનું સ્વરૂપ | ૪૪૮ |
| વિનયનું સ્વરૂપ અને ફળ | ૪૪૯ |
| ઇરિયાવહી | ૪૪૯ |
| ઇરિયાવહીયાના ભેદ | ૪૫૦ |
| સામાયિક પ્રતિજ્ઞા | ૪૫૧ |
| **પરમાં સ્વતુલ્યત્વની ભાવના** | **૪૫૨** |
| **પરિણામત્રય** | **૪૫૩** |
| સામાયિકનું સમ્મ પરિણામ | ૪૫૩ |
| **સમતાનું સ્વરૂપ** | **૪૫૪** |
| જિનશાસનનું પરમ રહસ્ય | ૪૫૪ |
| મોક્ષ અનન્ય સાધન સમતા | ૪૫૫ |
| માતૃતુલ્યવૃત્તિ | ૪૫૬ |
| **આત્મસમદર્શિત્વ** | **૪૫૭** |
| સ્વજ્ઞાન | ૪૫૭ |
| **સમત્વનો વિકાસ** | **૪૫૮** |
| **સમત્વનો સ્નેહ** | **૪૫૯** |
| **સામાયિક ધર્મ** | **૪૬૦** |
| સામાયિક પરિણામની પ્રાપ્તિ | ૪૬૧ |
| સામાયિકના પર્યાય | ૪૬૨ |
| સામાયિકના ચાર પ્રકાર | ૪૬૨ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સામાયિક | ૪૬૩ |
| **સામાયિક પરિણામ** | ૪૬૪ |
| સમતા સર્વભૂતેષુ | ૪૬૫ |
| સામાયિકથી ગુણપ્રગટન | ૪૬૫ |
| સામાયિકનું સ્વરૂપ | ૪૬૬ |
| **દ્રવ્ય-ગુણ-પર્યાય** | ૪૬૭ |
| સમસ્તસત્ત્વ વિષયક સ્નેહ પરિણામ | ૪૬૮ |
| ક્રમભાવી પર્યાય | ૪૬૯ |
| **સામાયિક-ચિંતન** | ૪૬૯ |
| યથાર્થ દર્શન | ૪૭૦ |
| સમત્વભાવ પ્રગટન | ૪૭૧ |
| સર્વજીવ સમત્વ | ૪૭૨ |
| સામાયિક વ્રત એટલે? | ૪૭૨ |
| **જીવનનું લક્ષ્ય સામાયિક?** | ૪૭૩ |
| **સામાયિકરૂપી સુવર્ણ** | ૪૭૪ |
| **સામાયિક અને નવકાર** | ૪૭૫ |
| અનુમોદન | ૪૭૬ |
| ધર્મબીજનું વપન | ૪૭૭ |
| **સાધુ જીવન** | ૪૭૮ |
| **સાધુ જીવન-પવિત્ર પ્રેરક લેખાંશો** | ૪૭૯ |
| **સાધુ જીવનની સુગંધ** | ૪૮૦ |
| સાધુજીવન એટલે શું? | ૪૮૦ |
| સાધુજીવનની શોભા | ૪૮૦ |
| દશ પ્રકારની સામાચારી | ૪૮૧ |
| સામાચારી | ૪૮૧ |
| સુપ્રસિદ્ધ પ્રથમ ત્રણ સામાચારી | ૪૮૧ |
| વર્તમાનમાં સર્વત્ર ત્રણ સામાચારીનું પાલન | ૪૮૩ |
| **આદર્શ મુનિજીવન** | ૪૮૪ |
| હિતશિક્ષા | ૪૮૪ |
| જગતમાં સૌથી વધારે સુખી કોણ? | ૪૮૫ |
| ગુરુકુળ વાસ | ૪૮૫ |
| **છ જીવનિકાયની રક્ષા** | ૪૯૧ |
| વિરતિની આવશ્યકતા | ૪૯૨ |
| મોક્ષનું દ્વાર મૈત્રી | ૪૯૩ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| **તપ અને જપ** | ૪૯૪ |
| **ચાર અનુયોગ અને રત્નત્રયી** | ૪૯૪ |
| **નિજગુણ સ્થિરતારૂપ ચારિત્ર** | ૪૯૫ |
| **ભક્તિ ભાવના** | ૪૯૬ |
| **ગુરુ ભક્તિ** | ૪૯૬ |
| **દેવ-ગુરુ પ્રત્યે રતિ** | ૪૯૭ |
| **ગુરુ તત્ત્વ** | ૪૯૯ |
| **ગુરુ-પારતંત્ર્ય** | ૪૯૯ |
| **ગુરુકૃપા અને ભક્તિ** | ૫૦૦ |
| **દેવ-ગુરુ-ધર્મ** | ૫૦૧ |
| આચાર પ્રથમ | ૫૦૨ |
| **અઢાર હજાર શીલાંગ** | ૫૦૩ |
| **શીલાંગ રથનો ધોરી મુનિ** | ૫૦૩ |
| **સાધુ પુરુષના લક્ષણ** | ૫૦૪ |
| **ધ્યાન** | ૫૦૫ |
| **ધ્યાન-પ્રેરક લેખો** | ૫૦૬ |
| **ધ્યાનનું સ્વરૂપ** | ૫૦૭ |
| ધ્યાનાન્તરિકા | ૫૦૭ |
| સુનિર્મળ ધ્યાનયોગ | ૫૦૮ |
| એકાગ્રતા માટે આત્મજ્ઞાન | ૫૦૯ |
| **ધ્યાનનું ધ્યેય** | ૫૦૯ |
| **ધ્યાનથી કર્મક્ષયનાં દૃષ્ટાંત** | ૫૧૦ |
| **લેશ્યા** | ૫૧૧ |
| લેશ્યા-ધ્યાન | ૫૧૩ |
| લેશ્યા-ગુણસ્થાનક | ૫૧૩ |
| **ધર્મ ધ્યાનના દ્વાર** | ૫૧૪ |
| ધર્મધ્યાનની સ્થિરતા માટે | ૫૧૪ |
| **ધ્યાન-ચતુષ્ક** | ૫૧૫ |
| **વચનાનુષ્ઠાનની સંગતિ** | ૫૧૬ |
| **પ્રાણાયામ** | ૫૧૬ |
| **સર્વ આગમોનું પરમ રહસ્ય** | ૫૧૭ |
| **પરમાત્મધ્યાનના ચાર માધ્યમ** | ૫૧૮ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| નામ–અરિહંત દ્વારા પ્રભુની ઉપાસના | ૫૧૯ |
| સ્થાપના–નિક્ષેપે શ્રી અરિહંતની ભક્તિ | ૫૨૧ |
| દ્રવ્ય–નિક્ષેપે શ્રી અરિહંતની ભક્તિ | ૫૨૧ |
| ભાવ–નિક્ષેપે થતી શ્રી અરિહંતની ભક્તિ | ૫૨૨ |
| ભાવાદ્ ભાવપ્રસૂતિ | ૫૨૩ |
| બીજી રીતે ધ્યેયના ચાર પ્રકાર | ૫૨૪ |
| ધર્મ–બોધ | ૫૨૪ |
| **સમાપત્તિ યોગ** | ૫૨૫ |
| દ્રવ્ય સમાપત્તિ | ૫૨૬ |
| સમાપત્તિ | ૫૨૭ |
| **ૐ અર્હં મન્ત્રનું તાત્પર્ય** | ૫૨૯ |
| ઓંકારની માત્રાઓનો અર્થ | ૫૩૦ |
| સમાલંબન | ૫૩૦ |
| સામાયિક | ૫૩૧ |
| મન્ત્ર અને મૂર્તિ | ૫૩૧ |
| **ૐકારનું ધ્યાન** | ૫૩૧ |
| **નાદ** | ૫૩૨ |
| 'હ' વર્ણ | ૫૩૪ |
| **કાયોત્સર્ગનો પ્રભાવ** | ૫૩૬ |
| કાયોત્સર્ગના લાભ | ૫૩૭ |
| **અભય–અદ્વેષ–અખેદ** | ૫૩૭ |
| ધ્યેયનું ધ્યાન | ૫૩૮ |
| **શ્રી ગૌતમસ્વામીજીનું ધ્યાન** | ૫૩૯ |
| **પ્રભુનું ધ્યાન** | ૫૪૦ |
| **તત્ત્વ નાદ** | ૫૪૦ |
| બે અવસ્થાઓ નાદ અને શાંતિ | ૫૪૧ |
| **મન્ત્ર** | ૫૪૨ |
| **મન્ત્રસિદ્ધિ** | ૫૪૨ |
| **મન્ત્રયોગ** | ૫૪૪ |
| **મૂર્તિ અને મન્ત્ર** | ૫૪૫ |
| યોગના અંગ | ૫૪૫ |
| મૂર્તિમાં શુદ્ધ આત્મદ્રવ્યનું મૂર્ત સ્વરૂપ | ૫૪૬ |
| પ્રતિષ્ઠાવિધિ અને પ્રતિષ્ઠાકારક | ૫૪૭ |
| મૂર્તથી અમૂર્ત તરફ | ૫૪૮ |
| **મન્ત્ર, મૂર્તિ અને પૂજા** | ૫૪૮ |
| મૂર્તિમાં પ્રણિધાન | ૫૪૯ |
| મન્ત્રમાં પ્રણિધાન | ૫૫૦ |
| ચતુર્વિધ શ્રી સંઘનીવતી પ્રણિધાન | ૫૫૦ |
| પૂજા વખતે પ્રણિધાન | ૫૫૧ |
| **મન્ત્ર, મૂર્તિ અને આજ્ઞા** | ૫૫૧ |
| પરમાત્માનું ધ્યાન–શુદ્ધ આત્માનું ધ્યાન | ૫૫૨ |
| મન્ત્ર | ૫૫૪ |
| **મૂર્તિ, મન્ત્ર અને શાસ્ત્ર** | ૫૫૫ |
| **માતૃકા માહાત્મ્ય** | ૫૫૬ |
| **મનની માવજત** | ૫૫૭ |
| મનનો ઉપયોગ | ૫૫૮ |
| **મનવશીકરણ** | ૫૫૮ |
| મનની શક્તિ | ૫૫૯ |
| **અદ્વેષ, મૈત્રી અને નિર્વિષય મન** | ૫૬૦ |
| તત્ત્વની પ્રાપ્તિમાં પાયાનો ગુણ | ૫૬૦ |
| 'અદ્વેષ' એ શું પદાર્થ છે? | ૫૬૦ |
| ન્યાય યુક્ત વ્યવહારનો પાયો | ૫૬૧ |
| નિર્વિષય મનની સાચી વ્યાખ્યા | ૫૬૨ |
| ત્રણ પ્રકારના ચિત્ત | ૫૬૨ |
| જીવમાત્ર પ્રત્યે મૈત્રી જોઈએ | ૫૬૫ |
| સામાયિક | ૫૬૬ |
| **મનો નિગ્રહ** | ૫૬૭ |
| **વાસના–વિજય** | ૫૬૮ |
| **અનાહત** | ૫૬૯ |
| મન્ત્રજાપ માહાત્મ્ય | ૫૭૦ |
| સ્વયંસિદ્ધ શ્રી સિદ્ધચક્ર યન્ત્ર | ૫૭૦ |
| **અધ્યાત્મ–યોગ** | ૫૭૧ |
| **પરમાત્મા સાથે આત્માનો યોગ** | ૫૭૨ |
| યોગનું દશમું દ્વાર | ૫૭૩ |
| **ઉપાસનાનું ધ્યેય** | ૫૭૩ |
| **ચિંતનની ચિનગારીઓ** | ૫૭૫ |
| **ચિંતનની ચિનગારીઓ** | ૫૭૬ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| આત્મસુખનો ઉપાય | ૫૭૭ |
| મોક્ષમાર્ગ | ૫૭૮ |
| સંસારનું મૂળ | ૫૭૯ |
| સર્વસાર નવકાર | ૫૮૦ |
| સ્નેહ પરિણામ | ૫૮૧ |
| પુદ્ગલ અને જીવનો સ્વભાવ | ૫૮૨ |
| તત્ત્વરુચિ | ૫૮૩ |
| મૃત્યુ મિત્ર છે | ૫૮૫ |
| વર્તમાન સાક્ષાત્કાર | ૫૮૬ |
| રાગ દ્વેષ અને મોહ નિવારણ | ૫૮૭ |
| સમવાય કારણવાદ | ૫૮૮ |
| ઉત્તમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ | ૫૮૯ |
| માન-મુક્તિ | ૫૯૦ |
| સ્વાપકર્ષ બોધ | ૫૯૧ |
| વિતરાગી-સરાગી | ૫૯૧ |
| સરાગી તારી ન શકે | ૫૯૨ |
| સત્ય વચનનું મૂળ | ૫૯૩ |
| કંચન અને કામિનીનો રાગ | ૫૯૪ |
| નિષ્કલંક ધર્મ | ૫૯૪ |
| માનવ અને યન્ત્ર | ૫૯૫ |
| સત્સંગનો મહિમા | ૫૯૬ |
| વિશ્વના વિધાન | ૫૯૭ |
| કસોટીનો ડર | ૫૯૮ |
| દુષ્કૃત ગર્હા | ૫૯૯ |
| લોકોત્તર જીવન-બોધ | ૬૦૧ |
| અભેદ | ૬૦૨ |
| દિવ્યતા અને ક્ષુદ્રતા | ૬૦૨ |
| સામૂહિક-સાધના | ૬૦૪ |
| અનુમોદનાથી અનુબંધ | ૬૦૪ |
| ભવ્યત્વ પરિપાકના ઉપાયો | ૬૦૬ |
| સુકૃતાનુમોદન | ૬૦૭ |
| શરણગમન | ૬૦૭ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| વાણીની દિવ્યતા | ૬૦૮ |
| ત્રિકરણ યોગ | ૬૦૯ |
| પર્વાધિરાજનો પ્રભાવ | ૬૧૦ |
| મૂળ પ્રકૃતિના પરિવર્તનો | ૬૧૧ |
| અહંભાવનો વિલય | ૬૧૨ |
| સમાધિ સુખનો ઉપાય | ૬૧૨ |
| વસ્તુ અને વાસના | ૬૧૩ |
| ભાષા-વિશુદ્ધિ | ૬૧૪ |
| વચન વર્ગણા | ૬૧૪ |
| જીભ ઉપર અંકુશ | ૬૧૫ |
| ચાર ભાષા | ૬૧૬ |
| આનંદનો અનુભવ | ૬૧૭ |
| પુરુષાર્થવાદ | ૬૧૮ |
| ચાર પુરુષાર્થનું તાત્ત્વિક વિવેચન | ૬૧૮ |
| કામ પુરુષાર્થ | ૬૧૯ |
| અર્થ પુરુષાર્થ | ૬૧૯ |
| ધર્મ પુરુષાર્થ | ૬૨૧ |
| મોક્ષ પુરુષાર્થ | ૬૨૩ |
| ઉપયોગ-ઉપગ્રહ | ૬૨૫ |
| સંસાર અને દુઃખનું મૂળ | ૬૨૬ |
| જીવનું સ્વરૂપ | ૬૨૬ |
| જીવનો સંબંધ | ૬૨૬ |
| કાર્યલક્ષણ | ૬૨૬ |
| સર્વ જીવોમાં ઉપગ્રાહક સ્વભાવ | ૬૨૭ |
| ભાવની પ્રધાનતા | ૬૨૮ |
| ધર્મનો પાયો મૈત્રી આદિ ભાવ | ૬૨૯ |
| મૈત્રી આદિ ભાવોનું સ્વરૂપ | ૬૨૯ |
| પાંચ ભાવોના જ્ઞાનથી મૈત્રી આદિ ભાવો | ૬૩૦ |
| સર્વ જીવોની પરસ્પર હિતાહિતમાં નિમિત્તતા | ૬૩૨ |
| ઉદાસીનતા એ મહાન દોષ છે | ૬૩૩ |
| સૂત્ર-પ્રમાણ | ૬૩૪ |
| ઉદાસીનતા અજ્ઞાન સૂચક છે | ૬૩૪ |
| મૈત્રી આદિ ભાવો અનિવાર્ય છે | ૬૩૫ |

| વિષય | પેઈજ નં. |
|---|---|
| ભાવોની વ્યાપક અસર | ૬૩૫ |
| જીવોની પરસ્પર અધિકરણતા | ૬૩૭ |
| જીવદ્વેષ મોક્ષનો બાધક છે | ૬૩૮ |
| સંસારી અને સિદ્ધ આત્માઓનો પરસ્પર સંબંધ અને એમની ઉપગ્રાહકતા | ૬૩૮ |
| ગુણી પ્રત્યેનું માધ્યસ્થ્ય મહાન અહિતકર છે | ૬૪૦ |
| પરમાત્માની લોકવ્યાપી ઉપકારકતા | ૬૪૧ |
| અયથાર્થ દર્શનાદિથી સર્વનું અહિત | ૬૪૧ |
| કર્તા કર્મની સાપેક્ષતા અને પરસ્પર હિતાહિત | ૬૪૨ |
| સૂત્રનું ગાંભીર્ય | ૬૪૨ |
| **અર્હ** | ૬૪૩ |
| **તારક ત્રિવેણી** | ૬૪૩ |
| **ઉપકાર સ્નાન** | ૬૪૩ |
| ભાવ નમસ્કારનું વિવરણ | ૬૪૫ |
| **અષ્ટપ્રકારી પૂજાનું રહસ્ય** | ૬૪૫ |
| **શિવમસ્તુ સર્વ જગતઃ** | ૬૪૬ |
| **શરણાગતિ** | ૬૪૯ |
| **શુદ્ધોપદેશનો સાર** | ૬૪૯ |
| **અધ્યાત્મયોગ** | ૬૫૦ |
| ધ્યાનનું ફળ | ૬૫૧ |
| ઉત્સર્ગ અને અપવાદ | ૬૫૨ |
| જ્ઞાનની ત્રણ ભૂમિકાઓ | ૬૫૨ |
| મોહ | ૬૫૨ |
| શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞા | ૬૫૨ |
| ભક્તિનું જીવંતપણું | ૬૫૩ |
| આક્ષેપરહિત ચારિત્ર | ૬૫૩ |
| **સંકલિત ચિંતનિકા** | ૬૫૪ |
| **સંકલિત ચિંતનિકા ક્રમ** | ૬૫૫ |
| **સાચું સૌંદર્ય** | ૬૫૬ |
| આદર્શ વ્યવહાર | ૬૫૭ |
| વિચાર અને વર્તન | ૬૫૮ |
| આચરણ સાથે ઉપદેશ | ૬૫૯ |
| જીવનની કેળવણી | ૬૬૦ |
| જીવન મૂલ્યોની આંકણી | ૬૬૧ |
| ઉચ્ચતાની અભિરુચિ | ૬૬૩ |
| **જીવનનો આનંદ** | ૬૬૫ |
| **આપવાનો આનંદ** | ૬૬૭ |
| **માનવતા અને દિવ્યતા** | ૬૬૮ |
| **સાચી માનવતા** | ૬૭૦ |
| **પરિણામનું મૂલ્ય** | ૬૭૧ |
| **પરિવર્તનશીલ-વિજ્ઞાન** | ૬૭૨ |
| **ચમત્કારનું વિજ્ઞાન** | ૬૭૩ |
| બુદ્ધિની બળવત્તા | ૬૭૪ |
| **ઈચ્છાશક્તિનું રહસ્ય** | ૬૭૫ |
| ઈચ્છાઓ | ૬૭૬ |
| **અહંકારનો મિથ્યાભાવ** | ૬૭૭ |
| **સાચું એ સહુનું** | ૬૭૮ |
| અભિમાનનો ત્યાગ | ૬૭૯ |
| **નિદ્રાની કરકસર** | ૬૮૦ |
| ખોળે પડી શક્તિનું કરાવ્યું સ્તનપાન | ૬૮૦ |
| **સિંહાવલોકન** | ૬૮૨ |
| ધ્યેયનો તાર | ૬૮૨ |
| શક્તિ અને સંયમ | ૬૮૨ |
| આત્મશક્તિ જ વધારે કિંમતી | ૬૮૨ |
| સિંહ-વૃત્તિ ધરીને સિંહાવલોકન | ૬૮૩ |
| **રમકડાં** | ૬૮૩ |
| **સમાનતાનો સાચો ઉપાય** | ૬૮૫ |
| **યોગ્યને યોગ્યનું મિલન** | ૬૮૭ |
| **વસ્તુ અને તેનો આભાસ** | ૬૮૮ |
| **સંપૂર્ણ અધઃપતન કેમ નહિ?** | ૬૮૯ |
| યથાપિંડે તથા બ્રહ્માંડે | ૬૯૦ |
| **શરીર અને સાઈકલ** | ૬૯૦ |
| **સંયોગો અને સિદ્ધિ** | ૬૯૧ |
| **પાંચ પ્રાણોનું સ્વરૂપ** | ૬૯૨ |
| **નમન** | ૬૯૩ |

| વિષય | પેઈજ નં. |
| --- | --- |
| મન્ત્રની શક્તિ | ૬૯૪ |
| મન્ત્રવડે સૂક્ષ્મતા અને શુદ્ધતા | ૬૯૪ |
| મનને વશ કરવાનો ઉપાય | ૬૯૪ |
| વિશ્વાસની અગત્યતા | ૬૯૫ |
| શ્રી નવકાર એ શું છે ? | ૬૯૫ |
| : પરિશિષ્ટ : | ૬૯૭ |
| 'બાર'ના અંકનું મહત્ત્વ | ૬૯૮ |
| પ્રેરણાદાયી પ્રશ્નોત્તરી | ૬૯૯ |
| ચતુષ્ક વિચાર | ૭૦૧ |
| આનંદમાં રહેવું રે... | ૭૦૨ |
| ચિત્તના પાંચ શુભાશય | ૭૦૩ |

| વિષય | પેઈજ નં. |
| --- | --- |
| નમો અરિહંતાણં'ની અર્થ ભાવના | ૭૦૩ |
| નમઃ મન્ત્રનો અર્થ | ૭૦૪ |
| ભવ–સમુદ્ર નિર્યામક | ૭૦૪ |
| સાધુરૂપી સુવર્ણની પરીક્ષા | ૭૦૫ |
| જીવના ૧૧ વિશેષ સ્વભાવ | ૭૦૫ |
| મુક્તિમેળવવાના બે ઉપાય | ૭૦૬ |
| ૧૦ સામાન્ય સ્વભાવ | ૭૦૬ |
| ૐ નમઃ સિદ્ધં | ૭૦૭ |
| શુભ સંકલ્પ | ૭૦૭ |
| પૂર્વાચાર્યોના વચનામૃતો (મૈત્રી તથા પરોપકારના પાઠો) | ૭૦૮ |




## પરમ પૂજ્ય, પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રીએ
## શાસ્ત્રીય ગ્રન્થોનું કરેલ
# સંપાદન–સંકલન....

| : ગ્રન્થ : | : કર્તા : |
|---|---|
| ૧. વિશેષાવશ્યક ભાષ્ય ભાગ–૧<br>ભાષાંતર ભાગ–૨ | પરમ પૂજ્ય મલ્લધારી<br>હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા |
| ૨. ઉત્તરાધ્યયનસૂત્ર<br>સૂત્રટીકા | પરમ પૂજ્ય, શ્રી લક્ષ્મીવલ્લભવિજયજી<br>મહારાજા |
| ૩. શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન<br>બૃહદ્વૃત્તિ-લઘુન્યાસ સહિત<br>ભાગ–૧–૨–૩ સૂત્ર ટીકા | પરમ પૂજ્ય, કલિકાલસર્વજ્ઞ<br>શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજા |
| ૪. લોક પ્રકાશ<br>દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ<br>ભાગ-૧–૨–૩–૪–૫<br>મૂળ તથા ભાષાંતર | પરમ પૂજ્ય, ઉપાધ્યાય<br>શ્રી વિનયવિજયજી મહારાજા |
| ૫. પ્રવચન સારોદ્ધાર<br>મૂળ તથા ભાષાંતર ભાગ–૧–૨ | પ. પૂ. શ્રી નેમિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા<br>ટીકા :–શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મ. |
| ૬. પ્રકરણ રત્નાવલી<br>મૂળ તથા ભાષાંતર | વિવિધ મહાપુરુષો દ્વારા<br>રચિત વિવિધ પ્રકરણો |
| ૭. ગુણસ્થાન ક્રમારોહ<br>મૂળ તથા ભાષાંતર | પૂજ્યપાદ રત્નશેખરસૂરિકૃત |
| ૮. સુલભ ચરિત્રાણી | વિવિધ પૂજ્ય પૂર્વાચાર્યો |
| ૯. સુલભ કાવ્ય પ્રવેશિકા | સકલાર્હત્–ભક્તામરનું<br>દંડાન્વય–ખંડાન્વયપૂર્વક<br>કાવ્ય કરવાની પદ્ધતિ |
| ૧૦. શ્રાદ્ધવિધિ ગુજરાતી | પૂજ્યપાદ રત્નશેખરસૂરિજી મહારાજા |

# સુકૃતનાં સહભાગી

શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ (મુંબઈ) મલાડ

✖ ✖ ✖

| | |
|---|---|
| શ્રી ભાઈચંદ મેઘજીભાઈ મારૂ | લંડન |
| શ્રીમતી જશોદાબેન ભાઈચંદ મારૂ | ,, |
| શ્રી દિલિપકુમાર ભાઈચંદ મારૂ | જામનગર |
| શ્રીમતી રેણુકાબેન દિલિપભાઈ મારૂ | ,, |
| શ્રી આદર્શકુમાર દિલિપભાઈ મારૂ | ,, |

✖

| | |
|---|---|
| શાહ ગોવિંદજી દેપારભાઈ | હા. ગુલાબભાઈ–મોમ્બાસ |
| શાહ ઝવેરચંદ ફૂલચંદ | હા. મણીભાઈ–નાઇરોબી |
| શ્રીમતી પ્રતિભાબેન શશીકાંત શાહ | મોમ્બાસા |
| શ્રીમતી સ્વાતિબેન જોનાથન | લંડન |

✖ ✖ ✖

પૂજ્ય શાસનસમ્રાટ્‌નાં સમુદાયનાં આ. મ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.નાં શિષ્યરત્ન
પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મ.ની પ્રેરણાથી

શિહોર જૈન તપગચ્છ મૂર્તિપૂજક સંઘ શિહોર
શિહોરનિવાસી પૂ. માતુશ્રી ગજરાબેનનાં શ્રેયાર્થે શ્રી જયસુખલાલ નાગરદાસ થાનાણી
શિહોરનિવાસી પૂ. માતુશ્રી ચંદનબેનનાં શ્રેયાર્થે શ્રી બિનોદરાય ચુનીલાલ શાહ પરિવાર.
શ્રી શાં. પા. શ્વે. મૂર્તિ. મહિમા જૈન સંઘ. જીવરાજ પાર્ક અમદાવાદ

✖

પૂ. સાધ્વીજીમ. શ્રી પદ્મલતાશ્રીજીની પ્રેરણાથી

| | |
|---|---|
| જાસુદબેન ચીમનલાલ શાહ | અમદાવાદ |
| શેઠ છોટાલાલ મણીલાલ પરિવાર | મુંબઈ |
| ડૉ. રમીલાબેન રમેશભાઈ જૈન | વીરમગામ |

✖ ✖ ✖

## અલગઅલગ ભાવિકો તરફથી

શાહ ભીમરાજ ચંદનમલ, ગૌતમકુમાર ધારીવાલ ગઢસીવાનાવાલા
C/o ધારીવાલ હેન્ડલુમ હાઉસ.
સી. ૩૮ બોમ્બે માર્કેટ, ઉમરવાડા-સુરત

| | |
|---|---|
| નલીન કે. શાહ | ગોરેગાંમ મુંબઈ |
| શાહ કીર્તિલાલ પોપટલાલ | મુંબઈ |
| શાહ જીતેન્દ્ર ચંદુલાલ | મુંબઈ |
| શાહ સોમચંદ ડુંગરશી | માલણવાલા |

# આત્મ ચિંતન....

आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्यः आत्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥

(યોગશાસ્ત્ર પ્રકાશ-૪)

મોહનો ત્યાગ કરીને જે આત્મા, આત્માને આત્માવડે આત્મામાં જાણે છે, તે જ તેનું જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે, એ જ પરમસ્વરૂપને પામવાનો ઉપાય છે.



ચિંતક :-

આત્માની નિગોદથી મુક્તિ સુધીની પરમ વિકાસ યાત્રા માટે

પાયા સમાન.....આ પ્રકરણના પ્રકાશને પાથરનારા...

પરમારાધ્યપાદ, અધ્યાત્મયોગી, પંન્યાસપ્રવરશ્રી

ભદ્રંકરવિજયજી ગણિવર્ય.... !!!

# આત્મ ચિંતન

દેહ દૃષ્ટિથી જોતાં હું દાસ છું....

જીવદૃષ્ટિથી જોતાં હું આત્મા છું....

આત્મદૃષ્ટિથી જોતાં હું પરમાત્મા છું....

એવા આત્માનો આત્મવિકાસ કેવી રીતે કરવો વિગેરે આત્મલક્ષી સર્વનય–નિક્ષેપોથી થયેલી અનુપ્રેક્ષાનાં પ્રવેશ દ્વારનાં આ રહ્યા પગથીયા....


૧ આત્મસ્વરુપ
૨ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ
૩ આજ્ઞાપાલનથી મોક્ષ
૪ આત્મભાવનું મુલ્યાંકન
૫ આત્મભાવ–પરભાવ
૬ આત્મ રસિકતા
૭ શુદ્ધ આત્મદ્રવ્યની મધુરતા
૮ આત્મા સર્વનો છે.
૯ દૃષ્ટિસ્વરુપ
૧૦ વિદેહી આત્મા
૧૧ આત્મબુદ્ધિ
૧૨ આત્મસ્વરુપમાં સ્થિરતા
૧૩ સ્વાધ્યાય–સ્વનું ચિંતન
૧૪ આત્માનું અમરગાન
૧૫ આત્માની એકતા
૧૬ જીવનું સ્વરુપ સચ્ચિદાનંદ
૧૭ અધ્યાત્મ દર્શન
૧૮ આત્મ દર્શન
૧૯ આત્મભાન
૨૦ આત્મજ્ઞાન
૨૧ નિશ્ચયથી આત્મધ્યાન.
૨૨ આત્મસાક્ષાત્કાર
૨૩ ચૈતન્ય દર્શન
૨૪ અવિદ્યાનો વિલય
૨૫ વિચાર અને વિવેક
૨૬ આંતરદૃષ્ટિ
૨૭ આત્માનુભવનો ઉપાય
૨૮ સંબંધનું જ્ઞાન
૨૯ આત્મમય ચિત્તવૃત્તિ
૩૦ અશાંતિનું મૂળ
૩૧ આત્માધાર જીવન
૩૨ આત્મજ્ઞાનનાં સાધન
૩૩ આત્મપ્રેમ તેનાં ઉપાય.
૩૪ નિર્વિકલ્પતા અને નિઃસંગતા
૩૫ બ્રહ્મભાવનો પ્રભાવ.
૩૬ ઇચ્છાનિરોધ.
૩૭ તત્ત્વ દર્શન
૩૮ તત્ત્વ વિચાર.
૩૯ તત્ત્વનું તત્ત્વ
૪૦ તત્ત્વ પ્રસાદ
૪૧ તત્ત્વ બોધ.
૪૨ ભેદાભેદાત્મક તત્ત્વજ્ઞાન

# આત્મ સ્વરુપ

આત્મા એટલે શું ? દ્રવ્યથી તે કેવો છે ? ક્ષેત્રથી તે કેવો હોય ? કાળથી કેટલો છે ? ભાવથી તેનામાં જ્ઞાન કેટલું છે ? બળ, વીર્ય અને પરાક્રમ કેટલું છે ? તે સ્થિર છે, કે અસ્થિર ? ધ્રુવ છે, કે અધ્રુવ ? સંખ્યાથી, લક્ષણથી, પ્રયોજનથી તેનું સ્વરુપ કેવું છે ? એ વગેરે વિષયોનો વિચાર સામાયિકના અર્થી માટે આવશ્યક બની જાય છે.

આત્માને સમજવા માટે પહેલાં શરીરને સમજવું પડશે. કારણ કે મોટા ભાગના જીવોને પોતાના શરીરમાં જ આત્મપણાની બુદ્ધિ હોય છે. જ્યાં સુધી શરીરમાં, તેના નામમાં, તેના સંબંધીઓમાં આત્માપણાની બુદ્ધિ છે, ત્યાં સુધી જીવ સામાયિક ધર્મનો અધિકારી બની શકતો નથી.

શરીર આદિ અને અંતવાળું છે. આત્મા અનાદિ, અનંત છે. શરીર મૂર્ત છે, આત્મા અમૂર્ત છે. શરીર ઇન્દ્રિયગ્રાહ્ય છે, આત્મા અતીન્દ્રિય છે. શરીર પર છે, આત્મા સ્વ છે. શરીરમાં 'મમ' બુદ્ધિ થાય છે, આત્મામાં 'અહં'બુદ્ધિ થાય છે. શરીર અનેક છે, આત્મા એક છે. શરીર ભોગ્ય છે, આત્મા ભોક્તા છે. શરીર દૃશ્ય છે, આત્મા દૃષ્ટા છે. શરીર વિનાશી છે, આત્મા અવિનાશી છે. શરીર રોગ જરા અને મરણ સ્વભાવવાળું છે, આત્મા અરોગી, અજર, અમર છે. શરીર કર્મજનિત છે, આત્મા અજન્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે.

આ શરીર અને આત્મા બંનેના સ્વભાવ, બંનેનું સ્વરુપ એક નથી પણ ભિન્ન છે, એવું જ્ઞાન થવું એ સામાયિક ધર્મની યોગ્યતા પામવાનું પહેલું પગથિયું છે.

આત્મા એ દેહ નહિ, પણ દેહી છે. શરીર નહિ પણ શરીરી છે.

શરીર એ આત્માને રહેવાનું ઘર છે; આત્મા એ ઘરમાં વસનારો ઘરનો સ્વામી છે, ઇન્દ્રિયો એ શરીરરૂપી ઘરનાં બારીબારણાં છે.

## આત્મશક્તિ

મન અને બુદ્ધિ એ ઇન્દ્રિયોથી પણ સૂક્ષ્મ છે. મનને દૂરદર્શક યંત્ર ( Telesscope ) કહી શકાય, તો બુદ્ધિને સૂક્ષ્મદર્શક યંત્ર ( Microscope ) કહી શકાય. પરંતુ આત્મા તે બંનેથી પર અને જુદો છે. તે દૂરથી પણ દૂર અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મને જાણવાની શક્તિવાળો છે.

શરીરમાં કે ઇન્દ્રિયોમાં, મનમાં કે બુદ્ધિમાં, જે કાંઈ જોવાની કે જાણવાની, ચાલવાની કે વ્યવસ્થિત કાર્ય કરવાની શક્તિ છે, તે તેઓની પોતાની નહિ, પણ આત્માની છે.

આ દુનિયામાં કોહીનુર હીરો અતિ મૂલ્યવાન ગણાય છે. તેને 'તેજનો પર્વત' કહે છે, કેટલાક તેને કૌસ્તુભ મણી કહે છે. જેની પાસે તે હીરો હોય તે શહેનશાહ ગણાય. એ હીરાની કિંમત ગમે તેટલી હોય, પણ તેને જોવા માટે જેને આંખ ન હોય, તેને મન તેની કિંમત કેટલી ?

કેવળ કોહીનુર જ નહિ, કિન્તુ તેવા અસંખ્ય હીરાઓ જેનાવડે દેખી શકાય છે, તે ચક્ષુની કિંમત કરોડોની નહિં પણ અબજોની આંકીએ તો પણ ઓછી જ ગણાય.

પાસે એ હીરો પણ હોય, ચક્ષુ પણ હોય અને મન ન હોય તો ? મન પણ હોય કિન્તુ બુદ્ધિ ન હોય તો ?

તો હીરાની કિંમત કશી જ નથી. માટે ખરૂં રત્ન એ હીરો નહિ પણ ચક્ષુ છે. બાહ્ય રત્નને દેખનાર ચક્ષુ એ ખરૂં રત્ન છે. અથવા દેખેલા બાહ્ય રત્નની પરીક્ષા કરીને તેની કિંમત આંકનાર મન અને બુદ્ધિ એ ખરાં રત્ન છે. અને એ મન અને બુદ્ધિ પણ જેની સહાયથી કામ કરી શકે છે, તે આત્મારૂપી રત્નની કિંમત તો આંકી શકાય તેમ છે જ નહિ, તેમ છતાં તેની દરકાર કરનારા, સારસંભાળ રાખનારા વિરલ હોય છે.

જો આંતર્દષ્ટિ કરીએ તો જ તેની કિંમત સમજાય તેમ છે. દેહ-ઇન્દ્રિયોથી ભિન્ન એવું આત્મ-રત્ન-એ જ સાચું રત્ન છે. અને એની કિંમત એ જ સાચી કિંમત છે. દુનિયામાં બીજા દ્રવ્યો નામ માત્રથી દ્રવ્ય છે, સાચું દ્રવ્ય એ આત્મદ્રવ્ય છે.

એ આત્માની ઉંચાઈ કેટલી ? એ આત્માનું માપ કેવડું ? એ આત્માનું જીવન કેટલું ? અને એ આત્માનું બળ કેટલું ?

ઊંચામાં ઊંચો મેરુપર્વત, તેનાથી પણ આત્મા ઊંચો છે.

ઊંડામાં ઊંડો સ્વયંભૂરમણ સમુદ્ર, તેનાથી પણ તે ઊંડો છે.

પહોળામાં પહોળું લોકાકાશ, તેનાથી પણ તે પહોળો છે.

લાંબામાં લાંબો ભૂતકાળ, તેનાથી પણ તે લાંબો છે. ભવિષ્યકાળ જેટલો લાંબો છે. તેનાથી પણ લાંબુ આત્માનું જીવન છે.

પર્વતની ઉંચાઇ, પૃથ્વીની પહોળાઇ અને કાળની લંબાઇ પણ જેની આગળ તુચ્છ છે, તે આત્માની ઉંચાઈ, પહોળાઈ, ઉંડાઈ કે લંબાઈનું માપ નીકળી શકતું નથી, કારણ કે, તે અસીમ અને અમાપ છે.

પશુઓમાં, બળવાનમાં બળવાન હાથી અને સિંહ, મનુષ્યોમાં બળવાનમાં બળવાન ચક્રવર્તી અને વાસુદેવ, દેવોમાં બળવાન ઇન્દ્ર અને અહમિંદ્ર, તે બધાથી પણ અધિક બળવાન આત્મા છે.

હાથી, સિંહ, ચક્રવર્તી, વાસુદેવ, ઇન્દ્ર કે અહમિંદ્રમાં જે બળ છે, તે બળ બીજા કોઇનું નહિ પણ તે શરીરમાં રહેલ આત્મદ્રવ્યનું છે.

આત્મદ્રવ્ય એટલું બળવાન છે કે તે ધારે તો ક્ષણમા અલોકને લોક અને લોકને અલોકમાં ફેરવી શકે છે. પરંતુ તેવું સામર્થ્ય તેનામાં ત્યારે જ પ્રગટે છે કે જ્યારે તેનામાં એવી કુતુહલવૃત્તિ રહેતી નથી, જ્યારે તેનામાંથી સર્વ દોષોનો વિલય થાય છે.

બહારની વસ્તુઓ બાહ્ય ઇન્દ્રિયોથી જાણી શકાય છે, અંદરની વસ્તુઓ અંતઃકરણથી જાણી શકાય છે.

બહિરિન્દ્રયથી જોતાં પાણી કરતાં પત્થર કઠણ જણાય છે, તે જ વસ્તુને વિચારરૂપ આંતર-ઇન્દ્રિયથી જોતાં તેથી વિપરીત જણાય છે.

પર્વતના કઠણમાં કઠણ પત્થરો પણ પર્વતની નદીના પાણીના વેગથી તૂટીને ટૂકડા, ટૂકડામાંથી કાંકરા અને કાંકરામાંથી રેતીના રૂપમાં પલટાઇ જાય છે. આમ પથ્થરના ટૂકડા, ટૂકડાના કાંકરા અને કાંકરાની રેતી બનાવનાર બીજું કોઈ નહિ પણ પોચું દેખાતુ વરસાદ કે નદીનું પાણી છે.

બાહ્ય સ્પર્શનેન્દ્રિયથી ઓળખાતો કઠણ પત્થર પણ પાણી કરતાં વધારે નરમ છે અને બાહ્ય સ્પર્શનેન્દ્રિયથી ઓળખાતુ નરમ પાણી પણ કઠણ પત્થર કરતાં વધારે કઠણ છે, વધારે મજબુત છે, વધારે બળવાન છે.

લોખંડનો એક કટકો પાણીથી ભરેલા એક પ્યાલામાં મૂકી રાખવામાં આવે તો થોડા દિવસ પછી તે કટકો પાણીથી કટાઇ જાય છે, તેની ઝીણી ઝીણી લાલ રેતી થઇ જાય છે અને તે રેતી બારીક થઇને હવામાં ઉડી જાય છે. આ હિસાબે લોખંડ કરતાં પણ પાણી વધારે બળવાન સાબિત થાય છે.

એ જ રીતે બાહ્યદૃષ્ટિથી કે સ્થૂલદૃષ્ટિથી જોતાં વિચારતાં કર્મ કઠિન તેમજ બળવાન લાગે છે અને આત્મા પોચો તેમજ નિર્બળ જણાય છે, પરંતુ જ્યારે તે જ વાતને અંતર્દષ્ટિથી વિચારવામાં આવે છે, ત્યારે પાણીની જેમ બળવાન આત્મા ધ્યાનરૂપી વૃષ્ટિના બળથી પત્થર અને લોખંડની જેમ કર્મોને તોડી શકે છે, ભેદી શકે છે, ચૂરેચૂરા કરી શકે છે.

## શરીર અને આત્માનો સંબંધ

શરીર અને આત્માનો સંબંધ વ્યંજન અને સ્વરના સંબંધ જેવો છે.

મૂળાક્ષરોમાં अ-आ વગેરે સ્વરો છે અને क-ख વગેરે વ્યંજનો છે. "स्वयं राजन्ते इति स्वराः" પોતાની મેળે જેનો સદા ઉચ્ચાર થઈ શકે તે સ્વરો છે. વ્યંજન એટલે જેને સ્વરની સહાય મળે તો જ પૂર્ણ ઉચ્ચાર થઇ શકે અન્યથા પૂર્ણ પણે બોલી પણ

ન શકાય, લખવામાં પણ જે થોડા લખાય. જેમ સ્વરના ઉચ્ચાર શાશ્વત છે, તેમ શરીરરૂપી વ્યંજનમાં રહેલો આત્મા અવિનાશી, નિત્ય અને શાશ્વત છે.

વ્યંજનની માફક શરીર અનિત્ય, વિનાશી, પરાધીન અને અશાશ્વત છે.

મોટામાં મોટી કર્મની સ્થિતિ મોહનીયકર્મની છે અને તે ૭૦ કોડાકોડી સાગરોપમ જેટલી લાંબી છે. બીજી બાજુ મનુષ્યના આયુષ્યની વર્તમાન સ્થિતિ ૧૦૦–૧૨૫ વર્ષની છે.

બાહ્યદૃષ્ટિએ વિચારતાં આટલી દીર્ઘ કર્મસ્થિતિ ૧૦૦-૧૨૫ વર્ષ જેટલા અલ્પ આયુષ્યમાં કેમ હઠાવી શકાય? અંતર્દૃષ્ટિથી વિચારતાં આત્માની સ્થિતિ અનંત કોડાકોડી સાગરોપમથી પણ અધિક છે. તેની આગળ ૭૦ કોડાકોડી શા હિસાબમાં? ૭૦ કોડાકોડીનો અંત છે, આત્મા અનંત છે. મોહનીય કર્મ ઉપરાંત સર્વ કર્મનો અંત આવી શકે છે, કિન્તુ આત્માનો અંત કોઇ કાળે પણ આવતો નથી.

જેમ બહાર રહેલી વસ્તુનું દર્શન, સૂર્યના પ્રકાશમાં પણ ચર્મચક્ષુ (આંખ) ખોલ્યા સિવાય થઈ શકતું નથી, તેમ અંતરમાં રહેલી મહાન વસ્તુનું દર્શન પણ આંતરચક્ષુ, વિવેકચક્ષુ, વિચારચક્ષુ ઉઘડ્યા સિવાય થઇ શકે નહિ.

બાહ્યવસ્તુ જગત છે. આંતરવસ્તુ આત્મા છે. આત્મા ચૈતન્યરૂપે છે. જેમ દીવાને જોવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી, પણ એ જ દીવાના પ્રકાશથી દીવો દેખાય છે. તેમ આત્માને જોવા માટે બીજા જ્ઞાનપ્રકાશની જરૂર નથી, પરંતુ અંતરમાં રહેલો જ્ઞાનપ્રકાશ કે જેમાંથી એ પ્રકાશ વહી રહ્યો છે, તે આત્માને પણ જોઈ શકે છે.

આ રીતે આત્મા અવિનાશી, મહાનમાં મહાન, બળવાનમાં બળવાન, સર્વજ્ઞાનમાં શિરોમણી અને નિરવધિ સુખથી પરિપૂર્ણ છે.

આત્માના સંપૂર્ણ વિકાસ માટે જૈન ધર્મે બે સાધનો મુખ્ય માન્યાં છે. જ્ઞાન અને ક્રિયા (ज्ञानक्रियाभ्यां मोक्षः). આત્માના વિકાસ માટે એકલું જ્ઞાન કે એકલી ક્રિયા બસ નથી. જ્ઞાન વિનાની ક્રિયા કે ક્રિયા વિનાનું જ્ઞાન, મનુષ્યને આત્મવિકાસની ટોચે પહોંચાડી શકે નહિ. ઉભયનો સંયોગ થાય ત્યારે જ પૂર્ણ વિકાસ થઇ શકે છે.

卐

**ક્ષમા-યાચનામાં વીરતાની જરૂર છે.**

ક્ષમા આપવા કરતાં ક્ષમા માંગવામાં વધુ આંતરિક બળની જરૂર છે. "क्षमा वीरस्य भूषणम्" આંતરિક શત્રુઓને જીતવાનું બળ ક્ષમા આપનાર કરતાં ક્ષમા માંગનારમાં અધિક જોઈએ.

# જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ

## આત્માની બે અવસ્થા

આત્માની શુદ્ધ અવસ્થા એ મોક્ષ છે અને અશુદ્ધ અવસ્થા એ સંસાર છે.

અશુદ્ધ અવસ્થા કે શુદ્ધ અવસ્થા, એ કોઈ વસ્તુની હોય છે.

જીવ એ વસ્તુ છે.

તેની બે અવસ્થા છે.

એક શુદ્ધ અવસ્થા અને બીજી અશુદ્ધ.

અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ, શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે, એનો ઉપાય બતાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ, એ સૂત્રની રચના કરી છે.

જીવનો મોક્ષ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી નથી, પરંતુ એ બેના સંયોગથી જ છે, એ વાતને આ સૂત્ર સ્પષ્ટપણે દર્શાવે છે.

બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ક્રિયા નિરપેક્ષ જ્ઞાન, એ જ્ઞાન જ નથી અને જ્ઞાનનિરપેક્ષ ક્રિયા એ ક્રિયા જ નથી.

સાચું જ્ઞાન ક્રિયા સહિત જ હોય છે.

સાચી ક્રિયા, જ્ઞાનપૂર્વક જ થાય છે.

એ રીતે ક્રિયા અને જ્ઞાન, જળ અને રસની જેમ પરસ્પર મળેલાં જ હોય છે.

જળ અને તેનો રસ એ જેમ છૂટાં પાડી શકાતાં નથી, તેમ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ક્રિયા પણ એકબીજાથી જુદાં પાડી શકાતાં નથી.

સંપત્તિહીન દરિદ્ર માણસ જો ચિંતામણિ રત્નના સ્વરૂપને જાણનારો હોય, તો તેની પ્રાપ્તિના ઉપાયને છોડીને બીજી પ્રવૃત્તિ કરી શકે જ નહિ અને જો કરે તો તે ચિંતામણિ રત્નના સ્વરુપને જાણનારો છે—એમ કહેવાય જ નહિ.

તેમ અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ, અશુદ્ધ અવસ્થાના દુઃખને અને શુદ્ધ અવસ્થાના સુખને ખરેખર જાણતો હોય, તો અશુદ્ધ અવસ્થા ટાળીને શુદ્ધ અવસ્થા મેળવવાના ઉપાયમાં પ્રવૃત્તિ કર્યા સિવાય રહી શકે જ નહિ.

એ ઉપાયનું નામ જ ક્રિયા છે.

તથા શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાનાં સ્વરુપનું સાચું ભાન તેનું નામ જ જ્ઞાન છે.

જેમ મોક્ષની બાબતમાં તેમ સંસારના પ્રત્યેક કાર્યની સિદ્ધિમાં પણ જ્ઞાન અને ક્રિયા પરસ્પર મળેલાં જ હોય છે.

## આંધળા અને પાંગળાનું દૃષ્ટાન્ત

શાસ્ત્રમાં એ માટે આંધળા તથા પાંગળાનું એક દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

એક ગામમાં આગ લાગવાથી, ગામના બીજા બધા માણસો તો પોતાનો જીવ બચાવવા માટે ભાગી છૂટ્યા, પણ એક આંધળો હતો તે આંખે નહિ દેખી શકવાથી અને એક પાંગળો હતો તે દેખવા છતાં પગ પણ નહિ હોવાથી આગનું સ્થાન છોડી શક્યો નહિ અને આગમાં ભસ્મીભૂત થઈ ગયા.

જો તેઓ પરસ્પર મળી શક્યા હોત અને આંધળાએ પાંગળાની અને પાંગળાએ આંધળાની મદદ લીધી હોત તો બંને બચી શક્યા હોત.

આ દૃષ્ટાંતનો સાર એ છે કે ક્રિયા વગરનું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વગરની ક્રિયા આંધળી છે.

એ બેનો પરસ્પર સંયોગ ન થાય તો બંનેનો નાશ થાય.

અર્થાત્ એકલા ક્રિયાવાન કે એકલા જ્ઞાનવાનનો, આ સંસારરૂપી આગમાં નાશ થયા વિના રહે નહિ.

વસ્તુસ્થિતિ આમ હોવા છતાં એકલા જ્ઞાનનો કે એકલી ક્રિયાનો પક્ષપાત જીવને શાથી થાય છે, તેનાં પણ કારણો છે.

અને તે એ છે કે, શાસ્ત્રોમાં જ્ઞાનનો મહિમા ગાતી વખતે ક્રિયાની તુચ્છતા બતાવી હોય છે અને ક્રિયાનો મહિમા ગાતી વખતે જ્ઞાનની નિ:સારતા વર્ણવી હોય છે.

## જીવના બે દોષો

અશુદ્ધ જીવને અનાદિની અશુદ્ધતાના કારણે બે દોષો ઘર કરી ગયા હોય છે.

એક તો શુભ ક્રિયામાં આળસ અને અશુભ ક્રિયામાં તત્પરતા.

બીજો દોષ તે આત્મસ્વરૂપનું અજ્ઞાન અને પરસ્વરૂપમાં આત્મસ્વરૂપનો ભ્રમ.

આ બે દોષ, જીવમાં એવા મૂળ જમાવીને બેઠા હોય છે કે તે જ્યારે જ્ઞાનનો મહિમા સાંભળે છે, ત્યારે ક્રિયામાં આળસુ બની જાય છે અને જ્યારે ક્રિયાનો મહિમા સાંભળે છે, ત્યારે જ્ઞાન પ્રત્યે ઉપેક્ષા ભાવવાળો બની જાય છે.

જીવની આવી અશુદ્ધ દશામાં, જ્યારે તેને જેવા ઉપદેશકનો સંયોગ મળે છે, ત્યારે તે તેવા દોષવાળો બની જાય છે. એવી દશામાં તેની શુદ્ધિ થવી તો દૂર રહી જાય છે, કિન્તુ અનાદિકાળથી લાગેલા એક યા બીજા દોષની અધિક ને અધિક પુષ્ટિ થવાથી તે વધારે ને વધારે અશુદ્ધ થતો જાય છે.

જ્યારે તેને શુદ્ધ ઉપદેશક ગુરુ મળે અને બેમાંથી એક પણ હોય પુષ્ટ ન થઈ જાય તેવી સાવધાનીપૂર્વક ઉપદેશ આપે ત્યારે તે જો સચેતન હોય તો જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરનારો થાય. અશુદ્ધિનો નાશ કરી, શુદ્ધિને પામી શકે.

અહીં જ્ઞાનથી આત્મસ્વરૂપનું જ્ઞાન લેવાનું છે અને ક્રિયાથી હિંસાદિ અશુભ ક્રિયાઓનું નિવારણ કરનારી ક્રિયાઓ સમજવાની છે.

મોક્ષમાર્ગમાં આત્મજ્ઞાનશૂન્ય જ્ઞાન, સમગ્ર જગતનું થાય, તો પણ કાંઇ જ કિંમત નથી.

અને સાક્ષાત્ કે પરંપરાએ અહિંસાદિ ભાવોને ઉત્તેજન આપનારી ક્રિયાઓ સિવાયની ક્રિયાઓ ( ધર્મ, પરલોક કે પરોપકારાદિ કોઇ પણ નામે ) ચાહે તેટલી સંખ્યામાં થાય, તો પણ તેનું કશું જ મૂલ્ય નથી.

દેશ, સમાજ કે ધર્મની ઉન્નતિના નામે આત્મજ્ઞાનશૂન્ય જ્ઞાન કે કેળવણીનો વિકાસ એ જેમ મોક્ષમાર્ગ નથી, તેમ જ્ઞાન વૈરાગ્ય કે અધ્યાત્મ આદિના નામે અહિંસાદિ શુભભાવોને ઉત્તેજન આપનારી ક્રિયાઓનો નિષેધ એ પણ મોક્ષમાર્ગ નથી.

આત્માર્થી જીવોએ તે બંનેનું યથાર્થ સ્વરૂપ સમજીને, તે બંનેમાંથી એકની પણ ઉપેક્ષા કર્યા વિના યથાશક્ય આરાધક જીવન ગાળવા નિરંતર પ્રયાસ કરવો જોઈએ.

卐

# આજ્ઞાપાલનથી મોક્ષ

જ્ઞાનની પ્રાપ્તિ, ધ્યાન અને ભક્તિની અપેક્ષા રાખે છે.

આજ્ઞાપાલન વિના મોક્ષ નથી એમ શ્રદ્ધા કહે છે.

આજ્ઞાકારકના ધ્યાન વિના આજ્ઞાપાલન નથી એમ ભક્તિ કહે છે.

આજ્ઞાપાલકનો અનુરાગ અને આજ્ઞાકારકનો અનુગ્રહ—એ બે મળીને મોક્ષમાર્ગ બને છે.

આત્માનું શુદ્ધસ્વરુપ તે મોક્ષ છે. તેની પ્રાપ્તિ ભક્તિ અને શ્રદ્ધા ઉભયની સમકાળે અપેક્ષા રાખે છે.

શ્રદ્ધા સાધનનિષ્ઠ છે અને ભક્તિ સાધ્યનિષ્ઠ છે.

ભક્તિમાં આરાધ્યની મુખ્યતા છે. સાધ્યની શ્રેષ્ઠતાનું જ્ઞાન ભક્તિવર્ધક છે. સાધનની શ્રેષ્ઠતાનું જ્ઞાન શ્રદ્ધાવર્ધક છે.

શ્રદ્ધા સાધનમાં જોઈએ. ભક્તિ સાધ્યમાં જોઈએ. સાધ્ય પ્રત્યેની ભક્તિ જ સાધનમાં શ્રદ્ધા પેદા કરે છે. સાધન પ્રત્યેની શ્રદ્ધા જ સાધ્યની સિદ્ધિ કરી આપે છે.

મનુષ્યનો યત્ન, શ્રદ્ધા અને ટેક એ એક જ વસ્તુ છે.

ઈશ્વર કૃપા, ભક્તિ અને નેક—એ પણ એક જ વસ્તુ છે. પ્રયત્ન ફળદાયી છે—એવી ખાત્રી—એ ટેક છે, શ્રદ્ધા છે. કૃપા ફળદાયી છે—એવી ખાત્રી એ નેક છે, ભક્તિ છે. કૃપા, એ ભગવાનના સામર્થ્યનો સૂચક શબ્દ છે; યત્ન, એ ભક્તની એકનિષ્ઠા સૂચક શબ્દ છે. ભક્તિના પ્રમાણમાં જ શ્રદ્ધા સ્ફુરે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે.

ક્રિયાનું મૂળ શ્રદ્ધા, શ્રદ્ધાનું મૂળ ભક્તિ, ભક્તિનું મૂળ ભગવાનના અચિન્ત્ય સામર્થ્યનું જ્ઞાન અને એનું મૂળ આત્મદ્રવ્ય છે. આત્મદ્રવ્યની કિંમત છે, માટે તેને ઓળખાવનાર પરમાત્મતત્ત્વ પ્રત્યે ભક્તિ જાગે છે. એ ભક્તિ ક્રિયા તરફ આદર જગાડે છે અને એ આદર પ્રયત્નમાં પરિણમે છે.

પ્રભુના અનુગ્રહથી જ આત્મજ્ઞાન, સત્ક્રિયા અને સત્શ્રદ્ધા વગેરે ઉત્પન્ન થાય છે, એવો નિર્ણય સમ્યગ્દૃષ્ટિ જીવને દૃઢ હોય છે.

## આત્મામાં અવસ્થાન

આત્મામાં સ્થિર થવાથી જીવ એવા સ્થળમાં સ્થિત થાય છે, કે જે સ્થળે સૂર્ય-ચંદ્ર કે અગ્નિના પ્રકાશની આવશ્યકતા જ રહેતી નથી.

આત્મામાં અવસ્થાન એ મુક્તિનું શિખર છે. એ શિખરે સ્થિત મનુષ્યના આત્માના વૈભવ આગળ ત્રણલોકનો વૈભવ તુચ્છ છે, આ સ્થળને કરોડોમાંથી કોઈક જ શોધે છે અને પ્રયત્ન કરનાર કરોડોમાંથી કોઈક જ તેને પ્રાપ્ત કરી શકે છે. તે ગુપ્ત અને કઠણ છે માટે નહિ, પણ તેને માટે પ્રયત્ન કરનાર અને એમાં વિશ્વાસ ધરાવનાર વિરલ છે, માટે કોઈકને જ એ પ્રાપ્ત થાય છે. સર્વ સામર્થ્ય આપનાર તે સ્થળ છે. બૃહસ્પતિ જેવા ઉપદેશકોથી પણ કેટલીક વખત તે અગમ્ય હોય છે.

તે રત્નની પેટી છે, કંચન-રત્નનો એ કરંડિયો છે.

તે પોતાના અમૂલ્ય રત્નો આજે જ તમને આપવા તૈયાર છે. તમારા ઉઘાડવાની જ તે રાહ જુવે છે.

જે થવા ઈચ્છતા હો, જે પામવા ઈચ્છતા હો, જે કરવા ઈચ્છતા હો, તે સર્વ કરવાનું સામર્થ્ય પૂર્ણપણે તમારી સમીપે છે. તમારા પોતાના સ્વરૂપમાં, તમારા પોતાના આત્મામાં તમે પોતે છો. તમારી અશ્રદ્ધાને, તમારા અવિશ્વાસને, તમારા સંશયવિપર્યાસને તમારે જ જીતવાના છે.

સંશય એ બુદ્ધિનો સ્વચ્છંદ છે. અસંયમ એ ઈન્દ્રિયો અને મનનો સ્વચ્છંદ છે.

બ્રહ્મત્વનો અનુભવ કરવાની તમન્નાવાળા સાધકે, સર્વ અવસ્થામાં પોતાના જીવ-ભાવનું સ્મરણ ન કરતાં, પોતાના બ્રહ્મભાવનું સ્મરણ કરવું જોઈએ.

આ બ્રહ્મભાવનું સ્મરણ વૃત્તિમાં સદૈવ જાગૃત રહે, તે માટે ઈશ્વર તત્ત્વની ભાવના કરાવનાર મંત્રપદને પોતાના હૃદયમાં સ્થાપવું જોઇએ. તે મંત્રપદ છે 'નમો અરિહંતાણં.'

卐

# આત્મભાવનું મૂલ્યાંકન

જીવનના અનુભવોને સમજવા માટે આપણે તેનાં કારણો તપાસીએ છીએ.

આપણે કપડાં શા માટે પહેરીએ છીએ ? કારણ કે ટાઢ-તડકા આદિથી આપણા શરીરનું રક્ષણ કરવા ઈચ્છીએ છીએ. આપણે મિત્રો કેમ બનાવીએ છીએ ? કારણ કે આપણા સુખ-દુઃખમાં ભાગ લે, એવી વ્યક્તિઓની આપણને જરૂર છે.

આ રીતે જીવનના અનેકવિધ વ્યાપારો હોય છે, અને તેને સમજવા માટે આપણે કારણો ખોળીએ છીએ. કારણ સમજાયા પછી આપણે તે વ્યાપારોની કિંમત આંકીએ છીએ.

કયો ખોરાક સારો ? કઈ ચીજ મૂલ્યવાન ? કયું વર્તન જરૂરી ? કયો ધંધો કરવો સારો ? વગેરે બાબતોમાં નિર્ણય કરવા માટે આપણે કારણોની કસોટી વાપરીએ છીએ. જેની પાછળ વધારે મૂલ્યવાન કારણ હોય અને જેનો ઉપયોગ વધારે ફળદાયી હોય, તેને આપણે અધિક પસંદગી આપીએ છીએ. આ રીતે કારણ અને કાર્ય, એ બે ના આધારે આપણે જીવનને સમજીએ છીએ અને તેનું મૂલ્ય મૂલવીએ છીએ.

પણ જીવનના બધા અનુભવો આ કોટિના હોતા નથી. કેટલાક અનુભવોને કારણોની કે ઉપયોગોની ચાલણીમાં ચાળી શકાતા નથી, તેની કિંમત આંકવા માટે નફા-નુકશાનનાં કે ઉપયોગિતા-અનુપયોગિતાવાદના તોલ કામ આવતા નથી. તે અનુભવો સ્વયંભૂ હોય છે.

દા૦ ત૦ દયા અને પ્રેમ, અહિંસા અને ધર્મ. આપણે દયા કરીએ છીએ, પ્રેમ ભાવના બતાવીએ છીએ, તેનાથી કોઈ ખાસ ભૌતિક કે પૌદ્ગલિક લાભ થતો નથી. એમ કરવાનું કોઇ દશ્ય કારણ પણ સમજાતું નથી. કેટલીક ભાવનાઓ કઠોરતા પણ માગી લે છે, કેટલાકની કિંમત સમગ્ર જીવન કરતાં પણ વધારે લાગે છે. વ્યક્તિના જીવનમાં એવું ઘણું ય મળી આવે છે કે,જેને સામાન્ય તર્કની કસોટીએ કસી શકાતું નથી. મતલબ કે જીવનના બધા જ અનુભવો માટે કારણો જડવાં કે તેનો વ્યવહારિક ઉપયોગ હોવો શક્ય નથી.

જે અનુભવનાં મૂળ આ રીતે ભૌતિક કે બૌદ્ધિક પણ નથી, તેનું અસ્તિત્વ જ નથી, એમ કહેવું એ પણ સાચું નથી. આત્મા સ્વયં તેની ભૂમિ છે, અને ત્યાંથી જ આ બધા અતિમાનુષી (દૈવી) અને અતીન્દ્રિય ભાવો સ્ફુરણા પામે છે. આ અનુભવો માટે વ્યવહારનાં તોલ–માપ સાવનકામાં થઇ પડે છે. જીવનના ઉંડાણમાં, આત્માના અંતરમાં જોતાં આવડે, તો જ તેનાં મૂલ્ય સમજાય છે.

કમઠ અને ધરણેન્દ્ર ઉભય પ્રત્યેના ભગવાન શ્રી પાર્શ્વનાથજીના તુલ્યભાવનું તેમજ સંગમ પ્રત્યેની દેવાધિદેવ શ્રી વીરસ્વામિની અપાર કરૂણાનું મૂલ્ય આત્મભાવને સમજ્યા વિના નહિ સમજાય.

જે અનુભવોને આત્મભાવોનું આલંબન છે, એવી વિશ્વમૈત્રી, કરુણા, અહિંસા કે નિઃસ્વાર્થ પ્રેમની પાસે વ્યવહારિક બધા અનુભવો ચંદ્ર પાસે તારલાઓની જેમ ફીકા લાગે છે, તેથી એમ સાબિત થાય છે કે, મન બુદ્ધિ, પ્રાણ કે શરીર કરતાં આત્મ તત્ત્વ ચઢિયાતું છે.

આત્મભાવ આત્મીયતાનો સૂચક છે. આત્મીયતા આત્મતત્ત્વ સાથે કેળવાય, જડ સાથે નહિ. જડ પ્રત્યેની આત્મીયતા, આત્મભાવને ખીલવતી નથી પણ અવરોધે છે, કારણ કે જડ પદાર્થમાં પ્રતિભાવ વ્યક્ત કરનારી ચેતના હોતી નથી.

એટલે આત્મભાવને પૂરો ભાવ આપવાથી જ ભવનિસ્તાર થતો હોય છે. ભવ-નિસ્તારથી ભવસ્થિત સંસારસ્થ બધા જીવોને ઐકાંતિક અભયનું દાન, અનંતકાળ પર્યંત થતું જ રહે છે. એ રીતે સહુ આત્મભાવનું મૂલ્ય આંકતા થાય તો બેડોપાર થઈ જાય !

卐

# આત્મભાવ–પરભાવ

ભાવ જેટલો વધુ પવિત્ર, વધુ સૂક્ષ્મ તેટલું વિશેષ તેનું પવિત્ર અને દીર્ઘાયુષ્ય, તેટલી અધિક તેની શુભ–અસરકારકતા. પરભાવ આપણને બોલાવતો નથી પણ આપણે જ તેના તરફ ખેંચાઇએ છીએ અને સમર્પિત થઇએ છીએ.

સ્વભાવની વધઘટ પર જીવનના ઉત્થાન અને પતનનો આધાર છે. સ્વભાવ વધે એટલે જગતના સર્વોચ્ચ પદાર્થો પગમાં આળોટે, પરભાવ વધે એટલે પેટ પૂરતું અન્ન પણ ન મળે.

ધર્મચક્રવર્તી શ્રી અરિહંત પરમાત્માના ગુણરૂપ અષ્ટમહાપ્રાતિહાર્ય એ ઉત્કૃષ્ટતમ સ્વભાવનું ઉત્કૃષ્ટ પ્રતીક છે.

આત્મ શક્તિ અમાપ, અચિન્ત્ય અને અનંત છે. કર્મના કાચા માલમાંથી જે શરીરની રચના કરે છે, તે નશ્વર દેહ જ તેનો પુરાવો છે. ગુલાબની એક પાંખડી કે મોરનું એક પીછું કોણ બનાવી શકે ? આત્મશક્તિનો તે પુરાવો છે.

## દાન-શીલ-તપ-ભાવયોગ

ઘર છોડીને બહાર ભટકવું જેટલું દુઃખદાયી છે, તેટલું કષ્ટદાયક આત્મભાવને છોડી પરભાવવાં રખડવું તે છે. સ્વને ભાવ આપવા માટે સ્વનો યોગ કરાવી આપનારા દાન, શીલ, તપ અને ભાવમાં જીવનને જોડવું જોઈએ. આહાર, ભય, નિદ્રા અને મૈથુનનો યોગ પરભાવ અને પરિગ્રહને ઉત્તેજે છે. તેમાંથી મુક્ત થવા માટે દાન, શીલ, તપ અને ભાવનો યોગ આવશ્યક છે.

દાનનો ઉત્કૃષ્ટ અર્થ 'હું'ની ચિંતાને સર્વની ચિંતામાં પરિણમન કરવો તે છે. ઇન્દ્રિયો અને મનને આત્મામાં લીન કરવા તે શીલ છે. દાનથી દેહનો અધિકાર જાય છે, શીલથી આત્માનો અધિકાર આવે છે. તપ આત્માને નિર્મળ બનાવે છે. ભાવ આત્માને બોલતો કરે છે. શરીર, વાણી અને વિચાર તેના આજ્ઞાંકિત બને છે.

નિઃસ્વાર્થના આદરમાં સાચું સ્વત્વ પ્રગટે છે. મન, વચન અને કાયા પર આહાર, નિદ્રા, ભય અને મૈથુનનું ચલણ છે, તેના સ્થાને સર્વજીવ હિતકર શ્રી અરિહંતોની આજ્ઞાનું ચલણ થવું જોઈએ. એનું જ નામ આત્મભાન છે. તેનાથી દરિદ્રતા, અલ્પતા, ક્ષુદ્રતા અને પામરતાનો અંત આવે છે.

જીવો પ્રત્યેના અમૈત્રીભાવનો ત્યાગ કરવો તે માર્ગ છે, માર્ગાનુસારિતા છે, તેનાથી આત્મભાવનું મંગળમય પ્રભાત ઉઘડે છે.

卐

# આત્મ-રસિકતા

આત્મા દેહમાં રહેલો છે. છતાં નિર્વિકલ્પ સમાધિરૂપી તપ વિના મોટા મહાત્માઓ પણ તેને જાણી શકયા નથી, માણી શકતા નથી.

પર્યાયની અપેક્ષાએ આત્મામાં ઉત્પત્તિ અને નાશ તથા મૂળ દ્રવ્યની અપેક્ષાએ અજરત્વ, અમરત્વ અને નિત્યત્વ છે.

આત્મા વ્યવહારથી જ્ઞેયને જાણે છે અને પરમાર્થથી પોતે પોતાના સ્વરુપમાં રહે છે.

પ્રદેશાર્થ નયથી આત્મા દેહવ્યાપી છે, જ્ઞાનાર્થ નયથી તે વિશ્વવ્યાપી છે. પર-જ્ઞેયને તન્મય થઈને જાણતો નથી, પોતાને તન્મયપણે અનુભવે છે. પર પ્રકાશકતા સહજ ઉપચરિત છે. સ્વપ્રકાશકતા નિરૂપચરિત છે. અન્યના કરેલા રાગ-દ્વેષ અને સુખ-દુઃખાદિ તે જાણે છે, છતાં તન્મય થઈ જતો નથી.

સત્ત્વાદિ ગુણોના ઉચ્છેદરૂપ શૂન્યપણું આત્મામાં છે, જ્ઞાતૃત્વ, દૃષ્ટત્વરૂપ ગુણોથી પૂર્ણપણું છે.

શુદ્ધ આત્મબોધની પરિણતિના અભાવમાં જીવકર્મ બાંધે છે. ઈષ્ટાનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષ, હર્ષ-શોકાદિ કરે છે.

## આત્મગુણ

શુદ્ધ આત્મા જ એક પ્રાપ્ત કરવા યોગ્ય છે, એવી રુચિ તે સમ્યગ્દર્શન છે.

પરદ્રવ્ય ગ્રહણ કરવા સંબંધી સર્વ ઈચ્છાઓનો ત્યાગ તે તપ છે. કર્મોને તપાવવાં-નિરસ કરવાં અને આત્માથી અલગ પાડવાં તે તપ છે.

દ્વાદશાંગીરૂપ સર્વ આગમનું જ્ઞાન કરીને પણ તેના સારભૂત પરમાત્મ-ધ્યાનમાં રહેવાની જરૂર છે.

પરમાત્મ-ધ્યાનવડે નિજ શુદ્ધ આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. જાણીને અનુભવવું તેમાંજ જ્ઞાનની સાર્થકતા છે. જેમ પાકશાસ્ત્રને જાણવાથી પેટ ભરાતું નથી પણ ભોજનથી પેટ ભરાય છે.

ત્રણગુપ્તિની જેમાં મુખ્યતા છે, એવી નિર્વિકલ્પ-વીતરાગ સમાધિ એ જ કેવળ-જ્ઞાનનું બીજ છે.

આત્મધ્યાનથી આત્મસ્વરુપ અનુભવાય અને વિશ્વસ્વરુપ પણ તેના ખરા સ્વભાવમાં જાણી શકાય છે.

વીતરાગ ભાવવાળી નિર્વિકલ્પ સમાધિ મોહરુપી વાદળોને વિખેરી નાખે છે. અગ્નિનો એક નાનો કણ ડુંગર જેટલા લાકડાના ઢગલાનો વિનાશ કરે છે. તેમ પરમાત્માના શુદ્ધ સ્વરુપમાં એક નિમેષ જેટલો સમય એકરસ થવાય તો ડુંગર જેટલો પાપનો ઢગલો બળીને ખાખ થઈ જાય છે.

શુદ્ધ આત્મધ્યાનનું આ સામર્થ્ય છે. માટે શુદ્ધ આત્મસ્વરુપમાં વૃત્તિ કરવી અને બીજી સર્વ ઈચ્છાઓનો ત્યાગ કરવો. આવા સર્વસ્વના ત્યાગીને આત્માનો અનુભવ થાય છે.

આત્મા, આત્માને આત્માવડે આત્મા માટે આત્માથી, આત્માને વિષે રહેલો છે, એમ જાણે નહિ. ત્યાં સુધી પરમસ્વરુપની પ્રાપ્તિ થતી નથી.

સમભાવમાં પરિણમેલા મનમંદિરમાં આત્મદેવ સ્થિરતા કરીને રહે છે. શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, નિંદા-પ્રશંસા, જીવન-મરણ, હર્ષ-શોક, રાગ-દ્વેષ ઈત્યાદિ પ્રસંગોમાં અથવા નિમિત્તોમાં જેનું મન રાગ-દ્વેષ વિનાનું રહી શકે, તે સમચિત્તવાળો કહેવાય છે.

જે પવિત્ર આત્મા અથવા સમચિત્તવાળો સાધક પાંચ ઇન્દ્રિયોના વિષયો અને મન સંબંધી વિકલ્પ જાળોનો સર્વથા નિરોધ કરી, વીતરાગ-નિર્વિકલ્પ-સ્વ-સંવેદન

જ્ઞાનમાં એકતાર થઇને રહે છે, તેને વિશેષ પ્રકારે આત્મિક સુખનો અનુભવ થાય છે. આ સુખ પોતાને પોતાથી અનુભવાતું હોવાથી સ્વસંવેદ્ય છે. તેમાં બીજા કોઈની મદદ કે બીજી વસ્તુની અપેક્ષા હોતી નથી. માટે આનંદઘન આત્મામાં મગ્ન થવામાં માનવ-ભવની સાર્થકતા છે.

卐

# શુદ્ધ આત્મદ્રવ્યની મધુરતા

આત્મદ્રવ્યની મધુરતા જેમ જેમ અનુભવાય છે, તેમ તેમ રોજરોજનાં કામ નાટકમાં સોંપવામાં આવેલ પાઠની જેમ કરીને નિત્ય સામાયિકમાં અનંતકાળ સુધી સિદ્ધ ભગવંતોની જેમ રહી શકવાની ઝાંખી થાય છે. નિજસ્વરુપ તે જિનસ્વરુપ છે, એમ સામયિકમાં પ્રણવના ધ્યાન વખતે કિંચિત અનુભૂતિ થાય છે, તેથી ખૂબ ખૂબ પ્રસન્નતા અનુભવાય છે.

પ્રણવના ધ્યાનમાં શબ્દાતીત એક માત્ર જ્ઞાન ચેતના રહે છે.

શુદ્ધાત્મ દ્રવ્યની મધુરતા જે નિશ્ચય સામયિકરુપ છે, તે અહીં અનુભવાય છે. શુદ્ધ જ્ઞાન ચેતનાની અનુભૂતિ બાદ જે સાનુકૂળતાઓ જોઈએ, તે ખેંચાઈ ને આવે છે. શુદ્ધાત્મદ્રવ્યનું ધ્યાન એક બાજુ કર્મની નિર્જરા કરે છે અને બીજી બાજુ ઉત્કૃષ્ટ પુણ્યાનુ-બંધી પુણ્ય ઉપાર્જન કરાવે છે. આત્માનુભૂતિ આગળ શરીર પણ ઉપાધિ તુલ્ય ભાસે છે. સચ્ચિદાનંદ સ્વરુપની ઝાંખી વખતે એવો અનુપમ આનંદ હોય છે, તે સદા કાળ ટકી રહે તેવી તીવ્ર ભાવના પ્રગટે છે.

**ઉપકારકતત્ત્વ !**

શ્રી નવકાર પ્રત્યેની પ્રીતિ–ભક્તિ ટુંક સમયમાં ઠેઠ સ્વરુપ–લાભ સુધી લઇ જઇ શકે છે, એ પંચ પરમેષ્ઠિ ભગવંતોનો કેટલો મહાન ઉપકાર છે !

તે જ રીતે શ્રુતજ્ઞાન પણ તેના કોઈ પણ આરાધકને અનુભૂતિ પર્યંતનું જ્ઞાન આપી શકે છે. માટે શાસ્ત્રો અને તેના રચયિતાઓની અપરિચિત શક્તિઓને ઓછી ન આંકવી જોઈએ. પોતાની બુદ્ધિના ટુંકા ગજ વડે કદી ન માપવી જોઇએ. શાસ્ત્રોનું ધ્યેય પણ તેનું આલંબન લેનારને આત્મ–સાક્ષાત્કાર કરાવી આપવાનું છે.

માટે શ્રીનવકાર તેમજ શાસ્ત્રનું હંમેશા અનન્યભાવે સ્મરણ–મનન–ચિંતન ધ્યાન કરવું જોઇએ. તેનાથી આત્મા તરફ વળાય છે. એક વખત આ વલણ થાય છે એટલે બહિરાત્મભાવ ક્ષીણપ્રાયઃ થઈ જાય છે અને ધસમસતી સરિતાની જેમ સમગ્ર શક્તિઓનો પ્રવાહ આત્મભાવમાં સમાઈ જવા થનગની ઉઠે છે. આવો અનુભવ શ્રી નવકાર ભક્તિ અને શાસ્ત્રભક્તિથી શીઘ્ર થાય છે.

卐

# આત્મા સર્વનો છે.

આત્માને માત્ર પોતાનો ગણુવો કે ગણુાવવો તે જ શું એક પ્રકારનું અજ્ઞાન નથી?

પોતાના ધનને પોતાનું જ માનવું, પોતાના દેહને માત્ર પોતાનો જ માનવો, પોતાના બળ, બુદ્ધિ અને જ્ઞાન ઉપર માત્ર પોતાનો જ અધિકાર માનવો, એ પણુ વિશ્વમાં જો દ્રોહ ગણુાતો હોય, કૃપણુતા, પશુતા અને સ્વાર્થપરાયણુતા ગણુાતી હોય, તો પોતાના આત્માને માત્ર પોતાનો ગણુવો અને પોતાના ભાવનો પોતા સિવાય બીજા કોઈને માટે પણુ ઉપયોગ ન કરવો તે મોટો દ્રોહ નથી? મોટી કૃપણુતા, મોટી પશુતા કે મોટી સ્વાર્થપરાયણુતા નથી?

તન, ધન, મન, વચન કે સ્વજન, એમાં જો સર્વ કોઈને હકક હોય, તો તે બધાનો સમગ્ર સરવાળો જે આત્મા, એ હરગીજ પોતાનો નહિ, પણુ સર્વનો છે—એમ માનવું એ જ સાચું જ્ઞાન છે, એ જ સાચો ભાવ છે.

જેમ જેમ આ વિચાર વિસ્તરે છે, તેમ-તેમ જીવન અર્થપૂર્ણ બને છે. અને જ્યારે આ વિચાર સમગ્ર જીવલોકવ્યાપી બને છે ત્યારે જ આત્મા પરિપૂર્ણતાની પરાકાષ્ઠાએ પહોંચીને પરમાનંદનો ભાગી બને છે.

આત્માને પોતાપણુાના અંધારા ઓરડામાં ગોંધી રખાય તો તેને તેની સજારૂપે અનંત અંધકારમય દુર્ગતિઓમાં સબડવું પડે,

આત્માને સર્વનો માનવામાં સર્વોત્તમ સમતાનું દર્શન થાય છે.

卐

# દ્રષ્ટિસ્વરુપ

**देहदृष्टया तु दासोऽहं, जीवदृष्टया त्वदंशक ।**
**आत्मदृष्टया त्वमेवाऽहं, इति मे निश्चिता मतिः ।**

અર્થ :- દેહદષ્ટિથી જોતાં હું દાસ છું, જીવદષ્ટિથી જોતાં આત્મા છું, અને આત્મ-દષ્ટિથી જોતાં પરમાત્મા છું, એવો મારો દઢ મત છે.

ચશ્મા જેમ ચશ્મા છે અને તેનો કલર બદલવાથી જેમ દશ્યનો કલર બદલાય છે, તેમ મન પણુ વિશ્વને જોવા માટે ચશ્માના સ્થાને છે.

જ્ઞાની જે દષ્ટિવડે જગતને જુએ છે, તે દષ્ટિવડે જોવાથી જ્ઞાનીનાં ચશ્માનો ઉપ-યોગ કર્યો અને અજ્ઞાની જે દષ્ટિવડે જુએ છે, તે રીતે જોવાથી અજ્ઞાનીની દષ્ટિનો ઉપયોગ કર્યો ગણુાય.

વિશ્વના મોટાભાગના માનવો પોતાને દેહદષ્ટિથી જુએ છે, તેમજ તે જ દષ્ટિવડે જગતના જીવોને પણ જુએ છે. એટલે નથી તેઓ આત્મ–ગૌરવશાલિતા પ્રાપ્ત કરી શકતા કે નથી અન્યને આત્મીય તરીકે અપનાવી શકતા.

દષ્ટિમાં દેહને સ્થાપવાથી આત્મા વગરના દેહ જેવું મંદ જીવન જીવવું પડે છે. જે દાસત્વનું સૂચક છે.

જીવદષ્ટિએ જોતા જીવન કંઈક અંશે ગરિમાવંત બને છે, તેમજ તેટલા પ્રમાણનું ગૌરવ સર્વ માટે ધારણ કરે છે.

જ્યારે મનનાં ચશ્માં–કાચનું સ્થાન આત્મા લે છે. ત્યારે અપૂર્વ ઝણઝણાટી સમગ્ર મનપ્રદેશમાં પેદા થાય છે કે, જેમાં પરમાત્મભાવની અનુભૂતિ હોય છે.

તમે તમને કઈ આંખે જુઓ છો ?

ચક્ષુ ઇન્દ્રિયની આ વાત નથી. અહીં તો વાત છે, મનની આંખની ! એ આંખમાની કીકીની. કીકીના સ્થાને આત્માને સ્થાપવાથી જીવનની સર્વોત્તમતાની સ્થાપનાના શ્રી ગણેશ થાય છે.

પૂર્ણ દષ્ટિવંતને સ્વ તેમજ પરની પૂર્ણતાનાં દર્શન થાય છે, જીવન સહાય ભર્યું ભર્યું અનુભવાય છે તેમ આત્મદષ્ટિવંતને સમગ્ર જીવલોક એક જ કુટુંબ જેવો દેખાય છે. તેના પ્રતાપે તે કોઇનો પણ તિરસ્કાર કરવારૂપ પાપ કરી શકતો નથી, પણ ઉત્તમ નિષ્પાપ જીવનના ચરમ શિખરનો અધિકારી બને છે. માટે આ દષ્ટિ ઉઘડે તે માટે જિનનું દર્શન કરતાં રહેવાની ખાસ જરુર છે.

卐

# વિદેહી આત્મા... !

જેઓ પૂર્વજન્મ અને પુનર્જન્મમાં માને છે, તેમણે વિશ્વના સમસ્ત જીવો સાથે સર્વ પ્રકારના સંબંધો અનેકવાર થયાનું માનવું જ પડશે. તેથી સમગ્ર વિશ્વ પોતાનું કુટુંબ છે, એનો સ્વીકાર કરવો પડશે. પછી માતા–પિતાદિ સર્વ સંબંધો સર્વ જીવો સાથે અનંતવાર થયા છતાં, તે જ જીવો સાથે સ્નેહના બદલે વૈર કેમ છે ? એવો પ્રશ્ન થશે.

તેનો ઉત્તર એ છે કે, એ સ્નેહની વચ્ચે દેહ આવે છે, અને જ્યાં દેહ છે, ત્યાં દેહનો સ્વાર્થ રહેલો છે. એ સ્વાર્થ જ વૈરવિરોધનું મૂળ બને છે. તેથી જેઓને એ વૈરભાવથી મુક્ત થવું હશે, તેઓએ દેહ છતાં વિદેહની ભાવના કેળવવી પડશે. વિદેહની ભાવના એટલે દેહરહિત બનવાની ભાવના.

દેહરહિત થવાની ભાવનામાંથી જ તપ, સંયમ આદિ શુભક્રિયાઓનો અનુરાગ જાગે છે અને હિંસાદિ પાપસ્થાનોથી વિરામ પામવાની પ્રતિજ્ઞા અંગીકાર કરવાનું મન થાય છે.

સકળ ધર્મસ્થાનોની ઉત્પત્તિ વિદેહ-દેહરહિત થવાની ભાવનામાં રહેલી છે. તેથી તે ધર્મનું બીજ છે. વિદેહ-મુક્તિને વરેલા જીવોની પૂજાનું પ્રણિધાન પણ તેમાંથી જ પ્રગટે છે. એને અંતે એ પ્રણિધાન વિદેહ અવસ્થાને અર્થાત્ મોક્ષને મેળવી આપે છે.

આયુષ્ય પૂરું થતાં દેહ છૂટી જાય છે, ત્યારે પણ દેહભાવ છૂટતો નથી. આવી દેહાસક્તિમાંથી પુનઃ પુનઃ જન્મ મરણ થયા કરે છે.

આ દેહાસક્તિને પાતળી પાડીને સર્વથા નાબૂદ કરવા માટે, જેઓ દેહમુક્ત થયા છે, તે ભગવંતોની ભક્તિ અનિવાર્ય છે. કદી નહિ મરનારા આત્માની શરણાગતિ અનિવાર્ય છે.

દેહમાં આત્મબુદ્ધિનું પ્રાબલ્ય ખતમ કરવા માટે સમ્યગ્દષ્ટિ કેળવવી જોઇએ. આત્મદૃષ્ટિવંત બનવું જોઈએ અને દેહના ધર્મોને સાક્ષીભાવે નિહાળવા જોઇએ.

卐

# આત્મબુદ્ધિ

સંસારી જીવ કર્મરૂપી ઇંધનથી સદા બળતો હોય છે. તે આગને ઠારવા માટે તે ચારેબાજુ ભટકે છે, તેમ છતાં તેની આગ ઠરતી નથી, પણ વધે છે.

જ્યારે તે દેહરૂપી ભાજનમાં આત્મારૂપી જે જળ બળી રહ્યું છે, તેને ઠારવા માટે અન્ય પ્રયત્નને છોડી, વચ્ચે રહેલા ભાજનને છોડી દે છે, ત્યારે તેમાં ભરેલું જળ સીધુ ઇંધન ઉપર પડે છે આગને ઓલવી નાંખે છે અને તેને શાન્તિનો અનુભવ થાય છે.

અર્થાત્ દેહાત્મ-બુદ્ધિનો ત્યાગ કરીને આત્મામાં આત્મબુદ્ધિ કેળવવામાં આવે, ત્યારે જ તે આગ શમે છે.

આત્મારૂપી જળ, કર્મરૂપી ઇંધનને શમાવવાની તાકાત ધરાવે છે. તે સિવાયનાં સાધનો તો કર્મરૂપી અગ્નિને વધુ પ્રદીપ્ત કરે છે, એ સમજ જ્યારે જીવને આવે છે, ત્યારે તે તપ-જપ, જ્ઞાન-ધ્યાન આદિ સઘળા ઉપાયો વડે જેમ-જેમ દેહાત્મ બુદ્ધિથી મુક્ત થતો જાય છે, તેમ-તેમ કર્મની આગ શમતી જાય છે. અને જ્યારે દેહબુદ્ધિ સર્વથા નાશ પામે છે, ત્યારે આત્મરૂપી જળ સીધું જ કર્મ-ઇંધનની આગને સમૂળ ઠારી દે છે.

દેહબુદ્ધિ કર્મ-અગ્નિને પ્રદીપ્ત કરે છે. આત્મબુદ્ધિ તે અગ્નિને શાન્ત કરે છે.

દેહબુદ્ધિ વધારનારાં સઘળાં કાર્યો છૂટી જાય અને આત્મબુદ્ધિ પ્રગટાવનારા સઘળાં કાર્યો સાથે જોડાણ થાય, ત્યારે જીવને ત્રિવિધ તાપમાંથી મુક્તિ મળે છે.

અર્થ અને કામની વાસના કર્મરુપી આગને વધારે છે, ધર્મ અને મોક્ષની ભાવના તે આગને શમાવે છે. માટે જ મન–વચન–કાયાના વ્યાપારને ધર્મ તેમજ મોક્ષ પુરૂષાર્થ-મય બનાવવા પર સઘળો ભાર મહાસંતોએ મૂકયો છે. આ ભાર વહન કરવાથી કર્મોનું દહન થાય છે અને જીવ સંસારના સઘળા ભારથી મુક્ત બની અશરીરી બને છે.

卐

# આત્મસ્વરૂપમાં સ્થિરતા

ક્રોધાદિ કષાયોથી દૂષિત જ્ઞાન હોય, ત્યાં સુધી અહિંસાદિના પાલનરૂપ વ્યવહાર ચારિત્ર પણ ટકતું નથી. જ્યારે જ્ઞાન આત્માના સ્વરુપમાં જ સમાઈ રહે આત્માકારે પરિણમી રહે, ત્યારે હિંસાદિ પાપસ્થાનો પલાયન થઈ જાય છે.

જ્ઞાન જ્યારે વિષયાકારે પરિણમે છે, ત્યારે હિંસાદિ અવ્રતો, ક્રોધાદિ કામયો આવીને ઊભા રહે છે. આથી એ નિશ્ચય થાય છે, કે વિષયાકાર વૃત્તિ–જ્ઞાનનું, વિષયાકાર પરિણમન એ અધર્મનું મૂળ અને આત્માકાર પરિણમન એ ધર્મનું મૂળ છે.

રત્નત્રય સ્વરુપ આત્માનું ધ્યાન જ્યારે યોગી પુરુષો કરે છે, ત્યારે સકલ કર્મો નાશ પામે છે અને આત્મા મુક્ત સ્વરુપે પ્રકાશે છે. જીવ જ્યારે આત્માથી વિમુખ થઈ પર દ્રવ્યમાં રાગ કરે છે, ત્યારે જ્ઞાનાદિ રત્નત્રય ટકી શકતાં નથી.

આત્માથી અભિન્ન જ્ઞાનાદિમાં પ્રવૃત્તિ કરવા માટે યોગી પુરુષો નિરંતર પ્રયત્ન-શીલ રહે છે. આત્મા આત્માવડે આત્મામાં પ્રવૃત્તિ કરે તે ચારિત્ર, આત્મા આત્માવડે આત્માને જાણે તે જ્ઞાન અને આત્મા આત્માવડે આત્માને જુએ તે દર્શન છે.

મોક્ષાર્થી જીવોએ આત્માનું જ્ઞાન પૂરી શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરી તેને આચરણમાં મૂકવું, તે મોક્ષનો સરળ અને અનન્ય માર્ગ છે. ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોથી રોકીને, ચિત્તને વિકલ્પો વિનાનું બનાવીને સ્વરુપ સ્થિરતાનો અભ્યાસ કરનારને આત્માનું તાત્વિક સ્વરુપ પ્રત્યક્ષ થાય છે. જે આત્મા પર દ્રવ્યનું ચિંતન કરે છે, તે પર દ્રવ્યમાં તદાકાર થાય છે, જે શુદ્ધ આત્મામાં તદાકાર થાય છે તે તેને પામે છે.

આત્મદ્રવ્યના અચિન્ત્ય સામર્થ્ય, પરમ ઐશ્વર્ય તેમજ અનંતજ્ઞાનાદિ ગુણોનું ચિંતન નથી થતું, ત્યાં સુધી જ ક્ષણભંગુર અને લાગણી વિનાના પર દ્રવ્યોનું ચિંતન મીઠું લાગે છે, માટે સર્વકાર્યમાં આત્મદૃષ્ટિપૂર્વક રસ લેવો, તે જ આત્માને સરસ રીતે માણવાનો સરળ ઉપાય છે.

卐

# સ્વાધ્યાય—સ્વનું ચિંતન

સ્વનું અધ્યયન કર્યા બાદ શાસ્ત્રનું અધ્યયન કરવું જોઈએ. સ્વને જાણ્યા વિના શાસ્ત્રને જાણવાથી અહંકાર પુષ્ટ થાય છે અને માનની તૃષ્ણા વધે છે.

સ્વમાં સત્ય વિદ્યમાન છે. સ્વમાં સ્થિર થનારને નિત્ય યોગ છે. જ્યારે સ્વમાં નામરૂપ નથી રહેતાં ત્યારે શુદ્ધ ચૈતન્ય માત્ર શેષ રહે છે. અહંકાર યુક્ત હું તું જ્ઞાન જીવ છે, અહંકાર રહિત આત્મા જ પરમાત્મા છે.

શિવ શક્તિના યોગ માટે જે સ્વ નથી, તેનાથી તાદાત્મ્ય તોડવું પડે છે. સ્વની સ્મૃતિમાં સત્ય પરમાત્માનો યોગ છે. ચિંતન દ્વારા તેનો અનુભવ થાય છે,

જે નિત્ય નિરંતર પ્રાપ્ત છે, જે પોતાનાથી ભિન્ન છે, જે નિત્ય પ્રાપ્ત નથી જે ચિંતન માત્રથી મળતું નથી, તેના સંયોગ માટે કર્મ કરવું પડે છે.

સ્વની અનુભૂતિ માટે કર્મ નહિ, પણ ચિંતન આવશ્યક છે. સ્વનું સ્ફુરણ નિરંતર એક જ્યોતિની જેમ થઈ રહ્યું છે.

સ્વના સાક્ષાત્કારના ઉપક્રમને જ સ્વાધ્યાય કહેવાય છે.

સ્વાધ્યાય સ્વ-ભાવ-પરિણતિ માટે છે. વિભાવને દૂર કરવા માટે છે.

શરીરનું અધ્યયન તે સ્વાધ્યાય નથી. આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણતા તે સ્વાધ્યાય છે, એ આત્માનો અધ્યાય એ જ સાચું ચિંતન છે.

卐

# આત્માનું અમરગાન

બીજાને અભય આપવાથી પોતાને અભય મળે છે. અભયદાન પરને આપીએ અને નિર્ભયતા પોતાને મળે છે. આ કારણે અભયદાનનું અસાધારણ મહત્ત્વ છે.

આત્મસત્તાના જ્ઞાનનું આ પ્રથમ ફળ છે.

બીજું ફળ જીવવું અને જીવાડવું તે છે. તે માટે અન્ન, જળ, વસ્ત્ર, આવાસ, ઔષધાદિનું દાન અને ગ્રહણ છે.

આત્મા સત્ સ્વરૂપ છે. તેમ જ્ઞાન સ્વરૂપ પણ છે અને તે સુષુપ્તિ, મૂર્છા કે સમાધિને પણ પ્રકાશિત કરે છે, કે જે વખતે બધી વૃત્તિઓ અને ઇન્દ્રિયોનો ઉપસંહાર થાય છે.

વિવિધ વિજ્ઞાન અને નિર્વિશેષ, નિરાકાર, શુદ્ધ મહત્ત્વનું પણ જ્ઞાન કરવું, કરાવવું આવશ્યક છે. સામાન્ય, વિશેષ અને સમન્વય એ ત્રણે પ્રકારના જ્ઞાનની વૃદ્ધિ થવી જોઈએ.

ભિન્ન-ભિન્ન વિષયોનું જ્ઞાન કરવાનાં સાધનોની જેમ જરૂર છે, તેમ નિર્વિષય તાત્ત્વિક જ્ઞાન અને તેનાં સાધન તત્ત્વજ્ઞાની, વીતરાગ મહાત્મા પુરુષોની અને તેનાં સ્થાનોની આવશ્યકતા છે.

શરીરની અંદર રહેલ તત્ત્વનું જ્ઞાન તે અધ્યાત્મ.

બ્રહ્માંડની સંચાલન પ્રક્રિયાઓનું જ્ઞાન તે આધિદૈવિક જ્ઞાન.

ભૌતિક વસ્તુઓનું જ્ઞાન તે આધિભૌતિક જ્ઞાન.

સર્વથી વિલક્ષણ અદ્વિતીય આત્માનું જ્ઞાન તે પરમાર્થ જ્ઞાન.

આત્મા આનંદ સ્વરૂપ છે. પોતાની જાત પ્રત્યે અનવરત પ્રેમ એ તેનું લક્ષણ છે.

દુઃખ-દ્વેષ, સુખ-રાગ સર્વ સાધારણ છે.

દુઃખ વિજાતીય છે. કેમકે તે શરીરમાં પેઠેલા કાંટા કે આંખમાં દાખલ થયેલા તણખલાની જેમ સદા ખટકે છે. તેથી કોઈને દુઃખ દેવું નહિ, અને પોતે દુઃખી થવું અને બીજાને સુખી કરવા એ બીજો ધર્મ છે.

જ્ઞાન, ધ્યાન, ભગવત્પ્રેમ, ધર્માચરણ, ગીત, નૃત્ય, વાજિંત્ર, તપ-ત્યાગ વગેરે સુખનાં સાધન અનેક છે.

સુખ એ આત્મધર્મ છે તેથી તે માટે જે-જે સદુપાયો મળે તે બધા ગ્રાહ્ય છે, સ્વીકાર્ય છે.

આત્મા અદ્વય છે. તેથી ભેદભાવ કરવાં-કરાવવાં તે અધર્મ છે. સર્વમાં એક અને એકમાં સર્વને જોવા તે ધર્મ છે.

અભેદ ભાવના ભાવવાથી ભય, અરતિ, શોક, અભિમાન, રાગદ્વેષાદિ વૃત્તિઓ વિલિન થઈ જાય છે.

આવી વિચારણા મહામૂલ્યવાન નહિ, પણ અણમોલ છે. તેમાં આત્માનું અમરગાન છે. આત્માના ગુણોનું અપૂર્વ ધ્યાન છે.

卐

# આત્માની એકતા

'ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આત્મા તેહવો ભાવીએ.' આ કડીમાં 'તુલ્યતા બતાવી છે.

'जारिस सिद्धसहावो तारिस सहावो होइ सव्वजीवाणं । —(સિદ્ધ પ્રાભૃતિકા)

'जीवो जीवत्वावस्थः सिद्ध इति —(તત્વાર્થવૃત્તિ.)

'જાતિ જસુ એકતા તેહ પલટે નહિ શુદ્ધ ગુણ પજ્જજવા વસ્તુ સત્તામયી'

આ પંક્તિથી પ્રભુ સાથે એકતાનું ભાવન બતાવેલ છે.

જીવ દ્રવ્યનો એવો સ્વભાવ છે કે, અનાદિથી આવૃત હોવા છતાં સ્વજાતિનો ત્યાગ કદી કરતો નથી. આ માટે 'एगे आया' એ પાઠની સાક્ષી આપેલી છે.

સિદ્ધતા એ જીવની પોતાની અવસ્થા છે. અસ્તિત્વાદિ ધર્મો સદા નિરાવરણ હોય છે. વિશેષ સ્વભાવો આવૃત્ત છતાં સામાન્ય સ્વભાવની સદા નિર્મળતા હોય છે. અને તે કોઇ પણ જીવથી જુદી નથી. તેથી સામાન્ય સ્વભાવની અપેક્ષાએ જીવો સત્તાએ શુદ્ધ છે. આ વિચારણાથી ધ્યાનમાં નિશ્ચળતા આવે છે અને અંતર્યામી પ્રભુનું તાત્ત્વિક મિલન થાય છે.

એકતાભાવનને પ્રવચન અંજન તરીકે શ્રી જિનેશ્વરની જ્યોતિરૂપે વર્ણવેલ છે. એકત્વભાવનરૂપ અંજનના પ્રભાવે પરમ નિધાન સ્વરૂપ પરમાત્માનાં હૃદયનયન અર્થાત્ આંતરચક્ષુ વડે દર્શન થાય છે.

પરમનિધાનરૂપ પરમાત્મા આત્મમંદિરમાં પ્રત્યક્ષ બિરાજમાન છતાં જગદીશ સાથે એકતારૂપ જ્યોતિ વિના જોઇ શકાતા નથી. આ રીતે અનેક સ્થળોએ અનુભવગમ્ય વચનો દ્વારા મહાપુરૂષોએ 'એગે આયા'નું રહસ્ય શોધી બતાવ્યું છે.

એકતા, તન્મયતા, મગ્નતા, સમાધિ, સમતા, ચારિત્ર અનુભવદશા આદિ શબ્દો કથંચિત્ એકાર્થવાચી છે.

卐

# જીવનું સ્વરૂપ : સચ્ચિદાનંદ

જીવનું સ્વરૂપ 'સત્' છે, માટે એ સતત જીવવા ઇચ્છે છે.

જીવનું સ્વરૂપ 'ચિત્' છે, માટે એ સઘળું જાણવા ઇચ્છે છે.

જીવનું સ્વરૂપ 'આનંદ' છે. માટે એ સતત સુખને ઝંખે છે.

જીવમાં ઐશ્વર્ય-ઈશ્વરપણું નિહિત છે, માટે એ કોઇને આધીન રહેવા ઇચ્છતો નથી. પણ સર્વ કોઈને આધીન કરવા ઇચ્છે છે.

જીવ પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ હોવાનું જે વિધાન આસ્તિક દર્શનોમાં છે, તેનું સચોટ, પ્રતિપાદન 'સચ્ચિદાનંદ' આ શબ્દ કરે છે.

જીવનું આ સ્વરૂપ ઘન-નક્કર છે. તેમ છતાં દૂધમાં ભળીને રહી શકતા પાણીની જેમ તેમાં કર્મો રહેતાં હોય છે, ત્યાં સુધી તેના આ સ્વરૂપનો સંપૂર્ણ ભોગવટો તે કરી શકતો નથી. જો કે ઊંડે-ઊંડે તે તેજ ઇચ્છતો હોવા છતાં તેમાં કર્મોબાધક નિવડે છે.

પરને સહાય કરવાથી આ બાધાનો અંત આવે છે. અહિં પર એટલે સ્વતુલ્ય સર્વ જીવો સમજવા. પર એટલે જીવદ્રવ્યથી નિરાળો કોઈ પદાર્થ નહિ.

ઈષ્ટની પ્રાપ્તિમાં પ્રધાન ભાગ સર્વનું ઈષ્ટ ઇચ્છવારૂપ શુભ ભાવ ભજવે છે.

ઈશિત્વ અને વશિત્વ એ જીવનો મૂળ સ્વભાવ છે. નાદ વડે ઈશિત્વ અને જ્યોતિ વડે વશિત્વ પ્રાપ્ત કરી શકે છે.

નાદની અભિવ્યક્તિ નામ રૂપે અને જ્યોતિની અભિવ્યક્તિરૂપ સ્વરૂપે થઈ છે–થાય છે–થતી હોય છે.

નાદમાં પૂર્ણ સ્વાધીનતા છે. જો આ નથી, તો તે નાદ નથી પણ ઉન્માદ છે.

જ્યોતિમાં સર્વવશિતા છે.

જીવની જ્ઞાનરૂપી જ્યોતિ વિશ્વવ્યાપી છે. તે સર્વને વશ કરે છે, પણ કોઈને વશ થતી નથી.

પ્રભુનું નામ નાદરૂપે અંતરમાં સતત ચાલ્યા કરે છે. તેનું ધ્યાન સ્વાધીનતા સમર્પે છે.

નાદનું ધ્યાન કરવું–એ અસાધારણ કળા છે. શુદ્ધ, શાન્ત અને રિક્ત ચિત્ત આ ધ્યાનને યોગ્ય છે.

પ્રભુની જ્યોતિ જ્ઞાનરૂપે સદા પ્રગટે છે. તેનું ધ્યાન વિશ્વવ્યાપિતા અને સર્વવશિતા અપાવે છે.

નામ અને રૂપ ગ્રહણ કરવા વડે નાદ અને જ્યોતિનું ગ્રહણ થાય છે અને નાદ અને જ્યોતિના ગ્રહણ વડે સ્વાધીનતા તેમજ સર્વોપરિતા પ્રાપ્ત કરી શકાય છે.

ધર્મ સાધનાનો આ સરળ ઉપાય છે.

ધર્મ સાધના એટલે શુદ્ધ આત્મસ્વભાવની સાધના આત્મા ખરેખર જેવો છે, તેવા જીવનની સાધના.

卐

# અધ્યાત્મ–દર્શન

પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીના દર્શનમાં પ્રત્યેક જીવાત્મા દ્રવ્યથી અનાદિ અનંત છે, શુદ્ધ છે, નિરંજન છે. જે કાંઈ અશુદ્ધતા છે, તે પર્યાયગત અને ઔપાધિક છે, મૂળભૂત નથી.

નિશ્ચય દૃષ્ટિથી વિચારતાં નિગોદથી માંડીને સિદ્ધ પર્યંતના જીવો શુદ્ધ છે, એક રસ છે, સમ છે, નિર્વિકલ્પ અને નિર્ભેદ છે. 'सव्वे सुद्धा हु सुद्धनया' (સર્વજીવ શુદ્ધ નયથી શુદ્ધ છે) આ રીતે **નિશ્ચય નય કોઇ પણ જાતના ભેદભાવ વિના વિશ્વ ચૈતન્યને અખંડ પરબ્રહ્મ સ્વરૂપ જુએ છે.** નરમાત્રમાં નારાયણને જુએ છે, પ્રાણી માત્રમાં પરમાત્મ દર્શન કરે છે.

ભગવાન શ્રી મહાવીરસ્વામીજીનો પ્રત્યેક અનુયાયી આ રીતે કરી રહેલ હોય છે. એ માત્ર કલ્પના નથી, પણ સત્યભાવના છે એને આત્મભાવના કહેવામાં આવે છે.

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે,
ભાવીએ શુદ્ધ નય ભાવના પાવનાશય તણું ઠામ રે. ચેતન જ્ઞાન અજવાળીએ.
દેહ–મન–વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે,
અક્ષય–અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરુપ રે. ચેતન જ્ઞાન અજવાળીએ.

'હું એક અખંડ, જ્ઞાયક–ચિત્, ચમત્કાર, ચૈતન્યમૂર્તિ છું. પરાશ્રયથી રહિત એક માત્ર નિર્દ્વન્દ્વ સ્વાવલંબી જ્ઞાન સ્વભાવી–અનાદિ અનંત આત્મા છું.

अतते इति आत्मा । સ્વભાવમાં સતત ગતિશીલ, જ્ઞાનશીલ, પ્રાપ્તિશીલ તે આત્મા સ્વ–દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી સત્ છે. મારો એક આત્મા જ મારે માટે ધ્રુવ છે, આધાર છે, આલંબન છે, શરણ છે. હું જ મારો છું. બાહ્યદૃષ્ટિથી વિવિધ નિમિત્તોના કારણે નાનાત્વ છે, પણ તે ઔપચારિક છે. **અંતરદૃષ્ટિએ જોતાં આત્મા એક, અભેદ, જ્ઞાયક, શુદ્ધ અને અસંગ છે.**

## જિનશાસનનો મુલાધાર

આત્મા જેટલા અંશે પોતાને ભૂલે છે, પરાશ્રયને અંગીકાર કરે છે, તેટલા અંશમાં શુભાશુભ ભાવવાળો બને છે. તેનું ફળ સંસારભાવ છે. અને જેટલા અંશમાં આત્મદૃષ્ટિયુક્ત બને છે, સ્વાશ્રયનું લક્ષ્ય કરે છે, ત્રિકાલ એકરૂપ–ધ્રુવ, જ્ઞાયકરૂપમાં પરિણામ પામે છે, તેટલા અંશમાં તે નિર્વિકલ્પ શુદ્ધ ભાવવાળો બને છે. આ રીતે પરાશ્રયી ભાવનાથી મુક્તિરૂપે સ્વાશ્રયીભાવના છે, આત્મભાવના છે. અને તે જ નિજત્વમાં જિનત્વની ભાવના છે. શ્રી જિનશાસનનો તે મૂલાધાર છે.

આ આત્મભાવના છે, અહંકારથી રહિત શુદ્ધ અહંનો શુદ્ધ બોધ છે. 'I am that I am' જ્યાં સુધી સાધક સ્વાશ્રયી અહંનો નિર્મળ બોધ નથી કરતો, ત્યાં સુધી તે નિશ્ચયનયથી મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં સુધી તેને સ્વતંત્ર સ્વત્વ પર, પૂર્ણ અખંડ વ્યક્તિત્વ પર તેને આત્મવિશ્વાસ જાગતો નથી. અભ્યુદય તેમજ નિઃશ્રેયસનો તે અધિકારી બનતો નથી. પરમુખપ્રેક્ષણ કરી જગતના દાસરૂપે ઘર–ઘર ભટકે છે.

સ્વાશ્રયીભાવનું દર્શન આંતરિક પુરુષાર્થને જગાડે છે. એ પુરુષાર્થ વડે જ મુક્તિ-લાભ થઈ શકે છે. તે પુરુષાર્થને જ બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમ આદિ નામોથી સંબોધવામાં આવે છે.

## શુદ્ધદૃષ્ટિ

દૃષ્ટિમાં શુદ્ધ નિશ્ચયનો પ્રકાશ ધારણ કરીને પોતાના સ્વત્વને–વ્યક્તિત્વને પૂર્ણતાના બોધથી ભાવિત કરીને જે વ્યવહાર કરવામાં આવે છે, તે જ શુદ્ધ વ્યવહાર છે કહ્યું છે કે,

'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.'

આ દૃષ્ટિ પરાશ્રયી ભિક્ષુક મનોવૃત્તિનું એક બાજુ મૂલોચ્છેદન કરે છે, ત્યારે બીજી બાજુ બીજાઓ પ્રત્યે સહિષ્ણુ, ઉદાર અને સમબુદ્ધિવંત બનાવે છે.

બીજાના વ્યક્તિતત્વને જ્યારે કેવળ વ્યવહાર પક્ષથી જ જોવામાં આવે છે, ત્યારે ઉચ્ચતા–નીચતાનું વૈવિધ્ય નજરે ચઢે છે. શુભાશુભ વિકલ્પોની માયાજાળ પ્રસરે છે, પરસ્પરની ઘૃણા અને વૈરભાવ પ્રગટે છે.

**'શુદ્ધનયનું અધ્યાત્મદર્શન–એ જ સર્વવ્યાસ, વિષયતામૂલક વિષપ્રવાહનું અમોઘ ઔષધ છે.'** જ્યારે આપણે પ્રાણી માત્રમાં ઉપરના દ્વંદ્વોથી મુક્ત અંદર રહેલી ચેતનાનું દર્શન કરીએ છીએ, ત્યારે સર્વત્ર એક રસ, શુદ્ધ, નિરંજન, નિર્વિકાર મૂળ પરબ્રહ્મભાવનો સાક્ષાત્કાર થાય છે. જ્યાં એકતા, એકરૂપતા અને સમતા જ રહેલી છે. અને વિષયતા, ઘૃણા, વૈર અને દ્વન્દ્વનો સર્વથા અભાવ છે.

જે કાંઈ ભેદ છે, વૈષમ્ય છે, તે સર્વ ઔપચારિક–ઔપાધિક છે. આત્માના મૂળમાં તેનું લેશ માત્ર અસ્તિત્વ નથી. જે ઉપચાર છે, તે આરોપિત છે અને જે આરોપિત છે તે શુદ્ધસાર્વભૌમ જ્ઞાન ચેતનાના પરિણામથી દૂર કરી શકાય છે.

જ્યારે આપણે વિષમતાને મૌલિક માનવાનો ઇન્કાર કરી દઈએ છીએ, ત્યારે તે વિષમત પોતાની મેળે જ મટી જાય છે.

આ રીતે ભગવાન શ્રી મહાવીરસ્વામીજીનું અધ્યાત્મદર્શન પ્રત્યેક વ્યક્તિની નૈશ્ચયિક શુદ્ધતા અને સ્વતંત્રતાનું પ્રતિપાદન કરે છે તેના પરિણામે સમસ્ત ચૈતન્ય જગતમાં એક રસતા અને સમત્વની સ્થાપના થાય છે.

卐

**શ્રદ્ધા એટલે વિશ્વાસ**

શ્રદ્ધા એટલે દેવ–ગુરુ આપણું કાંઈ કરે છે–એવો વિશ્વાસ,
આવી શ્રદ્ધા હોય ત્યાં જ સાચી ભક્તિ જાગે,

# આત્મદર્શન

તત્ત્વજ્ઞાન, સાધકને પરમાત્માના દર્શનનો અધિકારી બનાવે છે. દુન્યવી તમામ જ્ઞાન દેહ, મન અને કવચિત્ હૃદયને તૃપ્તિ આપનાર બને, પણ આત્માની પરિતૃપ્તિ તેથી થતી નથી. અનંત અને નિત્ય એવાં આત્મજ્ઞાનથી જ તે પરિતૃપ્તિ થાય છે.

માનવના સમગ્ર વ્યક્તિત્વમાં દેહ, મન, હૃદય અને આત્મા સમાવિષ્ટ છે. આત્મ-તૃપ્તિનું સાધન આત્માનું સાક્ષાત્ દર્શન છે.

સંસારમાં જે જીવો આત્મકામી હોય છે, આત્માના રહસ્યમય જ્ઞાન માટે જે તલસે છે, તે આત્મજ્ઞાનીનાં ચરણોમાં શિર ઝૂકાવે છે. સમત્વપૂર્વક આત્મજ્ઞાનની સાધના કરતા ઋષિ-મુનિઓનાં ચરણોમાં સંસારની સમૃદ્ધિઓના સમ્રાટના મસ્તકના મુકુટો નમી પડે છે, એ એમ બતાવે છે કે સાચી પરિતૃપ્તિ બાહ્ય સંપત્તિથી નહિ, પરંતુ યથાર્થ આત્મદર્શનથી થાય છે, આત્માના યથાર્થસ્વરુપના જ્ઞાનથી થાય છે. પછી 'હું આત્મા છું' એ બોલવાની માત્ર વાત કે, વાણી નથી રહેતી, પણ જીવતી-જાગતી હકીકત બની જાય છે અને તેના અનુભવનો આનંદ તો તેનો અનુભવી જ પૂરો જાણી શકે, માણી શકે.

માનવભવ પામ્યા પછી આપણા દરેકનું પ્રધાન કર્તવ્ય આત્માને ઓળખ-વાનું, આત્મદર્શનનું હોવું જોઈએ.

卐

# આત્મભાન

જેને પોતાના આત્માનું ભાન નથી, તેને એ આત્માના અક્ષય અવ્યાબાધ આનંદનું ભાન તો હોય જ ક્યાંથી?

દયાભાવ અને વૈરાગ્ય સાથોસાથ રહે છે. આત્માની દયામાંથી જ વૈરાગ્ય અને અહિંસા ધર્મ પ્રગટે છે.

જીવોના ૧૪ પ્રકાર છે. એકેન્દ્રિય જીવો પ્રત્યેક અને સાધારણ, વિકલેન્દ્રિયના ત્રણ પ્રકાર અને પંચેન્દ્રિયના સંજ્ઞી અસંજ્ઞી એમ બે પ્રકાર એમ કુલ ૭ પર્યાપ્તા અને ૭ અપર્યાપ્તા મળી ૧૪ પ્રકાર છે.

જ્યાં સુધી આત્માનું ભાન ન થાય, ત્યાં સુધી જીવો પ્રત્યે દયા અને વિષયો પ્રત્યે વૈરાગ્ય કેવી રીતે જાગે? વિષયોનું સેવન જીવોની હિંસા વિના શક્ય નથી. તેથી જેમ દયા ભાવ વધે, તેમ તેમ વિષયો પ્રત્યે વૈરાગ્યભાવ વધતો જાય.

દયામય અને વૈરાગ્યમય ધર્મ, જીવને ભવભ્રમણના ચકાવામાંથી છોડાવે છે. ધર્મના અનુષ્ઠાન માત્રમાં જીવદયા અને વિષય-વૈરાગ્ય વણાયેલા છે, એવો ધર્મ મહાન પુણ્યના યોગે જ મળે છે.

જીવમાત્રને સૌથી અધિક સુખ અને પ્રેમ પોતાના પ્રાણની રક્ષામાં રહે છે. એટલે બીજા જીવને સુખ આપતાં એના ફળરૂપે પોતે સુખના અધિકારી બને એમાં નવાઇ નથી. જેણે એક જીવની રક્ષા કરી, એણે વિશ્વના સર્વજીવોની રક્ષા કરી, જેણે એક જીવને હણ્યો તેણે વિશ્વના સર્વજીવોને હણ્યા. મનના પરિણામની આ વાત છે.

તાત્પર્ય કે આત્મભાન અત્યંત જરુરી છે, તેના સિવાય આત્મરતિ શક્ય નથી, વિષય-વિરક્તિ શક્ય નથી.

દયાના વિષયભૂત આત્મા આ રીતે જીવને સર્વોચ્ચ દશામાં લઈ જવાનું મહાન ઉપકારક કાર્ય કરે છે.

卐

# આત્મજ્ઞાન

આત્મજ્ઞાન માટે નમસ્કાર અને નિષ્કામ કર્મ માટે સામાયિકનો અભ્યાસ જરૂરી છે.

આત્મજ્ઞાનના સંસ્કારોથી પૂર્વ સંસ્કારોનો નાશ કરી શકાય છે. નિષ્કામ કર્મ દ્વારા નવા સંસ્કારોની ઉત્પત્તિને રોકી શકાય છે. આત્મજ્ઞાનને માટે સત્યનું વારંવાર અનુશીલન આવશ્યક છે. સત્યનું જ્ઞાન થયા બાદ ગુરુનો ઉપદેશ 'तत्त्वमसि' રૂપ મળે છે. એ સત્યના અનુશીલનથી 'अहं ब्रह्मास्मि' નો બોધ થાય છે.

'ब्रह्मविद् ब्रह्मैव भवति'।

સંસારમાં કોઈપણ શક્તિ, કોઈપણ ક્રિયા, યા કોઈપણ પદાર્થનો નાશ થતો નથી. તે નિયમને વિજ્ઞાન પણ માન્ય કરે છે. જીવ પણ પૂર્વ જન્મના કાર્યોને સંસ્કાર રૂપમાં પ્રાપ્ત કરે છે. અને વર્તમાન જન્મની ગાડીને આગળ ચલાવે છે. 'હું શરીર નહિ પણ શરીરી છું, રથ નહિ પણ રથી છું. મરણશીલ નહિ પણ અમર છું, પ્રકાશપુંજ છું પણ માટીરૂપ નથી, ન શસ્ત્ર મને છેદી શકે છે, ન આગ મને બાળી શકે છે, ન પાણી મને ભીંજવી શકે છે, ન હવા મને સૂકવી શકે છે.

સંસારમાં જીવને બાંધી રાખનાર બે વસ્તુ છે. એક અવિદ્યા બીજી તૃષ્ણા. વસ્તુનું વાસ્તવિક વિજ્ઞાન ન હોવાથી જે કાંઈ કર્મ થાય છે, તેનાથી સંસ્કાર ઉત્પન્ન થાય છે અને તેના ફલભોગ વખતે તૃષ્ણા જન્મે છે. આ અવિદ્યા અને તૃષ્ણાના કારણે જીવને ફરીફરી જન્મ ધારણ કરવા પડે છે. અવિદ્યાના સંસ્કાર આત્મજ્ઞાનથી નષ્ટ થાય છે. અને તૃષ્ણાના સંસ્કાર નિષ્કામ કર્મથી નાશ પામે છે.

આત્મજ્ઞાન માટે નમસ્કાર અને નિષ્કામ કર્મ માટે સામાયિક સર્વશ્રેષ્ઠ સાધન છે.

卐

# નિશ્ચયથી આત્મધ્યાન

આત્માને નિશ્ચયથી તે જ જાણી શકે છે, કે જે શ્રી અરિહંત ભગવંતને તેમના શુદ્ધઆત્મદ્રવ્યથી, શુદ્ધકેવળજ્ઞાનગુણથી અને શુદ્ધસ્વભાવપરિણમનરૂપપર્યાયથી જાણે છે. કારણ કે 'दलतया परमात्मा एव जीवात्मा' દળથી જીવ પોતે જ પરમાત્મા છે.

શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી શ્રી અરિહંતનું તથાપ્રકારે જ્ઞાન થવાથી તથા-પ્રકારે ધ્યાન થાય છે. અને તે ધ્યાન સમાપત્તિજનક બનીને મોહનો નાશ કરે છે.

સમાપત્તિ એટલે ધ્યાનજન્મ સ્પર્શના. તે બે પ્રકારે થાય છે.

સંસર્ગારોપથી અને અભેદારોપથી.

પ્રથમ. શુદ્ધાત્માના ધ્યાનથી અંતરાત્માને વિષે પરમાત્માના ગુણોનો સંસર્ગારોપ થાય છે અને પછી અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ થાય છે. તેનું ફળ અતિ વિશુદ્ધ સમાધિ (થાય) છે.

卐

# આત્મ સાક્ષાત્કાર

યોગ એટલે નિર્વિચારસ્થિતિ, જ્ઞાન એટલે આત્મનિષ્ઠા, ભક્તિ એટલે ભગવન્નિષ્ઠા.

'सर्वं खल्विदं ब्रह्म ।' 'तत्त्वमसि ।' એ શ્રવણનો વિષય છે. પછી મનન દ્વારા 'अहं ब्रह्माऽस्मि ।' એમ સંશયરહિત જ્ઞાન થાય છે.

બધા જ સાધકોમાં એટલી યોગ્યતા હોતી નથી, તેથી જ્ઞાનમાર્ગમાં ધ્યાનયોગની મદદ એક યા બીજા પ્રકારે લેવામાં આવે છે.

જ્ઞાનમાર્ગમાં જ્ઞાનનું શુદ્ધ સાધન, તો શ્રવણ મનન જ છે. યોગ દ્વારા ચિત્ત-વૃત્તિનો નિરોધ થતાં પોતાના આનંદ સ્વરુપ આત્માનો અનુભવ સાધકને થાય છે. એ અનુભવને લીધે પોતાના સ્વરુપ સંબંધી સંશયો નાશ પામે છે. આમ એને વખત જતાં સંશયરહિત જ્ઞાન થાય છે.

ભક્તિમાર્ગના સાધકોને 'नाऽहं कर्ता, प्रभुः कर्ता ।' એવો અનુભવ થાય છે. તે તથા સમાધિ અવસ્થા, નિર્વિચાર સ્થિતિ, અગાધ શાન્તિ, ભગવાનમાં સ્થિતિ એ બધા એક જ અર્થને કહેનારા શબ્દો છે.

જ્યાં વિચાર શૂન્ય સ્થિતિ છે, ત્યાં આનંદ સ્વરુપ આત્મા તો હોય જ છે.

નિદ્રામાં પણ સત્સંગ થાય છે, કારણ કે તે વખતે કેવળ સત્ સ્વરૂપ આત્મા પોતે જ હોય છે.

માનસશાસ્ત્રનો નિયમ છે કે જે વૃત્તિમાં તમને નિદ્રા આવશે, તે વૃત્તિ નિદ્રા દરમ્યાન આંતરમનમાં કાયમ રહેશે.

શ્રી પરમેષ્ઠિ ભગવંતો સતના સંગમાં છે, તેથી તેમનું સ્મરણ પણ એ રીતે સત્સંગ ગણાવો જોઇએ.

## સત્ત્વપ્રધાન તમોગુણ

નિદ્રા એ સત્ત્વગુણ પ્રધાન તમોગુણ છે. 'स्वपिति ।' 'स्वं आत्मानं अपीति इति स्वपिति ।' અર્થાત્ પોતાના આત્મામાં ગયો છે, આત્માને પ્રાપ્ત થયો છે. આ સ્થિતિ સત્ત્વગુણ જ છે. તેની સાથે તમોગુણની અજ્ઞાનતા, મૂઢતા પણ હોય છે. તેથી સત્ત્વપ્રધાન તમોગુણ કહેવાય.

આમ તો ત્રણે ય ગુણ હર સમયે હોય છે. સત્સંગથી વિચારશક્તિ જાગૃત થાય છે. અજ્ઞાની મનથી થતા વિચારો બંધ થઇને સત્ય એવી વિચારક શક્તિ ઋતંભરા-પ્રજ્ઞા કામ કરતી થાય છે.

ક્ષોભમાં અને કર્મમાં રાચતા મન કરતાં શાન્ત અને અક્ષુબ્ધ મન વધારે સહેલાઈથી, વધારે વિશુદ્ધિપૂર્વક અનંત પ્રત્યે ખુલ્લું થઈ શકે છે, શાન્તિ અને નિરવતામાં અનંત પ્રગટે છે.

વિચાર ન કરવો એ પણ ધ્યાન છે. જ્યાં સુધી મન ક્રિયાશીલ છે, ત્યાં સુધી સત્યની પ્રાપ્તિ થઇ શકતી નથી. જયારે મન શાન્ત થાય છે, ત્યારે સત્યની અનુભૂતિ થાય છે.

વિચાર અને વાણીથી જે પર છે, તે સર્વોત્તમ ભાષા છે. મનને આત્મામાં સ્થાપવું, વિલીન કરવું, તે જ સ્વસ્થતા છે. પ્રશાન્તાવસ્થા છે, આત્મનિષ્ઠા છે, જ્ઞાનદૃષ્ટિ છે.

મન શું છે, તે શોધી કાઢો તો તે અદૃશ્ય થઇ જશે. વિચારથી ભિન્ન મન જેવી કોઇ વસ્તુ જ નથી.

ઊંચે ચઢવું હોય તેને ભાર રહિત થવું જોઇએ. પરમાત્મતત્ત્વ સુધીની અંતિમ ઊંચાઇએ પહોંચવાનું કાર્ય કરવું હશે તેને શૂન્યની પરાકાષ્ઠાએ પહોંચવું જ પડશે.

વિચાર પણ પરિગ્રહ છે. ધન સંગ્રહ સ્થૂલ છે, વિચારસંગ્રહ સૂક્ષ્મ છે.

સત્ય એક છે, વિચાર અનેક છે. સત્યના સાક્ષાત્કારનું દ્વાર વિચાર નહિ, પણ નિર્વિચારાવસ્થા છે.

જયાં ચેતના નિર્વિષય, નિર્વિચાર, નિર્વિકલ્પ છે, ત્યાં જે અનુભવ થાય છે, તે જ સ્વ'યનો આત્મતત્ત્વનો સાક્ષાત્કાર છે. જીવનમાં જે સત્ય, શિવ અને સુંદર છે, તે વિચારોના તરંગોમાં નહિ, કિન્તુ નિર્વિચાર, તરંગહીન અવસ્થામાં જ પામી શકાય છે.

વિચારોનો સંગ્રહ તે મન છે. વિચાર જ બહારથી આવેલી ધૂળની રજ છે. તેને બંધ કરો, તો પછી બાકી રહેલા નિર્દોષ ચૈતન્યનાં જ દર્શન થશે.

વિચાર છૂટવો ઘણો મુશ્કેલ હોવા છતાં, સર્વથા અશક્ય નથી.

મનને કુનેહપૂર્વક કેળવવાથી, શરૂઆતમાં શુભ વિચારમાં પ્રવર્તાવવાથી તે ધીમે ધીમે શુદ્ધત્વનું પક્ષકાર બનીને આખરે શાન્ત થઈ જાય છે.

આત્મદર્શનની આત્માનુભૂતિની ખરેખરી તાલાવેલી જેમના હૃદયમાં જન્મે છે, તેઓ પોતાના મનને નિર્વિચાર કક્ષાએ પહોંચાડીને જ જંપે છે.

સ્થૂલમાંથી સૂક્ષ્મમાં, સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતરમાં—એ ક્રમે મન આત્મા કે જે સૂક્ષ્મતમ છે તેમાં લય પામે છે અને પછી કેવળ આત્મા, અનુભવગોચર થાય છે.

આ સાધના નવકાર મંત્રથી સુલભ બને છે.

卐

# ચૈતન્ય દર્શન

આવી પડેલાં કાર્યો જ્ઞાની પુરુષો કરે છે, પણ સાક્ષી ભાવથી અને સર્વાત્મભાવથી રહે છે. મનમાં અભિનિવેશ ન હોવાથી કર્તા છતાં, અકર્તા તરીકે વર્તે છે.

દર્પણ પદાર્થનું પ્રતિબિંબ ગ્રહણ કરે છે, પણ પોતે નિર્લેપ રહે છે, તેમ જ્ઞાની પુરુષો કર્તૃત્વાભિમાન વડે લેપાતા નથી.

ચામડાના જોડા પહેરેલ માનવીને આખી પૃથ્વી ચામડાથી મઢાયેલી જણાય છે, તેમ બ્રહ્માનંદનો આસ્વાદ જેણે લીધો છે, તેને સમસ્ત વિશ્વ બ્રહ્માનંદથી ભરપૂર જણાય છે.

નિઃસ્પૃહ ચિત્તવાળાને ત્રૈલોક્ય પણ તણખલા જેવું ભાસે છે. પરિપૂર્ણ સ્વરૂપનો સતત વિચાર કરો, તેમાં નિષ્ઠા રાખો, તો વાસનાઓ પલાયન થઈ જશે.

આપણા અસલ સ્વરૂપને જન્મ નથી, જરા નથી, મૃત્યુ પણ નથી. એ નિરાકાર, નિર્વિકાર, સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

## મનનું ક્ષેત્ર

અમાપ વિસ્તારવાળો અને મોટા અવકાશવાળો એક દેશ છે, તેનું નામ મોક્ષ છે. તેમાં પરમાનંદ છે. સુખ-દુઃખના દ્વન્દ્વોને તેમાં સ્થાન નથી. તેનો રાજા અનુપમ ઐશ્વર્ય-વાળો આત્મા છે. મંત્રી મન છે.

સુવર્ણમાંથી જેમ અનેક અલંકારો અને મૃતિકામાંથી જેમ અનેક ભાજનો બને છે, તેમ મનમાંથી જગત ઉત્પન્ન થાય છે અને પાછું મનમાં લીન થાય છે. મનને જીતવાનો

સહજ ઉપાય એક જ છે અને તે એ કે, આ નામરૂપાત્મક વિનાશી વસ્તુઓની સ્પૃહા ન રાખવી. આત્મા સિવાય સર્વ વસ્તુઓ અનિત્ય છે. તે શાશ્વત સુખ આપી શકે નહિ.

સર્વ મનુષ્યોમાં શાશ્વત સુખના આનંદની પ્રાપ્તિની અભિલાષા સ્વાભાવિક રીતે જ રહેલ છે. કારણ કે તે જ તેનો અસલ સ્વભાવ છે. આ મુક્તિ દુર્લભ છે, તેમ સુલભ પણ છે. આમાં સ્થૂલ ક્રિયાઓની આવશ્યકતા નથી.

સતત સ્વરૂપાનુસંધાન રાખવાથી આ મુક્તિ કારગત નીવડે છે કારણ કે તેનાથી વિષયો પ્રત્યેની રૂચિ ઘટતી જાય છે અને ચિત્તમાં શાન્તિ, વિશાળતા, અભય, અનાસક્તિ વગેરે ગુણો સ્થાયી થતા જાય છે અને આત્માનો પ્રકાશ વધારે પ્રમાણમાં બહાર આવતો જાય છે.

મન એ જ કર્તા છે, સઘળું મનથી જ થાય છે. માટે સંકલ્પ બળની વૃદ્ધિ કરવામાં આવે તો ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

## મોક્ષમાર્ગ

વિષયવૈરાગ્ય, કષાયત્યાગ અને આત્મરાગ એ જ મોક્ષમાર્ગ છે. આ ક્રિયાઓ સાથે સાથે થવી જોઈએ. ઈન્દ્રિયોના વિષયો અને ચિત્તની વૃત્તિઓના અધિષ્ઠાન તરીકે એક બ્રહ્મ છે. એ વિચાર ઉપર મનને સ્થિર કરવાથી આ માર્ગે સફળતાથી આગળ વધી શકાય છે.

બ્રહ્મ જ વિશ્વનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલી એકતાનો સતત વિચાર કર્યા કરવો. ચિત્તને તે પરમ સત્ય ઉપર એકાગ્ર કરવું. આમ કરવાથી તૃષ્ણાના બંધનમાંથી મુક્તિ સહજ મળી શકે છે.

આત્માનું સ્વરૂપ મનમાં દૃઢ કર્યા વિના કદી પણ શાંતિ મળી શકતી નથી. દાન, પૂજન, તપ કે તીર્થોના સેવનથી ચિત્તશુદ્ધિ અવશ્ય થાય છે. પણ પરમ પુરુષાર્થની સિદ્ધિ તો આત્મજ્ઞાનથી છે. ભોગોમાં અનાવસ્થા—એ ચિત્તની પરિપક્વ અવસ્થાનું ચિહ્ન છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે તેવા વૈરાગ્યવાન, વિશાળદૃષ્ટિવાળા મહાત્માઓનો સમાગમ સહાયક થઈ પડે છે. પ્રથમ દેશાચારને અનુસરીને ન્યાયસંપન્ન ધનનું સંપાદન, પછી તે ધનનો સદુપયોગ, સત્પુરૂષોની સેવા, તેમના સમાગમથી જ્ઞાન મેળવી જીવનને ઉર્ધ્વગામી બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. એ માટે આત્માનો વિચાર અને સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ માટે ખંતપૂર્વક ઉદ્યમ કરવો જોઈએ.

આ સંસારના પદાર્થોમાં અનુરાગ એ જ અશાંતિનું આદિ કારણ છે. અખંડ, નિરાકાર, નિર્વિકાર આત્મતત્ત્વ સાથે અનુસંધાન કર્યા વિના આ સંસારચક્રમાં પરમ શાંતિ મેળવવાનું કાર્ય અશક્ય છે.

દૃશ્યો વિનાનું જે ચૈતન્ય છે, એ જ પૂર્ણ આત્મા છે. એ જ સઘળા જ્ઞાનનો સાર છે અને આધાર છે. આ પરમ સત્યને મનમાં સ્થિર કરીને આત્માનું અનુસંધાન રાખવાનો પ્રયત્ન અનંતપદરૂપ પરમાત્માને પ્રાપ્ત કરાવશે.

'તમે ચૈતન્ય છો, હું પણ ચૈતન્ય છું', સઘળા પ્રાણીઓ પણ ચૈતન્ય છે.' જો તમારી બુદ્ધિ કુશાગ્ર હશે તો આટલા શબ્દોથી જ બધા ઉપદેશનો સાર ગ્રહણ કરી શકશો અને સર્વ સારભૂત આત્મમય બની શકશો. અને આત્માનુભવ મેળવી શકશો.

卐

# અવિદ્યાનો વિલય

અવિદ્યાને દૂર કરવા માટે બુદ્ધિ સિવાય બીજા કોઈ અવયવની જરૂર પડતી નથી. અધ્યાત્મશાસ્ત્રનું મનન–પરિશીલન કરવાથી આત્માનો સાક્ષાત્કાર થાય છે અને ભવ-ભ્રમણ ટળી જાય છે.

જેમ સઘળાં જળ સમુદ્રમાં વિશ્રાંતિ પામે છે, તેમ સઘળાં પ્રમાણો અનુભવરૂપી મુખ્ય પ્રમાણમાં વિશ્રાંતિ પામે છે. અનુભવ પ્રમાણને પ્રત્યક્ષ તત્ત્વ કહેવાય છે. વૃત્તિરૂપી ઉપાધિને લઈને તે સંવિત્ કહેવાય છે અને 'હું' એવી પ્રતીતિના કારણે પ્રમાતા કહેવાય છે. વિષયરૂપે પદાર્થ કહેવાય છે. એ જ પરમતત્ત્વ સચ્ચિદાનંદ જગતરૂપે સ્ફુરે છે. અવિદ્યાથી તે ભોક્ત અને ભોગ્યમાં વહેંચાયેલું છે.

આત્માનુભૂતિ વિના નિત્યાનંદ અને પરમાનંદની પ્રાપ્તિ શક્ય નથી. જ્ઞાનથી શમાદિ ગુણો શોભે છે અને શમાદિ ગુણોથી જ્ઞાન શોભે છે. જ્ઞાનથી ચારિત્રની અને ચારિત્રથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

આ વિદ્યમાન જગતના આકાર તરીકે એક શાશ્વત તત્ત્વ છે, તે સત્સ્વરૂપ છે, ચિત્સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એ સર્વ રીતે પરિપૂર્ણ છે.

હાલનું માનસ ભૌતિક અને માનસિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં જ કૃતકૃત્યતા માને છે. ગનથી પર જવામાં, અહંબુદ્ધિને શાન્ત કરવામાં તેને આસ્થા નથી.

### સત્યતત્ત્વ

વિશ્વનું પરમ સત્યતત્ત્વ આત્મતત્ત્વ જ છે. એક આત્મા જ શાશ્વત છે, બીજા બધા પદાર્થો વિનાશી છે. આ સત્યને મનમાં સ્થિર કરવામાં અને તે પ્રમાણે જીવન ઘડવામાં આજના માનસને ઓછો રસ જણાતો નથી.

આત્મવિચારણામાં વિચરાય તો કૈવલ્યપદની પ્રાપ્તિમાં કશો પરિશ્રમ કરવો પડતો નથી. મનમાંથી દ્વૈતનો મૂળથી જ ઉચ્છેદ કરવામાં આવે તો આ પરમપદની પ્રાપ્તિ સુગમ છે. શમ, સંતોષ, સુવિચાર અને સત્સમાગમ આ શુભ કાર્યમાં સહાયક છે.

મોક્ષ જ્ઞાનથી મળે છે, કર્મ અને યોગ તેમાં સહાયક છે. મનને શાન્ત કરીને નિરાકાર–નિર્વિકાર આત્માનો અનુભવ એ મોક્ષ પદાર્થ છે. વિદ્વાનો સત્ વસ્તુને ઋત, આત્મા, પરબ્રહ્મ ઇત્યાદિ નામો આપે છે.

જગત બ્રહ્મથી જુદું નથી. દ્રષ્ટા ઉપર દૃશ્યનું આધિપત્ય તે સંસાર અને દૃશ્ય ઉપર દ્રષ્ટાનું આધિપત્ય ( દ્રષ્ટપણું ) તે મુક્તિ. દૃશ્ય ઉપર આધિપત્ય દીર્ઘકાળના યથાર્થ વિચારથી કેળવાય છે. પદાર્થમાં રસ, પુષ્પોમાં સુગંધ તેમ દ્રષ્ટામાં દૃશ્ય રહેલા છે. રાગ–દ્વેષ–મમત્વ વિના માત્ર જોવું......એ દ્રષ્ટાનો પારમાર્થિક સ્વભાવ છે.

જગતના સર્વ પદાર્થો અસ્થિર નાશવંત છે. પરમાત્માની સત્તાથી જ તે સત્તાવાન ગણાય છે. પરમાત્મા શુદ્ધ જ્ઞાન સ્વરૂપ, અખંડ શક્તિમય છે, નિર્વિકાર છે.

અવિદ્યાનો સર્વથા વિલય થતા, આ સત્ય હૃદયગત થાય છે, અવિદ્યાનો વિલય નિત્ય વિદ્યમાન એવા આત્માના સતત ઉપયોગમા રહેવાના અખંડ–અવિરત અભ્યાસથી થાય છે. આવા અભ્યાસમાં રૂચિ અને પ્રીતિ પરમાત્માના સ્તવન કીર્તન–ચિંતન–મનન અને ધ્યાનથી જન્મે છે, તે પછી અવિદ્યા ખૂબ જ ભારરૂપ લાગે છે.

卐

# વિચાર અને વિવેક

ગુહ્ય એવા બ્રહ્મનો અનુભવ કરવા માટે તેનું મૂલ્ય પણ ચૂકવવું જોઈએ. સૌથી અધિક મૂલ્યવાન બ્રહ્મને મેળવવા માટે પોતા પાસે રહેલ સૌથી અધિક મૂલ્યવાન જે 'અહં' છે, તે તેને આપી દેવો જોઈએ, ત્યજી દેવો જોઈએ. 'અહં' નું વિસર્જન તે જ 'અહં'નું સર્જન છે. કેન્દ્રના સંધાન માટે પરિધિ છોડવી જોઈએ.

બ્રહ્મ વ્યક્તિ નહિ, પણ અનુભૂતિ છે. આકાશની સાથે મળી જવા માટે આકાશ જેવા થવું જોઈએ. આકાશ, રિક્ત અને શૂન્ય છે, તેટલું જ બ્રહ્મ, મુક્ત અને અસીમ છે.

જ્ઞાતા–જ્ઞેય, દ્રષ્ટા–દૃશ્ય જ્યાં સુધી ભિન્ન છે, ત્યાં સુધી સત્યથી વેગળાપણું છે. સ્વયંના સાક્ષાત્કારમાં અન્યતા લોપાઈ જાય છે તેથી 'સ્વયં' એ જ સત્ય છે. ત્યાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એક જ છે.

વિચારની સીમા જ્ઞેય પર્યંત છે. વિચાર સ્વયં જ્ઞેય અને દૃશ્ય છે. અજ્ઞાત અને અજ્ઞેયને જાણવાનું સાધન જ્ઞેય ન બની શકે. શૂન્યથી નિર્વાણ અને પૂર્ણથી બ્રહ્મ પામી શકાય છે.

નિર્વાણ અને બ્રહ્મ શબ્દથી ભિન્ન છે, પણ અર્થથી એક છે. શૂન્યને જાણવા માટે કોઈ શબ્દ કે પ્રમાણ છે નહિ. શૂન્ય એ ભાવ નથી અને અભાવ પણ નથી. કિંતુ

અવ્યક્ત છે. અવ્યક્તનો અર્થ વાણી અને વિચારથી વ્યક્ત ન કરી શકાય. શૂન્યનો અર્થ પણ તે જ છે. જેનો ભાવ વાણી વડે વ્યક્ત ન થઇ શકે તે અભાવ છે. વસ્તુરૂપે અભાવ નહિ, પણ સદ્ભાવ છે. વાણીરૂપે સદ્ભાવ નહિ પણ અભાવ છે.

બ્રહ્મ ગુહ્યતમ છે. એનો સઘળો સાર ઉક્ત પ્રતિપાદનમાં છે તેને પામવા માટે 'અહં'રહિત સ્વયંની અનુભૂતિ જ સાર્થક નીવડે છે.

## જ્ઞાતા–દૃષ્ટા

વિચારોના સાક્ષી બનો, માલિક નહિં વિચારોને તટસ્થભાવે જુઓ, પકડો નહિ. પકડશો તો વિચારની પાર જઇ શકશો નહિ, વિચારથી જે પર છે, તેને પામી શકશો નહિ.

વિચાર યાત્રી છે, મન તેને રહેવા માટેની ધર્મશાળા છે અને ધર્મશાળા એ ઘર નથી, ઘરનું ઘર નથી.

વિચાર કેવળ વિચાર છે. એમાં સારા–ખોટાની ભાવના બંધન છે. નિર્બંધન થવા માટે સાક્ષીભાવ આવશ્યક છે. સાક્ષીભાવ એટલે રાગ નહિ, દ્વેષ પણ નહિ. એથી વિચાર આવતા આપોઆપ બંધ થઇ જાય છે.

વિવેક સ્વકીય અને વિચાર પરકીય છે. વિચાર એ શૂન્ય છે અને વિવેક એ પૂર્ણ છે. વિવેક પ્રજ્ઞા છે, જે પ્રકાશ અને પરમાત્મા તરફ લઈ જાય છે.

વિચાર એ રેત છે અને વિવેક એ રત્ન છે. વિચાર એ માટી છે અને વિવેક એ હીરા છે. રત્ન અને હીરા મેળવવાના છે, રેત અને માટી આપોઆપ છૂટી જનારા છે.

છોડવું તે નકારાત્મક છે, દુઃખ છે, દમન છે. પામવામાં આનંદ છે, સુખ છે, શાન્તિ છે. સ્વપ્નોને છોડવાના નથી, માત્ર જાગવાનું છે જાગવા માત્રથી સ્વપ્ન ચાલ્યા જાય છે.

ત્યાગ કોઇ ક્રિયા નથી, જ્ઞાનનું સહજ પરિણામ છે. ત્યાગમાં જે છૂટે છે, તે નિર્મૂલ્ય છે. જેની ઉપલબ્ધિ થાય છે, તે અમૂલ્ય છે. ત્યાગથી બંધન છૂટે છે અને મુક્તિ મળે છે, તુચ્છને છોડવાનું છે અને સર્વસ્વ મેળવવાનું છે.

વિચારને વળગી ન રહેવાય, તેના પ્રવાહમાં ન તણાવાય, તો આ સત્ય જીવવાનું સુલભ બને છે. વિચારોને સાક્ષીભાવે જોવાના છે, તેમાં તન્મય થવાનું નથી. આવી તટસ્થ અવસ્થાનું પ્રાગટ્ય વિવેક દૃષ્ટિ વડે થાય છે. પછી આત્માની અનુભૂતિ સાક્ષાત્કાર આપોઆપ થવા માંડે છે,

卐

# આંતરદૃષ્ટિ

જગતના પદાર્થોનું સાચું સ્વરૂપ અને મૂલ્યાંકન થયા પછી જીવનમાં શાન્તિ માટેનાં દ્વાર ખુલ્લાં થાય છે. આપણા અંતરમાં અનંત શાન્તિ અને અનંત શક્તિના ભંડાર પરમાત્મા બિરાજી રહ્યાં છે, પરંતુ આપણો તે સાથેનો હોવો જોઈતો સંબંધ છૂટી ગયો છે અને બહારના પદાર્થો સાથે સંબંધ બંધાઈ ગયો છે.

બહારના પદાર્થોના રંગરૂપ ક્ષણે-ક્ષણે બદલાયા કરે છે, કારણ કે તે વિનાશી છે. તેને પોતાને તો પોતાનું કશું જ મૂલ્ય નથી, પણ આપણે જ તે તે પદાર્થોને મૂલ્ય આપ્યું છે.

સોનાની વીંટીની પણ આપણને કિંમત છે, પણ હાથીને સોનાની અંબાડી હોય તો પણ તેની કશી કિંમત નથી. જો આપણે જ પદાર્થોને આપેલું મૂલ્ય પાછું ખેંચી લઈએ, તો જીવનમાંના ઘણા ક્લેશો અને સંતાપો દૂર થઈ જાય.

આપણા અંતરના અતિ ગહન તળમાં અંતરાત્મારૂપે પરમાત્મા બિરાજમાન છે. ત્યાં અનંત આનંદ અને અનંતશક્તિ છે. તેની સાથે સંબંધ બાંધવાની કળા આપણે શીખવી જોઇએ. જો એ કળા હાથ લાગે તો ત્યાંથી આનંદ, શક્તિ અને પરમ તૃપ્તિ આવ્યા જ કરશે. તેનાથી જીવનમાં સ્ફૂર્તિ અને તેજ તથા પ્રસન્નતા જુદાં જ પ્રકારનાં આવશે

એ કળાનું નામ 'નમો' છે. તે મનને પકડાવવાની છે. તો મન જેની પકડમાં છે, તે સંસારમાંથી છૂટીને, આત્મરાજનું બની રહેશે. બહાર નમવાનો કશો અર્થ નથી. તમે સિંહાસનને સો વાર પ્રણામ કરો કે સો વાર લાત મારો, ત્યાંથી કોઇ પ્રતિક્રિયા થવાની નથી, કારણ કે તે લાગણીશૂન્ય, ઉપયોગરહિત જડ પદાર્થ છે. પણ નમવાનું છે આપણામાં રહેલા પરમાત્મસ્વરૂપને, ત્યાં જ અક્ષયસુખનો મહાસાગર ઘૂઘવી રહ્યો છે. પરમ ઐશ્વર્યનો ભંડાર ત્યાં પથરાયેલો છે.

અનાદિના બહિર્ભાવને અલ્પ કાળમાં સર્વથા નાબૂદ કરી શકાતો નથી. તેને માટે સતત અભ્યાસ જરૂરી છે. તેમાં આવતાં વિઘ્નો માટે દૃઢતા કેળવીને જ સફળતા મેળવી શકાય છે.

卐

> આત્મવિચાર સિવાયના વિચારો ઉઠે તેને લેશ માત્ર સ્થાન ન આપતાં આત્મનિષ્ઠામાં મગ્ન રહેવું, એનું જ નામ પોતાની જાત ઈશ્વરને અર્પણ કરવી તે અથવા પ્રભુની શરણાગતિ છે.

# આત્માનુભવનો ઉપાય

બૌદ્ધિક-જ્ઞાન જ્યાં સુધી અનુભવમાં ન પરિણમે, ત્યાં સુધી એ જ્ઞાન પરમ શાન્તિ નથી આપી શકતું. ત્યારે હવે સવાલ એ ઉભો થાય છે કે આત્મ-અનુભવ કેવી રીતે મેળવી શકાય ?

પહેલાં એ નિર્ણય કરવો જોઇએ કે, દેહથી આત્મા અલગ છે. શરીરમાંથી આત્મા નીકળી જાય કે તરત જ શરીર શબ બની જાય છે.

આ આત્મા અથવા ચૈતન્ય શું છે, કેવા અચિન્ત્ય સામર્થ્યવાળું છે, તેનો મહિમા આત્મામાં વારંવાર વસાવવો જોઈએ.

બીજી રીતે પણ ચૈતન્યનો મહિમા હૃદયમાં વસાવી શકાય છે. પચાસ, સાઠ, સિત્તેર કે એંસી વર્ષના જીવન દરમ્યાન શરીરમાં કેટકેટલાં ફેરફાર થાય છે? ક્યાં બચપણનું એ સુકોમળ શરીર ! અને પછી વય વધતાં છેલ્લી વૃદ્ધાવસ્થાનું ક્યાં એ ખખડી ગયેલું શરીર ! છતાં આત્મામાં લેશમાત્ર ફેરફાર થતો નથી. તેનો જ્ઞાન-સ્વભાવ તેમજ સુખ દુઃખને અનુભવવાનો સ્વભાવ એનો એજ રહે છે

વળી એ વિચારવું જોઈએ કે, બાહ્યરૂપનું જ્ઞાન કરવું હોય તો ચક્ષુ-ઈંદ્રિયથી થાય છે, પરંતુ પ્રકાશ ન હોય તો, તે પણ ન થઈ શકે.

એ જ વસ્તુનું જ્ઞાન મનમાં કરવું હોય તો બાહ્યપ્રકાશની કોઇ પણ જાતની મદદ વિના અંદરના આત્મપ્રકાશ વડે થઈ શકે છે.

અંદરનો આ પ્રકાશ અખંડપણે ચાલ્યા જ કરતો હોય છે. અંદરનો આત્મપ્રકાશ ન હોય, તો મનમાં કોઇ પણ વસ્તુનું દર્શન ન થઇ શકે. સૂર્યના પ્રકાશ કરતાં પણ આ આત્મપ્રકાશનું મહત્ત્વ વધારે આંકવું જોઈએ.

સ્વપ્નમાં જે આખી સૃષ્ટિ દેખાય છે તે આત્મ પ્રકાશમાં જ દેખાય છે. કેમકે એ વિના અંદર કોઇ ફાનસ, વીજળી કે સૂર્યનો પ્રકાશ નથી. અને પ્રકાશ વિના કોઇ વસ્તુનું દર્શન ન થઇ શકે એ ચોક્કસ છે. મનમાં એ પ્રકાશ આવ્યો ક્યાંથી ? એ આત્માનો પ્રકાશ છે. અને અખંડપણે વહ્યા જ કરે છે.

આ ત્રણે પ્રકારની અદ્દભુતતાનું વારંવાર ચિંતન કરવાથી, બાહ્ય-વિષયોનું ખેંચાણ ઓછું થઇ જશે અને આત્માનું ખેંચાણ દિન-પ્રતિદિન વધતું જશે.

## આત્માની અખંડ સ્મૃતિ

આત્માનુભવ વિના પરમશાંતિ ન મેળવી શકાય, આ એક અખંડ સત્ય છે. આ અનુભવને મેળવવા માટે આત્માનું અખંડસ્મરણ રહ્યા કરે, તો જ તે દૃઢ થતો જાય.

શરીરની અંદર આત્મા જેવી કોઈ અપૂર્વ વસ્તુ રહેલી છે, એવા ચોક્કસ પ્રકારના જ્ઞાનથી એ સ્મરણ અખંડ બનાવી શકાય. અભ્યાસથી એ થઈ શકે.

મનમાં પહેલાં દૃઢ સંકલ્પ કરવો જોઇએ કે, મારે આત્માનું અખંડ સ્મરણ રાખવું છે! મનમાં કંઈ ને કંઈ વિચારો ચાલતા જ હોય છે. વિચારોની ઘટમાળ અટકતી જ નથી. તેની સાથે જુદી જુદી સ્મૃતિઓ પણ ઉઠયા જ કરતી હોય છે.

આ બધા બિનજરૂરી વિચારો અને બિનજરૂરી સ્મૃતિઓને આપણે પ્રયત્નપૂર્વક, અભ્યાસના બળ વડે અટકાવી શકીએ છીએ. અને એના સ્થાને આત્મ સ્મૃતિમાં આપણું મન પરોવી શકીએ છીએ. માત્ર નિશ્ચય દૃઢ રાખવો જોઇએ કે, મારે આત્માનું સ્મરણ અખંડ રાખવું છે!

આવો નિશ્ચય કર્યા પછી પણ આત્માનું અખંડ સ્મરણ રહેવા લાગશે જ એવો નિયમ નથી! વારંવાર વિસ્મૃતિ થશે, મનમાં આત્મસ્મૃતિને બદલે, બીજી અનેક સ્મૃતિઓ ઉઠયા કરશે, અનેક વિચારો આવ્યા કરશે, એ ભલે આવે; પણ એક વાર નિશ્ચય દૃઢ કર્યો હશે તો સફળતા મળશે જ! મનમાં આવતી બીજી સ્મૃતિઓને તેમજ વિચારોને રોકવાનો પ્રયત્ન અખંડ ચાલુ રહેશે, તો ક્યારેક સફળતાના શિખરે પહોંચાશે જ. અખંડ આત્મ સ્મૃતિને નહિ આંબી શકાય, તો પણ એને વિષે દિન-પ્રતિદિન પ્રેમ તો વધતો જ જશે. અને છેવટે આત્માની ઝાંખી થયા વિના, આત્માનો અનુભવ આવ્યા વિના આત્માનો સ્પર્શ થયા વિના નહિ રહે.

### આત્મધ્યાન

આત્માનુભવ મેળવવા માટે જેટલી જરુર વૈરાગ્યની છે, વિષયો અને કષાયોને મંદ કરવાની છે, તેટલી જરુર આત્મધ્યાનની પણ છે.

આત્મધ્યાન માટે પ્રાતઃકાળનો સમય શ્રેષ્ઠ છે, બ્રહ્મ મુહૂર્તમાં વહેલી સવારે નિદ્રાનો ત્યાગ કરી, આત્મધ્યાન માટે અભ્યાસ કરવામાં આવે તો તે શીઘ્ર ફળીભૂત થાય છે.

ધ્યાન વખતે આવી જતા અન્ય વિચારોને રોકવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય નામ જપનો છે. ઈષ્ટદેવના નામનો જાપ સતત ચાલુ રાખવાથી અયોગ્ય વિચારો આપોઆપ રોકાઇ જાય છે.

એક બાજુ વૈરાગ્ય અને બીજી બાજુ નામ જપનો અભ્યાસ ચાલુ રહે, તો આત્માનુભવ મેળવવાની ચાવી હાથમાં આવી જાય.

આપણી ઇચ્છા વિના એક પણ વિચાર કે ભાવ ચિત્તમાં ન ઉઠે એવી માનસિક સ્થિતિ જો આપણે પેદા કરી શકીએ, તો તત્ક્ષણ જ શાન્તિનો અનુભવ આપણે કરી શકીએ.

મનમાં એક પછી એક વિચારો આવતા જ રહે છે. તેમાંથી રાગદ્વેષના ભાવો પેદા થતા જ રહે છે, અને એ દ્વારા આત્માની શાંતિને ખલેલ પહોંચ્યા જ કરે છે. એ બધામાંથી છૂટવા માટે વહેલી તકે વિચારો ઉપર, ભાવો ઉપર કાબુ મેળવવાનો અભ્યાસ શરુ કરવો જોઇએ, એક બાજુ વૈરાગ્ય હોય અને બીજી બાજુ નામ જપ હોય તો, ઢાલની બે બાજુની જેમ તે આપણી આત્મરક્ષા કરે છે.

આ ઢાલની એક બાજુ વિષયો અને તેના આકર્ષણથી અને બીજી બાજુ વિચારો અને રાગદ્વેષના પ્રહારોથી જીવને બચાવી લે છે. આ બંને પ્રકારના અભ્યાસમાં જેમ જેમ સફળતા વધતી જશે, તેમ તેમ અનુપમ શાંતિનો અનુભવ આત્મગોચર થશે.

દેહ અને તેના ધર્મો વિષેની રમણતાને બદલે, આત્મા અને તેના ગુણોમાં રમણતા કેળવાય, તો આત્મધ્વનિના ઝંકારવાળું ચેતનામય જીવન શરુ થાય! અને આત્માની અખંડ શાંતિ આપણા માટે સ્વાભાવિક બનતી જાય!

દેહમાંના દેહીના અનુભવની તીવ્ર તાલાવેલીને વ્યક્તિની સમગ્રતામાં જન્માવવા માટે ઈષ્ટનો જાપ અને અનિષ્ટકર વિચાર-વાણી આદિનો સદંતર ત્યાગ ખૂબખૂબ જરૂરી છે.

卐

## સંબંધનું જ્ઞાન

દર્શન કરાવવા માટે શ્રી અરિહંતોનું પ્રતિનિધિત્વ, મૂર્તિ અને તેનો આકાર ધરાવે છે. અને સ્મરણ કરાવવા માટે પ્રતિનિધિત્વ મંત્રો અને તેના વર્ણો ધરાવે છે.

એક સંબંધીનું જ્ઞાન, સંબંધના કારણે તેના બીજા સંબંધીનું જ્ઞાન અવશ્ય કરાવે છે.

વાચ્ય-વાચક, સ્થાપ્ય-સ્થાપક, કાર્ય-કારણ વગેરે સંબંધો છે, તેમ સદૃશતાનો પણ એક સંબંધ છે અને વિસદૃશતાનો પણ એક સંબંધ છે

વાચકપદનું જ્ઞાન વાચ્યનું અને વાચ્ય પદાર્થનું જ્ઞાન વાચકપદનું સ્મરણ કરાવે છે. એ ન્યાયે શ્રી અરિહંતપદ તેના વાચ્ય શ્રી અરિહંત પરમાત્માનું સ્મરણ વાચ્ય-વાચકના સંબંધના કારણે કરાવે છે અને શ્રી અરિહંત પરમાત્માનું સ્મરણ, શુદ્ધ આત્મસ્વરૂપનું સ્મરણ સાદૃશ્ય સંબંધના કારણે કરાવે છે.

શ્રી અરિહંતપદથી શ્રી અરિહંત પરમાત્મા અને શ્રી અરિહંત પરમાત્માથી નિજ શુદ્ધ આત્માનું સ્મરણ આપોઆપ થાય છે.

શ્રી અરિહંતની મૂર્તિથી શ્રી અરિહંત પરમાત્મા અને શ્રી અરિહંત પરમાત્માથી નિજ શુદ્ધ આત્માનું સ્મરણ થાય છે.

શ્રી અરિહંત પરમાત્માની સાથે સંબંધ ધરાવનાર કોઈ પણ વસ્તુનું જ્ઞાન જેમ શ્રી અરિહંત પરમાત્માનું સ્મરણ કરાવે છે, તેમ નિજ શુદ્ધ આત્માનું પણ સ્મરણ કરાવે જ છે.

શ્રી અરિહંતના સાધુ શ્રી અરિહંતનો ધર્મ, શ્રી અરિહંતનો સંઘ કે શ્રી અરિહંતે ઉપદેશેલ તત્ત્વજ્ઞાન અને શ્રી અરિહંતે કહેલ ક્રિયાનુષ્ઠાન એક બાજુ શ્રી અરિહંત પરમાત્માનું અને બીજી બાજુ પોતાના શુદ્ધ આત્માનું સ્મરણ કરાવે છે.

સાદૃશ્ય સંબંધ જેમ પોતાના શુદ્ધસ્વરુપનું સ્મરણ કરાવે છે. તેમ વૈસદૃશ સંબંધ પોતાના અશુદ્ધસ્વરૂપનું પણ સ્મરણ કરાવે છે. ઉભયસ્વરૂપનું સ્મરણ કરાવનાર હોવાથી, શ્રી અરિહંતનું સ્મરણ સમ્યક્ત્વને નિર્મળ કરે છે.

શક્તિથી શુદ્ધ અને વ્યક્તિથી અશુદ્ધ એવું પોતાનું આત્મસ્વરૂપ, શ્રી અરિહંતના સ્મરણથી જણાય છે. તેથી એકબાજુ અભિમાન અને બીજી બાજુ દીનતા, આ ઉભય દોષોનો ક્ષય થાય છે.

અશુદ્ધસ્વરૂપનું સ્મરણ અભિમાનનો ક્ષય કરે છે. શુદ્ધસ્વરૂપનું સ્મરણ દીનતાનો ક્ષય કરે છે.

આ પ્રક્રિયાના અંતે નિજ શુદ્ધ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. પોતે અને શ્રી અરિહંત અભિન્ન હોવાનું તત્ત્વ જીવનમાં પ્રતિષ્ઠિત થાય છે.

卐

# આત્મમય ચિત્તવૃત્તિ

ચિત્તને જુદી જુદી વૃત્તિઓ ધારણ કરતાં રોકવું, તેનું નામ યોગ છે. રોકવું એટલે વૃત્તિઓનું વિલીનીકરણ કરવું. ચિત્તવૃત્તિ એ સચ્ચિદાનંદનું એક વિશેષ સ્ફૂરણ છે.

વૃત્તિઓ નિર્મળ અને સ્થિર થઈ જાય તો આત્મા પોતાને ઓળખી શકે. વૈરાગ્યથી વૃત્તિઓ નિર્મળ થાય છે. અને અભ્યાસથી સ્થિર થાય છે.

સરોવર એટલે ચિત્ત, તરંગો એટલે વૃત્તિઓ અને સરોવરનું તળિયું તે આત્મા. આત્મા અને ચિત્ત વચ્ચેનો ભેદ અભ્યાસ વિના સમજાતો નથી.

અભ્યાસ એટલે યોગાંગોની પુનઃ પુનઃ સત્કારપૂર્વક આવૃત્તિ–આદર અને પ્રેમપૂર્ણ અસભ્યસ્તતા, દીર્ઘકાળ સુધી અભ્યાસ માટે અખૂટ શ્રદ્ધા, અવિચળ દૃઢતા, અખંડ ધૈર્ય તેમજ અથાગ પ્રયત્નની જરૂર પડે છે.

સ્વભાવ પર વિજય મેળવવા માટે ચાર વસ્તુની જરૂર છે. શ્રદ્ધા, સમજ, સંયમ અને તપ. સિદ્ધિ માત્ર અભ્યાસને આધીન છે.

અનુરાગ વિનાની ઉપેક્ષા વૃત્તિનું નામ વૈરાગ્ય છે. તૃષ્ણા કદી તૃપ્ત થતી નથી. તેને જેટલી સંતોષો તેટલી વધુ પ્રદીપ્ત બને છે.

વિષયોને આધીન તે સાધક નહિ, પણ વિષયો ઉપર જેનું વર્ચસ્વ છે, તે સાધક. ઇન્દ્રિયો વિષયો તરફ દોડે નહિ, તે માટે મૈત્રી, મુદિતા, કરૂણા સદ્ભાવના આદિના અભ્યાસની જરૂર છે.

પુરુષના જ્ઞાનવડે પ્રકૃતિગુણોમાં અભાવની સ્થિતિ તે પર-વૈરાગ્ય છે આત્માનું તાત્ત્વિક જ્ઞાન થાય ત્યારે ત્રણે ગુણો પરત્વે વિતૃષ્ણા જાગે છે. તે વખતે એક આત્મા જ રહે છે. ત્રણે ગુણો એટલે ત્રણ જાતની શક્તિઓ.

સાધક જ્યારે પોતાના આત્મસ્વરૂપમાં વિરામ પામે છે, ત્યારે પરમ પ્રસન્ન સ્થિતિ પ્રાપ્ત થાય છે. એને જ કૃતકૃત્યતા કહેવાય છે.

અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા ચિત્તની જે સાત્ત્વિક એકાગ્ર ધ્યેયાકાર વૃત્તિ તેનું નામ યોગાભ્યાસ. તેનો પ્રધાન વિષય આત્મસાક્ષાત્કાર છે.

આત્મા સૂક્ષ્મતમ છે. તેથી સ્થૂલમાંથી સૂક્ષ્મમાં અને તેમાંથી સૂક્ષ્મતરમાં થઈને સૂક્ષ્મતમમાં જવાય છે, તેને જ આનંદ કહે છે. આ આનંદ આવ્યા પછી મોક્ષસુખ દૂર નથી.

卐

# અશાન્તિનું મૂળ

આ સૃષ્ટિમાં બે વસ્તુ આપણી નજરે પડે છે. એક આત્મા અને બીજો દેહ! એક અંદરની વસ્તુ અને બીજી બહારની વસ્તુ!

બાહ્ય વસ્તુ આપણને હમેશાં દેખાતી હોય છે, તેથી તેના પર આસક્તિ-મોહ, સહજમાં વગર પ્રયત્ને પેદા થાય છે. જ્યારે આત્મા એટલે ચૈતન્ય અંદરની વસ્તુ હોઈને, તે આપણને દેખાતી નથી. કેમકે એ અરૂપી છે. એને કોઈ સ્થૂલ રૂપ નથી. ચૈતન્ય એ જ એનું રૂપ છે

આ અદ્ભુત રૂપ સાવ પાસે હોવા છતાં અને એ આપણું પોતાનું જ સ્વરૂપ હોવા છતાં, આપણને દેખાતું નથી, એનો અનુભવ આપણને થતો નથી અને તેથી જ આપણાં સુખ, શાન્તિ અને આનંદ આપણી પાસે હોવા છતાં, તેની પ્રાપ્તિ કાજે આપણે બહારની દુનિયામાં દોટ લગાવીએ છીએ, અને પરિણામે અનંત દુઃખ, અશાન્તિ અને શોક સાગરમાં નિરંતર ડૂબેલા રહીએ છીએ. સવાલ એ થશે કે એ ચૈતન્યનો અનુભવ લેવો કઇ રીતે?

## ચૈતન્યનો અનુભવ કરવાની રીત

ચૈતન્યનો અનુભવ કરવા માટેનો એક સરળ ઉપાય ચૈતન્યની ભક્તિ કરવાનો છે. ચૈતન્યની ભક્તિ કેવી રીતે કરવી? ચૈતન્ય વિશે પ્રેમ કે અનુરાગ પેદા કેવી રીતે કરવો? આ પણ એક સવાલ છે.

ચૈતન્યની ભક્તિ કરવા માટે, એને ઓળખવા માટે, આપણી પાસે જે સાધનો છે, તેમાં મુખ્ય બુદ્ધિ અને મન છે. આ બે સાધનો વડે આપણે ચૈતન્યની ભક્તિ કરી શકીએ છીએ.

બુદ્ધિ વડે આપણે ચૈતન્યને કઈ રીતે ગ્રહણ કરીએ છીએ, તેના પર ચૈતન્યની ભક્તિનો આધાર છે.

ચૈતન્યનું સ્વરૂપ, પ્રથમ બુદ્ધિએ દલીલોથી બરાબર ગ્રહણ કરેલું હોવું જોઈએ. દલીલો પણ બહુ અટપટી અને ગુંચવાડો ઊભી કરે તેવી ન હોવી જોઈએ, દલીલો પણ બુદ્ધિમાં સોંસરી ઉતરી જાય તેવી હોવી જોઇએ.

## કેટલીક દલીલો

(૧) આપણે ખાઇએ છીએ, જળપાન કરીએ છીએ, વાત કરીએ છીએ, હસીએ છીએ, મનમાં વિચારો કરીએ છીએ. આ બધું શાના આધારે થાય છે?

જો દેહમાંથી ચૈતન્ય નીકળી જાય, તો તે જ ક્ષણે શરીર શબ બની જાય. ચૈતન્યના અભાવે તે વખતે આપણું અસ્તિત્વ જ મટી જાય છે, ખાવા–પીવા કે ઉઠવા–બેસવાની કોઈપણ ક્રિયા કરી શકતા નથી. એટલું જ નહિ, પણ આત્મા વગરના એ શરીરને સ્મશાનમાં અગ્નિ સંસ્કાર કરવા માટે લઈ જવામાં આવે છે. એટલે દેહની કિંમત કેવળ ચૈતન્ય–આત્માને લીધે જ છે, એમ નક્કી થાય છે.

(૨) આ જગતમાં અસંખ્ય પ્રાણીઓ આપણે નજરે જોઈએ છીએ. કેટલાંક જંતુઓ એટલા સૂક્ષ્મ હોય છે કે, જે આપણી આંખેથી દેખાય અને ન પણ દેખાય.

વિજ્ઞાન કહે છે કે, લોહીના એક ટીપામાં પચાસ લાખ જંતુઓ હોય છે. આ બધાની હયાતિ ચૈતન્ય વિના ઘટી શકતી નથી. ચૈતન્ય કેટલી અદ્‌ભુત વસ્તુ છે! એ આપણું જ સ્વરૂપ છે અને નિરંતર આપણા શરીરમાં વાસ કરતું હોય છે. તે તરફ આપણે આપણું લક્ષ્ય દોરવું જોઇએ.

(૩) શુદ્ધતાની દૃષ્ટિએ વિચાર કરીએ તો ચૈતન્ય–આત્મા જેટલો શુદ્ધપદાર્થ, દુનિયાભરમાં બીજો જોવા નહિ મળે.

કોઈ પણ વસ્તુ આપણે એમને એમ પડી રહેવા દઇએ તો તેમાં પરિવર્તન થવા લાગશે. પાણી જેવી નિર્મળ વસ્તુ પણ એક-બે દિવસ એમને એમ પડી રહે તો બગડવા લાગશે. શરીર એક દિવસ પણ સ્નાન વગરનું રહેશે તો મેલું થવા લાગશે..

માત્ર ચૈતન્ય જ એવી વસ્તુ છે કે, આપણે જીવીએ, ત્યાં સુધી (૬૦-૭૦-૮૦ કે ૧૦૦-૧૨૫ વર્ષ પર્યંત) આપણા શરીરમાં રહેવા છતાં એમાં કશો પણ ફરક પડતો નથી. બચપણથી મૃત્યુ સુધી એ ચૈતન્યરૂપે જ રહે છે. અને તેના કારણે જ શરીર પણ સડતું કે બગડતું અટકે છે. મતલબ કે ચૈતન્ય જેવો સ્વચ્છ અને શુદ્ધ પદાર્થ જગતમાં બીજો કોઇ જડે તેમ નથી.

(૪) સ્થૂલ યંત્ર સારામાં સારૂં હોય તો પણ તેને ચલાવવા માટે માણસની જરૂર રહે છે. એટલે કે ચૈતન્યની જરૂર રહે છે.

ચૈતન્ય સ્વયંભૂ છે. તેને ચાલવવા માટે બીજા કોઈની જરૂર પડતી નથી. તે જ્ઞાન સ્વરૂપવાળું છે, એટલે તેને જાણવા માટે બીજા કોઈની અપેક્ષા રહેતી નથી.

## ચૈતન્યસ્મરણ

આવી અદ્દભુત વસ્તુ આપણા શરીરમાં નિરંતર વાસ કરતી હોય અને એ આપણું જ સ્વરૂપ હોય, છતાં આપણને એનું નિરંતર સ્મરણ ન રહે, તો તે આપણો કેટલો મોટો અપરાધ ગણાય ?

આપણે બધા આજ સુધી આવો જ અપરાધ કરતા આવ્યા છીએ. આ અપરાધ તો જ દૂર થાય. જો આપણે ઉપરોક્ત ચૈતન્યનું સ્મરણ કરવાનો સતત પ્રયત્ન કરીએ, એના સ્મરણનો નિરંતર અભ્યાસ પાડીએ. એ પ્રયત્ન અને અભ્યાસમાં સતત મચ્યા રહેવાથી ધીમે ધીમે તેમાં સફળતા મળશે. પછી જ્યારે પણ દેહને કષ્ટ થશે ત્યારે એ ચૈતન્યના સ્મરણથી એ કષ્ટને આપણે ઘણું હળવું કરી શકીશું, એક સમયે આપણે તેને નિર્મૂળ કરી શકીશું.

## ચૈતન્યની આસક્તિ

જ્યારે દેહમાં, ધનમાં કે કુટુંબના મોહમાં આપણો જીવ ફસાય, ત્યારે સમજવું કે, ઉપર વર્ણવેલી ચૈતન્ય વસ્તુનું જે સ્મરણ આપણને નિરંતર થવું જોઇએ, તે થતું નથી. એના વિશે યથાર્થ અનુરાગ આપણા ચિત્તમાં હજુ પેદા થયો નથી.

મોહ, આસક્તિ કે રાગ-એ પણ એક શક્તિ છે. અને જ્યાં શક્તિ છે, ત્યાં એનું કાર્ય થાય જ ! ભલે પછી તે સારૂં થાય કે નરસું થાય. પણ કાર્ય તો થાય જ. મનમાં રહેલી આ શક્તિને આપણે ક્યાં વાળીએ છીએ, એ જ મુખ્ય પ્રશ્ન છે.

જો આપણે મનની આ શક્તિને ચૈતન્ય તરફ વાળીએ તો મોહ, આસક્તિ કે રાગ ચૈતન્યને વિશે પેદા થશે, દેહ, કુટુંબ કે ધનને વિશે નહિ થાય. જો ચૈતન્યને વિશે આપણા ચિત્તમાં અનુરાગ નિર્માણ નહિ થયો હોય, એના વિશે આસક્તિ પેદા નહિ થઈ હોય, તો દેહ, કુટુંબ કે ધનની આસક્તિ અને મોહ, શી રીતે નાશ પામે ?

આ રીતે વિચાર કરીને ચૈતન્યને વિશે અનુરાગ નિર્માણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ચૈતન્યની ભક્તિ

વર્ષો સુધી વાંચન, સત્સંગ કે પ્રભુભક્તિ વિગેરે કર્યા છતાં શાન્તિ ન મળતી હોય તો આપણે સમજવું જોઈએ કે, સત્સંગ, વાંચન કે પ્રભુભક્તિ વડે ચૈતન્યની ભક્તિ આપણા ચિત્તમાં પેદા થઈ નથી.

આ દિશામાં આપણે એટલી ગતિ કરવી જોઇએ કે, ચૈતન્યનું સ્મરણ થતાંવેંત જ આપણી આંખ ભીની થાય અને આપણું શરીર રોમાંચિત બની જાય !

માને બાળકનું કે બાળકને માનું સ્મરણ થતાં આંખમાંથી આંસુ વહે છે. તેમ આપણે પણ ચૈતન્યનું બરાબર સ્મરણ કરતાં શિખીએ તો આંસુ આપોઆપ નીકળશે ને આપણી રોમરાજી વિકસ્વર થશે.

બાહ્ય જગતમાં હિમાલય કે ગંગા નદીને જોતાં વેંત અદ્ભુતતાનો ભાવ વિકસ્વર થાય છે, પ્રભાતકાળે ઉગતા સૂર્ય તરફ જોતાં જ આ કેવી અદ્ભુત વસ્તુ છે, એવો ભાવ જાગે છે.

ચૈતન્ય તો હિમાલય, ગંગા કે સૂર્ય કરતાં પણ અદ્ભુત વસ્તુ છે. સૂર્ય ગમે તેટલો પ્રકાશક હોવા છતાં ચૈતન્યને જાણી શકતો નથી. સૂર્યને ચૈતન્યનું જ્ઞાન કદી થઈ શકતું નથી.

જ્યારે ચૈતન્યવડે સૂર્ય આદિ સમસ્ત જગતનું જ્ઞાન થાય છે. તેથી તે મહાન છે. સૂર્ય ચૈતન્યને ન જાણે, પણ ચૈતન્ય સૂર્યને જાણે ! ગંગા ચૈતન્યને ન જાણે પણ ચૈતન્ય ગંગાને જાણે તો ચૈતન્ય કેટલી અદ્ભુત અને અલૌકિક વસ્તુ થઈ !

આ રીતે ચૈતન્યનું વારંવાર સ્મરણ થતું રહે તો શાન્તિનો અનુભવ થયા વિના ન રહે. ચૈતન્યનું સતત સ્મરણ ચાલુ રહે તો કુટુંબ કાયા તેમજ ધન પ્રત્યેનો મોહ ચાલ્યો જાય. કેવળ કર્તવ્ય બુદ્ધિ જ બાકી રહે. ચૈતન્યની ભક્તિનું આ એક અદ્ભુત ફળ છે.

ચૈતન્યની ભક્તિનું બીજું ફળ એ આવશે કે, તે ચૈતન્ય-ધારી સર્વજીવો પ્રત્યે અભેદને જોતો થશે.

ભેદ બુદ્ધિ, અશાન્તિને, મોહને અને શોકને વધારનારી છે. ચૈતન્ય અંશને લઈને સર્વજીવાત્માઓ સાથે અભેદ બુદ્ધિ સમતાને પ્રગટાવે છે, શાન્તિનો અનુભવ કરાવે છે, જ્ઞાન અને આનંદને વધારે છે.

ચૈતન્યનો મહિમા જોવો અને ચૈતન્યના કારણે સર્વત્ર તુલ્યતાનો અનુભવ કરવો એ સુખ અને શાન્તિ મેળવવાનો, સર્વ દેશ-કાળમાં અનુભવસિદ્ધ રાજમાર્ગ છે.

卐

# આત્માધાર જીવન

પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ શાન્તિ કેમ જળવાય ? આ પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. સંસાર છે ત્યાં સુધી અનુકૂળ તેમજ પ્રતિકૂળ પ્રસંગો ઊભા થવાના જ ! પ્રતિકૂળ પ્રસંગો, પ્રતિકૂળ લાગવા છતાં આપણે તેને સહર્ષ વધાવી લેવા જોઈએ.

એક અપેક્ષાએ પ્રતિકૂળ-પરિસ્થિતિ ઉપકારક છે, કારણ કે પ્રતિકૂળ પરિસ્થિતિ આવે છે, ત્યારે આપણે કયાં છીએ એની આપણને બરાબર ખબર પડે છે. પ્રતિકૂળ સંયોગોમાં આપણે વિચાર કરતા થઈએ છીએ, ત્યારે આપણામાં જાગૃતિનો યથાર્થ સંચાર થાય છે.

અનુકૂળ પરિસ્થિતિ હોય ત્યાં સુધી આપણામાં જ્ઞાન કેટલું આવિષ્કૃત થયું છે, તેની ખબર પડતી નથી ! આપણે અનુકૂળ પરિસ્થિતિમાં લગભગ જડ જેવા રહીએ છીએ. એમ લાગતું હોય છે કે, આપણને શાન્તિ મળી ચૂકી છે.

પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાંવેંત જ આપણો ભ્રમ ભાંગી જાય છે. જો આપણને ખરેખર શાન્તિ મળી જ હોત તો તે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ બરોબર ટકી રહેવી જોઈએ.

પ્રતિકૂળ પરિસ્થિતિમાં આપણી શાન્તિનો ભંગ થતો હોય તો જાણવું કે આપણને ખરેખરી શાન્તિ સાંપડી નથી.

## પ્રતિકૂળતા ઉપકારક છે.

માણસ સુખ-શાન્તિ મેળવવા માટે જીવતો હોય છે. તેથી પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થતાં જ તેની શાન્તિનો ભંગ થાય છે, ત્યારે તે ઊંચો-નીચો થઈ જાય છે, પરંતુ તેમાં ખેદ પામવા જેવું નથી જ. એથી તો ઉલટું પ્રતિકૂળ-પરિસ્થિતિ-એ આપણા ઉપર એક પ્રકારે ઉપકાર કર્યો ગણાય.

જો પ્રતિકૂળ પરિસ્થિતિ ન આવત તો શાન્તિ મેળવવા માટેનો ઉપાય શોધવાનું મન ન થાત અને પ્રયત્ન કરવાનો ઉત્સાહ ન જાગત. તેથી પ્રતિકૂળ-પરિસ્થિતિનો પ્રસંગ જ્યારે આવે ત્યારે તેને વધાવી લેવો જોઈએ.

## શાન્તિ–અશાન્તિનો અનુભવ

શાન્તિ–અશાન્તિનો અનુભવ આપણા મનમાં જ થાય છે. એટલે પહેલાં એ તપાસવું જોઇએ કે, શાન્તિ–અશાન્તિનો ખરો આધાર કોણ છે?

શાન્તિ–અશાન્તિનો ખરો આધાર જો બાહ્ય પરિસ્થિતિને જ માનીએ તો આપણે અખંડ–શાન્તિનો અનુભવ કદી પણ ન કરી શકીએ. કારણ કે બાહ્ય–સ્થિતિ ઉપર આપણો સંપૂર્ણ કાબૂ હોતો નથી. એટલે હંમેશા એ જ અનુભવ રહેવાનો કે, અનુકૂળ–પરિસ્થિતિ આવે ત્યારે શાન્તિ અને પ્રતિકૂળ પરિસ્થિતિ પ્રાપ્ત થતાં અશાન્તિ!

એથી નિષ્કર્ષ એવો નીકળે કે, શાન્તિ એ નિરપેક્ષ વસ્તુ નહિ, પણ બાહ્ય પરિસ્થિતિને આધીન છે. પણ ના, એમ નથી. અને જો એમ જ હોય તો કોઇને કદી અખંડ શાન્તિ મળી શકે નહિ. શાન્તિ નિરપેક્ષ વસ્તુ છે અને એ નિરપેક્ષ વસ્તુ જ હોવી જોઈએ. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અખંડ શાન્તિ જાળવી શકાય છે, એ સિદ્ધ વાત છે.

તો હવે એ સવાલ થશે કે આવી નિરપેક્ષ શાન્તિ માણસ કેવી રીતે મેળવી શકે?

## નિરપેક્ષ શાન્તિ કેવી રીતે મળે?

માણસનું જીવન, દેહ અને આત્મા બંનેની વચમાં ઊભું છે, આત્માનો આધાર લેવાય ત્યારે શાન્તિ અને દેહનો આધાર લેવાય ત્યારે અશાન્તિ.

આપણે કોનો આધાર લઇને જીવીએ છીએ, તે વિચાર ઉપર જ શાન્તિ–અશાન્તિનું નિર્માણ નિર્ભર છે.

જ્યારે જ્યારે આપણે દેહના આધારે જીવતા હોઇએ છીએ, ત્યારે ત્યારે અશાન્તિનો અનુભવ કરતા હોઇએ છીએ. દેહના આધારે જીવવું એટલે ખાવામાં, પીવામાં, બોલવામાં, ચાલવામાં, જોવામાં, સાંભળવામાં અસંયમીપણે જીવવું અને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિના પાલનમાં શિથિલ બનવું.

જ્યારે આત્માના આધારે જીવવાનો નિશ્ચય કરીએ છીએ. એટલે કે સંયમી જીવન જીવવાનો સંકલ્પ કરીએ અને તે મુજબ, કષ્ટ વેઠીને પણ જીવન જીવીએ ત્યારે શાન્તિનો અનુભવ કરીએ છીએ.

શાન્તિ એ આત્માનો ગુણ અને આત્માનું પોતાનું સ્વરૂપ હોવાને લીધે આત્માના આધારે જીવન જીવનારને શાન્તિનો જ અનુભવ થયા કરશે.

## આત્માના આધારે જીવન એટલે શું?

જે માણસ આત્માના આધારે જીવન જીવવાનો પ્રયાસ કરતો હોય, તેના ધ્યાનમાં સૃષ્ટિનું મિથ્યાપણું, અસારપણું, ક્ષણભંગુરપણું સ્થિર થઈ ગયેલું હોવું જ જોઇએ. તેના

ચિત્તમાં સૃષ્ટિ વિષે વૈરાગ્યના જ વિચારો સતત ચાલ્યા કરતા હોય. ભલે પછી બહારથી પ્રારબ્ધના સંબંધથી આવી પડેલ ઉચિત કાર્યો એને કરવા પડતા હોય, તો પણ આત્માની આગળ, દેહની સમગ્ર સૃષ્ટિની કિંમત તેને મન શૂન્ય હોય. સૃષ્ટિમાં ગમે તેવા અને ગમે તેટલા પરિવર્તનો થયાં કરતાં હોય, તેની તેના દિલ પર જરાય અસર ન હોય, પોતાની શાન્તિને એ કદી પણ ગુમાવે નહિ.

એ પોતે હંમેશા એમ જ વિચારે કે મારૂં સ્વરૂપ શું? દેહ કે આત્મા? જો મારૂં સ્વરૂપ આત્મા હોય તો હું શાન્તિ કેવી રીતે ગુમાવું? કેમ કે શાન્તિ તો મારૂં સ્વરૂપ છે. અગ્નિનું સ્વરૂપ જ ઉષ્ણતા અને પ્રકાશ છે. એ અગ્નિ ઉષ્ણતા અને પ્રકાશ ગુમાવે તો પછી અગ્નિ રહ્યો જ કયાં?

તે જ રીતે મારૂં સ્વરૂપ જો શાંતિ છે, તો પછી તેને જો હું ગમાવું, તો જાતને ગુમાવ્યા બરાબર ગણાય.

હું પોતે ખોવાઇ ગયો છું, એવો અનુભવ આપણને કયારેય પણ થતો નથી. હંમેશાં આપણને આપણા હોવાપણાનો જ અખંડ અનુભવ થાય છે. નિદ્રામાં પણ આપણે જેને ' હું ' તરીકે સંબોધીએ છીએ, 'તે' તો ' જાગતો ' જ હોય છે. કેમકે ગમે તેવી ગાઢ નિદ્રા પણ પૂરી થતાંવેંત આપણે કહીએ છીએ કે, મને આજે ગાઢ નિદ્રા આવેલી! જો આપણે તે વખતે હાજર ન હોઈએ, તો પછી ગાઢ નિદ્રાનો અનુભવ કોણે કર્યો?

એથી સિદ્ધ થાય છે કે, ગાઢ નિદ્રામાં પણ સાક્ષીરૂપે 'હું' હતો જ. એવો જે 'હું' એટલે 'આત્મા', તે અશાન્ત થાય એવો પદાર્થ જ કયાં છે?

આત્માના આધારે જીવનાર માણસના હૃદયમાં આવા વિચારો દૃઢપણે વસેલા હોય છે. તેથી તે હંમેશાં શાન્તિનો જ અનુભવ કરતો હોય છે.

આપણે આત્માના આધારે જીવવાનો નિશ્ચયપૂર્વક પ્રયાસ કરીશું તો આપણને પણ શાન્તિ જ અનુભવવા મળશે. એમાં લવલેશ શંકા નથી.

## વિચાર અને આચાર વચ્ચેનો સુમેળ

આવી શાન્તિનો અખંડ અનુભવ કરવા માટે વિચાર અને આચાર વચ્ચે હંમેશા સુમેળ રાખવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. વિચાર અને આચાર વચ્ચે જો અંતર રહે તો પણ શાન્તિનો અખંડ અનુભવ ન થઈ શકે.

ઘણા માણસોના મનમાં વિચારો ઊંચા આવતા હોય છે, પણ તેવા વિચારોની સાથે અનુસંધાન રાખનારૂં આચરણ તેઓના જીવનમાં હોતું નથી. એથી પરિસ્થિતિ જયાં સુધી અનુકૂળ હોય, ત્યાં સુધી તેમની શાન્તિનો ભંગ થતો દેખાતો નથી, પણ પ્રતિકૂળ પરિસ્થિતિ આવી પડતાં જ તેમની તે શાન્તિ વેર-વિખેર થઈ જતી હોય છે.

જેઓના આચાર અને વિચાર વચ્ચે યોગ્ય સુમેળ હોય છે, તેઓની શાન્તિનો ભંગ નથી થતો. તેથી જીવનમાં સહુથી અગત્યની વસ્તુ, વિચારની સાથે આચારના સુમેળની છે.

અહિંસા, સત્ય, સંયમ, તપ અને બીજા અગણિત આચારો જીવનમાં પાત્રતા વિકસાવે છે. માત્ર સુવિચારોને કરવા ઉપરાંત તેના પરિણામે પ્રાપ્ત થતી અખંડ શાન્તિના પણ અધિકારી બનવા માટે બ્રહ્મચર્ય આદિ સદ્ગુણોના અખંડ પાલનની આવશ્યકતા છે.

વૈરાગ્ય વિના જેમ સૃષ્ટિ વિષેની આસક્તિ જતી નથી, તેમ બ્રહ્મચર્ય આદિ સદાચારોના અખંડ પાલન વિના ચિત્તમાં વૈરાગ્યની સ્થિતિ પણ દીર્ઘકાળ સુધી ટકતી નથી અને એ ન ટકે ત્યાં સુધી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અખંડ–શાન્તિ ટકાવી રાખવાનું બળ મળતું નથી.

અખંડ શાન્તિના અર્થીએ આચાર અને વિચાર વચ્ચે સુમેળ ટકાવી રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

એ રીતે આત્માને લક્ષ્યમાં રાખીને જીવનારો આત્મા સાચા સ્વરૂપને પામી શકે છે.

卐

# આત્મજ્ઞાન અને તેનાં સાધન

સઘળાં દુઃખનું મૂળ જે આત્મઅજ્ઞાન અને સઘળાં સુખનું મૂળ જે આત્મજ્ઞાન, તે અનુક્રમે ટાળવા અને આપવા માટે જ જિનમૂર્તિ અને જિનાગમનું અસ્તિત્વ છે.

આગમથી આત્મઅજ્ઞાન ટળે છે. મૂર્તિથી આત્મજ્ઞાન મળે છે.

આગમના ઉપદેશક શ્રી તીર્થંકર, ગણધરો છે, તેથી શ્રી તીર્થંકર, ગણધરોનું અસ્તિત્વ પણ આત્મજ્ઞાન માટે છે. શ્રી તીર્થંકર, ગણધરોની ઉત્પત્તિ સિદ્ધપણાનું અસ્તિત્વ છે, તેથી સિદ્ધિગતિનો માર્ગ બતાવવા માટે છે. અને સિદ્ધગતિ પામવા માટે જ તેમનો પ્રકાશ છે. તેથી પરંપરાએ સિદ્ધ પરમાત્મા જ સર્વના ઉપકારક છે. એ એક કોયડો છે. બધાનો હેતુ આત્મજ્ઞાન છે આત્મજ્ઞાન થવાના વિવિધ ઉપાયો અને વિવિધ કારણોનો સંગ્રહ તે જૈનશાસન છે. તેમાં મૂર્તિ અને મંત્ર મુખ્ય છે. શીઘ્રપણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનાં તે સર્વોત્તમ સાધનો છે. કેમકે તે બંનેમાં આત્મજ્ઞાની મહાપુરુષોનું પૂજન, સ્મરણ, ધ્યાન અને તે દ્વારા આત્મજ્ઞાનની સિદ્ધિ રહેલી છે.

આગમ આપ્તવચનરૂપ છે, તે મૂર્તિ અને મંત્ર બંનેના મહત્ત્વને બતાવે છે. અને ચતુર્વિધ શ્રીસંઘમાં ઉપદેશ દ્વારા એકવાક્યતા જાળવી રાખે છે.

પદસ્થ ધ્યાનનું મૂળ, મંત્ર છે.
રૂપસ્થ ધ્યાનનું મૂળ, મૂર્તિ છે.
મંત્ર જીહ્વાથી જપાય છે.
મૂર્તિ ચક્ષુથી જોવાય છે.

જીહ્વા દ્વારા થતા મંત્રજાપવડે અને ચક્ષુદ્વારા થતાં મૂર્તિના દર્શનવડે યોગના આઠે અંગોનું સેવન થાય છે.

પ્રથમના પાંચ અંગ, બહિરંગ સાધન છે, પછીના ત્રણ અંગ અંતરંગ સાધન છે.

બહિરંગ સાધનરૂપ બાહ્ય સંયમ એ ઇન્દ્રિયોનો અને પરંપરાએ પ્રાણ અને દેહનો સંયમ છે.

卐

# આત્મપ્રેમ અને તેનો ઉપાય

આત્મ સ્વરુપ કેવળ અનુભવગમ્ય છે. તે અનુભવ મન, વાણી અને દેહથી અલગ કે વિરક્ત થયા સિવાય મળતો નથી. તે અનુભવનું દ્વાર ખોલવા માટે સાચા પ્રેમ ભર્યો એક જ સાદ કરવો બસ છે.

મન, વાણી અને દેહથી અલગ થઇને, પર બનીને સાચા પ્રેમથી જો આ સાદ કરવામાં આવે તો આજે જ, આ ક્ષણે જ હૃદયના અંતરતમ પ્રદેશમાં તે અનુભવ થવો શક્ય છે.

**મનુષ્ય પોતાનો સઘળો પ્રેમ, આજે આત્મસ્વરુપ સિવાય બીજે બધે પાથરી બેઠો છે.** કામરાગ સ્નેહરાગ અને દૃષ્ટિરાગને વશ થઈ, પોતાને છોડી પરમાં પોતાનો બધો પ્રેમ મનુષ્ય વિખેરી બેઠો છે. સર્વત્ર વિખરાએલા આ પ્રેમને એકત્ર કરી લેવામાં આવે અને પાણી માટે તરસ્યાની જેમ તેને જો એક જગ્યાએ લગાડવામાં આવે, તો સ્વ-સ્વરુપનો અનુભવ થવો શકય બને. આત્મસ્વરુપ પ્રત્યેના પ્રેમ વિનાનું શાસ્ત્રીય જ્ઞાન પણ ઘણીવાર શુષ્ક, નિરસ અને લુખ્ખું લાગે છે.

વિખરાએલા તાંતણા જ્યારે એકત્રિત થઇને, પરિપુષ્ટ દોરડારુપે પરિણામ પામે છે, ત્યારે અતિ બળવાન એવા જાનવરને પણ એ વશ કરી શકે છે, તેમ કામરાગ, સ્નેહ-રાગ અને દૃષ્ટિરાગરૂપે વિખરાએલા પ્રેમના તાંતણાઓને એકત્ર કરવામાં આવે, સમૂ-હિત કરવામાં આવે અને મજબૂત પાશરૂપ બનાવવામાં આવે, તો તે પ્રેમ પાશવડે

અત્યંત બળવાન એવા મન-માતંગ ને પણ વશ કરી શકાય છે. વશ થયેલા આ મન-માતંગ પર આરુઢ થઈને પછી આત્માનુભવ સુધી સુખપૂર્વક પહોંચી શકાય. મન-માતંગ જો કે અતિ તરલતમ (ખૂબ જ ચંચળ) છે. છતાં એકત્રિત થએલા પ્રેમ પાશ વડે સહેલાઇથી તેને બાંધી શકાય છે. અને તે દ્વારા આત્માનુભવના દ્વાર સુધી પહોંચી શકાય છે.

## પ્રેમનો પોકાર

પ્રેમ એ વિશ્વનું મહાવશીકરણ છે. પ્રેમના પોકારથી અનુભવનાં દ્વાર ઉઘડી જાય છે. અને સમગ્ર તત્ત્વજ્ઞાનના નિષ્કર્ષભૂત સ્વાનુભવમાં પ્રવેશી શકાય છે. ત્યાં સહજ એવા આત્મસ્વરુપને ભેટવાથી જે નિરવધિ-નિરાકુલ-નિરુપાધિક આનંદનો અનુભવ થાય છે, તેનું વર્ણન વૈખરી-વાણીથી કેવી રીતે થઈ શકે ?

ઇન્દ્રિય ગ્રાહ્ય સુખાભાસરુપ દાંપત્યનું સુખ પણ જો અવર્ણનીય મનાયું છે, તો ઇન્દ્રિયાતીત આત્મિક સુખના અનુભવને વાણી કે લેખિની કઈ રીતે વર્ણવી શકે ?

પર વસ્તુમાં વિખરાએલા પ્રેમને એકત્ર કરી, પાછો ખેંચીને સ્વ વસ્તુ-સ્વત્વમાં સમગ્રપણે જોડવામાં આવે, કેન્દ્રીભૂત કરવામાં આવે અને તે માટે દેહ, વાણી અને મનથી પર બની આત્માનુભવ પામવાનો પ્રેમપૂર્વક સતત પ્રયાસ કરવામાં આવે તો, આજે પણ તે અતીન્દ્રિય સુખના આસ્વાદના અંશોનો અનુભવ લઈ શકાય.

આત્મપ્રેમ એ જ્યાં-ત્યાં ઢોળી નાખવા જેવી મામુલી વસ્તુ નથી ! જેના પ્રેમના વિષય તરીકે આત્મા છે, તેનું જીવતર ધન્ય છે !

卐

# નિર્વિકલ્પતા અને નિઃસંગતા

આંતર નિર્વિકલ્પતા અને બાહ્ય નિઃસંગતા બંને મળીને આત્માધ્યાસ હું આત્મ-સ્વરૂપ છું એવી નિર્મળબુદ્ધિને સિદ્ધ કરે છે. આત્મદેવનાં દર્શન મન અને બુદ્ધિના વ્યાપાર વડે અશક્ય છે. તે માટે બંનેને નિર્વ્યાપાર બનાવવાની આવશ્યકતા છે.

નિર્વિકલ્પતા અને નિઃસંગતાનો અભ્યાસ-એ મન અને બુદ્ધિને અગોચર એવા આત્મદેવના દર્શનની ગુરૂ-ચાવી છે. આત્મદેવનું દર્શન કેવળ સ્વાનુભૂતિ ગમ્ય છે. અને તે સ્વાનુભૂતિ નિર્વિકલ્પતા અને નિઃસંગતાની અપેક્ષા રાખે છે. નિર્વિકલ્પતા અને નિઃસંગતા અભ્યાસ સાધ્ય છે. તે અભ્યાસ માટે પ્રથમ અશુભ વિકલ્પમાંથી શુભ-વિકલ્પમાં જવું આવશ્યક છે. શુભવિકલ્પમાંની નિર્વિકલ્પમાં જવું સુલભ છે, તેથી શુભવિકલ્પ સેતુનાં સ્થાને છે.

તે જ રીતે કુસંગમાંથી છૂટી, અસંગ થવા માટે સત્સંગ સેતુ છે. અશુભ ધ્યાનમાંથી છુટી. શુક્લ ધ્યાનમાં જવા માટે ધર્મધ્યાન સેતુ છે. આર્ત-રૌદ્રધ્યાન એ અશુભ છે. મૈત્ર્યાદિ વિકલ્પો એ શુભ છે. તે નિર્વિકલ્પમાં જવા માટે સાધન હોવાથી સેતુ તુલ્ય છે.

ત્રિમાત્રમાંથી અમાત્રમાં જવા માટે અર્ધમાત્રા એ સેતુ છે. વૈખરીમાંથી પશ્યન્તીમાં જવા માટે મધ્યમાં સેતુ છે. અને મધ્યમામાંથી પરામાં જવા માટે પશ્યન્તી એ સેતુ છે. આહતમાંથી અનાહતમાં જવા માટે વર્ણાવલિ સેતુ છે અને વર્ણાવલિની વિચ્યુતિ વડે અવ્યક્તમાં જવા માટે અનાહત એ સેતુ છે.

નિર્વિકલ્પતા અને નિઃસંગતાનો વિશેષે અભ્યાસ કરવા યોગ્ય છે, કે જે અંતે અધ્યાસમાં પરિણમે. અભ્યાસ અધ્યાસમાં પરિણમવો જોઈએ. અને વૈરાગ્ય ઐક્યમાં પર્યવસિત થવો જોઈએ.

દેહાદિમાં અધ્યાસ પ્રત્યક્ષસિદ્ધ છે અને તે અનાયાસે સિદ્ધ થયેલો છે. એજ રીતે આત્મામાં અધ્યાસ જ્યાં સુધી અનાયાસપણે સિદ્ધ ન થાય, ત્યાં સુધી તે માટે અધ્યાસ પ્રયત્ન આવશ્યક છે.

અધ્યાસ એટલે એકતાની અનુભૂતિ.

દેહાદિ પુદ્ગલમાં એકતાની મિથ્યા અનુભૂતિ છે, તે વૈરાગ્યથી નિવારી શકાય અને આત્માની સાથે તાત્ત્વિક એકતાની અનુભૂતિ નથી, તે ઉક્ત અભ્યાસથી સાધી શકાય.

સહજ સ્વભાવરમણતાની પરિણુતિ વડે જ સહજાનંદ સુલભ છે તે માટે ઉક્ત બે ગુણોની સાધના અનિવાર્ય છે.

卐

# બ્રહ્મભાવનો પ્રભાવ

બાહ્ય ઔદારિક શરીર સમાન હોવા છતાં આંતરમાનસ શરીર અને તૈજસ-કાર્મણ શરીર પ્રત્યેકનું ભિન્ન હોય છે.

માનસ શરીર બોધાત્મક અને કાર્મણ શરીર વાસનાત્મક હોય છે.

વાસના ભેદે, બોધ-ભેદ પણ હોય છે. તેથી સમાન આકૃતિવાળા મનુષ્યો પણ ગુણથી, ક્રિયાથી અને રૂચિથી ભિન્ન હોય છે. એવી સમજ જેને હોય, તે સ્વાશ્રય અને અભેદનો અધિકારી થઈ શકે છે. તેનાં સાધનો તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય અને મનોનાશ છે. તે માટે નિવૃત્તિમાર્ગ આવશ્યક છે,

પ્રવૃત્તિ માર્ગમાં તત્ત્વજ્ઞાન મેળવી શકાય છે, પરંતુ વાસનાક્ષય અને મનોનાશ દુષ્કર છે.

તે માટે સંગતિકરણરૂપી મહાયજ્ઞ બતાવ્યો છે. વિદ્યા અને મંત્ર તેમાં સહાયક બને છે.

સંગતિકરણ એટલે સમાન માર્ગમાં ગમન ! એક જ માર્ગે ઘણાઓનું ચાલવું, સર્વ સામાન્ય માટે હિતકારી સંવિધાન છે.

મંત્રદેવતા પાપનાશ માટે સમર્થ હોય છે. મંત્રજાપ વડે પ્રાણબળ અને મનોબળ વધે છે.

સર્વત્ર આત્મદૃષ્ટિરૂપી બ્રહ્મજ્ઞાન ન હોય, તો પ્રાણબળ અને મનોબળ વધવાથી અહંકારની પણ વૃદ્ધિ થાય છે. આ વિકસિત અહંભાવનું Purification (શુદ્ધીકરણ) બ્રહ્મજ્ઞાનથી થાય છે.

નવકારમંત્રની આરાધના આત્મદૃષ્ટિરૂપી બ્રહ્મજ્ઞાન આપીને આત્માને ઉંચે ચઢાવે છે.

卐

# ઈચ્છાનિરોધ

વિશ્વાત્મા એ જ સ્વાત્મા છે. એવો સ્વાનુભવ કરવો, તે સર્વ ઉપદેશોનો સાર છે.

જ્યાં કામ ત્યાં નહિં રામ, જ્યાં રામ ત્યાં નહિં કામ. જો આત્મારુપી મહારાજાને મળવું હોય તો કામના વાસના અને ઈચ્છાઓરૂપી જૂના-પૂરાણાં-ફાટેલા-તુટેલાં ચીંથરાઓને ફેંકી દો, ફગાવી દો. રાજાને ત્યાં રાજા જ પરોણા હોય.

આશ્ચર્ય એ છે કે, જ્યારે કામનાઓને છોડવામાં આવે છે, ત્યારે તે પોતાની મેળે જ પૂરી થવા માંડે છે. લોઢું અગ્નિમાં પડે એટલે અગ્નિનો ગુણ તેમાં આવી જાય છે. એ જ રીતે મન, ચૈતન્યમાં થોડો કાળ અભેદપણે રહે, તો તેમાં અચિન્ત્ય શક્તિ આવી જાય છે.

એકાંતમાં બેસી, વૃત્તિઓને ખેંચી લઇ તેજનાં પૂંજ સ્વરૂપ આત્મામાં અભેદ માણ્યા કરો એટલે અખૂટ આનંદ સાથે અનુકૂળ સામગ્રી ચરણોમાં આળોટશે. ઈચ્છાઓનું ફળ મળશે પણ તેનું મૂલ્ય ચુકવવું પડશે. તેનું મૂલ્ય એટલે ઉદાસીનતા, સર્વ ઇચ્છાઓનો પરિત્યાગ, પ્રભુની ઇચ્છામાં જ પોતાની ઇચ્છા ભેળવી દેવી તે. તેનું જ નામ આત્મસંયમ, આત્મસમર્પણ અને આત્મનિવેદન વગેરે છે.

જ્યારે ઇચ્છા વિનાના થશો ત્યારે જ પ્રભુ તરફથી સન્માન પામશો. જ્યાં સુધી ઇચ્છાઓ છે, ત્યાં સુધી ભિખારીપણું કાયમ છે. ધ્યાનપરાયણ થવુ એટલે ઈચ્છારહિત થવું. ઇચ્છાનું ધ્યાન તે, અરતિકર આર્ત્તધ્યાન છે, વાંસળીની માફક સંપૂર્ણ ઇચ્છારહિત પોલા થાઓ. તો જ અંદરથી મધુર સ્વર નીકળશે. જેમાંથી પૂર્ણત્વનું અમી ઝરતું હોય છે.

નિરીચ્છ થવામાં આત્માનું સન્માન છે. પરમાત્માના ગુણગાન ઇચ્છાનો અંત આણે છે, તેનું કારણ પણ તેઓ સ્વયં સંપૂર્ણપણે અવસ્થિત છે, તે છે.

ઇચ્છા કોણ કરે? જે અપૂર્ણ હોય તે. પૂર્ણને વળી ઇચ્છા કેવી? તો વિચારવાનું એ છે કે આત્મા સ્વભાવે પૂર્ણ હોવા છતાં આપણા મનમાં ભિન્ન-ભિન્ન ઇચ્છાઓ મિથ્યાદૃષ્ટિના કારણે જાગે છે.

મિથ્યાદૃષ્ટિ હંમેશાં મિથ્યારાગી હોય છે. આ દૃષ્ટિનો ત્યાગ પરમાત્માના દર્શનથી સુલભ બનતા આત્મદર્શનથી થાય છે. માટે મનને પુનઃપુનઃ પરમાત્માના સ્મરણ દ્વારા આત્માનું અનુસંધાન કરાવવું એ નિરીચ્છ બનવાનો રાજમાર્ગ છે.

卐

# તત્ત્વ-દર્શન

સર્વ દોષ રહિત અને સર્વ ગુણ સહિત એવા શુદ્ધ આત્મતત્ત્વને પામવાનું સાધન દોષની ગર્હા અને ગુણની અનુમોદના છે. જ્યાં સુધી દોષના લેશની પણ અનુમોદના છે, અને ગુણના અંશની પણ ગર્હા છે, ત્યાં સુધી શુદ્ધ આત્મસ્વરૂપની રૂચિ, શ્રદ્ધા કે પરિણતિ ઉત્પન્ન થઈ છે, એમ કહી શકાય નહિ.

એ કારણે આરાધ્ય દેવ એક વીતરાગ જ છે. પૂજ્ય ગુરુદેવ એક નિર્ગ્રન્થ જ છે અને શુદ્ધ ધર્મ એક જીવદયા જ છે એમ ન સમજાય ત્યાં સુધી ભાવથી દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના કે અરિહંતાદિનું શરણગમન શક્ય નથી.

ધ્યેય તરીકે, આરાધ્ય અને ઉપાસ્ય તરીકે વીતરાગદેવ, નિર્ગ્રન્થગુરુ અને દયામય ધર્મ જેના હૃદયમાં વસે છે, તેના હૃદયમાં પળે પળે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ધર્મનું શરણગમન વસેલું હોય છે.

દુષ્કૃતમાં હેય બુદ્ધિ, સુકૃતમાં ઉપાદેય બુદ્ધિ અને ધર્મમાં અત્યંત ઉપાદેય બુદ્ધિ એ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. એને જ સંસાર હેય, મોક્ષ ઉપાદેય અને તેનું સાધન રત્નત્રય એ અત્યંત ઉપાદેય લાગે છે.

સંસાર એ પાપનું સ્થાન, મોક્ષ એ ગુણનું ધામ અને ધર્મ એ પાપનો પરિહાર, આ ત્રણ તત્ત્વની સદ્દહણા એ સમ્યગ્દર્શનની નિશાની છે.

દુઃખનું કારણ દુષ્કૃત, સુખનું કારણ સુકૃત અને અક્ષય અવ્યાબાધ સુખનું કારણ ધર્મ છે. ધર્મમાં દયા મુખ્ય છે. દયા એ દુઃખીના દુઃખને નિવારવાની વૃત્તિ છે.

સ્વ-પરના દુઃખ પ્રત્યે દ્વેષ અને સ્વ-પરના સુખ પ્રત્યે સાચો અનુરાગ તો જ પ્રગટ્યો કહેવાય કે જ્યારે દયામાં ધર્મબુદ્ધિ પેદા થાય.

દયાના પર્યાય અહિંસા, સંયમ, તપ, શીલ, સંતોષ, ક્ષમા, માર્દવ, આર્જવ, દાન, પરોપકાર, નિઃસ્વાર્થ સ્નેહ આદિ છે.

સાચા હૃદયની દુષ્કૃત ગર્હામાંથી જે અગ્નિ પેદા થાય છે તે ચીકણાં કર્મોને પણ ભસ્મીભૂત કરી નાંખે છે અને તીવ્ર સુકૃતાનુમોદનામાં પરિણમીને સુકૃતસાગર શ્રી અરિહંત પરમાત્માના ચરણમાં મનને સમર્પિત કરી દઈને શુદ્ધ ધર્મમાં રમમાણ કરે છે.

卐

# તત્ત્વ-વિચાર

આર્તધ્યાનરૂપી કલ્પનાજાળનો ઉચ્છેદ સ્વસુખદુઃખની ચિંતા છોડવાથી થાય છે. સર્વના સુખ-દુઃખની ચિંતા કરવાથી સમત્વભાવ પુષ્ટ થાય છે. અનંતગુણ, પર્યાયથી સમૃદ્ધ એવા આત્મદ્રવ્યમાં રમણતા કરવાથી સકળકર્મનો ક્ષય થાય છે.

આર્ત-રૌદ્રધ્યાનનો ત્યાગ, ધર્મધ્યાનનું સેવન અને શુક્લધ્યાનનો અભ્યાસ એ મનોગુપ્તિના ત્રણ દ્વાર છે.

સ્વ ( Self and not Soul ) નો વિચાર આર્તધ્યાનનું બીજ, સર્વનો વિચાર ધર્મધ્યાનનું બીજ અને આત્મદ્રવ્યનો વિચાર એ શુક્લધ્યાનનું બીજ બને છે.

બીજાના દુઃખનું નિવારણ જેઓ ઇચ્છતા હોય અને બીજાના સુખનું સર્જન ચાહતા હોય, તેઓ જ અકરણ નિયમને યોગ્ય બની શકે છે. પાપ ન કરવાની વૃત્તિનું બીજ બીજાનાં દુઃખ નિવારણ કરવાની ઇચ્છામાં છે. તેને જ દયા કહે છે.

જીવમૈત્રી અને જિનભક્તિ પરસ્પર અનુસ્યૂત છે. એકનાં અભાવમાં બીજાનો સદ્ભાવ રહેલો નથી. ઉત્કૃષ્ટ જીવમૈત્રીના કારણે શ્રી જિનેશ્વર ભગવંતો ભક્તિને પાત્ર છે. એટલે તેમની ભક્તિ જીવમૈત્રીને વિકસાવે છે.

જીવ તત્ત્વ ઉપાદેય છે. અજીવ તત્ત્વ હેય છે. સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે, કેમ કે તે જીવ તત્ત્વ છે. આશ્રવ, બંધ અને પાપ હેય છે, કેમ કે તે અજીવ તત્ત્વ છે. જિનતત્ત્વમાં મોક્ષતત્ત્વની ઉપાદેયતા રહેલી છે, જીવમૈત્રીમાં સંવર નિર્જરા તત્ત્વની ઉપાદેયતા છે. આશ્રવ, બંધ અને પાપ એ હેય તત્ત્વો છે, કેમ કે તેમાં જીવ દ્વેષ અને જિનઅભક્તિ રહેલાં છે.

જિન એ જીવનું શુદ્ધસ્વરુપ છે. જીવનું અશુદ્ધસ્વરુપ કરુણા અને માધ્યસ્થને પાત્ર છે. જીવનું શુદ્ધસ્વરુપ પ્રમોદ અને ભક્તિને પાત્ર છે.

અજીવતત્ત્વના સંબંધથી જીવમાં અશુદ્ધિ આવે છે, તેથી જીવમાં અશુદ્ધિ લાવનાર અજીવતત્ત્વ હેય છે. હેયમાં ઉપાદેય બુદ્ધિ અને ઉપાદેયમાં હેયબુદ્ધિ—એ દૃષ્ટિનો અંધાપો છે, તે મિથ્યાદૃષ્ટિનું દર્શન છે. જિનદર્શન તેને દૂર કરે છે. કારણ કે જિનરાજમાં સર્વગુણ પ્રકર્ષતા છે. પોતે પરમતત્ત્વસ્વરૂપ છે.

તત્ત્વ વિષયક આ વિચારણા જીવનમાં વણાય ત્યારે જ જિનભક્તિ અને જીવમૈત્રી જીવનમાં વણાય છે. તેનાથી આર્તરૌદ્રધ્યાન જનક સ્વાર્થ પ્રચુરતા મંદ પડીને ધીમે ધીમે નાશ પામે છે. અને આત્મ વિકાસ સધાય છે.

卐

## તત્ત્વનું તત્ત્વ

વિરક્તિ માટે પૂર્ણતાની દૃષ્ટિથી આત્મદ્રવ્યની પ્રીતિ કેળવવી જોઈએ.

મૈત્રી માટે જાતિગત અભેદની દૃષ્ટિથી આત્મદ્રવ્યની ઉપાસના કરવી જોઈએ.

પૂર્ણતાની દૃષ્ટિ, તૃષ્ણાનો ઉચ્છેદ કરે છે.

અભેદની દૃષ્ટિ ઈર્ષ્યા, અસૂયા દ્વેષ આદિ ઉપક્લેશોનો છેદ કરે છે.

કર્તૃત્વાભિમાનનો અંત લાવવા માટે કર્તૃત્વ જેનું છે, તેને સોંપવું જોઈએ.

કર્મગ્રસ્ત આત્મા પણ સ્વભાવે તો પૂર્ણ જ છે. વાદળવડે ઢંકાયેલા પણ સૂર્યમાં અંધકાર નથી જ હોતો, પણ તે સમયે બાહ્ય જગતમાં દેખાતો અંધકાર તો વાદળના ઘરનો હોય છે, તેમ મનરૂપી જગતમાં પ્રવર્તતો અપૂર્ણતાનો અંધકાર પણ કર્મના ઘરનો હોય છે.

આ અંધકારને જીવનમાં અગ્રીમતા અપાય છે, તો જીવન ભારરૂપ બને છે અને તેનાથી પર એવા પૂર્ણ આત્માને જીવનમાં પ્રધાન સ્થાન અપાય છે તો મહાત્માઓને પ્યારા વૈરાગ્યની સર્વોચ્ચ અનુભૂતિ સ્વાભાવિક બને છે.

ફક્ત એક મિનિટ માટે પણ જો માનવી પોતે પોતાને આ પૂર્ણતાની દૃષ્ટિથી જુએ, વાંચે, વિચારે તો પણ તેને વિરક્તિનો અમૃતાનુભવ થયા સિવાય ન રહે.

વૈરાગ્ય એ કોઈ ભાગેડુવૃત્તિ નથી કે કાયરતા નથી, પણ આત્મસ્વભાવની સ્વભાવગત લાક્ષણિકતા છે. જગતના જીવોને શાતા બક્ષનારી અતિશય સૂક્ષ્મ શક્તિ છે.

ધર્મની આરાધનાનું લક્ષ્ય આ પૂર્ણતાની પરિપૂર્ણ પ્રાપ્તિ જ છે.

'વિરક્તિ' પદાર્થમાંથી એ ભાવ પણ નિષ્પન્ન થાય છે કે, જીવ માત્રમાં પૂર્ણ રક્તતા, પૂર્ણ જીવમૈત્રી. પાકી જીવમૈત્રીવડે સાચી વિરક્તિ કાર્યક્ષમ નીવડે છે. તાત્પર્ય કે વિરક્તિ અને મૈત્રી એ પરસ્પરનાં પૂરક છે. એકના અભાવમાં બીજાનું હોવું શક્ય નથી.

આ બંન્ને વાતોનો આજ્ઞા સાપેક્ષપણે સમાવતાર કરવાથી, 'ધર્મ' જીવન બને છે. શ્વાસમાં પૂર્ણતા ઘૂંટાય છે, મનમાં મૈત્રી જીવાય છે અને તેનો સઘળો યશ આત્મદેવને આપવાથી નિરહંકારીવૃત્તિનું ચલણ જીવનમાં સ્થપાય છે.

કર્તૃત્વાભિમાન એ મોટો દોષ છે, નિંદનીય સ્તેનકૃત્ય છે. જે જેનું છે, તેના ખાતે જમા કરવામાં પ્રામાણિકતા છે, નીતિમત્તા છે. સારું જે કાંઈ છે, તે તેના સ્વામીના ખાતે જમા કરવાને બદલે પોતાના ખાતે જમા કરવાની અધમવૃત્તિનું જ બીજું નામ મિથ્યા અહંકાર છે. તે અહંકાર પ્રભુને સમર્પિત થવાથી જ દૂર થાય છે. અને આત્માનુભવ થાય છે.

卐

## તત્વ–પ્રસાદ

દ્રવ્ય અને પર્યાય ઉભયથી આત્માને જાણવો તે જ્ઞાન છે.

મનનું મૌન એટલે વિચારોનું મૌન. જ્યારે વિચાર વિરમે ત્યારે આ મૌન સધાય. પરાવાચાનું મૌન સધાય ત્યારે તે વાચાનું પૂર્ણ મૌન કહેવાય.

વૈખરીનાં મૌન કરતાં મધ્યમાં, પશ્યન્તી અને પરાવાણીનું મૌન ઉત્કૃષ્ટ છે.

જ્યાં વૃત્તિ નથી, ત્યાં આત્મા તો છે જ.

'सुखमस्यात्मनोरुपं, सर्वेहाउपरतिस्तनुः ।'

આનંદ એ આત્માનું સ્વરુપ છે, બધી ઈચ્છાની શાંતિ એ તેનું શરીર છે.

જ્ઞાનમાર્ગમાં શ્રવણ એ મુખ્ય સાધન છે. જેનું શ્રવણ કરીએ તે પૂર્વ પરિચિત હોય તો તેનો સાક્ષાત્કાર તુરત થાય છે.

મહામૌનમાં સંધિકાળ લાંબો હોય છે. તેમાં પોતાના આનંદ સ્વરુપ આત્માનો પરિચય વધવાથી બ્રહ્મ નિરુપણ વખતે તદાકાર–બ્રહ્માકાર તુરત જ થવાય છે. તેથી બ્રહ્મનું નિરુપણ બરોબર સમજાય છે. શંકા ઉઠતી નથી. મનનું સમાધાન થાય છે.

મહામૌનમાં મન અને બુદ્ધિને પૂર્ણ વિશ્રાંતિ મળે છે, તેથી શરીરના અણુએ અણુ તાજા થાય છે. રોગની શાન્તિ અને આરોગ્યનો અનુભવ થાય છે.

રાગાદિ ભાવશત્રુની ઉપરતિમાં, પરમાત્મા પ્રત્યે સમર્પણ ભાવ જાગે છે. અને ત્યારે ભગવાન જ સાચા કર્તા–હર્તા છે, જીવ નહિ. અને તે જે કાંઇ કરે છે, તે સારું જ હોય છે. તેનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

વિચારોના પૂર્ણવિરામની અવસ્થા આત્મારામીપણાની પ્રાપ્તિ પછી જ પ્રગટે છે.

卐

# તત્ત્વ-બોધ

ઈચ્છાઓ માણસને દરિદ્ર બનાવે છે. ઈચ્છાઓનો અભાવ માણસને અમીર બનાવે છે. મનુષ્ય જીવનનો એક શ્વાસ પણ ફોગટ ગૂમાવવો તે મોટું રાજ્ય ગૂમાવવા બરાબર છે.

શરીરના નવદ્વારથી ઉપર ઉઠાય, તો જ દશમા દ્વાર સુધી પહોંચી શકાય. સાંસારિક અનુભવોનો સંબંધ બહાર લઈ જનારા નવ દ્વારો મારફત છે. આત્માનો અનુભવ દશમા દ્વારમાં છે.

સોમાં નવ્વાણું ચિંતાઓ જીવની ઊભી કરેલી કાલ્પનિક હોય છે. જે જીવનના અણમોલ સમયને બાળીને ખાખ કરી નાંખે છે. માથે ભગવાનને રાખો ! એટલે માથાનો ભાર ઉતરી જશે. માથું ઉત્તમાંગ છે માટે ત્યાં કચરા જેવી ચિંતાઓ ન જ રખાય પણ ભગવાનને સોંપી દેવાય.

સહાનુભૂતિ સંકટનો ભાગાકાર કરે છે. આશ્વાસન આપત્તિની બાદબાકી કરે છે. ચન્દ્રની સપાટી ઉપર ઉતરવું સહેલું છે. પણ પોતાને સમજવું મુશ્કેલ છે. શૂન્યતામાં જ સ્વાનુભૂતિ છે.

દુઃખના સાક્ષાત્કારમાં જ આત્માનું જાગરણ થાય છે. આંતરિક પીડાનું આંતરિક જાણપણું જ પોતાની ચરમસીમાએ વિસ્ફોટ બની જાય છે. જે આ સીમા સુધી દુઃખને સહન કરવા ખુશી હોય છે, તે દુઃખની પેલે પાર પહોંચી જાય છે.

રાગરહિત પ્રેમ એ જ અહિંસાની અનુભૂતિ છે.

આત્મ-વિશ્વાસ ( Soul Confidence ) એ અચળ ધન છે.

卐

# ભેદાભેદાત્મક તત્ત્વજ્ઞાન

એકતા ત્રણ પ્રકારની છે.

૧. જાતિગત, ૨. ગુણગત, ૩. પર્યાયગત. પર્યાયગત એકતા દ્રવ્યરૂપ **સ્વરૂપાસ્તિત્વ** છે. ગુણગત એકતા પ્રદેશગત **એકાધારતારૂપ** છે અને જાતિગત એકતા સમષ્ટિસ્વરુપ **સાદશ્યાસ્તિત્વરૂપ** છે.

જાતિગત એકતાનું ભાન સ્નેહભાવ વિકસાવે છે.

દ્રવ્યગત એકતાનું ભાન સમત્વભાવ, સ્થૈર્યભાવ અને ધ્રુવભાવ વિકસાવે છે.

એકાધારતારુપ પ્રદેશગત એકતાનો ભાવ આનંદભાવને વિકસાવે છે.

અનેકતા ત્રણ પ્રકારની છે.

૧. વ્યક્તિગત, ૨. પર્યાયગત, ૩. ગુણગત. વ્યક્તિ અનંત છે. એક જ દ્રવ્યમાં ગુણ અનંત છે અને પર્યાય પણ અનંત છે.

પર્યાયની અશુદ્ધિ. પર્યાયસહવર્તીગુણ અને પર્યાયાધાર દ્રવ્યની પણ કથંચિત્ અશુદ્ધિ કરનાર છે, તેથી તે અશુદ્ધિને દૂર કરવા સાધના કરવી આવશ્યક છે.

**પર્યાયગત અશુદ્ધિને દૂર કરવાની સાધના અસત્ પ્રવૃત્તિને રોકવાથી અને સત્ પ્રવૃત્તિને વિકસાવવાથી થાય છે.** અસત્ ને રોકવું તે સંયમ છે અને સત્ ને સેવવું તે તપ છે.

એકતાનો વિચાર અહિંસાને પોષે છે.

અનેકતાનો વિચાર સંયમ અને તપને વિકસાવે છે. અહિંસકભાવ ત્રણ પ્રકારના છે. ૧. પોતાના જ્ઞાનાદિભાવ, ૨. પરના દ્રવ્ય અને ભાવ પ્રાણ અને ૩. સ્વ-પર ઉભયના દ્રવ્ય અને ભાવ પ્રાણ, તેની રક્ષા અને સંયમ–એ સહજમળની જુગુપ્સા રુપ છે. તપ એ તથા ભવ્યત્વ સ્વભાવની અનુમોદના રૂપ છે.

નિશ્ચયનયનો વિચાર એટલે એકતાનો વિચાર તે અહિંસાની સાધના માટે ઉપયોગી નીવડે છે.

અભેદ ત્રણ પ્રકારનો છે અને ભેદ પણ ત્રણ પ્રકારનો છે.

૧. જાતિગત અભેદ, ૨. દ્રવ્યગત અભેદ, ૩. પ્રદેશગત અભેદ. તે અનુક્રમે રુચિ, બોધિ અને પરિણતિરુપી નિશ્ચય રત્નત્રયીને વિકસાવે છે.

ભેદના પણ પણ પ્રકાર છે.

૧. વ્યક્તિગતભેદ, ૨. પર્યાયગત ભેદ અને ૩. ગુણગત ભેદ. તે વ્યવહાર રત્નત્રયીનું પાલન કરાવે છે.

વ્યવહાર રત્નત્રયી એટલે તત્ત્વરુચિમાં કારણભૂત જિનપ્રતિમા, ચૈત્ય, આગમ, ચતુર્વિધ સંઘાદિની આરાધના, તત્ત્વબોધમાં કારણભૂત આગમ, વાચના, પૃચ્છના, પરાવર્તનાદિ, તત્ત્વપરિણતિ માટે કારણભૂત ગુરુકુળવાસનું સેવન, સમિતિ ગુપ્તિનું પાલન, મૂળ-ઉત્તરગુણોનું ધારણ, વ્રત, નિયમ પચ્ચક્ખાણાદિનું સેવન–એ રીતે વ્યવહાર રત્નત્રયીની ઉપયોગિતા ભેદનયનો વિચાર સિદ્ધ કરે છે.

વસ્તુમાત્ર ભેદાભેદ સ્વરુપ છે, તેથી સામાયિકનો પરિણામ એક બાજુ વાસીચંદનકલ્પ કુશળતારૂપ કહ્યો છે અને બીજી બાજુ સર્વ યોગોની શુદ્ધિરૂપ કહ્યો છે–એ બંને મળીને નિરવદ્ય ધર્મ બને છે.

**દ્રવ્યથી નિત્ય, ગુણથી પૂર્ણ અને જાતિથી એક એવું આત્મદ્રવ્ય વિચારવું તે નિશ્ચયનયનો વિષય છે. પર્યાયથી અનિત્ય, ગુણથી અપૂર્ણ અને વ્યક્તિથી અનંત-એ વિચાર વ્યવહાર નયનો છે. નિશ્ચયનો વિચાર સમ્યગ્દર્શન-જ્ઞાન ગુણને વિકસાવે છે. વ્યવહારનો વિચાર ચારિત્રગુણને વિકસાવે છે.**

નિશ્ચયથી આત્મા એક છે. વ્યવહારથી અનેક છે. નિશ્ચયથી પરિણામી અને પૂર્ણ છે. વ્યવહારથી આવરણ સહિત છે માટે અપૂર્ણ છે. આ રીતે વ્યવહાર અને નિશ્ચયને પોતપોતાના સ્થાને મુખ્ય રાખવાથી રત્નત્રય સ્વરુપ મોક્ષમાર્ગની આરાધના અસ્ખલિત પ્રવાહે ચાલતી રહે છે.

નિશ્ચયનયથી આત્મા લેપાયેલો નથી, અર્થાત્ કર્મથી બંધાયેલો નથી, વ્યવહાર નયથી લેપાયેલો છે એટલે જ્ઞાનયોગી અલિપ્તદૃષ્ટિએ શુદ્ધ થાય છે, ક્રિયાવાળો લિપ્ત-પણાની દૃષ્ટિએ શુદ્ધ થાય છે.

ધ્યાનદશામાં જ્ઞાનની મુખ્યતા છે, વ્યવહાર દશામાં ક્રિયાની મુખ્યતા છે.

ભેદાભેદાત્મક આ તત્વજ્ઞાન વિવેકપૂર્વક ગ્રહણ કરીને જીવ પોતાના શુદ્ધસ્વભાવની પ્રાપ્તિ કરે છે.

卐

### માન અને અપમાન

મહાત્માઓ અપમાન અને દુઃખ ભોગવવામાં મોટું પુણ્ય સમજે છે.

### દીનતા ટાળવાનો ઉપાય

દીનતા ટાળવાનો ખરો ઉપાય એક જ છે અને તે એ કે પોતાની લાયકાતના પ્રમાણમાં પોતાને વધારે લાભ મળે છે, એમ સમજવું. જે પોતાની નાલાયકતા સમજે છે, તે હૃદયની શાંતિ કદાપિ ગુમાવતો નથી. તે પોતાને અપૂર્ણ સમજતો હોય છે, તે દુઃખ સહન કરવામાં કંટાળતો નથી. તે જ તેનું મોટું તપ છે.

### પવિત્રતા

પવિત્રતા ભગવાનના ગુણો વિષે મોટી દલીલો કરવામાં સમાયેલી નથી, પણ ભગવાન ઉપર પ્રેમ રાખવામાં અને પોતાની જાતને ભૂલી જવામાં રહેલી છે.

# મૈત્ર્યાદિભાવ ચિંતન

ભાવના ભવનાશિની......!

परे हितमतिर्मैत्री, मुदिता गुणमोदनम् ।
उपेक्षा दोषमाध्यस्थ्यं करुणा दुःखमोक्षधीः ॥

બીજાના હિતનો વિચાર તે મૈત્રીભાવના...!
બીજાના ગુણ જોઈને આનંદિત થવું તે પ્રમોદભાવના....!!
બીજાના દોષ-અવગુણની ઉપેક્ષા તે માધ્યસ્થભાવના....!!!
બીજાને દુઃખથી મુક્ત કરવાની ભાવના-બુદ્ધિ તે કરુણાભાવના....!!!



જીવમાત્ર વિષયક સ્નેહ પરિણામ એ મધુર પરિણામ છે, તેના ઉપાયભૂત મૈત્ર્યાદિભાવો છે.
હૃદયમાં આ મધુર પરિણામ છલકાતો હોય, તો કષાયભાવ ટકી શકતો નથી.
મૈત્રીભાવની મધુરતા કષાયોની કટુતા ટાળવા સમર્થ છે.

આવા મૈત્રીભાવ પોષક તત્ત્વોને સમજાવનારા ચિંતક
પૂજ્યપાદ. નમસ્કારમહામંત્રના અનુપમ આરાધક,
પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય....

# મૈત્ર્યાદિભાવ ચિંતન...!

સુખી પ્રત્યે પ્રમોદભાવ....!

સમાન પ્રત્યે મૈત્રીભાવ...!!

દુઃખી પ્રત્યે કરુણાભાવ અને

પાપી પ્રત્યે માધ્યસ્થભાવ રાખવો. એ જ શ્રેય છે.

આ ચાર ભાવના દ્વારા, આત્મવિકાસની શ્રેણી એટલે....


૧ ભાવનાઓનો ભાવ અને પ્રભાવ

૨ ભાવનાનું બળ

૩ જ્ઞાન અને ભાવના

૪ ભાવરક્ષા

૫ દયાનો મૂળાધાર

૬ ભાવદયા

૭ દયાભાવની દિવ્યતા

૮ દાન અને દયા

૯ પરોપકારની પ્રધાનતાં

૧૦ કૃતજ્ઞતા અને પરોપકાર

૧૧ અચિંત્ય શક્તિ પુંજ

૧૨ ત્રણ મહાન ભાવો

૧૩ ભાવનાઓનું સામર્થ્ય

૧૪ મૈત્ર્યાદિભાવોનો મહિમા

૧૫ જીવમૈત્રી અને જિનભક્તિ

૧૬ ભક્તિ અને મૈત્રી

૧૭ ધર્મકલ્પવૃક્ષનું મૂળ

૧૮ મૈત્રીનું મંગળ ગાન

૧૯ મૈત્રીનું માહાત્મ્ય

૨૦ મહામૂલી મૈત્રીભાવના

૨૧ પ્રમોદભાવના

૨૨ કરુણાભાવના

૨૩ જિનધર્મમાં કરુણા

૨૪ રસાધિરાજ કરુણારસ

૨૫ માધ્યસ્થ્યભાવના

૨૬ માધ્યસ્થ્યનો મહિમા

૨૭ આત્મૌપમ્યદૃષ્ટિ

૨૮ સર્વ-સમર્પણભાવની આરાધના

# ભાવનાઓનો ભાવ અને પ્રભાવ

અનિત્યાદિ ૧૨ અને મૈત્ર્યાદિ ૪ ભાવનાઓની એકસરખી અગત્યતા સ્યાદ્વાદ દર્શન માને છે. તેનું કારણ શરીરાદિ સર્વ પદાર્થોને નિત્યાનિત્ય અને કથંચિત્ ભિન્નાભિન્ન માન્યા છે, તે છે.

શરીર અને આત્માનો સંબંધ ભેદાભેદાત્મક છે. શરીર અને આત્મા પોતે પણ કથંચિત્ નિત્યાનિત્ય છે.

વૈરાગ્ય પ્રાપ્તિ માટે ભેદ અને અનિત્ય અંશનો વિચાર વધારે ઉપકારક છે. તેથી અનિત્યાદિ ભાવનાઓમાં તેને જ ઝોક અપાય છે.

જીવ જીવનો સંબંધ પણ ભેદાભેદવાળો અને જીવપદાર્થ પણ કથંચિત્ નિત્યાનિત્ય ધર્મવાળો હોવાથી મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાં અભેદ અંશને મહત્ત્વ આપ્યું છે.

જો તેમ ન કરવામાં આવે, તો બીજાને હણનાર તું તને જ હણે છે, એમ કેમ કહી શકાય? ત્યાં અભેદને મુખ્યતા આપવાથી જ હિંસા રોકાય છે.

અહિંસાદિ વ્રતની સ્થિરતા માટે અભેદ અંશને પ્રાધાન્ય ન અપાય, તો હિંસાદિ દોષ અટકી જ કેવી રીતે શકે?

સ્વહિંસા વખતે નિત્ય અંશનું મહત્ત્વ, પરજીવની હિંસા વખતે અનિત્ય અંશનું મહત્ત્વ, એ રીતે જે સ્થળે, જે અંશને મહત્ત્વ આપવા લાયક હોય, તે અંશને મહત્ત્વ અપાય, તો જ સંક્લેશનું નિવારણ, વિશુદ્ધિનું પ્રાગટ્ય, વ્રતનું સ્થૈર્ય, અવ્રતનો ત્યાગ થઈ શકે છે.

પારકાના ધનના અપહરણ વખતે તે ધનનો તે વ્યક્તિની સાથે અભેદ આગળ કરવાનો છે. તો જ 'પરધન લેતાં પ્રાણ જ લીધા' વગેરે પંક્તિઓ સંગત થાય.

## ભેદાભેદ

પોતાના ધનના અપહરણ વખતે ધનનો અને પોતનો ભેદ સંબંધ વિચારવો ઉપકારક થાય છે.

એ રીતે જૈનદર્શન સંમત ભેદાભેદ, નિત્યાનિત્ય અંશને જુદીજુદી અપેક્ષાએ પ્રધાન બનાવી આત્મકલ્યાણમાં સહાયક કરી શકાય છે.

એ વિચારમાંથી જ અનિત્યાદિ ભાવનાઓની જેમ જ મૈત્ર્યાદિ ભાવનાઓ પણ વ્રત અને વૈરાગ્ય સ્થિરતા માટે ઉપકારક ગણાએલી છે. તેથી તે ભાવનાઓનાં સંવરપણામાં લેશ માત્ર આંચ આવતી નથી. એકને સંવર અને એકને આશ્રવ કહેવાનું રહેતું નથી.

અભેદને આગળ કરવામાં ન આવે, તો વ્યવહાર અશુદ્ધ બને છે. ભેદને આગળ કરવામાં ન આવે, તો નિશ્ચય અશુદ્ધ બને છે. બંનેને પોતપોતાના સ્થાને પ્રાધાન્ય આપવું આવશ્યક ઠરે છે.

બંને વિચાર એવી રીતે સંકળાએલા છે કે, તેને એકબીજાથી સર્વથા સ્વતંત્ર કહી શકાય તેમ નથી, એટલે અનિત્ય આદિ ૧૨ અને મૈત્રી આદિ ૪ ભાવનાઓ પોતપોતાના સ્થાને એકસરખી ઉપકારક છે, એમ સ્વીકારીને તેને વિવેકપૂર્વક પ્રયોજવી તેમાં સ્વપર શ્રેયસ્કર જિનશાસનની યથાર્થ ભક્તિ રહેલી છે.

卐

# ભાવનાનું બળ

'વિશ્વના તમામ જીવો સુખી થાઓ, સર્વજીવો કર્મમુક્ત થાઓ, સર્વજીવો મોક્ષનાં અવ્યાબાધ સુખોને પામો, સર્વત્ર સુખ અને શાન્તિ પ્રસરો. સર્વત્ર સદ્જ્ઞાન અને સદ્-વિચારો પ્રસાર પામો, આ પ્રકારના શુભ વિચારોને ભાવના કહેવાય છે.

શુભ ભાવનાઓ કદી પણ નિરર્થક જતી નથી. શુભ ભાવનાઓ, સદ્વિચારરુપ હોવાથી તે વિચારની આકૃતિઓ સૂક્ષ્મ ભૂમિકામાં બંધાય છે અને ચારે તરફ ફેલાય છે. તે આકૃતિઓ અન્ય મનુષ્યોના મનના સંબંધમાં આવે છે. અને તેનામાં પણ એવા વિચારો જાગ્રત કરે છે. વળી જે વ્યક્તિ શુભ ભાવનાઓ ભાવે છે, તે વ્યક્તિ પોતે શુભ વિચારોનું કેન્દ્રસ્થાન-મધ્યબિંદુ બને છે. અને તેથી જગતમાં જે સારા વિચારોનાં રૂપ હોય છે, તે તેના તરફ આકર્ષાય છે અને તેના શુભ વિચારોને પુષ્ટ કરે છે.

વળી આવી ભાવનાઓથી સકળ પ્રાણીમાત્ર સાથે તેને મૈત્રી થાય છે અને ઘણા જીવો સાથે પૂર્વના અશુભ કર્મબંધ થયા હોય તે વીખરાઈ જાય છે. તેમજ તે શુભ ભાવનાઓ, તેનાથી ભાવિત થનારને શુભ કર્મ કરવા, ઉચ્ચ કાર્યો કરવા પ્રેરે છે. તેથી નિરંતર શુભ અને ઉચ્ચ ભાવનાઓ ભાવવી એટલું જ નહિ પણ, તેને યથાશક્તિ યથામતિ વ્યવહારમાં ઉતારવા કટિબદ્ધ રહેવું તે જરૂરી છે. આત્મવિકાસનું તે અનન્ય સાધન છે.

## ભાવનાનું સ્વરુપ

ભાવનાઓ અનેક પ્રકારની કહી છે. તેમાં મુખ્ય ચાર છે, મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ.

આ ચાર ભાવનાઓ મુખ્ય એટલા માટે છે કે, એ જેનામાં ન હોય, તે ધર્મ પાળવાને લાયક બની શકતો જ નથી.

તે ચાર ભાવનાઓમાં પહેલી મૈત્રીભાવના છે. બીજી કરુણા, ત્રીજી મુદિતા અને ચોથી માધ્યસ્થ્યભાવના છે.

પરના હિતનો વિચાર તે મૈત્રી છે.

પરના દુઃખના નાશનો વિચાર તે કરુણા છે.

પરના સુખથી થતા સંતોષનો વિચાર તે મુદિતા છે.

પરના દોષ તરફ ઉપેક્ષાનો વિચાર તે માધ્યસ્થ્ય છે.

આ ચાર ભાવનાઓ વિશિષ્ટ પ્રેમરૂપ છે.

એક અપેક્ષાએ ઉચ્ચ જીવ પ્રતિ પ્રેમ એ પ્રમોદરૂપ છે.

સમાન પ્રતિ પ્રેમ એ મૈત્રીરૂપ છે. ઊતરતા અને હલકા પ્રતિ પ્રેમ તે અનુક્રમે કરુણા અને માધ્યસ્થ્ય છે.

આ ભાવનાઓ નિરંતર જેના અંતરમાં વાસ કરી રહેલી છે, તે મનુષ્યમાંથી દ્વેષ સર્વથા નાશ પામે છે. દ્વેષ નાશ પામવાની સાથે દ્વેષની સાથે સંબંધ ધરાવતા સર્વ દુર્ગુણો સ્વયમેવ વિલય પામે છે.

રાગભાવનો નાશ જેમ વૈરાગ્યભાવનાથી છે, તેમ દ્વેષભાવનો નાશ મૈત્રીભાવનાથી છે.

સકળ પ્રાણી પ્રત્યે હિતચિંતાનો ભાવ હોવો એ પ્રત્યેક ધર્માનુષ્ઠાનની સફળતાનો પાયો છે.

## મૈત્રીભાવના

મૈત્રીભાવનાને માતાની ઉપમા આપી છે.

માતાને પુત્રના હિતની ચિંતા હોય છે, પુત્રના ગુણનો પ્રમોદ હોય છે, પુત્રના દુઃખની કરુણા હોય છે તથા પુત્રના દોષની ઉપેક્ષા-ક્ષમા હોય છે.

માતા એ વાત્સલ્ય રસનું પ્રતીક છે.

મૈત્રીનો વિષય સમસ્ત જીવરાશિ છે.

સમસ્ત સત્ત્વવિષયક સ્નેહને શાસ્ત્રકારો મૈત્રી કહે છે. સ્નેહ એ જીવની અંદર રહેલો સ્થાયીભાવ છે. આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવવડે ચર્વણા પ્રાપ્ત થવાથી તે સ્નેહ વાત્સલ્ય રસમાં પરિણામ પામે છે.

લૌકિક વાત્સલ્ય રસમાં પુત્ર-પુત્રી આદિ આલંબન વિભાવ છે. પુત્ર-પુત્રી આદિની ચેષ્ટા ઉદ્દીપન વિભાવ છે. પુત્ર-પુત્રી આદિને આલિંગનાદિ અનુભાવ છે અને હર્ષશોકાદિ સંચારીભાવ છે.

લોકોત્તર વાત્સલ્ય રસમાં સમસ્ત જીવરાશિ એ આલંબન વિભાવ છે. જીવસમૂહની ચેષ્ટા એ ઉદ્દીપન વિભાવ છે. સ્નેહનું ઉદ્દીપન સુખી પ્રત્યે મૈત્રીરૂપે, દુઃખી પ્રત્યે કરુણા-

રૂપે, પુણ્યવાન પ્રત્યે પ્રમોદરૂપે અને પાપી પ્રત્યે માધ્યસ્થ્યરૂપે અભિવ્યક્ત થાય છે; તે અનુભાવ છે. તેથી ચિત્તના ઈર્ષ્યા, અસૂયા, ક્રોધ, દ્રોહાદિ મળો નાશ પામી ક્ષમા નમ્રતા, સરળતા, સંતોષાદિ ભાવો પ્રગટે છે, તે સંચારીભાવ છે.

જીવો પ્રત્યે મિથ્યાભાવો ટળવાથી સમ્યક્ભાવો ઉત્પન્ન થાય છે; એનું જ નામ શુભ આત્મ પરિણામરૂપ સમ્યગ્દર્શન છે.

મૈત્રી એટલે પોતાની પાસે જે છે તે બીજાને આપવાનું છે. દુઃખીને દયા, ગુણીને અનુમોદન, પાપીને ક્ષમા અને સમસ્ત જીવરાશિને હિતચિંતાનો ભાવ આપવાનો છે. ધર્મનો સાર મૈત્રી આદિ ભાવો છે.

ચૈતન્ય ઉપર મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય—એ ચારભાવને છોડીને બીજો ભાવ ધારણ કરવો એ મહા અપરાધ છે, પરમ અધર્મ છે, બુદ્ધિનો વિપર્યાસ છે.

## ધર્મનું લક્ષણ

ધર્મનું લક્ષણ શુભ પરિણામ કહ્યું છે. શુભ પરિણામ ચાર પ્રકારનાં છે.

ધર્મનું પ્રત્યેક અનુષ્ઠાન, કાં તો મૈત્રીભાવ, કાં તો પ્રમોદભાવ, કાં તો કારુણ્યભાવ, કાં તો ઔદાસીન્યભાવ સિદ્ધ કરવા માટે છે. અપ્રશસ્ત ભાવ વિનાનો ધર્મ લૂણ વિનાના ધાન્ય જેવો છે. ભાવનું નિરાકરણ પ્રશસ્ત ભાવ વિના થતું નથી.

'હું જ સુખી થાઉં, હું જ ગુણી બનું, મને દુઃખ ન મળો, મારા દોષ બધા જ ખમી ખાઓ,' આ પ્રમાણે 'હું'પણાની લાગણી ચિત્તમાં ચિંતા, ભય અને શોકની વૃત્તિઓ-રૂપી સંક્લેશ અને દુઃખને પેદા કર્યા જ કરે છે. તેમાંથી છૂટવાનો પહેલો અને સહેલો ઉપાય, 'સર્વ સુખી થાઓ, સર્વ ગુણી બનો, સર્વ દુઃખ મુક્ત થાઓ, સર્વ દોષરહિત થાઓ,' એ ભાવનાનો દૃઢ અભ્યાસ છે.

બીજાના સુખ માટે ચિંતા કરવી, બીજાના ગુણ જોઈ રાજી થવું, બીજાનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવો, બીજાના દોષ પ્રત્યે ઉદાર બનવું, એ સંક્લેશનિવારણનો બીજો ઉપાય છે.

એટલે કે, 'બધા મારી ચિંતા કરો, બધા મારી પ્રશંસા કરો, બધા મારું દુઃખ દૂર કરો અને બધા મારા દોષોને ખમી ખાઓ,' એ વિચારોના સ્થાને, 'હું બધાની ચિંતા કરું, હું બીજાની પ્રશંસા કરું, હું બીજાનાં દુઃખ દૂર કરું, હું બીજાના દોષ ખામી ખાઉં' એ પ્રકારના વિચારને વિકસાવવા ઉદ્યમશીલ બનવું.

મૈત્રીરૂપી માતાની આ રીતે ઉપાસના કરવાથી વિશ્વપ્રેમની દૃષ્ટિ ખૂલે છે અને એ દૃષ્ટિ ખૂલવાથી વિશ્વપ્રેમી એવા શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ અને ઉપાસનામાં રસ પેદા થવા સાથે એમની આજ્ઞાના પાલન માટે જરૂરી વીર્યોલ્લાસ જાગે છે.

卐

# જ્ઞાન અને ભાવના

भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वादिति। ધર્મબિન્દુ, અધ્યાય ૬–૩૦

જ્ઞાન એ વસ્તુ તંત્ર છે. ભાવના એ પુરુષ તંત્ર છે. જ્ઞાન જ્ઞેયને અનુસરે છે. ભાવના પુરુષના આશયને અનુસરે છે.

જે પુરુષ પોતાના આત્માને શીઘ્રપણે કર્મથી છોડાવવા ઇચ્છે છે, તે પુરુષ તેના ઉપાયરૂપ જ્ઞાનને માટે જેમ ઉદ્યમ કરે છે, તેમ તેના ઉપાયભૂત ભાવના માટે પણ સદા પરિશ્રમ કરે જ છે.

જ્ઞાનથી આત્માના શુદ્ધસ્વરુપને જાણી શકાય છે.

ભાવનાથી આત્માના શુદ્ધસ્વરુપને પામી શકાય છે.

જ્ઞાન થયા પછી પણ, આત્મસ્વરુપને પામવા માટેની ભાવનાનો આશ્રય ન લેવાય તો જાણેલું જ્ઞાન ફળહીન બને છે.

જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિ સમતાસ્વરુપ છે. સમતા સકળ સત્ત્વહિતાશયરૂપ છે. સકળ સત્ત્વહિતાશય ભાવનાથી લભ્ય છે.

સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ, આત્મતુલ્યસ્નેહ, મૈત્રી, પ્રમોદ. કારુણ્ય અને માધ્યસ્થભાવ લાવ્યા વિના હિતાશય ટકતો નથી. તેના વિના સમતા ટકી શકતી નથી. સમતા વિના વિરતિ ફળતી નથી. વિરતિ વિના જ્ઞાન વંધ્ય બને છે.

## મને મળો તે સર્વને મળો

જ્ઞાનનો વિષય એ જ્ઞેય છે. ભાવનાનો વિષય એ ધ્યેય છે.

'જે સુખ પોતાને પ્રિય છે, તે સુખ સર્વને મળે અને જે દુઃખ પોતાને અપ્રિય છે, તે કોઇને પણ ન મળે ' આ જાતનો ભાવ, પુરુષ–આત્માની શુદ્ધિ કરે છે. ઈર્ષ્યા–અસૂયાદિ ચિત્તના મળોનો નાશ કરે છે, પરમાત્માની ભક્તિમાં નડતા વિક્ષેપો દૂર કરે છે, આત્મા કર્મભારથી હળવો બને છે, મોહની વાસનાના જોરથી પરાભૂત થયેલો આત્મા, વાસનાનિર્મુક્ત બને છે.

જ્ઞાનના સ્થાને જ્ઞાનનું જેટલું મહત્ત્વ છે, તેટલું જ ભાવનાના સ્થાને ભાવનાનું મહત્ત્વ છે. અને તેટલું જ ચારિત્ર, સર્વવિરતિ કે સર્વ સાવદ્યના ત્યાગના સ્થાને તેના પ્રત્યાખ્યાન અને પાલનનું માહાત્મ્ય છે.

એકબીજાના સ્થાને એકબીજાની ગૌણતા ભલે હો પણ પોતપોતાના સ્થાને એક-બીજાનું એકસરખું મહત્ત્વ છે.

અજ્ઞાની ભવ કેવી રીતે તરશે એ જેમ પ્રશ્ન છે, તેમ ભાવનાહીન કે વિરતિશૂન્ય પણ કેવી રીતે ભવને તરશે, એ પણ તેટલો જ મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે.

શ્રી જિનાગમમાં શ્રી નમસ્કાર મહામંત્રને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. તેનું કારણ પણ હવે સમજાશે.

## નવકાર એ ભાવનાનો વિષય

શ્રી નમસ્કાર મહામંત્ર માત્ર જ્ઞાનનો વિષય નથી, પણ જ્ઞાનની સાથે ભાવનાનો વિષય છે. મહામંત્રને જાણી લીધો, પણ મંત્ર મુજબ ભાવની વિશુદ્ધિ ન થઈ, પરમેષ્ઠી ભગવંતો પ્રત્યે જેવો ભાવ જોઈએ તેવો ભાવ ન સ્પર્શ્યો તો તે મંત્ર શીઘ્ર ફળદાયી શેનો નીવડે?

જ્ઞાનની સાથોસાથ ભાવની વિશુદ્ધિ હોય છે, તો મંત્ર શીઘ્ર ફળદાયી નીવડે છે.

મંત્રમાં 'જ્ઞેય' અને 'ધ્યેય' ની યથાર્થતા ઉપરાંત 'જ્ઞાતા' અને ધ્યાતા'ની વિશુદ્ધિ પણ આવશ્યક છે. ધ્યાતાની વિશુદ્ધિ ભાવનાના બળ ઉપર આધાર રાખે છે.

જ્ઞાન ન મળવાથી જેમ અજ્ઞાનતાનો અંધકાર દૂર થતો નથી, તેમ ભાવના ન વધતાં કર્તવ્યહીનતાનો દોષ પણ દૂર થતો નથી.

ધર્મી માત્રનું કર્તવ્ય છે કે તેની ભાવના સર્વજીવના હિતવિષયક હોવી જોઈએ, કોઈના પણ અહિતવિષયક ન હોવી જોઈએ, તેમાં જેટલી કચાશ તેટલી તેના ધર્મીપણામાં કચાશ.

વર્તનમાં ન્યૂનતા, કચાશ આદિ હોય, તેની શુદ્ધિ પશ્ચાત્તાપ, આલોચનાદિથી થઈ શકે.

ભાવનામાં ન્યૂનતા માટે ભાવનાની પૂર્ણતા સિવાય બીજી કોઈ આલોચના નથી, અન્ય કોઈ પ્રાયશ્ચિત્ત નથી.

લૌકિકમાં જેમ કૃતઘ્નીને શુદ્ધિ માટે કૃતજ્ઞતા સિવાય બીજું કોઈ પ્રાયશ્ચિત્ત નથી, તેમ લોકોત્તરમાં પણ નમસ્કારભાવ વિના, સર્વજીવોના હિતાશય વિના, સર્વજીવો પ્રત્યે આત્મતુલ્યતાનો ભાવ વિકસાવ્યા વિના કે અનુમોદ્યા વિના બીજું કોઈ પ્રાયશ્ચિત્ત નથી, શુદ્ધીકરણનો અન્ય ઉપાય નથી.

જ્ઞાન બીજાને જાણવા માટે છે. ભાવના પોતાને સુધારવા માટે છે.

જગત તમામને જાણ્યા પછી પણ પોતાને, પોતાની જાતને સુધારવાની ભાવના ન જાગે તો તેવા જ્ઞાનથી શું?

પોતાની જાતને સુધારવા માટે નમસ્કારભાવ, ક્ષમાપનાભાવ, સકળસત્ત્વહિતનો ભાવ કે તેના અનુમોદનનો ભાવ આવશ્યક છે. તેથી જ શ્રી નમસ્કાર મહામંત્રને સકળ આગમમાં પ્રથમ અને પ્રધાન સ્થાન મળ્યું છે. [1]ચૂલિકાસહિત તેને મહાશ્રુતસ્કંધ કહ્યો છે.

પ્રથમ કે પ્રધાન સ્થાન એટલા માટે કે, તેમા ભવ્યત્વ પરિપાક કરવાનાં, જીવની યોગ્યતા વિકસાવવાનાં સઘળાં સાધનો જાણે એકસાથે ગૂંથી લેવામાં આવ્યાં છે. તથા જીવને કર્મના સંબંધમાં આવવાની અનાદિકાલીન યોગ્યતા, જેને શાસ્ત્રકારો સહજ ભાવમળ કહે છે, તેને ઘટાડવા માટે જરૂરી સઘળી સામગ્રીનું સેવન એકસાથે થઈ જતું અનુભાય છે.

## યોગ્યતા વિકસાવવાનો ઉપાય

પાપને પ્રશંસવાથી, ધર્મને નિંદવાથી અને પરમ શ્રદ્ધેય તથા અનન્ય શરણભૂત શ્રી અરિહંતાદિ ચારને નહિ નમવાથી (અનન્યભાવે તેમના શરણે નહિ રહેવાથી અને તેમના સિવાય અશરણભૂત એવા સમગ્ર સંસારના ભરોસે–શરણે રહેવાથી) જીવની અપાત્રતા, અયોગ્યતા, ભવભ્રમણશક્તિ વધે છે. તેનાથી વિરુદ્ધ પાપને નિંદવાથી, ધર્મને પ્રશંસવાથી અને શ્રી અરિહંતાદિ ચારને અનન્યભાવે શરણે રહેવાથી મુક્તિ-ગમનની યોગ્યતા વધે છે. સદ્‌ગુણ–વિકાસ અને સદાચાર–નિર્માણ આપોઆપ થાય છે.

શ્રી નવકારમાં 'નમો'પદ દુષ્કૃતગર્હા[2] અર્થમાં, 'અરિહં''પદ સુકૃતાનુમોદન અર્થમાં અને 'તાણં''પદ શરણગમન અર્થમાં તથા ચૂલિકાનાં પહેલાં બે પદ દુષ્કૃતગર્હા અર્થમાં અને છેલ્લાં બે પદ સુકૃતાનુમોદન અર્થમાં લઈ શકાય છે.

એ રીતે ભાવપૂર્વક, હેતુપૂર્વક અને ઉપયોગપૂર્વક શ્રી નમસ્કારનું સ્મરણ તથા રટણ સતત થતું રહે તો જીવને ભાવધર્મની સિદ્ધિ થાય છે. ભાવધર્મની સિદ્ધિ માટેનાં ચાર અંગો આ પ્રકારે કહ્યાં છે :

૧. રત્નત્રયધરને વિષે અનન્ય ભક્તિ,
૨. તેમની સેવા–પરિચર્યા.
૩. સર્વના શુભ માટેની જ એક ચિંતા તથા
૪. ચતુર્ગતિરૂપ અથવા ચાર કષાયરૂપ સંસારની જુગુપ્સા.

---

૧. तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥ —યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લોક. ૨૨૨

૨. स्वापकर्षबोधानुकूलो व्यापारः नमस्कारः ।
रत्नत्रयधरेष्वेका भक्तिस्तत्कार्यकम च ।
शुभैकचिन्ता, संसारजुगुप्सा चेति भावना ॥—ત્રિ.શ. પુ. ચરિત્ર, પ્રથમ પર્વ, શ્લોક ૧૫

ભાવધર્મનાં એ ચાર અંગો છે. ભાવધર્મનાં આ ચારે અંગો, શ્રી નમસ્કાર મહામંત્રના આરાધન વડે વિકસે છે. તેથી ધર્મના અર્થી જીવો માટે તેનું આરાધન, તેનું આલંબન પરમ આવશ્યક છે, પરમ હિતકર છે, પરમ કલ્યાણકર છે.

卐

## ભાવરક્ષા

દયા એ ધર્મનો સાર છે. પર-દયા એ સ્વ-દયાના લક્ષે કરવાની છે. તેથી સ્વ-દયા એ દયાનો સાર છે. સ્વ-દયા પોતાના ભાવપ્રાણની રક્ષા રૂપ છે, તેથી ભાવરક્ષા એ સ્વ-દયાનો સાર છે. ભાવરક્ષા 'સર્વ જીવો સુખી થાવો અને સર્વ જીવોનું દુઃખ ટળો' એ વિચાર વડે થઈ શકે છે, તેથી આવો વિચાર એ ભાવરક્ષાનો પણ સાર છે.

શ્રી તીર્થંકર દેવોનો ઉપદેશ દયાનો છે, કરૂણાનો છે. તેનો સાર ભાવરક્ષાનો છે, તેથી ધર્મનું લક્ષણ કૃપા છે, અને કૃપા એ જ રત્નત્રયનું સ્વરૂપ છે. કૃપામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, એ ત્રણેનો એકત્ર સમાવેશ છે. કૃપામાં રત્નત્રયીની એકતા છે. પર-આત્મામાં આત્મ સમાન જ્ઞાન, આત્મતુલ્ય દર્શન અને આત્મતુલ્ય વર્તન થયા વિના કૃપાધર્મ ફળતો નથી.

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે એટલે દયા એ ઉત્કૃષ્ટ મંગળ છે. દયા એટલે ભાવ-રક્ષા, એ ઉત્કૃષ્ટ મંગળ છે. શુભભાવની રક્ષા જ સ્વર્ગાપવર્ગનું કારણ છે અને ભયાનક ભવાટવીનું ઉલ્લંઘન કરવા માટે માર્ગદર્શક છે.

દયા એ શ્રી તીર્થંકરદેવોનો પ્રકાશ છે અને તીર્થંકરત્વનું મૂળ છે. તીર્થંકરત્વ એ મોક્ષમાર્ગનું મૂળ છે. એથી મોક્ષનું મૂળ એ શુભ ભાવની રક્ષા છે.

શુભભાવની રક્ષા સર્વ જીવો પ્રત્યે શુભ પરિણામ ધારણ કરવાથી થાય છે અને શુભ પરિણામનું ધારણ સર્વ જીવોને આત્મતુલ્ય જોવા જાણવા અને આચરવાથી થાય છે. એથી રાગ, દ્વેષ અને મોહ શમે છે અને જ્ઞાન, દર્શન તથા વીર્ય પ્રગટે છે. તેથી મોક્ષનો અનન્ય ઉપાય એક જ છે અને એ ભાવપ્રાણની રક્ષા! બીજો બધો વ્યવહાર એ ભાવપ્રાણની રક્ષા માટે જ નિર્માયો છે.

પોતાનાં દ્રવ્ય પ્રાણોની રક્ષા માટે સચિંત અને સક્રિય માનવોને ભાવપ્રાણોની રક્ષા માટે પણ સચિંત અને સક્રિય બનાવનારી દયાને હૃદયમાં સ્થાપવા માટે દેવાધિદેવને હૃદયેશ્વર બનાવવા પડે છે.

તે પણ શુભભાવના અખંડ સ્રોતને જન્માવનારા ભાવપ્રાણો એક ક્ષણ માટે પણ તુચ્છભાવ, ક્ષુદ્રભાવ, સ્વાર્થભાવ, દેહભાવ, ઐહિકભાવ આદિ તરફ નજર નાખતા નથી; પરંતુ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી રત્નત્રયીની સુરક્ષામાં સતત સક્રિય રહે છે.

ઉત્તમ કરણીની ઉત્તમતાનો મૂલાધાર આ શુભભાવ છે.

અશુભભાવના સઘળા અંધકારને શુભભાવ દૂર કરે છે, તેમજ જગતના જીવો માટે નિર્મળ વાતાવરણ પેદા કરીને શુભની દિશામાં ગમન કરવાની જોગવાઈમાં વધારો કરે છે.

કલ્યાણનો ગ્રાહક, સર્વ કલ્યાણની ભાવનાના ઉદ્‌ગમ સ્થાન રૂપ ભાવપ્રાણોની રક્ષા કરતો રહે તે સ્વાભાવિક છે.

卐

# દયાનો મૂળાધાર

દયાનો મૂળાધાર પ્રેમતત્ત્વ છે. પ્રેમતત્ત્વ જીવન સાથે ઓતપ્રોત છે. પ્રેમ અને જીવન (Love & Life) એક અપેક્ષાએ પર્યાયરૂપ છે.

પ્રેમ કરવો, ઝીલવો, વિકસાવવો, વિસ્તારવો—એ જીવનની જ પ્રક્રિયા છે. પ્રેમ દર્શાવ્યા સિવાય કે બીજાનો પ્રેમ ઝીલ્યા સિવાય જીવન એક બોજરૂપ બની જાય છે.

'પ્રિય' શબ્દ ઉપરથી 'પ્રેમ' શબ્દ ફલિત થયો છે.

પ્રેમ એ સચેતન છે. અપ્રેમ એ જડ-તત્ત્વનું જ નામાંતર છે. સ્વાર્થ, ક્રોધ આદિ પ્રેમ તત્ત્વને વિકસાવવામાં આડે આવે છે. ક્રોધ અને લોભની ઉત્પત્તિ પણ અપેક્ષાએ કોઈ વસ્તુના પ્રેમમાંથી જ થયેલી હોય છે. વિરોધી વૃત્તિઓમાં પણ પ્રેમનો અંશ પડેલો હોય છે.

એક વસ્તુ પ્રત્યે પ્રેમ થયો, તેને વધારે પડતી ત્વરાથી સિદ્ધ કરવાની ઉતાવળમાં, આડે આવતા પરિબળો પ્રત્યે ક્રોધ થઈ આવે છે. આવે વખતે ધીરજ અને સમજણ કેળવવામાં આવે, તો પ્રેમનો આવેગ, ક્રોધ કે કટુતાનું રૂપ ન લેતાં પ્રેમરૂપ કે સમત્વરૂપમાં પલટાઈ જાય છે.

ક્રોધ, લોભ, દેહલિપ્સા જેવી વૃત્તિઓની સખત કસોટીમાં ક્ષેમંકર રીતે પાર ઉતરવામાં જ પ્રેમનું પ્રેમત્વ છે. આકરી કસોટીમાંથી જ પ્રેમતત્ત્વનો વિકાસ અને વિસ્તાર થાય છે. દયાનો મૂળાધાર પણ પ્રેમ છે.

બધાં સદ્‌ગુણો એ પ્રેમરૂપી બીજના જ અંકુર, પલ્લવ અને પુષ્પો છે. એનો જીવન-ગત કે અનુભવસિદ્ધ અર્થ અહિંસા છે.

'હું સર્વત્ર સહુમાં છું, સહુ મારામાં છે, અમે બધાં સમાન છીએ' એ ભાવના કે ધારણા વિના અહિંસા સિદ્ધ થઈ શકતી નથી.

અહિંસાના આચાર વિનાનો બ્રહ્મવિચાર, કે આત્મવિચાર એ માત્ર શુષ્કવાદ છે; તેથી અહિંસાની સાધનાને, બ્રહ્મચર્યની સાધના, શાસ્ત્રોમાં કહી છે.

અહિંસા, બ્રહ્મ અને આત્મા એ બધાં પર્યાયવાચી શબ્દો છે. અહિંસા એ પ્રેમની નિષેધાત્મક બાજુ છે.

સાચી અહિંસામાં દયા અને સાચી દયામાં અહિંસા સમાય છે.

卐

# ભાવદયા

સાધુ-સંતો અજ્ઞાનીને જ્ઞાન, અશ્રદ્ધાળુને શ્રદ્ધા, ને આચારહીનને આચાર આપવા ઇચ્છે છે, તે તેમની ભાવદયા છે.

પ્રભુ શ્રી તીર્થંકર પરમાત્મા, શું આપવા ઇચ્છે છે? તેઓશ્રી મિથ્યાદૃષ્ટિને-સમ્યગ્દર્શન, મિથ્યાજ્ઞાનીને-સમ્યગ્જ્ઞાન અને મિથ્યાચારિત્રીને-સમ્યક્‌ચારિત્ર અર્પે છે. સાધનો વડે, સંસારમાં પરિભ્રમણશીલ જીવને-મોક્ષનાં અવ્યાબાધ સુખ આપવા ઇચ્છે છે; આનું નામ ઉત્કૃષ્ટ 'ભાવદયા' છે.

ભાવદયામાં પણ તારતમ્યતા હોય છે.

૧. શ્રી તીર્થંકર પરમાત્માનો ભાવ, સર્વને અને પ્રત્યેકને આત્મધન પ્રાપ્ત કરાવવાનો હોવાથી અને તેમનાં જેવો ઉત્કૃષ્ટ ભાવ બીજા કોઇમાં ન જાગતો હોવાથી, તેમનું આત્મદ્રવ્ય સર્વોત્કૃષ્ટ છે.

૨. જેઓનું આત્મદ્રવ્ય સર્વોત્કૃષ્ટ હોય, તેઓને ઓળખાવનારૂં નામ પણ, અચિંત્ય માહાત્મ્યવાળું હોય જ.

૩. જેમનું નામ અચિંત્ય માહાત્મ્યવાળું હોય, તેમનું રૂપ તેથી પણ વધારે મહિમાવાળું માનવું જોઇએ કારણ કે, એક રૂપમાં અનેક નામોનો સંગ્રહ છે.

૪. સમાન ભાવ અને સમાન દ્રવ્યને ધારણ કરનાર વ્યક્તિઓમાં ભેદ પાડવાની શક્તિ દેશકાળમાં નથી, તેથી તેઓનું એક સ્વરૂપ दिक्कालाद्यनवच्छिन्नानंतचिन्मात्रमूर्तिः કહેવાય છે.

૫. દેશકાળનો ભેદ કથંચિત્ બુદ્ધિ પ્રકલ્પિત છે. સાધનામાં એ ભેદ, પ્રયોજનભૂત નથી; તેથી તેને બાદ કરીને અવશેષ રહેનાર ભાવ અને દ્રવ્યને મુખ્ય કરાય છે. તે સર્વ, તીર્થંકર ભગવંતોમાં સ્વરૂપથી સમાન હોવાને કારણે, એકની પૂજામાં સર્વની પૂજા અને એકની હિલનામાં સર્વની હિલનાનો નિયમ સચવાય છે.

૬. શ્રી તીર્થંકર પરમાત્માના આત્મદ્રવ્યની પૂજા, પોતાના આત્મસ્વરૂપની પૂજા સ્વરૂપ છે. એમનું ધ્યાન એ પોતાના આત્માનું જ ધ્યાન છે અને તેથી કંઇક વિશેષ છે. કેમકે તેમાં પોતાથી અધિકનું પણ ધ્યાન થાય છે.

૭. શ્રી તીર્થંકર પરમાત્માના ભાવનું બહુમાન એ પોતાના ભાવને ઊંચો લાવવાનું સાધન છે, ભાવથી ભાવ વધે છે. સજાતીય મળવાથી બંનેની શક્તિ વધે છે. સજાતીયને વિજાતીય મળવાથી બંનેની શક્તિ ઘટે છે, શ્રી તીર્થંકર પરમાત્માના ધ્યાનથી સજાતીયતાના કારણે, આત્મા સબળ બને છે.

卐

# દયાભાવની દિવ્યતા

સદ્ગુણોમાં સર્વ પ્રથમ ગુણ તરીકે 'દયા' છે. ચરમાવર્ત્તની પ્રાપ્તિ કરાવનાર પણ તે જ છે.

ધર્મનાં બધાં જ આલંબનોને, નિમિત્તોને સામે હાજર કરનાર, બધી જ અવસ્થાઓમાં માતાની જેમ પાલન કરનાર, પત્નીની જેમ ભૌતિક સુખોને આપનાર, રોકડ નાણાની જેમ સર્વત્ર સાથે રહેનાર, રસાયણની જેમ પુષ્ટ કરનાર, મોક્ષનું અવંધ્ય કારણ અને મોક્ષે ગયા પછી ભગવાન તરફ અને મોક્ષ તરફ આકર્ષનાર કોઈ હોય, તો તે 'દયા' છે.

આપણા હૃદયમાં દયાને જગાડનાર શ્રી પંચ પરમેષ્ઠિઓનો અનુગ્રહ છે. કૃતકૃત્ય હોવા છતાં જીવોમાં દયા ઉત્પન્ન કરવી–એ તેમનું સનાતન કૃત્ય છે. અર્થાત્ આલંબન લેનારને અવશ્ય માર્ગદર્શક બને છે.

દયા એ બધા ગુણોનો અર્ક છે. ભાષા અને મનના પુદ્ગલોની જેમ તેની અસ્ખલિત ગતિ છે, તેમ દયાભાવની પણ સર્વત્ર અસ્ખલિત ગતિ છે.

દયાનો ભાવ ક્ષણવારમાં સર્વ જીવોના અંતરાત્મામાં ભળી જાય છે.

દયાભાવ જ સર્વનો આત્મા છે. દયાનો ભાવ એ અપેક્ષાએ તાત્ત્વિક અને તાત્કાલિક મોક્ષ છે, મોક્ષ સુખનો આસ્વાદ કરાવનાર છે.

આ વિચાર સૂક્ષ્મ છે અને તે સમજાઈ જાય, તો ધર્મનું હૃદય હસ્તગત થયું કહેવાય.

## ધર્મનું મૂળ દયા

'તરંગવતી તરંગલોલા' ચરિત્રમાં સર્વ પ્રથમ પારધીને ચક્રવાક યુગલ પર દયા આવે છે. પારધીના બાણ વડે ચક્રવાકનું મરણ થાય છે તે વખતે ચક્રવાકીનો વિલાપ પારધીના મનમાં દયા જગાડે છે.

દુઃખ અને દયાને પરસ્પર સંબંધ છે. જગતમાં દુઃખ છે, તેના ઔષધરૂપે મહાત્માઓના હૃદયમાં દયા પ્રગટે છે.

જગતનું દુઃખ, દયાળુના હૃદયમાં દયા ઉત્પન્ન કરે છે. પારધીના મનમાં જે દયા જાગી, તે તેના મોક્ષ પર્યંતના બધા જ સુખોનું મૂળ બને છે.

દયાથી જ મનુષ્યપણું, ધર્મ શ્રવણ, ધર્મશ્રદ્ધા અને ધર્મવીર્ય પ્રગટે છે.

તે પારધી ચોરોની ટોળીનો નાયક છે. પદ્મસેન અને તરંગવતી કે જે પૂર્વભવના ચક્રવાક અને ચક્રવાકીના જીવ છે, તેને ચોરોનો તે નાયક માતા સમક્ષ ભોગ આપવા માટે પકડી લાવે છે. પદ્મસેનને સ્તંભ સાથે બાંધવામાં આવે છે. તરંગવતી તે વખતે,

પોતાનું જીવનવૃત્તાંત પારધીને કહે છે. તેથી પારધીના મનમાં ફરી વાર દયા જાગે છે. તે જાનના જોખમે પણ બંનેને છોડાવે છે અને તે ચોર પોતે ચારિત્ર ગ્રહણ કરે છે. તે મહાત્માના સંપર્કમાં પદ્મસેન અને તરંગવતી અમુક સમય પછી આવે છે અને પ્રતિબોધ પામે છે.

આ દૃષ્ટાન્તમાં સ્થૂલ દયાનો મહિમા પણ સારી રીતે સમજાય છે.

દયા એ આનુગામિક ધર્મ છે. 'हिए, सुहे, निस्सेसिए, आणुगामिए, पारगामिए ઇત્યાદિ જે વિશેષણો છે, તે આ દયાધર્મને ઘટે છે.

પાક્ષિક સૂત્રમાં તે ધર્મને 'अहिंसा लक्खणो।' 'અહિંસારૂપી લક્ષણવાળો કહ્યો છે. એ રીતે બધા જ ગુણો દયા સ્વરૂપ છે, દયાના જ ભેદ-પ્રભેદો છે. દયાભાવને ટકાવવા માટે જ તેને ગુણો તરીકે ઓળખાવ્યા છે.

દયારૂપી ધર્મ વડે બધા જ જીવોને દુર્ગતિમાં પડતા બચાવીને સદ્‌ગતિમાં લઈ જવાનું કાર્યનું શક્ય બને છે. જીવને મોક્ષ પર્યંત પહોંચાડવાનું સામર્થ્ય દયાધર્મમાં છે.

દયાભાવ એ દ્રવ્ય-અનુષ્ઠાનને ભાવ-અનુષ્ઠાન બનાવે છે. અનુષ્ઠાનની પરિપૂર્ણતા કરવા, કરાવવા અને અનુમોદવા વડે થાય છે. કરવું તે બિંદુ છે, કરાવવું તે સિંધુ છે અને અનુમોદવું તે સાક્ષાત્ બ્રહ્મરૂપ છે.

સામાયિક આપણે કરીએ છીએ, દયાભાવ વડે બીજા પાસે કરાવીએ છીએ અને શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના સાચા સામાયિક ધર્મને મન-વચન-કાયાથી અનુમોદીએ છીએ, ત્યારે તે પરિપૂર્ણ સામાયિક બને છે.

આ જ ધર્મ બધાને ધારણ કરે છે. કેમકે તેનો સંબંધ સર્વની સાથે છે.

જેનો સંબંધ સર્વની સાથે નથી, તે ધર્મ પણ આંશિક છે, પરિપૂર્ણ નથી. અથવા તેમાં ત્રણ કરણ, ત્રણ યોગ ભળતાં નથી, માટે તે કેવળીકથિત ધર્મ જ બનતો નથી. કેવળી કથિત ધર્મ ત્રિકરણ યોગથી થનારી ક્રિયા છે.

ચાર શરણાં પૈકી એક કેવળીકથિત ધર્મ છે. અને તે શુદ્ધ દયાભાવમય હોવાથી શરણાગતનું રક્ષણ કરે જ છે. એટલું જ નહિ, પણ યોગક્ષેમંકર નિજ સ્વભાવ વડે ત્રિભુવનક્ષેમંકર બની રહે છે.

આ ધર્મના પ્રકાશક, વિશ્વવત્સલ શ્રી તીર્થંકર પરમાત્માઓ હોય છે. તેઓશ્રીઓના વાત્સલ્યમાં તરબોળ થવાનું સૌભાગ્ય જીવદયાનું ત્રિવિધે પાલન કરવાથી સાંપડે છે.

卐

# દાન અને દયા

માતા-પિતા વિના જેમ સંતાનોત્પત્તિ નથી, તેમ દાન અને દયા વિના ધર્મોત્પત્તિ નથી.

દાન અને દયાના મૂળમાં પરહિતચિંતારૂપ મૈત્રી છે.

દાન અને દયાના સિદ્ધાંતને સમજ્યા વિના જીવન ભયાનક લાગે છે. અને તે સિદ્ધાંત સમજમાં બેસવાથી જીવન ભવ્ય બની જાય છે.

દાન અને દયારૂપી દ્વારથી ધર્મનગરમાં સુખપૂર્વક પ્રવેશ થઈ શકે છે.

એક ખેડૂતને જેમ પોતાના દાણાનું ભૂમિને દાન અનિવાર્ય છે, તેમ આત્માની પ્રગતિ માટે પરોપકારની ક્રિયા અનિવાર્ય છે,

દાણો ખેતરમાં વાવ્યા પછી તેને માટીથી ઢાંકવો આવશ્યક છે તેમ પરોપકારની ક્રિયાને અપ્રગટ રાખવી જોઈએ.

દાણા વાવવા માટે ભૂમિ રસાળ જોઈએ પણ ઉખર ન જોઈએ, તેમ દયા, દાન, પરોપકારાદિ માટે ભૂમિ રસાળ એટલે ઉત્તમ પાત્રની આવશ્યકતા છે.

ક્ષેત્ર અને બીજની જેમ જળ-વાયુની અનુકૂળતા પણ જરૂરી છે. વિધિ-આચાર એ વાયુ છે. દાતાની ભાવના એ જળના સ્થાને છે.

## પ્રયોગાત્મક જીવન

સૃષ્ટિ પ્રયોજનાત્મક છે. અને સાથે પ્રયોગાત્મક છે. પ્રયોજન-સર્વને શાશ્વત સુખ પમાડવું-તે છે અને પ્રયોગ-તે જીવનો પોતાનો પુરુષાર્થ છે.

પ્રયોગાત્મક થવા માટે પ્રબોધાત્મક થવાની જરૂર છે. જીવ જ્યારે પ્રબોધાત્મક ભૂમિ પર પ્રયોગાત્મક બને છે, ત્યારે પરિણામ પ્રમોદાત્મક આવે છે. તેને જ સિદ્ધિપદની પ્રાપ્તિ કહેવાય છે.

જીવનને પ્રયોગાત્મક બનાવવા માટે સૌ પ્રથમ પ્રબોધની જરૂર પડે છે. પ્રબોધાત્મક થવા માટે તે વિષયો પર અન્વેષણ કરવું પડે છે, કે સૌથી શ્રેષ્ઠ પાત્ર કયું ?

એટલે કે પ્રથમ બોધ પાત્રનો, બીજો દાનરૂપી બીજારોપણનો, ત્રીજો આચાર-વિચારની વિશુદ્ધિ એટલે જળ-વાયુનો અને ચોથો પોતાની યોગ્યતારૂપી આકાશનો થવો જોઈએ.

તેમાં પહેલા પાત્રનું સ્થાન, પદાર્થ વિજ્ઞાન માંગે છે. પદાર્થ વિજ્ઞાન કહે છે કે, વિશ્વ સદા પરિપૂર્ણ છે. તે પાત્રની પૂર્તિ સદા કર્યા જ કરે છે. એ પાત્રની સેવના ઉપાસના, પર્યુપાસના માટે યોગ્યતા પ્રાપ્ત કરવી, તે આપણું પોતાનું કર્તવ્ય છે.

ભક્તિરૂપી બીજ વાવવા માટે સર્વોત્તમ પાત્ર શ્રી અરિહંત પરમાત્મા છે, કેમકે વિશ્વવત્સલ પ્રકૃતિનું પરમ પ્રયોજન સિદ્ધ કરવામાં જ તેઓનું સર્વસ્વ, સર્વોત્કૃષ્ટ પ્રકારે ખર્ચાય છે, સાર્થક થાય છે. તે પ્રકારનું નામ દાન અને દયા છે. દાન–વ્યસનીપણું –એ તેઓશ્રીના અનંત ગુણોમાં મોખરે છે. અને પરમ દયાના તો તેઓશ્રી પર્યાય છે.

એટલે દાન દયામય જીવન ઘડવા માટે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ જરૂરી જ નહિ, બલ્કે અનિવાર્ય છે.

卐

# પરોપકારની પ્રધાનતા

પરોપકાર માટે જ આ માનવશરીર મળેલું છે શક્તિ સંજોગ હોવા છતાં પરોપકાર વિનાનું જીવન જીવનારો મહાપાપી છે. પરોપકારના રંગથી રંગાવામાં માનવ-જીવનની સફળતા છે. અન્ય પ્રાણીઓ અનિચ્છાએ પરોપકાર કરે છે. કોઈપણ સ્થિતિ કે સંયોગમાં પરોપકાર કરવો એ જ પ્રધાન કાર્ય છે.

દરેક જીવ, પારકાના ઉપકારમાં ફાળો આપવા બંધાયેલો છે. જો ન આપે, તો તે વિશ્વવિધાનનો અપરાધી ઠરે છે. એ વિધાન બતાવનારનો દ્રોહ કરે છે. એના કટુ વિપાક એને ભોગવવા પડે છે. તેનાથી બચવા માટે 'પરોપકારના પ્રબળ નિયમને' આધીન રહેવું જોઈએ.

પરોપકારની રીત પશુ કરતાં માનવની. અને માનવ કરતાં મુનિઓની તથા ગૃહસ્થ કરતાં યોગીઓની જુદી જુદી હોય છે. તેના ક્રમનો પણ ભંગ ન થવો જોઈએ. અન્યથા પોતે ઉપકરણ બનવાને બદલે અધિકરણ બને છે. નાના બાળકને ઉપકાર કરવા માટે, ધાવણના સ્થાને અન્ન આપીએ, તો ઉપકાર ન થાય. તેમ ગૃહસ્થનું કાર્ય સાધુ કરે અને સાધુનું કાર્ય ગૃહસ્થ કરે, તો અનર્થ થાય.

ધનવાન ધનથી, બળવાન બળથી, અને મેધાવી મનથી પરોપકાર કરી શકે છે. બધાંની પાસે એક જ પ્રકારના સાધન હોવા અસંભવિત છે.

પાંચમા ગુણસ્થાનક સુધી પરોપકારમાં વસ્તુની પ્રધાનતા છે. છઠ્ઠા ગુણસ્થાનકથી અધ્યવસાય અને ભાવની પ્રધાનતા છે.

સાધુઓ પોતાના જીવનથી પ્રજાને સન્માર્ગે ચઢાવી સદાચારી બનાવી શકે છે. સાધુ–પુરુષોનો દેહ પરોપકારનો પિંડ અને અહિંસાનો અવતાર મનાય છે.

સિદ્ધાવસ્થામાં સિદ્ધાત્મા, સ્વભાવસિદ્ધ સર્વોદયકારક છે. પરોપકારની પ્રક્રિયામાંથી અલગ રહેનાર તે માનવ પણ નથી, મુનિ પણ નથી અને મહેશ્વર પણ નથી.

સિદ્ધાવસ્થાનો પરોપકાર સૂર્ય અને ચંદ્રના ઉપકારની જેમ સહજ છે.

### ત્યાગની મહત્તા

त्याग एको गुणः श्लाघ्यः किमन्यैर्गुणराशिभिः ।
त्यागाज्जगति पूज्यन्ते नूनं वारिद–पादपाः ॥

ભાવાર્થઃ–ત્યાગ નામનો એક ગુણ પ્રશંસનીય છે. આ ગુણ ચાલ્યો જાય પછી બીજા ગુણો હોય તો ય શું ? ન હોય તો ય શું ? ત્યાગને કારણે તો આ જગતમાં વરસાદ અને વૃક્ષો પૂજાતા હોય છે.

દાનવૃત્તિનું મૂળ ત્યાગવૃત્તિ છે અને ત્યાગવૃત્તિનું મૂળ કૃતજ્ઞભાવ છે. કૃતજ્ઞભાવનું મૂળ પરોપકાર સ્વભાવ છે.

પરોપકારના પાયા પર અખિલ બ્રહ્માંડની રચના છે.

સિદ્ધાત્મા નિગોદના જીવને અકારણ ઉપકાર કરનારા થાય છે અને શ્રી અરિહંત પરમાત્મા વિશ્વના સકળ જીવોને ઉદ્ધારનારા થાય છે. આચાર્યાદિ પણ પોતાના આચાર જ્ઞાન અને સાધના દ્વારા વિશ્વજંતુઓને અલૌકિક ઉપકાર કરનારા થાય છે.

સમગ્ર વિશ્વ પરોપકારમાં પ્રવૃત્ત છે એમ જાણનારા નમ્ર બને છે, કૃતજ્ઞ બને છે, ત્યાગ અને દાનને પોતાનો પરમ ધર્મ સમજે છે.–એ ધર્મનું આચરણ નથી થતું ત્યારે મૂંઝવણ અનુભવે છે અને થાય છે ત્યારે પ્રસન્નતાનો અનુભવ કરે છે.

卐

## કૃતજ્ઞતા અને પરોપકાર

વ્યવહાર શુદ્ધિ માટે કૃતજ્ઞતા અને પરોપકાર એ બે ગુણનું પાલન આવશ્યક છે.

કૃતજ્ઞતા ગુણથી પ્રમોદભાવ જળવાય છે.

પરોપકાર ગુણથી કરુણાભાવ સચવાય છે.

કૃતજ્ઞતા એટલે બીજાએ કરેલા ઉપકારને ગાંઠે બાંધવો તે. બીજાના ઉપકારને ન ભૂલવો તે.

પરોપકાર એટલે પરને ઉપકારી સમજવો, તેમ જ સ્વીકારવો તે.

કૃતજ્ઞતા ગુણના પાયા ઉપર ચણાતી જીવનરૂપી ઈમારત જ સર્વગુણમંડિત બને છે.

તાત્પર્ય કે પ્રમોદભાવ એ જીવનનું પણ જીવન છે. રાગ-દ્વેષરૂપી મહાદોષનો સમૂળ ક્ષય કરવાનું સામર્થ્ય ધરાવતા આ ભાવ વડે જ જીવન ખરેખર જીવવા જેવું બને છે.

જીવનમાં કૃતજ્ઞતા ગુણ પ્રગટે છે એટલે પરોપકાર ગુણ પણ ખીલવા માંડે છે. તેવા ગુણવાળાને જગતના બધા જીવો ઉપકારી પ્રતીત થાય છે. તેથી જીવો પર કરાતા ઉપકારનો અહંકાર તેને સ્પર્શતો નથી.

શ્રી અરિહંત પરમાત્મા પરોપકારી છે-એ ત્રિકાલાબાધ્ય સત્યને સર્વ પ્રથમ હૃદયમાં પ્રતિષ્ઠિત કરવું, તેમાં સાચી કૃતજ્ઞતા છે. તેઓશ્રીના ગુણોની અનુમોદનાનો આ ઉત્તમ માર્ગ અપનાવવાથી પ્રત્યેક સત્કર્મ કરતી વખતે, તેઓશ્રીને જ આગળ રાખવાની સદ્બુદ્ધિ જળવાય છે.

ખરા સમયે મદદ કરનારને ઉપકારી માનીએ છીએ. તેમજ જીવીએ ત્યાં સુધી તેને યાદ કરીએ છીએ. તો નિષ્કારણ કરૂણાસિંધુ શ્રી અરિહંત પરમાત્માના ઉપકારોને કદીયે ન ભૂલીએ તેમ જ સદાય હૃદયમાં રાખીને જીવન જીવીએ તેમાં આપણી ખાનદાની છે.

卐

# અચિંત્ય શકિતપુંજ

ધર્મ જ જગતને ધારણ કરે છે-એ વાત સ્પષ્ટ છે. અને ધર્મ -એ 'મૈત્ર્યાદિ ભાવ સંયુક્તં' હોય તો જ ધર્મ કહેવાય.

મૈત્ર્યાદિ વિના જગતને કોણ ધારણ કરી શકે ? **એક પણ ભાગ્યવાન પુરૂષના હૃદયમાં જ્યાં સુધી મૈત્રી હશે, ત્યાં સુધી ધારણ કાર્ય ચાલુ રહેશે.**

સર્વથી ઉત્કૃષ્ટ જે અશુભ પરિણામ, તેના કરતાં એક માત્રા અધિક એવો અશુભ પરિણામ, દુર્ગતિમાં જતાં જીવોને થતો નથી, એનું કારણ એ છે કે સત્પુરૂષોના હૃદયમાં, મૈત્ર્યાદિરૂપ ભાવધર્મ છે. એ ધર્મ ન હોય તો જીવોના અશુભ પરિણામની કોઈ મર્યાદા ન રહે.

સર્વોત્કૃષ્ટ અશુભ પરિણામની અપેક્ષાએ તેનાથી એક પણ માત્રાહીન એવો અશુભ પરિણામ પણ શુભ ગણાય. જેમ ૧૦૪ ડીગ્રી તાવની અપેક્ષાએ ૧૦૩ ડીગ્રી તાવ સારો ગણાય. તેમ અહીં, આ અપેક્ષાને મૂલવવાની છે. અહીં અશુભની માત્રામાં જે ન્યૂનતા થઇ, તેમાં પણ કારણ સત્પુરુષોના હૃદયમાં રહેલો ધર્મ છે.

## મૈત્ર્યાદિની શક્તિ

મૈત્ર્યાદિ સ્વરૂપ ધર્મમાં રહેલી ધારણ કરવાની શક્તિ, શબ્દોમાં આવે તેમ નથી. તેને શબ્દ દેહ આપવાનું કાર્ય અશક્ય પ્રાયઃ છે. પણ સ્પર્શ થતાં સમજાય છે કે, **ધર્મ એક એવો પ્રેમપુંજ છે કે જેનાથી આપણે સહુ ધારણ કરાઈ રહ્યા છીએ.**

એ પ્રેમપુંજને કેવળ આત્મા, આત્મા વડે, આત્મામાં જ જાણી શકે, જોઈ શકે અને અનુભવી શકે.

પરમાત્મતત્ત્વ સાથે ભાવાનુસંધાન થતાં, એક એવું મોજું આત્મ-દ્રવ્યમાં ફરી વાળ્યું છે કે, જેની મીઠાશનું વર્ણન ન થઈ શકે. એ મીઠાશ તે ધર્મ છે, જે ધારણ કરે છે. અથવા પરમાત્મરૂપ સર્વ જીવો સાથે ભાવાનુસંધાન થતાં જ જે આહ્લાદ-આનંદ વગેરે ઉત્પન્ન થાય છે, તે જગતને ધારણ કરે છે. એની શક્તિને કેવળ કેવળી ભગવંતો જ જાણી શકે છે. યોગીઓ એ પરિણામને સ્પર્શવાના સતત પ્રયત્નમાં રત રહે છે.

**દર્શન-જ્ઞાન-ચારિત્રનો આત્મા, પૂર્વોક્ત સમસ્ત જંતુવિષયક સ્નેહનો પરિણામ છે.** આ પરિણામની ભાવપરિણતિ, સ્વરૂપલાભ, સિદ્ધ ભગવંતોમાં પણ છે. એ જ ભાવ પરિણતિને શ્રી ઉપમિતિકાર ભગવંત પરમ કારણ તરીકે સંબોધે છે.

આ બધી અપેક્ષાઓને સામે રાખીને મૈત્ર્યાદિ ભાવો તરફ જોવાય, ત્યારે તે ભાવોની મહાપ્રભાવિકતાનો સાચો ખ્યાલ આવે.

વ્યક્તિમાં વિશ્વ અને વિશ્વમાં વ્યક્તિ કઈ રીતે પ્રતિષ્ઠિત છે તે અને તેના અમાપ ઉપકારક સ્વરૂપનો યથાર્થ ખ્યાલ મૈત્ર્યાદિ ભાવોને સ્પર્શતાં જ સ્પર્શે છે. તેમાં કોઈ શંકા નથી.

卐

# ત્રણ મહાન ભાવો

मा कार्षीत् कोऽपि पापानि; मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा; मतिर्मैत्री निगद्यते ।

કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ. આ જગત મુક્ત થાઓ—એવી બુદ્ધિને મૈત્રીભાવના કહેવાય છે.

આ ત્રણ ભાવોને હૃદયમાં સતત ધારણ ન કરનારની દરેકના પાપમાં, દરેકના દુઃખમાં અને સંસારમાં સૂક્ષ્મ બુદ્ધિગમ્ય અનુમતિ હોય છે તેથી તે સતત પાપ બાંધ્યા કરે છે.

સર્વ પ્રત્યે શત્રુભાવ અને ઉદાસીનભાવ નષ્ટ થઈને મૈત્રીભાવ આવવો તે જ ધર્મ માટેની પાત્રતા છે. સર્વ પ્રત્યેની મૈત્રી તે જ શ્રી જિનરાજ પ્રત્યેનો પ્રમોદ છે. શ્રી જિનરાજ પ્રત્યેનો પ્રમોદ તે જ સર્વ પ્રત્યેની મૈત્રી છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા એ વિવેક રત્નના ચાર પાસા છે, વિવેક આ ચારથી જુદી વસ્તુ નથી.

અનિત્યત્વાદિ સર્વ ભાવનાઓ પણ મૈત્ર્યાદિની સિદ્ધિ માટે જ છે. અનિત્યત્વાદિ ભાવનાઓ ન હોવી તે જ જીવો પ્રત્યેના શત્રુભાવનાદિનું સ્વરૂપ છે.

પચ્ચક્ખાણ વિના જેમ અવિરતિનો આશ્રવ આવતો રોકી ન શકાય, તેમ મૈત્ર્યાદિ ભાવનાઓ વિના મિથ્યાત્વનો આશ્રવ રોકી શકાતો નથી.

મૈત્રી ભાવનામાં "કોઇ પણ જીવ પાપ ન કરો, કોઇ પણ જીવ દુઃખી ન થાઓ, બધા જ જીવો કર્મબંધનથી મુક્ત થાઓ." એ વિચાર હોવાથી પાપ દુઃખ અને કર્મની અનુમતિનો આશ્રવ રોકાઇ જાય છે, અન્યથા એ આશ્રવ ચાલુ રહે છે. પાપ વગેરેની અનુમતિ 'न निषिद्धं अनुमतं' એ ન્યાયથી ચાલુ રહે છે. એ જ મિથ્યાત્વમોહ અથવા મહામોહ છે.

સંવેગ અને નિર્વેદ એ સમ્યક્ત્વનાં લક્ષણો છે. અનુકંપા દ્રવ્યભાવ દુઃખની દયાસ્વરૂપ છે, તેમ સંવેગ, નિર્વેદ એ ભવદુઃખ અને મોક્ષસુખની ભાવના સ્વરૂપ છે.

સર્વ જીવો પાપ મુક્ત બનો, દુઃખ મુક્ત બનો, કર્મ મુક્ત બનો—એ નિર્વેદ ભાવના છે અને સર્વ જીવો મોક્ષ પામો, અનંત ચતુષ્ય પામો, સ્વરૂપ લાભ પામો—એ સંવેગ ભાવના છે.

આમ ઉક્ત ત્રણ ભાવોને હૃદયમાં સતત ધારણ કરવા તે સમ્યક્ત્વવાનનું જીવંત કર્તવ્ય છે, તે સિવાય જીવન ભારરૂપ છે, પરપીડારૂપ છે.

卐

### પરમાત્મપદ

સર્વ પાપનાશક અને સર્વ ઇષ્ટ સાધક પુનિત શક્તિ પરમાત્મપદ છે. તેના અનવરત ચિંતનથી મુમુક્ષુના અંતસ્તલમાં પ્રસુપ્ત પાપ સંસ્કાર અને પ્રકટ પાપ પુંજ થોડા સમયમાં જ ઉપશમિત થઈ જાય છે.

### સુગંધ

ફુલની સુગંધ પવનની સામી દિશામાં જઈ શકતી નથી પરંતુ સજ્જનના ગુણોની સુવાસ પવનની સામી દિશામાં પણ ફેલાઈ શકે છે.

# ભાવનાનું સામર્થ્ય

રાગ-દ્વેષાદિ ક્લેશ કહેવાય છે અને ઇર્ષ્યા-અસૂયાદિ ઉપક્લેશ કહેવાય છે. ક્લેશનું મૂળ ઉપક્લેશ છે.

સુખી પ્રત્યે ઇર્ષ્યા, દુઃખી પ્રત્યે ઉપેક્ષા, ગુણી પ્રત્યે અસૂયા અને પાપી પ્રત્યે તિરસ્કાર જેમાંથી જન્મે છે-તે ઉપક્લેશ છે.

'સઘળું સુખ મને જ મળે અને સઘળું દુઃખ મારું જ ટળે', એ રીતે સુખ પ્રત્યે અનંત રાગ અને દુઃખ પ્રત્યે અનંત દ્વેષ એ ક્લેશ માત્રનું મૂળ છે.

'મારું દુઃખ ટળો તેમ બીજાનું પણ ટળો,
મને સુખ મળો એમ બીજાને પણ મળો.'

એ વિચારથી ક્લેશ મંદ થાય છે.

મંદ ક્લેશને નિવારવા માટે, દુઃખદ્વેષને દુઃખનાં મૂળ પાપદ્વેષમાં અને સુખરાગને સુખના મૂળ ધર્મરાગમાં વાળવાની જરૂર છે કારણ કે, દુઃખ એ પાપનું ફળ છે અને સુખ એ ધર્મનું ફળ છે.

ધર્મનો રાગ પુણ્યવાન પ્રત્યે. અસૂયાને બદલે અનુરાગ પેદા કરે છે તથા પાપનો દ્વેષ પાપી પ્રત્યે તિરસ્કારને બદલે અનુકંપા યુક્ત માધ્યસ્થ્ય પેદા કરે છે. પુણ્યવાન્ પ્રત્યે હર્ષ અને પાપી પ્રત્યે માધ્યસ્થ્ય એ અનુક્રમે પ્રમોદ અને ઉપેક્ષાભાવ છે.

આ રીતે રાગ-દ્વેષને નિર્મૂળ કરવાનું સામર્થ્ય મૈત્ર્યાદિ ભાવનાઓમાં રહેલું છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય આ ચાર ભાવનાઓમાં પ્રથમ નંબરે મૈત્રીભાવના છે અને પછી પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય છે.

## મૈત્રીભાવનું સામર્થ્ય

મૈત્રીભાવનાની પરાકાષ્ટાનું નામ પૂર્ણ અહિંસા છે, અને એ મૈત્રીભાવનાનો જ્યાં જ્યાં જેટલા પ્રમાણમાં અભાવ અને તે અભાવને દૂર કરવા માટેનાં પ્રયાસની ખામી; ત્યાં ત્યાં તેટલા પ્રમાણમાં હિંસા પછી ભલે તે વ્યક્ત હોય કે અવ્યક્ત હોય, જાણપણે હોય કે અજાણપણે હોય.

હિંસાનો સંબંધ, કેવળ પ્રાણનાશ સાથે છે, એવું નથી; પણ અન્ય જીવોનાં રક્ષણ અંગેનાં ઉપયોગની ખામી સાથે ય છે. જૈન શાસનમાં જેટલો ઉપયોગ તે ધર્મ છે અને ઉપયોગની ખામી એટલો અધર્મ છે.

મતલબ કે અહિંસા, દયા, જીવમૈત્રી એ ધર્મનો પાયો છે. મૈત્રીભાવના વગરના કઠોર હૈયામાં કરૂણા આદિ ભાવનાઓ ઉગી શકતી નથી.

## કરૂણાભાવનું સામર્થ્ય

કરૂણાભાવનું સામર્થ્ય બે પ્રકારે કાર્ય કરે છે. એક તો, જે જીવમાં કરૂણાભાવ પ્રગટે તે જીવમાં 'પાપાકરણ નિયમ' પ્રગટાવે છે; અને બીજું, જે જીવો ઉપર કરૂણા પ્રગટે છે તે જીવોનાં ચિત્તમાલિન્યની નિવૃત્તિ કરે છે.

તે જીવો ત્રણ પ્રકારનાં હોય છે. શત્રુ, મિત્ર અને ઉદાસીન.

એ ત્રણે પ્રકારનાં જીવોમાં રહેલી, અપરાધ કરવાની વૃત્તિ દૂર થાય છે. ભગવાન શ્રી મહાવીરસ્વામીની કરૂણાએ ચંડકૌશિક સર્પનાં અપરાધની નિવૃત્તિ કરી હતી. એ દૃષ્ટાંત છે.

પ્રભુનાં અતિશયોનું રહસ્યભૂત તત્ત્વ પણ મૈત્રી આદિ ચાર ભાવનાસ્વરૂપ પ્રભુની અદ્ભુત યોગસંપદા છે, એમ શ્રી વીતરાગસ્તોત્રના ત્રીજા પ્રકાશના અંતે, મૂળકાર, ટીકાકાર અને અવચૂર્ણિકારે સ્પષ્ટ કહેલું છે.

## પ્રમોદભાવનું સામર્થ્ય

પોતાનાં હજાર અવગુણને અવગણીને પણ માનવી પોતાના નાનકડા ગુણને આગળ કરીને હરખાતો હોય છે. તેમ જે માનવીના હૃદયમાં પ્રમોદભાવ પ્રગટે છે. તે પરનાં નાનકડાં પણ ગુણની પ્રશંસા કરે છે. આ પ્રશંસા એ પ્રમોદનું વ્યક્ત સ્વરૂપ છે.

આ પ્રમોદભાવ જેનાં હૈયામાં હોય છે. તે પોતે સુકૃતરાગી બનીને, પરમાં સુકૃતકરણની વૃત્તિને જગાડવાનું સુકૃત પણ કરતો હોય છે.

જે વ્યક્તિના જીવનના મૂળમાં મૈત્રીનો અમી સિંચાયેલો હોય છે, તે પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થ ભાવની પાત્રતા પ્રગટાવીને સ્વ-પર શ્રેયસ્કર જીવન જીવી જાય છે.

## માધ્યસ્થ્યભાવનો પ્રભાવ

હિંસા, ચોરી, જુઠ આદિ પાપો ભયંકર છે. એવાં પાપો કરીને પોતાનાં આત્માને કલંકિત કરનારા જીવો તરફ જેમને માધ્યસ્થ્યભાવને બદલે, ઘૃણા યા તિરસ્કાર જાગે છે; તેમને જીવમૈત્રીનો સ્પર્શ થયો હોતો નથી, નહિંતર પોતાનાં સંતાનની કસુરને જે આંખે એની માતા જુએ છે—એ જ આંખે જોવાની સહજ વૃત્તિ જીવમૈત્રી વાસિત હૈયાવાળા જીવને થવી જોઇએ.

પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ અનુકંપા યુક્ત માધ્યસ્થ્યભાવ જાગવાથી, સ્વભૂમિકાની પુષ્ટિ થવા ઉપરાંત પરને એટલે કે તેવા પાપીને પણ પાપ નહિ કરવાની સદ્બુદ્ધિ જાગે છે.

માટે મૈત્ર્યાદિભાવો છોડીને સ્વાર્થ આદિમાં મનને જવા દેવું, એ આર્ત અને રૌદ્રધ્યાનનું સેવન કરવાનો અહિતકારી માર્ગ છે.

## સર્વ જીવોનું હિતચિંતન

સર્વ જીવોના હિતચિંતનનો ભાવ નિસર્ગથી કે અધિગમથી જાગ્યા વિના આત્મ–સમ–દર્શિત્વ અને તેમાંથી ફલિત થતાં ક્ષાન્ત્યાદિ ધર્મો કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ?

કોઈની સાથે વૈર ન હોવું એ જ મૈત્રી છે. વૈર ન હોવું એટલે અહિત ચિંતનનો અભાવ હોવો. અહીં બે નિષેધ પ્રકૃત અર્થને કહે છે' એ ન્યાયે હિતચિંતનનો ભાવ જ આવીને ઊભો રહે છે.

સર્વનું સુખ ઈચ્છવું એ મોહરૂપ નહિ પણ વિવેકરૂપ છે. શ્રી સંઘને ઉદ્દેશીને શાસ્ત્રકારોએ "पुत्रमित्र भ्रातृकलत्र... नित्यं प्रमोद कारिणः, नरपतयश्चाक्षीणकोष्ठागारा भवन्तु।" વગેરે સૂત્રો રચ્યા છે. અને બ્રહ્મલોકની શાંતિ ચાહી છે, તે કેવળ ઉપદ્રવના અભાવરૂપ જ નહિ પણ સ્વાસ્થ્યના સદ્‌ભાવરૂપ પણ છે.

દર્દી વૈદ્ય પાસે જાય છે, તે સમયે તેના મનમાં દર્દથી મુક્ત થઈને શારીરિક સુખાકારી મેળવવાનો ભાવ હોય છે.

દર્દના હોવાપણામાં આરોગ્યનો અભાવ છે, અને દર્દના દૂર થવામાં આરોગ્યનો સદ્‌ભાવ છે, તેમ શાંતિની બાબતમાં સંપત્તિની બાબતમાં અને લોકોત્તર સમતા આદિ ગુણોની બાબતમાં પણ સમજી લેવાનું છે.

સર્વત્ર હિતચિંતન રૂપ મૈત્રી અને સકલસત્ત્વહિતાશય એ ધર્મમાત્રનો, યોગ-માત્રનો અને અધ્યાત્મમાત્રનો પાયો છે.

શ્રી જિનાજ્ઞા પોતાનાં તુલ્ય પરને અને પરમાત્મ તુલ્ય પોતાને, નિશ્ચયથી માનવાનું ફરમાવે છે, તે આજ્ઞાનો અસ્વીકાર અને સ્વીકાર એ અનુક્રમે ભવ અને મોક્ષનું બીજ બને છે.

જીવને આર્તધ્યાનથી છોડાવી અને ધર્મધ્યાનમાં જોડવા માટે તથા શ્રેણિ અને શુક્લધ્યાન સુધી પહોંચાડનાર સકલસત્ત્વવિષયક સ્નેહ અને હિતચિંતાનાં પરિણામ છે. તેથી તે સ્વયં ધર્મધ્યાન રૂપ છે અને ધર્મધ્યાનનો હેતુ પણ છે.

શુક્લધ્યાનનું બીજ ધર્મધ્યાન છે અને ધર્મધ્યાનનું બીજ મૈત્ર્યાદિભાવો છે. મોક્ષમાં તે ભાવો નથી પણ સર્વાનુગ્રહકારક પરાર્થસાર એવો સ્વભાવ, મોક્ષમાં પ્રગટે છે, તે પ્રકર્ષભાવને પામેલા મૈત્ર્યાદિભાવોનું જ પરિણામ છે.

સારાંશ કે, મૈત્ર્યાદિભાવો એ ધર્મમય જીવનનું જીવન છે. તેના સેવનમાં સ્વ–પર કલ્યાણ સમાયેલું છે,

卐

# મૈત્ર્યાદિ ભાવોનો મહિમા

નાની પણ અવિધિ થાય ત્યાં ષટ્કાય (છ કાય જીવોની) વિરાધકતા કહી છે, તેથી વિધિનો સાધક ષટ્કાય જીવનો આરાધક બને છે, એ સિદ્ધ થાય છે.

ઔચિત્ય ગુણની ઉપાદેયતા પણ મૈત્ર્યાદિ ચાર ભાવોની ઉપાદેયતા સૂચવે છે.

અપુનર્બંધક અવસ્થાના શાન્તોદાત ગુણો પણ મૈત્ર્યાદિભાવોને જ જણાવે છે.

અનુષ્ઠાન માત્ર વચનાનુસારિ અને મૈત્ર્યાદિ સંમિશ્ર હોવું જોઇએ.

અનુષ્ઠાન–એ સમ્યક્ચારિત્ર છે વચનાનુસારિતા–એ સમ્યગ્જ્ઞાનરૂપ છે. અને મૈત્ર્યાદિ યુક્તતા–એ સમ્યગ્દર્શનરૂપ છે મતલબ કે રત્નત્રયીમાં મૈત્ર્યાદિ ભાવો વ્યાપ્ત છે.

'अहिंसा लक्खणस्स' એ વિશેષણ ધર્મની દયામૂલકતા સૂચવે છે.

ભાવના ઉપયોગરૂપ છે, તેથી અલ્પકાલીન હોય. ભાવ લબ્ધિરૂપ છે, તેથી સ્થાયી હોઇ શકે.

ધર્મ ભદ્રકપરિણતિરૂપ છે, તેથી બીજાને શુભભાવ આપે છે, અને બીજાના શુભભાવનું ગ્રહણ કરે છે.

ભદ્રક–પરિણતિનો એ સ્વભાવ છે કે શુભનું જ આદાન–પ્રદાન કરવું.

મૈત્ર્યાદિ ભાવોમાંથી ચિત્તવૃત્તિને ખસેડવી એ પ્રજ્ઞાપરાધ છે અને સમતાથી ભ્રષ્ટ થવાનું કામ છે.

રાગાદિથી કલુષિત (ખરડાએલો) જીવ પણ ક્વચિત્ પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે છે, તે મૈત્ર્યાદિ ભાવોનો પ્રભાવ છે.

અંતરાત્મદશાને વિકસાવવા માટે જે ચિત્તપ્રસાદ જોઇએ, તે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાંથી પ્રાપ્ત થાય છે. 'जो समो सव्वभूएसु'ની ટીકામાં 'मैत्री भावात्तु समः' એવો અર્થ કર્યો છે.

ધર્મ એ વાદવિવાદનો કે ચર્ચા ટીકાનો વિષય નથી, કિંતુ જીવનમાં જીવીને અનુભૂતિમાં લાવવાનો વિષય છે.

ચતુર્થ ગુણસ્થાનકે અનંતાનુબંધીના ક્ષયોપશમ જન્ય ક્ષાન્ત્યાદિભાવો હોય, તે મૈત્ર્યાદિભાવોથી ગર્ભિત જ હોય.

મૈત્ર્યાદિ ભાવો મોહાદિના પ્રતિપક્ષ ભૂત (વિરોધી) હોવાથી, તેની ભાવના વિના અંતરંગ શત્રુ એવા કષાયોનો વિલય અસંભવિત છે.

શ્રી તીર્થંકર પરમાત્માના આત્માને સ્પર્શતા સમ્યક્ત્વને "વરબોધિ" કહે છે. તેમાં જે "વર" શબ્દ છે, તે સર્વ જીવો સાથે સંબંધ ધરાવે છે.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ મૈત્ર્યાદિના કાર્ય છે.

## શમ એટલે કષાયોનો ઉપશમ

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર મુખ્ય કષાય છે.

આત્મિક ગુણોના રસકસનું સતત શોષણ આ કષાયો કરતા રહે છે.

જીવમૈત્રીના મૂળમાં અંગારારૂપ આ કષાયોને ઉપશમાવવા માટે જિનભક્તિ એ સબળમાં સબળ સાધન છે.

રાગ અને દ્વેષ –એ બંને દોષોનો સમૂળ ઉચ્છેદ કરવાની અપ્રતિમ શક્તિ, જિન-ભક્તિના પ્રભાવે આત્મામાં જાગે છે. એટલે ક્રોધાદિ કષાયોનું સ્થાન ક્ષમા, નમ્રતા આદિ લે છે.

આ રીતે શમ, મૈત્રીનો મિત્ર બનીને આત્માનું સુંદર ચિત્ર ઉપસાવે છે.

શમનો વિકાસ સંવેગને જન્માવે છે.

## સંવેગ એટલે મોક્ષાભિલાષ

કર્મ–પારતન્ત્ર્યથી મુક્ત થવાની તમન્ના.

જગતના જીવોનું દુઃખદર્દભર્યું ચિત્ર, જીવોના મિત્રને ખરેખર ખટકતું હોય છે. એટલે તે તે પોતે સર્વ કર્મથી મુક્ત થઈને, જગતના જીવોને પણ પોતા તરફથી પહોંચતી પીડાથી મુક્ત કરે છે.

સાચો સંવિગ્ન આત્મા સંસારમાં પણ એ રીતે રહે છે, જે રીતે જળમાં કમળ રહે છે.

સંવેગ પરિપક્વ થાય છે એટલે તેમાંથી નિર્વેદ જન્મે છે.

## નિર્વેદ એટલે ભવ વિરક્તિ

ભવવાસ સાચે જ દુઃસહ્ય છે. તેમાં દુઃખનો પાર નથી. પરાધીનતાનો સુમાર નથી. કાંટાળી સેજ કરતાં પણ ભવવાસ વધુ દુઃખદ છે.

ભવનો રાગ સ્વપર ઉભયનું અહિત કરે છે.

જેમાં જીવ, અત્યંત પ્રયત્ને કરીને માંડ-માંડ અલ્પ કાલિન સ્વ–સ્થતાનો અનુભવ કરી શકે છે, અને પછી તરત અસ્થિર યોગોનો ભોગ બની જાય છે, એવા ભવવનમાં ભટકવાનું કયા સ્વમાની શૂરવીરને ગમે ?

સ્વમાની–શૂરવીરને આ પરાધીનતા ગમે કે ન ગમે, તો પણ જીવોના સહૃદયી મિત્રને તો આ પરાધીનતા કોઈ પણ સંયોગમાં આવકાર્ય નથી જ લાગતી.

એટલે એવા આત્માઓ, ચક્રવર્તીપણાના ચંચળ સુખોને જતાં કરીને, ત્યાગ અને વૈરાગ્યના સ્થિર માર્ગે પ્રમાણ કરીને, જિનભક્તિ અને જીવમૈત્રીને અજવાળે છે.

ભવ-નિર્વેદથી ભીંજાએલા હૈયામાં અનુકંપા તો હોય જ. જો ન હોય તો એ ભવ-નિર્વેદ યથાર્થ નહિ.

## અનુકંપા એટલે હૃદયની આર્દ્રતા.

દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારના રોગો વડે ઘેરાએલા જીવોનાં દુઃખો જોઈ આવા આત્માઓ અંદરથી ભારોભાર વ્યથા અનુભવતા હોય છે. સાત્ત્વિક આ વ્યથાનું બીજું નામ અનુકંપા છે.

મારે શું ? એ એના કર્મોનાં ફળ ભોગવે ? એવી ઉપેક્ષા, જિનભક્તિજન્ય જીવ-મૈત્રીથી વાસિત હૈયાવાળો આત્મા નથી જ દાખવતો.

મિત્રના દુઃખે, દુઃખી થતા મિત્રની જે લાગણી તે જ અનુકંપા.

અનુકંપા રહિત હૃદય, પત્થર-હૃદય કહેવાય છે.

આ રીતે અનુકંપા એ જીવમૈત્રીનો સ્પષ્ટ આવિષ્કાર છે.

મૈત્રીનો મહાન મિત્ર આસ્તિક્ય છે.

## આસ્તિક્ય એટલે પરાર્થ

પરાર્થ એજ પરમાનુષ્ઠાન એવી શ્રદ્ધા.

પરાર્થ સિવાય જીવમૈત્રી ન હોય. જિનભક્તિ હોય તો પણ ઔપચારિક સ્વાર્થજન્ય હોય.

શ્રી જિનેશ્વરના સમગ્ર સ્વરૂપમાં પરાર્થનો પરમ મંગલકારી ભાવ ઓતપ્રોત છે. તેઓશ્રીના શ્વાસ સુદ્ધામાં જીવમાત્રના મંગલનું મહાન સંગીત ઘુંટાતું રહે છે. આવા પરાર્થવ્યસની પરમાત્માના ભક્તના હૃદયમાં જો પરાર્થ-પરમાર્થની પવિત્ર ભાવના ન જાગે તો શું સમજવું ?

સાચું સમ્યક્ત્વ પણ પરાર્થ વડે જ દીપે છે.

જીવદયામય જીવન પણ પરાર્થનું જ સ્વરૂપ છે.

શ્રી જિનભક્તિ જન્ય જીવમૈત્રીનાં આ અંગો વડે બનેલું જીવન, પરમ જીવનનું બીજ બનીને આત્માને નિર્બીજ (ભવવાસના રહિત) બનાવી શકે છે, તે નિઃસંદેહ છે.

卐

# ચાર ભાવનાઓનો સાર

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓ છે. તેનો સાર નીચે મુજબ છે.

સુખીની ઇર્ષ્યાનો ત્યાગ, તે મૈત્રીભાવનાનો સાર.

ગુણો ઉપર દ્વેષનો ત્યાગ, તે પ્રમોદ ભાવનાનો સાર.

દુઃખીની ઉપેક્ષાનો ત્યાગ. તે કરૂણા ભાવનાનો સાર.

પાપી ઉપર રાગ અને દ્વેષ ઉભયનો ત્યાગ, તે માધ્યસ્થ્ય ભાવનાનો સાર.

## મૈત્રી માહાત્મ્ય

જે શ્રી જિનેશ્વરદેવોને મિત્ર પણ ન માને તે પરમ કલ્યાણ મિત્ર ને મિત્ર કેમ માની શકે ?

મૈત્રીભાવ તે અદ્વૈત મત છે. પ્રમોદભાવ તે વિશિષ્ટાદ્વૈત મત છે.

કરૂણાભાવ તે તથાગત મત છે. માધ્યસ્થભાવ તે દિગંબર મત છે.

ભાવ ચતુષ્ટયરૂપ જે અનેકાન્ત તે જિનમત છે.

ધર્મ માત્ર પ્રત્યે જેમ વચન કારણ છે તેમ મૈત્રી પણ કારણ છે. મૈત્રીના સ્થાને 'અહિંસા' શબ્દ આગમોમાં વ્યાપક છે. ક્ષમા અહિંસાદિ ધર્મોમાં મૈત્રીભાવ વ્યાપક છે.

નવ તત્ત્વનો સાર દેવ-ગુરૂની ભક્તિ છે, તેનો સાર અહિંસા અને અહિંસાનો સાર મૈત્રી છે. શુદ્ધ અહિંસા એટલે મૈત્રીભાવ. દેવ, ગુરૂ અને ધર્મ મૈત્રીયુક્ત છે. સમ્યક્ત્વ એ મૈત્રી અને તદ્યુક્તતામાં શ્રદ્ધારૂપ છે.

મૈત્રીનું આ વ્યાપક સ્વરૂપ જ જીવને તત્ત્વથી સર્વવ્યાપી બનાવી શકે છે. સમગ્ર જીવલોકમાં જીવને અગ્રીમસ્થાને બેસાડી શકે છે આથી એક સમયની પણ અમૈત્રી એ અકલ્યાણકારી છે એમ સ્પષ્ટ થાય છે.

卐

સુખ માટે અપરિગ્રહ વ્રત છે, તેથી સંતોષ પ્રગટે છે, અને સંતોષમાં જ ખરું સુખ છે. શાંતિદાયક સુખ સંતોષમાં છે, અપરિગ્રહમાં છે. અસંતોષ કે પરિગ્રહમાં નહિ.

તમારી પાસે જે હોય, તેનાથી તમે સુખી ન હો, તો જે નથી તેનાથી સુખી શી રીતે થઇ શકશો ?

# મૈત્ર્યાદિભાવ સંયુક્તમ્

धर्मध्यानं भवेद्यत्र मुख्यवृत्त्या जिनोदितं ।
रुपातीततया शुक्लमपि स्याद् शममात्रतः ॥

અર્થ :– શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા સ્વરૂપવાળું ધર્મધ્યાન મૈત્રી આદિ ભેદવાળું અનેક પ્રકારનું છે.

સિદ્ધાન્તમાં કહ્યું છે કે–

મૈત્રી આદિ ભેદ વડે ચાર પ્રકારનું, આજ્ઞા વિચયાદિ ભેદ વડે ચાર પ્રકારનું તથા પિંડસ્થાદિ ભેદ વડે પણ ચાર પ્રકારનું ધર્મધ્યાન છે.

તેમાં ધર્મધ્યાનને 'उपस्कर्तुं' સંધાનવાળું કરવાને માટે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓ નિયોજિત કરવી. કારણ કે એ મૈત્રી આદિ ભાવનાઓ, તે ધર્મધ્યાનને પુષ્ટ કરવા માટે રસાયણ સરખી છે.

'उपस्कर्तुं' એ પદનો અર્થ त्रूट्यतो ध्यानस्य पुनर्ध्यानान्तरेण सन्धानं कर्तुम् ।' એ રીતે યોગશાસ્ત્ર વૃત્તિમાં કર્યો છે.

સર્વ જીવો મારે મિત્ર સમાન છે, કોઈ જીવ મારું કાંઈ પણ નુકશાન કરતો નથી. દુઃખ આપનારો જીવ પણ મારા અશાતા-વેદનીયના ક્ષયમાં નિમિત્તરૂપ હોવાથી, મિત્ર સમાન છે. તથા સર્વ જીવોનું હિત મારાથી કઈ રીતે થાય ? ઈત્યાદિ ચિંતન તે મૈત્રી ભાવનારૂપ ધર્મધ્યાન છે અને ધર્મધ્યાનને પુષ્ટ કરવામાં કારણભૂત છે.

પરજીવને દુઃખમાંથી મુક્ત કરવાની ચિંતા તથા જીવો સંસારથી-ઉપાધિથી મુક્ત કેમ થાય ? ઈત્યાદિ ભાવના, તે કરુણાભાવના છે.

પરજીવને સુખી દેખી સંતોષ માનવો અને સુખનાં સાધન જે રીતે પ્રાપ્ત કરી શકે તે રીતે તેને પ્રેરણા કરવી ઈત્યાદિ પ્રમોદભાવના છે.

પર જીવોના દોષો અને અવગુણો દેખી તેઓ પર અરુચિથી-ઇર્ષ્યા દૃષ્ટિથી ન જોતાં, એ જીવો કર્મને વશ છે, એમનો કોઈ દોષ નથી, મોહ જે પ્રમાણે ચેષ્ટા કરાવે છે, તે પ્રમાણે કરે છે, ઈત્યાદિ મનમાં સમજીને જીવોના દોષો તરફ દુર્લક્ષ્ય કરવું; ઉપેક્ષા સેવવી તે ઉપેક્ષાભાવના છે. કહ્યું છે કે–

'परहितचिन्ता मैत्री, परदुःख विनाशिनी तथा करुणा ।
परसुख तुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥'

卐

# જીવમૈત્રી અને જિનભક્તિ

ભાવ મૂળ ગુણ છે અને ભાવના ઉત્તર ગુણ છે.

સમ્યકત્વ સામાયિક, શ્રુત સામાયિક અને સર્વવિરતિ સામાયિક એ ત્રણે પ્રકારના સામાયિકમાં જીવ માત્ર પ્રત્યે આત્મૌપમ્યભાવની આવશ્યકતા છે અને એ ભાવ મૈત્ર્યાદિ ભાવનાઓ વડે સાધ્ય છે.

સમ્યગ્દર્શન માટે જેમ દેવ-ગુરૂની ભક્તિ આવશ્યક છે, તેમ દેવ-ગુરૂની ભક્તિ માટે જીવોની મૈત્રી પણ આવશ્યક છે. શ્રી તીર્થંકર ભગવંતોની ભક્તિ વિના કોઈની પણ મુકિત ન હોય, એનો અર્થ પરાર્થ વૃત્તિની ભક્તિ વિના સ્વાર્થવૃત્તિનો નાશ કદી પણ ન હોય-એ છે.

આત્માર્થીપણું એટલે સ્વાર્થીપણું નહિ, પણ આત્મતત્ત્વરૂપે આત્મા માત્રનું અર્થીપણું. આત્મહિત એટલે રત્નત્રયીનું આરાધન. તેમાં મૈત્રીભાવ જ હોય.

સ્વદયામાં વૃત્તિ રૂપે પરદયાનો ભાવ હોય જ, પ્રવૃત્તિની ભજના હોય, પોતાના કે બીજાના દેહાદિ પર ભાવોને છોડીને જ્યારે દેહાદિની અંદર રહેલા આત્મા તરફ લક્ષ્ય જાય અને આત્માનું હિત કરવાનો મનોરથ જાગે ત્યારે અધ્યાત્મની પ્રાપ્તિ થઈ કહેવાય. આવા અધ્યાત્મભાવ મૈત્ર્યાદિ ભાવોની અપેક્ષા રાખે જ છે. એ ભાવોના અભાવમાં નામ, સ્થાપના કે દ્રવ્ય અધ્યાત્મ હોય, પણ ભાવ અધ્યાત્મ ન હોય.

'ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે' એ વચન આત્મગુણને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. ત્યાં પુદ્ગલ ગુણોનો અભાવ સમજવાનો પણ આત્મગુણનો અભાવ હોતો નથી.

આત્મગુણનો સદ્‌ભાવ સર્વ આત્માઓને ઉદ્દેશીને જ હોય. તેથી યોગ, અધ્યાત્મ વગેરેમાં 'मैत्र्यादि भाव संयुक्तम्' એ વિશેષણ હોય છે. તાત્પર્ય કે જીવ મૈત્રી-એ શ્રી જિન ભક્તિનું જ પ્રધાન અંગ છે. જીવ મૈત્રી વિનાની જિનભક્તિ દ્રવ્ય ભક્તિ હોઈ શકે, ભાવભક્તિ ન હોય.

મૈત્રી માટે ભક્તિ છે, એમ કહેવાં કરતાં પરમ જીવ વત્સલ શ્રી તીર્થંકર. પરમાત્માને ભાવપૂર્વક ભજવાથી અમૈત્રીનો નાશ થાય છે એમ કહેવું તે યોગ્ય છે. જે જીવોનો મિત્ર છે, તે શ્રી જિનરાજનો ભક્ત છે.

卐

# ભક્તિ અને મૈત્રી

પંચ-નમસ્કાર જ્યાં જ્યાં છે, ત્યાં-ત્યાં તે સર્વ પાપનો એટલે પાપ ભાવનો અર્થાત્ સ્વાર્થબુદ્ધિનો નાશ કરે છે તથા તે નમસ્કાર જેઓના હૃદયમાં છે, તે સર્વને સર્વ મંગળરૂપ થાય છે.

ધર્મ એ જ મંગળ છે. અને તે અહિંસા-સંયમ-તપરૂપ છે. તે ધર્મરૂપી મંગળનું મૂળ સર્વ જીવરાશી ઉપર સ્નેહનો નિષ્કામ પરિણામ છે.

એ પરિણામ જ અહિંસારૂપ, સંયમવ્યાપારરૂપ, તપશ્ચર્યારૂપ બને છે. અહિંસા એ જીવમૈત્રી પ્રતીક છે. સંયમ એ અહિંસાનું પ્રતીક છે. અને તપ એ સંયમનું પ્રતીક છે.

તપથી સંયમની શુદ્ધિ, સંયમથી અહિંસાની શુદ્ધિ અને અહિંસાથી જીવમૈત્રી વધે છે.

જીવની મૈત્રી પરમેષ્ઠિની ભક્તિમાં વૃદ્ધિ કરે છે. અને પરમેષ્ઠિની ભક્તિમાં જીવની મૈત્રી વધે છે, એમ અન્યોન્ય કારણરૂપ બનેલી જીવમૈત્રીથી અહિંસા, અહિંસાથી સંયમ અને સંયમથી તપ વધે છે.

તપમાં ધ્યાન પ્રધાન છે. ધ્યાનની સામગ્રી સંયમ છે, સંયમની સામગ્રી અહિંસા છે, અહિંસાની સામગ્રી જીવમૈત્રી છે. જીવમૈત્રીની સામગ્રી પરમેષ્ઠિની ભક્તિ છે.

બીજી રીતે પરમેષ્ઠિ-ભક્તિની સામગ્રી જીવમૈત્રી પણ છે. જીવમૈત્રીની સામગ્રી અહિંસા છે, અહિંસાની સામગ્રી સંયમ છે, સંયમની સામગ્રી તપ છે, તપની સામગ્રી ધ્યાન છે, ધ્યાનની સામગ્રી પરમેષ્ઠિ ભક્તિ છે.

આ રીતે સમતા અને ધ્યાન તથા ધ્યાન અને સમતા પરસ્પર કાર્યકારણરૂપ બનીને મુક્તિનો માર્ગ બને છે. મોક્ષ કર્મક્ષયથી, કર્મક્ષય આત્મજ્ઞાનથી, આત્મજ્ઞાન આત્મધ્યાનથી થાય છે.

આત્મધ્યાન વડે સમતા નિષ્પ્રકંપ બને છે. સમતાની સામગ્રી જીવમૈત્રી આદિ છે. તેથી તે ધર્મરૂપી મંગળનું મૂળ છે. તે મંગળના મૂળની પ્રાપ્તિ પંચનમસ્કારથી સિદ્ધ થાય છે.

આમ, ભક્તિ અને મૈત્રી પરસ્પર સંકળાયેલાં છે. જે પરમેષ્ઠિ અને જીવ વચ્ચેની મૂળભૂત આત્મીયતાના પ્રધાન કારણરૂપ છે.

## જીવમૈત્રી, જિનભક્તિ, ઋણમુક્તિ

ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે. અર્થાત્ જીવમૈત્રી, જિનભક્તિ અને ઋણ-મુક્તિના ભાવ વિના દાનાદિ નિષ્ફળ છે.

જીવમૈત્રી, જિનભક્તિ અને ઋણમુક્તિનો ભાવ પ્રગટાવવામાં આલંબન શ્રી નવપદો છે. કેમકે નવે પદો જીવમૈત્રી, જિનભક્તિ અને ઋણમુક્તિના ભાવથી છલોછલ ભરેલા અને તે ભાવના ફળરૂપે અભયપદને વરેલા છે.

જેનામાં જે ભાવ હોય તેનાથી, તે આલંબનથી તે ભાવ સિદ્ધ થાય એ સનાતન નિયમ છે.

દાનની પાછળ ઋણ મુક્તિનો, શીલની પાછળ જીવમૈત્રીનો અને તપની પાછળ જિનભક્તિનો ભાવ ભરેલો છે. અથવા એ ત્રણેની પાછળ, ત્રણે ભાવ એક સાથે રહેલા છે. તેથી તે ત્રણે મુક્તિના હેતુભૂત બને છે.

## વૈરાગ્ય અને મૈત્રી

વૈરાગ્યવૃત્તિથી વિષયો પ્રત્યે વિરક્તિ જાગે, તો પણ કષાયભાવો જીતવા માટે સીધું સામર્થ્ય મૈત્રી અને ભક્તિમાં છે.

ભક્તિથી જીવતત્ત્વની સાથે સંબંધ બંધાય છે.

વૈરાગ્યથી જડ તત્ત્વ સાથેનો સંબંધ તૂટે છે. બંને મળીને નિર્મળતા અને સ્થિરતાનો હેતુ બને છે.

નિર્મળતામાં પ્રધાન કારણ વૈરાગ્ય વૃત્તિ છે. સ્થિરતામાં મુખ્ય હેતુ મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ છે.

વૈરાગ્યથી મમતા જાય છે, તો મૈત્ર્યાદિના અભ્યાસથી સમતા પ્રગટે છે.

વિષયો પ્રત્યેના વૈરાગ્ય માત્રથી જીવની પૂર્ણ શુદ્ધિ થતી નથી. તેના માટે વૈરાગ્યની સાથોસાથ જીવ મૈત્રી જોઈએ જ. તેના પ્રભાવે કષાયો નિર્મૂળ થાય છે.

વિષયો જેટલા ઘાતક છે તેના કરતાં વધુ ઘાતક કષાયો છે. તે બંનેને નાબૂદ કરવા માટે વૈરાગ્ય અને મૈત્રી બંનેને જીવનમાં દઢ કરવા પડે છે ત્યારે જ આત્મદઢી-કરણ થાય છે.

## મૌન અને મૈત્રી

સાધક માટે બે વસ્તુઓની ખાસ જરૂર છે. એક મૌન અને બીજી મૈત્રી.

મૌનથી માધ્યસ્થ્ય જળવાય છે. અને મૈત્રીથી પ્રમોદ અને કારુણ્ય કેળવાય છે.

## સમસ્ત સત્ત્વવિષયક સ્નેહ એ મૈત્રી છે

ચૈતન્ય ઉપર મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય કે માધ્યસ્થ્યભાવને છોડીને બીજોભાવ ધારણ કરવો એ અપરાધ છે.

ધર્મનું લક્ષણ શુભ પરિણામ છે. એ શુભ પરિણામ ચાર પ્રકારનો છે. તેથી ધર્મના પ્રત્યેક અનુષ્ઠાન મૈત્ર્યાદિ ચાર ભાવયુક્ત હોય તો તે ધર્મસ્વરુપ બને છે.

ભાવ વિનાનો ધર્મ, લૂણ વિનાના ભોજન જેવો છે. અપ્રશસ્તભાવનું નિરાકરણ પ્રશસ્ત ભાવ વિના થતું નથી.

મૌન અને મૈત્રી એ આત્માની શક્તિઓ છે.

એક અપેક્ષાએ એમ કહી શકાય કે મૌન એટલે કોઇ પાસે માગવું નહિ, અને મૈત્રી એટલે સૌને આપવું. **માગવા માટે મૌન અને આપવા માટે મૈત્રી જીવનમાં અપનાવવી જોઇએ.**

卐

# મૈત્રીભાવના

मैत्री निखिल-सत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।
माध्यस्थ्यमविनीतेषु करुणा सर्वदेहिषु ॥ १ ॥
धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः ।
यैर्न ज्ञाता न चाभ्यस्ताः स तेषामतिदुर्लभः ॥२॥

અર્થ :—સર્વ પ્રાણીઓને વિષે મૈત્રી, ગુણવાનોને વિષે પ્રમોદ, અવિનીતોને વિષે માધ્યસ્થ્ય તથા સર્વદેહધારીઓને વિષે કરુણા, આ ચાર મૈત્ર્યાદિ ભાવનાઓ ધર્મકલ્પવૃક્ષનું મૂળ છે. જેઓએ આ ચાર ભાવનાઓને જાણી નથી, તેનો અભ્યાસ કર્યો નથી, તેઓને ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

## ધર્મ કલ્પવૃક્ષનું મૂળ

મૈત્રી આદિ આ ચારભાવનાઓ જીવમાં ધર્મ પામ્યા પહેલાં વિપરીત રીતે જોડાયેલી હોય છે. ધર્મ પામ્યા પછી એ સ્વસ્થાનમાં જોડાયેલી હોય છે.

એટલે કે પહેલાં કેવળ પોતાના જ સુખની ચિંતા, કેવળ પોતાના જ ગુણોનો પ્રમોદ, કેવળ પોતાનાં જ દુઃખો પ્રત્યે કરુણા અને કેવળ પોતાનાં જ પાપો પ્રત્યે ઉપેક્ષા હોય છે.

ધર્મ પામ્યા પછી, સર્વના સુખ અને હિતની ચિંતા સર્વગુણી જીવોના ગુણોનો પ્રમોદ, સર્વદેહધારી જીવોના દુઃખની કરુણા અને સર્વ પાપાત્માઓના પાપની ઉપેક્ષા હોય છે.

વળી ધર્મ પામ્યા પહેલાંની અવસ્થામાં બીજાઓ પોતા પ્રત્યે મૈત્રી ધારણ કરે, પોતાના ગુણોને જોઈને બીજા આનંદ પામે, પોતાનાં દુઃખો પ્રત્યે બીજા કરુણા ધારણ કરે અને પોતાના પાપાચરણ પ્રત્યે બીજા માધ્યસ્થભાવ રાખે, એવી ભાવના જીવમાં સતતપણે ચાલુ હોય છે.

ધર્મ પામ્યા પછી તે બીજાઓ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યને ધારણ કરે છે. પ્રથમને આર્ત–રૌદ્રધ્યાન કહેવાય છે અને બીજાને ધર્મ–શુક્લધ્યાન કહેવાય છે.

ક્ષયના રોગીને જેમ વસંતમાલતી, સુવર્ણ, લોહ, અભ્રક વગેરે રસાયણો પુષ્ટિ આપે છે તેમ આ મૈત્રી આદિ ચારભાવનાઓ અતિ આર્ત અને રૌદ્રાદિ અશુભધ્યાનોથી થતા આંતરિક ક્ષયરોગનો નાશ કરી ધર્મધ્યાનરૂપી રસાયણવડે આપણા આંતરિક દેહને પુષ્ટ કરે છે. ખંડિત થયેલી ધ્યાનની ધારાને આ ભાવનાઓ ફરીથી જોડી આપે છે.

## ધ્યાન એટલે ?

આર્તધ્યાન એટલે આપણને વર્તમાનમાં જે અનુકૂળતાઓ સાંપડી છે, તે કાયમ રહે અને જે નથી મળી તે અનુકૂળતા સાંપડે તેમ ઈચ્છવું, તથા જે પ્રતિકૂળતા અત્યારે છે તે કેમ ચાલી જાય તથા ભવિષ્યમાં પણ પ્રતિકૂળતા કદી ન આવે તેમ ઈચ્છવું તે.

આવાં આર્તધ્યાન ઉગ્ર બની હિંસા, અસત્ય, ચોરી વગેરેની પરંપરામાં પરિણમે છે, ત્યારે તે રૌદ્રધ્યાન કહેવાય છે.

ધર્મધ્યાન એટલે જીવાદિ તત્ત્વોની કર્મના સ્વરુપની અને પંચાસ્તિકાયમય લોકના સ્વરુપની વિચારણા કરવી તે. આ ધર્મધ્યાન જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે જે આત્માનુભવ થાય છે, તેનું જ નામ શુક્લધ્યાન છે.

જૈન પ્રવચન અહિંસા અને ક્ષમામય હોવાથી મૈત્રીમય છે. વળી તે અનેકાન્તમય હોવાથી તેમાં સર્વનયોને સાપેક્ષપણે પોતપોતાના સ્થાને સમાન સ્થાન આપવામાં આવે છે. આ સર્વ નયસાપેક્ષતા એ પણ મૈત્રીનો જ એક પ્રકાર છે એમ કહી શકાય.

卐

**પુરૂષાર્થ**

પાપનિવૃત્તિનો કોઈપણ ઉપાય સહજ હોઈ શકતો નથી. પ્રત્યેક ઉપાય પ્રયત્ન સાધ્ય અને સમય સાપેક્ષ હોય છે.

# મૈત્રીનું મંગળગાન

ગુણી પ્રત્યે મધ્યસ્થ રહીએ, તો ગુનેગાર થઈએ છીએ, દુઃખી પ્રત્યે મધ્યસ્થ રહીએ, તો હૃદયશૂન્ય બનીએ છીએ. આવી બુદ્ધિ જ્યાં સુધી હોય ત્યાં સુધી આપણે અજીવ એવા શરીરમાં જીવની બુદ્ધિવાળા રહીએ.

જેવી લાગણી ઘરના દુઃખી પ્રત્યે છે. તેવી લાગણી જગતના દુઃખી જીવો પ્રત્યે થવી જોઈએ. જો ન થતી હોય, તો કંઈક ખૂટે છે તે નક્કી છે.

પરહિતચિંતાનો ભાવ ન હોય, તો મિથ્યાત્વરૂપી આશ્રવ આવે છે; એવું આપણે સાચાભાવે માનતા નથી, તેથી જ અધૂરા છીએ. જે કાંઈ ખૂટે છે, એ આ તત્ત્વ છે.

દયાના અભાવને પાપ માનીએ છીએ, પણ મૈત્રીના અભાવને પાપ માનતા નથી તે જ અજ્ઞાન છે. મૈત્રી વગરની દયા મીઠા વગરના ભોજન જેવી હોય છે.

શ્રી તીર્થંકર પરમાત્માએ જીવમૈત્રીનું જીવની જેમ જતન કરવાનું ફરમાવ્યું છે.

એક મિત્ર, બીજા મિત્રના અપરાધને જે સ્નેહપૂર્વક સહે છે, તેવો સ્નેહપરિણામ જીવમૈત્રીપૂર્ણ જીવનમાં હોય છે.

'खामेमि सव्वजीवे' ગાથા જીવનમાં જીવવા માટે છે, જીભથી માત્ર બોલી જવા માટે નહિ. જીવમાત્ર પ્રત્યે મિત્રતુલ્ય વ્યવહાર ન રાખી શકીએ, ત્યાં સુધી આપણી જિનભક્તિ અધૂરી ગણાય.

માત્ર કાયાની ચિંતા તો કીડીને પણ હોય છે. જો તેવી જ ચિંતા શ્રી જિનેશ્વર પરમાત્માના અનુયાયીને પણ હોય, તો કહેવું પડે કે તે શ્રી જિનેશ્વર પરમાત્માનો સાચો અનુયાયી નથી.

પરમાર્થવ્યસની અને કૃતજ્ઞશિરોમણી શ્રી જિનેશ્વર પરમાત્માના અનુયાયીમાં આ બે ગુણોની પ્રાપ્તિની સતત ઝંખના તેમજ તદનુરૂપ પુરુષાર્થ હોવો જ જોઈએ. તો જ દેવદુર્લભ માનવભવની યત્કિંચિત્ પણ સાર્થકતા સિદ્ધ થાય, જીવનનો થોડોક પણ અર્થ ઉપલબ્ધ થાય. જીવવા જેવા જીવનનું ઉચિત બહુમાન થાય.

卐

**જ્ઞાન અને ધ્યાન**

ધ્યાન પરોક્ષનું જ થઈ શકે છે. પદાર્થ અપરોક્ષ થયો એટલે જ્ઞાન થઈ ગયું. પછી તે માટે ધ્યાન કરવાનું રહેતું નથી.

પદાર્થનું જ્ઞાન પ્રમાણ પ્રમેયને આધીન છે અને ધ્યાન તો ઈચ્છા, પ્રયત્ન, શ્રદ્ધા અને વિધિને આધીન છે.

# મૈત્રીનું માહાત્મ્ય

मा मार्षीत् कोऽपि पापानि मा च भूत कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥ १ ॥

કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.

કોઈ પણ પ્રાણી પાપ ન કરો. કોઈ પણ પ્રાણી દુઃખી ન થાઓ, પ્રાણીમાત્ર મોક્ષને પામો. આ પ્રકારની મતિને શાસ્ત્રકારો 'મૈત્રી' કહે છે.

## ઇચ્છાનું પ્રાબલ્ય

આ જગતમાં ઇચ્છા કોને હોતી નથી ?

સંસારી જીવમાત્રના હૃદયમાં કોઇ ને કોઈ ઇચ્છા હોય જ છે.

પરંતુ તે બધી ઇચ્છાઓનો સરવાળો કરવામાં આવે, તો તે માત્ર બે જ પ્રકારની ઇચ્છાઓમાં સમાવેશ પામી જાય છે. અને તે એ છે કે–

'મને દુઃખ ન થાઓ' અને 'હું જ સુખી થાઉં.'

'મને પોતાને જરા જેટલું પણ દુઃખ ન મળો અને જગતમાં જેટલું સુખ છે, તે બધું મને જ મળો.' આ પ્રકારની તીવ્ર ઇચ્છા જીવમાત્રના હૃદયમાં નિરંતર રહ્યા જ કરે છે.

બીજી બધી ઇચ્છાઓના મૂળમાં પણ આ બે જ ઇચ્છાઓ રહેલી હોય છે. અને તે કદી પણ પૂર્ણ થતી નથી, એ વાત પણ તેટલી જ સાચી છે.

એ કારણે શાસ્ત્રકાર મહર્ષિઓને એ સિદ્ધાન્ત નક્કી કરવો પડ્યો છે કે–

'ઇચ્છા એ જ દુઃખ છે અને ઇચ્છાનો અભાવ એ જ સુખ છે.'

## ઇચ્છા એ જ દુઃખ છે.

આહારની અયોગ્ય ઇચ્છામાંથી મુક્ત થવા માટે શાસ્ત્રકારોએ તપધર્મ ઉપદેશ્યો છે.

અર્થ અને કામની અયોગ્ય ઇચ્છાઓમાંથી ક્રમશઃ મુક્તિ મેળવવા માટે શાસ્ત્રકારોએ દાન અને શીલધર્મનાં પાલનનો ઉપદેશ આપ્યો છે.

જેમ અર્થ, કામ અને આહારાદિની અયોગ્ય ઇચ્છાઓ જીવના દુઃખની વૃદ્ધિનું અને સુખની હાનિનું કાર્ય કરે છે, તેમ તેથી પણ અધિક સુખહાનિ અને દુઃખવૃદ્ધિનું કાર્ય જીવને એક ચોથા પ્રકારની ઇચ્છાના પ્રભાવે થઈ રહ્યું છે.

તે ઇચ્છા એ છે કે 'મને જ સુખ મળો, મારું જ દુઃખ ટળો.'

આ ઇચ્છા સૌથી વધારે કનિષ્ઠ કોટિની હોઈને સૌથી વધારે પીડાકારક છે. તેમ છતાં તે વાતનું યથાર્થ જ્ઞાન ઘણા થોડાને જ હોય છે.

આ કનિષ્ઠ પ્રકારની ઇચ્છા અને તેમાંથી જન્મ પામતી ક્લિષ્ટ કોટિની પીડાનો પ્રતિકાર હજારોના પણ દાનથી, લાખો વર્ષોના શીલથી કે કોટિ જન્મોના પણ તપથી થઈ શકતો નથી.

દાન, શીલ, તપ વડે પરિગ્રહ, મૈથુન કે આહારાદિની સંજ્ઞાઓના જોરથી થતી વિવિધ પ્રકારની માનસિક તથા શારીરિક બાધાઓથી અને પીડાઓથી અવશ્ય બચી જવાય છે. પરંતુ તે બધી બાધાઓ અને પીડાઓનો સરવાળો કરતાં—'મને એકલાને જ સુખ થાઓ' અને 'મારા એકલાનું જ દુઃખ ટળો' એ પ્રકારની અયોગ્ય, અઘટિત, અશક્ય ઈચ્છા વડે થતી માનસિક અને શારીરિક પીડાઓના સરવાળાને કોઈ અવધિ જ નથી.

શાસ્ત્રકાર મહર્ષિઓએ તે અશક્ય ઇચ્છાને પૂર્ણ કરવાના અશક્ય મનોરથના અનંત કષ્ટથી ઊગરી જવા માટે જે માર્ગ ચીંધ્યો છે, જે ઉપાય બતાવ્યો છે, તે માર્ગ કે ઉપાય કોઈ પુણ્યવંતને જ સદ્ગુરુની પુણ્યકૃપાથી લાધે છે. બીજાઓને તે ઉપાયની ગંધ પણ પ્રાપ્ત થતી નથી.

આ ઉપાય પ્રાપ્ત થવામાં કે ન થવામાં જીવની આસન્નસિદ્ધિતા કે અનાસન્ન-સિદ્ધિતા જ મુખ્ય ભાગ ભજવે છે.

ઉપાય તદ્દન સરળ છે. અને તેનો બોધ થવો પણ સુલભ છે. તેમ છતાં પ્રત્યક્ષ અનુભવ એમ કહે છે કે-એ તરફ લક્ષ્ય કોઈ વિરલ જીવનું જ જાય છે. અથવા કોઈ વિરલ આત્મા જ તે ઉપાય ઉપર પૂર્ણ વિચાર કરી, તેને જીવનમાં ઉતારવા કટિબદ્ધ થાય છે.

## સુખદુઃખના નિવારણનો અનન્ય ઉપાય

સ્વ-સુખપ્રાપ્તિ અને સ્વ-દુઃખનિવારણ, એ બંને સંબંધી તીવ્ર સંક્લેશ ટાળવાનો એકનો એક અનન્ય ઉપાય 'હું સુખી થાઉં' એ ઇચ્છાના સ્થાને, 'બધા સુખી થાઓ' એ ભાવનાનું સેવન છે.

આ ભાવનાને 'મૈત્રી ભાવના' પણ કહેવાય છે.

"शिवमस्तु सर्व जगतः परहितनिरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥"

આવી અનેક ભાવનાઓ ચિત્તના સંક્લેશને ટાળવા માટે ઉપદેશી છે. તે સૌમાં ઉપરોક્ત મૈત્રીભાવના મોખરે છે. તેનું માહાત્મ્ય અગાધ છે.

જીવ જ્યારે વિચાર કરે છે કે, 'કોઈ પણ પ્રાણી, ચાહે તે ઉપકારી હો કે અપકારી, પાપ ન કરો, દુઃખ ન પામો અને ક્લેશથી મુક્ત થાઓ,' ત્યારે તેના ચિત્તના ક્લેશ શાન્ત થતા અનુભવાય છે.

પોતાનાં જ સુખદુઃખની ચિંતા કરવાને ટેવાયેલો અને તેના પરિણામે જ તીવ્ર સંક્લેશને અનુભવતો જીવ જ્યારે ઉપરની વિચારણામાં ઓતપ્રોત થાય છે, ત્યારે અત્યંત શીતળતાનો અપૂર્વ અનુભવ કરે છે.

### ધર્માનુષ્ઠાનની સફળતાનો આધાર

આપણા ચિત્તની શાન્તિ કે સુખનો જ નહિ પણ આપણા પ્રત્યેક ધર્માનુષ્ઠાનની સફળતાનો આધાર પણ શાસ્ત્રકારોએ આ ભાવના(મૈત્રી)ની દૃઢતા પર અવલંબેલો છે, એમ જોયું છે.

અને તે કારણે જે ધર્માનુષ્ઠાનની પાછળ આ ભાવનાનું બળ નથી, તે ધર્માનુષ્ઠાનને, ધર્માનુષ્ઠાનની ગણતરીમાં લેખવાની ના પાડી છે.

આ ભાવના, સાચે જ ભવ(ઇચ્છા)નાશિની છે.

卐

# મહામૂલી મૈત્રીભાવના

મૈત્રી ભાવનાના આદ્ય પ્રકાશક–ઉપદેશક શ્રી અરિહંત પરમાત્મા છે. તેને સિદ્ધ કરનાર સિદ્ધ પરમાત્મા છે. તેને જીવનમાં નખ–શિખ આચરનારા આચાર્ય ભગવંતો છે. તેને આંતર–બાહ્ય જીવનમાં સાધનારા સાધુ ભગવંતો છે. તેમને કરેલો નમસ્કાર અમૈત્રીરૂપી પાપભાવનો નાશ કરનાર છે અને પરમસ્નેહભાવને વિકસાવી સર્વ મંગળોને ખેંચી લાવનાર છે.

સ્નેહભાવના વિકાસથી ધર્મની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે, તેનાથી સર્વ સુખોનું આગમન અને લાભ થાય છે.

મૈત્રીભાવના વિકાસથી, દુઃખ જેનું ફળ છે, તેવા હિંસાદિ પાપોથી મુક્ત થવાય છે. મૈત્રીભાવથી ભરેલા પરમેષ્ઠિઓના શરણથી જીવમાં રહેલો મુક્તિગમન યોગ્યતાનો વિકાસ થાય છે અને કર્મના સંબંધમાં આવવાની જીવની અયોગ્યતાનો હ્રાસ થાય છે.

તાત્પર્ય કે વિવેકરૂપી યોગ્યતાના વિકાસ માટે અને અવિવેકરૂપી અયોગ્યતાના નાશ માટે પરમેષ્ઠિ નમસ્કાર અમોઘ સાધન છે. યોગ્યતાના વિકાસથી મૈત્રીભાવનો વિકાસ થાય છે. તેનું જ નામ અનુક્રમે પાપ નાશ અને મંગળનું આગમન છે.

જીવો પ્રત્યે અમૈત્રી એ મોટું પાપ છે, મહામિથ્યાત્વ છે, અનંતાનંત આત્માની ઉપેક્ષા છે, અનાદર છે, અવગણના છે, ભયાનક સંકુચિતતા છે. તેનો નાશ એક મૈત્રીથી શક્ય છે.

મૈત્રી એ મોટું પુણ્ય છે. પરમ આસ્તિકતા છે સત્ય અને સિદ્ધ એવું પરમ જીવસ્વરૂપ, તેનો સ્વીકાર છે, આદર છે, બહુમાન છે, એકતાનો અનુભવ છે. અનંત સંખ્યા અને ગુણનો ગુણાકાર છે, વિશાળતા છે, વિવેક છે, પરમ શાન્તિ અને સ્વસ્થતાનો અનુભવ છે.

મૈત્રીભાવને મૂળથી, ફળથી, પત્રથી, પુષ્પથી સ્કંધ અને શાખા-પ્રશાખાથી જેઓએ સિદ્ધ કર્યો છે, તેમને કરેલો નમસ્કાર, શરણાગતિ, ક્ષમાપના અને ભક્તિ તેમને સમર્પણ અને તેમની જ અનન્ય ભાવે થતી આરાધના, જીવની અમૈત્રી ભાવરૂપી અયોગ્યતાનો નાશ કરી, મૈત્રીભાવરૂપી યોગ્યતાને વિકસાવે છે. તેનું જ નામ નમસ્કારથી થતો પાપ-નાશ અને મંગળનું આગમન કહેલું છે. તાત્પર્ય કે મંગળ એ ધર્મ છે. તેનું મૂળ મૈત્રી છે. અમંગળ એ પાપ છે. તેનું મૂળ અમૈત્રી છે.

## સર્વ જીવોના હિતનું ચિંતન

સર્વ જીવોના હિતચિંતનનો ભાવ નિ:સર્ગથી (કુદરતી રીતે) કે અધિગમથી જાગ્યા વિના આત્મ સમદર્શિત્વ અને તેમાંથી ફલિત થતા ક્ષાન્ત્યાદિ ધર્મો પ્રાપ્ત ન થઈ શકે.

કોઈની સાથે વૈર ન હોવું, એ મૈત્રી છે. વૈર ન હોવું એટલે કોઈ પણ જીવના અહિત-ચિંતનનો અભાવ હોવો.

અહીં એ નિષેધ પ્રકૃત અર્થને કહે છે, એ ન્યાયે હિતચિંતનનો ભાવ જ આવીને ઊભો રહે છે.

સર્વનું સુખ ઇચ્છવું એ મોહરૂપ નહિ, પણ વિવેકરૂપ છે. અનાદિ કાળથી વળગેલા માત્ર પોતાની જાતના સુખના વિચારને પાતળો પાડવાની ચાવી તેમાં રહેલી છે.

શ્રી સંઘને ઉદ્દેશીને શાસ્ત્રકાર ભગવંતોએ, 'पुत्रमित्र-भ्रातृकलत्र नित्यं प्रमोदकारिणः, नरपतयश्चाक्षीणकोष्ठागारा भवन्तु' વગેરે સૂત્રો આપ્યાં છે. અને બ્રહ્મલોકની શાન્તિ ચાહી છે. તે કેવળ ઉપદ્રવના અભાવરૂપ જ નહિ, પણ સ્વાસ્થ્યના સદ્ભાવરૂપ પણ છે. જૈન-મતમાં અભાવ અધિકરણાત્મક છે, તેથી અભાવનું અધિકરણ ભાવ જ છે.

સર્વત્ર હિતચિંતનરૂપ મૈત્રી અને સકલસત્ત્વહિતાશય-એ ધર્મ માત્રનો, યોગ માત્રનો અને અધ્યાત્મ માત્રનો પાયો છે.

શ્રી જિનાજ્ઞા પોતાના તુલ્ય પરને અને પરમાત્મતુલ્ય પોતાને નિશ્ચયથી માનવાનું ફરમાવે છે. તે આજ્ઞાનો અસ્વીકાર અને સ્વીકાર એ અનુક્રમે ભવ અને મોક્ષનું બીજ બને છે.

જીવને આર્તધ્યાનથી છોડાવી ધર્મધ્યાનમાં જોડવા શ્રેણિ અને શુક્લધ્યાન સુધી પહોંચાડનાર સકલસત્ત્વવિષયકસ્નેહ અને હિતચિંતાનો પરિણામ છે. તેથી તે સ્વયં ધર્મધ્યાનરૂપ છે. અને ધર્મધ્યાનનો હેતુ પણ છે.

શુકલધ્યાનનું બીજ ધર્મધ્યાન છે. અને ધર્મધ્યાનનું બીજ મૈત્ર્યાદિ ભાવો છે. મોક્ષમાં તે ભાવો નથી, પણ સર્વાનુગ્રહકારક પરાર્થસાર એવો સ્વભાવ મોક્ષમાં પ્રગટે છે; તે મૈત્ર્યાદિભાવો પ્રકર્ષ ભાવને પામેલા છે, તેનું જ પરિણામ છે.

એટલે સર્વજીવોના હિતની ચિંતામાં ચિત્તની રમણતા વધારવાથી ભવભ્રમણતા ક્રમશઃ નાબૂદ થઇ જતી હોવાનું શાસ્ત્રીય વિધાન સત્ય છે.

卐

# પ્રમોદ ભાવના

ધર્મમાર્ગમાં સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદ છે. પ્રમોદ ભાવનાથી પ્રમાદ–દોષ ટળી જાય છે.

જ્યાં સુધી ધર્મમાં પ્રમાદ છે, ત્યાં સુધી તેને નિવારવા પ્રમોદભાવના આવશ્યક છે. સાધનામાં અનેક વિઘ્નો દેખાતાં હોય તો પણ જ્યાં સુધી પ્રમોદભાવના વિદ્યમાન હશે, ત્યાં સુધી તે વિઘ્નો ટળ્યા સિવાય રહેવાનાં નથી. અને ભવિષ્યની સાધના નિર્વિઘ્ન થયા સિવાય રહેવાની નથી, તેવો નિશ્ચય દઢ રહેવો જોઇએ.

આજ તેમ જ આવતી કાલની ધર્મ સાધનાને નિર્વિઘ્ન બનાવવા માટે પ્રત્યેક પ્રસંગમાં અને પ્રત્યેક વ્યક્તિમાં પ્રમોદ ભાવનાનો વિષય કે જે ગુણાધિકતા છે, તેને શોધી કાઢવો જોઈએ. ગુણ દૃષ્ટિથી ગુણી આત્માઓના આશીર્વાદ મળે છે. એટલું જ નહિ પણ જીવન ગુણસમૃદ્ધ બને છે. ગુણને જ્યાં–ત્યાંથી ખેંચવાનું તેમ જ સર્વત્ર વહેંચવાનું સત્ત્વ પણ અધિક ખીલે છે.

દોષદૃષ્ટિ એ વિષ છે. તે ભવોભવ મારે છે. ગુણદૃષ્ટિ એ અમૃત છે. જે અજરામર બનાવે છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન એ પ્રમોદભાવનાની ઉપાસનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે. ચૌદપૂર્વનો સાર નમસ્કાર છે. અર્થાત્ પ્રમોદભાવના છે. શ્રી નવકાર સર્વશાસ્ત્રોમાં અનુસ્યૂત છે. તેનો અર્થ એ છે કે, પ્રમોદભાવના સર્વશાસ્ત્રોમાં અનુસ્યૂત છે. 'નમો'ની જેમ પ્રમોદભાવના એ મોક્ષનું બીજ છે. નમસ્કારની જેમ પ્રમોદભાવના પણ સર્વ મંગળમાં પ્રથમ મંગળ છે. અને સર્વ પાપપ્રણાશક છે.

ગ્રન્થના પ્રારંભમાં ઈષ્ટ દેવતા–નમસ્કારરૂપ ભાવ મંગળ ગ્રન્થકારો કરે છે. એનો અર્થ એ છે કે, સર્વશાસ્ત્રો અને મંગળકાર્યનો પ્રારંભ પ્રમોદ ભાવનાથી જ થાય છે.

સર્વઅનુષ્ઠાનોનો પ્રારંભ 'ઇચ્છામિ ખમાસમણો' સૂત્રથી થાય છે. તે પ્રમોદભાવના પ્રદર્શિત કરવાનો જ એક પ્રકાર છે. કાયોત્સર્ગમાં પણ પંચપરમેષ્ઠિ અને ચોવીસે જિનેશ્વર ભગવંતોનું ધ્યાન હોય છે. તે પ્રમોદભાવનાનો જ વિષય છે.

પ્રત્યેક ધર્મક્રિયાના આરંભથી તે અંત સુધી ક્રિયાકારનું ચિત્ત તે ક્રિયાને બતાવનાર શ્રી જિનેશ્વર પરમાત્માના ધ્યાનથી અલંકૃત હોય છે. તેથી તે ક્રિયા અમૃતક્રિયા બને છે. આ ધ્યાન પ્રમોદભાવનારૂપ છે. તેથી ક્રિયાને અમૃતમય બનાવનાર પ્રમોદભાવના છે, એમ સિદ્ધ થાય છે. ક્રિયાની પૂર્ણાહૂતિ બાદ પણ થયેલ સુકૃતની અનુમોદના ચાલુ છે, તે પ્રમોદભાવનાનો વિષય છે. અને તેથી ક્રિયાનું ફળ ઉત્તરોત્તર વધતું જાય છે.

ગુરૂકુળવાસના સેવનમાં કૃતજ્ઞતા, વિનય, વૈયાવચ્ચાદિ ધર્મસ્થાનો મુખ્યત્વે પ્રમોદભાવનાના પાયા પર ઊભાં થયેલાં હોય છે.

પ્રમોદભાવનાની પરાકાષ્ઠાથી તીર્થંકર નામકર્મની પરમ પ્રકૃષ્ટ પુણ્ય પ્રકૃતિનું ઉપાર્જન થાય છે. કારણ કે તે પુણ્ય પ્રકૃતિનું પુણ્ય ઉપાર્જન કરનારા પુણ્યાત્માઓ પૂર્વના તીર્થંકરો ઉપર ઉત્કૃષ્ટ પ્રમોદભાવને ધારણ કરનારા હોય છે.

શ્રી તીર્થંકર પરમાત્માના ચાર મૂળ અતિશયોમાં પૂજાતિશય—એ ઉત્કૃષ્ટ પ્રમોદભાવનું સર્જન છે.

પરના અલ્પ પણ ગુણને જોતાવેંત જન્મતો ઉત્કૃષ્ટ આનંદ તે ઉત્કૃષ્ટ પ્રમોદ. આવો પ્રમોદભાવ ઉત્કૃષ્ટપદ અપાવે અને કદી નાશ ન પામે. પ્રમોદભાવનાથી ચિત્તને ભાવિત કરવા માટે ગુણગ્રાહકદૃષ્ટિ ખીલવવી પડે.

'નમો અરિહંતાણં' બોલતાંની સાથે જ અરિહંત પરમાત્માના ગુણોમાં ઓતપ્રોત થઈ જવાય તો માનવું કે જીવનમાં ગુણાદરભાવ જન્મ્યો છે.

卐

આજનાકાળમાં ભૌતિક સુખોને મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. ભૌતિક સુખોની સિદ્ધિનું કારણ વિજ્ઞાન મનાય છે. વિજ્ઞાનની વિવિધ શોધોથી ભૌતિક સુખનાં સાધન વધ્યા છે અને વધે છે, પણ તે આત્માને અહિતકારી હોવાથી, વિનાશક છે. સુખનો ખરો માર્ગ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ કે પરિગ્રહ નથી, કિન્તુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે.

શાસ્ત્રકારોની દૃષ્ટિએ ભૌતિક સુખની સિદ્ધિનો આધાર પણ ધર્મ જ છે, અને તે પુણ્યરૂપી ધર્મ છે.

# કરુણાભાવના

દુઃખીનાં દુઃખ દૂર થાઓ. બીજાનું દુઃખ તે મારૂં જ દુઃખ છે, ઇત્યાદિ ભાવના તે કરુણાભાવના છે. તેને અનુકંપા પણ કહેવાય છે.

'અનુ' એટલે બીજાઓનું દુઃખ જોયા પછી 'કંપ' એટલે તે દુઃખ દૂર કરવાની હૃદયમાં થતી લાગણી, તેને અનુકંપા કહેવાય છે.

દુઃખી પ્રાણીઓને જોઇને સત્પુરુષોના હૃદયમાં એક પ્રકારનો કંપ ઉત્પન્ન થાય છે અને બીજાઓનાં તે દુઃખ દૂર કરવાની તેઓને તાલાવેલી જાગે છે, તે તેઓની અનુકંપા અથવા કરુણા છે.

બીજાને દુઃખ ન થાય તે રીતનું વર્તન તે દયા છે. હીનગુણી કે દુઃખીનો તિરસ્કાર ન કરવો તે અઘૃણા છે અને દીનદુઃખી જીવોને સુખી કરવાની તાલાવેલી તે દીનાનુગ્રહ છે.

કરુણા, અનુકંપા, દયા, અઘૃણા, દીનાનુગ્રહ વગેરે શબ્દો સમાન અર્થવાળા છે.

માર્ગાનુસારી અર્થાત્ ધર્મને અભિમુખ થયેલા જીવમાં પણ આ કરુણા ઉત્પન્ન થાય છે.

આ કરુણાના ૧. લૌકિક, ૨. લોકોત્તર, ૩. સ્વવિષયક, ૪. પરવિષયક, ૫. વ્યાવહારિક, ૬. નૈશ્ચયિક આદિ અનેક પ્રકારો છે.

૧. લૌકિકકરુણા એટલે દુઃખી પ્રાણીને જોઇને તેનાં દુઃખ દૂર થાય તે માટે તેને અન્નવસ્ત્રાદિ આપવાં તે.

૨. લોકોત્તરકરુણા એટલે દુઃખનું મૂળ જે પાપ, તે પાપનો નાશ કરવા માટેનાં સાધનો પૂરાં પાડવાં જેમ કે ધર્મદેશના, તીર્થપ્રવર્તનાદિ કરવું તે. તેના બે ભેદ છે.

એક સંવેગજન્ય છે અને બીજી સ્વભાવજન્ય છે.

સંવેગજન્યકરુણા ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકે હોય છે. અને સ્વભાવજન્ય કરુણા અપ્રમત્તાદિ ગુણસ્થાનકે હોય છે.

૩. સ્વવિષયકકરુણા એટલે સ્વ-સંબંધી દુઃખ નાશ કરવાના ધાર્મિક ઉપાયોની વિચારણા કરવી તે.

૪. પરવિષયકકરુણા એટલે બીજાઓનાં દ્રવ્ય તેમજ ભાવ ઉભય પ્રકારનાં દુઃખ દૂર કરવા માટે સમ્યગ્ ઉપાયોનું સેવન કરવું તે.

૫. વ્યાવહારિકકરુણા એટલે જરૂરિયાતવાળાને અન્ન–જળ–વસ્ત્ર–સ્થાન–આસન–ઔષધ અને બીજી પણ બાહ્ય સામગ્રી પૂરી પાડવી તે.

૬. નૈશ્ચયિકકરુણા એ આત્માના શુભ અધ્યવસાયરૂપ છે.

## શુભ અધ્યવસાય

પાંચમી અને છઠ્ઠી કરુણા પરસ્પર પૂરક છે. ક્યારેક શુભ અધ્યવસાયો પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી પ્રવૃત્તિ થાય છે અને ક્યારેક અન્નદાનાદિની પ્રવૃત્તિ પહેલી થાય છે અને પછી શુભ અધ્યવસાયો જાગે છે અથવા પ્રગટ થયેલા અધ્યવસાયો વૃદ્ધિ પામે છે.

એટલે કે શુભ પ્રવૃત્તિથી, શુભ અધ્યવસાયો ન હોય તો આવે છે અને હોય તો વધે છે, તેમ જ આ શુભ પ્રવૃત્તિથી અશુભ અધ્યવસાયો આવ્યા હોય તો દૂર થાય છે અને ન આવ્યા હોય તો અટકે છે.

'મને કદી પણ દુઃખ ન આવો' ઇત્યાદિ લાગણી દ્વેષરૂપ છે, તેનો વિષય પોતાનું દુઃખ છે. દુઃખ પ્રત્યેનો દ્વેષ પ્રતિકૂળ સંજોગો તરફ પણ દ્વેષ કરાવે છે.

દુઃખને દૂર કરવા માટે સર્વ પ્રાણીઓ રાત-દિવસ પ્રયત્ન કરે છે. પણ દુઃખ તરફ રહેલા દ્વેષને દૂર કરવાનો પ્રયત્ન કોઈ વિરલ આત્મા જ કરે છે.

કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ વર્તમાન દુઃખને દૂર કરવું, એ જીવના હાથની વાત નથી, પરંતુ તે દુઃખ તરફના દ્વેષને દૂર કરવાની વાત જીવના હાથમાં છે.

વર્તમાન દુઃખ દૂર કરવામાં જીવ પરતંત્ર છે, પણ દુઃખ ઉપરના દ્વેષને દૂર કરવામાં તે સ્વતંત્ર છે. દુઃખ ઉપરનો દ્વેષ દૂર થતાં જ દુઃખ એ તત્ત્વતઃ દુઃખ રહેતું જ નથી અર્થાત્ દુઃખ વખતે પણ ચિત્તને સંક્લેશ ઉત્પન્ન થતો નથી.

દુઃખ ઉપર રહેલા દ્વેષને દૂર કરવાનો સરળમાં સરળ ઉપાય કરુણાભાવના છે.

કરુણાભાવના એટલે બીજાઓનું દુઃખ દૂર કરવાની વૃત્તિ.

પોતાના દુઃખ ઉપર આપણે જે દ્વેષ કરીએ છીએ તેને બદલે જ્યારે સર્વના દુઃખ પ્રત્યે દ્વેષ કરીએ છીએ ત્યારે પોતાનું દુઃખ ભુલાઈ જાય છે. પોતાના દુઃખને ભૂલી જવામાં જ સાધનામાત્રનું રહસ્ય છૂપાયેલું છે. આ કાર્ય ચિત્તમાં કરુણાભાવનાને દૃઢ કરવાથી સહેલાઈથી પાર પાડે છે. કારણ કે વ્યક્તિગત દુઃખ પ્રત્યેના દ્વેષનું સ્થાન સર્વ દુઃખી જીવોના દુઃખને આપવું એ જ કરુણાભાવનાનું રહસ્ય છે

'મારાં દુઃખો નાશ પામો,' એવી વૃત્તિના સ્થાને 'સર્વનાં દુઃખો નાશ પામો,' એવી ભાવના જ્યારે પ્રબળ બને છે, ત્યારે અન્યને અપકાર કરવાની મલિન ચિત્તવૃત્તિ આપોઆપ ચાલી જાય છે.

બીજા દુઃખીની અપેક્ષાએ પોતે સુખી છે, એમ જાણવાથી પોતાના રૂપનો, બળનો, ધનનો, બુદ્ધિનો, કુળનો અને જાતિ વગેરેનો મદ થાય છે, તેને દર્પ પણ કહેવાય છે. આ દર્પથી જીવો પ્રત્યે એક પ્રકારનો તિરસ્કારભાવ ઉત્પન્ન થાય છે.

## આત્મદષ્ટિ—આત્મતુલ્ય

આત્મદૃષ્ટિએ બધા જીવો આત્મતુલ્ય છે, એમ જાણીને, દુઃખી જીવો પ્રત્યે જ્યારે કરુણાભાવના સ્થિર કરવામાં આવે છે, ત્યારે પોતાનો દર્પ અથવા અહંકાર ચાલ્યો જાય છે અને બીજાઓ પ્રત્યેનો તિરસ્કાર પણ દૂર થઈ જાય છે.

પ્રત્યેક વસ્તુનું બળ સ્થાન વિશેષ પામીને જ હિતકર કે હાનિકર બને છે. સ્થાનભેદે તે જ વસ્તુ હાનિકર મટીને હિતકર બને છે અથવા હિતકર મટીને હાનિકર થાય છે.

વિષયોનો પ્રેમ હાનિકર છે, તે જ પ્રેમ પરમોપકારી શ્રી પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે દાખવવામાં આવે તો તે અત્યંત લાભકારક બને છે. વિષયો પ્રત્યે વિરક્તિ લાભદાયક છે; તે જ વિરક્તિ જ્યારે ધર્મ તરફ જાગે ત્યારે દુઃખનું કારણ બને છે.

પોતાના જ અને તે પણ વર્તમાનકાલીન જ દુઃખવિષયક દ્વેષ સંક્લેશજનક બને છે, પરંતુ તે જ દ્વેષ જો સર્વ દુઃખી પ્રાણીઓના દુઃખવિષયક બને, અથવા પોતાના સર્વકાલીન દુઃખવિષયક બને, તો તે ચિત્તના સંક્લેશને દૂર કરનાર બને છે.

તાત્પર્ય એ છે કે વર્તમાન કાળ અને કેવળ સ્વવિષયક સંકુચિત વૃત્તિ, જ્યારે ત્રિકાળ-વ્યાપકતા અને સર્વ સત્ત્વવિષયક વિશાળતા ધારણ કરે છે, ત્યારે ચિત્તના સંક્લેશનો ક્ષય થાય છે અને નિર્મળતા પ્રાપ્ત થાય છે; માત્ર એટલું જ નહિ પણ આગળ વધીને એવી કરુણામય ચિત્તવૃત્તિથી વિશ્વનું સર્વોત્તમ પદ શ્રી તીર્થંકરપણું પણ પામી શકાય છે અને તે સર્વ જીવોના દુઃખનું નિર્મૂલન કરનાર મોક્ષમાર્ગ અને ધર્મતીર્થનું પ્રવર્તન કરાવનાર થાય છે.

સર્વ સત્ક્રિયાઓ, સર્વ ધર્મ-અનુષ્ઠાનો, સર્વ આગમ—વાક્યો વગેરેની પાછળ સ્વપર-વિષયક કરુણા રહેલી છે. પોતે જે અનુષ્ઠાનની સાધના કરે છે, તે અનુષ્ઠાન જેમને પ્રાપ્ત થયું નથી, તેમના પ્રત્યે જો કરુણાભાવના ન હોય, તો તે અનુષ્ઠાનમાં કદી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

કેમ કે તેને પોતાના અનુષ્ઠાનમાં વાસ્તવિક પ્રણિધાન થયું નથી, તે અનુષ્ઠાનની તાત્ત્વિક મહત્તા કે દુર્લભતા તેને સમજાઈ નથી અથવા તે અનુષ્ઠાનની પાછળ તેને કોઈ દુષ્ટાશય, પરાપકર્ષ કે સ્વોત્કર્ષાદિ મલિન આશય હજુ ટળ્યો નથી કે શુભભાવ પ્રગટ્યો નથી.

આ કરુણાભાવનાથી સ્વોત્કર્ષ અને પરાપકર્ષાદિ દુષ્ટ ચિત્તવૃત્તિઓનો વિલય થઈ જાય છે અને શુદ્ધ પ્રણિધાનના પ્રભાવે ધર્માનુષ્ઠાનની સિદ્ધિ નિર્વિઘ્ન બને છે.

હીનગુણી પ્રત્યે તિરસ્કાર અને દુઃખીના દુઃખ પ્રત્યે ઉપેક્ષા કરનાર જીવનો મોક્ષ હજી ઘણો દૂર છે, એમ કહી શકાય.

## તિરસ્કારથી તિરસ્કાર

જે બીજાનો તિરસ્કાર કરે છે, તે પોતે જ તિરસ્કારને પામે છે. જે દુઃખીઓની ઉપેક્ષા કરે છે, તેને દુઃખ વખતે બીજાઓની સહાય મળતી નથી.

કરુણાભાવનાના અભ્યાસથી આ તિરસ્કાર અને ઉપેક્ષારૂપ અશુભ ચિત્તવૃત્તિઓનો વિલય થાય છે. તેથી તે કરુણાભાવનાને કેળવવી તે પરમ કર્તવ્ય બને છે.

હિતોપદેશનું દાન એ સર્વશ્રેષ્ઠ કરુણા છે.

શ્રીજિનપ્રવચન હિતોપદેશરૂપ છે, માટે તે કરુણામય છે. શ્રી જિનેશ્વર ભગવંતો પુષ્કારાવર્તમેઘના સ્થાને છે, તે મેઘમાંથી હિતોપદેશરૂપ અમૃતની વૃષ્ટિ થાય છે. તે વર્ષા વડે ભવ્ય જીવો પરમ શાન્તિને પામે છે. 'ગ્લાનની સેવા એ શ્રી તીર્થંકર દેવોની સેવા છે અને ગ્લાનની ઉપેક્ષા એ શ્રી તીર્થંકર દેવોની ઉપેક્ષા છે,' એ વાક્ય પણ કરુણાના માહાત્મ્યને જ કહે છે.

દાન-શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ, ચતુર્વિધ શ્રી સંઘમાં કરુણાનું જ માહાત્મ્ય સૂચવે છે.

દાન વડે સ્વ અને પરનો ઉપકાર થાય છે. શીલ વડે અને તપ વડે પણ સ્વપર-દુઃખનું નિવારણ થાય છે. ગૃહીધર્મ અને યતિધર્મ વડે પણ અહિંસાનું પાલન થતું હોવાથી કરુણાભાવનાનું પ્રાધાન્ય સચવાય છે.

જે ધર્માનુષ્ઠાનના મૂળમાં દયા–કરુણાનો ભાવ નથી, તે ધર્માનુષ્ઠાન વાસ્તવિક ધર્માનુષ્ઠાન ગણાતું નથી. કરુણામય જિન પ્રવચનનાં રહસ્યો હૃદયમાં કરુણાભાવ પ્રગટવાથી જ સમજાય છે.

હીનગુણી આત્માઓ પ્રત્યેની કરુણા, અધિક ગુણવાળા આત્માઓની સાથે મેળ કરાવે છે, તેઓની કરુણાના પાત્ર બનાવે છે અને તેઓની કરુણાના પ્રભાવે તે અધિક અધિક નવા નવા ગુણોને વિકસાવે છે.

卐

### ધર્મી અને અધર્મી ?

ધર્મી અને અધર્મી બંને સંસારમાં વસે છે. પરંતુ ધર્મી એ સ્ટીમરમાં બેઠેલા છે અને અધર્મી એ પાણીમાં ડૂબતા છે. ડૂબતાને જલચર જીવો ખાઈ જાય, સ્ટીમરમાં બેઠેલાને જલચર જીવોનો ભય નથી. અહિ જલચર જીવોનાં સ્થાને આર્તરૌદ્રધ્યાનના પ્રસંગો છે.

# જિનધર્મમાં કરુણા

શ્રી જિનધર્મ કરુણાપ્રધાન છે.

દુઃખીનાં દુઃખોનો નાશ કરવાની વૃત્તિ અને શક્તિ અનુસાર તેની પ્રવૃત્તિ એ કરુણા છે.

તે કાર્ય દેવ, ગુરુ અને ધર્મથી સર્વોત્કૃષ્ટપણે સધાય છે. માટે શ્રી જિનશાસનમાં એ ત્રણ તત્ત્વો પરમ પૂજનીય, પરમ આરાધનીય, પરમ આદરણીય છે.

કરુણા એ પરદુઃખ છેદન કરનારી કરણી છે. કરુણાહીનની પૂજા, ભક્તિ કે આરાધના ધર્મરૂપ બનતી નથી. કરુણાવાનની ભક્તિ એ જ સાચી ભક્તિ, કરુણાવાનની પૂજા એ જ સાચી પૂજા છે.

ચાર પ્રકારના ધર્મમાં પણ કરુણા છે. દાનમાં કરુણા છે, શીલમાં કરુણા છે, તપમાં કરુણા છે અને ભાવમાં કરુણા છે. એ ચારેમાં સ્વ અને સર્વને સુખી કરવાની કામના છે. સ્વ અને સર્વનાં દુઃખોને દૂર કરવાની ઝંખના છે.

એ કામના અને ઝંખના જ ધર્મને અમૃત બનાવે છે. એ ધર્મરૂપી અમૃત જ અજરામર પદની પ્રાપ્તિ કરાવે છે.

## કરુણા અને ઉદારતા

કરુણા અને ઉદારતા એ દાનધર્મનો મૂળ સ્રોત છે. દાનધર્મથી આપનારને ચિત્તની પ્રસન્નતા અને લેનારને દ્રવ્ય-ભાવ શાતા મળે છે.

વૃક્ષ ફળ અને છાયા આપે છે. નદી જળ અને વાદળ આપે છે. વનસ્પતિ ભોજન અને ઔષધિ આપે છે. સૂર્ય પ્રકાશ અને ગરમી આપે છે. વાયુ શ્વાસ અને જીવન આપે છે. પૃથ્વી સ્થાન અને અન્નાદિ આપે છે.

વિશ્વની વ્યવસ્થા જ દાનધર્મ ઉપર અવલંબેલી છે. કેવળ વસ્તુઓનું દાન એ જ દાન છે એમ નહિ, પણ ભાવનું, જ્ઞાનનું, પ્રેમનું દાન પણ દાન છે.

કોમળ વૃત્તિઓ અનેક પ્રકારની છે. તેમાં કરુણા અને પ્રેમનું વિશિષ્ટ સ્થાન છે. દયા પણ અભયનું દાન જ છે. ક્ષમા પણ એક પ્રકારની ઉદારતાનું દાન છે.

संग्रहैकपरः प्राप्तः समुद्रोऽपि रसातलम् ।
दाता तु जलदः पश्य भुवनोपरि गर्जति ॥ १ ॥

અર્થ :—સમુદ્ર જળનો સંગ્રહ કરે છે, માટે રસાતલને પામે છે. વાદળ સર્વને જળ આપે છે. માટે આકાશ પર ચડીને ગર્જારવ કરે છે.

## કરુણાભાવનું સામર્થ્ય

કરુણાભાવનું સામર્થ્ય બે પ્રકારે કાર્ય કરે છે.

૧. જે જીવમાં કરુણાભાવ પ્રગટે છે, તે જીવમાં 'પાપાકરણ નિયમ' પ્રગટાવે છે.

૨. અને જે જીવો ઉપર કરુણા પ્રગટે છે. તે જીવોના ચિત્ત માલિન્યની નિવૃત્તિ કરે છે.

તે જીવો ત્રણ પ્રકારના હોય છે. ૧. શત્રુ, ૨. મિત્ર અને ૩. ઉદાસીન. આ ત્રણે પ્રકારના જીવોમાં રહેલી અપરાધ કરવાની વૃત્તિ દૂર થાય છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીજીની કરુણાએ ચંડકૌશિકસર્પના અપરાધની નિવૃત્તિ કરી હતી, તે દૃષ્ટાન્ત છે.

શ્રી તીર્થંકર પરમાત્માના અતિશયોનું રહસ્યભૂત તત્ત્વ પણ, મૈત્ર્યાદિ ચારભાવના સ્વરુપ તેઓશ્રીની અદ્દભુત યોગ સંપદા છે, એમ શ્રી વીતરાગસ્તોત્રના ત્રીજા પ્રકાશને અંતે મૂળકાર, ટીકાકાર અને અવચૂરિકારે સ્પષ્ટ કરેલ છે.

卐

# રસાધિરાજ કરુણારસ

સુવર્ણ સિદ્ધિ માટે જરૂરી રસની પ્રાપ્તિ આબુની આબોહવામાંથી સાધકને મળી આવે, એમાં કાંઈ આશ્ચર્ય નથી. આબુની વનરાજીમાં રહેલી વનસ્પતિ વિવિધ પ્રકારની છે. તેને એકત્ર કરવાથી અને તેમાં રહેલો રસ ઉકાળવાથી સુવર્ણ સિદ્ધિની પ્રાપ્તિ, પૂર્વે અનેક પુણ્યવાન પુરુષોને થઈ છે. એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. પેથડ મંત્રી અને તેમના પિતા દેદાશા તેનું પ્રસિદ્ધ દૃષ્ટાન્ત છે.

આબુ ઉપર આવેલા દેલવાડાના દહેરાસરોમાં વિમલ-વસહી મુખ્ય છે. તેની છતમાં કંડારેલી કમળોની કામગીરી જોતાં જાણે કમળનું વન મ્હેંકી રહ્યું ન હોય, તેવી પ્રતીતિ થાય છે. એ કમલવનની આકર્ષક કલા-કારીગરી અને દેવ-દેવીઓના વિવિધ પ્રકારના નૃત્ય-નાટક જોતાં નયનોને તૃપ્તિ થતી નથી.

ચારેબાજુ દેવાધિદેવોના બિમ્બો અને નેત્રો કરૂણારૂપી અમૃતરસના કચોળા સમાન દીપી રહ્યા છે, ને નિરખનારા નયનોને અનહદ આનંદ આપી રહ્યા છે. જાણે સર્વત્ર કરુણારસ છલકાઇ રહ્યો હોય તેવું સચોટ ભાન થાય છે.

બાહ્ય સુવર્ણસિદ્ધિની જેમ જીવરૂપી તામ્રને સિદ્ધિસુવર્ણ બનાવનાર અભ્યંતર સુવર્ણ-સિદ્ધિ આબુના બાહ્ય વનોમાં નહિ, પણ દેલવાડાના પવિત્ર અને વિશાળ દહેરાસરોમાં રહેલી છે, તે પુણ્યવંત સાધક અને શોધકને પુણ્યનો ઉદય જાગે તો મળી આવે છે, એ પણ નિઃસંશય છે. વસ્તુપાળ, વીર ભામાશા, અનુપમાદેવી વગેરેને તે પ્રાપ્ત થઈ હતી, આજે પણ પુણ્યશાળી જીવોને તે અવશ્ય પ્રાપ્ત થાય છે.

એ રસસિદ્ધિનું નામ કરુણારસ, કૃપારસ, દયારસ છે, એમ શાસ્ત્રોમાં કહેવાયું છે. શ્રી તીર્થંકરદેવો કરુણારસની મૂર્તિ છે. તેમનો દયારસ તેમની મૂર્તિમાં ઉભરાતો દેખાય છે. દયારસ એ જીવરૂપી તામ્રને સુવર્ણ બનાવનાર સિદ્ધ રસ છે. એ રસ શાશ્વત છે. સર્વ જીવમાં તે રહેલો છે. અપ્રગટપણે રહેલા એ રસને પ્રગટ કરવા માટે આલંબન અને ઉદ્દીપન જોઈએ. આલંબનરૂપે જગતના જીવો છે. ઉદ્દીપન રૂપે તેમની યાતનાઓ છે. તેને જોતાં જ કરુણારસ ઉછળી આવે છે.

## કરુણારસના સ્વામિ

એ કરુણારસ શ્રી તીર્થંકરદેવોના આત્માઓમાં ઉત્કૃષ્ટપણે ઉછળે છે. તેમાંથી સંવેગ, વૈરાગ્ય, સંયમ, તપ અને ઘોર પરિષહો અને ઉપસર્ગોને સહવાનું બળ પ્રગટે છે. તેના પ્રભાવે એકબાજુ કર્મના ક્ષયની અને બીજી બાજુ પુણ્યની પુષ્ટિની પરંપરા સર્જાય છે. પુણ્યમાંથી તીર્થ અને કર્મના ક્ષયમાંથી અવ્યાબાધ સુખ સ્વરુપ મોક્ષ પ્રાપ્ત થાય છે.

શ્રી જિનપૂજાનું ફળ–ચિત્તની પ્રસન્નતા કહી છે. અને એ પ્રસન્નતાથી પૂજા અખંડિત બને છે. તેનું તાત્પર્ય કરુણારસ છે. એ કરુણારસ જ એવો છે કે, જેના ઉપર તે વર્ષે છે, તેનું અને તેને વરસાવનારનું ચિત્ત પ્રસન્ન કરે છે, અને ચિત્તની પ્રસન્નતા જ રસને સાનુબંધ બનાવે છે.

જે કાર્ય કરવાથી ચિત્ત પ્રસન્ન થાય, તે કાર્ય કરવાનું મન વારંવાર થાય છે. એવો સર્વજીવોનો એકસરખો અનુભવ છે. જ્ઞાન અને સુખ તેનો અનુભવ કરનારને સુખકારક થાય છે. જયારે એક કરૂણા જ એવી છે કે તે આપનાર અને લેનાર–ઝીલનાર ઉભયને સુખકારક થાય છે.

ધર્મને ઉત્કૃષ્ટ મંગળ કહેલ છે, તે આ દૃષ્ટિએ યથાર્થ ઠરે છે. એ ધર્મ કરુણાસ્વરુપ છે, દયાસ્વરુપ છે, કૃપાસ્વરુપ છે, 'પર–દુઃખ–પ્રહાણેચ્છા' એ કૃપાનું લક્ષણ છે. એ ઈચ્છાપૂર્વક થતું કોઈ પણ અનુષ્ઠાન એ ધર્મ છે. આ ઈચ્છારહિત ગમે તેવું શુભ અનુષ્ઠાન પણ ધર્મસ્વરુપ બનતું નથી અને મોહનો ક્ષય કરનાર નિવડતું નથી. ઉપરથી એ મોહની વૃદ્ધિમાં જ હેતુભૂત બને છે.

અધ્યાત્મ વિવર્જિત શાસ્ત્રને પણ 'સંસાર' કહ્યો છે. યોગરહિત, મોક્ષાભિલાષરહિત શુભાનુષ્ઠાનને પણ વિષ, ગરલ અનુષ્ઠાન કહ્યાં છે. યોગ વિશુદ્ધિ અને અધ્યાત્મ વિશુદ્ધિ સહિત ધર્માનુષ્ઠાનને જ શાસ્ત્રોમાં 'ધર્મ' ગણેલ છે, એ એમ બતાવે છે કે, ધર્મનું ધર્મત્વ કરુણામાં છે. કરુણા જ એક એવો રસ છે કે જે જીવરુપી તામ્રને સુવર્ણ બનાવી શકે.

એ કરુણારસ પ્રગટ કરવા માટે આલંબન પોતાનો આત્મા છે. પોતાનું કેવળ દુઃખ નથી, પણ સર્વજગતના જંતુઓ અને તેમનું અસંખ્ય અનંત-પ્રકારનું દુઃખ છે. તેથી જ શાસ્ત્રકાર ભગવંતો ચારગતિ, પાંચજાતિ, ચોર્યાસીલક્ષયોનિ અને જીવોને જન્મવા અને મરવાના અસંખ્ય સ્થાનોરૂપ ભવસ્વરુપનું ચિંતન કરવાનું ફરમાવે છે. એના કારણરૂપ કર્મસ્વરુપનું ધ્યાન કરવાનું કહે છે. એ ધ્યાન આત્મામાં રહેવા કરુણા-રસને જગાડે છે.

સર્વ રસોમાં કરુણારસનું ઉત્કૃષ્ટ સ્થાન છે, એમ બતાવવા માટે કરુણારસથી પૂર્ણ શ્રી તીર્થંકરદેવોને પ્રથમ પરમેષ્ઠિ અને તેમના દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારના તીર્થોને ભવ-સાગર તારનારા અને ધર્મધામ માનવામાં આવ્યા છે. પ્રભુના દ્રવ્ય-તીર્થો પણ ઊંચામાં ઊંચા ગિરિશૃંગો પર સ્થાપન કરવામાં આવ્યા છે. તેનું કારણ પણ કરુણારસ-એ સર્વ રસોમાં શ્રેષ્ઠ છે, એવી પ્રતીતિ કરાવવા માટે છે. ભવ્ય અને ઉત્તુંગ જિનાલયો ઊભા કરવામાં આવે છે, તેની પાછળ પણ કરુણારસની ભવ્યતાનું સચોટ પ્રતિપાદન છે.

પ્રભુની આજ્ઞા એ જ મોક્ષ ! અહીં જેમ કારણમાં કાર્યનો ઉપચાર છે, તેમ પ્રભુની કરુણા એ આજ્ઞા ! એમાં કારણમાં કાર્યનો ઉપચાર છે.

લાખો જોજનનો સ્વયંભૂરમણ સમુદ્ર પણ જેની હરિફાઈ નથી કરી શકતો, એ દેવાધિદેવની કરુણા સાચે જ કલ્યાણકારિણી છે. ભવજલતારિણી છે.

ભીષણ ભવવનમાં ભટકતા જીવોને જોઈને જીવત્વ જાતિની તુલ્યતાના નાતે આપણા દિલમાં કરુણા જાગવી જોઈએ. જો ન જાગે તો સ્વીકારવું પડે કે, હજુ આપણે સ્વાર્થાંધ છીએ, મોહાંધ છીએ.

આ સ્વાર્થ અને મોહ તો જીવના જ્યોતિસ્વરુપના કટ્ટર શત્રુ છે. એવું કહેનારા શ્રી જિનરાજના દર્શનમાં હૃદય પરોવીને આપણે કરુણાભીના હૃદયવાળા જરૂર બની શકીશું.

જ્યાં જિનરાજનો વાસ હોય છે, ત્યાં દયાની સુવાસ અને કરુણાનો વાસ અવશ્ય હોય છે.

પાણી, પત્થરને કોરી નાખે છે. તેમ કરુણારુપી જળ હૃદયની નિષ્ઠુરતાને પીગા-ળીને દયામય બનાવી શકે છે. તે માટે આપણે કરુણારસના સાગર શ્રી જિનેશ્વરદેવની ભક્તિમાં ઓતપ્રોત બનીએ.

卐

# માધ્યસ્થ્યભાવના

રાગ અને દ્વેષની વચ્ચે (સ્થિર) રહે તે મધ્યસ્થ.

કોઈ પણ પ્રસંગમાં રાગ કે દ્વેષ ન થાય, તે માટે પુનઃ પુનઃ ચિંતન તે માધ્યસ્થ્યભાવના છે.

આ માધ્યસ્થ્યના ૧. પાપીવિષયક માધ્યસ્થ્ય, ૨. વૈરાગ્યવિષયક માધ્યસ્થ્ય, ૩. સુખવિષયક માધ્યસ્થ્ય, ૪. દુઃખવિષયક માધ્યસ્થ્ય, ૫. ગુણવિષયક માધ્યસ્થ્ય, ૬ મોક્ષવિષયક માધ્યસ્થ્ય, ૭. સર્વવિષયક માધ્યસ્થ્ય આદિ અનેક પ્રકારો છે.

૧. પાપીવિષયક માધ્યસ્થ્ય :– પ્રથમ માધ્યસ્થ્ય અર્થાત્ ઉપેક્ષાભાવના પાપીજીવો પ્રત્યે છે.

પાપીજીવોને પાપથી અટકાવવા માટે પ્રયત્ન કર્યા છતાં જ્યારે તેઓ પાપથી ન અટકે, ત્યારે તેઓ પ્રત્યે મધ્યસ્થ્ય રહેવું, પરંતુ ચિત્તને ક્રોધાદિ કષાયોથી કલુષિત થવા ન દેવું. આ જાતની મધ્યસ્થતા રાખવાથી તે પાપી જીવ, પાપમાં અતિ આગ્રહી બનતો કદાચ અટકી જાય અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક કાયમ રહે છે. તેવા પ્રસંગે તેનો તિરસ્કારાદિ કરવાથી તે દ્વેષને ધારણ કરનારો બની જાય અને તેથી વૈરની પરંપરા વધી જાય છે. માધ્યસ્થ્યથી તેનો આપણા પ્રત્યે સદ્ભાવ ટકી રહે છે અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણા હાથમાં રહે છે.

જેમ અપથ્યના સેવનથી રોગીને અકાળે નિવારી ન શકાય તો મધ્યસ્થપણું રાખવું હિતકર છે, તેમ અહિતના સેવનથી નહિ અટકનાર જીવ ઉપર પણ તેવા પ્રસંગે એટલે કે, તેનો સુધરવાનો કાળ પાક્યો નહિ હોવાથી આપણું માધ્યસ્થ્ય ટકાવી રાખવું તે ઉભયના હિતમાં છે. માધ્યસ્થ્યથી અમર્ષ અર્થાત્ વૈર લેવાની ઇચ્છારૂપ ચિત્તમળ ટળે છે.

૨. વૈરાગ્યવિષયક માધ્યસ્થ્ય :–વૈરાગ્ય એ વૈષયિક સુખ ઉપરની એક પ્રકારની અરુચિ યા દ્વેષ છે. આ દ્વેષ પ્રશસ્ત હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ છે. અને તે પરિણામે, સાંસારિક સુખ ઉપર માધ્યસ્થ્ય અર્થાત્ રાગ–દ્વેષરહિતપણું પેદા કરે છે.

સુખ ઉપર દ્વેષની જેમ, દુઃખ ઉપર રાગ એ પણ પ્રશસ્ત મનોભાવ હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બની પરિણામે માધ્યસ્થ્ય અર્થાત્ રાગ–દ્વેષરહિતપણું ઉત્પન્ન કરે છે.

વૈષયિક સુખની પાછળ રહેલ જન્મમરણાદિ દુઃખની પરંપરાનો વિચાર તથા તેનાથી પુનઃ નવીન નવીન કર્મબંધન આદિના વિચારોથી સુખ ઉપર દ્વેષ થાય છે. અને 'દુઃખ તો કર્મ નિર્જરામાં ઉપકારક તથા પરિણામે દુર્ગતિનાં દુઃખોના નિવારણમાં કારણભૂત છે,' એ પ્રકારના વિચારોથી દુઃખ ઉપર રાગ જાગે છે.

૩. સુખવિષયક માધ્યસ્થ્યઃ—સુખવિષયક માધ્યસ્થ્યમાં દૃષ્ટાન્ત શ્રી તીર્થંકર ભગવંતોના ચરમ (છેલ્લા)ભવોનું તેમજ અનુત્તર વિમાનના દેવો, ધન્ના-શાલિભદ્ર, પૃથ્વીચન્દ્ર, ગુણસાગર વગેરે મહાપુરુષોનું છે.

પુણ્યાનુબંધી પુણ્યનો ઉપભોગ કરનારા તે મહાપુરુષો સુખનો ઉપભોગ ઇચ્છા-રહિતપણે, કેવળ પૂર્વકૃત કર્મના ઉદયે જ કરતા હતા. આ સુખવિષયક માધ્યસ્થ્યયોગની છ દૃષ્ટિઓમાંથી પસાર થયા પછી આવે છે.

૪. દુઃખવિષયક માધ્યસ્થ્ય :— દુઃખવિષયક માધ્યસ્થ્યના દૃષ્ટાન્તમાં ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામીજી, શ્રી ગજસુકુમાળ મુનિ અને ખંધક મુનિના શિષ્યો વગેરે છે.

૫. ગુણવિષયક માધ્યસ્થ્ય :— ગુણવિષયક માધ્યસ્થ્ય લબ્ધિધર મુનિઓને હોય છે. તેઓ વિચારે છે કે ક્ષયોપશમભાવ આત્માની અપૂર્ણતા છે. તેમાં આનંદ માનવાનો હોય જ કેમ? લબ્ધિ, સિદ્ધિ વગેરે ક્ષયોપશમભાવના ઘરની છે.

૬. મોક્ષવિષયક માધ્યસ્થ્ય :— મોક્ષવિષયક માધ્યસ્થ્ય અપ્રમત્તાદિ ઉપરનાં ગુણસ્થાનકોએ પ્રગટે છે. તેને અસંગ અનુષ્ઠાન પણ કહે છે. તે સમયે સમતારૂપ નિજ સહજાનંદરૂપ અમૃતના મહાસાગરમાં તે મહાત્માઓ મસ્ત બને છે.

૭. સર્વવિષયક માધ્યસ્થ્ય :— સર્વવિષયક માધ્યસ્થ્ય કેવળી ભગવંતો ને હોય છે અને કેવળી ભગવંતો એ બતાવેલાં તત્ત્વોનું અનેકાન્ત દૃષ્ટિથી ચિંતન કરનારા મહાપુરુષોને એ માધ્યસ્થ્ય સ્વયમેવ પ્રગટે છે.

આ માધ્યસ્થ્યને ધારણ કરનારા મહામુનિઓ સર્વ વિચારો અને સર્વ વચનો પ્રત્યે મધ્યસ્થ હોય છે. તેઓની મનઃપરિણતિ સર્વનયાવગાહી હોય છે. આવી પરિણતિ વિના વસ્તુતત્ત્વનો યથાર્થો નિર્ણય સંભવતો નથી.

ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-ક્રિયા વિધિ-નિષેધ આદિ સર્વ બાજુઓને, તે મહાપુરુષો સાપેક્ષપણે ગ્રહણ કરે છે. તેઓ આગમિક પદાર્થોને આજ્ઞાથી અને યુક્તિથી સમજાય તેવા પદાર્થોને યુક્તિથી ગ્રહણ કરે છે.

પરાર્ધની સંખ્યામાં જેમ ૧૦૦ સંખ્યા સમાઈ જાય છે, તેમ અન્ય દર્શનના સદ્‌વિચારોને તેઓ સ્વદર્શનમાં સમાવી શકે છે, એટલે કે સમાવતાર કરી શકે છે. સર્વત્ર અનેકાન્તના ચિંતનરૂપ અનેકાન્ત ભાવનાથી તેઓનો પ્રત્યેક વિચાર પવિત્ર થયેલો હોવાથી, કયા વખતે કયા નયને આગળ કરવાથી સ્વ—પરનું હિત છે, તેનો વિચાર કરીને જ, તેઓ તે તે નયને મુખ્ય સ્થાન આપે છે.

માધ્યસ્થ્યના કારણે તેઓનાં વચનો સાગર કરતાં પણ ગંભીર અને ચંદ્ર કરતાં પણ અધિક સૌમ્ય હોય છે. તેઓ કેવળ સત્યના જ આશ્રયે હોવાથી સ્વદર્શન પ્રત્યે રાગ કે પરદર્શન પ્રત્યે દ્વેષ તેઓને નથી રહેતો.

આ રીતે ચાર ભાવનાઓને આત્મસાત્‌ કરીને સૌ જીવ ધર્મને પ્રાપ્ત કરો.

# માધ્યસ્થ્યનો મહિમા

શ્રી જિન પ્રવચન માધ્યસ્થ્ય રસથી છલોછલ છે, કેમ કે તેના પ્રરૂપક પરમ મધ્યસ્થ શ્રી જિનેશ્વરદેવ છે.

નયોનો વિચાર જેમ મધ્યસ્થતા લાવે છે, તેમ કર્મપ્રકૃતિનો વિચાર પણ મધ્યસ્થતાને ઉત્પન્ન કરે છે. કર્મવિપાક-ચિંતનથી પણ જીવ મધ્યસ્થ બની શકે છે. સર્વ અનુષ્ઠાનો કર્મક્ષયને ઉદ્દેશીને અથવા પ્રભુ-આજ્ઞાપાલન હેતુએ કરવામાં આવે છે, તો સર્વ અનુષ્ઠાનનાં ફળો પ્રત્યે પણ મધ્યસ્થ ભાવ જાગે છે.

કર્મક્ષયના ઉદ્દેશથી થતું અનુષ્ઠાન, શ્રી સિદ્ધ ભગવંતોને અર્પણ થાય છે અને આજ્ઞાપાલનના હેતુથી કરવામાં આવતું અનુષ્ઠાન, શ્રી અરિહંત ભગવંતોને અર્પણ થાય છે. આ નિષ્કામ ભાવને જ અન્ય દર્શનના મતે ઈશ્વરાર્પણ બુદ્ધિ કહેવાય છે.

પ્રત્યેક અનુષ્ઠાન વખતે જો ચિત્ત-રત્નમાં શ્રી તીર્થંકર ભગવંતોનું અધિષ્ઠાન થાય છે, તો સર્વત્ર માધ્યસ્થ્યની સિદ્ધિ સુલભ બને છે.

શ્રી જિન પ્રવચનમાં જીવાદિ નવ તત્ત્વો, અનિત્યાદિ બાર ભાવનાઓ. સર્વ પ્રકારના ધર્મો અને નિયમો, સર્વ શાસ્ત્રો અને સર્વ સત્ક્રિયાઓ વગેરેનું લક્ષ્ય જીવને મધ્યસ્થ–રાગદ્વેષરહિત બનાવવા માટે છે.

શ્રી વીતરાગ ભગવંતની મુદ્રા પણ મધ્યસ્થ ભાવની દ્યોતક છે. ઉત્સંગમાં રામા નથી અર્થાત્ હૃદયમાં રાગ નથી, અને હાથમાં શસ્ત્ર નથી અર્થાત્ હૃદયમાં દ્વેષ નથી. એ જ વસ્તુ માધ્યસ્થ્યની દ્યોતક છે.

શ્રી નવકાર મહામંત્ર પણ માધ્યસ્થ્યમય છે. તેમાં શ્રી પંચ પરમેષ્ઠીઓનું સ્મરણ છે, કેમ કે તેઓ પૂજ્ય છે. પૂજ્યતા મધ્યસ્થભાવ વિના આવતી નથી. આ રીતે મધ્યસ્થભાવના પણ શ્રી નવકારનો સાર છે, તેથી પરંપરાએ તે ચૌદ પૂર્વનો પણ સાર બને છે.

અહિંસા, સત્ય, અચૌર્ય વગેરે ધર્મો પણ મધ્યસ્થતાના વિવિધ પ્રકારો છે.

હિંસામાં સ્વાર્થ અને વૈર હોય છે. સ્વાર્થ એ રાગ અને વૈર એ દ્વેષ છે. અહિંસામાં તે બંનેનો અભાવ છે.

જો રાગ અને દ્વેષ હોય, તો જ અસત્ય બોલાય છે. સત્ય વચન વખતે તે બંનેનો અભાવ છે.

માધ્યસ્થ્ય વિના શ્રેષ્ઠ જીવન સંભવતું નથી જ્યાં જ્યાં માધ્યસ્થ્યનો ભંગ થાય છે, ત્યાં ત્યાં ક્લેશ, ભય, રાગ અને શોક વગેરે ઊભા થાય છે.

શક્તિ કરતાં અધિક આહાર લેવાથી રોગ થાય છે અને અધિક બોલવાથી વૈર-વિરોધ થાય છે. આ જગતમાં જે કાંઈ દુ:ખો છે, તે માધ્યસ્થ્યને ન જાળવવાના પરિણામે છે. આથી જ કહ્યું છે કે, 'કમ ખાઓ, ગમ ખાઓ.' તો શરીર અને મન એ બંનેના મારથી બચાય છે.

શ્રી જિન પ્રવચન માધ્યસ્થ્યમય હોવાથી તેનાં રહસ્યો અને ગુપ્ત અર્થો, મધ્યસ્થ પુરૂષોની આગળ પ્રગટ થાય છે.

## મધ્યસ્થનો અર્થ

મધ્યસ્થ શબ્દમાં 'મધ્ય'નો અર્થ કેન્દ્ર થાય છે અને 'સ્થ' એટલે તેમાં-કેન્દ્રમાં રહેવું તે.

બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર આત્મા છે. પ્રવૃત્તિઓ તે ચક્ર છે. પ્રત્યેક ચક્ર(Circle)ને કેન્દ્ર (Centre) હોય જ છે. તે રીતે રાત-દિવસ થતી મન-વચન અને કાયાની જે બધી પ્રવૃત્તિઓ છે, તેનું પણ કેન્દ્ર એક જ છે અને તે આત્મા છે. આત્મા તરફ લક્ષ કેન્દ્રિત કરીને જે કોઈ પ્રવૃત્તિ થાય, તે બધી મધ્યસ્થ કહેવાય.

મધ્યસ્થ માણસ તે કહેવાય છે, કે જે બધાંનું સાંભળે પણ કોઈમાં ખેંચાય નહિ. તેનું ખેંચાણ માત્ર સત્ય તરફ હોય છે.

અહીં સત્ય એક આત્મા છે, કેમ કે તે જ કાયમી રહેનાર છે અને તે જ ચિદ્ઘન અને આનંદઘન છે. આથી જ્ઞાનજ્યોતિ અને આનંદનો પ્રકાશ બધો તેમાંથી જ છે. તેના આધારે છે.

આપણી પ્રવૃત્તિ માત્રનું મૂળ કેન્દ્ર આત્મા છે, તેનું કદી પણ વિસ્મરણ ન થવા દે તે કેન્દ્રસ્થ એટલે મધ્યસ્થ છે. માટે તેને ન્યાયાધીશની ઉપમા પણ આપી શકાય. અથવા અનેક સંતાનોનો પિતા જેમ બધાં સંતાનો પ્રત્યે મધ્યસ્થ ભાવ રાખે છે, તેના જેવી ઉપમાવાળો આત્મા છે.

ગુણમાત્રની ઉત્પત્તિ, મધ્યસ્થ ભાવમાંથી થાય છે.

જીવમાત્ર પ્રત્યેની મૈત્રી, ગુણીમાત્ર પ્રત્યેનો પ્રમોદ, દુ:ખીમાત્ર પ્રત્યેની કરુણા તે બધા મધ્યસ્થ ભાવના જ વિશિષ્ટ પ્રકારો છે.

સુખદુ:ખ પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વૈરાગ્ય કહેવાય છે. વિશ્વ-વૈચિત્ર્ય પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વિવેક કહેવાય છે. માધ્યસ્થ્ય એ સર્વત્ર વિવેકબુદ્ધિજન્ય હોય છે. વિવેકબુદ્ધિ, ન્યાયબુદ્ધિ, શુદ્ધબુદ્ધિ, નિષ્પક્ષબુદ્ધિ, મધ્યસ્થબુદ્ધિ વગેરે એક જ અર્થને કહેનારા ભિન્ન ભિન્ન શબ્દો છે.

ન્યાયબુદ્ધિ એ સત્યનો પક્ષપાત છે. અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો, દાન કે પૂજન આદિ શુભપ્રવૃત્તિઓ એ ન્યાયબુદ્ધિનું ફળ છે. સર્વ પ્રકારનાં શુભ અનુષ્ઠાનો અને સર્વ પ્રકારનાં સુભાષિતો ન્યાયબુદ્ધિવાળા, મધ્યસ્થ વૃત્તિવાળા અને આત્મસ્થિત મહાપુરુષોના હૃદયમાંથી નીકળેલાં છે, તેથી તે ઉપાદેય બને છે.

સામાયિક ધર્મ પણ મધ્યસ્થભાવનો દ્યોતક છે, કારણ કે પરમ મધ્યસ્થ એવા શ્રી જિનેશ્વર ભગવંતોએ તેને પ્રથમ જીવનમાં જીવી, તેનું સુફળ પ્રાપ્ત કરીને વિશ્વ કલ્યાણને માટે તેનો ઉપદેશ આપ્યો છે.

આમ આ ચાર ભાવનાઓ ભવનાશિની, પાપનાશિની હોવાનું પુરવાર થાય છે. પોતાના મનના રથને આ જ રાજમાર્ગ પર ચલાવનારા પુણ્યાત્માઓ હેમખેમ મોક્ષનગરમાં પહોંચે છે. જો રથ આ રાજમાર્ગ પરથી નીચે ઉતરે છે, તો ભવની રઝળપાટનું કારણ બને છે. માટે હંમેશાં મૈત્ર્યાદિ ભાવનાઓમાં ચિત્તને રાખવા એ જ સર્વશ્રેયસ્કર સત્કર્મ છે.

## સાચું માધ્યસ્થ્ય

હિતચિંતાના વિષયમાં સ્વ–પરનો ભેદ પાડવા જતાં પક્ષપાતયુક્તતા આવે છે, જે સમત્વને બાધક છે.

રાગ–દ્વેષ રહિતતા અથવા પક્ષપાતરહિતતા એ માધ્યસ્થ્યનું સાચું લક્ષણ છે. એવું માધ્યસ્થ્ય હિતચિંતાના વિષયમાં સ્વ-પરનો ભેદ મટાડી દે છે. અને તેના પ્રભાવે જ પ્રભુએ ઉપદેશેલો સામાયિકધર્મ સાચા અર્થમાં આત્મામાં પરિણામ પામે છે.

પોતાનું હિત ચાહનાર, પોતાના જેવા બીજા જીવો અનંતા છે, એમ જાણવા છતાં તેઓનું હિત ન ચાહે, તો તેનામાં માધ્યસ્થ્ય–સમ પરિણામ કે સમત્વ કેવી રીતે ટકે ?

સમત્વનો પરિણામ સ્થિર કરવા માટે હિતચિંતાના વિષયમાં સ્વ-પરના ભેદનો છેદ ઉડવો જરૂરી છે, અનિવાર્ય છે. એવું સામાયિક જ કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ બને.

> अयं निजः परो वेत्ति, गणना लघुचेतसाम् ।
> उदार–चरितानां तु, वसुधैव कुटुम्बकम् ॥

આ શ્લોક પણ સ્યાદ્વાદ–રત્નાકરના જ એક પવિત્ર બિંદુરૂપ છે.

સ્વ-પરના ભેદ સાથે ભટકાય તેની આંતર ચેતના આત્મભાવ અવિકસિત ગણાય તે સ્વાભાવિક છે.

સર્વ સહાયક ધર્મનો આરાધક કોને પરાયો ગણે ? અને ગણે તો તેનું સામાયિક સો ટચનું ન બને.

卐

# આત્મૌપમ્ય દૃષ્ટિ

વસ્તુ અનંત ધર્માત્મક છે; તેથી તેને પૂર્ણપણે જાણવા માટે, નય, ગમ, ભંગ, પ્રમાણ વગેરેની આવશ્યકતા છે.

વસ્તુ અનંત ધર્માત્મક હોવા છતાં કયા કારણે, કયા વખતે, કયા ધર્મને મુખ્યતા આપવી અને કયા ધર્મને ગૌણતા આપવી, એનું જ્ઞાન જો ન હોય, તો મોટા અનર્થનું કારણ બને છે. તેથી આત્મૌપમ્યદૃષ્ટિ વિકસાવવી જરૂરી છે.

બધા ન્યાયની ઉત્પત્તિનું મૂળ જો કોઇ હોય, તો તે આત્મૌપમ્યદૃષ્ટિ છે. ધર્મ માત્રના મૂળમાં આત્મૌપમ્યદૃષ્ટિ રહેલી છે. આત્મૌપમ્યદૃષ્ટિનું ફળ મૈત્ર્યાદિ ચારભાવનાઓ છે, તેથી તે જેના મૂળમાં હોય તે ક્રિયાને જ શાસ્ત્રકાર ભગવંતોએ 'ધર્મ' કહ્યો છે.

નમસ્કારના મૂળમાં પણ આત્મૌપમ્યદૃષ્ટિ છે; સામાયિકના મૂળમાં પણ આત્મૌપમ્ય દૃષ્ટિ છે.

કોઇપણ વ્યવહારધર્મનાં મૂળમાં એ દૃષ્ટિ રહેલી હોય. તો તે શુદ્ધવ્યવહાર ગણાય છે. અન્યથા તે અશુદ્ધ છે.

મૈત્રીના મૂળમાં, પ્રમોદના મૂળમાં, કરુણાના મૂળમાં અને માધ્યસ્થ્યના મૂળમાં પણ તે દૃષ્ટિ રહેલી છે. સદાચાર કે સદ્વિચારના મૂળમાં પણ તે જ દૃષ્ટિ રહેલ છે. અહિંસાનું મૂળ આત્મૌપમ્ય છે. અર્થાત્ અહિંસા આત્મૌપમ્ય મૂલક છે.

તપ ધ્યાન ચિત્તશુદ્ધિ અસંગતા વગેરેની ઉત્પત્તિ આત્મૌપમ્ય અને અહિંસાની સિદ્ધિ માટે છે.

સામ્યસિદ્ધિ મૂલક પૂર્ણ અહિંસાની સાધના માટે ગૃહત્યાગ રુપ અણગારધર્મ અને નર્ગ્રન્થપણાની અનિવાર્ય શરત છે. સામ્યભાવ એ આત્મશુદ્ધિનું મુખ્ય ચિહ્ન છે.

બાહ્યત્યાગની સાથે રાગ-દ્વેષરૂપ અભ્યંતર વિકારોનો ત્યાગ, કયેય રુપે ન હોય તો જિનત્વ ( વીતરાગત્વ ) ની પ્રાપ્તિ ન થાય, સામ્યદૃષ્ટિ મૂલક અને સામ્યદૃષ્ટિ પોષક આચાર-વિચારોને, એક શબ્દમાં 'સામામિક-ધર્મ' શબ્દથી શાસ્ત્રકારો કહે છે. ' करेमि भंते सामाइयं... ' હું સમતા યા સમ-ભાવનો સ્વીકાર કરું છું અને તે માટે સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરું છું, એ પ્રતિજ્ઞા પૂર્વક સામાયિક ધર્મને સ્વીકારાય છે.

હિંસાની નિવૃત્તિ સામ્ય દ્વારા-આત્મૌપમ્ય ભાવ દ્વારા સાધી શકાય છે. બીજાના સત્ય વિચારો અને સત્ય દૃષ્ટિબિંદુઓ પર, પોતાના સત્ય દૃષ્ટિબિંદુઓ જેટલો જ આદર, તે પણ સામ્યદૃષ્ટિનું ફળ છે. આ સામ્યદૃષ્ટિ અનેકાંતવાદની પણ ભૂમિકા છે.

અન્યનું દુઃખ પોતાનું દુઃખ છે, એવું સંવેદન ન થાય ત્યાં સુધી અહિંસાની સિદ્ધિ અસંભવિત છે.

જીવાત્માઓમાં બાહ્યદૃષ્ટિથી ભેદ છે પણ તત્ત્વદૃષ્ટિથી સમાનતા છે. આ તાત્ત્વિક સમાનતાનું દર્શન આત્મૌપમ્યદૃષ્ટિનું પરિણામ છે.

અન્યજીવોની સાથે સમાનતા કે અભેદનું વાસ્તવિક સંવેદન થવું, તેમાંથી જ અહિંસાની ઉત્પત્તિ છે.

અજ્ઞાન, અવિદ્યા, દર્શનમોહ-એ હિંસાની મૂળ જડ છે. તેમાંથી રાગ-દ્વેષ, ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિઓ અને પરિણામે હિંસા સાકાર બને છે. રાગ-દ્વેષ અને અજ્ઞાન-એ જ ભાવ કર્મ છે અને દ્રવ્યકર્મનાં કારણ છે.

## શ્રેષ્ઠભાવના

તમારું હૃદય જો મૈત્રીભાવવાળું હશે તો તમારામાં અને અરિહંતમાં ભેદ નહિ રહે. સુર, અસુર સર્વને પ્રેમ કરશો તો શ્રી અરિહંતની જેમ સુર, અસુર સર્વ તમને ભજશે.

સામાનું હૃદય જો તમારા કરતાં વધારે પવિત્ર હશે, તો તેના પ્રત્યે સેવેલો અશુભભાવ, ગોશાળાએ ફેંકેલી તેજોલેશ્યાની જેમ પાછો ફરીને તમને જ હાનિ કરશે.

લેશ્યા એટલે ઓજસ્વીભાવ.

આધ્યાત્મિક શક્તિ સાધુ કે શ્રાવક પાસે રહેવી જોઇએ.

શ્રી અરિહંતનો પ્રેમ જેમ સર્વત્ર છે. તેમ આપણો પ્રેમ પણ સર્વ પ્રત્યે રહેવો જોઇએ, સર્વ સિદ્ધ બનો એવી ભાવનાપૂર્વક સર્વનું હિત ચાહવું જોઇએ.

સર્વહિત વિષયક ભાવનું શ્રેષ્ઠતમતત્વ 'મારા-તારા'ના ભેદથી દૂષિત થાય છે માટે તેનાથી દૂર રહીને સર્વ-મિત્ર બની રહેવું જોઇએ.

અરિહંત' શબ્દનો તાત્પર્યાર્થ પણ એ જ છે.

જીવ તરફનો આંશિક પણ દુર્ભાવ. આત્માના શિવંકર સ્વરુપને મોટા ફટકા સમાન છે એટલે તેની સેવા છોડીને શ્રી અરિહંતને સદા ભાવથી, ત્રિવિધે સેવવા એ શ્રેષ્ઠ આરાધના છે.

## જીવને અભેદપ્રિય છે.

'नमो अरिहंताणं ।'

ધર્મનું મૂળ કે જે મૈત્રી છે, તેના પરમધર પ્રભુને આ પદથી નમસ્કાર છે. માટે મૈત્રીનું મૂળ નમસ્કાર-ભક્તિ છે.

એટલે નમસ્કાર-ભક્તિથી મૈત્રી પ્રગટે છે, મૈત્રીથી અહિંસા પ્રગટે છે, અહિંસાથી સંયમ અને સંયમથી તપ પ્રગટે છે. તપ, એ નિર્જરાનું પ્રતીક છે. સંયમ, એ સંવરનું પ્રતીક છે.

અહિંસા-સંવર, નિર્જરાનું મૂળ જીવરાશિ પ્રત્યેના સ્નેહનો પરિણામ.

એ અહિંસાનું મૂળ-સ્નેહ પરિણામનું મૂળ ચૈતન્યનો સ્વભાવ અભેદ પરિણતિરૂપ છે.

જીવને ભેદ અપ્રિય છે. અને અભેદ પ્રિય છે. માટે અભેદની સાધના એ ધર્મ છે, ભેદ વધારે, અંતર વધારે, તે અધર્મ છે. અને માટે જ અભેદભાવમૂલક શ્રી નમકાર એ સમગ્ર શ્રુતનો સાર છે.

જુઓ સિદ્ધશીલા ઉપર પરમ વિશુદ્ધ આત્માઓ કેવી રીતે બિરાજેલા છે ? પરસ્પરને અવગાહીને જ ને ? આ અવગાહનામાં અંતરાયભૂત સર્વકર્મજન્ય ઉપાધિઓ મિથ્યાદૃષ્ટિ યા ભેદદૃષ્ટિના મૂળમાં રહેલી છે.

તેનો નાશ કરનાર **નમો અરિહંતાણં** છે.

卐

# સર્વ-સમર્પણભાવની આરાધના

ભવક્ષય-વાસનાક્ષય માટે ધ્યાનાદિકની પ્રબળ આવશ્યક્તા છે, તેમજ જીવનમાં સદ્ગુણોની પણ મોટી આવશ્યક્તા છે. તેના વિના જીવન જળ વિનાના સરોવર જેવું સુકું ભઠ્ઠ બની જાય.

સદ્ગુણ અને ધ્યાનાદિના સુપ્રભાવે જીવનમાં સંતપણું પ્રગટે છે.

સંતપણું એટલે :- સદ્ગુણ, સંયમ, પરોપકાર, વિશાળ હૃદય, ઈશ્વરપરાયણતા.

સંતપણું પ્રગટાવવા માટે વિવિધ અંગોની જરૂરિયાત છે.

સંજોગવશાત્ અજ્ઞાનવશાત્ યા વાસનાવશાત્ બાહ્ય પ્રવૃત્તિઓ રહેવાની. પણ આત્મજ્ઞાન એ જ જીવનનું મુખ્ય લક્ષ્ય રહેવું જોઈએ. આ જીવનમાં તે ન થયું, તો આવી સુંદર તક ફરી ક્યારે મળશે ?

તેને માટે વ્યાકુળતા જોઈએ. તે સિવાય બાહ્ય પ્રવૃત્તિઓ વચ્ચે નિર્લેપતા ટકવી મુશ્કેલ છે.

દેવ-ગુરુની કૃપા એ જ સાચું શરણું છે. તેને સમર્પિત થઇને ચાલવાથી આત્મ-વિકાસની સાધના માટેની સામગ્રી, તે પોતે જ મેળવી આપે છે.

નિર્વિચાર દશામાં શાંતિ મળે પણ આત્મામાં પરમાત્માના તાદાત્મ્યનો અનુભવ તો સમર્પણભાવથી જ થાય. પરમાત્માના સાન્નિધ્યના અનુભવમાં શાંતિ, શક્તિ અને ભક્તિ ત્રણે વસ્તુ સમાઈ જાય છે.

પરમાત્મા સર્વોત્તમ અને સર્વ સ્વરૂપ છે, એમ માનીને તેમને સર્વ-સમર્પણ ભાવથી આરાધવામાં આવે, તો સફળતા મળે જ.

જીવનમાં સારું તો નહીવત્ જ હોય છે, અને જે હોય છે, તે દેવ–ગુરુના અનુગ્રહનું જ પરિણામ હોય છે. આત્મામાં અશુભનો ભંડાર અનાદિકાળથી ચાલ્યો આવે છે. બાહ્ય સંયોગો પણ મોટે ભાગે એના જ સહાયક અને ઉત્તેજક હોય છે.

પરમાત્મા અને સદ્ગુરુનાં બળથી જ આ બધાં બળોની સામે થઈ શકાય છે. એમનું બળ જ્યારે મળે છે ત્યારે જીવન કેવું સ્વસ્થ અને શાંત બની જાય છે! અનુગ્રહના તે સામર્થ્યનું વર્ણન શક્ય નથી.

## વૈરાગ્યભાવના

આગમ–વાંચનથી વૈરાગ્યભાવના પરિપુષ્ટ બને છે. તેમજ સંયમની વિશુદ્ધિ સાથે મોક્ષનો આદર્શ પણ સ્ફુટ થતો જાય છે. એ રમણતામાં આનંદ રહે છે. સાથે સદ્ગુણો–વિકાસ અને વાસનાદિ ક્ષય માટે યોગમાર્ગ, ધ્યાનમાર્ગ પણ પરમ સહાયક બને છે.

સદ્ગુણ–વિકાસ, સદાચાર–નિર્માણ અને આત્મજ્ઞાન એ ત્રણે મળીને મોક્ષ-માર્ગ બને છે.

આત્મજ્ઞાન માટે ધ્યાનાદિનો અભ્યાસ અનિવાર્ય છે.

પિંડસ્થાદિ ધ્યેયોના ધ્યાનથી માંડીને 'न किंचिदपि चिन्तयेत् ।' પર્યંત ધ્યાનનો વિકાસ, ક્રમિક અભ્યાસ વડે થવો જોઈએ. તેને જ શાસ્ત્રીય પરિભાષામાં સાલંબન અને નિરાલંબન શબ્દોથી સંબોધેલ છે.

સ્વાર્થભાવનો સમૂળ ઉચ્છેદ કરવામાં પરમાત્માનું ધ્યાન કૃપાણ સમાન છે. માટે પરમાત્માને સમર્પિત થવું એ આત્મોન્નતિનો ઉત્તમ ઉપાય છે.

આપણે કોને સમર્પિત થઈને હરખાઈએ છીએ, તેના ઉપર આપણા આત્માની ઉન્નતિ યા અવનતિ અવલંબેલી છે.

દુન્યવી આકાંક્ષાઓને સમર્પિત થઈશું, તો સંસારમાં સબડીશું. પરમ કૃપાળુ પરમાત્માને સમર્પિત થઈશું, તો પરમ પદ પામીશું; એમ સમજીને પરમાત્માને શરણે જવું એ પરમ કર્તવ્ય છે.

卐

> નિઃશ્રેયસનાં સુખ નિરૂપાધિક છે. પર દ્રવ્યના સંયોગ વિના જ થાય છે. એ સુખોનો આધાર કેવળ આત્મા છે. આત્માના સ્વરૂપમાંથી ઉત્પન્ન થતાં સુખો એ જ પરમાર્થ સુખો છે. યથાર્થ સુખો છે. તેની પ્રાપ્તિનો આધાર નિર્જરાલક્ષી ધર્મ છે.

# ધર્મ-ચિંતન

धनदो धनार्थिनां प्रोक्तः,
कामदः सर्व कामिनाम् ।
धर्म एवापवर्गस्य,
पारम्पर्येण साधकः ॥ १ ॥

ધર્મબિંદુ –પૂ. હરિભદ્રસૂરિ મ.

ધર્મ ધનનાં અર્થીને ધન આપે છે.
કામનાં અર્થીને કામ એટલે સર્વ ઇચ્છિતની પ્રાપ્તિ કરાવે છે.
અને પરંપરાએ ધર્મ એ મોક્ષનો સાધક છે.



દુર્ગતિમાં પડતાં પ્રાણીને બચાવી લેનાર ધર્મ છે. જેમ માણસ દુકાને જાય, ધંધો કરે તો લાભ, ન કરે તો નુકશાન. બાળક ભણવા જાય તો શીખે, ન જાય તો મૂર્ખ રહે. તેમ...ધર્મ કરે તો આત્મિક લાભ, ન કરે તો ચાલશે; એમ નથી ધર્મ ન કરે તો નુકશાન જ થાય છે. આવા ધર્મની મહત્તા કેવી છે
તે સમજાવનાર પરમ કૃપાળુ, પરમ પૂજ્ય, ધર્મયોગી,

પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# ધર્મચિંતન....!

**વિષયસુખો સમુદ્રના ખારા પાણી જેવા છે સમુદ્રનું પાણી પીવાથી જેમ તરસ વધે, પેટ ફૂલે એમ વિષયોનું ખારું પાણી પીવાથી વિષયની તૃષ્ણા વધે છે, પાપનો ફૂગાવો થાય છે અને દુઃખ દુર્ગતિ રૂપ અશુચી પ્રાપ્ત થાય છે. સંસાર સમુદ્ર છે, ધર્મ જહાજના સ્થાને છે આગમો દીવાદાંડી છે.**

દીવાદાંડીના સહારે ધર્મને પામવા માટે આ રહ્યા સુંદર સોપાનો......


૧ ધર્મ એટલે શું ?
૨ ધર્મની ઓળખ શું ?
૩ ધર્મ શું છે ?
૪ ધર્મનું સ્વરૂપ
૫ ધર્મ મહાસત્તા
૬ ધર્મ બોધ
૭ ધર્મ મનુષ્યનું પરમ સાહસ
૮ ધર્મ સર્વોત્કૃષ્ટ મંગળ
૯ ધર્મની સત્યતાનો આધાર
૧૦ ધર્મમાત્રનું મૂળ નમ્રતા
૧૧ પરમાત્માને ભજવાનો માર્ગ
૧૨ આણાએ ધમ્મો
૧૩ આજ્ઞા પાલન એજ ધર્મ
૧૪ આશ્રવ...સંવર....
૧૫ ધર્મ સાધનાનો રાજમાર્ગ
૧૬ આરાધનાના અંગો
૧૭ ધર્મનો પ્રભાવ
૧૮ ન્યાયમાં ધર્મ
૧૯ ક્ષમા એ પરમધર્મ
૨૦ ધર્મનું મૂળ
૨૧ ધર્મ સ્નેહ
૨૨ ધર્મ અને ધાર્મિકતા
૨૩ આપણે કેવા
૨૪ આનંદનો વિષય
૨૫ સુવિશુદ્ધ ધર્મ
૨૬ ચાર પ્રકારના ધર્મ
૨૭ દાન ધર્મ
૨૮ મોક્ષમાર્ગનો મહિમા
૨૯ ભાવધર્મ
૩૦ ભાવ મહાત્મ્ય
૩૧ ધર્મારાધનની પાયાની રીત
૩૨ ધર્મના સાધકને માર્ગદર્શન
૩૩ ધર્મ સંગ્રહ
૩૪ ગૃહસ્થ ધર્મનું હાર્દ
૩૫ દરિદ્રતા નિવારણનો ઉપાય
૩૬ ધાર્મિક શિક્ષણનો હેતુ

# ધર્મ એટલે શું.....?

'यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।'

જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય તે ધર્મ.

ધર્મની આ વ્યાખ્યા સર્વ આસ્તિક દર્શનકારોને માન્ય છે.

અભ્યુદય એટલે પૌદ્ગલિક આબાદી, નિઃશ્રેયસ એટલે આધ્યાત્મિક શ્રેયઃ

ધર્મથી જેમ આધ્યાત્મિક શ્રેયઃ સધાય છે, તેમ પૌદ્ગલિક આબાદીનું કારણ પણ ધર્મ જ છે.

પૌદ્ગલિક આબાદી એટલે ભૌતિક ઉન્નતિ. ભૌતિક સુખોની સિદ્ધિ.

સુખ બે પ્રકારનાં છે.

એક પુદ્ગલના સંયોગથી થનારાં સુખો, બીજા પુદ્ગલના સંયોગ વિના થનારાં.

પુદ્ગલના સંયોગથી ઉત્પન્ન થનારાં સુખો એ ભૌતિક સુખો છે.

કોઇ પણ પુદ્ગલના સંયોગ વિના કેવળ આત્મપદાર્થથી ઉત્પન્ન થનારું સુખ એ આધ્યાત્મિક સુખ છે. આધ્યાત્મિક સુખની સિદ્ધિ નિર્જરાલક્ષી ધર્મથી છે. પૌદ્ગલિક સુખની સિદ્ધિ, પુણ્યલક્ષી ધર્મથી છે.

જેમાં શુભકર્મોનો બંધ એ ધ્યેય છે, તે પુણ્યલક્ષી ધર્મ છે. જેમાં પુણ્ય અને પાપ ઉભયનો ક્ષય એ ધ્યેય છે, તે નિર્જરાલક્ષી ધર્મ છે.

નિર્જરાલક્ષી ધર્મ, મોક્ષમાં પરિણમે છે.

પુણ્યલક્ષી ધર્મ, સંસારમાં વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરાવે છે. એ સુખો પરદ્રવ્યની ઉપાધિથી થનારાં હોવાથી આદિ અને અંતવાળાં છે.

પરદ્રવ્યની ઉપાધિ વિના, કેવળ આત્મામાંથી ઊપજનારાં આધ્યાત્મિક સુખો છે. તેની આદિ છે; પણ અંત નથી.

## ભૌતિક સુખોની પ્રતિષ્ઠા

આજના કાળમાં ભૌતિક સુખોને મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. ભૌતિક સુખોની સિદ્ધિનું કારણ વિજ્ઞાન મનાય છે. વિજ્ઞાનની વિવિધ શોધોથી ભૌતિક સુખનાં સાધન વધ્યાં છે અને વધે છે.

ઉત્તમ પ્રકારના રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને ઉત્તમ પ્રકારના શબ્દ, તેમ જ તે બધાની પ્રાપ્તિ એ આજના મોટા ભાગના મનુષ્યોનું ધ્યેય હોય છે. એ ધ્યેયની સિદ્ધિ વિજ્ઞાનથી

થતી દેખાય છે, તેથી મનુષ્ય તે તરફ ખેંચાતો જાય છે. પરંતુ તેનું આકર્ષણ તેને સુખના ખરા માર્ગે લઇ જવાને બદલે ખોટા માર્ગે લઈ જાય છે.

સુખનો ખરો માર્ગ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ કે પરિગ્રહ નથી, કિન્તુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે.

સુખ એ અપીડારૂપ છે, બીજાને પીડા આપવાથી અપીડારૂપ સુખના અધિકારી બની શકાતું નથી.

હિંસા, અસત્ય વગેરે બીજાને પીડવાના માર્ગ છે, તેથી તે પાપસ્વરૂપ છે. તેનાથી સાચા સુખની આશા, આકાશકુસુમવત્ છે. અર્થાત્ નિરર્થક છે.

વિજ્ઞાનથી થનારાં ઉત્તમ પ્રકારનાં રૂપરસાદિનો ભોગ કે તેની પ્રાપ્તિ, પાપ કર્યા વિના થઇ શકતી નથી. પાપના માર્ગે સુખની શોધ એ અવળો ધંધો છે. તેથી રૂપ-રસાદિની પ્રાપ્તિ માટે વિજ્ઞાનના માર્ગે આગળ વધનારા પાપના માર્ગે જ આગળ વધે છે. અને પાપના માર્ગે આગળ વધનારા સાચા સુખની પ્રાપ્તિ કરી શકે એ ત્રિકાળમાં અશક્ય છે.

શાસ્ત્રકારોની દૃષ્ટિએ ભૌતિક સુખની સિદ્ધિનો આધાર પણ ધર્મ જ છે. અને તે પુણ્યરૂપી ધર્મ છે.

આ પુણ્યરૂપી ધર્મની સિદ્ધિ માટે શાસ્ત્રકારો 'આદ્યબાલશરીર'નું દૃષ્ટાન્ત આપે છે.

યુવાન શરીરનું કારણ જેમ બાલશરીર છે, તેમ બાલશરીરનું કારણ પણ કોઈ હોવું જોઇએ. બાલશરીરનું કારણ જો ગર્ભશરીર માનીએ તો આદ્યગર્ભ શરીરનું પણ કોઈ ઉપાદાન કારણ હોવું જોઇએ. તેનું જ નામ કર્મશરીર છે. શાસ્ત્રકારોની ભાષામાં તેને 'કાર્મણ શરીર' કહેવાય છે.

એ રીતે ભૌતિક શુભ શરીર એ ભૌતિક શુભકર્મની નીપજ છે. જો શરીરની નીપજ કર્મથી છે તો પછી એ શરીરનાં સારાં-નરસાં સાધન અને એ શરીરને સુખ-દુઃખનાં શુભાશુભ નિમિત્તની ઉત્પત્તિનું આદિ કારણ પણ કર્મ જ છે. બીજું કોઇ જ નથી.

## આદ્ય કારણ શું ?

સ્થૂલ દૃષ્ટિથી આદ્ય કારણ નજરે ચડતું નથી ત્યારે સંસર્ગમાં આવતાં અન્ય અન્ય નિમિત્તોને જ તેનાં કારણો તરીકે વર્ણવવામાં આવે છે.

શરીર, શરીરના સંબંધીઓ અને શરીરના સુખદુઃખના બાહ્ય હેતુઓના મૂળમાં શુભ, અશુભ કર્મ છે. તેને શાસ્ત્રકારો ધર્મ અને અધર્મના નામથી સંબોધે છે.

આ રીતે આખાયે જગતમાં, સચરાચર જીવસૃષ્ટિમાં, વિશ્વનાં પ્રાણીમાત્રની વિવિધ અવસ્થાઓમાં આદ્ય અને પ્રથમ શુભ પ્રેરક હેતુ, જો કોઇ હોય તો તે ધર્મ જ છે. અને તે ધર્મના પ્રતાપે જ સઘળી ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ છે.

શાસ્ત્રકારોની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ તે બધાની ઉત્પત્તિ, પ્રાપ્તિ અને વૃદ્ધિ આદિનો મૂળ આધાર પુણ્ય કર્મરૂપી ધર્મ જ છે.

## ધર્મની નીપજ

વિજ્ઞાનની શોધો અને તેથી પ્રાપ્ત થતાં શબ્દરૂપાદિ પુદ્ગલોનાં ભૌતિક સુખોની સિદ્ધિનો આદિ આધાર પણ ધર્મ જ છે. પરંતુ તે ધર્મ સ્થૂલદૃષ્ટિને અગોચર છે.

ધર્મને સાક્ષાત્ જોવા અને જાણવાનાં જ્ઞાનચક્ષુ વિરલ વ્યક્તિઓને જ પ્રાપ્ત થાય છે.

ધર્મ એ સુખના કારણનું કારણ છે અને કારણને સૂક્ષ્મદૃષ્ટિ જોઇ શકે છે. કારણના કારણને જોવા માટે તત્ત્વની ખરી જિજ્ઞાસા હોવી જોઇએ. તત્ત્વજિજ્ઞાસુ શાસ્ત્રાભ્યાસ વડે તે ચક્ષુને પ્રાપ્ત કરી શકે છે.

શાસ્ત્ર એ સર્વજ્ઞના વચનસ્વરૂપ છે.

ધર્મને પ્રત્યક્ષ કરવામાં સહાયક બીજું ચક્ષુ એ કેવળજ્ઞાનરૂપી ચક્ષુ છે.

કેવળચક્ષુ અને શ્રુતચક્ષુ વડે કારણના કારણને જાણી શકાય છે, દેખી શકાય છે.

શાસ્ત્રચક્ષુ કહે છે, કે વિજ્ઞાન અને તેની શોધોથી મળતા શબ્દાદિ વિષયોનાં સુખો એ પાપવૃદ્ધિના હેતુભૂત હોવાથી પાપાનુબંધી પુણ્યરૂપ ધર્મની નીપજ છે, તેથી ત્યાજ્ય છે.

જે ભૌતિક સુખોની ઉત્પત્તિમાં પાપ નથી, રક્ષણમાં ક્લેશ નથી, વર્તમાનમાં દુઃખ નથી; અનાગત કાળે દુર્ગતિ નથી, અનાયાસે જેની સિદ્ધિ છે, અનીતિપૂર્વકના ભોગોમાં જેનો દુર્વ્યય નથી, ધર્મ-ઉન્નતિ અને ધર્મની વૃદ્ધિમાં જ જેનો શુભ ઉપયોગ છે; એવાં સુખોની પ્રાપ્તિ પુણ્યાનુબંધી પુણ્યરૂપી ધર્મના સંબંધથી છે. તે ઉત્તરોત્તર શુભ ગતિની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બનીને જીવને અંતે અપવર્ગ (મોક્ષ)ના અવ્યાબાધ સુખોની પ્રાપ્તિ કરાવે છે. તેનું જ નામ નિઃશ્રેયસ છે.

નિઃશ્રેયસનાં સુખ નિરુપાધિક છે. પરદ્રવ્યના સંયોગ વિના જ થાય છે. એ સુખોનો આધાર કેવળ આત્મા છે. આત્માના સ્વરૂપમાંથી ઉત્પન્ન થતાં સુખો એ જ પરમાર્થસુખો છે, યથાર્થ સુખો છે. તેની પ્રાપ્તિનો આધાર નિર્જરાલક્ષી ધર્મ છે.

એ રીતે શુભાશુભ કર્મના ક્ષયથી મળતાં અવ્યાબાધ સુખો એ નિર્જરા અથવા અનાસ્રવરૂપ ધર્મની નીપજ છે.

અધર્મથી નીપજતાં દુઃખને દૂર કરવાનો ઉપાય શુભાસ્રવરૂપ કે અનાસ્રવરૂપ ઉભય પ્રકારનો નિર્જરાલક્ષી ધર્મ છે, એમ શ્રી જિનેશ્વર ભગવંતો કહે છે એમ સમજીને સહુ કોઈ તે ધર્મને વિષે ઉદ્યમશીલ બનો!

卐

# ધર્મની ઓળખ શું ?

દુનિયામાં બે પ્રકારના પદાર્થ છે, કેટલાક દશ્ય છે, કેટલાક અદશ્ય છે.

દશ્ય પદાર્થને દેખવા માટે ચક્ષુ આદિ ઇન્દ્રિયો સિવાય બીજા પદાર્થોની જરૂર પડતી નથી.

અદશ્ય પદાર્થો કેવળ ઇન્દ્રિયોથી જોઈ શકાતા નથી. તે જોવા માટે બીજા પદાર્થોની સહાય લેવી પડે છે. જેમ કે પર્વતની ટોચ ઉપર રહેલા અગ્નિને જાણવા માટે નીચે રહેલા માણસને એ અગ્નિમાંથી અવિચ્છિન્ન ધારાએ નીકળતી ધૂમલેખાની સહાય લેવી પડે છે. અને એ ધૂમલેખાને જોઈને તે પુરુષ પોતાની આંખથી અદશ્ય એવા અગ્નિને પણ જાણી શકે છે.

ભૂતળના તળ નીચે છુપાયેલા વૃક્ષના મૂળને જાણવાની કે આકાશના વાદળ નીચે છુપાયેલા સૂર્યના કિરણને જાણવાની એ જ રીત છે.

વૃક્ષનાં પાન જો લીલાંછમ છે કે ફૂલ અને ફળ નિયમિત ઊગે છે, તો તે વૃક્ષનું મૂળ, ભૂમિમાં અવશ્ય સાજુંતાજું અને અખંડિત છે, એમ નિશ્ચિત થાય છે. અથવા વાદળની ઘનઘોર છાયા વખતે હજુ રાત્રિ નથી થઈ, પણ દિવસ છે એમ સમજી શકાય છે, તો તે વાદળની નીચે સૂર્ય હજુ ગતિ કરી રહ્યો છે; પણ અસ્ત પામી ગયો નથી એ વાત પણ નક્કી થાય છે.

અદશ્ય મૂળ જેમ ફળથી અને અદશ્ય સૂર્ય જેમ દિન–રાત્રિના વિભાગથી જાણી શકાય છે, તેમ જીવાત્મામાં રહેલો અદશ્ય ધર્મ પણ તેના કાર્યથી જાણી શકાય છે.

ભૂતકાલીન ધર્મ તેના ફળસ્વરૂપ વર્તમાનકાલીન સંપત્તિ આદિથી જાણી શકાય છે અને વર્તમાનકાલીન ધર્મ તેના કાર્યસ્વરૂપ ઔદાર્યાદિ ગુણોથી જાણી શકાય છે.

અમુક વ્યક્તિની ભીતરમાં ધર્મ છે કે નહિ ? અને છે તો તે કેવી રીતે જાણી શકે ?

આ પ્રશ્નનો જાણે સ્પષ્ટ ઉત્તર આપતા હોય તેમ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા એક સ્થળે ફરમાવે છે.

> **औदार्यं दाक्षिण्यं पापजुगुप्साऽथ निर्मलो बोधः ।**
> **लिंगानि धर्मसिद्धेः प्रायेण जनप्रियत्वं च ॥ १॥**

ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા અને નિર્મળ બોધ તથા જનપ્રિયત્વ—એ ધર્મ-સિદ્ધિનાં પ્રધાન લિંગો–ચિહ્નો છે.

જે આત્મામાં ઉદારતાદિ પાંચ લક્ષણો પ્રગટચાં છે, તે આત્માની ભીતરમાં ધર્મ રહેલો છે. કારણ કે ધર્મસિદ્ધિનાં એ નિશ્ચિત ચિહ્નો છે. ઉદારતાદિ ચિહ્નો એ આત્માની અંદર છૂપા રહેલા ધર્મને જ પ્રગટ કરે છે

બીજા શબ્દોમાં ઔદાર્યાદિ ગુણો એ ધર્મ વૃક્ષના મૂળમાંથી ઊગીને બહાર નીકળી આવેલા અંકુરાદિ અને શાખા પ્રશાખા આદિ પદાર્થો છે. શાખા-પ્રશાખા અને અંકુરપત્રાદિકને બહાર આવવા માટે જેમ નિર્મળ મૂળની અપેક્ષા છે, તેમ ઔદાર્ય, દાક્ષિણ્યાદિ ગુણોને બહાર આવવાને માટે તે તે વૃક્ષની કે તે વૃક્ષના અખંડિત મૂળની આવશ્યકતા છે અને તે મૂળનું જ નામ નિર્મળ ધર્મ છે.

આત્માની અંદર રહેલો તે ધર્મ વર્તમાન કાળે ઉદારતાદિ ગુણોરૂપી અંકુરાદિ દ્વારા પ્રગટ થાય છે. અને આગામી કાળે સુરનરની સંપત્તિરૂપી પુષ્પો અને સિદ્ધિનાં અનંતા સુખોરૂપી ફળોરૂપે પ્રગટ થાય છે.

જે આત્મામાં ઉદારતાદિ ગુણો હજુ પ્રગટ્યા નથી, તે આત્મા બહારથી ધર્મની આરાધના કે સાધના કરતો હોય તો પણ અંદરથી ધર્મને પામેલો જ છે, એવો નિશ્ચય કરી શકાતો નથી.

### પ્રથમ અંકુર ઔદાર્ય

ધર્મવૃક્ષનો પ્રથમ અંકુર ઔદાર્ય છે. દાન નહિ પણ ઔદાર્ય.

દાન અને ઔદાર્યમાં ભેદ છે.

સામાને જરૂર છે અને અપાય છે, એ દાન છે. અને પોતાને (દાતાને) જરૂર છે અને અપાય છે એ ઔદાર્ય છે.

જે દાન અપાય છે શક્તિ મુજબ, પણ આપવાની ભાવના છે સર્વસ્વની, તે દાન ઔદાર્ય ગુણથી ભરપૂર છે.

જે દાન શક્તિ મુજબ પણ અપાતું નથી, એટલું જ નહિ પણ આપવાની પાછળ લેનારની જરૂરિયાતને જ આગળ કરવામાં આવેલી હોય છે, તે દાન ઔદાર્યની ખામીવાળું છે.

ઉદાર આત્મા દાન લેનારની જરૂરિયાતને જેટલી અગત્ય આપે છે, તેથી અનેકગુણી અધિક અગત્ય, પોતાને આપવાની છે, તે બાબતને આપે છે. દાન નહિ આપવાથી સામાનું કાર્ય બગડી જવાનો જેટલો ભય તેને નથી લાગતો, તેટલો ભય દાન નહિ આપવાથી પોતાનું બગડી જવાનો લાગે છે.

અથવા આપીને કેટલું આપ્યું તે ગણાવવાની વૃત્તિ કરતાં કેટલું નથી આપ્યું તે ગણાવવાની વૃત્તિ તેના હૃદયમાં સદા રમતી હોય છે—એ ઔદાર્યનું લક્ષણ છે. અને એ જાતિનું ઔદાર્ય એ ધર્મરૂપી વૃક્ષનો પ્રથમ અંકુર છે. ધર્મ આત્મામાં પરિણામ પામ્યો છે કે નહિ, તે જાણવાનું એ પ્રથમ લક્ષણ છે.

### બીજો અંકુર દાક્ષિણ્ય

કોઈની પણ પ્રેરણા વિના થતું દાન એ ઔદાર્ય ગણાય છે. અને કોઈની પણ પ્રેરણા કે યાચના બાદ થનારું કાર્ય એ દાક્ષિણ્ય છે. કોઈની પણ માગણીને છતી શક્તિએ નકારતાં સંકોચ થવો એ દાક્ષિણ્ય છે.

દાક્ષિણ્ય વિનાનું ઔદાર્ય એ સુવાસ વિનાના પુષ્પ જેવું છે. સેર વિનાના કૂવા જેવું છે. સુંદર પણ પુષ્પ સુવાસ વિનાનું હોય તો તેને કોઇ સેવતું નથી કે જળથી ભરપૂર પણ કૂવો સેર-સરવાણી વિનાનો હોય તો અંતે સુકાઇ જાય છે. તેમ યાચનાનો ભંગ ન કરવારૂપ દાક્ષિણ્યરૂપી સદ્‌ગુણ જેનામાં પ્રગટેલો નથી તે આત્મા ઉદાર હોય તો પણ તેની ઉદારતા સદાકાળ ટકતી નથી કે અર્થી આત્માઓને તે સદાકાળ સેવ્ય બનતો નથી.

ત્રીજું અંકુર પાપજુગુપ્સા. પાપ પ્રત્યે જેને જુગુપ્સા નથી તેના ઔદાર્ય કે દાક્ષિણ્યનો દુરુપયોગ થવાનો પૂરેપૂરો સંભવ છે.

પાપ વિષતુલ્ય છે અને પુણ્ય અમૃતતુલ્ય છે. એ રીતે પાપ-પુણ્યનો ભેદ જેના અંતરમાં થયો નથી એ આત્માનું ઔદાર્ય અને દાક્ષિણ્ય સ્વ-પરના ફાયદાને માટે થવાને બદલે નુકસાનને માટે થવાનો વધારે સંભવ છે.

### ચોથો અંકુર નિર્મળ બોધ

એ કારણે ધર્મી આત્માના અંતઃકરણમાં ચોથું લક્ષણ નિર્મળ બોધ પણ છે. એથી એ પાપ-પુણ્યનો ભેદ સમજી શકે છે અને પાપનો પરિહાર તેમ જ પુણ્યનો સ્વીકાર કરવાના કાર્યમાં સદા સાવધાન રહી શકે છે. એના પ્રભાવે એનું ઔદાર્ય કે દાક્ષિણ્ય પાપના માર્ગે ઘસડાઈ જતું બચે છે.

### પાંચમો અંકુર જન પ્રિયતા

ધર્મનું ચોથું લક્ષણ નિર્મળ બોધ છે તેના કારણે આત્મામાં સદા પાપની જુગુપ્સા થતી રહે છે અને તેનાથી જ પુણ્યની પ્રશંસા પણ તેના આત્મામાં સદાકાળ રમતી હોય છે. વળી તેના કારણે તેના ઔદાર્ય, દાક્ષિણ્યાદિ સદ્‌ગુણોનો સદુપયોગ પણ વધતો રહે છે.

આ રીતના ધર્મમય જીવનના પરિણામે આ લોકમાં યશકીર્તિ અને જનપ્રિયત્વ તથા પરલોકમાં સદ્‌ગતિના ભાગી બની શકાય છે.

卐

## ધર્મ શું છે ?

જગતમાં જે ધર્મની ઉપસ્થિતિ છે, તે શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાના પાલનથી છે એટલે કે શ્રી જિનાજ્ઞાનું પાલન કરવું, એ જ પરમધર્મ છે. આજ્ઞાની સરળ ટૂંકી વ્યાખ્યા વિશ્વવાત્સલ્ય છે.

આ આજ્ઞાના પાલનથી આરાધક આત્મા શ્રી તીર્થંકરપદ સુધીના પદને પ્રાપ્ત કરી શકે છે અને તેની વિરાધના કરનાર, નરક-નિગોદનાં ભયંકર દુઃખોમાં સબડે છે. સંસાર ભ્રમણનું મૂળ જિનાજ્ઞાની વિરાધના છે. તથા સંસારથી પાર ઉતરવાનું મૂળ, જિનાજ્ઞાની આરાધના છે.

રોગની દવા જાણ્યા પછી પથ્યનું સેવન અને અપથ્યના ત્યાગનું માર્ગદર્શન લેવું જરૂરી છે, તેમ ધર્મની વ્યાખ્યા જાણ્યા પછી એનાથી વિપરીત અધર્મને જાણવો તે જરૂરી છે.

કર્મ એ આપણને લાગેલો ભયંકર રોગ છે. શ્રી જિનેશ્વર પરમાત્મા, આ રીઢા રોગના નિવારણ માટે ધર્મનો માર્ગ (પથ્ય સેવન) બતાવે છે. સાથોસાથ અપથ્યના ત્યાગરૂપ અધર્મને પણ સમજાવે છે

## અધર્મની વ્યાખ્યા

અધર્મ શું છે? સ્વેચ્છાચાર જ અધર્મ છે. સ્વેચ્છાચાર એટલે પોતાને જ્યારે જેમ ઠીક લાગે તેમ વર્તવું તે. કેવળ પોતાના સુખ માટે જેમ ફાવે તેમ વર્તવું તે. જેમાં બીજાના હિતની મુદ્દલ ચિંતા ન હોય, તથા પોતાના અંગત સુખ માટે જે બીજાને દુઃખ આપતાં પણ ન અચકાય, બીજાનું જે થવાનું હોય તે થાય, પણ એક મને જ મારી ઇચ્છા મુજબનું સુખ મળે એટલે બસ! એવી અધમવૃત્તિ મુખ્યત્વે કામ કરતી હોય છે.

સ્વેચ્છાને આધીન થવાથી જ અશુભ કર્મબંધ થાય છે, જે પોતાના આત્માનું પણ અહિત કરે છે. જ્યારે શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞા ( ઇચ્છા ) ના પાલનમાં પોતાનું હિત તો છે જ, તદુપરાંત સર્વનું પણ હિત જળવાય છે, કોઇ જીવનું અહિત નથી થતું.

## પરમાત્માની ભાવના

શ્રી જિનેશ્વર પરમાત્માની ઉત્કૃષ્ટ ઇચ્છા, સંકલ્પ કે મંગલ ભાવના એક માત્ર છે– કે ત્રણ જગતના બધા જીવો મોક્ષનો પુરુષાર્થ કરી મોક્ષ પ્રાપ્ત કરે.

પરમાત્માની આ ભાવના કહો કે ઇચ્છા, એવી તો ત્રિકાલાબાધ્ય છે કે, કાં તેને સમર્પિત થઇને શિવપદને વરો, કાં તેનો અપલાપ કરીને અનંત સંસારી બનો! આ બે સિવાય ત્રીજો કોઇ વિકલ્પ નથી.

વ્યક્તિની વ્યક્તિગત ઇચ્છા, વિશ્વહિતની ઇચ્છા સાથે ટકરાઇને વ્યક્તિના અહિતમાં પરિણમે છે. પણ વિશ્વેચ્છા વ્યક્તિને નિરીચ્છ બનાવીને પરમ હિતકર જીવનમાં સુસ્થિર બનાવે છે.

**ધર્મનો પ્રારંભ દાનથી થાય છે.** દાન એટલે બીજાનું દુઃખ દૂર કરવા માટે, બીજાને સુખી કરવા માટે, પોતાની પાસે જે કાંઇ સારું હોય, તેનું મૈત્રીભાવપૂર્વક દાન કરવું તે. જેનાથી શુભ પુણ્ય બંધાય છે

પુણ્યની પ્રાપ્તિમાં બીજા સહાયક થતાં હોય છે, માટે પુણ્યથી મળતી સામગ્રીનું દાન અર્થાત્ સહાય બીજાને કરવાથી પુણ્ય ખૂટતું નથી, પણ ખૂબ જ વધે છે.

## સાધુની સફળતા

જે બીજાને ધર્મ પુરુષાર્થ અને મોક્ષ પુરુષાર્થમાં સહાય કરે તે સાધુ. **સાધુતા પ્રાપ્ત કરવા માટે સહાય ગુણ તથા સરળ અને શાન્ત સ્વભાવ જરૂરી છે.**

સાધુ ભગવંત છ જીવ નિકાયને અભયદાન આપીને રક્ષા કરે છે. જે વ્યક્તિ જેટલા અંશમાં બીજાને સહાય કરે છે, તે તેટલા અંશે સાધુતાયુક્ત છે.

આચાર્ય અને ઉપાધ્યાય પદનું દ્વાર સાધુ જ છે. આ કારણે સાધુ ભગવંતને કરેલું વંદન આપણા જીવનમાં નંદનવન (સુખના બાગ)નું સર્જન કરે છે.

ઇચ્છા એ પાપ છે. ઇચ્છા નિરોધ એ ધર્મ છે. પોતાના માટે કંઈપણ ઇચ્છવું તેમાં અને પર માટે કંઈપણ ઇચ્છવું તેમાં મોટું અંતર છે.

શ્રી તીર્થંકર પરમાત્માના આત્માઓ સુખ ઇચ્છે છે ખરા, પણ એ સર્વનું અક્ષય સુખ ઇચ્છે છે. માટે આ ઇચ્છાને 'ઇચ્છા' ન કહેતાં ઉત્કૃષ્ટ ભાવના કહી છે. સારું માત્ર પોતાના માટે જ ઇચ્છવું અને બાકી બધાને તેમાંથી બાકાત રાખવા એ અધર્મ છે.

## ગુણસ્થાનક પ્રવેશ

બીજાના દુઃખને દેખી એ દુઃખને દૂર કરવાની ભાવના જીવને પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકમાંથી ચોથા સમ્યક્ત્વ ગુણસ્થાનકમાં પ્રવેશ કરાવે છે,

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યેનો પૂજ્યભાવ આપણને ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનકમાં લઈ જાય છે. તથા શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પાલન આપણને છઠ્ઠાથી આગળ વધારે છે. અને અંતે ચૌદમા ગુણસ્થાનક સુધી પહોંચાડે છે. આમ દાન એ ધર્મનું આદિ પદ પૂરવાર થાય છે.

મોહના કારણે જીવ અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાય છે. અને જેમ જન્માંધ માણસ દેખતા કોઈ માણસના સહારા સિવાય ચાલીને ઇષ્ટ સ્થળે પહોંચી શકતો નથી. તે સંસારમાં જ ભટક્યા કરે છે.

મોહાંધ જીવને આવો સહારો શ્રી અરિહંત પરમાત્મા આપે છે. તેઓશ્રીનું વચન આપે છે, 'નમો અરિહંતાણં' આપે છે. માટે ચાર શરણમાં પહેલું શરણ શ્રી અરિહંતનું છે, તેઓશ્રી મહા મોહજેતા છે, એટલે તેઓશ્રીના શરણે જનારને મોહમુક્ત કરે છે.

મુખ્ય ચાર મંગળમાં પ્રથમ મંગળ પણ શ્રી અરિહંત પરમાત્મા છે, તેમ જ લોકમાં સર્વોત્તમ પદાર્થો છે, તેમાં પણ પ્રથમ શ્રી અરિહંત પરમાત્મા છે. તેઓશ્રીને ભજવા તે ધર્મ છે.

આ ભજનથી મનની ભૂખ ભાંગે છે. આશા-તૃષ્ણાનો ઉચ્છેદ થાય છે. ભય, ઉચાટ શમવા માંડે છે, રાગ-દ્વેષ નાબૂદ થાય છે. આખા પૂરા શુદ્ધ આત્માની અમીટ અસર સમગ્ર મનમાં ફેલાય છે, સત્‌નો સૂરજ આરાધકની સમગ્રતામાં ઝળહળવા માંડે છે પછી ધર્મ સ્વભાવભૂત બને છે, અધર્મ આચરવાની અધમતા સાથે મનનો મેળ જામતો નથી. અને તેવો આત્મા સંસારમાંથી મુક્ત થાય છે.

આપણને ભવસાગરથી પાર ઉતારનાર શ્રી અરિહંતનો ધર્મ છે, શ્રી અરિહંતનું દર્શન છે, શ્રી અરિહંતની આજ્ઞા છે. એવી બુદ્ધિને બગાડનારા અહંકારનો પણ નાશ ' નમો અરિહંતાણં ' કરે છે. એકવાર શ્રી અરિહંતને મનનું દાન કરીને આ અનુભવ કરવા જેવો છે. માટે નવ પ્રકારના દાનમાં, શ્રેષ્ઠ સન્માનદાન છે.

### સન્માનનું દાન

ત્રૈલોક્યપતિ શ્રી અરિહંત પરમાત્માનું સન્માન કરવાથી સકલ વિશ્વમાં સન્માનને પાત્ર સર્વ પદાર્થોનું સન્માન થઈ જાય છે, સર્વગુણોનું સન્માન થઈ જાય છે. સર્વ આત્માઓનું સન્માન થઈ જાય છે.

દાન દીધા પછી, દાનમાં આપેલી વસ્તુ ઉપરની આપણી માલિકી-હક્ક નાબૂદ થઈ જાય છે. તે વસ્તુ આપણી મટીને, લેનારની બની જાય છે, તેમ શ્રી અરિહંત પરમાત્માને મનનું દાન કર્યા પછી, તેના ઉપર આપણી માલિકી ન રહેવી જોઇએ. રાગ-દ્વેષ અને મોહની માલિકી ન રહેવી જોઇએ. પણ શ્રી અરિહંત પરમાત્માની, તેઓશ્રીની આજ્ઞાની, આજ્ઞાના વિષયભૂત વિશ્વવાત્સલ્યની, નિર્મળ સ્નેહ પરિણામની, ઉત્કૃષ્ટ ભાવ-દયાની આત્મતુલ્યતાના ભાવની માલિકી રહેવી જોઇએ.

ઉપર પ્રમાણે, દાન-એ ધર્મનું આદિ પદ હોવાની હકીકત, સર્વ અપેક્ષાએ સત્ય પૂરવાર થાય છે અને આપણને મહાદાનેશ્વરી બનવાની સદ્બુદ્ધિવાળા બનાવે છે.

卐

# ધર્મનું સ્વરૂપ

યથાર્થ પ્રગતિ કરવામાં સહાયભૂત થનાર તત્ત્વ તે ધર્મ.

ધર્મ એ માત્ર કલ્પના નહિ, પણ એક શક્તિ છે. જબ્બર શક્તિ છે. દુન્યવી સઘળી શક્તિઓમાં રહેલા ચાલક બળથી અનંતગુણા ચાલક બળવાળી અનુપમ શક્તિ છે, જે જીવનના સઘળા પ્રશ્નનો એક સાથે પૂર્ણ ઉત્તર પૂરો પાડે છે.

'ધૃ' = ધારણ કરવું-એ ધાતુ પરથી ધર્મ શબ્દ બન્યો છે. જેને હૃદયમાં ધારણ કરવાથી દુર્ગતિમાં પડતા બચાય છે. જેને હૃદયમાં ધારણ કરવાથી તે શક્તિરૂપ બને છે.

ધર્મને હૃદયમાં ધારણ કરવો એટલે અચિંત્ય શક્તિસંપન્ન આત્માને હૃદયમાં ધારણ કરવો. હૃદયને આત્મવિશ્વાસ વડે ભરી દેવું, શ્વાસમાં આત્મવિશ્વાસ ઘૂંટવો.

આત્મવિશ્વાસમાં વિશિષ્ટ પ્રકારનો શ્વાસ લેવાય છે. જે કાળક્રમે પરમ વિશ્વસનીય પદમાં લઈ જાય છે.

**વસ્તુનો સ્વભાવ તે ધર્મ**

वत्थु सहावो धम्मो-વસ્તુનો સ્વભાવ તે (તેનો) ધર્મ, ગળપણ એ ગોળનો સ્વભાવ છે, માટે તે તેનો ધર્મ ગણાય છે. તેમ વિશુદ્ધ સ્નેહ પરિણામ એ આત્મવસ્તુનો ધર્મ છે, તેને હૃદયમાં ધારણ કરવાથી સકળ જીવલોક સાથે આત્મીયતા કેળવાય છે.

આથી એ નક્કી થાય છે કે જે ધર્મી છે, તે આત્મરતિવાન છે. પરમાત્માના પ્રત્યેક ગુણમાં અનન્ય નિષ્ઠાવાન છે.

ધર્મને અફીણ કહેનારા દયાપાત્ર છે. ધર્મ તો અમૃતનું પણ અમૃત છે, કારણ કે તે અમર આત્માનું નવનીત છે.

અમૃતનું પાન કરતાં દેવોને જે સુખનો અનુભવ થાય છે, તે સુખ કરતાં ખૂબ જ ઊંચા-સાચા-પૂરા અખંડ સુખનો અનુભવ ધર્મામૃતના પાનથી થાય છે. આવું પાન ધર્મના ધ્યાનથી થાય છે. ધર્મનું ધ્યાન, હૃદયમાં ધર્મની પ્રતિષ્ઠા, અહંના ઉત્થાપન પછી થાય છે. માટે ધર્મજીવી, અહંને જીવાડવામાં પાપ સમજે છે.

卐

# ધર્મ-મહાસત્તા

ધર્મનું સ્વરૂપ ગહન છે. તેની શક્તિ અચિન્ત્ય છે. ધર્મની સાચી ઓળખાણ કરવાનો ઉપાય કેવળ ભણવું એ નથી પરંતુ ભણતરની સાથોસાથ ભક્તિ અને ઉપાસનાની અનિવાર્ય આવશ્યક્તા છે. કેવળ તર્કથી ધર્મનું જ્ઞાન કોઈને મળ્યું નથી, મળી શકતું નથી. ધર્મને ઓળખવા માટે તો મોહને ટાળવો જોઈએ.

મોહને જીતવા માટે મોહ વિજેતા શ્રી તીર્થંકરદેવોનો, શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનો અનુગ્રહ પ્રાપ્ત કરવો જોઈએ. તે અનુગ્રહ સાચી ભક્તિવડે પ્રાપ્ત થાય છે.

ધર્મ-મહાસત્તાને કેવળ તર્કથી સમજવાનો પ્રયત્ન કરનાર કદિ સફળ થતો નથી.

આ વિશ્વ એટલું વિરાટ છે કે કેવળ પોતાની બુદ્ધિથી એના નિયમોનો પાર ન પામી શકાય એને માટે ધર્મ મહાસત્તાને શરણે જવું જોઈએ. ધર્મ-મહાસત્તાને શરણે જવા માટે શ્રી તીર્થંકર પરમાત્માનું શરણું સ્વીકારવું જોઈએ. કારણ કે શ્રી તીર્થંકર પરમાત્મા, એ ધર્મ-મહાસત્તા સાથે એકાકાર બની ગયા છે.

સત્તા ભલે ગમે તે પ્રકારની હોય, પણ તે મૂંગી હોય છે. એટલે પોતાને યોગ્ય પ્રતિનિધિ મારફત તે પોતાનો ધર્મ બજાવતી હોય છે.

**તીર્થંકરોની ભાવદયા**

શ્રી તીર્થંકર પરમાત્મા ધર્મ-મહાસત્તા સાથે એકાકાર થઈ ગએલા હોઈને, શ્રી તીર્થંકરદેવોને પોતાના પ્રતિનિધિ પદે સ્થાપીને એમની મારફત પોતાના નિયમો અને પોતાનું શાસન, જગતના જીવોની જાણ માટે જાહેર કરે છે, એમ એક અપેક્ષાએ કહી શકાય.

જેમ ધર્મ–મહાસત્તા જીવની ઉત્ક્રાન્તિ માટે મથી રહી છે, તેમ શ્રી તીર્થંકરદેવોની ઉત્કૃષ્ટ કરૂણાભાવના પણ જગતના સર્વજીવો સુધી વિસ્તરે છે. 'સવિ જીવ કરું શાસન-રસી' એ ઉક્ત ભાવદયાનો જ જીવંત મહાઘોષ છે.

સર્વજીવો સુખી થાઓ, એટલું જ નહિ; પણ સુખના સાધન પામો, સુખના ઉપાય મેળવો, આગળ વધીને બધા જીવોને શાશ્વત સુખનાં સાધનો હું મેળવી આપું. બધાંને ધર્મ-મહાસત્તાના શાસનથી પરિચિત કરું, એ શાસન પ્રત્યે રાગવાળા બનાવું, વિશ્વના સનાતન શાસનના આરાધક બનાવીને સુખી કરું, કેવળ સુખ કે સુખના સાધનના જ નહિ, પરંતુ પરમ સુખની સાધનાના રસિક બનાવું. તેમાં બધા રસ લેતા થાય એવી યોજના કરું. આવી ઉત્કૃષ્ટ ભાવદયા શ્રી તીર્થંકરદેવો ભાવે છે. જે નિગોદમાં રહેલા જીવો સુધી વિસ્તરે છે.

એટલે શ્રી તીર્થંકરદેવના જન્મ સમયે નરક અને નિગોદના જીવોને પણ ક્ષણભર શાતાનો અનુભવ થાય છે.

શ્રી તીર્થંકરદેવનો જન્મ થતાંની સાથે જ આખા વિશ્વમાં એક હીલચાલ શરૂ થઇ જાય છે. એ હીલચાલ અને કંપનોની અસર નરક અને નિગોદ સુધી પહોંચી જાય છે. તેનાથી નારકી અને સ્થાવરના જીવોને પણ શાતા પહોંચે છે. નરકના ગાઢ અંધકારમય પ્રદેશમાં અજવાળાં થાય છે. કારણ કે તીર્થંકર નામકર્મ નિકાચતી વખતે સકળ લોકના સર્વજીવોના કલ્યાણની એમની તીવ્ર ભાવના હોય છે. માટે એમનું આધિપત્ય અને અસર પણ ત્રણે જગતમાં પથરાઈ જાય છે.

ઋતુઓના ધર્મોના પાલનના મૂળમાં પણ એ ભાવદયા છે અને પૃથ્વીને ગળી જનારા પાણીને મર્યાદામાં રાખનારી પણ એ ભાવદયા છે.

## ધર્મ મહાસત્તાની આજ્ઞા

શ્રી તીર્થંકર ધર્મ–મહાસત્તાના પ્રધાન પ્રતિનિધિ તરીકે જ કામ કરતા હોઇને ધર્મ–મહાસત્તાના શાસનને ' જિનશાસન ' તરીકે વર્ણવાય છે. અને શ્રી જિનરાજની આજ્ઞા તે જ ધર્મ–મહાસત્તાની આજ્ઞા તરીકે ગણાય છે.

એટલે એમની આજ્ઞાની આરાધના કરનારાઓની પડખે આખી ધર્મ–મહાસત્તાનું પીઠબળ રહે છે.

આજ્ઞાની આરાધના એટલે ધર્મની આરાધના. શ્રી તીર્થંકરદેવે પ્રકાશેલા નમસ્કાર તેમજ સામાયિકરૂપ ધર્મની આરાધના. આજ્ઞાની આરાધનાથી શિવપદ મળે. વિરાધનાથી ભવોભવ ભટકવું પડે. આજ્ઞાનો આરાધક, આજ્ઞાકારકના અનુગ્રહનો ભાગી થાય, આજ્ઞાનો વિરાધક નિગ્રહનો ભાગી થાય.

ઠંડીના દિવસોમાં તાપની સન્મુખ થનારો તાપનો અનુગ્રહ મેળવીને ઠંડીથી બચવા પામે છે અને તાપથી દૂર ભાગનારો અધિક ઠંડીમાં ઠુઠવાય છે. તેમાં સન્મુખ થવું તે અનુગ્રહ મેળવવા રૂપ છે અને પરમાઙ્મુખ થવું તે નિગ્રહના ભાગી થવા રૂપ છે.

તો શું ચોરી કરવા જનાર ચોર પણ શ્રી તીર્થંકરદેવની ઉપાસના કરે, તેમજ તેમના નામનું સ્મરણ કરે, તો એના તે કાર્યમાં ધર્મ-મહાસત્તા સહાયક થાય?

ના, ચોરને ચોરી કરવામાં સહાય ન મળે. પરંતુ ચોરી કરવાની બુદ્ધિનો નાશ થાય. એ રીતે શ્રી તીર્થંકરદેવ અને એમના શાસન પાસેથી સારા કામમાં જ મદદ મળે.

આ વિશ્વમાં પણ શું જોવાય છે? સરકાર ચોરની સામે રક્ષણમાં મદદ આપે છે, પણ ચોરી કરનારને સરકાર પાસેથી મદદ નથી જ મળતી. તેમ ધર્મ-મહાસત્તા શુદ્ધીકરણનો, જીવને ઉત્ક્રાન્તિ તરફ લઈ જવાનો જ પ્રયાસ કરે છે, તેથી તેના પ્રતિનિધિ એવા શ્રી તીર્થંકરદેવો પણ શુદ્ધીકરણમાં સહાય કરે. મોહને પરાસ્ત કરવાની પ્રક્રિયામાં સહાયક થાય, પણ મોહની વૃદ્ધિ કરનારા કાર્યોમાં નહિ જ.

## ધર્મ મહાસત્તાના પ્રતિનિધિ તીર્થંકરદેવ

ધર્મ-મહાસત્તા અને શ્રી તીર્થંકરદેવ એટલા બધા એકાકાર થઈ ગએલા છે કે, એમને ક્યાંય જુદા ન પાડી શકાય. માટે જ જીવના શુદ્ધીકરણનું કાર્ય કરી રહેલ ધર્મ-મહાસત્તાના પ્રતિનિધિ શ્રી તીર્થંકરદેવ પાસેથી અશુદ્ધીકરણના કોઈપણ કાર્યમાં સહાય ન જ મળે.

અન્ય દર્શનકારો આ જ વાતને બીજી રીતે રજુ કરે છે. કોઈ કહે છે કે, God always does good' ઈશ્વર હમેશાં ભલું જ કરે છે. તો કોઈ કહે છે કે, 'भगवान जो कुछ करता है वह भले के लिये ही करता है।'

આવી દૃઢ માન્યતામાંથી એ નિષ્કર્ષ નીકળે છે કે ઇશ્વર ભૂંડું ન જ કરે, એ અંશમાં તે લોકો ધર્મ મહાસત્તાને સમજ્યા ગણાય.

ધર્મ મહાસત્તાનું ધ્યેય શુદ્ધીકરણનું છે. માટે જે કાંઈ થયું છે, થાય છે અને થશે તે સારા માટે જ હશે એમ અનાસક્તપણે માનવું, એ ધર્મ-મહાસત્તાની કે ઈશ્વરની બીન શરતી શરણાગતિ છે.

પરંતુ 'ઈશ્વરેચ્છા બલીયસી' કહીને કોઈપણ જીવની હિંસા ન કરી શકાય, કારણ કે તે રાગ-દ્વેષ વિના થતી નથી.

જે અનાસક્તિ યોગનું વર્ણન અને સમર્થન ઇતરોના ગ્રન્થોમાં છે, તે પણ બિનશરતે ધર્મને શરણે જવાનું જ કહે છે. સ્વ પ્રત્યેની આસક્તિને પ્રભુ સાથે જોડીને

અનાસક્ત બનવાનું કહે છે. આપણે ત્યાં પણ અનાસક્તિ યોગ કહ્યો છે. શ્રી જયવીયરાય સૂત્રની ત્રીજી ગાથામાં કહ્યું છે કે–

वारिज्जइ जइ वि नियाणबंधणं वीयराय । तुह समए...'

( હે વીતરાગ! તારા સિદ્ધાન્તમાં નિયાણાનું બંધન નિષેધ કરાએલું છે. )

મતલબ કે આપણે ત્યાં પણ પુણ્યના ફળની આકાંક્ષાનો નિષેધ છે. શુભ કાર્ય પણ અનાસક્તપણે કરવાનું કહ્યું છે.

આસક્તિ એટલે રાગ. તે ધર્મમાં રાખવાનો, શ્રી જિનાજ્ઞાના પાલનમાં રાખવાનો, પણ તત્સંબંધી ફળાદિમાં નહિ રાખવાનો.

ધર્મ–મહાસત્તાની ઇચ્છા એ જ આપણી ઇચ્છા અર્થાત્ આપણે એ જ ઇચ્છવાનું કે જે શ્રી તીર્થંકરદેવની આજ્ઞાને સર્વથા અનુરૂપ હોય. આત્મહિતમાં સર્વાંશે સહાયક હોય.

## સર્વનયયુક્ત જૈન દર્શન

બધા દર્શનોનો સત્ય અંશ, શ્રી જૈન દર્શનના અંગભૂત હોઇને, એ સત્યાંશ જિનમત–માન્ય ઠર્યો છે. અન્ય મતમાંથી એકાંત અંશ કાઢીને એની ઉપાસના કરવામાં આવે તો એ ઉપાસના એ જિનમતની જ ઉપાસના થઈ શકે અને તે પણ ઉપાસકને ઉત્ક્રાન્તિ તરફ લઇ જાય છે. સ્યાદ્વાદ દૃષ્ટિ આવી એટલે બધા નયો મળીને જિનમત બની જાય છે.

એકેક નય ઉપર રચાએલ જુદા જુદા દર્શનોમાં સત્યના અંશો રહેલા છે. પણ તે એકાંતદૃષ્ટિને કારણે દૂષિત બની જાય છે. એકાંતદૃષ્ટિ ગઇ અને અનેકાંતદૃષ્ટિ આવી એટલે બધું ઉપયોગી થઈ જાય છે.

શ્રી જિનાજ્ઞાનું પાલન કરવું. આરાધના કરવી કે ધર્મ–મહાસત્તાનું ત્રિવિધે શરણું ગ્રહણ કરવું. એ જીવને બંધનમાં નાંખનારી ક્રિયા નથી પરંતુ જીવે, શ્રી જિનાજ્ઞાની વિરાધના કરીને અથવા તો ધર્મ–મહાસત્તાથી પરાઙ્મુખ બનીને બંધનના જે જાળાં પોતાની અંદર ઊભાં કર્યા છે, તેનાથી જીવને મુક્ત કરવાની ઉત્તમ ક્રિયા છે. જીવમુક્તિ એટલે અક્રિયપદની પ્રાપ્તિ. આ અક્રિયપદની પ્રાપ્તિ કરાવનારી ધર્મક્રિયાને પણ તાત્ત્વિક રીતે અક્રિયા કહેવાય છે.

જે રીતે મોક્ષના લક્ષપૂર્વક સંગ્રહ કરવાની ક્રિયા છોડવી એને 'અપરિગ્રહ વ્રત' કહે છે. અબ્રહ્મની ક્રિયા છોડવી એને 'શીલવ્રત' કહે છે, ખાવાની ક્રિયા છોડવી એને 'તપ' કહે છે, તેમ સર્વ પ્રકારના પાપ વ્યાપારોથી છૂટવા માટે કરાતી ક્રિયા તે 'ધર્મક્રિયા' કહેવાય છે. પણ "ધર્મક્રિયાથી કર્મબંધ થાય છે", માટે ધર્મક્રિયા પણ છોડવી જોઇએ. એમ બોલવું તે પોતે સેવેલા અધર્મનું જ સમર્થન છે. આમ બોલનારો ધર્મક્રિયાના સાચા સ્વરૂપને જાણતો નથી.

ધર્મક્રિયા ક્રિયારૂપ ભાસે છે, પણ સ્વયં ક્રિયારૂપ નથી. અધર્મની ક્રિયાથી છૂટવા માટે થતી ક્રિયાને 'ક્રિયા' નહિ, પણ 'અક્રિયા' કહેવી જ યોગ્ય છે. કેમકે એનું અંતિમ પરિણામ 'અક્રિય' પદની પ્રાપ્તિ છે.

卐

# ધર્મનું માર્મિક સ્વરૂપ

ધર્મ એ તર્કનો વિષય નથી કારણ કે, ધર્મ કોઈ વિચાર નથી. વળી ધર્મ વિચારની અનુભૂતિ પણ નથી, કિંતુ નિર્વિકાર–ચૈતન્યમાં થયેલો બોધ છે.

વિચાર ઈન્દ્રિયજન્ય છે. નિર્વિચાર–ચૈતન્ય એ અતીન્દ્રિય છે. નિર્વિચાર–ચૈતન્ય જ્યારે ચરમબિંદુએ પહોંચે છે, ત્યારે તેને આત્માનો સાક્ષાત્કાર થાય છે. આથી આત્માના સંબંધમાં કેવળ 'વિચારણા' વ્યર્થ છે; સાધના સાર્થક છે, કે જે તે સાધના નિર્વિચારણા તરફ લઈ જાય !

વિચારની પાછળ પણ એક સભાનતા છે, બુદ્ધિ છે. પણ વિચારમાં ગ્રસ્ત અને વ્યસ્ત માણસ એને (ધર્મને) જાણી શકતો નથી.

વિચાર પરાયા છે, જ્ઞાનનો અગ્નિ આપણો પોતાનો છે, વિચાર આપણી સીમા છે, ઇન્દ્રિયો આપણી સીમા છે, આથી એ બધા વડે જે જાણી શકાય તે સીમાવાળું જ હોય છે. અસીમને–અનંતને જાણવા માટે એનાથી ઉપર ઉઠવું પડશે. ઇન્દ્રિયોથી પર, ચિત્તની વિચારશૂન્ય અવસ્થામાં જેનો સાક્ષાત્કાર થાય છે, તે જ અનંત–અસીમ–અનાદિ આત્મા છે.

આત્માને જાણવાની આંખ અનોખી જ છે. તે જ સમાધિ છે અને તે જ યોગ છે. ચિત્તવૃત્તિઓના વિસર્જનથી એ બંધ આંખો ખૂલે છે અને આખુંયે જીવન અમૃત પ્રકાશથી આલોકિત અને રૂપાંતરિત થઈ જાય છે. ત્યાં વિચાર નથી, દર્શન છે.

જ્યાં વિચારવૃત્તિઓ અને ચિત્ત નથી ત્યાં દર્શન છે. શૂન્ય વડે પૂર્ણનું દર્શન થાય છે. બસ, 'માત્ર જોવું' એ બિંદુ પર સ્થિરત્વ આવતાં જ વિચાર ક્રમશઃ વિલીન થવા લાગે છે.

પૂર્ણ થવાની જેને ચિંતા લાગી છે, તે ભૌતિકતાથી રિક્ત અને શૂન્ય બની જાય છે. જે શૂન્ય બને છે તે પૂર્ણને પામે છે; અને આધ્યાત્મિક રીતે પૂર્ણતા સિદ્ધ કરે છે.

## ધર્મ સાહસ

ધર્મ એ મનુષ્ય જીવનનું ચરમ સાહસ છે, કારણ કે તે પોતાની વિભાવ દશાને શૂન્ય અને વિસર્જિત કરવાનો માર્ગ છે. ધર્મ એ ભયભીત લોકો માટેની દિશા

નથી. સ્વર્ગના લોભથી પીડાતા અને નરકના ભયથી કંપતા લોકો માટે ધર્મ પુરુષાર્થ નથી. એ બધા પ્રલોભનો અને ભયો સ્વરૂપ ટીપાઓ વડે જ બનેલી પોતાની જાતને મિટાવી દેવા માટે એ ટીપાઓને મીટાવવાનાં છે, તેને મૃત્યુ આપવાનું છે. જેઓ એટલા નિર્ભય અને સાહસિક છે, તેઓ જ પૂર્ણ સ્વરૂપ સાગરના નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી શકશે.

સારી વસ્તુ પકડવા માટે પણ હાથમાં રહેલી ખરાબ વસ્તુને છોડી દેવી પડે છે, તેમ પૂર્ણને પામવા માટે અપૂર્ણ, નાશવંત અને ચંચળ એવી સર્વ બાહ્ય વસ્તુ પ્રત્યેની આસક્તિઓનો સમૂળ ત્યાગ કરવો પડે છે.

'હું બિંદુ નહિ, પણ સિંધુ છું' એ સત્યને સાર્થક કરવા માટે આપણે પૂર્ણમાં વિલીન થવું પડશે, કારણ કે સાચો વિરામ પૂર્ણમાં છે.

卐

# ધર્મ સર્વોત્કૃષ્ટ મંગળ

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. સર્વ કાર્યોની સિદ્ધિ ધર્મથી થાય છે.

ધર્મની સ્તુતિ અને પ્રશંસા શ્રી તીર્થંકર અને ગણધર ભગવંતો પણ કરે છે. આ જગતમાં ધર્મ ઉત્તમ અને શરણભૂત છે, એમ તેઓ ઉપદેશમાં ફરમાવે છે. કારણ કે, તે ધર્મનો મહિમા તેમણે સાક્ષાત્ જોયો છે, અનુભવ્યો છે, સ્વયં સ્વીકાર્યો છે અને અન્ય સર્વને તેનો સ્વીકાર કરાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

ધર્મ અચિન્ત્ય શક્તિ-સંપન્ન છે, અને તે પોતાનું કાર્ય પ્રતિસમય અટક્યા વિના કર્યે જ જાય છે. પરંતુ જ્યાં સુધી તેના માહાત્મ્યનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરવામાં ન આવે, ત્યાં સુધી તેનો લાભ ઉઠાવી શકાતો નથી.

ધર્મ સિવાયની વસ્તુ અને તેનો પ્રભાવ, મનઃકલ્પિત છે, પણ ધર્મનો પ્રભાવ તાત્ત્વિક છે. પરંતુ તે તાત્ત્વિક પ્રભાવને અનુભવવા માટે તેના સ્વીકારની આવશ્યકતા છે. એ સ્વીકાર શ્રી જિનવચનથી, પોતાની બુદ્ધિથી, ઊહાપોહ અને સ્વસંવેદનથી પણ થઈ શકે છે. ગમે તે પ્રકારે પણ ધર્મના પ્રભાવનો સ્વીકાર શ્રદ્ધાપૂર્વક થાય, તો તરત જ જીવનું કલ્યાણ થાય ! એ ચોક્કસ વાત છે.

## ધર્મના બે પ્રકાર

ધર્મ બે પ્રકારનો છે. એક શ્રુતરૂપ અને બીજો ચારિત્રરૂપ.

શ્રુતરૂપધર્મ વસ્તુ-સ્વભાવને જણાવે છે. ચારિત્રરૂપધર્મ વસ્તુ-સ્વભાવના થયેલા જ્ઞાન મુજબ આચરણ કરવાનું કહે છે. એ આચરણ જ મોક્ષને આપનારું થાય છે.

જ્ઞાનરૂપધર્મ વસ્તુના સ્વભાવને જણાવે છે. ચારિત્રરૂપ ધર્મ એ સ્વભાવ મુજબ આચરણ કરાવી, તેના ફળનો જીવને ભોક્તા બનાવે છે.

## વત્થુ સહાવો ધમ્મો

વસ્તુના સ્વભાવરૂપ ધર્મ ઉત્પાદ વ્યય ધ્રૌવ્યાત્મક છે. વસ્તુ માત્ર પ્રતિસમય ઉત્પાદ વ્યય ધ્રૌવ્યથી યુક્ત છે.

પૂર્વ પર્યાયનો વ્યય, ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને વસ્તુરૂપે કાયમ હોવાપણું—એ વસ્તુનો ધર્મ છે. જેમ જડમાં તેમ ચેતનમાં પણ તે ધર્મ પ્રતિસમય પોતાનું કાર્ય કરી રહેલ છે—એવું જ્ઞાન થવું, તેનો શ્રદ્ધામાં સ્વીકાર થવો અને એ સ્વીકાર મુજબ આચરણમાં ઉતારવું—એ મુક્તિપ્રદાયક છે અને એથી વિપરીત જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ ભવપ્રદાયક છે.

## ચેતનમાં પાંચ ભાવ

જડનો ધર્મ જડસ્વરૂપ છે. ચેતનનો ધર્મ ચેતનસ્વરૂપ છે.

સુખ અને દુઃખ પુણ્ય અને પાપ, બંધ અને મોક્ષ, જડને નહિ પણ ચેતનને છે

જડમાં માત્ર પારિણામિક અને ઔદયિક ભાવ છે. ચેતનમાં પાંચ ભાવ છે. પારિણામિક અને ઔદયિકભાવો ઉપરાંત ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ પણ રહેલા છે. કેમકે જીવમાં કર્મની સાથે સંબંધમાં આવવાની યોગ્યતા છે. પારસ્પરિક એ યોગ્યતાને કારણે જીવમાં ઔદયિક ઉપરાંત ક્ષાયિકાદિ ભાવો ઉત્પન્ન થાય છે.

ઔદયિક ભાવોમાંથી છૂટી ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિક ભાવોમાં ગતિ કરાવનાર વસ્તુસ્વભાવરૂપ ધર્મનું જ્ઞાન શ્રદ્ધા અને આચરણ છે. જીવ જ્યારે પ્રતિસમય ઉત્પાદ—વ્યય ધ્રૌવ્યાત્મક પોતાનું સ્વરૂપ જાણે, ત્યારે તેનું આચરણ થાય છે. તે આચરણ મોક્ષનો હેતુ બને છે.

## ધર્મનું જ્ઞાન અને શ્રદ્ધાન

વસ્તુના બે ધર્મો ઉત્પાદ અને વ્યય અનુક્રમે રાગ અને દ્વેષના ઉત્પાદક છે. ધ્રૌવ્ય, ધર્મ, રાગ અને દ્વેષમાં મધ્યસ્થ પરિણામ પ્રગટાવે છે. પરંતુ એકલો ધ્રૌવ્ય ધર્મ જ માનવામાં આવે અને ઉત્પાદ તથા વ્યય ધર્મોને અંગીકાર કરવામાં ન આવે, તો તે મોહોત્પાદક બને છે.

ધ્રૌવ્ય ધર્મથી ઉત્પન્ન થતા મોહ યા મૂર્છાનું નિવારણ કરવાનું સામર્થ્ય ઉત્પાદ—વ્યય ધર્મોમાં છે. અને ઉત્પાદ—વ્યય ધર્મોમાં થતા રાગ—દ્વેષના ભાવોનું નિવારણ કરવાનું સામર્થ્ય વસ્તુના ધ્રૌવ્ય ધર્મોમાં છે.

એ રીતે રાગ, દ્વેષ, મોહ જે ચિત્તનાં સંક્લેશકારક પરિણામો છે. તે ત્રણેનું નિવારણ ઉત્પાદ—વ્યય અને ધ્રૌવ્યયુક્ત વસ્તુ સ્વભાવના ચિંતનમાં રહેલું છે.

રાગ-દ્વેષ, રતિ-અરતિ, હર્ષ-શોક આદિ દ્વન્દ્વોના ઉત્પાદક ઉત્પાદ-વ્યય ધર્મો છે. તેમાં ધ્રૌવ્ય ધર્મનું જ્ઞાન ભળવાથી દ્વન્દ્વોમાં માધ્યસ્થ્ય પેદા થાય છે. એકલા ધ્રૌવ્ય ધર્મના સ્વીકારથી થતા મોહ-મૂર્છાને નિવારવાનું સામર્થ્ય ઉત્પાદ, વ્યય ધર્મના ચિંતનમાં રહેલું છે. ઔદાસિન્યભાવનો જનક ધર્મયુક્ત વસ્તુસ્વભાવ છે. તેથી જ ધર્મનું અંતિમ લક્ષણ, 'वत्थु सहावो धम्मो।' કહેલું છે. વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે. ધર્મ એ વસ્તુ-સ્વભાવથી ભિન્ન નથી, વસ્તુ સ્વભાવ એ ધર્મથી ભિન્ન નથી.

ધર્મને નવો ઉત્પન્ન કરાતો નથી, તે તો અનાદિ સિદ્ધ સહજ સ્વભાવરૂપ છે. તેના અજ્ઞાન અને અશ્રદ્ધાનથી જ જીવ પોતાના ઉપર બધો ભાર લઈને ભય, શોક, ચિંતા, ઉદ્વેગ આદિ દ્વન્દ્વોને આધીન થાય છે. તે બધાથી મુક્ત થવાનો ઉપાય વસ્તુ સ્વભાવરૂપ ધર્મના સ્વીકારમાં રહેલો છે. એ સ્વીકાર કરવાથી જીવને કરવાનું કાંઈ રહેતું નથી, માત્ર જાણવાનું સ્વીકારવાનું અને જાણી તથા સ્વીકાર કરીને તે જ્ઞાન અને શ્રદ્ધામાં સ્થિર રહેવાનું છે.

એ સ્થિરતા એ જ ચારિત્ર છે. વસ્તુના ધર્મના જ્ઞાન અને સ્વીકારથી તે સ્થિરતા આપોઆપ ઉત્પન્ન થાય છે. **જેટલા અંશે સ્થિરતા ઉત્પન્ન થાય, તેટલા અંશે ધર્મ છે જેટલા અંશે અસ્થિરતા રહે, તેટલા અંશે અધર્મ છે.**

અધર્મને ટાળવાનું અને ધર્મને પામવાનું સાધન વસ્તુ સ્વભાવના જ્ઞાન અને શ્રદ્ધાનમાં રહેલું છે.

## શ્રદ્ધાનું સ્વરૂપ

પ્રયત્ન ફળદાયી છે, એવી ખાત્રી તે ટેક છે, શ્રદ્ધા છે. કૃપા ફળદાયી છે, એવી ખાત્રી તે નેક છે, ભક્તિ છે. કૃપા એ ભગવાનના સામર્થ્યનો સૂચક શબ્દ છે. યત્ન એ ભક્તની શ્રદ્ધાનો સૂચક શબ્દ છે. શ્રદ્ધા અને ભક્તિ બે મળે તો કાર્યની સિદ્ધિ થાય છે. ભક્તિના પ્રમાણમાં શ્રદ્ધા સ્ફુરે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે.

ચાલ્યા વિના ઇષ્ટસ્થાને પહોંચાય નહિ, એ માન્યતા ચાલનારની શ્રદ્ધા સૂચવે છે. ઇષ્ટ સ્થળમાં ઇષ્ટત્વની બુદ્ધિ જ ન હોય, તો ચાલવાની ક્રિયા થઈ જ કેમ શકે ? ઇષ્ટત્વની બુદ્ધિમાં ઇષ્ટસ્થળની પ્રધાનતા છે. પ્રધાન ઇષ્ટસ્થળ ભક્તિ પેદા કરે છે. એ ભક્તિ ચાલવાની ક્રિયા કરાવે છે. ચાલવાની ક્રિયા કર્યા વિના ઇષ્ટસ્થળે પહોંચી નહિ જ શકાય-એ જ્ઞાનક્રિયાની મુખ્યતા કરાવે છે. આમ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું મૂળ ભક્તિ છે અને ભક્તિનું મૂળ ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન અને તેનું મૂળ આત્માનું માહાત્મ્ય છે.

**ભક્તિનું સ્વરુપ**

આત્મા એ મહિમાશાળી દ્રવ્ય છે. તેથી જ તેને ઓળખાવનાર પરમાત્મા પ્રત્યે ભક્તિ જાગે છે, એ ભક્તિ-ક્રિયા તરફ આદર જગાડે છે, અને એ આદર પ્રયત્નમાં પરિણામ પામે છે.

ક્રિયા વિના ફળ નથી, એવી શ્રદ્ધા જે જ્ઞાનની અપેક્ષા રાખે છે, તે જ્ઞાન આત્માનું તેમજ આત્માના શુદ્ધસ્વરુપનું જ્ઞાન છે, અને એ શુદ્ધસ્વરૂપનું જ્ઞાન થવાથી પરમાત્માની ભક્તિ જાગે છે. પરમાત્માનાં નામસ્મરણથી શુદ્ધ આત્માનું સ્મરણ થાય છે અને પરમાત્માની મૂર્તિના દર્શનથી આત્માના શુદ્ધસ્વરુપનું દર્શન થાય છે.

આત્માના શુદ્ધસ્વરુપની પ્રતીતિ કરાવનાર પ્રભુના દર્શન અને સ્મરણ, પ્રભુની મૂર્તિ અને પ્રભુના નામથી થાય છે. તેથી તે થવામાં પ્રધાન અનુગ્રહ પ્રભુનો ગણાય છે. એ અનુગ્રહ કરવાની શક્તિ, પ્રભુ સિવાય બીજા કોઈમાં ન હોવાથી ભવ્ય પ્રાણીમાત્રને પ્રભુ સેવ્ય છે, ઉપાસ્ય છે, આરાધ્ય છે અને તેમનું વચન-આજ્ઞા શિરસાવંદ્ય છે, મસ્તકે ચઢાવવા યોગ્ય છે. પ્રભુના અનુગ્રહથી જ આત્મજ્ઞાન, સત્‌ક્રિયા અને સત્‌શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. એવો નિર્ણય સમ્યગ્દષ્ટિજીવને દૃઢ હોય છે.

卐

# ધર્મની સત્યતાનો આધાર

ધર્મનો સંબંધ સર્વની સાથે છે. તેનું પ્રમાણ એ છે કે પ્રત્યેક વિધાયક કે નિષેધક આજ્ઞા, ત્રણ યોગ અને ત્રણ કરણ વડે પાળવામાં આવે ત્યારે જ પૂર્ણ બને છે.

દા. ત.: શ્રી જિનપૂજા કરવી જોઈએ, શ્રી નવકાર ગણવો જોઈએ.

તે વિધાયક અનુષ્ઠાન ત્રણ યોગ એટલે મનથી, વચનથી અને કાયાથી, તથા ત્રણ કરણ એટલે કરવાથી, કરાવવાથી અને અનુમોદવાથી થાય ત્યારે તે પૂજા કે નમસ્કાર, વાસ્તવિક પૂજા કે વાસ્તવિક નમસ્કાર બને છે.

મનથી કરે અને વચનથી નિષેધે અથવા મનથી અને વચનથી કરે, પણ કાયાથી નિષેધે તેણે પૂજા કરી ન કહેવાય પણ મશ્કરી કરી કહેવાય.

એ રીતે પોતે કરે, પણ બીજા ન કરતા હોય તે કરે એવો વિચાર મનથી પણ ન હોય, તેણે પૂજા કરી ન કહેવાય; અથવા જેઓ કરતા હોય, તે સારું કરે છે, એવી અનુમોદના ન હોય, તો તેણે પૂજા સારી માની છે અને કરે છે, એવું સાબિત ન થાય.

એટલે જે વસ્તુ ઉપાદેય, સારી કે (કર્તવ્ય) કરવા યોગ્ય માની હોય, તે વસ્તુ, ત્રણે યોગ અને ત્રણે કરણથી તેવી માની છે કે નહિ, તેના ઉપર જ તેની સત્યતાનો કે પૂર્ણતાનો આધાર છે, તે જ તેની કસોટી છે.

## પ્રતિજ્ઞાની પૂર્ણતાનો આધાર

નિષેધાત્મક આજ્ઞા પણ ત્રણ કરણ અને ત્રણ યોગથી થાય તો જ પૂર્ણ બને છે. દા. ત. કોઇ પણ જીવની હિંસા ન કરવી, ન કરાવવી અને કરતાને સારી ન માનવી.

કરતા હોય તે 'ન કરો' એમ મનથી ચિંતવવું અને કરતાં હોય તેનું મનથી અનુમોદન ન કરવું. એ રીતે વચનથી પણ ન કરવાની સાથે 'ન કરો' અને કરતાને 'સારા નથી' એમ કહેવું તથા કાયાથી પણ ન કરવાની સાથે કરતા હોય તેને રોકવા, અને કરતા હોય તેને સારા ન માનવાથી જીવહિંસા ન કરવાની નિષેધાત્મક પ્રતિજ્ઞા પૂર્ણ થાય છે.

卐

# ધર્મ માત્રનું મૂળ નમ્રતા

નમસ્કાર-નમ્રતા એ આપણો આદર્શ છે. નિર્ભયતા એ આપણો અધિકાર છે.

ધર્મ પામવાનું પહેલું પગથીયું નમ્ર થવું તે છે. જે નમ્ર બની શકતો નથી, તે ધર્મને ઓળખી શકતો નથી.

ધર્મને ઓળખવા માટે કર્મને જાણવા જોઇએ, અને કર્મને જાણનારો નમ્ર બને છે.

નમ્ર બનીને સંયમી બનનારો નવા આવતાં કર્મને રોકે છે અને જુના કર્મને વિખેરવા માટે તપ કરવા ઉલ્લસિત રહે છે.

ધર્મ કરીને પણ જે ગર્વ કરે છે, તે ધર્મ આભાસ માત્ર છે. કારણ, ધર્મનું મૂળ નમ્રતા-વંદના છે. धर्मं प्रति मूलभूता वन्दना।

## સત્યધર્મની પ્રાપ્તિ

નમ્રતા એ પ્રકાશક જ્ઞાન છે.

તેમાંથી ફળીભૂત થતું સંયમ નવા કર્મને રોકે છે અને તપ જુનાં કર્મને કાઢે છે. પ્રકાશક જ્ઞાન વિના કર્મના કચરાને કાઢવાની કે રોકવાની વૃત્તિ થતી નથી.

કર્મના સ્વરુપનું જ્ઞાન થતાંની સાથે જ જીવ નમ્ર બની જાય છે. એ નમ્રતા, જ્યાં સુધી જીવ કર્મથી સર્વથા મુક્ત ન થાય, ત્યાં સુધી ટકી રહે છે. મુક્તિ મળ્યા પછી તે

આપોઆપ ચાલી જાય છે. મુક્તિ પર્યંત નમ્રતા પેદા કરનાર તત્ત્વજ્ઞાન ન મળે, તો આત્મા કર્મનો ક્ષય કરનાર તાત્ત્વિક ધર્મને પામી શકતો નથી.

સત્ય ધર્મને પામવા માટે કર્મની સત્તા, ઉદય અને સંબંધને જાણવો જોઇએ. એ જ્ઞાન સર્વજ્ઞવચનથી જ દૃઢ થાય છે.

### વિનય

વિનય એ 'નમો'નો પર્યાય છે.

'અષ્ટ કર્મ વિનયન' એ વિનયની શક્તિ છે. એટલે અષ્ટકર્મના કારણભૂત અષ્ટ મદને મૂળમાંથી નાશ કરવાની શક્તિ, વિનયગુણમાં ( નમ્ર વૃત્તિમાં ) છે.

'મારો આત્મા કર્મને કારણે સર્વથી નીચો છે.' એવું જ્ઞાન શ્રી જિનવચનથી થાય છે. તેથી તેનું જાતિ–કુલાદિ કર્મકૃતભાવોનું અભિમાન ગળી જાય છે અને તે સાચો નમ્ર બને છે.

'नाहं न मम' એવો મોહરાજાના મંત્રનો પ્રતિપક્ષી મંત્ર, તેને જ ફળે છે, જે જાતિગત એકતા સમગ્ર જીવસૃષ્ટિ સાથે અનુભવે છે. અને એ એકતા તેને નમ્ર અને નિર્ભય બનાવે છે.

卐

## પરમાત્માને ભજવાનો માર્ગ

'आणाए धम्मो' નો સામાન્ય અર્થ 'ધર્મ એ શાસ્ત્રાજ્ઞાથી બંધાયેલો છે' એવો થાય છે, અને વિશેષ અર્થ 'ધર્મ અંતરાત્માથી આજ્ઞાથી બંધાયેલો છે' કેમકે, શાસ્ત્ર માત્ર દિશાસૂચન કરે છે. દિશાની પસંદગી પોતેજ નક્કી કરવાની હોય છે.

પોતાની શુદ્ધ બુદ્ધિવડે થયેલી પસંદગીથી ધર્મ આત્મસાત્ બને છે, આત્મસાત્ ધર્મ જ સમ્યક્ત્વમાં પરિણમે છે અને સમ્ક્ત્વસહિત સર્વ અનુષ્ઠાનો મુક્તિસાધક બને છે.

જ્ઞાનપૂર્વક ક્રિયાનો અર્થ–આત્મૌપમ્ય દૃષ્ટિપૂર્વક જીવનમાં અપ્રમાદ. અર્થાત્ ચાર પ્રકારના સામાયિક :– ૧. સમ્યક્તસામાયિક, ૨. શ્રુતસામાયિક, ૩. દેશવિરતિસામાયિક અને ૪. સર્વવિરતિસામાયિક.

મધુર પરિણામ સમ્યક્ત્વરુપ છે, તુલા પરિણામ જ્ઞાનરૂપ છે અને ખીરખંડ યુક્ત પરિણામ ચારિત્રરૂપ છે.

આમ આજ્ઞાના આંતર–બાહ્યસ્વરુપમાં યથાર્થ રમણતા કેળવીને વ્યક્તિ–ધર્મારાધક બને છે. ધર્મસ્વભાવી સ્વભાવથી ભિન્ન સઘળાં ભાવોથી પર બને છે.

જૈનધર્મ, પરમાત્માને પૂર્ણ અને શુદ્ધ જ્ઞાનમય, પરમ આત્મભાવને પામેલા માને છે અને એ ધર્મ, પરમાત્મા-જગતને વિશ્વતત્ત્વનો પ્રકાશ કરે છે, તેમ સ્વીકારે છે, અર્થાત્ જૈનધર્મ પરમાત્મભાવ પામવા માટે પરમાત્માને ભજવાનો સાચો માર્ગ બતાવે છે.

પરમાત્મભાવ પામવાનો સાચો માર્ગ બહિરાત્મભાવમાંથી નીકળી અંતરાત્મ-ભાવમાં આવવું અને અંતરાત્મભાવમાં સ્થિર થઈ પરમાત્મભાવનું અંતરમાં ભાવન કરવું તે છે. તે માટે તપ, ત્યાગ, સંયમ અને મૈત્ર્યાદિની સાધનામાં નિમગ્ન રહેવું, એ સાધનાનાં માર્ગદર્શક તરીકે પરમોપકારી પ્રકાશ-પ્રદાયક તરીકે પ્રભુને હૃદયમાં સ્થાપન કરવા.

હિંસાદિ પાપને પાપ ન માનવું તે મિથ્યાત્વ. પાપની છૂટ હોવી યા રાખવી તે અવિરતિ તથા દુષ્ટ એવા પ્રમાદ, કષાય અને યોગ તે કર્મબંધનનાં હેતુ છે.

શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા તેનાથી બચવાનો માર્ગ બતાવે છે, માટે તે કલ્યાણકારી છે.

શ્રી જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી હિંસાદિ આશ્રવોથી બચવા રૂપ લાભની સાથે પરમોપકારી શ્રી જિનેશ્વરદેવોનો અત્યંત વિનય-બહુમાન થાય છે, તે નિર્જરાનો હેતુ છે. શ્રી જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી અશુભનો સંવર અને વિનય વડે વિપુલ કર્મ-નિર્જરા સધાય છે.

### વિનયમૂલક ધર્મ

મનુષ્યોને માન-કષાય દુર્નિવાર છે, તે આઠેય પ્રકારના કર્મોનો બંધ કરાવે છે. યોગ્યનો વિનય, તે માન-કષાયનો પ્રતિકાર હોવાથી વિનયને આઠ કર્મોનો ક્ષય કરાવનાર પરમ ગુણ તરીકે વર્ણવ્યો છે.

એક વિનયગુણમાં, મહા-મોહનીય આદિ દુષ્ટ કર્મોનો ક્ષય કરવાનું સામર્થ્ય છે. તેથી 'विनयमूलो धम्मो' એ શાસ્ત્રવચન છે.

શ્રી જિનાજ્ઞા પાળવાથી આ વિનય પળાય છે. શ્રી જિનાજ્ઞાનો ભંગ કરવાથી, અવિનય, ઉદ્ધતતા, ઉદ્દંડતા અને અશુભ કર્મોની પરંપરા વડે આત્મા લેપાય છે માટે શ્રી જિનાજ્ઞા, સર્વકાળ અને સર્વક્ષેત્રમાં આરાધ્ય છે, ઉપાદેય છે.

卐

## આણાએ ધમ્મો

આજ્ઞા એટલે સ્વચ્છંદનો પરિત્યાગ.

ઇચ્છા સ્વાતંત્ર્ય એ જીવમાત્રનો પ્રથમ ગુણ છે. તે સ્વાતંત્ર્યનો ઉપયોગ, જ્યાં સુધી સ્વમતિને અનુસરવામાં થાય છે, ત્યાં સુધી સંસાર છે. અર્થાત્ જીવનું સંસાર-ભ્રમણ ચાલુ રહે છે અને તેનો ઉપયોગ આજ્ઞા એટલે સર્વજ્ઞ મતિને અનુસરવામાં થાય,

તે જ મોક્ષ છે. તેથી આજ્ઞા એ જ સંયમ, આજ્ઞા એ જ તપ અને આજ્ઞા એ જ ત્યાગ છે, અને આજ્ઞા એ જ મોક્ષ છે.

'आ समन्तात् ज्ञायते अनेन इति आत्मा ।

અર્થાત્–વસ્તુનું યથાર્થ જ્ઞાન, જેનાથી થાય તે આજ્ઞા. અર્થાત્–'સર્વજ્ઞ વચનને બરાબર અનુસરવું'' તે ધર્મ છે, તેનાથી નિરપેક્ષ વર્તન તે સ્વચ્છંદ છે અને તે જ સંસાર છે.

મોક્ષની ઈચ્છા એટલે આજ્ઞાપાલનનો અધ્યવસાય.

આજ્ઞાપાલનનો અધ્યવસાય એ સ્વચ્છંદતાથી મુક્તિ અપાવે છે અને એ મુક્તિ જ પરંપરાએ સકળ કર્મ મુક્તિનું કારણ બને છે.

નમસ્કારની પરિણતિ કેળવ્યા વિના મોક્ષ નથી, કારણ કે તેના સિવાય આજ્ઞા-પાલનનો અધ્યવસાય ખરેખર પ્રગટતો નથી.

આજ્ઞાના અસ્વીકારમાં અહંકાર છે અને આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નમસ્કાર છે. તેથી નમસ્કાર એ જ ધર્મનું મૂળ છે.

## ગુણવત્ પારતંત્ર્ય

જીવને મળેલ ઈચ્છા–સ્વાતંત્ર્યના અનર્થથી બચવા માટેનું એકનું એક એક સાધન નમસ્કારની પરિણતિ–આજ્ઞા પાલનની રૂચી છે. ગુણવત્–પારતંત્ર્ય એ જ સ્વાતંત્ર્યનો સદુપાય છે.

સ્વાતંત્ર્ય કલ્યાણકારી નથી, પરંતુ સ્વાતંત્ર્યનો સદુપયોગ કલ્યાણકારી છે. સ્વાતંત્ર્યના યથાર્થ સદુપયોગથી સાચું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે.

અયોગ્યના બંધનમાંથી છૂટવા માટે યોગ્યનું બંધન, યોગ્યનું પારતંત્ર્ય અનિવાર્ય છે. 'इदमत्र धर्मगुह्यम् ।' તેથી મહાપુરૂષોએ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય 'આજ્ઞા' ને કહેલ છે. બીજા શબ્દોમાં યોગ્યને નમસ્કાર કહેલ છે. અને તેનું જ નામ ગુણવત્ પારતંત્ર્ય છે.

ગુણવત્–પારતંત્ર્ય એ મુક્તિનો ઉપાય છે, તેથી નમસ્કાર એ મોક્ષનું બીજ છે. શ્રી અરિહંત પરમાત્માના નમસ્કારમાં તેઓશ્રીની આજ્ઞાને નમસ્કાર છે. આજ્ઞા જ તારનારી છે, તેથી તેને 'તીર્થ'' પણ કહે છે. આજ્ઞા જ તારનારી છે, તેનો ભાવાર્થ એ છે કે, આજ્ઞા સાપેક્ષ આરાધના જ તારનારી છે.

ગુરુની આજ્ઞા પણ શ્રી તીર્થંકર દેવોની આજ્ઞાના આરાધન માટે છે.
ગુરુ તે છે, જે શ્રી તીર્થંકર દેવોની આજ્ઞાને ત્રિવિધે સમર્પિત થઈને નિરવદ્ય જીવન જીવે છે, પંચાચારનું પાલન કરે છે. અષ્ટ પ્રવચન માતાનું રૂડી રીતે જતન કરે છે.

માતા–પિતાદિ વડિલોની આજ્ઞા પણ પરમાત્માની આજ્ઞાના કારણે માનવાની છે.

મંત્ર, તંત્ર, યંત્ર, દેવગુરુપૂજન, ભક્તિ, સ્મરણ, જ્ઞાન, ધ્યાન આદિ આજ્ઞાના આરાધન સ્વરૂપ બને છે, ત્યારે સાનુબંધ બને છે અને મુક્તિ પર્યંત પહોંચાડે છે.

ચાર ગતિ, પાંચ જાતિ અને ૮૪ લાખ યોનિ, તેના કારણભૂત ચાર કષાય, પાંચ વિષય અને અઢાર પાપસ્થાનક ત્યાં સુધી જ ટકે છે, જ્યાં સુધી આજ્ઞાપાલનનો અધ્યવસાય પ્રગટ્યો નથી.

સંસારમાં સુખ કે દુઃખ આજ્ઞાપાલન અને આજ્ઞા વિરાધનનું ફળ છે. આજ્ઞાનું પાલન સર્વ જીવનિકાયને હિતકારી છે, શ્રેયસ્કર છે, આજ્ઞાનું વિરાધન સ્વચ્છંદને પોષનારૂં હોવાથી અકલ્યાણકારી, અહિતકારી છે, તેથી વર્જ્ય છે.

સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્માની બાબતમાં સહેજ પણ સંદેહ રહે છે ત્યાં સુધી દેહના દેહીને નિઃસંદેહપણે અપનાવવારૂપ આજ્ઞાપાલન માટે જરૂરી સત્ત્વ વણ પ્રગટ્યું રહે છે. માટે આજ્ઞાને જીવનપ્રાણ બનાવીને જીવતાં શીખવું જોઇએ.

卐

# આજ્ઞાપાલન એ જ ધર્મ

કરુણાના સાગર ધર્મના દાતાર શ્રી તીર્થંકર પરમાત્માનાં જે અનંત ઉપકાર આપણી પર છે તે વચનાતીત છે.

આ જ કારણે આપણા આત્મામાં સામર્થ્ય પ્રગટાવવા માટે તેમની ઉપાસના પરમ આલંબનભૂત છે. તેમની ઉપાસનામાં રહેલા સામર્થ્યનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ વિચાર કરવો હોય તો કરી શકાય.

કોઈ સમર્થ સમ્રાટના શરણે જનારની પડખે, આખા સામ્રાજ્યનું બળ ઉભુ રહે છે. તેમ જીવ જ્યારે શ્રી તીર્થંકરદેવની ઉપાસના કરે છે ત્યારે આખી ધર્મ મહાસત્તા (cosmic power) નું બળ તેની પડખે રહે છે. અને એ જીવને સહીસલામત રીતે મોક્ષ સુધી પહોંચાડવાની જવાબદારી ધર્મ-મહાસત્તાની બની જાય છે.

રેલ્વેના પ્રવાસમાં ટિકિટ ખરીદીને ટ્રેનમાં બેસતાં, રેલગાડી સહીસલામત રીતે ઇચ્છિત મુકામે પહોંચાડી દે છે. મુસાફરીની આ સલામતી પાછળ સાબદુ રેલ્વેતંત્ર તેમજ ચોકીયાત દળ જાગતું રહે છે. તેથી એક સ્થળેથી બીજા સ્થળે હેમખેમ પહોંચાડવાનો સઘળો યશ, વ્યવસ્થિત રેલ્વેતંત્ર તેમજ સુરક્ષાદળ આદિના ફાળે જાય છે તેમ શ્રી તીર્થંકર ભગવંતોની ઉપાસના કરનારને, તેઓની આજ્ઞા મુજબ જીવન જીવનારને સમગ્ર ધર્મ મહાસત્તાનું પીઠબળ મળી રહે છે. કારણ કે શ્રી તીર્થંકર દેવો એ ધર્મ મહાસત્તાના સર્વ સત્તાધીશ છે; એટલે તેમની આજ્ઞાના આરાધકના પડખે ધર્મ મહાસત્તાની સમગ્ર સેના ઊભી રહે છે.

## પરમાત્માની આજ્ઞા

'अणुमात्रमपि तन्नास्ति भुवनेऽपि चराचरे, तदाज्ञानिरपेक्षं हि यज्जायेत कदाचन ।'

ભગવાનની આજ્ઞાથી નિરપેક્ષપણે, ચરાચર ભુવનમાં, અણુમાત્ર કાર્ય કદી પણ થતું નથી.

'आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च' ।

આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે, અને વિરાધેલી આજ્ઞા સંસારને માટે થાય છે.

શ્રી જિનાજ્ઞાની વિરાધના કરનાર જીવને સજારૂપે નરક-નિગોદનાં અતિશય આકરાં દુઃખો સહવાં પડે છે. અને શ્રી જિનાજ્ઞાના આરાધક જીવને તે આરાધનાના સુફળ રૂપે સદ્ગતિ સાંપડે છે.

શ્રી તીર્થંકર દેવ ત્રિભુવનપતિ છે એટલે તેમની આજ્ઞાની વિરાધના કરનારો જીવ સજાપાત્ર ઠરે છે. અને આરાધના કરનારો જીવ મુક્તિપંથમાં આગળ વધતો રહે છે.

ધર્મ-મહાસત્તાનો નિયમ કહો કે શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા કહો, બંને એક જ છે કારણ કે ધર્મ-મહાસત્તા અને શ્રી તીર્થંકર પરમાત્મા વચ્ચે શબ્દ અને શબ્દપતિ જેવો અભેદ વર્તતો હોય છે.

મોહરાજા અને તેની સેના જીવને જડમાં લપટાવે છે, આસક્ત બનાવે છે. શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા જીવને જડના રાગમાંથી છોડાવીને શિવપુરીનાં માર્ગે આગળ લઈ જાય છે. અર્થાત્ મહામોહ જેતા શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું પાલન કરનારો આત્મા અંતે મોહ જેતા વિજેતા બની જાય છે.

## આજ્ઞાની આરાધના !

જગતના બધા જીવોને સ્વતુલ્ય માનનારા વીતરાગ, સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્માને કોઈ જીવ તરફ રાગ કે દ્વેષ ન હોવા છતાં જે જીવો તેમની આજ્ઞાની આરાધના કરે છે, તે જીવો તેમના પક્ષકાર બની જઈને તેમના અનુગ્રહના ભાગી બને છે અને જે જીવો ત્રિભુવન હિતકર તેમની આજ્ઞાની વિરાધના કરવા દ્વારા મોહના પક્ષકાર બને છે, તે જીવો તેમના નિગ્રહના ભાગી બને છે.

પ્રશ્ન :–શ્રી તીર્થંકર દેવો તો વીતરાગ છે. એઓ નિગ્રહાનુગ્રહ કેવી રીતે કરે ?

સમાધાન :–શ્રી તીર્થંકર દેવો પોતે વીતરાગ છે, તે સાચું, પણ એમનો ઔદયિક ભાવ, તીર્થંકરનામકર્મની પુણ્ય પ્રકૃતિ અને એના વિપાકોદયથી સ્થપાયેલ તીર્થ, ચતુર્વિધ શ્રી સંઘ, દ્વાદશાંગી અને તેને રચનાર શ્રી ગણધર ભગવંતો અને તેને

આરાધનારા મહામુનિઓ અને તેમની શિષ્ય પરંપરા તથા સેવક અધિષ્ઠાયક દેવ-દેવીઓ યથાશક્ય આ કાર્ય કરી રહેલ છે

શ્રી મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં સદાકાળ શ્રી તીર્થંકર દેવો સદેહે વિચરતા હોય છે. તેથી એમની કર્મપ્રકૃતિનો ઔદયિકભાવ, શ્રી તીર્થંકર દેવોની આજ્ઞાના આરાધકને દરેક કાળે રક્ષણ આપી શકે છે.

પ્રશ્ન :-શ્રી તીર્થંકર પરમાત્માનો અનુગ્રહ મેળવવા માટે શું કરવું જોઈએ ?

સમાધાન :-અહંને ઓગાળીને, તીર્થંકર દેવોને-તેમની આજ્ઞાને સંપૂર્ણપણે સમર્પિત થઈ જવું. શ્રી તીર્થંકર દેવ અને તેમની આજ્ઞાની પુરેપુરી શરણાગતિ સ્વીકારી લેવી. તે પછી મોક્ષ સુધી નિર્વિઘ્ને પહોંચાડવાની જવાબદારી તેમની બની જાય છે.

## યોગક્ષેમંકર પરમાત્મા

શ્રી તીર્થંકર ભગવંતોને આપણે શબ્દથી 'યોગક્ષેમંકર' કહીયે છીએ પણ એ શબ્દનું તાત્પર્ય હૃદયસાત્ કરી શકતા ન હોવાને કારણે આપણો શરણાગત ભાવ મોળો રહે છે અને આજ્ઞાપાલનમાં આપણી સમગ્રતા ઓતપ્રોત થઈ શકતી નથી એટલે 'યોગ-ક્ષેમંકર' શબ્દનું તાત્પર્ય આપણે બરાબર સમજી લેવું જોઈએ.

યોગ + ક્ષેમંકર = યોગક્ષેમંકર. યોગ એટલે જે નથી પ્રાપ્ત થયું તેનો યોગ કરાવી આપનારા.

ક્ષેમંકર એટલે જે પ્રાપ્ત થયું છે તેનું રક્ષણ કરનારા.

આવા અનન્ય ઉપકારીનું શરણું સ્વીકારવામાં પણ મન અચકાતું હોય, હૃદય ખચકાતું હોય, તો તેનો અર્થ એ થયો કે ત્યાં મોહ બેઠેલો છે. મોહનું મારણ કરવા જિનાજ્ઞાનું શરણું પૂરતું છે.

આજ્ઞામાં આજ્ઞાકારકની સમગ્રતા સમાયેલી હોય છે. જેમ સાકરમાં મીઠાશ, પુષ્પમાં સુવાસ, ચંદનમાં શીતલતા સમાયેલી હોય છે, તે રીતે શ્રી તીર્થંકર દેવની આજ્ઞા અનુસાર તપ-જપાદિ કરનાર પુણ્યાત્મા એમ ન બોલે કે આયંબિલ મેં કર્યો, જપ મેં કર્યો. પણ એ એમ જ બોલે કે મારાથી શ્રી તીર્થંકર દેવની આજ્ઞાનું યથા-શક્તિ પાલન થાય છે!

યથાશક્તિ આજ્ઞાપાલન કરનારે પણ પોતાનાં જીવનમાં થતી આજ્ઞાની વિરાધનાની બાબતમાં ઉપેક્ષા ન સેવતાં તેને પણ દૂર કરવાની સાવધાની રાખવી જોઈએ. ત્રિભુવનપતિની આજ્ઞાની વિરાધના કરવી એ કેટલો મોટો અપરાધ છે, એ હકીકત પ્રત્યેક આજ્ઞાપાલકના હૃદયમાં જડાઇ જવી જોઇએ. તો જ તેનામાં આજ્ઞા પાળવા માટેનું પૂરું બળ પ્રગટી શકશે.

આજ્ઞાની વિરાધનાનો ઊંડો ખટકો જ આજ્ઞાની આરાધનાનો ખરો રંગ લગાડે છે. આજ્ઞાપાલનનો આ અધ્યવસાય એ નિર્જરાનું પ્રબળ કારણ છે.

જેમને શ્રી તીર્થંકર દેવોની આજ્ઞા પ્રાણપ્યારી લાગે છે, તે આત્માઓ શ્રી તીર્થંકર દેવોના સહજ વાત્સલ્યના અધિકારી બને છે અને ધર્મ-મહાસત્તા તેમને હેમખેમ શિવ-પુરીમાં પહોંચાડે છે.

એટલે 'હું કરું છું' એ વિચારને મનમાંથી કાઢી નાખીને, 'હું ક્યારે શ્રી તીર્થંકર દેવની આજ્ઞામાં ઓતપ્રોત થઇ જાઉં. એ વિચારને મનમાં રમતો કરવો જરૂરી છે.

આજ્ઞા નથી પાળી તેની સજા રૂપે જન્મ–મરણ છે. જન્મ–મરણના ફેરા ટાળવાનો એક માત્ર ઉપાય આજ્ઞાનું ત્રિવિધે પાલન છે.

## જિનેશ્વર ભગવંતોની ભક્તિ

जिनोक्तं इति सद्भक्त्या—શ્રી જિનેશ્વર દેવોએ કહેલું છે. એમ માની તેમજ સ્વીકારીને કરવાથી દ્રવ્ય પચ્ચક્ખાણ પણ ભાવ–પચ્ચક્ખાણ બની શકે છે. આમ વર્તનારને ધર્મમહાસત્તા સર્વ પ્રકારે સહાયક થાય છે. કારણ કે શ્રી જિનાજ્ઞાના સાચા શરણા-ગતને પડખે રહેવું તે તેનો ધર્મ છે.

ટિકિટ લઇને ટ્રેનમાં બેસાય છે. એટલે ઈષ્ટ સ્થાને પહોંચી શકાય છે. મતલબ કે ઈષ્ટ સ્થાને પહોંચવા માટે ટિકિટ ગ્રહણ કરીને ટ્રેનનું શરણું સ્વીકારવાનું રહે છે. બાકીનું બધું કાર્ય રેલ્વેતંત્ર બજાવે છે, તેમ આજ્ઞા ગ્રહણ કરીને આપણે ધર્મમહા-સત્તાનું શરણું સ્વીકારી લઈએ તો ઈષ્ટ સ્થાનરૂપ મોક્ષે જરૂર પહોંચી શકીએ, ધર્મ મહાસત્તા આપણને જરૂર મોક્ષે પહોંચાડી દે.

પરંતુ જ્યાં સુધી કર્તૃત્વાભિમાન મનમાં કાયમ રહે છે, ત્યાં સુધી આજ્ઞા સાથેનું જોડાણ થતું નથી, એટલે આત્મશુદ્ધિ અટકેલી રહે છે. ઇષ્ટ સ્થાને પહોંચાડનાર ટ્રેન તેમજ રેલ્વેતંત્રનો આભાર માનવાને બદલે 'પ્રવાસ કરીને હું ઇષ્ટ સ્થાને પહોંચ્યો' આ જાતના કર્તૃત્વાભિમાન દ્વારા જીવ કૃતઘ્નતાનો ભાગી બનીને આત્મશુદ્ધિની સર્વોત્તમ તક ગુમાવે છે.

પ્રભુ આજ્ઞા જ ઉપકારક છે, તારક છે એમ માનીને આજ્ઞાપાલનમાં સદા ઉદ્યમ-શીલ રહેવું એજ એક મુખ્ય કર્તવ્ય બને છે.

દેવાધિદેવની આજ્ઞાના પાલનમાં જીવમાત્રની રુચિ પ્રગટો, પ્રીતિ જાગો! અને તે દ્વારા આત્મકલ્યાણ સાધીએ.

卐

# આશ્રવ...સંવર...!

પ્રભુની આજ્ઞા જે બે પદમાં સમાઈ જાય છે, તે બે પદ પૈકી એક છે આશ્રવને છોડવાનું અને બીજું છે સંવરને આદરવાનું. आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः

આશ્રવ ત્યાજ્ય છે અને સંવર ઉપાદેય છે. આથી પ્રભુની આજ્ઞા નિશ્ચલ છે, સુપ્રતિષ્ઠિત છે, જીવલોકને હિતકારિણી છે. પરપીડા એ આશ્રવ છે. પરોપકાર એ સંવર છે; માટે જ પ્રભુની આજ્ઞા સર્વ જીવલોકને સુખ કરનારી છે.

પરોપકાર એ પરપીડાથી થતા આશ્રવને રોકનાર છે, તેથી સંવરરૂપ છે. પરપીડા પરોપકારથી વિપરીત છે માટે આશ્રવ છે.

સર્વ પ્રયત્નથી આશ્રવ છોડવા યોગ્ય છે; અને સર્વ પ્રયત્નથી સંવર આદરવા યોગ્ય છે, માટે જ, જેણે આશ્રવોને તજ્યા છે અને જેઓ સર્વ સંવર સ્વરૂપ બન્યા છે, તેઓનું જ શરણ સ્વીકારવા લાયક છે. તેઓનું જ ધ્યાન ધરવા લાયક છે, તેઓનું જ વંદન, પૂજન, અર્ચન કરવા લાયક છે અને તેઓની જ આજ્ઞા શિર ઉપર ધરવા લાયક છે.

## સમ્યક્ત્વનું સ્વરૂપ

સંસાર હેય છે, કેમકે તે પરપીડા સ્વરૂપ છે.

મોક્ષ ઉપાદેય છે કેમકે તે પરોપકાર સ્વરૂપ છે.

સંસાર પરપીડારૂપ છે માટે પાપરૂપ છે. અને પાપનાં જ ફળ સ્વરૂપ છે. મોક્ષ પરોપકાર સ્વરૂપ છે માટે પવિત્ર છે અને પવિત્ર એવા ધર્મારાધનના જ પરિણામરૂપ છે.

સંસારમાં 'મત્સ્યગલાગલ' ન્યાય ચાલી રહ્યો છે. તેમાંથી છુટવાની બુદ્ધિ, અને મોક્ષ એ જીવોને સુખના આલંબનરૂપ છે, તેથી તેને મેળવવાની બુદ્ધિ—એ સમ્યગ્બુદ્ધિ છે, એ જ સાચી સમજણ છે. એ સમજણથી વિપરીત સમજણ સંસારમાં ભટકાવનારી છે.

પરોપકારના કારણે મોક્ષ ઉપાદેય છે અને પરપીડાને કારણે સંસાર હેય છે, એવી બુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન છે, એવી શ્રદ્ધા થવી તે સમ્યગ્દર્શન છે અને એવું વર્તન થવું તે સમ્યક્ચારિત્ર છે.

મોક્ષે ગયેલા અને મોક્ષે જવા માટે ઉદ્યત થયેલા જીવોનું શરણ સ્વીકારવું, તેમના ઉપર જ પ્રીતિ-ભક્તિને વિસ્તારવી, અને તેમની આજ્ઞાના પાલનને જ એક કર્તવ્ય માનવું એ સમ્યક્ત્વનું સ્વરૂપ છે.

## 'શરણુ' એટલે શું ?

'શરણુ' શબ્દ, આશ્રય–આધાર–આલંબન–ટેકો વગેરે એક જ અર્થને કહે છે.

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું શરણુ તેમનાં સ્મરણુથી, આશ્રયથી, આધારથી, આલંબનથી, ટેકાથી લેવાય છે. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું શરણુ તે ધર્મનું જ શરણુ છે.

ધર્મ એ પરોપકાર સ્વરૂપ, અને પરપીડાના પરિહારરૂપ છે, તેથી ધર્મનું શરણુ સ્વીકારનારે તત્ત્વથી પરોપકારનું જ શરણુ સ્વીકાર્યું છે. પરોપકાર એ જ આ જગતમાં તરવાનો ઉપાય છે. એનું જ શરણુ લેવા લાયક છે, એ જ જીવનમાં આદરવા લાયક છે

સાચો ઉપકાર મોક્ષમાર્ગને પામવો અને પમાડવો એ છે. મોક્ષમાર્ગ રત્નત્રયસ્વરૂપ છે. રત્નત્રય–જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર–એ આત્માના મૂળ ગુણુ છે.

સર્વ જીવોને સમાન રૂપે જાણુવા, જોવા અને એવા વર્તનથી જ્ઞાનગુણુ, દર્શનગુણુ અને ચારિત્રગુણુની ચરિતાર્થતા થાય છે.

એ ત્રણુ ગુણુની આરાધના જીવને કેવળજ્ઞાન, કેવળદર્શન અને પૂર્ણુ ચારિત્ર તથા અવ્યાબાધ સુખ આપે છે.

## મુક્તિનો સાચો ઉપાય

परोपकारः पुण्याय पापाय परपीडनम् ।

પરને ઉપકાર, પુણ્ય માટે થાય છે. પરને પીડા, પાપ માટે થાય છે.

પુણ્યથી સુખ અને પાપથી દુઃખ મળે છે. તેથી સુખના અર્થીએ પરોપકાર કરવો જોઇએ અને પરપીડાને પરિહરવી જોઈએ.

પરપીડાનો પરિહાર એ જો પાપથી મુક્ત થવાનો ઉપાય હોય, તો પુણ્યનો ઉપાય પરને ઉપકાર કરવો તે જ હોઈ શકે. ઉપકાર પણુ ન કરવો, અને પીડા પણુ ન કરવી, એવી ત્રીજી અવસ્થા સંભવી શકતી નથી. કાં તો પરને પીડા અને કાં તો પરને ઉપકાર. એ બે જ અવસ્થા હોય! તો સુખનું મૂળ જે ધર્મ તે પરોપકાર સ્વરૂપ બન્યો.

સુકૃત અનુમોદનામાં ધર્મનું અનુમોદન છે. ધર્મ એ સુકૃત છે અને સુકૃત એ પરોપકારનું બીજું નામ છે. દુષ્કૃતની ગર્હા એ પાપની ગર્હા છે. પર પીડા એ પાપ છે. અને પાપ એ દુઃખનું મૂળ છે. તેથી પરપીડાની ગર્હા, અને પરોપકારનું અનુમોદન કરવા પૂર્વક શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું શરણુ લેવું. તેમના સ્મરણુમાં ધ્યાનલીન થવું તે જ મુક્તિનો ઉપાય છે.

## ઉત્કૃષ્ટ જિનાજ્ઞા

શ્રી વીતરાગ, સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માની સૌથી મોટી આજ્ઞા વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રી કેળવવાની અને કોઇ એક જીવની સાથે પણ વૈર-વિરોધ કે દ્વેષ-ભાવ નહિં રાખવાની છે. બીજી બધી આજ્ઞાઓ આ આજ્ઞામાં સમાઇ જાય છે. અથવા બીજી બધી આજ્ઞાઓ, આ મુખ્ય આજ્ઞાને પુષ્ટિ આપવા માટે અને સફળ બનાવવા માટે છે.

ભક્તિને પરિણામે વિશ્વમૈત્રીની ભાવનાને જીવનમાં ઉતારવા માટે અહિંસા, કરૂણા, સત્યપ્રિયતા વગેરે ગુણો વિકસવા જોઇએ. તથા દાન, શીલ, તપ, ભાવ પ્રત્યે અભિરૂચિ અને એને જીવનમાં વણી લેવાની તાલાવેલી પ્રગટવી જોઇએ.

એક બાજુ પ્રભુની ભક્તિ થાય અને બીજી બાજુ મન-વાણી-કાયામાં વિશ્વમૈત્રી અને દાનાદિ સત્ક્રિયાઓ તથા બીજી ગુણ સંપત્તિઓ વિકાસને ન પામે તો તે ભક્તિ ખામી ભરેલી ગણાય.

તાત્પર્ય કે જિનભક્તિના ફળરૂપે સદ્‌ગુણ વિકાસ અને સદાચાર નિર્માણ થવો જોઇએ.

## આજ્ઞાની આરાધના અને વિરાધનાનું ફળ

શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા વિશ્વમૈત્રીની છે. સિદ્ધ પરમાત્માની આજ્ઞા સર્વ સમદર્શિત્વની છે. આચાર્યદેવોની સદાચાર પાલનની, ઉપાધ્યાયની શ્રુતાધ્યયનની અને સાધુ ભગવંતોની આજ્ઞા મોક્ષ સાધનામાં સહાય કરવાની છે.

આ પાંચ પ્રકારની આજ્ઞાના પાલનમાં મંગળ છે. એથી વિરુદ્ધ વર્તનમાં અમંગળ, પાપ, દુર્ગતિ અને ભવભ્રમણ છે.

આ આજ્ઞા અનાદિ સિદ્ધ થાય છે. તેમાંથી કોઈ છટકી શકતું નથી. કાં તો આજ્ઞાનું આરાધન કરી સુખ પામે કાં તો વિરાધન કરી દુઃખ પામે છે. આ સિવાય ત્રીજો કોઈ માર્ગ છે જ નહિં. આજ્ઞામાં મધ્યસ્થ રહેવું તે પણ ગુનો છે.

आज्ञाराद्धा विराद्धाश्च
शिवाय च भवाय च ।

આરાધેલી આજ્ઞા શિવપદ આપે છે, વિરાધેલી, ભવપરંપરા આપે છે.

> શાસ્ત્રચક્ષુ કહે છે કે, વિજ્ઞાન અને તેની શોધોથી આસક્તિયુક્ત ભોગવાતાં શબ્દાદિ વિષયોનાં સુખો-એ પાપ-વૃદ્ધિના હેતુભૂત હોવાથી પાપાનુબંધી પુણ્યરૂપ ધર્મની નિપજ છે, તેથી ત્યાજ્ય છે.

# ધર્મ સાધનાનો રાજમાર્ગ

જ્ઞાન ફક્ત વિચાર કરી શકે છે, પણ પ્રેમ તો વસ્તુને મેળવે છે. ખ્યાતિ, પ્રતિષ્ઠા અને સંપત્તિ એકબીજાને જુદાં પાડે છે, પ્રેમ જોડવાનું કામ કરે છે. એ કારણે જ્ઞાનિઓ ધન-સંપત્તિ આદિ માગતા નથી, પણ વિશ્વપ્રેમનો પરમ મંત્ર માગે છે.

દેવ કરતાં ય ઊંચા આસને બિરાજમાન થવાની અદ્‌ભુત શક્તિ માનવીને જ મળેલી છે. આ અદ્‌ભુત શક્તિ એટલે વિશ્વભરના નાના-મોટા દેહધારી સમસ્ત જીવ-સમૂહ સાથે પોતાના જીવનમાં તાદાત્મ્ય, એકરૂપતા અને મૈત્રીભાવનાનો સાક્ષાત્કાર કરવો, તે છે.

મૈત્રી ભાવનાની સાધના હૃદયમાંથી સંકુચિતતાનો મેલ દૂર કરવાથી થઈ શકે છે.

કષાયો, ક્લેશો, કર્મો, કામનાઓ, વાસનાઓ, તૃષ્ણાઓ રૂપી મળને લીધે નિર્મળ અરીસાની જેમ પોતાના હૃદયમાં સમસ્ત વિશ્વનું પ્રતિબિંબ ઝીલવાની આત્માની શક્તિ આવરાઈ જાય છે. અને હૃદય ઉત્તરોત્તર વધુને વધુ સંકુચિત બનતું જાય છે.

મન એ અણુથી પણ અણુ અને મહત્‌થી પણ મહત્‌ બનવાની લાયકાત ધરાવે છે. જ્યારે તે અણુથી પણ અણુ બને છે, ત્યારે તે એવું નાનું બની જાય છે કે એમાં કોઇનો સમાવેશ જ ન થાય, અન્ય કોઈને પ્રવેશ જ ન મળે. ત્યારે હરાયા ઢોરની જેમ એ સૌને પરાયા ગણી, પોતાની પાસેથી દૂર હડસેલી મૂકે. દુનિયામાં પોતાનું કહી શકાય એવું જાણે કોઈ છે જ નહિ, એમ વર્તે અને એ જ મન જ્યારે સંકુચિતતાનો મત છોડી, વિશાળ થવા લાગે છે, ત્યારે એની વિશાળતાની પણ કોઈ સીમા રહેતી નથી. સમગ્ર વિશ્વનો સમાવેશ થવા છતાં તેમાં જગ્યા ખાલી રહે છે.

આખું વિશ્વ એને મન પોતામય, મિત્રરૂપ બની જાય છે. વિશ્વના સર્વ જીવો સાથે પ્રેમભાવ સિવાય-સમભાવ સિવાય, બીજો કોઇ ભાવ તેના હૃદયમાં રહેતો નથી.

માટે હૃદયની સંકુચિતતા તરફ અરુચિ જાગવી જોઈએ. એની અકલ્યાણકારિતાનું ભાન થવું જોઇએ. તથા હૃદયની વિશાળતાનો મહિમા પણ સમજાવો જોઇએ.

આટલું કરવાથી હૃદયને વિરાટ અને વિશાળ થવાની પ્રક્રિયા લાધી ગઈ સમજો.

## સર્વને સમાવવા રૂપ વિશાળતા

જો હું એક મારા સિવાય, મારી જાત સિવાય, કોઇને પણ મારા હૃદયમાં સ્થાન ન આપું, તો કોઈના પણ હૃદયમાં સ્થાન પામવાની યોગ્યતા આપોઆપ ગુમાવી બેસું અને તેના પરિણામે આજીવન કેદની સજા પામેલા એકલવાયા કેદી કરતાં વધુ કરુણા-જનક હાલતમાં આપોઆપ મૂકાઈ જાઉં. આ અને આ મતલબના યથાર્થ વિચાર અને

ચિંતન દ્વારા પણ હૃદયમાં સ્વની સાથે 'સર્વ'ને વસાવવાની આત્મિક ઉદારતાના પ્રાગટ્યનો પ્રારંભ થાય છે.

ધર્મનો સમગ્ર માર્ગ જ હૃદયની વિશાળતા સાધવાનો રાજમાર્ગ છે. નિર્મળતા અને વિશાળતા, એ બંને એક જ વસ્તુનાં માત્ર બે નામો જ છે.

આત્મ સાધનાની નાની મોટી દરેક પ્રક્રિયાના કેન્દ્રમાં, ચિત્તની શુદ્ધિને જ મૂકવામાં આવી છે.

હૃદયમાં વૈરભાવ કે રાગભાવ ભર્યો હોય, ત્યાં વિશ્વમૈત્રીની પ્રતિજ્ઞાનું પાલન અશક્ય છે.

અહિંસા, કરુણા કે પ્રેમની સાધનાની અનિવાર્ય શરત ઉદારતાપૂર્વક બીજાની ભૂલોની માફી આપવી અને નમ્રતાપૂર્વક પોતાની ભૂલોની માફી માગવી તે છે. આવા ઉદાર અને નમ્ર જીવનમાં જ પરમાત્મભાવ પ્રગટે છે. અને પરમાત્મભાવની પ્રાપ્તિ એ જ વિશ્વમૈત્રીની છેલ્લી મંજિલ છે. એટલા માટે 'खामेमि सव्व जीवे...' પ્રભુ આજ્ઞાનો આ નાદ સદાય ગાજતો રહ્યો છે.

આ નાદમાં સર્વ પ્રકારના અહંકારને નિર્નાદ બનાવવાની-નિષ્પ્રાણ બનાવવાની અપાર શક્તિ છે. આ રાજમાર્ગ પર ચાલવાની શક્તિ અને સુબુદ્ધિ સહુને મળી જાય તો કેવું સારું?

卐

# આરાધનાના અંગો

મૈત્ર્યાદિભાવથી યુક્ત સાધકને ક્ષાન્ત્યાદિ ધર્મોરૂપી સાધ્યની સિદ્ધિ માટે સાધન, વચનની આરાધના છે. વચનની આરાધના વચનના કહેનાર વક્તાની આરાધના ઉપર આધાર રાખે છે. વક્તા વીતરાગ પુરુષો છે. વીતરાગ એટલે આત્મામાં જ આત્માની વૃત્તિને અનુભવનાર પૂર્ણ પુરુષ.

પૂર્ણ પુરુષની આરાધના તેમના નામાદિની આરાધનાની અપેક્ષા રાખે છે, તે પિંડસ્થાદિ ધ્યાન સ્વરુપ છે. તે પણ વચનની આરાધના રૂપે જ કરવાનું હોય છે. વચનની આરાધનાનું એક પાસું, જેમ વચનને કહેનારની આરાધના છે, તેમ બીજું પાસું વચનને જીવનમાં ઊતારવાનું છે.

વચન એટલે આજ્ઞા. તેનું ચિંતન તે આજ્ઞાવિચય. તે ચિંતન આશ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતા બતાવે છે. અપાયકારક આશ્રવ છે. તેથી તેની હેયતાનું ચિંતન અને તેનાથી વિરુદ્ધ સંવરની ઉપાદેયતાનું ચિંતન તે અનુક્રમે અપાયવિચય અને વિપાકવિચય ધર્મધ્યાન છે.

આસ્રવ એ સંસારનો હેતુ છે અને સંવર એ મોક્ષનો હેતુ છે–તેમ વિચારવું, તે અપાયવિચય અને વિપાકવિચય ધર્મધ્યાન છે.

આજ્ઞાની આરાધના એ મોક્ષનો હેતુ છે અને વિરાધના સંસારનો હેતુ છે, એ ચિંતન વિપાકવિચય ધર્મધ્યાન છે. વચનની વિચારણામાં શ્રુતધર્મ અને ચારિત્રધર્મ બંને સમાઈ જાય છે.

ચારિત્રધર્મ આશ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતા સ્વરુપ છે અને શ્રુતધર્મ એ વસ્તુ માત્ર ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય સ્વરુપ છે એ પ્રકારના ચિંતન સ્વરુપ છે.

ચૌદ રાજલોક પંચાસ્તિકાયથી ભરેલો છે એ જાતિનું ચિંતન, તે સંસ્થાન-વિચય ધર્મધ્યાન છે.

વક્તાની વિચારણા અને ધ્યાન તે પિંડસ્થાદિ ધ્યાનના પ્રકારો છે અને વચનની વિચારણા અને ધ્યાન તે આજ્ઞાવિચયાદિ ધર્મધ્યાન છે. ઉભય પ્રકારના ધ્યાન એ સાધન સ્વરુપ છે. તેનું મૂળ મૈત્ર્યાદિ અને ફળ ક્ષાન્ત્યાદિ છે. એ રીતે વિચારણા કરવામાં આરાધનાના બધાં અંગો આવી જાય છે.

卐

# ધર્મનો પ્રભાવ

દશ પ્રકારના ચારિત્રધર્મના પ્રભાવથી સૂર્ય-ચંદ્ર વિશ્વ ઉપર ઉપકાર કરવા નિયમ-સર ઊગે છે, વરસાદ નિયમસર વરસે છે, સમુદ્ર મર્યાદા છોડતો નથી. સિંહ, વાઘ. વાવાઝોડાં, દાવાનળ સંહાર કરતા નથી; પૃથ્વી આધાર વિના ટકી રહે છે. એ વગેરે સર્વ નિયમિતપણે વિશ્વમાં વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે તે સર્વ ધર્મનો પ્રભાવ છે. શાસ્ત્રકાર મહર્ષિઓ ધર્મભાવના નામની બારમી ભાવનામાં ધર્મનો પ્રભાવ એ રીતે વર્ણવે છે. 'धम्म दयाणं' એ પદની ટીકા કરતાં પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા, લલિત-વિસ્તરા નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે—

'सामायिकादिगतविशुद्धक्रियाऽभिव्यंग्यसकलसत्त्वहिताशयामृतलक्षणस्वपरिणाम एव साधुधर्मः ।'

'સામાયિકની વિશુદ્ધ ક્રિયાથી અભિવ્યક્ત થતો સકલ પ્રાણીઓના હિતના આશય-રૂપ અમૃતલક્ષણ સ્વપરિણામ એ જ સાધુધર્મ છે.

આને સર્વ વિરતિ ચારિત્રધર્મ કહે છે.

ધર્મ એટલે જ ચારિત્રધર્મ છે.

એ સાધુધર્મને પ્રાપ્ત કરવાનો પરિણામ એ ગૃહસ્થધર્મ છે. એને દેશવિરતિ ચારિત્રધર્મ કહે છે.

'साधुधर्माभिलाषारूप आत्मपरिणामः श्रावकधर्मः।'

'સાધુધર્મ પાળવાના અભિલાષરૂપ આશય જેમાં છે, તે શ્રાવકધર્મ છે.'

સર્વજીવોના હિતના આશયરૂપ અમૃત છે લક્ષણ જેનું, એવો આત્મપરિણામ તે સર્વવિરતિ ચારિત્રધર્મ છે.

આ પરિણામને આત્મામાં સ્થિર રાખવા માટે સામાયિક આદિ વિશુદ્ધ ક્રિયાની જરૂર છે.

## સર્વજીવહિતભાવના

પ્રાણીમાત્રના કલ્યાણની, હિતની ભાવના, હિતનો આશય અથવા સર્વ જીવોને દુઃખમુક્ત કરી, પરિપૂર્ણ સુખ પ્રાપ્ત કરવાનો આત્મામાં રહેલો જે ભાવ, તે ભાવની શુદ્ધિ અને પુષ્ટિ માટે શાસ્ત્રમાં દશ પ્રકારનો ચારિત્રધર્મ ઉપદેશ્યો છે.

આવો અમૃત પરિણામ ત્યારે જ ટકે કે જ્યારે શુદ્ધ રીતે દશ પ્રકારના ચારિત્ર-ધર્મનું પાલન જીવનમાં હોય.

જેમ કે જો ક્ષમાગુણ હોય તો જ સર્વ પ્રાણીવિષયક કલ્યાણનો ભાવ ટકી રહે અને જો ક્ષમા ગુણ ન હોય તો અપરાધી ઉપર કોપ થાય અને તેની સાથે જ તે શુદ્ધભાવ તૂટી પડે.

તેવી રીતે જો માર્દવ, માનત્યાગ હોય તો જ ક્ષમા રહી શકે. માખણ જેવી મુલાયમ નમ્રતા, હૃદયનો આર્દ્ર પરિણામ હોય, તો જ માર્દવ-નમ્રતા ટકે અને તે ટકે તો જ ક્ષમા ટકે. સાથે જો સંતોષ હોય તો જ સરળતા ટકી શકે. સંતોષ ન હોય તો માયા કરવાનું મન થાય જ.

તે રીતે દશેય પ્રકારનો ચારિત્રધર્મ, એ સર્વ પ્રાણીવિષયક હિતચિંતાનો વિશુદ્ધ અમૃત-લક્ષણ પરિણામ ટકાવવા માટે જ યોજાયો છે. દશેય પ્રકારના ધર્મમાં એ રીતની વ્યવસ્થા શ્રી તીર્થંકર દેવોએ ગોઠવેલી છે અને તે વ્યવસ્થાથી તે ભાવ સ્થિર રહે છે. સમગ્ર વિશ્વવિષયક હિતચિંતાનો એ ભાવ દશ પ્રકારના ધર્મના આંશિક કે પરિપૂર્ણ પાલન વડે સ્થિર રહેતો હોવાથી, એ ધર્મને લીધે જ સમગ્ર વિશ્વવ્યવસ્થા એક પણ નિયમને બાધા પહોંચાડ્યા વિના ચાલી રહી છે.

શ્રી તીર્થંકર પરમાત્માના આત્મા, શ્રી ગણધર ભગવંતોના આત્મા, શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના આત્મા, સર્વ પ્રાણીવિષયક હિતચિંતાના ભાવથી ભરેલા છે અને એ ભાવની રક્ષા ખાતર, સતત દશ પ્રકારના ચારિત્રધર્મનું તેઓ પાલન કરી-કરાવી રહ્યા છે. તેથી તે ભાવ સમગ્ર વિશ્વમાં સતત વ્યાપેલો રહે છે. અને

એ ભાવના પ્રભાવ વડે જ વિશ્વમાં સર્વ કાંઈ વ્યવસ્થિત ચાલી રહ્યું છે. આ હકીકત શાસ્ત્રમાં વારંવાર ઉપદેશવામાં આવી છે.

દશ પ્રકારનો ચારિત્રધર્મ ત્યાં જ હોય છે અને ટકે છે કે જ્યાં સર્વ સત્ત્વવિષયક હિતચિંતરૂપ વિશુદ્ધ આત્મપરિણામ હયાતી ધરાવતો હોય અથવા તે પરિણામ પ્રાપ્ત કરવાની અભિલાષા ચિત્તમાં વર્તતી હોય. સર્વ સત્ત્વવિષયક હિતચિંતાના સાચા અમૃત પરિણામમાં દશ પ્રકારના ચારિત્રધર્મ અર્થાત્ સાધુધર્મ અને સાધુધર્મ પ્રાપ્ત કરવાની અભિલાષારૂપ 'શ્રાવકધર્મ' અંતર્ગત રહેલો છે, એમ માનવું જોઈએ.

## ભાવધર્મ

સકળ સત્ત્વવિષયક હિતચિંતાનો પરિણામ એ જ ભાવધર્મ છે. અને એ ધર્મમાં જ વિશ્વના તમામ પદાર્થોને નિયમમાં રાખવાની તાકાત છે.

એ ભાવધર્મને ટકાવવા માટે, પેદા કરવા માટે કે વધારવા માટે જેટલા જેટલા માર્ગો છે તે બધા પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ છે.

ભાવધર્મના કારણરૂપ ધર્મ એ દ્રવ્યધર્મ છે.

એક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના ભાવપાલનરૂપ છે અને બીજો તેમની આજ્ઞાના દ્રવ્યપાલનરૂપ છે.

ભાવ અને દ્રવ્ય ઉભય પ્રકારે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન અને તે પાલન ઉપરનું બહુમાન, એને અનુક્રમે 'બોધિ' અને તેનું 'બીજ' કહેવાય છે. 'એવી બોધિ અને એનું બીજ પ્રાપ્ત કરી, જગતના આત્માઓ ત્રણેય કાળમાં સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ,' એ ભાવના નિરંતર કર્તવ્ય છે. એથી ભવવિરાગ અને મોક્ષાભિલાષ દૃઢ થવા સાથે શ્રી જિનેશ્વરદેવના શાસનનો સાચો પ્રભાવ જગતમાં વિસ્તાર પામે છે.

卐

સુખના કારણનું કારણ ધર્મ છે. કારણના કારણને જોવા માટે સૂક્ષ્મ દૃષ્ટિ અને તત્ત્વની ખરી જિજ્ઞાસા હોવી જોઈએ. તત્ત્વ જિજ્ઞાસુ શાસ્ત્રાભ્યાસ વડે તે ચક્ષુને પ્રાપ્ત કરી શકે છે. શાસ્ત્ર એ સર્વજ્ઞના વચનસ્વરૂપ છે. ધર્મને પ્રત્યક્ષ કરવામાં સહાયક બીજી ચક્ષુ એ કેવળજ્ઞાનરૂપી ચક્ષુ છે. કેવળચક્ષુ અને શ્રુતચક્ષુ વડે કારણના કારણને જાણી શકાય છે, દેખી શકાય છે.

# ન્યાયમાં ધર્મ

વિષયોની આસક્તિ દૂર કરવી હોય, તો કોઈ ઊંચી જાતની વસ્તુમાં આસક્તિ કેળવો, તેની જ ઉપાસના કરો. પ્રભુની આજ્ઞા એ જ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ વસ્તુ છે, અને સર્વને ઉપકારક છે, તેથી તેના ઉપર પ્રેમ કરો, આસક્તિ કેળવો. અહીં આસક્તિનો અર્થ સર્વાધિક સુદૃઢ સ્નેહ કરવો.

સર્વથી અધિક અને અત્યંત દૃઢ સ્નેહ પ્રભુની આજ્ઞા ઉપર જાગે, તો તેનું ભવ-ભ્રમણ ટળી જાય. આજ્ઞાનો ટૂંકામાં ટૂંકો અર્થ કરવો હોય તો તે ન્યાયયુક્ત વર્તન છે.

સર્વ જીવો પ્રત્યે, જીવની સર્વ અવસ્થાઓ પ્રત્યે ન્યાયયુક્ત પ્રવર્તન એટલે અહિંસા, સંયમ અને તપ અથવા સામ, સમ અને સમ્મ અર્થાત્ સર્વ જીવોને આત્મ તુલ્ય માનવા તે ન્યાય છે, તે સામ પરિણામ છે. સર્વ અવસ્થાઓ કર્મકૃત હોવાથી તેના પ્રત્યે તટસ્થ ભાવ રાખવો તે ન્યાય છે, તે સમપરિણામ છે.

સર્વ નયો, અપેક્ષાઓ, દૃષ્ટિબિંદુઓ પ્રત્યે તુલ્ય આદર રાખવો તે ન્યાય છે. દરેક અપેક્ષાઓમાં આંશિક સત્ય રહેલું છે, તેનો સ્વીકાર કરવો તે અનેકાન્ત ન્યાય છે, તે સમ્મ પરિણામ છે.

માર્ગાનુસારિથી માંડીને ચૌદમા ગુણસ્થાનક પર્યંત સર્વમાં ન્યાય બુદ્ધિથી પ્રવર્તન તે મોક્ષમાર્ગ છે. તે જ પ્રભુની આજ્ઞા છે.

## મોક્ષમાર્ગ સ્વરુપ

મોક્ષમાર્ગ એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સ્વરુપ છે. દર્શન જ્ઞાન, ચારિત્ર, સામ, સમ અને સમ્મ સ્વરુપ છે. સામ, સમ અને સમ્મ એ ન્યાય બુદ્ધિરુપ છે, તેથી ધર્મરુપ છે. પ્રભુની આજ્ઞારુપ છે. તેના ફળરુપે અહિંસા, સંયમ અને તપનું આચારણ થાય ત્યારે જ જીવને મુક્તિ મળે છે.

પરમ સામ્ય, મહા ન્યાય જેનામાં છે, તે શ્રી અરિહંત છે. એટલે શ્રી અરિહંતની ઉપાસનામાં મહાન્યાયની ઉપાસના છે. લૌકિક ન્યાયનું સૌંદર્ય, લોકોત્તર ન્યાય સમજીને તેને આચરવાની શક્તિ પ્રદાન કરે છે.

ન્યાય એ જ વિશ્વમાં માનનીય છે, વંદનીય છે, સત્કાર અને સન્માનને પાત્ર છે. ન્યાયની શક્તિ, રાજ્યની શક્તિથી પણ ઉપર છે. પ્રજા ઉપર શાસન રાજ્યનું છે, રાજ્ય ઉપર શાસન ન્યાયનું છે.

અહિંસાદિ અને ક્ષાન્ત્યાદિ ધર્મોમાં ન્યાયનું અનુસરણ છે. ન્યાય એ જ માર્ગ છે અને માર્ગ રત્નત્રય સ્વરુપ છે.

સમ્યગ્દર્શન એ ન્યાયની રુચિ છે, સમ્યગ્જ્ઞાન એ ન્યાયનો અવબોધ છે, સમ્યક્-ચારિત્ર એ ન્યાયનો અમલ છે. ન્યાયનો ભંગ એ માર્ગનો ભંગ છે અને માર્ગનો ભંગ–એ શિક્ષાને પાત્ર છે.

અહિંસાથી બીજા જીવોને ન્યાય મળે છે, સંયમ અને તપથી પોતાના આત્મા પ્રત્યે ન્યાયભર્યું વર્તન થાય છે. ન્યાયને અનુસરનારો સમતા સુખને પામે છે. ન્યાય-બુદ્ધિ વિષય સુખ પ્રત્યે વૈરાગ્ય જગાડે છે અને મોક્ષ સુખ પ્રત્યે અનુરાગ જગાડે છે.

આર્હંત્યની સત્તા વિશ્વવ્યાપી છે, એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે તેમાં મહા-ન્યાયની જ પ્રશંસા છે. તાત્પર્ય કે ન્યાય એ ધર્મ છે.

卐

# ક્ષમા એ પરમ ધર્મ

સહન કરવું એ વિજય છે.

પ્રતિકૂળતાના સ્વીકારમાં સાધુતા છે, સામનામાં નહિ.

પાપના ધિક્કારમાંથી દુઃખને સહવાની તાકાત આવે છે. દુઃખના ધિક્કારમાં પાપનો તિરસ્કાર ભૂલી જવાય છે. એક દુઃખ ટાળવા જતાં સેંકડો પાપ કરવા પડે છે.

એક પ્રતિકૂળતાને વધાવી લેવાથી સેંકડો પાપથી મુક્ત થવાય છે. પાપની જુગુપ્સા પ્રતિકૂળતાને સહવાની શક્તિ અર્પે છે.

'જે સહે તે સાધુ અર્થાત્ પ્રતિકૂળતામાં સાધુતા રહેલી છે. સાનુકૂળતા ઓઢીને ફરવાની એષણા, સાધુતાના સત્ત્વને ભરખી જાય છે.

આજ્ઞા બહુમાનમાંથી પાપ જુગુપ્સા જાગે છે અને પાપ જુગુપ્સામાંથી દુઃખ સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલી આ શક્તિ સાધકના સમગ્ર મનમાં 'દુઃખ મને મંજૂર છે. પાપ હરગીઝ નહિ, એવો દૃઢ સંકલ્પ પેદા કરે છે.

## આજ્ઞા બહુમાન

સહવું તેજ જ્ઞાન, તપ, જપ, પૂજા અને ભક્તિ છે. કેમકે સહવામાં આજ્ઞાનું બહુમાન છે.

'ખામેમિ સવ્વ જીવે...!' સૂત્ર આજ ભાવથી ભરેલું છે. કર્મગ્રસ્ત જીવોના અપરાધો સમભાવે સહવામાં જ સાચી ક્ષમા છે.

ક્ષમા વીરસ્ય ભૂષણમ્ !' એ સૂત્ર માર્મિક છે.

પોતે કરેલા અપરાધની સામા પાસે ક્ષમા માગવી—એ એટલું શૂરાતન ભર્યું કાર્ય નથી, જેટલું સામાએ કરેલા અપરાધની ક્ષમા આપવી તે છે.

આજ્ઞાકારક શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પૂરું બહુમાન ત્યારે થયું ગણાય, જ્યારે ગમે તેવા પાપી જીવને તિરસ્કારવાની અધમવૃત્તિ સમૂળ ઉખડી જાય.

જેઓ સહવામાં કાયર છે, ખમવામાં નબળા છે, તેઓ સંસારમાં સબડવાના કારણ કે સહ્યા સિવાય, ખમ્યા સિવાય, કોઈ જીવ શિવપદને લાયક બનતો નથી.

કર્મઋણ અર્થાત્ વિશ્વઋણ ચૂકવાનો ઉત્તમ માર્ગ સહવું તે છે, ખમવું તે છે. તેનો ઈન્કાર ત્યાં સંસાર, તેનો સ્વીકાર ત્યાં ધર્મ.

卐

# ધર્મનું મૂળ

ધર્મનું મૂળ 'આચાર કે વિચાર'? એ પ્રશ્ન ઘણીવાર ઊભો કરવામાં આવે છે.

'આચાર' વિના 'વિચાર' સુધરે જ નહિ, અગર 'વિચાર' વિના 'આચાર' સુધરે જ નહિ; એવા અંતિમ નિર્ણયો પણ ઘણીવાર આપવામાં આવે છે.

સત્ય હંમેશાં સાપેક્ષ હોય છે, તેથી કોઈ એકપક્ષીય નિર્ણય હંમેશા સત્ય તરફ દોરી જવામાં સહાયક નથી નીવડતો, એટલે સત્યની ઝંખનાવાળા મનુષ્યને ફરજીયાત બંને બાજુના નિર્ણયોને માન્ય રાખવા પડે છે.

જેમ 'આચાર' વિના 'વિચાર' સુધરે નહિ, તેમ 'વિચાર' વિના 'આચાર' સુધરે નહિ. અથવા જેમ 'આચાર'ને સુધારવા માટે વિચાર'ને સુધારવાની જરૂર છે, તેમ 'વિચાર'ને સુધારવા માટે 'આચાર'ને સુધારવાની પણ જરૂર છે. એ બંને વાત 'જીવનશુદ્ધિ' રૂપી સત્યની ઝંખનાવાળાને અવશ્ય આવકારદાયક થઈ પડે છે.

'જૈન-આચાર' તેનું સ્વરૂપ અને મહત્ત્વ સમજવા માટે 'જૈન-વિચાર' તેનું સ્વરૂપ અને મહત્ત્વ સમજવાની અગત્યતા અનિવાર્ય થઈ પડે છે. કારણ કે આચારનું મૂળ 'વિચાર' માં છે.

'જૈન-વિચાર' એટલે શ્રી જિનેશ્વર દેવોએ કેવળજ્ઞાન પામ્યા બાદ ફરમાવેલ 'તત્ત્વજ્ઞાન'ને જે પુરુષોએ શ્રદ્ધાપૂર્વક ઝીલ્યું અને જીવનમાં ઉતાર્યું, તે પુરુષોના વિચાર એ જ સાચા જૈન વિચાર અને સાચું જૈન-તત્ત્વજ્ઞાન છે. જીવનું સ્વરૂપ, જગતનું સ્વરૂપ અને ઈશ્વરનું સ્વરૂપ—એ ત્રણના સ્વરૂપને સમજાવનાર જ્ઞાન અને શબ્દ છે. તેનાં સ્વરૂપને જે રીતે મહાપુરુષો જણાવે છે, તે રીતે તેને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણવું, સમજવું અને વિચારવું એ 'જૈન-વિચાર' છે.

'જૈન–વિચાર' નું સ્વરૂપ નિર્દોષ છે, કારણ કે વિચારની પાછળ રહેલા કે રહી જવા પામતાં દોષો તેમાં નથી.

દ્વેષ, મોહ કે અજ્ઞાનથી વિચારમાં દોષો આવે છે. એ દોષોમાંના કોઈ એક પણ દોષનો અંશ પણ શ્રી જિનેશ્વર દેવોમાં હોતો નથી, તેથી તેઓના વચનમાં, વિચારમાં કે જ્ઞાનમાં અસત્ય, એકાંગીપણું કે અપૂર્ણપણું હોતું નથી.

## જીવકર્મનો સંબંધ

જૈનતત્ત્વજ્ઞાન મુજબ જીવ અનાદિ–અનંત, સ્વકર્મનો કર્તા છે, કર્મના ફળનો ભોક્તા છે, કર્મના સંબંધથી ચાર ગતિરૂપ સંસારના સ્થાનમાં ઉપજનારો અને નાશ પામનારો છે તથા અંતે ધર્મારાધના કરીને મોક્ષમાં જવાની યોગ્યતાને ખીલવનારો ગણાયો છે.

જૈન તત્ત્વજ્ઞાન મુજબ જગતનું સ્વરૂપ પર્યાયરૂપે ઉત્પન્ન થનારૂં તથા નાશ પામનારૂ છે અને દ્રવ્યરૂપે સદા કાયમ રહેનારૂં છે. જગતની કોઈપણ વસ્તુનો સર્વથા વિનાશ નથી કે સર્વથા ઉત્પત્તિ નથી, મૂળરૂપે કાયમ રહીને તેનામાં ફેરફારો થયા કરે છે. અને તે જગત પંચાસ્તિકાય સ્વરૂપ છે.

જીવાસ્તિકાય, (જીવ) અજીવાસ્તિકાય, (પુદ્ગલ) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય–એ પંચાસ્તિકાય છે.

અથવા જગત ષટ્ દ્રવ્યમય છે. અર્થાત્ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ–એ છ દ્રવ્યરૂપે રહેલું છે.

જીવ સચેતન સ્વરૂપ છે. અને બાકીના ચાર અથવા પાંચ અચેતન સ્વરૂપ છે.

જીવસહિત ચાર અથવા પાંચ અરૂપી છે અને એક પુદ્ગલ રૂપી અથવા મૂર્ત છે અને તે બહિરિન્દ્રયગ્રાહ્ય છે.

જીવની જેમ તે બધાં પણ અનાદિ–અનંત છે. સકળ કર્મમુક્ત જીવ પોતે જ જૈન તત્ત્વજ્ઞાન મુજબ ઈશ્વર છે.

કર્મના આવરણ નીચે રહેલો જીવ સંસારી છે. અને કર્મના આવરણ રહિત બનેલો તે જ જીવ સિદ્ધ અથવા સર્વ શક્તિમાન છે.

જીવને કર્મરહિત બનવાના ઉપાયો નીચે મુજબ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સંવર, નિર્જરા, રાગાદિ દોષોની પ્રતિપક્ષભૂત ભાવનાઓ અને ધ્યાન આદિ છે. શ્રી જિનેશ્વર દેવોએ આ તત્ત્વજ્ઞાન ફરમાવ્યું છે. અને એનું ગ્રહણ, ધારણ, મનન, પરિશીલન–એ જ 'જૈન–વિચાર' છે.

એ 'વિચાર'નું શબ્દ કે શબ્દસમૂહરૂપ વાક્ય કે વાક્યસમૂહરૂપ શાસ્ત્ર એ જૈનશાસ્ત્ર છે. અને સાપેક્ષપણાનો સ્વીકાર-એ આ શાસ્ત્રની આગવી, અનન્ય અને અજોડ વિશિષ્ટતા છે.

## સાપેક્ષતા

જૈન-તત્ત્વજ્ઞાન અનુસાર કોઈપણ શબ્દ કે તેના ઉપરથી નીકળતો કોઈ પણ અર્થ નિરપેક્ષ નથી, કિન્તુ સાપેક્ષ છે.

એ સાપેક્ષતાને જણાવવા માટે 'સ્યાત્' શબ્દ પ્રત્યેક શબ્દ, શબ્દસમૂહ કે વાક્યસમૂહની સાથે જોડાયેલો માનીને જ વ્યવહાર કરવામાં આવે છે. તેથી સત્યની એક પણ બાજુ છુટી જતી નથી કે અસત્યની એક પણ બાજુનું સમર્થન થઈ જતું નથી.

સત્યને જાણવા કે જણાવવાની, સમજવા કે સમજાવવાની, આ પદ્ધતિને જૈન-તત્ત્વજ્ઞાનમાં 'સ્યાદ્વાદ પદ્ધતિ' કે 'અનેકાન્તવાદની પદ્ધતિ' કહે છે અને તેથી એકાંત કોઈ પણ પક્ષનો આગ્રહ કે અનાદર જૈન-તત્ત્વજ્ઞાનમાં કદાપિ હોતો નથી.

જૈન-તત્ત્વજ્ઞાનને વિરોધ હોય તો તે એકાન્ત દૃષ્ટિબિન્દુની સામે હોય છે. નહિ કે કોઈ પણ વાક્ય કે તેના સમૂહની સામે.

વિશ્વ અને તેમાં રહેલા પદાર્થો અનંત ધર્મમય છે. તેને જણાવનારા બધા દૃષ્ટિ-બિન્દુઓને જૈન-તત્ત્વજ્ઞાન અનેકાન્તદૃષ્ટિથી માન્ય રાખે છે. તથા એકાન્તદૃષ્ટિથી અમાન્ય ઠેરવે છે.

જૈન-આચારોનું ઘડતર અનેકાન્ત દૃષ્ટિમય જૈન-વિચારમાંથી થયેલું છે અને તેથી જ તે જીવનશુદ્ધિનાં બધા અંગોને અપાવનારૂં છે.

તે કેવળ શારીરિક શૌચમાં, વાચિક સત્યમાં, માનસિક પવિત્રતામાં કે હાર્દિકભાવ અને તેની શુદ્ધિમાં જ સમાઈ જતું નથી, કિન્તુ તે સર્વમાં અને તે સર્વની પાછળ રહેલા આત્મદ્રવ્યની સમગ્ર શુદ્ધિ સુધી વિસ્તરેલું છે.

આત્મદ્રવ્યની શુદ્ધિ તેના ગુણોની શુદ્ધિ કે પ્રગટીકરણમાં રહેલી છે. તેથી આત્માના મુખ્ય ગુણોની સંખ્યા મુજબ જૈન-આચારની મૂળ સંખ્યા પણ પાંચની જ રાખવામાં આવી છે.

## આત્માના ગુણ

જૈન-તત્ત્વજ્ઞાન મુજબ આત્માના પાંચ મુખ્ય ગુણ નીચે પ્રમાણે છે.

૧. અનંતજ્ઞાન, ૨. અનંતદર્શન. ૩. અનંતચારિત્ર, ૪. અનંતતપ અને ૫. અનંતવીર્ય. અને તેથી જૈન-આચાર પણ પાંચ પ્રકારના છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ તેનાં નામો છે.

જ્ઞાનાચારના આઠ પ્રકાર છે, દર્શનાચારના આઠ પ્રકાર છે, ચારિત્રાચારના આઠ પ્રકાર છે, તપાચારના બાર પ્રકાર છે.

એ રીતે પ્રથમ ચાર આચારના કુલ ૩૬ પ્રકાર છે. અને એ છત્રીસ પ્રકારમાં જીવનું મન-વચન-કાયાનું છતું બળ અને વીર્ય, શારીરિક અને વાચિક બળ તથા માનસિક અને આત્મિક વીર્ય વાપરવાનું હોય છે. તેથી ૩૬×૩=૧૦૮ પ્રકારના આચારનું પાલન જૈનશાસ્ત્રોમાં ફરમાવેલું છે. છત્રીસને જે ત્રણે ગુણ્યા તે મન-વચન-કાયાના ત્રિવિધ બળ સમજવાનાં છે.

એ પાંચ આચારો અને તેના ૩૬ તથા ૧૦૮ પ્રકારો અને તેને ફરમાવતી ગાથાઓ શ્રી આવશ્યક સૂત્રકાર શ્રુત-કેવળી ભગવાન શ્રી સુધર્માસ્વામી અને આવશ્યક નિર્યુક્તિકાર શ્રુતકેવળી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામી જેટલી પ્રાચીન છે.

## અતિચારની ગાથા

જૈનધર્મમાં થોડો પણ રસ ધરાવનાર બાળથી વૃદ્ધ પર્યંત તમામને 'અતિચારની આઠ ગાથાઓ'ના નામથી એ ગાથાઓ આજે પણ પ્રસિદ્ધ છે. અને પ્રત્યેક રાત્રિક (રાઈ) દેવસિક (દેવસી) પાક્ષિક (પક્ખી) ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં તે ગાથાઓ અતિચારની શુદ્ધિ માટે આજે પણ તેટલા જ ભાવપૂર્વક યાદ કરાય છે. અને તે ગાથાઓના વિવરણરૂપે જ પાક્ષિકાદિના દિવસે સભામાં બોલવા કે મનમાં સંભારવા માટે નાના કે મોટા 'અતિચાર સૂત્રો' ભાષામાં પણ સાધુ તથા શ્રાવકો માટે ગુંથવામાં આવેલાં છે અને તેનો તે તે દિવસે અને સમયે ચોક્કસ વિધિ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

જૈન સાધુઓ તથા ગૃહસ્થોના સમસ્ત આચારોનું ઘડતર એ ગાથાઓ, એમાં કહેલા આચારો અને એ આચારોની પ્રાછળ રહેલા આત્માના મૂળ ગુણોના પ્રકટીકરણના ઉદ્દેશને અવલંબીને રહેલું છે.

એ આચારનું વર્ણન અને એનું વિભાગીકરણ એવી ખૂબીથી થયેલું છે કે તેને જો વિધિપૂર્વક જીવનમાં વણી લેવાય છે તો આત્માના અનાદિ મોહાદિદોષો નાશ પામે છે અને જ્ઞાનાદિગુણો અવશ્ય વૃદ્ધિ પામે છે.

## પરમાત્મા એ વૈદ્ય

અનુભવી વૈદ્ય રોગોને અંગે નિદાન કરી જે ઔષધ બતાવે છે, તે ઔષધને જેઓ વિધિપૂર્વક ગ્રહણ કરે છે અને વૈદ્યના કહેવા પ્રમાણે જેઓ વર્તન કરે છે, તેઓ જરૂર નિરોગી થાય છે. પરંતુ અનુભવી વૈદ્યે બતાવેલા ઔષધોનો જેઓ વિધિપૂર્વક ઉપયોગ કરતા નથી, અર્થાત્ આચરણમાં મૂકતા નથી, પથ્યનું પાલન કરતા નથી

તેઓને આરોગ્ય સાંપડતુ નથી. અહીં આત્મિક દૃષ્ટિએ તાત્પર્ય એ છે કે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એ સાચા વૈદ્ય છે. પ્રાણીઓના કર્મ તે રોગ છે, આગમશાસ્ત્ર આત્માના વિવિધ રોગોને બતાવનારૂં શાસ્ત્ર છે. પંચાચારનું પાલન અને વિવિધ ધર્મક્રિયા એ કર્મ રોગોને મટાડનારૂં ઔષધ છે. સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનું પાલન એ પથ્ય પાલન છે અને મોક્ષ પ્રાપ્તિ એ આરોગ્ય છે.

આત્માના ભાવ આરોગ્ય સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે ધર્મક્રિયા અને આજ્ઞા પાલન આવશ્યક છે.

卐

# ધર્મસ્નેહ

'ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર."

માર્મિક આ સ્તવન પંક્તિનો મર્મ એ છે, કે-ધર્મ એટલે પૂર્ણઆત્મસ્વરુપ, તે રૂપ શ્રી જિનેશ્વરના ચરણ એટલે સ્મરણને-યથાર્થ સમજણને ગ્રહણ કર્યો પછી કોઇ જીવ કર્મ બાંધતો નથી. સંવર અને નિર્જરાભાવમાં રમણ કરે છે. તે માટે પરનો હું કર્તા નથી અને પર માત્ર અનિત્ય છે, એ સમજણને સુનિશ્ચિત કરવી પડે છે. ધર્મક્રિયા તે પછી સ્વક્રિયા બને છે.

કોઈ પણ ક્રિયા કરી શકાતી નથી પણ કરાવાય છે. જ્યારે ધર્મ કરાય છે કરવાતો નથી. તેમાં આટલો તફાવત છે. ધર્મક્રિયા ધર્મ કરવાનું સાધન છે. પણ ધર્મ નથી, પાપક્રિયા પાપ કરવાનુ સાધન છે પણ પાપ નથી. ધર્મી પાપક્રિયામાં પણ નિર્જરા કરે છે, જ્યારે પાપી ધર્મક્રિયામાં પણ બંધ કરે છે.

ધર્મીનું ચિત્ત ક્રિયાને શોધતું નથી, પણ ધર્મનાથના ચરણને શોધે છે. ક્રિયા કર્મના ઉદયથી થાય છે, ધર્મ સુમતિ વડે થાય છે અને સુમતિ, અહં અને મનના ત્યાગથી સધાય છે.

'અહં કરોમિ' એવા અહંભાવનો ત્યાગ ભવિતવ્યતાના વિચારથી અને સમબુદ્ધિની પ્રાપ્તિ અને મમત્વભાવનો ત્યાગ અનિત્યતાની ભાવનાથી સધાય છે. અહં-મમથી મુક્ત થયેલું મન ધર્મનાથ-સિદ્ધભગવંતના ચરણમાં રમે છે.

## સિદ્ધોનો અનુગ્રહ

સિદ્ધભગવંતો લોકાલોક પ્રકાશક જ્ઞાનવાળા હોવાથી લોકસ્વરુપ જેવી આકૃતિવાળા હોય છે. ચૌદરાજ લોકની ચારે બાજુ અલોક છે. અલોકમાં પણ સિદ્ધ ભગવંતનો જ્ઞાન

પ્રકાશ હોવાથી તે પ્રકાશ સંપૂર્ણ મંડલ જેવો લાગે છે. અલોક મંડળયુક્ત લોકસ્વરુપ સિદ્ધ ભગવંતીરૂપી ધર્મનાથના વિરાટ સ્વરૂપી ચરણમાં નિજ આત્મા નમસ્કાર કરતો અનુભવાય છે, ત્યારે જાણે વામન–વિરાટનું મિલન થતું હોય તેવું જણાય છે ભક્તિના પ્રકર્ષથી તથા સિદ્ધભગવંતનાં વિરાટ અનુગ્રહથી વામન વિરાટ સ્વરુપને પ્રાપ્ત કરે છે.

સિદ્ધ ભગવંતના અનુગ્રહની આ શક્તિ ઉપર જ્યારે અનન્ય શ્રદ્ધા થાય છે, ત્યારે તે કર્મ નિર્જરામાં પ્રધાન કારણ બને છે. કર્મથી મુક્ત થવામાં સિદ્ધ ભગવંતનો અનુગ્રહ એ પ્રધાન કારણ છે અને એ જ મુક્તિનો માર્ગ છે. ભગવંતના અનુગ્રહથી મુક્તિ અને નિગ્રહથી ભવભ્રમણ–એ ભક્તિનો મર્મ ત્યારે જ સમજાય છે.

卐

# ધર્મ અને ધાર્મિકતા

ધર્મ એટલે ભગવાનની શોધ! માનવથી પર કોઇ અનંત સત્સ્વરુપ રહેલું છે, એની ખોજ! ભગવાન અને માનવ વચ્ચે સંબંધનો સેતુ સ્થાપવો–એ ધર્મનો મુખ્ય હેતુ છે.

ધર્મનો પ્રદેશ કેવળ બુદ્ધિગમ્ય નથી. ધર્મના સ્વરુપમાં વિવેક, કલ્પના, તર્ક; નિર્ણય વગેરેને સ્થાન છે; પણ તે ગૌણ છે.

ધર્મનું મૂળ સ્વરુપ જાણવા માટેનું પ્રધાન સાધન અપરોક્ષ અનુભૂતિ છે અથવા શ્રુતિ, પ્રેરણા, દૃષ્ટિ, શ્રદ્ધા વગેરે છે.

ધર્મને જીવન વ્યવહારમાં ઉતારવા જતાં વચ્ચે આચાર પરંપરા વિધિ વગેરે માધ્યમની જરૂર પડે છે અને તે પણ ધર્મના નામથી જ ઓળખાય છે.

ધર્મને સક્રિય બનાવનાર પ્રધાન શક્તિ શ્રદ્ધા છે. માનવના ચૈતન્યથી પર, જે સક્રિય શક્તિઓ છે, તેને પાર્થિવ ભૂમિકામાં પ્રગટ થવાની શક્યતા શ્રદ્ધાને લીધે પ્રાપ્ત થાય છે. એવી શ્રદ્ધા ધારણ કર્યા વિના એ શક્તિઓનો આવિર્ભાવ લગભગ અસંભવિત બની જાય છે. બુદ્ધિની બધી શંકાઓને ઉત્તર આપવાની શ્રદ્ધા 'ના' પાડે છે. એથી સાબિત થાય છે કે બુદ્ધિથી અજ્ઞેય એવી કોઇ સત્યની આંતર–પ્રતીતિનું નામ જ શ્રદ્ધા છે.

## ધાર્મિકતા

ધર્મ અને તેનું વ્યક્ત સ્વરુપ ધાર્મિકતા એ બંને જુદા હોવા છતાં, એકબીજાથી સર્વથા અલગ રહી શકતા નથી.

માનવ–પ્રકૃતિમાં જે નિમ્ન ભૂમિકાનાં કારણો રહેલાં છે, તેની એક પ્રકારની શુદ્ધિ ધાર્મિકતાથી જ થાય છે. માનવના સ્વભાવમાં રહેલી કેટલીક પાશવતાઓ ધાર્મિકતા વડે નિવારી શકાય છે અને તેને જ્ઞાનજ્યોતિ વડે પ્રગટ કરી શકાય છે.

ધર્મનું વ્યક્ત સ્વરુપ 'અપૂર્ણ છે માટે ધર્તિંગ છે' એવી દલીલ બાલીશ છે. ધર્મ એટલે કેવળ વિધિ નથી અને વિધિ માત્ર હાનિકારક છે, એમ પણ માની લેવાની જરૂર નથી.

માનવીના હાથે ભૌતિકશાસ્ત્રની શોધખોળોનો દુરુપયોગ થઇ રહ્યો છે, તેથી સ્થૂલ જગતનું તેણે મેળવેલું જ્ઞાન અસત્ય ઠરતું નથી, તેમ કોઈપણ સિદ્ધાંતનો અનુયાયી અપૂર્ણ હોય, તેથી તે સિદ્ધાંત ખોટો ઠરતો નથી.

સત્ય કોઇપણ વ્યક્ત સ્વરુપમાં સંપૂર્ણપણે પ્રગટ થઇ શકે નહિ, કારણ કે તે (સત્ય) અનંત છે.

卐

# આપણે કેવા ?

ઊંચી વસ્તુ ઊંચા પાત્રમાં જાય, તો મોટો લાભ થાય. આવી ઊંચી મહામૂલ્યવાન વસ્તુઓમાં શ્રી અરિહંત પરમાત્માએ પ્રકાશેલો ધર્મ મુખ્ય છે.

સિંહણનું દૂધ માટીનાં વાસણમાં નથી સંઘરાતું, સંઘરાતાની સાથે તે વાસણને ફોડી નાખે છે, તેમ અધમ વિચારો અને વર્તનના કાદવમાં આળોટતાં જીવોને શ્રી અરિહંતનો ધર્મ સાંભળવા તેમ જ ઝીલવાની જરા પણ રુચિ નથી હોતી.

જો દુનિયાની કોઈ ચીજ મેળવવા માટે પ્રથમ તેના અધિકારી બનવું પડતું હોય, તો અણમોલ એવા ધર્મને પામવા માટે અધિકારી બનવું પડે તે સ્વાભાવિક છે.

આવો અધિકાર, અધર્મ તરફની અરુચિવાળા બનવાથી પ્રાપ્ત થાય છે.

અધર્મ એટલે આત્મસ્વભાવની વિરુદ્ધ વિચાર, વાણી અને વર્તન.

આવું વલણ-વાણી અને વર્તન સતત ખટકયા કરે, તો માનવું કે હવે ધર્મરુચિ ઉઘડી રહી છે.

ધર્મરુચિ ઉઘડે એટલે આત્માના ગુણોનું જતન કરવામાં સાચો આનંદ આવે. તેવા ગુણો જેનામાં છે, તે આત્મા સ્વતુલ્ય વહાલો લાગે.

ધર્મ જેને રુચે છે, તેનો ઘસારો ખમવામાં લહેર આવે, પણ અન્યને ઘસારો પહોંચાડવામાં લહેર ન આવે.

'હું ધર્મી છું.' એમ બોલવું સહેલું છે, પણ એ મુજબ ચાલવું ઘણું કઠિન છે.

માણસ મંદિરે જાય, એટલા માત્રથી ધર્મી ! એવી એકાંત વ્યાખ્યા બાંધતાં પહેલાં સાત વાર ચકાસણી કરવાની જરુર છે. આવી ચકાસણી, સાધકે ખાસ કરીને પોતાની જાતની જ કરવાની છે. અન્યની ચકાસણી કરવાનો અધિકાર, દેવ-ગુરુનો છે. એ ચકાસણી-પૂર્વક ધર્મ માર્ગે આગળ વધવું જોઇએ.

卐

# આનંદનો વિષય

દુઃખ ઓછાં-વધુનો પ્રશ્ન ગૌણ છે, પણ મનને એ લાગવા ન લાગવાની બાબત મહત્ત્વની છે. જ્યારે કોઈ પ્રબળ આનંદનો અનુભવ થાય છે, ત્યારે બીજાં દુઃખનો અનુભવ ઓછો થઈ જાય છે. તાત્પર્ય કે સુખ-દુઃખનો મુખ્ય આધાર મન છે. અનુકૂળ પરિસ્થિતિમાં પણ મન દુઃખની લાગણીવાળું હોઇ શકે છે, પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સુખની લાગણી અનુભવી શકાય છે.

બાહ્ય પરિસ્થિતિ કરતાં પણ મનની પરિસ્થિતિ મહત્ત્વની છે. જે મળ્યું છે, તે ઘણું અધિક છે, એવી સમજણના આધારે સંતોષનો અનુભવ કરવો હોય, તો ધન કરતાં ધર્મની કિંમત છે, એમ મન પર ઠસાવવું આવશ્યક છે.

મનુષ્ય જન્મની કિંમત ધર્મ સામગ્રીના આધારે છે,-એ વાત સમજવી બુદ્ધિશાળીને મન સરળ છે.

ધર્મ પામ્યાનો આનંદ, બીજી વસ્તુના અભાવને વિસારી દે છે અને સ્વર્ગના ઈન્દ્રથી પણ અધિક આનંદનો અનુભવ કરાવી શકે છે.

બાર માસના દીક્ષા પર્યાયમાં અનુત્તર વિમાનવાસી દેવના સુખથી અધિક સુખનો અનુભવ માનવજન્મમાં નિરુપાધિકતાના કારણે સંયમી સાધુ અનુભવી શકે છે, એવું શાસ્ત્રવચન એ વિષયમાં પ્રમાણ છે.

જે પૂર્ણાનંદમય છે, તેમાં જ દૃષ્ટિ પરોવાય છે એટલે બાહ્ય વસ્તુના અભાવનો ખટકો કે દુઃખ મનને સ્પર્શતું નથી.

આવી દૃષ્ટિ તે ધર્મ પામ્યાની નિશાની છે. જે પામવા માટે જ માનવજન્મ છે. અન્ય જન્મોમાં જે શક્ય નથી. માટે ધન વડે નહિ, પણ પમાએલા ધર્મવડે જીવનની સાર્થકતા સમજવામાં ડહાપણ છે.

## શ્રી જિન ધર્મ

સંસારી જીવ યોગ-ઉપયોગયુક્ત છે. યોગ એ ક્રિયારૂપ હોવાથી આશ્રવ છે. ઉપયોગ એ જ્ઞાન વ્યાપારરૂપ હોવાથી સંવર છે. પરિણામ એ લક્ષ્યરૂપ હોવાથી બંધ હેતુ છે.

શુદ્ધોપયોગ-એ ધર્મ અને મોક્ષનો ઉપાય છે.

ચેતના જેટલા અંશે નિજભાવની અંદર લીન તેટલા અંશે જિનભાવની નજીક છે. જિનધર્મનો અર્થ નિજ ધર્મ અર્થાત્ સ્વભાવમાં રહેવું તે ધર્મ, પરભાવમાં રહેવું તે અધર્મ. બાહ્ય વિધિ નિષેધમાં ધર્મનો ઉપચાર છે, સત્યધર્મ તે નિજ જિન પરિણતિ છે.

મુક્તિ તે સ્વભાવ, સંસાર તે વિભાવ. તેની સેવાથી સ્વભાવ વિકૃત થાય. સંસાર એટલે રાગ-દ્વેષ.

જડનો રાગ ખોટો, જીવનો દ્વેષ ખોટો. ખોટો રૂપિયો કોઈ હાથમાં ન લે તે જ રીતે રાગ-દ્વેષયુક્ત જીવને ક્યાંય નિરાંત ન મળે.

તેના સમૂળ ઉચ્છેદ માટે જિનધર્મની અખંડ ઉપાસના એ જ ઉત્તમ ઉપાય છે. અને તેથી આનંદ સતત ટકે છે.

卐

# સુવિશુદ્ધ ધર્મ

रुद्दो खलु संसारो, शुद्धो धम्मो तु ओसहमिमस्स ।
गुरुकुलसंवासे सो निच्छयओ नायमेतेणं ॥१॥
पंचनमुक्कारो खलु विहिदाणं सत्तिओ अहिंसा य ।
इंदिय-कषाय-विजओ, एसो धम्मो सुहपओगो ॥२॥

અર્થ :– સંસાર ખરેખર ભયંકર છે. શુદ્ધ ધર્મ તેનું ઔષધ છે. ગુરુકુલવાસમાં વસવાથી અને ગુરુઆજ્ઞા મુજબ જીવન જીવવાથી (તે) શુદ્ધધર્મની પ્રાપ્તિ થાય છે.

શુદ્ધધર્મનાં ચાર લક્ષણ છે.

૧. વિધિયુક્ત દાન, ૨. શક્તિ મુજબ અહિંસાદિ સદાચાર, ૩. ઇન્દ્રિયો અને કષાયોનો વિજય, ૪. પંચ નમસ્કાર આ ધર્મ સુખનું સાધન.

તે અનુક્રમે દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મ છે.

અનાદિ અવિદ્યાને આધીન થઈને દેવ, નારક, મનુષ્ય અને તિર્યંચ એ ચાર ગતિમાં પરિભ્રમણરૂપ દુઃસાધ્ય જે વ્યાધિથી જીવ પીડાય છે, તેનો સચોટ ઇલાજ તે શુદ્ધધર્મનું વિધિપૂર્વકનું સેવન છે.

શુદ્ધધર્મનું સેવન કરવા માટે ગુરુકુલવાસમાં વસવું પડે. તેમજ ગુરુદેવની આજ્ઞાને શિરસાવંદ્ય કરવી પડે. ગુરુઆજ્ઞામાં કુતર્ક કે કુશંકા ન ચાલે.

શુદ્ધધર્મ જેને સ્પર્શે છે તે ધન્યાત્મા વિધિપૂર્વક દાન પણ કરતો હોય છે તેમજ અહિંસાદિ સદાચારના પાલનમાં શક્તિ મુદ્દલ ગોપવતો નથી. વિષય-કષાયને પરાસ્ત કરવામાં તેની જાગૃતિ બની રહે છે અને શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને સાચા ભાવથી પૂજતો, ભજતો, સ્તવતો હોય છે.

સુવિશુદ્ધ ધર્મના અંગભૂત, દાન, શીલ, તપ અને ભાવમાં અજોડ વીર્ય ફોરવી અને અપ્રમત્ત જીવનમાં સ્થિર બની. સાધક પરમ પદનો અધિકાર પ્રાપ્ત કરતો હોય છે.

## ધર્મપુરુષાર્થની સિદ્ધિ

ધર્મપુરુષાર્થની સિદ્ધિ માટે પ્રગટ પોતાની શક્તિથી કાંઈક અધિક શક્તિ ફોરવવી જરૂરી માનવામાં આવી છે.

હોય તે શક્તિથી પણ ન્યૂન શક્તિ ખર્ચવામાં તો શાસ્ત્રે કહ્યું છે કે, 'તે આત્મા ચારિત્રધર્મનો પ્રતિપક્ષી બને છે.

જેમ રાગ–દ્વેષ એ ચારિત્ર પ્રતિપક્ષી છે, તેમ શક્તિને ગોપવવી એ પણ ચારિત્ર પ્રતિપક્ષી ક્રિયા છે.

આ રીતે શક્તિને ગોપવનારનો નંબર, ધર્મપુરુષાર્થના આરાધકોમાં આવી શકતો નથી.

## આપણો ધર્મ

આપણે ધર્મ કરીએ છીએ, તે આપણી ઇચ્છાને પૂરી કરવા માટે નહિ, પણ પ્રભુની ભાવનાને પૂરી કરવા માટે કરવો જોઈએ. પ્રભુની જગતના સર્વ જીવોને તારવાની ભાવના છે. તેને પૂરી કરવા માટે આપણે ધર્મ કરવાનો છે.

પ્રભુની એ ભાવના–ઇચ્છા એટલે ત્રિજગપતિ શ્રી અરિહંત પરમાત્માની–'સવિ જીવ કરું શાસનરસી' સ્વરુપ ઉત્કૃષ્ટ ભાવદયા !

આ ભાવદયાને દેવાધિદેવનો ઉત્કૃષ્ટ સંકલ્પ પણ કહે છે. આપણા વ્યક્તિગત સર્વ સંકલ્પો, આ સંકલ્પમાં ઓગળી જવાં જોઈએ.

ઉત્કૃષ્ટ આ સંકલ્પને હાનિ પહોંચે એવો કોઈપણ વિચાર કે શબ્દ એ શ્રી જિનાજ્ઞાની વિરાધના છે, તેનાથી સ્વ–પરનું હિત હણાય છે. જે પાપ છે. એટલે પાપથી મુક્ત થઇને ધર્મ–પરિણતિવાન બનવા માટે પ્રભુજીની આજ્ઞાનું ત્રિવિધે પાલન કરવું તે આપણો ધર્મ છે.

## ધર્મબુદ્ધિ

ક્ષાત્રવટ હોય ત્યાં જ ધર્મ છે. જ્યાં વણિકબુદ્ધિ હોય ત્યાં ધર્મ જ નથી, એમ એક અપેક્ષાએ કહી શકાય. અમુક કામ કરવાથી અમુક ફળ મળશે, એ વણિકબુદ્ધિ છે. બીજાને માટે જે કાંઈ હોય તે ક્ષાત્રવટ છે.

સર્વકાળના સર્વ શ્રી તીર્થંકર ભગવંતો ક્ષત્રિય હોય છે. નખશિખ ક્ષાત્રવટવંતા હોય છે. પરકાજે જાતને દમનારા હોય છે.

જાત એટલે પર્યાય.

પર એટલે જીવજાતિ.

બીજા માટે હું શા માટે કરું ? એમાં મને શું મળે ? આવા પ્રશ્નો વણિકબુદ્ધિમાં વણાયેલાં હોય છે.

સમગ્ર સત્ત્વના ઉત્થાનમાં અવરોધક આ બુદ્ધિની પ્રશંસા કરવાથી સર્વનું હિત કરનારી ધર્મબુદ્ધિની અવગણના થાય છે. માટે ધર્માનુસારી બુદ્ધિ કેળવવાની જરૂર છે. આ કેળવણીનો મૂળાધાર 'નમો' છે, 'ખમો' છે, 'દમો' છે, 'શમો' છે.

## ધર્મભોજનનું પરિણમન

ધર્મ-ભોજનનું જીવનમાં યથાર્થ પરિણમન થાય છે ત્યારે તમામ અધર્મો તરફ નફરત પેદા થાય છે. એ એનું પ્રથમ પરિણામ છે.

'પરિણમન' (Realisation) તે લોહી છે. તેથી ચિત્તમાં અપૂર્વ આનંદ પ્રગટે છે.

આનંદ તે 'વીર્ય' છે અને એમાંથી અનિર્વચનીય જે સમાધિ જન્મે છે, તે ઓજસ છે.

'જીવ કર્મથી બંધાએલો છે.' એ હકીકતનું પુનઃ પુનઃ ચિંતન ધર્મભોજનની ભૂખ અંદરથી જગાડે છે.

## ધર્મ પરિણતિની કસોટી

ધર્મ પરિણામ પામ્યાની કસોટી બે રીતે થાય છે. આંતરિક રીતે ચિત્તશુદ્ધિ અને બાહ્ય રીતે વ્યવહાર શુદ્ધિ.

ચિત્તશુદ્ધિ પણ ન થાય અને વ્યવહાર શુદ્ધિ પણ ન આવે, તો તે ધર્મપાલન દ્રવ્યથી-નામ માત્રથી છે-એમ સમજવું. જે ભોજન ભૂખ ન ભાંગે તેને ભોજન કેમ કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય.

ધર્મ પરિણતિ એટલે સમગ્ર મન સહિત સર્વ પ્રાણોને આત્મસ્વભાવનો રંગ પૂરેપૂરો લાગી જવો તે. આ રંગ તે હળદરીઓ નહિ, પણ ચોળ મજીઠીઓ, કે જે વસ્તુના વિલય પછી પણ ટકી રહેતો હોય છે. વસ્ત્ર ફાટી જવા છતાં ન ફીટે તેવો પાકો આ રંગ હોય છે. જેનો સંગ જીવને નિઃસંગ બનાવે જ છે.

હું ધર્મી છું. એવી સમજ ધરાવનારા સહુએ ઉક્ત કસોટીઓ દ્વારા પોતાની સમગ્ર જાતની કસોટી તટસ્થભાવે કરવી જોઇએ કે જેથી તેઓ કદી છેતરાય નહિ યા માયાચારી બનવાની દુર્બુદ્ધિના દાસ બને નહિ.

## ધર્મનાં હેતુ સ્વરૂપ અને ફળ

પ્રવૃત્તિરૂપ ધર્મનું સ્વરૂપ દાન, શીલ, તપ અને ભાવ છે. પરિણતિરૂપ ધર્મનું સ્વરૂપ-જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ છે.

દાનધર્મના સેવનમાં, શીલધર્મના સેવનમાં કે તપધર્મના સેવનમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં અંશો રહેલાં છે. ભાવધર્મ સ્વયં જ્ઞાન-દર્શનરૂપ છે.

ધર્મની ક્રિયા માત્ર શુભાસ્રવ, સંવર અને નિર્જરા કરાવે છે. તેથી તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્રનું આરાધન રહેલું છે.

જ્યાં જ્ઞાન, દર્શન, ચારિત્રનું સેવન છે, ત્યાં તેના મૂળમાં શ્રી અરિહંત પરમેષ્ઠિ, ફળમાં સિદ્ધ પરમેષ્ઠિ, ફૂલમાં આચાર્ય પરમેષ્ઠિ, પત્રમાં ઉપાધ્યાય પરમેષ્ઠિ અને સ્કંધ-શાખા-પ્રશાખામાં સાધુ પરમેષ્ઠિ રહેલાં છે.

આચાર્ય આચારને શીખવે છે, ઉપાધ્યાય વિનયને શીખવે છે અને સાધુ સહાયપણું શીખવે છે; આ ત્રણે મળીને જ ધર્મ બને છે. તેથી તે ધર્મનું સ્વરૂપ છે.

ધર્મની ઉત્પત્તિમાં શ્રી અરિહંત પરમાત્માની વાણી-એ અનન્ય હેતુભૂત (કારણભૂત) છે.

ધર્મનું ફળ અવ્યાબાધ સુખ છે.

એ રીતે ધર્મના હેતુ, સ્વરૂપ, અને ફળ સમજીને જે ધર્મક્રિયા કરવામાં આવે છે, તે સાનુબંધ શુભઅનુષ્ઠાનનું કારણ બનીને પરંપરાએ મોક્ષસુખ આપનાર થાય છે. મોક્ષ-સુખ સ્વાત્મોપલબ્ધિરૂપ છે.

**પૂર્ણત્વ કાજે**

ધર્મનું લક્ષણ પરિણામ વિશુદ્ધિ છે, અધ્યવસાયની નિર્મળતા છે. તે તો જ સધાય જો પૂર્ણતાની ભાવના થાય.

આત્મા નિજગુણથી પૂર્ણ છે એ ભાવના નિર્લોભતાને જગાડે છે અને નિર્લોભતા-માંથી જ ક્રોધ, માન, માયારહિત સ્થિતિ પ્રગટે છે.

નિર્લોભતા પૂર્ણતાની ભાવનાનું ફળ છે. પૂર્ણતાની ભાવના માટે પૂર્ણસ્વરૂપ પામેલા શ્રી અરિહંતાદિના નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવની વિચારણા, ધારણા, ધ્યાનાદિ આવશ્યક છે. તેનું નામ પિંડસ્થાદિ ધ્યેયનું ધ્યાન છે. આજ્ઞાવિચયાદિ ધર્મધ્યાન તેની જ પુષ્ટિ માટે છે.

આજ્ઞાવિચયમાં શરણાગતિ, અપાયવિચયમાં દુષ્કૃતગર્હા સુકૃતાનુમોદના અને સંસ્થાનવિચયમાં તેના ફળસ્વરૂપ દુર્ગતિ નિરોધ, સદ્ગતિ લાભ અને પરમગતિની પરંપરાએ પ્રાપ્તિ છે.

પિંડસ્થાદિમાં ફળની પ્રાપ્તિ કરનાર પૂર્ણ પુરુષોનું ધ્યાન છે અને આજ્ઞાવિચયાદિમાં પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય છે.

## પૂર્ણધર્મ

ધર્મ વસ્તુસ્વભાવરુપ છે,

સ્વભાવ એટલે અભાવનો અભાવ. તેથી પૂર્ણશાન્તિ પ્રાપ્ત થાય છે. આત્મ સ્વભાવમાં અભાવનો અભાવ હોવાથી પૂર્ણતા છે. જ્યાં પૂર્ણતાનો અનુભવ થાય છે, ત્યાં કોઈપણ વસ્તુને મેળવવા માટેની આકાંક્ષા કે અભિલાષા હોતી નથી. અભિલાષા જન્ય આકૂળતાનો અભાવ એ જ પરમ શાન્તિ છે.

એથી જ કહેવાય છે કે, ધર્મનું ફળ પૂર્ણશાન્તિ અને સમતા છે.

સમતા મૈત્રીરૂપ છે. જીવતા સર્વજીવમાં જીવત્વ સમાન હોવાથી જીવત્વની એકતા રૂપ ભાવના સમતા ભાવને લાવે છે, તે સમતાભાવ મધુર પરિણામરૂપ છે અને વાત્સલ્ય સ્વરૂપ છે. તે જેનામાં હોય તેની સાથે મિત્રભાવ, સખ્યભાવ સધાય છે. અને તેની પરાકાષ્ઠાએ પહોંચેલા પુરુષો પ્રત્યે દાસ્યભાવ જાગે છે.

આ રીતે સમતાભાવમાં મધુરભાવ, વાત્સલ્યભાવ, સખ્યભાવ અને દાસ્યભાવ એ ચારે ભાવો એકત્ર થયેલા છે

પ્રથમ દાસ્ય પછી સખ્ય તે પછી વાત્સલ્ય અને અંતે માધુર્ય એ ચાર ભાવ મળી ધર્મ પૂર્ણ દશાને પામે છે.

卐

# ચાર પ્રકારના ધર્મ

સમવસરણમાં બિરાજમાન થઈને શ્રી તીર્થંકર પરમાત્મા ચાર-મુખે દેશના દે છે, તેને ઘટાવતાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી વીતરાગ સ્તોત્રમાં ફરમાવે છે કે, 'ચાર પ્રકારના ધર્મ પ્રકાશવા માટે જ જાણે પ્રભુજી ચાર મુખ કરે છે.

એકી સાથે ચાર ધર્મ કહેવા હોય તો ચાર મુખ કરવાં જ પડે. દેવતાઓ ચાર મુખ કરે છે તે ખરૂં. પણ તેમાં પ્રભાવ તો દેવાધિદેવના પુણ્યનો જ હોય છે.

અજોડ એવા સમવસરણને ૨૦ હજાર પગથિયા હોય છે. એમાં રજત, સુવર્ણ અને મણિના ત્રણ ગઢ હોય છે. બારે પ્રકારની પર્ષદાની તેમાં હાજરી હોય છે. અતિશયવાળી પ્રભુદેશના સાંભળવાની હોય પછી એ આનંદમાં પૂછવાનું જ શું હોય ?

પ્રભુની દેશના સાંભળવા સામાન્ય રીતે અભવ્ય પણ આવે ને ભવ્ય પણ આવે, લઘુકર્મી પણ આવે ને ગુરુકર્મી પણ આવે એ વખતે શ્રી તીર્થંકર પરમાત્મા દાન શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ પ્રકાશે છે. શાસ્ત્ર કહે છે કે આમાં એકે ધર્મ

એક બીજાથી ઉતરતો કે ચઢીયાતો નહિ, પણ બધાએ પોતપોતાના સ્થાનમાં યથાર્થ મૂલ્યવાળા હોય છે.

કોઇ એકલો તપ કરે અને શીલ ન પાળે, તો ખાળે ડૂચા અને દરવાજા ખૂલ્લા જેવું થાય. એટલે તપની સાથે શીલ પણ જોઇએ અને એ પણ ભાવ વગરનું હોય તો ન ચાલે, માટે ભાવની પણ એટલી જ જરૂર છે. હવે માનો કે શીલ, તપ, અને ભાવ–એ ત્રણે છે, પણ દાન નથી તો શું થાય ?

જો દાન ન હોય તો માણસ નિર્દય નિષ્ઠુર થઈ જાય, પછી એના જીવનમાં શીલ-ધર્મ, તપધર્મ કે ભાવધર્મ વાસ્તવિકરૂપે ટકી શકે જ નહિ. કેમકે દાનમાં છોડવાની વસ્તુ દૂરની છે. જ્યારે શીલમાં એથી નજીકની છે. તપમાં એથીયે નજીકની છે અને ભાવમાં તો એથીયે નજીકની છે.

દાનમાં મુખ્યતયા લક્ષ્મીની મૂર્છા છોડવાની છે. શીલમાં શરીર અને એશઆરામની મૂર્છા છોડવાની છે. તપમાં ઇન્દ્રિયોના વિષયોની મૂર્છા છોડવાની છે ભાવમાં મનની મૂર્છા છોડવાની છે.

## મનનું દાન

જેને મન લક્ષ્મીની મૂર્છા છૂટી નથી, તે ચાર ગતિનો છેદ શી રીતે કરવાનો; એ પાંચમી ગતિ શી રીતે મેળવવાનો ? કેમકે લક્ષ્મી તો બહુ દૂરની વસ્તુ છે. જો એ દૂરની વસ્તુની મૂર્છા પણ ન છૂટે, તો નજીકમાં રહેલા શરીરની શી રીતે છૂટવાની ? લક્ષ્મી અને શરીર એ બંને ઉપર એકી સાથે આક્રમણ થાય તો માણસ લક્ષ્મીને જતી કરીને પણ શરીરને બચાવી લે છે, તેનું કારણ એ છે કે તેને મન લક્ષ્મી કરતાં શરીર વધુ કિંમતી છે.

આ સંદર્ભમાં દાન એ ધર્મનું આદિ પદ છે. દાનના ઉચ્છેદમાં તો શાસનનો ઉચ્છેદ થઇ જાય અને એ જ રીતે શીલ, તપ અને ભાવ પોતપોતાના સ્થાનમાં પૂરતા મૂલ્યવાળા છે. આ ચાર પૈકી કોઇ એક પણ ધર્મ ઓછા મહત્ત્વનો નથી.

મુનિને દાન દેવું બંધ કરો, તો કોઈ ૧૫ દહાડે કે છ મહિને પણ સ્વર્ગવાસી થઇ જાય અથવા રજોહરણ મૂકીને ઘરે જાય. પરિણામે સાધુ સંઘનો ઉચ્છેદ થાય, પછી શ્રાવક-શ્રાવિકા પણ ક્યાં સુધી ટકવાના ? માટે દાન ધર્મથી સાધુ–સાધ્વીઓ, તેમના આધારે શ્રાવક–શ્રાવિકા, એના આધારે ચતુર્વિધ શ્રી સંઘ અને શ્રી સંઘના આધારે શાસન ટકે છે.

## પાત્રભેદે દાન—રત્નપાત્ર

આ દાનના શાસ્ત્રે ભેદ પાડ્યા છે અને તે ભેદ મુજબ પાત્રમાં પણ ભેદ પડ્યા છે. જેમાં અનુકંપાદાન, અભયદાન, સુપાત્રદાન આદિ આવી જાય છે. આ ત્રણ ભેદ

મુજબ, પાત્રોમાં પણ ભેદ પાડ્યા; શ્રી તીર્થંકરદેવ એ રત્નપાત્ર. સૌથી વધારે નિકટ શ્રી તીર્થંકરદેવ ગુરુને પણ નમે છે તીર્થંકરની સાથે મેળ મેળવી આપનાર છે માટે સુગુરુ હમેશા પરમાત્માની ભક્તિ કરવાનો ઉપદેશ આપે અને કહે કે-એ મહાદેવ અને અમે પોઠિયા. એ કમળ તો અમે ભમરા! આવા સુગુરુના સદૂપદેશથી ભીંજાએલા હૃદયવાળા ભવ્યજીવને સ્વસ્તિક કરતી વખતે ચોખામાં મોક્ષ દેખાય. જેમ હજાર-હજારની દશ નોટમાં ગૃહસ્થીને ઘર, સ્ત્રી, ફરનીચર વગેરે દેખાય છે, તેમ ભવ્યજીવને ચોખામાં મોક્ષ દેખાય છે. ચોખા આત્માને શુદ્ધ કરવાની ભાવનાપૂર્વક ચોખ્ખા એવા પરમાત્માની ભક્તિમાં વપરાય છે. જેમ ચોખામાં મોક્ષ દેખાય છે, તેમ ભક્ત જીવને પ્રતિમામાં પ્રભુજી દેખાય છે.

## સુવર્ણપાત્ર

એક સ્ત્રી માતા બની, પુત્ર માટે તેણે બે ઝબલાં શીવડાવ્યા. એક ઝબલું ઉંદર એંચી ગયો. આ બાજુ બાબો બે દહાડાના તાવમાં મરણ પામ્યો. તેને બાળી આવ્યા. મહિનો શોક પળાયો. મહિના પછી એ જ ઝબલું કબાટ સાફ કરતા મળી આવ્યું. બાઈ ત્યાં રડી પડે છે! શા માટે રડી પડે છે! તો કહે કે ઝબલામાં પોતાનો બાબો દેખાયો માટે. તેમ પ્રભુ પ્રત્યે આંતરિક પ્રીતિવાળા આત્માને પ્રતિમામાં પ્રભુ દેખાય છે. પરમાત્માની ભક્તિ પછી સાધુની ભક્તિ કરવાની, કેમકે તે સુવર્ણપાત્ર છે.

દાનધર્મ તો મહા આશીર્વાદરૂપ છે, મુનિ પણ દાનધર્મ ન પાળે તો પેટભરો કહેવાય. ગોચરીમાં સારી વસ્તુ આવી હોય, તે વડીલ સાધુ, તપસ્વી, બાળ કે જેને તેની જરૂર હોય, તે મુનિરાજને આપ્યા પછી વાપરવાની શાસ્ત્રાજ્ઞા છે. ત્યાં પણ 'મારે જ જોઇએ' એ ભાવ આવે, તો સાધુપણું હારી જાય એટલે સુવર્ણપાત્રની પણ કિંમત ઓછી નથી!

સુવર્ણપાત્રરૂપ સાધુ તમને પૈસા નથી આપતા, બંગલો નથી આપતા, કન્યા પણ નથી આપતા, પરન્તુ તેઓ સારી બુદ્ધિ આપે છે, એમનો એ ઉપકાર જેવો તેવો નથી. એ સદ્બુદ્ધિના પ્રતાપે તમે અનાચારી નથી બનતા. ભયંકર ચોર, ડાકુ કે બદમાસ નથી બનતા. અનીતિ આચરતા અચકાવ છો, અને જીવહત્યા આદિ પાપોથી પાછા ફરો છો.

મતલબ કે સાધુ નિર્દયને દયાળુ બનાવે છે, ચોરને શાહુકાર બનાવે છે, અનીતિમાનને નીતિમાન બનાવે છે અને તે પણ બળજબરીથી નહિ પણ આચાર પાલનથી એના વિચારમાં પલટો લાવીને. માટે એ મહાઉપકારી છે.

## રજતપાત્ર

જ્યારે શ્રાવક એ રજતપાત્ર છે. શ્રાવક જૈનકુળમાં આવ્યો, એને વીતરાગ પરમાત્મા મળ્યા, માટે એ મહાપુણ્યશાળી છે. એને પ્રભાવના મુઠ્ઠી ભરીને આપો, પછી જુઓ

એના ભાવ. એને પણ પ્રભાવના કરવાના ભાવ જાગશે મતલબ કે આપણી પ્રભાવનાઓ નિષ્ફળ નથી. એ લેનારા પણ પ્રભાવના કરનારા બને છે.

શ્રી જૈનશાસન વિશાળ ભાવનાવાળું છે. જરા પણ સંકુચિત નથી. માત્ર જૈનો શાસન પામો અને બીજા ન પામો, એવું એના હૈયામાં ન હોય. જો બીજાને દાન જ ન દેવાય–એમ જૈનધર્મના નામે કહેવાય, તો તો જૈનધર્મની મહાન અપભ્રાજના થાય, અને શાસન માલિન્ય એ તો મહાપાપ છે. જ્યારે બીજાને આપવાથી, બીજા શાસન તરફ ખેંચાય અને પરિણામે શાસન પામી પણ જાય.

આપણે ત્યાં અવગુણને જીવનમાંથી બાદ કરવાની વાત છે. પણ કોઈ જીવને બાદ કરવાની વાત નથી અવગુણીને સદ્ગુણી બનાવવા માટે તેને દિલથી અપાતું દાન, તેના દિલમાં પણ સદ્ગુણ માટેની ઝંખના પેદા કરે છે.

આમ દાન શીલ તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મના પાલન વડે જીવનની સુંદરતા આત્મવ્યાપી બને છે અર્થાત્ આત્મા સુંદરતમ બને છે. લક્ષ્મીની મૂર્છા ઘટતા જ શરીરાદિની મૂર્છા પણ ઘટવા માંડે છે અને મૂર્છિત આત્માનું તેજ આપણા આચારમાં મૂર્તિમંત થઇ અનેકને ધર્મ કરવાની પ્રેરણા કરે છે.

દાન એ સ્નાન છે, એનાથી પરિગ્રહ સંજ્ઞાનો મેલ દૂર કરવાનો છે. શીલ, તપ એ કપડા છે, અને ભાવ એ અલંકાર છે, આ ચાર જાતના ધર્મના આચરણથી આત્મા સુશોભિત બની શકે છે.

卐

# દાન ધર્મ

ધર્મ અને પુણ્યનો એક વિશિષ્ટ અને ગાઢ સંબંધ છે. પુણ્યને લૌકિક તથા ધર્મને લોકોત્તર માનવો એ યુક્તિ સંગત નથી.

માણસ સામાયિક કરે, પરંતુ જો પ્રભુ પૂજા ન કરે, તો એ ધર્મ નથી કહેવાતો.

**ધર્મનું મૂળ દાન છે. દાનમાં સર્વ શ્રેષ્ઠ દાન સન્માન દાન છે. જેમાં અભયદાનનો સમાવેશ થાય છે.**

પૂજ્યોમાં પરમ પૂજ્ય શ્રી પંચપરમેષ્ઠિ છે. માટે જો એવા પૂજ્યોની પૂજા ન કરીએ, તો એ ધર્મ નથી કહેવાતો.

દાન દેવાની પ્રવૃત્તિને વિકસિત કર્યા વિના ધ્યાનાદિમાં વિકાસ શક્ય નથી. દાનથી ધ્યાન આવે છે. **ધર્મનો પ્રારંભ દાનથી જ છે.**

સોનું, રૂપું, હીરા, માણેક કે જે સ્વઅંગભૂત નથી, તેનું દાન કરવામાં જેઓ પાછા પડે છે, તેઓ સ્વઅંગભૂત ઈન્દ્રિયોને શીલવંત આત્માને હવાલે કરવામાં શી રીતે સફળ બની શકે? તાત્પર્ય એ છે કે દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારના ધર્મની આરાધનાનો મૂળાધાર દાન છે.

લઈએ બધેથી, બધા પાસેથી, અને છતાં આપીએ નહિ કોઈને, તો કેવળ દેવાદાર જ બનીએ ને? આ દેવું ન ચૂકવીએ ત્યાં સુધી ઉદ્ધાર શી રીતે થાય?

## પરમાત્માનું ઋણ

ઋણમુક્તિ કહો કે કર્મમુક્તિ–એ બંને એક જ અર્થનાં દ્યોતક છે.

ઉપકારી ભગવંતોના અસીમ ઉપકારોનું ઋણ ચૂકવવાની યોગ્યતા, સામાન્ય ઉપકારીના ઉપકારનું ઋણ ફેડવાની વૃત્તિ અને પ્રવૃત્તિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

કદાચ ઋણ ન ચૂકવી શકાય તો ભલે, પણ માથે ઋણ છે–એ હકીકત ભૂલી તો ન જ શકાય. 'દેવું તેનો દાસ' એ કહેવતનાં મૂળ ખૂબ ઊંડા છે.

લેણદાર ઉપકારી આ કહેવતને ભલે ભૂલી જાય, પણ દેણદારે તો ન જ ભૂલવી જોઈએ.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા આપણા સર્વેસર્વા છે. એ સત્યને ઝીલવાનું સત્ત્વ, આપણા જીવનમાં ન પ્રગટતું હોય તો તેનું પણ કારણ આપણો તુચ્છ અહંકાર છે, દેવાદાર હોવાની હકીકતનો ઈન્કાર છે.

શ્રી અરિહંત પરમાત્મા પરાર્થ વ્યસની છે, કૃતજ્ઞતા ગુણના સ્વામી છે. તો તેઓશ્રીને ભજનારા આપણે કેવા છીએ? શું આ પ્રશ્ન ભૂલી જવા જેવો છે?

શ્રી જિનાજ્ઞાની આરાધનમાં આરાધ્ય જે આત્મા છે, તેની મુક્તિ આ બે ગુણોના પૂર્ણ પાલનમાં સમાયેલી હોવા છતાં, તેના પાલનમાં પ્રમાદ સેવીશું. તો આજ્ઞાની વિરાધનાની સજાના ભાગીદાર બનીશું.

અનેકાન્ત, અહિંસા અને અપરિગ્રહમાં ઔદાર્ય અને દાન નથી તો બીજું શું છે?

**પરને સ્નેહ આપવામાં કંજુસાઈ કરનારા, અન્નવસ્ત્રાદિ આપતી વખતે સ્નેહભાવ કેટલો વ્યક્ત કરી શકે તે સવાલ છે.**

દાન સિવાયનો દિવસ કોઈને ન મળશો! દાનનો ઈન્કાર કરીને નાદાન બનવાની દુર્બુદ્ધિ કોઈમાં ન જાગશો!

**આખો શ્રી નવકાર દાનનો મહાસાગર છે.** તેને સમર્પિત થવાથી દાનબુદ્ધિ ખીલે જ છે અને દાનનું વ્યસન પણ લાગુ પડે છે. તે નિર્વિવાદ હકીકત છે.

卐

# મોક્ષ માર્ગનો મહિમા

મોક્ષનો માર્ગ રત્નત્રય સ્વરૂપ છે તેમાં જિનભક્તિ અને જીવમૈત્રી એ સમ્યક્દર્શન સ્વરૂપ છે. પુદ્ગલ વિરક્તિ એ સમ્યક્જ્ઞાન સ્વરૂપ છે. આત્માનુભૂતિ એ સમ્યક્ચારિત્ર સ્વરૂપ છે.

મોક્ષ એટલે મોહનો ક્ષય. મોહ એટલે પરવસ્તુમાં મુંઝાવું પરવસ્તુના આકર્ષણને વશ થવું તે મોહ છે. પરવસ્તુના બંધનથી છૂટવાની ક્રિયા તે મોક્ષમાર્ગ છે.

દાન વડે ધનનો મોહ છૂટે છે. શીલ વડે વિષયોનો મોહ છૂટે છે. તપ વડે શરીરનો મોહ છૂટે છે. ભાવ વડે મનનો મોહ છૂટે છે.

જ્ઞાન વડે સ્વ-પરનો વિવેક થાય છે. દર્શન વડે સ્વની રૂચિ જાગે છે. ચારિત્ર વડે સ્વમાં સ્થિરતા આવે છે. તપ વડે તે માટે જરૂરી પરાક્રમ ફોરવાય છે.

વીતરાગ પાસે વૈરાગ્ય મંગાય. નિર્ગ્રન્થ પાસે ત્યાગ મંગાય. તે સિવાયની માગણી તે મતિમોહ છે.

માનવભવમાં સાર ત્રિવર્ગ છે. ત્રિવર્ગમાં પણ સાર ધર્મ છે. ધર્મમાં પણ સાર જિનકથિત ધર્મ છે. તેમાં પણ સાર પંચ પરમેષ્ઠિ છે. પંચ પરમેષ્ઠિમાં સાર અરિહંત દેવ છે.

卐

# ભાવધર્મ

ધર્મના ચાર પ્રકાર છે. દાન, શીલ, તપ અને ભાવ. ભાવ વિનાના દાનાદિ ત્રણ નિષ્ફળ જાણવા.

ભાવ એ મનનો વિષય છે.

આલંબન વિના મન ચંચળ રહે છે.

મનને વશ કરવાનાં આલંબન અસંખ્ય છે, તેમાં નવપદ મુખ્ય છે.

ભાવધર્મની પ્રાપ્તિ માટે નવપદોનું આલંબનધ્યાન મુખ્ય છે.

ધ્યાન વડે સમાપત્તિ થાય છે અને સમાપત્તિ વડે ભાવધર્મની પ્રાપ્તિ થાય છે.

સમાપત્તિ-એ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા રૂપ છે. ધ્યાતા અંતરાત્મા છે, ધ્યેય પરમાત્મા છે અને ધ્યાન એકાગ્રતા છે.

દાનાદિના સેવન વડે મલિન-ચિત્ત નિર્મળ બને છે. નિર્મળ અંતઃકરણમાં ધ્યેયની પ્રતિચ્છાયા એ ધ્યાન છે. ધ્યેયરૂપ નવ પદોમાં નિર્મળ અંતઃકરણથી એકાગ્રતા અને સ્થિરતા થતા તલ્લીનતા આવે છે.

તલ્લીનતા વડે એકતા તદ્રૂપતા થવી તે ભાવધર્મ છે. ધ્યેયના આલંબન વડે ધ્યાતાનો સ્થિર-શુભ અધ્યવસાય તે ભાવધર્મ છે.

આલંબન-ધ્યાન જ્યારે પરિપક્વ થઈને નિરાલંબન બને છે. ત્યારે તે શુદ્ધ ઉપયોગરૂપ થાય છે. અને તે નિશ્ચયથી ભાવધર્મ છે.

ભાવધર્મ વિષય સમાપત્તિ રૂપ છે.

ભાવધર્મ આત્મ સમાપત્તિ રૂપ છે.

ભાવધર્મ સમ્યગ્દર્શનરૂપ છે.

ભાવધર્મ જ્યારે સમ્યગ્દર્શનરૂપ આંશિક આત્મ સાક્ષાત્કાર રૂપ હોય છે, ત્યારે તે નિશ્ચયથી ભાવધર્મ છે.

દેવ, ગુરુ અને ધર્મની ઉપાસના તે વિષય-સમાપત્તિ રૂપ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના તે આત્મસમાપત્તિ રૂપ છે.

આલંબન વડે જ્ઞાનાદિ ગુણોની ઉપાસના થાય છે. ત્યાં સુધી તે વ્યવહાર ભાવધર્મ છે.

## નિશ્ચય ભાવધર્મ

આત્મા, આત્માને વિષે આત્માને જાણે, જુએ અને માણે, ત્યારે તે નિશ્ચયથી ભાવધર્મ છે.

સમ્યગ્દર્શન વિના વ્રતાદિનું પાલન નિષ્ફળ છે, માટે સમ્યગ્દર્શન એ ભાવધર્મ છે.

આત્મજ્ઞાન વિના વૈરાગ્યાદિ નિષ્ફળ છે, માટે આત્મજ્ઞાન એ ભાવધર્મ છે.

નિર્મળ સ્નેહ પરિણામ એ ભાવધર્મનું મૂળ છે અને તેનું મૂળ આત્મદ્રવ્યનું અચિન્ત્ય માહાત્મય છે.

દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારના ધર્મની આરાધનાવડે મુખ્યત્વે, આત્મા જ આરાધ્ય છે. એ હકીકત મુમુક્ષુ આરાધકોના લક્ષ્યમાં રહેવી જોઈએ. આત્માની સેવાનો એ મુખ્યમાર્ગ છે.

## ભાવનું મહત્ત્વ

જગતનો સર્વ વ્યવહાર અનવરત સ્ફૂરણ, કંપ અને ધ્રુજારીને આધારે ચાલે છે. પરમાણુથી પર્યંત પર્વત સઘળું કંપમય અવસ્થામાં છે. તે બધી ચીજોને કંપાવવાની શક્તિ પોતાના વિચારોમાં છે. તે માટે વિચારોને મજબૂત અને તાલબદ્ધ કંપવાળા બનાવવા જોઈએ. ઉચ્ચ ભાવનાઓમાં સતત રમણ કરવું એ જ મન પાસેથી લેવા યોગ્ય ઉત્તમ કાર્ય છે.

મનની ઈચ્છાને સ્વાર્થભાવ પ્રત્યેથી વાળીને સર્વના હિત તરફ વાળવામાં આવે તો, સુખ–દુઃખ, રાગ–દ્વેષ, કામ–ક્રોધની વૃત્તિઓનો અંત આવે છે. તેનું ઉત્પત્તિસ્થાન 'અસ્મિતા' હતું. તે રહેતું નથી. 'અસ્મિતાનું' પ્રથમ રૂપ 'હું' રહેતું નથી. તેનું બીજું સ્વરૂપ 'અહંકાર' છે. તે પણ રહેતો નથી. મનનો સંબંધ પરપદાર્થોમાં સ્વાર્થ પ્રધાન થાય તો 'અસ્મિતા' જાગે પણ નિઃસ્વાર્થભાવે પરહિત ચિંતા સ્વરૂપ સર્વાત્માની સાથે સંબંધ થાય તો 'અસ્મિતા' 'હું' પણું ઉત્પન્ન થઈ શકતું નથી અને તેની સાથે સંબંધ રાખનારી વાસનાઓ પણ જાગતી નથી. મૂલપ્રકૃતિને પરિવર્તન કરવાનો એકનો એક ઉપાય મનનો સંબંધ કેવળ પોતાના જ ભૌતિક સ્વાર્થ સાથે ન થવા દેવો અને સર્વાત્માના હિત સાથે કરવો તે છે. સર્વના સુખની ઈચ્છા જાગ્યા પછી અહંકાર અને મમકારના સ્થાને સમર્પણ અને સેવાભાવ જ ઉભો રહે છે. પરમાત્મભાવને સમર્પણ અને જગતના જીવોની સાથે ઔચિત્યપૂર્ણ વ્યવહાર એ તેનું ફળ છે.

## અહંભાવનું દહન

અહંભાવ જે સંસારભ્રમણનું કારણ છે. તેના 'હ'કારને ઉપર અને નીચે 'ર'કાર-રૂપ અગ્નિ બીજ વડે આરાધક પોતાને પગથી માથા સુધી દહન કરે, જેથી અહંભાવ ભસ્મીભૂત થાય. આથી 'અર્હં'કારની તત્ત્વમયતા સ્થાપિત થાય છે તત્ત્વ એટલે ધ્યેય અથવા રહસ્ય. તત્ત્વવિત્ એટલે યથાર્થ જાણનાર, રહસ્ય જાણનાર. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે સમાધિ તો યોગીઓ જ લગાવે. સમાધિમાં શરીર અને સ્થાન ભૂલી જવાય છે. તેવી અવસ્થાનો માત્ર યોગીઓ જ નહિ પણ પોતાના રોજીંદા જીવનમાં દરેક જીવ અનુભવ કરતો હોય છે. જીવનમાં જે કાર્ય અને જે વસ્તુ ઉપર પ્રીતિ હોય તેવા કાર્યમાં દરેક જીવ (ક્ષણિક) સમાધિનો અનુભવ કરતો હોય છે. એક પ્રેમી બીજા પ્રેમીની યાદમાં પોતાને શું નથી ભૂલી જતો?

આ રીતે જો વિશ્વના સર્વ જીવો સાથે પ્રેમ કેળવાય તો વિશ્વપ્રેમી પરમાત્માની યાદમાં કેટલો આનંદ આવે?

વિશ્વના સર્વ જીવોનું હિત ચિંતવનાર એવા શ્રી અરિહંત પરમાત્માની યાદમાં આનંદ આવવા લાગે ત્યારે સમજવું કે આપણો તેમની સાથે યોગ થઈ ગયો. એથી જે સમાધિ આવશે તેમાં શાશ્વત આનંદનો અનુભવ થશે.

તે યોગ અને સમાધિ સાધવા માટે મનને કેળવવું પડશે. જગતના સર્વ જીવોનું હિત થાય અને સર્વ જીવોનું હિત ચાહનાર અને કરનાર પરમાત્માનો વિજય થાય એ ભાવનાને મનમાં વારંવાર લાવી પડશે. એ ભાવનાના પુદ્ગલો ચૌદરાજ લોકમાં ફેલાઈને સર્વત્ર શાંતિનો પ્રસાર કરશે.

"जय वीयराय जगगुरु" આ મંત્રમય પ્રાર્થના સૂત્રનો અર્થ એ છે કે હે અરિહંત પરમાત્મા! હે જગતના ગુરુ! તમારો જય થાઓ, તેનો ભાવાર્થ એ છે કે વિશ્વમાં શાંતિ પ્રસારનાર ભાવનાનો અને શાંતિ વર્ષાવનાર શ્રી અરિહંત ભગવાનનો વિજય થાઓ. આ મહામંત્રનું જેઓ રટણ કરશે તેઓ ચિત્તની સમાધિ પામશે, સમાધિનું સુખ મેળવશે, શાશ્વત શાંતિનો અનુભવ કરશે.

卐

# ભાવ—માહાત્મ્ય

જૈન સાધુ જગતની દૃષ્ટિએ મહાન સુખી છે, કારણ કે ચોવીસે કલાક તેઓ શ્રી-જિનાજ્ઞાના પાલનમાં પસાર કરે છે. શ્રી જિનાજ્ઞાપાલન એ જ સાચી પ્રભુભક્તિ છે.

પ્રભુઆજ્ઞાના પાલક સાધુને જોઇને જગત રાજી થાય છે, અનેકને પ્રભુભક્તિના કોડ જાગે છે.

દેવ અને ગુરુ આપણા આત્માને ચાહે છે, આપણા આત્માનું હિત ઇચ્છે છે. છતાંય આપણી પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. એમના નિર્વ્યાજ સ્નેહના કારણે જ એમના તરફ આપણને ભક્તિ જાગે છે.

ભક્તિયોગ એટલે ભાવ આપવો. ભાવ આપવો એટલે હૃદય સોંપવું, હૃદયના સિંહાસન પર ઈષ્ટને પ્રતિષ્ઠિત કરવા.

જે સામગ્રી મળી છે, એ સામગ્રીનો ભક્તિ કરીને સદ્ઉપયોગ કરવો જોઈએ.

રાત્રે ઊંઘતા પહેલાં વિચારવું જોઈએ કે, આજે મારી કઈ વસ્તુ બીજાના ઉપયોગમાં આવી?

## દેતાં શિખો, પણ માગો નહિ.

Give me, I lack. (એ માગણી છે.) Use me, I have. (એ દાન છે.)

આપવા છતાંય આપવાનો ભાવ વધતો જતો હોય, તો જ્ઞાન સફળ છે.

બધાં ધર્મી જીવો આપણને ભાવ–આત્મ–સ્નેહ આપે જ છે. પૂર્વ પુરુષોનું બધું આપણને કામ આવે છે. માટે મળેલી સામગ્રીને પરહિતમાં સાર્થક કરવાની પ્રત્યેક પળને સાધી લો.

મોક્ષમાં આપવાનું જ છે, લેવાનું નથી. અહીં લેવડ–દેવડ બન્ને છે. પણ લેવામાં જ્ઞાન, દેવામાં ભાવ હોવો જોઈએ આ બે મુદ્દા અતિ મહત્ત્વના છે.

ભાવથી પ્રભુભક્તિ કરતાં રહીને જગતના જીવોને ભાવ આપવાને લાયક બનીએ.

ભવસ્થિતિને પકવવામાં ભાવદાન એ રામબાણ ઇલાજ છે.

## તીર્થંકર પરમાત્માની આજ્ઞા

શ્રી તીર્થંકર પરમાત્માએ, આપણાં બધાં ઉપર કરેલા ઉપકારોનો કોઈ સુમાર નથી. તેમજ આજે તથા ભવિષ્યમાં પણ એમનાં ઉપકારોની અમીવૃષ્ટિ, અનવરતપણે ચાલુ જ છે અને ચાલુ રહેવાની છે. માટે, શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાને જીવનમાં ખાસ અગ્રીમતા (Special priority) આપવી જોઈએ.

જે કાંઈ કરીએ તે, આજ્ઞાપાલનના ઉદ્દેશપૂર્વક કરવાની જાગૃતિ કેળવવી જોઇએ.

દરેક કાર્યમાં વચ્ચે શ્રી તીર્થંકર પરમાત્મા આવવા જોઇએ. પરમાત્માના ધ્યાનનું આલંબન ક્રિયા દ્વારા સાંપડે છે, માટે ક્રિયા કરવા યોગ્ય છે.

શ્રી તીર્થંકર દેવની આજ્ઞાના પાલનની બુદ્ધિથી જે કાંઈ કરીએ છીએ, તે બધું ધ્યાન છે. માટે જે ધર્મકાર્ય કરવાનું હોય તે કરીને પછી વિશેષ ધ્યાન માટે પ્રયત્ન કરીએ તો ધ્યાન ફળે અને તે ધ્યાનયોગ કહેવાય.

મસ્તક જ્ઞાનનું સાધન છે, હૃદય ભક્તિનું સાધન છે. ભાવ હૃદયમાં ઉત્પન્ન થાય છે. ક્રિયા શરીરમાં થાય છે.

દરેક ક્રિયામાં મન, વચન, કાયા વપરાય છે, એટલે ત્રણે યોગથી સાધના થાય છે. ત્રણ યોગથી ઓછા યોગની સાધના 'અધુરી' ગણાય છે.

આ સાધનાનો બદલો લેવાની જે ઈચ્છા રહે છે, તે ન રહેવી જોઇએ. કારણ કે અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાના પાલન રૂપ ધર્મસાધના એ ઋણ (કર્મ) મુક્તિનો ઈલાજ છે; એટલે ઋણ ચૂકવતાં ચૂકવતાં 'બદલો' માગવા રૂપી નવું ઋણ કોઈ વિવેકી આત્મા પોતાને માથે ન જ ચઢવા દે.

હા, બીજા ઉપબૃંહણા કરનારા હોય, તો વધારે ઉલ્લાસ રહે છે. બધા એવા મળે તો દરેક ધર્મક્રિયામાં ઉલ્લાસની માત્રા વધતી જ જાય છે.

## ભાવ આપવાનું છે.

બધાં જ ભાવ (Genuine Love or Inner good-will) માગે છે. જ્ઞાન નથી માગતા. માણસ માત્રને મુખ્ય જરૂર ભાવની છે, જ્ઞાનની તે પછી. ભાવની ભૂખ બધાને છે અને ભાવ આપતાં થાક લાગે છે. જ્ઞાન આપતાં (શિખામણ, સલાહ વગેરે) ભાગ્યે જ કોઈ થાકે છે.

હિતકર બાબત એ છે, કે **જ્ઞાન લેવું અને ભાવ આપવો જોઇએ.** પણ આપણે ઉંધું કરીએ છીએ. સવળીને બદલે અવળી ચાલ ચાલીને આત્મપ્રગતિ સાધવાનો મિથ્યા પ્રયાસ કરીએ છીએ.

માગવા છતાં ન આપે તે કૃપણ કહેવાય. અને માગે તે ભિખારી. આપણે ભાવના ભિખારી છીએ અને આપવામાં કૃપણ છીએ.

મતલબ કે ભાવ આપવાને બદલે યાચીએ છીએ. જ્ઞાન ગ્રહણ કરવાને બદલે આપવા માટે અધીરા બની જઈએ છીએ.

શ્રી તીર્થંકર પરમાત્મા જગતના બધા જીવોને ભાવ આપે છે. અને એ ભાવ પણ સ્વતુલ્યતાનો; એથી જરા પણ ઓછો નહિ.

સમ્યક્ત્વી પણ શ્રી સંઘને ભાવ આપે છે.

ભાવ આપવો, આત્મસ્નેહ આપવો, શુદ્ધ સદ્ભાવ આપવો, આંતરિક આદરભાવ આપવો.

જ્ઞાન ઓછું હોય તો હજીયે ચાલે પણ ભાવની ન્યૂનતા ન ચાલે. ભાવને સમ્યગ્દર્શન સાથે અવિનાભાવ સંબંધ છે, અને સમ્યગ્દર્શનને મુક્તિનું અવંધ્ય બીજ કહેલું છે એ હકીકતને લક્ષ્યમાં લેતાં ભાવનું કેટલું બધું મહત્ત્વ મુક્તિમાર્ગમાં છે, તે સ્પષ્ટ થઈ જાય છે.

## યોગી થવાની પ્રથમ શરત.

खामेमि सव्व जीवे.......
शिवमस्तु सर्व जगतः.......

કોઈ પણ જીવ સાથે અમૈત્રી નહિ. એટલું જ નહિ, પણ સર્વ જીવો સાથે મૈત્રી જોઈએ જ.

અને આવી આત્મીયતા જ 'શિવમસ્તુ સર્વ જગતઃ' બોલાવી શકે, કે જે બોલમાં સચ્ચાઈ હોય, હૈયું હોય, સંવેદન હોય; દંભ-કપટ કે માયાચારનો અંશ પણ ન હોય!

જીવનમાં ક્ષમા અને મૈત્રીની મુખ્યતા એટલા માટે છે; કે કૃપણતા, ક્ષુદ્રતા, કટુતા, ભવાભિનંદિતા એ અનાદિથી આપણા સ્વભાવભૂત બની ગયા છે, જે વાસ્તવમાં, વિભાવરૂપ છે, એટલે તેને દૂર કરવા માટે ક્ષમા-મૈત્રી આદિ વડે જીવનને રંગવું જ પડે; તે સિવાય ધર્મનો રંગ ન બેસે, ન ઉઘડે.

માંગનારને ક્ષુદ્ર કહેવાય અને હોવા છતાં ન આપનારને કૃપણ કહેવાય, તે દોષ આપણામાં અનાદિના છે.

આપણને બીજાના દોષો અને મમ્મણ શેઠની કૃપણતા દેખાય છે. પરંતુ મનુષ્યભવમાં ભાવનો અખૂટ ખજાનો મળવા છતાં પણ આપણે ભાવ આપવામાં કેટલી કેટલી કંજુસાઈ કરીએ છીએ, તે દેખાતું નથી!

ભાવ એટલે...આત્મસ્નેહ. તે ભાવ આપવામાં ઉદાર બનવું જોઈએ.

卐

# ધર્મારાધનની પાયાની રીત

ધર્મ નવ કોટીએ પૂર્ણ બને છે.

ત્રણ કરણ :–કરવું (કરણ), કરાવવું (કરાવણ), અનુમોદવું (અનુમોદન).

ત્રણ યોગ :– મન, વચન અને કાયા.

ત્રણ યોગમાં મુખ્ય મન છે કારણ કે તે સૂક્ષ્મ છે. મનપૂર્વક (મન દઈને) કરે, તે ધર્મક્રિયાનું ફળ વધારે; મન વગરની ક્રિયાનું ફળ ઓછું.

દરેક ક્રિયામાં પ્રધાનતા કાયાની હોવા છતાં, તેમાં મન ભળે છે ત્યારે જ તેની અસરકારકતા (સારી યા નરસી) વધે છે.

ધર્મકાર્યમાં કાયાની પ્રધાનતા હોઇને તેને વશમાં રાખવી પડે. જે પોતાની કાયાને વશમાં ન રાખી શકે, તે વચન અને મનને વશમાં કઈ રીતે રાખી શકે?

સ્થૂલકાયા ઉપર પણ કાબુ ન આવે, તો સૂક્ષ્મમન ઉપર કાબુ કઇ રીતે આવી શકે ?

કાયા અને વચન કરતા મન વધારે ચંચળ છે, માટે મનને વશ કરવા સહુથી પહેલા કાયા અને વચન ઉપર કાબુ મેળવવો જોઈએ.

અસ્થિર અને ચંચળ મન જેમ દુર્ગતિનું કારણ છે તેમ સ્થિર અને પ્રશાંત મન સદ્ગતિનું પણ કારણ છે.

કદાચ કાયબળ ઓછું હોવાથી કાયિકધર્મ ઓછો થાય, પણ અશક્ત કાયામાં ય, મન તો અવશ્ય બળવાન બની શકે છે, માટે અશક્ત દેહાવસ્થામાં પણ મનથી સુંદર ધર્મારાધન થઈ શકે છે.

ધર્મને પરિપૂર્ણ કરવા માનસિક અનુમોદન (બધાનું) થવું જોઈએ.

સોયમાં નહિ પરોવાયેલા ઉત્તમ પ્રકારના દોરાથી પણ ફાટેલું વસ્ત્ર સંધાતું નથી, તેમ કર્મક્ષયકારક ધર્માનુષ્ઠાનની અનુમોદનામાં નહિ ભળેલા એવા મનથી આત્માનો મેલ કપાતો નથી, આત્મશુદ્ધિ થતી નથી. માટે મનને સુકૃતમાં જોડવાનો ખાસ પ્રયત્ન બાલ્યકાળથી જ થવો જોઈએ.

卐

# ધર્મના સાધકને માર્ગદર્શન

છદ્મસ્થ અવસ્થામાં સામાન્ય મનુષ્યોને જ નહિ, પરંતુ મુમુક્ષુઓને પણ પોતાના મનમાં મૂંઝવણ પેદા કરનારા અનેક પ્રશ્નો, અનેકવાર ઊભા થાય છે. અને પછી તેવા મુમુક્ષુઓ પોતાના આપ્તજનો સમક્ષ એમ કહેતા સંભળાય છે કે, 'અત્યારે મારે શું કરવું જોઈએ, એ મારે મન મોટી મૂંઝવણ છે.'

## મૂંઝવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ

કેટલાકને એ પ્રશ્ન મૂંઝવે છે કે, 'નિયમ લઈને તેનો ભંગ કરવાને બદલે, નિયમ લીધા સિવાય જ વ્રતનું પાલન કરવામાં શો વાંધો ?' તો કેટલાકને એ પ્રશ્ન સતાવે છે કે 'દ્રવ્ય પૂજા કરતાં ભાવ પૂજા શું ખોટી ?' વગેરે વગેરે.

આ મૂંઝવણના નિરાકરણનો ઉપાય સાવ સહેલો છે. એ જે વિચારધારામાંથી ઉત્પન્ન થયેલી છે, તે વિચારધારા મૂળમાંથી જ ખોટી છે, એ નિશ્ચય થવાની અત્યંત જરૂર છે.

છદ્મસ્થ અવસ્થામાં આવી સ્થિતિ અનેક વાર આવી જવા સંભવ છે, આવવી સહજ છે.

તેની સામે બચાવ કરનાર કોઈ પણ સમર્થ વસ્તુ હોય તો બે છે. એક આપણો 'વિનીતભાવ' અને બીજી, આપણી તત્ત્વ સમજવા માટેની 'સાચી ધગશ'.

## આગ્રહરહિતતા

સાચી ધગશ હોય તો જ કોઈ એક પક્ષમાં અટકી ન જવાય અને વિનીતભાવ હોય તો જ અતીન્દ્રિય વિષયોમાં બહુશ્રુતોને શરણે રહેવાય. કોઈ પણ વિષયમાં અંતિમ નિર્ણય પર આવતા પહેલાં તેની ચારે બાજુથી પુખ્ત વિચારણા ચાલુ રહેવી જોઈએ. અને જ્યાં સુધી આપ્તપુરુષોનું સમર્થન ન મળે ત્યાં સુધી, 'મતિની અલ્પતા અને શાસ્ત્રોની ગહનતા'નો વિચાર કદી પણ છોડી ન દેવો જોઈએ. અને તે તેઓથી જ બને કે જેઓની તત્ત્વજિજ્ઞાસા ભવ્યત્વના પરિપાકથી જન્મેલી હોય તથા જન્મજાત કુલીનતાને વરેલા હોય તેવા જીવો તત્ત્વ માટે જે કાંઈ મંથન કરે, તેમાં ભૂલભરેલા નિર્ણયો પણ અનેક વાર થાય, છતાં આગ્રહરહિતતા હોવાથી, પ્રજ્ઞાપક મળતાંની સાથે જ, તેઓ અસદ્ નિર્ણયોને ફેરવતાં વાર કરતાં નથી. એ સદ્‌ગુણને શાસ્ત્રોમાં 'પ્રજ્ઞાપનીયપણું' કહ્યું છે.

ગુરુવચને પન્નવણિજ્જ તે, આરાધક હો, હોવે સરલ સ્વભાવ.'

અથવા

'અનુચિત તેહ ન આચરે, વાળ્યો વળે જિમ હેમ.'

એ શબ્દોમાં જ્ઞાનીઓએ એ સદ્‌ગુણને વખાણ્યો છે.

ચિંતનપ્રધાન કેટલાક મુમુક્ષુ ગૃહસ્થોને ભાવપૂજામાં મન વિશેષ આત્માભિમુખ થતું લાગે છે, એ ઘણું જ ઉત્તમ ચિહ્ન હોવા છતાં, તે જ ચિંતનના બળે, 'રોગીને ઔષધની જેમ' દ્રવ્યરોગીને અર્થાત્ આરંભ, પરિગ્રહ, મોહ-મમત્વ અને વિષયાદિકની અંદર રહેલા-ખૂંપેલા ગૃહસ્થ વર્ગને, તે રોગનું નિવારણ કરવા માટે દ્રવ્યપૂજા પણ કેટલી સમર્થ અને ઉપયોગી છે, તે સમજવાની યોગ્યસામગ્રી મળ્યે, સમજાયા સિવાય રહેતું નથી.

## દ્રવ્યપૂજાનું મહત્ત્વ

મહામહોપાધ્યાય પ. પૂ. **શ્રી** યશોવિજયજી મહારાજ રચિત ૧૨૫ ગાથાના સ્તવનના ૮, ૯, ૧૦ એ ત્રણ ઢાળોમાં એ વિષય પૂરેપૂરો સ્પષ્ટ કર્યો છે. જેને વાંચવાથી દ્રવ્યપૂજાનાં પરિણામ—સહૃદય જીવનાં—સતેજ થયા સિવાય રહેતાં નથી.

'દ્રવ્યપૂજા કરનારા બીજાઓનાં જીવન અશુદ્ધ અને મલિન છે,' એમ વિચારવા કરતાં જેઓનાં અંતર મલિન નથી અને જ્ઞાનીઓની આજ્ઞાનું આરાધન કરવાના પરિણામમાંથી જેઓને 'દ્રવ્યપૂજા'ની કરણી કરવી છે, તેઓને એ અનુષ્ઠાન, 'કૂપ'ના દૃષ્ટાંતથી સંસારને પાતળો કરનારું થાય છે, એ વાત સિદ્ધ છે. તેથી ગૃહસ્થોને અપેક્ષાએ ભાવપૂજા કરતાં પણ દ્રવ્યપૂજા પરમ મંગળ કરનારી છે અને દ્રવ્યપૂજાપૂર્વકની ભાવપૂજા જ શાન્તિ આપનારી છે, એવો અનુભવ થયા સિવાય રહેતો નથી.

દ્રવ્ય વિના એકલી ભાવપૂજા થોડો વખત રુચિકર લાગે તોપણ તે રુચિ ચિરંજીવી બનતી નથી. તેને ચિરંજીવી બનાવવામાં દ્રવ્યપૂજાપૂર્વક ભાવપૂજાનો જ્ઞાનીઓએ બતાવેલો ક્રમ એ જ ફળદાયી બને છે, એવો જ્ઞાની પુરુષોનો એટલે પ. પૂ. શ્રી હરિભદ્રસૂરિ આદિ સૂરિપુંગવોનો ચોક્કસ અભિપ્રાય છે.

## પાત્રતા કેળવવાના ઉપાય

'એવું સાંભળવા અને વાંચવામાં આવે છે કે, શુભ અનુષ્ઠાનોમાં વિશેષ શુભભાવની વૃદ્ધિ થાય છે પણ એવું અનુભવમાં આવતું નથી.' ઇત્યાદિ મૂંઝવણભર્યા પ્રશ્નોનું અથવા એવો અનુભવ નહિ થવાનું કારણ તત્ત્વના જ્ઞાનની ન્યૂનતા અથવા અસ્પષ્ટતા સિવાય બીજું કાંઈ હોતું નથી. એ ન્યૂનતા કે અસ્પષ્ટતા શું છે, તત્સંબંધી સ્પષ્ટતા મનનપૂર્વક વાંચવાથી 'શુભઅનુષ્ઠાનો શુભભાવની વૃદ્ધિ માટે અનિવાર્ય છે.' એવો વિશ્વાસ જાગ્યા સિવાય રહેશે નહિ.

'માર્ગાનુસારીના ગુણો એ ધર્મનો પાયો છે' એવો નિશ્ચય યથાર્થ છે એ જ રીતે ધર્મરત્ન પ્રકરણમાં બતાવેલા શ્રાવકના અક્ષુદ્રત્વાદિ એકવીસ ગુણો પણ ધર્મરત્નની પ્રાપ્તિ માટેની યોગ્યતાના મુખ્ય હેતુઓ છે. તથા બીજા પણ પાત્રતા વિકસાવનારા, ઔદાર્ય, દાક્ષિણ્ય, ગાંભીર્ય, ધૈર્ય, સૌજન્ય આદિ ગુણોના વિકાસની પણ ઘણી જરૂર છે. અને એ રીતે પાત્રતા કેળવાયા બાદ 'पात्रमायान्ति सम्पदः' પાત્ર જીવોને સંપદાઓ આવી મળે છે. અર્થાત્ પાત્ર વ્યક્તિઓ તરફ ગુણરૂપી સંપદાઓ બોલાવ્યા વિના કે ઇચ્છા કર્યા વિના પણ, સમુદ્રની તરફ નદીઓ ખેંચાઈ આવે છે તેની જેમ ખેંચાઈ આવે છે.

એટલે પાત્રતા કેળવવાનો વિચાર તેમ જ તે મુજબનો આચાર એ જ સૌથી શ્રેષ્ઠ અને નિર્ભય જીવનમાર્ગ છે. એ ક્રમે ચડેલા આત્માઓના પતનનો સંભવ રહેતો નથી.

અથવા ખૂબ જ ઓછો (સંભવ) રહે છે. તે સંબંધમાં માત્ર એટલું જ વિચારવાનું રહે છે કે. એકલી માર્ગાનુસારિતા ઉપર જ વધારે પડતું વજન આપવા જતાં એ માર્ગાનુસારીપણાના જ ગુણો જેમ કે,

'प्रत्यहं धर्मश्रवणम्', अविरोधेन त्रिवर्गसाधनम्, 'अनभिनिविष्टत्वम्,' वृत्तस्थज्ञान-वृद्धानुसारित्वम्,' दीर्घदर्शित्वम्,' 'विशेषज्ञत्वम्,' कृतज्ञत्वम्,' ઇત્યાદિ ઘણા ગુણો ઘવાય છે.

તેમાં છેલ્લો 'કૃતજ્ઞતા' ગુણ ઘણો મહત્ત્વનો છે. જે સંસાર-અપેક્ષાએ માતા-પિતાદિ ગુરુજન માટે જેટલો લાગુ પડે છે, તેટલો જ ધર્મ અપેક્ષાએ દેવ, ગુરુ, સંઘ ઇત્યાદિ પ્રત્યે પણ લાગુ પડે છે. અને એ બધા ગુણોના ગર્ભમાં આપણને સન્માર્ગ પ્રત્યે દૃઢીકરણપણું ટકાવી રાખવા માટે ઘણી સામગ્રી ગોઠવાયેલી છે, તેથી માર્ગાનુ-સારિતાની વ્યાખ્યા પણ કેવળ 'ન્યાયસંપન્નવિભવાદિ' જેટલી સંકુચિત ન જ રહેવી જોઈએ. અને એ રીતે તે ગુણોની સાધના અપૂર્વ યોગ્યતાને પેદા કરનારી થાય એમાં જરા પણ શંકા નથી.

## આરાધનામાં પ્રમાદ અહંકાર કેમ?

કેટલાક મુમુક્ષુઓની એવી પણ ફરિયાદ હોય છે કે, સામાયિક, પ્રતિક્રમણ, તપ વગેરેમાં હાલ તે મુજબનો ભાવ આવતો નથી કે અનુભવાતો નથી. પણ તેનાથી ઊલટું અભિમાન, દંભ, અવિધિ, આશાતના વગેરે દોષોનો પ્રાદુર્ભાવ સ્વાભાવિક લાગે છે.'

આ ફરિયાદનો ખુલાસો એ છે કે, શ્રી વીતરાગ ભગવંતોએ સમ્યગ્દર્શન આદિ ગુણસ્થાનકોની ઉત્પત્તિ કેવળ નિસર્ગથી કહી નથી. પણ નિસર્ગ અને અધિગમ ઉભયથી કહી છે.

અનેક વખતનો અધિગમ એ નિસર્ગરૂપે પરિણમે છે. ક્રિયાઓ એ અભ્યાસ સ્વરૂપ છે અને અભ્યાસનું જ બીજું નામ અધિગમ છે.

કેવળ ઉપદેશ-શ્રવણ, તત્ત્વચિંતન કે પુસ્તકવાંચનથી 'અધિગમ' થાય અને સત્-ક્રિયાઓનું સેવન નિષ્ફળ જાય, એમ કહ્યું નથી. ઊલટું એમ કહ્યું છે કે, તે તે ગુણ-સ્થાનકને ઉચિત તે તે ક્રિયાઓ અપ્રાપ્ત ગુણને પ્રાપ્ત કરાવે છે, પ્રાપ્તને સ્થિર કરે છે અને વધારે છે.

## અવશ્ય કરણીય ક્રિયાઓ

વળી, 'સામાયિક, પ્રતિક્રમણ, દાન, શીલ, તપ, પૂજન આદિ ક્રિયાઓ ઉપર આટલો અરુચિભાવ શા માટે?' એમ જીવને ખરા અંતરથી પૂછીએ તો જવાબ મળ્યા વિના રહે નહિ કે, 'કેવળ પ્રમાદ સિવાય બીજું કોઈ કારણ છે જ નહિ.' કારણ કે તે બધી ક્રિયા નિરવદ્ય (નિષ્પાપ) છે તેમ જ કોઈને પણ પીડાકારક નથી કારણ કે

તે તે સમયે સમયનો તેથી વધારે સારો ઉપયોગ કરાવે તેવાં બીજાં કાર્યો આપણી સામે છે નહિ. ધનવ્યય કરવો પડે છે એમ પણ નથી અને જે અલ્પ ધનવ્યય કરવો પડે છે, તે પણ યથાસ્થાને છે. શક્તિનો પણ દુર્વ્યય થતો નથી. ઊલટો શારીરિક, વાચિક કે માનસિક શક્તિનો સંચય થાય છે. સમત્વ–ભાવની વૃદ્ધિ થાય છે, એ જ શક્તિનો સંચય છે.

ક્રિયાનાં સૂત્રો પણ જ્ઞાનગંભીર છે, મહાપુરુષોએ રચેલાં છે, પરમ મંત્ર સ્વરૂપ છે. અંતરાત્માને પરમાત્મભાવની સાથે વારંવાર મિલન કરાવી આપનારાં છે. વિવિધ-પ્રકારની મુદ્રાઓ શ્રી તીર્થંકર–ગણધરાદિ મહાપુરુષો પ્રત્યે વિનય–બહુમાનાદિની સૂચક છે. આત્માના જ્ઞાનાદિ ગુણોના વિકાસને અનુલક્ષીને જ આવશ્યકાદિ ક્રિયાઓની રચના થયેલી છે. તેમાં કોઈ પણ જગ્યાએ દંભ, અભિમાન કે સ્વાર્થનું પોષણ છે નહિ.

પરલોક–પ્રધાન સત્પુરુષોએ પારલૌકિક કલ્યાણની સિદ્ધિ માટે એ મંગળકારી ક્રિયાઓ વિહિત કરેલી છે, અને સમગ્ર શ્રી સંઘમાં એવી ઓતપ્રોત કરી દીધી છે કે, એ ક્રિયાઓના બળે સમગ્ર શ્રી સંઘની એકવાક્યતા એકસરખી જળવાઈ રહે છે.

તત્ત્વજ્ઞાન એ ક્રિયાઓનો પાયો છે. સમત્વ એનો પ્રાણ છે. સમાધિ, સદ્‌ગતિ અને બોધિ એનું લક્ષ્ય છે. ગુણવાન પુરુષોનું બહુમાન, પાપની જુગુપ્સા, આત્માનું અવલોકન, સંસારથી પરાઙ્મુખતા ઈત્યાદિ સદ્‌ગુણોનું સાક્ષાત્ આચરણ એની સુવાસ છે.

એ ક્રિયાઓના બળે જ શ્રી સંઘ જીવતો દેખાય છે અને એના બળે જ પાંચમા આરાના અંત સુધી એનું આયુષ્ય ટકાવી રાખવાનો છે.

## ઉપકારક ક્રિયાઓ

જીવનમાં પ્રત્યક્ષ આચરણ વિનાનું કોરું તત્ત્વજ્ઞાન કદી દીર્ઘજીવી બની શકતું નથી. તપ, જપ, દાન આદિ પ્રવૃત્તિઓનો એકસરખો પ્રવાહ વહી રહ્યો છે, તેની પાછળ ક્રિયા-ઓનો જ મોટો ફાળો છે. સર્વ મહાપુરુષોએ જીવનમાં સ્વયં અપનાવીને એને ટેકો આપ્યો છે. પોતાનાથી અધિક ક્રિયાનું આચરણ કરનારને પ્રશંસ્યા છે. એની અંદર થઈ રહેલી અવિધિ, આશાતનાને પોષી નથી, દૂર કરવા પૂરતી તકેદારી રાખી છે. તેમ છતાં મનુષ્ય સ્વભાવની નબળાઈને વશ, થતી અવિધિના અનુબંધને વિધિ પ્રત્યેની ભક્તિ વડે વિચ્છેદ કરી શકાય છે, એમ કહીને આશ્વાસન આપ્યું છે. ‘અવિધિથી કરવા કરતાં ન કરવું,’ એને ઉત્સૂત્ર–ભાષણ કહ્યું છે. ‘કરવું તો વિધિયુક્ત જ કરવું,’ એ મનોવૃત્તિને અભિમાનજનિત ગણાવી છે.

કોઈ પણ ક્રિયા અભ્યાસથી જ શુદ્ધ થઈ શકે છે, તેથી અભ્યાસદશાની અવિધિને આગળ કરીને, અભ્યાસને છોડી દેવાનું કહેવું, એ પ્રમાદને પોષનારું તથા મૂળ વસ્તુનું મૂલ્ય ઘટાડનારું છે, એમ શાસ્ત્રકાર મહર્ષિઓએ ભારપૂર્વક ફરમાવ્યું છે.

અશુભક્રિયાથી અશુભભાવનો અનુભવ થવો જેટલો સહજ છે, તેટલો શુભ-ક્રિયાથી શુભભાવનો અનુભવ થવો સહજ નથી, એ જ એમ બતાવે છે કે, એના અધિક અભ્યાસની અર્થાત્ વારંવારના સેવનની પૂરતી જરૂર છે.

## કક્ષાનો વિચાર

હવે પ્રશ્ન એ રહે છે કે, આપણે નીચલી કક્ષાએ હોઇએ તો ઉપલી કક્ષાની ક્રિયા આપણને કેવી રીતે લાભ કરે ? ચક્રવર્તીનું ભોજન રંકને કેમ પચે ? મંદાગ્નિવાળાને પૌષ્ટિક ખોરાક કેવી રીતે લાભ કરે ?

અહીં કક્ષાનો વિચાર બે રીતે છે.

એક પ્રવૃત્તિરૂપે અને એક પરિણતિરૂપે.

પરિણતિ તો ક્રિયાસાધ્ય છે, અને આવ્યા પછી ક્ષણવારમાં ચાલી જનારી પણ છે. તેથી પરિણિત વડે કક્ષાનો વિચાર અશક્ય છે. માત્ર પ્રવૃત્તિ વડે જ કક્ષાનું માપ નીકળી શકે છે.

તો જેઓ જૈનકુળમાં જન્મ્યા છે, ઉત્તમ કુળના આચારોનું સહજ રીતે પાલન કરી રહ્યા છે, જેઓના ઘરમાં માંસ-મદિરાનું ભોજન કે વેશ્યાગમનાદિ નીચ કાર્યોનું સેવન છે નહિ, હલકા કુળને ઉચિત એવા જીવવધના વ્યાપાર કે અશુચિ કર્મો નથી, જેઓને પરલોક ઉપર શ્રદ્ધા છે, આત્માનું હિત કરી લેવું એ જ જન્મનો સાર છે, એવા સુસંસ્કારો જેઓને વારસામાં મળેલા છે, જેઓ જીવતાં બોધિ, મરતાં સમાધિ અને પરલોકમાં સદ્ગતિને નિરંતર ઇચ્છી રહ્યા છે, જેઓને વીતરાગ પરમાત્મામાં દેવાધિદેવ-પણાનો, નિર્ગ્રન્થમાં ગુરુપણાનો અને આગમોમાં સર્વજ્ઞ-નિરૂપતિપણાનો વિશ્વાસ છે તથા ધર્મમાં જીવદયા અને જીવની જયણા એ જ મુખ્ય છે, એવી નૈસર્ગિક શ્રદ્ધા ધરાવી રહ્યા છે, તેવા જીવો આ ક્રિયાના અધિકારી નથી, એમ તો કોઇ અજ્ઞાની, કોઇ દુરાગ્રહી કે કોઈ પુદ્ગલાનંદી જ કહી શકે.

ઉપર વર્ણવ્યા તેના કરતાં વધારે સારા સંસ્કારવાળા બીજા કયા મનુષ્યો છે કે જેઓ આ ક્રિયાના ખરા અધિકારી છે અને બીજા નહિ ? જો નથી તો પછી આવા ઉચ્ચ સંસ્કારવાળાનાં ઘરોમાં નિરંતર સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, વ્રત-નિયમ, દાન, શીલ, અને તપ-જપાદિ ક્રિયા સતત થતી રહે તેમાં ખોટું શું છે ?

આ તો ઢાલની એક બાજુ થઇ.

તેની બીજી બાજુ પણ છે. અને તે આ ક્રિયાઓ કરનારા પૈકી કેટલાકમાં દેખાતી જડતા, અવિચારિતા, સ્વાર્થલોલુપતા, બહાર આવવાની કે લોકમાં સારા દેખાવાની મનોવૃત્તિ ઇત્યાદિ કે જે દુર્ગુણોરૂપે દેખા દે છે. પણ તે ( અનેક પ્રકારની નબળાઇઓને વશ જીવોમાં ) અનિવાર્ય છે. અથવા જ્ઞાન-પ્રકાશથી તેને હઠાવી શકાય છે.

## ધર્મક્રિયાની રૂચી

એક તો સામાન્ય રીતે ધર્મક્રિયા કરનારાઓ. સમગ્ર સમાજની દૃષ્ટિએ અલ્પ સંખ્યામાં હોય છે. માત્ર પર્યુષણાદિ પર્વોમાં જ તેની અધિકતા દેખાય અને તે વર્ગ કવચિત્ ધર્મક્રિયા કરનારો હોવાથી તેમાં ભૂલો નજરે પડે છે. છતાં એકંદર વિચાર કરતાં તેવી ભૂલવાળી ક્રિયાઓ વડે તેઓમાં એવો એક ભાવ તો પોષાય છે કે, જીવનમાં ધર્મનું સ્થાન છે અને ધર્મ પણ કાંઇક શાન્તિ અને સુખ આપે છે, તે માન્યતા ટકાવી રાખવામાં પણ તેમનો મોટો ફાળો છે. પ્રતિપક્ષમાં એ રીતે ક્રિયાઓ છૂટી જવા પછી જૈન કોણ, અજૈન કોણ, ધર્મ શું, અધર્મ શું એનો ભેદ રહેવો આ વિષમકાળમાં ઘણો દુષ્કર છે.

આત્મશુદ્ધિમાં સહાયક આ ક્રિયાઓ કરવાથી આપણા પોતામાં અર્થાત્ ક્રિયા કરનારમાં દંભ કે મિથ્યાભિમાનનું પોષણ થાય છે, એવી એકાન્ત માન્યતા સર્વથા અસંગત છે. ઊંડા તત્ત્વમંથન પછી જે ક્રિયાઓ થાય તે વડે દંભ, અભિમાન પોષાય એમ બનવું અશક્યપ્રાય છે. તેમ છતાં જે સાધકને એમ લાગે કે લાગતું હોય તો તે ઘડાયેલી મિથ્યા કલ્પનાઓ કે અસંગત વિચારણાઓને લીધે છે, એમ જ માનવું જોઇએ. એ કલ્પનાઓ અને વિચારણાઓ અસત્ય અને અશાસ્ત્રીય છે, એમ નક્કી થવાની સાથે એ ભ્રમણાઓ આપોઆપ વિલય પામી જનારી છે.

કેટલાક સાધકો જાપ, શાસ્ત્રપાઠ આદિ ક્રિયાઓને 'અચરે અચરે રામ' જેવી જણાવતા હોય છે.

પણ તેમણે એ સમજવું જોઇએ કે, 'અચરે અચરે રામ !' બોલનાર પોપટ એ જ કારણે અન્ય પંખીઓ કરતાં ઊંચો ગણાય છે. અને બીજી બાજુનો વિચાર કરતાં એ ક્રિયાઓ કરનારાઓમાં પણ આજે ઘણા સાધુ, ઘણાં સાધ્વીજીઓ, ઘણા શ્રાવક અને ઘણી શ્રાવિકાઓ એવી નીકળશે કે જેઓ પોપટપાઠ નથી કરતાં પણ એ ક્રિયા કરતી વખતે આત્મિક આનંદ અને જ્ઞાનીઓની આજ્ઞાનું પાલન કર્યાનો સંતોષ અનુભવે છે. તથા શ્રી તીર્થંકરદેવો સત્પુરુષો અને મહાસતીઓનાં નામસ્મરણાદિ વડે પોતાના જન્મને ધન્ય અને કૃતાર્થ તરીકે અનુભવે છે. કારણ કે એ ક્રિયાઓનાં સૂત્રોની પાછળ પૂર્વાચાર્યોએ ઘણું સાહિત્ય વિસ્તાર્યું છે અને ભાષામાં પણ ઘણું ગોઠવ્યું છે. તેથી તેનું પદ્ધતિસર જ્ઞાન પણ સમાજમાં ફેલાતું જ રહે છે.

જોકે આજે અન્ય ક્ષેત્રોમાં વિદ્યાનો વિકાસ તથા ભાષાજ્ઞાનનો પ્રચાર જેટલા પ્રમાણમાં વધી રહ્યો છે, તેટલો આપણે ત્યાં દેખાતો નથી. પણ આત્માના આરોહણના માર્ગમાં તેવો પ્રમાદ તો રહેવાનો જ. અને એને દૂર કરવા માટે પણ કાળે-કાળે મહા-

પુરુષો, યુગપ્રધાનો આદિ જન્મતા જ રહે છે કે જેઓ ફરીથી ક્રિયાઉદ્ધાર ઇત્યાદિ કરે છે અને ક્રિયાની પાછળ, ભુલાયેલું કે ભુલાતું જતું જ્ઞાન ભેળવે છે.

એટલે હાલના મનુષ્યોમાં દુઃષમકાળના પ્રભાવે દેખાતી શિથિલતાઓને વધુ પડતું વજન આપવા કરતાં આપણું કર્તવ્ય, ખૂટતું જ્ઞાન ઉમેરવામાં છે. અને એ રીતે શુભકરણી દ્વારા શાસનનો ઉદ્યોત અને ટકાવ તથા પ્રભાવ વધારવામાં વધુ કલ્યાણ સાધી શકાય એમ છે, એવી માન્યતા દૃઢ કરવામાં છે.

## દ્રવ્ય વિના ભાવ ન હોય

यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशुन्याः । તથા 'ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન' એ વાક્યો શાસ્ત્રોનાં છે. એ સત્ય છે તોપણ, 'દ્રવ્ય વિના ભાવ હોય નહિ' 'અનંત વાર દ્રવ્ય ચારિત્રના પાલનપૂર્વક શ્રુતધર્મની આરાધના થાય, ત્યારે કોઈ વાર જીવમાં વીર્યોલ્લાસ જાગે અને ગ્રન્થિભેદ થાય.' એ પણ શાસ્ત્રોનાં જ વાક્યો છે. તે બંનેની સંગતિ જેવી રીતે થાય, તેવી રીતે તાત્પર્ય કાઢવાં જોઈએ.

જેઓ કેવળ દ્રવ્યને જ મુખ્ય માનીને ચાલે છે, તેઓ માટે ભાવનો ઉપદેશ છે અને જેઓ 'ભાવ' પ્રત્યે જ ઢળેલા છે, તેઓને દ્રવ્યની જરૂરિયાતનો ઉપદેશ છે.

વસ્તુતઃ બધાં કારણો મળવાથી કાર્ય થાય છે. અંતિમ (અનંતર) કારણને માનવું એ ભાવનયનો વિષય છે અને પરંપરા કારણસામગ્રીને પણ કાર્ય સાધક માનવી, એ દ્રવ્યનયનો વિષય છે. ઉભય નયનો સુમેળ એ જૈન શાસન છે.

## પ્રવૃત્તિની મુખ્યતા

કેટલાક સાધકો એમ કહેતા હોય છે કે 'પોતાની રુચિની–પોતાના પેટની ભૂખની બીજાને શી ખબર પડે ?'

વાત સાચી હોવા છતાં સાવ સાચી નથી. કારણ કે–એ રુચિ યા ભૂખની પણ જ્ઞાનીઓને ખબર પડે છે. એટલા જ માટે જ્ઞાનીઓ એ ગુણસ્થાનકના ભેદ પાડીને પ્રત્યેક ગુણસ્થાનકને યોગ્ય કરણીઓનો પણ સ્પષ્ટ નિર્દેશ કર્યો છે, અને ગુણસ્થાનકને સમજવા માટે 'પરિણતિ' નહિ, પણ 'પ્રવૃત્તિ'ને જ મુખ્ય માની છે. એ વાત ઉપર જણાવી છે. પોતે કઈ કરણી, કયા વ્રત–નિયમ આદિને ઉચિત છે, એ જાણવા માટે ગુર્વાદિકનું અવલંબન પણ બતાવ્યું છે. એ રીતે પરીક્ષા કરીને પોતાની રુચિ યા ભૂખને સર્વથા અનુરૂપ પોતાની ભૂમિકા સમજી શકાય છે.

એકલી નિરપેક્ષ 'માર્ગાનુસારિતા' ઉપર ભાર દેવાથી 'માર્ગાનુસારિતા' જ ઊડી જાય છે. એકલી નિરપેક્ષ 'સર્વવિરતિ' ઉપર ભાર દેવાથી 'સર્વવિરતિ' જ ઊડી જાય છે.

પણ એ બધી વસ્તુઓને જો સાપેક્ષપણે રાખીને વિચારવામાં આવે તો જેમ 'માર્ગાનુસારિતા' સમ્યગ્દર્શનને અને વિરતિને લાયક બનાવે છે, તેમ 'વિરતિ' તથા 'સમ્યગ્દર્શન'ને ઉચિત કરણીઓ માર્ગાનુસારિતાને મેળવી આપે છે. કારણ કે તે કરણીઓ પરસ્પર વિરોધી નથી, કિન્તુ પરસ્પરને પોષક છે.

## અનુપમ ઉપકારી શ્રી સંઘ

આજે જે કેટલોક વિરોધાભાસ જણાય છે, તે વર્તમાનમાં શાસનના ગણાતા પુરુષોમાંની કેટલીક નબળાઈઓનું ફળ જાણવું. પણ એવી નબળાઈઓને એક ઝપાટે દૂર કરવાનો કોઈ પણ ઉપાય આ જગતમાં છે નહિ. કર્મની બળવત્તરતા અને તેની પરતન્ત્રતાની સામે કોનું ચાલી શક્યું છે ? પણ તેથી શાસનને શું ? શાસન તો અવિચ્છિન્ન છે. ત્રિભુવનપતિને પણ પૂજ્ય એવો શ્રી સંઘ તો સદા વિજયવંત છે. પુરુષ-રત્નોની ખાણ છે. અનેક પુણ્યપુરુષો પૂર્વે તેમાં થયા છે અને ભવિષ્યમાં અવશ્ય થવાના છે.

આવા અનુપમ શ્રી સંઘના આધારે ભવ્યાત્માઓનું કલ્યાણ છે. પણ કેવળ વ્યક્તિ-ઓના આધારે શ્રી સંઘનું કલ્યાણ કે અકલ્યાણ નથી. શ્રી સંઘના આધારે વ્યક્તિઓ છે, તીર્થો છે, ચૈત્યો છે, શાસ્ત્રો છે, પર્વો છે, મંત્રો છે અને દાન, શીલ, તપ આદિ સઘળા પ્રકારની આરાધનાઓ છે.

અજ્ઞાનીઓના સમૂહને સંઘ ન કહેવાય એ વાત જેટલી સત્ય છે, તેટલી સત્ય બીજી વાત એ છે કે, શ્રી સંઘને અજ્ઞાનીઓનો સમુદાય, જે તે વ્યક્તિથી ન કહેવાય.

વ્યક્તિ કરતાં શ્રી સંઘનું બળ વધારે છે, વ્યક્તિના ગુણો કરતાં શ્રી સંઘના ગુણો અધિક છે, વ્યક્તિના જ્ઞાન કરતાં શ્રી સંઘનું જ્ઞાન વધારે છે. વ્યક્તિની આરાધના કરતાં શ્રી સંઘની આરાધના વિપુલ છે, વ્યક્તિની યોગ્યતા કરતાં શ્રી સંઘની યોગ્યતા વિશેષ છે, વ્યક્તિના ટકાવ કરતાં શ્રી સંઘનો ટકાવ લાંબો છે, વ્યક્તિના પાવિત્ર્ય કરતાં શ્રીસંઘનું પાવિત્ર્ય વધારે છે. 'જ્યાં પંચ ત્યાં પરમેશ્વર' એ કહેવત નિરાધાર નથી.

**ગુણહીન સમુદાયને હાડકાંનો માળો કહ્યો છે તે સાપેક્ષ છે, શ્રીસંઘને પોતાનું સંઘત્વ ટકાવી રાખવા માટે એક પ્રેરણારૂપ છે. પણ એ વાક્યનું અવલંબન લઈ પ્રત્યેક અજ્ઞાની, અલ્પજ્ઞાની કે મિથ્યાજ્ઞાની તેમ ન બોલી શકે. તે બોલવાનો અધિકાર ભવભીરુ, સંવિજ્ઞ, ગીતાર્થ, પ્રવચનવત્સલ અને કરુણાસમુદ્ર એવા જવાબદાર અધિકારી પુરુષોને છે. તેથી શ્રી સંઘને પ્રેરણા મળે છે. અનધિકારી વ્યક્તિઓ તે વાક્યના પ્રચાર દ્વારા શ્રી સંઘની અશાતના કરે તો અનંત પાપ ઉપાર્જન કરીને અધોગતિ પામે.**

### લજ્જાગુણ

લજ્જાગુણની બાબતમાં કેટલાક સાધકોને એ પ્રશ્ન મૂંઝવે છે કે, 'જેથી પોતાનો નાશ થતો હોય તેવી લજ્જા ગુણોની કોટિમાં કેવી રીતે આવી શકે?'

નહિ જ, પણ જે લજ્જાથી સુકુળની મર્યાદાઓ જળવાતી હોય, જે લજ્જાથી વિષય વૃત્તિઓ ઉપર અંકુશ આવતો હોય, જે લજ્જાથી અજ્ઞાની જીવો જ્ઞાનીનું અનુસરણ કરતા હોય, જે લજ્જાથી અનેક વ્યસનો અને દુર્ગુણોથી બચી શકાતું હોય તથા પવિત્ર ધર્મકરણીઓ થતી હોય, તે લજ્જા એક પરમ સદ્ગુણ છે. અને તે ઉત્તમ આત્માઓમાં જ સંભવી શકે.

'लज्जा गुणौघजननी ।' લજ્જા ગુણસમૂહની જનેતા છે.

લજ્જાગુણને વરેલો આત્મા કદી પણ અકાર્ય નહિ કરે તથા સત્કાર્ય કરવામાં ખરી નિર્ભયતા તેનામાં જ આવી શકશે.

પૂર્વે મહાસતીઓએ સતીત્વના ગુણના પાલન ખાતર જે નિર્ભયતાઓ દાખવી છે, તેમાં તેમના લજ્જાગુણનો પણ ઘણો ફાળો છે.

જેથી પોતાનો નાશ થતો હોય તેવી લજ્જા ગુણની કોટિમાં ન જ આવી શકે, પરંતુ જેનાથી પોતાનું રક્ષણ થતું હોય તેવી લજ્જા વડે અથવા જે લજ્જા વડે વર્તમાનમાં નહિ પણ આગામી કાળમાં મહાન લાભ થનાર છે, તેવાં કાર્યોમાં સમજ્યા વિના કે ભાવ વિના પણ મહાન પુરુષોની મર્યાદા ખાતર પ્રવર્તવાનું થતું હોય, તે લજ્જાને પરમ સદ્ગુણ માનવામાં કોઈ પણ જાતનો બાધ નથી.

### આચારઃ પ્રથમો ધર્મઃ

'અનાર્ય જીવોને શ્રી તીર્થંકરદેવોથી પણ લાભ ન થાય, તેમ અનધિકાર ધર્મ-ચેષ્ટા કદી પણ લાભ ન કરે' એવો જે વિચાર કેટલાક સાધકો વ્યક્ત કરે છે તે એકાંત સત્ય નથી.

અધિકાર પ્રાપ્ત થવા માટે પણ કોઈ ને કોઈ ચેષ્ટા જોઈશે જ. જ્ઞાન વિનાની ક્રિયા નિષ્ફળ કહી છે, તેમ ક્રિયા વિનાનું જ્ઞાન પણ નિષ્ફળ કહ્યું છે. પરંતુ એ બંને નય પક્ષ છે. સિદ્ધાન્તપક્ષમાં ક્રિયા અને જ્ઞાનને તુલ્ય બળ છે. ક્રિયાને જ્ઞાન કરતાં અધિક એટલે પ્રથમ સ્થાન પણ સંભવે. જેમ કે જ્ઞાન વિનાની શુભ ક્રિયા સદ્ગતિ અપાવી શકે, પણ ક્રિયાહીન જ્ઞાન સદ્ગતિ આપી શકે નહિ.

કહ્યું છે કે—

'जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खलु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गइए ॥

સ્મૃતિકારો પણ કહે છે કે 'आचारः प्रथमो धर्मः ।' અને વાત પણ સાચી છે, કારણ કે કોઈ પણ કળા શીખવા માટે પહેલી ક્રિયા કરવી પડે, પછી જ જ્ઞાન થાય. જો કે જ્ઞાન અને ક્રિયા બંને સાથે જ ચાલે છે, તોપણ ગૌણ-મુખ્યતા હોય.

પ્રારંભ દશામાં ક્રિયાની જ મુખ્યતા હોય પણ જ્ઞાનની નહિ. પ્રારંભિક ક્રિયા શ્રદ્ધાથી એટલે પરના જ્ઞાનનાં અવલંબનથી થાય, સ્વને જ્ઞાન પછી જ થાય. 'પહેલાં સમજું અને પછી બાપને બાપ કહું,' એમ બોલવાનો અધિકાર નાના બાળકને ન સોંપાય.

આ ક્રિયાઓનું પૂર્ણ રહસ્ય સમજવા માટે આપણે ઘણા નાના—બાળક છીએ. એ વિષયમાં મોટા મોટા જ્ઞાનીઓ પણ પોતાને ઘણા નાના જણાવે છે. સર્વજ્ઞ ભગવંતો સિવાય બીજા તેનો અંશ જ જાણી શકે. બીજું બધું આપ્ત પુરુષો ઉપરના વિશ્વાસથી માનવાનું રહે છે, એ વસ્તુ દૃઢ કરવા માટે શાસ્ત્રકારોએ અણુસમજ કે અલ્પ સમજથી પણ જ્ઞાનીઓ ઉપરની શ્રદ્ધા અને વિશ્વાસથી લીધેલાં વ્રત—નિયમો અને દેવપૂજનો આદિનું અતુલ ફળ બતાવ્યું છે. અને વાત તદ્દન સત્ય છે કે, તે પવિત્ર ક્રિયાઓનું ફળ સરવાળે અનંતુ બને. તેનો ખરો મહિમા ફળ મળ્યા પછી જ સમજાય.

જ્ઞાની ગુરુઓના ચરણને આધીન રહેલા અનધિકારી પણ ક્ષણવારમાં અધિકારી બની જાય. તેથી શ્રી જિનશાસનની સત્‌ક્રિયાઓ સર્વ રીતે ઉપાદેય છે એથી અધિક શ્રદ્ધા દૃઢ કરીને પણ આપણા માટે કે પરને માટે અધિકારી—અનધિકારીપણાનો વિચાર કરવામાં આવશે, તો આ વિષયમાં ઘણી ઓછી ભૂલ થવાનો સંભવ છે, અન્યથા લાભ લેવા જતાં પૂંજી ખોવા વખત આવે, એ નક્કી જાણવું.

નિર્દંભતાના એકાંત આગ્રહને આધીન થઈને કેટલાક સાધકો એવો પ્રશ્ન પણ કરતા હોય છે કે, 'અનેક વખત રાજાનો પાઠ ભજવનારા નટને રાજ્યપ્રાપ્તિનો સંભવ ખરો ?'

આ તેમ જ આને મળતાં દૃષ્ટાન્તો એકદેશીય સમજવાં. વૈષ્ણવનો વેશ પહેરનાર પારધી પણ વૈષ્ણવ બની જાય. પરિણામની ધારાઓ વિચિત્ર હોય છે. જેવાં જેવાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવો મળે, તેવા તેવા પલટા પરિણામોમાં આવે. તેથી ઉભય પક્ષને પોતપોતાના સ્થાને સરખા મહત્ત્વના જાણીને કદમ ભરવાનાં છે.

## ભવિતવ્યતાવાદનું આલંબન ક્યારે?

કેટલાક સાધકોને મૂંઝવતા આ પ્રશ્નનું નિરાકરણ એ છે કે, જ્યારે જ્યારે અસમાધિ થાય. ત્યારે ત્યારે ભવિતવ્યતાવાદનું આલંબન લેવાથી અસમાધિ ટળી જાય છે અને આત્મા સ્વ—સ્વભાવમાં આવી જાય છે.

ભવિતવ્યતાવાદનું આ રીતનું આલંબન શાસ્ત્રવિહિત છે.

પણ કાર્યની સિદ્ધિમાં એકલી ભવિતવ્યતા કારણ નથી, પરંતુ પાંચે કારણો મળીને કાર્ય થાય છે, એવો જે જિન-સિદ્ધાન્ત છે, તેને આથી જરા પણ બાધા પહોંચવી ન જોઈએ. અન્યથા એ જ ભવિતવ્યતાવાદનું એકાન્ત અવલંબન જીવને પુરુષાર્થહીન અને ચિત્તવિભ્રમ કરાવનારું થાય છે.

કોઈ પણ એકાન્તવાદનું અવલંબન ચિત્ત-સ્વાસ્થ્યને અવસરે મહાન હાનિ પહોંચાડે છે, કારણ કે તે વસ્તુસ્થિતિથી વિરુદ્ધ છે.

મોક્ષમાર્ગમાં 'પુરુષકાર' એ જ અગ્રપદ ભોગવે છે. કારણ કે તે જ એક પ્રયત્ન-સાધ્ય છે. તે સિવાય બીજાં ચાર કારણો એ મનુષ્યને આધીન નથી, પણ શ્રદ્ધાથી માનવાનાં છે. જોકે એ શ્રદ્ધા પણ અત્યંત ઉપયોગી છે અને એના બળથી ચિત્તની સમતોલતા બરાબર જાળવી શકાય છે તથા જ્ઞાનીઓ ઉપર વિશ્વાસની વૃદ્ધિ થવામાં પ્રબળ નિમિત્ત બને છે. પણ તેમાંથી કોઇ એકાદના ઉપર અંતિમ કોટિએ ઢળી પડવાનું થાય તો તે માર્ગથી ભ્રષ્ટ કરાવનાર છે એમ નક્કી માનવું.

ભવિતવ્યતાવાદનું આલંબન લેવામાં જેમ વિવેકની જરૂર છે, તેમ નિર્દોભિકતા કેળવવાનો વિચાર પણ ચિંતનપૂર્વકના વિવેક સિવાય સેવવા જેવો નથી. નહિતર તેમાંથી પણ—

'જેને હું યોગ્ય નથી, તેવી ક્રિયા નહિ કરવાથી નિર્દોભિકતા કેળવી શકાશે' એવી એક માનસિક નબળાઇ પેદા થશે. અને સાધકના જીવનપ્રવાહને છિન્નભિન્ન કરી નાખશે.

એ માનસિક નબળાઈ ઉત્પન્ન થવાનું નિમિત્ત ઊંધું તત્ત્વજ્ઞાન અને તેના ઉપર બંધાયેલો અભિનિવેશ અર્થાત્ એકાંત આગ્રહ છે.

એકાંત આગ્રહ, ભલે પછી તે ભવિતવ્યતાવાદનો હો કે સ્વભાવવાદનો હો, કર્તૃત્વ-વાદનો હો કે અકર્તૃત્વવાદનો હો, તેનું અંતિમ પરિણામ આવા જ પ્રકારનું હોય છે. પરદર્શનોની ઉત્પત્તિ આ રીતે જ થઇ છે અને થાય છે.

## સૌથી મોટો દોષ અસદ્આગ્રહ

તર્કશક્તિ અને બુદ્ધિશક્તિને જેઓ વધારે પ્રાપ્ત થયેલા હોય છે તેઓ અસદ્-આગ્રહમાં આવી જાય તો તેઓનું વધારે પતન થાય છે. પૂર્વ-પુરુષોએ ફરમાવ્યું છે કે—

'आग्रही वत निनीषति युक्तिं, यत्र तत्र मतिरस्य निविष्टा ।

જ્યાં મતિ બેઠી છે, ત્યાં યુક્તિને લઇ જવી તે જ આગ્રહીપણાની નિશાની છે. જ્યાં યુક્તિ છે, ત્યાં મતિને લઈ જવી, તે નિરાગ્રહીપણાનું ચિહ્ન છે. તેથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં 'અસદ્ગ્રહ'ને મોટો દોષ માન્યો છે. પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે—

विद्या विवेको विनयो विशुद्धिः । सिद्धान्त-वाल्लभ्यमुदारता च ॥
असद्ग्रहाद्यान्ति विनाशमेते । गुणास्तृणानीव कणाद् दवाग्नेः ॥१॥

અર્થ : જેમ અગ્નિના કણથી ઘાસના ગંજ બળી જાય, તેમ અસદ્‌ગ્રહથી વિદ્યા, વિવેક, વિનય, વિશુદ્ધિ, સિદ્ધાન્તની વલ્લભતા અને ઉદારતા આદિ ગુણો વિનાશ પામે છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી ફરમાવે છે કે,

'दुरुच्छेदः सतामपि ।'

( આ અસદ્‌ગ્રહને ) સત્પુરુષો પણ દુઃખે કરીને દૂર કરી શકે છે. તેથી તેનાથી બહુ સંભાળ રાખવાની હોય છે.

ધર્મમાં નમ્રતા–અર્પણતાની જરૂર પડતી હોય તો તે આ જ કારણે પડે છે, પરંતુ એકાંત આગ્રહવાળાઓમાં તે નમ્રતા–સમર્પણતા કદી પણ સ્થાન પામી શકતી નથી. તેનું કારણ એ છે કે, કોઈ પણ જાતના એકાન્તવાદમાં વસ્તુસ્થિતિથી વિરુદ્ધ નિરૂપણ કરવાનું હોય છે. તેથી જો તે સંપૂર્ણ સ્વચ્છંદી ન બને, તો બધાનો વિરોધ કેવી રીતે કરી શકે? અને બધાનો વિરોધ ન કરે, તો પોતાનો મત કેવી રીતે સ્થાપી શકે? તેથી એકાન્તવાદ એ જ મિથ્યાત્વ છે, માટે સર્વથા ત્યાજ્ય છે.

નિર્દંભતાનો સમૂળ નાશ કયા ગુણસ્થાનકે થઈ શકે એ હકીકત પણ ધર્મના સાધકોના ધ્યાનમાં રહેવી જોઈએ.

નિર્દંભતાનો સમૂળ નાશ ઠેઠ નવમા ગુણસ્થાનકે થાય છે.

શ્રી જિનશાસનમાં જન્મ્યા પછી સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજાદિ છોડીને બીજી તેવી કઈ ક્રિયાઓ છે કે જે સાધકને આત્મસંતોષ પમાડી શકશે?

જૈનકુળમાં જન્મેલ કોઈ પણ કલ્યાણકાંક્ષી જીવ, શ્રી તીર્થંકરદેવપ્રણીત ધર્મક્રિયાઓ માટે પોતાને અયોગ્ય માનવા પ્રેરાય અથવા અયોગ્ય માનતો થઈ જાય, તે પોતે સેવેલી એકાન્તિક વિચારધારાના ચિંતનનું જ પરિણામ છે. પરંતુ અસદ્‌ગ્રહજન્ય આ નબળાઈ જૈનકુળમાં જન્મેલા કલ્યાણવાંછુ જીવની પ્રકૃતિથી સર્વથા વિરુદ્ધ છે. એટલે જેટલા જોરથી તે ધર્મક્રિયાઓને છોડવાના વિચારને તે આજે વશ થયો છે, તેટલા જ બલ્કે તેના કરતાં અધિક જોરથી તે આવતી કાલે તેને સ્વીકારી લેવા તત્પર બન્યા સિવાય રહેવાનો જ નથી. કારણ કે કોઈ પણ મનુષ્ય પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ આચરણમાં અધિક કાળ ટકી શકતો નથી. અને તે સમયે જ તેને ખરેખરો એ ખ્યાલ આવે છે કે, ભૂતકાળની પોતાની સમજ ખોટી હતી. જે ક્રિયા માટે પોતે પોતાને અયોગ્ય માનતો હતો, તે ક્રિયા માટે પોતે ખરેખર યોગ્ય છે એવી શુદ્ધ સમજ તેના મનમાં દૃઢ થઈ જાય છે.

ધર્મક્રિયા તરફની એકાન્તિક સૂગ પરંપરાએ કેટલી ઘાતક નીવડે છે તે પ્રત્યેક સાધકે સ્પષ્ટપણે સમજી લેવું જોઈએ.

એકલો ભવિતવ્યતાવાદ કે સ્વભાવવાદ માનવાથી પુરુષાર્થવાદ સર્વથા ઊડી જાય છે. એકલો ક્રમબદ્ધ પર્યાયવાદ કે દ્રવ્યોનો એકાંત સ્વતંત્રતાવાદ માનવાથી આખો કર્મસિદ્ધાન્ત ઊડી જાય છે. કર્મ કે પુરુષકાર ઊડી ગયા પછી જીવ અને પુદ્ગલના સંયોગરૂપ જે અનાદિ સંસાર કે તેનાથી જીવનો મોક્ષ, તે પણ ઊડી જાય છે અને સંસાર તથા મોક્ષ ઊડી ગયા પછી ક્રમબદ્ધ પર્યાયનો કે ભવિતવ્યતાવાદ વગેરે વિચાર આપોઆપ ઊડી જાય છે. પછી સાધકને કેવળ શૂન્યકાર કે અંધકાર જ આવીને ઊભો રહે છે. અને એમાંથી પ્રથમ ક્રિયાને છોડવાનો, પછી સત્પુરુષોની આરાધનાને છોડવાનો અને ક્રમે કરીને શુભ સંકલ્પમય સઘળી સત્ પ્રવૃત્તિઓને મૂકી દેવાનો સંક્લિષ્ટ અધ્યવસાય પ્રબળ થતો જાય છે. એનું પરિણામ પરંપરાએ કેવું અને કેટલું ભયંકર આવે એનો વિચાર સાધકે જાતે કરી લેવો. આ વિચારના પરિણામે શાસ્ત્ર-પરિભાષામાં જેને અનંતકાળની નરક અને નિગોદ કહેવાય છે, તેને શરણે અનિચ્છાએ પણ જીવાત્માને થવું પડે, તો જરા પણ ઇન્કાર કરી શકાય નહિ.

શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ જેટલી જ તેઓશ્રીની આજ્ઞાની ભક્તિ કરવાની શુદ્ધબુદ્ધિ અને દૃઢનિષ્ઠા—એ ધર્મના સાધકની સાચી મૂડી છે. આ મૂડી વેડફાઇ જાય તો જીવન વેડફાઇ જાય, આત્મા અધોગતિગામી બનીને અપાર યાતનાઓનો ભોગ બને.

આજ્ઞા કરનારમાં સંપૂર્ણ શ્રદ્ધા કેળવીને જીવન ઘડવું, આત્માને અજવાળવો, પરહિતને પ્રમાણવું—એ ધર્મના સાધકને ખરેખર દિલથી ગમતું થાય છે એટલે અસદ્-ગ્રહનો કચરો તેના મન તેમ જ હૃદયમાંથી નીકળી જ જાય છે અને તેનો આધ્યાત્મિક વિકાસ ઝડપ ધારણ કરે છે.

卐

# ધર્મ સંગ્રહ

શ્રદ્ધા વિના એટલે કોઈ પણ એક સારા વિષયની જિજ્ઞાસા જાગ્યા વિના સાચું જ્ઞાન થતું નથી, સાચું જ્ઞાન થયા વિના વર્તન સુધરતું નથી અને વર્તન સુધર્યા વિના શુભ ધ્યાન સંભવતું નથી.

શુભ ધ્યાન માટે શુદ્ધ વર્તનની જરૂર છે. શુદ્ધ વર્તન માટે સાચું જ્ઞાન જરૂરી છે અને સાચા જ્ઞાનને માટે શુદ્ધ શ્રદ્ધાની જરૂર છે.

મતલબ કે શ્રદ્ધા વિનાનું જ્ઞાન નિષ્ફળ છે. જ્ઞાન વિનાનું ચારિત્ર કાયકષ્ટ છે. ચારિત્ર વિનાનું ધ્યાન, દુર્ધ્યાન છે. દુર્ધ્યાનનું પરિણામ દુર્ગતિ છે.

એટલે યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને ધ્યાન એ ચાર, ધર્મના અંગો થયા.

દુર્ગતિથી ભીરૂ અને સદ્દગતિના રાગી આત્માઓને જેટલી જરૂર શુભ ધ્યાનની છે, તેટલી જ જરૂર ધ્યાનને સુધારનાર સદ્દવર્તનની, વર્તનને સુધારનાર સદ્દજ્ઞાનની અને સદ્દજ્ઞાનને પેદા કરનાર સત્–શ્રદ્ધાની છે.

શ્રી જૈન શાસનની આરાધના એટલે સત્ શ્રદ્ધા, સજ્જ્ઞાન, સદ્દવર્તન અને સદ્દ-ધ્યાન તથા એ ચારને ધારણ કરનારા સત્પુરુષોની આરાધના છે.

એ ચારેમાંથી કોઈની કે એ ચારને ધારણ કરનાર કોઈ એકની પણ અવગણના, એ શ્રી જૈન શાસનની અવગણના છે.

એ ચારેની અને એ ચારેને ધારણ કરનારા સત્પુરુષોની આરાધના એ શ્રી જૈન-શાસનની સાચી આરાધના છે.

એકલું જ્ઞાન કે એકલું ધ્યાન, એકલી શ્રદ્ધા કે એકલું ચારિત્ર મુક્તિને આપી શકતું નથી.

મુક્તિનો માર્ગ એટલે શ્રદ્ધા અને જ્ઞાન, ક્રિયા અને ધ્યાન એ ચારેનો સુમેળ અને એ ચારેની સંપૂર્ણ શુદ્ધિ છે.

અહીં 'શ્રદ્ધા' શબ્દ શ્રદ્ધેય, શ્રદ્ધાવાન અને શ્રદ્ધાદિના હેતુ એ ત્રણેનો સૂચક છે.

એ રીતે 'જ્ઞાન' શબ્દ, જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનનાં સાધન એ ત્રિપુટીને જણાવનારો છે.

'ક્રિયા' શબ્દ ક્રિયા, ક્રિયાવાન અને ક્રિયાનાં સાધનોને તથા 'ધ્યાન' શબ્દ ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોને જણાવનારો છે.

એ ચારેની શુદ્ધિ એટલે અનુક્રમે શ્રદ્ધેય, શ્રદ્ધાવાન અને શ્રદ્ધાના હેતુઓ, જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનનાં સાધનો, ક્રિયા, ક્રિયાવાન અને ક્રિયાના હેતુઓ તથા ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોની શુદ્ધિ.

શ્રી જૈન શાસનમાં શ્રદ્ધેય તરીકે વીતરાગ, તેમને માર્ગે ચાલનારા નિર્ગ્રન્થ અને તેમણે બતાવેલો અનુપમ શ્રુત અને ચારિત્રધર્મ છે.

## વીતરાગ

તેમાં વીતરાગ તે છે કે, જેમણે રાગાદિ દોષો ઉપર સંપૂર્ણ વિજય મેળવ્યો હોય. જે રાગાદિ દોષોએ ત્રણ જગત ઉપર વિજય મેળવ્યો છે, ત્રણ જગતમાં રહેલા જીવો ઉપર જેનો પ્રગટ પ્રભાવ છે, શરીર છોડવા કરતાં પણ જેનો ત્યાગ કરવાનું કામ, જીવને અઘરૂં પડે છે, તેના ઉપર પણ જેઓએ વિજય પ્રાપ્ત કર્યો છે, તે વીતરાગ પરમાત્મા ત્રણ જગતના વિજેતા ગણાય છે.

રાગાદિ એ દોષો ઉપરના એ વિજયનું નામ જ 'વીતરાગતા' છે.

એવા વીતરાગ પરમાત્માની સ્તુતિ કરતાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

'न केवलं रागमुक्तं, वीतराग ! मनस्तव ।
वपुः-स्थितं रक्तमपि क्षीरधारा-सहोदरम् ॥ શ્રી વીતરાગ સ્તોત્ર

**અર્થ** :- હે વીતરાગ ! કેવળ આપનું મન રાગરહિત છે, એમ નથી. આપના શરીરમાં રહેલું રૂધિર પણ દૂધની ધારા જેવું ઉજ્જવળ છે.

આવા વીતરાગ પરમાત્મા ઉપરની શ્રદ્ધા એટલે દોષોના વિજય ઉપરની શ્રદ્ધા અર્થાત જગતમાં જેમ દોષો છે, તેમ તે દોષો ઉપર સંપૂર્ણ વિજય મેળવનારાઓ પણ છે, એવી સચોટ ખાત્રી.

આવી સચોટ ખાત્રી-શ્રદ્ધા દોષોના વિજેતાઓ ઉપર ભક્તિરાગ ઉત્પન્ન કરે છે. તૃષાથી પીડાતો માણસ જળના શરણે જાય છે, તેમ રાગાદિ દોષો જેને ખરેખર પીડાકારક લાગે છે, તેવા જીવો શ્રી વીતરાગના શરણે જાય છે. વીતરાગની ભક્તિમાં ઓતપ્રોત થાય છે.

રાગાદિ દોષોના વિજેતાઓ ઉપરનો આ ભક્તિરાગ-એ એક પ્રકારનો વેધક રસ છે.

વેધક રસ જેમ તાંબાને પણ સુવર્ણ બનાવવાની તાકાત ધરાવે છે, તેમ રાગાદિ દોષોના વિજેતાઓ ઉપરનો ભક્તિરાગ, જીવરૂપી તામ્રને શુદ્ધ કાંચન સમાન-સર્વ દોષ રહિત અને સર્વ ગુણ સહિત શિવ સ્વરૂપ બનાવવાની શક્તિ ધરાવે છે.

દોષ રહિતતા અને ગુણ સહિતતા સમવ્યાપ્ત છે. જેમ અંધકારનો નાશ અને પ્રકાશનો ઉદ્ગમ એક સાથે જ થાય છે, તેમ દોષોનો નાશ અને ગુણોનો પ્રકર્ષ સમકાળે જ ઉદય પામે છે.

શ્રી વીતરાગ પરમાત્મા એ રાગાદિ દોષોના વિજેતા છે, માટે જ ગુણોના પ્રકર્ષવાળા છે.

એ રીતે શ્રી વીતરાગ પરમાત્મા ઉપરની શ્રદ્ધામાં જેમ દોષોના વિજય ઉપરની શ્રદ્ધા વ્યક્ત થાય છે, તેમ ગુણોના પ્રકર્ષ ઉપરની શ્રદ્ધા પણ અભિવ્યક્ત થાય છે.

એ ઉભય ઉપરની શ્રદ્ધાથી જાગેલો ભક્તિરસ જ્યારે તેના પ્રકર્ષપણાને પામે છે, ત્યારે આત્મા એક ક્ષણવારમાં વીતરાગ સમ બની જાય છે.

## નિર્ગ્રન્થ

શ્રી જૈન શાસનમાં શ્રદ્ધેય તરીકે પ્રથમ નંબરે જેમ શ્રી વીતરાગ પરમાત્મા છે. તેમ બીજે નંબરે નિર્ગ્રંન્થ છે.

નિર્ગ્રન્થ એટલે વીતરાગ નહિ, પરંતુ વીતરાગ બનવાને સતત પ્રયત્નશીલ સાધુવર્ય.

ગ્રન્થ એટલે ગાંઠ અથવા પરિગ્રહ...'પરિગ્રહ' શબ્દ મૂર્છાના પર્યાય તરીકેવપરાય છે.

આત્મા અને તેના ગુણો સિવાય, જગતના કોઇ પણ પદાર્થ ઉપર, તેમજ મૂર્છાના અત્યંત કારણભૂત સ્વશરીર ઉપર પણ મમત્વ કે રાગભાવ ધારણ કરવો નહિ, તે નિર્ગ્રન્થતાની ટોચ છે.

આત્મા અને તેના ગુણો ઉપરનો રાગ એ મૂર્છા કે મમત્વ સ્વરૂપ નથી, પરંતુ સ્વભાવોન્મુખતારૂપ છે. તેથી તે દોષરૂપ નહિ પણ ગુણરૂપ છે.

નિર્ગ્રન્થતા ઉપરની શ્રદ્ધા એ વીતરાગભાવ ઉપરની શ્રદ્ધાનો જ એક ફણગો છે.

શ્રી વીતરાગ પરમાત્મા દોષરહિત છે, તો નિર્ગ્રન્થ આંશિક દોષ સહિત હોવા છતાં દોષરહિત થવાને પ્રયત્નશીલ છે.

દોષના અભાવમાં દોષરહિત બની રહેવું એ સહજ છે. દોષ વિદ્યમાન હોય ત્યારે દોષને આધીન ન થવું એ સહજ નથી, કિંતુ પરાક્રમસાધ્ય છે.

દોષ તરફ ઢળવાને બદલે ગુણ તરફ વળવાનું કાર્ય, ઊંચુ વીરત્વ માગી લે છે. બધા જીવો આવું વીરત્વ દાખવી શકતા નથી, પણ શ્રી વીતરાગનો ઉપાસક વીતરાગતાનો રાગી તેમાં સફળ નીવડે છે.

દોષોના હુમલાની સામે અડગ રહેવું અને દોષોને મૂળમાંથી ઉખેડી નાખવા માટે સતત મચ્યા રહેવું, એ જેનું સાધ્ય છે, તે નિર્ગ્રન્થતા વીતરાગતાની સગી બહેન છે.

એ નિર્ગ્રન્થતાને વરેલા મહાપુરુષો પ્રત્યે શ્રદ્ધા Respect for the spiritual heroes વીતરાગતાની ભક્તિનું જ એક પ્રતીક છે.

શ્રી વીતરાગ પરમાત્મા ઉપરનો ભક્તિભાવ–એ જેમ દોષોનો દાહક અને ગુણોનો ઉત્તેજક છે, તેમ નિર્ગ્રન્થ ઉપરનો ભક્તિભાવ પણ દોષદાહક અને ગુણોત્તેજક છે.

## શ્રુત–ચારિત્રધર્મ

શ્રી જૈન શાસનમાં શ્રદ્ધેય તરીકે પહેલો નંબર શ્રી વીતરાગ પરમાત્માનો અને બીજો નંબર નિર્ગ્રન્થ મહાત્માનો છે, તેમ ત્રીજો નંબર શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલા અને નિર્ગ્રન્થે પાળેલા શ્રુતધર્મ અને ચારિત્રધર્મનો આવે છે.

શ્રુતધર્મની શ્રદ્ધા એટલે શ્રી વીતરાગ પરમાત્માના વચનરૂપ શાસ્ત્રે બતાવેલા પદાર્થો અને તત્ત્વો ઉપરનો વિશ્વાસ. 'જીવાદિ દ્રવ્યો અને મોક્ષાદિ તત્ત્વોનું નિરૂપણ

શાસ્ત્રોમાં જે રીતે કહ્યું છે, તે તેમજ છે' એવી દૃઢ પ્રતીતિ. એ પ્રતીતિના યોગે જગતના સ્વભાવ અને મોક્ષનું સ્વરૂપ જેવું છે, તેવું જ જાણવાની અને સમજવાની તક મળે છે અને તેના ફળ સ્વરૂપ ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય છે.

શ્રી વીતરાગ પરમાત્માના વચનોમાં વિશ્વાસ એ તો સમ્યગ્દૃષ્ટિ આત્માના શ્વાસનો પણ શ્વાસ છે. ભરઉંઘમાંથી ઉઠાડીને કોઇ એને પૂછે કે, 'સાચું શું ?' તો એ એજ જવાબ આપે કે, 'સાચું છે શ્રી વીતરાગનું વચન.' એ વચન સાથેનું ત્રિવિધ જોડાણ તે ચારિત્રધર્મનું પાલન.

ચારિત્રધર્મ તેને કહેવાય છે કે, જેમાં બીજાની પીડાનો પરિહાર હોય.

જ્યાં સુધી જીવ, બીજાને પીડા કરનારી પ્રવૃત્તિઓથી પ્રતિજ્ઞાપૂર્વક સર્વાંશે કે અમુક અંશે પણ મુક્ત થતો નથી, ત્યાં સુધી તે નિમિત્તે થતો કર્મબંધ અટકી શકતો નથી. અને કર્મબંધ અટકતો નથી ત્યાં સુધી તેના ફળ સ્વરૂપ જન્મ-મરણ અને તજ્જન્ય પીડાઓ અટકી શકતી નથી.

સ્વ-પીડાનું ઉત્પત્તિ સ્થાન, જાણતાં કે અજાણતાં પરપીડામાં નિમિત્ત બનાય છે તે છે. એ નિમિત્ત મનથી-વચનથી કે કાયાથી લેશ પણ થવાતું હોય ત્યાં સુધી તન્નિમિત્તક કર્મ બંધ ચાલુ રહે છે. એનાથી છૂટવાનો ઉપાય એક જ છે. અને તે હિંસાદિ પાપસ્થાનોથી નિવૃત્ત થવું તે છે.

પરપીડા એ પાપ છે. અને પર-ઉપકાર એ પુણ્ય છે, એ નિર્વિવાદ છે.

પોતાને કોઈ પીડા પહોંચાડે તો તે પાપી છે, એમ માનનારો બીજાને પીડા પહોંચાડતી વખતે પોતે પાપ કરનારો નથી, એમ કઇ રીતે કહી શકે ?

પોતાના ઉપર કોઇ ઉપકાર કરે, તો તે પુણ્યનું કામ કરે છે, એમ જો લાગે છે, તો તે નિયમ પોતાને માટે સાચો છે અને બીજાને માટે સાચો નથી, એમ કોણ કહી શકે ?

વિશ્વના અવિચળ નિયમો અકાટ્ય હોય છે. તે નિયમો રંક અને રાય સહુને એકસરખા લાગુ પડે છે.

કાંટામાંથી કાંટા ઉગે છે, અને અનાજમાંથી અનાજ ઉગે છે. એ નિયમ અનુસાર પીડામાંથી પીડા જન્મે છે. અને ઉપકારમાંથી ઉપકાર ફલિત થાય છે.

ચારિત્રધર્મ એ પરપીડાના પરિહાર સ્વરૂપ અને પરોપકારના પ્રધાન અંગરૂપ છે. તે ચારિત્રધર્મ ઉપરની શ્રદ્ધા અને તેના પાલનના શુભ અને કલ્યાણકારી ફળો ઉપરનો અતૂટ વિશ્વાસ, એ સદ્ભક્તિ અને સદાચરણની પ્રેરણાનું અનુપમ બીજ છે.

પરને લેશ માત્ર પીડા ન થાય અને સંસર્ગમાં આવનાર યોગ્ય જીવોને શુદ્ધ ધર્મની પ્રાપ્તિરૂપ ભાવોપકાર થાય, એવા ચારિત્રધર્મનું પાલન કરવા માટે શ્રી જૈન શાસ્ત્રોમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ અગણિત નિયમો બતાવ્યા છે. તે બધાનો સંગ્રહ ચરણ-સિત્તરી અને કરણસિત્તરીના ૭૦-૭૦ ભેદોમાં અગર સંયમ અને શીલના ૧૮૦૦૦ પ્રકારોમાં થઇ જાય છે. સદાચારના સર્વશ્રેષ્ઠ અંગો તેમાં સમાઇ જાય છે. અને એક પણ અંગ બાકી રહેતું નથી.

ઈચ્છા-મિચ્છાદિક દશ પ્રકારની સામાચારી તે ચક્રવાલ સામાચારી કહેવાય છે.

આવશ્યક-પ્રતિલેખનાદિ પ્રતિદિન (ઓઘ) સામાચારી કહેવાય છે.

આ સામાચારીઓના પાલનમાં સતત ઉપયોગવંત જીવનો, જીવનમાં સદાચારીનો ભંગ કે તેના ફળ સ્વરૂપ કર્મનો બંધ થવાનો અવકાશ રહેતો નથી.

શ્રદ્ધાની શુદ્ધિ માટે શ્રી વીતરાગ પરમાત્મા, નિર્ગ્રન્થ મહાત્મા અને શ્રુત-ચારિત્ર ધર્મરૂપ શ્રદ્ધેય વસ્તુઓ આ ત્રણેયની શુદ્ધિ જોઈએ. એવી શુદ્ધ વસ્તુઓ ઉપરની શ્રદ્ધા, કોઈ પણ આત્માને પવિત્ર બનાવી શકે છે; એમાં કોઈ પણ જાતની શંકા નથી.

## શ્રદ્ધાવાન આત્માદિની શુદ્ધિ

શ્રદ્ધા એક ગુણ છે.

ગુણ, ગુણી વિના રહી શકતો નથી.

શ્રદ્ધારૂપી ગુણને ધારણ કરનારો ગુણી આત્મા છે.

એ આત્માની શુદ્ધિ એટલે તેના સ્વરૂપની શુદ્ધિ.

દૂધમાં મળી જઇને રહેલા પાણીની જેમ, અશુદ્ધિઓ આત્મામાં મળી જઇને રહે છે, નહિ કે ઘઉં-બાજરીની ઓરીમાં ભરેલા ઘઉં-બાજરીની સાથે રહેતી કાંકરીની જેમ.

આત્માનું સ્વરૂપ, આ રીતે યથાર્થ પ્રકારે સમજવું તેમજ સ્વીકારવું જોઇએ કે જેથી તેનામાં બંધ-મોક્ષ, પુણ્ય-પાપ, સુખ-દુઃખ વગેરે (ભાવો) ઘટે.

આત્માને એકાન્ત-નિત્ય માનવામાં આવે, શરીરાદિથી એકાન્ત-ભિન્ન કે એકાન્ત અભિન્ન માનવામાં આવે તો કેવળ શ્રદ્ધા જ નહિ, કિન્તુ બીજા કોઈ પણ ગુણની પુણ્ય-પાપની, સુખ-દુઃખની કે બંધ-મોક્ષની વાત ઘટી શકતી નથી.

શ્રદ્ધા, જ્ઞાન આદિ ગુણો કે સુખ-દુઃખ આદિ અવસ્થાઓ આત્મામાં તો જ ઘટી શકે છે, જો તે કથંચિત્ નિત્યાનિત્ય, કથંચિત્ શુદ્ધાશુદ્ધ કે કથંચિત્ શરીરાદિથી ભિન્નાભિન્ન સ્વરૂપવાળો હોય.

દ્રવ્યથી નિત્ય છતાં પર્યાયથી અનિત્ય, મોક્ષમાં શુદ્ધ છતાં સંસારમાં અશુદ્ધ, નિશ્ચયથી ભિન્ન છતાં વ્યવહારથી અભિન્ન ઇત્યાદિ પ્રકારનો જો આત્માને માનવામાં ન આવે તો શ્રદ્ધાદિ ગુણોની કે બંધ-મોક્ષ આદિ અવસ્થાઓની પ્રાપ્તિ-અપ્રાપ્તિનો વિચાર નિરર્થક બને અને એ વિચારને દર્શાવનારાં શાસ્ત્રો પણ કલ્પિત ઠરે.

શ્રી જૈનશાસનમાં આત્માદિ દ્રવ્યોનું સ્વરૂપ જે રીતે નિત્યાનિત્યાત્મક આદિરૂપે બતાવેલું છે, તે રીતે માનવામાં આવે તો જ મોક્ષમાર્ગનું નિરૂપણ શ્રદ્ધેય ઠરે.

શ્રદ્ધેય પદાર્થોની અને શ્રદ્ધાવાન આત્માની શુદ્ધિની સાથે શ્રી જૈનશાસનમાં શ્રદ્ધા આદિ ગુણોને પ્રગટ કરનારાં સાધનોની પણ શુદ્ધિ બતાવેલી છે. માટે તે સર્વાંગ સંપૂર્ણ શાસન છે.

## શ્રાદ્ધ ઉત્પન્ન થવાના સાધનો

શ્રી જૈનશાસનમાં શ્રદ્ધા ઉત્પન્ન થવાનાં સાધનો બે પ્રકારના કહ્યાં છે.

'तन्निसर्गादधिगमाद्वा'

અર્થાત્ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ નિસર્ગથી અને અધિગમથી કહી છે.

નિસર્ગ એટલે જેમાં આત્મા સિવાય બીજા કોઈ પણ સાધનની જરૂર ન રહે.

અધિગમ એટલે આત્મા ઉપરાંત ગુરુ-ઉપદેશાદિ બીજા સાધનોની આવશ્યકતા રહે.

એકલા નિસર્ગથી કે એકલા અધિગમથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માનવામાં પ્રત્યક્ષ બાધ છે.

વિશિષ્ટ સંસ્કારી આત્માને પૂર્વ-જન્મોના શુભ અભ્યાસથી આ જન્મમાં બાહ્ય નિમિત્ત વિના પણ શ્રદ્ધાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. અને કોઈ જીવને ઉપદેશાદિ મળ્યા પછી જ થઇ શકે છે. માટે એ બંને પ્રકારોને માનવા એ શ્રદ્ધાના સાધનોની શુદ્ધિ છે. એમાંથી કોઈ પણ એક વિશેષનો આગ્રહ તે દુરાગ્રહ છે.

જેમ શ્રદ્ધાની તેમ જ્ઞાનની શુદ્ધિ માટે જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનનાં સાધનોની, ક્રિયાની શુદ્ધિ માટે ક્રિયા, ક્રિયાવાન અને ક્રિયાનાં સાધનોની તથા ધ્યાનની શુદ્ધિ માટે ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોની શુદ્ધિ પણ તેટલી જ જરૂરની છે.

શ્રી જૈનશાસનમાં જ્ઞેય તરીકે અનંત વિશ્વ, તેમાં રહેલા અચેતન પુદ્ગલો, પરમાણુ, પ્રદેશો, સ્કંધો ઉપરાંત જીવ અને પુદ્ગલોની ગતિ અને સ્થિતિ તથા તેનાં સહાયક દ્રવ્યો, એ બધાને અવકાશ આપનાર આકાશ, પરિવર્તન કરનાર કાળ વગેરે પ્રત્યેક પદાર્થો તેના યથાર્થ સ્વરૂપમાં બતાવેલા છે.

જ્ઞાતા આત્મા પણ કથંચિત્ નિત્યનિત્ય, શુદ્ધાશુદ્ધ અને શરીરાદિથી ભિન્નાભિન્ન બતાવેલો છે. તથા જ્ઞાનનાં બહિરંગ સાધનો ઉપદેશાદિ અને અંતરંગ સાધનો ક્ષયો-પશમાદિ યથાસ્થિત વર્ણવેલાં છે. જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ, એ પાંચ મૂળ ભેદો, એકાવન પેટા ભેદો અને અવાંતર સૂક્ષ્મ અસંખ્ય ભેદો સંગત રીતે નિરૂપણ કરેલા છે.

ક્રિયાની શુદ્ધિ માટે સંયમના સત્તર અને ક્રિયાના સિત્તેર વગેરે ભેદો–પ્રભેદો અને તેના પરિણામે પ્રાપ્ત થતાં અસંખ્ય સંયમસ્થાનો બતાવેલા છે.

ક્રિયાવાન આત્માની લેશ્યા, તેની શુદ્ધિ, અશુદ્ધિના પ્રકર્ષ–અપ્રકર્ષથી પ્રાપ્ત થતાં ગુણસ્થાનકનો અને તેના અવાંતર સંખ્ય–અસંખ્ય ભેદો–પ્રભેદો પ્રરુપેલા છે. ક્રિયાના બાહ્ય સાધનો ગુરુકુલવાસ આદિનું અને અભ્યંતર સાધનો વીર્યાંતરના ક્ષયોપશમ આદિનું પણ શુદ્ધ વર્ણન કરેલ છે.

ધ્યાનની શુદ્ધિ માટે ધ્યેય તરીકે મુક્તિ, મુક્તિસ્થાન અને મુક્ત જીવોનું સુખ, ધ્યાતા તરીકે કથંચિત્ નિત્યાનિત્યત્વાદિ સ્વરૂપવાળો આત્મા અને ધ્યાનનાં સાધનો તરીકે બાહ્યઅભ્યંતરાદિ તપના અનેક પ્રકારોનું સુવિસ્તૃત, સુસંગત અને સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેચન કરેલું છે.

આપણે જોયું કે અહિંસા ધર્મના શ્રેષ્ઠ પાલન વિના મોક્ષ પ્રાપ્તિ શક્ય નથી. કેવળ શરીરથી નહિ, પરંતુ વચન અને મનથી પણ પૂર્ણ અહિંસાનું પાલન થવું જોઈએ. કારણ કે મોક્ષપદ સંપૂર્ણપણે અહિંસક છે. એટલે જેમના જીવનમાં સંપૂર્ણ અહિંસાનું પાલન એવી ચરમસીમાએ પહોંચે છે એવા જ આત્માઓ મોક્ષપ્રાપ્તિ માટે લાયક બને છે.

શ્રી જૈન શાસનમાં અહિંસાના પરિપૂર્ણ કાયિક પાલન માટે વિવિધ પ્રકારના ઉત્તમ આચારો બતાવ્યા છે, તેમ વાચિક અને માનસિક અહિંસાના શિખરે પહોંચવા માટે સ્યાદ્વાદ સિદ્ધાંતનું નિરૂપણ કરેલું છે.

સ્યાદ્વાદ એ એક એવા પ્રકારની ન્યાયબુદ્ધિ છે કે જેમાં સત્યના કોઈ પણ અંશનો અસ્વીકાર કે અસત્યના કોઈ પણ અંશનો સ્વીકાર સંભવી શકતો નથી. એટલે સંપૂર્ણ સ્યાદ્વાદી સંપૂર્ણ અહિંસક બની શકે છે.

માર્ગાનુસારિતાના 'ન્યાયસંપન્ન વિભવ'થી માંડીને પ્રકૃતિ સૌમ્યતા પર્યંતના સઘળા (પાંત્રીસે) નિયમોનું પાલન એ સ્યાદ્વાદ-સિદ્ધાન્તને પામવાની અને પચાવવાની પૂર્વભૂમિકા છે.

માર્ગાનુસારિના ગુણોથી આરંભીને છેલ્લે નિરપેક્ષ યતિધર્મના પાલન સુધીના સર્વ સદાચારો સંબંધી સર્વશ્રેષ્ઠ નિયમોને આ ગ્રન્થમાં એવી રીતે વર્ણવી બતાવ્યા છે કે

તેને વાંચનાર-ભણનાર કેવળ ધર્મશાસ્ત્રમાં નિપુણ થાય એટલું જ નહિ પણ સ્યાદ્વાદ, ન્યાય અને તેના આચરણમાં પણ નિપુણ બને.

પ્રત્યેક વિચાર કે ઉચ્ચાર કોઈ એક અપેક્ષાને આગળ કરીને જ થયેલો હોય છે. તે પૂર્ણ સત્ય ત્યારે જ બને કે જ્યારે અન્ય અપેક્ષાઓ તેમાં આવીને ભળે અને વસ્તુ કે વિષયના સમગ્ર રૂપને સ્વીકારવા તૈયાર થાય.

એ રીતે પ્રત્યેક પ્રવૃત્તિ પણ મોક્ષગામી ત્યારે બને કે જ્યારે તેની પાછળ પૂર્ણતાની પ્રાપ્તિનો હેતુ હોય. માત્ર અપેક્ષા વિશેષમાં જકડાવાપણું ન હોય. એક અપેક્ષાને જ આખું સત્ય માનવા-મનાવવાનો મુદ્દલ દુરાગ્રહ ન હોય.

પ્રવૃત્તિ પોતે કદી પૂર્ણરૂપ હોઈ શકતી નથી. કિન્તુ પૂર્ણતા તરફ લઈ જનારી અપૂર્ણ પ્રવૃત્તિઓ પણ પૂર્ણતાનો હેતુ હોવાથી પૂર્ણ મનાય છે.

સ્યાદ્વાદીના અંતઃકરણમાં આ પ્રકારનો વિચાર સદા જાગ્રત હોય છે.

વૃત્તિ અને પ્રવૃત્તિને અહિંસક બનાવનાર તથા સત્યનો ઘાત કે વિરોધ નહિ કરાવનાર એકનું એક સાધન જીવનમાં સ્યાદ્વાદને પરિણમાવવો તે છે.

પચેલું દૂધ, ત્વચા આદિની કાન્તિ દ્વારા તેમ દેહાદિકની પુષ્ટિ દ્વારા છતું થાય છે, તેમ પરિણત થએલો સ્યાદ્વાદ, વિચાર-વાણી અને વર્તનના અહિંસકપણા દ્વારા છતો થાય છે.

કોઇ કહે છે કે જીવ અનાદિથી જ્ઞાનના અભાવે સંસારમાં ભટકે છે, કોઇ કહે છે કે ક્રિયાના અભાવે ભટકે છે, ત્યારે સ્યાદ્વાદી કહે છે કે, '**જીવનમાં સ્યાદ્વાદ પરિણતિના અભાવે જીવ સંસારમાં ભટકે છે.**

મુક્તિમાર્ગમાં આગળ વધવા માટે સૌથી વધારે જરૂરી વસ્તુ, સત્યમાં મમત્વ અને અસત્યનું અમમત્વ છે. એવી સમજણ જ્યારે પ્રગટે છે. ત્યારે જીવમાં સ્યાદ્વાદ રુચિ જાગે છે. પછી તેને સ્યાદ્વાદી પુરુષોના વચનો અને નિરૂપણો અમૃત સમાન મીઠાં લાગે છે.

卐

રાગી પોતાના રાગપાત્રના દોષ જોતો નથી. અને દ્વેષી પોતાના દ્વેષપાત્રના ગુણ જોતો નથી. ગુણ અને દોષને યથાર્થરૂપે જાણવા માટે 'વીતરાગ' થવું જોઈએ.. અને 'વીતરાગ' થવા માટે વીતરાગને નમવું જોઈએ. વીતરાગ પ્રત્યેની યથાર્થ ભક્તિ કેળવવાથી જ વીતરાગ થવાય છે. વીતરાગ પ્રત્યેની ભક્તિનું પ્રેરક તત્ત્વ રાગ-દ્વેષ રહિત થવાની ઉત્કટ ઈચ્છા જ છે.

# ગૃહસ્થધર્મનું હાર્દ

જગતમાં ધર્મ એક જ હોય છે. ધર્મ કદી બે નથી હોઈ શકતા. અહિંસા જો ધર્મ છે, તો હિંસા એ અધર્મ છે. સત્ય એ ધર્મ છે, તો અસત્ય એ અધર્મ જ છે.

બે વિરુદ્ધ વસ્તુ, એક કાળે, એક જ અપેક્ષાથી, એક સ્વરુપવાળી કદી હોઈ શકતી નથી. એક જ વસ્તુ ધોળી અને કાળી એક જ કાળે એક જ અપેક્ષાએ હોઈ શકતી નથી. એક વસ્તુ, એક જ અપેક્ષાએ એક જ કાળે ધોળી, અને કાળી, આ બે પ્રકારમાંથી કોઈ એક જ પ્રકારની અવશ્ય હોય છે.

આ બંને નિયમો ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે–હિંસા અને અહિંસા બંને જેમ ધર્મરૂપ બની શકતા નથી, તેમ બંને અધર્મરૂપ પણ બની શકતા નથી. બેમાંથી એક ધર્મ છે, તો બીજો અધર્મ છે. પણ બંને ધર્મરૂપ કે બંને અધર્મરૂપ બની શકતા નથી.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચે ધર્મસ્વરુપ છે. એ સર્વ સિદ્ધાન્તવાદીઓ અને ધર્મવાદીઓથી નિશ્ચિત થયેલી વાત છે. તેથી હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહ એ અધર્મ અને પાપસ્વરુપ છે, એ વાત પણ નિશ્ચિત થઈ જ જાય છે.

ધર્મ આ રીતે જો એક જ છે, તો પછી ગૃહસ્થોનો ધર્મ અને સાધુઓનો ધર્મ એવા બે ભેદ શાસ્ત્રોમાં શા માટે પાડેલા છે? એવો પ્રશ્ન ઉભો થઈ શકે છે.

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ધર્મ એક જ હોવા છતાં તેને પાળનારાઓની શક્યતા ખાતર તેના બે ભેદ પાડી બતાવવામાં આવ્યા છે.

જેઓ ધર્મ પાળનારાઓની ભૂમિકા સમાન નહિ હોવા છતાં, ભૂમિકા અનુસાર ધર્મનો ભેદ સ્વીકારવાની ના પાડે છે, તેઓ કાં તો ધર્મનું પાલન ઇચ્છતા નથી અથવા ધર્મ પાળવાનો માર્ગ જાણતા નથી.

## ધર્મ—અધર્મ

અહિંસા, સત્યાદિ જ ધર્મ છે અને હિંસા અસત્યાદિ અધર્મ જ છે, એમ નક્કી થયા પછી, ગૃહસ્થ પણ જો સાધુની જેમ સર્વથા અહિંસા, સત્યાદિના પાલનનો આગ્રહ રાખે છે, તો તે તેનું પાલન તો કરી શકતો નથી જ, પરંતુ અધિક હિંસા અને મોટા અસત્યોના માર્ગે બળાત્કારે કે અનિચ્છાએ પણ તેને ઘસડાઈ જવાનું થાય છે.

જૈન શાસ્ત્રોમાં ગૃહસ્થો માટે અહિંસા, સત્યાદિ ધર્મોના પાલન અર્થે, તેમની ભૂમિકા અનુસાર જે માર્ગ યોજવામાં આવ્યો છે, તે કેટલો સુઘટિત, નિર્દોભિક અને સુશક્ય છે, તે વિચારીને તેને સારી રીતે સમજવા જેવો છે.

અહિંસા આદિના ગુણો અને હિંસા આદિના દોષો જાણ્યા પછી પણ આ પ્રકારનો વિભાગ જેઓ પાડી શક્યા નથી, તેમને અહિંસા આદિના પ્રચારના નામે જ કેટલીક વખત હિંસા આદિના પ્રચારક બની જતાં વાર લાગતી નથી.

સર્વ જીવોના પ્રાણનો વધ એ હિંસા સ્વરૂપ છે. તેથી સંપૂર્ણ અહિંસાના પાલન માટે સર્વ જીવોના પ્રાણોનો વધ વર્જ્ય છે. એ સિદ્ધાંતનો સ્વીકાર કરવા છતાં, ગૃહસ્થોને માટે જૈન શાસ્ત્રકારો નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો જ ત્યાગ ફરમાવે છે.

ગૃહસ્થોએ સાધુની જેમ ઘર છોડયું નથી અને સાધુપણું અંગીકાર કરવા માટે ઘર ન છોડે ત્યાં સુધી તેને માથે પોતાના ઘર, કુટુંબ અને આશ્રિતોની રક્ષાની જવાબદારી રહેલી છે. એ સ્થિતિમાં જો એ અપરાધ કરનારની શિક્ષાને પણ સર્વથા વર્જ્ય માને તો અવસરે નિરપરાધી એવા પોતાના આશ્રિતોની હિંસાને અંગીકાર કરનારો થાય છે. અર્થાત્ તે હિંસાથી તો બચી જ શકતો નથી, કિન્તુ નિરપરાધીની હિંસાનો આડકતરી રીતે ભાગીદાર બની જાય છે.

એ જ રીતે જો તે ગૃહસ્થ ત્રસ (હાલતા-ચાલતા) જીવોની સાથે અન્ન વગેરે સ્થાવર જીવોની હિંસાને પણ સર્વથા ત્યજનારો થાય છે, તો અન્નાદિના અભાવે પોતાનો તથા પોતાના કુટુંબનો જ નાશ કરનારો થાય છે.

આરંભાદિ માટે અનિવાર્યપણે થતી હિંસાને ન છોડી શકનાર ગૃહસ્થ પણ સાધુની જેમ સર્વ જીવોની હિંસાના ત્યાગની પ્રતિજ્ઞા પાળવા તૈયાર થાય છે, તો તેનું પાલન કરી શકતો નથી જ, કિન્તુ સ્વલ્પ હિંસાને બદલે અનલ્પ (અધિક) હિંસાને જ આચરનારો થાય છે.

જેમ અહિંસા તેમ સત્ય માટે પણ ગૃહસ્થોને સ્થૂલ અસત્ય વર્જવાનું જ વ્રત ફરમાવેલું છે.

સાધુની જેમ ગૃહસ્થ પણ જો સ્થૂલની સાથે સૂક્ષ્મ અસત્યનું વર્જન કરવાને સજ્જ થાય છે, તો તે વર્જન (ત્યાગ) કરી શકતો જ નથી, કિન્તુ સૂક્ષ્મ અસત્યને બદલે સ્થૂલતર અસત્યોને પણ બોલવાની સ્થિતિમાં મૂકાઈ જાય છે.

## ગૃહવાસ એટલે શું?

ગૃહવાસ એટલે જર, જમીન અને જોરૂ આ ત્રણ વસ્તુઓનો સંગ. આ ત્રણ કે ત્રણમાંથી કોઈપણ એક વસ્તુ વિના જો ગૃહવાસ નભી શકતો જ નથી, તો આપત્તિ વખતે આ ત્રણ વસ્તુના સંરક્ષણ માટે તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ સત્યવ્રત પાળી શકે, એ વસ્તુ તેના માટે શક્ય જ નથી.

એ કારણે શાસ્ત્રકારો ગૃહસ્થોને માટે સ્થૂલ અસત્ય નહિ બોલવાનો જ નિયમ બતાવે છે

લક્ષ્મીના લોભથી ખોટાં લખત કરવા કે પુત્ર–પુત્રીના મોહથી કબુલેલા વિવાહ આદિનો ઈન્કાર કરવો ઇત્યાદિ મોટા અસત્યો કદી પણ ન બોલવા, તેમજ જગતમાં જેનાથી બે–વચનીપણું જાહેર થાય, એ પ્રકારનો અસત્યવાદ કદી પણ ન સેવવો એમ પણ ગૃહસ્થને પાળવાના સત્યના સંદર્ભમાં શાસ્ત્રકારો ફરમાવે છે.

ધન, સ્ત્રી અને પરિવારના મમત્વમાં રહેલો ગૃહસ્થ, ભય-લોભ કે ક્રોધના આવેશમાં સૂક્ષ્મ પણ અસત્યો, ગૃહવાસમાં ન સેવે, એ સ્થિતિ શક્ય જ નથી કારણ કે તેને સ્વધન–સ્ત્રી કુટુંબાદિનું પાલન તથા સંરક્ષણ કરવાનું હોય છે.

ગૃહસ્થને જેઓની વચમાં રહીને ગૃહસંસાર ચલાવવાનો હોય છે, તે બધા સત્ય-વાદી અને નીતિમાન જ હોય, એમ બનતું નથી. એ કારણે અસત્યવાદના આશરે જીવનારા માણસોના પંજામાંથી સ્વઆશ્રિત વસ્તુઓને તેમજ વ્યક્તિઓને ઉગારી લેવા માટે આફત વખતે અનિવાર્ય અસત્યનું તેને સાપેક્ષપણે સેવન કરવું પડે છે. તેનું સેવન પણ જો તે નથી કરતો, તો તે માલમિલ્કત ગુમાવનારો થાય છે અને પછી પોતાનું ઘર ચલાવવા માટે અને પેટ ભરવા માટે, અવસરે મોટાં પણ અસત્યોનો આશ્રય લેનારો બની જાય છે.

અચૌર્યના પાલન માટે ગૃહસ્થોને સ્થૂલચોરીનો નિષેધ છે. વસ્તુના માલિકની રજા સિવાય, વસ્તુને લેવી તે સ્થૂલ ચોરી છે. પરસ્પરની રાજી–ખુશી, કળા–કૌશલ્ય કે સાહસ, હિંમતાદિથી ધન મેળવવું એને પણ જો ચોરી કે અનીતિ તરીકે લેખી લેવામાં આવે તો, ગૃહસ્થનો સંસાર ચાલવો જ અશક્ય છે અને પરિણામે ગૃહવાસ ચલાવવા માટે મોટી ચોરીના ભોગ થયે જ છુટકો થાય છે.

આ જ નિયમ બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રત માટે છે.

જે ગૃહસ્થોથી સર્વથા બ્રહ્મચર્યનું પાલન શક્ય નથી, તેઓએ સ્વદારા સંતોષવ્રત અને પરદારા વર્જનવ્રત અંગીકાર કરવું એ જ શ્રેષ્ઠ છે. અન્યથા મોટા દોષો સેવન કરવાનો પ્રસંગ ઊભો થતાં વાર લાગતી નથી.

પરિગ્રહ માટે પણ પોતાનું કુળ, ઈજ્જત અને પરિસ્થિતિનો વિચાર કરી નિયમ અંગીકાર કરાય છે, તો તે યથાર્થપણે પાળી શકાય છે, અન્યથા તેનો ભંગ થાય છે. અને મોટા દોષોનું સેવન કરવાનો પ્રસંગ ઊભો થાય છે.

સાધુ–માર્ગમાં જ પાલન થવો શક્ય એવો ધર્મ ગૃહસ્થોની આગળ ધરવામાં આવે, તો તે ધર્મનું પાલન તો શક્ય નથી, કિન્તુ પરિણામે અધર્મ સેવનની જ વૃદ્ધિ

થાય છે. આ કારણે જૈનશાસ્ત્રોમાં ધર્મના અધિકારી ભેદે જે બે વિભાગ પાડવામાં આવ્યા છે, તે સર્વથા સુસંગત છે.

સાધુધર્મને લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો આગ્રહ જેમ ગૃહસ્થોને ધર્મથી ચ્યુત કરનાર છે. તેમ ગૃહસ્થ ધર્મને લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો માર્ગ સાધુઓની આગળ મૂકવાથી સાધુ પણ સાધુધર્મથી ભ્રષ્ટ થાય છે, એ વાત પણ અધિકાર-ભેદના ગર્ભમાં આવી જાય છે.

સાધુ-મુનિરાજ સાધુધર્મ યથાર્થપણે પાળે અને એ સાધુધર્મને આદર્શ રાખીને ગૃહસ્થ ગૃહસ્થધર્મને યથાર્થપણે પાળે તેમાં જ શ્રી સંઘ અને શાસનની પ્રભાવના સમાયેલી છે.

કક્ષા મુજબ થતું ધર્મનું પાલન, વ્યક્તિને ઉત્તરોત્તર ચઢિયાતી કક્ષાને પાત્ર બનાવે છે. અને કક્ષાને અવગણનારો નિમ્ન કક્ષામાં ધકેલાઈ જાય છે ધર્મના વિભાગોનું આ હાર્દ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા યોગ્ય છે. જરૂરી વિભાગ કે ભેદ, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઉપકારક છે એ હંમેશા યાદ રાખવું જરૂરી છે.

卐

# દરિદ્રતા નિવારણનો ઉપાય

દુનિયાની દૃષ્ટિએ દરિદ્રતા એક મોટું દુઃખ છે. દરિદ્રતાને કોઈ ચાહતું નથી. દરિદ્ર માણસની ગણના એક તણખલા કરતાં પણ ઉતરતી ગણાય છે. ઘાસનું તણખલું જેટલું ઉપયોગી છે, તેટલી ઉપયોગિતા પણ દરિદ્ર માણસની આ દુનિયામાં દેખાતી નથી.

## દરિદ્રતાનું દુઃખ

એક કવિએ ઉપહાસમાં દરિદ્ર-પુરુષને સિદ્ધ-પુરુષની ઉપમા આપી છે, તે અક્ષરશઃ સત્ય છે. કવિના શબ્દોમાં દરિદ્ર-પુરુષ પોતાની જાતને ઓળખાવતાં જણાવે છે કે ખરેખર હું સિદ્ધ છું, જો એમ ન હોય તો હું આખા જગતને દેખું છું. પણ મને કોઈ દેખાતું નથી, એમ કેમ બને ? અર્થાત્ દરિદ્ર પુરુષની સામે નજર કરવા પણ જગતમાં કોઈ તૈયાર નથી. એવી કંગાલ હાલતમાં સમગ્ર જીવન પસાર કરવું કેટલું કષ્ટદાયક હશે, તે તો તેનો અનુભવ કરનાર જ સારી રીતે જાણે. અને એવો અનુભવ આ દુનિયામાં અનેક આત્માઓને કરવો જ પડે છે.

આજે તો આ દરિદ્રતાનું જ લગભગ સર્વત્ર સામ્રાજ્ય હોય તેમ ભાસે છે. થોડાક ધનવાન માણસોને બાદ કરતાં, મોટા ભાગના મનુષ્યો પોતાનું જીવન કષ્ટથી ગુજારતા જણાય છે. જીવન જીવવાની હાડમારીઓ વધતી જાય છે અને સામગ્રીઓ ઘટતી જાય છે.

ખાવાને અન્ન, પીવાને જળ, પહેરવાને વસ્ત્ર, રહેવાને ઘર અને કમાવાને ધન, એમ દરેક વસ્તુની તંગી વધતી જાય છે. એ બધા વચ્ચે માર્ગ કાઢવો આજે બુદ્ધિમાન અને સમજદાર મનુષ્યોને પણ કઠિન થઈ પડયો છે.

દેશનાયકો અને રાજ્યના અધિકારીઓ અનેક યોજનાઓ ઊભી કરે છે, પરંતુ દરિદ્રતાનો નાશ કરવાને ઊભી કરેલી તે યોજનાઓ જ જાણે નવી દરિદ્રતાને ખેંચી ન લાવતી હોય, તેવો કપરો અનુભવ થાય છે. દરિદ્રતાનું કષ્ટ દૂર કરવા માટે આજના સમયમાં ભારેમાં ભારે પ્રયત્નો થઈ રહ્યા છે, તો પણ તેને જીતી શકાતી નથી. આ એક નક્કર હકીકત છે લોકો તેને વિવિધિ દૃષ્ટિથી જુએ છે. અને તેને આજે નહિ તો કાલે દૂર કરી શકીશું, એમ માનીને વિવિધ પ્રકારના પ્રયત્નોમાં મશગુલ રહે છે. વૈરાગ્ય શતકમાં કહ્યું છે કે—

> अज्जं कल्लं परं परारिं, पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
> अंजलिगयं व तोयं, गलंतमाउं न पिच्छंति ॥

અર્થ : પુરુષો અર્થની પ્રાપ્તિને, આજે નહિ તો કાલે અને કાલે નહિ તો પરમે, એ રીતે થાકયા વિના ચિંતવ્યા કરે છે, પરંતુ પોતાનું આયુષ્ય ખોબામાં રહેલા જળની જેમ નિરંતર ગળતું રહેતું હોવા છતાં તેને જોતા નથી.

## અનેકવિધ દરિદ્રતાઓ

શાસ્ત્રકાર મહર્ષિઓની દૃષ્ટિ દરિદ્રતાના કષ્ટને જુદી જ રીતે જુએ છે. અને તે રીત એ છે કે આ જગતમાં મનુષ્યોને એકલી ધનની દરિદ્રતા જ પીડી રહી છે, એમ નથી પણ રૂપની, બળની, કુળની, જાતિની, આરોગ્યની, આયુષ્યની, બુદ્ધિની, વિવેકની, વિચારની, આચારની અને ધર્મની—આમ અનેક પ્રકારની દરિદ્રતાઓ માનવને ઘેરી વળેલી છે. એમાં એકલી ધનની દરિદ્રતાનો જ આટલો સંતાપ શા માટે?

અનેક પ્રકારની દરિદ્રતાઓ વચ્ચે ભીંસાઇ રહેલો માનવી, જ્યારે એક ધનની દરિદ્રતાનો જ આટલો મોટો અને ખોટો સંતાપ ધારણ કરે છે, ત્યારે ખરેખર તે કોઇ મોટા મોહને આધીન થઇને વર્તી રહેલો છે, એમ કહેવું પડે છે.

## સાચું ધન

**કેવળ ધનનો મોહ એ ખોટો મોહ છે.** ધન જેમ ઉપયોગી છે, તેમ આરોગ્ય કે આયુષ્ય એ શું ઓછાં ઉપયોગી છે?

ધન કરતાં આરોગ્ય અને આયુષ્ય કોટિગણા વધારે કિંમતી છે. છતાં ધનની દરિદ્રતા જ 'દરિદ્રતા' ગણાય તેનું કારણ શું? આથી આગળ વધીને વિચારતાં એ

સ્પષ્ટ થાય છે કે દેહના આરોગ્ય કે આયુષ્ય કરતાં પણ વધારે કિંમત આત્માના જ્ઞાન અને વિવેકની તેમજ સદ્‌વિચાર અને સદાચારની છે. તેની ઘણી તંગી છે પણ તેનો માણસને વિચાર પણ નથી.

**ધનથી માલેતુજાર બન્યો. કાયાથી પુષ્ટ થયો કે આયુષ્યથી મોટો થયો. તેટલા માત્રથી માણસ સુખી બન્યો, એ કલ્પના શું સત્ય છે?**

માણસની ખરી કિંમત તો તેના જ્ઞાનધનથી અને વિવેક-સંપત્તિથી છે. સદ્‌વિચાર અને સદ્‌વર્તન જ માણસનું ખરૂં ધન છે.

## ધાર્મિક દરિદ્રતા ટાળો

મનુષ્યના સુખ અને શાન્તિનો આધાર ધન, રૂપ, બળ કે આરોગ્ય જ નથી, કિન્તુ વિવેક, વિચાર, વર્તન અને આચાર છે. આ વાત આજે લગભગ વિસરાતી જાય છે, પરિણામે આજે ધન-સંપત્તિની પૂંઠે પડેલા માનવીઓ સર્વત્ર જોવા મળે છે, પણ વર્તન અને વિચાર સુધારવાની ધગશ અને તમન્ના ધરાવનારા માનવીઓના દર્શન પણ દુર્લભ બનતાં જાય છે. એનું ખરૂં કારણ, દેશની આર્થિક દરિદ્રતાનો વિચાર કરનાર વર્ગની થતી વૃદ્ધિ તથા દેશની (પ્રજાની) ધાર્મિક-દરિદ્રતાની ચિંતા કરનાર વર્ગનો થતો ઘટાડો હોય એમ નથી લાગતું?

**આર્થિક દરિદ્રતા એ દરિદ્રતા છે અને કષ્ટકારક છે, તો ધાર્મિક દારિદ્રતા એ એથી પણ અધિક મોટી કંગાલિયત છે.** અને એ ભાવી મહાન કષ્ટનો હેતુ છે એ વાત કદી પણ ન ભૂલવી જોઈએ.

આર્થિક દરિદ્રતા કેવળ દેહને કે દેહના એક જન્મને પીડાકારક છે, જ્યારે ધાર્મિક દરિદ્રતા આત્માને, આત્માની, જન્મની પરંપરાઓને તેમજ તે જન્મ-પરંપરાઓનાં સુખ અને શાન્તિની સંતતિને ભારે કષ્ટકારી નીવડે છે.

આર્થિક દારિદ્ર કદાચ ટળ્યું, પણ જો ધાર્મિક દારિદ્ર કાયમ રહ્યું, તો તેથી સુખ અને સંપત્તિ નહિ, પણ દુઃખ અને વિપત્તિનો જ વરસાદ વરસવાનો છે. પ્રત્યેક કાળનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. વિપક્ષમાં ધાર્મિક દારિદ્ર ટળ્યું અને આર્થિક દારિદ્ર ન પણ ટળ્યું, તો પણ માનવીની ઉર્ધ્વગતિ નિશ્ચિત છે.

મનુષ્યની ઉર્ધ્વગતિનો આધાર ધર્મ છે, પણ ધન નથી. આ વાત આજની ઘડીએ સહુથી વધારે સારી રીતે સમજવાની જરૂર છે.

**ધર્મ વિનાનું ધન અધોગતિને આપે છે, જ્યારે ધન વિનાનો પણ ધર્મ ઉર્ધ્વગતિને જ આપે છે.**

આર્થિક બેકારી કરતાં ધાર્મિક બેકારી વધારે ભયંકર છે, એ વાત મનુષ્ય માત્રને જેટલી વહેલી સમજાય, તેટલો વધારે લાભ છે. ધનની પૂંઠે પડેલો માનવી, ધર્મની પૂંઠે કેમ પડતો નથી? શું ધર્મ એ ધન કરતાં હલકી ચીજ છે? ના, એમ નથી. ધર્મ એ ધન કરતાં ખૂબ જ મૂલ્યવાન ચીજ છે. ધનનું પણ અંતરંગ મૂળ ધર્મ જ છે. છતાં માનવી અનેક નિર્બળતાઓને વશ છે તેમાં આ પણ એક તેની અજ્ઞાનજન્ય નિર્બળતા છે, બુદ્ધિનો વિપર્યાસ છે, મોહાંધતાનો આ એક પુરાવો છે, જેથી ધનના મૂળ કારણ રૂપ ધર્મને એ સમજી શકતો નથી.

મોહ અને અજ્ઞાનના અંધાપા નીચે રહેલો માનવી ધનને દેખીને રાચે છે તેમજ નાચે છે, જ્યારે ધર્મ પ્રત્યે એ સરિયામ અરૂચિ દાખવે છે, તેમજ ધર્મની વાત સાંભળીને મોં મરડે છે. ધનનો ચળકાટ તેને આકર્ષે છે, કારણ કે તે દેખવા તેને આંખ છે, ધર્મનો ચળકાટ તેને આકર્ષતો નથી, કારણ કે તેને જોવાની આંખ તેને મળી નથી. મળી છે તો ખુલ્લી નથી એ આંખનું નામ છે વિવેક! જેઓનાં વિવેક ચક્ષુ ખુલી ગયાં છે, તેઓની નજરે ધનનો ક્ષણિક ચળકાટ તેટલો આકર્ષક રહેતો નથી, જેટલો ધર્મનો શાશ્વત–પ્રકાશ રહે છે. ધનના ભોગે પણ તે ધર્મ મેળવવા ચાહે છે. ધર્મ માટે તે ધન છોડવા તૈયાર થાય છે, પણ ધન માટે ધર્મને છોડવા પ્રાણાંતે પણ તે તૈયાર થતો નથી.

આ પ્રકારનાં વિવેકચક્ષુ પ્રાપ્ત કરાવનાર જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન છે. શાસ્ત્રબોધ વડે વિવેક ચક્ષુ પ્રાપ્ત થતાં જ ધનનો ખોટો મોહ માનવીના અંતઃકરણમાંથી પલાયન થઇ જાય છે. અને ધર્મ પ્રત્યે અંતરંગ આદર અને પ્રેમ જાગે છે. એ ધર્મ–પ્રેમ માનવીન સત્ય રસ્તે ચઢાવી અનંત કલ્યાણનો ભોક્તા બનાવે છે.

## સાચો આશ્રય

ધનના અભાવે ધર્મ ન જ થઇ શકે, અથવા ઘણું ધન હોય તો જ ધર્મ થઇ શકે એ વિચાર પણ મોહનો જ એક પ્રકાર છે. ધર્મ માટે વિપુલ ધનની જરૂર નથી અલ્પ ધનમાં કે કોઇ પણ અવસ્થામાં ધર્મ થઇ શકે છે, માનવભવમાં ધર્મ કરવા માટે તો જીવને અનેક પ્રકારની વિપુલ સામગ્રી પ્રાપ્ત થયેલી જ છે, તેનો લાભ નહિ લેતાં ધન પ્રત્યેના મિથ્યા મોહને પોષનારા ખોટા તર્કોનો આશ્રય લેવા માણસ દોરાય છે, તેને શાસ્ત્રજ્ઞાન રોકે છે અને સમજાવે છે કે વર્તમાનમાં ધનનો અભાવ છે તે પરિસ્થિતિ પણ ધર્મના અભાવે જ ઉત્પન્ન થઈ છે અને તેથી આ લોક અને પરલોકમાં સાચું ઉપયોગી ધન પણ જેને જોઇતું હોય, તેણે ધર્મનો જ આશ્રય લેવો હિતકર છે. એ ધર્મનો આશ્રય લેવા માટે મળેલી આ માનવભવરૂપી અમૂલ્ય તકને ફોકટ જતી કરવી, એ વિવેકરૂપી લોચનનો તિરસ્કાર હોઇ, ત્યાજ્ય છે. વિવેકરૂપી લોચનથી ધર્મનું માહાત્મ્ય સમજાય છે. તથા એ ધર્મ એ જ સાચું અને શાશ્વત ધન છે, એમ સ્પષ્ટ થાય છે.

આ ધર્મ ચાર પ્રકારનો છે,-દાન, શીલ, તપ અને ભાવ. તેમાં પ્રથમ દાન-ધર્મનો પ્રભાવ વર્ણવતાં શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે-

धर्मस्यादिपदं दानं, दानं दारिद्र्यनाशनम् ।
जनप्रियकरं दानं, दानं कीर्त्यादिवर्धनम् ॥

અર્થ :- ધર્મનું પ્રથમ સોપાન દાન છે. દાન દરિદ્રતાનો નાશ કરે છે. દાન સૌ કોઈને પ્રિયકર છે. દાન, કીર્તિ, આરોગ્ય આદિને વધારનારું છે.

એક માત્ર ધનના અભાવને જ આગળ કરીને 'હું દુઃખી છું,' એમ વિચારવું કે બોલવું, તે નરી જડતા છે અજ્ઞાન અને મોહનો જ એ ઓડકાર છે. અજ્ઞાની જ આમ વિચારી કે બોલી શકે.

ધન, આત્માનું તેમજ માનવ-પ્રાણીઓને ભલું જ કરે એવો નિયમ નથી. ધનથી સુખ અને શાન્તિ મળે એવો પણ નિયમ નથી, ધન આપી-આપીને શું આપી શકે? એનો વિચાર કરવામાં આવે અને ધર્મ આપી-આપીને કેટલું બધું આપી શકે? એનો વિચાર કરવામાં આવે, તો માનવીને ધનની કમજોરી અને ધર્મનું સામર્થ્ય જરૂર સમજાઈ જાય. ધન એ જ જો જગતનું સાર સર્વસ્વ હોત તો ધર્મ ધુરંધર મહાત્માઓના ચરણોમાં મોટામાં મોટા ધનપતિઓથી માંડીને ચક્રવર્તીઓએ પોતાનાં મસ્તક ન જ ઝુકાવ્યાં હોત.

એથી એમ સાબિત થાય છે કે-ધર્મ જ સાચું ધન છે. બાકીનાં બધા ધન તેની પાછળ ખેંચાઈને આવે છે. ધન કાજે ધર્મ ખોવો તે એક પ્રકારનું આત્મઘાતી પગલું છે. અને ધનના ભોગે પણ ધર્મને મજબૂત રીતે વળગી રહેવું એ જ શાશ્વત સુખ લક્ષ્મી પામવાનો સાચો ઉપાય છે.

卐

# ધાર્મિક શિક્ષણનો હેતુ

छिन्नमुलो यथा वृक्षः गतशिर्षो यथा भटः ।
धर्महीनो धनी तद्वत कियतकालं लछिष्यति ॥

અર્થ :-છેદાયેલા મૂળવાળું વૃક્ષ કે કપાયેલા મસ્તકવાળો સુભટ જેમ વધુ કાળ ટકી શકતા નથી, તેમ ધર્મહીનના ધન, બળ, સુખ કે આરોગ્ય અધિક સમય ટકી શકતાં નથી.

સુખનું મૂળ ધન છે, આરોગ્ય છે, દીર્ઘાયુષ્ય છે, એ સહુ વ્યવહારજ્ઞો સમજી શકે છે પણ ધન, આરોગ્ય કે આયુષ્યનું મૂળ શું છે? તે કોઈ વિરલ મનુષ્ય જ જાણે

છે. ઉપરનો શ્લોક તેના ઉપર પૂર્ણ પ્રકાશ પાડતાં જણાવે છે કે **ધર્મહીનના ધન, બળ, સુખ કે આરોગ્ય અધિક સમય ટકી શકતાં નથી.**

ધર્મ એ ધન, આરોગ્ય કે દીર્ઘાયુષ્યનું જ મૂળ છે એવું નથી; પણ સ્વર્ગ તેમજ અપવર્ગ (મોક્ષ)ના સુખોનું મૂળ પણ તે જ છે. ધર્મ વિનાજ સુખી થઈ શકાશે કે સદ્‌ગતિ મેળવી શકાશે, એમ માનવું એ જ મોટું અજ્ઞાન છે.

'ધર્મના પાયા ઉપર જ આખું વિશ્વ વ્યવસ્થિત ચાલી રહ્યું છે.' એવું જ્ઞાની પુરુષોનું દૃઢ મંતવ્ય અને પ્રરૂપણ છે. તેથી તે ધર્મને તેઓ માત્ર જાણવાનો કે માનવાનો વિષય રાખતા નથી, કિન્તુ આચરવાનો વિષય માને છે.

'ધર્મ એ સુખ-શાંતિનું મૂળ છે,' એમ જ્યારે કહેવાય છે, ત્યારે તે જાણેલો કે માનેલો જ ધર્મ નહિ. પણ આચરેલો જ ધર્મ સમજવાનો છે.

## ધાર્મિક શિક્ષણ

ધાર્મિક શિક્ષણનો યથાર્થ વિકાસ જોઈતો હશે, તો ધર્મ એ આચરવાની વસ્તુ છે, કેવળ ભણવાની જ નહિ, એ જાતનો નિર્ણય સર્વ પ્રથમ કરવો પડશે.

આપણી પાઠશાળાઓમાં ક્રિયાના સૂત્રોની પ્રથમ પસંદગી કરવામાં આવે છે, તેની પાછળ મોટું રહસ્ય છે.

એક અંગ્રેજ કવિએ કહ્યું છે કે,

'Education is the harmonious development of all our faculties.'

શિક્ષણ એટલે આપણી તમામ આવડતનો સુસંવાદપૂર્ણ વિકાસ.

બીજા એક વિચારશીલ લેખકે કહ્યું છે કે,

'The aim of education is not knowledge but action.'

શિક્ષણનું ધ્યેય માત્ર જાણકારી મેળવવી તે નહિ, પણ જ્ઞાનને ક્રિયામાં ઉતારવું તે છે.

કેળવણીનો ઉદ્દેશ માત્ર જ્ઞાન નથી, કિન્તુ ક્રિયા છે. સાચી કેળવણી તે છે કે જે વડે આપણી બધી શક્તિઓનો એકસરખો વિકાસ થાય.

ધાર્મિક કેળવણીનો હેતુ પણ તે જ છે. ધર્મનું શિક્ષણ કેવળ શિક્ષણ ખાતર, ધર્મની માહિતી (Information) મેળવવા ખાતર ન હોવું જોઈએ, પણ ધર્મ વડે આપણા જીવનને કેળવવા માટે હોવું જોઈએ.

ધર્મ વડે આપણા સમગ્ર જીવનને ઉચ્ચ રૂપાંતર આપવા માટે ધર્મક્રિયા અને એ માટે રચાયેલા ખાસ સૂત્રોના અધ્યયનની પ્રથમ જરૂર છે.

દાખલા તરીકે ધર્મક્રિયા માટે રચાયેલા સૂત્રોમાં સૌથી પ્રથમ સૂત્ર, શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર છે. તે સૂત્રનું અધ્યયન કેવળ અધ્યયન માટે નહિ, પણ તેનું સૂત્ર અર્થ અને તદુભય સહિત તથા કાળ, વિનય-બહુમાન અને ઉપધાન આદિ વિધિપૂર્વક અધ્યયન કરી, પ્રત્યેક કાર્યના પ્રારંભમાં વિઘ્નના નિવારણ માટે અને ઈષ્ટની સિદ્ધિ માટે મંગળ તરીકે ઉપયોગ કરવાના હેતુએ છે. સમગ્ર જીવનમાં તેનો વિધિયુક્ત પ્રયોગ કરવા માટે કહ્યું છે કે,

भोयण-समओ सयणे, विबोहणे पवेसणे भओ, वसणे,
पंच-नमुकारं खलु, सुमरिज्जा सव्वकालंपि ॥ १ ॥

અર્થ :-ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય સમયે, કષ્ટ સમયે અને સર્વ સમયે નિશ્ચિતપણે શ્રી પંચ નવકારનું સ્મરણ કરવું જોઈએ.

જેમ શ્રી નવકાર માટે તેમ ક્રિયા માટેના હરેક સૂત્રો માટે સમજવાનું છે.

## સૂત્રનો મહિમા

ગુરુવંદન સૂત્ર, ચૈત્યવંદન સૂત્ર, દેવવંદન સૂત્ર, પ્રતિક્રમણ સૂત્ર, સામાયિક સૂત્ર, લોગસ્સ સૂત્ર, કાયોત્સર્ગ સૂત્ર, પચ્ચક્ખાણ સૂત્ર વગેરે પ્રત્યેક સૂત્ર કેવળ ભણવા માટે નથી, પણ ધર્મનું જીવનમાં પ્રત્યક્ષ આચરણ કરવા માટે છે.

પૂજ્ય પુરુષો અને તેમના પ્રતીકોને વંદન એ ધર્મ છે. સમતાભાવ એ ધર્મ છે. પાપથી પાછા ફરવું એ ધર્મ છે. ત્યાગને જીવનમાં ઉતારવો એ ધર્મ છે. આ રીતે ઉપર બતાવ્યો તે ધર્મ જ સુખ અને સદ્ગતિનું મૂળ છે. તેનું વિધિપૂર્વક જીવનમાં સેવન કરવા માટે સૂત્ર ભણવાની જરૂર છે. તેના અર્થ જાણવાની જરૂર છે. એટલે કે તે બંનેની જરૂર છે. એથી મન બંધાય છે, વાણી સુધરે છે, કાયા સન્માર્ગગામી થાય છે, પાપ રોકાય છે, પુણ્ય વધે છે, સુખ મળે છે, દુઃખ ટળે છે.

એક શ્રી નવકાર મંત્ર જેટલા નાનકડા સૂત્ર વડે મંગળનું આગમન થાય છે, અમંગળ દૂર થાય છે, તો ચૈત્યવંદન, દેવવંદન અને પ્રતિક્રમણની ક્રિયામાં આવતાં મોટાં સૂત્રો વડે તે કાર્ય વધુ પ્રમાણમાં કેમ ન થાય ? અવશ્ય થાય, અને એ કરવા માટે જ સૂત્રોની રચના છે. તેમજ સૂત્રોના અવલંબનપૂર્વક થતી ધર્મ ક્રિયાઓ વડે સમગ્ર જીવન 'ધાર્મિક અંકુશ'માં આવી જાય છે.

આ એક પ્રકારની આધ્યાત્મિક કસરત છે. સૂત્ર, અર્થ અને તદુભયના આલંબનપૂર્વક થતી પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ દેવ, ગુરુ અને ધર્મતત્ત્વનું બહુમાન રહેલું હોય છે. અને એ બહુમાનપૂર્વક કરાતી આરાધનાઓ વડે જીવ ક્રમશઃ આધ્યાત્મિક ઉન્નતિના શિખરે પહોંચે છે.

શારીરિક વ્યાયામનું શાસ્ત્ર વ્યાયામમાં કુશળતા કેળવવા માટે હોય છે, નહિ કે કેવળ શાસ્ત્રના પંડિત બનવા માટે, તેમ માનસિક વ્યાયામ કહો કે આધ્યાત્મિક વ્યાયામ કહો, તે માટે ક્રિયાનાં સૂત્રો છે. એ સૂત્રો વિધિપૂર્વકના માનસિક વ્યાયામ વડે આધ્યાત્મિક બળ કેળવીને આત્માની ગુપ્ત શક્તિઓને પ્રગટ કરવા માટે છે. સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવા માટે છે.

## શિક્ષકની સજાગતા

ધાર્મિક શિક્ષણની પાછળ રહેલું આ મહત્ત્વનું ધ્યેય, કેવળ વિદ્યાર્થીઓના જ નહિ, પણ ધાર્મિક શિક્ષકોના લક્ષમાં પહેલું હોવું જોઈએ. અને તેમના જીવનમાં ક્રિયાના સૂત્રોનો આ રીતે અમલ કરવાની ધગશ હોવી જોઈએ. એ વડે શિક્ષક પોતે જેટલો લાભ અનુભવતો હશે, તેટલો તેને આ સૂત્રો ભણાવવાની ક્રિયામાં વધારે ઉત્સાહ જાગશે.

કેવળ શિક્ષકો જ નહિ, પણ ધાર્મિક કેળવણીના ક્ષેત્રમાં રસ લેતી પ્રત્યેક વ્યક્તિએ ધાર્મિક ક્રિયા અને તેનાં સૂત્રોને આ દૃષ્ટિએ જોતાં શિખવું પડશે. અને એ દૃષ્ટિ આવ્યા પછી જ ધાર્મિક શિક્ષણની ખરી ઉપયોગિતા ખ્યાલમાં આવશે.

ધાર્મિક શિક્ષણમાં ક્રિયાના સૂત્રોનું અધ્યયન કયા હેતુસર છે? એ નક્કી કર્યા પછી તત્ત્વજ્ઞાનના ગ્રન્થોનું અધ્યયન શા માટે છે? એ પણ નક્કી કરવું પડશે. તત્ત્વજ્ઞાન પણ કેવળ તત્ત્વનું જ્ઞાન મેળવવા માટે નથી, પણ તે વડે ચિત્ત શુદ્ધિની સાધના કરવા માટે છે. શુભધ્યાનની વૃદ્ધિ કરવા માટે છે.

ધર્મક્રિયા વડે જેમ આત્માની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી શકાય છે, તેમ તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે મોહ અને અજ્ઞાનનો નાશ કરીને આત્મામાં છુપાયેલા અનંતજ્ઞાનને પ્રગટ કરી શકાય છે.

કેવળ શ્રુતજ્ઞાન મેળવવા માટે કે મતિજ્ઞાનને વિકસાવવા માટે જ તત્ત્વજ્ઞાનનું અધ્યયન જૈનશાસ્ત્રોમાં વિહિત થયેલું છે એવું નથી, પણ એ વડે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીયાદિ કર્મોને ખપાવીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને મેળવવાનો ઉદ્દેશ છે.

પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા જ્ઞાનસાર પ્રકરણના આઠમાં ત્યાગાષ્ટકના છઠ્ઠા શ્લોકનું વિવરણ કરતાં ફરમાવે છે કે, "જ્ઞાનાચાર પ્રત્યે એમ કહેલું કે, જ્યાં સુધી તારા પ્રસાદથી તારૂં શુદ્ધ પદ કેવળજ્ઞાન ન આવે, ત્યાં સુધી મારે તારી સેવા કરવાની છે. શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા લેખે લાગે, સંકલ્પહીન કર્મ ફળે નહિં."

**કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાન ભણવાનું છે.**

**ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે દર્શનાચારને સેવવાનો છે.**

**યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ માટે ચારિત્રાચારને પાળવાનો છે.**
**શુક્લધ્યાનના લાભ માટે તપાચારનું સેવન કરવાનું છે.**
**અક્રિયપદની પ્રાપ્તિ માટે વીર્યાચારનું પાલન કરવાનું છે.**

શ્રી દશવૈકાલિક સૂત્ર શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર વગેરે આગમ-ગ્રન્થોમાં જ્ઞાનનો અભ્યાસ માત્ર જ્ઞાનવૃદ્ધિ માટે જ છે, એમ ન કહેતાં ચિત્ત-સમાધિ માટે છે, એમ કહ્યું છે.

સ્વાધ્યાયથી વૈરાગ્ય, વૈરાગ્યથી શુભધ્યાન, શુભધ્યાનથી ચિત્તસમાધિ અને ચિત્ત-સમાધિથી સદ્ગતિ—એ જ્ઞાનાભ્યાસનું ધ્યેય છે.

## તત્ત્વજ્ઞાનનું ફળ

ભૌતિક વિજ્ઞાનની જેમ ધાર્મિક જ્ઞાનને પણ જો આપણે વિશ્વ વસ્તુઓની માહિતી મેળવવાનું જ એક સાધન માનીએ, પણ તે વડે ચિત્તસમાધિ અને સદ્ગતિ મેળવવાનું ધ્યેય ન સ્વીકારીએ, તો તત્ત્વજ્ઞાન ભણવા માટે ખાસ કોઈ પ્રેરણા ન રહે. કારણ કે પદાર્થ વિજ્ઞાનની ભૂખ તો આજના ભૌતિકવાદની કેળવણીથી પણ થોડી ઘણી સંતોષાય છે. તત્ત્વજ્ઞાન મેળવવાની પાછળ એટલો સંકુચિત હેતુ નથી, પણ એની પાછળ ઉદાત્ત હેતુ છે, અને તે મનુષ્યને મળેલા કરણોની શુદ્ધિ કરવા માટે અને પોતાની જાતના માલિક બનવા માટે ચિત્તમાં ઉત્સાહ જગાડે છે, અને આ રીતે તત્ત્વજ્ઞાન પણ સદાચરણમાં સહાયક બને છે.

ક્રિયાના સૂત્રોની સાથે તત્ત્વજ્ઞાનને અંતરંગ સંબંધ છે. ક્રિયા એ સાધ્ય છે. તત્ત્વજ્ઞાન તેનું સાધન છે, અને એ બંનેનું સાધ્ય કેવળજ્ઞાન અને મોક્ષ છે.

ધાર્મિક શિક્ષણના વિકાસ માટે શિક્ષકોમાં નવું જોમ પ્રગટે, તે માટે આ જરૂરી મુદ્દાઓ છે.

એક તો **ક્રિયાનાં સૂત્રો આધ્યાત્મિક વ્યાયામનાં સૂત્રો છે.** એ દૃષ્ટિએ તેને જોતાં શીખવું જોઈએ અને તેનો શક્ય અમલ જીવનમાં કરવો તથા વિદ્યાર્થીઓને કરાવવો જોઈએ.

બીજું, તત્ત્વજ્ઞાનના ગ્રન્થો કેવળ પદાર્થ વિજ્ઞાનની જેમ માહિતી મેળવવા માટે નથી, પણ ચિત્તની સમાધિ તથા એકાગ્રતા કેળવવા માટે છે.

ક્રિયાના સૂત્રો તથા તત્ત્વજ્ઞાનના ગ્રન્થો—એ બંનેનું અધ્યયન પરસ્પર પૂરક છે. જેમ જેમ ક્રિયામાં પ્રગતિ થાય, તેમ તેમ તત્ત્વજ્ઞાનની ભૂખ વધે અને જેમ જેમ તત્ત્વજ્ઞાન વધતું જાય, તેમ તેમ સમ્યક્ક્રિયામાં આગળ વધવા માટે અધિકઅધિક ઉત્સાહ આવતો જાય, એ જ ખરેખરો ધાર્મિક શિક્ષણનો વિકાસ છે.

# સમ્યક્-દર્શન

शम—संवेग—निर्वेदानुकम्पास्तिक्यलक्षणैः ।
लक्षणैः पञ्चभिः सम्यक् सम्यक्त्वमुपलक्ष्यते ॥

આપણાં જીવનમાં સમ્યગ્દર્શન છે કે નહિ ? તેની ઓળખાણ કરાવનારા પાંચ ગુણો છે, તેનાં નામ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય છે.



તેજ સાચું અને શંકાવિનાનું છે, કે જે જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે,
અને એવી શ્રદ્ધા-એ વિવેક અને પરીક્ષા વિના સંભવતી નથી.
આવો શ્રદ્ધાનો દેદીપ્યમાન દીવો પ્રજ્વલીત કરાવવામાં કર્મઠ
એવા કરૂણા સાગર

પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય........!!!

# સમ્યક્-દર્શન

હું નિશ્ચયથી આત્મસ્વરૂપ છું.

આવી અખંડ શ્રદ્ધાવાળાને સર્વ કોઇ પોતાના આત્માના જ અંશ દેખાવા લાગે છે.

આવા આત્મદર્શન એટલે સમ્યગ્દર્શનને પામવાની પૂર્વ ભૂમિકારૂપ ચિંતનનાં ચમકારા...!!


૧ શ્રદ્ધા અને જ્ઞાન

૨ સાચું જ્ઞાન અને સંયમ

૩ વિચાર–આચાર અને શ્રદ્ધા

૪ ક્રિયાનાં ગર્ભમાં જ્ઞાન

૫ જ્ઞાનીનું સ્વરૂપ

૬ નિર્વેદ અને સંવેગ

૭ શ્રદ્ધા અને સંવેગ

૮ પરમ શ્રદ્ધેય શાસ્ત્રો

૯ જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતા

૧૦ શાસ્ત્રાભ્યાસનું ફળ

૧૧ સાચું શાસન–વિતરાગ શાસન

૧૨ શ્રી જિનશાસનનો મહાન ઉપકાર

૧૩ શ્રી જિનશાસનનું હૃદય

૧૪ શ્રી જૈન શાસનની અનુપમ આરાધના

૧૫ સમ્યગ્–દર્શન

૧૬ પરમ તત્ત્વ

૧૭ સમ્યગ્દર્શનનો વિચાર

૧૮ યથાર્થ દર્શન

૧૯ આંતર નિરીક્ષણ

૨૦ બોધિ–સમાધિ અને આરોગ્ય

૨૧ આત્મૌપમ્ય ભાવ

૨૨ સંવેદન

૨૩ ત્રિશલ્ય નાશક સ્નેહ પરિણામ

૨૪ ઉપાસ્ય તત્ત્વનું દર્શન

# શ્રદ્ધા અને જ્ઞાન

માનવજાતિ એ સર્વ જાતિઓમાં પ્રધાન જાતિ છે. કારણ કે તે સૌથી અધિક બુદ્ધિમાન પ્રાણીઓના સમુદાયથી બનેલી જાતિ છે, માનવજાતિ એટલે બુદ્ધિમાન પ્રાણીઓનો સમુદાય !

માનવ સમુદાયમાં પણ કાળભેદે બુદ્ધિના તારતમ્યથી અનેક પ્રકારના ભેદ પડી જાય છે, તો પણ ગમે તેવા કાળે બીજા પ્રાણીઓની બુદ્ધિ કરતાં માનવજાતિની બુદ્ધિ અધિક જ રહેવાની છે, તેમાં સંશય નથી.

માનવ સમુદાય એ બુદ્ધિપ્રધાન વર્ગ છે, એનો અર્થ એ છે, કે બુદ્ધિ એ મનુષ્યોનું સત્ત્વ છે. જેમ શરીરનું સત્ત્વ એ શુક્ર અને શરીરની શોભા એ મુખ, તેમ માનવને માનવી તરીકે ટકાવનાર કે શોભાવનાર એક માત્ર બુદ્ધિ છે.

પરંતુ બુદ્ધિ એ એવી કોઈ સ્થૂલ ચીજ નથી કે-તેને બાહ્ય શસ્ત્રો વડે હણી શકાય. બુદ્ધિ જેમ આંતરિક વસ્તુ છે, તેમ તેને હણવાનાં શસ્ત્રો પણ આંતરિક જ છે.

બુદ્ધિ એ આંતરિક વસ્તુ છે, તેનું કારણ તે બાહ્ય ઈન્દ્રિયોથી અગોચર છે. જે વસ્તુ બાહ્ય ઈન્દ્રિયોને ગોચર ન થઈ શકતી હોય, તે વસ્તુ ન જ હોય એવો નિશ્ચય કરી શકાય એમ નથી.

આકાશ વગેરે કે પરમાણું આદિ પદાર્થો બાહ્ય ઈન્દ્રિયોથી અગોચર હોવા છતાં, તેની સત્તા દરેકને સ્વીકારવી જ પડે છે. તેમ બુદ્ધિ, જ્ઞાન આદિ આંતરિક વસ્તુ ઈન્દ્રિય-પ્રત્યક્ષ ન થઇ શકતી હોય, તો પણ સ્વ-સંવેદન ( પ્રત્યક્ષ ) થી પ્રત્યેકને તેની સત્તા સ્વીકાર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ.

જેઓ બહિરિન્દ્રિયગોચર પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અનુભવાતા બાહ્ય પદાર્થોની સત્તા સ્વીકારવા તૈયાર છે, તેઓ એ પદાર્થોનો અનુભવ કરાવનારા જ્ઞાનની જ સત્તા સ્વીકારવાની જો ના પાડે, તો તેઓનું એ વર્તન પુત્રનો સ્વીકાર કર્યા બાદ, માતાનો જ અસ્વીકાર કરવા જેવું હાસ્યાસ્પદ બને છે. માટે જો બાહ્ય પદાર્થોની સત્તા નિશ્ચિત થાય છે. તો તેનો નિશ્ચય કરાવનાર જ્ઞાનાદિ આંતરિક પદાર્થોની સત્તા માન્યા સિવાય છૂટકો જ નથી.

## બુદ્ધિનું સ્થાન

બાહ્યેન્દ્રિયથી અગોચર બુદ્ધિ પણ સ્વ-સંવેદન ગોચર હોવાથી પોતાની હયાતિ પુરવાર કરે છે અને બુદ્ધિ જ જો માનવ-સમુદાયનું સર્વસ્વ છે, તો તેને હણાઈ જતાં, નાશ પામતાં કે વિપરીત માર્ગે તણાઈ જતાં બચાવી લેવાની ફરજ, એ સૌથી મોટી થઈ પડે છે.

બુદ્ધિને નાશ પામતાં, હણાઈ કે તણાઈ જતાં બચાવી લેવાની જેટલી ફરજ છે, તેટલી જ તેને વિકસિત કરવાની પણ ફરજ થઈ પડે છે.

આ ફરજને પાળવાથી માનવ સમાજની સેવા થઈ શકે છે. ન પાળવાથી સેવાને બદલે કુસેવા થાય છે.

બુદ્ધિને હણાઈ જતી અટકાવવી તેમજ સુવિકસિત કરવી એ જ એક માનવસમાજની સેવા કરવાનું પરમ લક્ષ્ય હોવું જોઈએ. એ લક્ષ્યને સ્થિર કર્યા સિવાય સેવા માટે કરવામાં આવેલો સઘળો પ્રયત્ન કાં તો નિષ્ફળ બને છે, કાં તો કુસેવામાં પરિણમે છે.

સેવાનો પ્રયત્ન નિષ્ફળ ન નીવડે કે કુસેવામાં ન પરિણમે. એ ખાતર માનવ સમુદાયની બુદ્ધિને નુકસાન કરનાર તત્ત્વોનું જ્ઞાન સૌથી પ્રથમ મેળવી લેવું જોઈએ— એ આપોઆપ જ સાબીત થઈ જાય છે.

બુદ્ધિ એ આત્માનો ગુણ છે. આત્માના સર્વ ગુણોમાં તે ગુણ પ્રધાન છે. જેમ બીજી પ્રધાન અને શ્રેષ્ઠ વસ્તુઓ માટે બને છે, તેમ આત્માના પ્રધાન જ્ઞાન ગુણને પણ હાનિ પહોંચાડનારાં તત્ત્વો આ જગતમાં અસ્તિત્વ ધરાવે છે એ સર્વ તત્ત્વોમાં પ્રધાન હાનિકારક તત્ત્વ વિપરીત-શ્રદ્ધા છે.

## જ્ઞાન-બુદ્ધિની મહાનતા

વસ્તુ જેમ અમૂલ્ય, તેમ તેની રક્ષા કરવી પણ મુશ્કેલ. અમૂલ્ય વસ્તુને લૂંટાઈ જતી અટકાવવા માટે જો પુરેપુરી સાવધાની રાખવામાં ન આવે, તો તે વસ્તુ સચવાઈ રહેવી મુશ્કેલ છે, તેમ જ્ઞાન તથા બુદ્ધિ જેવી અમૂલ્ય આત્મવસ્તુને લૂંટાઈ જતી અટકાવવા માટે પણ આત્માએ અત્યંત સાવધ બનવાની આવશ્યકતા રહે જ છે.

વિપરીત શ્રદ્ધા એ આત્માના જ્ઞાનગુણને હણી નાંખનાર છે, અને સમ્યક્શ્રદ્ધા એ આત્માના જ્ઞાન ગુણને વિકસિત બનાવનાર છે, એ એક સિદ્ધાન્ત છે.

જો કે જ્ઞાન અને શ્રદ્ધા એ બંને આત્મગુણો હોવાથી, તે બંનેને એકમેકથી જુદા પાડી સમજવા જરા મુશ્કેલ છે, તો પણ જેઓએ પોતાના જ્ઞાનગુણને સુરક્ષિત અને નવપલ્લવિત બનાવવો હશે, તેઓને એ બંનેનો ભેદ સમજ્યા સિવાય ચાલે તેમ નથી.

જ્ઞાનની હિમાયત કરનાર આત્મા જ્યારે શ્રદ્ધાની વાત તરફ બેદરકાર બને છે, ત્યારે તેની તે હિમાયત કેટલી પોકળ છે તે આપોઆપ જણાઈ આવે છે।

જ્ઞાનને સમ્યગ્ બનાવનાર શ્રદ્ધા છે અને શ્રદ્ધાને સમ્યગ્ બનાવનાર જ્ઞાન છે. સમ્યગ્-જ્ઞાન અને સમ્યક્શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ પણ સાથે જ થાય છે ત્યારે સમ્યગ્જ્ઞાનનો જેને ખપ છે, તેને સમ્યક્શ્રદ્ધા પ્રત્યે બેદરકારી બતાવવી પાલવી શકે તેમ નથી.

જ્ઞાનનું મૂળ શ્રદ્ધા અને શ્રદ્ધાનું મૂળ જ્ઞાન હોય, તો બંનેની એકી સાથે ઉત્પત્તિ શી રીતે માની શકાય? એ પ્રશ્ન થવો સંભવિત છે.

તેનું સમાધાન એ છે કે, એક કાળે ઉત્પન્ન થનાર વસ્તુમાં કાર્યકારણભાવ કદી જોયો નથી, તો એકજ કાળે ઉત્પન્ન થનાર સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા વચ્ચે કાર્યકારણ ભાવનો પ્રશ્ન ઉપસ્થિત શી રીતે થાય? ન જ થાય પરંતુ આ પ્રશ્ન અધૂરી સમજથી ઉત્પન્ન થયેલો છે.

## જ્ઞાન–શ્રદ્ધા કાર્ય–કારણભાવ

જ્ઞાન અને શ્રદ્ધાની ઉત્પત્તિ એક કાળે પણ છે અને તે બે વચ્ચે કાર્ય–કારણભાવ પણ રહેલો છે. એનું તાત્પર્ય એ છે કે–શ્રદ્ધાની ઉત્પત્તિમાં જે જ્ઞાન કારણ છે, તે જ્ઞાન પોતાનું નહિ, પણ પરનું. પરનું સમ્યગ્જ્ઞાન જ્ઞાનમાં રહેલી વિપરીતતાને ટાળનારું થાય છે અને જ્ઞાનની વિપરીતતા ટળે, એની સાથે જ શ્રદ્ધા ગુણ ઉત્પન્ન થતો હોવાથી, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે, એ કથન અક્ષરશઃ સાચું છે.

નિસર્ગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વખતે પણ બાહ્ય આલંબનો કે પરાધિગમ નહિ હોવા છતાં દર્શનમોહનીય આદિ પ્રકૃતિઓના આંતરિક ક્ષયોપશમથી પૂર્વનું જ્ઞાન એ જ શ્રદ્ધારૂપે પરિણમે છે, તેથી ત્યાં પણ શ્રદ્ધાનું મૂળ જ્ઞાન કહેવામાં કોઈ જાતની હરકત નથી.

શ્રદ્ધાનું મૂળ જેમ જ્ઞાન છે, તેમ જ્ઞાનનું મૂળ પણ શ્રદ્ધા છે, એ વાત પણ તેટલી જ સાચી છે. આમ તો કોઈ પણ આત્મા, કોઈ પણ ક્ષણે જ્ઞાનરહિત હોતો નથી, પરંતુ શ્રદ્ધા ગુણના પ્રાદુર્ભાવ પહેલાનું તે જ્ઞાન એ અજ્ઞાન (વિપરીત જ્ઞાન–અયથાર્થ જ્ઞાન) ગણાય છે. યથાર્થ જ્ઞાન કે સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિ સમ્યક્ શ્રદ્ધાન પછી જ થાય છે, એ અપેક્ષાએ સમ્યક્ જ્ઞાનનું મૂળ શ્રદ્ધા છે, એ કથન બરોબર છે.

સમ્યક્જ્ઞાન અને શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ એક કાળે હોવા છતાં, એ બંનેના કારણો જુદાં–જુદાં પડી જતાં હોવાથી, નયવાદની દૃષ્ટિએ જ્ઞાનનું મૂળ શ્રદ્ધા અને શ્રદ્ધાનું મૂળ જ્ઞાન કહેવામાં કોઈ બાધ નથી.

## જ્ઞાનનું મૂળ શ્રદ્ધા

જ્ઞાનનું મૂળ જે શ્રદ્ધા છે, તે સમ્યક્જ્ઞાનનું મૂળ છે, નહિ કે વિપરીત કે અયથાર્થ જ્ઞાનનું મુળ. એ જ રીતે શ્રદ્ધાનું મુળ જે જ્ઞાન છે, તે પરનું સમ્યક્જ્ઞાન, નહિ કે સ્વનું. અને સ્વનું માનીએ, તો પણ તે સમ્યક્જ્ઞાન પહેલાનું મંદ મિથ્યાત્વવાળું અયથાર્થ જ્ઞાન પણ સમ્યક્જ્ઞાનનું કારણ બની શકે છે. તેમાં હેતુ કોઈ પણ હોય, તો તે મિથ્યાત્વની મંદ દશામાં વર્તતો આગ્રહનો અભાવ છે. મતલબ કે નિરાગ્રહી અને મધ્યસ્થ દૃષ્ટિ આત્મા મિથ્યાત્વવાળી દશામાં પણ સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિનો અધિકારી બની શકે છે.

અથવા નિશ્ચય નયની દૃષ્ટિએ જ્ઞાન અને શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ એક જ કાળે થાય છે, તેથી તે બેમાં કાર્ય-કારણભાવ નથી, એમ માનવામાં પણ કોઈ હરકત નથી.

જ્ઞાન અને શ્રદ્ધાનો પરસ્પરનો કાર્ય-કારણભાવ માનવામાં આવે છે, તે કેવળ વ્યવહાર નયની દૃષ્ટિથી અને માર્ગની પ્રાપ્તિ, ટકાવ અને વૃદ્ધિ માટેનાં સાધનોમાં એ પણ એક મુખ્ય સાધન હોવાથી મનાય છે. આમ વ્યવહારની દૃષ્ટિને પણ મુખ્ય માન્યા સિવાય ચાલી શકે તેમ નથી.

આ રીતે જોતાં-વિચારતાં શ્રદ્ધા એ જ જ્ઞાનનો એક પરમ ઉપાય હોવાથી, એ શ્રદ્ધા વિપરીત ન બની જાય, કિન્તુ સમ્યક્ બની રહે, એ માટે જેટલો પ્રયત્ન કરવામાં આવે તેટલો ઓછો છે.

જ્ઞાનને સુધારનાર જેમ શ્રદ્ધા છે, તેમ બગાડનાર પણ શ્રદ્ધા છે. કેવળ (માત્ર) જ્ઞાનથી ફુલાઈ જવાનું નથી. વિશાળમાં વિશાળ જ્ઞાન પણ વિપરીત શ્રદ્ધાથી યુક્ત હોય, તો તે જ્ઞાન તારનારું થઈ શકતું નથી, કિન્તુ ડૂબાડનારું જ થાય છે.

ઝેરનો એક કણ જેમ દૂધથી ભરેલા વાસણને ઝેરસ્વરૂપ બનાવી દે છે. તેમ વિપરીત શ્રદ્ધાથી યુક્ત આત્માના સેંકડો ગ્રંથોનું અધ્યયન પણ ઝેરસ્વરૂપ બની જાય છે.

તલવાર એ શત્રુની ઘાત કરનારી હોવા છતાં તેનો ઉપયોગ નહિ કરી જાણનાર બાળકના કે ઉન્મત્તના હાથમાં મુકાય, તો તે તેનો પોતાનો જ ઘાત કરનારી થાય છે. તેમ જ્ઞાન એ ઉત્તમ અને તારક હોવા છતાં પણ વિપરીત તત્ત્વોની શ્રદ્ધાથી જો તે ઓતપ્રોત થયેલું હોય, તો તે તેના માલિકને ઉત્તમ બનાવવાના બદલે અધમ જ બનાવે છે. અગર ઊંચે ચઢાવવાના બદલે નીચે જ પાડે છે, એટલા માટે ઉન્નતિનું પગથિયું એ જ્ઞાન નથી પણ શ્રદ્ધા છે. એ વાત વધારે દૃઢ થાય છે.

જ્ઞાનના મદમાં આવી જઇ, જેઓએ પોતાની શ્રદ્ધાને સુધારવાનો પ્રયત્ન છોડી દીધો; તેઓ જ્ઞાની તો બન્યા, પણ પોતાની સ્થિતિ કે ગતિને સુધારી શક્યા નહિ. આત્માની ગતિ અને સ્થિતિ-ઉભયને સુધારવા માટે એકલું જ્ઞાન કદી ફળદાયક થઇ શકતું નથી કિન્તુ યથાર્થ શ્રદ્ધાયુક્ત જ્ઞાન જ એક કાર્યસાધક બને છે અને શ્રદ્ધાની પ્રાપ્તિ એ સૌથી દુષ્કર છે. જ્ઞાનની પ્રાપ્તિ દુન્યવી લોભથી પણ થઈ શકે છે, જ્યારે દુન્યવી લોભ એ સમ્યક્ શ્રદ્ધાની પ્રાપ્તિમાં કામ આવી શકતો નથી, ઉલ્ટો અંતરાયરૂપ થઈ પડે છે.

સાડા નવ પૂર્વના જ્ઞાની પણ અશ્રદ્ધાળુ રહી ગયા અને અલ્પ જ્ઞાનને ધરનારા પણ શ્રદ્ધાળુ આત્માઓ ઉભય લોક સાધી ગયા.

શ્રદ્ધાની પ્રાપ્તિ દુષ્કર એટલા માટે છે કે અમુક અંશે પણ દુન્યવી સ્વાર્થથી નિઃસ્પૃહ બન્યા સિવાય તે પ્રગટ થઇ શકતી નથી જ્યારે જ્ઞાનની પ્રાપ્તિ સર્વ પ્રકારના દુન્યવી સ્વાર્થથી ભરેલા આત્માઓમાં પણ દુન્યવી દૃષ્ટિએ ઊંચામાં ઊંચી લાગે તેવી પણ થઈ શકે છે.

## ઉત્તમ મનુષ્યની પરીક્ષા

આ કારણે ઉત્તમ અગર અધમ મનુષ્યની સાચી પરીક્ષા–'તેનામાં કેટલું જ્ઞાન છે?'–એની તપાસ દ્વારા થઇ શકતી નથી, પરંતુ–'તે કેવી જાતની શ્રદ્ધા ધરાવે છે? અર્થાત્ તેની શ્રદ્ધા, વિશ્વાસ અને રુચિ કયા પદાર્થો ઉપર છે? એની પરીક્ષા દ્વારા જ થઈ શકે છે.

ઊંચી કોટિનું જ્ઞાન ધરાવનાર આત્મા પણ જો અધમ કોટિની રુચિવાળો હોય, તો તે દુનિયામાં પણ ઉત્તમ ગણાતો નથી. મનુષ્યના મનુષ્યત્વની પરીક્ષા તેની રુચિ ઉપર છે, પણ માત્ર જ્ઞાન ઉપર નથી. ધનની રુચિવાળો જ્ઞાની પણ પાપી બને છે અને ધર્મની રુચિવાળો અજ્ઞાની પણ નિષ્પાપ જીવન ગાળી શકે છે. જીવનમાં પાપી બનવું કે નિષ્પાપ બનવું, તેનો મુખ્ય આધાર જ્ઞાન નથી, પણ રુચિ છે. એ રુચિને સુધારનારું જ્ઞાન તારક છે અને બગાડનારું જ્ઞાન મારક છે.

જગતમાં જીવોની રુચિના મુખ્ય બે વિભાગ પડે છે, એક વૈષયિક સુખની રુચિવાળો અને બીજો આત્મિક સુખની રુચિવાળો વર્ગ છે.

વૈષયિક સુખની રુચિવાળો વર્ગ મોટો છે, જ્યારે આત્મિક સુખની રુચિવાળો વર્ગ પ્રમાણમાં બહુ અલ્પ હોય છે.

વિષયસુખની રુચિવાળા આત્માઓને ધન જેટલું ગમે છે, તેટલો ધર્મ ગમતો નથી. એને ધનવાન જેટલા ગમે છે, તેટલાં ધર્મવાન ગમતાં નથી. એને ધનવાનની પ્રવૃત્તિઓ જેટલી ગમે છે, તેટલી ધર્મીઓની પ્રવૃત્તિઓ ગમતી નથી.

આત્મિકસુખની અભિલાષાવાળા આત્માઓને મન, ધન તુચ્છ લાગે છે અને ધર્મ અતિશય મૂલ્યવાન પ્રતીત થાય છે. ધનની પાછળ પડનારા આત્માઓ તેને વ્યર્થ જીવન ગાળનારા લાગે છે, જ્યારે ધર્મની પાછળ પડનારા આત્માઓ તેને જીવનને સાર્થક કરનારા લાગે છે.

રુચિનું આ અંતર આંતરિક ક્ષયોપશમથી જ થનારું હોવા છતાં, એ પ્રકારનો આંતરિક ક્ષયોપશમ પેદા કરવા માટે બાહ્ય સાધનો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. અધમ–રુચિવાળા આત્માઓ પોતાની તે રુચિને છોડી નહિ શકતા હોવાથી, ઉત્તમ–રુચિવાળા આત્માઓ પ્રત્યે તેમનો વિરોધ ચાલુ હોય છે. એ વિરોધનું મૂળ રુચિનો ભેદ છે.

જ્યાં સુધી એ વિરુદ્ધ પ્રકારની રુચિ રહેવાની, ત્યાં સુધી એ વિરોધ પણ કાયમ રહેવાનો એ વિરોધને જેઓ ટાળવા ઇચ્છતા હોય તેઓએ રુચિનો ભેદ ટાળવાની પ્રથમ આવશ્યકતા છે. રુચિનો ભેદ ટાળવામાં પણ સમ્યક્શ્રદ્ધા પાયાનો ભાગ ભજવે છે. જ્યારે શ્રદ્ધારહિત જ્ઞાન તેમાં અંતર વધારનારું નીવડે છે.

સ્વાર્થ માટે નહિ, પણ ઉત્તમ આચાર, ઉત્તમ વિચાર અને ઉત્તમ વ્યવહાર માટે પણ રુચિની ભિન્નતા અનુસાર જાતિ આદિના સ્થૂલ ભેદો પણ આવશ્યક છે. એ ભેદોને નિર્મૂળ કરવાની વૃત્તિ તેઓમાં જ જન્મે, કે જેઓ ઇરાદાપૂર્વક અગર તો અજ્ઞાનથી પણ ઉત્તમતા અને અધમતાનો ભેદ ટાળી નાખવા માંગતા હોય.

સર્વ જગતને ઉત્તમ બનાવી દેવાની ભાવના એ અવશ્ય કરણીય હોવા છતાં પણ, જ્યાં સુધી સકળ જગત ઉત્તમ બન્યું નથી, ત્યાં સુધી સઘળા પ્રકારના ઉત્તમ વ્યવહારોનો વિલોપ કરવા તૈયાર થવું એ મૂર્ખતા છે.

સ્વાર્થ માટે જાતિ-પાંતિના ભેદ નભાવી રહ્યા હોય, તેવા પણ આ જગતમાં ન જ હોય એમ નહિ, પણ તેવાઓના કારણે ઉત્તમ આચાર-વિચારોની રક્ષા માટે જરૂરી ભેદોનો પણ નાશ કરી નાંખવો. એ ચોરના પાપે શાહુકારનો જ નાશ કરવા જેવું ઉતાવળીયું અને અઘટિત પગલું છે.

તાત્પર્ય કે સમ્યક્ શ્રદ્ધા એ આંધળાની લાકડી કરતાંય અધિક ઉપકારક છે. બુદ્ધિને શ્રદ્ધાના પગ કહીએ તો શ્રદ્ધા એ બુદ્ધિની આંખ છે. એ રીતે જોતાં-વિચારતાં પણ યથાર્થ શ્રદ્ધાનું જીવનના સર્વદેશીય ઘડતરમાં આગવું સ્થાન છે જ.

બાળક માતાને બુદ્ધિ વડે નહિ, પરંતુ શ્રદ્ધા વડે સમર્પિત થાય છે. તે રીતે આપણે પણ શ્રદ્ધાપૂર્વક દેવ-ગુરુને સમર્પિત બનીને આત્મકલ્યાણનાં પંથે આગળ વધીએ.

卐

# સાચું જ્ઞાન અને સંયમ

મહાભારતમાં યુધિષ્ઠિર જેવા પુણ્યવાનને પણ કહેવું પડયું છે કે –

जानामि धर्मं न च मे प्रवृत्तिः ।
जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥

હું ધર્મને જાણું છું, છતાં તે પ્રમાણે વર્તી શકતો નથી. હું અધર્મને જાણું છું, છતાં તેનાથી છૂટી શકતો નથી.

અહીં પ્રશ્ન એ ઉઠે છે કે જ્ઞાન શા માટે આચરણમાં મૂકી શકાતું નથી ? નૈતિક જીવનની આ મોટામાં મોટી ગૂંચ છે અને તેને ઉકેલ્યા વિના આરો નથી.

મનુષ્યનું જીવન તેની સ્વાભાવિક બની ગયેલી વૃત્તિઓથી દોરવાય છે. મનુષ્યમાં ઊંડે-ઊંડે રહેલી આ વૃત્તિઓ મનની સપાટી ઉપર આવતાં કામનાઓનું રૂપ લે છે. તેના આવેગોમાં ખેંચાઇને મનુષ્ય તથા-પ્રકારની પ્રવૃત્તિઓમાં પડે છે.

આવૃત્તિઓનું યોગ્ય રીતે સંચાલન કરવામાં ન આવે, તો તે જીવનને હાનિકારક નીવડે છે. યોગ્ય સંચાલન માત્ર જ્ઞાનથી જ થઈ શકે છે. તેથી જ્ઞાન એ નૈતિક જીવનની આંખોના સ્થાને છે. ચારિત્ર ઘડવામાં કે નીતિના માર્ગે ચાલવામાં જ્ઞાનરૂપી ચક્ષુની અને બુદ્ધિરૂપી પ્રકાશની ખૂબ જ જરૂર પડે છે. આ જ્ઞાન, માત્ર શાબ્દિક કે પોપટિયું હોય તો નકામા જેવું છે.

પ્રચલિત માન્યતાઓને સ્વીકારી લઈ, લોકો જ્ઞાનની ડાહી-ડાહી વાતો કરે છે, પરંતુ તેનો પૂરો અર્થ સમજતા નથી હોતા, તો મર્મ તો ક્યાંથી સમજે? એટલે આવેગો ઊભા થતાં તેમનું તે જ્ઞાન ધોવાઈ જાય છે. અને તેમનું આચરણ ઢંગધડા વગરનું બની રહે છે. તેઓ બોલતા તેમજ માનતા હોય છે કે-ઈશ્વર સર્વદર્શી છે, છતાં પાપ કરતાં પાછું વળીને જોતાં નથી. ઈશ્વરના દેખતાં પાપ શી રીતે થઈ શકે? એ પ્રશ્ન તેમને ભાગ્યે જ સ્પર્શતો હોય છે.

## જ્ઞાનની મહત્તા

મતલબ કે જ્ઞાન કેવળ ખાલી તેમજ સંકુચિત હોય ત્યાં સુધી તેનો સ્વ તેમજ પરના હિતમાં ખાસ ઉપયોગ થઈ શકતો નથી.

જ્ઞાનનું સ્વરૂપ, 'પ્રતીતિ' જેવું હોવું જોઈએ. પ્રતીતિ એટલે અનુભવમાં આવેલું, ખાત્રી બદ્ધ જ્ઞાન! કે જેમાં કેવળ ઉપરચોટિયો ખ્યાલ ન હોય, પણ અંતઃકરણની અનુભૂતિ હોય.

પ્રતીતિયુક્ત જ્ઞાનમાં જ ચારિત્રનું સાચું દર્શન રહેલું છે. અનુભવ ઉપરાંત તેમાં વાસ્તવિકતાનું અને આવશ્યકતાનું દબાણ પણ રહેલું હોવું જોઇએ.

સિનેમાના દૃશ્યોમાં વાઘ દેખાતાં કોઈ નાસભાગ કરતું નથી. કારણ કે તેમાં વાઘની પ્રતીતિ છતાં તરાપ મારવાની વાસ્તવિકતા નથી. અને તેથી નાસભાગ કરવાની આવશ્યક્તાનું દબાણ નથી. અહિ કેવળ પ્રતીતિ પરિણામહીન પ્રસંગ બની જાય છે.

આવેગોનું તોફાન જાગે છે, ત્યારે પ્રતીતિનું સુકાન હાથમાંથી સરી જાય છે; બુદ્ધિનો પ્રકાશ અને સ્મૃતિની ચમક ઝાંખી પડે છે, ઘણી વાર તે ઢંકાઈ પણ જાય છે. આપણે તોફાનનો સામનો કરી શકતા નથી અને તોફાન શમી જતાં વિષાદમાં ડૂબી જઇએ છીએ. પ્રતીતિ હોવા છતાં માનસિક-નિર્બળતાને લીધે આપણે પડી ભાંગીએ છીએ.

ત્યારે માર્ગ શો ? પ્રતીતિ સફળ ન થાય તો ય પ્રતીતિ એ તો પ્રતીતિ જ છે ! તે સૂચન તો કર્યા જ કરે !

પ્રતીતિને સફળ કરવા માટેનો ઉપાય સંયમ છે. મનના આવેગોને નિરંતર સંયમમાં રાખતાં શીખવું જોઇએ. તે આવેગોને નિગ્રહથી; વ્રત-નિયમથી સંયમિત બનાવવા જોઇએ. આવેગો તક લે, તે પહેલાં જ તેમને કેળવી લેવા જોઇએ, સંસ્કારી અને શિસ્ત-બદ્ધ બનાવવા જોઇએ.

હરરોજના આચારમાં વણાઈ જવાથી તે આવેગો ધીમે ધીમે કાબુમાં આવે છે અને છેવટે જીવનરથના આજ્ઞાંકિત ઘોડા બને છે. જો સદા-સર્વદા આચારની સાધના ન હોય, તો વિદ્વાનને પણ વિષાદમાં ઝુરવાનું લલાટે લખાયું જ છે. આચારમાં જ વિદ્વતાની સફળતા છે.

卐

# વિચાર, આચાર અને શ્રદ્ધા

વિચાર અને આચારની સપાટી સરખી કરવા માટે આદર્શને નીચા લાવવાની જરૂર નથી. આદર્શ ઉચ્ચ હશે, તો જ આચરણ ઉચ્ચ થઈ શકશે

આદર્શો દોરડાં સમાન છે. એ ઊંચે ખેંચી શકે છે, દોરડાંનો ખીલો ગમે તેટલો ઊંચો હોય, પણ જો પ્રામાણિકપણે એ દોરડાનો ઉપયોગ કરાય, તો થોડું-ઘણું તો ઉપર ચઢાય જ !

વિચારને આચારમાં મૂકવા માટે ત્રણ કક્ષામાંથી પસાર થવું પડશે.

૧ વિચારની યોગ્યતાનો સ્વીકાર.

૨ વિચાર વિશે પ્રતીતિપૂર્ણ ખાત્રી.

૩ વિચારમાં જીવંત શ્રદ્ધા.

જો આપણે વિચાર અને આચાર વચ્ચેનું અંતર દૂર કરવું હોય, તો જે વિચાર આપણે અપનાવ્યો હોય, તેના પર વારંવાર મનન અને ચિંતન કરવું જોઈએ.

એ વિચારને મનમાં ચીવટપૂર્વક ઘૂંટવાથી, એને વિષે પ્રતીતિ-ખાતરી થાય છે. અર્થાત્ એ વિચાર સત્ય જ છે અને આદરણીય છે, એવો સંકલ્પ મનમાં દૃઢ થાય છે.

ત્યાર પછીની કક્ષા, શ્રદ્ધા અને નિષ્ઠાની છે.

કોઈ એક વિચારને 'માનવાની' કક્ષા, શ્રદ્ધા અને નિષ્ઠામાં પરિણમે છે, ત્યારે તે વિચારને આચારમાં મૂકવા માટે વ્યક્તિ સાચા દિલથી સતત પ્રયત્ન કરવા માંડે છે.

આપણે સહજ વિચાર કરીએ તો ઘણીવાર આપણા વિચાર અને આચાર વચ્ચેનું અંતર આપણને નવાઇ પમાડનારૂં અને શરમ ઉપજાવનારૂં લાગશે.

જો આપણું જ આચરણ, આપણા વિચાર સાથે સુસંગત ન હોય તો, આપણા વિચારની આપણને કિંમત નથી, એમ સિદ્ધ થાય છે.

પહેલી કક્ષામાં માત્ર બુદ્ધિ વિચારને ગ્રહણ કરે છે. બુદ્ધિની સાથે લાગણીઓ, વૃત્તિઓ અને મૂલ્યાંકનો તદ્રુપ થાય છે, ત્યારે બીજી અને ત્રીજી કક્ષા આવે છે.

જ્યારે પહેલી કક્ષામાં હોઈએ ત્યારે આપણે માત્ર વિચાર કરીને સંતોષ માનીએ છીએ, આચરણનો અભાવ સાલતો નથી.

બીજી કક્ષામાં આચરણનો અભાવ, અસંતોષ ઉત્પન્ન કરે છે. અને આચરણ તરફ પ્રેરે છે.

ત્રીજી કક્ષામાં આપણા વિચારને આપણે પૂર્ણ ઉત્સાહથી, મન–વચન અને તન–ધનથી આચરણમાં મૂકીએ છીએ.

માન્યતા અને આચરણમાં ભેદ લાગે, ત્યારે આચરણ એ માન્યતાની કસોટી છે, એમ માનવુ જોઈએ. એ માન્યતા માટે આપણે સમય, શક્તિ અને ધનનો કેટલો ભોગ આપવાને તૈયાર છીએ, તેના ઉપર જ આપણી શ્રદ્ધાનું માપ છે.

માન્યતા ખાતર શરીર સુદ્ધાનું પણ બલિદાન આપવું પડતુ હોય તો આપવું, એ માન્યતા પરની સચોટ શ્રદ્ધાને સૂચવે છે.

## શ્રદ્ધાનું બળ

શ્રદ્ધાના અભાવે માત્ર જ્ઞાન એ તકલાદી અને અર્થહિન બની જાય છે. શ્રદ્ધા વિના માત્ર દૃષ્ટિ કે જ્ઞાન ઉપયોગી થઇ શકતાં નથી.

વિષ મારે, અગ્નિ બાળે, તેમ પાપ દુઃખ આપે, એવું જ્ઞાન થવા છતાં શ્રદ્ધાની કમીનાના કારણે વિષ અને અગ્નિની જેમ પાપથી પાછા ફરાતુ નથી.

પ્રવૃત્તિમાં દૃઢતા લાવવા માટે શ્રદ્ધાના બળની પૂરી જરૂર છે, જ્ઞાન અને વિવેકને સફળ બનાવનાર એક શ્રદ્ધા જ છે.

જે જ્ઞાન અને વિવેક જીવનમાં ઉપયોગી ન થાય, તે જ્ઞાન અને વિવેક ઉપર પરિપૂર્ણ શ્રદ્ધા પ્રગટી નથી એમ સાબીત થાય. જ્ઞાન અને વિવેક કરતાં પણ શ્રદ્ધાની અગત્યતા કેટલી વધારે છે, તે આથી સ્પષ્ટ થશે.

આવી શ્રદ્ધા યથાર્થ વક્તા ઉપરના વિશ્વાસથી આવે છે, શ્રદ્ધાળુ પુરુષના સંસર્ગથી આવે છે, શ્રદ્ધાવાન પુરુષોના ચરિત્ર સાંભળવાથી પણ આવે છે.

*શ્રદ્ધા એટલે સુદૃઢતા, એક નિષ્ઠતા, પરિપૂર્ણ નિશ્ચળતા !*

**तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं** તેજ સાચું અને શંકા વિનાનું છે, કે જે જિનોએ કહ્યું છે–આવી શ્રદ્ધાને ધર્મ જીવનનો પાયો માનવાથી વિવેક, પરીક્ષા કે કસોટી–આ બધું ઉડી જતું નથી. ખરી વાત તો એ છે કે–વિવેક અને પરીક્ષા વિના ખરી શ્રદ્ધા સંભવતી નથી. શ્રદ્ધા, માણસમાં ધૈર્ય, સાહસ અને બળ પ્રગટાવે છે.

વસ્તુ માત્રની પરીક્ષા કરો! અને જે સાચું સુવર્ણ સિદ્ધ થાય, તેને ગ્રહણ કરો.

વારસામાં મળેલી શ્રદ્ધા એ અમૂલ્ય ધન છે. એમ માનીને તેને ચિંતન, મનન, અભ્યાસ તેમજ પરીક્ષા વડે સ્થિર અને સંગીન બનાવો. તેમ નહિ થાય તો, નાણું પાસે હોવા છતાં ભીડ વખતે કામ નહિ લાગે.

આત્મ સ્વરૂપ વિષે જેને પાકી શ્રદ્ધા છે, તેને ત્રણ ભુવનનું રાજ્ય મળે તો પણ એ એમ માને કે–એ રાજ્ય મારૂં નથી, કર્મજનિત છે. તેથી લાભ-હાનિ પ્રસંગે, તે તીવ્ર હર્ષ-શોક નહિ કરે, ઐશ્વર્ય કે આફત વચ્ચે પણ તે સમતોલ રહી શકશે. હાર-જીત કે નિંદા-પ્રશંસા તેને નિરાશ કે નિરુત્સાહ નહિ કરી શકે. માટે જ કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ ભલે સંસારમાં રહે, પણ સંસારથી લેપાતો નથી! આ શ્રદ્ધાનું જ બળ છે.

હું નિશ્ચયથી આત્મ સ્વરૂપ છું–આવી અખંડ શ્રદ્ધાવાળાને સર્વ કોઈ પોતાના આત્માના જ અંશ દેખાવા લાગે છે. અર્થાત્ પોતાના આત્માના સ્વરૂપ જેવું જ, બીજાના આત્માનું સ્વરૂપ તેને ભાસે છે. તેથી તેના દિલના દરિયામાં વિશ્વમૈત્રીનાં મોજાઓ ઉછળવા લાગે છે અને તેના આચારમાં મૈત્ર્યાદિ ભાવનાઓ સ્પષ્ટપણે વર્તાવા માંડે છે. આત્મ સ્વરૂપની સાચી શ્રદ્ધાનું આ ફળ છે.

જેમ આત્માની. તેમ કર્મની, આત્મા સાથે કર્મના સંબંધની, તે સંબંધના હેતુઓ વિગેરેની શ્રદ્ધા શાસ્ત્ર વચનથી, બુદ્ધિની સૂક્ષ્મ વિચારણાથી અને અનુભવથી દૃઢ થતી જાય છે. તેમ-તેમ જીવન, સંપત્તિ સમયે કુસુમથી પણ કોમળ અને વિપત્તિ સમયે વજ્રથી પણ કઠોર બની જાય છે. શ્રદ્ધાનું જ આ બળ અને ફળ છે.

સુવાસ વગરના ફૂલ જેવો છે–શ્રદ્ધા વગરનો આચાર! વિચારમાં દૈવત પણ શ્રદ્ધા જ સ્થાપે છે. વિચારને આચાર સાથે જોડનારા સુદૃઢ પુલનું કામ પણ શ્રદ્ધા જ કરે છે. સુવિચારને સદાચારમાં ઢાળનારી શ્રદ્ધા સહુની આંખ બનો!

卐

નિર્જરાલક્ષી ધર્મ, મોક્ષમાં પરિણમે છે. પુણ્યલક્ષી ધર્મ, સંસારમાં વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરાવે છે. એ સુખો પરદ્રવ્યની ઉપાધિથી થનારાં હોવાથી, આદિ અને અંતવાળા છે, અર્થાત્ વિનાશી છે. પરદ્રવ્યની ઉપાધિ વિના, કેવળ આત્મામાંથી ઉપજનારાં આધ્યાત્મિક સુખો છે. તેની આદિ છે, પણ અંત નથી.

# ક્રિયાના ગર્ભમાં જ્ઞાન

સામે સેંકડો વસ્તુઓ પડી હોય છે. આંખો ઉઘાડી હોય છે. છતાં લોકો કંઈ તે બધી વસ્તુઓને જોતા નથી; જેટલી વસ્તુઓને જુએ છે, તેટલીને પણ સમજતા નથી.

પોતાની શેરીના અમૂક ઘરને કેટલી બારીઓ છે, કે પોતાના ઘરની બારીઓને કેટલા સળિયા છે, તે હરરોજ જોવા છતાં તે જાણતા નથી. ફરવાના માર્ગ પર આવેલાં કેટલાંય વૃક્ષોના નામની પણ ખબર નથી હોતી.

બગીચાના છોડને ક્યારે ફૂલ આવે છે અને અમૂક ફૂલનો કયો રંગ છે, તે પણ લોકો કહી શકતા નથી, જાણે ઉઘાડી આંખે આંધળા હોય અને છતે કાને બહેરા હોય, તેમ થતું આ જગતમાં ઘણું ઘણું જણાય છે. હકીકત એ છે કે-જરૂરીઆત લાગ્યા વિના કાંઈ મળી શકતું નથી.

જે જ્ઞાન આપણે ગ્રહણ કરીએ છીએ, તે પણ આપણી જરૂરીઆત જેટલું જ હોય છે. અને તેટલાથી બધું મળી ગયું, એમ માની લેવામાં આવે છે. આ એક ઠગારો આત્મસંતોષ છે.

સામેની વસ્તુ એક હોવા છતાં, તેનું દર્શન વ્યક્તિ પરત્વે નિરનિરાળું હોય છે.

જેટલી જેની ભૂખ, તેટલું જ તે ખાઇ શકે છે અને જેટલી જેની પાચનશક્તિ, તેટલું જ તે પચાવી શકે છે. છેવટે એમ જ કહેવું પડે છે કે-આપણે યોગ્યતા અને શક્તિ પ્રમાણે જ જગતમાંથી મેળવીએ છીએ. જ્ઞાન પણ વસ્તુ કરતાં વસ્તુને જાણનાર ઉપર જ અવલંબીને રહેલું છે.

બાહ્ય-જગતને સમજવા માટે મનુષ્યે પોતે જ પ્રયત્ન કરવાનો હોય છે. માત્ર ટગર ટગર જોયા કરનારને કે બેઠાં-બેઠાં સાંભળનારને, વસ્તુની સપાટીનો ઉપરચોટીયો જ ખ્યાલ આવે છે.

ડુંગરને માત્ર જોયા કરનાર તેના પર ચઢી શકતો નથી. ત્યાં ચઢવા માટે તો તેને પ્રયત્ન કરવો પડે છે. ડુંગર ચઢતાં-ચઢતાં અને પાણીમાં તરતાં-તરતાં જ ડુંગરનું અને તળાવનું ખરૂં જ્ઞાન મેળવી શકાય છે. અને ધીમે ધીમે તે જ્ઞાનને વધારી શકાય છે. ક્રિયાના ગર્ભમાં જ્ઞાન રહેલું છે-તે આ રીતે સાચું ઠરે છે.

અત્યારનું જ્ઞાન અને તેને મેળવવાની રીતો વાસ્તવિકતાની સપાટીથી ભાગ્યે જ આગળ જાય છે. જ્ઞાન મેળવનારે સપાટીની નીચે જવું જોઈશે. એટલે કે હમેશાં ક્રિયાશીલ રહેવું પડશે.

કાર્ય કરવાથી જ જ્ઞાન મેળવવાની યોગ્યતા અને જરૂરીઆત વધે છે. જિજ્ઞાસા વિના જ્ઞાન થતું નથી અને કર્મ કર્યા વિના સાચી જિજ્ઞાસા જાગતી નથી.

જિજ્ઞાસુ બનવા માટે ક્રિયા અનિવાર્ય છે. ક્રિયા કરતાં-કરતાં જ્ઞાન પ્રાપ્તિ માટેની યોગ્યતા અને શક્તિનો વિકાસ થાય છે. અને વધેલું જ્ઞાન પણ શુભાનુષ્ઠાનનું ઘડતર કરવા માટે ઉપયોગી નીવડે છે.

પ્રકાશ ઝીલવો અને વિકસવું તથા વિકસીને વધારે પ્રકાશ ઝીલવો એ જ જીવનના આ વૃક્ષનો ધર્મ છે.

ભૂતળમાં રહેલું જળ તેમજ ભાણામાં રહેલું અન્ન, ત્યાનું ત્યાં જ રહે, તો ન માનવ-પ્રાણીઓની તૃષા છીપે કે ન ક્ષુધા સંતોષાય! પાણીને બહાર લાવવા માટે જમીન ખોદવાની ક્રિયા કરવી પડે. અન્ન વાપરવા માટે કોળિયા મોંમાં મૂકીને બરાબર ચાવવા પડે.

આત્મામાં રહેલ અપાર-જ્ઞાનને પામવા માટે પણ તે જ રીતે, સતતપણે સત્-ક્રિયાશીલ રહેવું પડે. ઉચિત ક્રિયાની ઉપેક્ષા, જીવને અધિક અજ્ઞાન વડે આવૃત્તિ કરનારી નીવડે છે. એટલે જ્ઞાની ભગવંતોના સદુપદેશ મુજબની ક્રિયા દ્વારા આત્માના અમાપ-પ્રકાશને પામવા માટે માણસે પ્રત્યેક પળે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

卐

# જ્ઞાનીનું સ્વરૂપ

જ્ઞાની પુરુષ નિશદિન આત્માના ઉપયોગમાં રહે, તેમની વાણી અનુભવમાં આવે તેવી હોય. જ્ઞાની પુરુષ અયાચ હોય. જ્ઞાની પોતે સંપૂર્ણ સ્વતંત્ર હોય. જ્યાં સુધી ભૂલ હોય, ત્યાં સુધી માથે ભગવાન હોય. સર્વભૂલ રહિત હોય, તે સ્વયં ભગવાન બને.

જ્ઞાનીનું એકેય કર્મ બંધનકર્તા ન હોય. જ્ઞાનીનું કર્મ મુક્તિદાયક જ નીવડે. પોતે મુક્ત હોય, બીજાને મુક્ત કરે. જ્ઞાની નિર્ગ્રંન્થ હોય. તેની સર્વ ગ્રન્થિઓ છેદાઈ ગઈ હોય.

જ્ઞાનીમાં ત્રણ ગુણ હોય Compressible, (રબરજેવા) Flaxible વાળો તેમ વળે, પણ તુટે નહિ. Tensible ગમે તેટલું Tention ઝીલી શકે. જ્ઞાની ગુરુત્તમ હોય, ગુરુથી પણ ગુરુ તે ગુરુત્તમ તેમ જ્ઞાની લઘુતમ પણ હોય. લઘુતમ એટલે લઘુથી પણ લઘુ. આત્માનો એક ગુણ, અગુરુલઘુ છે, તે જ્ઞાનીમાં હોય.

જ્ઞાની આપ્ત હોય. આપ્ત એટલે બધી રીતે વિશ્વાસ કરવા લાયક. મોક્ષ પ્રાપ્તિ માટે ઠેઠ સુધી વિશ્વાસ કરવા લાયક હોય તે આપ્ત કહેવાય. જ્ઞાની પારસમણિ જેવા હોય, અંતર રાખ્યા વિના જે તેનો સ્પર્શ કરે, તે સુવર્ણ જેવા બની જાય.

નિર્વિકલ્પ આત્માને જાણવા માટે નિર્વિકલ્પ–સમાધિસ્થ એવા જ્ઞાની પુરુષ પાસે જવું પડે. જ્ઞાની નિમિત્તભાવમાં જ રહે, કર્તા બને નહિ. જેનું જ્ઞાન સૂક્ષ્મતમ સમયને અને સૂક્ષ્મતિસૂક્ષ્મ પરમાણુને પણ જોઈ શકે, જાણી શકે તે સાચા અર્થમાં જ્ઞાની કહેવાય.

જ્ઞાની પાસે જવા માટે પરમ વિનય હોવો જોઈએ. હું સંપૂર્ણ અજ્ઞાની છું એવો હાર્દિક સ્વીકાર હોવો જોઈએ.

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ त्वच्चरणौ यामि शरणं शरणोज्झितः ।।

મારા કરેલા દુષ્કૃતની નિંદા કરતો, જગતનાં સર્વ સુકૃતોની અનુમોદના કરતો શરણ વગરનો હું, હે નાથ! આપના ચરણના શરણે આવ્યો છું.

એક જ વાર આ ભાવે જ્ઞાનીના ચરણોમાં નમે અર્થાત્ પરમ વિનયે નમે તેનો મોક્ષ અવશ્ય થાય.

જ્ઞાનીને માપવા જાય, તેની મતિ મપાઇ જાય. જ્ઞાનીને બુદ્ધિથી ન તોળાય. જ્ઞાની પાસે અબુધ જેવા થઇને જવાય. જ્ઞાનીની આરાધના ન થાય, તે હજી ક્ષમ્ય ગણાય પણ વિરાધના તો ન જ થવી જોઇએ. જ્ઞાનીની વિરાધના એટલે પોતાના જ શુદ્ધ આત્માની વિરાધના. એક વાર કરેલી વિરાધના; પણ અનંત ભવભ્રમણ કરાવે. જ્ઞાની આગળ તો સરળતમ થાય તે જ સંસારને તરે.

જ્ઞાની પુરુષનું આ યથાર્થ સ્વરૂપ બરાબર સમજીને આપણે પરમજ્ઞાની શ્રી અરિહંત પરમાત્મા અને તેમની આજ્ઞામાં ત્રિવિધે ત્રિવિધે ઓતપ્રોત બની જ્ઞાની ભગવંતોની સેવા ભક્તિમાં અહર્નિશ ઉદ્યમવંત બનવું જોઇએ.

卐

# નિર્વેદ અને સંવેગ

હૃદયમાં જો શુભભાવ ન હોય તો દાન, શીલ અને તપ શેરડીના ફૂલની જેમ નિષ્ફળ જાય.

શુભભાવ એ છે કે, જેના ગર્ભમાં સંસારનો નિર્વેદ અને મોક્ષની આકાંક્ષા હોય. તાત્પર્ય એ છે કે, દાનાદિમાં પ્રવૃત્તિ કરનારે પણ શુભભાવમાં આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. કેમકે શુભભાવ વિના તે ત્રણે અકિંચિત્કર છે. તે શુભભાવની ઉત્પત્તિમાં ચૌદ હેતુઓ છે. તેનાં નામ (૧) સમ્યક્ત્વની શુદ્ધિ (૨) ચારિત્રની શુદ્ધિ (૩) ઈન્દ્રિયોનો જય (૪) કષાયોનો નિગ્રહ (૫) સદૈવ ગુરુકુળવાસ, (૬) દોષોની આલોચના,

(૭) ભવનો વિરાગ, (૮) વિનય, (૯) વૈયાવચ્ચ (૧૦) સ્વાધ્યાય રતિ, (૧૧) અનાયતનનો ત્યાગ, (૧૨) પરપરિવાદની નિવૃત્તિ, (૧૩) ધર્મમાં સ્થિરતા, (૧૪) અંતે અનશનપૂર્વક દેહનો ત્યાગ. બીજા પણ હેતુઓનો અંતર્ભાવ આ ચૌદમાં કરી લેવો શુભભાવના અર્થીએ પ્રથમ સમ્યક્ત્વની શુદ્ધિ કરવી.

## નિર્વેદ

અહીં સંસાર નિર્વેદનો અર્થ, પોતા તરફથી બીજાનો અપકાર અને બીજા તરફથી પોતાને ઉપકાર, તે ઉપર જીવવાનો કંટાળો અને મોક્ષની આકાંક્ષાનો અર્થ–પોતા તરફથી બીજા ઉપર ઉપકારનો સદ્ભાવ અને અપકારનો અભાવ તથા બીજા તરફથી લીધેલા ઉપકારનો પ્રત્યુપકાર અને બીજાને કરેલા અપકારની શુદ્ધિ અર્થાત્ લેવાનો કંટાળો ભવનિર્વેદ સૂચક છે. આપવાનો ઉમળકો સંવેગરંગ દર્શક છે.

ભવનિર્વેદના અનેક અર્થ છે. તેમાં એક અર્થ ભવભ્રમણનો કંટાળો છે. પ્રત્યેક ભવમાં દેહ ધારણ કરવાપણું પ્રાણાતિપાતાદિ કોઇને કોઇ પાપની અપેક્ષા રાખે છે. દેહની ઉત્પત્તિ, વિનાશ અને ધારણ, બીજા જીવોની હિંસા વિના અશક્ય છે.

હિંસા એ પાપ છે. ભવભ્રમણને ટકાવનાર કોઇ હોય તો તે હિંસાદિ પાપસ્થાનો છે, એટલે ભવનો બીજો અર્થ પાપ અથવા સ્વાર્થવૃત્તિ છે. સ્વાર્થવૃત્તિ પરપીડામાં પરિણમે છે.

સ્વાર્થવૃત્તિ યા પાપવૃત્તિ રૂપી પંકથી ભરેલા સંસારમાં એક ક્ષણ પણ અધિક રહેવાની આકાંક્ષા જેઓની ક્ષીણ થયેલી છે, તેઓ ભવનિર્વેદ ગુણને પામેલા છે. ભવ-નિર્વેદ ગુણ મોક્ષને ઉત્પન્ન કરે છે, કેમકે મોક્ષમાં ગયા વિના પરપીડાનો પરિહાર નથી, તથા ભવભ્રમણમાં બીજા તરફથી થતા ઉપકારનો પ્રત્યુપકાર પણ નથી.

મોક્ષ જ એક એવું સ્થાન છે કે, ત્યાં ગયા પછી જીવ દેહરહિત થાય છે. એટલે સ્થાર્થવૃત્તિરૂપી પાપથી મુક્ત થાય છે અને સાદિ અનંતકાળ સુધી તેનું અસ્તિત્વ પરાર્થ માટે જ હોય છે. લીધેલા બધા ઉપકારો કરતાં અનંતગુણા અધિક ઉપકાર, કાળ અનંત હોવાથી મુક્ત જીવથી થાય છે.

સ્વાર્થવૃત્તિનો નાશક તથા પરાર્થવૃત્તિનો પોષક હોવાથી મોક્ષ એ જ ઉત્તમ જીવને પ્રાપ્તવ્ય સમજાય છે.

સંસારમાં દુષ્કૃત છે, માટે તેની ગર્હા અને મોક્ષ સુકૃત છે માટે તેની અનુમોદના તથા મોક્ષ એ શુદ્ધાત્મભાવમાં રમણતારૂપ હોવાથી તેનું જ અનન્ય શરણ-એ ત્રણ વસ્તુ મોક્ષાભિલાષમાં એકત્ર સાથે સિદ્ધ થાય છે.

પરના સતત ઉપકારના ઋણના ભારથી શરમ અનુભવનારને મોક્ષની તીવ્ર આકાંક્ષા પેદા થયા સિવાય રહેતી નથી. એટલે તેવો આત્મા અનુપમ ઉત્સાહ, ઉમંગથી કર્મમુક્તિ-દાયક ધર્મની આરાધનામાં દત્તચિત્ત બનીને નખશિખ જીવંતતા અપનાવે છે.

'ભવ વિરહ' વર માગનાર પ. પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલ 'સંસારદાવા' સૂત્રનો સતત્ અભ્યાસ–ઉક્ત બંને ગુણોની પ્રાપ્તિમાં અમાપ સહાય કરે છે.

卐

# શ્રદ્ધા અને સંવેગ

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ આજે છે કે નહિ ?

આ પ્રશ્નનો ઉત્તર આપવો જરા કઠિન છે. શાસ્ત્રોમાં શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારનો મહિમા ઘણો મોટો વર્ણવ્યો છે. એને સર્વ મંત્રરત્નોનું ઉત્પત્તિ સ્થાન કહ્યું છે. એને સર્વ શાસ્ત્રોના પ્રારંભમાં ઉચ્ચારણ કરવાનું ફરમાન કર્યું છે. એના એક એક અક્ષરના ઉચ્ચારણમાં અનંત કર્મો અને તેના રસનો ઘાત થાય છે, એમ ફરમાવ્યું છે.

સર્વ કાળના અને સર્વ ક્ષેત્રના સર્વ મહર્ષિઓને પ્રમાણરૂપ હોવાથી એ (શ્રી નવકાર) મહામંગલ સ્વરૂપ છે. એમ જોરશોરથી પ્રતિપાદન કર્યું છે.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કૃતિને આ લોક અને પરલોકમાં અનેક પ્રકારના વાંછિતો પૂરા પાડનાર તરીકે વર્ણવેલ છે. અર્થને આપનાર પણ તે જ છે, કામને આપનાર પણ તે જ છે અને આરોગ્યને આપનાર પણ તે જ છે. અભિરતિ અને આનંદને આપનાર પણ એને જ માનેલ છે.

પરલોકમાં સિદ્ધિગમન, દેવલોકગમન, શુભકુળમાં આગમન અથવા બોધિલાભનું કારણ પણ એને જ (શ્રી નવકારને જ) કહેલ છે.

સર્વ સુખનો પ્રયોજક અને સર્વ દુઃખનો ઘાતક પણ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર છે. એમ તે તે સ્થળોએ સ્પષ્ટ શબ્દોમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે. તો પછી આજે એના કરતાં વિપરીત કેમ ? એ પ્રશ્ન સહેજે ઉત્પન્ન થાય છે.

એનો ઉત્તર પણ શ્રી હરિભદ્રસૂરિજી આદિ સૂરિપુંગવોએ સ્પષ્ટ શબ્દોમાં આપેલો છે. 'યોગબિન્દુ' નામના ગ્રન્થરત્નમાં તેઓ શ્રી ફરમાવે છે કે–

'अक्षरद्वयमप्येतत् श्रूयमाणं विधानतः ।
गीतं पापक्षयायोच्चैः योगसिद्धैर्महात्मभिः ॥'

અર્થ :- સિદ્ધયોગી એવા શ્રી તીર્થંકર-ગણધરાદિ મહાપુરુષોએ 'યોગ' એવા બે અક્ષર પણ વિધાનપૂર્વક સાંભળનાર આત્માને અત્યંત પાપના ક્ષય માટે થાય છે, એમ ફરમાવેલ છે. એ જ શ્લોકની સ્વોપજ્ઞ ટીકામાં તેઓ શ્રી ફરમાવે છે કે -

अक्षरद्वयमपि किं पुनः पञ्चनमस्कारादीन्यनेकान्यक्षराणीत्यपिशब्दार्थः । एतत् 'योग' इति शब्दलक्षणं श्रूयमाणमाकर्ण्यमानम् । तथा विधार्थाऽनवबोधेऽपि 'विधानतो' विधानेन, श्रद्धा-संवेगादिशुद्धभावोल्लास-करकुड्मलयोजनादिलक्षणेन । गीतमुक्तं पापक्षयाय, मिथ्यात्वमोहाद्यकुशलकर्मनिर्मूलनायोच्चैरत्यर्थम् । कै गीतमित्याह योगसिद्धैः 'योगः सिद्धो निष्पन्नो येषां ते तथा. तैर्जिनगणधरादिभिः महात्मभिः प्रशस्तभावैरिति ।"

અર્થ :- બે અક્ષર પણ પાપના ક્ષય માટે થાય છે તો પંચનમસ્કારાદિ અનેક અક્ષરો માટે તો કહેવું જ શું? તેવા પ્રકારના અર્થનું ભાન ન હોય તો પણ, વિધાનપૂર્વક શ્રદ્ધા-સંવેગાદિ ભાવોલ્લાસપૂર્વક અને બે હાથ આદિ જોડવાપૂર્વક 'યોગ' એવા બે અક્ષર સાંભળતાં, તે મિથ્યાત્વ મોહનીયાદિ અશુભ કર્મના અત્યંત નિર્મૂલન માટે થાય છે, એમ નિષ્ણાત યોગી એવા શ્રી જિન-ગણધરાદિ પ્રશસ્ત સ્વભાવવાળા મહાપુરુષોએ ફરમાવેલ છે.

ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીનું ઉપરોક્ત નિરૂપણ ફરમાવે છે કે-શ્રી પંચ નમસ્કારાદિ અનેક અક્ષરોનું તો શું પણ શ્રી જિનવચનાનુસારી 'યોગ' એવા બે અક્ષરોનું શ્રવણ પણ અત્યંત પાપ ક્ષય માટે થાય છે. શરત એટલી જ કે તે વિધાનપૂર્વક હોવું જોઈએ, અને વિધાન એટલે શ્રદ્ધા, સંવેગાદિ માનસિક ભાવ, કરકુડમલ યોજનાદિ શારીરિક વ્યાપાર અને ઉપલક્ષણથી શુદ્ધ ઉચ્ચારણ સમજવું.

તથાપ્રકારના અવબોધ વિના ઉપરોક્ત કાયિક, વાચિક, માનસિક-શુદ્ધ ભાવોલ્લાસપૂર્વક શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારાદિ અક્ષરોનું શ્રવણ પણ અતિ ક્લિષ્ટ પાપોના ક્ષયનું ઉચ્ચ કારણ માનેલું છે, તો તથાપ્રકારના અવબોધ સહિત શુદ્ધ અને સ્પષ્ટ શબ્દોચ્ચારપૂર્વક તેનું ઉચ્ચારણ અથવા મનન, ચિંતન અને નિદિધ્યાસનાદિ અત્યંત અશુભ કર્મોના ક્ષયનું મહાન કારણ બને તેમાં પૂછવું જ શું?

આજે શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર ફળીભૂત ન થતો હોય કે તેનો પ્રભાવ પ્રતીતિ ગોચર ન બનતો હોય, તેમાં કારણ તેના અર્થનાં જ્ઞાનનો અભાવ છે કે શ્રદ્ધા, સંવેગાદિનો અભાવ છે? એનો નિશ્ચય ઉપરોક્ત નિરૂપણમાં મળી આવે છે.

તથાપ્રકારના ક્ષયોપશમના અભાવે અર્થનો બોધ ઓછો-વત્તો હોઈ શકે છે, પરંતુ તે તેટલો બાધક નથી, જેટલો બાધક વિધાનનો, શ્રદ્ધા-સંવેગાદિ ભાવોલ્લાસનો અભાવ છે.

## વિધાન–શુદ્ધિ

ક્ષયોપશમના યોગે અર્થાવગમ અધિક પણ હોય, છતાં જો વિધાન પ્રત્યે બેદરકાર હોય, તો તે ફળ પ્રાપ્તિથી વંચિત રહે છે. સામાન્ય અર્થબોધવાન પણ વિધાન પ્રત્યે કાળજીવાળો આત્મા પાપક્ષયાદિ ઉચ્ચ ફળોનો ભોક્તા બની શકે છે.

આજે શ્રી નવકારને ગણનારા અર્થજ્ઞાન વગર તેને ગણે છે, માટે તેના ફળથી વંચિત રહે છે, એમ કહેવા કરતાં શ્રદ્ધા, સંવેગ શૂન્યપણે તેને ગણે છે, માટે જ ફળથી વંચિત રહે છે, એમ કહેવું એ શાસ્ત્રદૃષ્ટિએ વધુ સંગત છે.

શ્રદ્ધા 'તથેતિ પ્રત્યયઃ' 'આ તેમ જ છે.' એવો વિશ્વાસ અથવા 'આ જ પરમાર્થ છે' એવી બુદ્ધિ! આ થયું શ્રદ્ધાનું સ્વરૂપ.

સંવેગ એટલે મોક્ષાભિલાષ અથવા 'આ જ આરાધન કરવા યોગ્ય છે.' એવું જ્ઞાન.

ભાવોલ્લાસ માટે આ પ્રકારના શ્રદ્ધા અને સંવેગની પરમ આવશ્યકતા છે.

**જ્યાં સુધી 'પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ જ પરમાર્થ છે,' એવી બુદ્ધિ ન થાય અને દુઃખ અને તેના કારણભૂત પાપથી રહિત બનવા માટે એ જ એક પરમ સાધન છે. એવું આંતરિક જ્ઞાન ન થાય,** ત્યાં સુધી શ્રી અરિહંત એ બાર ગુણ સહિત છે અને સિદ્ધ એ આઠ ગુણ સહિત છે. આઠ પ્રાતિહાર્ય અને ચાર મૂલાતિશય મળીને બાર ગુણ ગણાય છે. અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ ઈત્યાદિ આઠ પ્રાતિહાર્યોનાં નામ છે. અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય ઈત્યાદિ ચાર મૂળ અતિશયો કહેવાય છે. આઠ કર્મના ક્ષયથી સિદ્ધ પરમાત્માને આઠ ગુણો ઉત્પન્ન થાય છે.

આઠ કર્મની ઉત્તર પ્રકૃતિઓ (૧૫૮), સત્તામાં (૧૪૮), બંધમાં (૧૨૦), ઉદયમાં (૧૨૨), ઉદીરણામાં (૧૨૨) હોય છે. બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા–એ ચારે પ્રકારે કર્મથી રહિત હોય તે સિદ્ધ કહેવાય છે. અગર આથી પણ પાંચ પરમેષ્ઠિ અને તેમના ગુણો સંબંધી સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન ધરાવનાર આત્મા પણ જો તે પ્રત્યે શ્રદ્ધા અને સંવેગથી શૂન્ય છે, તો તે વાસ્તવિક ફળ પ્રાપ્તિનો અધિકારી બની શકતો નથી અને જે આત્મા આવા પ્રકારના વિશેષ જ્ઞાનથી ભલે રહિત હોય પરંતુ શ્રદ્ધા અને સંવેગથી રંગાયેલો હોય અને તથાપ્રકારની ક્ષયોપશમાદિ સામગ્રીના અભાવે માત્ર એટલું જ જાણતો હોય કે શ્રી અરિહંત પરમાત્મા એ મોક્ષમાર્ગના ઉપદેશક છે, સિદ્ધ પરમાત્મા એ મોક્ષને પ્રાપ્ત થયેલા છે. મોક્ષ એ અનંત સુખનું ધામ છે. જન્મ-મરણાદિ કે ભૂખ–તૃષાદિ પીડાઓનું ત્યાં નામ નિશાન નથી.

## સંસારનું સ્વરૂપ

દુઃખનું સ્થાન ચાર ગતિરૂપ સંસાર છે, આધિ, વ્યાધિ અને ઉપાધિથી તે ભરપૂર છે. જ્યાં સુધી એ સંસાર પરિભ્રમણ મટે નહિ, ત્યાં સુધી દુઃખનો અંત આવે

નહિ, શ્રી અરિહંત પરમાત્માઓએ કેવળજ્ઞાનથી તે જોયું છે, પોતે સ્વપુરુષાર્થથી કર્મ-રહિત બન્યા છે, બીજાઓને કર્મરહિત બનવાનો માર્ગ બતાવી ગયા છે, એ માર્ગે ચાલનાર પૂર્વે દુઃખરહિત બન્યા છે, આજે પણ દુઃખરહિત બને છે, અનંત સુખના ભોક્તા પણ તેઓ જ થયા છે અને થાય છે, એ માર્ગની યથાર્થ શ્રદ્ધાના અભાવે જ જીવો ચાર ગતિમાં દુઃખ અનુભવી રહ્યા છે.

દુઃખનાશ અને સુખપ્રાપ્તિનો પારમાર્થિક ઉપાય શ્રી અરિહંતો જ સ્વયં જાણી શકે છે, બીજાઓ તેમના કહેવાથી જ જાણી શકે છે. શ્રી અરિહંત કે સર્વજ્ઞ બન્યા સિવાય જેઓ સુખપ્રાપ્તિનો માર્ગ બતાવે છે, તેઓ શ્રદ્ધેય નથી. તેવા અપૂર્ણ જ્ઞાનીના બતાવેલા માર્ગે ચાલવામાં અકલ્યાણ છે. સંપૂર્ણ જ્ઞાનીએ બતાવેલા માર્ગે ચાલવામાં જ કલ્યાણ છે.

સંપૂર્ણ જ્ઞાનીએ બતાવેલો માર્ગ કષ્ટપૂર્ણ હોય તો પણ આદરણીય છે. અજ્ઞાની અગર અધૂરા જ્ઞાનીઓએ બતાવેલો માર્ગ ઉપલક રીતે સુખદ હોય તો પણ અનાદરણીય છે. સમસ્ત દુઃખનો જેમાં સદા કાળને માટે અંત છે, એવા મોક્ષને મેળવવા માટેનો માર્ગ સુખાળો હોઈ શકે જ નહિ, અધિક કષ્ટથી બચવા માટે અલ્પ કષ્ટ એ કષ્ટ ગણાય જ નહિ. સંસારનાં ક્ષણિક સુખો પણ કષ્ટ વિના મળી શકતાં નથી, તો મોક્ષનાં અનંત સુખો વિના કષ્ટે અગર ખાતાં-પીતાં મળી જાય એમ માનવું એ વ્યાજબી નથી.

આવું બધું જેઓ જાણે છે, શ્રદ્ધા અને સંવેગથી ભરપૂર વિચારો જેના અંતઃ-કરણમાં સ્થાન જમાવીને બેઠેલા છે, તે આત્માઓ જ પંચ પરમેષ્ઠિ નમસ્કાર-ક્રિયાના યથાર્થ ફળના ઉપભોક્તા બની શકે છે.

અર્થજ્ઞાન મળ્યા પછી શ્રદ્ધા, સંવેગની શી જરૂર ? એમ પૂછનાર તત્ત્વને સમજ્યો જ નથી.

અર્થજ્ઞાનની સાથે શ્રદ્ધા, સંવેગ ઇત્યાદિ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી તે ક્રિયા, **ભાવક્રિયા** બની શકતી નથી.

શાસ્ત્રકાર મહર્ષિઓએ '**ભાવ**' ને જ સર્વત્ર ફળદાયી માન્યો છે. 'ભાવ' ઉપયોગ સ્વરૂપ છે, ઉપયોગ વિનાની અર્થજ્ઞાન સહિત અને શુદ્ધક્રિયાને પણ શાસ્ત્રકારોએ 'દ્રવ્યક્રિયા' કહેલી છે.

'अनुपयोगो द्रव्यमिति वचनात् ।' અનુપયોગ એટલે ઉપયોગ વિનાની ક્રિયા એ દ્રવ્યક્રિયા છે. એવું શાસ્ત્રોનું ફરમાન છે. અનુપયોગવાળાની અર્થજ્ઞાનવાળી ક્રિયા પણ ભાવક્રિયા કે તેનું સાક્ષાત કારણ બની શકતી નથી.

ઉપયોગની આટલી પ્રધાનતા જેમ ધર્મક્રિયામાં છે, તેમ પ્રત્યેક સારી-નરસી ક્રિયામાં પણ છે. અનુપયોગે થયેલો અપરાધ સંસારમાં કે સરકારમાં પણ મુખ્ય

અપરાધ ગણાતો નથી; તેમ વિના ઉપયોગે થયેલું સારૂં કાર્ય પણ સંસારમાં સારૂં કે પ્રશંસનીય ગણાતું નથી. ઇતર દર્શનકારોએ પણ કહ્યું છે કે,

'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः'

મનુષ્યોનું મન એ જ બંધ અને મોક્ષનું કારણ છે. મન જેમાં ભળતું નથી, એ ક્રિયા જેમ મોક્ષનો હેતુ થતી નથી, તેમ બંધનો હેતુ પણ થતી નથી.

મનશૂન્યપણે કે ઉપયોગશૂન્યપણે થતી પંચ પરમેષ્ઠિ નમસ્કાર ક્રિયા પણ તેનું સારૂં અને યથાર્થ ફળ કેમ આપી શકે? એ ક્રિયાની સાથે મનને મેળવવા માટે અર્થજ્ઞાનની જેટલી જરૂર છે, તેના કરતાં અનેક ગણી અધિક જરૂર શ્રદ્ધા અને સંવેગની છે.

શ્રદ્ધા અને સંવેગવાળા તથા પંચ પરમેષ્ઠિ નમસ્કાર ક્રિયા પ્રત્યે ભક્તિ અને આદરવાળા પુણ્યવંત જીવો અત્યલ્પ અર્થજ્ઞાનને ધારણ કરવા છતાં તેનાથી જે ફાયદો આજે અગર કોઇપણ કાળે ઉઠાવી શકે છે, તે ફળ–શ્રદ્ધા, સંવેગ, ભક્તિ અને આદર આદિથી શૂન્ય મોટા તત્ત્વવેત્તા અને પંડિત શિરોમણિ તરીકે લેખાતાઓ પણ મેળવી શકે તેમ નથી.

પંચપરમેષ્ઠિ નમસ્કાર–ક્રિયાનો પ્રભાવ એ રીતે અત્યંત પ્રભાવશાળી હોવા છતાં પણ તેના યથાર્થ ફળથી વંચિત રહી જવાનું મુખ્ય કારણ કોઇ હોય, તો તે શ્રદ્ધા હીનતાદિ છે. શ્રદ્ધાહીન આત્માના હાથમાં આવેલો શ્રી નવકારરૂપી ચિંતામણિ યથાર્થ ફળદાયી ન નીવડે, તો તેમાં દોષ શ્રી નવકાર કે તેના પ્રભાવનો છે એમ કહી શકાય નહિ.

## નમસ્કાર કરવાની યોગ્યતા

અનધિકારી આત્માઓને સારી પણ ચીજ આપવાની પરોપકારરત સત્પુરુષો સ્પષ્ટ શબ્દોમાં ના પાડે છે. પરમોપકારી ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી જ એક સ્થળે ફરમાવે છે કે –

'नैतद्विदस्त्वयोग्येभ्यो ददत्येनं तथापि तु ।
हरिभद्र इदं प्राह, नैतेभ्यो देय आदरात् ॥

ઉત્તમ વસ્તુના માહાત્મ્યને જાણનારાં સત્પુરુષો અયોગ્યને ઉત્તમ વસ્તુ આપતા જ નથી. તો પણ 'હરિભદ્ર' આદરપૂર્વક જણાવે છે– **કૃપા કરીને ઉત્તમ વસ્તુ તે અયોગ્યને આપતા નહિ.** તેઓ શ્રી વિશેષમાં જણાવે છે કે ઉત્તમ વસ્તુની કરેલી જરા જેટલી પણ અવજ્ઞા મોટા અનર્થને માટે થાય છે. એ અનર્થથી બચવાને માટે જ મારૂં આ કથન છે. નહિ કે મને કોઇના તરફ માત્સર્ય છે.

યોગ્ય અને અધિકારી આત્માઓને તો તે પ્રયત્નપૂર્વક આપવી જોઇએ. પરંતુ તેમાં પણ વિધિ જાળવવાની અત્યંત જરૂર છે. અયોગ્ય વિધિએ ગ્રહણ કરનાર યોગ્ય

આત્માને ઉત્તમ વસ્તુ પણ એકાએક ફળીભૂત થતી નથી, એટલું જ નહિ, પરંતુ નુકશાન કરનારી પણ થઈ પડે છે.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારના સાચા અધિકારી શ્રદ્ધા, સંવેગ આદિ ગુણોથી વિભૂષિત પુરુષરત્નો છે. પછી તે સાધુ હો કે સાધ્વી, શ્રાવક હો કે શ્રાવિકા હો કે પછી ભદ્રક-પરિણામી મિથ્યાદૃષ્ટિ હો.

ઉપધાનાદિ તપ કરવાપૂર્વક શ્રી મહાનિશીથાદિ સૂત્રોના યોગોદ્વહન કરનાર સંયમી, શુદ્ધ ચારિત્રના ખપી અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન પ્રત્યે પરિપૂર્ણ આદર ધરાવનારા નિર્ગ્રન્થ મુનિરાજના મુખથી ગ્રહણ કરેલો શ્રી નવકાર એ જ વિધિપૂર્વક ગ્રહણ કરેલો ગણાય છે.

એ રીતે વિધિપૂર્વક નવકારને ગ્રહણ કરનારો અગર વિધિ પ્રત્યે સંપૂર્ણ આદર ધારણ કરી અવસર મળ્યે એ વિધિને આચરવાની હૃદયમાં ધારણા રાખી નવકાર ગ્રહણ કરવાવાળો આત્મા, શ્રી નવકારની આરાધના દ્વારા યથેષ્ટ ફળ ન મેળવી શકે એ બને જ નહિ.

આજના વિપત્ કાળમાં **મંગળ માટે, વિઘ્ન વિનાશ માટે, ચારે બાજુ અને દશે દિશાએથી મોઢું ફાડીને ડોકિયાં કરી રહેલા દુઃખરૂપી પિશાચોના મુખની અંદર ક્ષુદ્ર જંતુની જેમ પીસાતાં બચી જવા માટે, કોઈ પ્રબળ સાધનની જરૂર છે જ.** અને એવું પ્રબળ સાધન, અમોઘ સાધન, અજોડ સાધન, સર્વ ભયોની સામે આત્માને સુરક્ષિત સ્થળે પહોંચાડી દેનાર શ્રી નવકાર સમાન બીજી કોઈ 'Life Boat' જીવન નાવ નથી.

નાવ પણ તેમાં બેસનારને બચાવે છે, તારે છે પણ બીજાને નહિ, તેમ શ્રી નવકાર પણ એના આરાધકને બચાવે, અનારાધક કે વિરાધકને ન બચાવે-એમાં નવકારનો દોષ ન ગણાય. આપણે શ્રદ્ધા અને સંવેગ પૂર્ણ બની નવકારરૂપી નાવમાં બેસી ભવસાગરનો પાર પામીએ.

卐

# પરમ શ્રદ્ધેય શાસ્ત્રો

સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી તીર્થંકરદેવકથિત શાસ્ત્રો એ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું સાધન છે.

**સમ્યગ્જ્ઞાન** (Right Knowledge)

चक्षुष्मन्तस्त एव हि, ये श्रुतज्ञानचक्षुषा ।
सम्यक् सदैव पश्यन्ति, भावान् हेयेतरान्नराः ॥

શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુ વડે જેઓ ત્યાગ કરવા લાયક અને આદર કરવા લાયક પદાર્થોને નિરંતર સમ્યક્ પ્રકારે જુએ છે, તેઓ જ આ વિશ્વમાં ચક્ષુવાળા છે.

જ્ઞાન એ પ્રકાશ છે. અજ્ઞાન એ અંધકાર છે.

અંધકાર સમાન આ જગતમાં બીજો એક પણ શાપ નથી. સોનાની ડુંગરીઓ અને હીરાના ઢગલાઓ વચ્ચે પણ આંખ વિનાના માણસને કાંઈ સુખ નથી.

આંખવાળા માણસને પણ પ્રકાશના અભાવમાં સોનું અને પિત્તળ, હીરો અને પથ્થર, મોતી અને કાચ સમાન છે. સોનાને સોના તરીકે અને પિત્તળને પિત્તળ તરીકે, મોતીને મોતી તરીકે, હીરાને હીરા તરીકે અને પથ્થરને પથ્થર તરીકે ઓળખાવનાર આંખ, એ પ્રકાશ છે. એના વિના બધું જ અંધારું છે.

અંધકારમાં વસનારને ધોળું અને કાળું, સારું અને નરસું, કીમતી અને અકીમતી-પણાનો વિચાર પ્રકાશની હયાતીમાં જ થઈ શકે છે. તે કારણે પ્રકાશની કિંમત દુનિયામાં સૌથી શ્રેષ્ઠ ગણાય છે. અને અંધકારનું કષ્ટ સૌથી વધારે ખરાબ મનાય છે.

અજ્ઞાન પણ એક પ્રકારનો અંધકાર જ છે. બાહ્ય અંધકાર કરતાં પણ એ વધારે કષ્ટદાયક છે અને પીડાકારક છે. અજ્ઞાન–અંધકારની હયાતીમાં જીવને બાહ્ય ચક્ષુ મળ્યાં હોય, બાહ્ય પ્રકાશ મળ્યો હોય, બાહ્ય સુખની સામગ્રી મળી હોય, તો પણ તેનાથી તે પોતાનું હિત સાધી શકતો નથી, સુખ પામી શકતો નથી.

સુખ, શાન્તિ કે હિતની સાધના માટે બાહ્ય સામગ્રીઓની સાથે, બાહ્ય પ્રકાશની સાથે, બાહ્ય ચક્ષુની સાથે માનવીને જ્ઞાનરૂપી ચક્ષુની જરૂર પડે છે. જ્ઞાનચક્ષુ વિના કરવા લાયક કે નહિ કરવા લાયક કૃત્યોનો વિભાગ થઈ શકતો નથી. તેથી નહિ કરવા લાયક કૃત્યોને કરીને અને કરવા લાયક કૃત્યો નહિ કરીને જીવ પોતાનું અહિત સાધે છે. હિત સાધવા માટે બાહ્ય ચક્ષુ કે બાહ્ય પ્રકાશ સહાયક બની શકતા નથી. એ માટે એક જ્ઞાનચક્ષુ જ ઉપકારી બની શકે છે.

એ જ્ઞાનચક્ષુ જેઓને મળ્યાં નથી, તેઓ એક જ જિંદગીમાં કેટલાં અકથ્ય પાપોને આચરે છે અને પરિણામે કેટલાં અસહ્ય કષ્ટોને સહે છે, તેને વર્તમાન જગત સમક્ષ આંખ ઉઘાડી રાખીને જોનારો સહેજે સમજી શકે છે.

## સમ્યગ્જ્ઞાનના અભાવનું ફળ

આજે માણસો નહિ ખાવા લાયક (માંસાદિ)ને ખાતા હોય, નહિ પીવા લાયક (મદિરાદિ)ને પીતા હોય, નહિ ભોગવવા લાયક (પરદારાદિ)ને ભોગવતા હોય, નહિ માનવા લાયક(કુમતાદિ)ને માનતા હોય, નહિ આચરવા લાયક(હિંસાદિ)ને આચરતા હોય અને પરિણામે પોતાનું ભયંકર અહિત સાધતા હોય, તો તે એક સમ્યગ્જ્ઞાનરૂપી આંતરચક્ષુના અભાવનું જ ફળ છે, એનો ઇન્કાર કોનાથી થઈ શકશે?

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, કૃત્યાકૃત્ય કે સત્યાસત્ય વિચાર, જે ચક્ષુથી થઇ શકે છે અને જે ચક્ષુ વિના નથી જ થઇ શકતો, તે ચક્ષુની આજે જ જરૂર છે એવું

નથી, પણ સર્વ કાળે જરૂર છે. એની જરૂર નથી, એમ જે કોઈ કહે છે, તે જીવો અત્યંત સુખદાયી પ્રકાશનો જ વિરોધ કરે છે, એમ કહેવામાં લેશમાત્ર પણ ખોટું નથી.

સમ્યગ્જ્ઞાન વિના જેમ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, કૃત્યાકૃત્ય કે સત્યાસત્યનો ભેદ પડી શકતો નથી, તેમ જીવ-અજીવ, તત્ત્વ-અતત્ત્વ, હિત-અહિત, ઇત્યાદિનો પણ વિવેક થઈ શકતો નથી. અને એ વિવેકના અભાવે જીવનમાં સદાચાર નાશ પામતો જાય છે અને દુરાચાર પ્રવેશ પામતો જાય છે. પરિણામે દુર્ગતિ અને અનર્થોની પરંપરા સિવાય કાંઈ બચત રહેતું નથી. એ બધાથી બચવાનો એકનો એક અને સરળમાં સરળ ઉપાય, સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ અને પ્રસાર છે.

## સમ્યગ્જ્ઞાન કોને કહેવું ?

સમ્યગ્જ્ઞાન કહેવું કોને ? એ સંબંધી આજે ઘણો વિવાદ છે. સહુ કોઈ પોતાને મનગમતી અને પસંદ પડતી વ્યાખ્યાઓ બાંધે છે. જેનું જેમાં હિત અને સ્વાર્થ હોય તે જ એક વ્યાખ્યાને તે સત્ય સાબિત કરવા મથે છે અને તેનો જ પ્રચાર કરવા પાછળ તે પોતાની સઘળી શક્તિઓનો ઉપયોગ કરે છે.

આપણે તે બધી વ્યાખ્યાઓનું અહીં પ્રયોજન નથી. સમ્યગ્જ્ઞાનની સહેલી અને સરળ વ્યાખ્યા એક જ છે, 'જેનાથી પરિણામે હિત સધાય તેવી વસ્તુઓ જણાય તેનું નામ સમ્યગ્જ્ઞાન'.

પરિણામે હિત સધાય તેવી વસ્તુઓને જાણવા માટેનું એ સાધન, સર્વજ્ઞ પરમાત્માએ પ્રકાશેલાં શાસ્ત્રો સિવાય આજે બીજું એક પણ નથી.

આજે કોઈ સર્વજ્ઞ સ્વામી આ ક્ષેત્રમાં હયાત નથી તે સાચું, પણ તેમણે પ્રકાશેલાં શાસ્ત્રો હયાત છે.

'સર્વજ્ઞ પ્રભુએ પ્રકાશેલાં શાસ્ત્રો પણ આજે હયાત નથી.' એમ જો કોઈ કહેતું હોય, તો તે માનવા લાયક નથી. એમ કહેવાની પાછળ, કહેનારનું અજ્ઞાન અથવા સ્વાર્થ રહેલો હોવો જોઈએ.

અનેક જે શાસ્ત્રો વિદ્યમાન છે તેમાં સર્વજ્ઞ ભગવંતોએ કહેલાં શાસ્ત્રો કયા ? અને એને ઓળખવાં શી રીતે ?

આ એક ઘણો જ ગૂંચવણમાં નાખનારો પ્રશ્ન છે. પણ જેઓને સમ્યગ્જ્ઞાનનો ખપ છે, તેઓને માટે તેનું સમાધાન દુષ્કર નથી.

## સાચાં શ્રદ્ધેય શાસ્ત્રો

જે શાસ્ત્રો જગત જેવું છે તેને તે સ્વરૂપમાં જણાવે છે અને જે શાસ્ત્રોનું એક પણ વચન પ્રત્યક્ષ જગતથી વિરુદ્ધ જતી એક પણ વાતનું સમર્થન કરતું નથી, તે જ શાસ્ત્રો સર્વજ્ઞ ભગવંતોનાં પ્રકાશેલાં (કહેલાં) છે.

પ્રત્યક્ષ જગત કેવળ નિત્ય નથી કે કેવળ અનિત્ય નથી. દ્રવ્યરૂપે કાયમ રહીને પ્રતિક્ષણ પર્યાયરૂપે તે પલટાયા કરે છે. તેથી નિત્યાનિત્ય ઉભય સ્વરૂપ છે. જગતનો કોઇ પણ પદાર્થ, એ ઉભય સ્વરૂપને છોડીને રહી શકતો નથી.

કોઈ પણ પદાર્થને કેવળ નિત્ય માનવો કે કેવળ અનિત્ય માનવો એ પ્રત્યક્ષ મૃષાવાદ છે.

એવા મૃષાવાદનો આશ્રય જે શાસ્ત્રકારોએ લીધો નથી, કિન્તુ જગતનું સત્ય સ્વરૂપ બતાવવા માટે 'સ્યાદ્‌વાદ'નો આશ્રય લીધો છે, તે શાસ્ત્રકારોનાં શાસ્ત્રો પરમ શ્રદ્ધેય છે.

શાસ્ત્રોની સત્યતાની બીજી કસોટી અહિંસા છે

જે શાસ્ત્રો હિંસાને પણ 'ધર્મ' તરીકે સમજાવતાં હોય, તે શાસ્ત્રો સર્વજ્ઞ, વીતરાગ પુરુષોનાં બનાવેલાં સિદ્ધ થતાં નથી.

હિંસા એ સર્વ દેશ અને સર્વ કાળમાં સર્વ જીવોને અનિષ્ટકર છે. અને તેને આચરનારો, કાર્યકારણના નિયમ મુજબ, કદી પણ બદલામાં–સુખ મેળવી શકે નહિ. 'જેવું વાવે તેવું લણે' (As you sow, so shall you reap) એ નિયમને એક નાનું બાળક કે નિરક્ષર માણસ પણ જાણી શકે છે.

છતાં હિંસા એટલે બીજાને દુઃખ દેવાની ક્રિયાથી 'ધર્મ' અને અહિંસા એટલે બીજાને સુખ દેવાની ક્રિયાથી 'અધર્મ' થાય છે, એમ કોઈ શાસ્ત્ર કે કોઈ શાસ્ત્રકાર (કોઈ એક સ્થળે ભૂલથી પણ) નિરૂપણ કરે છે, તો તે અજ્ઞાની, અસત્યવાદી, અશ્રદ્ધેય ઠરે છે. તો જે શાસ્ત્રોમાં એવાં એક નહિ પણ અનેક નિરૂપણો આલેખાયેલાં હોય તે શાસ્ત્રોમાં કહેલી તે અને બીજી વાતો 'સમયગ્જ્ઞાન'ના અર્થને માન્ય થઈ શકતી નથી.

સર્વજગદ્‌હિતૈષી સર્વજ્ઞ અને વીતરાગ પુરુષોનાં પ્રકાશેલાં (કહેલાં) શાસ્ત્રોમાં 'હિંસા' એ અધર્મ અને 'અહિંસા' એ જ ધર્મ હોય છે, એ સત્શાસ્ત્રોની કસોટી છે.

પરંતુ વિશ્વનું સ્વરૂપ સમજવા માટે 'સ્યાદ્‌વાદ' ન્યાયનો આશ્રય લીધા સિવાય જેમ ચાલતું નથી, તેમ અહિંસાનું શુદ્ધ સ્વરૂપ સમજવા માટે પણ 'સ્યાદ્‌વાદ' ન્યાયનો આશ્રય લીધા સિવાય ચાલતું નથી. કારણ કે અહિંસા પણ બે વિભાગમાં વહેંચાયેલી છે.

તે બે વિભાગ આ રીતે છે, એક જીવવધની ક્રિયારૂપે, બીજો જીવવધના પરિણામરૂપે.

જીવવધની ક્રિયા અનેક પ્રકારની હોય છે અને જીવવધનો અધ્યવસાય પણ અનેક પ્રકારનો હોય છે.

તેથી જેવા જેવા પ્રકારના જીવોનો વધ અને તેની પાછળ રહેલો જેવો જેવો વધ કરનારનો અધ્યવસાય, તે મુજબ તેને 'હિંસા' અને 'અહિંસા'નું ફળ મળી શકે છે.

એ રીતે હિંસા અને અહિંસાનો સર્વાંગીણ અને સૂક્ષ્મતમ વિચાર જે શાસ્ત્રોમાં રહેલો છે, તે શાસ્ત્રો સર્વજ્ઞ અને સર્વજગહિતૈષી પુરુષોનાં રચેલાં આપોઆપ સાબિત થઈ જાય છે.

એવાં શસ્ત્રોમાં ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય. ગમ્ય-અગમ્ય, કૃત્ય-અકૃત્ય કે સત્ય-અસત્યનું જે નિરૂપણ કરેલું છે, તે સત્ય જ હોય છે અને તેને અનુસરીને જીવન જીવવું એ ત્રૈકાલિક હિતનો માર્ગ છે.

આથી એ સિદ્ધ થયું કે જે શાસ્ત્રોનો વિષય 'સ્યાદ્વાદ' અને વિધાન 'અહિંસા', તે શાસ્ત્રો સર્વજ્ઞ પુરુષોનાં રચેલાં છે. આ જન્મ કે ભવિષ્યના જન્મોનું હિત સાધવાના માર્ગમાં તે શાસ્ત્રોનો આશ્રય લેવો એ જ પરમ કર્તવ્યરૂપ છે.

જેઓ એ શાસ્ત્રોના પ્રકાશથી દૂર છે, તેઓ ભાવ અંધકારમાં રહેલા છે. અને જેઓ એ શાસ્ત્રોના પ્રકાશમાં પોતાનું જીવન જીવી રહ્યા છે તેઓ પોતાનું તેમ જ સાથોસાથ બીજાનું પણ યથાશક્ય કલ્યાણ સાધી રહ્યા છે

સમ્યગ્જ્ઞાનના અમૂલ્ય ખજાના સમાં એ શાસ્ત્રોને અનુસરવું-એ જેમ હિતાર્થીઓનું કર્તવ્ય છે, તેમ એ શાસ્ત્રોને ઉત્પન્ન કરનાર અને આજ સુધી તેને આપણા સુધી પહોંચાડનાર અનેક ઉપકારી શ્રી વીતરાગ પરમાત્માઓ, આચાર્ય ભગવંતો અને તેમનાં શાસ્ત્રોને ભણનારા અને તેમના કહેલા માર્ગે ચાલનારા મહામુનિવરોને નિરંતર વાંદવા, પૂજવા, સત્કારવા અને સન્માનવા એ સહુ કૃતજ્ઞ સજ્જનગણનું પરમ કર્તવ્ય છે. એમાં સત્યની સેવા, ધર્મની ( સેવા ) રક્ષા અને સુખની વૃદ્ધિ છે

આંખ ધોખો ખાઈ જાય તે બને, બુદ્ધિ દગો દે તે બને, પણ શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનું વચન કે તે વચનોનો સમૂહરૂપ શાસ્ત્ર ત્રણ કાળમાં કોઈ એક જીવને પણ દગો નથી દેતું એટલું જ નહિ, પરંતુ સગી મા કરતાં પણ સવાયા હેતથી તેની આંગળી ઝાલનારા જીવને હેમખેમ સંસારવનથી પાર કરે છે.

શ્રી વીતરાગના વચનમાં મૂકેલો વિશ્વાસ ત્રણ કાળમાં પણ નિષ્ફળ જતો નથી, પરંતુ અચૂક ફળે જ છે.

શ્રી વીતરાગ, સર્વજ્ઞ ભગવંતો એટલે સમગ્ર વિશ્વના પરમ વિશ્વસનીય પુરુષવરો. તેમણે પ્રકાશેલાં શાસ્ત્રોના પ્રકાશમાં જીવન જોવા, વાંચવા, વિચારવા તેમ જ જીવવામાં જીવનું ત્રૈકાલિક હિત સમાયેલું છે.

卐

# શ્રી જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતા !

જીવ છે, પરલોક છે, પુણ્ય છે, પાપ છે, સ્વર્ગ છે, નરક છે, એટલું જ માનવા માત્રથી લોકોત્તર આસ્તિકતા પ્રાપ્ત થઈ શકતી નથી.

જેઓ જીવ, પરલોક, પુણ્ય, પાપ, સ્વર્ગ તેમ જ નરકાદિ અતીન્દ્રીય વસ્તુઓના અસ્તિત્વને સ્વીકારવા જ નથી તેઓ તો પૂરા નાસ્તિક છે જ, પરંતુ જેઓ જીવ, પરલોક, પુણ્યપાપાદિની સત્તાને સ્વીકારવા છતાં તેના સ્વરૂપને–તે જેવી રીતે છે–તેવી રીતે માનતા નથી, પણ અન્ય રીતે સ્વીકારે છે તેઓ પણ લોકોત્તર દૃષ્ટિએ આસ્તિક નથી.

જીવને માનવા છતાં જેઓ તેને માત્ર પંચભૂતમય માને છે, પાણીના પરપોટાની જેમ યા કાષ્ઠના અગ્નિની જેમ ભૂતમાત્રમાંથી ઉત્પન્ન થઈને ભૂતમાત્રમાં વિલય પામી જનારો માને છે, તેઓ તો નાસ્તિક છે જ; પરંતુ જેઓ જીવને પંચભૂતથી અતિરિક્ત અને કદી નાશ નહિ પામવાના સ્વભાવવાળો માને છે અને તેઓ પણ જો કૂટસ્થ, નિત્ય કે સર્વથા અલિપ્ત સ્વભાવવાળો માને તોપણ જીવના પ્રત્યક્ષસિદ્ધ કર્તૃત્વાદિ ધર્મનો અપલાપ કરનારા થાય છે.

પંચભૂતથી અતિરિક્ત જીવને નહિ માનવામાં જેમ નાસ્તિકતા રહેલી છે તેમ પંચભૂતથી અતિરિક્ત જીવમાં રહેલા કર્તૃત્વાદિ ધર્મોને નહિ સ્વીકારવામાં પણ અંશતઃ નાસ્તિકતા છૂપાયેલી છે.

જીવ નિત્ય છે, તેમ આકાશ પણ નિત્ય જ છે. પણ જીવની નિત્યતા અને આકાશની નિત્યતા વચ્ચે મોટું અંતર છે. આકાશ નિત્ય છતાં ત્રણે કાળમાં અલિપ્ત છે, તેમ જીવ નથી.

## જીવ ઉપર અસર

સકર્મક જીવ બાહ્ય પદાર્થો અને સંયોગોથી અવશ્ય લેપાય છે. તે તે પદાર્થો અને સંયોગોનાં પરિવર્તનોની ઓછીવત્તી અસર જીવ ઉપર થાય જ છે, પરંતુ આકાશ ઉપર થતી નથી.

જીવ જેવા સંયોગોમાં મુકાય છે, તેવી અસર તેના ઉપર થાય જ છે. સયોગી અવસ્થામાં પ્રતિ સમય જીવ કર્મ કર્યા જ કરે છે. વિગ્રહગતિમાં પણ કર્મબંધ કરે છે. આહાર આદિ છ પર્યાપ્તિઓમાં કોઈ પણ પર્યાપ્તિ પ્રવૃત્તિરૂપે હોતી નથી, છતાં વિગ્રહ-ગતિમાં જીવને કર્મબંધન થાય જ છે. કાયિક આદિ બાહ્ય વ્યાપાર ન હોય ત્યારે પણ પૂર્વ–પ્રયોગાદિથી ચક્રભ્રમણાદિની જેમ વિગ્રહગતિ આદિમાં કર્મબંધ થયા કરે છે, એવું શાસ્ત્રવચન છે. કર્મબંધરહિત અવસ્થા માત્ર સિદ્ધોને અથવા અયોગી કેવળી ભગવંતને હોય છે. તેમ છતાં જેઓ જીવને આકાશની જેમ ત્રણે કાળ અને સર્વ અવસ્થામાં

અલિપ્ત અને અક્રિય માને છે, તેઓ પ્રગટપણે સંપૂર્ણ રીતે નાસ્તિક નહિ હોવા છતાં અંશતઃ નાસ્તિક છે જ છે.

અક્રિય અવસ્થામાં પણ જીવ જેમ શુભાશુભ કર્મનો કર્તા છે તેમ તેનાં સારાંનરસાં ફળોનો ભોક્તા પણ છે જ.

શરીર છૂટયું એટલા માત્રથી કર્મ છૂટયાં એમ સંસારી જીવ માટે બનતું નથી. કુટુંબીજનો આદિ માટે પાપકર્મ કરનારનાં પાપકર્મોનું ફળ કુટુંબીજનો આદિ ભોગવતાં નથી પણ તે ફળ પાપકર્મ કરનારને જ ભોગવવાં પડે છે. તેથી સંસારી જીવ આકાશની જેમ નિષ્ક્રિય નથી, તેમ અલિપ્ત પણ નથી. પરંતુ સક્રિય અને સલિપ્ત છે.

જીવ, જીવનું નિત્યત્વ, જીવનું કર્તૃત્વ અને જીવનું ભોક્તૃત્વ—એ ચારને જૈન દર્શન સ્વીકારે છે તેટલા માત્રથી જ તેની વિશેષતા સમાપ્ત થતી નથી. જીવના અસ્તિત્વને કે નિત્યત્વને તથા કર્તૃત્વને કે ભોક્તૃત્વને કોઈ માને યા ન માને તેટલા માત્રથી તે ઊડી જતું નથી. યુક્તિ અને આગમથી તેને સ્વીકારનારને જેમ તે માનવાં પડે છે, તેમ નહિ સ્વીકારનારને પણ તેનું ફળ અનુભવવું જ પડે છે.

જૈનદર્શનની વિશેષતા જેમ જીવને કર્મબંધ અને કર્મફળનો કર્તા તેમ જ ભોક્તા માનવામાં રહેલી છે, તેમ સર્વ કર્મનો ક્ષય અને તેના ઉપાયના અસ્તિત્વને માનવામાં પણ રહેલી છે.

જીવનો કર્મથી સર્વથા છૂટકારો થઇ શકે છે અને તે છુટકારાના સમ્યગ્ દર્શનાદિ ઉપાયો પણ વિદ્યમાન છે જ. એ માન્યતા ઉપર લોકોત્તર આસ્તિકતા અવલંબેલી છે.

લોકોત્તર આસ્તિકતામાં જીવ અને પરલોક આદિની શ્રદ્ધા સાથે જીવના નિત્યત્વની, કર્તૃત્વની, ભોક્તૃત્વની મુક્તત્વની અને તદનુરૂપ સત્ત્વની શ્રદ્ધા પણ અવિચળપણે રહેલી હોય છે. એમાંથી એકની કે એકના કોઈ અંશની પણ અશ્રદ્ધા જ્યાં સુધી છે, ત્યાં સુધી લોકોત્તર આસ્તિકતા તો નથી જ, કિન્તુ અપ્રગટપણે નાસ્તિકતાનાં બીજો છુપાયેલાં જ છે. એ નાસ્તિકતાનાં બીજ એના માલિકને મુક્તિમાર્ગની આરાધનામાં સીધી કે આડકતરી રીતે પ્રતિબંધક થયા સિવાય પણ રહેતાં નથી.

લોકોત્તર આસ્તિકતાના અર્થી આત્માઓ માટે જૈન શાસ્ત્રકારોએ શ્રદ્ધાનાં મુખ્ય છ સ્થાનો બતાવેલાં છે. તે છ પૈકી કોઇ એકની પણ અધૂરાશ ચાલી શકે તેમ નથી.

## શ્રદ્ધાનાં છ સ્થાનો

**સ્થાન પહેલું**: દૃશ્યમાન પૃથ્વી આદિ પાંચ ભૂતોથી ભિન્ન સ્વરૂપવાળો, આ ભવ છોડીને અન્ય ભવમાં જનારો અને જ્ઞાનાદિ ગુણોને ધારણ કરનાર 'જીવ' નામનો એક સ્વતંત્ર પદાર્થ છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવને પાંચ ભૂતોથી અતિરિક્ત નહિ માનવારૂપ નાસ્તિકતા નાબૂદ થાય છે.

**સ્થાન બીજું**: પંચભૂતોથી અતિરિક્ત જીવ નામનો પદાર્થ, દ્રવ્યદૃષ્ટિએ અવિનાશી અને નિત્ય સ્વભાવવાળો છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી શરીરના નાશની સાથે જીવનો નાશ માનવારૂપ નાસ્તિકતા દૂર થાય છે.

**સ્થાન ત્રીજું**: જ્યાં સુધી જીવનો મોક્ષ ન થાય ત્યાં સુધી સંસારી જીવ પ્રતિ સમય સાત યા આઠ કર્મને બાંધ્યા જ કરે છે. એ કર્મ મૂળ આઠ પ્રકારનાં છે, અને તેના ઉત્તર ભેદ ૧૫૮ પ્રકારનાં છે, જ્ઞાનદર્શનને રોકનાર, સુખદુઃખને આપનાર, વર્તન અને વિચારમાં ભ્રમ પેદા કરાવનાર, જીવન અને શરીરને ધારણ કરાવનાર, ઉચ્ચનીચ આદિ અવસ્થાઓને અપાવનાર અને દાનલાભાદિમાં અંતરાયભૂત થનાર, તે કર્મો જ છે. કર્મોને છોડીને બીજું કાંઈ પણ નથી.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવને નિર્ગુણ અને નિષ્ક્રિય માનવારૂપ નાસ્તિકતા દૂર થાય છે.

**સ્થાન ચોથું**: જે જે જીવો જે જે કર્મોને બાંધે છે, તે તે જીવોને તે તે કર્મો ભોગવવાં જ પડે છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવને સુખદુઃખ દેનાર તરીકે ઇશ્વરને માનવારૂપ નાસ્તિકતાનો નિરાસ થાય છે.

**સ્થાન પાંચમું**: જન્મ, જરા મરણાદિની પીડાથી રહિત અને અનંત જ્ઞાનદર્શનાદિ ગુણોની સમૃદ્ધિથી ભરપૂર જીવની મોક્ષાવસ્થા છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી જીવનો મોક્ષ નહિ માનનાર અને મોક્ષને માનવા છતાં તેને અભાવાદિ સ્વરૂપવાળો માનનાર મતોનો નિરાસ થાય છે.

**સ્થાન છટ્ઠું**: ભવ્ય જીવનો મોક્ષ, ઉપાયથી સાધ્ય છે. હિંસાદિ આસ્રવોનો રોધ અને સમ્યગ્દર્શનાદિ સંવર નિર્જરાના ઉપાયોનું ઉત્કટ આસેવન એ મોક્ષનો ઉપાય છે.

આ સ્થાન પરની શ્રદ્ધાથી મોક્ષના ઉપાયોને નહિ માનવારૂપ નાસ્તિકતા તેમ જ મોક્ષના યથાર્થ ઉપાયોને બદલે વિપરીત ઉપાયોને માનવારૂપી વક્રતા તેમ જ જડતા જીવનમાંથી દૂર થઈ જાય છે.

જૈન દર્શનની લોકોત્તર આસ્તિકતાનું યથાર્થ સ્વરૂપ સમજી સહુ કોઈ તેના પર આદરવાળા બનો અને પરમ કલ્યાણના ભાગી બનો !

卐

# શાસ્ત્રાભ્યાસનું ફળ

ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરતાં એમ સમજાય છે કે—

૧. જેટલે અંશે-અહંભાવ ઓછો થતો જાય, ૨. મન શુદ્ધ અને વિશાળ બનતું જાય, ૩. વૃત્તિ પ્રાણીમાત્રની સહૃદયતા અને આત્મભાવની સેવા કરવા તરફ વળતી રહે, ૪. અનિત્ય એવા સંસારની વસ્તુઓની મોહમાયા નીકળી જાય. ૫. સમગ્ર વિશ્વમાં જે મહાન ચૈતન્યશક્તિ વ્યાપી રહી છે, તેની સાથે એક થવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન થતો રહે તેટલા અંશે, જીવનના સર્વ કાળમાં અંતરની સાચી શાન્તિ અને પ્રસન્નતાનો અનુભવ થતો રહે શાસ્ત્રાભ્યાસનું ફળ નીચે મુજબ છે :

(૧) વૃત્તિમાં અહંભાવ ઘટવો. (૨) મનની શુદ્ધિ દ્વારા વિશાળતા અનુભવવી. (૩) પ્રાણી માત્ર સાથે આત્મીયતા કેળવવી. (૪) વસ્તુઓ પ્રત્યે વૈરાગ્યભાવ અને (૫) ચૈતન્ય સાથે એકત્વભાવ કેળવવો.

દુષ્કૃત ગર્હા વડે અહંભાવનું વિસર્જન થઈ શકે. સુકૃતાનુમોદન વડે મનની વિશાળતા કેળવી શકાય. ચતુઃશરણ ગમન વડે ચૈતન્ય માત્ર સાથે આત્મીયતા અને એકત્વ કેળવી શકાય.

અથવા

દુષ્કૃત ગર્હા વડે દોષોનો વૈરાગ્ય, સુકૃતાનુમોદન વડે ગુણોની ભક્તિ તથા શરણ-ગમન વડે ચૈતન્યની એકતા કેળવી શકાય.

ભવ્યત્વને પકવવાના જેટલા ઉપાયો છે, તે બધાનો સંગ્રહ અધ્યાત્મ, ભાવના ધ્યાન, સમતા અને વૃત્તિ-સંક્ષય એમ પાંચ પ્રકારના યોગોમાં થઈ જાય છે.

ઔચિત્યવડે આગમ, તત્ત્વચિંતન વડે યોગ અને મૈત્ર્યાદિભાવો વડે અધ્યાત્મ સધાય છે;

અધ્યાત્મ અને ભાવના વડે ઔચિત્યનું પોષણ થાય છે.

ધ્યાન અને સમતા વડે યોગ સધાય છે અને વૃત્તિસંક્ષય વડે અધ્યાત્મની સાધના થાય છે.

卐

# સાચું શાસન—વીતરાગ શાસન

શાસન, વીતરાગનું જ સત્ય છે, માટે જ તે અપ્રતિહત છે.

જેમાં રાગનો અંશ પણ હોય તે શાસનમાં આ અપ્રતિહતતા હોતી નથી. કારણ કે જ્યાં સુધી રાગ છે, ત્યાં સુધી રાગી દોષને જોઈ શકતો નથી. અને જ્યાં સુધી દ્વેષ છે, ત્યાં સુધી દ્વેષી ગુણને જોઈ શકતો નથી.

ગુણ કે દોષને યથાર્થપણે જોવાની શક્તિ રાગ અને દ્વેષથી રહિત એક વીતરાગ પુરુષમાં જ આવે છે.

જ્યાં રાગ ન હોય, ત્યાં દ્વેષ હોય જ નહીં. દ્વેષની ઉત્પત્તિનું મૂળ રાગ છે. તેથી રાગને જ સંસારનું કારણ કહેલ છે.

રાગ-દોષનો નાશ કરવાનું અનન્ય સાધન જ્ઞાન છે. જ્ઞાનથી જ રાગ જાય છે.

જ્ઞાનનું સાધન દર્શન છે. દર્શન એટલે ચિત્તશુદ્ધિ.

ચિત્તશુદ્ધિનું સાધન ચારિત્ર છે. ચારિત્ર એટલે શુદ્ધ આચરણ, અહિંસા, સત્ય, અચૌર્યાદિ. શુદ્ધ આચરણથી ચિત્ત શુદ્ધ થાય છે. ચિત્ત શુદ્ધ થવાથી સમ્યગ્જ્ઞાન થાય છે. કેમકે જેનું ચિત્ત નિર્મળ હોય, તેની બુદ્ધિ ન્યાય યુક્ત બને છે.

ન્યાય યુક્ત બુદ્ધિનું બીજું નામ આત્મૌપમ્યભાવ છે. આત્મૌપમ્ય ભાવવાળો જીવ નયવાદને યથાર્થપણે ગ્રહણ કરી શકે છે. તેથી તેનું જ્ઞાન સમ્યગ્ બને છે. અને સમ્યગ્જ્ઞાન વડે રાગભાવનું નિવારણ થઈ શકે છે.

એટલે સર્વથા રાગ રહિત શ્રી વીતરાગનું શાસન શ્રી જિનશાસન જ સાચું ઠરે છે.

卐

# શ્રી જિનશાસનનો મહાન ઉપકાર

શ્રી જિનશાસન મંગળમય છે. તેની પ્રત્યેક વસ્તુ મંગળમય હોવાના કારણે વિઘ્ન-ધ્વંસમાં પરમ હેતુભૂત છે.

ભગવાન શ્રી મહાવીર સ્વામીજીનાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-એ સર્વને પવિત્ર કરનાર છે, કેમકે તેની સાથે આત્માને સીધો સંબંધ છે.

ખરું મૂલ્ય આત્મદ્રવ્યનું છે. આત્મદ્રવ્ય, આત્મક્ષેત્ર, આત્મકાળ અને આત્મભાવ જગતમાં સર્વોત્તમ છે. તેથી આત્મભાવને પ્રગટાવનાર સાધન-સામગ્રી પણ સર્વોત્તમ છે.

શ્રી જિનશાસન તે સામગ્રી પૂરી પાડે છે, માટે તેની સર્વ સાધનાઓ આત્મજ્ઞાન પોષક હોવાથી મંગળમય અને આશીર્વાદસ્વરૂપ છે.

તીર્થમાં શ્રી શત્રુંજય, સમેતશિખર આદિ, પર્વમાં પર્યુષણ પર્વાધિરાજ, કાર્તિકી ચૈત્રી પુનમાદિ, દ્રવ્યમાં શ્રી જિનાગમ શ્રી જિનપ્રતિમા આદિ, ભાવમાં નમસ્કારભાવ, સામાયિકાદિભાવ આત્મજ્ઞાનની સાથે સીધો સંબંધ ધરાવે છે, તેથી તે પ્રત્યેકની આરાધના આત્મજ્ઞાનપોષક બને છે.

અઢીદ્વીપમાં કોઈ એવું ક્ષેત્ર નથી કે જ્યાંથી અનંત આત્માઓ સિદ્ધિગતિ પામ્યા ન હોય. અવસર્પિણી, ઉત્સર્પિણી આદિ કોઈ એવો કાળ નથી કે જેને સ્પર્શીને અનંત આત્માઓ મોક્ષે ન ગયા હોય.

શ્રી જિનાગમ-જિનવચનનું કોઈ એવું પદ નથી કે જેને ભાવીને તથા શ્રીજિનમૂર્તિ જિનચૈત્યાદિ કોઈ એવું તીર્થ નથી કે જેની ભક્તિભાવપૂર્વક આરાધના કરીને અનંત આત્માઓ મુક્તિરમણીને ન વર્યા હોય.

એ જ રીતે નમસ્કાર ભાવ અને સામાયિક ભાવને સ્પર્શીને અનંત આત્માઓ મોક્ષસુખને પામ્યા છે. તેથી મનુષ્ય જન્મ જૈનકુળ અને વીતરાગનું શાસન પામનાર ભાગ્યશાળી આત્માને પ્રત્યેક ભૂમિ, પ્રત્યેક દિવસ, પ્રત્યેક અક્ષર કે પદ, પ્રત્યેક જીવ અને તેના કર્મથી ઉત્પન્ન થનારી પ્રત્યેક અવસ્થા સંવેગ અને વૈરાગ્યરસને પેદા કરી ઘાતી-કર્મોનો ક્ષય કરાવી કેવળજ્ઞાન અને કેવળદર્શનનું કારણ બને, શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન કરાવી જીવની બહિર્મુખ દશા ટાળી, અંતર્મુખ દશા પ્રગટાવી, પરમાત્મપદની પ્રાપ્તિ કરાવનાર થતી હોવાથી બધાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સમ્યગ્દષ્ટિ જીવને સાધક થાય છે. અને બાધક થતાં મટી જાય છે. શ્રી જિનશાસનનો આ ઘણો મોટો ઉપકાર છે.

卐

# શ્રી જિનશાસનનું હૃદય

'સમકિતી અડ પવયણ ધણી, પણ જ્ઞાની કહેવાય;
સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય.

સમ્યગ્દૃષ્ટિ જીવનું જ્ઞાન અષ્ટપ્રવચન માતના જ્ઞાન જેટલું હોય, તો પણ તે જ્ઞાની છે.

મિથ્યાદૃષ્ટિનું નવ પૂર્વ પ્રમાણ જ્ઞાન પણ અજ્ઞાન છે.

સમિતિનું જ્ઞાન એટલે માત્ર પૂંજવું, પ્રમાર્જવું એટલું જ નથી, કિન્તુ એની પાછળ સમ્યગ્દર્શન અર્થાત્ પ્રાણી માત્ર પ્રત્યેના વાત્સલ્યથી ભરેલું હૃદય હોવું જરૂરી છે.

બીજાના સુખમાં પોતાથી બાધા ન થઈ જાય, કોઈને પીડા ઉત્પન્ન ન થાય-એવી કાળજીપૂર્વકનું જીવન તે સમિતિનો પ્રાણ છે.

સમિતિ-ગુપ્તિ એ પ્રવચન માતા છે. કેમકે માતાની જેમ સર્વના સુખની, સર્વના હિતની ચિંતાસ્વરૂપ છે.

પ્રવચન અર્થાત્ શ્રી જિનશાસન. તે જીવો પ્રત્યેના માતૃતુલ્ય હૃદયમાંથી-વાત્સલ્યમાંથી જન્મેલું છે. જીવો પ્રત્યેના વાત્સલ્યથી ભરપૂર છે. જીવો પ્રત્યેનું વાત્સલ્ય તેનો પ્રાણ છે.

સમિતિપૂર્વકનું જીવન એટલે જગતના જીવો સાથેનું પ્રેમ, સહાનુભૂતિ, સહકાર અને સહિષ્ણુતા પૂર્વકનું જીવન.

ગુપ્તિપૂર્વકનું જીવન એટલે પરમાં પ્રવૃત્ત થતાં મન, વાણી અને દેહને ત્યાંથી પાછું વાળી, એકાંત અને મૌન દ્વારા નિજમાં ઉતારવાની ક્રિયાનો અભ્યાસ.

આ રીતે સમિતિ–ગુપ્તિમય જીવનમાં સર્વના હિતની ભાવના અને પોતાના હિતની આચરણા રહેલી હોવાથી તેને પ્રવચન માતાની અને સર્વ જગત જંતુઓની માતાની ઉપમા પ્રાપ્ત થયેલી છે,

સમકિત વિના નવ પૂર્વનું જ્ઞાન પણ જ્ઞાન નથી, કિન્તુ અજ્ઞાન છે. તેનો અર્થ જ્ઞાનનું ફળ દયા, કરૂણા, સહાનુભૂતિ, સહકાર, મૈત્રી કે ક્ષમા તેમાં હોતી નથી.

કરૂણાદિ ગુણોની અભિવ્યક્તિનું નામ જ સમિતિ–ગુપ્તિ હોવાથી તેનું જ્ઞાન તે જ્ઞાન છે અને તે સમ્યક્ત્વ સહિત છે એટલે અનુકંપા, વાત્સલ્યાદિ ગુણોથી સહિત છે. માટે મોક્ષમાર્ગ બને છે.

મોક્ષમાર્ગ સમ્યગ્ દર્શન–જ્ઞાન સહિત ક્રિયાને માનેલો છે.

અષ્ટ પ્રવચનમાતાને માતાની ઉપમા હોવાથી તેમાં સમ્યક્ ક્રિયાની સાથે સમ્યગ્દર્શનના વાત્સલ્યાદિ ગુણો રહેલા છે. સર્વ જીવોને હિતકારી એવા પ્રવચનને ઉત્પન્ન કરનાર હોવાથી તે માતાતુલ્ય છે.

માતા એટલે સર્વ જીવોની માતા. જે બીજા શબ્દોમાં ઉત્કૃષ્ટ ભાવદયા છે, નિઃસીમ વાત્સલ્ય છે. નિષ્કારણ કરૂણા છે. દ્રવ્યમાતાના વાત્સલ્યનો દરેકને અનુભવ છે, તેમ આ માતાના વાત્સલ્યનો જીવોને અનુભવ કરાવવો તે શ્રી જિનશાસનના અનુયાયીઓનું કર્તવ્ય છે.

卐

# શ્રી જૈનશાસનની અનુપમ આરાધના

શ્રી જૈનશાસન સર્વજ્ઞ કથિત છે. તેની પ્રતીતિ ત્રણ પ્રકારે થઈ શકે છે. ૧. આત્મા, ૨. ગુરુ અને ૩. શાસ્ત્ર.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે,

> आया गुरवो सत्थं, तिपच्चया वाऽऽइमोच्चिय जिणस्स ।
> सपत्तक्खतणओ सीसाण च तिप्पयारो वि ॥

અર્થ : આત્મા, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણ પ્રત્યય છે. તેમાં પહેલો આત્મલક્ષણ પ્રત્યય શ્રી તીર્થંકર પરમાત્માને હોય છે. તેઓ સર્વજ્ઞ હોવાથી આત્મ–પ્રત્યક્ષ કરીને ધર્મને કહે છે.

શ્રી ગણધર ભગવંત અને તેમના શિષ્ય, પ્રશિષ્યો આદિને ત્રણ પ્રકારે ધર્મની પ્રતીતિ હોય છે, આત્મપ્રતીતિ, ગુરુપ્રતીતિ અને શાસ્ત્રપ્રતીતિ.

તેમાં પ્રથમ આત્મપ્રતીતિ એટલે કોઈ પણ પ્રેક્ષાવાન પુરુષ, 'આ વ્યાજબી છે' એમ જાણીને જ ધર્મને અંગીકાર કરે તે.

ગુરુપ્રતીતિ એટલે શ્રી તીર્થંકર ભગવંત ઉપરના વિશ્વાસથી ગણધરો ધર્મને અંગીકાર કરે તે.

તેઓ વિચારે છે કે અમારા આ ગુરુ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ સર્વજ્ઞ છે, કેમ કે તેઓ અમારા સર્વ સંશયોને છેદનારા છે. રાગદ્વેષ અને ભયરહિત છે તે ત્રણ દોષોનું કોઈ એક પણ ચિહ્ન તેમનામાં દેખાતું નથી. સર્વજ્ઞ તથા રાગ, દ્વેષ, ભયથી રહિત હોવાથી તેઓ કદાપિ અસત્ય બોલે નહિ. તેથી તેમનું વચન શ્રદ્ધેય છે.

એટલે તેઓ સામાયિક ધર્મનો જે ઉપદેશ આપે છે, તે યથાર્થ છે, સત્ય છે. વળી તેઓ અનુપકૃત પરાનુગ્રહપરાયણ અને આત્મોપકારથી નિરપેક્ષપણે પરને ઉપકાર કરનારા છે. તેથી ત્રિભુવનને તેમનું વચન માન્ય છે, પ્રમાણ છે.

એ રીતે ગણધર ભગવંતના શિષ્ય-પ્રશિષ્યો પણ પોતપોતાના ગુરુઓના ગુણોનો પ્રત્યક્ષ અનુભવ કરવાથી ધર્મશ્રદ્ધાવાળા બને છે.

આત્મપ્રતીતિ અને ગુરુપ્રતીતિની જેમ ત્રીજી શાસ્ત્રપ્રતીતિ છે.

શાસ્ત્ર સર્વ જીવને હિતકર છે તથા પૂર્વાપર અવિરુદ્ધ છે. શાસ્ત્ર જે સામાયિક ધર્મને કહે છે, તે સામાયિક ધર્મ સર્વ ગુણને ગ્રહણ કરવાના ફળવાળો છે; તેથી અમને ઉપાદેય છે. એ રીતે શાસ્ત્રની પ્રતીતિથી પણ ધર્મનો સ્વીકાર થાય છે.

## આરાધનાના ત્રણ મુખ્ય પ્રકાર

સર્વ ધર્મોમાં શ્રી જિનશાસન પ્રધાન છે. એની પ્રતીતિ જેમ ઉપરનાં ત્રણ સાધનો દ્વારા થઈ શકે છે, તેમ શ્રી જિનશાસને બતાવેલા આરાધનાના ત્રણ મુખ્ય પ્રકારો વડે પણ થઈ શકે છે.

શ્રી જિનશાસને બતાવેલા આરાધનાના ત્રણ મુખ્ય પ્રકારોનાં નામ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ચતુઃશરણગમન છે.

દુષ્કૃતની ગર્હાપૂર્વક દુષ્કૃત ન કરવું, સુકૃતની અનુમોદનાપૂર્વક સુકૃત કરવું અને પોતાને અન્ય સર્વ વસ્તુઓના શરણથી રહિત માનીને પ્રભુના શરણે અનન્યભાવે જવું, એ શ્રી જિનશાસનની આરાધનાનું ઊંડામાં ઊંડું રહસ્ય છે.

દુષ્કૃત ન કરવાનો ઉપદેશ સહુ કોઈ આપે છે, સુકૃત કરવાનો તથા પ્રભુના શરણે જવાનો ઉપદેશ પણ સર્વત્ર મળે છે; કિન્તુ દુષ્કૃતમાત્રની ત્રૈકાલિક ગર્હા, સુકૃતમાત્રની

સાર્વદેશિક અનુમોદના અને અન્ય શરણરહિત પ્રભુના અનન્ય શરણનો ઉપદેશ તો પ્રધાનતયા માત્ર એક શ્રી જૈનશાસનમાં જ મળે છે.

શ્રી જૈનશાસનની આરાધનાનો પાયો ગર્હામાં છે, અનુમોદનામાં છે, પ્રભુની અનન્ય શરણગતિમાં છે અને ગર્હાના પરિણામ વિના, દુષ્કૃત ઘણી વાર જીવે છોડયું છે. અનુમોદનાના પરિણામ વિના, સુકૃત ઘણી વાર જીવે કર્યું છે; પ્રભુને અનન્ય આધાર માન્યા વિના ઘણી વાર ભમ્યા છે. પરંતુ ભવનો અંત આવ્યો નથી. પાપના અનુબંધ તૂટયા નથી. પુણ્યના અનુબંધ પડયા નથી. સ્વકૃતિનો અહંકાર ઓગળ્યો નથી.

એટલે ગર્હણીય દુષ્કૃતોની ગર્હા, અનુમોદનીય સુકૃતોની અનુમોદના ઊંડા અંતઃકરણપૂર્વક કરવી, તેમ જ ત્રિભુવનક્ષેમંકર શ્રી તીર્થંકર પરમાત્માનું શરણું, એ જ સાચું ભવજળતરણું છે એ શ્રદ્ધાને દીપાવવી એ આરાધકનું પ્રધાન કર્તવ્ય છે.

પ્રધાન કર્તવ્યને પ્રધાનતા અપાય, તો જ આરાધના પ્રાણવંતી બને છે અને તે આરાધના વિરાધનાની અધમ પળે આરાધકનો હાથ પકડીને ઉગારી લે છે. પાપપંકમાં લપટાતાં બચાવી લે છે.

આરાધનાનું આવું અદ્ભુત તત્ત્વ પીરસનાર શાસન સ્વાભાવિકપણે જ અજોડ લેખાતું હોય છે. અને લાખ પડકાર વચ્ચે પણ તેની અપ્રતિહતતા અકબંધ જળવાઈ રહે છે.

આવા શાસનને પામીને જીવો, ભવનો પાર પામો!

卐

## સમ્યગ્દર્શન

સંસાર ચક્રને ભેદનારા સિદ્ધચક્રમાં પદ નવ છે. એટલે શ્રી સિદ્ધચક્રની પૂજાને શ્રી નવપદજી મહારાજાની પૂજા પણ કહેવાય છે.

આ નવપદમાં છઠ્ઠું સમ્યગ્દર્શન પદ છે.

જેનું દર્શન સમ્યક્ નહીં તે આત્મા, વાતે વાતે કર્મબંધનો ભાગી થાય છે.

જેવો આંખો વગરનો માનવી તેવો સમ્યગ્દર્શન વગરનો આત્મા, બલ્કે આંખો વગર ચાલે પણ સમ્યગ્દર્શન વગર ન ચાલે. દર્શન રહિતનો અંધાપો આત્માને જિનવાણી અને જીવતત્ત્વ ઉભયથી દૂર રાખે. જિનવાણીમાં શ્રદ્ધા ન કરવા દે. જીવતત્ત્વમાં પ્રીતિ ન ખીલવા દે.

સમ્યગ્દર્શનને નમસ્કાર એટલે અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિ અને ચૌદમા ગુણસ્થાનક સુધીના શ્રી અરિહંત અને શ્રી સિદ્ધ આદિ સર્વને નમસ્કાર.

દાન અને દયા પણ સમ્યગ્દર્શનને લાવનાર છે. માટે જ દાન અને દયાની અનુમોદના પણ કરણીય છે.

પાપ કરનાર પાપી પણ જો તીવ્ર રસથી પાપ ન કરે, તો તે પણ સમ્યગ્દષ્ટિવાળા માટે અનુમોદનીય છે.

"પાપ નવિ તીવ્ર ભાવે કરે..."

મતલબ સંસારસુખ ભોગવવા છતાં તેમાં આસક્ત ન હોય, પ્રેમ ન હોય–પ્રેમ તો ભવથી મુક્ત ભગવંતો પર રાખતો હોય ભવથી મુક્ત થવાની પ્રતિજ્ઞાને વરેલા મહાત્માઓ પર રાખતો હોય. તેના પ્રશસ્ત ગુણોની અનુમોદના તે પણ સમકિતનું બીજ ગણાય છે.

પ. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ રચેલી સમકિતના સડસઠ બોલની સજ્ઝાયનો સ્વાધ્યાય કરવાથી સમ્યગ્દર્શનનું બીજ હૃદયમાં વાવી શકાય છે. જેમના હૃદયમાં આ બીજ વવાએલું છે. તેમના હૃદયમાં આપણે છીએ જ. કારણ કે સમ્યગ્દર્શન એ તો વિશ્વહૃદયનું બીજ છે સર્વાત્મભાવની આંખ છે.

આ સજ્ઝાયના સ્વાધ્યાયથી સમકિતની પ્રાપ્તિ થાય છે અને પ્રાપ્ત થયેલું સમકિત નિર્મળ પણ થાય છે.

તેઓશ્રીની કૃતિના સ્મરણ–મનનથી આપણે સ્વર્ગસ્થ શ્રી યશોવિજયજી મહારાજાના પ્રમોદમાં નિમિત્તક બનીએ આપણાથી પણ અધિક પ્રમોદ તેમને છે. તેમને અધિક પ્રમોદ એ કારણે છે કે, સમકિતનું બીજ સર્વ આત્માઓમાં વવાય તે પ્રણિધાન તેમની કૃતિમાં રહેલું છે.

નાનો પણ પરમાત્માના માર્ગનો ગુણ, સમ્યગ્દૃષ્ટિ આત્માને હર્ષ ઉત્પન્ન કરે છે. કારણ કે તેમ થવામાં ગુણરુચિનું સામ્ય કારણભૂત બનતું હોય છે.

તીર્થંકર નામકર્મ બાંધે છે શ્રી તીર્થંકરનો જીવ અને તેનો લાભ આપણને મળે છે, તે હકીકત પણ તત્ત્વની રુચિના સામ્યની દ્યોતક છે.

પુન્યના ઉદયે આપણને શ્રી અરિહંત મળ્યા છે. હવે તેમની ભક્તિ તેમજ અનુમોદનાથી તે પુન્યને પુન્યાનુબંધી બનાવીએ.

શ્રી અરિહંતના વિશ્વોપકાર, શ્રી સિદ્ધભગવંતની સિદ્ધતા, શ્રી આચાર્ય ભગવંતના આચાર, શ્રી ઉપાધ્યાય ભગવંતના સ્વાધ્યાય, શ્રી સાધુ ભગવંતના મૂળ અને ઉત્તરગુણ, સમ્યગ્દૃષ્ટિ આત્માઓના સમ્યક્ત્વ–આ બધા ગુણોની પૂજા–ભક્તિ તેમજ હાર્દિક અનુમોદના કરવાથી પુન્યાનુબંધી પુન્ય બંધાય છે અને જીવનમાં ગુણનો રાગ દૃઢ થાય છે.

પ્રકાશ સામે અંધકાર નથી ટકી શકતો. તેમ પાપ અને પુન્ય એ બે વચ્ચેના યુદ્ધમાં પરાજય પાપનો થાય છે. વિજય પુન્યનો થાય છે. એ હકીકતનું પુનઃ પુનઃ સ્મરણ કરવાથી સાચી નિર્ભયતા જીવનમાં જાગે છે.

આત્માને નિર્ભય બનાવવા માટે પુનઃ પુનઃ સુકૃતાનુમોદન કરતા રહો. ઘુંટાઈને ઘટ્ટ બનતા દૂધની જેમ સુકૃતની અનુમોદનાથી પુન્ય ઘુંટાઈને ઘટ્ટ બને છે. પુન્યના અનુબંધવાળું બને છે.

જેની પાસે ચિંતામણી રત્ન હોય તે પણ જો દરિદ્રતાનો વિચાર કરતો હોય તો તે ભાગ્યવાન ગણાય ખરો? તેમ જેને શ્રી નવકાર મળ્યો હોય, ભાવથી દરિદ્ર ન જ હોય અને જો હોય તો તે શ્રી નવકારનો સ્મારક ગણાય ખરો? તે જ રીતે અણમોલ ત્રણ રત્નોમાં એક સમ્યગ્દર્શન છે.

'તીન રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ...'

આ પંક્તિઓ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ત્રણ રત્નોની સૂચક છે.

સમ્યગ્દર્શન એટલે સુકૃતાનુમોદન.

ત્રણ કાળના, ત્રણ જગતના અનંતા આત્માઓના અનંત સુકૃતોની અનુમોદના આપણા દારિદ્રયનો નાશ કરનારી છે. ચિંતામણીરત્ન મળવા છતાં જો તેની કિંમત ન આંકી શકીએ તો જેમને સમ્યગ્દર્શનરૂપી રત્ન નથી સાંપડયું, તેના કરતાં પણ અધિક દુર્ભાગી આપણે ગણાઈએ

સમ્યગ્દર્શન એટલે અનુમોદન.

અનુમોદનનો વિષય અનંત જીવોમાં રહેલા અનંત ગુણો.

સમ્યગ્દર્શન આવતાંની સાથે જ મેળવેલું બધું જ્ઞાન, સમ્યગ્જ્ઞાન બની જાય છે. મળેલા જ્ઞાનને સમ્યગ્દર્શનથી વાસિત કરી દેવાય, તો થોડું પણ સમ્યગ્જ્ઞાન જીવને ભવપાર કરી દે છે.

માનવી પોતે પોતાના સુકૃતની અનુમોદના કરતાં જે હર્ષ અનુભવતો હોય છે, તેવા જ હર્ષપૂર્વક તે, પરના સુકૃતોની અનુમોદના કરતો થાય, તો તેના પુન્યનો પાર ન રહે.

મારૂં સુકૃત એ સુકૃત અને પરનું સુકૃત એ સુકૃત નહીં, એ મિથ્યાદર્શન.

મારા સુકૃત જેટલું જ બલ્કે તેના કરતાં પણ અધિક અનુમોદનીય મને પરનું સુકૃત લાગે, ત્યારે મારું દર્શન તે સમ્યગ્દર્શન ગણાય. મને સમ્યગ્દર્શન સ્પર્શ્યું ગણાય.

શ્રી નવપદ તે, નવ પુન્યના સર્જક છે.

શ્રી નવકાર તે, અઢાર પાપોનો વિસર્જક છે.

'એસો પંચ નમુક્કારો' અને સમ્યગ્દર્શન એ બે એક જ ધર્મના સૂચક છે.

શ્રી નવકારને 'નમસ્કાર' કરવાથી ત્રણ કાળના, ત્રણ જગતના સર્વ પરમેષ્ઠી ભગવંતોના સર્વ સુકૃતોની અનુમોદના થાય છે.

સમ્યગ્દર્શન દ્વારા શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની અનુમોદનાની સાથોસાથ તેમના અનુમોદકોની પણ અનુમોદના કરો.

દેવાધિદેવની સાચી ભક્તિ કરી ત્યારે ગણાય, જ્યારે દેવાધિદેવનો ભક્ત પણ ભક્તિ કરવાને પાત્ર પ્રતીત થાય. ભગવાનને ભજે અને ભગવાનની ભક્તિમાં ઓતપ્રોત ભક્તને તજે-ઉપેક્ષણીય સમજે તો તે ભક્તિ, સાચી ભક્તિ ન ગણાય.

ધ્યાન તો બગલો પણ ધરે છે, પણ તે અનુમોદનીય ન ગણાતાં ગર્હણીય ગણાય છે. કારણ કે તે ધ્યાન હિંસાપ્રચુર હોય છે. તેમ આપણા જીવનમાં પરના ધર્મની અનુમોદના ન હોય, તો આપણો ધર્મ પણ બગલાના ધ્યાન જેવો ગણાય.

હંસનું ધ્યાન મોતી પર હોય છે, તેમ હંસ જેવા વિવેકી આત્માઓ, સમ્યગ્દષ્ટિ-વાળા આત્માઓ દુષ્કૃતથી પર રહીને સુકૃતની અનુમોદના જ કરે.

સમ્યગ્દષ્ટિની અનુમોદના જગતમાં જ્યાં જ્યાં સુકૃત થયું હોય, થતું હોય, થવાનું હોય, ત્યાં ત્યાં પહોંચી જાય છે. પુણ્યાનુબંધી પુન્યનો બંધ કરાવીને, જીવને મોક્ષ-પર્યંત પહોંચાડી દે છે.

પુન્યાનુબંધી પુન્ય, સમ્યગ્દર્શન ગુણનું ફળ છે.

જેવું બીજ તેવું ફળ. બીજ ખરાબ તો ફળ ખરાબ.

સમ્યગ્દર્શન એ મુક્તિનું બીજ.

જેનું દર્શન સમ્યક્, તેનું જ્ઞાન મિથ્યા મટીને સમ્યક્ બને અને તેવું જ સમ્યક્ તેનું ચારિત્ર બની રહે.

'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः' એ પદ ગહન ચિંતનનો પરિપાક છે.

પ્રત્યેક પ્રસંગ, પદાર્થ અને નિમિત્તમાંથી આત્મહિતકર તત્ત્વનો તાર ખેંચવાની આગવી સુઝ સમ્યગ્દષ્ટિવાળો આત્મા ધરાવતો હોય છે.

સમ્યગ્દષ્ટિ એટલે તત્ત્વગ્રાહી દૃષ્ટિ.

આવી નિર્મળ દૃષ્ટિ, દેવાધિદેવનાં દર્શન, પૂજન, ભજન સમયે યાચતા રહીએ.

卐

## પરમ તત્ત્વ

શ્રી સિદ્ધચક્ર, જન્મરૂપી દાવાનળને શમાવવામાં નવીન મેઘ સમાન છે. એ જ્ઞાન આપનારા પરમ ગુરુ શ્રી તીર્થંકર પરમાત્મા છે.

શ્રી તીર્થંકર પરમાત્માના વચનને યથાર્થપણે, સમજવાની શક્તિ બીજબુદ્ધિના નિધાન શ્રી ગણધર ભગવંતો જ ધરાવતા હોય છે.

ગુરુના વચનને સમજવા માટે તીવ્ર અને સૂક્ષ્મબુદ્ધિ ઉપરાંત સો ટચનો સમર્પણ-ભાવ જરુરી છે.

ગુરુ વચન તે જ્ઞાન, જ્ઞાનની આરાધના માટે ગુરુની ભક્તિ ખાસ જરુરી છે.

આપણા જ્ઞાનનું મૂળ શ્રી અરિહંત અને શ્રી ગણધર ભગવંતો જ છે.

પહેલું દર્શન પછી જ્ઞાન. દર્શન એટલે તત્ત્વને દેખવું તે. સમ્યગ્દર્શન ચારેગતિઓમાં છે.

તિર્યંચગતિમાં રહેલા દેશવિરતિધર જીવોનું દર્શન, શ્રદ્ધારૂપી આંખવડે જ શક્ય છે.

શ્રદ્ધારૂપી ચક્ષુની પ્રાપ્તિ થાય છે. ત્યારે જ કેવળી, તીર્થંકરદેવ આદિને જોઈ શકાય છે.

જ્ઞાન–તપ આદિ એટલાં દુર્લભ નથી જેટલું દુર્લભ શ્રદ્ધા–દર્શન છે.

卐

# સમ્યગ્દર્શન વિચાર

વિચાર ઉપયોગને આધીન છે. જ્યાં ઉપયોગ જોડાય, તેનો જ વિચાર થાય. શ્રદ્ધા તત્ત્વપ્રતીતિરૂપ છે, અન્ય જ્ઞેયોના વિચાર વખતે તત્ત્વનો વિચાર નથી, પણ પ્રતીતિ કાયમ છે.

છદ્મસ્થને તત્ત્વપ્રતીતિ શ્રુતજ્ઞાનને અનુસરીને હોય છે. કેવળીને તત્ત્વપ્રતીતિ કેવળજ્ઞાન અનુસાર હોય છે. તે પ્રતીતિ કેવળજ્ઞાનના કારણે પરમ અવગાઢ બને છે. કેવળજ્ઞાની અન્ય પદાર્થોને પણ પ્રતીત સહિત જાણે છે. તો પણ તે પદાર્થ તેમને પ્રયોજનભૂત નથી. તેથી સમ્યક્ત્વમાં સાત તત્ત્વો કે જે પ્રયોજનભૂત છે, તેનું જ શ્રદ્ધાન કહ્યું છે

દેવ, ગુરુ, ધર્મના શ્રદ્ધાનમાં પ્રવૃત્તિની મુખ્યતા છે. તત્વાર્થ શ્રદ્ધાનમાં વિચારની મુખ્યતા છે, તત્ત્વાર્થ ધ્યાનમાં દેવાદિનું ધ્યાન હોય છે. દેવાદિના શ્રદ્ધાનમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય યા ન પણ હોય.

મોક્ષ તત્ત્વની શ્રદ્ધામાં શ્રી અરિહંત, સિદ્ધ અને દેવતત્ત્વની શ્રદ્ધા હોય છે. મોક્ષનું કારણ સંવર નિર્જરા છે, તેથી સંવર, નિર્જરાના ધારક મુનિરાજરૂપી ગુરુતત્ત્વની શ્રદ્ધા થઈ જાય છે. સંવર, નિર્જરામાં ધર્મ તત્ત્વની શ્રદ્ધા પણ આવી જાય છે. હિંસાદિ આશ્રવોનો ત્યાગ તે જ સંવર અને ધર્મ છે.

અતિશયાદિ વડે શ્રી અરિહંતનું, તપશ્ચર્યાદિ વડે ગુરુનું અને જીવોની અહિંસા વડે ધર્મનું માહાત્મ્ય જેઓ જાણે છે, પરંતુ આત્મશ્રિત દ્રવ્ય–ગુણ–પર્યાય વડે તેમનું માહાત્મ્ય જેઓ જાણતા નથી, તેને તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ સંભવતું નથી.

તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વ–પરશ્રદ્ધાન, આત્મશ્રદ્ધાન અને દેવ–ગુરુ–ધર્મનું શ્રદ્ધાન એ બધા એક જ અર્થને કહેનારા છે. એ પરસ્પર કાર્ય–કારણભાવને પણ સમજાવે છે. દેવ–ગુરુ–ધર્મનું શ્રદ્ધાન એ બાહ્ય લક્ષણ છે. બાકીના ત્રણ અભ્યંતર છે.

પહેલા દેવાદિને જાણે, પછી જીવાદિ તત્ત્વોને વિચારે, પછી સ્વ–પરભેદને ચિંતવે અને છેવટે આત્માને ગ્રહણ કરે, એ ક્રમ છે. તેમાં તત્ત્વાર્થશ્રદ્ધાન મુખ્ય છે. કેમકે તેથી

આશ્રવાદિનો ત્યાગ, સંવરાદિનું સેવન, સ્વપરભેદ વિજ્ઞાન અને દેવાદિતત્ત્વનું શ્રદ્ધાન જાગે છે. એ રીતે તત્ત્વપ્રતીતિ થઈ અંતે આત્માનુભૂતિ સ્પર્શે છે. અર્થાત દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે.

નિજ શુદ્ધ આત્માનું અભેદરૂપથી જ જ્ઞાન કરવું-શ્રદ્ધાન થવું અને તેમાં જ લીન થવું-એ નિશ્ચય રત્નત્રયી છે અને એ પ્રકારે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ આત્મા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. રત્નત્રયીને અભિન્ન જાણવી, તે નિશ્ચય મોક્ષમાર્ગ અને આત્મ-ભિન્ન જાણવી, તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. વ્યવહાર એ નિશ્ચયનું કારણ છે તેથી ઉપાદેય છે. નિશ્ચય એ વ્યવહારનું ફળ છે માટે તે પણ ઉપાદેય છે.

સમ્યગ્દર્શનના દાતા દેવ છે, જ્ઞાનના દાતા ગુરુ છે, અને ચારિત્રના દાતા ધર્મ છે.

'દેવ વિણ દર્શન નહિ ગુરુવિણ નહિ જ્ઞાન, ધર્મવિણ ચારિત્ર નહિ સમજો ચતુરસુજાણ'

દેવ તે સાતિશય વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા; ગુરુ તે પંચાચાર પાલક નિર્ગ્રન્થ મહાત્મા અને ધર્મ તે કૃપા પૂર્ણ દયામય-નિરવધિ વાત્સલ્યમય સ્નેહ પરિણામ.

અંદર રહેલા આત્માને આખા પૂર્ણ પ્રભુનું દર્શન તે પ્રભુદર્શન. પ્રભુદર્શન સુખ-સંપદા આદિ પદો પ્રભુદર્શનના કલ્પનાતીત પ્રભાવને સૂચવે છે, તે જ સમ્યગ્દર્શનનું બીજ છે, જે કાળ ક્રમે મોક્ષરુપી ફળ આપીને જ રહે છે.

卐

# યથાર્થ દર્શન

માણસનો સ્વભાવ જિજ્ઞાસુ પણ છે અને શ્રદ્ધાળુ પણ છે. જિજ્ઞાસા વિશાળતામાં લઈ જાય છે અને શ્રદ્ધા મક્કમપણું સમર્પે છે. પરંતુ એ બંનેની સાથે જો આસુરી વૃત્તિ ભળે, તો અંશ સત્યમાં પૂર્ણ સત્ય જોવાની ફરજ પાડે છે. તેમાંથી સાચા-ખોટા અને ચઢતા-ઉતરતાના ભેદો પડે છે, જે અનિષ્ટ છે

સત્ય એક અને અખંડ હોવા છતાં તેનો આવિર્ભાવ, તેનું ભાન કાળક્રમથી અને પ્રકાર ભેદથી જ થાય છે.

પ્રત્યેક પ્રતીતિ આંશિક હોય છે. તેને પૂર્ણતાનું નામ આપવામાં આવે તો તે અસત્ય છે.

ધર્મશાસ્ત્રો એ અખંડ સત્યની દેશ, કાળ, પુરૂષ, પ્રકૃતિભેદ પ્રમાણે જુદી જુદી બાજુઓને રજૂ કરતા મણકાઓ છે. એ વાતને સમજવાથી આપણે આપણી પોતાની વાતને વળગી રહેવા છતાં બીજાને અન્યાય કરનારા નહિ બનીએ અને તેમ કરી બીજાને પણ અન્યાયમાં ઉતરવાની પરિસ્થિતિમાંથી બચાવી શકીશું.

સત્યને વફાદાર રહેવા માટે જરૂરી એ છે કે જેની જે કિંમત હોય તેથી વધારે કિંમત આંકી અંધશ્રદ્ધા ન ખીલવવી અને ઓછી કિંમત આંકી અશ્રદ્ધા-નાસ્તિકતા ન દાખવવી.

શાસ્ત્ર શબ્દમાં 'शास्' ધાતુ વિષયને સમજાવનારો અને 'त्र' ધાતુ ત્રાણ-રક્ષણ કરનારો છે. રક્ષણ યથાર્થતાથી થાય છે અને શિખામણ વિષયને વિસ્તારવાથી થાય છે.

એ રીતે 'શાસ્ત્ર' શબ્દ જ જિજ્ઞાસા અને શ્રદ્ધા એ બે ગુણને પુષ્ટ કરવા માટે છે.

અંશ સત્યના આવિર્ભાવની દૃષ્ટિએ બધાં શાસ્ત્રો છે, પૂર્ણ સત્યના આવિર્ભાવની દૃષ્ટિએ નહિ. અને અનુભવના સામર્થ્યયોગના આવિર્ભાવની દૃષ્ટિએ એમાંથી કાંઇ જ નથી.

સુવિકસિત શ્રદ્ધા અને મેધાવંતને આ વાત તરત સમજાય તેવી છે. અંશની પ્રતીતિ કરાવીને પૂર્ણમાં લઈ જનારાં હોઇને સુશાસ્ત્રો સદા ઉપકારક રહ્યાં છે, સ્વાધ્યાયનાં વિષય-ભૂત ઠર્યાં છે, તે કદી ભૂલવા જેવું નથી.

卐

# આંતર-નિરીક્ષણ

આપણા ચાલુ જીવનની અધૂરાશ આપણને રોજ ને રોજ સાલ્યા કરે છે. આપણી અપૂર્ણતા આપણને ડંખે છે અને તેની વેદના દૂર કરવા આપણે પૂર્ણ જીવન તરફ આંખ માંડીએ છીએ.

આપણામાં એવું 'કંઇક' છે, જેને આપણે આદર્શનો ધ્રુવ-તારો કહીશું. તેનો પ્રકાશ વ્યવહારુ જીવનના ધુમ્મસમાં ભલે બહુ ઝાંખો દેખાય, પણ તેના દિશા સૂચન વિના આપણી જીવન-નાવ સાચે રસ્તે પ્રયાણ કરી શકતી નથી. તે ધ્રુવ-તારો નિત્ય છે, અવિચળ છે, તેનો ઉદય નથી, અને અસ્ત નથી. તે બહુ દૂર-દૂર પ્રકાશે છે! પણ તેના પ્રકાશ વિના પ્રગતિ સંભવિત નથી.

આપણા પૂર્વજોએ તેને 'આત્મા' કહ્યો છે. આપણા તત્ત્વચિંતકોએ તેને જ 'પર-માત્મા' કહ્યો છે. મનુષ્યના અંતઃકરણના ગૂઢ ઊંડાણમાં રહીને તે ખરું-ખોટું પારખે છે, નિત્યાનિત્યને પ્રમાણે છે અને સુંદરતા, અસુંદરતાના ભેદ કળે છે. તેનો સૌમ્ય, ગંભીર અને દૃઢ અવાજ સાંભળવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે આપણા નૈતિક અને આધ્યા-ત્મિક જીવનની ઝાંખી કરાવી શકે છે.

દરેક મનુષ્યના બદલાતા શરીરમાં, બદલાતા મનમાં અને બદલાતી સ્થિતિમાં, મણ-કામાં પરોવાએલા દોરાની જેમ આત્મા સ્થિર રહે છે. બધું તેની આજુબાજુ બદલાયા કરે છે, ફર્યા કરે છે; પણ તે બધાનું અધિષ્ઠાન કદી બદલાતું નથી. લોકો તેને આત્મા, અંતરાત્મા, નૈતિક કાયદો, સ્વયંભૂ, ધર્મ વિગેરે નામે ઓળખે છે.

શાસ્ત્રકારો કહે છે કે તું તેને ઓળખ. તેનો સાક્ષાત્કાર કર અને તેના આધારે જીવનનું ઘડતર કર! આ મહાસૂત્રના આધારે ઘડાતા જીવનને શાસ્ત્રો અધ્યાત્મ-જીવન ગણે છે. એ આત્મા જ આપણું સૂત્ર છે, આપણો સ્વામી છે, આપણે તેનો આધાર છોડી આપણા નાના 'હું'ની દોરીની આજુબાજુ ચક્કર લગાવ્યા કરીશું, તો હતા ત્યાં ને ત્યાં રહીશું અને જીવનની પ્રગતિ થંભી જશે. આપણે મણકાને રૂપે રહીએ છીએ, પણ ખુદ મણકા નથી. આપણા સ્થૂલ અને વ્યવહારિક જીવનના સ્વાર્થ-ચક્રાવામાં ક્ષણિક સુખ લાગે છે, પણ પછી મણકો ઘસાય છે, પછડાય અને તૂટે છે, ત્યારે આપણે ઓશિયાળા બની, પરિસ્થિતિના ઠેબે ચડતા, પોતાની પરાધીન વૃત્તિઓના ભાર તળે ચગદાતા, ચિત્તના વમળમાં ઘૂમરીઓ ખાતા વિનાશ પામીએ છીએ.

આપણે સ્વાધીન કેમ બનીએ? આપણામાં રહેલી વિવેકશક્તિ જાગૃત કેમ કરાય? સૂક્ષ્મ વિચાર પછી આપણને સત્ય લાગે, તેને આચારમાં મૂકવાની ઇચ્છાશક્તિ દૃઢ કેમ થાય? આપણું વિષયોમાં ચકચૂર થએલું મન, વિષયોની પરાધીનતામાંથી મુક્ત કેમ થાય? મનુષ્યની પોતાની પ્રકૃતિ બદલાય શી રીતે? તેનો પરંપરામાન્ય જવાબ એ છે કે જીવનમાં હર ઘડીએ આંતર નિરીક્ષણ કરવું જરૂરી છે. થોડી-થોડી નિવૃત્તિ લઈ, સત્યનું સંશોધન કરવું, સત્ય સમજાય કે ઝટ તેને ચિત્તમાં ધારણ કરવું અને પ્રભુને પ્રાર્થના કરી, તેને આચારમાં મૂકવાનું બળ માગી લેવું. બળ અવશ્ય મળશે.

આમ કરવાથી આપણે પ્રકૃતિની વિરુદ્ધમાં નથી જતાં પરંતુ તેને સ્વાધીન કરીએ છીએ. બધી કામનાઓને સ્વાર્થથી મુક્ત કરવાની છે. અવગુણોનો ત્યાગ કરી સદ્ગુણો વિકસાવવા જરૂરી છે સુખને ફેંકી દેવાની વાત અહીં ગૌણ રાખીને, શાશ્વત સુખ કમાઈ લેવાનો જ પ્રસ્તાવ પ્રમુખ બને છે

આવા વલણ મુજબના વર્તનથી પ્રકૃતિ એમની એમ રહે છે અને સંસાર પણ એમનો એમ જ રહે છે. બદલાય છે—માત્ર જીવનનું વહેણ! તે અધોગામી મટી ઉર્ધ્વ-ગામી બને છે. એને માટે શ્રમ અને તપશ્ચર્યા કરવાનાં રહે છે, પણ એ તો વિકાસ માટે અનિવાર્ય જ છે.

## શક્તિ પર અસર

આપણું પ્રત્યેક કાર્ય, આપણા જીવનની શક્તિ પર અસર કરે છે. દુષ્કર્મ કરનારો કે પાપ કરનાર ઘડીભર ભોગ ભોગવતો દેખાશે! પણ તે કેટલો નિર્બળ બન્યો, તેનો કંઈ ખ્યાલ આવે છે?

એક સત્કાર્ય તમારા બીજા સત્કાર્યનું પગથિયું બની, તમારી દૃઢતામાં ઉમેરો કરે છે અને એક દુષ્કાર્ય તમને લથડિયું ખવડાવી, નિર્બળ કરી અંતે પાડે છે.

જીવન કંઇ ભોગો ભોગવવા માટે નથી. એક ભોગ તમને બીજા ભોગમાં લપસાવે છે, તમને નિર્બળ અને કૃપણ બનાવે છે.

જીવન જીવવા માટે છે, ભાર ભરીને ડૂબાડી દેવા માટે નથી. એ જીવન ભુંડ-ડુક્કરનું ન હોવું જોઈએ. તમે એવી રીતે જીવો કે-આત્માનું જીવન પ્રગટ થતું જાય!

તમે અમર હો તો તમને ભય શો?

તમે સહુમાં ઓતપ્રોત હો તો તમને દ્વેષ કોનો?

તમે શ્રેષ્ઠ હો તો પછી તમને ઇર્ષ્યા શી?

તમારૂં જ સર્વ કાંઈ હોય તો, પછી લોભ શો પરિગ્રહ શો?

આવા વિચારોથી આ માટીના દેહમાં અને આ સ્થિતિસ્થાપક ચિત્તમાં પણ આત્માની કલા પ્રગટ થઈ શકે છે.

ચિત્રકાર કાગળ પર, શિલ્પકાર પત્થર પર અને ગાયક વાજિંત્ર પર ચૈતન્યના ચમકારા પ્રગટ કરી શકે છે! તો પછી તે રીતે આપણે પણ આત્મકલા ન પ્રગટ કરી શકીએ શું?

卐

# બોધિ-સમાધિ અને આરોગ્ય

બોધિ એ સર્વ શાસ્ત્રનો સાર, ચારિત્રનો પ્રાણ અને સમગ્ર ક્રિયાનુષ્ઠાનના સાધ્ય-રૂપ છે. બોધિ એ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ છે. એ ત્રણે ગુણોના સ્વરૂપને સ્પષ્ટ સમજવાથી બોધિ સમજાય છે.

સમાધિ એ ચિત્તની નિર્મળતા, ઉપશમભાવ અથવા કુશળ મનરૂપ છે. આરોગ્ય અર્થાત્ મોક્ષ, તેના સિવાય શાન્તિ છે જ નહિ. એટલે મોક્ષ માટે બોધિ અને બોધિ માટે સમાધિ એ રીતે કાર્ય કારણભાવ છે.

દ્વૈતાદ્વૈતરૂપ સ્યાદ્વાદ, વ્યવહાર-નિશ્ચયરૂપ ધર્મ, ઉર્ધ્વતા તિર્યક્રૂપ સામાન્ય-એ સમત્વ, સ્વાર્થનું ઉપસર્જન અને પરાર્થની પ્રધાનતા અને સમાધિનાં સાધનો છે. સ્વાર્થ ગૌણ ન બને ત્યાં સુધી પરાર્થ પાગળો રહે છે.

શ્રી તીર્થંકર ભગવંતો સ્વયં સ્વાર્થનું વિસર્જન કરે છે. ત્યારે સામાન્ય મનુષ્યને તો તે અત્યંત આવશ્યક બની રહે છે. લૌકિકમાં પણ આબાલ-ગોપાલ સહુ આ વાતનો સ્વીકાર કરે છે.

આખું વિશ્વ જ્યારે સ્વાર્થમાં ડૂબેલું છે ત્યારે પરાર્થની મુખ્યતા વિના ધર્મના મૂળ-રૂપ દયા કે મૈત્રીની સિદ્ધિ કેવી રીતે થાય? પરાર્થની સિદ્ધિ એ જ સ્વાર્થની સાચી સાધના છે.

બોધિ, સમાધિ અને આરોગ્ય ત્રણે ય પારમાર્થિક જીવનમાંથી જન્મે છે. અર્થાત પરમાર્થ એ જ જીવનનું જીવન છે.

જીવના ક્ષેત્રમાં પરિણમતો જડનો રાગ, બોધિ બળે નાશ પામે છે, એટલે સ્વ-ઘરમાં શાન્તિ યા સમાધિ સ્થપાય છે. સમાધિ જેમ ઘન-નક્કર થતી જાય છે, તેમ તેમ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામતો પામતો પરમશુદ્ધિ સાધે છે. તે જ મોક્ષ છે.

તાત્પર્ય કે જીવતત્ત્વનો સમ્યગ્ બોધ-એ શિવતત્ત્વનું બીજ છે માટે નવ તત્ત્વમાં પ્રથમ જીવતત્ત્વ છે. અંતિમ મોક્ષતત્ત્વ છે.

卐

# આત્મૌપમ્ય ભાવ

## સમ્યગ્દર્શન

વ્યવહારથી સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ તો જૈન કુળમાં જનમ્યા ત્યારથી કહી શકાય, પરંતુ ગ્રન્થિભેદ જનિત 'નિશ્ચયથી' સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ તો જીવના પ્રબળ પુરુષાર્થથી જ થઇ શકે. તે પ્રાપ્તિ વખતે અપૂર્વ આનંદ અનુભવાય છે.

સમ્યગ્દર્શન તત્ત્વરુચિરુપ છે. સમ્યક્ત્વની દશ પ્રકારની રુચિમાં તત્ત્વરુચિ ઉપરાંત ધર્મરુચિ, સંક્ષેપરુચિ, વિસ્તારરુચિ વગેરે છે. તે બધી રુચિઓમાં તત્ત્વરુચિ મુખ્ય છે.

તત્ત્વમાં પણ આત્મતત્ત્વ મુખ્ય છે. આત્મત્વેન આત્મતત્ત્વનું દર્શન થવું દુર્લભ છે. સામાન્ય ધર્મથી આત્મતત્ત્વને સદ્દહ્યા વિના વિશેષ ધર્મથી આત્માનાં અનેક પ્રકાર યાવત્ ૫૬૩ પ્રકારો જાણવા છતાં નિશ્ચયથી જ્ઞાન કે શ્રદ્ધા ઉત્પન્ન થતાં નથી.

'અધ્યાત્મસાર'ના વૈરાગ્ય ભેદ પ્રકરણમાં કહ્યું છે કે,

एकांतेन हि षट्काय-श्रद्धानेऽपि न शुद्धता ।
संपूर्णपर्ययालाभात्, यन्न याथात्म्य-निश्चयः ॥

વિશેષ વિનાનું સામાન્ય જ્ઞાન કે સામાન્ય વિનાનું વિશેષ જ્ઞાન શશશૃંગવત્ છે.

આપણને જીવોનો વિશેષ પ્રકારનો બોધ છે પણ સામાન્યથી તે જીવત્વ એક પ્રકારનું પણ છે, એવો અભેદથી બોધ થતો નથી અને કવચિત્ થાય છે, તો પણ તે સાધનામાં ઉપયોગી બની શકતો નથી. એથી આપણો ધર્મ મૈત્ર્યાદિભાવ સંયુક્ત બનવો જોઇએ, તે બની શકતો નથી.

## મૈત્રીભાવનું માહાત્મ્ય

આત્મૌપમ્ય કે અભેદની દૃષ્ટિ આવ્યા વિના અહિંસાદિ કે ક્ષમાદિ ધર્મો, ધર્મરુપ બની શકતા નથી.

અભેદની દૃષ્ટિ પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવવાથી જ પુષ્ટ બની શકે અને એવો મૈત્રીભાવ કેળવાય, તો જ દુઃખીનાં દુઃખ દૂર કરવાની કરુણાવૃત્તિ, ગુણાધિક પ્રત્યે પ્રમોદવૃત્તિ, અને તદ્દન જડ જેવા અપાત્ર પ્રત્યે માધ્યસ્થ કે તટસ્થવૃત્તિ સંભવી શકે. એવી વૃત્તિ આવે, તો જ અહિંસાદિ અને ક્ષમાદિ ધર્મો સાર્થક બની શકે છે અર્થાત્ ક્ષાયોપશમિક ભાવના બની શકે છે.

## દર્શનગુણનું આવરણ

સામાન્ય વિશેષ ઉભય ધર્મથી આત્મતત્ત્વનો બોધ પરિપાક પામે ત્યારે જ સમ્યગ્-દર્શન ગુણની પ્રાપ્તિ સુલભ બની શકે છે અને તો જ દર્શનગુણનું આવરણ ખસી શકે.

દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ મિથ્યાત્વ અવસ્થામાં પણ સુલભ છે. આત્મત્વેન આત્માનું આત્મૌપમ્યભાવે દર્શન થવું તે દર્શનગુણ છે.

આ ગુણને આવરનારું દર્શન મોહનીય કર્મ તીવ્રતમ પ્રબળતમ પુરુષાર્થ ફોરવ્યા વિના ટળી શકે નહિ. તે કર્મનો ઉદય હોય ત્યાં સુધી નવ પૂર્વનું જ્ઞાન કે ક્રોડ પૂર્વનું ચારિત્ર પણ મિથ્યાજ્ઞાન રૂપ કે કેવળ કાયકષ્ટ રૂપ બને છે એમ શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે.

એટલે દર્શન ગુણને પ્રગટાવવા માટે અવિરત પ્રયત્ન અપ્રમત્તપણે શ્રી જિનાજ્ઞા મુજબ થતો રહે—એ જરૂરી છે.

## આત્મૌપમ્યભાવની ભૂમિકા

અધ્યાત્મ શાસ્ત્રો માને છે કે—

અવ્યવસ્થા જગતમાં નથી પણ જીવની પોતાની જાતમાં છે. તેને દૂર કરવાથી જગત એક વ્યવસ્થિત ન્યાયપૂર્ણ-આનંદમય અને નિયમબદ્ધ જણાય છે. તેમાં દોષ કાઢવા જેવું કાંઈ પણ લાગતું નથી. તેથી આવી દૃષ્ટિવાળા અંતરંગ શાંતિને અનુભવે છે અને પોતાનાં દોષો જે કારણોથી ટકે છે, તે કારણોને દૂર કરવા માટે જ પોતાનાં સમય અને શક્તિનો યથાર્થ સદુપયોગ કરે છે.

રાગ, દ્વેષ અને મોહ તે દોષ છે. મોહ—એ અજ્ઞાન, સંશય વિપર્યય રૂપ છે. તે તેના પ્રતિપક્ષી જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રથી ટળે છે.

મોહનો અર્થ અહિં આસક્તિ કે રાગ સમજવાનો નથી. કેમકે રાગને એક સ્વતંત્ર દોષ તરીકે કહ્યો જ છે. તેથી મોહ શબ્દ અજ્ઞાન, સંશય અને વિપર્યયવાચક છે.

વસ્તુ માત્રનું યથાર્થ સ્વરૂપ, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત છે. તેનું અનુભવ અને યુક્તિથી વારંવાર ચિંતન કરવા વડે તે દોષ વિલીન થઈ જાય છે.

કષાય અને સંક્લેશજન્ય વિકૃતિથી મુક્ત થઈ, જીવ જેમ જેમ અધ્યવસાયની વિશુદ્ધિ પામતો જાય છે, તેમ તેમ બીજા જીવો સાથે આત્મૌપમ્યભાવ વધારે સ્પષ્ટ થતો જાય છે, અને તે જીવનમાં પણ ઉતરતો જાય છે.

## ધર્મનું મૂળ

સર્વ મંગલોમાં પ્રથમ મંગલ ધર્મ છે. ધર્મ એ આત્માનો સ્વભાવ છે. સર્વ પ્રાણીને આત્મા સમાન જોવાં, આત્મા રૂપે જોવા, પોતાનાં અંગ રૂપ માનવા-અનુભવવા એ ધર્મ છે, ઉત્કૃષ્ટ મંગળ છે.

આ આત્મૌપમ્ય દૃષ્ટિમાંથી જ પરમ કૃપાળુ શ્રી તીર્થંકર પરમાત્માઓએ વિશ્વને અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મ આપ્યો છે.

મતલબ કે, આત્મૌપમ્ય દૃષ્ટિ એ ધર્મનું મૂળ છે. તેના જતનમાં ધર્મનું જતન છે. તેના વિકાસમાં ધર્મનો વિકાસ છે. તેના જયમાં ધર્મનો જય છે.

卐

# સંવેદન

વેદન એટલે પરિણમન.

જ્ઞાની પાસે પહેલાં શ્રવણથી, પછી પોતાના વિચારથી, મનનથી જાણ્યું, તેને જ હવે પોતાના સંવેદનથી જાણ્યું એટલે શ્રવણનું પરિણમન થયું સમજવું.

સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય નિજાત્મા છે. કેમકે તે જ આનંદનું ધામ છે. આવો કેવળજ્ઞાન સ્વભાવ જેને પ્રિય લાગ્યો, તેને જગતમાં બીજું કાંઇ પ્રિય લાગે નહીં.

વિષયોમાં સુખ નથી, પણ સુખનો મિથ્યાભાસ છે. સંયોગમાં સુખ નથી. અજ્ઞાની પોતાની કલ્પનાથી તેમાં સુખ માને છે.

સ્વભાવ સુખનો નિર્ણય કરવો, તે સમ્યક્‌ત્વ છે.

નિશ્ચય નયના વિષયભૂત શુદ્ધાત્માને ભૂલીને, જે જીવ વ્યવહાર નયના વિષયભૂત અશુદ્ધતાને જ એકાંત સત્ય કરી માને છે. તે જીવ પરદ્રવ્યમાં જ વિમોહિત છે.

સમ્યગ્દર્શન એ શુદ્ધ પરિણતિ છે, પણ શુદ્ધોપયોગ નથી. શુદ્ધોપયોગ ક્રિયાત્મક છે. અંતર્મુખ થઈને સ્વભાવનો આશ્રય કરવો તે શુદ્ધોપયોગ છે. અને તે જ મુક્તિનો પંથ છે.

મોહનો ક્ષય કરવાનો એક જ માર્ગ છે. અને તે શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાયનો નિર્ણય કરીને આત્મામાં એકાગ્ર થવું તે છે.

શબ્દબ્રહ્મ એ જિનવાણીનો પર્યાય છે. જે વાણી બ્રહ્મ એટલે કેવળજ્ઞાન અને જ્ઞાનમય આત્માનો બોધ કરાવે તે શબ્દ બ્રહ્મ છે.

'शब्दब्रह्मणि निष्णातः परब्रह्माधिगच्छति । એ દૃષ્ટિએ શ્રી નમસ્કાર મહામંત્ર એ શબ્દબ્રહ્મ છે. કેમકે તે શુદ્ધાત્માનાં બોધક પદો છે. તે પદોનું રટણ કરવાથી નિજ શુદ્ધાત્માનો અપરોક્ષ બોધ થાય છે.

શુદ્ધોપયોગ તે ધર્મ છે, આત્માના સ્વયં ધર્મરૂપ છે, તેની સિદ્ધિ અંતરદૃષ્ટિ વડે મોહનો નાશ કરવાથી થાય છે. ચૈતન્યમાં વિષયાતીત સુખ ભર્યું છે, તેની તરફ દૃષ્ટિ કરાવનાર મંત્ર તે નમસ્કાર મંત્ર છે

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नाऽस्ति भूयसा ॥

અર્થાત્ એક પણ પદ જે શુદ્ધાત્માનો બોધ અને પરિણતિ કરાવે તે ઉત્કૃષ્ટ જ્ઞાન છે. બીજા ઘણા જ્ઞાનથી સર્યું !

પરથી ભિન્ન, રાગથી ભિન્ન જ્ઞાનમય આત્માને વેદવો તે ધર્મ છે.

વસ્તુ નિત્ય હોવાથી તેમાં ઉત્પાદ-વ્યય છે. ત્રણ સ્વરૂપે વસ્તુનું અસ્તિત્વ છે. તેને જ સત્ અથવા સત્તા કહેવાય છે. 'यत् सत् तत् उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं' વસ્તુ પોતે જ ત્રણ ધર્મયુક્ત છે. તેથી તેનું કાયમ ટકવાપણું કે ઉત્પાદ-વ્યય થવાપણું પોતા વડે જ છે, બીજાથી નહિ.

'સત્' અર્થરૂપ, શબ્દરૂપ અને જ્ઞાનરૂપ એમ ત્રિતય સત્તાને ધારણ કરે છે.

સાચું શરણ જ્ઞાનનંદમય આત્માનું આત્મસ્વરૂપનું છે.

ભગવાનને જોવા એટલે ભગવાનના જ્ઞાનમય આત્માને જોવો. એ રીતે ભગવાનના નિત્ય દર્શન કરનારને પોતાના જ્ઞાનમય આત્માનું દર્શન સહજ બને છે.

જ્ઞાનાનંદની સુવાસ બાહ્ય નાસિકા વડે નહિ, પણ ભાવ શ્રુતજ્ઞાનના અભ્યાસ વડે અનુભવાય છે.

આત્મદ્રવ્યની સર્વોત્કૃષ્ટતાનું ભાન તે ઉત્કૃષ્ટ મંગળ છે.

અહિંસા, સંયમ અને તપ એ શુદ્ધ આત્મદ્રવ્યના જ પર્યાયો છે. આત્મા પોતાના સ્વભાવથી, પોતાની પ્રભુતાથી, પોતાના જ્ઞાનપુંજથી ભરેલો છે. ધર્મીને ધ્રુવ કહ્યો છે, કેમકે તે પોતાના જ્ઞાનાનંદમય-ચિદાનંદમય-ધ્રુવ સ્વભાવનો નિરંતર અનુભવ કરે છે.

ધર્મલાભનો એક અર્થ આત્મલાભ છે. આત્મા સદાય પર-દ્રવ્યોથી, પરભાવોથી ભિન્ન અને નિજ સ્વભાવથી અભિન્ન છે. ચૈતન્ય સૂર્ય છે. જ્ઞાનમય શુદ્ધ સ્વભાવના અવલંબનથી નિજ શુદ્ધપદની પ્રાપ્તિ થાય છે. આત્માનો લાભ તે ઉત્કૃષ્ટ મંગળ છે. અને અનાત્માનો પરિહાર-તે સર્વ પાપોનું મૂળ, જે મિથ્યાત્વ-તેનો ક્ષય છે.

મિથ્યામાં રતિ તે મિથ્યાત્વ. સત્‌માં રતિ-પ્રીતિ તે સમ્યક્ત્વ.

પંચ પરમેષ્ઠિ નમસ્કાર સર્વ અનાત્મ ભાવોનો નાશ કરે છે અને શુદ્ધાત્મભાવનું પ્રગટીકરણ કરે છે.

શબ્દરૂપ નમસ્કાર, અર્થરૂપ નમસ્કાર અને જ્ઞાનરૂપ નમસ્કાર એ ત્રણેમાં સામર્થ્ય રહેલું છે.

આ સંવેદન-સ્વસંવેદનાત્મક બને તો મોટો આત્મલાભ થાય.

卐

# ત્રિશલ્યનાશક સ્નેહ-પરિણામ

માયા, મિથ્યાત્વ અને નિયાણુ-એ ત્રણે શલ્યોનો નાશ, એક સ્નેહ પરિણામથી સાધ્ય છે.

જ્યાં સ્નેહ, ત્યાં માયાવૃત્તિ કે લોભવૃત્તિ રહેતી નથી અને જ્યાં સ્નેહ, ત્યાં બીજાઓને આત્મસમ ન ગણવાની મિથ્યાવૃત્તિ પણ રહેતી નથી.

આ ત્રણે વૃત્તિ મોક્ષમાર્ગમાં શલ્ય તુલ્ય છે.

સકળ સત્ત્વ પ્રત્યે સ્નેહનો પરિણામ પરમેષ્ઠિકૃપાલભ્ય છે. કૃપા અહેતુકી છે, તેમ ભક્તિ પણ નિષ્કામ જોઈએ.

સ્નેહમાં લેવાની વૃત્તિ હોતી નથી, આપવાની જ હોય છે-એ જ નિષ્કામના છે. નિયાણુ બંધના નિષેધનું પાલન સ્નેહ પરિણામના અસ્તિત્વ વડે જ શક્ય છે. સ્નેહ પરિણામ નિષ્કામ ભક્તિથી જ શક્ય છે. નિષ્કામ ભક્તિ, નિષ્કામ કરૂણાના વિચારથી જ જાગે અને નિષ્કામ કરૂણા આત્મતત્ત્વના સંવેદનથી જ જાગે છે.

તે સંવેદન મૈત્ર્યાદિભાવ સ્વરુપ છે. પ્રથમ જીવતત્ત્વનું આલોકન, પછી ઉપલંભ અને છેલ્લે સંવેદન છે.

આલોકન સામાન્ય સ્વરુપનું, ઉપલંભ વિશેષ સ્વરુપનો અને ઉપલંભની તીવ્રતા વડે આચરણ થાય છે.

આલોકન એટલે દર્શન, ઉપલંભ એટલે જ્ઞાન અને સંવેદન એટલે ચારિત્ર.

દર્શન એટલે નિષ્કામ ભક્તિ. જ્ઞાન એટલે નિષ્કામ કરુણા. ચારિત્ર એટલે નિષ્કામ કર્મ. આ રીતે રત્નત્રયનો સમુચ્ચય છે.

દેવાધિદેવ પાસે રત્નત્રયીની માંગણી કરતી વખતે આ રીતનું તેનું જે સ્વરુપ છે, તેની લાગણી વડે હૈયું ઉભરાતુ હોય છે, તો તે માગણી તરત સંતોષાય છે. કારણ કે આ માગણીના મૂળમાં શુદ્ધ સ્નેહ હોય છે.

આવા સ્નેહ પરિણામ વડે જ ત્રણે રત્નોનું યથાર્થ જતન થાય છે, અને મોહ-મિથ્યાત્વાદિ શલ્યનું નિકંદન નીકળી જાય છે. માટે આરાધકે આ સ્નેહ પરિણામ પૂર્ણ જીવનની આરાધનાને લક્ષ્ય બનાવવાની અતિ આવશ્યકતાને પોતાના જીવનમાં પ્રધાન સ્થાન આપવું જોઈએ

卐

# ઉપાસ્ય—તત્ત્વનું દર્શન

વીતરાગ એટલે ઇચ્છા મુક્ત, ઇચ્છા એ જ પાપ છે. સુખ–દુઃખની એ જનેતા છે.

વિશ્વ, ઇચ્છા અનુસાર નહિ, પણ નિયમ અનુસાર ચાલી રહ્યું છે. એ નિયમ પાંચ કારણોને અનુસરે છે, કોઇની ઇચ્છાને નહિ.

ઇચ્છા ઉપર જેણે વિજય પ્રાપ્ત કર્યો છે, તે જ ઉપાસ્ય છે. ઉપાસ્ય તત્ત્વની આ પણ એક સાચી ઓળખાણ છે.

'અરિહંત મારા દેવ છે, નિર્ગ્રન્થ મારા ગુરુ છે, તેમણે કહેલું તત્ત્વ તે જ મારો ધર્મ છે!' આવો એકરાર કરનારા સહુએ એ જાણી લેવું જરૂરી છે કે–ઇચ્છારૂપી અરિનો જેણે સમૂળ નાશ કર્યો છે અને સાચા અર્થમાં વીતરાગપદ પ્રાપ્ત કર્યું છે, એ જ દેવ-તત્ત્વની ઉપાસના કરવાની છે.

નિર્ગ્રન્થ એટલે મૂર્છા રહિત. તીવ્ર ઇચ્છાને મૂર્છા કહે છે. ઇચ્છા ઉપર જેને મૂર્છા નથી, તે નિર્ગ્રન્થ છે.

ઇચ્છા રહિત થવા માટે મૂર્છારહિત બનવું તે જ તત્ત્વ છે. અને તેનું જ નામ મુક્તિ માટેનો ધર્મ છે.

ઇચ્છા રહિત થવાની ઇચ્છાથી ધર્મ શરૂ થાય છે. અને મૂર્છા રહિત બનીને ઇચ્છા મુક્ત થવાય છે. એ માર્ગ પર જેને વિશ્વાસ છે, તે જ સાચો સમ્યગ્દૃષ્ટિ છે. વિરાગનો તે ઉપાસક છે અને શ્રી વીતરાગનો તે સેવક છે.

વિરાગ એટલે ઇચ્છાની ઇચ્છાનો અભાવ. અને વીતરાગ એટલે ઇચ્છા રહિત અવસ્થા.

ઇચ્છારહિત થવાની ઇચ્છાના ધ્યેયથી ઇચ્છારહિત દેવની અને મૂર્છારહિત ગુરુની ઉપાસનાપૂર્વક જે દાન આપે છે, શીલ પાળે છે, તપ કરે છે, અને ભાવ સેવે છે, તે સાચો ધર્મી અને મોક્ષગામી છે.

'જય વીયરાય' પદ આ સત્યનું સબળ દ્યોતક છે પ્રતિપાદક છે.

સર્વ ઇચ્છાઓથી મુક્ત નિરીચ્છ મન એ જ 'સુમન' છે. જેનો પ્રભુ ચરણે અર્ઘ્ય ધરીને મુમુક્ષુ પ્રભુપદ પામે છે.

卐

> નમસ્કારભાવનો એક અર્થ ક્ષમાયાચના થાય છે. ક્ષમાયાચનાથી ચિત્ત પ્રસન્ન બને છે. અર્થાત્ ચિત્તમાંથી ખેદ, ઉદ્વેગ, વિષાદાદિ દોષો ચાલ્યા જાય છે.

# ભક્તિ

अनाहूतसहायस्त्वं,     त्वमकारणवत्सलः ।
अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धवः ॥

—वीतरागस्तव

હે પ્રભુ.... આપ વગર બોલાવે સહાયક,
વિના સ્વાર્થે વાત્સલ્યવંત,
વગર માંગે સજ્જનતા દાખવનારા અને
વગર સંબંધે બંધુ જેવા છો...!



ચિંતક... ચિંતન...!!

જાણવા લાયક અને જોવાલાયક વિશ્વની સર્વશ્રેષ્ઠ વસ્તુઓનો સંગ્રહ પ્રભુના નામ અને પ્રભુના રૂપમાં સમાઈ જાય છે.

વિશ્વની સર્વશ્રેષ્ઠ સમૃદ્ધિનું દર્શન પ્રભુમૂર્તિમાં અને મનન પ્રભુ નામમાં છે.

નામથી પાપનો નાશ, રૂપથી પુણ્યનો પ્રકાશ તથા પ્રભુના દ્રવ્યથી આત્મબોધ અને પ્રભુના ભાવથી આત્મધ્યાન સુકર બને છે.

પાપ નાશ, પુણ્ય લાભ, આત્મ જ્ઞાન અને આત્મ ધ્યાનનું પરમ કારણ હોવાથી પ્રભુના નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ ભવ્યોને ઉપાસવા લાયક છે.

આવી પ્રભુભક્તિમાં એકાકારતા માટે સદા જાગૃત પરમકૃપાળુ, અધ્યાત્મયોગી.

—પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# ભક્તિ

ભક્તિ વિના ચિત્તની શાંતિ પ્રાપ્ત થવી અશક્ય છે,
કેમકે અશાંતિનું બીજ અહંકાર છે, એ અહંકારને તોડવા માટે,
પ્રભુભક્તિમાં મનને જોડવા માટે માર્ગદર્શક બનતા પ્રેરણાદાયી
ચિંતનોની હારમાળાના મણકા.... !!


૧ વિભક્તિ ટાળે તે ભક્તિ
૨ ભક્તિની શક્તિ
૩ ભક્તિના ભેદ
૪ ભક્તિ–વૈરાગ્ય–જ્ઞાન
૫ વૈરાગ્યથી આત્મદર્શન
૬ દેવ–ગુરુની ભક્તિ
૭ અનુગ્રહ અને અનુરાગની શક્તિ
૮ ભગવત્ ચિંતન
૯ પરમાત્માનું નામ
૧૦ પ્રભુસ્મરણ
૧૧ પરમાત્મભક્તિ
૧૨ સાચા સ્વામી
૧૩ વીતરાગનું સામર્થ્ય
૧૪ શ્રી અરિહંતનું સ્વરૂપ
૧૫ પૂર્ણાનંદનો પ્રકાશ
૧૬ પ્રભુભક્તિનું મુખ્ય સૂત્ર
૧૭ અનન્ય ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતો
૧૮ પ્રભુ, પ્રેમ અને વિશ્વાસ
૧૯ પૂર્ણ પ્રેમાનંદમયતાનો પ્રયોગ
૨૦ આત્મસમ અને આત્મપૂર્ણ દૃષ્ટિ
૨૧ પરમને પ્રણામ
૨૨ હું નહિ, તું નહિ, તે
૨૩ હૃદયમાં ઇશ્વર
૨૪ માન-દાનનો પ્રભાવ
૨૫ પ્રાર્થના અને શુભેચ્છા
૨૬ પ્રાર્થના અને ધ્યાન
૨૭ ઇશ્વર પ્રાર્થના
૨૮ તીર્થભક્તિ–પ્રભુભક્તિ
૨૯ અસીમોપકારી શ્રી તીર્થંકર પદ

# વિભક્તિ ટાળે તે ભક્તિ

શાસ્ત્રકારો કે મહાત્માઓના ઉપદેશરૂપી વચનો, તો જ લાભ કરનારા બને કે તે દ્વારા જીવાત્મા પરમાત્માના સીધા સંબંધમાં આવતો હોય.

મનુષ્ય પરમાત્માની અંતર્મુખ થઇ ખોજ કરે તો જ અંતે તેને અનુભવ થાય કે પોતે એ પરમાત્માનું સ્વરૂપ છે.

ભક્તિ એ મનની એકાગ્રવૃત્તિ છે. અવિચ્છિન્ન પરાનુરક્તિ છે, કે જે સર્વ સુખના નિધાન સ્વરૂપ પરમાત્માને પોતાનું ધ્યેય સમજી તેમાં તન્મય બને છે. પરમતત્ત્વની સાથે એક થવાનો, એકરૂપતા સાધવાનો ઉપાય ભક્તિ છે. ભક્તિથી પરમતત્ત્વરૂપી પરમાત્માની અભિવ્યક્તિ થાય છે.

તમારાથી અત્યંત દૂર રહેલ કોઇ પરમાત્મા માટે ભક્તિ નથી. પણ ભક્તિ તમારા અંતર્યામી માટે છે કે જે તમારું મૂળ સ્વરૂપ છે. ભગવાન તમે પોતે જ છો, સ્વાત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરવા માટે જ ભક્તિ છે. આ હકીકત જાણવી અને સમજવી અને તે દ્વારા પરમ તત્ત્વરૂપ પરમાત્મા સાથે પરમ મધુર મિલનનો આનંદ અનુભવવો—એ માનવજીવનનું અંતિમ ધ્યેય છે.

સાધકમાં એ પરમાત્માને પામવાની ઉત્કટ આતુરતા હોવી જોઇએ. ધ્યેયનિષ્ઠ એકાગ્ર સાધના દ્વારા દિક્કાળની ઉપર કેવળ સત્‌ની ભૂમિકાએ સાધકે પહોંચવું જોઇએ, કે જે અનંત છે, નિરવધિ છે, સચ્ચિદાનંદ છે.

'વિભક્તિ (અલગતા) ને ટાળે તે ભક્તિ' 'આત્માને પરમાત્મ સ્વરૂપ બનાવે તે ભક્તિ.' આ કારણે સાધક ભક્તે પરમાત્માને પોતાના હૃદય સિંહાસન પર બિરાજમાન કરવા જોઇએ કે જે પરમ પ્રેમ અને પરમાનંદ સ્વરૂપ છે. તેમની સાથે પોતાને સાંધી, સર્વભૂત પ્રાણીને એકસરખા ચાહી, તે બધા તમારા હૃદયમાં રહેલ પરમાત્માના જ બહાર પ્રગટેલાં સ્વરૂપો છે, તેમ ગણીને સર્વે સાથે ઉચિત વ્યવહાર કરવાનો છે.

જીવ–જીવ વચ્ચેની ભેદ બુદ્ધિ ટળ્યા સિવાય સાચી ભક્તિ પ્રગટતી નથી. એને ટાળવાનો સર્વોત્તમ ઉપાય હૃદય પરમાત્માને સોંપી દેવું તે છે. તેથી સર્વ જીવો સ્વહૃદયી બને છે. સુહૃદ બને છે.

ભક્તિ એ મુક્તિની દૂતી છે. એમ સમજી સ્વીકારીને ભગવાનનાં પ્રેમીને તેના ઉપર ભગવાન જેટલો જ પ્રેમ જાગવો જોઈએ.

卐

# ભક્તિની શક્તિ

અનંત અપરાધી અને અલ્પજ્ઞાની પણ વહેલાં મુક્તિ મેળવે છે અને અલ્પ અપરાધી અને મહાજ્ઞાની પણ અનંતકાળ રખડે છે. તેમાં કારણ ભક્તિ અને અભક્તિ સિવાય બીજું શું છે?

ભક્તિ આત્મસમર્પણ સ્વરૂપ છે તેથી અહંકાર ગળી જાય છે.

સર્વ પાપનું મૂળ અહંકાર છે, સર્વ ધર્મનું મૂળ દયા 'दुःखित दुःख प्रहाणेच्छा' દુઃખી જીવોના દુઃખને દુર કરવાની ઈચ્છા. તે ઈચ્છા જેઓમાં ટોચે પહોંચી છે, તેઓને નમસ્કાર કરવો–તે ભક્તિ છે. કેમકે એ ઇચ્છા વડે જ જગતમાં અસદ્ વસ્તુઓનો અભાવ અને સદ્ વસ્તુઓનો સદ્ભાવ જણાય છે.

મહાપુરુષોની કરુણા, દયા અને 'વિશ્વ પ્રત્યે આત્મીયતાની લાગણી' જ અશુભનો હ્રાસ અને શુભની વૃદ્ધિ કરી રહેલ છે. તેથી તેમની કરુણાને સમર્પિત થવું–એ કર્તવ્ય છે અને એનું જ નામ ભક્તિ છે. એ ભક્તિમાં અહંકારને લેશમાત્ર સ્થાન રહેતું નથી, તેથી તે પરમ વિરાગ સ્વરૂપ છે.

તપ, જપ, શ્રુત અને ક્રિયાનો અહંકાર લૌકિક અહંકારના નિવારણ માટે ઉપયોગી છે, પણ લોકોત્તર માર્ગમાં પ્રગતિ કરવામાં બાધક છે. ભક્તિ એ તપ, જપ અને ક્રિયાના અહંકારનો પણ નાશ કરે છે, તેથી સર્વ સદ્ગુણોની પૂર્ણતા ભક્તિમાં થાય છે.

## અહંકારને ટાળવા ભક્તિ

ભક્તિ વિના ચિત્તની શાન્તિ પ્રાપ્ત થવી અશક્ય છે. કેમકે અશાન્તિનું બીજ અહંકારમાં છે. તેથી તપ, જપ, શ્રુત અને ક્રિયા કરવાની બુદ્ધિ જેની કરુણાથી થાય છે, તેને સતત સ્મૃતિમાં રાખવાથી અહંકારનું ઉત્થાન જ થતું નથી.

સંત પુરુષોની કરુણા વિશ્વ પર સદા વરસતી રહે છે અને સર્વ જીવોના ઉત્થાનમાં તે સહાય કરે છે, એમ માન્યા વિના ભક્તિ જાગતી જ નથી અને ભક્તિ વિના અહંકાર ટળતો નથી.

વિશ્વ પર પ્રભુત્વ પ્રભુની કરુણાનું છે અને તે કરુણા વિવિધ રૂપે પોતાનું કાર્ય સતત કર્યા કરે છે.

ભક્તને આધીન ભગવાન છે, તેનો અર્થ એટલો જ છે, કે પ્રભુની કરુણાને હૃદયથી માન આપનાર ભક્તનું કલ્યાણ થયા સિવાય રહેતું નથી.

ભક્તિ એ મુક્તિની દૂતી છે, એનો અર્થ એ છે, કે ભક્તિ વિના અહંકાર દોષમાંથી કોઈ મુક્ત થઈ શકતું નથી. અહંકાર જાય તેને અન્ય દોષોમાંથી મુક્ત થવું દુષ્કર નથી.

દોષો બે પ્રકારના છે. ૧. અહંકારરૂપ અને ૨. મમકારરૂપ. મમકાર રૂપ દોષ વિષયોના દોષદર્શનથી દૂર થાય છે. અહંકારરૂપ દોષ પોતાના દોષદર્શનથી દૂર થાય છે.

પોતાનામાં મોટામાં મોટો દોષ કૃતઘ્નતા અને સ્વાર્થપરાયણતા છે. તેનું નિવારણ માત્ર ભક્તિથી થઈ જાય છે કેમકે ભક્તિ કૃતજ્ઞતા અને પરાર્થતા રૂપ છે. ઉપકારને જાણવાથી કૃતજ્ઞતા અને ઉપકાર કરવાથી પરાર્થતા આવે છે.

ભક્તિજન્ય શક્તિથી સર્વ આસક્તિ ક્ષીણ થાય છે અને આત્મભાવ સશક્ત બને છે.

卐

# ભક્તિના ભેદ

યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ. ચિત્તવૃતિને અશુભમાંથી શુભમાં જોડવી, તે એક પ્રકારનો ભક્તિયોગ છે. 'નમો અરિહંતાણં' પદમાં ભક્તિયોગ છે.

જ્યાં ભક્તિ હોય ત્યાં જ્ઞાન અને વૈરાગ્ય પણ હોય જ.

આપણી જાતને અલ્પજ્ઞ માનીને સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી અરિહંત પરમાત્માને જે નમસ્કાર કરીએ, તે ભક્તિયોગ છે.

સમર્પણભાવપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું, તે ભક્તિયોગ છે.

જ્ઞાનપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું, તે જ્ઞાનયોગ છે.

વૈરાગ્યવાન અને જ્ઞાનવાનની ભક્તિ, તે સાચી ભક્તિ છે.

જ્યાં ભક્તિ હોય ત્યાં ગૌણપણે વૈરાગ્ય અને જ્ઞાન પણ હોય છે.

વૈરાગ્યમાં ત્યાગ છે તેમાં પણ ગૌણપણે ભક્તિ અને જ્ઞાન રહેલાં છે.

ભગવાનના વચન પ્રત્યે સદ્ભાવ રાખીને જે ત્યાગ કરવામાં આવે છે એમાં ભગવાન પ્રત્યે ભક્તિ પ્રગટ થાય છે, કારણ કે એ ત્યાગના મૂળમાં ભગવાનના વચનનો સદ્ભાવ પૂર્વકનો સ્વીકાર હોઇને એ વચનના દાતા એવા ભગવાન તરફ, વચન કરતાં પણ વધુ સદ્ભાવ યાને અહોભાવ જાગે તે સ્વાભાવિક છે.

શ્રી જિનવચન અનુસારનો બોધ અને ત્યાગ એ જ વાસ્તવમાં જ્ઞાન અને વૈરાગ્ય-રૂપે પરિણમે છે.

ચોથે ગુણઠાણે ભક્તિ 'પ્રધાન' લેખાય છે. પાંચમે છટ્ઠે વૈરાગ્ય 'પ્રધાન' લેખાય છે.

પછીના ગુણઠાણે જ્ઞાન 'પ્રધાન' લેખાય છે.

તાત્પર્ય કે, શ્રી અરિહંત પરમાત્મામાં મન પરોવાઈ જાય, ઓતપ્રોત થઈ જાય તો માનવભવ જરૂર સફળ થાય.

卐

# ભક્તિ-વૈરાગ્ય અને જ્ઞાન

ભક્તિમાં વૈરાગ્ય અને જ્ઞાન છુપાયેલાં છે, કેમકે જેમની ભક્તિ કરવાની છે, તેઓએ સંસારને નિઃસાર માન્યો છે અને મોક્ષને જ એક સારભૂત માન્યો છે, તથા તે મોક્ષનો લાભ અને સંસારનો અંત આત્મજ્ઞાનથી જ કર્યો છે, તેથી મોક્ષે ગયેલા, મોક્ષે જનારા અને મોક્ષમાર્ગમાં રહેલાં જીવો ઉપરની ભક્તિ-એ વૈરાગ્યની જ ભક્તિ છે અને આત્મજ્ઞાનની જ ઉપાસના છે.

ભક્તિશૂન્ય આત્માઓનો વૈરાગ્ય એ દુઃખગર્ભિત કે મોહગર્ભિત છે. જ્યારે ભક્તિમાન આત્માઓનો વૈરાગ્ય એ જ્ઞાનગર્ભિત હોય છે અથવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાન ભક્તિ-રહિત કદી પણ હોતા નથી એ જ રીતે ભક્તિશૂન્ય આત્મજ્ઞાનીઓ પણ સાચા આત્મજ્ઞાનને પામેલા નથી.

આત્મજ્ઞાન અને તેનું અર્થીપણું અંશે પણ જેઓમાં હોય છે, તેઓ આત્મજ્ઞાન વડે સાધ્ય ભવ-વૈરાગ્ય અને મોક્ષરાગયુક્ત હોય છે, તથા મુક્ત આત્માઓ પ્રત્યે ભક્તિ-ભાવથી ભરપુર તેઓની મનોવૃત્તિ હોય છે.

વૈરાગ્ય એ દૃશ્ય વસ્તુમાં રહેલો નથી પણ વસ્તુના વિચારમાં રહેલો છે વિચારથી દોષદર્શન અને દોષદર્શનથી વૈરાગ્ય-એ ક્રમ છે.

વિચારહીનનો વૈરાગ્ય ક્ષણિક છે. વિચારવાનનો વૈરાગ્ય સ્થિર છે. વૈરાગ્ય વિવેક-જન્ય છે અને વિવેક બોધસ્વરૂપ છે. બોધને અને વૈરાગ્યને કાર્ય-કારણભાવનો સંબંધ છે. સંસારમા બનતાં બનાવો ક્ષણે ક્ષણે બોધ આપનારાં છે અને વૈરાગ્યભાવને વિકસાવનારા છે, એની પુષ્ટિ ભક્તિથી થાય છે.

## ભગવાન અને ભક્તિ

જ્ઞાની હોય કે અજ્ઞાની, દુઃખ કોઈને છોડતું નથી. જ્ઞાનીઓ સુખ-દુઃખને જાણી શકે, પણ તેમાં અંશ માત્ર ફેરફાર થઈ શકતો નથી. કેમકે કર્મનો નિયમ અટલ છે. તેના ઉપર સત્તા કેવળ ધર્મના નિયમની ચાલે છે. ધર્મનો નિયમ જીવમૈત્રી અને પ્રભુભક્તિને આધીન છે.

ભગવાનની ભક્તિથી જે કાર્ય-થયું, તેને ભગવાનથી જ થયું એમ માનવું-એ વ્યવહારનયનો સિદ્ધાન્ત છે.-એ દૃષ્ટિએ કર્મના નિયમ ઉપર ભગવાનનું પ્રભુત્વ છે-એમ કહી શકાય.

ભગવાનની આજ્ઞાના પાલનથી કર્મનો ક્ષય કરી શકાય છે. તેથી કર્મક્ષયમાં પ્રબળ હેતુ ભગવાનની આજ્ઞા છે. તે આજ્ઞાનું પાલન-એ જીવનો ભાવ છે, જ્યારે તેના સ્વામી ભગવાન છે.

ભગવાનના સ્વામીપણાથી જ ભગવાનની આજ્ઞા તેના પાલન કરનારનું હિત કરે છે, તેથી ભગવાન વિશ્વનું હિત કરનારા છે એમ કહેવું યથાર્થ છે, માટે ભગવાનને આજ્ઞા-રૂપે સર્વત્ર જોતો અપ્રમત્ત સાધક ક્યાંય પાપ કરી શકતો નથી. પાપ કરવાની વૃત્તિ આજ્ઞાના અંગીકારથી ઓગળી જાય છે.

卐

# વૈરાગ્યથી આત્મદર્શન

વિપાકની વિરસતારૂપ દોષદર્શનજનિત વૈરાગ્ય એ અપર વૈરાગ્ય છે. અને આત્માનુ-ભવજન્ય દોષદર્શનરૂપ વૈરાગ્ય એ પર-વૈરાગ્ય છે.

વિષયોમાં ગમે તેટલા દોષ જોવામાં આવે પણ જ્યાં સુધી જીવને દેહાધ્યાસ છે, ત્યાં સુધી વિષયોનો અધ્યાસ પણ કાયમ રહે છે.

એટલે જડ દેહમાં 'અહંત્વ–મમત્વ' બુદ્ધિનો અંશ છે, ત્યાં સુધી જડ વિષયોમાં 'અહંત્વ–મમત્વ' ટળતું નથી.

વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્ય, વિષયોના સંગથી દૂર રહેવા પૂરતું પ્રારંભિક અભ્યાસનું કાર્ય કરી આપે છે તેટલા પૂરતી પ્રારંભ કાળે તેની અનિવાર્ય ઉપયોગિતા છે. કેમ કે વિષયના સંગમાં રહીને આત્માનુભૂતિનો અભ્યાસ અશક્ય છે. વિષયોમાં વિપાક કાળે થતા દોષોનું દર્શન વિષયોના સંગનો ત્યાગ કરાવી, આત્માનુભૂતિના અભ્યાસમાં ઉપકારક થાય છે, તેથી તે વૈરાગ્યને શાસ્ત્રકારોએ પ્રથમ સ્થાન આપેલું છે.

પરંતુ વિષયોનો બાહ્ય સંગ છૂટયા પછી તેની આંતરિક આસક્તિ ટાળવા માટે આત્માનુભૂતિ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને આત્માનુભૂતિવાળા પુરુષોની ભક્તિ સિવાય આત્માનુભૂતિ પણ નીપજતી નથી. એટલે પ્રાથમિક વૈરાગ્ય, પછી અનુભૂતિમાન પુરુષો ઉપરની ભક્તિ અને પછી આત્માનુભૂતિ—એ ક્રમ છે.

આત્માનુભૂતિ પછી ઊપજતી વિષયોની વિરક્તિ એ તાત્ત્વિક વિરક્તિ છે. કેમ કે પછી વિષયોની વિજાતીયતાનું પ્રત્યક્ષ ભાન થાય છે.

## ભક્તિ વડે આત્મદર્શન

આત્મદર્શનનો બીજો ઉપાય ભક્તિ છે.

ભક્તિનો અર્થ સજાતીય તત્ત્વ સાથે એકત્વનું અનુપમ અનુભવન.

સજાતીય તત્ત્વ સમગ્ર જીવરાશિ છે. તેની સાથે એકત્વનું અનુભવન, મૈત્ર્યાદિ ભાવો વડે થાય છે. તેથી તે મૈત્રી આદિ ભાવોનો અભ્યાસ—એ ભક્તિનો અભ્યાસ છે.

તે અભ્યાસ તેના પરિપાક કાળે જીવને રાગ–દ્વેષની વૃત્તિઓથી દૂર હઠાવી, સમત્વની સિદ્ધિ કરી આપે છે.

સમત્વવાન પુરુષને પોતાના આત્મામાં જ પરમાત્મસ્વરૂપનું દર્શન થાય છે. 'પરમ'નું સ્વરૂપ જોયા પછી વિષયો પ્રત્યેની અંતરંગ આસક્તિ ચાલી જાય છે. તેનું જ નામ પર–વૈરાગ્ય છે. અપર–વૈરાગ્ય આદિમ કારણ છે, પર–વૈરાગ્ય અંતિમ ફળ છે. તેનો હેતુ આત્માનુભૂતિ અને આત્માનુભૂતિનો હેતુ ભક્તિ છે.

ભક્તિ વડે ઈર્ષ્યા–અસૂયાદિ ઉપક્લેશો જાય છે અને વિરક્તિ વડે રાગ–દ્વેષાદિ વૃત્તિઓ ટળે છે.

રાગ-દ્વેષાદિ મૂળ ક્લેશ છે, તેને ટાળવા માટે આત્મદર્શનજનિત પર-વૈરાગ્ય આવશ્યક છે.

અભિષ્વંગને અયોગ્ય એવા વિષયો પર અભિષ્વંગ કરવો તે રાગ છે.

अविषयेऽभिष्वंगकरणाद्रागः ।

માત્સર્યને અયોગ્ય એવા જીવો પર માત્સર્યભાવ કરવો તે દ્વેષ છે. તે અગ્નિ-જ્વાળાની જેમ સંતાપ ઉપજાવનારો છે.

तत्रैवाग्निज्वालाकल्पमात्सर्यापादनाद्द्वेषः ।

જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોના અભ્યાસથી દ્વેષ જાય છે અને વિષયો પ્રત્યે વિરક્તિના અભ્યાસથી રાગ જાય છે.

વિવેકજ્ઞાનને આવરનાર મોહ છે.

વિષયો વિનશ્વર છે, આત્મા અવિનાશી છે. વિષયોના સંગથી આસક્તિ વધે છે અને આત્માના ધ્યાનથી વિરક્તિ પેદા થાય છે વગેરે તત્ત્વોનો અવબોધ ન થવા દેવો તે મોહનું કાર્ય છે.

हेयेतरभावाधिगमप्रतिबन्धविधानान्मोहः । —ધર્મબિન્દુ.

એ રીતે રાગદ્વેષ અને મોહની વૃત્તિઓનું નિવારણ ભક્તિથી થાય છે.

## ભક્તિ વડે આત્મગુણોની તુષ્ટિ–પુષ્ટિ

દોષો જેમ જેમ ટળતા જાય છે, તેમ તેમ આત્માનંદ વધતો જાય છે. અને આત્મ-અનુભવ પૂર્ણ થતાંની સાથે જ વિષયોની ભૂખ ભાગી જાય છે.

માટે જ કહ્યું છે કે જેમ ભોજન વડે તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધાની શાન્તિ એ ત્રણ કાર્ય એકસાથે જ થાય છે, તેમ પ્રભુના નામમન્ત્રરૂપી ઔષધ વડે પણ ભક્તિરૂપી તુષ્ટિ, આત્માનુ-ભૂતિરૂપી પુષ્ટિ અને વિષયોની વિરક્તિરૂપી ક્ષુધાની નિવૃત્તિ એકસાથે જ થાય છે.

શારીરિક ક્ષુધા–નિવૃત્તિ માટે જેટલી જરૂર આદરપૂર્વકના ભોજનની છે, તેટલી જ વાસનારૂપી ક્ષુધાના નિવારણ માટે આદરપૂર્વક પ્રભુના નામમન્ત્રની છે.

પ્રભુના નામનું ગ્રહણ એ આધ્યાત્મિક આહાર છે. નિર્બળ આત્માને બળવાન બનાવનાર છે.

વાસનારૂપી માનસિક રોગોને કારણે જીવે પોતાનું શુદ્ધ બળ ગુમાવ્યું છે અને નિર્બળ બન્યો છે. તે નિર્બળતા પથ્ય ભોજન વડે દૂર થઈ શકે તેમ છે. માનસિક પથ્ય ભોજન, પ્રભુ-નામ-મંત્રનું શબ્દથી અને અર્થથી ગ્રહણ કરવું તે છે. તે વડે ભક્તિ, આત્માનુભૂતિ અને વિષયવિરક્તિરૂપી તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધાનિવૃત્તિ સધાય છે.

વિષયોની વાસનાઓથી ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિ થાય છે અને ક્રોધાદિ કષાયોના પુનઃ પુનઃ સેવનથી આત્માની મૂળ કાયા ક્ષીણતાને પામે છે. તે ક્ષીણતાને દૂર કરવાનો ઉપાય પથ્ય ભોજનની જેમ, પ્રભુના નામમન્ત્રનું સ્મરણ આદિ છે. અને કુપથ્યવર્જનની જેમ વિષયોના સંગનો ત્યાગ વગેરે છે.

વિષયોથી દૂર રહી, પ્રભુના સ્મરણ આદિમાં સમય પસાર કરવામાં આવે તો આત્મગુણોની તુષ્ટિ-પુષ્ટિ અવશ્ય થાય છે, એવો સર્વ મહાપુરુષોનો અનુભવ છે.

## વૈરાગ્ય અને ભક્તિ.

ભવનિર્વેદ અને ભગવદ્ બહુમાન એક જ પ્રયોજનની સિદ્ધિ માટેના બે ઉપાયો છે.

ભગવાન ભવથી મુક્ત થયા છે, એટલે વિષય-કષાયથી સર્વથા રહિત થયા છે. તે કારણે વિષય-કષાયથી મુક્તિ ઇચ્છવી તે ભગવદ્-બહુમાન છે.

દોષદર્શનરૂપ વૈરાગ્ય વડે વિષયોમાંથી મુક્ત થવાય છે. ગુણદર્શનરૂપ ભક્તિથી કષાય મુક્તિ મળે છે.

કષાયની ઉત્પત્તિ વિષયના રાગમાંથી છે. તેથી વિષયોમાં દોષદર્શન, કષાયોને મંદ કરે છે. મંદ પડેલા કષાયો જીવોમાં રહેલા ગુણોના દર્શનથી નિર્મૂળ થાય છે.

દોષો પ્રત્યે વૈરાગ્ય તે ભવનિર્વેદ અને ગુણો પ્રત્યે બહુમાન, તે ભગવદ્ બહુમાન છે.

દોષ દર્શન કષાયોને પાતળા પાડે છે, ગુણદર્શન કષાયોને નિર્મૂળ કરે છે.

દોષ, વિષયોમાં જોવા અને ગુણ જીવોમાં જોવા-એ તેનો અર્થ છે.

અનંત ગુણમય જીવ કોઈપણ સંયોગમાં તિરસ્કાર્ય નથી-એ કદી ન ભૂલાવું જોઈએ. તેમજ વિષય-કષાય કોઈપણ સંયોગમાં આવકાર્ય નથી-એ પણ સદા સ્મરણમાં રહેવું જોઈએ.

## નિષ્ઠા અને ભક્તિ

સાધ્ય તરફની નિષ્ઠા તે ભક્તિ કહેવાય છે. અને સાધન તરફની ભક્તિ તે નિષ્ઠા કહેવાય છે. નિષ્ઠા સાધનનિષ્ઠ છે. ભક્તિ સાધ્યનિષ્ઠ છે. ભક્તિમાં આરાધ્યની પ્રધાનતા છે. નિષ્ઠામાં આરાધકની મુખ્યતા છે. શ્રદ્ધા એ નિષ્ઠાનો પર્યાયવાચી શબ્દ છે.

आराध्यत्वेन ज्ञानं भक्तिः । ભક્તિ એક પ્રકારનું જ્ઞાન છે, જેમાં આરાધ્ય તત્ત્વની વિશેષતાનું ગ્રહણ થાય છે.

'इदमित्थमेव ! अयमेव परमार्थः'। 'આ આમ જ છે.'

આ પ્રકારના જ્ઞાનને શ્રદ્ધા કહેવાય છે. અને તેમાં આરાધકની નિષ્ઠા વખણાય છે.

શ્રદ્ધા અને ભક્તિ બન્ને આરાધકમાં હોવાં જરૂરી છે. છતાં બંનેમાં જે તફાવત છે, તે એના જ્ઞાનમાં છે.

શ્રદ્ધાનું જ્ઞાન, સાધનામાં નિષ્ઠા પેદા કરે છે. ભક્તિમાનનું જ્ઞાન સાધ્યમાં નિષ્ઠા પેદા કરે છે.

સાધ્યની શ્રેષ્ઠતાનું જ્ઞાન ભક્તિવર્ધક બને છે. સાધનની શ્રેષ્ઠતાનું જ્ઞાન શ્રદ્ધાવર્ધક છે.

## જ્ઞાન અને ભક્તિ

ભક્તિ એ સાકર ખાવાની ક્રિયા છે. અને જ્ઞાન એ સાકર બનવાની ક્રિયા છે.

સાકર ખાવામાં પોતાને આનંદ છે. સાકર બનવામાં બીજાને આનંદ છે.

સાકર બનવાની અભિલાષા એ સિદ્ધપદ મેળવવાની અભિલાષા છે.

સાકર ખાવાની ઇચ્છા એ સાધુનું પદ ટકાવી રાખવાની ઇચ્છા છે.

ભક્તને પોતાના હિતની આકાંક્ષા છે. ભગવાનને પરનું હિત અભિષ્ટ છે. 'સવિ જીવ કરું શાસનરસી'ની જે–પરહિતની અભિલાષા ત્રીજા ભવમાં હતી, તે છેલ્લા ભવે સ્વભાવભૂત બની ગઈ. હવે ભગવાનનું આલંબન જે લે એનું ભગવાન હિત કરે જ.

પરહિતની અભિલાષા પ્રગટ થઇ, તેની સાથે જ તે હવે સાધક મટીને સિદ્ધ થવાની પ્રક્રિયામાં જોડાય છે.

સિદ્ધત્વની પ્રાપ્તિમાં પ્રતિબંધક કોઈ હોય, તો તે પરહિત પ્રત્યેનો પ્રતિબંધ છે, ઉદાસીનતા છે. એ ઉદાસીનતા ટાળવાની સાથે જ સાધક સિદ્ધ બનવા લાગે છે.

સિદ્ધત્વ એ જગદનુગ્રહ પ્રવણ છે. સાધકત્વ એ સ્વહિતકરણ પ્રવણ છે.

એક સ્વયં સાકર બનવાની પ્રક્રિયા છે. બીજી સ્વયં સાકર ખાવાની પ્રક્રિયા છે.

## આત્મ નિવેદન ભક્તિ

ભક્તિથી ત્યાગ–વૈરાગ્ય સુલભ બને છે.

પ્રભુને બધું સમર્પણ કરનારને ત્યાગવાનું બહુ સહેલું થઈ જાય છે.

વૈરાગ્યને તીવ્ર બનાવવાથી પ્રભુ ઉપર પ્રીતિ વધે છે. અને પ્રભુ પર પ્રીતિ વધવાથી પ્રભુનો અનુગ્રહ થાય છે.

આ અનુગ્રહ શરણાગતિથી આવે. એના છ પ્રકાર છે.

| | |
|---|---|
| ૧. અનુકૂળતાનો સંકલ્પ | ૨. પ્રતિકૂળતાનું વિસર્જન |
| ૩. અસહાયતાનું પ્રકટન | ૪. સંરક્ષણનો વિશ્વાસ |
| ૫. આત્માનું સમર્પણ | ૬. સન્માનનું દાન |

નીતાન્ત દીનતા. દાસ્યભક્તિ સર્વશ્રેષ્ઠ છે.

દાસ્ય ભક્તિમાં દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને આત્માનું નિવેદન છે.

## નમસ્કારમાં નવધા ભક્તિ

નામ વડે સ્મરણ-કીર્તન-ભજન થાય છે. સ્થાપના વડે વંદન-પૂજન અર્ચન થાય છે.

દ્રવ્યનિક્ષેપ વડે દાસ્ય-સખ્ય ભક્તિ થાય છે.

ભાવનમસ્કાર વડે આત્મ નિવેદન-સર્વ સમર્પણ રૂપ ભક્તિ સધાય છે

નમસ્કારમાં કાયાના નિરોધ વડે તપ, વચન નિરોધ વડે જપ. સ્વાધ્યાય અને મનના નિરોધ વડે ઇશ્વર પ્રણિધાન-હૃદયમાં ઈશ્વરનું સ્થાપન થાય છે.

જપ વખતે આસન જયથી દેહ ઉપર પ્રાણાયામ અને પ્રત્યાહારથી પ્રાણ અને ઇન્દ્રિયો ઉપર, ધારણા-ધ્યાન સમાધિ વડે મન, બુદ્ધિ અને અહંકાર ઉપર વિજય પ્રાપ્ત થાય છે.

યમ પાલનથી બાહ્યશાન્તિ અને નિયમ પાલનથી અભ્યંતરશાન્તિ અનુભવાય છે.

યમ પાલનમાં આત્મૌપમ્યભાવ અને નિયમ પાલનમાં પરમાત્મૌપમ્યભાવ કેળવાય છે.

અર્થાત્ પંચ પરમેષ્ઠિ-નમસ્કાર સર્વાંગ સંપૂર્ણ છે માટે જ તેના વડે સર્વગુણ-સંપન્ન આત્મા પમાય છે.

卐

# દેવ-ગુરુની ભક્તિ

નામસ્મરણ અને પૂજાપાઠ એ ભક્તિનાં બાહ્ય લક્ષણો છે.

ભક્તિનું આંતરલક્ષણ આજ્ઞાપાલન અને સર્વસમર્પણ છે. જ્ઞાન એક સાધન છે, સાધ્ય સર્વમંગલ છે, જેને દેવ પર પરમ ભક્તિ છે અને દેવ ઉપર છે તેવી જ પરમ ભક્તિ જેને ગુરુ ઉપર પણ છે, તેને આ પદાર્થો (તત્ત્વો) પ્રકાશિત થાય છે, પૂર્ણરૂપે સમજાય છે.

यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

દેવ ઉપર જેવી પરમ પ્રીતિ (ભક્તિ), તેવી જ ગુરુ ઉપર જેને હોય, તે મહાન આત્માને જ પદાર્થો (તત્ત્વો) સાચી રીતે સમજાય છે, પ્રકાશિત થાય છે.

દેવ–ગુરુ ઉભય ઉપર પરમ પ્રીતિ (ભક્તિ) ખાસ જરૂરી છે. ગુરુને એક વ્યક્તિરૂપે ન માનતાં વિશ્વનાં એક પરમ તત્ત્વરૂપે માનવા જોઈએ.

ગુરુતત્ત્વ દ્વારા જ દેવતત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. ગુરુતત્ત્વનો મહિમા અપૂર્વ છે; જીવનમાં ગુરુ ઉપરનો અનુરાગ સકળ કાર્યની સિદ્ધિ કરાવનારો છે. દેવ અને ગુરુ પાસેથી મારે શું મેળવવું છે, એ વિચારો આવવાને બદલે 'શું આપવું છે' એ વિચારો વધુ આવવા જોઈએ. લેવાનાં વિચારો સહુ કોઈ કરે છે, ખરેખરા વિચારો તો આપવાનાં કરવાના છે. આપનારને જ જગતની ઉત્તમ ચીજો ભરપૂર રીતે મળે છે. આપવાનાં વિચારો કરો એટલે જે કાંઈ માંગો છો. તે બધું જ, અવસરે આવીને મળશે.

દેવ–ગુરુને જે આપવાનું છે તે સેવા, પ્રેમ, ભક્તિ, લાગણી, વિનમ્રતા વગેરે છે. એનાં વિચારો કર્યા સિવાય મેળવવાનાં વિચારો કેવી રીતે સફળ થઈ શકે?

સમર્પણભાવ શિષ્યનું કલ્યાણ કરનારો છે. 'અહં' અને 'મમ'નાં દ્વંદ્વથી છોડાવનારો છે; સાધક જીવનની નિશ્ચિતતાને આકર્ષનારો છે, નિર્ભયતાને પ્રગટ કરનારો છે.

દેવ અને ગુરુની આરાધનાથી મુક્તિ નજીક આવે છે, અર્થાત્ શિષ્ય મુક્તિની વધુ નજીક પહોંચે છે. શાસ્ત્રનાં રહસ્યો તેનાં હૃદયમાં આપોઆપ પ્રકાશિત થવા લાગે છે.

દેવ–ગુરુ ઉપર ભક્તિ અને પ્રેમનો રસ એવો તીવ્ર બનવો જોઈએ કે એમનાં ધ્યાનનાં રસથી વિષયોનો રસ આપોઆપ ઘટી જાય.

કહ્યું છે કે :–

"લાગી મગનતા તુમ ગુણરસ કી, કુણ કંચન કુણ દારા, શિતલજિન મોહ પ્યારા."

મીનની જળ સાથેની પ્રીતિ જેવી પ્રીતિ દેવ–ગુરુ સાથે બાંધીને સર્વ બંધનોમાંથી મુક્ત થવાની શક્તિ મેળવી શકાય છે.

卐

# અનુગ્રહ અને અનુરાગની શક્તિ

અનુગ્રહથી અનુરાગ અને અનુરાગથી અનુગ્રહ વધે છે.

અનુરાગ એ ભક્તની (Receptivity) છે અને અનુગ્રહ એ ભગવાનનો (Response) છે.

અનુગ્રહ, અનુરાગની અપેક્ષા રાખે છે. આ બંને શબ્દોમાં 'અનુ' શબ્દ છે, તે સૂચક છે. અનુગ્રહ અને અનુરાગ પરસ્પર સાપેક્ષ છે, એમ સૂચવે છે.

અનુગ્રહ અને અનુરાગ મળીને નમસ્કાર પદાર્થ બને છે.

અનુગ્રહ દ્વારા સહજમળનો હ્રાસ થાય છે અને અનુરાગ દ્વારા તથાભવ્યત્વનો વિકાસ થાય છે.

પરમાત્મા સ્વભાવથી જ અનુગ્રહશીલ છે.

સાધુઓનો અનુગ્રહ સૌમનસ્ય દ્વારા થાય છે.

સૌમનસ્ય એટલે મૈત્ર્યાદિભાવયુક્તતા. સૌમનસ્યશૂન્ય સાધુતા, એ દ્રવ્ય-સાધુતા છે. પરમાત્માનો અનુગ્રહ સાધુ પુરુષોના અનુગ્રહની અપેક્ષા રાખે છે અને સાધુ પુરુષોનો અનુગ્રહ પરમાત્માના અનુગ્રહની અપેક્ષા રાખે છે.

## શ્રદ્ધાની શક્તિ

અપ્રત્યક્ષમાં પ્રત્યક્ષતુલ્ય વિશ્વાસ તે શ્રદ્ધાનું લક્ષણ છે.

ભગવાનના ચરણોમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી તે ભક્તિનો સર્વ પ્રથમ ઉપાય છે.

ભગવાનના ગુણો અને સ્વરૂપનું નિત્ય નિયમપૂર્વક કીર્તન કરવાથી શ્રદ્ધા ઉત્તરોત્તર દૃઢ બને છે.

આવી શ્રદ્ધા દુર્બળને બળવાન બનાવે છે.

શ્રદ્ધામાં વિવાદ, વિચાર કે તર્કને સ્થાન નથી.

શ્રદ્ધા વિનાનું જીવન શુષ્ક છે, જળ વિનાના સરોવર જેવું છે.

શ્રદ્ધા ઇશ્વરકૃપાને ખેંચવાનું ચુંબકીય તત્ત્વ છે.

શ્રદ્ધા અપ્રાપ્યને પ્રાપ્ય કરાવે છે. વિષને અમૃત બનાવે છે.

શ્રદ્ધાથી ભવસાગર તરી શકાય છે, અશ્રદ્ધા ભવસાગરમાં ડૂબાડી દે છે.

શ્રદ્ધાથી મંત્ર, દેવ, ગુરુ ફળીભૂત થાય છે.

પરમતત્ત્વમાંની શ્રદ્ધા કોઇ કાળે નિષ્ફળ જતી નથી, એ યથાકાળે ફળે જ છે.

## ભક્તિનું લક્ષ્ય

ભક્તિનો અર્થ દાસતા કે આધીનતા નહિ, પણ એકતા અને અભેદની અનુભૂતિ છે.

સૂર્યનું પ્રતિબિમ્બ જેમ દર્પણમાં તેમ સૂર્યકાન્ત મણિમાં પણ પડે છે. દર્પણમાં પડેલું પ્રતિબિમ્બ માત્ર પ્રતિબિમ્બ છે જ્યારે સૂર્યકાન્ત મણિમાં પડેલ તે બીજાને પણ પ્રકાશિત કરે છે તેમ પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ ધરાવનારા, સૂર્યકાન્ત મણિની જેમ બીજાને પણ પ્રેમવાળા બનાવી શકે છે.

લક્ષ્ય બાંધીને તીર ફેંકવાથી લક્ષ્યવેધ થઈ શકે છે. તે જ રીતે સાધકના જીવનમાં વીતરાગતા તથા આ નિર્ગ્રન્થતાની પ્રાપ્તિનું લક્ષ્ય જરૂરી છે.

વીતરાગતા એટલે આત્મતૃપ્તિ. અને નિર્ગ્રન્થતા એટલે આત્મતૃપ્તિ માટે 'અહં' 'મમ' ભાવનો ત્યાગ. સમભાવ અને નિર્મમ ભાવનો અભ્યાસ.

સમભાવના અભ્યાસ માટે મૈત્ર્યાદિ ભાવો અને નિર્મળ ભાવના અભ્યાસ માટે અનિત્યત્વાદિ ભાવોનું ચિંતન-મનન નિદિધ્યાસન છે.

મૈત્ર્યાદિ ભાવોના ચિંતનથી અહંભાવ જાય છે અને અનિત્યત્વાદિ ભાવોના ચિંતનથી મમભાવ જાય છે. અહં-મમભાવના જવાથી જે સમભાવ અને નિર્મમભાવ આવે છે તે જ સાચી નિર્ગ્રન્થતા છે, અહં-મમનો ગ્રન્થીભેદ છે. અને તે ભક્તિથી થાય છે.

卐

## ભગવત્ ચિંતન

ભગવાનનું નામ તે ભગવાન પોતે છે. જિહ્વા પર તે આવે તેની સાથે જ ભગવાનના ગુણો-કરુણા, પ્રેમ, દયા, અહિંસા, અસ્તેયાદિ આપણી અંદર આવે છે.

મુખમાં નામ આવતાંની સાથે, 'હું પવિત્ર છું.' એ ભાન થવું જોઇએ. નામ અને નામી લગભગ એક છે.

નામજપની સાથે ભગવાન હૃદયમાં આવી રહ્યાં છે, ભગવાનની ઝાંખી હૃદયમાં થઈ રહી છે, એમ લાગવું જોઈએ. નામ સર્વ શક્તિમાન છે, એ વિશ્વાસ પર નિર્ભર અને નિર્ભય રહેવું જોઈએ.

ભગવાનની શરણાગતિ માગવામાં ભગવાનની અહૈતુકી કૃપા કારણ છે માટે ભગવાનને નિષ્કારણ કરુણાસિંધુ કહ્યા છે.

ભગવાનનો સેવક વિષયનો ગુલામ બનતો નથી, અહંકાર-મમકારને એ સેવતો નથી.

અનુકૂળ વિષય ન મળવા પર ચિત્તમાં જે ક્ષોભ થાય છે, તે વિષયની ગુલામી સૂચવે છે.

ભગવાનને માટે જે રૂદન કરે છે, તેને જગત અને તેના પદાર્થો માટે રોવું મટી જાય છે.

સાધનામાં ત્રણ વસ્તુઓ વિઘ્નભૂત છે. (૧) અર્થ (૨) કામ અને (૩) માન. ત્રણ વસ્તુરૂપી આ કચરાને હૃદયમાં સ્થાન ન આપી, ભગવાનના આગમન માટે હૃદયભૂમિને સ્વચ્છ રાખવી જરૂરી છે.

ભીતિથી નહિ, પણ પ્રીતિથી પ્રભુનું સ્મરણ કરવું. પ્રભુ પ્રિયતમ છે.

સેવકનું જીવન ભગવાનનું જીવન છે. તેથી તેને ભગવત્ સેવા સિવાય અન્ય કાર્યમાં જોડવું જોઈએ નહિ.

વિષય-ચિંતનનું સ્થાન, ભગવત્ ચિંતન લે, ત્યારે જ સાધનાનો પ્રારંભ થાય છે.

ભગવાન નિર્વિષયી છે, નિષ્કષાયી છે. એટલે ભગવાનને ભજનારે તદનુરૂપ જીવન જીવવું જોઈએ.

વિષયોથી વિરક્તિ અને ભગવાનની ભક્તિ–એ બે ઉપાયોથી પ્રભુ પ્રાપ્તિ થાય છે.

## પ્રભુ ભક્તિ

પ્રભુના નામથી પાપનો નાશ, પ્રભુના રૂપથી પુણ્યનો પ્રકાશ, પ્રભુના દ્રવ્યથી આત્મબોધ અને પ્રભુના ભાવથી ભવજળ તરાય છે

આર્હન્ત્ય સકળ અરિહંતોમાં રહેલું છે. સિદ્ધોનું અધિષ્ઠાન છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું ધ્યેય છે. નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ વડે તેનું પ્રણિધાન અનુક્રમે પાપનાશ, પુણ્યલાભ, આત્મજ્ઞાન અને આત્મધ્યાનનું કારણ બને છે. ભવ્યત્વ પરિપાક કરવાના સઘળા ઉપાયોનો સંગ્રહ આર્હન્ત્યના ધ્યાનમાં અને નામાદિ વડે તેની ઉપાસનામાં રહેલો છે.

શ્રી અરિહંત પરમાત્માના નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપાની ત્રિવિધે, ત્રિકરણ યોગે થતી ભક્તિ, ત્રિભુવન હિતકર શક્તિરૂપે પ્રગટીને સ્વધર્મ બજાવે છે.

પોતાના નામ, આકાર રૂપ આદિ સંસારમાં રખડાવે છે. તેનાથી છોડવનાર શ્રી અરિહંતના નામ આદિ ચારે નિક્ષેપાની અનન્ય ભાવપૂર્વકની ભક્તિ શરણાગતિ આદિ છે. માટે જ પ્રભુભક્તિને મુક્તિની દૂતી કહી છે.

卐

# પરમાત્માનું નામ

શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ઉત્તમ મંત્રોનો જપ કરનારા સર્વદા સુરક્ષિત છે.

પરમાત્માના નામ મંત્ર વડે ઈશ્વરનો પ્રસાદ અને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે.

પરમાત્માનું નામ જીવને સર્વ મુશ્કેલીઓમાંથી પાર ઉતારનારું છે.

ધર્મ માત્રનું ધ્યેય આત્મજ્ઞાન છે, અને તે પરમાત્માના નામના ધ્યાનમાત્રથી સિદ્ધ થાય છે.

નામમંત્રનું રટણ, હૃદયનો મેલ સાફ કરવાનું કાર્ય કરે છે. અને બીજી બાજુ તન, મન અને ધનની સર્વ આધિ, વ્યાધિ અને ઉપાધિ ટાળી આપે છે. શરીરનો વ્યાધિ અસાધ્ય હોય અને ન ટળે, તો પણ મનની શાન્તિ અને વ્યાધિમાત્રને સમતાથી સહન કરવાની શક્તિ તો તે આપે જ છે. તે કેવી રીતે આપે છે એ પ્રશ્ન અસ્થાને છે. કારણ કે તેવો તેનો સ્વભાવ છે અને સ્વભાવ હંમેશાં અતર્ક્ય ગણાય છે.

કેટલાક પ્રશ્ન અને તેના ઉત્તર બુદ્ધિથી કે બુદ્ધિને આપી શકાય તેવા હોતા નથી. હૃદયની વાત હૃદય જ જાણી શકે છે, બુદ્ધિ ત્યાં કારગત નીવડતી નથી.

ઈશ્વરને ન માનનારને મન પોતાનો અહં જ ઈશ્વરનું સ્થાન લે છે. સર્વ સમર્થનું શરણું લીધા વિના અહં કદી ટળતો નથી.

ઈશ્વર સર્વસમર્થ છે. અચિન્ત્યશક્તિયુક્ત છે. જગન્નિયંતા છે, સર્વવ્યાપી અને નિરાકાર છે, તેને જન્મ નથી, મરણ નથી, કોઈએ તેનું નિર્માણ કર્યું નથી, તે તો છે, છે અને છેજ.

મૂર્તિને પૂજનારા, મૂર્તિમાં સર્વવ્યાપી ઈશ્વરને જ પૂજે છે. ઇશ્વર સર્વવ્યાપી હોઇ બધે ય છે અને બધામાંય છે. તત્ત્વતઃ તે એક શકિત છે. શુદ્ધ ચૈતન્ય છે.

વીજળી એક શક્તિ છે, પણ તેનો ઉપયોગ બધાને મળતો નથી, તેમ ઇશ્વર અને તેના નામનો લાભ બધાને નહિ, પણ સદાચારી, શ્રદ્ધાવાન અને ભકત હૃદયને જ મળે છે.

ઈશ્વરની અદૃશ્ય અને અગમ્ય સત્તા અંગે માણસને પૂરેપૂરી શ્રદ્ધા બેસે છે, ત્યારે તેની સાતે ધાતુઓનું રૂપાંતર થાય છે. તેથી ઇશ્વરનું નામ એ બ્રહ્મચર્યની દશમી વાડ છે. નવવાડો કરતાં પણ અપેક્ષાએ તેનું સામર્થ્ય અધિક છે.

ભગવાનનું નામ એ પોથીમાંનું રીંગણું નથી, પણ અનુભવની પ્રસાદી છે. તેને પોપટ સ્વભાવથી નહિ, પણ માનવ સ્વભાવથી લેવું જોઇએ.

પ્રભુ અનાદિ અનંત, નિરંજન, નિરાકાર છે. તો પણ તેમનું નામ રક્ષા કરે છે. ઈશ્વરનો ડર જે રાખે છે, તેને બીજા કોઇનોય ડર રહેતો નથી.

પ્રાણીમાત્રમાં વાસ કરીને રહેલું અને સર્વ વ્યાધિઓને અવશ્યમેવ હરનારું જે તત્ત્વ છે, તેને જ ઇશ્વરના નામથી ઓળખવા, ઓળખાવવામાં આવે છે. આત્માના ઊંડાણમાથી જ્યારે તે નામ લેવામાં આવે છે, ત્યારે તે પોતાની શક્તિનો પરિચય અર્થાત્ પ્રભાવ અવશ્ય દર્શાવે છે.

આત્માના ઊંડાણમાંથી એટલે નાભિમાંથી, ભીતરની પણ ભીતરમાંથી, જેમાં વ્યક્તિની સમગ્રતાનો પૂરેપૂરો સમારોપ હોય છે, એક અંશ પણ તેમાંથી બાકાત રહેતો નથી. આવો જપ અવશ્યમેવ શીઘ્ર ફળે છે.

卐

## પ્રભુ સ્મરણ

ભગવાન જ્ઞાનગુણ અને કરુણાગુણથી સર્વત્ર હાજર છે. કરૂણાથી મોહક્ષય અને મોહક્ષયથી કેવળજ્ઞાન થાય છે. તેથી કેવળજ્ઞાન કરૂણાયુક્ત જ્ઞાન છે. તે જ્ઞાન વડે પ્રભુ પ્રતિક્ષણ સર્વને જોઈ રહ્યા છે. તેમની કરૂણા પાપ અને દુઃખમાંથી ઉદ્ધરવા ઉલ્લસી રહી છે.

સર્વથી અધિક પ્રેમ અને જ્ઞાન વડે વિશ્વને નિરખી રહેલ ભગવાનને નિરખવા માટે મોહ-મમતાને આધીન એવા સંસારી જીવને એક ક્ષણવાર પણ ફુરસદ મળતી નથી. એ મહામોહનો પ્રભાવ છે.

જેને પોતાના ઉપર પ્રેમ નથી અને છે તો સ્વાર્થમય છે, તેને જોવા માટે જીવને ચાર આંખ છે અને જેને આપણા સૌના ઉપર અપાર પ્રેમ છે. જે આપણને સૌને પ્રતિપળે જોઈ રહ્યા છે તે પ્રભુ તરફ ઉપેક્ષા બુદ્ધિ છે, અનાદર ભાવ છે, પ્રમાદ અને બેદરકારી છે. તેથી જીવનો ઉદ્ધાર કઈ રીતે શક્ય છે?

પ્રભુને ક્ષણભર માટે પણ જે ન ભૂલે તેનો જ ઉદ્ધાર શક્ય છે. આખા વિશ્વને ભૂલી જાય પણ એક પ્રભુને ન ભૂલે તેનું કલ્યાણ નિશ્ચિત છે. એક પ્રભુને ભૂલીને આખા વિશ્વનું સ્મરણ કરે તો પણ તે નિષ્ફળ છે, વ્યર્થ છે, સંક્લેશ વધારનાર છે. પ્રભુનું સ્મરણ સંક્લેશને શમાવનાર છે માટે ઉપયોગી, ઉપકારી અને સાર્થક છે. આ વાતનો ઊંડામાં ઊંડો વિચાર કરીને પ્રભુને જીવનમાં સર્વોચ્ચ સ્થાન તેમજ માન આપવાં જોઈએ.

સંયોગો ભલેને સાવ પ્રતિકૂળ હોય પણ જો તે સમયે પ્રભુ મારી સાથે છે, મારી પાસે છે, સાવ પાસે છે, શ્વાસ કરતાં પણ વધુ નજીક છે, એવો સચોટ અનુભવ કરી શકીએ, તો એ સંયોગોની રેખા બદલાઈ જાય. આવો અનુભવ ત્યારે જ શક્ય બને જ્યારે દિનરાત પ્રભુના સ્મરણમાં લયલીન હોઈએ, એમાં ન થાક લાગે, ન કંટાળો લાગે. થાક, કંટાળો લાગે તો માનવું કે આપણે પ્રભુને ભજવા જેટલી લાયકાત હજુ ખીલવી શક્યા નથી. ભવની ભૂલભુલામણીમાં પ્રભુનું સતત સ્મરણ એ તો ઝળહળતો દીપક છે, એવો દીપક કે જેને કાળની ફૂંક પણ બુઝવી શકતી નથી.

## પ્રભુ સાથે મનનું જોડાણ

મન પ્રભુ સાથે મૈત્રી કરે ત્યારે સુખી થાય છે અને વિખુટું પડે ત્યારે દુઃખી થાય છે. પ્રભુના નામમાં નિષ્ઠા ન હોવી તે મોટામાં મોટું પાપ છે. પ્રભુનું સ્મરણ કરનારના જીવનમાં પ્રભુતા પ્રગટે છે, તેથી તે પાપભાવથી મુક્ત થાય છે. પ્રભુના ચરણમાં મનનો નિવાસ કરવો એ પણ એક પ્રકારનો ઉપવાસ છે. ઉપ એટલે સમીપે વાસ એટલે વસવું. અર્થાત્ મનનું પ્રભુ સમીપે વસવું તે ઉપવાસ છે.

આત્માનો ધર્મ પ્રભુ સન્મુખ થવું તે છે. જેનું આચરણ મંગળમય છે, તેનું મનન-ચિંતન કરવું તે મંગળાચરણ છે, મંગળમય આચરણ છે, તેનું ધ્યાન કરવાથી, તેને વંદન કરવાથી, તેનું સ્મરણ કરવાથી મંગળ થાય છે.

પ્રભુના ચિંતન ધ્યાનથી પ્રભુની શક્તિ મનુષ્યમાં આવે છે. ક્રિયામાં અમંગળપણું કામથી આવે છે, નિષ્કામનું ચિંતન કરવાથી મન નિષ્કામ બને છે, ભગવાન પૂર્ણ નિષ્કામ છે, તેથી તેમના ધ્યાન સ્મરણથી નિષ્કામ બનાય છે. સંસારના ચિંતનથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વર ચિંતન નહિ કરે ત્યાં સુધી નહિ સુધરે.

સ્મરણ–મનન ધ્યાન કરવાથી જીવ–શિવનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મ સંબંધ થતો નથી. ધ્યાન માટે શરૂઆત સ્મરણથી થાય છે. પ્રભુનું વિસ્મરણ અતિવસમું લાગે ત્યારે ધ્યાનની ભૂમિકા તૈયાર થાય છે

એકાન્તમાં શાંત ચિત્તે, જો એટલું જાણવાનો પ્રયત્ન કરવામાં આવે કે, મારા મનમાં કોણ છે, કોનું ધ્યાન છે, તો તરત જ ખ્યાલ આવી જાય છે. વ્યક્તિ જે વસ્તુની ગ્રાહક હોય છે તેવી જાતનો ઘાટ તેના મનનો ઘડાય છે અને તેવું તેનું જીવન બને છે.

પ્રભુનું જીવન મંગળમય છે, એવા જીવનની ભૂખ મનને લગાડવા માટેનો પ્રારંભ પ્રભુ સ્મરણથી થાય છે. પ્રકૃષ્ટ ભાવમાં રમણતા કરવાથી જીવન મંગળમય બને છે. પ્રકૃષ્ટ-ભાવ એટલે સર્વમંગળકારી ભાવ–બધા જીવોના પરમ કલ્યાણનો ભાવ. આ ભાવને ભાવ–દયા પણ કહે છે, પરમ વાત્સલ્ય પણ કહે છે અથવા વિશુદ્ધ સ્નેહ પરિણામ પણ કહે છે.

પૂર્ણના સ્મરણ–મનન અને ધ્યાનના બળ વડે જ અપૂર્ણનો સંગ છૂટે છે.

## પરમાત્માની પ્રધાનતા

રાજાના શસ્ત્રથી યુદ્ધ જીતનારા સુભટો રાજાના પ્રભાવે જ જીત્યા એમ ગણાય છે. સુભટોએ યુદ્ધ જીત્યું, એમ કહેવાને બદલે રાજાએ યુદ્ધ જીત્યું, એમ કહેવાય છે. તેમ શ્રી તીર્થંકર પરમાત્માના સ્મરણ, પૂજન, સ્તવન, ધ્યાન, આજ્ઞાપાલન આદિ વડે બોધિ, સમાધિ અને સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓએ, શ્રી તીર્થંકર પરમાત્માના પ્રભાવે જ તે પ્રાપ્ત કરેલ છે, એમ માનવું જોઈએ.

શ્રી તીર્થંકર પરમાત્માના ઉપકારક પ્રભાવને ગૌણ કરે તેવો વિચાર કે શબ્દ, આરાધકની આરાધનાને નિષ્પ્રાણ બનાવે છે.

આરાધનાના કેન્દ્રમાં શ્રી તીર્થંકર પરમાત્મા જ રહેવાં જોઈએ. તેઓશ્રીની ઉત્કૃષ્ટ ભાવના તેમ જ આજ્ઞા જ રહેવી જોઈએ. મિથ્યા અહંકારના અપહારનો આ જ એક શ્રેષ્ઠ ઉપાય છે.

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માને આગળ રાખીને પ્રત્યેક કદમ ભરવામાં જ આપણું કલ્યાણ છે.

卐

# પરમાત્મ ભક્તિ

પરમાત્માનું ધ્યાન તેમની આજ્ઞાપાલન દ્વારા, તેમના ગુણચિંતન દ્વારા, તેમના નામ-રૂપ દ્વારા થઈ શકે છે.

આત્મધ્યાન માટે નવપદાત્મક પરમાત્માનું આલંબન અનિવાર્ય છે. તે આલંબન તેમના નામ, રૂપ અને ગુણચિંતનમાં એકાગ્રતા દ્વારા સધાય છે. નામ, રૂપ અને ગુણચિંતન માટે જે નિર્મળતા જોઈએ, તે અહિંસા, સંયમ અને તપના અનુષ્ઠાન વડે પ્રાપ્ય છે.

અહિંસા વડે પાપનિવૃત્તિ, સંયમ વડે દુઃખ નિવૃત્તિ અને તપ વડે કર્મનિવૃત્તિ થાય છે. તેથી સર્વે મહાનપુરુષો સર્વ જીવો પાપરહિત, દુઃખરહિત અને કર્મરહિત બનો, અને તે માટે અહિંસા, સંયમ અને તપના આરાધક બનો. એવી ભાવના નિરંતર કરે છે. તે ભાવનાનું નામ મૈત્રીભાવના છે. અર્થાત્ સંતપુરુષોના હૃદયમાં સર્વે જીવો માટે પ્રેમ છે, તે પ્રેમની અભિવ્યક્તિ સર્વે જીવો પાપરહિત, દુઃખરહિત અને કર્મરહિત બનો એવી ભાવનામાં છે.

પાપનું મૂળ હિંસા, દુઃખનું મૂળ અસંયમ અને કર્મનું મૂળ અસહનશીલતા છે. માટે દુઃખને સહન કરનારા, સુખનો ત્યાગ કરનારા અને ધર્મનું સેવન કરનારા સર્વે જીવો બનો! એવી ભાવના ધર્મના મૂળમાં છે.

એ ભાવનાને સફળ કરવા માટે એના સ્વામી એવા શ્રી અરિહંત પરમાત્માની ઉત્તમ ભક્તિ અનિવાર્ય છે. તેમના નામ-રૂપ-ગુણમાં રમણતા અનિવાર્ય છે. ઉત્તમ ગુણોના આધારરૂપ તેમના શુદ્ધ આત્મદ્રવ્યનું ધ્યાન-સ્મરણ-પૂજનાદિ કરવાથી ચિત્ત તન્મય બને છે.

## પરમાત્માનું ધ્યાન કર્તવ્ય

માટે નવપદાત્મક પરમાત્માનું સ્મરણ-મનન-ધ્યાન એજ આ માનવભવનું પ્રથમ અને ઉત્કૃષ્ટ કર્તવ્ય મનાયું છે.

ભક્તિયોગ જીવન સાથે સીધો સંબંધ ધરાવે છે, તે કારણે આત્મોત્થાન માટે સહજ અને સરળ સાધન ગણાય છે.

ભક્તિનું મૂળ બુદ્ધિથી પર એવી શ્રદ્ધામાં રહેલું છે. તેમ છતાં ભક્તિમાં વિવેકને પણ સ્થાન છે જ. જેમ શ્રદ્ધા વધુ તેમ ભક્તિ વધુ. અસીમ શ્રદ્ધાને નાસ્તિકો 'આંધળી' શ્રદ્ધા કહે છે. 'આંધળી શ્રદ્ધા' એ અવગુણ નથી, જો તે ઈશ્વર કે સદ્ગુરુ વિષયક હોય.

પ્રેરણા કે વિવેકબળથી શ્રદ્ધાના કેન્દ્રને પસંદ કર્યા પછી તેમાં શંકા-આશંકાને પ્રવેશ કરવા દેવો તે અવગુણ છે. એક રાઈના દાણા જેટલી પણ અસીમ અને ઊંડી શ્રદ્ધા પર્વતને ખસેડી શકશે. આવી શ્રદ્ધાના બળે સમુદ્રલંઘન થઈ શકે છે અને પાણી પણ ઔષધ બની શકે છે.

ભક્તિ, શ્રદ્ધા કે દયા વિનાની વ્યક્તિ, મનુષ્ય નહિ પણ અસુર છે. કોઈપણ બુદ્ધિજીવી એવો નહિ નીકળે કે તેને કોઈને કોઈ વ્યક્તિ કે વિષય પર વિશ્વાસ કે શ્રદ્ધાથી ચાલવું પડતું નહિ હોય.

હું બીજા કોઈનો નહિ, પણ મારા માતા-પિતાનો કાયદેસર પુત્ર છું-એ વિશ્વાસથી જ માનવું પડે છે. કારણ કે પુત્રનો પિતા કોણ છે, તે માતા સિવાય કોઈ જાણતું નથી.

પિતા પોતે પણ પોતાના સંતાનોને પોતાના માને છે, તેમાં પણ વિશ્વાસ અને શ્રદ્ધા જ મુખ્યત્વે કારણભૂત છે.

આમ જીવનમાં ડગલે ને પગલે વિશ્વાસ અને શ્રદ્ધા વિના ચાલતું નથી. તો પછી ઈશ્વરના સાક્ષાત્ દર્શન કરનાર યોગીના અનુભવના આધાર પર પ્રગટેલાં વચનો ઉપર વિશ્વાસ મૂકીને યોગમાર્ગે ચાલનારને પ્રભુપ્રાપ્તિ કેમ ન થાય? અર્થાત્ અવશ્ય પ્રાપ્ત થાય.

શ્રદ્ધા જ્યારે સંશય વિનાની બને છે, ત્યારે જ તે નિર્વિકલ્પ સમાધિનું કારણ બની શકે છે. આવી શ્રદ્ધાનું સામર્થ્ય શબ્દાતીત છે.

卐

# સાચા સ્વામી

પોતાનું ઘર, શરીર, સ્વજન અને ધન એ બધું તત્ત્વતઃ પોતાનું નથી. પણ પુણ્ય કર્મનું છે. તે બધાનો તાત્ત્વિક માલિક પુણ્યકર્મ છે અને પુણ્યકર્મના માલિક શ્રી તીર્થંકર પરમાત્મા છે.

પુણ્ય ઉપાર્જન કરવાનો કોઈ પણ પ્રકાર તીર્થંકર નામ કર્મ રૂપી પરમપ્રકૃતિના વિપાકોદયથી સ્થપાયેલ ધર્મતીર્થના પ્રભાવે જ પ્રાપ્ત થાય છે, તેથી પુણ્ય માત્રના માલિક તીર્થના સ્થાપક શ્રી તીર્થંકર પરમાત્મા છે. કેમકે તીર્થંકર નામકર્મની પુણ્ય પ્રકૃતિનો વિપાકોદય ભોગવનાર તેઓ જ છે. તેમની એક નિષ્ઠાપૂર્વક સેવા કરવામાં આવે તો જ જીવને પોતાનું સાચું ઘર (મોક્ષ) સાચું શરીર (આત્મા,) સાચું ધન (કેવળજ્ઞાન) અને સાચા સ્વજન (તેમના માર્ગે ચાલનાર ચતુર્વિધ શ્રી સંઘ)ની પ્રાપ્તિ થાય છે.

તીર્થ એ તીર્થંકર પરમાત્માનો પરિવાર છે, તેની રક્ષા માટે, વૃદ્ધિ માટે, જે કાંઇ પ્રયત્ન થાય છે, તેનાથી પોતાના ધન, દેહ વગેરેની રક્ષા થાય છે. તેથી સાચા સ્વામીની સેવામાં જ પોતાની રક્ષા છે, એમ પુરવાર થાય છે. આ સ્વામીની સાચી સેવા નિયમા ફળે છે અને તે પણ અમર ફળ રૂપે ફળે છે માટે નિત્ય સેવ્ય છે, ચઢતે પરિણામે ઉપાસ્ય છે. આત્માનો પરિવાર એટલે શ્રી તીર્થંકર પરમાત્માનું તીર્થ. તેની રક્ષા આદિ માટે થતા પ્રયત્નોથી પોતાના દેહ વગેરેની રક્ષા થાય છે. મતલબ કે સાચા આ સ્વામિના સેવામાં જ પોતાની સુરક્ષા છે.

પ્રાર્થના અને શુભેચ્છા–પુણ્યનું ફળ શુભ છે, તેથી તે–સર્વ માટે ઈચ્છવું જોઇએ. કોઇનું ય અશુભ ઇચ્છવું તે પાપ છે. તેથી અશુભ કોઈ માટે ન ઈચ્છવું જોઈએ. આ બે મુદ્દાની વિવેક પૂર્વક વિચારણા અને આચરણા કરવાથી શ્રી તીર્થંકર પરમાત્માના શાસનની સેવા થાય છે.

નાશવંત પદાર્થોની માગણી એ પ્રાર્થના રૂપ નથી પણ વાસના રૂપ છે. જે ઘડીથી જીવાત્મા ક્ષણિક વસ્તુથી વિરમે છે અને નિત્ય વસ્તુને ઝંખે છે, તે ઘડીથી જ સાચી પ્રાર્થના શરૂ થાય છે, દિવ્ય પ્રાર્થનાનો એ સનાતન પ્રવાહ શ્રી તીર્થંકર પરમાત્માના શાશ્વત પ્રભાવે વહેતો જ હોય છે. સાધુ, સંત અને ભકત આત્માઓ સદા નિષ્કામ પ્રાર્થના કરતા જ હોય છે.

આ પ્રાર્થનાના સ્વીકાર રૂપે જ જાણે માનવને પૃથ્વી, પાણી, પવન. વૃક્ષ, સૂર્ય, ચંદ્ર અને મેઘ આદિ સમસ્ત પ્રકૃતિ નિર્વ્યાજ સહાય કરી રહી હોય એમ શું નથી અનુભવાતું?

ચિત્ત ચૈતન્યની દિવ્ય એકતા એ આત્માનું રસાયણ છે, તે માટેની પ્રાર્થના જેઓના હૃદયમાં જાગે છે, તેઓ નિઃશંક–નિર્ભીક અને નિર્વિકલ્પ બની જાય છે. આવી દિવ્ય પ્રાર્થનાનું તાત્કાળ ફળ એકાંત હૃદયશુદ્ધિ છે.

શુદ્ધ હૃદયમાં હૃદયેશ્વર હસું હસું થાય છે અને તેના પ્રભાવે રાગ, દ્વેષ, માયા, કપટ વિષય વિકાર આદિ નાબૂદ થાય છે તેનાથી પરમાત્મ શાસન પ્રતિ અવિહડ પ્રીતિ ભક્તિ જાગે છે, સર્વ શુભનું સ્વામિત્વ પરમાત્માને સમર્પિત કરવાની સદ્બુદ્ધિ પ્રગટ થાય છે.

ભગવદ્ભાવ એટલે પરમૈશ્વર્યભાવ, આ ભાવમાં સતત ભરતી પરમેશ્વર શ્રી અરિહંતને ભજવાથી આવે છે અને તેના પ્રભાવે સ્વર્ગાપવર્ગના સુખ મળે છે. આમ શ્રી અરિહંત એ જ તત્ત્વતઃ જીવમાત્રની સઘળી રિદ્ધિસિદ્ધિના સ્વામી ઠરે છે.

卐

# વીતરાગનું સામર્થ્ય

ભગવાન તોષ રહિત છે. માટે સેવકોને સંતોષે છે.

ભગવાન રોષ રહિત છે, માટે તેમની ઉપેક્ષા કરનાર નિગ્રહ પામે છે.

ભગવાન મોહ રહિત છે, માટે જગત તેમના જ્ઞાનમાં સંક્રમિત થાય છે. અને તે મુજબ જગતની વ્યવસ્થા ચાલે છે.

મોહરહિત પુરૂષોના જ્ઞાન મુજબ વિશ્વનું વર્તન થાય છે. વિશ્વ અને તેના સંચાલન ઉપર પ્રભુત્વ મોહરહિત પુરૂષોના જ્ઞાનનું છે. પાંચે સમવાય પ્રભુના જ્ઞાનને આધીન થઇને વર્તે છે.

પ્રભુ જન્મ, જરા, મરણરહિત હોવાથી તેમના સેવકોને જન્મ, જરા, મરણ રહિત બનાવે છે.

આત્માની અનુગ્રાહક શક્તિ રાગરૂપી દોષથી અને નિગ્રાહક શક્તિ દ્વેષરૂપી દોષથી કુંઠિત થાય છે.

રાગ–દ્વેષ ચાલ્યા ગયા પછી આત્માની સ્વભાવ સિદ્ધ અનુગ્રહ–નિગ્રહકારક શક્તિ આવિર્ભાવ પામે છે.

અનુગ્રાહક શક્તિ કરૂણાની સૂચક છે. નિગ્રાહક શક્તિ માધ્યસ્થ્યની સૂચક છે.

અનુગ્રહ કરનાર હોવાથી અનંત કરૂણા અને નિગ્રહ કરનાર હોવાથી પરમ માધ્યસ્થ પ્રભુમાં સિદ્ધ થાય છે.

વીતરાગ અવસ્થા પૂર્વે આત્મા મનુષ્યલોકના ભાવોની અસર નીચે હોય છે.

વીતરાગ બનેલા આત્મદ્રવ્ય ઉપર કોઈનો પણ પ્રભાવ પડતો નથી.

વીતરાગ પોતે લોક–પ્રભાવથી ઉત્તીર્ણ હોવાના કારણે જ તેમનું આત્મદ્રવ્ય સંપૂર્ણ લોક ઉપર અસર કરે છે. અને તેથી જ તે પાંચ સમવાયનું પણ કારણ છે.

પ્રથમનાં બે વિશેષણો કહે છે કે રાગ એ સર્વ અનુગ્રાહક શક્તિમાં અને દ્વેષ એ સર્વ નિગ્રાહક શકિતમાં પ્રતિબંધક છે. રાગ–દ્વેષ વિલીન થતાં જ આત્માની સર્વાનુ-ગ્રાહક અને સર્વનિગ્રાહક એવી બે શકિતઓ સંપૂર્ણ આવિર્ભૂત થાય છે.

કરૂણાનો સ્થાયીભાવ અનુગ્રહ છે. અને ઉપેક્ષાનો સ્થાયીભાવ નિગ્રહ છે.

જો વીતરાગમાં સર્વનિગ્રાહક શક્તિ ન માનવામાં આવે, તો લોકમાં પાપની કોઈ સીમા જ ન રહે અને સંપૂર્ણ લોક નાશ પામી જાય. નિગ્રાહક શક્તિ પાપીઓના હિત માટે છે. અનુગ્રાહક શક્તિ, પુણ્ય કરનારા જીવોના હિત માટે છે.

## પરમ મિત્ર પરમ બંધુ

મિત્ર સાચો તે છે કે જે, પરમ હિતૈષી હોય.

હિતૈષી સાચો તે છે કે જે હિત કરે.

પરમાત્માનું નામ ગ્રહણ કરતાં જ જીવનું હિત થાય છે. તેથી પરમાત્મા પરમ હિતૈષી સિદ્ધ થાય છે.

તેઓ નામ દ્વારા, સ્થાપના દ્વારા જીવનું હિત કરે છે.

ક્ષણેક્ષણ મલિન અંતઃકરણને શુદ્ધ કરનાર અને પાપ વાસનાઓરૂપી દુર્ગંધ અને અશુચિને દૂર કરનાર પરમાત્માનું નામ પરમ મિત્ર છે. એવું ન સમજાય તો તે મિત્રને તેના સાચા અર્થમાં સમજ્યો કેમ કહેવાય ?

ચક્રભ્રમણ દ્વારા દંડ ઘટમાં (ઘડાના સર્જનમા) કારણ છે, તેની જેમ નામ ગ્રહણ આદિ દ્વારા પરમાત્મા પોતે જીવના હિતમાં કારણ છે. કારણ કે તથાપ્રકારનો તેમનો સ્વભાવ છે. તેથી તેઓ પરમ મિત્ર, પરમ બંધુ છે.

જે હિત પરમાત્મા દ્વારા થાય છે, તેવું હિત અન્ય કશા વડે નથી જ થતું. તેથી પરમાત્મા જીવના પરમ હિતૈષી, પરમ મિત્ર, પરમ બંધુ અને પરમ ઉપકારી છે. એમ સિદ્ધ થાય છે.'

卐

# શ્રી અરિહંતનું સ્વરૂપ

ષટ્ ખંડાગમના પાંચમા વર્ગણા ખંડમાં, ચોથા અનુયોગ દ્વારમાં, ૨૯માં સૂત્રની વ્યાખ્યામાં, ધ્યેય અરિહંતનું સ્વરૂપ છે. તેમાં કેટલાક વિશેષણો નીચે પ્રમાણે છે.

तो रागवज्जियो वि सेवयजणकप्परुक्खो ॥१॥

( રાગરહિત હોવા છતાં સેવક જન માટે કલ્પવૃક્ષ તુલ્ય. )

रोसवज्जियो वि सग–समय–परम्मुह–जीवाणं कयंतो नमो ॥२॥

( દ્વેષ રહિત હોવા છતાં પણ સ્વ–સમય–આત્મ–ધર્મથી પરાંગમુખ જીવો માટે કૃતાંત સમાન. )

सव्वलक्खण–संपूण्ण–दप्पण–सक्कंत–माणुस–छायागारो सतो वि सयल माणुस पहाण–वुत्तिण्णो ॥३॥

(દર્પણમાં સંક્રાન્ત સર્વ લક્ષણ સંપૂર્ણ એવી મનુષ્યની છાયા જેવા આકારવાળા હોવા છતાં પણ, સર્વ મનુષ્ય–સ્વભાવથી રહિત–પર, શ્રી અરિહંતના આત્મદ્રવ્ય ઉપર કોઈનો પણ પ્રભાવ પડે નહિ. કેમ કે તે રાગ, દ્વેષ અને મોહથી પર છે.)

છેલ્લા વિશેષણોમાંથી એ તારવી શકાય કે, વીતરાગ અવસ્થા પૂર્વે, આત્મા મનુષ્ય લોકના ભાવોની અસર નીચે હોય છે. વીતરાગ, લોક પ્રભાવની અસરથી ઉત્તીર્ણ છે. માટે તેમનું આત્મદ્રવ્ય સંપૂર્ણ લોક ઉપર અસર કરે છે. એથી તે કાર્ય માત્રનું પરમ કારણ છે. પાંચ સમવાય ઉપર પણ તેમનું પ્રભુત્વ છે.

પ્રથમ બે વિશેષણ કહે છે કે, રાગ–એ સર્વ અનુગ્રાહક શક્તિમાં અને દ્વેષ એ સર્વ નિગ્રાહક શક્તિમાં પ્રતિબંધક છે. રાગ-દ્વેષ વિલીન થતાં જ આત્માની સર્વાનુ-ગ્રાહક અને સર્વ નિગ્રાહક શક્તિ સંપૂર્ણપણે આવિર્ભાવ પામે છે.

કરૂણાનો સ્થાયી ભાવ અનુગ્રહ છે અને ઉપેક્ષાનો સ્થાયી ભાવ નિગ્રહ છે.

વીતરાગતાની અચિન્ત્ય શક્તિને બિરદાવતાં આ વિશેષણો આપણામાં વીતરાગ–ભક્તિ જગાડીને, રાગ-દ્વેષને ભગાડનારા બનીએ.

## શ્રી અરિહંત ભગવંતો કેવા છે.

૩૪ અતિશય સહિત, ૩૫ વાણીગુણ પરિકલિત, ૧૮ દોષથી અદૂષિત, ૮ પ્રાતિ-હાર્ય સહિત, ત્રણ ગઢ યુકત સમવસરણે બિરાજમાન, બાર પર્ષદાથી શોભિત.

અનંત બળ, અનંતગુણ, અનંતજ્ઞાન, પુરુષોમાં ઉત્તમ એવા જિનનું નામ તે નામ અરિહંત.

ત્રિભુવનમાં વીતરાગ પરમાત્માના બિંબ તે સ્થાપનાઅરિહંત.

તીર્થંકર પદવી યોગ્ય જીવ તે દ્રવ્યઅરિહંત.

વિહરમાન જિન શ્રી સીમંધરાદિ તે ભાવઅરિહંત.

સુવર્ણ રત્નમય સિંહાસન પર બિરાજી ચતુર્મુખે ધર્મદેશના કરે.

ત્રિભુવન લક્ષ્મી સહિત–વિશ્વાધીશ. અંતરંગ વૈરી રહિત–પરમ જગદીશ.

આકાશની જેમ નિરાલંબ. પૃથ્વીની જેમ સર્વસહ. મેરૂની જેમ નિષ્પ્રકંપ. સમુદ્રની જેમ ગંભીર. ચન્દ્ર પરે સૌમ્ય. સૂર્ય પરે તપ–તેજ. સિંહપરે અક્ષોભ્ય. ચંદન પરે શિતળ. વાયુ પરે અપ્રતિબદ્ધ. ભારંડ પરે અપ્રમત્ત. જગત્રય વંદનીક.

મહામુનીશ્વરોને પણ ધ્યાવવા યોગ્ય કેવળજ્ઞાન વડે ત્રિભુવન દિવાકર.

એવા અનંતા થયા છે. થઈ રહ્યા છે, થશે તેમનું ધ્યાન પંચવર્ણયુક્ત ધ્યાઇએ.

## શ્રી અરિહંતના સેવકો

શ્રી અરિહંતના સેવકો એક–કુટુંબી છે.

નિગોદ. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રય, પંચેન્દ્રિય, નારકી. તિર્યંચ, મનુષ્ય, દેવ બધા એક જ કુટુંબના છે.

**સહુ એક હાંડલીના ચોખા, એક જ વસ્ત્રના તાણાવાણા, એક જ શરીરના અવયવો, એક જ યંત્રનાં ચક્રો, એક જ પુષ્પની પાંખડીઓ, એક જ સંગીતના સૂરો, એક જ પ્રકાશનાં કિરણો, એક જ સાગરના બિંદુઓ, એક જ સુત્રના તંતુઓ, એક જ નાવનાં મુસાફરો, એક જ વૃક્ષનાં પુષ્પો અને એક જ ડાળનાં પંખીઓ છે.**

વૃત્તિરૂપે મૈત્રી આવે. તો પ્રવૃત્તિમાં ઉતરે. સંકલ્પમાં એક કાર્યનો આરંભ થયો, એટલે વ્યવહારમાં એ ઉતરે, એવો સિદ્ધાન્ત છે.

જીવ શાશ્વત છે. જડ નાશવંત છે. ભગવાનની ત્રિપદી એ સમસ્ત જ્ઞાનનો સાર છે. તે કહે છે કે, નાશવંત વસ્તુને છોડો અને અમર વસ્તુને પકડો.

ડાહ્યો માણસ શાશ્વતને જ-પકડે તથા નાશવંતને છોડી દે. જીવ માત્ર સાથે મૈત્રી અને જડતત્ત્વ પ્રત્યે વૈરાગ્ય એ મોક્ષનો માર્ગ છે.

**પુદ્ગલ પ્રત્યેનો પ્રેમ ન ઉડે અને જીવ પ્રત્યે મૈત્રી ન જાગે, ત્યાં સુધી ધર્મની શરૂઆત જ ન થાય.**

એટલે એક કુટુંબનાં કુટુંબી–જનો સાથે સાચો સ્નેહ–સંબંધ સ્થાપવા માટે જીવમૈત્રી જરૂરી જ નહિ. બલ્કે અનિવાર્ય છે.

જીવ પ્રત્યે દ્વેષભાવ અને પુદ્ગલ પ્રત્યે રાગભાવ હોય ત્યાં સમ્યક્ત્વ પ્રગટી જ ક્યાંથી શકે? આત્માને માટે સૂવા-બેસવાનું સ્થાન, સમભાવ સમાન અન્ય કોઈ છે નહિ. સમદૃષ્ટિ, સમતાભાવ, વીતરાગભાવ એકાર્થક છે.

જીવને ભૂલે, તો ભવમાં ડૂબે, અને મિથ્યાત્વમાં મરે;
જીવને ઓળખે તો ભવ તરે, અને સમ્યક્ત્વ સ્પર્શે;
તેથી જીવન ન્હાલ થઈ જાય, બેડો પાર થઈ જાય.

卐

# પૂર્ણાનંદનો પ્રકાશ

संपूर्ण-मंडल-शशांक-कला-कलाप, शुभ्रा गुणास्त्रिभुवनं तव लंघयन्ति ।
ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं, कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥
–श्री भक्तामरस्तोत्रश्लोक १४.

સંપૂર્ણ ચન્દ્રની સમગ્ર કલાના નિધાન! આપના શુભ ગુણો ત્રણ ભુવનને ઉલ્લંઘન કરી ગયા છે. લોકાલોકમાં પ્રસરી ગયા છે. ચૌદ રાજલોકમાં (ગુણરૂપે) સર્વત્ર આપ છો, સર્વત્ર આપની હાજરી છે. તેથી ત્રણ જગતના ઇશ એવા, આપનો જ જેઓ આશ્રય લે છે, તેઓને પોતાની સંપૂર્ણતાની પ્રતીતિ થવાથી આપની જેમ પૂર્ણ થવાનો પુરુષાર્થ પ્રગટે છે. પોતાની પૂર્ણતા પ્રત્યક્ષ થાય છે. તેથી તે પૂર્ણતા પર પૂજ્યભાવ પ્રગટે છે, પૂર્ણતા હ્રદયમાં સ્થિર થાય છે. તેને મુક્તિમાં જતાં, મોક્ષ પામતાં કોણ અટકાવી શકે છે? અર્થાત્ આપનો આશ્રય એ જ મુક્તિનો માર્ગ છે.

અર્થાત્ પરમાત્મા જેના લક્ષ્યમાં છે, તેને બધું મુખ્ય છે. નિરર્થક-સાર્થકની બધી સમજ તેને પ્રાપ્ત થાય છે. તેથી તેની ચેતના નિરર્થકથી મુક્ત બની સાર્થકમાં જ એકાકાર થાય છે. અંતરમાં આત્માને પરમાત્માનું મિલન થાય, પરમાત્માની સાથે એકાકારતા થાય, તે જ ક્રિયા અને તે જ ધ્યાન ચાલુ રહે છે. તે જ કરવા લાયક અને તે જ ધ્યાન રાખવા લાયક લાગે છે. જેને આ નિશ્ચયની જાણ છે, તેનો જ વ્યવહાર પ્રધાન છે.

દ્રોણાચાર્યે ૧૦૫ કૌરવ-પાંડવોને લાઈનમાં ઊભા રાખી, લક્ષ્ય વીંધવા માટે પૂછયું કે-તમને સામે શું દેખાય છે? એક અર્જુન સિવાય બધાએ કહ્યું કે, બધું દેખાય છે. માત્ર અર્જુને જણાવ્યું કે, લક્ષ્ય સિવાય કશું દેખાતું નથી ગુરુએ તેને આજ્ઞા કરી અને તેણે લક્ષ્ય વીંધ્યું.

અર્થાત્ જ્યાં સુધી બીજું બધું દેખાતુ બંધ ન થાય અને લક્ષ્ય પરમાત્મા સિવાયની તમામ વસ્તુઓમાંથી નીકળી ન જાય, ત્યાં સુધી મનની આંખ પરમાત્મારૂપી લક્ષ્યમાં પરોવાતી નથી, પરમાત્માનાં દર્શન થતાં નથી.

તેથી જ મહાત્મા પુરુષોએ એક ત્રણ જગતના નાથને જ હૃદયમાં રાખવાનું કહ્યું છે.

वीतरागं हृदि ध्यायन्, वीतरागो यथा भवेत् ।
मुक्त्वाऽखिलमपध्यानम्, भ्रामरं ध्यानमाश्रय ॥ पार्श्वचरित्र–सर्ग–६–श्लोक-७१९

વીતરાગનું હૃદયમાં ધ્યાન તેવી રીતે કરવું કે જેથી વીતરાગ થવાય. તેથી સર્વ અપધ્યાન, દુર્ધ્યાનનો ત્યાગ કરી ભ્રામર ધ્યાનનો આશ્રય કર. પર–વસ્તુના ધ્યાનનો ત્યાગ કરી સ્વધ્યાન–આત્મધ્યાન કર.

શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન કરવા માટે પહેલાં અપધ્યાન–પરધ્યાન દૂર કરવું જોઈએ. જેમ વૈદ ઔષધ આપતા પહેલાં મળ સાફ કરવાની દવા આપે છે, તેમ રાગરૂપી દોષને દૂર કરવા વીતરાગધ્યાનરૂપી ઔષધ ત્યારે કામ લાગે છે, કે જ્યારે અનાદિના અપધ્યાનરૂપી મળ સાફ થાય.

અપધ્યાનનું મૂળ મન છે. તેથી પહેલાં મનને વશ કરવું જોઈએ. મનને વશ કરવા માટે બુદ્ધિને સમજવાળી ( સુમતિ ) કરવી જોઇએ.

સુમતિ એટલે પરમાં અહં બુદ્ધિનો અભાવ. પર વસ્તુનો હું કર્તા છું એવી બુદ્ધિ તે કુબુદ્ધિ–કુમતિ છે. તે મિથ્યા કર્તૃત્વાભિમાનને હઠાવવું જોઇએ.

મન પર–વસ્તુના વિચારથી ધીરે ધીરે મુક્ત થાય, તે માટે ભવિતવ્યતાના વિચારનું અવલંબન અનુકૂળ થઇ પડે છે. કહ્યું છે કે,

'यदभावि न तद् भावि भाविचेन्न तदन्यथा ।
इति चिन्ताविषघ्नोऽय–मगदः किं न पीयते ? ॥ पार्श्व–चरित्र–सर्ग–२–७१०

જે નથી બનવાનું, તે નથી જ બનવાનું અને જે બનવાનું છે, તે અન્યથા થવાનું નથી. આ સમજણ ચિંતારૂપી વિષને હણવા માટે ઔષધ તુલ્ય છે. તો પછી એને કેમ ન પીવું ? આ વાતને વધારે સ્થિર કરવા કહ્યું છે કે–

'नाऽन्यः कोऽपि प्रकारोऽस्ति येन 'सा' भवितव्यता ।
छायेव निजकायस्य लंघ्यते हन्त जन्तुभिः ॥' पार्श्वचरित्र सर्ग–२–७१२

પોતાની કાયાની છાયાની જેમ રહેતી આ ભવિતવ્યતાનું ઉલ્લંઘન પ્રાણીઓ વડે કરી શકાય તેવો કોઇ ઉપાય નથી.

આ વાત પરવસ્તુ સંબંધી છે, પરથી મુક્ત થવા માટે આ વાત બરાબર સમજાઈ જાય, તો મનનો ઘણો મોટો ભાર દૂર થઈ જાય.

દા.ત. ફોટો ધોવાઇને આવી ગયો છે, તેમાં કોઇ ફેરફાર થઈ શકે તેમ નથી. હવે માત્ર સમભાવે જોયા કરવા સિવાય બીજો કોઇ ઉત્તમ રસ્તો નથી.

આત્માને સદા યાદ રાખવા માટે, પરને ભૂલવાનો પ્રયત્ન કરવો જોઇએ. પરને યાદ રાખવાનું કાર્ય અણુસમજથી થાય છે.

જે વસ્તુ તેના સમયે યાદ આવવાની છે, તેને હંમેશાં યાદ રાખવી તેના જેવી કોઈ અજ્ઞાનતા નથી.

નકામું યાદ નહિ રાખવાથી કોઇ કામ બગડતું નથી. યાદ રાખવાથી વધારે બગડે છે. કારણ કે તે આર્ત્તધ્યાનરૂપ હોવાથી નવા કર્મોનો આશ્રવ કરે છે. જૂના કર્મોની સાથે નવા કર્મોને જોડે છે અને વધુ ખરાબ કરે છે.

માટે મહાપુરુષોએ સદા સ્વધ્યાનમાં રહેવાનો ઉપદેશ કર્યો છે. જેથી તમામ કાર્યો સારાં બને અને પરિણામે મુક્તિ મળે. આ સમજથી મન કાંઇક સ્થિર બને છે. તેને વિશેષ સ્થિર કરવા માટે અનિત્યભાવના વિચારવી જોઇએ. જેથી પર વસ્તુની આસક્તિ આપોઆપ દૂર થઇ જાય,

## અનિત્યનો અવિચાર

અનિત્ય વસ્તુ માટે શોક કરવો, અરે, વિચાર સરખો પણ કરવો તે બુદ્ધિહીનપણું છે. જે અનિત્ય જ છે, તે નાશ ન પામે તો કોણ નાશ પામે?

અનિત્ય વસ્તુ આવે કે જાય, તેને સમજુ આત્માઓ જરાપણ વજન આપતા નથી, કારણ કે તે અનિત્ય છે. અનિત્ય વસ્તુ પર રાગ રાખવો તે પોતાને જ દુઃખકર્તા છે. આ વાત સહેલાઇથી સમજાય તેવી છે. બધાને તેનો અનુભવ હોય છે.

જે સત્ય વસ્તુ છે, તેને તે મુજબ માનવી તે સાવ સુગમ છે. આ રીતે યથાર્થ સમજણવાળી બુદ્ધિ થવાથી મન આપોઆપ શાન્ત અને સ્થિર થઈ જાય છે. અને તે જ મન ધ્યાન કરવાને યોગ્ય છે.

મનના રાગરૂપી ડાઘને દૂર કરવા માટે વીતરાગના ધ્યાનરૂપી સાબુ લગાડવાથી મન નિર્મળ થાય છે. જેમ-જેમ મન નિર્મળ થતું જાય છે, તેમ-તેમ આનંદ વધારે ને વધારે અનુભવાય છે પછી મન પરમાં જવા ઇચ્છતું નથી. કર્મના ઉદયે કોઈ વખત જાય તો પણ વળીને પાછું સ્વમાં આવે છે.

અજ્ઞાનીનું મન, સ્વમાંથી પરમાં ચાલ્યું જાય છે, જ્યારે જ્ઞાનીનું મન પરમાંથી સ્વમાં આવે છે. જ્યાં આનંદ મળે, ત્યાં મન જાય તે સ્વાભાવિક છે. તેથી સ્વધ્યાન આમ તો પુરુષાર્થ કહેવાય છે, પણ મહેનત-મજૂરી વિનાનો, એટલું જ નહિ પણ આનંદ અનુભવવાનો પુરુષાર્થ છે. કેવળ સમજ, અણુસમજનો ખેલ છે. તેમાં કોઈ ધાડ મારવાની કે કોઇ કાર્ય કરવાનું છે, એમ નથી.

હા, જેમનું મન, મુદ્દલ વશમાં નથી, તેમને આ પુરુષાર્થ અત્યંત વસમો પ્રતીત થાય તે બનવાજોગ છે. બાકી સમજેલું મન આપોઆપ સ્વસ્થાને આવી જાય છે. અમુક ક્રિયા, અમુક સ્થાન કે આસન તે માટે જરૂરી છે, એવું નથી. તેથી દરેક સાધકની ક્રિયા, સ્થાન, આસન વગેરે જુદાં-જુદાં હોય છે, કિન્તુ સમજ-જ્ઞાન એક જ હોય છે.

હકીકતમાં જ્ઞાન એ જરૂરી વસ્તુ છે. જ્ઞાન એ ક્રિયાને, વિરતિને ખેંચી લાવે છે. ક્રિયા, જ્ઞાનવાનની જ ફળ આપે છે. જ્ઞાનથી ક્રિયા શોભે છે. ક્રિયા કરવાનો જેટલો આદર છે, તેટલો સમજવાનો આદર આવે, તો કામ દીપી ઊઠે.

આત્મા એ જ પોતે છે, એવી યથાર્થ સમજણ બંધાયા પછી શું કરવા જેવું છે? શાથી લાભ છે? તે શીખવવું પડતું નથી. જે કરવા જેવું હોય તે કર્યા સિવાય રહી શકાતું નથી. સંયોગ ન હોય અને ન થાય, તો પણ ઝંખના તેની જ રહે છે. જ્યાંથી લાભ થતો હોય, ત્યાં દોડયા સિવાય કોણ રહે છે?

## બાહ્ય-આંતરિક ક્રિયા

આંતરિક ક્રિયા મુખ્ય છે, બાહ્ય ક્રિયા ગૌણ છે. બંનેનો યોગ થાય તો સોનામાં સુગંધ જેવું છે. પણ બાહ્ય ક્રિયાના અભાવમાં આંતરક્રિયા ઊભી રહેતી નથી, એમ નથી.

બાહ્યક્રિયા પુણ્યોદયથી મળે છે. આંતરક્રિયા, સ્વ-સમજણથી-આવરણ ક્ષયથી મળે છે અને અસ્ખલિતપણે અનંત કાળ સુધી ચાલ્યા કરે છે.

સાચા સાધકને કોઈ ખાસ ક્રિયાનો હઠાગ્રહ હોતો નથી, તેને તો જેનાથી રાગ-દ્વેષ ઓછા થાય, તેનું જ મહત્ત્વ છે. ક્રિયાના મોહ કરતાં, ક્રિયાનો આદર જરૂરી છે. આદર સત્ ક્રિયાને ખેંચી લાવે છે.

ધર્મક્રિયા શુભ કર્મથી પ્રાપ્ત થાય છે. ક્રિયાને યોગ્ય ભાવ, આત્માના ઉઘાડથી થાય છે. ધર્મક્રિયા ધર્મી આત્માને માટે આરોગ્યનું સાધન છે, રોગનું નહિ.

પર-રમણતા એ રોગ છે. તેમાંથી છૂટી, સ્વમાં રમવું એ જ આરોગ્ય છે.

સાધન ગમે તે ચાલે, સાધ્ય જરૂરી છે. સાધ્યને ધ્યેયમાં રાખ્યા વિના થતું સાધન એ સાધન જ નથી. ધ્યેય વિનાની સાધના નિરપેક્ષ હોવાથી નિરર્થક છે. કહ્યું છે કે-

'સત્ય જ્ઞાનને શૂની ક્રિયા બેહુમાં અંતર કેતો જી,
ઝળહળતો સૂરજને ખજવો, તાસ તેજમાં જેતો જી.'

૫-૬ ગુણસ્થાનકની ક્રિયા, ક્રિયા ગણાય અને ૧-૪ ગુણસ્થાનકની ક્રિયા, ક્રિયા ન ગણાય એવું નથી. યોગ્યતા મુજબ સાધન ફળદાયી નિવડે છે.

ધર્મક્રિયા અને ધર્મધ્યાન એ બંને વચ્ચેનો તફાવત સમજવા જેવો છે. ધર્મ-

ક્રિયાને યોગ્ય જે ગુણો છે, તે કેળવવાનો પ્રયત્ન કર્યા વિના પ્રગતિ થઇ શકતી નથી. પોતે અનેક અવગુણો અને દોષોથી ભરેલો છે, તેનો નિર્ણય પ્રથમ થવો જોઇએ.

આત્મભાવ વિના જે ધર્મક્રિયા કરાય, તેમાં કારક સ્વતંત્ર આત્મા નથી, પણ કર્મ છે પુણ્યોદયથી પ્રાપ્ત થતી ધર્મક્રિયામાં કર્મ કારક છે. આત્મભાવથી થતી ક્રિયામાં આત્મા કારક છે. મુક્તિ–સાધનાની ક્રિયામાં આત્મભાવની મુખ્ય જરૂર છે. તેની સાથે થતી ધર્મક્રિયા એ પણ આત્મભાવની કહેવાય છે. સોના સાથે મળેલું તાંબુ પણ સોનું થઇ જાય છે. એ ન્યાયે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી શ્રી 'કલ્યાણમંદિર સ્તોત્ર'ની ૩૮ મી ગાથામાં ફરમાવે છે કે–

"आकर्णितोऽपि, महितोऽपि, निरीक्षितोऽपि नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबांधव ! दुःखपात्रं, यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ॥

ક્રિયાવિના પણ મુક્તિ પામ્યાના દૃષ્ટાન્તો હજુ મળશે, પણ ભાવ વિના કોઇપણ મુક્તિ પામ્યા નથી, પામતા નથી અને પામશે નહિ. એથી પ્રશ્ન જાગે છે કે, તો પછી એ ભાવ શું ચીજ છે? તે કેવી રીતે પ્રાપ્ત થાય? ભાવ હોય ત્યારે અનુભવ શો થાય? વગેરે હકીકતો બરાબર સમજવી જોઈએ.

### ભાવ એટલે....!

ક્રિયા ઉપરનો આદર, ક્રિયાનો યોગ કરાવે છે. આદર વિના તથા વિરુદ્ધ ભાવથી કરેલી ક્રિયા દુઃખને આપનારી છે. ક્રિયાજનિત ક્લેશને ઉત્પન્ન કરનારી છે.

ક્રિયા કરતાં ભાવ આવશે, એમ એકાંતે માનવું તે પણ બરાબર નથી. ક્રિયા કરતાં પહેલાં, ક્રિયા ઉપર આદર થાય, તેવી સમજણ પ્રાપ્ત કરવી જરૂરી છે. ક્રિયા ઉપરનો આદર સાચી ધર્મભાવના પ્રગટે તો જ જાગે છે. સાચી ધર્મભાવના ધર્મ અને ધર્મી, પરસ્પરના સ્નેહની વૃદ્ધિ કરનાર અને શાસનની ઉન્નતિ કરનાર થાય છે. વીતરાગતાનું ધ્યેય હૃદયમાં સ્થિર કરીને તે માટે થતી ક્રિયા સાર્થક છે.

આત્મામાં પરમાત્માનું અર્થાત્ પૂર્ણ સ્વરૂપનું ધ્યાન તે ધર્મધ્યાન છે. તેમાં જેમ–જેમ સ્થિરતા વધતી જાય, તેમ–તેમ આનંદ અને અનાસક્તિ વધતાં જાય છે. ફરજનું પાલન તથા કર્મનો વિપાકોદય અને તેનો ભોગવટો પણ આત્મધ્યાનનું અંગ બને છે.

અનાદિ કાળના અભ્યાસથી અને કર્મના ઉદયથી પરનો ભોગવટો આનંદદાયક લાગે, તે ગમો અર્થાત્ રાગ છે. પણ તે પરિણામે દુઃખદાયી છે–એવી યથાર્થ સમજણથી આ ગમો રાગ દૂર થાય, તેવી અભિલાષાપૂર્વક થતો ભોગવટો, રાગ છતાં વિરાગનો હેતુ બને છે. કહ્યું છે કે–

'ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી
કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર...'

ધર્મ એટલે સ્વપૂર્ણસ્વરૂપ. તે રૂપ શ્રી જિનેશ્વરના ચરણ એટલે સ્મરણને, યથાર્થ સમજણને ગ્રહણ કર્યા પછી કોઇ જીવ કર્મ બાંધતો નથી, પણ સતત નિર્જરાભાવમાં રમણ કરે છે.

તે માટે પરનો હું કર્તા નથી અને પર માત્ર અનિત્ય છે, એ સમજણને સુનિશ્ચિત કરવી પડે છે. તે પછી ધર્મક્રિયા સ્વક્રિયા બને છે. ક્રિયા કરતી વખતે પણ તે ક્રિયા કરતો નથી, પણ ધર્મ કરે છે.

કોઈ પણ ક્રિયા કરી શકાતી નથી, પણ કરાવાય છે. જ્યારે ધર્મ કરાય છે, કરાવાતો નથી આટલો તફાવત છે. ધર્મક્રિયા, ધર્મ કરવાનું સાધન છે, પણ ધર્મ નથી. પાપ ક્રિયા પાપ કરવાનું સાધન છે, પણ પાપ નથી. ધર્મી પાપક્રિયામાં નિર્જરા કરે છે, પાપી ધર્મક્રિયામાં પણ બંધ કરે છે.

ધર્મીનું ચિત્ત ક્રિયાને શોધતું નથી, પણ ધર્મનાથના ચરણને શોધે છે.

ક્રિયા કર્મના ઉદયથી થાય છે, ધર્મ સુમતિ વડે થાય છે અને સુમતિ અહં અને મમના ત્યાગથી સધાય છે.

'અહં કરોમિ' એવા અહંભાવનો ત્યાગ, ભવિતવ્યતાના વિચારથી અને મમ બુદ્ધિ–મમત્વભાવનો ત્યાગ અનિત્યતાની ભાવનાથી સધાય છે.

અહં–મમથી મુક્ત થયેલું મન ધર્મનાથ–સિદ્ધ ભગવંતના ચરણમાં રમે છે.

સિદ્ધ ભગવંતો લોકાલોક પ્રકાશક જ્ઞાનવાળા હોવાથી લોકસ્વરૂપ જેવી આકૃતિવાળાં હોય છે.

ચૌદ રાજલોકની ચારે બાજુ અલોક છે અને અલોકમાં પણ સિદ્ધ ભગવંતોનો જ્ઞાન પ્રકાશ વ્યાપ્ત હોવાથી, તે પ્રકાશ સંપૂર્ણ મંડલ જેવો લાગે છે.

અલોક મંડલયુક્ત જ્ઞાન દ્વારા લોકાલોકસ્વરૂપ સિદ્ધ ભગવંતરૂપી ધર્મનાથના ચરણમાં નિજ આત્મા નમસ્કાર કરતો અનુભવાય ત્યારે, જાણે વામન–વિરાટનું મિલન થતું હોય તેમ જણાય છે. ભક્તિના પ્રકર્ષથી તથા સિદ્ધ ભગવંતરૂપ વિરાટના અનુગ્રહથી વામન પોતે વિરાટ સ્વરૂપને પામે છે.

સિદ્ધ ભગવંતના અનુગ્રહની આ શક્તિ ઉપર જ્યારે યથાર્થ શ્રદ્ધા જાગે છે, ત્યારે તે કર્મનિર્જરાનું પ્રધાન કારણ બને છે. કર્મથી મુક્ત થવામાં સિદ્ધ ભગવંતનો અનુગ્રહ એ પ્રધાનકારણ છે અને એ જ મુક્તિનો માર્ગ છે.

'ભગવંતના અનુગ્રહથી શિવગમન અને નિગ્રહથી ભવભ્રમણ' એ વાક્યનો મર્મ ત્યારે સમજાય છે. તેથી જ ભગવાનની આજ્ઞાનું આરાધન મોક્ષ માટે છે, વિરાધન સંસાર માટે છે, એમ શાસ્ત્રો કહે છે.

卐

# પ્રભુભક્તિનું મુખ્યસૂત્ર

मिच्छादंसणमहणं, सम्मद्दंसणविसुद्धिहेउं च ।
चिइवंदणाइ विहिणा पन्नतं वीयरागेहिं ॥१॥ શ્રાવક પ્રજ્ઞપ્તિ ગાથા-૩૪૧

**અર્થ**-વીતરાગ અને સર્વજ્ઞ એવા શ્રી અરિહંત ભગવંતોએ સૂત્રોક્ત વિધિપૂર્વક થતી ચૈત્યવંદનાદિ ક્રિયાઓને મિથ્યાદર્શનનું મંથન કરનાર અને સમ્યગ્દર્શનનું શોધન કરનાર તરીકે પ્રરૂપેલી છે. (૧)

## ચૈત્યવંદન-એક મહાન ધર્માનુષ્ઠાન

ચૈત્યવંદન એ એક એવું ધર્માનુષ્ઠાન છે કે જેને શ્રી ગણધર ભગવંતોએ-સાધુ-સાધ્વીની નિરંતર થતી આવશ્યક ક્રિયામાં પણ ગૂંથી લીધુ છે.

આ અનુષ્ઠાનનો મહિમા ગાતાં શાસ્ત્રકારભગવંતો ફરમાવે છે કે, '**શ્રી જિનેશ્વરોનાં ચૈત્યોને વંદન કરવાથી લોકોત્તર કુશલ પરિણામ જાગે છે.**' તેનાથી આત્માના જ્ઞાનાદિ ગુણોનું આવરણ કરવાના સ્વભાવવાળા કર્મોનો ક્ષય થાય છે.

**ચૈત્યવંદનનો અધ્યવસાય કર્મગ્રહણના અધ્યવસાયથી વિરુદ્ધ છે.** તેથી તે વારંવાર કરવા વડે સમસ્ત કર્મનો ક્ષય જેમાં રહેલો છે, એવા પરમ પુરુષાર્થ મોક્ષનું તે કારણ થાય છે.'

चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते ।
तस्मात् कर्मक्षयः सर्वः ततः कल्याणमश्नुते ॥२॥

ચૈત્યવંદનની ક્રિયાથી આવું લોકોત્તર ફળ મળે છે તેનું એક જ કારણ છે કે, તે શુભ ભાવની વૃદ્ધિ કરે છે. વિધિપૂર્વક ચૈત્યવંદનની ક્રિયા કરવાથી ચિત્તને લાભ થાય છે.

શુદ્ધ ચૈત્યવંદન તે જ કરી શકે કે જેને તેના અર્થનું અને રહસ્યનું સ્પષ્ટ અને વિશદ જ્ઞાન હોય.

લલિત વિસ્તરા નામની વૃત્તિમાં વૃત્તિકાર આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ફરમાવે છે કે-

"ચૈત્યવંદનની ક્રિયામાં શુદ્ધિ લાવવા જરૂરી એવા જ્ઞાનને આપવા માટેનો આ અમારો પ્રયાસ છે."

તેથી આ વિવરણનું મૂલ્ય, ચૈત્યવંદનની ક્રિયા જેઓ નિત્ય કરે છે, તેઓ માટે ઘણું વધી જાય છે અને જેઓ આવી મહાન ક્રિયા કરવા માટે પ્રવૃત્તિ કરતાં નથી, તેઓને તેથી કરવાની પ્રેરણા મળે છે.

ચૈત્યવંદનની આ ક્રિયા આજે પણ શ્રી જૈનશાસનમાં હજારો વ્યક્તિઓ નિયમિત-પણે કરે છે. તેથી આ ક્રિયા જીવંત છે, પરંતુ તે ભાવિત ચિત્તથી થવી જોઈએ. કેવળ કોલાહલરૂપ ન થવી જોઈએ.

ભાવિત ચિત્તથી થતી આ ક્રિયાને જ શાસ્ત્ર સ્વીકારે છે. કેવળ કોલાહલરૂપ ક્રિયા શાસ્ત્ર બાહ્ય ગણાય છે. તેવી ક્રિયા ઉપર વિદ્વાનોને આસ્થા ન રહે તે સહજ છે.

આ ક્રિયાના ગર્ભમાં સ્થાનાદિ યોગો રહેલા છે, એમ જણાવીને પૂ. શ્રી હરિભદ્ર-સૂરિજીએ, 'તે કેવળ કોલાહલરૂપ છે.' એમ કહેવાનો નિષેધ કર્યો છે. અને જે ક્રિયાના ગર્ભમાં સ્થાન, વર્ણ, અર્થ અને આલંબન રહેલાં હોય, તે ક્રિયા શુભ ચિત્તના લાભનું કારણ છે, એવું સમર્થન કર્યું છે.

## જિનબિંબ એટલે ચૈત્ય

ચૈત્યવંદનની ક્રિયામાં જે ચૈત્યોને વંદન કરવામાં આવે છે, તે શ્રી અરિહંતોના બિંબો છે. અને તે બિંબોનું નામ 'ચૈત્ય' એટલા માટે છે કે તેમને કરેલા વંદનાદિ પ્રશસ્ત સમાધિવાળા ચિત્તને ઉત્પન્ન કરે છે.

चित्तस्य भावः कर्म वा चैत्यमिति व्युत्पत्तेः ।

શ્રી અરિહંતોના બિંબોમાં પ્રશસ્ત સમાધિવાળું ચિત્ત ઉત્પન્ન કરવાનું સામર્થ્ય શાથી આવે છે? એ પ્રશ્નનો ઉત્તર, ભાવ અરિહંતનું સ્વરૂપ જાણવાથી મળી રહે છે.

## ભાવ–અરિહંતનું સ્વરૂપ

"ભાવ–અરિહંત" ના સ્વરૂપને જાણવા માટે તેંત્રીસ વિશેષણો આપવામાં આવ્યાં છે અને તે પ્રત્યેક વિશેષણ કેટલું અર્થગંભીર છે, તે સમજાવવા માટે પૂ. શ્રી હરિ-ભદ્રસૂરિજી મહારાજે અસાધારણ પ્રયાસ કર્યો છે.

આ પ્રયાસના ફળરૂપે આપણને જાણવા મળે છે કે, શ્રી તીર્થંકર ભગવંતોનો સંબંધ ત્રણ લોકની સાથે રહેલો છે.

તેમણે ત્રણે લોકના સમસ્ત જીવોના કલ્યાણની કામના કરેલી છે, તીવ્ર ભાવના ભાવેલી છે. સર્વ જીવોનું આત્યંતિક કલ્યાણ થાય તે માટેનો માર્ગ અને તેમાં પ્રતિબંધક કર્મના સમૂળ ક્ષય માટે તીવ્ર તપ તપ્યાં છે, ઉગ્ર સંયમ પાળ્યા છે, ઘોર પરિષહો અને ઉપસર્ગો સહ્યા છે. તદુપરાંત ગુરુકુળવાસમાં વસી શાસ્ત્રોના વિધિપૂર્વક અભ્યાસ કર્યા છે અને તે સમગ્ર સાધનાના પરિણામે વિશુદ્ધ સમ્યગ્દર્શન અને પરહિત ચિંતનનો

પ્રબળ અધ્યવસાય ઉત્પન્ન થયો હોવાથી તેઓશ્રીને સર્વ પુણ્યપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ એવી તીર્થંકર-નામ કર્મની પ્રકૃતિ નિકાચિત થાય છે.

તે પુણ્ય પ્રકૃતિના વિપાકોદય વખતે તેઓશ્રી વીતરાગ હોવા છતાં ત્રણ ભુવનને સુખ કરનારું અને ભવોદધિથી તારનારું તીર્થ સ્થાપે છે.

આ તીર્થના આલંબને અનેક કોટિ જીવો પોતાનું કલ્યાણ સાધે છે. આવો અનુપમ ઉપકાર, શ્રી તીર્થંકરદેવોના આત્માઓથી જ થઈ શકે છે, પણ બીજાઓથી નહિ, તેનું કારણ આપતાં વૃત્તિકાર મહર્ષિ, શ્રી તીર્થંકર ભગવંતના 'पुरिसुत्तमाणं' એ વિશેષણનું વિવરણ કરતાં ફરમાવે છે કે, 'શ્રી તીર્થંકરોના આત્માઓમાં અનાદિકાલીન વિશિષ્ટ યોગ્યતા રહેલી છે અને તે યોગ્યતા તેમનામાં તેવા પ્રકારની પરાર્થરસિકતા ઉત્પન્ન કરે છે કે વરબોધિના લાભ વખતે તેઓશ્રી પોતાના સ્વાર્થને ગૌણ કરનારા અને પરના ઉપકારને મુખ્ય બનાવનારા બની રહે છે.

આ પરાર્થવ્યસનીતા તેમને સર્વશ્રેષ્ઠ પદવી આપનાર થાય છે. તીર્થંકરપદવી તેમની યોગ્યતાના કારણે છે અને એ યોગ્યતા તેમની પરાર્થવ્યસનીતામાં પ્રેરક બને છે.

## પ્રભુની પરાર્થ વ્યસનીતા

પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે પુરુષોમાં શ્રી તીર્થંકરભગવંતો ઉત્તમ એટલા માટે છે કે તેમનામાં જેવી પરાર્થવ્યસીનતા અને સ્વાર્થ ઉપસર્જનતા દેખાય છે, તેવી બીજા જીવોમાં દેખાતી નથી. આમ થવાનું કોઈ કારણ હોવું જોઈએ અને તે કારણ તેમની અનાદિકાલીન અપ્રગટ (સ્વરૂપગત) યોગ્યતામાં રહેલ છે. સહકારી કારણો મળતાં જ તે યોગ્યતા ખીલી ઊઠે છે. અન્ય મોક્ષગામી આત્માઓમાં પણ આવી ઉત્કૃષ્ટ પરાર્થવ્યસનીતાદિ આવતાં નથી.

શ્રી અરિહંતોના ચૈત્યોમાં-બિંબોમાં જે પ્રભાવ આવ્યો છે, તે ભાવ-અરિહંતોમાંથી આવ્યો છે, એમ માનવું જોઈએ અને ભાવ-અરિહંતોમાં જે પ્રભાવ આવ્યો છે, તે તેમની અર્હદ્ વાત્સલ્યાદિ સ્થાનકોની મહા ભવ્ય સાધના સાથે પરમ કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનામાંથી આવ્યો છે, એમ આજે શ્રદ્ધાપૂર્વક જૈનો સ્વીકારે છે.

શ્રી અરિહંતદેવોના આત્માની ભાવના, તીર્થંકર થવાના પૂર્વે ત્રીજા ભવમાં એવી ઉદાત્ત-ઉચ્ચ હોય છે કે, વિશ્વના સકળ જંતુઓ દુઃખપંકમાંથી મુક્ત થઈ, અવ્યાબાધ સુખસ્વરૂપ મુક્તિપદને પામો, એટલું જ નહિ પણ તે પામવાનો માર્ગ શો છે? તેનું જ્ઞાન મેળવી, તે મુજબ આચરણ કરી, દુઃખ મુક્ત થાઓ. તેમની ભાવના એટલેથી અટકતી નથી પણ આગળ વધે છે અને તેઓ વિચારે છે કે હું પોતે જ તેમના માટે એવા માર્ગનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરું અને એ માર્ગ જગતને બતાવું કે જેના આલંબનથી જીવ માત્રને મુક્તિ મળે.

કાચ અને મણિની ઉપમાથી શ્રી તીર્થંકર પરમાત્માઓની, અન્યથી વિશિષ્ટતા સમજાય છે. શ્રી તીર્થંકર પરમાત્માઓની જાતિ જ આ રીતે શાસ્ત્રકારોએ જુદી માનેલી છે. તો પછી અન્ય જીવો તેમનું ગમે તેટલું અનુકરણ કરે, તો પણ તેવી ઉત્કૃષ્ટ ભાવનાને કેવી રીતે મેળવી શકે?

## જીવ પ્રત્યે કલ્યાણભાવના

સર્વ જીવોના કલ્યાણની ભાવના તો રહી, પરંતુ કોઈ એકાદ જીવના કલ્યાણની ભાવના પણ જો આત્મામાં વસી જાય તો તે પણ ઉચ્ચ પુણ્ય પ્રકૃતિનો બંધ કરાવનાર થાય છે. તો પછી સર્વ જીવોના કલ્યાણની ભાવના, તેમને દુઃખમાંથી અને કર્મની જાળમાંથી છોડાવવાની ઉત્કટ કરુણા જેઓના હૃદયમાં પોતાની અનાદિકાલીન યોગ્યતાના બળે ઉત્પન્ન થાય, તેઓ સર્વ પુણ્યોમાં શિરોમણિ એવું પુણ્યકર્મ નિકાચિત કેમ ન કરે?

તે પુણ્ય, તીર્થંકર નામકર્મના મનઃપુણ્ય તરીકે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. જેનાથી ત્રિભુવનપૂજ્યપણું પ્રાપ્ત થાય છે. જે પુણ્યના ભોગકાળે ત્રણ ભુવનને ઉપકારક તીર્થ સ્થપાય છે. જે તીર્થ, શ્રી તીર્થંકરદેવના નિર્વાણ બાદ પણ વિશ્વમાં કાયમ રહીને પોતાના અસ્તિત્વ પર્યંત, ભવ્યજીવોને મુક્તિ પામવાનું અનન્ય સાધન બને છે.

વિશ્વમાં આવી ઉચ્ચતમ ભાવના શ્રી તીર્થંકરદેવોના આત્મા સિવાય બીજાઓમાં પ્રગટી શકતી નથી, એમ લલિત વિસ્તરા ગ્રન્થ સાક્ષી પૂરે છે. ઉત્કૃષ્ટતમ આ ભાવનાના બળથી જ તીર્થંકર નામકર્મ બંધાય છે, નિકાચિત થાય છે, ધર્મતીર્થ પ્રવર્તે છે, અધર્મનો નાશ થાય છે અને જીવોનું શાશ્વત કલ્યાણ થાય છે.

આમ કેમ બનતું હશે?

તે માટે કર્મનો નિયમ છે. જે અટલ છે, અકાટ્ય છે.

'કરે તેવું પામે, વાવે તેવું લણે.' એ કહેવત તે નિયમની અકાટ્યતામાંથી સાકાર બનેલી છે તેને મિથ્યા કોઈ કરી શકતું નથી.

શ્રી તીર્થંકરદેવોનું આ વાત્સલ્ય કોઈ એક જીવ માટે નથી, સર્વ જીવો માટે છે. **પ્રત્યેક જીવનું સ્થાન તેમના હૃદયમાં, અપેક્ષાએ પોતાના આત્માંથી પણ અધિક છે.**

અમને તો એમ લાગે છે કે શ્રી સિદ્ધર્ષિ જેવા મહાપુરુષનું ચિત્ત ચલિત થયા પછી પણ શ્રી જિનમતમાં અવિચળ સ્થિરતા પ્રાપ્ત થઈ હોય તો તેમાં શ્રી તીર્થંકર ભગવંતોમાં પરાર્થવ્યસનીતા અને સ્વાર્થ–ઉપસર્જનતા અકૃત્રિમપણે–સહજપણે અનાદિકાળથી રહેલી છે–એ ઉલ્લેખની અસર પણ હોવી જોઈએ. વિશ્વના પ્રભુ બનવાની, ત્રણ લોકના નાયક થવાની લાયકાત, એમનામાં જ હોઈ શકે, એ વિચારે અને સાથોસાથ અર્હંત-

શાસનની તર્કશુદ્ધતા, અવિસંવાદિતા અને સર્વસ્વીકારકતાના નિર્ણયે તો તેમનામાં સ્થિરતાનો ભાવ પેદા નહિ કર્યો હોય ?

## ધર્મશક્તિ

વિશ્વમાં એક એવી શક્તિ તો સ્વીકારવી જ પડે છે કે જે નિત્ય જગતના જીવોનું હિત કરી રહી હોય. જેને શાસ્ત્રો "ધર્મ" તરીકે સંબોધે છે.

આસુરી શક્તિ અને દૈવીશક્તિ, ધર્મ અને અધર્મ, એ બે વચ્ચેનું યુદ્ધ અનાદિ કાળથી ચાલુ છે. તેમાં દૈવીશક્તિનો વિજય થાય છે અને આસુરી શક્તિનો પરાજય થાય છે એમ થવાનું કોઈ કારણ તો હોવું જોઈએ.

જગતમાં જીવોનું હિત ચિંતવનારા સત્પુરુષો જેમ વિશ્વમાં મળી આવે છે, તેમ અહિત ચિંતવનારા દુષ્ટ માણસો પણ મળી આવે છે.

દુષ્ટો અહિત ચિંતવે છતાં બધાનું અહિત થતું નથી, એટલું જ નહિ પણ વધારેમાં વધારે છ મહિનામાં સંસારમાંથી એક આત્મા તો સકળ કર્મના બંધનથી છૂટીને મોક્ષ પામે છે. એમાં તે જીવનો પુરુષાર્થ તો કામ કરે જ છે, પરંતુ પુરુષાર્થ કરવાની પ્રેરણા અને સામગ્રી તેને કોણ પૂરાં પાડે છે ?

કહેવું જ પડશે કે સર્વ જીવોનું આત્યંતિક હિત ઇચ્છનારા શ્રી તીર્થંકરદેવોની સર્વોચ્ચ ભાવના અને એમનો લોકોત્તર અચિન્ત્ય પ્રભાવ એટલો બધો પ્રબળ હોય છે કે તેની સામે, તેનાથી વિરોધી ભાવનાઓ સંસારના અનંતાનંત આત્માઓ કરે તો પણ તે બધાને પરાજિત કરીને શ્રી તીર્થંકરદેવોની સર્વોચ્ચ ભાવના ફળીભૂત થાય છે, કેમ કે તે અત્યંત શુભ હોય છે. અને **અશુભના બળ કરતાં શુભનું બળ વિશેષ જ રહેવાનું.**

આજે પણ આપણે સારી, નરસી ભાવનાનું બળ પ્રત્યક્ષપણે જીવનમાં અનુભવીએ છીએ એ જ અનુભવ આપણને એ સમજવા ફરજ પાડે છે કે, શ્રી તીર્થંકરદેવોની સર્વોત્કૃષ્ટ ભાવના અને એમના લોકોત્તર અચિન્ત્ય પ્રભાવના યોગે જ સંસારના જીવો પાપપરાયણ હોવા છતાં સુખના લેશને પામી શકે છે. અને કાળક્રમે ધર્મપરાયણ બનીને મુક્તિના સુખને મેળવી શકે છે.

नारका अपि मोदन्ते यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ? ॥१॥ —पू. श्री हेमचंद्रसूरिजी महाराज

## તીર્થંકરત્વની મહાસત્તા

આ બધું વિચારતાં એમ લાગે છે કે, **વિશ્વમાં મહાસત્તા એક જ છે અને તે શ્રી તીર્થંકર પરમાત્માઓના શાસનની જ.** કેમ કે તેમની ભાવના, વિશ્વના

પરમ કલ્યાણની સદા રહેલી છે તથા તેમણે વિશ્વને, તે જે સ્વરૂપે છે, તે સ્વરૂપ યથાસ્થિતપણે પ્રકાશિત કરેલું છે. અને તેના આધાર પર મુક્તિમાર્ગની સાધના વિશ્વમાં અવિચ્છિન્નપણે ચાલી રહેલી છે.

आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।

કલિકાલસર્વજ્ઞ ભગવંત રચિત શ્રીવીતરાગસ્તોત્રમાંની આ પંક્તિનો અર્થ એ છે કે–

'આરાધેલી આજ્ઞા મોક્ષ માટે અને વિરાધેલી આજ્ઞા સંસાર માટે થાય છે.'

અહીં 'આજ્ઞા' શબ્દનો જ પ્રયોગ શા માટે? આજ્ઞા એટલે શાસન. આજ્ઞા એટલે મહાસત્તાનું નિયંત્રણ.

કર્મની સત્તા એક મહાન સત્તા છે, એમ આપણે સહુ કોઈ માનીએ જ છીએ. પરંતુ તેનાથી પણ મોટી સત્તા રહેલી છે, એ વાત આપણને લલિતવિસ્તરા ગ્રન્થથી જાણવા મળે છે.

આ સત્તાને શ્રી જૈન શાસનની મહાસત્તા કહો, તીર્થંકરત્વની મહાસત્તા કહો કે વિશ્વની મહાસત્તા કહો, તેમાં કશો જ ફેર પડતો નથી.

'જિનેશ્વરો' અને 'તીર્થંકરો' એ બે નામ એક જ અર્થના સૂચક છે. માત્ર સમજવાનું એટલું છે કે તેમનું શાસન જગત ઉપર કેવી રીતે ચાલે છે?

વિશ્વના કોઈ પણ શાસન કરતાં આ શાસન વધુ વ્યવસ્થિત છે, વધુ કલ્યાણકર છે. કર્મની સત્તા નીચે રહેલા જીવોને આ શાસન તેમાંથી છોડાવનાર છે, દુઃખમુક્ત કરાવનાર છે.

આવી મહાશક્તિ આ શાસનમાં શાથી આવી? તે વીતરાગ પુરુષોનું શાસન છે, એટલા માટે જ એ શક્તિ આવતી હોય તો તેને માત્ર 'વીતરાગશાસન' કહેવાત, માત્ર સર્વજ્ઞોનું શાસન કહેવાત, માત્ર કર્મ મુક્તોનું કહેવાત, પણ તીર્થંકરોનું શાસન કેમ કહ્યું?

શાસ્ત્રમાં આ શાસનને જિનશાસન અર્થાત્ તીર્થંકરદેવોના શાસન તરીકે ઓળખાવેલ છે, તેની પાછળ કોઈ વિશિષ્ટ હેતુ રહેલો હોવો જોઈએ. તે આપણે શોધી કાઢવો પડશે. તે માટે લલિતવિસ્તરા ગ્રન્થ આપણને મહાન સહાય પૂરી પાડે છે.

## સર્વકલ્યાણકરની ભાવના

સાચા હૃદયથી એ સહાય લેવામાં આવે તો આપણને તરત જ સ્પષ્ટ થાય એમ છે કે તે હેતુ બીજો કોઈ નહિ પણ શ્રી તીર્થંકરોના આત્માઓની અનાદિકાલીન વિશિષ્ટ યોગ્યતા જ છે. તેમના આત્માઓમાં જ સમગ્ર વિશ્વના વ્યક્તિગત કે સમષ્ટિગત ઉભય પ્રકારના કલ્યાણની એક સરખી ભાવના ભવો સુધી ટકે છે.

આવી તીવ્રતમ ભાવના, તેમના સિવાય બીજા કોઇ આવવાની શકયતા જ નથી, કારણ કે અનાદિ સિદ્ધ યોગ્યતા તેમના સિવાય બીજા કોઈને ય કેવી રીતે આવે?

તેમની ભાવના જ એવી છે કે જેથી કેવળ પુણ્યનું જ સર્જન થાય, કારણ કે તે ભાવનામાં સ્વાર્થનો એક અંશ પણ હોતો નથી અને પરાર્થમાં કોઈ બાકી રહેતું જ નથી.

જીવ માત્ર પ્રત્યેના તેમના વાત્સલ્યને, માતાના વાત્સલ્યની સાથે પણ નહિ સરખાવી શકાય. કારણ કે માતા પોતાના બાળકનું પરિપૂર્ણ હિત ચિંતવે છે, તો પણ તે કેવળ ભૌતિક હોય છે અથવા બહુ તો નૈતિક અને વિરલ પ્રસંગમાં જ તે આધ્યાત્મિક સ્વરૂપનું હોય છે.

જ્યારે શ્રી તીર્થંકરદેવો પ્રત્યેક જીવના આધ્યાત્મિક કલ્યાણને માતા કરતાં પણ અનંતગુણા વધારે ભાવથી ચાહે છે અને એ આધ્યાત્મિક કલ્યાણની ભાવના જ એવી છે કે જ્યાં સુધી તે ફળીભૂત ન થાય, ત્યાં સુધી નૈતિક તેમ જ ભૌતિક કલ્યાણ, આનુષંગિક રીતે અવશ્ય થયા કરે છે.

તેથી શ્રી તીર્થંકરદેવો જગતના જીવોને કેવળ મોક્ષ સુખના દાતા તો છે જ. પણ એ ન મળે ત્યાં સુધી જીવ માત્રને અસંક્લિષ્ટ સુખમય જીવન જીવવા માટે જરૂરી સઘળી સામગ્રી મળવામાં અસાધારણ કારણભૂત પણ છે, એમ કહેવું તે જરા પણ અતિશયોક્તિભર્યું નથી.

જીવોને પોતાના પુણ્યથી બધી સામગ્રી મળે છે, તે કર્મનો નિયમ સાચો છે, તો પણ તે કર્મને શુભ બનાવનાર અથવા શુભ કર્મ કરવા માટેની પ્રેરણા ઉત્પન્ન કરનાર શ્રી તીર્થંકરદેવોનો અચિન્ત્ય પ્રભાવ, તેમની જીવ માત્ર પ્રત્યેની કલ્યાણ ભાવના અને તે ભાવનામાંથી ઉત્પન્ન થતા ધર્મતીર્થ સિવાય બીજું કોણ છે?

શ્રી તીર્થંકરદેવોની સર્વોચ્ચ કલ્યાણકર ભાવનાને પહોંચી શકે એવી ભાવના જ્યાં સુધી બીજા કોઈની સાબિત ન થાય, ત્યાં સુધી વિશ્વ પર શાસન, શ્રી તીર્થંકર પરમાત્માઓનું વર્તી રહ્યું છે, તેમ માનવામાં લેશ પણ બાધા નથી. ઊલટું એમ ન માનવામાં, આપણે જેના ઉપકારના ઋણી છીએ, તે સર્વશ્રેષ્ઠ શાસનનો દ્રોહ કરનારા થઈએ છીએ.

એ શાસનનો દ્રોહ એટલે આપણું ભલું ચિંતવનાર શ્રી તીર્થંકર ભગવંતોનો અથવા તેઓની વિશ્વ કલ્યાણકર ભાવનનો દ્રોહ થાય છે.

શ્રી તીર્થંકરદેવોના શાસનની મહાસત્તા આ વિશ્વ ઉપર પરોપકારનું મહાન કાર્ય કરી રહેલ છે, એવી પ્રતીતિ આજે કેટલાને છે? જો તે ન હોય અને ન હોવાથી વિશ્વોપકારક શાસનની મહાસત્તાની ઉપેક્ષા કે દ્રોહ થતો હોય અને તે દ્વારા અનંત સંસાર પરિભ્રમણનું મહાપાતિક લાગતું હોય, તો તેનાથી ઉગારી લેનાર તથા સાચી શ્રદ્ધાને જગાડનાર સત્યતત્ત્વનો બોધ પ્રત્યેક ઉપર પણ તેટલો જ ઉપકાર કરનાર છે.

**ધર્મનો આરંભ જ પરોપકારની અને પરપીડા પરિહારની ભાવનાથી થાય છે.** જેનામાં એ બેમાંથી એકે ભાવના નથી, તેમાં ધર્મ જ ક્યાં છે?

સર્વ ધર્મવાદીઓને આ વાત એકી અવાજે માન્ય છે.

આ બંને ભાવનાની ટોચે પહોંચેલા શ્રી તીર્થંકરદેવોના આત્માઓ ધર્મ-પ્રવૃત્તિના નાયક છે, ધર્મરથના સારથિ છે, ધર્મ–સામ્રાજ્યના ચક્રવર્તી છે. એ હકીકતનું રહસ્ય આપણને જો ન સમજાય, તો આપણે આપણા ઉપકારી પ્રત્યે અને વિશ્વના પરમ ઉપકારી પ્રત્યે ભક્તિભાવ ક્યાંથી પ્રગટ કરી શકીએ?

## અનન્ય ઉપકારી શક્રસ્તવ

ચૈત્યવંદનનું પ્રત્યેક સૂત્ર, પોતપોતાની આગવી ક્ષમતા ધરાવે જ છે, તેમાં કોઈ શક નથી, પરંતુ તે બધાં સૂત્રોમાં અનન્ય ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોની વિશિષ્ટતાનો જીવંત જે પ્રવાહ 'નમોત્થુણં' સૂત્રમાં વહી રહ્યો છે. જો તેમાં ભાવિત ચિત્તે ભળાય છે તો અનોખી એક આત્મમસ્તી રોમરોમે પ્રસરતી અનુભવાય છે.

શ્રી તીર્થંકર પરમાત્માની સાચી તેમ જ પૂરી જે ઓળખ, શ્રી નમુત્થુણં સૂત્રમાં કરાઈ છે, તે આપણે અસ્થિમજ્જાવત્ બનાવવાની છે. મહત્ત્વના એ મુદ્દા ઉપરથી આપણું ધ્યાન અન્યત્ર ન ખેંચાઈ જાય તે ઉપકારક દૃષ્ટિએ પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે લલિતવિસ્તરા ગ્રન્થમાં શ્રી તીર્થંકર પરમાત્માના ત્રિભુવન પૂજ્યતમ સ્વરૂપ ઉપર અદ્ભુત જે પ્રકાશ પાથર્યો છે તેનો લાભ ઉઠાવવા માટે આપણે પણ ભાવિત ચિત્તે ચૈત્યવંદન કરતાં રહીને હરરોજ શ્રી નમુત્થુણંના સ્મરણ–મનન–ચિંતનમાં આત્માને નવડાવવાનો છે.

એટલે સ્વાર્થ આપણને નચાવી નહિ શકે, વિષયકષાય આપણને ગબડાવી નહિ શકે, પ્રમાદ આપણને પજવી નહિ શકે અને આપણે પ્રભુજીની આજ્ઞા સાથે સીધો સંબંધ બાંધી, દૃઢ કરી, સંસારના સર્વ બંધનોને ફગાવી દેવાનું સામર્થ્ય કેળવી શકીશું.

卐

# અનન્ય ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતો

આ જગતમાં જે કાંઈ સુખ છે, સુખનાં કારણભુત જે કાંઈ શુભ પ્રવૃત્તિ થઈ રહી છે, તે બધું શ્રી તીર્થંકરદેવોને લીધે જ છે. જગતના જીવો જે કાંઈ સુખ મેળવી રહ્યા છે, તેમાં ઉપકાર શ્રી તીર્થંકર ભગવંતોનો જ છે.

સુખ પુણ્યકર્મના ઉદયથી મળે છે, પુણ્યબંધ શુભ પ્રવૃત્તિથી થાય છે; શુભ

પ્રવૃત્તિ શુભ અધ્યવસાયથી થાય છે. હવે વિચારવાનું એ રહે છે કે જીવને એ શુભ અધ્યવસાય શાથી થાય છે?

અનાદિકાળના અસદ્ અભ્યાસથી, મલિન વાસનાઓના જોરથી જીવ પાપ કરવાની વૃત્તિવાળો થાય છે. એ સ્થિતિમાં એને શ્રેયસ્કર પ્રવૃત્તિ કરવાની વૃત્તિ સહજ રીતે જાગે એવી શક્યતા તો લગભગ સાવ અસંભવિત છે!

નિસર્ગ સમ્યક્ત્વવાળાને પૂર્વ જન્મોમાં અધિગમ જોઈએ. સમગ્ર ભવચક્રમાં એક પણ અધિગમ વિના જ સમ્યક્ત્વ પામીને મોક્ષે જનારા જીવોની સંખ્યા મરુદેવા માતાની જેમ વિરલ હોય છે, છતાં તેમને પણ સમવસરણની ઋદ્ધિના દર્શનરૂપી અધિગમ તો હતો જ! જીવ શ્રેયસ્કર પ્રવૃત્તિ કરવા અધિગમથી પ્રેરાય છે.

પાપ માટે આલંબનની જરૂરી પડતી નથી અથવા પાપના આલંબનોથી તો જગત ભરેલું જ છે.

પુણ્ય ઉપદેશ વિના થતું નથી. ઉપદેશ માટે વચનની શક્તિ જોઈએ. સિદ્ધાંતો અશરીરી છે, એથી એ સ્વયં ઉપદેશ ન આપી શકે. ઉપદેશ તો મુખ્યત્વે શ્રી અરિહંત ભગવંતો જ આપે. તેઓ પોતાના વચનના અતિશયના કારણે અનેક જીવોને ઉપદેશ આપી સત્ય પ્રવૃત્તિમાં જોડી શકે.

જગતમાં મોક્ષમાર્ગ અને એ માર્ગનાં પ્રતીકો-દહેરાસર-મૂર્તિ-ઉપાશ્રય-શાસ્ત્ર-સંઘ વગેરે, શ્રી અરિહંત ભગવંતોના કારણે જ છે, માટે '**જગતમાં જે કાંઇ શુભ છે, તે શ્રી અરિહંત ભગવંતોના પ્રભાવને લીધે જ છે.**' અરિહંતપણાની પ્રાપ્તિની સામગ્રી પણ શ્રી તીર્થંકર ભગવંતો જ આપે છે.

તીર્થ અને તેનાં પ્રતીકો ઉપદેશ વિના સર્જાતાં નથી. ઉપદેશ આપવા માટે જે પુણ્યબળ જોઈએ, તે તીર્થંકર ભગવંતો પાસે જ છે, માટે '**આજે આપણે જે કાંઈ સાધના કરી શકીએ છીએ તે બધાયમાં શ્રી તીર્થંકર ભગવંતોનો જ ઉપકાર છે**' એ સદા સ્મૃતિપથમાં રહેવું જોઈએ.

આવડો મોટો જેમનો ઉપકાર છે, તેમને ભૂલી જઈને કે એનો સ્વીકાર ન કરીને કોઈ પણ આત્મા, ઉન્નતિના પંથે ગતિ કરી શકતો નથી. આત્મવિકાસના માર્ગે આગળ વધવા માટે સત્યના સ્વીકારની, ઉપકારી પ્રત્યે નમ્રતા અને કૃતજ્ઞભાવની, અનુપકારી અને અપકારી પ્રત્યે મધ્યસ્થતા અને ઉદાસીનતા કેળવવાની પહેલી શરત છે, એના સિવાય કષાયમંદતા, અંતર્મુખતા તથા એવા બીજા આધ્યાત્મિક સદ્ગુણોની પ્રાપ્તિ થતી નથી.

શ્રી તીર્થંકર ભગવંતો આપણા સહુના અનન્ય ઉપકારી છે. જીવનમાં કે જગતમાં જે કાંઇ સારું છે, તે તેમના પ્રભાવે જ છે. એટલે કલ્યાણકામીએ તેઓશ્રીનાં સ્મરણ,

મનન, ચિંતન, ભજન કરીને પૂજન આદિ દ્વારા પોતાનાં સમય-શક્તિ અને શ્વાસોચ્છ્વાસ સાર્થક કરવાં જોઇએ.

શ્રી તીર્થંકર પરમાત્માને ભૂલી જઈને જીવ ભવમાં ભૂલો પડે છે અને જ્યાં ત્યાં અથડાય-રિબાય છે. શ્રી તીર્થંકર પરમાત્મા જેવા નાથને જેઓ ભજે છે, તેઓ જ સાચા સનાથ છે.

卐

# પ્રભુ, પ્રેમ અને વિશ્વાસ

સાધકને માટે દુ:ખનો ભય અને સુખની આસક્તિ બંને ત્યાજ્ય છે. પોતાને દેહસ્વરૂપ માનવામાં પોતાના જ્ઞાનનો અનાદર છે. ઇચ્છા, દ્વેષ, સુખ, દુ:ખાદિ વિકારોની ઉત્પત્તિ દેહભાવથી છે.

ઇચ્છાને પૂરી કરવામાં કઠિનતા પડે છે પણ તેનો ત્યાગ કરવો કઠણ નથી. ઇચ્છાપૂર્તિમાં પ્રાણી પરાધીન છે, ત્યાગમાં સ્વાધીન છે.

પ્રભુ પ્રેમનું પરિણામ માત્ર સદ્ગુણ અને સદાચાર ઉપરાંત પ્રેમ અને વિશ્વાસ છે. જે પ્રભુ ઉપર પૂરો પ્રેમ ધરાવે છે અને વિશ્વાસ સ્થાપે છે, તે પ્રભુની કૃપા પ્રાપ્તિ કરી શકે છે.

હું દેહ નથી, એ વાતને સમ્યક્ પ્રકારે જાણી લેવાથી સમસ્ત વાસનાઓનો અંત આવે છે, ચિત્ત સ્થિર થઈ જાય છે, બુદ્ધિ સમ બની જાય છે, સમસ્ત દુ:ખોનો અભાવ થઈ જાય છે અને ઈશ્વર-પ્રેમની લાલસા જાગે છે અને તે ઈશ્વર મિલાપ કરી આપે છે.

પોતે પોતાને પતિત માને, તો જ પતિત પાવન પરમાત્માના આલંબનથી ઉદ્ધાર થઈ શકે. ભગવાનને પ્રાપ્ત કરવા એ કઠણ કામ છે એમ માનવું તે ભૂલ છે. ભગવાનથી મનુષ્યને જરા પણ દૂરીપણું (Distance) નથી. ભગવાનના શરણે જવાની સાથે તે અપનાવી લે છે. તેના આડે આવનાર કોઈ હોય તો તે મનુષ્યનું અભિમાન છે. આ અભિમાન શરણમાં અવરોધક છે.

## આપણા ભગવાન

ભગવાન સર્વશક્તિમાન, સર્વસુહૃદ, પતિતપાવન દીનવત્સલ અને સર્વગુણ સંપન્ન, પરબ્રહ્મ પરમેશ્વર છે. કોઈપણ પ્રાણી ગમે તેટલો દીન, હીન, નીચ કે પાપી હોય તો પણ તેને અપનાવવા માટે ભગવાન કોઈ પણ સ્થળે કે સમયે શરણાગતવત્સલ હોવાથી તૈયાર છે. શરણાગતિ તે અચૂક શરત છે. તેના પ્રભાવે મનુષ્યના સર્વ દોષ નાશ પામે છે.

મન અને બુદ્ધિને સર્વ પ્રકારે ભગવાનમાં જોડવા માટે વિશ્વાસ ન થવાનાં જેટલાં કારણો હોય તેને શોધીને નાબૂદ કરી દેવાં જોઇએ અને ભગવાન ઉપર વિકલ્પ રહિત

અચળ વિશ્વાસ ધારણ કરવો જોઇએ. કોઇ પણ પરિસ્થિતિમાં ભગવાન ન ભૂલાય તે માટે નામ જપનો અભ્યાસ વધારવો જોઇએ.

અભિમાન કરવાથી ગુણ પણ દોષમાં પલટાય છે. કોઈ પણ ગુણનું અભિમાન થાય ત્યારે સર્વ ગુણી પરમાત્માનું સ્મરણ કરવું એટલે તે અભિમાન ઓસરી જશે અને પરમાત્મ પ્રેમ વૃદ્ધિ પામશે.

જેના પર વિશુદ્ધ પ્રેમ હોય તેના પર અખૂટ વિશ્વાસ હોય જ. પ્રભુ પ્રેમના સાગર છે, એ ત્રિકાલાબાધિત સત્યમાં પૂરો વિશ્વાસ જ્યારે જીવનનો શ્વાસ થાય ત્યારે માનવુ કે જીવન સફળ છે.

સ્થિર-નિત્ય-શુદ્ધ-શાશ્વત-અખંડ-અક્ષય એવા પરમાત્મતત્ત્વથી ચઢિયાતું તત્ત્વ ત્રિલોકમાં કોઈજ નથી. તો પછી પૂર્ણ પ્રેમમય પરમાત્મામાં પૂરેપૂરો વિશ્વાસ મૂકવામાં વિલંબ શા માટે કરવો. પરમાત્મામાં તત્કાલ વિશ્વાસ સ્થાપીને અખૂટ જીવસ્નેહ બાંધવો જોઈએ. પરમાત્માના ચરણે સર્વસ્વ સમર્પિત કરી દેવું જોઇએ.

## પ્રભુનો પ્રેમ અને કામનો ધ્વંસ

પરમાત્મા પોતાના અનંત જીવનમાંથી દયાનું અમૃત નિરંતર વરસાવી રહ્યા હોય છે.

આપણે તેની સન્મુખ થવાની જરૂર છે. વૃત્તિઓને તેની તરફ બરાબર વાળવાની જરૂર છે.

સન્મુખ થયા તે જ ક્ષણે તેમની અનુપમ દયાનો સાક્ષાત્કાર થાય છે.

હૃદય હતાશ થાય અને બુદ્ધિ થાકી જાય, ત્યારે દીનભાવે પરમાત્માને શરણે જવાથી અપૂર્વ શાન્તિ મળે છે. તે વખતે શરણાગતિ વડે, મન, બુદ્ધિ અને પ્રાણને પરમાત્માની નિષ્કામ કરુણાનાં પ્રત્યક્ષ દર્શન થાય છે.

પરમાત્માની શક્તિ અનંત છે, અપાર છે, અપરાજિત છે. પરમાત્માનો પ્રેમ સર્વથા વિશુદ્ધ છે, નિષ્કામ છે. તેમાં રાગની છાંટ તથા કર્મના એક પણ અણુનું મિશ્રણ હોતું નથી.

આવા અનુપમ શક્તિશાળી પરમાત્માને હૃદયનો ગુપ્તમાં ગુપ્ત પ્રદેશ સપ્રેમ અર્પણ કરવામાં આવે તો, કામવાસનાના સૂક્ષ્મમાં સૂક્ષ્મ બીજનો પણ તે સમૂળ ધ્વંસ કરી નાખે છે.

અંતરના ઊંડાણમાં રહેલા પ્રભુના દિવ્ય સ્વરૂપને શરણે રહેવાની કળા જેઓને સિદ્ધ થઈ છે, તેઓને આ બધી વાત પ્રત્યક્ષ છે.

## પૂર્ણતાની દૃષ્ટિ એ જ પ્રેમનું લક્ષણ

ભગવાન અનંત પ્રેમથી ભરેલા છે, એ વાત યથાર્થપણે સમજાય છે, તેની સાથે જ ભગવાન પ્રત્યે અનંત પ્રેમ ઉભરાય છે.

દુનિયામાં 'પ્રેમ' નામ ધરાવનારાં જેટલાં તત્ત્વો છે, તે સર્વમાં ભગવાનનું સ્થાન સર્વોચ્ચ છે.

ભગવાનના પ્રેમ જેવો પ્રેમ ધરાવવાની શક્તિ, ભગવાન સિવાય બીજા કોઈમાં આવી શકતી નથી.

આ સમજણ આવતાંની સાથે જ ભગવાન ઉપર અવિહડ પ્રીતિ–ભક્તિ જાગે છે.

એ પ્રીતિ–ભક્તિને આદિ હોય છે, પણ અંત હોતો નથી. સાદિ અનંત સ્થિતિવાળી પ્રીતિ પ્રભુ સાથે જ થઈ શકે અને બીજા સાથે નહિ જ, એવો શાસ્ત્રીય નિયમ પછી જ યથાર્થ સમજાય છે.

## પ્રેમ અને સ્થિરતા

દર્શન મોહનીય કર્મના ક્ષયથી અનંત પ્રેમ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયથી અનંત સ્થિરતા પ્રાપ્ત થાય છે.

સિદ્ધ પરમાત્માઓ સંસારી જીવોને આત્મતુલ્ય અને આત્મપૂર્ણ દૃષ્ટિથી જુએ છે. માતા પોતાના બાળકને અને બાળક પોતાની માતાને પૂર્ણતાની નજરે જુએ છે. તેથી પરસ્પર અખંડ પ્રીતિ ટકે છે.

સતી સ્ત્રી, નિજ પતિને પરમેશ્વરની દૃષ્ટિથી જુએ છે, તેથી તેની પતિભક્તિ અખંડ ટકી રહે છે.

સિદ્ધ ભગવંતોની પૂર્ણતાની દૃષ્ટિ, પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટાવવામાં પરમ ઉપકારક છે, એ સમજ સિદ્ધ પરમાત્માઓ ઉપર અનંત ભક્તિને પ્રગટાવે છે.

'આત્મસમદર્શન' એ જ 'પ્રેમ' શબ્દનો પર્યાયવાચી શબ્દ છે.

રાગમાં માંગવાનું છે, પ્રેમમાં આપવાનું છે.

આત્મજ્ઞાનનો અર્થ એ છે કે આત્મા ખાતર જેટલું કરી છૂટાય, તેટલું જ પર માટે કરી છૂટવું. અને આત્મા માટે જે કાંઈ થાય છે, તેનો બદલો જેમ માંગવામાં નથી આવતો, તેમ બીજા માટે જે કાંઈ થાય તેનો બદલો પણ ન માગવો. તો જ સાચો પ્રેમ અને સાચી સ્થિરતા, સ્વાધીન બને અને આત્મસુખ અનુભવમાં આવે.

卐

# પૂર્ણ પ્રેમાનંદમયતાનો પ્રયોગ

હૃદયમાં જ્યોતિર્મય પ્રતિમા કલ્પવી, ચતુર્મુખ કલ્પવાથી વધારે અનુકૂળ પડે છે. પ્રકાશમાં ઉજ્જવળ વર્ણના ભગવાનનું થોડી ક્ષણો ધ્યાન કરવું.

ભગવાન પ્રેમરૂપ છે. હૃદયમાં રહેલા ભગવાનમાંથી ચારે બાજુ પ્રેમના ફુવારા ઊડે છે. આ ફુવારાના પ્રવાહ આપણા શરીરમાં ફેલાય છે. આપણા લોહીના અણુએ અણુ અને આત્મપ્રદેશો પ્રેમરૂપ બને છે. આપણે પોતે પ્રેમ સ્વરૂપ બનીએ છીએ.

આ ભગવાન આનંદરૂપ છે. પૂર્ણાનંદમય છે. આ આનંદસુધા ભગવાનમાંથી નીકળી આપણી સમગ્રતામાં ફેલાય છે. આપણે આનંદ-સ્વરૂપ હોવાનો અનુભવ કરીએ છીએ.

ભગવાન અવ્યાબાધ સુખરૂપ છે. આ સુખ ભગવાનમાંથી આપણામાં ફેલાય છે અને આપણે સુખમય બનીએ છીએ.

ભગવાન અચિન્ત્ય શક્તિયુક્ત છે. તે શક્તિનો પ્રવાહ આપણી સમગ્રતામાં ફેલાવાથી આપણે શક્તિસ્વરૂપ બનીએ છીએ. મહાન કાર્યો સિદ્ધ કરવાની શક્તિવાળા બનીએ છીએ.

ભગવાન સમૃદ્ધિના ભંડાર છે. તેમાંથી સમૃદ્ધિ આપણામાં ભરાય છે. આપણે સમૃદ્ધિથી પૂર્ણ બનીએ છીએ.

હૃદયમાં રહેલી ભગવાનની પ્રતિમા હવે ધીમે ધીમે મોટી બનતી જાય છે. મોટી બનતાં આપણા શરીર પ્રમાણ બને છે. આપણે હવે પરમાત્મ સ્વરૂપ છીએ, પૂર્ણ છીએ, તે પૂર્ણ સ્વરૂપને થોડો સમય નિર્નિમેષ જોઈ રહેવું. એટલે પૂર્ણ પ્રેમાનંદમયતાનો સચોટ અનુભવ થશે, તેમ જ અન્ય સર્વ અવસ્થાઓના વળગાડ છૂટી જશે.

ગમે તેવા ક્લિષ્ટ સંયોગોમાં બાર નવકાર ગણી આ પ્રયોગ કરવાથી મનમાં શાંતિ અને આનંદ-આનંદ થઈ જાય છે. કારણ કે આપણે પોતે જ આનંદ અને સુખના મહાસાગર છીએ, એ હકીકત ભૂલાઇ જવાથી અશાન્તિ-ઉદ્વેગ વગેરે આપણને અશાન્ત બનાવે છે. આ પ્રયોગથી આપણામાં ખરેખર રહેલા આનંદ અને સુખનું સચોટ ભાન થાય છે અને ઉદ્વેગ અને અશાન્તિના સ્થાને આનંદ અને શાંતિનો અનુભવ થાય છે.

પુષ્પની કળીએ કળીએ ખીલવતા રવિકિરણની જેમ હૃદય સમસ્તને પુલકિત બનાવી દેનારા આ પ્રયોગમાં યોગ દ્વારા સાંપડતા અક્ષય સુખનું પ્રદાન કરવાની શક્તિ છે.

## પ્રેમની અભિલાષા

પ્રેમ આપણને સમગ્ર સાથે જોડે છે. પ્રેમના અભાવમાં આપણે સમગ્ર અસ્તિત્વથી અલગ અને અટુલા થઈ જઇએ છીએ. પ્રેમ વિના ખરે જ દરેક જણ એકાકી છે.

પ્રેમ જ જીવન છે. પ્રેમ સિવાય કોઈ જીવન નથી. ભાષામાં સૌથી મૂલ્યવાન શબ્દ કયો ? 'પ્રેમ' પ્રેમ એ જ પરમાત્મા છે. પ્રેમ એ જ આત્મા છે.

શરીર અને મનની પેલી પારના પ્રદેશમાંથી જે આવે છે, તે કિરણ પ્રેમનું છે. પ્રેમ એક અપાર્થિવ ઘટના છે. સત્યમાં જે નિકટતા નથી તે પ્રેમમાં છે. **સત્ય એ જાણવાની વાત છે. પ્રેમ એ બનવાની વાત છે.**

અસ્તિત્વ એક અને અવ્યય છે. સર્વના સ્વીકાર અને સહકારમાં પ્રેમ ફલિત થાય છે. એક વ્યક્તિ સાથે સંબંધ, પ્રેમના માધ્યમ દ્વારા બંધાય છે; મતલબ કે 'હું' ને **છોડી દેવો તે 'પ્રેમ' કહેવાય છે.**

જ્યારે સહુ કોઈની પ્રત્યે પોતાના 'હું' ને જે છોડી દે છે, તે ખુદ પોતે જ 'પ્રેમ' બની જાય છે. એવો પ્રેમ એ જ ભક્તિ છે.

પ્રેમમાં 'સ્વ' અને 'પર'નું અતિક્રમણ છે. જ્યાં 'સ્વ' કે 'પર' નથી ત્યાં જ સત્ય છે. માટે જેમને તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે. એ ક્ષણ સુધી, એ સાધના ચાલુ રાખવી પડશે કે જ્યાં પ્રેમી અને પ્રિય મટી જાય અને કેવળ પ્રેમ જ શેષ રહે.

અહિંસા શું છે ? આત્માને જાણી લેવો તે અહિંસા છે. હું, મને-પોતાને જાણવામાં સમર્થ બની જાઉં, તો સાથેસાથે સહુની અંદર જેનો વાસ છે તેને પણ જાણી શકીશ. આ ભાવનામાંથી પ્રેમ પ્રકટે છે અને પ્રેમ માટે કોઈને પણ દુઃખ દેવાનું અસંભવિત છે. કોઈને પણ દુઃખ દેવાની આ અસંભાવના એ અહિંસા છે.

**'અહં'**

આત્મ-અજ્ઞાનનું કેન્દ્રવર્તી લક્ષણ 'અહં' છે. આત્મજ્ઞાનનું કેન્દ્રીય લક્ષણ 'પ્રેમ' છે.

જ્યાં 'અહં' શૂન્ય છે ત્યાં 'પ્રેમ' પૂર્ણ બને છે. 'અહં' સંકીર્ણ છે, પ્રેમ વિરાટ છે. 'અહં' અણુસ્થિત છે, પ્રેમ બ્રહ્મ છે.

'અહં'નું કેન્દ્ર વ્યક્તિ છે; પ્રેમનું કેન્દ્ર સમષ્ટિ છે. 'અહં' પોતાને માટે જીવે છે, 'પ્રેમ' સહુને માટે જીવે છે. 'અહં' શોષણ છે, 'પ્રેમ' સેવા છે. અને **પ્રેમમાંથી સહજ રીતે પ્રવાહિત થતી સેવા એ જ અહિંસા છે.**

પ્રજ્ઞાનું સાધન સમાધિ છે, મતલબ કે સમાધિ સાધન છે, પ્રજ્ઞા સાધ્ય છે. પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે.

પ્રેમ કેવી રીતે મેળવવો ? પ્રેમ સીધો મેળવી શકાતો નથી. એ તો પરિણામ છે. પ્રજ્ઞાને મેળવો તો એના પરિશ્રમના વળતર તરીકે પ્રેમ મળી જાય છે.

પ્રજ્ઞા હોય, અને પ્રેમ ન હોય, એ સંભવિત નથી. જ્ઞાન હોય, ને અહિંસા ન હોય, એ શી રીતે બની શકે ?

આથી જ અહિંસાને સાચા જ્ઞાનની કસોટી માનવામાં આવી છે, તે પરમ ધર્મ છે, પરમ પ્રેમ છે. કારણ કે, તે આત્યંતિક કસોટી છે. એની કસોટીમાં જે ખરો ઊતરે, તે જ ધર્મ ખરો સાબિત થાય છે.

પ્રજ્ઞા કેવી રીતે પ્રાપ્ત થાય? આપણામાં જે જ્ઞાનશક્તિ છે, તે વિષયમુક્ત બની જાય, તો તે પ્રજ્ઞા બની જાય. વિષયના અભાવમાં જ્ઞાન પોતાને જ જાણે છે.

પોતાના દ્વારા પોતાનું જ્ઞાન એ જ પ્રજ્ઞા છે. એ જ્ઞાનમાં કોઈ જ્ઞાતા નથી, કોઈ જ્ઞેય નથી. માત્ર જ્ઞાનની શુદ્ધ શક્તિ જ હોય છે. એનું સ્વયં વડે સ્વયંનું પ્રકાશિત થવું તે પ્રજ્ઞા છે.

જ્ઞાનનું આ સ્વયં પરથી પાછા ફરવું, તે માનવચેતનાની સૌથી મોટી ક્રાંતિ છે. આ ક્રાંતિથી જ મનુષ્ય સ્વયં સાથે સંબંધિત થાય છે અને જીવનનું પ્રયોજન તથા જીવનની અર્થપૂર્ણતા તેની સમક્ષ પ્રગટ થાય છે.

આવી ક્રાંતિ સમાધિમાંથી ઉપલબ્ધ થાય છે. પ્રજ્ઞાનું સાધન સમાધિ છે. પ્રજ્ઞા સાધ્ય છે, પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે; પ્રેમ એ પરિવાર પણ છે. પરિવાર એ પ્રેમનું પહેલું પગથિયું છે. એ યાદ રહે કે, પ્રથમના અભાવમાં અંતિમનો કોઇ આધાર નથી.

પ્રેમ વડે પરિવાર બને છે. પ્રેમના વિકાસથી પરિવાર મોટો થતો જાય છે, પછી એ પરિવારની બહાર કોઈ રહેતું નથી ત્યારે તે 'પ્રભુ' બની જાય છે. 'વસુધૈવ કુટુંબકમ્.'

પ્રેમના અભાવમાં, મનુષ્ય નિજતામાં પૂરાઇ જાય છે. 'પર' સાથે તેનો કોઈ 'સેતુ' રહેતો નથી. એ ક્રમિક મૃત્યુ છે. **જીવન તો પારસ્પરિકતા છે. જીવન સંબંધોમાં છે.**

## આનંદનો જન્મ

મનુષ્યમાં સર્વના પ્રતિ પ્રેમનો જન્મ ત્યારે થાય છે, કે જ્યારે પોતાની અંદર આનંદનો જન્મ થાય છે. મૂળ પ્રશ્ન આનંદાનુભૂતિનો છે. અંતરમાં આનંદ હોય તો આત્માનુભૂતિથી પ્રેમ ઉપજે છે.

જે પોતાના આત્યંતિક અસ્તિત્વથી અપરિચિત છે, તે કદી પણ આનંદને પ્રાપ્ત કરી શકતો નથી. 'સ્વરૂપમાં' પ્રતિષ્ઠા તે જ આનંદ છે. એ કારણે પોતાની જાતને જાણવી એ નૈતિક અને શુભ થવાનો માર્ગ છે.

પોતાને જાણતાં જ આનંદનું સંગીત ગુંજવા માંડે છે, પછી જેના દર્શન પોતાની અંદર થાય છે, તેનાં જ દર્શન સમસ્તમાં થવા લાગે છે.

પોતાને જ સર્વમાં પામીને, પ્રેમનો જન્મ થાય છે. પ્રેમથી મોટી કોઇ પવિત્રતા નથી અને પ્રાપ્તિ નથી જે એને મેળવી લે છે, એ જીવનને મેળવી લે છે.

પ્રેમ એ રાગ નથી. રાગ એ પ્રેમનો અભાવ છે. તે ઘૃણાથી વિપરીત વસ્તુ છે. રાગ અને ઘૃણાની જોડી છે. રાગ કોઈપણ સમયે ઘૃણામાં પરિવર્તિત થઈ શકે છે, પ્રેમ નહિ !

પ્રેમ એ ઘૃણા અને રાગથી જુદી વસ્તુ છે, તે ઉપેક્ષા પણ નથી. ઉપેક્ષા માત્ર અભાવ છે. પ્રેમ એક અત્યંત અભિનવ શક્તિનો સદ્ભાવ છે. તે શક્તિ પોતાનામાંથી સહુના પ્રત્યે વહે છે, બધાથી આકર્ષિત થઈને નહિ, પણ પોતાનામાંથી સ્ફુરિત થઈને વહે છે.

પ્રેમ સંબંધમાં સીમિત હોય તો તે રાગ છે. તે અસંબંધ હોય તો અહિંસા છે. અસંબંધ, અસંગ, સ્વયં-સ્ફુરિત આ બધા એક જ અર્થ છે.

પાડે તે પ્રેમ નહિ, પણ રાગ, તારે તે પ્રેમ! પ્રેમમાં 'પડવાનું' હોય જ નહિ, ચઢવાનું હોય છે. આત્મા આત્માને ઓળખે, આવકારે અને અપનાવીને આલિંગે એ પ્રેમની પ્રક્રિયા છે. પ્રેમનો પરિઘ લોકવ્યાપી છે. જયાં સુધી કોઈ એક પણ જીવ તરફનો દ્વેષ હૈયામાં હોય, ત્યાં સુધી ' પ્રેમ ' પૂરો પાંગર્યો ન કહેવાય. કારણ કે પ્રેમમાં દ્વેષને સ્થાન નથી હોતું, માટે જ પ્રભુ પ્રેમ સર્વશ્રેષ્ઠ ગણાય છે. તે જ સાધ્ય છે, તે જ તારક છે.

વીતરાગ પરમાત્મા વિશ્વવાત્સલ્ય યુક્ત છે. એમની ભક્તિ દ્વારા આપણે પણ સાચા પ્રેમના પાત્ર બની શકીશું.

卐

# આત્મસમ અને આત્મપૂર્ણ દૃષ્ટિ

સર્વ જીવોને આત્મતુલ્ય જોવાથી સ્વાર્થવૃત્તિ મોળી પડે છે અને નિઃસ્વાર્થવૃત્તિ પ્રબળ બને છે.

સિદ્ધ ભગવંતો સર્વજીવોને તુલ્ય દૃષ્ટિથી અને પૂર્ણ દૃષ્ટિથી સાક્ષાત્ જુએ છે. કોઈ પણ જીવને પરિપૂર્ણ જોવો, એ એના ઉપરના અનંત પ્રેમને સૂચવે છે.

માતા પોતાના બાળકને જે રીતે પૂર્ણ દૃષ્ટિથી જોઈ શકે છે, તે રીતે બીજા જોઈ શકતાં નથી. માટે જ માતાનો પ્રેમ, બીજા બધાના પ્રેમ કરતાં ચઢિયાતો ગણાય છે.

સિદ્ધભગવંતોને સંસારના સકળ જીવો પ્રત્યે અનંત પ્રેમ છે અને તે નિરંતર વૃદ્ધિ પામવાના સ્વભાવવાળો છે.

મતલબ કે સંસારાવસ્થામાં રહેલા જીવો ગમે તેટલા દોષોથી ભરેલા હોય, તો પણ તેમનું શુદ્ધ સ્વરૂપ સિદ્ધ પરમાત્માના જ્ઞાનમાં સાક્ષાત્ છે, તેથી તેમનો પ્રેમ પૂર્ણ જ રહે છે.

માતાનો પ્રેમ જેમ તેના બાલ્યકાળમાં પારખી શકાતો નથી, તેમ અચરમાવર્તરૂપી ભવના બાલ્યકાળમાં સિદ્ધ પરમાત્માઓનો પ્રેમ ઓળખી શકાતો નથી. પરંતુ ચરમા-

વર્તકાળમાં પ્રવેશ થતાંની સાથે ભવની યોવનાવસ્થા આવે છે અને વિવેકરૂપી ચક્ષુ પ્રાપ્ત થાય છે, એટલે તરત જ ભગવાનનો મહિમા સમજાય છે. 'ભગવાન અનંત પ્રેમથી ભરેલા છે' એ શાસ્ત્ર સત્ય સમજાય છે. તેની સાથે જ ભગવાન પ્રત્યે આનંદ પ્રેમ ઉભરાય છે.

દુનિયામાં પ્રેમ નામ ધરાવનારા જેટલાં તત્ત્વો છે, તે સર્વમાં ભગવાનનું સ્થાન સર્વોચ્ચ છે.

ભગવાનના પ્રેમ જેવો પ્રેમ ધરાવવાની શક્તિ કોઈનામાં આવી નથી. આ સમજણ આવતાંની સાથે જ ભગવાન ઉપર અવિહડ પ્રીતિ-ભક્તિ જાગે છે. એ પ્રીતિ-ભક્તિને આદિ હોય છે, પણ અંત હોતો નથી. સાદિ અનંત સ્થિતિવાળી પ્રીતિ પ્રભુ સાથે જ થઈ શકે, બીજા સાથે નહિ, એવો શાસ્ત્રીય નિયમ પછી યથાર્થપણે સમજાય છે.

卐

# પરમને પ્રણામ

બીજાનાં દુઃખ દૂર કરવાં તે પરમાત્માનો સ્વભાવ છે. તેથી પરમાત્મા નિત્યવંદનીય છે.

ઘણા કહે છે કે પરમાત્માને વંદન કરવાથી શો લાભ?

પરમાત્માને વંદન કરવાથી પાપની સાથે પાપબુદ્ધિનો પણ નાશ થાય છે, કારણ કે પરમાત્મા સર્વથા નિષ્પાપ છે. પરમાત્માને વંદન કરવાથી અવંદનીય પદાર્થોને વંદન કરવાની નબળાઈ દૂર થાય છે. વંદન એકલા શરીરથી નહિ, પણ શરીરની સાથે મન અને હૃદયથી કરવું જોઈએ. તેથી મન અને હૃદયમાં પ્રભુતા પ્રગટે છે અને પશુતા પલાયન થઈ જાય છે.

દુઃખમાં સાથ આપે તે ઈશ્વર. સુખમાં સાથ આપે તે જીવ-અર્થાત્ દુઃખમાં ઈશ્વરના ધ્યાનથી શાંતિ પ્રાપ્ત થાય છે. જ્યારે જીવ એ સુખમાં જ સાથી છે. સ્વાર્થના કારણે સુખમાં સૌ સાથ આપે છે, દુઃખમાં કોઈ સાથ નથી આપતું.

જીવ પ્રભુના ધ્યાનથી પળ માટે પણ દૂર થાય છે ત્યારે વિષયો કષાયો તેને ઘેરી લે છે. પ્રભુના ધ્યાનમાં પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવામાં વિષયો વેગળા રહે છે, માટે પ્રત્યેક કાર્યના પ્રારંભમાં પ્રભુને પ્રણામ કરો.

પ્રણામથી પ્રસન્ન થાય તે પરમાત્મા છે અને પદાર્થથી પ્રસન્ન થાય તે જીવાત્મા છે. પરમાત્માને પ્રણામ નહિ કરનારા પણ પોતાની આવશ્યકતાને પ્રણામ કરે છે એનો અર્થ એ થયો કે આ દુનિયામાં કોઈ એવો જીવ નથી કે જે પ્રણામ કર્યા સિવાય રહી શકતો હોય. પરમાત્મા એ જ જેની પરમ આવશ્યકતા છે તે પરમાત્માને પ્રણામ કર્યા સિવાય રહી શકતો નથી.

ભૌતિક આવશ્યકતાઓ હંમેશાં અધૂરી જ રહે છે, માટે તેને પ્રણામ કરવામાં બુદ્ધિમત્તા નથી. જ્યારે પરમાત્માને પ્રણામ કરવામાં બુદ્ધિની સાર્થકતા છે, કારણ કે તેના ફળરૂપે સર્વ ઇચ્છાઓનો અંત થાય છે અને પરમસુખ પ્રાપ્ત થાય છે.

## મહાન કોણ?

અલ્પાત્મા અલ્પને પ્રણામ કરે. મહાન્ આત્મા મહાનને પ્રણામ કરે. મહાન તે છે કે જે પરમ ઐશ્વર્યમય છે. અલ્પની સંગે મહાનતા ન પાંગરે. અલ્પ તે છે કે જે રાગદ્વેષ યુક્ત છે, વિષય કષાયને આધીન છે અને તેમાં જ આસક્ત રહી જીવન જીવનાર છે.

પરમને પ્રણામ એ તો જીવનના પરમ સૌભાગ્યનું બીજ છે. સર્વ મંગળનું આદિ કારણ છે. જેના ઉપકારો અનંત છે તે પરમાત્માને જ ચઢતે પરિણામે પ્રણામ કરવામાં જ મનની સાર્થકતા છે.

## પરમ કૃપાળુ પરમાત્મા વંદનીય છે

ભગવાનને વંદન કરવાથી સર્વ પાપનો નાશ થાય છે. વંદન એકલા શરીરથી નથી કરવાનું, પણ શરીરની સાથોસાથ મનથી કરવાનું છે.

વંદન એટલે ક્રિયાશક્તિ અને બુદ્ધિશક્તિ. બંને પ્રભુને સમર્પિત કરવાના છે. પરમાત્માને વંદન પૂર્ણભાવથી કરવાનું છે. પરમાત્માના જીવાત્મા ઉપર અનંત ઉપકાર છે. બોલવા જીભ, જોવા આંખ, સાંભળવા કાન, વિચારવા મન, નિર્ણય કરવા બુદ્ધિ—આ બધું પરમાત્માની કૃપાથી મળ્યું છે—તે ઉપકારોને યાદ કરી 'હું પરમાત્માનો ઋણી છું,' એવા ભાવથી વંદન કરવાનું છે.

મારા પાપ અનંત છે તેમ હે નાથ! તારી કૃપા પણ અનંત છે, એવા ભાવપૂર્વક કરેલ વંદન સફળ થાય છે. જેને વંદન કરવાથી આત્મહિત થાય તેને જ વંદન કરવાનું છે. વંદન તેને થાય કે જે સર્વ કર્મના બંધનથી મુક્ત છે અને મુક્તિપ્રદાયક ગુણના પ્રકર્ષને પામેલા છે. ભગવાનને વંદન કરવાથી, જીવ કર્મના બંધનથી મુક્ત થાય છે.

દેવ, દેવેન્દ્ર કે ચક્રવર્તીને વંદન કરવાથી જે કાંઈ મળી શકે અથવા તેઓ જે કાંઇ આપી શકે તે તો જીવે અનાદિ આ સંસારમાં ભમતાં અનેકવાર મેળવ્યું છે, તેમ છતાં હજુ તે મેળવવાની ઝંખના પૂર્ણ થઈ નથી.

અધૂરી આ ઝંખના એમ બતાવે છે કે આપણે પૂર્ણ પરમાત્માને, સાચા પૂરા ભાવથી નમ્યા નથી. પરમાત્માને શ્રદ્ધાપૂર્વક નમનારને પૂર્ણતા પ્રાપ્ત થાય છે, પણ તે નમન સમર્પિત થઈને કરવાનું છે. માટે વિના વિલંબે તેમની પરમાત્માની ભક્તિમાં બધી શક્તિને સમર્પિત કરતાં થઈએ.

卐

# હું નહિ, તું નહિ, તે

વિષમ સંયોગો ઉત્પન્ન થાય નહિ, તો જગત તરફ યથાર્થ વૈરાગ્ય ઉત્પન્ન થાય નહિ.

વ્યવહારિક દૃષ્ટિના જીવનમાં સમ–વિષમપણું અનુભવમાં આવ્યા સિવાય રહે જ નહિ, પણ જ્યારે અહંકાર કરવા 'હું' જ ન રહ્યો તો 'તું' પણ ન રહ્યો. જે કાંઈ રહ્યું તે 'તે' રહ્યું.

ઘડો પાણીમાં ડૂબેલો રહે ત્યાં સુધી પાણીમાં ને પાણીમાં તેને ગમે ત્યાં લઈ જાઓ પણ તેનું વજન લાગતું નથી. ઘડાને પાણીની બહાર કાઢો કે તરત જ વજન લાગવાનું. તેમ મનને જ્યાં સુધી પરમાત્મામાં (આત્મ–સ્વરૂપમાં) ડૂબેલું રાખીશું, ત્યાં સુધી જગતનો બોજો લાગવાનો નથી.

પ્રભુને આપણાથી ભિન્ન જોયા કે દુઃખરૂપી બોજો લાગવાનો, તરત જ લાગવાનો, વસ્તુસ્થિતિ બધાની એમ જ થયા કરે છે.

માટે 'હું' નો પક્ષ છોડાને પ્રભુના જ પક્ષકાર બનવું જોઈએ પ્રભુ પ્રેમના સમુદ્રરૂપે સર્વત્ર બિરાજે છે. મનને તેમાં નિમગ્ન રાખવાથી સઘળો રાગ વૈરાગ્યમાં બદલાઈ જાય છે અને અપૂર્વ શાંતિ અનુભવાય છે.

## શાંતિની ચાવી

સાક્ષીભાવ રાખી, દેહ–ભાન જાણી જોઈને ભૂલી જવું એ શાંતિની ચાવી છે. આપણું ધન અગર બળ એ પ્રભુ ઉપરનો વિશ્વાસ છે. પ્રભુ એટલે સાક્ષી-ચેતન-આત્મા. તે સહુથી અધિક ધનવાન અને સહુથી અધિક બળવાન છે.

પ્રભુ–પરાયણ થવાનો આપણને વારસો મળ્યો છે, તેનું ગૌરવ હોવું જોઈએ. અન્ન–જળ સિવાય ચાલે, પણ પ્રભુ સિવાય ઘડીભર પણ જીવી શકીએ નહિ, પ્રભુ સિવાય બીજા કોઈનો પણ ડર રાખવાની જરૂર નથી.

પ્રભુ તરફનો પ્રેમ અને એ માટે નામનું રટણ એ પ્રબળમાં પ્રબળ સાધન છે.

આપણું બધું કામ પ્રભુ કરી રહ્યા છે, એનો અર્થ એ છે કે આત્મતત્ત્વ કરી રહ્યું છે. એ દિવ્ય શક્તિ સિવાય કોઈથી કશું જ થઈ શકતું નથી.

ભગવાનની શક્તિ સિવાય સૂકું પાન પણ ચાલી શકતું નથી. એનો અર્થ, ક્રિયા માત્ર ચેતનની શક્તિથી થાય છે. ચેતનની દિવ્ય શક્તિ એ જ પ્રભુનું સામર્થ્ય છે.

अणुमात्रमपि तन्नास्ति, भूवनेऽत्र चराचरे ।
तदाज्ञानिरपेक्षं हि, यज्जायेत कदाचन ॥१॥

પ્રભુ પર સંપૂર્ણ વિશ્વાસ રાખવાથી અખૂટ શાંતિ અનુભવી શકાય છે, કારણ કે પ્રભુ પોતે પરમ સામર્થ્યવાન હોવા ઉપરાંત પરમ શાંતાકાર છે.

## તમે કોણ છો?

આપણા અને પરમાત્મા વચ્ચે આપણો ક્ષુલ્લક અહંકાર, એ જ અંતરાય છે. જરા પણ વિહ્વળતા થાય તો સમજવું કે અહંકારે ક્યાંક પ્રવેશ કર્યો છે. તમે કોણ છો એ સમજાયું એટલે બીજી બધી વાત સમજવામાં મુશ્કેલી નહિ આવે.

પ્રસૂતિની વેદના થયા પછી જ બાળક જન્મે, એ કુદરતી નિયમનું કોઈથી પણ ઉલ્લંઘન થઈ શકતું નથી. બધાં પ્રપંચોને ઉપાસના કરીને જ બોલાવ્યા છે. હવે એ પંચમહાભૂતની ઉપાસના છોડીને, ચૈતન્યની ઉપાસના કરીએ એમ અનુભવ કહે છે, શિખવે છે કે ઉપાસના કરીને જેને આણ્યા છે તેનું ઋણ હસતે મુખડે ચૂકવીએ.

સાચી પ્રાર્થનામાં પોતે શૂન્યવત્ બની જાય અને સર્વત્ર ચૈતન્યતા દર્શન કરે. કાંઈ માગવાનું છે જ નહિ. ન્યૂનતાનો અનુભવ એ પોતાના સ્વરૂપની પરિપૂર્ણતા વિષેનું અજ્ઞાન છે. આ અજ્ઞાન પ્રભુ પરના ભરોસાને ઢીલો પાડે છે અને માનવી જાતે દુઃખી થાય છે. પોતાની અસલ જાતને ઓળખી લીધા પછી બધાં દુઃખ નાશી જાય છે.

## જગતનો દેણદાર

જ્યાં 'હું' મૂકવું જોઈએ, ત્યાં મૂકાતું નથી, અને જ્યાં 'હું' ન મૂકવું જોઈએ ત્યાં મુકાય છે—એટલે બધી અશાંતિ ઊભી થાય છે. એને નિવારવા માટે **માણસે હંમેશાં યાદ રાખવું જોઈએ કે, તે કુટુંબનો, નાતનો, ગામનો, દેશનો અને દુનિયા આખીનો દેવાદાર છે. કોઇ પણ દિવસે તે લેણદાર નથી. પછી તેને અશાંતિનું કારણ રહેતું નથી.** કારણ કે, લેવાની વૃત્તિમાંથી જ અશાંતિ અને ઉદ્વેગ જન્મે છે; પણ મારે તો દેવું ચૂકવવાનું છે—એવી સમજ આવી જતાં, સઘળી પ્રવૃત્તિ શાંતિવર્ધક બનવા માંડે છે.

આ સમજના મૂળમાં જગતના બધા જીવો મારા ઉપકારી છે—એ ભાવ મુખ્યતયા કામ કરતો હોય છે. આ ભાવનો સ્વીકાર કરવાથી જ 'અહં' અને 'મમ' ના મૂળિયા ઢીલાં પડે છે અને જીવન પરમાર્થ–પરાયણ બની શાંતિનું ધામ બને છે.

હું ઉપકારી છું, એ સમજમાંથી જન્મતો અહંકાર, જીવને જગતનો અધિક દેવાદાર બનાવીને વધુ કંગાળ બનાવે છે. માટે પરના નાનામાં નાના ઉપકારને પણ પર્વત તુલ્ય માનવામાં સ્વશ્રેય છે અને તો જ વિનમ્રતા સચવાશે. ઋણમુક્તિની વૃત્તિ વિકસશે અને તેમાંથી ભવમુક્તિની યોગ્યતા આપોઆપ વિકાસ પામશે.

卐

# હૃદયમાં ઈશ્વર

પરમાત્માનું નામ હૃદયમાં સ્થિર થતાં જ જાણે પરમાત્મા સાક્ષાત્ દેખાતા હોય તેવું લાગે છે, જાણે હૃદયમાં પ્રવેશ કરતા હોય, મધુર આલાપ કરતા હોય, સર્વ અંગોમાં અનુભવાતા હોય અને તન્મયી ભાવને પામતા હોય તેવું લાગે, ત્યારે સર્વ કલ્યાણોની સિદ્ધિ થાય છે.

આપણા હૃદયમાં આજે કોણ રાજે છે? ત્યાં રાજ કોણ કરે છે? તે આપણે જોવા, વિચારવાનું છે.

અહંના રાજ્યમાં રહી-રહીને કંટાળેલા વિવેકી જીવોને આ પ્રશ્ન સહેજે સ્ફુરે તેમ છે.

ખરો આનંદ, પૂરી સલામતી, સંપૂર્ણ નિશ્ચિંતતા પરમાત્માના સામ્રાજ્યમાં રહેવાથી અનુભવવા મળે છે. હૃદય પરમાત્માને આપી દેવાથી પરમાત્માનું સામ્રાજ્ય સમગ્ર જીવન ઉપર સ્થપાય છે.

તાત્પર્ય કે પરમાત્માને હૃદયેશ્વર બનાવવાથી એક એવા અનુપમ, અપૂર્વ, અલૌકિક જીવનનો અનુભવ થાય છે કે જેમાં આનંદ જ હોય છે. કોઈ પ્રકારના ભય કે ચિંતા આદિ દોષોનો એક અંશ પણ હોતો નથી.

જેઓશ્રીએ બધા જીવાત્માઓને પોતાના જેવા પૂર્ણ વિકસિત, સર્વથા નિર્લેપ અને સ્વતુલ્ય સ્થાન આપ્યું, તે પરમાત્માને પોતાનું હૃદય આપવામાં થતો સંકોચ, ક્ષોભ, પ્રમાદ, ઢીલાશ એ વાસ્તવમાં મોહનું તોફાન છે. જે જીવમાત્રને જબરજસ્ત પજવે છે.

માનવભવની પૂરી સાર્થકતા તેને પરમાત્માના નામગુણાદિ વડે ભરી દેવામાં છે અને તેનો સચોટ ઉપાય પરમાત્માને હૃદયેશ્વર બનાવવા તે છે.

અર્ધી રાતે કોઈ આવીને પૂછે કે તમારા મન-હૃદયમાં કોણ છે? તો આપણે શો જવાબ આપીએ? એવો જવાબ આપી શકીએ ખરા કે અમારા મન-હૃદયમાં પરમાત્મા છે!

આ જ જવાબ એ સંસાર તરવાનો ઉપાય છે.

卐

# માન-દાનનો પ્રભાવ

માનવને માન-કષાયની અધિકતા છે, માટે અભિમાન મૂકીને પૂજ્ય વ્યક્તિઓને નામ-ગ્રહણપૂર્વક માન-આપવામાં માનવજન્મની સાર્થકતા છે.

દેવ-ગુરુના નમસ્કારથી ધર્મનો પ્રારંભ થાય છે. તેના મધ્યમાં અને અંતમાં પણ નમસ્કાર વડે જ, માનરહિત અને જ્ઞાનસહિત થવાય છે, માટે જ શ્રી નવકાર પરમ મંગળકારી છે.

બીજાની જેમ જ આપ્તજનોની ડાહી વાતો માનવાની ટેવ પાડવાથી માન ઘસાય છે અને ધર્મનું મૂળ વિનય પુષ્ટ થાય છે. આધ્યાત્મિક સુખ અને શાંતિ મેળવવાનો ઉપાય, પોતાનું માનવાનો નહિ પણ બીજાનું માનવાનો છે.

દરેક ક્ષેત્રમાં માનવીનો વિકાસ, માનવીને માન આપવાથી થાય છે, માન માગવાથી નહિ! અર્થાત્ મન, વચન અને કાયાથી બીજાને માન આપતાં શીખવું. એ જ આત્મ-વિકાસનો સરળ અને નિશ્ચિત માર્ગ છે.

પ્રભુની આકૃતિના દર્શનથી સાલોક્ય મુક્તિ, પ્રભુના નામનું ગ્રહણ કરવાથી સામીપ્ય મુક્તિ. પ્રભુના આત્મદ્રવ્યના ચિંતનથી સારૂપ્ય મુક્તિ અને પ્રભુના ભાવની સાથે તન્મય થવાથી સાયૂજ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે. એ ચારે પ્રકારની મુક્તિ 'માન' મુક્તિના પર્યાય-રૂપ મુક્તિ છે.

પૂજ્યોનાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને ભક્તિપૂર્વક હૃદયમાં સ્થાન આપવાથી, માન–કષાયથી મુક્ત થવાય છે. 'માન–મુક્તિ'થી અન્ય કષાયોની મુક્તિ સુલભ બને છે. દાન પણ માન છોડવા માટે હોય, તો જ ધર્મરૂપ બની શકે છે, પ્રત્યેક ધર્મક્રિયા મુખ્યત્વે માનવને માન–કષાય ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વિહિત છે.

## પ્રસન્નતાનું દાન

પ્રસન્નતાનું દાન જેમાં એક બદામ પણ ન બેસે એવું દાન છે અને છતાં, બીજું એવું એક પણ દાન નથી, કે જે તેના દાતાને એના જેવું ફળ આપે.

જેના તેના પ્રતિ નિરંતર પ્રસન્ન દૃષ્ટિથી જોવું તે, પ્રસન્નતાનું એટલે કે સન્માનનું દાન છે. પ્રત્યેક પ્રસન્નતા સંપત્તિને ઉત્પન્ન કરનાર છે, અર્થાત્ સંપત્તિની પૂર્વે દોડનાર ઘોડેસ્વાર છે, સંપત્તિની બિરદાવલી બોલનાર છડીદાર છે.

પ્રભુભક્તિમાંથી પ્રગટતી ચિત્તની પ્રસન્નતા, એ એક એવી ચુંબકીય શક્તિ છે કે જેના પ્રભાવે શત્રુ પણ મિત્ર બને છે. આપત્તિ સંપત્તિમાં ફેરવાઈ જાય છે અને કોઈ પણ જાતના કંટાળાને પ્રાયઃ અવકાશ નથી રહેતો.

卐

# પ્રાર્થના અને શુભેચ્છા

પુણ્યનું ફળ શુભ છે, તેથી તે બીજા માટે ઇચ્છાય!

પાપનું ફળ અશુભ છે, તેથી તે બીજા માટે ઇચ્છાય નહિ!

વળી ઇચ્છા કે સંકલ્પ પુણ્યવાનના જ ફળે છે, પાપીના નહિ! તેથી પાપનું ફળ, કોઈ બીજા માટે ઇચ્છે, તો પણ તે ઇચ્છા વંધ્ય જ રહે છે.

બીજાના અશુભની ઇચ્છા, બીજાને અશુભ કરે કે ન કરે, પણ પોતાના શુભનો તો ઘાત કરે જ છે. અશુભ ઈચ્છયું ત્યાં જ શુભ પલાયન થયું સમજવું.

કોઈને પોતાનું અશુભ ગમતું નથી–એ હકીકત જ સર્વ માટે શુભ વાંછવાની ફરજ પાડે છે પોતાના શુભ માટે બીજાનું અશુભ ઇચ્છવું એ સામાને અપશુકન કરાવવા માટે પોતાનું નાક કાપવા બરાબર છે. મેલા દર્પણમાં મોં ન દેખાય, તેમ મેલવાળા મનમાં શુભ ન ઝીલાય.

આ અપશુકન શુભ જ્યોત્સ્નાસમ મૈત્ર્યાદિ ભાવોનો ઘાત કરનાર વૈચારિક કાલિમા છે. કાળા કોલસા કરતાંય વધુ કાળી આ કાલિમા કદી કોઈના મનમાં દાખલ ન થાય એવી ભાવના ભાવવી, તે શુભાકાંક્ષી માત્રની ફરજ છે. સર્વ માટે ખરેખર તે જ ઇચ્છીએ જે અંતઃકરણપૂર્વક જાત માટે ઈચ્છતા હોઈએ.

નાશવંત પદાર્થોની માગણી એ પ્રાર્થનારૂપ નથી, પણ વાસનારૂપ છે. જે પળે જીવાત્મા ક્ષણિક વસ્તુથી વિરમે છે અને નિત્ય વસ્તુને ઝંખે છે, તે પળે જ સાચી પ્રાર્થના શરૂ થાય છે. દિવ્ય પ્રાર્થનાનો એ સનાતન પ્રવાહ વહેતો જ હોય છે.

સાધુ, સંત અને ભક્ત આત્માઓ સદા નિષ્કામ–પ્રાર્થનાઓ કરતા હોય છે. એ પ્રાર્થનાના સ્વીકારરૂપે જ જાણે પૃથ્વી, પાણી, પવન, વૃક્ષ, સૂર્ય, ચન્દ્ર અને મેઘ આદિ સમસ્ત પ્રકૃતિ, માનવરૂપી છોડને વધુ ઉન્નત કરવા નિર્વ્યાજ સહાય કરી રહી હોય, એમ શું અનુભવાતું નથી ?

ચિત્ત, ચૈતન્યની દિવ્ય એકતા એ આત્માનું રસાયણ છે. તે માટેની પ્રાર્થના જેઓના હૃદયમાં જાગે છે, તેઓ નિઃશંક, નિર્ભીક અને નિર્વિકલ્પ બની જાય છે.

આવી દિવ્ય પ્રાર્થનાનું તત્કાલ ફળ એકાંત હૃદય શુદ્ધિ છે. હૃદયને શુદ્ધ કરવું અને તે શુદ્ધિને ટકાવી રાખવી એ જ પ્રાર્થનાની ખરી સિદ્ધિ છે.

શુદ્ધ અને સ્વસ્થ હૃદયમાં જ પરમાત્માનું યથાર્થ પ્રતિબિમ્બ પડી શકે છે. ચિત્તમાંથી રાગ, દ્વેષ, માયા, કપટ, વિષય, વિકાર આદિના કુસંસ્કારો જેટલા અંશે દૂર થાય છે, તેટલા અંશે હૃદયરૂપી અરીસો શુદ્ધ બને છે અને એ શુદ્ધ બને છે તેટલા પ્રમાણમાં આત્માને પરમાત્માના સાંનિધ્યનો લાભ મળે છે.

હૃદય શુદ્ધિ માટેની આ તાલીમનું નામ જ 'પ્રભુપ્રાર્થના' છે. નિત્ય વસ્તુની પ્રાપ્તિ માટેની ઝંખના જ હૃદયને શુદ્ધ કરે છે.

પરમાત્મ–તત્ત્વ નિત્ય છે અને તેના પ્રત્યે ભક્તિ ધારણ કરનારા ભક્તો પણ હંમેશાં હોય જ છે. બાહ્ય દૃષ્ટિએ તેઓ ન દેખાય, તો પણ આંતર–દૃષ્ટિ જાગે અને આપણામાં પરમાત્મ ભાવની ઝંખના જોર પકડે તો તેવા ભક્તો નજરે પડે છે.

### પરમાત્મભાવનો પ્રકાશ

વીજળીનો દીવો કરવા માટે, તારના બે છેડા જોડવા પડે છે, તેમ પરમાત્મ ભાવનો પ્રકાશ મેળવવા માટે પણ Positive અને Negative ને એક કરવા પડે છે.

પરમાત્મા–નિત્ય તત્ત્વ હંમેશાં Positive છે અને જગત અનિત્ય–વસ્તુ સદા Negative છે. બંને છેડા તે જીવાત્મા છે.

પરમાત્મા પ્રત્યે પોતાનો Negative છેડો અને જગત પ્રત્યે પોતાનો Positive છેડો રાખવાથી બહાર અને અંદર દિવ્ય પ્રકાશ પ્રગટ થાય છે. તે પ્રકાશ અલૌકિક આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદનો અનુભવ લૌકિક દૃષ્ટિને છોડાવનારો થાય છે, તેથી સમગ્ર જીવન પ્રભુ પ્રાર્થનામય બની જાય છે.

અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, ક્ષમા, પ્રેમ અને ઉદારતાદિ આત્મિક ગુણોનો ઉત્કર્ષ, આ પ્રકારની પ્રાર્થના વડે અવશ્ય થાય છે.

સકળ જીવલોક માટેની ઊંચામાં ઊંચી શુભેચ્છા, આ પ્રકારની પ્રાર્થનામાં, દૂધમાં રહેતા ઘીની જેમ સમાયેલી હોય છે.

સાચી પ્રાર્થના તો પ્રાણોની સંજીવિની છે, આત્માની કવિતા છે, પરમાત્માને નિજ સર્વસ્વની ભેટ છે.

卐

## પ્રાર્થના અને ધ્યાન

જગત કે સંસાર, ગમે તે શબ્દ લઈએ તો પણ એમાં સરી જતી વસ્તુનું સૂચન છે. સરી જતાં આ વિશ્વના સંસારના પદાર્થો વચ્ચે વ્યક્તિનું જીવન સારા–માઠા સંસ્કારોને ધારણ કરતું હોય છે.

સંસાર એટલે સતત ગતિ! નિત્ય વહેતો અને બદલાતો પ્રવાહ! સંસારમાં પ્રતિ-ક્ષણ ફેરફાર થયા જ કરે છે. એ ફેરફારોનાં આપણે એટલા બધા પરોવાયેલા રહીએ છીએ કે–તેમાં પરોવાનાર તત્ત્વોનો, સર્વ ફેરફારોના સાક્ષીનો, સર્વ સંસ્કારોના ઝીલનારનો ખ્યાલ સુદ્ધાં આપણને રહેતો નથી.

આપણે આપણી જુદી–જુદી પરિસ્થિતિઓનો જ આકાર ધારણ કરીએ છીએ. તે વગરના આપણા અસ્તિત્વનો આપણને વિચાર પણ આવતો નથી. તે વગરના અસ્તિત્વનો વિચાર કરતાં, દિશા ભૂલેલા મુસાફરની જેમ આપણે મૂંઝાઈએ છીએ. એટલે આપણે

જે રીતે જીવન જીવીએ છીએ, તેમાં ધ્યાતા કે ધ્યેય બેમાંથી એક પણ નથી. માત્ર ધ્યાન છે. ધ્યાતા અને ધ્યેય વિનાના ધ્યાનથી શો ફાયદો થાય!

કોઈ તમને મોટરમાં બેસાડી, શહેરમાં આમતેમ ફેરવી આવે અને જે છાપ પડે, તેના કરતાં પણ વિચિત્ર છાપ સંસારની, કુટુંબ, સમાજ કે જગતના સંબંધોની તમારા પર પડે છે. તેમાંથી તમે મુક્ત થઈ શકતાં નથી, ઊલટું તે જ જીવન છે અને તેમાં જ જીવનનો રસ છે, એમ માનીને વર્તો છો.

આ જાતના સંસ્કારો ઝીલવાની સતત પ્રવૃત્તિમાં વિવેક લાવવો હોય, પદ્ધતિ કે નિયમ લાવવા હોય, સહેતુકતા કે સાર્થકતા લાવવી હોય, તો એ સંસ્કાર-સંઘાતનો કોણ સાથી થાય છે? એનો માણસે વારંવાર વિચાર કરવો જોઈએ. માણસે પોતાના જીવનનું મધ્યબિંદુ, કે જેના વડે જીવનમાં કાંઇ રસ કે રહસ્ય છે, તેને શોધી કાઢવું જોઇએ.

બધાં પ્રાણીઓ જીવે છે તેમ આપણે જીવીએ છીએ અને બધાં પ્રાણી મરે છે, એમ મરી જઈશું, એ એક રીતે સાચું છે, પણ એમાં જીવન રહસ્ય નથી. જીવન રહસ્ય તો એના મધ્યબિંદુની શોધમાં રહેલું છે.

ધ્યાન અને પ્રાર્થના—એ આ વ્યક્તિગત—જીવનના મધ્યબિંદુની શોધ છે. વ્યક્તિગત—જીવનનું સંકલન કરનાર કેન્દ્ર એ સ્થાપે છે. વ્યક્તિને પોતાના પુલકિત તત્ત્વ વિશે હંમેશાં જાગૃતિ રહે તે ખાતર પ્રાર્થના અને ધ્યાન છે.

ધ્યાન અને પ્રાર્થના દ્વારા માણસે સ્વમાં સતત સંનિષ્ટ અને સંનિવિષ્ઠ થવું જોઇએ. આત્માને આત્મશોધ અને આત્મદર્શનને અનુરૂપ બનાવવાનું કાર્ય પણ એથી સધાય છે.

સંસાર યાત્રામાં ઘડીક થંભી જઈ, પરિસ્થિતિનો આત્મ તત્ત્વની દૃષ્ટિએ વિમર્શ કરવો જરૂરી છે. આ આત્મા સૂક્ષ્મ છે, પણ નિર્બળ નથી. જે સૂક્ષ્મ છે, તે સ્થૂલની સરખામણીમાં દેખાય છે ઓછી શક્તિવાળું! પણ વસ્તુતઃ તેમ હોતું નથી, બલ્કે વધારે સમર્થ હોય છે. વ્યક્તિના સૂક્ષ્મ આત્મતત્ત્વમાં કોઇ ગૂઢ-શક્તિ રહેલી છે. જેને માણસ શોધી અને વિકસાવી શકે છે અને કામમાં લઈ શકે છે.

પરમ તત્ત્વ તરફ અભિમુખતા કે ઉન્મુખતા થતાં અથવા તેની ભાવના પ્રગટતાં જ પરમ તત્ત્વની શક્તિ જાણે વ્યક્તિમાં સંચરિત થાય છે. કમળ ઉન્મુખ થાય કે સૂર્યનાં કિરણો તેના દલને ઉત્ફુલ્લ કરે છે. તેમ ઈશ્વર તત્ત્વના વિચાર, સ્મરણ, પ્રાર્થના ધ્યાન, પૂજા કે ઉપાસના આપણને ઈશ્વર-સન્મુખ બનાવે છે.

પર્વતનું દર્શન સ્થિરતાનો ભાવ જન્માવે છે, સાગરનું દર્શન વિશાળતાનું ભાન કરાવે છે, તેમ ઈશ્વરના ધ્યાન દ્વારા ઈશ્વરની વિરાટતા, વીતરાગતા આદિનો ખ્યાલ આવે છે.

આપણે નશ્વર-વિનશ્વર છીએ, છતાં આપણામાં અવિનશ્વરતા છુપાયેલી જ છે. એને પ્રગટ કરવાના ઉપાયો, આપણને ઈશ્વરના ધ્યાન અને પ્રાર્થના દ્વારા જડી આવે છે.

### પ્રાર્થનાનું બળ

જ્ઞાનપૂર્વક આત્મ-સાક્ષીએ નિશ્ચિત કરેલો એક ચિત્તવાળો વિચાર તે પ્રાર્થના છે.

વિકારોથી વિરુદ્ધની પ્રક્રિયા તેમ જ આત્મશોધનનો નિશ્ચય તે પ્રાર્થના છે.

પ્રાર્થનાથી ૯૦ દિવસમાં શરીરની માંસપેશીઓ બદલાઇ જાય છે.

વિકારી વિચારોથી માંસપેશીઓ બગડવા માંડે છે. તેને બગડતી અટકાવવા અને નિત્ય સુધરતી જાય તે માટે પ્રાર્થના, જપ તેમ જ મંત્રોચ્ચારની પ્રક્રિયા ઉપયોગી છે.

એક સેકંડમાં ૧૨॥ (સાડા બાર) કરોડ માંસપેશીઓ બદલાય છે. શુદ્ધ પ્રાર્થનાની અવસ્થામાં તે બધી માંસપેશીઓ સુસંસ્કારિત બને છે.

શ્વાસોચ્છવાસ પર ધ્યાન આપવાને બદલે હૃદયના ધબકારાનું શ્રવણ વધારે સારું છે. તેથી શરીર-બળ અને આત્મા-સામર્થ્ય વધે છે.

માણસોના મનનો મોટો સમય વિચારોમાં નહિ, પણ વિકારોમાં પસાર થાય છે.

વિકારોમાંથી વિચારોમાં જવા માટે સહાયકારક તત્ત્વ મંત્રજાપ યા શ્રદ્ધાપૂર્વકની પ્રાર્થના છે.

પ્રાર્થનામાં પ્રાર્થ્યને બદલવાના નથી, પણ પ્રાર્થકે બદલવાનું છે.

આત્મશુદ્ધિ માટે પ્રાર્થનાનું સૂક્ષ્મ બળ, વસ્ત્રને શુદ્ધ કરતાં જળ કરતાં અનેકગણું વધુ છે.

卐

## ઈશ્વરપ્રાર્થના

પ્રાર્થના એટલે અપ્રાપ્ત વસ્તુ માટે યાચના.

એક વસ્તુ પોતાને અત્યંત ઇષ્ટ છે, છતાં પોતે પોતાની શક્તિથી તે મેળવી શકતો નથી, ત્યારે તે મેળવવા માટે બીજા સમર્થ પુરુષની સહાયની સ્વાભાવિક આકાંક્ષા રહે છે. એ આકાંક્ષામાંથી જે હૃદયોદ્‌ગાર બહાર નીકળે છે, તેને ટૂંકમાં 'પ્રાર્થના' તરીકે ઓળખવામાં આવે છે.

એટલે પ્રાર્થનાની પાછળ નીચેની ત્રણ વસ્તુઓનું જ્ઞાન કાર્ય કરી રહેલ હોય છે :

(૧) પ્રાર્થનીય વસ્તુની ઇષ્ટતાનું જ્ઞાન.

(૨) તે મેળવવાની પોતાની અશક્ત, અસહાય અને અશરણ અવસ્થાનું ભાન તથા

(૩) તે પ્રાપ્ત કરવા માટે પ્રાર્થ્ય વ્યક્તિના સામર્થ્યનું સ્પષ્ટ ભાન.

દરિદ્રતાના દુઃખથી પીડાતો માનવી, તે દુઃખથી મુક્ત થવા માટે ધનવાનની આગળ જ પ્રાર્થના કરે છે, પણ નિર્ધનની આગળ નહિ. તેનું કારણ તેને દરિદ્રતાના દુઃખનું સ્પષ્ટ ભાન છે.

તેમ જ બીજાની સહાય વિના તે દરિદ્રતાને દૂર કરવાની પોતાની અશક્તિનો ખ્યાલ તેને એ દૃઢ નિશ્ચય તરફ વાળે છે કે મારું આ દુઃખ કોઈ નિર્ધનથી દૂર નહિ થઈ શકે, પણ ધનવાનથી જ દૂર થઈ શકશે.

આ કારણે દરિદ્રતાની પીડાઓથી લાચાર બની ગયેલો રંક આત્મા, સર્વ પ્રકારના ગર્વનો ત્યાગ કરીને, ધનવાનની પાસે દીન અને દયામણા મુખે યાચના કરતાં જરા પણ શરમાતો નથી. તેની યાચનાના બદલામાં તેને ધનવાન તરફથી અપેક્ષિત સહાય મળે યા ન મળે, તો પણ પ્રાર્થનાને તે છોડતો નથી. કારણ કે પોતાની ઇષ્ટ સિદ્ધિ માટે તેને તે સિવાય અન્ય કોઈ માર્ગ છે જ નહિ અને ધનવાનની દયા ઉપર જ પોતાનું જીવતર છે, એવો તેને નિશ્ચય છે.

ધનનો અર્થી જેમ ધનવાન પાસે ધનની યાચના કરે છે, તેમ અન્નનો અર્થી અન્નવાળા પાસે, વસ્ત્રનો અર્થી વસ્ત્રોવાળા પાસે, વિદ્યાનો અર્થી કોઈ વિદ્વાન પાસે અને શાસ્ત્રનો અર્થી કોઈ શાસ્ત્રવેત્તા પાસે યાચના કરે છે. અને એ રીતે યાચના કરનારો આત્મા જ ઇષ્ટ વસ્તુનો લાભ મેળવી શકે છે.

ઇષ્ટને મેળવવાની ઇચ્છાની પાછળ જેમ વસ્તુની ઇષ્ટતાનું જ્ઞાન કામ કરે છે, તેમ અનિષ્ટને દૂર કરવાની ઇચ્છાની પાછળ તે તે વસ્તુની અનિષ્ટતાનું જ્ઞાન કામ કરે છે–કરી રહ્યું હોય છે.

પોતાને ઇષ્ટ વસ્તુ મેળવવા માટે જેમ કોઈ સમર્થની સહાયની અપેક્ષા રહે છે, તેમ અનિષ્ટ નિવારણ માટે પણ સમર્થની સહાયની અપેક્ષા રહે છે અને તેમાંથી જ યાચના યા પ્રાર્થના આપોઆપ ઉત્પન્ન થાય છે.

ઇષ્ટલાભ અને અનિષ્ટ નિવારણ માટે દૃશ્ય ઉપાયો અને દૃશ્ય પદાર્થો જ્યારે અસમર્થ નીવડે છે, ત્યારે મનુષ્યની બુદ્ધિ અદૃશ્ય સહાય તરફ દોડે છે. અને એ અદૃશ્ય સહાય મેળવવાના મનોરથમાંથી 'ઈશ્વરપ્રાર્થના' ઉત્પન્ન થયેલી હોય છે.

જ્યાં જ્યાં બુદ્ધિમાન મનુષ્યો વસે છે, ત્યાં ત્યાં 'ઈશ્વરપ્રાર્થના'નો નિત્ય કાર્યક્રમ ગોઠવાયેલો હોય જ છે. અને જે મનુષ્યો નિત્ય 'ઇશ્વરપ્રાર્થના'માં રસ લેતા નથી, તે મનુષ્યો પણ કોઇ અત્યંત હર્ષ કે અત્યંત શોકનું અચાનક નિમિત્ત ઊભું થાય છે. ત્યારે ઈશ્વરનો આભાર માનવા કે ઇશ્વરની સહાય યાચવા માટે 'ઈશ્વર'ને યાદ કર્યા સિવાય રહી શકતાં નથી.

આ રીતે માનવીમાત્ર જ્યારે નિત્ય કે નૈમિત્તિક 'ઇશ્વરપ્રાર્થના'ને એક યા બીજી રીતે કરી રહેલો હોય છે, ત્યારે 'ઇશ્વરપ્રાર્થના'નું શુદ્ધ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા પણ બુદ્ધિમાન પુરુષોના અંતઃકરણમાં ઉત્પન્ન થયા સિવાય રહે નહિ.

બુદ્ધિમાન પુરુષે સફળ 'ઇશ્વરપ્રાર્થના' માટે ત્રણ મુખ્ય બાબતો વિચારવાની રહે છે :

(૧) પ્રાર્થનીય વસ્તુનું સ્વરૂપ. (૨) પ્રાર્થનાનો અધિકારી પુરુષ. (૩) પ્રાર્થ્ય ઈશ્વરનું સ્વરૂપ.

દૃશ્ય ઉપાયો અને દૃશ્ય સાધનોથી જે આપત્તિઓનું નિવારણ શક્ય નથી, તે આપત્તિઓના પ્રતિકાર માટે જ 'ઈશ્વરપ્રાર્થના'ની આવશ્યકતા રહે છે.

## પ્રાર્થના શા માટે?

ક્ષુધાતૃષાદિનાં દુઃખો કે દરિદ્રતા નિર્ધનતાદિની પીડાઓને નિવારવા માટે જેઓ 'ઈશ્વરપ્રાર્થના'નો ઉપયોગ કરે છે, તેઓ ઈશ્વરને પોતાનો કાર્યકર બનાવવા જેવી ક્ષુદ્ર ચેષ્ટા કરે છે અને એ રીતે ઈશ્વરની ભક્તિ કરવાને બદલે, ઈશ્વરનું એક પ્રકારનું અપમાન જ કરે છે.

એ અપમાનના દોષમાંથી ઊગરવા માટે 'ઈશ્વરપ્રાર્થના'નો વિષય, દુઃખ કે કષ્ટ નિવારણનો રાખવાને બદલે અથવા સુખ કે તેનાં દૃશ્ય સાધનો મેળવવાનો રાખવાને બદલે, દુઃખ કે કષ્ટના કારણભૂત પાપનું નિવારણ અથવા સુખ કે તેના સાધનભૂત 'ધર્મનો લાભ' મેળવવાનો જ રહેવો જોઈએ.

'ઈશ્વર' દુઃખનિવારણ માટે નથી, પણ પાપનિવારણ માટે છે.

દુઃખ તો જીવે પોતે બાંધેલાં અશુભ કર્મોથી આવે છે. તેનું નિવારણ ઈશ્વર ન કરે, પરંતુ જે પાપકર્મથી જીવને દુઃખ ભોગવવું પડે છે, તે પાપકર્મને જડમૂળથી ઉખેડી નાખવાનું સર્વોત્તમ સામર્થ્ય 'ઈશ્વરપ્રાર્થના'માં અવશ્ય રહેલું છે. એ કારણે 'વીતરાગ શાસન'માં ઈશ્વરપ્રાર્થનાનો વિષય આ પ્રકારે છે.

## પ્રાર્થના-વસ્તુ

दुःक्खक्खओ कम्मक्खओ समाहिमरणं च बोहिलाभो अ ।

અર્થ : હે નાથ! તને પ્રણામ કરવાના પ્રભાવે મને દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધિલાભ પ્રાપ્ત થાઓ.

અહીં 'દુઃખક્ષય' શબ્દથી વર્તમાનકાલીન દુઃખનું ગ્રહણ થતું નથી, પણ વર્તમાન-કાલીન પાપકર્મના યોગે અનાગત ભવિષ્યકાળમાં આવનારાં દુઃખોને ગ્રહણ કરવાનાં હોય છે. ઉદયમાં આવેલું વર્તમાનકાલીન દુઃખ, તેના ભોગવટા સિવાય અન્ય કોટિ ઉપાયોએ પણ દૂર થઈ શકતું નથી.

પ્રાર્થના-વસ્તુમાં પ્રાર્થના કરનાર દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્મા પાસે નીચેની વસ્તુઓ પણ યાચે છે :

आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु ।

અર્થ : 'હે વીતરાગ ભગવંત ! આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠતમ સમાધિ આપો !'

અહીં 'આરોગ્ય' શબ્દથી ભાવ આરોગ્ય (મોક્ષ) ગ્રહણ કરવાનું છે અને બોધિલાભ તેમ જ સમાધિની પ્રાપ્તિ, પાપક્ષયના જ ઉપાયરૂપે યાચવામાં આવી છે.

પ્રાર્થનાસૂત્રમાં શ્રી વીતરાગ પરમાત્મા પાસે બીજી જે આઠ માગણીઓ યાચવામાં આવી છે તે નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૧. भवनिव्वेओ ( ભવનિર્વેદ ) | ૨. मग्गाणुसारिया ( તત્ત્વાનુસારિતા ) |
| ૩. इट्ठफलसिद्धि ( ઇષ્ટફળ–સિદ્ધિ ) | ૪. लोगविरुद्धच्चाओ (લોક-વિરુદ્ધનો ત્યાગ) |
| ૫. गुरुजणपूआ ( ગુરુજન–પૂજા ) | ૬. परत्थकरणं ( પરાર્થકરણ ) |
| ૭. सुहगुरुजोगो ( શુભગુરુનો જોગ ) | ૮. तव्वयणसेवणा आभवमखंडा (ગુરુવચનની આ ભવમાં અખંડ સેવા ) |

ભવનિર્વેદથી, ગુરુવચનની સેવા પર્યંતના પદાર્થો પાપવર્જનના અનન્ય ઉપાયભૂત હોવાથી જ યાચવામાં આવ્યા છે.

એ રીતે પાપવર્જનના ઉપાયભૂત જેટલા પદાર્થો છે, તે સર્વની પ્રાર્થના–યાચના ઈશ્વર પાસે વિહિત છે.

'ઈશ્વરપ્રાર્થના'નો વિષય, જો પાપવર્જન ન રહે તો ઈશ્વરનું મહત્ત્વ જળવાતું નથી.

બાકી દુઃખનું વર્જન તો રાજા, મહારાજા, શેઠ, શાહુકારાદિની સહાયથી પણ થઈ શકે છે.

મહત્ત્વની વાત એ છે કે દુઃખનું વર્જન ક્ષણિક હોય છે. પણ દુઃખનું મૂળ પાપ છે, એ પાપનું વર્જન ન થાય ત્યાં સુધી અન્યની સહાયથી ક્ષણ વાર માટે દૂર થયેલું દુઃખ ફરી પાછું આવીને ઊભું જ રહે છે.

પોતાના ક્ષણિક લાભ માટે ઇશ્વરનો ઉપયોગ કરનારો ઈશ્વરની મહત્તા સ્થાપિત કરતો નથી, પણ પોતાની અઘટિત અને ક્ષુદ્ર યાચના વડે ઈશ્વરના દરજ્જાને હલકો પાડનારો થાય છે.

દુન્યવી ઉત્તમ આત્માઓ પાસે પણ ક્ષુદ્ર કાર્ય કરવાની યાચના સહસા કોઈ કરી શકતું નથી, તો પરમ પરમેશ્વર પાસે હલકા પ્રકારનાં સ્વાર્થી કાર્યો કરવાની ઇચ્છા અત્યંત કનિષ્ઠ કોટિની કેમ ન બને ?

દુઃખનિવારણની યાચના સ્વાર્થપરાયણતાવાળી છે, જ્યારે પાપવર્જનની યાચના પરમાર્થપરાયણતાને સૂચવનારી છે. એ કારણે ઈશ્વરની સહાયથી પાપરહિત બનવાની ઇચ્છા સિવાય બીજી કોઈ પણ ઇચ્છા કરવી એ ઇશ્વરની ભક્તિરૂપ નહિ પણ આશાતના રૂપ જ છે.

પ્રાર્થનીય વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ થયા પછી ઈશ્વરપ્રાર્થનાનો અધિકારી પુરુષ કેવો હોવો જોઈએ, એ વાત આપોઆપ સમજાઇ જાય છે.

## ઈશ્વરપ્રાર્થનાનો અધિકારી

૧. દુઃખનું કારણ પાપ જ છે, એવી અટલ શ્રદ્ધાવાળો હોવો જોઈએ.

૨. પાપરહિત બનવા માટે ઇશ્વરનું પ્રણિધાન એ જ એક સર્વોત્તમ ઉપાય છે, એવી દૃઢ પ્રતીતિવાળો હોવો જોઇએ.

૩. ઈશ્વરપ્રાર્થનાની પાછળ પાપરહિત બનવા સિવાય બીજી એકે ઇચ્છાને ધારણ કરનારો નહિ હોવો જોઈએ.

પ્રાર્થનીય વસ્તુ અને પ્રાર્થનાનો અધિકારી એ બે વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજ્યા પછી, ઈશ્વરનું સ્વરૂપ સમજવાની ખાસ અગત્ય રહે છે.

## ઇશ્વરનું સ્વરૂપ

૧. ઇશ્વર સર્વપાપરહિત હોવા જોઇએ.

૨. ઇશ્વર સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા જોઈએ.

૩. ઇશ્વર સર્વ ઉપર સમાન ભાવવાળા હોવા જોઇએ.

જો ઇશ્વર સર્વથા પાપરહિત ન હોય, તો તેના ભક્તોને સર્વથા પાપરહિત શી રીતે કરી શકે ?

જો ઇશ્વર સર્વજ્ઞ, સર્વદર્શી ન હોય, તો પ્રાર્થના કરનારની પ્રાર્થનાને જાણી કેવી રીતે શકે ? જો ઈશ્વર, સર્વો ઉપર સમાન ભાવવાળા ન હોય, તો ઇશ્વર સર્વને માન્ય કેવી રીતે થઇ શકે ?

## યથાર્થ ઇશ્વર–પ્રાર્થના

વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ઇશ્વરની, પાપરહિત બનવાની તીવ્ર અભિલાષાપૂર્વક, પાપને જ દુઃખનું મૂળ માનનારા શ્રદ્ધાળુ આત્મા તરફથી જે પ્રાર્થના થાય છે, તે પરમાર્થ 'ઇશ્વરપ્રાર્થના' છે.

બીજી પ્રાર્થના, નામ 'ઇશ્વરપ્રાર્થના' ધરાવતી હોવા છતાં, પરમાર્થથી ઇશ્વરપ્રાર્થના તરીકે ટકી શકતી નથી.

વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ઇશ્વરની પ્રાર્થના તેના પ્રાર્થકને અવશ્ય ફળદાયી થાય છે અને બીજી થતી નથી તેનાં મુખ્ય કારણો નીચે મુજબ છે :

વીતરાગ ગુણપ્રકર્ષરૂપ, અચિન્ત્ય શક્તિમાન અને સર્વથા પાપરહિત હોય છે. તેથી તેમને ઉદ્દેશીને વારંવાર પ્રાર્થના કરવાથી વીતરાગની આરાધના (સન્મુખવૃત્તિ) થાય છે.

સન્માર્ગની દૃઢતા (ઉપકારીની ભક્તિ અને અહંકારનો નાશ) થાય છે. કર્તવ્યતાનો નિશ્ચય (પાપરહિત બનવું એ જ એક કર્તવ્ય છે એની પાકટતા) થાય છે.

પ્રાર્થના કરનારનાં પાપ દૂર કરવા માટે ઈશ્વરને કાંઈ કરવું પડતું નથી, પણ પ્રાર્થના કરનારો પોતે જ પોતાના પ્રયત્નો વડે પાપને દૂર કરનારો થાય છે. તો પણ પ્રાર્થનાનો વિષય વીતરાગ બને તો જ કાર્ય સિદ્ધ થાય છે. અને એ જ કારણે વીતરાગ જ પાપરહિત બનાવે છે, એમ કાર્ય-કારણના નિયમ અનુસાર ફલિત થાય છે.

## શ્રી વીતરાગની પ્રાર્થનાનું સુપરિણામ

શ્રી વીતરાગ સિવાય બીજાની પ્રાર્થના પણ જો પાપરહિત બનાવી શકતી હોય, તો તેવી પ્રાર્થના તો અનાદિ આ સંસારમાં જીવે ઘણા જીવો પાસે કરી છે; છતાં દુઃખરહિત અને પાપરહિત બની શકાયું નથી. વર્તમાન જન્મમાં પણ પોતે અને બીજા સર્વ જીવો તેમ કરે છે, છતાં તેમના દુઃખનો કે પાપનો અંત આવતો નથી. ઊલટમાં જે જીવોએ વીતરાગની પ્રાર્થના પૂર્વે કરી છે, તેઓ પાપરહિત બની રહ્યા છે, એ વાત આગમ, અનુમાન અને પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સિદ્ધ છે. એ કારણે—

૧. પ્રાર્થનાનો વિષય પાપરહિત બનવાનો હોવો જોઇએ.

૨. પ્રાર્થના કરનારો પાપરહિત બનવાની ઇચ્છાવાળો હોવો જોઇએ.

૩. પ્રાર્થનીય પુરુષ, સર્વજ્ઞ, સમદર્શી, સર્વથા નિષ્પાપ હોવા જોઇએ.

આ ત્રણ બાબતો જે પ્રાર્થનામાં પરિપૂર્ણપણે જળવાય છે, તે પ્રાર્થના સત્ય સ્વરૂપમાં 'ઇશ્વર પ્રાર્થના' તરીકે ગણવા લાયક છે. એવી ઇશ્વર પ્રાર્થના નિત્ય ત્રિકાળ કરવી જોઇએ અને સંક્લેશ સમયે વારંવાર કરવી જોઇએ. એથી પાપનાશ અને ધર્મ-સિદ્ધિનું કાર્ય સરળ અને શીઘ્ર બને છે.

ઉપરોક્ત સ્વરૂપ સિવાયની 'ઇશ્વર પ્રાર્થના' એ જો કે સાચી 'ઇશ્વર પ્રાર્થના'ના અનુકરણરૂપે પ્રચલિત થયેલી હોય છે, પણ તેમાં પ્રાર્થ્ય, પ્રાર્થનીય અને પ્રાર્થકનું સ્વરૂપ શુદ્ધ ન હોવાથી, તે એકાંતે ફળદાયી નીવડે જ, એવો નિશ્ચય કરી શકાતો નથી. પૂર્વ પુણ્યનો સહયોગ હોય તો ફળે છે, અન્યથા બાળચેષ્ટારૂપ બને છે.

શ્રી વીતરાગની વીતરાગભાવે, વીતરાગ બનવાની અભિલાષાપૂર્વક જે પ્રાર્થના થાય છે, તે જ પરમાર્થ 'ઇશ્વર પ્રાર્થના' છે. અને તેનો આદર કરનાર નિશ્ચિતપણે આજે (વર્તમાનમાં) અગર કાલે (ભવિષ્યમાં) પાપરહિત બને છે. અને પાપરહિત બનેલા આત્માને કોઇ પણ પ્રકારનું દુઃખ સ્પર્શી શકતું નથી. એટલું જ નહિ પણ સર્વ પ્રકારનાં સુખો તેના ચરણોમાં આવીને આળોટે છે.

પાપરહિત બનવાનો પોકાર, સર્વથા નિષ્પાપ, સર્વજ્ઞ અને સમદર્શી ઇશ્વર પાસે જ કરાય, બીજે નહિ.

દુન્યવી પદાર્થોની માગણી માટે 'ઈશ્વર' નથી, ઈશ્વર તો અચિન્ત્ય શક્તિના સાગર છે એટલે તેમની પાસે દુન્યવી પદાર્થની તુચ્છ યાચના કરવી એ ચક્રવર્તી પાસે કાણો પૈસો માગવા કરતાં પણ અધિક બદતર કૃત્ય છે.

દુઃખોનું કારણ પાપ છે, પાપ નિમૂળ થાય નહિ ત્યાં સુધી દુઃખ ટકેલું રહે છે.

એટલે ઇશ્વર પ્રાર્થનામાં પ્રાર્થકે સર્વથા નિષ્પાપ બનવાની ભાવનાને ખૂબ ખૂબ ઘૂંટવી જોઈએ.

'છોડવા જેવા પાપથી હે નાથ! આપ મને છોડાવો,' એ મતલબની પ્રાર્થના વડે જેમનાં હૈયાં પ્રકાશિત થાય છે તેમનાં જીવન પણ નિષ્પાપ બનીને અક્ષય સુખની યોગ્યતાવાળાં બનવા માંડે છે.

આપણે માગણ નહિ, પ્રાર્થક બનવાનું છે.

**પ્રાર્થના**

પ્રાર્થનાથી પરિસ્થિતિ પલટાય છે? ના.

પ્રાર્થનાથી માનવી પલટાય છે અને પછી તે પરિસ્થિતિને પલટે છે અને તે પ્રભાવ પ્રાર્થના બળનો હોય છે.

વિપરીતતાનાં ગમે તેવાં ગાઢ વાદળો વચ્ચે ઘેરાયેલો માનવી જો સાચા હૃદયથી પ્રાર્થના કરે છે તો એ વાદળાં વિખરાયા સિવાય રહેતાં નથી. તેનું કારણ છે પ્રાર્થનાની અમાપ શક્તિ.

એટલે જે અચિન્ત્ય શક્તિશાળી છે, તે આત્માનું સતત અનુસંધાન રહે તેવી અવસ્થાનું નામ જ પ્રાર્થકનું જીવન છે.

પ્રાર્થનામાં પ્રાર્થવાનું એ જ કે આપ સર્વેસર્વા છો, પૂર્ણ છો, વિશ્વરૂપ છો. એ સત્ય મારું જીવન બનો! એ સત્યમાં મારી સમગ્ર અસ્મિતા એકાકાર બની જાઓ! મારું સમગ્ર અસ્તિત્વ ઓગળી જાઓ!

અહંને સર્વથા નામશેષ કરવાની આ આધ્યાત્મિક પ્રક્રિયાનું બીજું નામ પ્રાર્થના છે.

પ્રાર્થના તેને જ કરાય, જે રાગ–દ્વેષ અને મોહથી સર્વથા મુક્ત હોય, પૂર્ણત્વને પૂરેપુરું પામ્યા હોય, લોકાલોક પ્રકાશક જ્ઞાનના સ્વામી હોય અને જીવમાત્રના પરમ આત્મીય હોય.

卐

# તીર્થભક્તિ–પ્રભુભક્તિ

**ટાળે દાહ, તૃષા હરે, ગાળે મમતા–પંક;**
**તીન ગુન તીરથ લહે, તાકું ભજો નિઃશંક.**

ઉપરના દુહામાં જે તીર્થનો મહિમા ગાયો છે, તે તીર્થ ભાવનાતીર્થ કહેવાય છે.

દ્રવ્યતીર્થના સેવનથી જેમ દ્રવ્યદાહ, દ્રવ્યતૃષા અને દ્રવ્યપંક દૂર થાય છે. તેમ ભાવતીર્થનાં સેવનથી ભાવદાહ ભાવતૃષા અને ભાવપંક દૂર થાય છે.

અહીં દ્રવ્ય એટલે બાહ્ય અને ભાવ એટલે અભ્યંતર એમ સમજવું.

દ્રવ્યતીર્થ એટલે નદી, દ્રહ આદિને ઊતરવાના આરા. ભાવતીર્થ એટલે સંસાર-નદી, મોહદ્રહ, ભવસમુદ્ર આદિને પાર પામવાનાં સ્થાનો. દ્રવ્યતીર્થ પણ બે પ્રકારનાં છે, એક અપ્રધાન દ્રવ્યતીર્થ કે જે ભાવનું કારણ બનતા નથી અને જેનાં દૃષ્ટાન્ત ઉપર આપવામાં આવ્યાં છે. બીજાં પ્રધાન દ્રવ્યતીર્થ કે જે ભાવનાં કારણ બને છે અને જેનાં દૃષ્ટાન્ત શ્રી શત્રુંજય, સમ્મેતશિખર આદિ શાસ્ત્રપ્રસિદ્ધ છે.

સમસ્ત કર્મથી મુક્તિ અપાવે તેવો નિર્મળ ભાવ સમસ્ત જીવોની રક્ષાના ઉદાત્ત પરિણામમાંથી સંભવે છે. તે પરિણામ લોકોત્તર દ્રવ્યતીર્થના સેવક એવા પવિત્ર અંત-કરણમાં પ્રગટ થતાં દેખવામાં આવે છે.

તેથી શ્રી જૈનશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા શ્રી શત્રુંજયાદિ તીર્થસ્થળોને જ લોકોત્તર દ્રવ્યતીર્થ તરીકે સંબોધ્યાં છે. એવાં તીર્થોનું સેવન આજે પણ ભાગ્યવાન આત્માઓ નિર્મળ ભાવથી કરે છે અને તેના પરિણામે સમગ્ર કર્મથી આત્માને મુક્તિ અપાવનાર પરિણામની ધારાને પાળવાના અધિકારી બનતા દેખાય છે. તે કારણે શ્રી જૈન-આગમોમાં ભાવના કારણરૂપ દ્રવ્યતીર્થોનો મહિમા પણ ઘણો ગવાયો છે.

## તીર્થમહિમા

આ અવસર્પિણીમાં ધર્મના આદિ કાળથી આજ પર્યંત શ્રી શત્રુંજય, શ્રી રૈવતાચલ (ગિરનારજી) અને શ્રી અષ્ટાપદ આદિ તીર્થોનો મહિમા સુંદરમાં સુંદર રીતે ગવાયો છે. અને તે તીર્થોની યાત્રાઓ તથા તે તે તીર્થોમાં શ્રી તીર્થંકરદેવોના ચૈત્યો અને બિંબો તથા તેની પ્રતિષ્ઠાઓ અને પૂજાઓ ઘણા ઊંચા ભાવથી અને મહોત્સવથી થાય છે.

બધાં તીર્થોમાં શ્રી શત્રુંજય તીર્થ ઘણું પ્રસિદ્ધ છે. ત્યાંની યાત્રાઓ, પૂજાઓ, રચનાઓ, સૌથી વધારે પ્રમાણમાં થાય છે તથા ત્યાં જવા માટેના સંઘો સૌથી વધારે સંખ્યામાં નીકળે છે. શ્રી શત્રુંજય તીર્થનું ધ્યાન છ મહિના સુધી પ્રાતઃકાળે એકાગ્ર ચિત્તથી કરવામાં આવે, તો કવિપ્રવર શ્રી વીરવિજયજી મહારાજના શબ્દોમાં—

> 'વિમલાચલ પરમેષ્ઠિનું ધ્યાન ધરે ષટ્ માસ,
> તેજ અપૂરવ વિસ્તરે, પૂરે સઘળી આશ.'

આવું અનુપમ શ્રી શત્રુંજય તીર્થ કે જે વિમલાચલ ગિરિરાજના નામે પણ સુપ્રસિદ્ધ છે તેનો પ્રભાવ છે.

આ વિમલાચલ ગિરિરાજનું છ મહિના સુધી ધ્યાન ધરનારની આશાઓ પૂર્ણ થાય છે અને તે ધ્યાનના બળે તેનામાં અપૂર્વ જ્ઞાનરૂપી તેજ વિસ્તાર પામે છે. આ ગિરિ-રાજના ધ્યાનથી ત્રીજે ભવે સિદ્ધિ મળે છે. ઉત્કૃષ્ટ પરિણામથી અંતર્મુહૂર્ત માત્રમાં મુક્તિ

મળે છે. મુક્તિ ન મળે ત્યાં સુધી આ શ્રી શત્રુંજયતીર્થના સાચા સેવકને તન, મન, ધન, પુત્ર, પરિવાર અને સ્વર્ગાદિકનાં સુખો તથા પરંપરાએ મુક્તિરમણીનો પણ સંયોગ થાય છે.

શ્રી શત્રુંજય તીર્થનો આ મહિમા તેની લોકોત્તર દ્રવ્યતીર્થતામાં રહેલો છે. ભાવનું કારણ તે દ્રવ્ય, એ અર્થમાં શ્રી શત્રુંજય સાચું તીર્થ છે.

શ્રી જિનમતમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ જ ભાવતીર્થ છે. અને તેના હેતુરૂપ દ્રવ્યતીર્થોમાં શ્રી શત્રુંજય મહાતીર્થ શિરોમણિભાવને ભજે છે.

શ્રી શત્રુંજય ગિરિરાજના કાંકરે કાંકરે અનંત કોટિ સિદ્ધોની સ્થાપના છે.

આમ તો અઢી દ્વીપ અને બે સમુદ્ર પર્યંત મનુષ્ય લોકમાં એવું કોઈ સ્થાન નથી કે જેને સ્પર્શીને અનંતકાળની અપેક્ષાએ અનંત સિદ્ધો મુક્તિરમણીને ન વર્યાં હોય.

સિદ્ધશિલા ૪૫ લાખ જોજનની છે. મનુષ્યલોકમાં આર્યક્ષેત્ર કરતાં પણ અનાર્ય-ક્ષેત્રોની અને અનાર્યક્ષેત્રો કરતાં પણ સમુદ્રોના વિસ્તારની સંખ્યા ઘણી મોટી છે. છતાં દેવાદિના ઉપસર્ગો પામીને અનાર્યક્ષેત્રો અને સમુદ્રજળોમાં પણ સિદ્ધિ પામેલા જીવોની સંખ્યા અનંતકાળની અપેક્ષાએ અનંત કોટિની થાય છે. તો પછી આર્યક્ષેત્રો અને તીર્થસ્થળોને સ્પર્શીને અનંત કોટિ આત્માઓ સિદ્ધિને પામ્યા હોય તેમાં આશ્ચર્ય જ શું?

## અનંતકોટિ સિદ્ધસ્થાન

આમ છતાં અનંત કોટિ સિદ્ધના સ્થાન તરીકે પ્રસિદ્ધિ શ્રી શત્રુંજયતીર્થ ભૂમિની જ શા માટે? એ પ્રશ્નનું સમાધાન પ્રખર તાર્કિક અને પરમ બુદ્ધિનિધાન, ષટ્શાસ્ત્રવેત્તા વાચકપ્રવર શ્રી યશોવિજય મહારાજ નીચેના શબ્દોમાં ફરમાવે છે:

"एतेन सिद्धाचलादेराराध्यत्वमपि व्याख्यातं ज्ञानदर्शनचारित्ररूपभावतीर्थहेतुत्वेनाऽस्य द्रव्यतीर्थत्वादनन्तकोटिसिद्धस्थानत्वस्याऽन्यत्राविशेषेऽपि स्फुटप्रतीयमानतद्भावनयैवाऽत्र विशेषात्। अनुभवादिना तथा सिद्धौ श्रुतपरिभाषामात्रस्यातंत्रत्वादन्यथाचतुर्वर्णश्रमणसंघे तीर्थत्वं, तीर्थकरे तु तद्बाह्यत्वमित्यपि विचारकोटिं नाटीकेत। व्यवहारविशेषाय यथा तथा परिभाषणमपरिभाषणं च न व्यामोहाय विपश्चितामिति स्थितं॥ (–प्रतिमाशतक स्वोपज्ञ टीका)

અર્થ: "આથી શ્રી સિદ્ધાચલાદિ તીર્થોનું આરાધ્યપણું જણાવ્યું. જ્ઞાન દર્શન-ચરિત્ર-રૂપ ભાવતીર્થના હેતુપણાથી એનું દ્રવ્યતીર્થપણું છે. અનંત કોટિ સિદ્ધના સ્થાનરૂપે અન્ય ક્ષેત્રોથી તેની વિશેષતા નથી, પરંતુ તીર્થની સ્થાપના વડે થતા સ્ફુટ પ્રતીયમાન અર્થાત્ સ્પષ્ટપણે અનુભવાતા ભાવ વડે તેની વિશેષતા છે. અનુભવ અને આદિ શબ્દ વડે આગમથી અને અનુમાનાદિ પ્રમાણોથી તે સિદ્ધ છે. શ્રુતની પરિભાષા કોઈને આધીન નથી. જો તેમ હોત તો ચતુર્વર્ણ શ્રમણ સંઘને તીર્થ અને તીર્થંકર દેવને તીર્થબાહ્ય કહ્યા છે, તે વિચારની કોટિમાં ટકી શકે નહિ. અમુક પ્રકારના વ્યવહાર માટે જેમ તે પરિ-

ભાષાઓ બાંધી છે, તેમ અહીં પણ સમજવું. એકને ( અનંત-કોટિ-સિદ્ધસ્થાન ) કહેવું અને બીજાને ન કહેવું, એ શાસ્ત્રીય પરિભાષાને અધીન છે. વિદ્વાન પુરુષો તેથી મૂંઝાતા નથી."

પૂ. ઉપાધ્યાયજીના આ સમાધાનથી શ્રી શત્રુંજયતીર્થની અનંત કોટિ સિદ્ધિસ્થાન તરીકેની પ્રસિદ્ધિ કેટલીક બધી સહેતુક અને પ્રમાણુસિદ્ધ છે, તે કોઈ પણ મધ્યસ્થ બુદ્ધિવાળા વિદ્વાન સહેલાઈથી સમજી શકશે.

દ્રવ્યતીર્થોમાં લોકોત્તર દ્રવ્યતીર્થો શ્રેષ્ઠ છે અને તેમાં પણ શ્રી શત્રુંજયતીર્થ સૌથી ચડિયાતું છે, તેનું કારણ અનંત કોટિ સિદ્ધોની સ્થાપના છે. બીજે તે નથી બીજે એકએ યા તેથી અધિક અરિહંત કે તીર્થની સ્થાપના છે. એ સ્થાપનાની કોઈ આદિ નથી, તેથી તે તીર્થ અનાદિ અને શાશ્વત છે.

સર્વ તીર્થંકરદેવો, ગણધરો, કેવળજ્ઞાનીઓ અને શ્રુતધર મહર્ષિઓએ તે સ્થાપનાને માન્ય રાખી છે અને ઉપદેશી છે તથા તેને અનુસારે આજ પર્યંત અનંત આત્માઓ તે તીર્થનાં દર્શન, સ્પર્શનાદિ કરી પાવન થાય છે અને થશે. તેથી શ્રી શત્રુંજયતીર્થનો મહિમા બધાં તીર્થોના મહિમા કરતાં અજોડ છે, અદ્વિતીય છે, અનંત છે શ્રદ્ધાળુ આત્માઓ તેના નામસ્મરણથી પણ રોમાંચ અનુભવે છે અને તે તીર્થની ભક્તિ માટે પોતાના તન, મન, ધન સર્વસ્વને સોલ્લાસ સમર્પણ કરે છે. વિદ્યમાન ચૈત્યો અને તેની વિપુલતા પણ તે વાતની સાક્ષી પૂરે છે.

ભાવના કારણરૂપ દ્રવ્યતીર્થની સ્પર્શના વડે શુભ ભાવ ઉત્પન્ન થાય છે અને તેનાથી ભાવદાહ, ભાવતૃષા અને ભાવપંક નિયમા દૂર થાય છે.

આત્માની અંદર રહેલ ક્રોધરૂપી કષાય એ ભાવદાહ છે, વિષય-વિકાર એ ભાવ-તૃષા છે અને મોહોદય એ ભાવપંક છે.

તીર્થના સેવનથી જીવનના આ ભાવદોષો ટળે છે.

શ્રી શત્રુંજયાદિ મહાતીર્થોનું સેવન, પૂજન, ભાવન વગેરે આ ધ્યેયને લક્ષમાં રાખીને જ્યારે કરવામાં આવે છે, ત્યારે તેના કરનારના તે તે દોષો ટળ્યા સિવાય રહેતા નથી પરિણામે આત્મામાં ભાવશાન્તિ, ભાવસંતોષ અને ભાવનિર્મળતા પ્રગટે છે, જેના પ્રભાવે તે ત્રણે ગુણોનો પ્રકર્ષ જ્યાં રહેલો છે, એવા સિદ્ધસ્થાનનો ભોક્તા જીવ બને છે, નિર્મળ આત્મસ્વરૂપનો માલિક થાય છે.

સાગરમાં જેવું જહાજ, તેવું સંસારસાગરમાં તીર્થ અને તેમાંય શ્રી શત્રુંજય મહાતીર્થની તારકતાની તો વાત જ શી? સમર્પિત થનારને તત્કાલ તેનો અનુભવ થાય છે. એવા અનુભવ કાજે ભવિ આત્માઓએ કટિબદ્ધ થવું જોઈએ.

卐

# અસીમોપકારી શ્રી તીર્થંકર પદ

શાસ્ત્રોમાં ધર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય–ફળ શ્રી તીર્થંકર પદ માનેલું છે. અનેક ભવોના સુવિશુદ્ધ ધર્માભ્યાસવાળા કોઈ વિરલ જીવને જ તે પ્રાપ્ત થાય છે.

શ્રી તીર્થંકર પદની પ્રાપ્તિ ધર્મના સર્વ આરાધકોને થતી નથી, પરંતુ તે ધર્મારાધકોમાં પણ કોઈ અસાધારણ ગુણવાળો પુરુષ હોય તેને જ તે થાય છે.

શ્રી તીર્થંકર પદની પ્રાપ્તિને યોગ્ય જીવોના અસાધારણ લક્ષણો વર્ણવતાં એક મહાપુરુષે કહ્યું છે કે–

"તેઓ સદા–કાળ પરાર્થવ્યસની હોય છે, સ્વાર્થને ગૌણ કરવાવાળા હોય છે, ઉચિત ક્રિયાને જ આચરનારા હોય છે, દીનતા વિનાના હોય છે, સફળ આરંભને સેવનારા હોય છે, અતિશય કોપ વિનાના હોય છે, કૃતજ્ઞતા ગુણના સ્વામી હોય છે, અસંક્લિષ્ટ ચિત્તવૃત્તિવાળા હોય છે, દેવ–ગુરુ પ્રત્યે બહુમાન ધારણ કરનારા હોય છે અને ચિત્તના ગંભીર આશયવાળા હોય છે."

શ્રી તીર્થંકરપદ એ સમસ્ત જગતના જીવોને હિત કરનારું હોય છે. એનાથી ઊંચું પદ કે સ્થાન આ જગતમાં બીજું છે જ નહિ.

સ્વપરના પ્રયોજનને સિદ્ધ કરવા માટે શ્રી તીર્થંકરપદ એ જ એક આ ચરાચર વિશ્વમાં આધારભૂત સ્થાન છે.

શ્રી તીર્થંકરપદ ત્રણ જગતને સુખાકારી છે. ત્રણ લોકોને સુખ કરવાની સાથે તે શ્રી તીર્થંકરદેવના આત્માને પણ પરમ સુખ અને શાન્તિના હેતુભૂત છે.

શ્રી તીર્થંકરપદને પ્રાપ્ત કરનાર મહાપુરુષ પોતાના ચ્યવન અને જન્માદિ કલ્યાણક દિવસોએ જેમ નારકી અને સ્થાવરોની પીડાને હરે છે, તેમ સ્વર્ગાદિમાં રહેતાં શક્રેન્દ્ર અને ચમરેન્દ્રાદિ દેવોને પરમ હર્ષ અને સંતોષ પેદા કરે છે.

જન્મકાળથી આરંભીને નિર્વાણ પ્રાપ્તિ સુધી સુરેન્દ્રો, નાગેન્દ્રો, વિદ્યાધરેન્દ્રો અને નરવરેન્દ્રો આદિ સઘળાયે વિશિષ્ટ કોટિના જીવોને શ્રી તીર્થંકર દેવો પરમ અનુગ્રહના કારણભૂત બની જાય છે.

મેરુ શિખર ઉપર સ્નાત્રાભિષેકાદિ પૂજાના પ્રસંગો દ્વારા તેઓ અનેક જીવોને બોધિબીજ આદિ પરમ ધર્મની પ્રાપ્તિના કારણરૂપ બની જાય છે.

શ્રી તીર્થંકર પરમાત્માને ઉદ્દેશીને ભક્તિથી ભરેલા દેવેન્દ્ર આદિના વૃંદો વડે શ્રી તીર્થંકર પરમાત્માની જે પૂજાઓ થાય છે, તે પૂજાઓથી પણ બીજા અનેકાનેક ભવ્ય આત્માઓને મોક્ષને અનુકૂળ બીજા પણ અનેક મહાન ઉપકારો થાય છે.

શ્રી તીર્થંકરપદની ઓળખાણ જ અશોક વૃક્ષ આદિ મહાપ્રતિહાર્યોની પૂજાથી થાય છે. પ્રતિહારનું કામ કરે તે પ્રાતિહાર્ય કહેવાય છે.

લોકાલોક પ્રકાશક કેવળ જ્ઞાનની પ્રાપ્તિથી તે નિર્વાણની પ્રાપ્તિ પર્યંત છત્ર, ચામર,

ભામંડલ, દુન્દુભિ અને સુવર્ણ સિંહાસનાદિ શ્રી તીર્થંકર પરમાત્માની સમીપે જ રહે છે અને શ્રી તીર્થંકર પરમાત્મા તેનો ઉપયોગ કરવા દ્વારા અનેક જીવોને નિર્વાણના બીજભૂત બોધિરત્ન આદિના પરમ લાભને પ્રાપ્ત કરાવનાર થાય છે.

પ્રાતિહાર્યોની પૂજાપૂર્વક શ્રી તીર્થંકર પરમાત્મા સર્વ પ્રાણીઓને સ્વ–સ્વ ભાષામાં પરિણામ પામનારી અને અમૃતપાનથી પણ અધિક આનંદ દેનારી તથા યોજન પ્રમાણ ભૂમિમાં વિસ્તાર પામતી વાણી વડે અને બીજા પણ અનેક પ્રકારના ઉપાયો વડે અનેક જીવોના પરમ હિતને સિદ્ધ કરી આપે છે.

તેમ જ મનોહર વચનોરૂપી કિરણો વડે જીવનના અંત પર્યંત–નિરંતર લાખો અને કરોડો ભવ્ય જીવોના મોહ–તિમિર અને અજ્ઞાનરૂપી અંધકારનો ઉચ્છેદ કરે છે.

કોટિ પ્રમાણ જીવોનો અજ્ઞાન–અંધકાર હણાઇ જવાથી તેમને જીવ–અજીવ આદિ સૂક્ષ્મ પદાર્થોનો અવબોધ થાય છે. જીવાજીવાદિ સૂક્ષ્મ પદાર્થોનો અવબોધ થવાથી તેમને તે પદાર્થો ઉપર આંતરિક શ્રદ્ધા અને રુચિ પેદા થાય છે. હૃદયરૂપી જિહ્વા વડે શ્રદ્ધારૂપી અમૃતનો આસ્વાદ માણે છે.

પરિણામે સાધુ–ધર્મ અને ગૃહસ્થ–ધર્મના અભ્યાસરૂપી સદ્ અનુષ્ઠાનોના આ સેવન વડે અનુક્રમે નરકાદિ ગતિઓના પ્રવેશને તે આત્માઓ સર્વથા રોકી દે છે અને કુગતિમાં થનારા અનેક અનર્થોના સાથથી બચી જાય છે.

એક બાજુ આ આત્માઓ અનેક અનર્થોના સાથથી બચી જાય છે અને બીજી બાજુ ઉત્તરોત્તર સાનુબંધ સુખને પ્રાપ્ત કરે છે. પોતે સુખને પ્રાપ્ત કરી પોતાથી અન્ય એવા બીજા અનેક પ્રાણીઓ ઉપર ઉપકાર કરે છે અને પરંપરાએ નિર્વાણ સુખની પ્રાપ્તિના અધિકારી બને છે.

આ રીતે શ્રી તીર્થંકરપદને પ્રાપ્ત કરનાર પુરુષોત્તમ પરમાત્મા શ્રી તીર્થંકર દેવોના ઉપકાર આ જગત ઉપર નિઃસીમ બની જાય છે. અંતે પોતે ભવબંધનકારક સર્વ કર્મોનો નાશ કરીને ફરી જન્માદિ દુઃખદ અવસ્થાઓ કદી પણ પ્રાપ્ત કરવી ન પડે, તેવા અજરામર પદને પામે છે.

શ્રી તીર્થંકરપદનું આ સ્વરૂપ જાણ્યા પછી કોણ એવો નિર્ભાગી જીવ હોય કે જે તેઓની ભક્તિમાં પોતાના મનને ન પરોવે ? તેઓની કલ્યાણકારી આજ્ઞાની આરાધનામાં પોતાના જીવને ન જોડે ?

અર્થાત્ સહુ કોઈ સમજદાર આત્મા શ્રી તીર્થંકરપદની ભક્તિ અને આજ્ઞાની આરાધના વડે પોતાના જીવનને સાર્થક કરવા માટે અવશ્ય પ્રયત્નશીલ બની રહે.

સ્વાર્થ, મોહ અને અજ્ઞાનમાં ગળાબૂડ જીવને પરમાર્થ, મોહરહિતતા અને સમ્યગ્-જ્ઞાનનો પરમ પાવનકારી પ્રકાશ ફેલાવનારા શ્રી તીર્થંકરદેવની ભાવપૂર્વકની ભક્તિથી ભવસાગર સુલભતાથી તરી જવાય છે, તે માટે પરમાત્માની પૂજા–ભક્તિ આપણા જીવનમાં અવશ્ય હોવી જોઇએ. 卐

# કર્મ મીમાંસા

दयाभूतेषु वैराग्यं, विधिवत् गुरूपूजनं ।
विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्धयदः ॥

પ્રાણીઓ ઉપર દયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુપૂજન, વિશુદ્ધ શીલનું પાલન,
એ ચાર પુણ્યાનુબંધી પુણ્યનાં કારણ છે.



પોતાનું ઘર, શરીર, સ્વજન કે ધન–એ તત્ત્વતઃ પોતાનાં નથી પણ પુણ્યકર્મનાં છે. તે બધાનો તાત્ત્વિક–માલિક પુણ્યકર્મ છે અને પુણ્યકર્મનાં માલિક તીર્થંકર પરમાત્મા છે.

પુણ્ય ઉપાર્જન કરવાનો કોઈ પણ પ્રકાર તીર્થંકર નામકર્મરૂપી પરમ પુણ્ય પ્રકૃતિના વિપાકોદયથી સ્થપાયેલા ધર્મ તીર્થના પ્રભાવે જ પ્રાપ્ત થાય છે, તેથી પુણ્ય માત્રના માલિક તીર્થના સ્થાપક તીર્થંકર ભગવાન છે.

આવી કર્મ પ્રકૃતિમાંથી પુણ્યકર્મની પ્રબળ સત્તાને સમજાવનાર પરમ પૂજનીય, અજાતશત્રુ અણગાર–

—પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય.

# કર્મ મીમાંસા

ઉત્તમ ફળનું
બીજ ઉત્તમ જોઈએ,
અધમ ન ચાલે.
કુકર્મનું ફળ કાળાંતરે
પણ સારું ન આવે.
કર્મના આ અબાધિત નિયમનો
ભંગ કરનાર જીવનમાં દુઃખી થાય છે.
આ નિયમનાં પાલનમાં જ જીવનની
આંતર–બાહ્ય શાન્તિ અને ઉન્નતિનો આધાર છે.
એ ઉન્નતિના આધારભૂત સોપાન........


૧ કર્મફળ
૨ કર્મનો અબાધિત નિયમ
૩ પુણ્યની પરમાવશ્યક્તા
૪ શુદ્ધિ–શુભનું પ્રદાતા પુણ્ય
૫ પુણ્ય–પ્રદાતા ત્રણ યોગો
૬ પુણ્ય–પાપની શુભાશુભતા
૭ અઢાર પાપો અને નવધાપુણ્ય
૮ નવધા પુણ્યથી નવપદ આરાધના
૯ નવ પુણ્યની ઉત્પત્તિ–નવપદ
૧૦ કર્મ–ધર્મનું સર્જન
૧૧ પુણ્યનું પોષણ–પાપનું શોષણ
૧૨ તથા ભવ્યત્વ અને સહજમળ
૧૩ કર્મ–કારણ

# કર્મ ફળ

લોક કર્મ સાથે નહિ, પણ કર્મફળ સાથે લડી રહ્યા છે. પ્રત્યેક જન્મમાં અશુભ-કર્મનું ફળ ન મળે અને શુભ કર્મનું જ ફળ મળે, એ માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે. અશુભ ફળનું કારણ અશુભ કર્મ છે, તેને કાપવાનો પ્રયાસ કરવામાં આવે તો આપોઆપ અશુભ ફળથી મુક્ત થવાય.

કર્મનો એક અર્થ 'ક્રિયા' પણ છે. હાથ, પગ આદિ અવયવો અને ઈન્દ્રિયો તથા મન પ્રતિપળ ક્રિયા કરી રહેલ છે. જીવનમાં પ્રત્યેક શ્વાસ કર્મ અને ક્રિયાથી વ્યાપ્ત છે. એક ક્ષણ પણ વિરામ લીધા વિના ક્રિયા કર્યા કરે છે. શરીરની નાડીઓ અને સૂક્ષ્મ પ્રાણોની હિલચાલ અટકયા વિના થઈ રહેલ છે. ક્રિયાઓના આ સતત પ્રવાહી શ્રોતોને કોઇ પણ શક્તિ રોકી શકતી નથી અને જયાં સુધી આ ક્રિયાઓની સાથે સંબંધ છે, ત્યાં સુધી આત્માને કર્મના બંધનમાં રહેવું જ પડે છે.

કોઈ એમ વિચારે કે હું આ ક્રિયાઓને છોડી દઉં અને ઉદયગત કર્મનાં ફળ ભોગવ્યા વિના એનો ત્યાગ કરી દઉં તો તે અશક્ય છે. નવીન ક્રિયાઓ થઇ રહી છે, તેનું આત્મા સાથે બંધન અને જૂની ક્રિયાઓ જે કર્મરૂપે બદ્ધ છે, તેના ફળનો ઉપ-યોગ રોકી શકાતો જ નથી. એનાથી ભાગી છૂટવાની ચેષ્ટા વ્યર્થ છે. જીવનમાં પ્રારબ્ધ પણ છે અને નવીન ક્રિયાઓનો બંધ પણ છે.

આત્માને બંધનમાં નાખનાર બાહ્ય પદાર્થ નથી, પણ રાગ-દ્વેષના વિકલ્પો છે. વનમાં રહી યા ભવનમાં પણ મનને 'પદ્મપત્રમિવાંમસા' અલિપ્ત રાખો !

કર્મફળ એ પોતે જ વાવેલું ફળ છે. તેને કાપતી વખતે હર્ષ કે શોક કરવાની જરૂર નથી. હસીને કે રોઈને કાપવા કરતાં નિર્વિકારી ભાવથી ખપાવી દેવું તે જ શ્રેષ્ઠ માર્ગ છે. પૂર્વ કર્મના ઉદયથી જે સુખ-દુઃખ આવે તે તો અનાસકત ભાવે સમતા-ભાવથી ભોગવવાં જોઈએ. તેનાથી જૂનાં કર્મ ભોગવાઇ જાય છે અને નવાનો બંધ થતો નથી.

કર્મફળની સાથે ઝઘડો ન કરો! સુખ વખતે રાગ કે દુઃખ વખતે દ્વેષ કરવો તે કર્મના બંધનમાં જકડાઇ રહેવાનું કાર્ય છે. બંને પ્રસંગોએ રાગ-દ્વેષના બંધન રહિત થવું એ જ મુક્તિનો ઉપાય છે. જડ વસ્તુનો રાગ છૂટે તો જીવ તત્ત્વનો દ્વેષ છૂટે.

પર વસ્તુનો રાગ એ ભાવરોગ છે. તેમાંથી ભવરૂપી બંધન પેદા થાય છે. સાચા ભવનિર્વેદનો અર્થ એ છે કે દેહ પણ ભારરૂપ લાગવો જોઇએ, કારણ કે તે પણ કર્મનું સર્જન છે. તેનું વિસર્જન આત્માના ચરણે કરવાથી ભવનિર્વેદપૂર્ણ જીવન પમાય છે.

કર્મસત્તા એક ન્યાયી સત્તા છે. તેના તંત્રમાં પક્ષપાતને મુદ્દલ સ્થાન નથી. માટે જેવા થવું હોય તેવાં કર્મ કરવાં જોઇએ. લીંબોળી વાવ્યા પછી એમ બોલવું કે 'આંબો

ન ઊગ્યો' તેનો શો અર્થ ? તાત્પર્ય કે અશુભ કર્મને જીવ માત્રનો કટ્ટર શત્રુ સમજી તેનાથી સર્વથા દૂર રહેવું જોઇએ.

卐

# કર્મનો અબાધિત નિયમ

એક એવો સનાતન નિયમ છે કે જેવું કારણ હોય, તેવું જ કાર્ય થાય. એટલા જ માટે જ્યારે કોઈ પણ કાર્ય સિદ્ધ કરવું હોય, તો તેનાં કારણો શોધીને જ તેમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. આમ્રફળ જોઈતું હોય, તો તેનું બીજ વાવવું જોઇએ અને લીમડો જોઈતો હોય તો તેનું બીજ વાવવું જોઇએ. અભણ ખેડૂત પણ આ સિદ્ધાન્તને જાણે છે અને તેથી જ પોતાને જેવા પાકની ઇચ્છા હોય છે, તેવાં બીજ વાવે છે.

ડૉક્ટરો પણ જેવો રોગ હોય તેવું ઔષધ આપે છે અને રોગને મટાડે છે. માટે જ દર્દીઓ બીમારીમાં ડૉક્ટરોનો આશ્રય સ્વીકારે છે તથા તેઓની સલાહ મુજબ ઔષધનું સેવન તથા પથ્યનું પાલન કરીને પોતાના રોગને શમાવે છે. એથી સિદ્ધ થાય છે કે રોગના નાશ તથા ઔષધાદિના સેવન વચ્ચે કાર્ય–કારણભાવનો સંબંધ છે.

કોઈ અજ્ઞાન વૈદ્ય રોગની ચિકિત્સા નથી કરી શકતો અગર રોગના શમન માટે સાચા ઔષધને નથી જાણી શકતો, તે દર્દીને વિપરીત પ્રકારનું ઔષધ આપી, તેનો રોગ પણ વધારી મૂકે છે, તેવો વૈદ્ય ઉંટવૈદ્ય કહેવાય છે. તેવા ઉંટવૈદ્યથી થતા ઉપચાર અને રોગ વૃદ્ધિ વચ્ચે પણ કાર્ય–કારણભાવનો જ સંબંધ કામ કરે છે.

પાણીમાં લાકડું તરે છે અને પથ્થર ડૂબે છે, માટે જ તરવાની ઇચ્છાવાળો પથ્થરનો આશ્રય નથી લેતો, પણ લાકડાના પાટિયાનો આશ્રય લે છે. અહીં પણ એવો કાર્ય–કારણભાવ સાબિત થાય છે કે પાણી કરતાં વધારે વજનવાળો પદાર્થ ડૂબે અને ઓછા વજનવાળો તરે. આ રીતે જગતના તમામ પદાર્થો ઉપર જ્યારે દૃષ્ટિપાત કરીએ છીએ, ત્યારે આપણને લાગે છે કે સર્વત્ર કાર્ય–કારણ ભાવનો નિયમ અસ્ખલિતપણે લાગુ પડે છે. કેટલીક વાર એમ પણ લાગે છે કે અમુક કાર્ય અકસ્માત થયું, પણ ત્યાં અલ્પ જ્ઞાનને લઈને કારણો દૃષ્ટિગોચર થતાં નથી એટલું જ ! પરંતુ વિશાળ જ્ઞાનને ધારણ કરનાર મહાત્મા પુરુષો ત્યાં પણ કારણોને જોઈ શકે છે. એટલે તેમને કોઈ પણ કાર્ય માટે એવો વિસ્મય થતો નથી કે આ આમ કેમ થયું ?

## જેવું કરે તેવું પામે

જે નિયમ જગતના અન્ય પદાર્થોને માટે છે, તે જ નિયમ આત્માને માટે પણ સમજી લેવો અર્થાત્ આત્મા પણ જેવું કરે છે, તેવું જ પામે છે.

જે આત્મા હિંસા, ચોરી, જૂઠ, અબ્રહ્મ વગેરે અકાર્ય કરે છે, તે પોતાના આત્મામાં માઠાં ફળ ભોગવવાનું બીજ વાવે છે. તથા જે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે સત્કાર્યો કરે છે, તે શુભ વસ્તુના સંયોગ અને તેથી નિપજતાં ફળનું બીજ વાવે છે.

જગતમાં કેટલાક મનુષ્યોને વિના પરિશ્રમે સુખ–સંપત્તિ મળે છે, જ્યારે કેટલાકને અથાગ પરિશ્રમ કરતાં પણ પેટપૂરતું અન્ન મળતું નથી. કેટલાક જન્મથી જ અજ્ઞાન છે અને કેટલાક જન્મથી જ તીક્ષ્ણ બુદ્ધિના માલિક થાય છે. કેટલાક રોગી, અપંગ અને નિર્બળ હોય છે, તો કેટલાક નિરોગી, બળવાન અને પાંચે ઇન્દ્રિયો વડે સર્વાંગ સંપૂર્ણ હોય છે. અમુક જીવો જન્મતાં જ આયુષ્ય પૂર્ણ કરી પરલોકના પંથે પ્રયાણ કરી જાય છે. જ્યારે બીજાઓ દીર્ઘકાળના આયુષ્યને આંચ વગર ભોગવે છે. કેટલાક ઉદાર હૃદયવાળા દેખવામાં આવે છે, તો કેટલાક ક્ષુદ્ર હૈયાવાળા પણ દેખવામાં આવે છે. આ તો મનુષ્યજાતિમાં જ પરસ્પર ભેદ થયો.

તિર્યંચ જાતિનાં જીવોમાં પણ એવો જ ભેદ જોવામાં આવે છે. રાજદરબારમાં ઊછરતા ઘોડાઓ શરીરે હૃષ્ટ–પુષ્ટ દેખાય છે. તેમને સુંદર સામગ્રીવાળું ખાવાનું મળે છે તથા તેમની પૂરતી કાળજી પણ રખાય છે, જ્યારે બીજા અનેક ઘોડાઓને એના માલિકો તરફથી પેટપૂરતું ખાવા પણ નથી મળતું. ઉપરથી એનો માલિક માર મારીને તથા રિબાવીને ગજા ઉપરાંત કામ કરાવે છે.

બીજી પણ અનેક વિચિત્રતાઓ જગતમાં પ્રત્યક્ષ દેખાય છે. જેમ કે કોઇ જીવ એકેન્દ્રિયમાં, કોઇ બેઇન્દ્રિયમાં, કોઇ તેઇન્દ્રિયમાં, કોઈ ચઉરિન્દ્રિયમાં, કોઇ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. તેમાં પ્રત્યેક જીવને ભિન્ન–ભિન્ન સંયોગો પ્રાપ્ત થાય છે. આ રીતે જગતમાં તમામ જીવોને જન્મતાં જ સંયોગો મળે છે તથા પાછળથી જે કાંઈ સંયોગો ઉપસ્થિત થાય છે. તેમાં જરૂર કાંઈક કારણ હોવું જ જોઈએ, કેમ કે કારણ વિના કાર્ય હોય જ નહિ.

જન્મતાંની સાથે જ મળતા સંયોગમાં જીવનો વર્તમાન પુરુષાર્થ તો કારણ હોઈ શકે જ નહિ માટે જરૂર ત્યાં અન્ય કારણ હોવું જોઇએ, તેનું જ નામ કર્મ છે. પાછળથી ઉપસ્થિત થતાં સુખ–દુઃખના સંયોગમાં પણ કેવળ આ ભવનો પુરુષાર્થ નથી. તે પુરુષાર્થ તો નિમિત્ત માત્ર છે. મુખ્ય કારણ જે છે, તેને જ્ઞાનીઓ કર્મ કહે છે.

## કર્મના પ્રકાર

આ કર્મ બે પ્રકારનું છે, સારી સામગ્રીનો સંયોગ જેનાથી મળે છે, તેનું નામ પુણ્ય કર્મ ! માઠી સામગ્રીનો સંયોગ જેનાથી મળે છે, તેનું નામ પાપકર્મ !

સત્કાર્ય આચરનારો પોતાના આત્મામાં પુણ્યરૂપી બીજ વાવી કાળાંતરે સુંદર ફળ ભોગવે છે. જ્યારે અકાર્ય કરનારો પાપરૂપી બીજ વાવી વિપરીત ફળને પામે છે.

આત્મદ્રવ્ય માટે તો બીજો એવો નિયમ પણ છે કે–જેવું કાર્ય કરે, તેવું ફળ કાળાંતરે પામે અથવા તત્કાળ પણ પામે !

અનીતિ, ચોરી આદિ પાપકર્મ કરનાર હૃદયમાં તત્કાળ અશાન્તિને પામે છે, જ્યારે ન્યાયસંપન્ન, સદાચારનિષ્ઠ પુરુષ નિરંતર હૃદયમાં સ્વસ્થતાના સુખને ધારણ કરે છે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે આ જન્મમાં કે જન્માંતરમાં સુખી થવા ઇચ્છનારે, અકાર્યોનો સર્વથા ત્યાગ કરી, જેટલું અધિક બને તેટલું સત્કાર્યમય જીવન જીવવા પ્રયત્ન કરવો જોઇએ. આમ થાય તો જ કર્મનો કે કાર્ય-કારણભાવનો ત્રિકાલાબાધિત નિયમ પોતે જાણ્યો, માન્યો છે, સમજ્યો છે, તો યથાર્થ ગણી શકાય.

ઉત્તમ ફળનું બીજ ઉત્તમ જોઈએ, અધમ ન ચાલે. કુકર્મનું ફળ કાળાંતરે પણ સારું ન આવે. કર્મના આ અબાધિત નિયમનો ભંગ કરનાર, જીવનમાં દુઃખી થાય છે. આ નિયમના પાલનમાં જ જીવનની આંતર-બાહ્ય શાન્તિ અને ઉન્નતિનો આધાર છે.

## સાચો સ્વામી પુણ્ય-કર્મ

પોતાનું ઘર, શરીર, સ્વજન કે ધન એ તત્ત્વતઃ પોતાનું નથી, પણ પુણ્યકર્મનું છે. તે બધાનું તાત્ત્વિક-માલિક પુણ્ય-કર્મ છે. અને પુણ્યકર્મના માલિક તીર્થંકર પરમાત્મા છે. પુણ્ય ઉપાર્જન કરવાનો કોઇ પણ પ્રકાર તીર્થંકર નામ કર્મરૂપી પરમ પુણ્ય પ્રકૃતિના વિપાકોદયથી સ્થપાયેલા ધર્મ તીર્થના પ્રભાવે જ પ્રાપ્ત થાય છે. તેથી પુણ્ય માત્રના માલિક તીર્થના સ્થાપક તીર્થંકર ભગવાન છે, કેમ કે તીર્થંકર નામ કર્મની પુણ્ય પ્રકૃતિનો વિપાકોદય ભોગવનાર તેઓ જ છે. તેમની એકનિષ્ઠાપૂર્વક સેવા કરવામાં આવે તો જ જીવને પોતાનું સાચું ઘર ( મોક્ષ ), સાચું શરીર ( આત્મા ), સાચું ધન ( કેવળજ્ઞાન ) અને સાચા સ્વજન ( તેમના માર્ગે ચાલનાર ચતુર્વિધ શ્રી સંઘ ) ની પ્રાપ્તિ થાય છે. સંઘનો પરિવાર તીર્થંકરનું તીર્થ છે. તેની રક્ષા માટે, વૃદ્ધિ માટે જે કાંઈ પ્રયત્ન થાય છે, તેનાથી પોતાના ધન, દેહ વગેરેની રક્ષા થાય છે. તેથી તેની સેવામાં જ પોતાની સાચી રક્ષા છે.

卐

# પુણ્યની પરમાવશ્યકતા

## ધર્મનાં બે સ્વરૂપ

દરેક ચીજને બે બાજુ હોય છે, તેમ ધર્મનાં પણ બે સ્વરૂપ છે. મોક્ષ-સાધક જીવને પ્રત્યેક ધર્મ-અનુષ્ઠાન દ્વારા એક બાજુ નિર્જરા અને સંવર થાય છેઃ એટલે કે બાંધેલા જૂના અશુભ કર્મોનો અંશતઃ ક્ષય અને બંધાતા અશુભ કર્મોનો નિરોધ થાય છે. તેમજ બીજી બાજુ શુભ કર્મોનો આશ્રવ થાય છેઃ અર્થાત્ શુભ આશ્રવ વખતે અશુભકર્મોનો સંવર અને પૂર્વોપાર્જિત પાપકર્મોની નિર્જરા પણ થાય છે. માટે પુણ્યાનુબંધી પુણ્યને સંવર અને નિર્જરા સ્વરૂપ કહી શકાય.

શુભ-કર્મોનો આશ્રવ કહો કે પુણ્યનો બંધ કહો-આ બંને એક જ વાત છે.

જ્યાં સુધી મન, વચન અને કાયારૂપ યોગને વ્યાપાર ચાલુ છે, ત્યાં સુધી કર્મબંધ અનિવાર્ય છે. એ યોગોના વ્યાપાર અશુભ પાપકર્મોનો અને શુભ હોય તો શુભ કર્મોનો આશ્રવ અવશ્ય થાય છે. તેરમા સયોગી ગુણ-સ્થાનક સુધી યોગોનો વ્યાપાર ચાલુ હોય છે એટલે ત્યાં સુધી સંવર અને નિર્જરાની સાથે પુણ્યાશ્રવ પણ અવશ્ય હોય છે.

પ્રભુદર્શન, પૂજન, વ્રત પચ્ચક્ખાણ કે આવશ્યકાદિ અનુષ્ઠાનોથી શુભ-ભાવ અને પુણ્યબંધ થતો હોવાથી, તે આત્મા માટે બંધનરૂપ છે, એમ માની જો તેની ઉપેક્ષા કરવામાં આવે કે અનુપાદેયતા બતાવવામાં આવે, તો જીવને મોક્ષ-સાધના જ અશક્ય બની જાય! પછી સચ્ચિદાનંદ સ્વરૂપની કે મોક્ષપ્રાપ્તિની તો માત્ર વાતો જ કરવાની રહે છે.

પુણ્યબંધ કરાવનારી ક્રિયાઓને ધર્મ માનવામાં ન આવે, તો ચૌદમા ગુણસ્થાનક સિવાય બીજા કોઈ ગુણઠાણે ધર્મ ઘટી શકે નહિ. અને ૧૪ મા ગુણસ્થાનકની ઉચ્ચ કક્ષા પ્રથમ ૧૩ ગુણસ્થાનકોની સ્પર્શના-પ્રાપ્તિ વિના કેમ પ્રાપ્ત થઈ શકે? આ માન્યતા મુજબ તો મોક્ષ અસંભવ બની જાય. કેમ કે મોક્ષના એક અંગરૂપ વ્યવહાર પુણ્યરૂપ ધર્મથી નિરપેક્ષ માની લીધેલી નિશ્ચયલક્ષી મોક્ષસાધના જીવને મોક્ષગામી નહિ, પણ દુર્ગતિ-ગામી જ બનાવનાર નીવડે. માટે સંવર અને નિર્જરાની જેમ પુણ્યાનુબંધી પુણ્ય પણ ધર્મનું-મોક્ષ સાધવાનું એક અંગ હોવાથી, તેને ઉપાદેય માની, તેનું વધુ ને વધુ આદર-બહુમાનપૂર્વક પાલન-કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

## પુણ્યને હેય-ઉપાદેય વિભાગ

સામાન્ય રીતે પુણ્યબંધના બે પ્રકાર છે: એક છે પાપાનુબંધી પુણ્ય અર્થાત્-પુણ્યના ફળની ઈચ્છાથી નિદાનપૂર્વક કરવામાં આવતું પુણ્ય. અને બીજો પ્રકાર છે-પુણ્યાનુબંધી પુણ્ય: અર્થાત્ નિષ્કામપણે માત્ર સ્વ-પરના ઉપકારના લક્ષથી કરવામાં આવતું પુણ્ય.

આ બંને પ્રકારના પુણ્યમાં પ્રથમ પુણ્ય સર્વથા હેય છે, કારણ કે તેના દ્વારા બાહ્ય સુખસમૃદ્ધિમાં જીવને તીવ્ર રાગ અને આસક્તિ ઉત્પન્ન થાય છે અને તેથી પાપની પરંપરા સર્જાય છે. આના પરિણામે ભવભ્રમણ થાય છે. જ્યારે બીજા પ્રકારનું પુણ્યાનુબંધી પુણ્ય ઉપાદેય છે, કારણ કે તેના દ્વારા મળતી બાહ્ય સુખસામગ્રી જીવને તેમાં આસક્ત નથી બનાવતી, પરંતુ પોતાનું ફળ આપી જીવને સદ્ગુરુ આદિના ઉત્તમ આલંબન પ્રાપ્ત કરાવી, મોક્ષ-સાધનામાં સહાયક બની રહે છે, માટે તે ઉપાદેય છે.

આગળ વિચારી ગયા તે પુણ્યબંધના હેતુરૂપ નવ પ્રકારનાં પુણ્ય અને 'કર્મગ્રંથ' વગેરેમાં બતાવેલી પુણ્યની ૪૨ પ્રકૃતિઓમાંથી તીર્થંકર-નામકર્મ મનુષ્ય-જાતિ, પંચેન્દ્રિય-જાતિ, આદિ પુણ્ય-પ્રકૃતિઓ તો સર્વથા ઉપાદેય જ છે. કેમ કે તેના વિના પાપનાશક અને મોક્ષસાધક ઉત્તમ સામગ્રી મળી જ શકતી નથી. એ સામગ્રીના અભાવે મોક્ષમાર્ગની સાધના પણ થઈ શકતી નથી અને આ સાધના વિના સિદ્ધિ તો થાય જ શી રીતે?

## બાહ્ય ઇચ્છા : એક પાપ

ઇચ્છા બાહ્ય સુખસમૃદ્ધિની કામના, એ અનાત્મભાવ પોષક હોવાથી પાપ છે. પુણ્યકાર્ય સાથે બાહ્ય મલિન-ઇચ્છાનું પાપ ભળે છે, ત્યારે પુણ્ય પણ પુણ્યાનુબંધી ન બનતાં પાપાનુબંધી બની જાય છે.

નાનું પણ પુણ્ય, પોતાનું શુભ-ફળ અવશ્ય આપે છે. પણ પુણ્ય કરતી વેળાએ જો પુણ્યના લૌકિક-ફળની ઇચ્છા કરવામાં આવે, તો એ પુણ્ય પોતાનું પૂર્ણ-ફળ આપવા સમર્થ નથી બનતું, પણ ઇચ્છાનું પાપ ભળવાથી તે પાપાનુબંધી બની જીવને દુર્ગતિના કારણ દુઃખને આપનારું પણ બની જાય છે. માટે દાન-પુણ્ય કે ધર્મકાર્ય કરતાં કદાપિ તેના બદલામાં બાહ્ય સુખસંપત્તિની અભિલાષા ન રાખવી જોઈએ.

સકામ-નિદાન પૂર્વકના પુણ્યથી મળેલી બાહ્ય સુખ-સામગ્રી જીવને ઢીલા ગોળ પર બેઠેલી માખીની જેમ ક્ષણિક સુખસ્વાદ આપીને અંતે આત્મઘાતક નીવડે છે. જ્યારે નિષ્કામભાવે પરોપકારના લક્ષથી કરેલાં પુણ્યને અને તેના દ્વારા મળતી બાહ્ય સુખ સામગ્રીને સાકરના ગાંગડાની ઉપમા આપી શકાય. સાકરના ગાંગડા પર બેઠેલી માખી સાકરનો સ્વાદને લઇ, અંતે ઊડી જવાની પણ સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. માટે પુણ્યકર્મ કરતી વખતે કેવળ કર્મક્ષય અને પાપક્ષયની જ ઇચ્છા રહે અને કોઇ પ્રકારની બાહ્ય ભૌતિક ઇચ્છા ન સેવાઇ જાય, તેની પરિપૂર્ણ કાળજી મોક્ષાભિલાષી જીવોએ અવશ્ય રાખવી જરૂરી છે.

## કૃતજ્ઞતા-ગુણની કેળવણી

પુણ્ય પુણ્યાનુબંધી એટલે કે પાપનાશક અને મોક્ષસાધક બની રહે, એ માટે જીવનમાં કૃતજ્ઞતા અને પરોપકાર ગુણ કેળવવો-મેળવવો અત્યંત જરૂરી છે. જીવની પાત્રતાનું કે ધર્મના અધિકારીપણાનું આગવું લક્ષણ કૃતજ્ઞતા છે. નમુત્થુણં સૂત્રમાં અરિહંત પરમાત્માને "પુરીસુત્તમાણં અને લોગુત્તમાણં" વગેરે જે પદો દ્વારા સ્તવવામાં આવ્યા છે, તેમાં તેમનો નિરુપચરિત લોકોત્તર પરોપકાર ગુણનો પ્રકર્ષ જ કારણભૂત છે. સિદ્ધ-પરમાત્મા સર્વ-કર્મથી મુક્ત અને સર્વગુણ સંપન્ન હોવા છતાં, શ્રી નવકાર મંત્રમાં અને શ્રી સિદ્ધચક્ર યંત્રમાં, અરિહંત પદને આપવામાં આવેલી પ્રથમતા-પ્રધાનતા એ તેમના સર્વોત્કૃષ્ટ અને સક્રિય લોકોત્તર-પરોપકાર ગુણને જ આભારી છે.

લોકોમાં જે કોઇ ઉચ્ચ સ્થાનો કે પદો છે, તે લોકોત્તર પરોપકારી પુરુષોને જ પ્રાપ્ત થાય છે. તીર્થંકરપદની પ્રાપ્તિ પણ 'સવિ જીવ કરું શાસનરસી'ની પરોપકારમય લોકોત્તર ભાવનાનું જ ફળ છે અને તેનું કાર્ય પણ પરોપકાર જ છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાંની સાથે જ તીર્થંકર-પરમાત્મા તીર્થની સ્થાપના કરી ભવ્ય જીવોને શાશ્વત સુખ-શાંતિનો સાચો માર્ગ બતાવે છે અને એ જ તેમનો લોકોત્તર ઉપકાર છે. તીર્થ એ

સાધન છે, તત્ત્વપ્રાપ્તિ એ સાધ્ય છે. તીર્થની સેવાઉપાસના કરવાથી જ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. તીર્થની આરાધના વિના તત્ત્વ મળી શકતું નથી.

મોક્ષસાધનાનો માર્ગ, વ્યવહાર અને નિશ્ચય ઉભયાત્મક છે. નિશ્ચયનું લક્ષ રાખીને વ્યવહારનું જ પાલન કરવાથી જ સાધ્ય–મોક્ષ પ્રાપ્ત થાય છે, પ્રવૃત્તિમાં વ્યવહારની અને લક્ષમાં નિશ્ચયની પ્રધાનતા હોય, તો જ કાર્યની સિદ્ધિ થાય છે. અન્યથા લક્ષ વિનાનો વ્યવહાર એટલે કે નિશ્ચય વિનાનો પુરુષાર્થ અને વ્યવહાર વિનાનું લક્ષ એટલે કે પુરુષાર્થ વિનાનું લક્ષ, એ બંને એકલા હોવાથી કાર્યસાધક બની શકતાં નથી.

કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે નિશ્ચિત લક્ષ અને તદનુરૂપ સબળ પુરુષાર્થ બન્ને જરૂરી છે. પ્રસ્તુતમાં સ્વોપકાર એટલે શુભભાવ, ચિત્ત–પ્રસન્નતા અને આત્મિક–ગુણોની પ્રાપ્તિ એ સાધ્ય (લક્ષ) છે અને પરોપકાર એટલે પરપીડા–પરિહાર, પરપ્રાણ રક્ષા અને પાપરહિત–ક્રિયા રૂપ દાનાદિની પ્રવૃત્તિ એ તેનું સાધન છે આગમિક પરિભાષામાં કહીએ તો, સ્વોપકાર એ નિશ્ચય સ્વરૂપ અને પરોપકાર એ વ્યવહાર સ્વરૂપ છે. પુરુષાર્થ અને પ્રવૃત્તિ હંમેશાં સાધનામાં જ થઇ શકે છે. સાધ્ય તો પુરુષાર્થનું ફળ છે. જેમ તૃપ્તિ એ ભોજનનું ફળ છે. તેની પ્રાપ્તિ સ્વયં ભોજનની પ્રવૃત્તિ કરવાથી એટલે કે–કોળિયા લેવા, ચાવવા વગેરે ક્રિયાથી જ થાય છે. પણ પ્રતીક્ષા કરવા માત્રથી કે તેનું જ્ઞાન કરવા માત્રથી તૃપ્તિ થતી નથી ! એ જ રીતે સ્વોપકારરૂપ જે 'સાધ્ય' છે, તે પરોપકારની પ્રવૃત્તિ કરવાથી જ મળી શકે છે.

## સ્વાર્થ પરિહાર

અહિંસા આદિ વ્રતોના પાલનમાં કે મૈત્રી આદિ ભાવનાઓમાં પોતાના આત્માના ઉપકારનું લક્ષ હોય અને અન્ય જીવોની પીડા–પરિહાર આદિની કે હિતચિંતન આદિની પ્રવૃત્તિ હોય, તો જ એ ધર્મ–અનુષ્ઠાનો સ્વ–પર ઉપકારક બની શકે. અન્યથા માત્ર પોતાની પીડા–પરિહાર આદિની કે પોતાની કોરી હિતચિંતાની પ્રવૃત્તિથી જો આત્મ-કલ્યાણ થઈ શકતું હોત, તો પ્રત્યેક જીવ અનાદિકાળથી પોતાની પીડા–પરિહારરૂપ અહિંસા, મૈત્રી, પોતાના ગુણોનો પ્રમોદ, પોતાના દુઃખોની કરુણા તથા પોતાના દુઃખોની ઉપેક્ષા કરતો જ આવ્યો છે, પરંતુ તેનાથી આ જીવનું હિત નહિ, પણ ભયંકર અહિત જ થયું છે.

આ સ્વાર્થાંધતાનું પાપ જ જીવોનું અહિત કરનારું છે–એમ જાણીને વિશ્વોપકારી, વિશ્વ–વત્સલ, પરમજ્ઞાની પુરુષોએ અન્ય જીવોની હિંસાનાં ત્યાગરૂપ અહિંસાદિ વ્રતો અને પરહિત–ચિંતારૂપ મૈત્રી, પરગુણ–તુષ્ટિ રૂપ પ્રમોદ, પરદુઃખ પ્રતિકારરૂપ કરુણા અને પરદોષ-ઉપેક્ષારૂપ માધ્યસ્થ્ય ભાવનાઓનું સેવન કરવાનું વિધાન કર્યું છે. મૈત્રી આદિ ચારે ભાવો જો બીજા જીવો પ્રતિ ભાવવામાં આવે છે, તો જ ગુણરૂપ અથવા

સ્વ-પર હિતકર બને છે પરંતુ એ ભાવો પોતાના (જીવ) પૂરતા જ ભાવવામાં આવે તો દોષ રૂપ બને છે. અર્થાત્ સ્વ-પર અહિતકર બને છે. અહિંસા આદિ વ્રતોના પાલનથી જેમ ભાવપ્રાણોની રક્ષા અને જન્મ-મરણ આદિના કારણભૂત અશુભ કર્મોનો નિરોધ થતાં, આત્મહિત થાય છે, તેમ બીજા જીવોનાં પણ દ્રવ્યપ્રાણોની રક્ષા અને પીડાનો પરિહાર વગેરે થવાથી પરહિત થાય છે.

આ રીતે સ્વોપકાર અને પરોપકાર એક જ કાર્યના બે પાસાં હોવાથી બંને છૂટા પાડી શકાય તેમ નથી.

સાધ્ય રૂપે સ્વોપકારને અને સાધનરૂપે પરોપકારને જ જીવનમાં પ્રાધાન્ય આપવું જોઈએ. એ પરોપકાર સાચો સ્વોપકાર ( સાધક ) બની રહે, તે માટે કૃતજ્ઞતાનો ભાવ પણ અવશ્ય કેળવવો જોઈએ. અન્યથા પરોપકાર અહંકારનો પોષક બની જતાં, સ્વોપકારને બદલે સ્વ-અપકાર ( અહિત ) નું જ કારણ બની જાય છે અને તે જ શુભ-અશુભ કર્મના બંધનું કારણ બને છે.

卐

# શુદ્ધિ-શુભનું પ્રદાતા પુણ્ય

## ગુણ પ્રાપ્તિનો ઉપાય

કૃતજ્ઞતા, પરોપકાર આદિ સદ્ગુણોની પ્રાપ્તિ-ગુણીજનોના બહુમાનથી થાય છે, ગુણાનુરાગ અને ગુણ-બહુમાનથી આપણી હૃદયભૂમિમાં ગુણરૂપી બીજનું વાવેતર થાય છે પૂર્ણ ગુણી પરમાત્મા અને પરમગુણી સદ્ગુરુ આદિ ગુણી પુરુષોના આદર, બહુમાન, તેમની સેવાભક્તિ તથા આજ્ઞાપાલન કરવાથી આપણાં ચિત્તરત્ન ઉપર ચડેલી દુર્ગુણોની મલિનતા દૂર થાય છે. એથી આત્મશુદ્ધિની પ્રેરણા મળે છે અને એ દ્વારા અનેક પ્રકારની સદ્ભાવનાઓ જાગૃત થાય છે.

ગુણ અને ગુણીના બહુમાનપૂર્વક સાચા દિલથી જો ગુણપ્રાપ્તિ માટે પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ, તો આ જીવનમાં પણ સદ્ગુણો અવશ્ય પ્રાપ્ત થાય છે. માટે જ ચૈત્યવંદનની વિધિમાં અવશ્ય બોલવામાં આવતાં જયવીયરાય-પ્રાર્થના સૂત્ર દ્વારા ભક્તાત્મા, ઉત્તમ ગુણોની અને મોક્ષમાર્ગની મંગલ આરાધના નિર્વિઘ્ને થઈ શકે, તેવા પ્રકારની ઉત્તમ સામગ્રીની પ્રભુ પાસે માંગણી કરતો કહે છે-

'હે ભગવન્! આપનાં કૃપા-પ્રસાદના પ્રભાવે મને ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઇષ્ટફળ-સિદ્ધિ, લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ, ગુરુજનપૂજા, પરાર્થકરણ અને શુભ ગુરુનો યોગ તથા તેમનાં વચનની સેવા આદિ ઉત્તમગુણોની પ્રાપ્તિ થાઓ.*

---

* "હોઉમમં તુહ પ્રભાવઓ ભયવં ભવનિવ્વેઓ !"

આ માંગણીમાં ગુરુજન પૂજાથી કૃતજ્ઞતા અને પરાર્થકરણથી પરોપકાર-ગુણ જ સૂચિત થાય છે. આ ગુણોની પ્રાપ્તિ, ભગવદ્-ભક્તિના પ્રભાવે થાય છે અને પ્રભુ પ્રાર્થના તેમાં પ્રાણ પૂરે છે. જન્મદાતા માતાપિતા આદિ લૌકિક ઉપકારી જનોનું આદર-બહુમાન અને તેમની સેવા, આજ્ઞાપાલન આદિ કરવાથી શુભગુરુ-યોગ એટલે કે, લોકોત્તર ઉપકારી સદ્‌ગુરુ આદિનો શુભ સમાગમ કરાવી આપે તેવી, તથા તદ્‌વચન સેવના એટલે કે તેમના વચન (આદેશ) અનુસાર આચરણ કરી શકીએ તેવી સદ્‌બુદ્ધિ અને પુણ્ય શક્તિ ઉત્પન્ન થાય છે.

અન્નપુણ્ય જલપુણ્ય આદિ લૌકિક પરોપકાર સ્વરૂપ પુણ્ય કાર્યો કરવાથી, લોકોત્તર ઉપકાર કરી શકાય તેવી અદ્‌ભુત પુણ્યરાશિનું સર્જન થાય છે. કૃતજ્ઞતા અને પરોપકાર-ગુણની પ્રાપ્તિ જ આ સંસારમાં અત્યંત દુર્લભ છે. તે ગુણો આવ્યા પછી, બીજા ગુણો તો-તેના પ્રભાવે સ્વયમેવ ક્રમશઃ પ્રગટતા જાય છે.

## પુણ્યથી પુણ્યની વૃદ્ધિ

જેમ ધનથી ધન વધે છે, તેમ પુણ્યથી પુણ્ય વધે છે. પુણ્યથી પ્રાપ્ત થયેલા મન-વચન-કાયાની શક્તિનો કે ધન-ધાન્યાદિ બાહ્ય પદાર્થોનો બીજાના હિતાર્થે ઉપયોગ કરી, તેનો આનંદ ( હર્ષ ) માણવાથી, પુણ્યનો ભંડાર અખૂટ બને છે, જ્યારે પોતાની સામગ્રીનો પોતે જ આસક્તિ પૂર્વક ભોગ કે ઉપભોગ કરી તેમાં આનંદ માણે તો ભરેલા પુણ્યના ભંડાર પણ ખાલીખમ થઈ જાય છે. બીજાને આપવું એ પુણ્ય છે અને પોતે જ આસક્તિ પૂર્વક ભોગવવું એ પાપ છે. આપવાથી ઉદારતા-ગુણ ખીલે છે. ભોગવવાથી આસક્તિ પોષાય છે. આસક્તિના પાપમાંથી છૂટવા યોગ્ય પુણ્ય સર્જવા માટે જ બીજાને આપવાનું છે; નહિ કે ભોગોપભોગની વધુ સુંદર સામગ્રી મળે એવી કામનાથી !

કોઈ પણ વસ્તુનું દાન મને સારૂં મળે કે વધુ મળે એવી આશાથી નહિ, પણ મને જે કાંઈ મળ્યું છે, એ પરોપકારી અને કૃતજ્ઞતાનાં સ્વામી એવા દેવગુરુની કૃપાથી જ મળ્યું છે. માટે દેવગુરુની આજ્ઞા મુજબ જ પરાર્થે આપવું એ મારૂં કર્તવ્ય છે, એવી ઉદાત્ત ભાવનાથી જ કરવું જોઈએ.

પુણ્યથી મળેલી સામગ્રીનો પુણ્ય માર્ગે ઉપયોગ કરવાથી પુણ્યની વૃદ્ધિ થાય છે. દાનાદિ પરોપકારમાં દાન લેનાર મોહમૂઢ જીવોની દૃષ્ટિ પુદ્‌ગલ તરફની હોઈ શકે છે, પણ દાતાની દૃષ્ટિ તો સામા જીવના 'જીવ તત્ત્વ' ઉપર જ હોવી જોઈએ. સામા જીવની પીડા પ્રતિકૂળતા કેમ દૂર થાય ? કેમ એને શાતા અને શાંત્વન મળે, એવી અનુકંપા કરુણા ભાવનાથી દાતાએ અન્નપુણ્ય વગેરે પુણ્યકાર્યો કરવા તૈયાર થવું જોઈએ.

દાનમાં તો દાતા પોતાની જાતને પરમ સદ્‌ભાગી માની, માત્ર પુણ્ય બુદ્ધિથી જ દાન

કરતો હોય છે, માટે તેનાથી મહાન પુણ્યની અભિવૃદ્ધિ થાય છે પરંતુ દાન લેનાર જીવો પણ દાતાના દાનાદિ ઉત્તમ ગુણોની સાચી પ્રશંસા અનુમોદના કરવા દ્વારા પોતાની યોગ્યતા અનુસાર પુણ્યના ભાગી બને છે.

## મોક્ષ–પણ પરોપકાર સ્વરુપ

એક આત્મા સિદ્ધપદ પ્રાપ્ત કરે છે, ત્યારે અવ્યવહાર રાશિમાંથી એક જીવનો ઉદ્ધાર થાય છે. આ નિયમ અનુસાર આપણા ઉપર પણ સિદ્ધ ભગવંતોના મહાન ઉપકારનું ઋણ, ઉપકારનો ભાર રહેલો જ છે. મુક્ત અવસ્થા એટલે કે સિદ્ધપદ, એ કેવળ પરોપકારમય અવસ્થા છે, એમ એક અપેક્ષાએ કહી શકાય છે. કારણ કે સિદ્ધ ભગવંતો સ્વયંપૂર્ણ અને કૃતકૃત્ય હોય છે. તેઓ આત્માના સચ્ચિદાનંદ સહજ સ્વરુપમાં જ સદા લયલીન હોય છે. આઠે પ્રકારના કર્મો, અઢારે પ્રકારના દોષો અને સમગ્ર ઈચ્છાઓથી રહિત હોય છે. તેથી ધ્યેય રૂપે ભવ્યાત્માઓને ઉપકારી બને જ છે અને કોઈ પણ જીવની પીડાહિંસામાં લેશતઃ પણ સ્વયં નિમિત્તભૂત બનતા નથી. માટે સિદ્ધ અવસ્થા એ જીવની પરમાનંદમય અને પરમ પરોપકારમય અવસ્થા છે. તેઓ પોતાના અસ્તિત્વ માત્રથી મહાન પરોપકાર કરી રહ્યા છે.

શરીરી અવસ્થામાં જ્યાં સુધી મન, વચન અને કાયાના સૂક્ષ્મ સ્પંદનો ચાલુ હોય છે, ત્યાં સુધી એટલે કે તેરમા સયોગી ગુણસ્થાનક સુધી પણ શાતાવેદનીય કર્મનો બંધ ચાલુ હોય છે, એની પાછળનું કારણ યોગના સૂક્ષ્મ સ્પંદનોથી થતો શુભાશ્રવ છે. જ્યારે સિદ્ધ અવસ્થા એ યોગાતીત અને સંપૂર્ણ કર્મરહિત અવસ્થા છે. તેથી સંપૂર્ણ અહિંસકભાવ ત્યાં હોય છે. આ અપેક્ષાએ સિદ્ધપદની કેવળ પરોપકારમયતા ઘટી શકે છે.

પંચ પરમેષ્ઠિઓમાં અરિહંત પરમાત્માને આપવામાં આવેલું પ્રાધાન્ય, તે પણ પરોપકાર ગુણનાં પ્રકર્ષની અપેક્ષાએ જ છે અને તેમનો સર્વોત્કૃષ્ટ લોકોત્તર ઉપકાર એ જ છે. કે સિદ્ધપદની વાસ્તવિક ઓળખ તેઓ આપે છે

સિદ્ધ અવસ્થા એટલે કે મુક્તિ એ જ અંત વિનાની અવિનાશી અવસ્થા છે અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ અવસ્થા સાદિ સાંત છે, પણ સિદ્ધપદ સાદિ અનંત છે, માટે જ માનવ જીવનનું પરમ અને ચરમ લક્ષ સિદ્ધપદ છે.

## પુણ્યથી શુદ્ધ ઉપયોગ

અશુદ્ધમાંથી શુદ્ધ તરફ જવા માટે શુભ–ભાવ એટલે કે પુણ્યનો આશ્રય લેવો જરૂરી છે. શુભભાવના માધ્યમ વિના આત્માનો અશુદ્ધ ઉપયોગ દૂર થતો નથી. તેમજ શુદ્ધ ઉપયોગની તેને પ્રાપ્તિ પણ થતી નથી. રાગ–દ્વેષ અને મોહને આધીન બનેલા આત્માઓનો ઉપયોગ અનાદિકાળથી અશુદ્ધ બનેલો હોય છે. તેને શુદ્ધ બનાવવા માટે

મન-વચન અને કાયાની શુભ પ્રવૃત્તિ અનિવાર્ય છે. શુભ યોગથી જ અશુદ્ધ ઉપયોગોનો પરિહાર શુદ્ધ ઉપયોગોનો આવિષ્કાર થાય છે.

નવ પુણ્યમાં પરહિતકારી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત-શુભ મન, વચન અને કાયાને, પુણ્ય સ્વરૂપ જ કહ્યા છે. પુણ્ય સ્વરૂપ એટલે જે પવિત્ર કરે તે પુણ્ય છે. ત્રણે યોગની શુભ પ્રવૃત્તિથી જ આત્માનો ઉપયોગ શુદ્ધ બને છે. માટે શુભ કાયાદિ યોગો અને તેને શુભ રૂપ બનાવનારા સર્વજ્ઞ કથિત તપ-જપ આવશ્યકાદિ અનુષ્ઠાનો પણ પુણ્ય સ્વરૂપ હોવાથી, પરમ આદરણીય અને ઉપાદેય છે.

પુણ્ય શુભભાવ સ્વરુપ હોવાથી શુદ્ધભાવની સન્મુખ છે. તેથી તેને સ્વભાવ પણ કહી શકાય. જ્યારે પાપ અશુભ-ભાવસ્વરૂપ હોવાથી આત્માના શુદ્ધ સ્વભાવથી તદ્દન વિમુખ છે, માટે તે વિભાવ છે, આ વિભાવમાંથી સ્વભાવ તરફ લઈ જતો જ્ઞાન અને ક્રિયાનો સુમેળ પુણ્યના પ્રભાવથી થાય છે.

卐

# પુણ્ય-પ્રદાતા ત્રણ યોગો

## જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ

જ્ઞાન વિનાની ક્રિયા કે, ક્રિયા વિનાનું જ્ઞાન પોતાનું પૂર્ણ ફળ આપવા સમર્થ નથી બનતા. આ બંને જ્યાં સુધી એકલા ( એકાંગી ) હોય છે, ત્યાં સુધી તે મોક્ષસાધક બની શકતા નથી. મોક્ષની પ્રાપ્તિ જ્ઞાન અને ક્રિયા આ બંનેના સુમેળથી જ થાય છે. મોક્ષપ્રાપ્તિમાં જ્ઞાન સાથે ક્રિયાની આવશ્યકતા જ પુણ્યની આવશ્યકતાને સાબિત કરે છે.

ક્રિયા વિનાનું જ્ઞાન કે જ્ઞાન વિનાની ક્રિયા નિષ્ફળ છે. તેનો અર્થ એજ કે, વ્યવહારની પ્રવૃત્તિ વિનાનો નિશ્ચય અને નિશ્ચયના લક્ષ વિનાની વ્યવહાર-પ્રવૃત્તિ એ નિષ્ફળ છે. ક્રિયા મુખ્યપણે વ્યવહાર સ્વરૂપ છે. માટે એ મોક્ષપ્રાપ્તિનું એક અગત્યનું અંગ છે. કોઈ પણ ક્રિયામાં મુખ્યત્વે કાયા અને ગૌણ રૂપે મન-વચનનો જ પ્રયોગ હોય છે. મન, વચન અને કાયાના વ્યાપાર વિના કોઈ પણ ક્રિયા થઈ શકતી નથી. પુણ્યના નવ પ્રકારમાં શુભ મન, વચન અને કાયા આ ત્રણેનો સમાવેશ છે. એટલે આ ત્રણે યોગો સ્વયં પુણ્ય સ્વરૂપ છે. અને પુણ્યના હેતુ પણ છે. માટે પ્રભુ-પૂજા, પચ્ચક્ખાણ, સામાયિક આદિ સર્વ શુભ ક્રિયાઓ પુણ્ય સ્વરૂપ હોવાથી પરમ આદરણીય છે. પુણ્યબંધક શુભ ક્રિયાઓની ઉપેક્ષા કરવાથી મોક્ષની જ ઉપેક્ષા થાય છે.

અર્થાત્ ભવભ્રમણની જ પરંપરા સર્જાય છે, એથી મોક્ષાભિલાષી આત્માઓએ પુણ્ય-કાર્યોમાં કે, શુભ-ક્રિયાઓમાં જરા પણ પ્રમાદ ન સેવવો જોઈએ.

## અનુમોદના-પુણ્ય

અનુમોદના પુણ્ય સ્વરૂપ છે. નાના પણ પુણ્યને પરિપુષ્ટ બનાવનાર અને તેની પરંપરા વધારનાર અનુમોદના છે. મન, વચન અને કાયા આ ત્રણે યોગ શુભ-વ્યાપારવાળા હોય છે ત્યારે પુણ્યસ્વરૂપ જ હોય છે અને તે પ્રત્યેક યોગના શુભ કરણ-કરાવણ અને અનુમોદન પણ પુણ્ય સ્વરૂપ જ છે. આ ત્રણેની કાર્યક્ષમતા (ફળદાનની શક્તિ) સમાન હોવા છતાં અનુમોદનાનું મહત્ત્વ અને મહાત્મ્ય અધિક છે. તેનું કારણ એ જ છે કે-અનુમોદના મનનું કાર્ય હોવાથી તેનું ક્ષેત્ર વ્યાપક છે. કરણ અને કરાવણ એ તન અને વચનનું કાર્ય હોવાથી તેનું ક્ષેત્ર સીમિત છે. જ્યારે અનુમોદના એ મુખ્યત્વે મનનું કાર્ય હોવાથી તેના દ્વારા ત્રણે કાળ અને ત્રણે લોકના સર્વ ઉત્તમ જીવોના સર્વ સદ્ધર્મ કર્મની અનુમોદના કરી શકાય છે.

કોઇ પણ કાર્ય જાતે કરવામાં મુખ્યત્વે કાયાનો, બીજા પાસે કરાવવામાં મુખ્યત્વે વચનનો અને બીજાના કાર્યને જોઈ-જાણીને હર્ષ-આનંદ અનુભવવામાં મુખ્યત્વે મનનો ફાળો હોય છે

સંયોગ અને શક્તિના અભાવે કદાચ કોઈ જીવ શુભપ્રવૃત્તિ સ્વયં ન કરી શકે, કરાવી પણ ન શકે, પરંતુ જે કોઈ આત્મા એ પુણ્યકાર્ય કરતા હોય કે કરાવતા હોય-તેની સાચા દિલથી અનુમોદના કરીને પણ એ પુણ્યકાર્ય કરવા-કરાવવા બરાબર જ ફળ મેળવી શકાય છે.

## કરણ-કરાવણ અને અનુમોદન

જ્ઞાની પુરુષોએ કરણ, કરાવણ અને અનુમોદનાનું એક સરખું ફળ બતાવ્યું છે, તેનું કારણ એ જ છે કે, ત્રણે પરસ્પર સંબંધિત છે. કરણમાં કરાવણ અને અનુમોદનાનો, કરાવણમાં કરણ અને અનુમોદનાનો તેમજ અનુમોદનામાં કરણ અને કરાવણનો ભાવ જીવંત હોય, તો જ એ ત્રણે વાસ્તવિક રીતે કાર્યસાધક અને ફળદાયક બને છે, આ ત્રણેનું સ્વરૂપ નીચે મુજબ છે.

૧. કરણ :-કોઇ પણ શુભ કાર્ય કરવામાં એ કાર્યના ઉપદેશક શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા પાલનનો અહોભાવ હોવાથી, તેમની આજ્ઞાનું બહુમાન એટલે કે અનુમોદન થાય છે. તેમજ શુભકાર્ય કરવાનો સુઅવસર પોતાને મળ્યા બદલ દેવગુરુની કૃપાનો ઉપકાર માની પોતાને સદ્‌ભાગી સમજે છે.

અને કરેલા સુકૃતની વારંવાર અનુમોદના કરે છે, તથા બીજા પણ પુણ્યશાળી જીવો તે શુભકાર્યને જોઈ પોતે પણ તે કરવાની પ્રેરણા મેળવે છે અર્થાત્ સ્વયં પણ અન્ય જીવોને શુભકાર્યમાં પ્રેરક (સહાયક) બને છે. અને સર્વ કોઈના સત્કાર્યોની અનુમોદના પણ પુણ્યકાર્ય કરનાર પુણ્યાત્માના અંતરમાં રમતી જ હોય છે.

૨. **કરાવણ** :–કોઈ પણ શુભકાર્ય બીજા જીવો દ્વારા કરાવવામાં કે તેમાં સહાયક બનવામાં સ્વયં તે સત્કાર્ય ન કરી શકવા બદલ–મનમાં ખેદ અનુભવવા સાથે હું જલ્દી તે સત્કાર્ય કરવા ઉજમાળ બનું એવી શુભ ઝંખના હોય છે. અને સાથે સાથે સર્વ જીવોના સર્વ સત્કાર્યોની અનુમોદના પણ હોય છે.

૩. **અનુમોદન** :–કોઈ પણ પુણ્યકાર્યની અનુમોદનામાં સ્વયં ન કરી શકવા કે ન કરાવી શકવા બદલ માનસિક દુઃખ સાથે કરણ–કરાવણની શુભ ભાવના અને સર્વ કોઈના કરણ, કરાવણ અને, અનુમોદન રૂપ સત્કાર્યની અનુમોદના હોય છે.

અનુમોદનાની પણ અનુમોદના–અનુમોદકમાં કરણ–કરાવણ અને અનુમોદનાની શક્તિનું બીજારોપણ કરે છે અને શક્તિ વિકસાવે છે. સત્કાર્ય કરવા અને કરાવવાનો સુઅવસર ક્યારેક અને થોડા સમય પૂરતો જ મળે છે. જ્યારે અનુમોદના વારંવાર અને દીર્ઘકાળ સુધી કરી શકાય છે. માટે જ અનુમોદનાનું મહત્ત્વ અને સામર્થ્ય અધિક બતાવવામાં આવ્યું છે. અનુમોદનાથી સર્વના, સર્વ સુકૃતોનું અને સદ્‌ગુણોનું બહુમાન થાય છે. તેથી ગુણોનું બીજાધાન થાય છે. પુણ્યનો અનુબંધ પડે છે અને પાપક્ષયની શક્તિ પ્રગટ થાય છે. એટલું જ નહિ પણ અનુમોદનાના પ્રભાવે સર્વ–પ્રકારની દીનતા નષ્ટ થઈ જાય છે. જીવન આનંદ અને ઉલ્લાસથી હર્યું ભર્યું બની જાય છે. તપ–જપ–સંયમાદિનું પાલન પણ સ્વપરના સુકૃતની અનુમોદનાથી જ વાસ્તવિક ફળદાયક બને છે.

શુભ કરણ, શુભ કરાવણ અને શુભ અનુમોદન એ અનુક્રમે તન–વચન અને મનનાં જ શુભ કાર્ય હોવાથી પુણ્ય સ્વરૂપ જ છે. અનુમોદનાની મહત્તા અને ગુણવત્તા દ્વારા–જિનશાસનમાં પુણ્ય તત્ત્વની જ મહત્તા, ગુણવત્તા અને ઉપાદેયતા બતાવવામાં આવી છે, એ સ્પષ્ટ સમજાય છે. પોતાના કે બીજા સર્વના સુકૃતની–સદ્‌ગુણની અનુમોદના એટલે કે તે સત્કાર્ય–સદ્‌ગુણ બદલ મનોમન આનંદનો અનુભવ કરવાથી પુણ્ય પુષ્ટ બને છે. માટે નવે પ્રકારના પુણ્યની કરણ–કરાવણ અને અનુમોદના કરવામાં વધુ ને વધુ ઉજમાળ બની પુણ્યને પરિપુષ્ટ બનાવવું જોઈએ.

નાનકડું પણ પુણ્ય અનુમોદનાથી પુષ્ટ બનતા આત્માને સદ્‌ગતિ અને શિવગતિનો સદ્‌ભાગી બનાવે છે. એ માટે શાલિભદ્રજીનું દૃષ્ટાંત જૈન શાસનમાં ખૂબ જ પ્રસિદ્ધ છે, શાલિભદ્રે ભરવાડના ભવમાં સુપાત્રમાં કરેલું અન્નપુણ્ય–ખીરનું દાન દ્રવ્યની અપેક્ષાએ તો અલ્પ જ હતું, પણ ભાવ–અનુમોદના દ્વારા તે પુણ્ય પુષ્ટ બનતા, અદ્વિતીય પુણ્ય-લક્ષ્મીનું કારણ બની ગયું. જે પુણ્યના પ્રભાવે શાલિભદ્રનો જન્મ પામી અપાર અદ્વિતીય દૈવી વૈભવ–વિલાસની સામગ્રીના ભોક્તા બન્યા અને સમયનો પરિપાક થતાં જ તે બધાનો તૃણની જેમ ત્યાગ કરી, ભગવાન શ્રી મહાવીરદેવના ચરણોમાં સમર્પિત થઈ ગયા ! તેમજ જ્ઞાન, ધ્યાન, સંયમની સુંદર સાધના કરી સિદ્ધિપદના અધિકારી બન્યા. માનવ-

જન્મ, ઉત્તમ કુળ, દૈવી રિદ્ધિસિદ્ધિ અને ભગવાન શ્રી મહાવીરદેવ જેવા પરમ ગુરુનો સમાગમ કરાવી આપનાર, અનાસક્ત ભાવની ભેટ કરનાર એક નાનકડું પણ અન્નપુણ્ય અને તેને પરિપુષ્ટ બનાવનાર અનુમોદના એટલે કે મનપુણ્ય કેવો અજબ ચમત્કાર સર્જે છે, તે શાલિભદ્ર (જીવ)ના દૃષ્ટાંત પરથી સમજી શકાય છે.

卐

# પુણ્ય–પાપની શુભાશુભતા

## નમસ્કાર–પુણ્ય

જૈનદર્શન નવતત્ત્વમય છે. આ તત્ત્વોમાંનું એક તત્ત્વ પુણ્યતત્ત્વ છે. એનો પ્રભાવ જાણવા–સમજવા જેવો છે. માત્ર પુણ્યોદય ઉપર મોહાઈ જવા જેવું નથી અને પાપોદય માત્ર તિરસ્કારને પાત્ર નથી. પુણ્ય–પાપ આ બન્નેનો અનુબંધ વિચારીને, એની શુભાશુભતા નક્કી કરી શકાય છે. પુણ્યાનુબંધી પુણ્ય આત્માને પવિત્ર બનાવે છે, ઉંચે ચડાવે છે, અને સુખની સામગ્રી આપે છે. પાપાનુબંધી પાપ આત્માને મલિન બનાવીને નીચે પાડે છે અને દુઃખ આપે છે.

પુણ્યનું સર્જન પરાર્થ ( પરોપકાર )માંથી થાય છે. અને પાપ સ્વાર્થમાંથી ઉત્પન્ન થાય છે. પુણ્ય અને પાપ–આ બે તત્ત્વો ઉપર જ સમગ્ર જગતની લીલા રચાયેલી છે મોક્ષની પ્રાપ્તિ અને ભવનું ભ્રમણ પણ પુણ્ય અને પાપત્વને જ આભારી છે. મોક્ષનો હેતુ પુણ્યાનુબંધી પુણ્ય અને સંસારનો હેતુ પાપનુબંધી પાપ છે. પુણ્ય અને પાપ, બન્ને પરસ્પર વિરોધી તત્ત્વ હોવા છતાં બન્નેની શક્તિમાં મહદ્ અંતર છે. પાપ કરતાં પુણ્યની શક્તિ મહાન છે. પાપને પડકારવાની અને પરસ્પરના યુદ્ધમાં પાપને જડમૂળથી નષ્ટ કરવાની તાકાત પુણ્યમાં છે.

પુણ્ય પ્રકાશ છે, પાપ અંધકાર છે. પુણ્ય અગ્નિ છે, પાપ ઈંધન છે. અંધકાર કરતા પ્રકાશ અને ઈંધન કરતા અગ્નિ વધુ શક્તિશાળી છે. ગમે તેવો પ્રગાઢ અંધકાર પણ સૂર્યના એક જ તેજ–કિરણથી ક્ષણવારમાં ભેદાઈ જાય છે. ઢગલાબંધ લાકડાનો જથ્થો પણ કણભર અગ્નિના પ્રભાવે થોડીવારમાં જ બળીને ભસ્મ થઈ જાય છે; એમ +જન્મ–જન્માંતરના સંચિત અઢળક પાપકર્મો પણ, એક નાનકડા પુણ્યના પ્રભાવે પળવારમાં નષ્ટ થઈ જાય છે. પાપ સંખ્યામાં કે રાશિમાં ( પ્રમાણમાં ) પુણ્ય કરતા ગમે તેટલા મોટા પ્રમાણમાં હોય, પણ પુણ્યની અચિંત્ય શક્તિ આગળ તેને મહાત થવું જ પડે છે.

‘ નમસ્કાર ’ એ નવ પુણ્યોમાંનું એક પુણ્ય છે. તે નમસ્કાર જ્યારે *ભાવપૂર્વકનો

---

\+ त्वत्संस्तवेन भवसंतति.........भक्तामर स्तोत्र ।

* एसो पंच नमुक्कारो सव्व पावप्पणासणो ।

બને છે, ત્યારે નમવા યોગ્ય એ પરમેષ્ઠિઓને કરેલો એક પણ નમસ્કાર એ નમસ્કાર કરનારને સર્વ પાપકર્મોથી મુક્ત બનાવી, તત્ક્ષણ શિવપદ પ્રાપ્ત કરાવી આપે છે.

## દાન, પુણ્ય અને ધર્મની એકરૂપતા

દાન, પુણ્ય અને ધર્મ, આ ત્રણે શબ્દો એક જ અર્થના વાચક અને એક જ કાર્યના સાધક છે, અંતિમ ફળ મોક્ષ છે અને તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષના સાધન અને અનુકુળ ઉત્તમોત્તમ સામગ્રી-ભૂમિકા આદિ મેળવી આપવી—એ જ આ ત્રણેનું કાર્ય છે એટલું જ નહિ, મોક્ષના સાધનરૂપ આ ત્રણેના સાધન તથા હેતુ પણ એક જ છે, અને તે પરોપકાર જ છે એટલે કે-દાન પુણ્ય અને ધર્મ પરોપકારથી જ થાય છે. અભયદાન, વિષય-વૈરાગ્ય, દેવ-ગુરુની પૂજા, વિશુદ્ધ શીલવૃત્તિ એટલે કે-દયા, દાન, સદાચાર અને પરપીડા-પરિહાર, પરાનુગ્રહ, પરોપકાર અને સ્વચિત્તનું દમન, સંયમ-પાલન વગેરે પુણ્યની અભિવૃદ્ધિ કરનારા હોવાથી 'પુણ્યાનુબંધી પુણ્ય' કહેવાય*

ઉપરોક્ત પુણ્ય સ્વરૂપ દયા, દાન, પરોપકાર આદિના સેવનથી આત્માના પરિણામ એટલે કે ભાવ-નિર્મળ બને છે. તેથી અશુભકર્મોનો બંધ અટકે છે અને પૂર્વ-સંચિત કર્મોની નિર્જરા થાય માટે તેને ભાવધર્મ કહેવાય છે.

આ રીતે ધર્મના ચાર પ્રકારોમાં-દાન, શીલ અને તપ-એ પુણ્યાનુબંધી પુણ્યની પરંપરા સર્જીને ક્રમે ક્રમે વિશુદ્ધ ભાવધર્મને ઉત્પન્ન કરે છે. તેથી પુણ્યમાં ધર્મના ચારે પ્રકારોનો પણ સમાવેશ થાય છે,

તીર્થંકર પરમાત્માએ ઉપદેશેલા ચાર પ્રકારના ધર્મમાં પ્રથમ સ્થાન, દાનને જ આપવામાં આવ્યું છે. ધર્મની શરૂઆત દાનથી જ થાય છે.× દુનિયામાં બળવાન, ધનવાન અને વક્તા ( પંડિત માણસો ) મળવા સુલભ છે. પણ દાતા, પરોપકારની ઉદાર વૃત્તિવાળા સજ્જન પુરુષો મળવા બહુ જ દુર્લભ છે. દાનનો અર્થ છે-આપવું. પોતાની પાસે જે કાંઈ સારૂં છે. હિતકર છે પોતાને જે કાંઈ સારૂં અને હિતકર મળ્યું છે, તે બીજાને આપવું એનું નામ દાન છે.

આપણને જીવવું ગમે છે, નિર્ભયતા અને સન્માન ગમે છે, તો બીજાને પણ જીવન-અભય અને સન્માન આપવા જોઈએ. જીવન નિર્વાહ અને પ્રાણરક્ષા માટે અન્ન,

---

*दया भूतेषु वैराग्यं, विधिवत् गुरुपूजनं। विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्यदः ॥
—श्री अष्टकप्रकरण

परोपकारनिरतः परानुग्रह एव च । स्वचित्त दमनं चैव पुण्यं पुण्यानुबन्ध्यदः ॥

×धर्मस्यादि पदं दानं, दानं-दारिद्रय नाशनम् ।
जनप्रियकरं दानं, दानं कीर्त्यादिवर्धनम् ॥

જળ, વસ્ત્ર અને મકાન આદિ આપણને જેટલા જરૂરી છે, તેટલા જ બીજા જીવોને પણ જીવન જીવવા માટે જરૂરી છે. તો જેની પાસે તે નથી તેને શક્તિ મુજબ કંઈક આપવું એ આપણું કર્તવ્ય છે; આવા પરોપકાર ભાવથી પ્રેરાઈને બીજાને પોતાનું સારૂં આપવું એ દાન છે, અને તે જ પુણ્ય છે. જિનાગમોમાં પુણ્યના જે નવ પ્રકાર બતાવ્યા છે, તેમાં સર્વ પ્રકારના દાનોનો સમાવેશ થઇ જાય છે. પ્રત્યેક પ્રકારનું દાન એ પરોપકાર ભાવ-પ્રેરિત હોવાથી પુણ્ય સ્વરૂપ જ છે. દાનની વૃત્તિ કે પ્રવૃત્તિનો હેતુ અને તેનું ફળ પુણ્ય છે.

### નવધા પુણ્ય

આત્માની વિકાસયાત્રાનો પ્રારંભ અને પૂર્ણાહુતિ પુણ્યથી થાય છે. પુણ્યની ટોચે પહોંચવા માટે પણ નવે પ્રકારના પુણ્યનો આદર અને પુણ્યનું પાલન કરવું જરૂરી છે. પાપની અશુદ્ધિ ટાળવા ભાવની શુદ્ધિ મેળવવા પુણ્ય જરૂરી છે.

નવ પુણ્ય અત્યંત વ્યાપક છે. તેમાં સર્વ પ્રકારના લૌકિક અને લોકોત્તર પુણ્યનો અંતર્ભાવ થઈ જાય છે. નમ્રતા અર્થાત્ વિનય એ જ ધર્મનું મૂળ છે. તે આત્મવિકાસનો પાયો છે. નમસ્કાર વિનય સ્વરૂપ છે. માટે નમસ્કાર પુણ્ય-એ સર્વ લોકોત્તર-પુણ્યનો સંગ્રહ છે. અર્થાત આ નવે પ્રકારનું પુણ્ય જ લૌકિક અને લોકોત્તર છે.-એ પુણ્ય પાત્રને અનુસારે લૌકિક અને લોકોત્તરપણાનું સ્વરૂપ ધારણ કરે છે. જો પાત્ર લૌકિક હોય તો પુણ્ય પણ લૌકિક બને અને લોકોત્તર હોય તો પુણ્ય પણ લોકોત્તર બને.

卐

## અઢાર પાપો અને નવધા પુણ્ય

### નવ પુણ્ય અને અઢાર પાપ

જિનાગમોમાં પુણ્યબંધના નવ અને પાપબંધના અઢાર પ્રકાર બતાવ્યા છે. તે આ પ્રમાણે છે, ૧. અન્નપુણ્ય, ૨. જલપુણ્ય, ૩. વસ્ત્રપુણ્ય, ૪. આસનપુણ્ય, ૫ શયનપુણ્ય, ૬. મનપુણ્ય, ૭ વચનપુણ્ય, ૮, કાયપુણ્ય, ૯. નમસ્કારપુણ્ય.

**અઢાર પાપ** : ૧. હિંસાપાપ, ૨. અસત્યપાપ, ૩. અદત્તાદાનપાપ, ૪. મૈથુનપાપ, ૫. પરિગ્રહપાપ, ૬. ક્રોધપાપ, ૭ માનપાપ, ૮ માયાપાપ, ૯. લોભપાપ, ૧૦. રાગપાપ, ૧૧. દ્વેષપાપ, ૧૨. કલહપાપ, ૧૩. અભ્યાખ્યાનપાપ, ૧૪ પૈશુન્યપાપ, ૧૫. રતિ-અરતિપાપ, ૧૬. પરપરિવાદપાપ, ૧૭. માયામૃષાવાદપાપ, ૧૮. મિથ્યાત્વશલ્યપાપ.

ઉપરોક્ત નવ પ્રકારના પુણ્યમાં સામાન્ય રીતે સર્વ પ્રકારના પુણ્યોનો અને અઢાર પ્રકારના પાપમાં સર્વ પ્રકારના પાપોનો સમાવેશ થઈ જાય છે. સંખ્યામાં પુણ્ય કરતાં પાપની સંખ્યા બમણી છે, છતાં શક્તિમાં પાપ કરતાં પુણ્ય વધુ પ્રબળ છે.

સામાન્ય રીતે તો દરેક પુણ્ય, સર્વ પાપોનું નાશક છે, છતાં અપેક્ષાએ કયું પુણ્ય, કયા કયા પાપની શુદ્ધિ અને નાશ કરવામાં સમર્થ બને છે? તેનો ટૂંક ખ્યાલ આપવા માટે અહીં ૯ પુણ્ય અને ૧૮ પાપની ઘટના કરી છે.

ઉપરોક્ત નવે પ્રકારના પુણ્યમાં જેમ પાપની શુદ્ધિ અને પાપનો નાશ કરવાની તાકાત રહેલી છે, તેમ નવપદ સાથે ગાઢ સંબંધ કરાવી આપવાની તાકાત પણ રહેલી છે. પુણ્યની અચિંત્ય શક્તિના સ્વામી અરિહંત પરમાત્મા છે, અને તેઓ નવપદમાં પ્રથમ પદે છે. નવપુણ્યના ઉપદેશ પણ તેઓ જ છે. તેથી તેમના દ્વારા અઢારે પાપની શુદ્ધિ અને નવે પદોની આંશિક આરાધના થાય છે.

## નવ પુણ્ય અને નવપદનો સંબંધ

આ નવ પુણ્ય ક્રમશઃ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે અને એ નવ પુણ્ય આત્માના વિકાસની પ્રારંભિક અવસ્થા છે, અને નવપદ–એ આત્માના વિકાસની ટોચ છે, શિખર છે. તે ટોચે પહોંચવા નવપદના જ અંશ રૂપ આ નવ પુણ્યમાં પ્રવૃત્તિ કરવી જોઈએ એવી પ્રભુની આજ્ઞા છે.

આ નવે પ્રકારના પુણ્યનો પાત્રમાં સદુપયોગ કરવાથી કઇ રીતે અઢાર પાપોની શુદ્ધિ થાય છે? તેનો સંક્ષેપથી સાપેક્ષપણે આ પ્રમાણે વિચાર કરી શકાય.

## ૧. અન્નપુણ્ય

પ્રાણધારણમાં અન્નભોજન અગત્યની જરૂરિયાત છે. અન્ન વિના લાંબુ જીવન જીવી શકાતું નથી. એટલું જ નહિ, પણ અન્નભોજનનું દાન કરવાથી જીવનદાન કર્યું ગણાય છે. અન્ન એ લોકમાં પ્રાણ ગણાય છે.

૧. અન્ન આપવા દ્વારા–બીજાના પ્રાણધારણમાં સહાયક બનવાથી હિંસા–પાપની શુદ્ધિ થાય છે, હિંસાજન્ય પાપ નાશ પામે છે. ૨. અન્ન દ્વારા બીજાને પ્રાણ આપનાર વ્યક્તિ મૃષાવાદ કરીને બીજા જીવને દુઃખી કરી શકે નહિ, બીજા જીવો પ્રત્યે દયાની સાચી લાગણી પ્રગટ્યા પછી, કોઇ જીવનું દિલ દુભાય તેવો કઠોર કે અસત્ય વચનનો પ્રયોગ કરવાનું પણ આપોઆપ બંધ થઈ જાય છે. આ રીતે અન્નપુણ્યથી પ્રથમનાં બે પાપસ્થાનકોની શુદ્ધિ થાય અને નવા પાપ બાંધવાની વૃત્તિ અટકી જાય છે.

## ૨. જલપુણ્ય

જીવન–ધારણમાં જળની અગત્યતા અન્ન કરતાં પણ વધારે છે. તૃષાતુર જીવોને જળ આપવાથી તેમની બાહ્યતૃષા છીપાય છે, તેથી તેમનું દિલ સંતોષની મીઠી લાગણી અનુભવે છે તેમજ જલપુણ્યથી બીજાની બાહ્યતૃષા દૂર કરનારની આંતરતૃષ્ણા પણ શમી જાય છે. બીજાની માલિકીની, અણહક્કની કે વગર દીધી કોઈ વસ્તુ લેવાની,

પચાવી પાડવાની કે બીજાની સ્ત્રીઓને વિકારભરી દૃષ્ટિથી જોવાની મલિન વાસના (તૃષ્ણા) શમી જતા સંતોષ અને શીલમાં ઉપાદેયની અને અદત્તગ્રહણ અને મૈથુનમાં હેયની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, આમ જલપુણ્યથી અદત્ત અને મૈથુન-આ બે પાપોની શુદ્ધિ અને તે પાપવૃત્તિનો ક્ષય થાય છે.

### ૩. વસ્ત્રપુણ્ય

વસ્ત્ર વગેરે શીલ-સંયમ અને શરીર-રક્ષણનાં સાધનો છે. જીવને તેનું દાન કરવાથી વસ્ત્રાદિની મૂર્છા-મમતા ટળી જાય છે પોતાની વસ્તુ બીજાને આપવાથી પરિગ્રહનું પાપ ધોવાય છે અને પરિગ્રહને કારણે તે વસ્તુનાં રક્ષણ આદિ માટે જે રૌદ્ર-ધ્યાન અર્થાત્ ક્રોધાદિ કષાય થાય તે પણ અટકી જાય છે. એટલે વસ્ત્ર-પુણ્યથી પરિગ્રહ અને ક્રોધ-આ બે પાપની શુદ્ધિ અને તે પાપ કરવાની વૃત્તિનો ક્ષય થાય છે.

### ૪. આસનપુણ્ય

અન્ય વ્યક્તિને બેસવા માટે આપણે આસન આપીએ છીએ, તો એનાથી સામી વ્યક્તિનું 'બહુમાન' થાય છે. તેથી આપણામાં નમ્રતા આવે છે. અને માન જાય છે. માન જવાથી સરળતા ઉત્પન્ન થાય છે. તેથી માયા પણ જાય છે.

માણસ પોતાના મોભા-સ્વાભિમાનને ટકાવી રાખવા ખાતર પણ અનેક પ્રકારના કપટ કરતો હોય છે. પણ નમ્રતા પ્રગટવાથી માન-સ્વાભિમાનની વૃત્તિ નષ્ટ થઇ જાય છે. એટલે માયા-કપટ કરવાની વૃત્તિ પણ મંદ પડી જાય છે. આ રીતે આસનપુણ્યથી માન અને માયા રૂપ બે પાપ સ્થાનકની શુદ્ધિ અને તે પાપ-સેવનની વૃત્તિનો ક્ષય થાય છે.

### ૫. શયનપુણ્ય

અન્ય વ્યક્તિને સૂવા-રહેવા માટે શયન કે મકાન આપવાથી લોભ-વૃત્તિ ઘટે છે. ભેગું કરવું અને મારું બીજાને ન આપવું, આ વૃત્તિમાં લોભના અતિરેક સાથે રાગની પ્રબળતા પણ હોય છે. પરંતુ શયનપુણ્યથી લોભવૃત્તિ અને રાગ-એ બન્નેની માત્રા મોળી પડી જાય છે, માટે શયન-પુણ્યથી લોભ અને રાગ, આ બે પાપસ્થાનકોની શુદ્ધિ અને તે પાપસેવનની વૃત્તિનો ક્ષય થાય છે.

### ૬. મનપુણ્ય

મનથી સર્વના આત્મહિતનો વિચાર કરવાથી અને સ્વ-પરના સુકૃત-સદ્ગુણની અનુમોદના કરવાથી દ્વેષભાવ ચાલ્યો જાય છે, પછી કોઈ જીવ તરફ દ્વેષ કે તિરસ્કારની લાગણી ઉત્પન્ન થતી નથી પણ મિત્રબુદ્ધિ જ ઉત્પન્ન થાય છે. જીવ માત્રને મિત્ર માની, તેની સાથે આત્મતુલ્યવૃત્તિ અને વર્તન રાખવું, એ માનવ જીવનનું પરમ કર્તવ્ય છે. પણ અંતરમાં રહેલો દ્વેષભાવ બીજા જીવમાં શત્રુતાની બુદ્ધિ કરાવે છે, તેમની સાથે

કલહ-કંકાસ અને વેર-ઝેર ઉત્પન્ન કરાવે છે. મનપુણ્ય દ્વારા સર્વ જીવોનું હિતચિંતન થતું હોવાથી દ્વેષભાવ નષ્ટ થઇ જાય છે. કલહના મૂળ રૂપ દ્વેષબુદ્ધિ નષ્ટ થઇ જતાં કોઈ જીવ સાથે કલહ-કંકાસ કરવાનો પ્રસંગ બનતો નથી. આમ મનપુણ્ય દ્વારા દ્વેષ અને કલહ રૂપ બે પાપસ્થાનકોની શુદ્ધિ અને તે પાપ કરવાની વૃત્તિનો ક્ષય થાય છે.

## ૭. વચનપુણ્ય

બીજાનું હિત થાય એવી વાણી બોલવી કે બીજાનાં સત્કાર્ય-સદ્‌ગુણની પ્રશંસા કરવી તે વચન પુણ્ય છે. તેનાથી ખરાબ વચન રૂપ અભ્યાખ્યાન અને પૈશુન્ય, આ બન્ને પાપોની શુદ્ધિ અને તે પાપ કરવાની વૃત્તિનો ક્ષય થાય છે. કોઇને અછતાં (ખોટાં) કલંક દેવા, તે અભ્યાખ્યાન પાપ છે અને દ્વેષબુદ્ધિથી એકબીજાની સાચી-જુઠી વાતો એકબીજાને કરવી, તે પૈશુન્યપાપ છે. વચનપુણ્યથી આ બન્ને પ્રકારનાં પાપ સરળતાથી જાય છે.

## ૮. કાયાપુણ્ય

કાયાથી અન્ય વ્યક્તિની સેવા-વૈયાવચ્ચાદિ કરવા કે બીજાનાં શુભકાર્યમાં સહાયક થવું, એ કાયાપુણ્ય છે. કાયાપુણ્યના સેવનથી રતિ-અરતિ અને પરપરિવાદ, આ બન્ને પાપોની શુદ્ધિ થાય છે અને તે પાપસેવનની બુદ્ધિ નાશ પામે છે. રતિ-અરતિના વિશેષ અનુભવમાં કાયિક સુખદુઃખની પ્રધાનતા રહે છે. બીજાની સેવાભક્તિમાં પોતાની કાયાનો ઉપયોગ કરવાથી રતિ-અરતિનું પાપ ટળે છે, સામાન્ય રીતે આપણાં કષ્ટ કે દુઃખમાં બીજાનું નિમિત્ત પામીને, આપણે જે પરપરિવાદ-પરનિંદાનું પાપ સેવીએ છીએ, તે પણ રતિ-અરતિના જવાથી ચાલ્યું જાય છે. અને આ પાપના સેવનની વૃત્તિ નાશ પામે છે.

## ૯. નમસ્કારપુણ્ય

નમવા યોગ્ય પંચપરમેષ્ઠિને નમવું, એ નમસ્કાર પુણ્ય છે. ઉપરોક્ત આઠ પુણ્યોના સેવનથી, જ્યારે ૧૬ પાપોની શુદ્ધિ અને પાપસેવનની વૃત્તિઓનો ક્ષય થાય છે, ત્યારે સાચો નમસ્કારભાવ પ્રકટે છે અને તે નમસ્કાર ભાવથી સત્તરમું પાપ માયા-મૃષાવાદ (કપટથી અસત્ય વાણી બોલવી તે) અને અઢારમું પાપ મિથ્યાત્વશલ્ય (તત્ત્વમાં અતત્ત્વની અને અતત્ત્વમાં તત્ત્વની બુદ્ધિ) આ બન્ને પાપ પણ ચાલ્યા જાય છે. મિથ્યાત્વની હાજરીમાં જ માયા-મૃષાનું પાપ સેવાય છે, અને મિથ્યાત્વ પણ તેના પ્રતિપક્ષી નમસ્કાર ભાવની ગેરહાજરીમાં જ ફુલ્યું-ફાલ્યું રહે છે. નમસ્કારભાવનો સ્પર્શ થતાં જ મિથ્યાત્વ નષ્ટ થઇ જાય છે. આ રીતે નમસ્કાર પુણ્યથી માયા-મૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય આ બે પાપસ્થાનકોની શુદ્ધિ થાય છે. તેમજ તે પાપસેવનની વૃત્તિ નાશ પામે છે.

આ રીતે આપણને પુણ્યથી મળેલી સામગ્રીનો ઉપયોગ જેમ જેમ વિવેક પૂર્વક નિઃસ્વાર્થભાવે, કેવળ સામા જીવને શાતા પહોંચાડવાના ભાવથી, થાય છે તેમ તેમ

પુણ્ય વધવાથી વિશિષ્ટ સુપાત્ર પુરુષોની ભક્તિનો અવસર મળતો જાય છે, આવા લોકોત્તર પાત્રની ભક્તિમાં આપણી શક્તિનો ઉપયોગ કરવાથી વિશિષ્ટ પ્રકારના પુણ્યાનુબંધી પુણ્યનું એવું સર્જન થાય છે, કે જેનાથી આ જન્મ અને જન્માંતરમાં પણ સર્વ કર્મોને સમૂળ નાશ કરવાનું અપ્રતિમ સામર્થ્ય ધરાવનારા-અહિંસા, સંયમ અને તપ આદિ ઉત્કૃષ્ટ ધર્માનુષ્ઠાનોનો આદર અને આચરણ કરવાની સુંદર સામગ્રી અને શક્તિ પ્રાપ્ત થાય છે અને તેના દ્વારા સર્વકર્મનો ક્ષય કરી, આત્મા પોતાના સહજ શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

આ રીતે સર્વકર્મક્ષયમાં આ નવે પ્રકારનું પુણ્ય એ બીજરૂપે કારણભૂત હોવાથી તેમાં સર્વ પાપોને નષ્ટ કરવાની શકિત રહેલી છે.

卐

# નવધા પુણ્યથી નવપદ આરાધના

## નવપુણ્ય અને નવપદ

જૈન દર્શનમાં પુણ્યતત્ત્વનું કેવું મહત્વનું સ્થાન છે. એની વિગતવાર વિચારણા કરતાં આપણે એ જોઈ-વિચારી આવ્યા કે, ૯ પ્રકારનું પુણ્ય ૧૮ પ્રકારના પાપોનો નાશ કરવા કઈ રીતે સમર્થ છે? હવે છેલ્લે છેલ્લે એ વિચારણા કરી લઈએ કે, નવપદ અને નવપુણ્ય વચ્ચે કેવો સંબંધ રહેલો છે.

**૧. અન્નપુણ્ય :** પુણ્યતત્ત્વના ઉપદેષ્ટા અરિહંત પરમાત્મા છે. તેમની મુખ્ય આજ્ઞા અહિંસા છે. અહિંસાનો અર્થ છે, અભયદાન પ્રાણરક્ષા! અન્નદાનથી (દ્રવ્ય-ભાવ બન્ને) પ્રાણની રક્ષા થાય છે. તેમજ સુપાત્રમાં આપેલું ભોજન નયસારની જેમ સમ્યક્ત્વનો તેમજ તીર્થંકર-નામકર્મના બંધનો હેતુ પણ બને છે. માટે અન્નપુણ્યથી અરિહંતની આજ્ઞાનું પાલન અને અરિહંતપદની ઉપાસના થાય છે.

**૨. જલપુણ્ય :** પાણી તરસ છીપાવે છે. બાહ્ય-તૃષા હરવાનું સાધન જલ છે. તેના દ્વારા અન્યની તૃષા શાંત કરવાથી અંતે બાહ્ય-અભ્યંતર સર્વ તૃષ્ણાનો અંત થાય છે. સિદ્ધઅવસ્થા એ બાહ્ય અને આંતર, સર્વ તૃષ્ણાઓનાં સંપૂર્ણ અભાવ સ્વરૂપ હોવાથી જલપુણ્ય એ સિદ્ધપદનું પ્રતીક છે. બીજાની બાહ્યતૃષા છીપાવવા દ્વારા સર્જાતા જલપુણ્યથી સંસારમાં પણ એ સિદ્ધના શાશ્વત-સુખની વાનગીરૂપ નિસ્પૃહતાનું સુખ અનુભવવામાં આવે છે.

**૩. વસ્ત્રપુણ્ય :** વસ્ત્ર દ્વારા શીલ અને સંયમનું રક્ષણ થતું હોવાથી, વસ્ત્રપુણ્ય એ આચારનું પ્રતીક છે. બીજાને બાહ્યવસ્ત્રો આપીને લાજ ઢાંકનાર કે તેના શીલધર્મમાં સહાયક બનનારને સદાચારના પાલનનો આદરભાવ ઉત્પન્ન થાય છે. સદાચાર એ આત્માનું વસ્ત્ર છે. સદાચાર વિનાનો માણસ લોકમાં પણ નાગો કહેવાય છે. તેથી વસ્ત્ર-

પુણ્ય દ્વારા આચાર સ્વરૂપ આચાર્યપદની ઉપાસના થાય છે અને સદાચાર પાલનનું બળ પ્રાપ્ત થાય છે.

**૪. આસનપુણ્ય :** પોતા સિવાય અન્યને બહુમાન આપવું તે. બીજાને આસન આપવા દ્વારા બીજાનું બહુમાન થતું હોવાથી વિનય ગુણ કેળવાય છે, માન ઘટે છે માટે આસનપુણ્ય એ ઉપાધ્યાય પદનું પ્રતીક છે.

**૫. શયનપુણ્ય :** શયન એટલે ઘર રહેવા, સૂવા માટેનો આધાર આપવો તે શયનપુણ્ય છે. સાધુ સર્વેને આધાર—આશ્રય આપનાર હોય છે. મોક્ષમાર્ગમાં એ સર્વેને સહાય કરનાર હોય છે. શયન—ઘર આદિ દ્વારા બીજાને દ્રવ્ય આધાર આપવા દ્વારા સાધુતાનો ભાવ વિકાસ પામે છે. માટે શયનપુણ્ય એ સાધુપદનું પ્રતીક છે.

**૬. મન પુણ્ય :** જીવમૈત્રી આદિ ચારે ભાવનાઓ એ દર્શનશુદ્ધિનો પરમ ઉપાય છે. સર્વ જીવોનું હિતચિંતન આદિ મન વડે થતું હોવાથી મનપુણ્ય એ સમ્યગ્દર્શનનું પ્રતીક છે.

**૭. વચનપુણ્ય :** વાણી જ્ઞાનનું પ્રતીક છે. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ વચન દ્વારા જ થાય છે, તેમજ હિત—મિત—પથ્ય વાણી બોલવાથી જ્ઞાનપદની જ આરાધના થાય છે. માટે વચનપુણ્ય એ સમ્યગ્જ્ઞાનનું પ્રતીક છે.

**૮. કાયાપુણ્ય :** કાયા દ્વારા સુપાત્રની સેવાભક્તિ કરવાથી ચારિત્રધર્મના પાલનનું બળ પ્રાપ્ત થાય છે : તેમજ કાયાની શુદ્ધિ રૂપ, ચારિત્રગુણની શુદ્ધિ પણ કાયાપુણ્ય વડે મેળવી શકાય છે. માટે કાયાપુણ્ય—એ ચારિત્રપદનું પ્રતીક છે.

**૯. નમસ્કારપુણ્ય :** નમસ્કાર વિનય સ્વરૂપ છે. અને તે અભ્યંતર તપ છે. ધ્યાન કાયોત્સર્ગ આદિ અભ્યંતર અને બાહ્ય તપના બારે પ્રકારોનું આરાધન પણ નમસ્કાર-પુણ્ય સ્વરૂપ હોવાથી તે તપપદનું પ્રતીક છે. આ રીતે નવ પુણ્ય એ નવપદના પ્રતીક-રૂપ હોવાથી તેના આદર, બહુમાન, આચરણથી નવપદનું જ આદર—બહુમાન અને આરાધન થાય છે.

પુણ્ય વિના નવપદનું નામશ્રવણ પણ પ્રાપ્ત થતું નથી, તો તેના આદર—આરાધનાની પ્રાપ્તિની વાત જ ક્યાં રહી? નવ પુણ્યના સેવનથી જેમ જેમ પુણ્યની અભિવૃદ્ધિ થાય છે, તેમ તેમ નવપદ સાથેનો સંબંધ અને સાંન્નિધ્ય વધુ પ્રગાઢ બને છે. અને છેવટે આત્મા નવપદમય બને છે.

નવપુણ્યના સેવનથી અઢાર પાપની શુદ્ધિ અને તે પાપ ન કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે. માટે જીવનમાં નવ પુણ્યની રૂચિ અને પ્રવૃત્તિ વધારવી જોઇએ. જેમ પ્રકાશના આગમનથી અંધકાર સહજ રીતે ચાલ્યો જાય છે, તેમ પુણ્યના પ્રકાશથી પાપ—અંધકાર પણ આપોઆપ વિલીન થઇ જાય છે અને આત્મા પુણ્યથી પુષ્ટ બની, ધર્મસાધનામાં વધુને વધુ ઉદ્યમશીલ બની મોક્ષ (સિદ્ધપદ) પ્રાપ્ત કરે છે.

ઉપરોક્ત પુણ્યાનુબંધી નવ પુણ્ય વડે અઢાર પાપોનો ક્ષય થાય છે, અરિહંતાદિ નવે પદોનાં આરાધક બનાય છે અને પરંપરાએ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

આ વાતને સાપેક્ષ દૃષ્ટિકોણથી આપણે વિચારી આવ્યા. જૈન શાસનમાં અનેક નયો અને અપેક્ષાઓ વિદ્યમાન છે. એમાંના કોઈ નયને અનુલક્ષીને કરાયેલી આ વિચારણાને સમજી તદનુસાર જીવન જીવવા પ્રયત્નશીલ બનવું, એ જ માનવ-જન્મ પામ્યાનું ઉત્તમ ફળ છે. સૌ કોઈ તે માટે ઉજમાળ બનો, એ જ એક પુણ્યાભિલાષા!

卐

# નવપુણ્યની ઉત્પત્તિ–નવપદ

૯ પ્રકારના પુણ્યથી ૯ પ્રકારની વસ્તુની પ્રાપ્તિ થાય છે. એક પણ વસ્તુ ન મળે તો જીવન દુષ્કર બની જાય. તે નવ વસ્તુઓમાં અન્ન, જળ, વસ્ત્ર, આસન આદિનો સમાવેશ થાય છે.

આપ્યા સિવાય મળે નહિ, વાવ્યા વિના ઉગે નહિ, એ નિયમ છે.

મળે તેનું મૂલ્ય ન આંકવું, દુરુપયોગ કરવો અને જે નથી મળ્યું તેનો વ્યર્થ વલોપાત કરવો તે પણ અજ્ઞાન છે.

પણ વિચારો કે, મન અને વચન જો ન જ મળ્યાં હોય તો કેવી દુર્દશા થાત? આ અણમોલ પદાર્થોને યથાસ્થાને નહિ પ્રયોજાય તો, ફરીથી તેનો અભાવ આવીને ઊભો જ રહેશે.

વસ્તુના ભોગવટામાં ૯ પુણ્યને ભૂલી જવાય, તો પુનઃ વિકાસ રૂંધાઈ જાય અને ૯ પુણ્યની ઉત્પત્તિ નવપદની આરાધના સિવાય શક્ય નથી.

નવપદમાં પહેલા શ્રી અરિહંત પરમાત્મા છે.

૧. શ્રી અરિહંત પરમાત્મા એટલે વિશ્વોપકારી, વિશ્વવત્સલ, પરાર્થવ્યસની પરમાત્મા, પુણ્યોત્પાદક ગુણના દરિયા, કૃપાસિંધુ—આવા અસીમ ઉપકારી શ્રી અરિહંતદેવને ભૂલી જઈએ, ભાવથી ન ભજીએ તો ભવવનમાં ભૂંડા હાલે ભટકવું પડે.

૨. બીજા પદે શ્રી સિદ્ધ પરમાત્મા પૂર્ણ ગુણ અને પૂર્ણ સુખના સ્વામી છે. અવ્યાબાધ, શાશ્વત સુખના માલિક છે તેમના પરમ વિશુદ્ધ આત્માના એક-એક પ્રદેશમાં અનંત સુખ રહેલું છે.

૩. નવપદમાં ત્રીજા પદે રહેલા આચાર્યદેવ, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર-એ પંચાચારના ભંડાર છે. આ પાંચ આચાર, કેવળજ્ઞાન, ક્ષાયિક-સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ આપે છે.

૪. ચોથા પદે બિરાજતા ઉપાધ્યાય, વિનય ગુણના ભંડાર છે

૫. પાંચમા પદે રહેલા સાધુ ભગવંત સહાયના ભંડાર છે. જેટલા અંશમાં સહાય કરે તેટલા અંશમાં સાધુ બને.

૬. છટ્ઠું દર્શન પદ છે. દર્શન એટલે પરજીવપ્રીતિ, જીવતત્ત્વ તરફ ઊંડી લાગણી જીવંત સદ્ભાવ.

આપણને સર્વાધિક રૂચિ સ્વ (Self) પર છે. આપણને જેવી રૂચિ આપણી જાત પર હોય છે, તેવી બીજા જીવો તરફ ન હોય તો તેટલા અંશે મિથ્યાત્વ દર્શનનો અંધાપો છે.

૭. સાતમું પદ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન એટલે સદ્વિચારનો ભંડાર. સમ્યગ્-જ્ઞાન એટલે સદ્વિવેકને પ્રગટાવનારું જ્ઞાન.

૮. આઠમું પદ સમ્યક્ચારિત્ર છે. સમ્યક્ચારિત્ર એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્-જ્ઞાનથી વણાએલું સદાચારી જીવન.

સમ્યક્ચારિત્રના ધ્યાનથી દુરાચારનો નાશ થાય અને સદાચારની પ્રાપ્તિ થાય છે.

૯. નવમું પદ તપ છે. તપ એટલે ઈચ્છાનિરોધ. પરિગ્રહ પરિમાણ તે પણ એક પ્રકારનો તપ છે.

આ નવપદની પૂજા, ભક્તિ કરવાથી જીવ શિવપદનો ભાગી બની શકે છે.

નિગોદથી મોક્ષ જતાં સુધી શ્રી અરિહંત પરમાત્મા જીવના ઉપકારી છે. શ્રી અરિહંત પરમાત્માના ધર્મોપદેશથી પ્રેરાઇને ચારિત્ર અંગીકાર કરીને, સર્વ કર્મો ખપાવીને મોક્ષે સિધાવતા આત્મા, જીવને નિગોદમાંથી ઊંચે આવવાનો જે અવકાશ બક્ષે છે તે પણ શ્રી અરિહંતના ધર્મોપદેશના કારણે હોય છે, અર્થાત્ શ્રી અરિહંત પરમાત્મા ત્રણ જગતના બધા જીવોના પરમ તારક છે.

શ્રી નવપદના ધ્યાનથી પુણ્ય બંધાય છે, પાપ કપાય છે.

નવપદ આત્મામાં સ્થાપવા તેમજ આત્માને નવપદમાં સ્થાપવો તે દેવદુર્લભ માનવ-જીવનનો શ્રેષ્ઠતમ આદર છે.

શાસન પ્રભાવક મહોત્સવોમાં ભાગ્યશાળીઓ એક અવાજે 'જૈનં જયતિ શાસનમ્' સૂત્રનો ઉચ્ચાર કરતા હોય છે.

આ સૂત્રનું રહસ્ય એ છે કે, જૈન શાસનનો વિજય એટલે પરોપકાર ધર્મનો વિજય, આત્મધર્મનો વિજય, પરોપકારવ્યસની શ્રી અરિહંત પરમાત્માનો વિજય.

શ્રી અરિહંત એટલે પરમ પરોપકારી પુરુષોત્તમ.

પરોપકાર કરવા માટે પુણ્ય જોઈએ.

પુણ્ય માટે અન્ન-વસ્ત્રાદિનાં દાન જરૂરી છે. દાન ન કરે તે નાદાન.

મનથી શુભચિંતન કરવું તે ભાવદાન. જગતના જીવોના કલ્યાણની ભાવનામાં મનને જોડવું તે પણ ભાવદાન.

પરમોપકારી પ્રભુની સ્તુતિ કરવી તે વચનદાન છે.

પરહિતના કાર્યમાં તનને જોડવું તે તનદાન છે.

તપ એટલે ઇચ્છા-નિરોધ, દેહભાવની સાથે ઐહિક સુખની ઇચ્છાનો પણ નિરોધ. પરની લાગણી તેમજ માગણી જેટલા પ્રમાણમાં સંતોષી શકાય તેટલા પ્રમાણમાં ઇચ્છા-નિરોધ સાર્થક થાય.

જિનરાજનું શાસન પરમ પરમાર્થ વડે સદૈવ જયવંતુ છે. 'સ્વ' ને 'પર' માં વિકસાવવાથી પરમાર્થ પ્રગટે છે. 'સ્વ' ને 'પર' માં વિકસાવવા માટે પરહિતરમણતા ખીલવવી પડે છે. પરહિતરમણતા ખીલવવા માટે 'હું સુખી થાઉં' ની ઇચ્છાને 'બધા સુખી થાઓ'ની ભાવનામાં ઢાળવી પડે છે. આ ભાવના શ્રી જિનાજ્ઞાના પાલનથી પ્રગટે છે. શ્રી જિનની આજ્ઞાનો જીવનમાં જયજયકાર એ પણ એક અપેક્ષાએ શ્રી જૈનશાસનનો જયજયકાર છે. 'જૈનં જયતિ શાસનમ્' છે.

મૂળભૂત જ્ઞાન. પુણ્યના સ્વરૂપનું જ જ્ઞાન છે. પુણ્યના પ્રભાવે મળેલી વસ્તુને જોતાં-જાણતાં કે માણતાં પણ જેઓ તે વસ્તુ અપાવનારા પુણ્ય તરફ દૃષ્ટિ રાખે છે, તેઓ તે વસ્તુમાં આસક્ત ન થતાં તેના પણ ત્યાગમાં અનહદ આનંદ અનુભવે છે અને અખૂટ પુણ્યના ભાગી બને છે.

પુણ્યના બંધ માટે અન્ન-વસ્ત્રાદિના દાનની ભાવનાને શક્તિ અનુસાર ચરિતાર્થ કરો.

સમ્યગ્જ્ઞાન માટે, દ્રવ્ય દુઃખી અને ભાવ રહિત (ધર્મ રહિત) દુઃખીના દુઃખો દૂર કરવાની ભાવના ભાવો!

લાભ માટે 'ભલા' બનો!

ભલાઈ લૂંટાવવી તે ભલાનું વ્યસન ભલાઈની પ્રભાવનાથી અખૂટ પુણ્ય બંધાય.

'धर्मस्य आदि पदं दानम्'

ધર્મનું આદિ પદ 'દાન' છે. અને સર્વ પરમેષ્ઠિ ભગવંતો ધર્મસ્વરુપ હોઇને તેમનું મૂળ પણ દાન છે.

'જેના જીવનમાં દાન નહિ, તેને ક્યાંય સ્થાન નહિ.' એ સૂત્ર ગંભીરતાથી વિચારો!

હંમેશા એ વિચારો કે આજે કેટલું દાન કર્યું.

દાન કર્યા સિવાયનો દિવસ ડંખવો જોઇએ.

શ્રી તીર્થંકર પરમાત્મા જેવા પરમદાની પુરુષવરને ભજવાનું સદ્ભાગ્ય સાંપડયું છે, તો તેઓશ્રીના દાનધર્મના ભક્ત બનો!

દાનધર્મ પ્રગટાવવા માટે પરમાત્માને ભજવાના છે. તુચ્છ માંગણીઓ માટે નહિ

પ્રભુના શાસનમાં દાનનો જયજયકાર છે. ત્યાગનો જયજયકાર છે. ત્યાગના રાગનો જયજયકાર છે.

શ્રી નવપદનું ધ્યાન, જીવને સર્વોચ્ચ પદે સ્થાપનારા દાનનું અપૂર્વ દૈવત બક્ષે છે જે દૈવતે સત્ત્વમૂર્તિ શ્રીપાળ અને મહાસતી મયણા સુંદરીને, અક્ષય-અવ્યાબાધ સુખના ભોક્તા બનાવ્યા, તેવા દાનના સહુ કોઈ દાતાર બનો.

卐

# કર્મ, ધર્મનું સર્જન

આત્માનું પરમાત્મ સ્વરૂપમાં મળી જવું. એનો અર્થ એ છે કે, આત્માએ પોતાના કર્માવૃત્ત પરમાત્મભાવને પ્રકટ કરીને પરમાત્મરૂપ થઈ જવું.

જીવ પરમાત્માનો અંશ છે, એનો અર્થ એ છે કે, જીવમાં જેટલી જ્ઞાનકળા વ્યક્ત છે, તે પરિપૂર્ણ પણ અવ્યક્ત ચેતના ચન્દ્રિકાનો અંશ માત્ર છે. કર્મનું આવરણ પૂરેપૂરું ખસી જવાથી તે ચેતના પરિપૂર્ણ રૂપમાં પ્રગટ થાય છે, તેને ઈશ્વરત્વની યા ઈશ્વરભાવની પ્રાપ્તિ સમજવી જોઇએ. જ્ઞાનકળાના આંશિક ઉઘાડના સંદર્ભમાં જ જીવ પરમાત્માનો અંશ ગણાય છે તે જ્ઞાનકળા પૂર્ણપણે પ્રગટે છે એટલે જીવ શિવ બને છે.

શરીર અને આત્મા વચ્ચે અભેદ હોવાનો ભ્રમ દૂર કરાવવો અને ભેદજ્ઞાનને પ્રગટ કરાવવો તે કર્મશાસ્ત્રનો હેતુ છે. **અંતર્દૃષ્ટિ દ્વારા પોતામાં વર્તમાન પરમાત્મભાવ દેખાય છે. તેને પૂર્ણપણે અનુભવવો-લાવવો તેનું જ નામ જીવનું શિવ થવું છે.**

શરીર અને આત્મા વચ્ચેના અભેદ ભ્રમથી છોડાવી, પ્રથમ ભેદ જ્ઞાન કરાવવું અને પછી સ્વાભાવિક અભેદ ધ્યાનની ઉચ્ચ ભૂમિકા ઉપર આત્માને લઈ જવો તે કર્મ સાહિત્યનું પ્રદાન છે.

ભાવકર્મ રાગ-દ્વેષાત્મક પરિણામ છે. દ્રવ્ય કર્મ કાર્મણજાતિના પુદ્ગલ વિશેષ છે. ભાવકર્મના નિમિત્તે આત્માની સાથે તે ચોંટે છે. જો રાગ-દ્વેષ મંદ હોય તો તે કર્મ પણ તેવું જ મંદ ચોંટે છે.

માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, ધર્માધર્મ, અદૃષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય વગેરે 'કર્મ' શબ્દના પર્યાયવાચી શબ્દો છે.

વેદાંતમાન્ય માયા, અવિદ્યા, પ્રકૃતિ એ ત્રણ ભાવકર્મ છે. 'અપૂર્વ' શબ્દ મીમાંસા દર્શનનો છે. 'વાસના' બૌદ્ધદર્શન અને યોગદર્શનમાં વપરાય છે. 'આશય' શબ્દ સાંખ્ય અને યોગ દર્શનનો છે. 'ધર્માધર્મ' અદૃષ્ટ સંસ્કાર એ શબ્દ ન્યાય અને વૈશેષિક દર્શનના

છે. દૈવ, પુણ્ય, પાપ, ભાગ્ય વગેરે સર્વસાધારણ શબ્દો છે. આત્મવાદી બધા દર્શનકારો જન્માંતર અને પૂર્વજન્મની સિદ્ધિ કર્મદ્વારા કરે છે.

જીવ દ્વારા મિથ્યાત્વ-કષાયાદિ હેતુઓ વડે જે કરાય તે કર્મ છે. ભાવકર્મ જીવની વૈભાવિક ક્રિયા છે, તેથી તેના ઉપાદાન કર્તા અને દ્રવ્યકર્મ કાર્મણ જાતિના સૂક્ષ્મ પુદ્ગલો છે તેના નિમિત્ત કર્તા તરીકે જીવ છે. **ભાવકર્મમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્ય કર્મમાં ભાવકર્મ નિમિત્ત છે.'** એ રીતે બંનેને પરસ્પર કાર્ય-કારણભાવનો સંબંધ છે.

**પુણ્ય-પાપની સાચી કસોટી. શુભાશુભ ક્રિયા નહિ" પણ ક્રિયાની પાછળ કર્તાનો શુભાશુભ આશય ઉપર આધાર રાખે છે.** સારા આશયથી જે કાર્ય થાય છે, તે પુણ્યનું અને ખરાબ આશયથી જે કાર્ય થાય છે તે પાપનું નિમિત્ત છે. પુણ્ય-પાપની આ કસોટી સર્વમાન્ય છે. 'यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी' એ નિયમ અહીં પણ લાગુ પડે છે

**કષાય એ કર્મનો લેપ છે સાચી નિર્લેપતા કષાયમુક્તતા છે, કિન્તુ ક્રિયામુક્તતા નહિં. વીતરાગતા એ જ સાચી નિર્લેપતા છે.**

છદ્મસ્થની પ્રવૃત્તિ રાગમૂલક યા દ્વેષમૂલક હોય છે. મિથ્યાજ્ઞાન દેહમાં આત્મબુદ્ધિ, અવિદ્યા યા મિથ્યાત્વ રાગ-દ્વેષની ન્યૂનાધિકતા સૂચવે છે. મિથ્યાજ્ઞાનથી રાગ-દ્વેષ અને રાગ-દ્વેષથી મિથ્યાજ્ઞાન એમ પરસ્પર સંબંધ છે

જીવ કર્મથી બંધાય છે. એનો અર્થ રાગ-દ્વેષથી બંધાય છે. તેનાથી છૂટવાનો ઉપાય જ્ઞાન-ક્રિયાનો સમુચ્ચય છે. દર્શન જ્ઞાનમાં સમાઇ જાય છે અને ચારિત્ર ક્રિયામાં સમાઈ જાય છે. મનોનિગ્રહ, ઇન્દ્રિયજયાદિ સાત્વિક કર્મો ભાવ યજ્ઞો છે ચિત્તશુદ્ધિ, સમભાવાદિ યોગમાર્ગ છે. એ રીતે કર્મમાર્ગ અને યોગમાર્ગનું સંમિશ્રણ તે ચારિત્ર છે.

સમ્યગ્ દર્શન ભક્તિમાર્ગ છે. ભક્તિમાં શ્રદ્ધાનો અંશ મુખ્ય છે. એટલે સમ્યગ્ દર્શન શ્રદ્ધારૂપ છે. સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનમાર્ગ છે, એ રીતે રત્નત્રયીમાં બધા માર્ગો સમાઈ જાય છે. તેથી રત્નત્રયના પ્રકર્ષમાં રાગદ્વેષનો નિર્મૂળ ક્ષય રહેલો છે.

૧. सर्वोह्यात्माऽस्तित्वं प्रत्येति नाहमस्मीति ॥ એ નિશ્ચયનું નામ સ્વસંવેદન પ્રમાણ છે.

૨. ભૌતિક સાધનથી આધ્યાત્મિક વસ્તુનો નિષેધ થાય નહિ.

૩. य एव निराकर्ता तदेव तस्य स्वरूपम् । આત્માનો નિષેધ કરનાર છે, તે જ આત્મા છે.

૪. જડતત્ત્વ પ્રત્યક્ષ છે. તેથી તેનો વિરોધી હોવો જોઈએ. ચેતન અને જડતત્ત્વ જુદાં છે, તે એક થાય નહિ.

૫. પુરાતન શાસ્ત્ર અને વર્તમાન અનુભવી પુરુષો આત્મતત્ત્વનો અનુભવ કરીને તેનું અસ્તિત્વ બતાવે છે.

૬. ચેતનતત્ત્વના સ્વતંત્ર અસ્તિત્વ વિના જીવધારીઓના દેહની વિલક્ષણ રચના કોઇ પણ રીતે બની શકે નહિ.

૭. પૂર્વજન્મનો સ્વીકાર, આત્માના સ્વતંત્ર અસ્તિત્વ માટે પ્રબળ કારણ છે.

૮. આત્મમંદિરમાં વર્તમાન પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરવામાં સહાયક પરિણામ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ છે.

卐

# પુણ્યનું પોષણ–પાપનું શોષણ

શરીર વાહનના સ્થાને છે, બહિરાત્મા પશુના સ્થાને અને અંતરાત્મા પર્ષદાના સ્થાને છે.

દેહ તરફ દૃષ્ટિ, જીવને પશુ બનાવે છે અને આત્મા તરફ દૃષ્ટિ, દિવ્ય બનાવે છે.

આત્મા મન, વાણી અને કર્મથી પર છે. આ ત્રણ ગઢ પણ કહેવાય છે. આ ત્રણ ગઢ જીતે, તો ઉપર ભગવાન દેખાય.

રાગ, દ્વેષ અને મોહને પણ ત્રણ ગઢ કહી શકાય.

રાગની અભિવ્યક્તિ મનથી થાય છે. દ્વેષની વચનથી અને મોહની કાયાથી. અશુભ ક્રિયા વડે મોહ પોષાય છે. અશુભ વચન વડે દ્વેષ પુષ્ટ થાય છે. અને અશુભ મન વડે રાગ પુષ્ટ થાય છે. તે ત્રણેને જીતનારો જ ભગવાનના દર્શનને પામી શકે છે.

પર્યુષણા પર્વમાં કર્મરાજાના ત્રણ ગઢ જીતાય છે. તેથી પરમાત્મદર્શન સુલભ બને છે. પર્વાધિરાજની આરાધનાથી નમસ્કારાદિ નવ પ્રકારના પુણ્યનું પોષણ થાય છે. અને મિથ્યાત્વાદિ અઢાર પ્રકારના પાપનું શોષણ થાય છે. બંધ હેતુઓનો ત્યાગ થાય છે. અને સમ્યક્ત્વાદિ મોક્ષના હેતુઓનું સેવન થાય છે.

પ્રભુની પૂજા કરતાં આઠે કર્મ જાય છે. ચૈત્યવંદન–સ્તુત્યાદિ વડે જ્ઞાનાવરણીય, દર્શનાદિ વડે દર્શનાવરણીય, વીતરાગતા અને યોગમુદ્રા વડે અંતરાય, જીવોની યતના વડે અશાતાવેદનીયનો નાશ, પ્રભુનું નામ ગ્રહણ કરવા વડે અશુભ કર્મનો નાશ, પ્રભુને વંદન કરવા વડે નીચ ગોત્રનો નાશ, પ્રભુની અક્ષયસ્થિતિ ભાવવા વડે આયુષ્ય કર્મનો ક્ષય થાય છે.

અન્નદાનથી અહિંસા અને સત્ય, જળદાનથી અચૌર્ય અને બ્રહ્મચર્ય, વસ્ત્રદાનથી અપરિગ્રહ અને ક્ષમા, સ્થાનદાનથી નમ્રતા અને સરળતા, આસનદાનથી સંતોષ અને વૈરાગ્ય, મનદાનથી અદ્વેષ અને અકલહ, વચનદાનથી અનભ્યાખ્યાન અને અપૈશુન્ય, કાયદાનથી સમતા અને અપરપરિવાદ તથા નમસ્કારના દાનથી અમાયામૃષાવાદ અને અમિથ્યાત્વની પુષ્ટિ થાય છે.

હિંસા અને અસત્યનો પ્રતિકાર અન્નદાન વડે, ચોરી અને અબ્રહ્મનો પ્રતિકાર

જળદાન વડે. પરિગ્રહ અને ક્રોધનો પ્રતિકાર વસ્ત્રદાન વડે, માન અને માયાનો પ્રતિકાર આસનદાન વડે, દ્વેષ અને કલહનો પ્રતિકાર શુભમનના દાન વડે, અભ્યાખ્યાન અને કલહનો પ્રતિકાર વચનદાન વડે, રતિ, અરતિ અને પરપરિવાદનો પ્રતિકાર શુભ કાયાના દાન વડે, માયામૃષા અને મિથ્યાત્વનો પ્રતિકાર નમસ્કાર દાન વડે થાય છે.

શુભભાવ વડે થતા પ્રત્યેક દાનમાં અઢારે પ્રકારના પાપનો નાશ કરવાની શક્તિ છે.

ચિરકાળનો તપ, ઘણું પણ શ્રુત અને ઉત્કૃષ્ટ પણ ચારિત્ર ભક્તિભાવ શૂન્ય હોય તો અહંકારનું પોષક બનીને અધોગતિ સર્જે છે પાપના શોષણ માટેના આ બધા દાન ભાવપૂર્વક કરતા રહેવાથી ભવ પાર થવાય છે.

卐

## તથાભવ્યત્વ અને સહજ મળ

કર્મના સંબંધમાં આવવાની જીવમાં રહેલી અનાદિ શક્તિ તે સહજમળ છે. અને કર્મના સંબંધમાંથી છૂટવાની એટલે મુક્તિગમનની યોગ્યતા તે તથાભવ્યત્વ છે.

નમવા યોગ્યને ન નમવાથી અને ન નમવા યોગ્યને નમવાથી સહજમળ વધે છે. તેથી વિરુદ્ધ નમવા યોગ્યને નમવાથી અને ન નમવા યોગ્યને ન નમવાથી તથાભવ્યત્વ વિકસે છે.

નમવા યોગ્યને નમવું અને ન નમવા યોગ્યને ન નમવુ તે શ્રી અરિહંતાદિના શરણના સ્વીકારરૂપ છે. ન નમવા યોગ્યને ન નમવું એટલે અયોગ્યને શરણે ન જવું. નમવા યોગ્યને નમવું એટલે યોગ્યને શરણે જવું.

એકનું નામ દુષ્કૃતની ગર્હા છે. બીજાનું નામ સુકૃતની અનુમોદના છે. આ બંને શરણગમનના સિક્કાની બે બાજુ છે.

શ્રી અરિહંતાદિના શરણે જવું એ શ્રી જિનશાસનરૂપી સામ્રાજ્યનું નગદનાણું છે તે નાણાની એક બાજુ દુષ્કૃતગર્હા અને બીજી બાજુ સુકૃતાનુમોદના છે.

જીવને સંસાર તરફ ખેંચવાનું કામ સહજમળ કરે છે. જીવને મુક્તિ તરફ ખેંચવાનું કામ તથાભવ્યત્વ કરે છે. સહજમળના હ્રાસથી પાપનો સમૂળ નાશ થવા માંડે છે એટલે તેની ગર્હા ઉપાદેય છે તથાભવ્યત્વના વિકાસથી ધર્મના મૂળનું સિંચન થાય છે તેથી તેની અનુમોદના ઉપાદેય છે.

તાત્પર્ય કે સહજમળનો હ્રાસ અને તથાભવ્યત્વનો વિકાસ સુકૃતશિરોમણિ શ્રીઅરિહંતાદિ ચારના ચરણે જવાથી થાય છે.

દુષ્કૃતગર્હા તે સંસાર અને તેના હેતુઓથી વિમુખ થવાની ક્રિયા છે અને સુકૃતાનુમોદન તે મુક્તિ અને તેના હેતુઓ તરફ અભિમુખ થવાની ક્રિયા છે.

વિષય અને કષાયને નમવાથી સહજમળનું બળ વધે છે. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને નમવાથી તથાભવ્યત્વનું બળ વધે છે શ્રી પંચપરમેષ્ઠિઓને નમવાથી આત્માના દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિ ગુણ પુષ્ટ થાય છે.

નમવું એટલે શરણે જવું, વિષયોને શરણે જવાથી ચાર ગતિરૂપ સંસારને વધારનાર ચાર કષાયોની વૃદ્ધિ થાય છે. શ્રી પરમેષ્ઠિ ભગવંતોને શરણે જવાથી ચારગતિનો છેદ કરનારા ચાર પ્રકારના ધર્મની વૃદ્ધિ થાય છે.

ક્રોધ જવાથી દર્શનગુણ વિકસે છે. માન જવાથી ચારિત્ર ગુણ વધે છે અને લોભ જવાથી તપગુણ ખીલે છે. બીજી રીતે વિચારતા ભાવધર્મથી ક્રોધ જાય છે, તપગુણથી લોભ જાય છે, શીલ ગુણથી માયા જાય છે અને દાન ગુણથી માન જાય છે.

દાન નમ્રતા લાવે છે, શીલ સરળતા લાવે છે, તપ સંતોષ લાવે છે અને ભાવ સહનશીલતા લાવે છે. આમ ચાર પ્રકારના ધર્મ ચાર પ્રકારના ગુણ, ચાર પ્રકારના શરણથી પ્રાપ્ત થાય છે

પહેલું શરણ શ્રી અરિહંત પરમાત્માનું, બીજું શરણ શ્રી સિદ્ધ પરમાત્માનું, ત્રીજું શરણ સાધુભગવંતનું, ચોથું શરણ કેવલી ભગવંતોએ પ્રરૂપેલા ધર્મનું છે.

આ ચારના શરણે જવાથી ચાર ગતિરૂપ સંસાર તરી જવાય છે. માટે આ ચાર શરણોનું અગાધ મહત્ત્વ શ્રી જિન શાસનમાં છે.

卐

# કર્મ—કારણ

કાર્ય અને એના કારણને, કર્મ અને એના ફળને કાંઇ સંબંધ જ નથી—એમ માનીને મોટા ભાગના માણસો વર્તતા હોય છે. બધી અનીતિ, બધી અવ્યવસ્થા અને બધી અશાન્તિની ઉત્પત્તિનું મૂળ કોઇ હોય તો તે આ અવળી માન્યતા જ છે.

લોકો ફળ પર નજર ઠેરવે છે અને તેની પ્રાપ્તિ જેનાથી થાય છે, તે કર્મોને સર્વથા વિસરી જાય છે. કાર્ય પ્રત્યે ઉત્સાહ ધરાવે છે, પણ તેને સર્જનાર કારણો પ્રત્યે ઉદાસીન રહે છે. બધાને અપેક્ષિત પરિણામ જોઈએ છે, પણ તે શેમાંથી ઉત્પન્ન થાય તેના વિચારને નિરર્થક માને છે. મનની આ અવૈજ્ઞાનિક-વૃત્તિ ઘણી વ્યાપક છે.

મનમાં રહેલી આ અવૈજ્ઞાનિક-વૃત્તિ જેટલી વ્યાપક છે, તેટલી જ ભ્રામક છે. દુનિયા કાંઈ પેલા કલ્પનાના ગંડુ રાજાની કાલ્પનિક રાજધાની નથી કે—આપણે જે માગીએ તે આકાશમાંથી આપોઆપ આવીને પડે! દરેક વસ્તુ કાર્યકારણની પ્રચ્છન્ન પણ અવિચ્છિન્ન સાંકળથી જકડાએલી છે. કોઇ પણ સાધ્ય મેળવવા માટે, તે માટેના સાધનોની અને તેની સાધનાની ચોક્કસ પરિસ્થિતિ તેઓમાંથી પસાર થયે જ છૂટકો છે.

આ સત્ય નહિ સમજી શકવાથી જ વિના મૂલ્યે, વિના અધિકારે, વિના શ્રમે ઇચ્છિત મેળવી લેવાની ભિખારી-મનોદશા મોટા ભાગના માણસોમાં પ્રવર્તે છે. સાચો માર્ગ મૂકી ગમે તે માર્ગે જવા માણસ લલચાય છે, કોઇ દેવી દેવલામાં, કોઇ ચમત્કારમાં તો કોઇ વળી તેવા જ બીજા અમાનુષી-તત્ત્વોમાં વિશ્વાસ મૂકી નિષ્ક્રિય બને છે અને એવી જ બીજી ઘોર-ભ્રમણાઓમાં અમૂલ્ય જીવન વેડફી નાખે છે.

કાર્ય અને કારણ સર્વથા ભિન્ન નથી. કિન્તુ એક જ ક્રિયાની વહેલી-મોડી અવસ્થાઓ છે. એ રીતે કર્મ અને તેનાં ફળ જુદા નથી. કર્મના પ્રારંભ સાથે જ ફળની શરૂઆત થાય છે.

કર્મ કર્યા વિના ફળના ધણી થનારા, કિંમત આપ્યા વિના વસ્તુના માલિક બનનારા, યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના અધિકાર પર આરુઢ થનારા, જ્યાં દેખાય છે-ત્યાં પણ કાર્ય-કારણનો આ અવિચળ નિયમ અસ્તિત્વ ધરાવે છે. મફતીઆ બનીને મેળવેલું કે અનીતિ ભર્યો વ્યવહારથી પ્રાપ્ત કરેલું પણ તેનું ફળ અચૂક લાવે છે. તે કદી ભોગવી શકાતું નથી અને આખરે હલાહલ-વિષ બની રહે છે.

આપણને દેખાય કે ન દેખાય, પણ કર્મ-ફળનો નિયમ અસંદિગ્ધ છે, સત્ય છે, અફર છે. સાવ મફતનું કદી કોઈને પ્રાપ્ત થતું નથી, પ્રાપ્ત થાય તો પચતું નથી.

શાસ્ત્રો કહે છે-કર્મ કર, પણ ફળનો મોહ છોડ કારણ કે, ફળ એની મેળે આવનારી ચીજ છે. મૂલ્ય ચૂકવ્યા વિના ફળની ઇચ્છા કરવી એ ભિક્ષુકવૃત્તિ છે. એથી ધાર્યું ફળ મળતું નથી. પણ જે કાંઇ મળે છે તે તેના માલિકના જીવનને ક્ષુદ્ર બનાવનારું નીવડે છે.

મૂલ્ય બરાબર આપ્યા વિના કાંઇ પણ લેવું તે હાનિકારક છે આ સમજણને પામવી અને પચાવવી, એમાં જ માનવ જીવનનું, માનવને, મળેલ મન અને મનન શક્તિનું બુદ્ધિ અને તેનાં સાચા-ફળનું સાર્થકય છે.

કેવળ ફળાસક્તિ જીવનને અશક્ત બનાવે છે. જીવનનું લક્ષ્ય, ઉત્તમ પ્રકારના વાવેતર તરફ વળે, એટલે ફળાસક્તિ નામશેષ થતી જોવાય છે.

卐

> જેનો સંકલ્પ મોટો તે માણસ મોટો, બીજાના સુખ માટેનો સંકલ્પ એ શ્રેય છે અને પોતાના સુખ માટેનો સંકલ્પ એ પ્રેય છે. પરાર્થવૃત્તિવાળાનો સંસાર પણ શ્રેય માટે થાય છે. અને સ્વાર્થ વૃત્તિવાળાની ભક્તિ પણ પ્રેય માટે થાય છે.

# અહિંસા પરમો ધર્મ

आत्मवत्सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥

સુખમાં કે દુઃખમાં, પ્રિયમાં કે અપ્રિયમાં સર્વ પ્રાણીઓ પ્રત્યે આત્મવત્ જોનારો, પોતાને માટે હિંસાને અનિષ્ટ માનતો અન્યની હિંસા ન કરે.



જીવમાત્ર સાથે દ્વેષનો અભાવ અને પ્રેમનો સદ્ભાવ તે અહિંસા છે. જીવમાત્ર સાથે અભેદનું અનુસંધાન તે સમાપત્તિ છે.

આવા સમાપત્તિને પામવા સદ્ભાગી બનેલા.
પરમ પૂજ્ય કરુણાસિંધુ પંન્યાસપ્રવર
**શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય.**

# અહિંસા પરમો ધર્મ

અહિંસાના પાલન માટે
ક્રોધ-નિગ્રહની આવશ્યકતા છે.

સંયમના પાલન માટે
ઇન્દ્રિયોના નિગ્રહની આવશ્યકતા છે.

તપની આરાધના માટે
ઇચ્છાનિરોધની જરૂર છે.

અહિંસા એ સક્રિય મૈત્રી છે.
સંયમ એ સક્રિય વૈરાગ્ય છે.
તપ એ સક્રિય અનાસક્તિ છે.

સર્વ જીવો સાથે
ઔચિત્યભર્યું વર્તન
તે અહિંસા

પોતાના આત્મા સાથે
ઔચિત્યભર્યું વર્તન
તે સંયમ.

પરમાત્મા સાથે
ઔચિત્યભર્યું વર્તન
તે તપ.

આવા અહિંસા, સંયમ અને તપની
અનુપ્રેક્ષા ઉપર આલેખાયેલ લેખો...!


૧. અહિંસા અને સમાપત્તિ
૨. પ્રકૃતિનું મહાશાસન
૩. અહિંસા પર અન્વેષણ
૪. અહિંસા વિચાર
૫. અહિંસા
૬. અહિંસા, સંયમ અને તપ
૭. અહિંસા અને અનેકાંત
૮. અનેકાંત અહિંસા સ્યાદ્વાદ

# અહિંસા અને સમાપત્તિ

**સમાપત્તિ એ ધ્યાનજન્ય સ્પર્શના છે.** અનંતજ્ઞાન દર્શન, ચારિત્રમય પરમાત્મ સ્વરૂપની સાથે પોતાનાં શુદ્ધ સ્વરૂપની અત્યંત સમાનતા છે. તેથી મારામાં તે સ્વરૂપ છે. તે હું જ છું, એવા પ્રકારનું અભેદ પ્રણિધાન તે સમાપત્તિ છે. આ **સમાપત્તિ યોગીજનોની માતા છે અને મોક્ષરૂપી કાર્યની જનેતા છે.**

વીતરાગત્વાદિ સર્વ ગુણોથી 'હું એ જ છું' એ પ્રમાણે સ્વાત્મામાં પરમાત્મા સાથે પરમસમસ્સાપત્તિ ઉત્કૃષ્ટ સમત્વભાવનું સ્થાપન એ તાત્વિક પ્રતિષ્ઠા છે.

અહિંસા શબ્દ નકારાત્મક છે. અહિંસકભાવ નકારાત્મક નથી હિંસા શબ્દ એ સ્વભાવની વિરોધાત્મકતાનો સૂચક છે. હિંસાની આ નિષેધાત્મકતાનો નિષેધ તે અહિંસા છે, તેથી અહિંસા શબ્દમાં વિધાયકતાનો સંકેત છે, કારણ કે નિષેધના નિષેધથી વિધાયક્તા ફલિત થાય છે.

**અહિંસા શબ્દના ખોળિયાની પાછળ પ્રેમની વિધાયકતાનો પ્રાણ છે.** પ્રાણ વિનાનું ખોળિયું નિઃસાર છે. હિંસા એ અપ્રેમ છે. અપ્રેમનો નિષેધ તે પ્રેમ યા અહિંસા છે. **હિંસામાં દ્વેષ અર્થાત્ પ્રેમ ન આપવાની ક્રિયા છે. અહિંસામાં અદ્વેષ અર્થાત્ પ્રેમ આપવાની ક્રિયા છે.** પ્રેમ એ સર્જન છે અપ્રેમ એ વિધ્વંસન છે તેનો વિરોધી પ્રેમ એ સર્જનનો સ્રોત છે.

હિંસા ન કરવી તે જ અહિંસા અથવા શત્રુતા ન હોવી તે જ પ્રેમ એવું નથી. અહિંસાની ઉપલબ્ધિ કેવળ હિંસાનિષેધ અને હિંસાત્યાગમાં પરિણત થાય તો તેનાં પરિણામ ઘાતક આવે.

નિષેધ અને નકારની દૃષ્ટિ જીવનનો વિસ્તાર નહિ પણ સંકોચ કરે છે. સંકોચ એ બંધન છે અને વિસ્તાર એ મુક્તિ છે. સંકોચ વડે ક્ષુદ્ર અહંમાં સીમિત થવાય છે. વિસ્તાર વડે વિરાટ બ્રહ્મમાં વિલીન થવાય છે. જે સરિતા સાગર સુધી ન પહોંચે તે સરોવર બની સુકાવા માંડે છે.

**હિંસા એ સંકુચિતતા અને સ્વાર્થવૃત્તિની નીપજ છે. તે અહિંસા વડે દૂર થાય છે.** હિંસા એ દ્વેષાભિવ્યક્તિ રૂપ છે. તેનો નિષેધ થઈને અહિંસા એ પ્રેમ સ્વરૂપ બને છે.

**પ્રેમ અને પરમાત્મા અભિન્ન છે. પરમાત્માથી અભિન્ન એવું પ્રેમનું સ્વરૂપ તે અહિંસા છે.** તેથી અહિંસા અને સમાપત્તિ બંને એક જ બની જાય છે. સમાપત્તિમાં પરમાત્માની સાથે અભેદનું પ્રણિધાન છે. અહિંસા પણ તે જ અર્થની સિદ્ધિ કરે છે.

**જીવ માત્ર સાથે દ્વેષનો અભાવ અને પ્રેમનો સદ્ભાવ તે અહિંસા છે. જીવ માત્ર સાથે અભેદનુ અનુસંધાન તે સમાપત્તિ છે.**

અહિંસા એ સાક્ષાત પરમાત્મ સ્વરૂપ છે, પ્રેમ અને પરમાત્મા એક જ છે. અભેદનું પ્રણિધાન અને પરમાત્માનું ધ્યાન બંને અભિન્ન છે.

卐

# પ્રકૃતિનું મહાશાસન

વિશ્વનું વિધાન પ્રાણીમાત્રના કલ્યાણ માટે સતતપણે ચાલી રહ્યું છે.

આ વિધાનનું સમ્યગ્જ્ઞાન મળવાથી જીવ ભયાનક સંસારસાગરને રત્નત્રયના સાધન વડે તરી જાય છે. સમ્યગ્જ્ઞાનનાં બળે જીવ આ સંસારમાં પણ આરોગ્ય, બોધિલાભ અને સમાધિની સિદ્ધિ મેળવી શકે છે.

વિરાટ વિશ્વનું જ્ઞાન વીતરાગતાથી પ્રાપ્ત કરી શકાય છે. વીતરાગતા પ્રાપ્ત કરવાનું સાધન અહિંસા, સંયમ અને તપની સાધના છે

સંકલ્પ-વિકલ્પના તરંગ શાંત થવાથી આત્મામાં વિશ્વ પ્રતિબિંબિત થાય છે, એ વિદ્યાનું નામ ચિત્રકારી વિદ્યા નહિં પરંતુ વિચિત્રકારી વિદ્યા છે.

પૂર્ણજ્ઞાન અને વિજ્ઞાન અધ્યયનથી પ્રાપ્ત થતું નથી, કિન્તુ શાંતતા અને શુદ્ધતાના અભ્યાસ વડે પ્રાપ્ત થાય છે.

અગ્નિને ઠારવાની શક્તિ જળમાં છે-એવો બોધ ઘડાના પાણીથી થઈ શકે છે, પરંતુ પર્વતના દાવાનળને શમાવવાની શક્તિ ઘડાના જળમાં નથી, પણ મેઘની ધારામાં છે.

અહિંસા, સંયમ અને તપની સાધના સકામ યા અકામ ભાવથી પરોપકારપ્રધાન બનનારને સિદ્ધ થાય છે. તેથી પરોપકાર-પરાયણતા જ સંસારદાવાનળને શમાવવામાં મેઘધારાનું કાર્ય કરે છે.

પરોપકાર-પરાયણતાનું બીજું નામ ધર્મ મહાસત્તાની શરણાગતિ છે.

ધર્મ મહાસત્તા વિશ્વના પ્રાણીઓનું હિત કરનારી છે, તેથી તે રત્નત્રયી છે.

ધર્મ મહાસત્તાની પૂર્ણ વફાદારી વડે ત્રિલોકનાથ તીર્થંકર પદની પ્રાપ્તિ કરીને તીર્થંકરો ધર્મતીર્થની સ્થાપના કરે છે અને વિશ્વતંત્રના નિયમ અનુસાર દેવેન્દ્ર, નરેન્દ્ર, મુનીન્દ્ર અને યોગીન્દ્રના યોગક્ષેમકારક પદને પામે છે.

વિશ્વપ્રકૃતિ તેમના જન્મકલ્યાણકને ઉજવે છે, અતિશયો અને સમવસરણાદિ સમૃદ્ધિને સમર્પે છે. તેઓશ્રી ચારે નિક્ષેપ વડે ત્રણ કાળ પૂજાય છે. શાશ્વત-અશાશ્વત ચૈત્યોમાં તેઓશ્રીની ભક્તિ થાય છે.

સત્ય શાસ્ત્રોની રચના તેઓશ્રીના ઉપદેશથી થાય છે. સત્ય અને શાશ્વત મંત્ર, યંત્ર, તંત્રાદિ પ્રગટ થાય છે અને તે દ્વારા પ્રકૃતિનું મહાશાસન વિશ્વકલ્યાણનું કાર્ય કરે છે અને તીર્થંકરદેવોની ભક્તિ વગેરે સહજ ક્રમાનુસારે થાય છે, માટે પરમાર્થ–પરાયણ જીવનમાં આપણે 'જીવન' માનવું જોઈએ.

卐

# અહિંસા પર અન્વેષણ

'दीर्घमायुः परं रुपं आरोग्यं श्लाघनीयता ।
अहिंसायाः फलं सर्वं किमन्यत् कामदेव सा ॥'

–कलिकाल सर्वज्ञ श्री हेमचन्द्रसूरिजी

અર્થ :– દીર્ઘ આયુષ્ય, શ્રેષ્ઠરૂપ, રોગરહિતતા અને પ્રશંસનીયતા એ સર્વ અહિંસાનાં ફળ છે. વધારે શું કહીએ આ અહિંસા જ સર્વ ઇચ્છિતોને અવશ્ય પૂર્ણ કરનારી છે.

'હિંસા ન કરવી તે અહિંસા' અહિંસાની આ વ્યાખ્યા સર્વમાન્ય છે. પણ હિંસા કોને કહેવી ? એ બાબતમાં મોટો વિવાદ છે.

'પ્રાણનાશ એ હિંસા' એટલો જ ટુંકો અર્થ કરવામાં આવે, તો તેમાં ઘણા દોષો અને અસંગતિઓ રહી જવા પામે છે. એટલે 'અહિંસા' શબ્દને 'યથાર્થ' વિશેષણ લગાડીએ છીએ ત્યારે જ એ વિવાદનો અંત આવે છે.

શ્રી જિનેશ્વરદેવોએ કહેલી અહિંસા એ જ એક એવી અહિંસા છે કે જેમાં અહિંસાના સર્વ અંગોનો યથાર્થ વિચાર કરવામાં આવ્યો છે. અહિંસાનો વિચાર કરવા માટે ત્રણ અંગો મુખ્ય છેઃ હિંસક, હિંસ્ય અને હિંસા.

પ્રાણનાશ તે હિંસા, એ સ્વીકાર્યા પછી પ્રાણનાશ કરનાર, જેનો પ્રાણનાશ થાય છે તે અને પ્રાણનાશ થવાના પ્રકારનું સાંગોપાંગ વર્ણન અને વિવેચન આવશ્યક છે જ.

અહિંસા જો આવશ્યક છે, તો તેને અમલમાં મૂકવા માટે અને જીવનમાં ઉતારવા માટે એટલી જ જરૂર હિંસકને, હિંસ્યને અને હિંસાની રીતોને જાણવાની છે.

રોગમુક્ત થવા માટે રોગી, સર્વ પ્રકારની નિદાન પદ્ધતિઓ ઉત્સુકતાપૂર્વક અપનાવે છે, તેવી જ રીતે યથાર્થ અહિંસાની આ નિદાન પદ્ધતિ તરફ જરા પણ અરૂચિ કે ઉદાસીનતા રાખવી અહિંસા પ્રેમીને ન જ છાજે. આ ઉપેક્ષા નાવમાં પડેલા છિદ્રની ઉપેક્ષા કરવા કરતાં પણ વધુ ગંભીર છે.

## હિંસાથી દુઃખ–અહિંસાથી સુખ

હિંસાથી જ દુઃખ અથવા હિંસાથી દુઃખ જ અને અહિંસાથી જ સુખ અથવા અહિંસાથી સુખ જ, એવો નિશ્ચિત કાર્ય કારણભાવ હિંસા અને દુઃખ વચ્ચે તથા અહિંસા અને

સુખ વચ્ચે જેઓએ જ્ઞાનચક્ષુથી જોયો છે, તેઓ હિંસાથી બચવા માટે અને અહિંસાને સાધવા માટે જરૂરી જેટલી વસ્તુઓ હોય તેમાંથી એક પણ વસ્તુની ઉપેક્ષા ન કરી શકે તે સ્વાભાવિક છે.

હિંસા એ દુઃખ સ્વરૂપ છે અને અહિંસા એ સુખ સ્વરૂપ છે, એમ જેઓ હૃદયથી માનતા નથી, તેઓ પણ પોતા પ્રત્યે થતી હિંસાને દુઃખસ્વરૂપ અને પોતા પ્રત્યે થતી અહિંસાને સુખસ્વરૂપ હૃદયથી માને જ છે,

જે વસ્તુ પોતાને અનિષ્ટ ( અણુગમતી ) છે, તે વસ્તુ બીજાને અનિષ્ટ નથી કે ઈષ્ટ ( ગમતી ) છે, એમ માનવાની પાછળ કેવળ સ્વાર્થવૃત્તિ સિવાય બીજો કોઈ આધાર રહેલો જણાતો નથી

સઘળા નિઃસ્વાર્થી અને જ્ઞાની પુરુષોએ પોતાની કે બીજાની હિંસાને દુઃખ સ્વરૂપ અને પોતાની અને બીજાની અહિંસાને સુખ-સ્વરૂપ સ્વીકારેલી જ છે. એમાં જેઓએ જેટલા અંશમાં ભેદ પાડ્યો છે, તેઓએ તેટલા અંશમાં પોતાના નિઃસ્વાર્થીપણાને કે જ્ઞાનીપણાને ડાઘ લગાડીને હિંસાને મોકળાશ કરી આપી છે.

હિંસા એ દુઃખસ્વરુપ, દુઃખના કારણરુપ અને દુઃખની પરંપરાઓને આપનારી છે તથા અહિંસા એ સુખસ્વરૂપ, સુખના કારણરૂપ અને સુખની જ પરંપરાઓને આપનારી છે, એ સત્ય ઉપર શંકાની કાતર ચલાવવી, તે હિંસાને જ મજબુત બનાવવાનો દુષ્ટ માર્ગ છે.

અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ કહેલી અહિંસા તે યથાર્થ અહિંસા છે. અહિંસાના સર્વ પાસાંઓને સમાવી લેનારી અહિંસા છે. જેમાં હિંસક, હિંસ્ય અને હિંસાના સર્વ ભેદોનું યથાર્થ નિરૂપણ કરેલું છે.

જૈન શાસ્ત્રો ફરમાવે છે કે આ અપાર સંસારમાં જીવના પતન કે દુઃખનું કોઈ પણ બીજ હોય તો તે હિંસા જ છે. તે હિંસા બે પ્રકારની છે. એક દ્રવ્ય હિંસા અને બીજી ભાવ હિંસા.

પ્રાણનાશ એ દ્રવ્ય હિંસા છે અને દુષ્ટ અધ્યવસાય એ ભાવહિંસા છે.

પ્રાણનો નાશ થવા માત્રથી હિંસા લાગે છે. કે હિંસાજનિત પાપકર્મનો બંધ થાય છે, એવું એકાંત શ્રી જૈન શાસ્ત્રોને માન્ય નથી. રોગની સમ્યક્ પ્રકારે ચિકિત્સા કરતી વખતે રોગીનું મરણ થાય છે, તો પણ વૈદ કે ડોકટર દોષિત ઠરતા નથી, એમ વ્યવહારમાં આપણે જોઇએ છીએ.

## દુષ્ટ અધ્યવસાય

કર્મબંધ માટે દુષ્ટ અધ્યવસાયની અપેક્ષા છે. પ્રમાદજનિત દુષ્ટ અધ્યવસાયથી ઉત્પન્ન થએલ કઠોર હૃદયપૂર્વક થતી પીડા એ કર્મબંધનું કારણ છે. તેવા દુષ્ટ અધ્યવસાયવાળો

ઢોરડાને પણ જો સર્પબુદ્ધિથી હણે અથવા ખોળના પિંડને પણ જો બાળક માનીને અગ્નિમાં પકાવે અથવા પગમાં લાગેલા કાંટાને પણ અતિ પ્રદ્વેષભાવથી ચૂરે, તો તેને તીવ્ર તીવ્રતર કે તીવ્રતમ કર્મબંધ થાય છે.

દુષ્ટ અધ્યવસાયો અનેક પ્રકારના હોય છે.

૧. જાણી જોઇને હિંસા કરવી.

૨. કામ ક્રોધાદિને આધીન થઇને પાપ કરવું.

૩. હાસ્ય કુતૂહલ આદિને વશ થઇને દોષ સેવવો તથા

૪. કુમતની વાસના કે દુરાગ્રહને આધીન થઇને નિષિદ્ધ–આચરણ કરવું.

ઉપરોક્ત દુષ્ટ અધ્યવસાયો વડે હૃદય કઠોર બને છે. અને કઠોર હૃદયવાળાને રૌદ્ર-ધ્યાન હોય જ છે.

દુષ્ટ અધ્યવસાય કહો કે દુર્ધ્યાન કહો, તે બે એક જ વસ્તુ છે. દુર્ધ્યાન મુખ્યત્વે બે પ્રકારનું છે : એક આર્ત્ત અને બીજું રૌદ્ર. જેમાં રાજ્ય ઉપભોગાદિ પૌદ્ગલિક સુખોની તૃષ્ણા હોય તે આર્ત્તધ્યાન છે. અને જેમાં છેદન–ભેદન, તાડન, તર્જના આદિની ક્રિયા અનુકંપા રહિતપણે કે નિર્દયપણે હોય, તે રૌદ્ર ધ્યાન છે.

આર્ત્તધ્યાનથી જીવ તિર્યંચગતિમાં અને રૌદ્રધ્યાનથી નરકગતિમાં જાય છે. સંસાર-વૃક્ષના બીજરૂપ જે હિંસા કહેલી છે તે આર્ત્ત–રૌદ્ર અધ્યવસાયવાળી સમજવી.

દુર્ધ્યાનથી હૃદય કઠોર બને છે. અને હૃદયની કઠોરતા બીજાની પીડામાં પરિણમે છે તે પીડા મુખ્યત્વે ત્રણ પ્રકારની છે. એક પ્રાણવિયોગરૂપ, બીજી પ્રાણવિયોગ વિનાની શારીરિક પીડાઓ રૂપ અને ત્રીજી પ્રાણવિયોગ અને શારીરિક પીડાઓ ઉત્પન્ન કરવાના ક્લિષ્ટ અધ્યવસાયરૂપ.

## આત્માનુ નિત્યાનિત્યત્વ

આ ત્રણે પ્રકારની હિંસા શ્રી જિનમત મુજબ યથાર્થપણે ઘટી શકે છે, કારણ કે હિંસા કરનારો અને હિંસાનો ભોગ બનનારો જીવ નિત્યાનિત્ય અને શરીરથી ભિન્નાભિન્ન શ્રી જિનમતમાં જ કહેલો છે. તેથી હિંસાના ત્યાગ સ્વરૂપ અહિંસા ધર્મનું યથાર્થ જ્ઞાન અને પાલન વાસ્તવિક રીતે શ્રી જિનમતને માનનારમાં જ સંભવી શકે છે.

આત્માને એકાંત નિત્ય માનવાથી હિંસક કે હિંસ્ય આત્માના સ્વરૂપમાં, પૂર્વ સ્વરૂપથી તલભાર પણ ફેરફાર થઈ શકતો નથી.

આત્માને એકાંત અનિત્ય માનવાથી, આત્મા પોતાની મેળે જ નાશ પામી રહ્યો છે, ત્યાં બીજાથી હિંસા થવાનો અવકાશ જ ક્યાં છે ?

આત્માને શરીરથી એકાંત ભિન્ન માનવાથી દેહનાશમાં આત્મનાશ ઘટતો જ નથી, તો પછી હિંસા અને તેનું પાપ ક્યાં ?

આત્માને શરીરથી એકાંત અભિન્ન માનવામાં મરણ જ ઘટતું નથી, કારણ કે મરણ વખતે શરીર કાયમ રહે છે. પ્રાણવાયુ અને તૈજસ અગ્નિના અભાવે જો મરણ માનવામાં આવે તો મરણ બાદ પરલોક રહેતો નથી. કારણ કે શરીરના નાશની સાથે આત્માનો પણ નાશ જ થઈ જાય છે.

આત્માને ( આત્મ ) દ્રવ્યરૂપે નિત્ય અને નર–નરકાદિ પર્યાયરૂપે અનિત્ય તથા નિશ્ચય દૃષ્ટિએ શરીરથી ભિન્ન અને વ્યવહાર દૃષ્ટિએ શરીરથી અભિન્ન શ્રી જૈનશાસને જ માનેલો છે, તેથી શ્રી જિનમત મુજબ જ હિંસા કરનારો ( મારનારો ) તથા હિંસા પામનારો (મરનારો) જીવ અને તેની થતી હિંસાનું ફળ યથાર્થ રીતે ઘટી શકે છે.

જે (વેદાન્તાદિ) મતમાં આત્માને કૂટસ્થનિત્ય માનેલો છે અથવા બૌદ્ધાદિ મતમાં સર્વથા ક્ષણ વિનાશી માનેલો છે તથા જે (સાંખ્યાદિ) મતમાં આત્મા શરીરથી સર્વથા ભિન્ન માનેલો છે અથવા ચાર્વાકાદિ મતમાં સર્વથા અભિન્ન માનેલો છે, તે સઘળા મતમાં અહિંસા–હિંસાનો યથાર્થ વિચાર કેવી રીતે ઉત્પન્ન થઇ શકે ?

અને જે મતમાં મનુષ્ય સિવાયની સૃષ્ટિને જીવસ્વરૂપ કે સુખ–દુઃખની લાગણી અનુભવવા સ્વરૂપ સ્વીકારેલ જ નથી, જેમકે ( Cow has no Soul or animal has no Soul ) તે મતમાં તો હિંસા, અહિંસાનો વિચાર માત્ર દેખાવ પૂરતો જ નહિ, કિન્તુ સ્વાર્થ પૂરતો જ રહે છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

હિંસાથી દુઃખ અને અહિંસાથી સુખ અથવા હિંસાથી પતન અને અહિંસાથી ઉદય' એમ કહ્યા પછી જેઓને સાચા સુખની કે ઉદયની જ જરૂર હશે, તેઓને હિંસા, હિંસ્ય અને હિંસકનું શ્રી જિનોક્ત યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના ચાલશે જ નહિ. એને સમજવાથી જ દ્રવ્યહિંસા અને ભાવહિંસા, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય અને પૃથ્વીકાયથી ત્રસકાય પર્યંતના સ્થૂલ–સૂક્ષ્મ હિંસ્ય જીવોનું સ્વરૂપ તથા હિંસકના ભિન્ન ભિન્ન પ્રકારના [દુષ્ટ અને શિષ્ટ] અધ્યવસાયોનું સ્વરૂપ સમજવામા આવે છે, અને એ સમજ્યા પછી જ હિંસાત્યાગ અને અહિંસાપાલન કરવાના સાચા અધ્યવસાયો ઉત્પન્ન થાય છે અને એ સાચા અધ્યવસાયોથી થએલો હિંસાનો ત્યાગ અને અહિંસાનો સ્વીકાર જ શુદ્ધ ધર્મસ્વરૂપ બને છે. અને એવા શુદ્ધ અહિંસા ધર્મના સક્રિય પાલનથી જ જીવની અધોગતિ અટકી ઉર્ધ્વગતિ થઈ શકે છે.

આ લેખના પ્રારંભમાં ટાંકેલા શ્લોકમાં દર્શાવેલું અહિંસાનું ફળ અને તેના સાચા ઉપભોક્તા થવાનું સૌભાગ્ય તેઓને જ વરે છે કે–જેઓ સાચી અહિંસાને જીવનમાં સક્રિયપણે પાળી રહ્યા છે, પળાવી રહ્યા છે અને પાળનારને અભિનંદી રહ્યા છે. તાત્પર્ય કે છોડવા જેવી હિંસાના સમગ્ર આંતર–બાહ્ય સ્વરૂપને તથા સ્વીકારવા જેવી અહિંસાના સમગ્ર આંતર–બાહ્ય સ્વરૂપને યથાર્થપણે સમજ્યાં, સ્વીકાર્યા પછી અપાર દુઃખદાયી હિંસાથી જીવ છૂટી શકે છે અને અનંત સુખદાયી અહિંસાના પાલનમાં ત્રિવિધે સક્રિય બની શકે છે.

卐

# અહિંસા વિચાર

અહિંસા જીવસ્નેહરૂપ છે.

હણવાના વિચારને હણનાર સ્નેહ પરિણામ છે. આ સ્નેહ પરિણામ એટલે ઉત્કૃષ્ટ વાત્સલ્ય !

સંયમ અને તપ આત્મસ્નેહરૂપ છે.

અહિંસાથી કાયા, સંયમથી ઇન્દ્રિયો અને તપથી મનની યતના થાય છે, અયતનાનો પરિહાર થાય છે. યતના એટલે જયણા–જતન.

અંતરમાં કરુણા અને આચારમાં અહિંસા એ પ્રથમ ધર્મમંગળ છે. એની સિદ્ધિ માટે પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનનો નિગ્રહ તે દ્વિતીય મંગળ છે.

ઇન્દ્રિયો અને મનના અંકુશ વિના અહિંસા પળાય નહિ અને અહિંસાનાં પાલન વિના ભાવનમસ્કાર આવે નહિ. ભાવનમસ્કાર શ્રી જિનાજ્ઞાની આરાધના રૂપ છે. આજ્ઞાની આરાધના ષટ્જીવનિકાયને આત્મસમ ગણવામાં છે.

'अत्तसमं मन्निज्ज षट्ज्जीवनिकायं ।'

## અહિંસા–સંયમ–તપ

અહિંસા એ સક્રિય મૈત્રી છે. સંયમ એ સક્રિય વૈરાગ્ય છે. અને તપ એ સક્રિય અનાસક્તિ છે. સક્રિય એટલે જીવંત.

આ ત્રણ મળીને મહામંગળકારી ઉત્કૃષ્ટ ધર્મ બને છે. 'धम्मो मंगलमुक्किट्ठं अहिंसा, संजमो तवो... ' અહિંસા, સંયમ અને તપ એ પરમ મંગળ છે; તેમાં કારણ તરીકે મૈત્રી, વૈરાગ્ય અને અનાસક્તિનું જીવનમાં પ્રત્યક્ષ આચરણ છે. તે જયારે જીવનમાં ઉતરે ત્યારે ભાવનમસ્કાર બને છે. અન્યથા માત્ર વાણી, વિચાર અને બુદ્ધિનો વિલાસ છે.

નમસ્કારની ક્રિયા શબ્દથી અને અર્થથી ઉપયોગની એકાગ્રતા લાવનારી છે. ઉપયોગની એકાગ્રતા કથંચિત્ અભેદ હોવાથી પરમ નિર્જરાનો હેતુ છે.

ધ્યાનની યોગ્યતા વ્યવહાર શુદ્ધિ, આચાર શુદ્ધિ આહાર શુદ્ધિ અને વિચાર શુદ્ધિ વગેરેની અપેક્ષા રાખે છે. વિચાર શુદ્ધિ માટે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય આદિ અભ્યંતર તપ અને આચાર શુદ્ધિ માટે અનશન, સંલીનતા આદિ બાહ્ય તપ અપેક્ષિત છે. ધ્યાન ઉપયોગની એકાગ્રતા રૂપ છે. અને ઉપયોગ કથંચિત્ અભેદને ઉત્પન્ન કરનાર છે. અરિહંતાદિના ઉપયોગવાળો જીવ કથંચિત્ અરિહંતાદિ સ્વરૂપ બને છે.

નમસ્કારની ક્રિયા, પછી તે શબ્દથી હોય, અર્થથી હોય કે ક્રિયાથી હોય, ઉપયોગની એકાગ્રતા લાવે છે. તેથી નમસ્કરણીય વસ્તુઓની સાથે અભેદને સાધનારી થાય છે.

નમસ્કારની ક્રિયા સામાન્ય સ્વરૂપ ઉપયોગ, વિશેષસ્વરૂપ ઉપયોગ, તેની વિશુદ્ધિ, તેની ભાવના, તેનું ધ્યાન, તેની અર્પિતતા અને તેની અભેદતા લાવનારી હોવાથી પરમ નિર્જરાનો હેતુ બને છે.

દ્રવ્ય ક્રિયાને ભાવ ક્રિયા બનાવનાર ઉપયોગ છે. તેની તીવ્રતા જેમ જેમ વધતી જાય, તેમ તેમ નિર્જરા વધે છે. આમ ભાવનમસ્કાર દ્વારા જીવ સર્વ કર્મ ખપાવીને શિવપદને વરે છે

卐

# અહિંસા

અહિંસા શું છે?

**આત્માને ખરેખર જાણી લેવો તે અહિંસા છે.** 'હું મને પોતાને જાણવામાં સમર્થ બની જાઉં તો સહુની અંદર જેનો વાસ છે, તેને (તે આત્માને,) પણ જાણી શકીશ. આ ભાનમાંથી આત્મ-પ્રેમ પ્રગટે છે અને પ્રેમ માટે કોઈને દુઃખ દેવાનું શક્ય જ નથી. **કોઇ પણ જીવને દુઃખ દેવાની આ અસંભાવના એ અહિંસા છે.**

આત્મ-અજ્ઞાનનું કેન્દ્રિય લક્ષણ 'અહં' છે. આત્મજ્ઞાનનું કેન્દ્રિય લક્ષણ પ્રેમ છે. જ્યાં અહં શૂન્ય થાય છે, ત્યાં પ્રેમપૂર્ણ બને છે.

અહં સંકીર્ણ છે, પ્રેમવિરાટ છે. અહં અણુસ્થિત છે, પ્રેમ બ્રહ્મ-બૃહત્ છે. અહં નું કેન્દ્ર વ્યક્તિ છે, પ્રેમનું કેન્દ્ર સમષ્ટિ છે. અહં પોતાને માટે જીવે છે, પ્રેમ સહુને માટે જીવે છે. અહં શોષણ છે, પ્રેમ પોષણ છે. **પ્રેમમાંથી સહજ રીતે પ્રવાહિત થતી સેવા એ જ અહિંસા છે.**

**પ્રજ્ઞા**

પ્રજ્ઞાનું સાધન સમાધિ છે, સમાધિ સાધન છે, પ્રજ્ઞા સાધ્ય છે, પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે. પ્રેમ કેવી રીતે મેળવવો! પ્રેમ સીધો મેળવી શકાતો નથી, એ તો પરિણામ છે. પ્રજ્ઞાને મેળવો તો એના પરિશ્રમના વળતર તરીકે પ્રેમ મળી જાય છે. પ્રજ્ઞા હોય અને પ્રેમ ન હોય એ અસંભવ છે, આત્મજ્ઞાન હોય અને અહિંસા ન હોય, એ કેમ રીતે સંભવી શકે?

આથી જ અહિંસાને સાચા જ્ઞાનની કસોટી માનવામાં આવી છે. તે પરમધર્મ છે, કારણ કે તે આત્યંતિક કસોટી છે એની કસોટીમાં જે ખરો પુરવાર થાય તે જ ધર્મ ખરો પુરવાર થાય છે.

પ્રજ્ઞા કેવી રીતે પ્રાપ્ત થાય? આપણામાં જે જ્ઞાન શક્તિ છે, તે વિષયમુક્ત બની જાય તો પ્રજ્ઞા બની જાય. વિષયના અભાવમાં જ્ઞાન પોતાને જ જાણે છે. પોતાના દ્વારા પોતાનું જ્ઞાન તે જ પ્રજ્ઞા છે. એ ભાનમાં કોઈ જ્ઞાતા નથી, કોઈ જ્ઞેય નથી. માત્ર જ્ઞાનની શુદ્ધ શક્તિ જ હોય છે. એનું સ્વયં વડે સ્વયંનું પ્રકાશિત થવું તે પ્રજ્ઞા છે.

જ્ઞાનનું આ સ્વયં પર પાછા ફરવું તે માનવચેતનાની સૌથી મોટી ક્રાન્તિ છે. આ ક્રાન્તિથી જ મનુષ્ય સ્વયં સાથે સંબંધિત થાય છે અને જીવનનું પ્રયોજન તથા અર્થ પૂર્ણતા તેની સમક્ષ ઉદ્ઘાટિત થાય છે.

આવી ક્રાન્તિ સમાધિમાંથી ઉપલબ્ધ થાય છે. પ્રજ્ઞાનું સાધન સમાધિ છે, સમાધિ સાધન છે. પ્રજ્ઞા સાધ્ય છે, પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે.

## અહિંસાની અનુભૂતિ

અહિંસા શબ્દ નકારાત્મક છે, પણ એની અનુભૂતિ નકારાત્મક નથી, અહિંસાની અનુભૂતિ શુદ્ધ પ્રેમની છે.

**રાગયુક્ત પ્રેમ અશુદ્ધ છે. રાગરહિત પ્રેમ શુદ્ધ છે.** રાગ યુક્ત પ્રેમ કોઇ એક તરફ હોય છે, રાગ મુક્ત પ્રેમ સર્વ તરફ હોય છે અથવા તે કોઈની તરફ હોતો નથી.

પ્રેમ=સંબંધ તે રાગ છે, પ્રેમ એટલે સ્વભાવ સ્થિતિ છે. **રાગરહિત પ્રેમ એ જ અહિંસાની અનુભૂતિ છે. સંબંધમાંથી સ્વભાવમાં જવું તે અહિંસાની સાધના છે.** તેમાં હિંસાનો માત્ર ત્યાગ નથી, પણ આત્માનુભૂતિની સ્ફુરણા છે એ અનુભૂતિ નિતાંત પ્રેમમય હોય છે.

પ્રેમમાં દુઃખનું વિસર્જન છે, વિસ્મરણ નહિ. દુઃખનું વિસ્મરણ નકારાત્મક છે. માદક દ્રવ્યની જેમ તે મૂર્છા સ્વરૂપ છે **દુઃખનું વિસ્મરણ જીવને સંસારમાં ઘસડી જાય છે. દુઃખનો સાક્ષાત્કાર આત્મામાં લઇ જાય છે.** જેઓ દુઃખથી દૂર ભાગવા ઇચ્છે છે તથા દુઃખને ભૂલવા ચાહે છે, તેઓ મૂર્છાને આમંત્રણ આપે છે. ધન, યશ કે કામની માદકતામાં દુઃખને ભૂલી જે મનુષ્ય જીવનની સફળતા ઇચ્છે છે, તે તેમાં નાસીપાસ થાય છે.

**દુઃખનું વિસ્મરણ એ મૂર્છા છે, અજ્ઞાનનું વિસર્જન એ જાગૃતિ છે.** દુઃખનો સાક્ષાત્કાર તે જાગૃતિ લાવે છે, નિદ્રાને તોડે છે પોતાની અંદર ધબકતા અનુપમ અલૌકિક ચૈતન્યને જે જોઈ શકે છે, તેનું જ જીવન સફળ છે.

**દુઃખના સાક્ષાત્કારમાં જ આત્માનું જાગરણ થાય છે.** દુઃખ એ અજ્ઞાન સિવાય બીજું કાંઇ જ નથી. પોતાને ખરેખર જાણતાં જ જીવ આનંદનો અધિકારી બની જાય છે.

જે દરેકની અંદર છે, તે જ સચ્ચિદાનંદ છે. **બ્રહ્મને=આત્માને જાણવો એટલે સત્યને જાણવો અને પામવો તે છે.** 'અહિંસા એ સત્યાનુભૂતિ, પરિણામ છે.' જેના અંતરમાં આનંદ છે. તેના આચરણમાં અહિંસા છે.

**અહિંસા એ સત્યના દીવાનો પ્રકાશ છે. સમાધિના છોડ પર સત્યના ફૂલ ઊગે છે અને અહિંસાની સુવાસ અવકાશમાં ફેલાઇ જાય છે.**

અહિંસા એ અનુભૂતિની એક સ્થિતિ છે. આનંદઘન આત્માના સ્વભાવમાં રહેનાર સદા અહિંસક છે, સર્વત્ર નિર્મળ સ્નેહ વહાવનાર છે.

卐

# અહિંસા-સંયમ-તપ

સર્વ જીવો સાથે ઔચિત્યભર્યું વર્તન તે અહિંસા છે.

પોતાના આત્મા સાથે ઔચિત્યભર્યું વર્તન તે સંયમ છે.

પરમાત્મા સાથે ઔચિત્યભર્યું વર્તન તે તપ છે, તેમાં ધ્યાન-તપ સર્વ શ્રેષ્ઠ છે.

અંતરાત્મભાવમાં રહીને થતું પરમાત્માનું ધ્યાન પોતાના આત્માને પરમાત્મ સ્વરૂપ બનાવે છે.

અહિંસાના પાલન વડે બહિરાત્મ ભાવનો ત્યાગ થાય છે અને સંયમના સેવન વડે અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે.

તપ વડે પરમાત્મ ભાવનું ધ્યાન થાય છે. તેના વડે પરમાત્મ સ્વરૂપનો મહાન લાભ થાય છે.

ધ્યાન માટે અહિંસા અને સંયમની જરૂર છે, તેમ અહિંસા માટે સંયમ અને તપની પણ તેટલી જ જરૂર છે.

અહિંસા એ ધર્મ છે. સંયમ અને તપ તેની બે બાજુ છે.

સંયમ વડે સંવર અને તપ વડે નિર્જરા થાય છે.

અહિંસા એ વસ્તુ સ્વભાવરૂપ ધર્મ છે. આત્મા એ જ અહિંસા છે અથવા અહિંસા એ આત્મભાવ છે. તેની રક્ષા સંયમરૂપી સંવર અને તપરૂપી નિર્જરા વડે થાય છે.

તપ ઇચ્છા નિરોધરૂપ છે. સંયમ પ્રશસ્ત ઇચ્છારૂપ છે.

અહિંસા-આત્મૌપમ્ય ભાવની રક્ષાનાં તે બે સાધન છે.

સંયમ વડે જીવમૈત્રી સધાય છે.

તપ વડે જિનભક્તિ સધાય છે. આ રીતે-

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा-संजमो-तवो,
देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो ।

અને એવા પુરુષને દેવો પણ સદા નમે છે કે જેના મનમાં આત્મા રમે છે અને જેનું મન પૂર્ણ અહિંસામય છે.

## ભાવના

માતૃવત્ પરદારેષુ ની ભાવનાથી અસંયમ ટળે છે.

લોષ્ઠવત્ પરદ્રવ્યેષુ ની ભાવનાથી તૃષ્ણા ટળે છે.

આત્મવત્ સર્વભૂતેષુ ની ભાવનાથી હિંસા ટળે છે.

ચિત્તની નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા સિદ્ધ કરવા માટે અનુક્રમે અહિંસા, સંયમ અને તપ-ધર્મ સમર્થ છે.

અહિંસા વડે જીવ સમાપત્તિ, સંયમ વડે આત્મસમાપત્તિ અને તપ વડે પરમાત્મ સમાપત્તિ થાય છે. દુષ્કૃતગર્હાથી નિર્મળતા થાય છે. સુકૃતાનુમોદનથી સ્થિરતા આવે છે અને શરણગમનથી તન્મયતા આવે છે. મનની નિર્મળતા તે સમાધિ છે. મનની સ્થિરતા તે યોગ છે અને મનની તન્મયતા તે તપ છે.

સમાધિ માટે અહિંસાક્ષમાદિ ધર્મો, સ્થિરતા માટે સંયમ સંવરાદિ ધર્મો અને તન્મયતા માટે તપ-સમતા, નિર્જરાદિ ધર્મો, તે સાધનો છે.

**તપ આત્મા અને પરમાત્મા વચ્ચે રહેલા ભેદનો છેદ કરે છે.** ભેદ કર્મના કારણે છે. તપથી કર્મ છેદ થાય છે. બાહ્ય તપ વિનય-વૈયાવચ્ચાદિ અભ્યંતર તપને ઉત્તેજે છે. સ્વાધ્યાયાદિમાં એકાગ્રતા ઉત્પન્ન કરે છે અને ધ્યાન કાયોત્સર્ગાદિમાં સ્થિરતા લાવે છે. આ રીતે અનુક્રમે આત્મસ્વરૂપમાં લીન બની નિજ શુદ્ધ પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે.

અહિંસાથી પુણ્યાનુબંધી પુણ્યની પુષ્ટિ થાય છે. સંયમથી આવતાં કર્મો રોકાય છે અને તપ વડે નિર્જરાથી કર્મ ક્ષય દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે. આથી અહિંસા, સંયમ અને તપ પરમ મંગળ છે.

હિંસાનો ત્યાગ કર્યા વિના ચિત્તશુદ્ધિ થતી નથી. ઇન્દ્રિયદમન અને કષાયના ત્યાગ વિના મનની સ્થિરતા આવતી નથી અને સ્વાધ્યાય-ધ્યાન કાયોત્સર્ગાદિ વિના તન્મયતા આવતી નથી. તે વિના સમાપત્તિ દુર્લભ છે.

સમાપત્તિનો હેતુ અહિંસા, સંયમ અને તપ હોવાથી તે સવિશેષ આદરણીય છે. અહિંસા દ્વારા જીવરાશિ સાથે એકતા સધાય છે. સંયમ દ્વારા નિજાત્મા સાથે અને તપ દ્વારા પરમાત્મા સાથે એકતા સધાય છે.

## નિર્મળતા—સ્થિરતા—તન્મયતા

**ઉપશમથી નિર્મળતા, વિવેકથી સ્થિરતા અને સંવરથી તન્મયતા પ્રાપ્ત થાય છે.**

અંગપૂજા અને અગ્રપૂજા એ નિર્મળતાનું કારણ છે.

ભાવપૂજા એ સ્થિરતાનું કારણ છે અને પ્રતિપત્તિપૂજા એ તન્મયતાનું કારણ છે.

પિંડસ્થ ધ્યાનથી નિર્મળતા, પદસ્થધ્યાનથી સ્થિરતા અને રૂપાતીત ધ્યાનથી તન્મયતા આવે છે.

શ્રુતજ્ઞાનથી સ્થિરતા, ચિંતાજ્ઞાનથી નિર્મળતા અને ભાવના જ્ઞાનથી તન્મયતા આવે છે.

અધ્યાત્મભાવના યોગથી નિર્મળતા, ધ્યાનયોગથી સ્થિરતા અને સમતાયોગથી તન્મયતા પ્રાપ્ત થાય છે.

ત્રણે પ્રકારની સમાપત્તિના આ ઉપાયોને સતત સેવવાથી સેવ્યની સેવા થાય છે અને તેના ફળરૂપે અક્ષય સુખ મળે છે.

વીતરાગ પરમાત્મા રાગ-દ્વેષ રહિત છે. તે કારણે તેમની શક્તિ અપરિમિત છે. આત્મશક્તિને આવરનારા દોષો જેમ જેમ ક્ષીણ થતા જાય છે, તેમ તેમ તે શક્તિ આવિર્ભાવ પામે છે.

શ્રી વીતરાગની શક્તિ અહિંસા, સંયમ અને તપ દ્વારા આવિર્ભાવ પામે છે.

અહિંસા વડે પાપનાશ, સંયમ વડે દુઃખનાશ અને તપ વડે કર્મનાશ થાય છે.

**અહિંસા વડે સર્વ જીવો સાથે સંયમ વડે પોતાના આત્મા સાથે અને તપ વડે પરમાત્મા સાથે ઉચિત વ્યવહાર થાય છે.** જીવો સાથે ઉચિત વ્યવહારથી ક્રોધ, હિંસા અને તેની સાથે સંબંધિત પાપોનો ક્ષય થાય છે. આત્મા સાથે યોગ્ય વર્તન કરવાથી ઇન્દ્રિયો અને મનનો અસંયમ જીતાય છે

પરમાત્માનું ધ્યાન પૂજન સ્તવનાદિ કર્મક્ષયનું કારણ બનીને અભેદભાવે શાન્તિ સમર્પે છે.

કામ, લોભ અને ક્રોધ એ ત્રણે નરકના દ્વાર ગણાય છે. તે અનુક્રમે 'मातृवत्परदारेषु' 'परद्रव्येषु लोष्ठवत्' અને आत्मवत् सर्वभूतेषु ।' એ ત્રણ પ્રકારના ભાવ વડે કાબૂમાં આવી જાય છે. તે જ અનુક્રમે ચતુર્થ ગુણસ્થાનકે વિકાસ પામીને ક્ષાન્ત, દાન્ત અને શાન્ત ભાવરૂપે પ્રગટ થાય છે અને છઠ્ઠા ગુણસ્થાનકે અહિંસા, સંયમ અને તપરૂપે આવિર્ભાવ પામે છે. તેનાથી ઉપરના ગુણસ્થાનકે અહિંસા, સંયમ અને તપ એ ત્રણ આત્મસ્વરૂપને ધારણ કરે છે અર્થાત્ આત્મા પોતે જ અહિંસા, સંયમ અને તપરૂપ બની જાય છે.

**આજ્ઞાનું પાલન, એનું અંતિમ રહસ્ય આત્માએ આત્મસ્વરૂપમાં રમણ કરવું તે છે.** તેનાં સાધન અહિંસા, સંયમ અને તપ, તેનાં સાધન ક્ષાન્ત, દાન્ત અને શાન્તભાવનો અભ્યાસ અને તેનું પણ પ્રાથમિક સાધન માતૃભાવ, લોષ્ઠભાવ અને આત્મૌપમ્યભાવ છે. એ ત્રણેનું પરિણમન એક આત્મૌપમ્ય ભાવમાં છે.

'વીતરાગતાની અચિન્ત્ય શક્તિનો પાયો રાગ-દ્વેષરહિતતાજન્ય શુદ્ધ આત્મપરિણતિ

અને તજ્જન્ય આત્મસ્થિતિ છે.' શુદ્ધ આત્મસ્થતાનો સહજ પ્રભાવ કલ્પનાતીત છે. તેને પામવાના સર્વ શાસ્ત્રોક્ત સાધનોનો અહીં વ્યવસ્થિત નિર્દેશ છે.

અહિંસાના પાલન માટે ક્રોધ-નિગ્રહની આવશ્યકતા છે.

સંયમના પાલન માટે ઇન્દ્રિયોના નિગ્રહની આવશ્યક્તા છે.

તપની આરાધના માટે ઇચ્છા નિરોધની જરૂર છે.

ધર્મ-અહિંસા, સંયમ અને તપમાં છે. એનો અર્થ ધર્મ, ક્ષાન્ત, દાન્ત અને શાન્તપણામાં છે.

**પાપનું સાધન ક્રોધ છે, દુઃખનું બીજ અસંયમ છે અને ભવનું મૂળ ઇચ્છા છે. ક્ષમાવાન પાપરહિત બને છે. ઇન્દ્રિયોને દમનારો દુઃખ મુક્ત બને છે. તૃષ્ણાને રોકનારો કર્મમુક્ત થાય છે.**

ક્ષમાનું સાધન મૈત્રીભાવ છે, સંયમનું સાધન વૈરાગ્યભાવ છે અને

તપનું સાધન ત્યાગભાવ છે અથવા ત્રણેનું સાધન એક મૈત્રીભાવ છે. મૈત્રીભાવવાળો તે છે કે જે સર્વ જીવો પાપ, દુઃખ અને કર્મથી મુક્ત બનો, એવી ભાવનાને ધારણ કરે છે.

અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મની આરાધના માટે પાપ, દુઃખ અને કર્મથી મુક્તિની ભાવના અનિવાર્ય છે.

## સમજપૂર્વકનું જ્ઞાન

સર્વ જીવોની વિચિત્રતાઓને સહવી તે અહિંસા.

સર્વ સુખોને સહવાં તે સંયમ. સર્વ દુઃખોને સહવાં તે તપ.

જીવોને સહવા એટલે આત્મામાં સમાવવા. મૈત્ર્યાદિ ભાવોને ધારણ કરવા વડે તે શક્ય બને છે.

સુખોને સહવાં એટલે ત્યજવાં. કર્મના વિપાક માની તટસ્થ રહેવું.

દુઃખોને સહવાં એટલે તેને તપ સ્વરૂપ સમજવાં. તપ તપવા માટે દુઃખની પણ જરૂર છે. સંયમ પાળવા માટે સુખની પણ જરૂર છે. અહિંસાને આરાધવા માટે જીવોની વિવિધતાની પણ જરૂર છે. વિવિધતામાં એકતાનું ભાન, અહિંસાને લાવે છે.

સુખોમાં દુઃખ-બીજતાનું જ્ઞાન સંયમ લાવે છે.

દુઃખોમાં સુખ-બીજતાનું જ્ઞાન તપ લાવે છે. દુઃખ માત્ર સુખનાં બીજ છે.

જીવ માત્ર મોક્ષનાં બીજ છે, કારણ કે સર્વ જીવો તે-તે અપેક્ષાએ ચારે ભાવનાનાં નિમિત્ત બનીને આપણાં મોક્ષનાં બીજ બને છે અને તેમાં ભવ્ય-અભવ્ય સર્વ જીવો આવી જાય છે.

પોતાના સુખદુઃખમાં સમાન વૃત્તિ, ઊર્ધ્વતા સામાન્યના જ્ઞાનથી કેળવાય છે.

બીજા જીવોની સાથે સમત્વભાવનો વિકાસ, તિર્યક્ સામાન્યના બોધથી થાય છે.

સમાન ધર્મને આગળ કરવાથી 'સમતા' સામાયિકની સિદ્ધિ થાય છે.

પોતાના પર્યાયોમાં અનુસ્યૂત એક જ દ્રવ્ય છે.

બીજા જીવોમાં ચૈતન્ય એક જ છે. ચૈતન્ય-સામાન્યથી એકતાનું જ્ઞાન અને દ્રવ્ય સામાન્યથી અભેદનું જ્ઞાન, સમત્વ ધર્મને વિકસાવે છે.

ધર્મ, ચિત્તની સમાન વૃત્તિમાં છે.

ક્રિયા, ચિત્તવૃત્તિને એક જ આલંબનમાં ટકાવી રાખવાનું સાધન છે.

卐

# અહિંસા અને અનેકાંત

પ્રતિકૂળતામાં ક્રોધ, એ દુઃખથી બચવાનો ઉપાય નથી, પણ શાંતિ એ જ દુઃખથી બચવાનો ઉપાય છે.

જગતનો કોઈ શત્રુ, આપણી શાંતિને હણવા સમર્થ નથી, તે શાંતિને આપણે પોતે જ ક્રોધ વડે શા માટે હણતા હોઈશું?

પ્રતિકૂળતાનો પ્રસંગ આવતાં સામા ઉપર જે ક્રોધ કરે છે, એ ક્રોધ વડે પોતે પોતાનાં ઘરની શાંતિને બાળે છે, પણ ક્રોધરૂપી અગ્નિને ઠારી દઈને પોતે પોતાનાં શાંત સ્વભાવમાં રહે, તો તેને કાંઈ નુકસાન થાય નહિ અને પોતાની આત્મિક શાંતિ જળવાઈ રહે.

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંતને વસાવવાથી આવી શાંતિ સુલભ બને છે.

૧. અહિંસાનો આચાર અને ૨. અનેકાંતનો વિચાર

એ બે શ્રેષ્ઠ અને સદા ઉપયોગી વસ્તુઓ, શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ તરફથી, શ્રી જૈનસંઘને વારસામાં મળેલી છે.

આ વારસો અણમોલ છે, સ્વ-પરને સદા ઉપકારક છે, સંઘર્ષને ટાળનારો છે, દંભને દૂર કરનારો છે, સમતાભાવ બક્ષનારો છે.

એમ પણ કહી શકાય કે, સમભાવ એટલે અહિંસા અને યથાર્થદૃષ્ટિ એટલે અનેકાંત.

અહિંસા આત્માને નિર્મળ બનાવે છે. અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ કરે છે.

અહિંસા ભોગ-તૃષ્ણાનો ત્યાગ કરીને વીતરાગતા કેળવવામાં સમાયેલી છે. ખંડ-સત્યોમાં પણ અખંડ સત્યોનું આંશિક દર્શન, એ અનેકાંતદૃષ્ટિની દેન છે.

આવી પ્રતીતિ કરાવવી, એ જ શાસ્ત્ર રચનાનો પ્રધાન ઉદ્દેશ છે.

## અનેકાંત

અનેકાંત એ માત્ર વિચારનો જ વિષય નથી, પણ આચરણ શુદ્ધતામાં તેનું સ્થાન છે. અનેક પ્રમાણિત દૃષ્ટિઓનો સમુચ્ચય, તે અનેકાંત...! તેને સંગ્રહનયથી બે વિભાગમાં સંગ્રહીએ, તો તે વ્યવહારદૃષ્ટિ અને નિશ્ચયદૃષ્ટિ ( પારમાર્થિકદૃષ્ટિ ) એમ બે વિભાગમાં ગોઠવાઈ જાય છે.

પ્રથમ દૃષ્ટિ સ્થૂલ અનુભવ પર ઘડાયેલી છે. બીજી માન્યતા સૂક્ષ્મ અનુભવના આધારે નક્કી થાય છે.

સ્થૂલતાને કારણે પ્રથમમાં વિવિધ પ્રકારનાં અનુભવો હોય છે. બીજી દૃષ્ટિ સૂક્ષ્મ હોવાને કારણે, તેમાં અનુભવોની એકતા હોય છે.

પહેલી દૃષ્ટિમાં સાધ્ય–સાધનનો ભેદ અને બીજીમાં અભેદ હોય છે.

પહેલી દૃષ્ટિના અધિકારી ઘણા હોય છે. બીજીના વિરલ હોય છે.

નિશ્ચયદૃષ્ટિને ધ્યાનમાં રાખીને, વ્યવહારદૃષ્ટિને અનુસરવાથી ક્રમિક વિકાસ સાધી શકાય છે.

પ્રયત્ન ચાલતો હોય ત્યારે પણ જેટલે અંશે પ્રયત્ન સિદ્ધ થયો હોય, તેટલે અંશે ફળની પ્રાપ્તિ થયેલી ( ગણાય ) છે.

આ માત્ર આશાવાદ નહિ, પણ ગહન રહસ્યભૂત સત્ય છે. તેથી સ્થિરતા ટકી રહે છે અને અધીરાઈ આવતી નથી, એ અનેકાંતદૃષ્ટિનું ફળ છે.

પ્રયત્નનાં આરંભથી માંડીને સમાપ્તિની છેલ્લી ક્ષણ સુધી અખિલ પ્રયત્નધારા એ ફળ છે, નહિ કે પ્રયત્નના અંતે, તેનાથી નિષ્પન્ન થતું જુદું ફળ જ, ફળ છે.

કોઈ પણ કાર્યના પ્રારંભથી તેની સમાપ્તિ સુધીનો જે પ્રયત્ન એ સાધન છે અને અંતે નિષ્પન્ન થતું ફળ એ સાધનથી જુદું જ છે.

જ્યારે નિશ્ચયનયની દૃષ્ટિ કહે છે કે યથાવિધિ પ્રયત્ન એ જ ફળ છે. આ માન્યતાને લીધે પરિણામ સુધી પહોંચી શકાય છે અને ફળનાં અધિકારી થઈ શકાય છે.

નિશ્ચયદૃષ્ટિ, ક્રિયાકાળ અને નિષ્ઠાકાળને એક જ માને છે, વ્યવહારદૃષ્ટિ બન્નેને ભિન્ન તરીકે સ્વીકારે છે અને બન્ને દૃષ્ટિ મળીને જ કાર્યની સિદ્ધિ થાય છે.

અનેકાંતદૃષ્ટિ વસ્તુતત્ત્વની અખિલતાનું દર્શન કરાવીને જીવને મિથ્યા આગ્રહથી ઉગારી લે છે. આત્માનું અહિત કરનારા પૂર્વગ્રહોથી બચાવી લેનારી આ દૃષ્ટિ પ્રભુ-શાસનની મહાભેટ છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, 'सकलार्हत्'ની છઠ્ઠી ગાથામાં 'અનેકાંત'ને સાગર સમ વર્ણવતાં ફરમાવે છે કે,

अनेकांतमतांभोधिसमुल्लासनचन्द्रमाः ।
दद्यादमन्दमानन्दं भगवानभिनन्दनः ॥१॥

આવા અમંદ આનંદના અધિકારી બનવા માટે આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંતને વણવા પડે. વિચારમાંનો અનેકાંત આચારમાંની અહિંસાને પુષ્ટ બનાવે છે. આચારમાંની અહિંસા એકાંતવાદથી આત્માને ઉગારી લે છે. આચારમાંની અહિંસા જીવનમાં શાંતિની પ્રતિષ્ઠા કરે છે. વિચારમાંનો અનેકાંત મનનાં ચંદ્રને નિર્મળ બનાવે છે.

અહિંસા અને અનેકાંત રૂપી બે પાંખો વડે આત્મા મોક્ષની દિશામાં સફળ ઉડ્ડયન આદરીને વિશ્વોપકારી બને છે.

અહિંસાના પાલન માટે વિચારમાં અનેકાંત જોઈએ. અહિંસામાંથી જ જૈનદર્શનનો દાર્શનિક સિદ્ધાન્ત, અનેકાંત ફલિત થયો છે. વિચારનાં દ્વાર ખુલ્લાં મૂકવાથી બધાના વિચારોમાંથી સત્યનો અંશ જડી આવશે.

બીજાના સત્ય વિચારને પણ અસત્ય માનવો અને તેનો આગ્રહ ધરાવવો એ જ અનીતિ, અન્યાય અને હિંસાનું પગથિયું છે. આથી અહિંસકને અનેકાંતવાદી થવું અનિવાર્ય છે.

અહિંસાથી ફલિત થતું દર્શન, તે અનેકાંત છે અને અનેકાંતથી ફલિત થતો આચાર તે અહિંસા છે.

અહિંસામાં, સૂક્ષ્મતમ જીવોની પણ રક્ષાની ભાવના છે. એ ભાવનાના આધારે જ આચારના વિધિ-નિષેધોની પરંપરા છે.

આચારની પાછળ દર્શન ન હોય, તો આચારની સાધનામાં નિષ્ઠા આવતી નથી. આથી દરેક ધર્મમાં જીવનાબંધ મોક્ષનો તથા જગત સાથેના સંબંધનો અને જગતના સ્વરૂપનો વિચાર આવશ્યક ઠરે છે.

સત્યના કોઈ એક અંશને પણ અન્યાય ન થઈ જાય તે ખાતર જૈનદર્શનને સકળ દર્શનોના-નયોના સમૂહરૂપ કહ્યું છે.

卐

# અનેકાંત–અહિંસા–સ્યાદ્વાદ

અનેકાંત દૃષ્ટિ વિચારમાં અહિંસા પ્રગટાવે છે. સ્યાદ્વાદવાણી ભાષામાં નમ્રતા અને વિચારમાં સહિષ્ણુતાપૂર્વક સત્યનું કથન કરે છે. અનેકાંત એક દૃષ્ટિ છે અને સ્યાદ્વાદ એક ભાષા શૈલી છે.

અનેકાંતનું મૂળ સમન્વય ભાવ છે. એ માટે સમાન વિચારોમાં એકતા અગર વિભિન્ન વિચારોમાં માધ્યસ્થતા આવશ્યક છે. સમન્વયવાદ સ્યાદ્વાદ, અનેકાંતવાદનું તાત્પર્ય એ છે કે, પોતાનો વિચાર કાયમી રાખી, સર્વની સાથે સુમેળ સાધવાનો પ્રયત્ન કરવો.

**જૈન ધર્મ સમભાવની સાધના માટેનો ધર્મ છે.** સમદૃષ્ટિ, સમભાવ અને સમતા એકાર્થક છે. **સમતામૂલક આચાર અને વિચાર એ જ જૈનોનો સામાયિક ધર્મ છે.** ષડાવશ્યકમાં પહેલું આવશ્યક સામાયિક છે.

**આચારની સમતાનું નામ અહિંસા છે.**

**વિચારની સમતાનું નામ અનેકાંત છે.**

**ભાષાની સમતાનું નામ સ્યાદ્વાદ છે અને**

**સામાજિક સમતાનું નામ અપરિગ્રહ છે.**

આચારનું મુખ્ય કેન્દ્ર શરીર છે. ભાષાનું મુખ્ય કેન્દ્ર વચન છે. વિચારનું મુખ્ય કેન્દ્ર મન છે. તે ત્રણેની શુદ્ધિ તે સામાયિક છે.

જીવનની આચારશુદ્ધિ, સદા વિચારશુદ્ધિ પર આધારિત છે અને વિચાર શુદ્ધિ સદા નયમતિ, નયવાદ અને નયદૃષ્ટિ ઉપર આધારિત છે. **સત્ય અને યથાર્થ જ્ઞાનથી જ શાન્તિ અને જગજીવહિત થઈ શકે છે.**

પ્રકાશ આવતાની સાથે અંધકાર દૂર થઈ જાય છે, તેમ નયવાદથી સત્યનો બોધ થતાં કલહ, દ્વેષ, કલુષિત ભાવ, ખેંચાતાણી, સંઘર્ષ અને સંકીર્ણતાદિ વિલય પામી જાય છે અને શાન્તિનું એક મધુર અને મૈત્રીપૂર્ણ વાતાવરણ બની જાય છે. વિરોધનું વિષ ટળી, શાન્તિ અને સદ્ભાવનું અમૃત વરસે છે

અહિંસા માનવામાં અદ્વૈતભાવ પ્રગટ કરે છે તેથી અહિંસાનો સાધક અભય બની જાય છે. **અહિંસા સર્વ સુખોનું મૂળ છે.** સુખ સર્વને પ્રિય છે. જે બીજાને અભય આપે છે તે અભય પામે છે. **અભયની ભવ્ય ભાવનામાંથી જ અહિંસા અને મૈત્રીનો જન્મ થાય છે.**

બીજાથી ભય થાય છે, પણ જ્યારે સમગ્ર જગતના જીવો પોતાનું જેવું સ્વરૂપ છે તેવા સમજાય છે, ત્યારે બીજો રહે છે જ કોણ?

બધા મારા છે અને હું બધાનો છું, પછી દ્વૈતભાવ રહેતો નથી.

**હું જગતનો અને જગત મારું, એ અહિંસાનું દર્શનશાસ્ત્ર છે.**

**'મારું સુખ સર્વનું' અને 'સર્વનું સુખ મારું' એ અહિંસાનું વર્તન શાસ્ત્ર છે. એક નિશ્ચય પક્ષ છે, બીજો વ્યવહાર પક્ષ છે.**

અહિંસા મનુષ્યના મનની એક ઉમદાવૃત્તિ છે. ઉત્તમ ભાવના છે. અહિંસા અમૃત છે. હિંસા વિષ છે. અહિંસા જીવન છે. હિંસા મરણ છે. અહિંસા ધર્મ છે, હિંસા અધર્મ છે. અહિંસા પ્રકાશ છે, હિંસા અંધકાર છે.

અનેકાંત તે માનસ અહિંસા છે. સ્યાદ્વાદ તે વાચિક અહિંસા છે.

અનેકાંતથી સામાના હૃદયને જીતી શકાય છે, કદાચ ન જીતી શકાય તો પણ ધિક્કારની લાગણીથી બચાવી શકાય છે, કારણ કે તેમાં અહંકાર પ્રધાન દૃષ્ટિનો અભાવ હોય છે. એટલે **અનેકાંતને અહિંસાનો પાયો કહ્યો છે.**

અનેકાંત સ્યાદ્વાદ અને અહિંસાનું આ તત્ત્વજ્ઞાન એ વિશ્વને શ્રી જિનદર્શનની આગવી ભેટ છે. જેઓ તેમાં નિપુણતા સાધશે, તેમનો જન્મ સાર્થક છે. **'શ્રી નિજદર્શન, એટલે સર્વાંગ સંપૂર્ણ દર્શન. આત્માની અખિલતાનું અણિશુદ્ધ દર્શન.'**

卐

પ્રથમ નમસ્કાર શ્રી અરિહંત પરમાત્માને જ કરવો જોઈએ, કારણ કે તેઓશ્રી આપણા પરમ ઉપકારી છે. સર્વ ઉપકારીઓમાં શિરમોર છે. અન્ય સર્વ ઉપકારીઓના ઉપકારના મૂળમાં પણ તેઓશ્રીનો ઉપકાર રહેલો છે.

ઉપકારની ગંગાના જનક શ્રી અરિહંત પરમાત્મા છે. પરોપકાર વ્યસનીપણાનો જે ગુણ શ્રી અરિહંતમાં છે, તે બીજા કોઈમાં નથી.

# જીવનની સફળતા

इतिगुणदोषविपर्यासदर्शनाद् विषयमूर्छितोह्यात्मा ।
भवपरिवर्तनभीरुभि–राचारमवेक्ष्य परिरक्ष्यः ॥

ગુણ–દોષનો વિચાર કરીને ભવપરિવર્તનથી ભય પામેલા આત્માએ આચારની રક્ષા કરીને વિષય મૂર્છિત આત્માની રક્ષા કરવી એમાં જીવનની સફળતા છે.



મન સારા વિચારો કરી શકે–એટલું જ બસ નથી, એ ખરાબ વિચાર ન કરી શકે–તેટલી હદે તેને કેળવવું જોઈએ. આ કેળવણી સતત આચાર પાળ્યા વિના અસંભવિત છે.

સદાચાર વિનાના કેવળ સારા વિચારોથી કાંઇ સર્જન થવાનું નથી. કેવળ અન્નના વિચારો કરવાથી કાંઇ પેટ ભરાતું નથી.

આવી આચારની અસ્મિતાના ચાહક
પરમ પૂજ્ય કરુણામૂર્તિ, પંન્યાસપ્રવર
શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# જીવનની સફળતા

અણગમતું પણ સાંભળીને સ્થિર રહેવામાં સહિષ્ણુતાની અત્યંત જરૂર પડે છે. સત્ય આપણા પક્ષે હોય તો પણ ઊછળી ન પડતા ખમી ખાવાથી સઘળું ય સત્ય વધુ પ્રકાશ સાથે સામી વ્યક્તિ દ્વારા પ્રગટ થાય છે, તે માટે ધીરજ ધરવી અનિવાર્ય છે.

જે જે મહાપુરુષો થઈ ગયા, તેમ જ આજે વિદ્યમાન છે તે બધાએ કપરા સંયોગોમાં કાળને પાકવાની રાહ જોવાનું જ પસંદ કર્યું છે. જ્યાં બીજું કશું કાર્યસાધક ન બને, ત્યાં કાળને પાકવાની પ્રતીક્ષા અજબ સહાય કરે છે.

આવા ઉપાયો દ્વારા ધીરજને ધારણ કરતો આત્મા જીવનને સફળ કરી શકે છે, તે જીવનની સફળતાનાં મુખ્ય પાયાઓ...!!


૧ સદાચારનું પ્રેરકબળ
૨ આચારોનું પરિબળ
૩ સદ્‌વૃત્તિના પાયા
૪ લજ્જા–મર્યાદા
૫ પાત્રતાનો પાયો
૬ બ્રહ્મચર્ય પાલન
૭ સાચી સંસ્કૃતિ
૮ સહિષ્ણુતા
૯ જીવનનું જીવન
૧૦ દોષ અને ગુણ
૧૧ સજીવનો તિરસ્કાર
૧૨ દૃષ્ટિ તેવી સૃષ્ટિ
૧૩ 'શિવ' શુભ સંકલ્પ
૧૪ સાચા સુખનો માર્ગ
૧૫ દુઃખ સુખ માટે છે
૧૬ સુખ–દુઃખ મીમાંસા
૧૭ સુખનું સાચું સ્વરૂપ
૧૮ સુખ–દુઃખ
૧૯ બોધ–એક બળ
૨૦ આગમોનો અર્ક
૨૧ નમવું અને ખમવું
૨૨ મુક્તિનો માર્ગ
૨૩ મોક્ષનાં સાધન


卐

# સદાચારનું પ્રેરક બળ

કોઈપણ પ્રવૃત્તિનું પ્રેરકબળ તેમાં રહેલો રસ છે. જે રસપૂર્વક કામ કરે છે, તે કદી થાકતો નથી. અમુક પ્રવૃત્તિ સારી છે, એટલું જાણવા માત્રથી તે પ્રવૃત્તિ કરવા કોઈ પ્રેરાતું નથી અથવા અમુક પ્રવૃત્તિ ખરાબ છે, એમ જાણવાથી કોઈ તેને છોડી દેતું નથી. એવું હોત તો સદાચારી બનવા માટે વિદ્વત્તા પૂરતી ગણાત અથવા પુસ્તકો જ ગુરુના સ્થાને ગોઠવાઇ જાત.

ઉચ્ચ વસ્તુઓના જ્ઞાનમાત્રથી ઉચ્ચ બનાતું નથી, પરંતુ ઉચ્ચ પ્રકારની અભિરુચિ કેળવવાથી જ ઉચ્ચ બનાય છે. અભિરુચિ તરફ દુર્લક્ષ કરીને હકીકતોના ઢગલાને જ્ઞાન કહેવાની અને એ ઢગલા પર બેસીને સર્પની જેમ ફુંફાડા મારનારને કેળવાયેલો માનવાની એક પ્રથા પડી છે, તેની પાછળ વિચાર નથી. જ્ઞાનમાં રહેલા રસને ચાખી શકવાની જેનામાં શક્તિ નથી, તેને જ્ઞાની કહેવાને બદલે શુષ્કજ્ઞાની કહેવો એ જ વધુ યોગ્ય છે.

મોટે ભાગે લોકોમાં હલકી વસ્તુઓ તરફ જ અભિરુચિ રહેલી હોય છે. તેનાં બે કારણો છે : એક તો હલકી વસ્તુઓની છત વધારે હોય છે, સર્વત્ર તે જ ચાખવા મળે છે, તેથી અભિરુચિ પણ તેવી જ બની જાય છે બીજું કારણ ઊંચી વસ્તુઓની અછત છે, તેથી તેનો સ્વાદ ચાખવાનો પ્રસંગ જ આવતો નથી.

સિનેમાના ટાયલા અને તેના ઢંગધડા વગરના ગાયનોમાં લોકો વધુ રસ લે છે, કારણ કે તેને વારંવાર જોવા સાંભળવા સૌ કોઈને સહેલાઈથી મળે છે. તેનો સ્વાદ ચાખવાથી તેમાં રસ બંધાઇ જાય છે. ઉચ્ચ પ્રેમ જોવા માટે અને ઉચ્ચ સંગીત સાંભળવા માટે ભાગ્યે જ મળે છે. તેનો સ્વાદ જ ચાખવા મળતો નથી. પછી તેમાં અભિરુચિ કેવી રીતે કેળવાય ? પોતે ઊંચે ચઢવાનો શ્રમ લે અથવા બીજા કોઈ તરફથી તેવો ઉચ્ચ રસ ચાખવા મળે તો પછી હલકી વસ્તુ કદી ગમતી નથી.

નાની વયના બાળકો, કિશોરો કે કુમારોને હલકી વસ્તુઓમાં રસ લેવાની એક પણ તક ન મળવી જોઇએ. તેમની સન્મુખ હંમેશાં ઉચ્ચ વસ્તુઓની જ રજૂઆત થવી જોઈએ. નાની વયથી સારી વસ્તુઓનું આસ્વાદન કરવા મળે તો નઠારી વસ્તુઓ તેમને ગમવાની જ નથી.

## ઉચ્ચ વસ્તુઓની રુચિ

સારી વસ્તુઓની રુચિ કેળવવા માટે સારી વસ્તુઓ અલ્પ હોવાથી તેની શોધ કરવી પડે છે. પોતાની ભૂમિકાથી ઊંચે હોય તો તેનું સાંનિધ્ય સેવવા ઊંચે ચઢવાનો શ્રમ ઉઠાવવો પડે છે, પરંતુ આ શ્રમ એક વાર ઉઠાવ્યો તો બેડો પાર.

ઉચ્ચ વસ્તુની અભિરુચિ કેળવવા માટેનો શ્રમ અનેકગણો બદલો મેળવી આપે છે પછી તેનું જીવન વિસ્તીર્ણ બને છે. આનંદ શુદ્ધ મળે છે. સંપત્તિ દૈવી થાય છે. ક્રમશઃ

ઉચ્ચતાની અભિરુચિ દૃઢ થતી જાય છે. પછી હલકી વસ્તુઓની હાજરીને પણ તે સહી શકતો નથી. સદભિરુચિવાળાને નઠારી પ્રવૃત્તિઓ દુર્ગંધની જેમ અપ્રિય થઈ પડે છે. તીવ્ર અરુચિ થવાને લીધે તે વિના પ્રયત્ને હલકી બાબતોથી સદાય દૂર રહે છે. ઉચ્ચતાની અભિરુચિ કેળવવી તે જ સદાચારનું ખરેખરું પ્રેરક બળ છે. સાચો ગુરુ, સાચો શિક્ષક કે સાચો નેતા તે છે કે જે શિષ્યના, વિદ્યાર્થીના અને અનુયાયીના અંતઃકરણમાં સદ્-વસ્તુ પ્રત્યે અભિરુચિ કેળવવા વારંવાર પ્રયાસ કરે છે. માત્ર હકીકતોના જ્ઞાનથી કે પુસ્તકોના પોપટિયા પાઠમાત્રથી સદાચારી બની શકાતું નથી.

સાચા જ્ઞાન મુજબ જીવન ઘડવા માટે તે જ્ઞાનનો રસ ચાખવો જોઈએ. એ રસ ચાખવાનું કાર્ય દુષ્કર છે, તો પણ ઉપેક્ષણીય નથી, કારણ કે તેનો પૂરેપૂરો બદલો તે મેળવી આપે છે.

卐

# આચારોનું પરિબળ

મનને બરાબર ઓળખાવે એવી, ભાગ્યે જ કોઈ ઉપમા આપી શકાય—એવું એ વિચિત્ર અને અનોખું છે! છતાં મનને કોઈ ઉપમા આપવી જ હોય તો વધુમાં વધુ બંધબેસતી ઉપમા પાણીની છે.

મન પાણી જેવું છે. પાણીને પોતાનો આકાર કે રંગ નથી. તેને જે વાસણમાં રેડો, તેવો આકાર તે ધારણ કરે છે અને તેમાં જે રંગ નાખો તેવા રંગનું તે બને છે. જો તેને વહેવા દઈએ, તો તે ઢાળ તરફ વહેવા લાગે છે અને એક જ જગ્યાએ બાંધી રાખીએ, તો તે બંધિયાર બની અદ્ભુત શક્તિવાળું બની ગમે તેવા ખડકોને પણ ઘસી નાખે છે.

આ જ રીતે મનને પણ કોઈ રૂપ કે રંગ નથી, જે વસ્તુમાં તે પરોવાય છે, તેમાં તે એકાકાર થઈ જાય છે. જે વિષયનો સંગ તેને લાગે છે, તેવો તેનો રંગ થઈ જાય છે. એને ફાવે તેમ કરવા દઈએ, તો અધમ માર્ગોમાં તે જલદી ઢળી પડે છે અને નીચે પટકાય છે. બાહ્ય—વિષયો તેની સાથે અથડાતાં તેમાં તેવા પ્રકારની વૃત્તિઓના તરંગો ઊઠે છે.

મનની શક્તિઓ છે તો અદ્ભુત! પણ જો તેને ક્યાંક કેન્દ્રિત કરી શકાય તો જ એ અદ્ભુતતા અવલોકી શકાય!

પાણીને નિશ્ચિત માર્ગે વહેવડાવવા માટે પાળ બાંધવી પડે છે, તેવી જ પાળ આપણે માનસિક પ્રવાહને વહેવડાવવા માટે બાંધવી જોઈએ. આ પાળ એટલે નિયમો અને આચાર—પ્રણાલિકાઓ!

આપણા વિચારો, ભાવો, કલ્પનાઓ અને સમજણો ક્ષણે ક્ષણે બદલાતાં રહે છે. આપણે તે બધાં પર ભરોસો રાખીને વર્તવા લાગીએ, તો તો ક્યાંય પહોંચી ન શકીએ.

ઘણી વાર વિષયોના વમળોમાં અટવાયેલા મનના આવેગો એટલા જોરદાર હોય છે કે વર્ષો સુધી દઢીભૂત કરેલી સંયમની પાળને તે તોડી નાખે છે.

જો આપણે મનને સન્માર્ગે લઈ જવું હોય, તો ચંચળ અને તરંગી એવા તેને કોઇ નિયમોની, કોઇ આચારોની પાળમાં વહેવડાવવું પડશે, કોઈને કોઈ વિધિ–નિષેધો અંગીકાર કરવા પડશે. પછી તે ધર્મશાસ્ત્રોએ ચીંધેલા હોય કે મહાપુરુષોએ વર્ણવેલા હોય. એક વસ્તુ થઈ શકે અને બીજી ન જ થઈ શકે–એવી કડક શિસ્ત પાળવી પડશે. તે સિવાય મનને કદી વશવર્તી બનાવી નહિ શકાય.

## વિચારશુદ્ધિ

કેટલાક લોકો સારા વિચારો કરી શકે છે, પણ તેથી જ કાંઇ મન કેળવાયેલું ગણી શકાય નહિ **મન સારા વિચારો કરી શકે–એટલું જ બસ નથી. એ ખરાબ વિચાર ન કરી શકે–તેટલી હદે તેને કેળવવું જોઇએ.** આ કેળવણી સતત આચાર પાળ્યા વિના અસંભવિત છે.

વ્રત અને નિયમો, આચાર અને પ્રણાલિકાઓ કોઈ બંધનકર્તા દીવાલો નથી, પરંતુ રક્ષણ કરનારી કિલ્લેબંધી છે. સદાચાર વિનાના કેવળ સારા વિચારોથી કાંઈ સર્જન થવાનું નથી. કેવળ અન્નના વિચારો કરવાથી કાંઈ પેટ ભરાતું નથી.

ઘણા માને છે કે આપણો હેતુ સારો હોય, પછી વિધિ અને આચારોની જાળ શા માટે? નિયમો આપણા માટે છે, આપણે કાંઈ નિયમો માટે નથી. મનથી સુધર્યા એટલે બસ! બહાર દર્શાવવાની શી જરૂર છે? આચારના યાન્ત્રિક ચોકઠામાં સપડાયેલા વેદિયા શા માટે બનવું?

આવી દલીલો કરનારાઓને મનના તરંગીપણાની અને તેના ભયંકર આવેગોની પૂરતી સમજ આવી નથી. આવી દલીલો પાછળ ઘણી વાર અજ્ઞાનના ઘરની આત્મવંચના હોય છે. મનના ભાવો પ્રગટ થાય છે, ત્યારે જ તેનું ખરું સ્વરૂપ સમજાય છે.

આચારો જ મનની સાચી લગામ છે, માત્ર વિચારો જ કદી મનની લગામ બની શકતાં નથી. સારો વિચાર ગમે અને સારો આચાર પાળતી વખતે મોં–માથા વિનાની દલીલોનો સહારો લેવો પડે, તે તો પોતાના સારા વિચાર પ્રત્યેની બેવફાઈ સૂચવે છે, એ નિર્બળતા છે.

આચાર વગરના કેવળ સારા વિચાર, ઉનાળુ વાદળાના ગોટા જેવા છે. જેમાંથી ધરતીને પાણીનું એક ટીપું ય મળતું નથી.

સારા વિચારને સદાચારમાં ઢાળવાની પ્રક્રિયા આડે મુખ્યત્વે મનનું તરંગીપણું જ મુખ્ય ભાગ ભજવે છે. એ તરંગી મનને નિયમની મર્યાદા વડે બાંધી લેવાય તો વ્યર્થ

વહી જતાં જળને જેમ શાણો ખેડૂત પાળ બાંધીને પોતાની ખેતીના ઉપયોગમાં લઈ શકે છે, તેમ માનવી પોતાના જીવનને મંગલમય બનાવી શકે છે. માટે ઉત્તમ વિચારને આચારમાં વણીને માનવીએ આદર્શ જીવનની સુવાસ ફેલાવવી જોઈએ.

卐

# સદ્‌વૃત્તિના પાયા

ઉદારતા, ન્યાય અને પ્રેમ એ સદ્‌વૃદ્ધિનાં લક્ષણો છે. સદ્‌વૃત્તિનું પ્રથમ લક્ષણ સત્ય-નિષ્ઠા છે. સત્યનું સ્વરૂપ શું? અને તેમાં નિષ્ઠા કેમ થાય?

આપણા પૃથક્‌પણાના વિચારથી આપણે આપણી માનસિક ધરી ઉપર જ ગતિ કરતા હોઈએ છીએ. આપણા પૃથક્ વ્યક્તિગત સ્વાર્થ, પૃથક્ લક્ષ્ય, પૃથક્ સુખ-દુઃખના જ વિચાર કરીએ છીએ, તેથી સઘળો સંતાપ અનુભવીએ છીએ. ભેદનો જ વિચાર કરવાથી સૌથી વધુ અસંતોષ અને અસફળતા પામીએ છીએ.

વ્યક્તિગત પૃથક્‌પણાને તિલાંજલી આપી સર્વમાં વ્યાપ્ત સર્વ શક્તિમાન પરમાત્મ-તત્ત્વ સાથે એકતાનતા સાધવાથી સાચી શાન્તિ પ્રાપ્ત થાય છે. જે જ્યોતિ સર્વ પ્રાણી પદાર્થને પ્રકાશિત કરે છે, તે જ જ્યોતિને આપણા અંતરાત્માની ઊંડી ગુહામાં જ્યારે અવકાશ આપીએ છીએ, ત્યારે જ તે જ્યોતિ આપણામાં પ્રકાશે છે. અને પછી પરમ શાન્તિનું રહસ્ય હાથમાં આવે છે. આપણે બધા તે પરમ જ્યોતિના અંશ છીએ.

બીજાનાં સુખ-દુઃખ આપણાં જ છે. તેવું જ્ઞાન અને તેવું વર્તન જ્યારે થાય છે, ત્યારે જ સત્યનિષ્ઠા પ્રગટી ગણી શકાય.

સ્વોત્કર્ષ પરાપકર્ષની વૃત્તિને તિલાંજલી આપી દેવી, તે ઉદારતા છે. બીજાના દોષ જોવા, તે મનનું સાંકડાપણું છે, તેમ પોતાના ગુણ ગાવા, તે પણ સંકુચિત્તવૃત્તિનું એક ચિહ્ન છે. સર્વને આદરથી જોવા, તે ઉદારતા છે.

આપણી યોગ્યતાથી અધિક ઇચ્છવું નહિ અને બીજાની યોગ્યતાથી ઓછું આપવું નહિ, તે ન્યાય છે.

ઉદારતા અને ન્યાયમાંથી સત્યનિષ્ઠા અને પ્રેમ પેદા થાય છે.

જે સુખ આપણને ઇષ્ટ છે, તે બીજાને માટે પણ ઇચ્છવું. તેવો આત્મવત્ સમાન ભાવ સહજ બને, તેને પ્રેમ કહે છે.

સદ્‌વૃત્તિના આ ચાર પાયા છે: સત્યનિષ્ઠા, ઉદારતા, ન્યાય અને પ્રેમ. તે જેનામાં હોય, તે જ સજ્જન, તે જ સંત અને તે જ સાધુ ગણાય છે, તે જ સત્પુરુષ છે.

સત્યમાં સુસ્થિર રહેવું, તે સત્યનિષ્ઠા છે. સત્ય સર્વ વ્યાપી સનાતન અને શાશ્વત છે. તેનો સ્વીકાર-અંગીકાર કરવો તે સત્યનિષ્ઠા છે.

卐

# લજ્જા–મર્યાદા

**લજ્જા** એટલે પોતાની મર્યાદાઓનો અને અધિકારોનો ખ્યાલ!

આજકાલ સ્વતન્ત્રતાના અને સમાનતાના ઠગારાં બહાના હેઠળ લોકો પોતાની મર્યાદાઓ ભૂલતાં હોય છે.

મોટા–નાના વચ્ચે, શિક્ષક–વિદ્યાર્થી વચ્ચે, સ્વામી–સેવક વચ્ચે, પહેલાના કાળમાં જે મર્યાદાઓ હતી, તે આજે ભાગ્યે જ દેખાય છે. પોતાના જ્ઞાનની, અધિકારની, ઉંમરની, મર્યાદાઓનું વારંવાર અતિક્રમણ થતું જોવાય છે. ગમે તે વ્યક્તિ, ગમે તેમ કરવા પોતાને મુખત્યાર માને છે.

નાનકડો નિશાળીયો કે રસ્તાનો સામાન્ય માણસ પણ ગમે તે દેવ–દેવતા, મહા-પુરુષો, નેતાઓ, ધર્મ કે ધર્મશાસ્ત્રો અથવા ગમે તે વિષયની ગમે તેવી ટીકા કરવામાં અથવા તેની પર ગમે તેવાં વિધાનો કરવામાં જરાય લજાતો નથી. આવી નિર્લજ્જતા શોચનીય છે.

હરેક બાબતમાં ક્ષોભ પામી શરમાયા કરવું–એ જેમ ખોટું છે, તેમ હરેક બાબતમાં માઝા મૂકી પોતાના ધર્મનો કે અધિકારનો ખ્યાલ ન કરવો એ પણ તેટલું જ ખોટું છે.

મહાન પુરુષો કદી પણ પોતાના અધિકારનું અતિક્રમણ કરતા નથી. દરિયો કેટલો વિરાટ છે, છતાં તે કિનારાની માઝા ( મર્યાદા ) કદી મૂકતો નથી. અમુક હોદ્દો ભોગવતો અમલદાર પોતાના ક્ષેત્રની, સત્તાની અને જવાબદારીઓની મર્યાદાઓ જેમ ઉલ્લંઘતો નથી અને તેમ કરે તો તરત શાસન ( સજા ) પામે છે, તેમ જીવનમાં પોતાના ક્ષેત્રનો, સંબંધનો અને મર્યાદાનો ખ્યાલ છોડી દેનાર અંતે પતન પામે છે.

સર્વ વ્યવહારોમાં અને ખાસ કરીને સ્ત્રી–પુરુષોના વ્યવહારોમાં લજ્જા અતિ આવશ્યક છે.

વ્યવહારોમાં નિખાલસતા ભલે હોય, પણ મર્યાદાઓનો લોપ ન જ હોવો જોઈએ.

## મર્યાદા

**'અહીં સુધી અને અહીંથી આગળ નહિ'**

આવી લક્ષ્મણ–રેખા હરેક વ્યવહારમાં હોવી જ જોઈએ!

નૈસર્ગિક આકર્ષણને લીધે સ્ત્રી–પુરુષોને અરસપરસનાં મૈત્રી અને સાન્નિધ્ય બહુ ગમે છે, પરંતુ એમાં રક્ષણાત્મક દીવાલો ન હોય, અંતરના શત્રુઓનો ભય ભૂલાય, લજ્જાનો પડદો ખસે, તો લગભગ પતન થવાનું જ! આ નિશ્ચિત વાત છે. અને એક

વાર પતન થયું કે-લોકમાન્યતા મુજબ સ્વર્ગમાં વસનારી ગંગા નદી શતમુખ વિનિપાત પામી ખારા સમુદ્રમાં પડે છે, તેમ પૂર્ણ અધોગતિને અટકાવી નહિ શકાય!

એક વાર લજ્જા-મર્યાદા તૂટી કે તે પ્રાયઃ જીવનભર તૂટી જ સમજવી ગૃહસ્થોને પરસ્ત્રી માટે તથા સાધુઓને સર્વ સ્ત્રીઓ માટે બ્રહ્મચર્યની નવ વાડો અને ગુપ્તિઓનું હંમેશાં પાલન કરવાનું જૈન ધર્મમાં ફરમાન કરવામાં આવ્યું છે, તે આ દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વનું છે.

લજ્જા અને મર્યાદાને જેઓ વેવલાપણું માનીને, તેનો છડેચોક ભંગ કરવા સુધીની છૂટ લે છે તેઓ ખરેખર આગની સાથે અયોગ્ય રમત રમવાનું દુઃસાહસ કરે છે તેઓ નિસર્ગદત્ત લજ્જાગુણનો નાશ કરી, અવિવેકમય પશુજીવન જીવવામાં ખોટો આનંદ માની અધઃપતનને નોતરી લે છે.

જે લજ્જા અને ભય શુભ કાર્યમાં ત્યાજ્ય મનાયા છે, તે જ લજ્જા અને ભય અશુભ કાર્યમાં હંમેશાં આદરણીય ગણાયા છે આર્ય સંસ્કૃતિની અનેક વિશેષતાઓમાંની આ પણ વિશેષતા છે.

લજ્જા તો આચારનું ઓઢણું છે અને મર્યાદા એ આચારને ટકાવનારી મજબૂત પાળ છે. મર્યાદા મોટપને વિકસાવે છે, જ્યારે લજ્જા સંસ્કારની આભાને વિકસિત કરે છે. આ બે ગુણોના પાલનથી માનવી પોતાના જીવનમાં સદ્ધર્મના પાલનની યોગ્યતા વિકસાવીને સદાચારનો સંદેશાવાહક બની શકે છે.

卐

# પાત્રતાનો પાયો

સમગ્ર વિશ્વ તત્ત્વથી તીર્થ છે-એવી બુદ્ધિ થયા વિના વ્યવહારનયમાં નિષ્ણાત બની શકાતું નથી. વ્યવહારનય પરને વિષય કરે છે. પરમાં શત્રુ, મિત્ર, ઉદાસીન ત્રણે વર્ગ સમાઈ જાય છે મોક્ષમાર્ગમાં એ ત્રણે વર્ગ ભિન્ન ભિન્ન રીતે ઉપકારક થઈ રહ્યા છે-એવી સમજણ આવે, તો જ ભવ્યત્વ વિકસે છે.

ભવ્યત્વ એટલે મુક્તિગમન યોગ્યત્વ. તેનો વિકાસ તેનું જ નામ પાત્રતા છે અર્થાત્ પાત્રતા એટલે કૃતજ્ઞતા અને કૃતજ્ઞતા એટલે પાત્રતા એમ પરસ્પર અવિનાભાવી છે કૃતજ્ઞતા ગુણની ટોચને સ્પર્શ્યા વિના સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકતી નથી. પરનો અનુગ્રહ સ્વીકારવો તે કૃતજ્ઞતા છે.

કૃતઘ્ન આત્માનો નિસ્તાર નથી, એનો અર્થ કૃતજ્ઞતા ગુણ સાધ્યા વિના કૃતઘ્નતા દોષનું નિવારણ થઈ શકતું નથી. શત્રુ, મિત્ર કે ઉદાસીન એ ત્રણે વર્ગ વડે હિત થઈ

રહ્યું છે, તેથી ત્રણે વર્ગ ઉપકારી છે, એવી બુદ્ધિ ઉત્પન્ન થયા વિના કૃતજ્ઞતા ગુણનો સ્પર્શ અધૂરો રહે છે. તેટલા પ્રમાણમાં પાત્રતા અણુવિકસિત રહે છે અને અયોગ્યતા ટળતી નથી.

સંપૂર્ણ નમ્રતા ગુણની પરાકાષ્ઠાએ પહોંચવા માટે વિશ્વત્રયને કોઈને કોઈ અવચ્છેદથી ઉપકારક માનવું અનિવાર્ય થઈ પડે છે. ત્રણે ભુવનનો ઉપગ્રહ પરસ્પર થઇ રહ્યો છે, એવું જ્ઞાન જે સૂત્રથી મળે છે, તે સૂત્રની પરિણતિ વ્યવહાર નયમાં નિષ્ણાત બનાવે છે.

## વ્યવહાર અને નિશ્ચયથી ઉપકારક તત્ત્વ

નમ્રતા, કૃતજ્ઞતા, પાત્રતા, યોગ્યતા વગેરે એકાર્થક છે. તેને વિકસાવવા માટે વ્યવહાર અને નિશ્ચય ઉપકારક છે. તેને તીર્થસ્વરૂપ આદર આપતાં શીખવું જોઇએ. સાક્ષાત્ ઉપકારક રત્નત્રય અને તેનાં સાધનો છે, તેથી તેના પ્રત્યે પૂજ્યતાનો વ્યવહાર બહારથી પણ થઈ શકે છે. પરંપરાએ ઉપકાર તત્ત્વથી સર્વનો છે, તેથી તેના પ્રત્યે બાહ્ય વ્યવહાર પૂજ્યતાનો ન કરી શકાય, પણ અંતરમાં તેને ઉપકારક તરીકે ગણવાનો નિષેધ નહિ, પણ વિધાન સમજવું. જો અંતરથી પણ તેને ઉપકારી ન મનાય, તો શત્રુભૂત અને ઉદાસીનભૂત પદાર્થો પ્રત્યે કૃતજ્ઞતા વિકસી શકે નહિ. અને જો તે ન વિકસે તો આત્મતત્ત્વની પ્રાપ્તિના અર્થાત્ મુક્તિસુખના અધિકારી બની શકાય નહિ. સ્વરૂપ લાભરૂપી મુક્તિ તેને જ મળે કે જે સ્વભિન્ન વિશ્વને ઉપકારી માને, કૃતજ્ઞતા દ્વારા તેના પ્રત્યે ઉપશમભાવને કેળવે, સંક્લેશ રહિત બને.

સંક્લેશ રહિત બનવાનો અનન્ય ઉપાય કૃતજ્ઞતા ગુણ છે અને વિશ્વ સમસ્ત પ્રત્યે તે વિકસવો જોઇએ. તેમાં કોઈ એક પણ જીવ બાકાત ન રહેવો જોઇએ.

જેઓ નમનીય છે, ત્રૈલોક્યપૂજ્ય છે, તેઓ સર્વને નમીને નમનીય બન્યા છે, સર્વ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ કેળવીને પૂજ્ય થયા છે. તેથી તેમને ભાવથી નમસ્કાર તો જ થઈ શકે કે નમનારના હૃદયમાં સર્વ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ રહેલો હોય. તે ન હોય તો નમનીયને નમન પહોંચતું નથી અર્થાત્ દ્રવ્ય નમસ્કાર થાય છે પણ ભાવ નમસ્કાર થતો નથી. ભાવ નમસ્કાર કરવા માટે તેમનામાં રહેલા કૃતજ્ઞતા ગુણને પણ નમવું જોઇએ.

આ વિશ્વમાં મારો એક પણ અપકારી છે નહિ, બધા જ મારા ઉપકારી છે–એવી વિચારણાને વર્તનમાં લાવવાથી સાચો અરિહંતભાવ પરિણત થાય છે. તેમાં ભારોભાર કૃતજ્ઞતા રહેલી હોય છે. 'નમો અરિંતાણ'–પદ પણ આ જ તાત્પર્યને પ્રકાશે છે. કોઈ એક પણ જીવને અપકારી માન્યો એટલે અરિહંતભાવનો અપલાપ થયો–એમ માનીને સર્વ સાથે આત્મીયતાપૂર્ણ વર્તન કેળવવામાં સ્વપરહિત છે.

卐

# બ્રહ્મચર્ય પાલન

બ્રહ્મચર્ય પાલન એ અઘરામાં અઘરી સાધના છે, તેમ છતાં એ સિદ્ધ કર્યા વિના પ્રગતિ થઇ શકતી નથી તેથી પ્રગતિવાંચ્છુ પ્રત્યેક મનુષ્યે આ સાધનાને સિદ્ધ કરવી જ રહી. આ સાધના અંગેની કેટલીક સૂચના અહીં રજૂ કરાય છે :

૧. બ્રહ્મચર્ય–પાલન માટે પહેલી સૂચના એ છે કે–સાંજનું ભોજન જતું કરવું. બપોરે રોટલી, દાળ, ભાત, શાક જેવો સાદો આહાર લેવો, માદક આહાર લેવો નહિ. કોઈ વખત માદક આહાર લેવાઇ જાય, તો બીજે દિવસે ઉપવાસ કરી લેવો. એથી માદક આહારની કોઇ પણ અનિષ્ટ અસર, મોટા ભાગે થશે નહિ. કોઇ વખતે બપોરે સંતોષકારક ભોજન ન થયું હોય અને સાંજે લેવું પડે, તો તે અલ્પ પ્રમાણમાં લેવું.

૨. મનને નવરું ન રહેવા દેવું. સવારે સ્વાધ્યાય કરવો. રાત્રે ઊંઘતી વખતે કંઇક ને કંઇક ધાર્મિક વાંચન–ચિંતન કરીને જ ઉંઘવું. અને દિવસ દરમ્યાન ઇશ્વના નામનો જાપ વારંવાર કરવો. ભલે તેનું તાત્કાલિક પરિણામ કાંઈ પણ ન જોવામાં આવે, પણ છેવટે એમાંથી જ બ્રહ્મચર્ય પાળવાનું બળ મળે છે.

૩. સ્ત્રીઓ વિશે માતૃભાવ અથવા વૈરાગ્યભાવ કેળવવો. પ્રત્યેક સ્ત્રી તેના સતાનની અપેક્ષાએ માતા છે, પૂજ્ય છે–આ દૃષ્ટિ રાખવાથી સ્ત્રીત્વનું સાચું મૂલ્ય સમજાય છે. એક માતૃધર્મ છોડીને વિશ્વભરમાં બીજો કોઇ પણ ધર્મ, એનાથી ચઢિયાતો નથી. સ્ત્રી માત્રમાં એ ધર્મનું દર્શન કરવાથી તેમાં જગત પૂજ્યતાના, પરમ પવિત્રતાનાં દર્શન થાય છે. એ દર્શન વિકાર માત્રને બાળી નાખે છે.

૪. વૈરાગ્યભાવ કેળવવા માટે ધર્મરહિત માનવદેહની નિઃસારતાનો વિચાર કરવો. સ્ત્રી શરીર ગમે તેટલું સુંદર લાગતું હોય, તો પણ છેવટે તો તે માત્ર મળ, મૂત્ર, રુધિર, માંસ, હાડ અને ચામથી બનેલું છે. એ શરીર ગમે તેટલું તારુણ્ય કે લાવણ્ય સંપન્ન હોય તો પણ અંતે, તે રોગગ્રસ્ત અને જરાજીર્ણ થવાનું છે. ગમે તેટલું રાગવર્ધક, છતાં તે બધો રાગ છેવટે અસ્થિરતામાં પરિણમે છે, આવું ચિંતન સતત કરવું.

૫. બ્રહ્મચર્ય–પાલન માટે પૃથક્ શયન અતિ આવશ્યક છે. તદુપરાંત સમગ્ર સ્ત્રી જાતિ સાથેના વ્યવહારોમાં મર્યાદાનું પૂર્ણ પાલન અને અકારણ સંસર્ગનું વર્જન અતિ જરૂરી છે.

બ્રહ્મચર્ય–પાલન માટે મુખ્ય વિચાર એ જરૂરી છે કે મનુષ્યને કઈ સૃષ્ટિ રાગ–દ્વેષ કરાવે છે–બહારની કે અંદરની ?

આપણી સામે બહાર જે સૃષ્ટિ ઊભી છે, તે ખરેખર રાગ–દ્વેષનું, હર્ષ–શોકનું કે કામ–ક્રોધનું અંતરંગ કારણ નથી. બહારની સૃષ્ટિ જોતાં જ આપણા મનમાં એ વિશે જે ભાવનામય કે કલ્પનામય સૃષ્ટિ પેદા થાય છે, તે જ રાગ–દ્વેષ આદિનું અંતરંગ કારણ છે.

બહારની સૃષ્ટિ નિમિત્ત જરૂર થાય છે, પણ રાગ–દ્વેષ કરાવનાર તો માનસિક સૃષ્ટિ જ છે. આ વાતને સમજવા માટે અહીં બે દૃષ્ટાન્તો વિચારીએ:

## માનસિક સૃષ્ટિ

ધારો કે ત્રણ માણસ રસ્તામાં જઈ રહ્યા છે. રસ્તામાં ત્રણેયને મૂલ્યવાન એક હીરો જોવામાં આવ્યો. આ ત્રણ પૈકી બે જણા એ હીરો લેવાને દોડયા. જે પહેલો પહોંચ્યો તેને એ હીરો મળ્યો. જેને મળ્યો તેને આનંદ થયો, ન મળ્યો તે નારાજ થયો. ત્રીજો કે જે વિરક્ત હતો, તેને ન આનંદ થયો, ન શોક થયો.

અહીં એક જ હીરામાં એકને સુખ બુદ્ધિ, બીજાને દુઃખ બુદ્ધિ અને ત્રીજાને ઉપેક્ષા-બુદ્ધિ થઇ, તે બહારનો હીરો જોવાથી ભીતરમાં જે કાલ્પનિક કે ભાવનામય હીરો પેદા થયો તેના કારણે થઇ. તેથી રાગ–દ્વેષ થવાનું આંતરિક અને ખરું કારણ, બહારની સૃષ્ટિ નથી, પણ અંતરંગ–સૃષ્ટિ છે.

એવું જ એક બીજું દૃષ્ટાન્ત લઈએ, જેથી આ વિચાર વધુ સ્પષ્ટ થાય.

પરદેશમાં રહેલ પુત્રનું મરણ ન થયું હોય, છતાં કોઈ એના મૃત્યુના સમાચાર આપે તો મન તરત જ શોકાકુળ થાય છે. એનાથી ઊલટું પુત્રનું મરણ થયું હોય છતાં મૃત્યુના સમાચાર ન મળે અથવા તો વાત છુપાવવા પુત્ર જીવતો છે–એવા સમાચાર કોઈ આપે તો ચિત્ત સાવ સ્વસ્થ રહે છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે મનમાં પેદા થતી સૃષ્ટિ વાસ્તવિક નહિ, પણ કલ્પિત હોય છે હવે આ વિચાર બ્રહ્મચર્ય–પાલનમાં કઈ રીતે સહાયક થાય છે તે જોઇએ:

એક સ્ત્રીને જોતાં જ એકના મનમાં પત્નીભાવ, બીજાના મનમાં માતૃભાવ, ત્રીજાના મનમાં પુત્રીભાવ, ચોથા–પાંચમા અને છઠ્ઠાના મનમાં અનુક્રમે કાકી, માસી કે મામીનો ભાવ ઉત્પન્ન થયો. બહાર તો એક જ સ્ત્રી છે છતાં તેમાંથી મનોમયી અને કાલ્પનિક છ સ્ત્રીઓ પેદા થાય છે અને દરેકમાં જુદો જુદો ભાવ પેદા કરનારી બને છે.

બહારની જે સ્ત્રી છે, તેના શરીરમાં હાડ–માંસ છે. તેની ઊંચાઈ પાંચ કે સાડા પાંચ ફૂટ છે. તેનું વજન ૯૫ કે ૧૦૦ રતલ છે. પણ તેના આધારે અંદર જે છ સ્ત્રીઓ પેદા થઈ, તેમાં નથી હાડ–માંસ, નથી ઊંચાઈ કે નથી વજન ! એને તો માત્ર આકાર હોય છે. તે પણ માત્ર મનનો કે બુદ્ધિનો !

આ કેવળ રૂપ અને આકારમય સ્ત્રી કે જેમાં હાડમાંસ, વજન કે ઊંચાઇ કશું જ નથી, જે કેવળ કાલ્પનિક છે, ભાસ માત્ર છે, તે જ સુખ–દુઃખ કે વિકારનું કારણ થાય છે.

આપણને એમ લાગે છે કે બહાર જે હાડમાંસવાળી અને બોલવા–ચાલવાવાળી સ્ત્રી ઊભી છે, તે જ સુખ–દુઃખ આપે છે અને તે જ વિકારને પેદા કરે છે, પણ

વસ્તુતઃ તેમ નથી. જો એમ જ હોય તો એ સ્ત્રીને જોતાં બધાને સુખ-દુઃખ કે વિકાર સરખા પેદા થવા જોઈએ, પણ એમ જોવામાં આવતું નથી.

ત્યારે કઈ સ્ત્રી સુખ-દુઃખ આપે છે કે વિકારને પેદા કરે છે ? મનોમયી જેની છબી મન પર પડે છે, એ સુખ-દુઃખ આપે છે અને એ જ વિકારને પેદા કરે છે. અંદર જે સ્ત્રી પેદા થઈ, એમાં રૂપ કે આકાર સિવાય કાંઇ નથી. એમાં હાડમાંસ નથી. એને ઊંચાઇ, પહોળાઈ કે વજન નથી. એ કેવળ બહાર રહેલી સ્ત્રીનો ભાસ છે.

એટલે બે સ્ત્રીઓ થઈ, એક બહારની, હાડમાંસવાળી. બીજી હાડમાંસ વિનાની, કેવળ મનોમય 'રૂપ' અને મનોમય 'આકાર'વાળી.

બહારની સ્ત્રી જોવા છતાં, અંદરની સ્ત્રી મનમાં પેદા ન થાય, તો માણસને સુખ, દુઃખ કે વિકાર કાંઈજ ન થાય.

એથી ઊલટું બહાર સ્ત્રી જોવામાં ન આવે, પણ મનોમય રૂપ-આકારવાળી સ્ત્રી પેદા થાય તો જરૂર સુખ-દુઃખ કે વિકાર પેદા થાય.

આ જ વાતને શાસ્ત્રીય ભાષામાં કહેવી હોય તો વસ્તુમાં રૂપ-આકાર છે, પણ રૂપ-આકારમાં વસ્તુ નથી-એમ કહી શકાય. વાદળામાં પાણી છે, પાણીમાં વાદળાં નથી. અગ્નિમાં ધૂમાડો છે, પણ ધૂમાડામાં અગ્નિ નથી, એમ પણ કહેવાય.

## સૃષ્ટિના પદાર્થોનું વિશ્લેષણ

આપણને સૃષ્ટિના પદાર્થોનું જે જ્ઞાન થાય છે, તેનું વિશ્લેષણ કરીએ તો ખ્યાલ આવે કે પદાર્થને જોતાંજ તેમાં રહેલ રૂપ કે આકાર આપણા મનમાં પ્રવેશ કરે છે એટલે કે એ પદાર્થના રૂપ-આકારનું ચિત્ર મનમાં ખડું થાય છે. એ રૂપ-આકાર કંઇ વસ્તુ નથી, વસ્તુનો ભાસ છે. જેમ આપણી છાયા એ કાંઈ વસ્તુ નથી.

વસ્તુ આપણે છીએ, છાયા એ વસ્તુનો ભાસ છે. તે જ રીતે હરેક વસ્તુનું જ્ઞાન એ તેના રૂપ-આકારનું જ જ્ઞાન છે.

રૂપ-આકારનું ચિત્ર મનમાં ખડું થતાં વેંત જ એના વિશે જુદા જુદા ભાવો, જુદી જુદી કલ્પનાઓ મનમાં પેદા થાય છે સંસ્કારવશાત્ થતાં આ જુદા જુદા ભાવો અને જુદી જુદી કલ્પનાઓ મનુષ્યને સુખ-દુઃખ આપે છે.

ચિત્તમાં રૂપ-આકાર પેદા થયા પછી ઉત્પન્ન થનારા રાગદ્વેષમૂલક ભાવો કે કલ્પનાઓને આપણે અભ્યાસથી અટકાવી શકીએ છીએ, તેમ જ વિશેષ અભ્યાસથી મનમાં ઉત્પન્ન થતાં રૂપ-આકારને પણ અટકાવી શકીએ છીએ.

આ વાત જો ચિત્તમાં ઠસી જાય, તો મનમાં પેદા થતી વ્યાકુળતા શમી જાય, કેમ કે વ્યાકુળતાનો આધાર મનમાં થતી કલ્પનાઓ છે. કલ્પનાઓનો આધાર મનમાં ઊઠનારા રૂપ અને આકારો છે. અને મનમાં ઊઠનારા રૂપ અને આકારોનો આધાર, બહાર રહેલી સૃષ્ટિ છે.

બહારની આવી સૃષ્ટિ અંગે મનમાં જે 'કંઈ' પેદા થાય છે, તે બધો ભાસજ છે—આ વાત જો બરાબર મનમાં વસી જાય, તો નિર્વિકાર-શાન્તિ સિવાય બીજી કોઈ અનુભૂતિ નહિ થાય.

બ્રહ્મચર્ય-પાલન માટે આ એક મહત્ત્વનો વિચાર છે. આ વિચારનું વારંવાર ચિંતન કરવાથી બ્રહ્મચર્યનું પાલન દુષ્કર મટીને સુકર બને છે અને મોહનું નિવારણ સુશક્ય બને છે. માત્ર આ ચિંતનના સતત અભ્યાસની જરૂર છે.

બ્રહ્મચર્ય-પાલન માટે પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોની સેવા-ભક્તિ પણ ખૂબ સહાયક નીવડે છે. મારે બ્રહ્મચર્યના પાલન વડે જીવનને સાર્થક કરવું છે, આવા દૃઢ નિર્ધારપૂર્વક જેઓ તેના પાલન માટેના નિયમો પાળે છે, તેમ જ મનને 'નમસ્કાર'માં ઢાળે છે. તેઓ નિઃશંકપણે નિર્વિકાર-શાન્તિ અનુભવીને, અદ્ભુત સ્વસ્થતાના સ્વામી બની શકે છે.

卐

# સાચી સંસ્કૃતિ

**ક્યાં પુરાણ-કાળની પ્રાચીન દશા અને ક્યાં આજ કાલની આંજી નાંખનારી અદ્ભુત સ્થિતિ?**

ક્યાં પુરાણા ઘરો અને ક્યાં આજના ભવ્ય મહાલયો?

ક્યાં એ વલ્કલો અને ક્યાં આજના નિત્ય નવાં, રંગબેરંગી મુલાયમ વસ્ત્રો?

ક્યાં એ જૂના સઢવાળા વહાણો અને ક્યાં સાગરો પર ચીલા પાડતી આજની વિરાટ સ્ટીમરો?

ક્યાં જૂનાં તીરકામઠાં અને ક્યાં આજના સર્વ વિનાશક અણુબોંબ?

ક્યાં પુરાણી ટોળીઓ અને ક્યાં આજનાં સંપન્ન રાષ્ટ્રો?

—આ બધી કહેવાતી પ્રગતિને ધ્યાનમાં લઈ આપણે માનીએ છીએ કે—જગતે વિકાસ સાધ્યો છે.

આધુનિક કાળનાં રાક્ષસી સાધનો, વિદ્યુતવેગી વ્યવહારો, પુસ્તકો દ્વારા જ્ઞાનનો ઢગલો અને વૈભવોના ઝાકઝમાળ જોઇને આપણે સહેજે કહીએ છીએ કે—જગત પ્રગતિ કરી રહ્યું છે, પણ તરત જ બીજો સવાલ ઊઠે છે કે માત્ર વસ્તુનું કદ કે એનો વિસ્તાર વધે તે જ પ્રગતિ ગણાય ખરી?

માનવજાત સમડીની જેમ લાંબે જોઈ શકે, શરતના ઘોડાની જેમ ઝડપથી દોડી શકે, ઊંટની માફક દૂર-દૂરનાં તોફાનોની આગાહી કરી શકે, વાઘની જેમ ત્વરાથી સામાને

ઘાયલ કરી શકે, હાથીની જેમ માલનો બોજો ઉઠાવી શકે, ગરુડની જેમ આકાશમાં ઊંચે ઊડી શકે કે આગિયાની જેમ રાત્રિના અંધકારમાં દીવા જલાવી શકે, એટલા માત્રથી શું માનવજાતે પ્રગતિ સાધી ગણી શકાય ખરી?

બેશક દૂરદર્શક યંત્રે, વીજળીની મોટરે, બિનતારી સંદેશવાહક સાધનોએ, અણુશક્તિ ચાલિત આગબોટોએ અને એવાં બીજા હજારો સાધનોએ માનવીની શક્તિ અને વ્યવહારોની જટિલતા વધારી દીધી છે પણ એને યથાર્થ ઉન્નતિ કહી શકાય ?

આજના માણસે રાક્ષસી પ્રમાણના રાક્ષસી સાધનો વાપરી, રાક્ષસી–જીવન બનાવવામાં જે સફળતા હાંસલ કરી છે, તેને શું ઉન્નતિ કહેવી ?

વૃદ્ધિને ઉન્નતિ કોણ કહે?

ઢગલો મોટો થાય, નાના ઘડાને દેગડા બનાવાય, છીપલું વધીને શંખ બને, કાન ટેલિફોનના ભૂંગળા બને, હાથ વધીને મશીન બને, તેમાં શક્તિનું પ્રમાણ બદલાયું, પણ શક્તિનું સ્વરૂપ ક્યાં બદલાયું?

અનાજ વધ્યું, તો સાથે સંગ્રહખોરી વધી, આરોગ્યનાં સાધનો વધ્યાં, તો સાથે રોગોના પ્રકારો પણ વધ્યા. વૈભવ વધ્યાં, તો સાથે તૃષ્ણા પણ વધી. સુખ વધ્યું, તો દુઃખ પણ ક્યાં ઘટ્યું? શ્રીમંતાઇ વધી, તો કંગાલિયત ક્યાં ઘટી? સહકાર વધ્યો, તો યુદ્ધો ક્યાં ઘટયાં? કમાણી વધી, તો ખર્ચ ક્યાં ઘટયાં?

આ બંને પક્ષાંનો જ્યારે વિચાર કરીએ છીએ, ત્યારે પ્રગતિનો છેદ ઊડી જાય છે. આજની કહેવાતી પ્રગતિના પુંજમાં અધોગતિનો અગ્નિ ભારેલો જ છે.

જાણે કે માણસ પશુમાંથી વિકાસ ન પામ્યો હોય, તેમ પશુતા તેનામાંથી ગઈ નથી. પશુથી માણસ ભિન્ન લાગે છે, તે કેવળ તેના માનસિક સ્વરૂપને લીધે !

પશુઓને માત્ર સ્વભાવ (Instinct) છે. મનુષ્યને વ્યક્તિત્વ પણ છે. જો તે કેવળ સ્વાર્થ જુએ અને પોતાના પૂરતું જ જીવન જીવે, તો તે મોટો પશુ જ કહેવાય.

જો તે પોતાના વ્યક્તિત્વને વિકસાવે, તેમાં પોતાના કુટુંબને, જાતિને, રાષ્ટ્રને સ્થાન આપે, તેમના માટે પણ કંઈક કરે, તો તે પશુ મટી માનવની કક્ષાએ પહોંચે. એથી આગળ વધીને તે પોતાના વ્યક્તિત્વને વિશ્વકલ્યાણમાં સમાવે, સત્ય ખાતર જીવે, પરમાર્થને માટે સ્વાર્થનો ભોગ આપતાં શીખે અથવા પરમાર્થમાં જ સ્વાર્થને જોતાં શીખે, ત્યારે તે દેવકોટિએ પહોંચે.

મનુષ્ય જેટલે અંશે સ્વાર્થને ભૂલે છે, પરમાર્થને ઓળખે છે તેમ જ અપનાવે છે, તેટલે અંશે તે પ્રગતિમાન થાય છે.

પ્રગતિ એટલે આગળ વધવું ! પણ આગળ વધવાનું ગુણોના વિકાસમાં, નહિ કે સામગ્રીની પ્રાપ્તિમાં ! સામગ્રીની વૃદ્ધિમાં પ્રગતિ જોવી તે પશુભાવની નિશાની છે. પ્રગતિને સ્વાર્થના પાતળાપણા સાથે સંબંધ છે.

જે સંસ્કૃતિ માનવમાં આ પ્રકારની આચાર–પરંપરા સર્જે છે, તે જ સાચી સંસ્કૃતિ છે.

પ્રગતિ સ્થૂલ–શક્તિના વિકાસમાં નથી, પણ વ્યક્તિના સમગ્ર–સ્વરૂપના વિકાસમાં છે. જડત્વના વિકાસમાં નહિ, પણ આત્મત્વના વિકાસમાં છે. આત્માની શુદ્ધિમાં સદૈવ સહાય કરે તે જ સાચી સંસ્કૃતિ !

卐

## સહિષ્ણુતા

કોઈ પણ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા માટે જે સદ્‌ગુણની ખાસ જરૂર પડે છે, તે ગુણ સહિષ્ણુતા છે.

વિવિધ સ્વભાવવાળી વ્યક્તિઓના સંપર્કમાં આવવું પડે છે, ત્યારે બીજાઓના સ્વભાવોને ફેરવવાનું કાર્ય મુશ્કેલીભર્યું બની જતાં જાતે જ ફરવાની જરૂર પડે છે. ગામ ફેરવવાના બદલે ગાડું ફેરવવું, એ જ શક્ય અને સુલભ છે.

અણગમતું પણ સાંભળીને સ્થિર રહેવામાં સહિષ્ણુતાની અત્યંત જરૂર પડે છે. સત્ય આપણા પક્ષે હોય તો પણ ઊછળી ન પડતાં, ખમી ખાવાથી સઘળુંય સત્ય વધુ પ્રકાશ સાથે સામી વ્યક્તિ દ્વારા પ્રગટ થાય છે. તે માટે ધીરજ ધરવી અનિવાર્ય છે.

જે જે મહાપુરુષો થઈ ગયા, તેમ જ આજે વિદ્યમાન છે, તે બધાએ કપરા સંયોગોમાં કાળને પાકવાની રાહ જોવાનું જ પસંદ કર્યું છે. જ્યાં બીજું કશું કાર્ય સાધક ન બને, ત્યાં કાળને પાકવાની પ્રતીક્ષા અજબ સહાય કરે છે. તાત્કાલિક પ્રત્યાઘાતોને ઝીલી લેવા માટે સહિષ્ણુ બનવું જોઈએ અને ધીરજ ધરવી જોઈએ.

મન ગમે તેટલું અકળાઈ જાય, પણ જો એક પણ વચન ન ઉચ્ચારીએ તો બાજી હાથમાં રહે છે. मौन सर्वार्थ साधकम् આ નક્કર સત્ય છે.

### મૌન

મૌન ધારણ કરનારને માટે તાત્કાલિક પ્રત્યાઘાતોથી જન્મેલ અપરિપક્વ વિચારોને પરિપક્વ બનાવવાનો સમય મળે છે. અપરિપક્વ વિચારોને વચન અને કાયાથી અમલમાં મૂકી દેતાં, જે કાંઈ નુકસાન થવાનું હતું, તેનાથી સહીસલામત ઊગરી જવાય છે.

સહિષ્ણુ વ્યક્તિ પોતે જ સહી લેવા તૈયાર હોય છે. તેથી એને સહુની સહાનુભૂતિ પ્રાપ્ત થાય છે. સામી વ્યક્તિને પણ આપણી અપ્રતિકારની ભાવનારૂપ મૌનથી પોતાની ભૂલ સમજવાની તક મળે છે.

મૌન રહીને જીવનમાં કડવા ઘૂંટડા ગળી જવામાં અસંખ્ય લાભો રહેલા છે. અટપટા પ્રસંગોમાં પણ મૌન રહીને આપણો કેસ કાળને સોંપી દેવાથી આપણું કામ આપોઆપ થઈ જવાનો અનુભવ પ્રત્યક્ષ સિદ્ધ છે.

બીજાની ભૂલ સાબિત કરવા કે તરત બતાવી-દેવા માટે ઊછળી પડનાર વ્યક્તિ, સામાની ભૂલ તો બતાવી શકતો નથી, પરંતુ આવેશને લીધે કઠોર વાક્પ્રયોગોની જાળમાં ફસાઇ જાય છે અને બીજી અનેક ભૂલો કરી બેસે છે. જેના પરિણામે સામી વ્યક્તિની મૂળ ભૂલ બાજુમાં રહી જાય છે અને આ કઠોર વાણીના પ્રયોગથી નવી ભૂલો, સામી વ્યક્તિ માટે બચાવ-શસ્ત્ર બની રહે છે.

ન્યાયમૂલક આપણી ઇચ્છા મુજબ, સામી વ્યક્તિ પાસેથી કામ કઢાવવું હોય તો મૌન રહીને સહન કરવાની કળા સિદ્ધ કરવી જ જોઇએ.

જીવન જીવવાની આ અનુપમ પ્રક્રિયા સહેલી અને સાદી હોવા છતાં, ભલભલા માણસો તેમાં ભૂલ કરી બેસે છે. તેથી જીવનમાં આ પ્રક્રિયાને મહત્ત્વનું સ્થાન આપવું જોઈએ.

જીવનમાં સહિષ્ણુતા સ્થાપિત થાય તો આ એક જ પ્રક્રિયા અનેક કાર્યો સાધી આપનારી બનશે. જીવનમાંથી અથડામણો અને સંઘર્ષો વિદાય લેશે અને જીવન સુખ-શાન્તિમય બની રહેશે તથા બીજાઓને પણ એવું જીવન પ્રેરક તેમજ ઉપકારક બનશે.

સહિષ્ણુતા એટલે સહનશીલતા.

નમામિ વીરં ગિરિસાર ધીરં—આ પંક્તિમાં 'સહિષ્ણુતા' પદાર્થનો સઘળો સાર આવી જાય છે. માત્ર અહંથી પ્રેરાઇને અસહિષ્ણુ બનનારો સરવાળે હાર ખાય છે, તેમજ પસ્તાય છે. 'ખમવાની' વાત ખૂબ જ મહત્ત્વની છે, કારણ કે જે 'ખમી' શકે છે તે યથાર્થપણે નમી શકે છે. ધરામાંથી ધીરજના સારનો તાર ખેંચીને આપણે પણ જીવનમાં આનંદનો ઝંકાર જન્માવવો જોઈએ.

卐

## જીવનનું જીવન

બીજાની બીક ક્યારે ન રહે? જ્યારે પારકો પોતાનો બને ત્યારે.

જ્યાં પરાયાપણાની ભાવના ન હોય, ત્યાં પારકો મનાતો માણસ પોતાનો બની જાય છે અને તેથી જીવન સંપન્ન થઈ જાય છે.

જ્યાં બીજો માણસ પોતાનો ન હોય, જ્યાં પરાયાપણાની સંકુચિત ભાવના હોય, ત્યાં એ બીજું માણસ આપણા માટે ભારરૂપ બને છે. દુઃખદાયી થઈ પડે છે અને તેથી જીવન વિપત્તિવાળું બની જાય છે.

સંપત્તિ અને વિપત્તિનું એક લક્ષણ એ છે કે, જ્યારે મનુષ્યમાં પરાયાપણાની ભાવના ઓછી થાય છે અથવા બિલકુલ રહેતી નથી, ત્યારે જીવન સંપન્ન થાય છે અને જ્યાં પરાયાપણાની ભાવના હોય છે, ત્યાં જીવન વિપત્તિથી ભરેલું લાગે છે.

કેવળ શ્વાસ લેવાથી જીવાતું જીવન યાંત્રિક હોય છે, લગભગ જડવત્ હોય છે. તેમાં જીવંતતા બીજાઓ પ્રત્યેના સદ્ભાવ અનુસાર પ્રગટે છે

જ્યારે મનુષ્યમાં પરાયાપણાની સંકુચિત ભાવના વધારે હોય છે, ત્યારે તેનું જીવન તેના માટે પણ ભારરૂપ બનીને વિપત્તિવાળું બની જાય છે.

બીજાને નિજના બનાવવા માટે જીવનમાં અભેદની સ્થાપના કરવી, એ જ પ્રગતિ અને સંસ્કૃતિનો સિદ્ધાંત છે.

જીવનનું મૂલ્ય એકતા છે. તેનો પાયો પ્રેમ છે. પ્રેમ એ જીવનનું મૂળભૂત મૂલ્ય છે. સુખ માટે બધી મૂલ્યવાન વસ્તુઓ કરતાં પણ મૂલ્યવાન વસ્તુ કોઇ હોય, તો તે પ્રેમ છે. પરસ્પર પ્રેમના અભાવમાં સુખનો અભાવ છે.

જેના વડે જીવન છે, તે શ્વાસને પણ પકડી રખાતો નથી, પણ છોડવો પડે છે અને તો જ સ્થૂલ જીવન પણ શક્ય બને છે, તો પછી સાચું પૂરું અખંડ જીવન જો એક પોતામાં પૂરાઈ રહેવાય તો સ્વપ્નવત્ બની જાય તે સ્વાભાવિક છે.

"अयं निजः परो वेति गणनां लघुचेतसाम् ।
उदारचरितानां तु. वसुधैव कुटुम्बकम् ॥"

આ પોતાનો, આ પારકો, એવી ગણતરી સંકુચિત મનવાળાઓની હોય છે; ઉદાર વર્તનવાળાઓને માટે તો (સમગ્ર) ધરતી જ કુટુંબરૂપ હોય છે.

અર્થાત્

મહામના પુરુષો સમગ્ર વિશ્વના કલ્યાણ અને બંધુત્વમાં માનતા હોય છે.

卐

# દોષ અને ગુણ

દોષ એ દીવાલ છે. ગુણ એ દ્વાર છે.

દીવાલ દ્વારા ઘરમાં પ્રવેશ કરનાર ચોર ગણાય છે અને પ્રવેશ કરે છે, તો પણ તેને ઘરમાંથી બહાર કાઢવાના પ્રયાસો થાય છે.

આ નિયમ દોષના માધ્યમ દ્વારા બીજાના હૃદયરૂપી ઘરમાં પ્રવેશ કરનારને લાગુ પડે છે.

ગુણ એ પુરુષ અને દોષ એ પડછાયો છે. પડછાયો પુરુષને ઓળખાવે તેટલી જ તેની કિંમત છે. જ્યાં દોષરૂપી પડછાયો હોય, ત્યાં ગુણ પણ હોય જ. જ્યાં ગુણ હોય,

ત્યાં પડછાયો હોય યા ન પણ હોય. મધ્યાહ્ન સમયે પુરુષ હોય છે, પણ તેનો પડછાયો હોતો નથી. અન્ય સમયે પુરુષ અને પડછાયો બંને હોય છે.

ગૌરવર્ણવાળા પુરુષનો પડછાયો શ્યામ હોય છે. લોકમાં પડછાયાની કિંમત કોઈ ગણતું નથી, તેમ લોકોત્તરમાં દોષની કિંમત જ નથી.

દોષને પકડવાથી દોષ જ આવે છે. ગુણને પકડવાથી ગુણ પકડાય છે. દોષને વજન ન આપતાં ગુણને જ વજન આપવાથી, તે ધર્મમાર્ગ બને છે.

છદ્મસ્થપણાને કારણે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પ્રમત્તાદિ ગુણસ્થાનકોએ પ્રમાદ, કષાય, નોકષાયાદિ દોષવાળા હોવા છતાં, તેમના ગુણોને આગળ કરીને જ આરાધના થાય છે તેમ જીવરાશિ પ્રત્યે મૈત્રીભાવ, જીવમાં રહેલા ગુણને આગળ કરવાથી જ સાધી શકાય છે.

મૈત્રી એ સ્નેહ પરિણામરૂપ છે. દ્વેષ તે પરિણામને શોષવી નાખે છે. 'द्वेषी गुणान् न पश्यति' એ નિયમ છે.

એટલે દ્વેષીમાં મૈત્રીભાવ ટકતો નથી. 'मित्ती मे सव्व भूएसु' એ ભાવ તો જ ટકે, જો જીવમાત્રમાં રહેલ ગુણને જોવામાં આવે.

એ ગુણ 'અક્ષરનો અનંતમો ભાગ જીવમાત્રમાં ઉઘાડો છે,' એ વચનને આગળ કરવાથી જોઈ શકાય છે અને એ રીતે જોનાર જ મૈત્રીભાવ વડે જીવમાત્રને ગુણદૃષ્ટિ વડે જોઈને આરાધક બને છે.

દોષ જોવાથી દોષ આવે છે અને ગુણ જોવાથી ગુણ આવે છે.

ભગવાન જીવમાત્રમાં પ્રચ્છન્નપણે રહેલા કેવળજ્ઞાનાદિ ગુણોને જ્ઞાનના બળથી જોઈ શકે છે, તેથી તેમનામાં સ્નેહભાવ સુકાતો નથી, પણ અખંડ રહે છે.

સ્નેહભાવને શોષવી નાખનાર દ્વેષરૂપી દાવાનળને ડામવા માટે દોષદૃષ્ટિને દૂર કરી ગુણદૃષ્ટિ કેળવવી જોઈએ.

ગુણ દૃષ્ટિવાન સદાય સાચી આત્મકમાણી કરે છે, દોષ દૃષ્ટિવાન સદાય ખોટમાં રહે છે.

卐

# સજીવનો તિરસ્કાર ?

**મનુષ્યમાં** રહેલી નિર્બળતાઓનો લોકો જેટલાં પ્રમાણમાં તિરસ્કાર કરે છે, તેટલા પ્રમાણમાં તેનામાં રહેલા બળ અને ઊર્ધ્વગામિતાની શકયતાઓ આદર કરતાં નથી. તેની જડતા પર જેવા જોરથી ઘા કરે છે, તેવા કે તેથી અર્ધા જોરથી પણ તેનામાં રહેલા ચૈતન્યનો આદર કરતાં નથી. મનુષ્યમાં દેખાતી ક્ષુદ્રતા, તેમને જેટલી ખૂંચે છે, તેટલી તેનામાં રહેલી વિરાટતા પ્રત્યે પ્રેમ કરવાની વૃત્તિ તેમનામાં નથી જાગતી. મનુષ્યની

શેતાનિયત લોકોની નજરે તરત ચઢી જાય છે, પરંતુ તેની દિવ્યતા, તેમના ધ્યાન બહાર જ રહી જાય છે.

દરેક વ્યક્તિમાં જડતા અને ચૈતન્ય બન્ને વસેલાં છે. જડતા એને અધોગતિ તરફ ધકેલે છે, જ્યારે ચૈતન્ય તેને ઊર્ધ્વગામી બનાવવા કોશિષ કરે છે.

વ્યક્તિ માત્રના જીવનને આ ખેંચતાણ નિરંતર અનુભવવી પડે છે. જડતા જો કે એકાએક ટાળી શકાતી નથી, તેમ છતાં જો તેને ચૈતન્યને અધીન કરવી હોય, તો તેમ કરી શકાય છે આ હકીકતમાં મનુષ્યના ઉદ્ધારના બીજ રહેલાં છે.

પડવું સાહજિક છે, એ વાત માની લઈએ, તો પણ ચઢવું—એ સાવ અસ્વાભાવિક નથી, એમ પણ માનવું પડશે. જડતાનો બોજો ઊંચકીને પણ ચૈતન્ય—પંખેરું ગગન ભણી પાંખો ફફડાવ્યા કરે છે અને એક દિવસ, જડતાને ખંખેરીને તે ઊંડાણમાં સફળ થશે, એવી શ્રદ્ધા રાખવી અસ્થાને નથી.

તત્ત્વદૃષ્ટિએ વિચાર કરતાં મનુષ્યમાં સૂક્ષ્મ રીતે દિવ્યતા રહેલી છે અને તે તેના સ્થૂલ-જીવનમાં પ્રગટ થવા મથામણ કર્યા જ કરે છે. આટલું સમજમાં આવ્યા પછી કોઈ પણ વ્યક્તિનો તિરસ્કાર કરવાનું અંતરથી મન નહિ જ થાય.

જીવસત્કાર

મનુષ્ય સ્વભાવની આ ઊર્ધ્વગામિતા પર વિશ્વાસ મૂકયા પછી, કોઈ પણ વ્યક્તિને અનાદરથી જોવાની ટેવ છૂટી જાય છે અને આદરથી જોવાની ટેવ પડે છે. પછી તે અજ્ઞાનીઓને હસતો નથી કે દુષ્ટો પ્રત્યે ઘૃણા દર્શાવતો નથી બાળકની દુર્બળતાની તે હાંસી કરતો નથી કે સ્ત્રીઓને અબળા ગણીને તુચ્છકારતો નથી. કારણ તે જાણે છે કે દુષ્ટતા, દુર્બળતા કે અજ્ઞાનતા એ તો ચૈતન્યની આજુબાજુ વીંટળાયેલી અશુદ્ધિઓના અંશ માત્ર છે.

સોનાની કાચી ધાતુમાં મિશ્રિત થયેલ ખડક, માટી કે અન્ય ધાતુઓને જોઇને કોઈ સોનાને ફેંકી દેતું નથી, તો પછી અદ્‌ભુત શકયતાઓથી ભરેલા વ્યક્તિત્વવાળા માનવને શી રીતે તિરસ્કારી શકાય ? વ્યક્તિમાં વસતી સુવર્ણમયી દિવ્યતા ઉપર તો પ્રેમ જ પ્રગટવો જોઇએ !

નીચમાં નીચ મનુષ્યો પણ શ્રેષ્ઠતાના અધિકારી બન્યાના અગણિત દાખલાઓ મોજુદ છે. તે બતાવી આપે છે કે, મનુષ્યમાં રહેલી દિવ્યતા એ સત્ય છે, ભ્રમણા નથી !

નીચમાં નીચ વ્યક્તિનો પણ અનાદર ન કરતાં, શકય હોય તો તેનામાં રહેલી દિવ્યતાને પ્રગટ કરવામાં સહાયક બનવું જોઇએ. એના બદલે જેઓ અવરોધક બને છે, તેઓને મનુષ્યમાં રહેલી અંતિમ સારરૂપતા ઉપર હજી વિશ્વાસ ઉત્પન્ન થયો નથી, એમ માનવું પડે છે.

મહાન પુરુષોને એ વિશ્વાસ હતો. તેથી તેઓએ કોઈનો તિરસ્કાર કર્યો નથી. સર્વ પ્રત્યે સમભાવ, પ્રેમ અને અહિંસા પ્રબોધ્યાં છે.

દૂર કરવા જેવા છે દોષ! અને આવકારવા જેવા છે ગુણ!

સજીવનો તિરસ્કાર એ ભારે દોષ છે. દોષને દૂર કરીને ચૈતન્યના પક્ષપાતી બનવું તે આપણું કર્તવ્ય છે

દોષ સ્વના જોવાય અને ગુણ પરના જોવાય, તો આ તિરસ્કારવૃત્તિ આપોઆપ અલોપ થઈ જાય !

卐

# દૃષ્ટિ તેવી સૃષ્ટિ

જગત જેવું છે, તેવું આપણે જોઈ કે જાણી શકતાં નથી, પણ આપણે જેવા છીએ તેવું જગત આપણને દેખાય છે.

આપણી ભૂમિકા બદલાય છે, તેમ આપણું જગત વિષયક દર્શન પણ બદલાય છે.

વૈજ્ઞાનિકો જગતને શક્તિરૂપે Energy તરીકે કાયમી ગતિ સ્વરૂપે માને છે.

આપણે જગતને ગતિ અને સ્થિતિ ઉભય સ્વરૂપે જાણીએ છીએ.

સર્વજ્ઞ ભગવંતો જગતને દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપે અને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપે જુએ છે.

જેમ–જેમ આપણી ભૂમિકા બદલાય છે, તેમ–તેમ આપણું જગત–દર્શન પણ બદલાય છે.

કોઈ આપણને ગુણીરૂપે જુએ છે, તો કોઈ વળી દોષિત રૂપે જુએ છે. તેમાં આપણે તેવા છીએ, માટે તેને તેવું દેખાય છે એમ નહિ, પણ તે જેવો છે, તેવું આપણું સ્વરૂપ તેની કલ્પનામાં આવે છે. એ જ કારણે જ્ઞાની ભગવંતો લોકસંજ્ઞાને ત્યજવાનું કહે છે અને શાસ્ત્રસંજ્ઞાને કેળવવાનો ઉપદેશ આપે છે.

યોગી પુરુષોને સર્વજ્ઞ–વીતરાગ પરમાત્માનું જે સ્વરૂપ પોતાની યોગદૃષ્ટિથી દેખાય, તેવું અયોગીને ન જ દેખાય. ભોગીને જગત ભોગનું સ્થાન દેખાય છે, યોગીને યોગનું સ્થાન જણાય છે.

## લોકસંજ્ઞાથી પર

બીજો આપણને જે રીતે જુએ, તે રીતે આપણી જાતને કલ્પવાની જરૂર નથી, પણ જ્ઞાની પુરુષો આપણને જે રીતે જુએ છે, તે રીતે જોવાની દૃષ્ટિ કેળવવાની જરૂર છે. અને લોકસંજ્ઞાને છોડી દેવી જોઈએ-એ જ સુખી થવાનો અને શાન્તિ પામવાનો રાજમાર્ગ છે. લોકસંજ્ઞા કેવી હોય તે નીચેના દાખલાથી સ્પષ્ટ થાય છે :

ભર્તૃહરિ વૈરાગ્યવાસિત થઇ વનમાં વિચરતા, વડલાના એક ઝાડ નીચે વિશ્રામ કરવા બેઠા. પછી હાથનું ઓશિકું બનાવીને અંતર્મુખ થયા. તેવામાં ગામની બહેનો ત્યાં આવેલા ગામકૂવે પાણી ભરવા આવી. અને હાથનું ઓશિકું કરીને ઊંઘેલા ભર્તૃહરિને જોઈને બોલી : 'જુઓને રાજપાટ છોડવા છતાં હજી ઓશિકાનો મોહ નથી ગયો.'

આ ટકોરને ઉપકારક સમજી ભર્તૃહરિએ પોતાના બંને હાથ માથા નીચેથી ખેંચી લઈને પોતાની છાતી ઉપર ગોઠવ્યાં. એટલે બીજી એક પનિહારી બોલી ઊઠી, 'જુઓને જરા ટકોર કરી, તેમાં પણ ગુસ્સે થઈને હાથ ખસેડી લીધાં.'

આ ટકોરથી ચકોર ભર્તૃહરિ તરત જ સ્વસ્થ થઇ ગયાં અને ત્યાં જ નિર્ણય કર્યો કે લોકસંજ્ઞા યાને લોક-અભિપ્રાયને કદી ન અનુસરવું, પણ લોકના નાથ અને તેમનાં વચનોને જ વફાદાર રહીને જીવન જીવવું.

લોકસંજ્ઞાથી પર બનવાનું કામ સહેલું નથી. તે માટે **શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું** અવલંબન લેવું જોઈએ.

જે સહાય કરે તે સાધુ છે અને જે જ્ઞાન આપે તે ગુરુ છે. તેથી શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો દૃષ્ટિ બદલવામાં સહાયક છે, માટે પરમ સાધુ છે અને સાચું જ્ઞાન આપીને અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી રહ્યા છે, માટે પરમ ગુરુ છે. તેમના અવલંબને આપણી અયોગ્યતાનો હ્રાસ અને યોગ્યતાઓનો વિકાસ શક્ય છે, તેથી તેને જ એક પરમ ગુરુ માનીને, તેમના ચરણોમાં સેવક બનીને, તેમની જ ઉપાસનામાં રક્ત રહેવું જોઈએ. બીજાઓને પણ એ રીતે જ સહાયક બની શકાય. બીજી કોઈ રીત સાચા સહાયક બનવામાં ઉપયોગી થઈ શકતી નથી. એ દૃષ્ટિબિંદુ કેળવવાથી મન ઉપરનો ખોટો ભાર ઊતરી જાય છે. મન હલકું બને છે, તેની સાનુકૂળ અસર દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારના સ્વાસ્થ્ય પર થાય છે.

સૃષ્ટિ પર ભાર આપવાને બદલે સ્વ પર દૃષ્ટિ પર આવવાથી વૈષમ્યને પચાવવાની શક્તિ આવે છે. સામ્ય સુલભ બને છે વ્યક્તિગત રાગ-દ્વેષ વિલીન થાય છે અને સમષ્ટિગત એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. Personality વિલીન થઈને Individuality દ્વારા Universality અને Supremacy પમાય છે.

આ દૃષ્ટિને પરમેષ્ઠિ-દૃષ્ટિ કહે છે. 卐

## 'શિવ' શુભ સંકલ્પ

તમારો આનંદ તમારા પોતાના ઉપર નિર્ભર છે, અન્ય કશા પર નહિ.

આત્મ-મંથન અને આત્મ-સંશોધનથી માણસને સમજાય છે, કે પોતે કોણ છે, કેવો છે; તેમ જ પોતાની ખામીઓ ને ખૂબીઓને જોઈ-જાણી શકે છે.

સત્તાથી જીવ પોતે જ બ્રહ્મ છે, પણ એમ તે માનતો નથી; તેથી જ તે ક્ષુલ્લક બની રહે છે. કર્મબદ્ધ જીવ પોતે ક્ષુલ્લક છે, છતાં પોતે પોતાને તેવો માનતો નથી; તેથી જ તે અભિમાનમાં રહે છે.

મનની બાંધી લીધેલી કલ્પના કે સંકલ્પ, કેટલાં બળવાન અને સામર્થ્યશાળી હોય છે, તે આ પરથી સહેજે સમજાય છે. તેથી જ મહાપુરુષો મનને શિવસંકલ્પવાળું કરવા કહે છે. तन्मे मन शिवसंकल्पमस्तु શિવસંકલ્પ એટલે કલ્યાણનો સંકલ્પ.

જાગ્રતપણે, દૃઢતાપૂર્વક, મનને વારંવાર આ સંસ્કારો વડે વાસિત કરવાથી તે તેવું બનવા માંડે છે. મતલબ કે સારા સંસ્કારોનું બળ વધતાં માઠાં સંસ્કારો હટી જાય છે અને મન શિવસંકલ્પને માનતું થાય છે. આમ કરતાં કરતાં પ્રગતિ સધાય છે. અંતઃકરણ શુદ્ધ થતાં, શક્તિ અને સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે.

માનવ-મન 'નરમાંથી નારાયણ' બનવા માટે હોય છે. સાચું સુખ માનવના હૃદયમાં જે ઈશ્વરીય તત્ત્વરૂપ ઈશ્વર બેઠો છે, તેની સાથેના મિલનથી જ અનુભવી શકાય છે.

અનેક જન્મોના ઊલટા સંસ્કારો અને ખોટાં મૂલ્યાંકનોને લીધે માણસ પોતાની દૃષ્ટિ પરમાત્મા તરફ ન રાખતાં, જગત તરફ જ રાખે છે. વિષયો પ્રત્યે મનનું આકર્ષણ મોળું પડતાં એક દિવસ એવો પણ આવે છે કે જયારે જીવ આત્મા વડે જ આત્મામાં સંતુષ્ટ રહી શકે. તે વખતે તેને ખાતરી થાય છે, કે તે પોતે જ બ્રહ્મ છે **કાચ અને હીરાની ઓળખાણ પડયા પછી કાચને કોણ વળગી રહે ?**

સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મ ચૈતન્યનો આનંદમય અને પૂર્ણતાભર્યો સંકલ્પ સધાતાં, બીજી ચીજો તુચ્છ લાગે છે. ત્રણ લોકનું રાજ્ય પણ લુખ્ખું જણાય છે. અતીન્દ્રિય તત્ત્વનો આનંદ માત્ર આત્મામાંથી જ આત્માને મળ્યા પછી ઇન્દ્રિયો નકામી નીવડે છે.

卐

# સાચા સુખનો માર્ગ

**તમે** રાજમહેલોમાં તપાસ કરશો, ઝુંપડાઓમાં શોધ ચલાવશો, સત્તાધીશોને પૂછશો, દલિતોના અંતઃકરણ તપાસશો, વિદ્યાધામોમાં ભ્રમણ કરશો, કલા-કારીગીરીની સુંદરતા પર નજર ઠેરવશો ! પણ કયાંય તમને સમાધાન કે શાન્તિ નહિ મળે.

વૈભવોમાં સુખ દેખાય છે તે માત્ર જોનારને, ભોગવનારને નહિ ! દીવા નીચે માત્ર અંધારું જ જણાશે.

જો કયાંય સુખની રોટલી જોવા મળે છે, તો તેમાં દુઃખની કાંકરીઓ ભળેલી જ હોય છે. એકની પાસે અમુક વસ્તુ છે, એટલે એ સુખી છે-એવું કહેવા જેવી સ્થૂલ વસ્તુ 'સુખ' નથી.

સુખ-દુઃખ એ મનુષ્યને પ્રાપ્ત થતી જીવનની પરિસ્થિતિ છે. એ પરિસ્થિતિની ઘટનામાં મનુષ્ય પોતે પણ એક ઘટક છે. એટલું જ નહિ, તે ઘણું જ અગત્યનું ઘટક છે.

જેમ કોઈ રચનામાં સાધનો ઉપયોગી છે, અનિવાર્ય છે, પણ કસબ તો કારીગરનો છે, તેમ સુખ-દુઃખની પરિસ્થિતિમાં, માણસ પોતે કંઈ જેવો તેવો જવાબદાર નથી. આપણે સુખી થવાનો પ્રયત્ન કરવો જોઈએ, સુખને મેળવવાનો નહિ.

કેટલાક લોકો સાધનોમાં સુખની શોધ ચલાવે છે, પણ તે સાધનો પરપોટા જેવા છે.

પરપોટો લાગે તો ગોળમટોળ, રળિયામણો, સપાટી પર નાજુક ચિત્રોનાં પ્રતિબિંબ ઝીલતો, મેઘ ધનુષના રંગો ઉડાડતો; પણ એ તો તેને અડકો નહિ ત્યાં સુધી જ! અડકયા કે ફટ કરતોકને તે ફૂટી જાય છે. ડુંગરા દૂરથી જ રળિયામણા લાગે છે, નજીક જઈએ એટલે ખાવા ધાય છે.

વૈભવ, સત્તા, સંગ્રહ, માલિકી–આ બધું જીવ સટોસટનો શ્રમ કરીને, લોહી નીચોવીને મેળવવા જેવું નથી, કારણ કે હાથમાં આવતાં જ પેલા પરપોટાની માફક એ ફૂટી જાય છે.

નથી સુખ સાધન ધનમાં, સાપ બહુ વસતા ચંદનમાં!

આમ જે કહેવાયું છે–તે ખોટું નથી. ચંદનના વૃક્ષો જાણીને સાધનોમાંથી સુખ લેવા જઈએ, તો તેમાં ઝેરી સાપો વસે છે, તે પણ જાણી લેવું જોઈએ.

માનવ! તું જે તારી પાસે નથી, તેનો શોક કરતો નહિ. લોકો કહે છે, તેવું સુખ કદાચ તને નહિ મળે. તો પણ જેવું સુખ મેળવવું જોઈએ, તેવું સુખ તો તને અવશ્ય મળતું રહેશે. સાધનોનો દાસ તો તું ન જ બનીશ!

卐

# દુઃખ સુખ માટે છે

વિશ્વનિયમોને અધીન થઈ વર્ષાઋતુ આવે છે. આકાશ ઘનઘોર થાય છે. દિશાઓ મ્લાન બને છે વીજળીના ચમકારા અને મેઘની ગર્જનાઓથી વર્ષાની ખરેખરી વિકરાળતા ભાસે છે. પણ માનવ! તેથી તું ભયભીત શાનો થાય છે? તું એની મીઠી જળધારાઓને ભૂલી જાય છે, એ કેમ ચાલે?

વાદળાંઓ વરસીને વિખરાય જાય છે અને દિશાઓ ધવલ થઈ વધુ શોભે છે. વર્ષાનું એ તાંડવ તો સર્જન પહેલાંની પ્રસૂતિ–વેદનાનું અનોખું નૃત્ય છે.

આ જ નિયમને અનુસરીને, સંસારના દુઃખ વખતે કષ્ટનાં વાદળો ઘેરાય છે, હૃદયાકાશ ઘનઘોર બને છે, સર્વત્ર ભયંકરતાનું સર્વભક્ષી સ્વરૂપ દેખાય છે. સંસારની કરાળતા સન્મુખ ખડી થઈ જીવનને ડરાવે છે.

પણ રે! માનવ! સંયોગોનું ચક્ર ફરતું જ રહે છે–તે તું કેમ વિસરી જાય છે? કરાળતાના ગર્ભમાં કલ્યાણની ધારાઓ વર્ષે છે, તે તને કેમ દેખાતી નથી? દુઃખના

વાદળાંઓ વરસી, હળવાં થઈ વિખરાઈ જવાના જ છે. ફરીથી સૂર્યના પ્રકાશમાં ચૈતન્યની સૌરભ મઘમઘી ઊઠવાની જ છે! તું તેમાં તાજગી અને ચમક અનુભવીશ.

વર્ષાઋતુથી કોઇ ગભરાતું નથી, કેમ કે તેની કરાલતામાં સર્જનનાં ફોરાં છે અને તેની વર્ષામાં પૃથ્વીને ફળવતી કરવાની શકયતા છે. તું પણ દુઃખને આવકાર, તેમાં રહેલી સર્જકતાને માટે જીવનનું ખેતર ખેડી રાખ. અંતે વર્ષાની ઝડીઓ અનાજના ઢગલા જ લાવે છે, તેની જેમ દુઃખ એ સુખના મધુરાં ફળ ઉત્પન્ન કરવાની પૂર્વ ભૂમિકારૂપ છે, તેની તું ખાતરી રાખ.

પોતાની ચોમેર ઘેરાયેલાં વિપત્તિઓનાં વાદળ વચ્ચે પણ માણસે આવા વિશ્વાસ સાથે સ્વસ્થતા ધારણ કરવી જોઇએ કે અમાસની કાજળકાળી રાતમાંથી જ નૂતન વર્ષના નવલા તેજોમય પ્રભાતનો ઉદય થાય છે!

નવસર્જન પૂર્વેની લગભગ પ્રત્યેક પ્રક્રિયા દુઃખમય હોય છે, તેનાથી ગભરાયા સિવાય માણસે તેના ઉત્તર-સ્વરૂપને આવકારવા તૈયાર રહેવું જોઈએ. જેઓ આમ વર્તે છે, તેમને કયારેય દુઃખ, દુઃખરૂપ લાગતું નથી! દુઃખને એઓ સુખની પૂર્વભૂમિકા સમજે છે.

卐

# સુખ-દુઃખ મીમાંસા

જે ન ઇચ્છવા છતાં આવે તે દુઃખ છે. જે ઇચ્છવા છતાં ચાલ્યું જાય તે સુખ છે. એ રીતે દુઃખનું આવવું અને સુખનું જવું, એ આપણી ઇચ્છાને આધીન ન હોવાથી દુઃખ તથા સુખ એ વાસ્તવિક જીવન નથી.

દુઃખ સ્વભાવથી અપ્રિય છે, માટે વાસ્તવિક જીવન નથી. સુખમાં સ્થિરતા નથી, માટે તે પણ વાસ્તવિક જીવન નથી. વાસ્તવિક જીવન સુખ તથા દુઃખ બન્નેના સદુપયોગમાં રહેલું છે.

સુખનો સદુપયોગ દુઃખીઓની સેવામાં છે; દુઃખનો સદુપયોગ 'અહં'ને 'મમ'ના નાશમાં છે, તેને સમભાવપૂર્વક સહન કરવામાં છે.

સુખ-દુઃખમાં જીવનબુદ્ધિ સ્વીકારવી એ ભૂલ છે અને સુખ-દુઃખનો સદુપયોગ એ વિકાસનું મૂળ છે.

દુઃખથી ભયભીત થવું અને સુખમાં આસક્ત રહેવું એ માનવ મનનો પ્રમાદ છે.

દુઃખનો મહિમા તે જ સમજી શકે છે કે, જેણે દુઃખના પ્રભાવથી સુખની આસક્તિનો સર્વાંશે ઉચ્છેદ કર્યો છે.

સુખની દાસતાને જીવતી રાખવી અને દુઃખની નિંદા કર્યા કરવી, એ દુઃખ પ્રત્યેની મોટી કૃતઘ્નતા છે, કારણ કે દુઃખ આપણાં અશુભને ખપાવે છે, તેથી તેનો તે અપેક્ષાએ ઉપકાર માનવો જોઈએ.

જે સુખ ઈચ્છવા છતાં ન રહે, તેની ગુલામી કરવી અને જે દુઃખ સર્વતોમુખી વિકાસ કરે, તેનાથી ભયભીત રહેવું તે મોટામાં મોટો પ્રમાદ છે.

સુખાસક્તિ એ સમસ્ત વિકારોની ભૂમિ છે; જ્યારે સમભાવપૂર્વક સહેલું દુઃખ વિકાસની ભૂમિ છે.

પ્રકૃતિના નિયમ મુજબ જે આવે છે, તે અવશ્ય જાય છે, રહે છે તે કે જેમાં આવવા જવાની વાત હોતી નથી. માટે જે આવે ને જાય તેનો સદુપયોગ અને જે કાયમ રહે તેના પર પ્રેમ કરવો એ કર્તવ્ય ઠરે છે.

વિશ્વભરમાં સુખ યા દુઃખ દેખાય છે, તે સ્થિર નથી, બન્ને પરિવર્તનશીલ છે.

સુખનું પ્રલોભન છે, ત્યાં સુધી દુઃખ અવશ્ય રહેવાનું. જેને દુઃખનો અંત કરવો છે. તેને સુખની ઇચ્છાનો પણ અંત કરવો જરૂરી છે.

દુઃખની અપરિહાર્યતા અને ઉપયોગિતાના સ્વીકારમાં જ સુખની આસક્તિનો અંત છે.

દુઃખની આવશ્યકતાને ન સ્વીકારવી અને તેનાથી સતત ડરતા રહેવું એ ભયંકર ભૂલ, ઉપરાંત કાયરતા પણ છે જ.

દુઃખની વાસ્તવિકતાનો સ્વીકાર કરી સુખ-દુઃખથી પર જીવનની સાથે અભિન્ન થવું, એ માનવ-જીવનનું સર્વોચ્ચ ધ્યેય છે.

સુખ-લોલુપતાનો નાશ કરવામાં દુઃખની ઉપયોગિતા છે. સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવામાં દુઃખ પરમ હેતુ બને છે, તેથી અનિચ્છાએ પણ દુઃખાનુભૂતિ કરાવનાર તત્ત્વ પ્રત્યે કૃતજ્ઞ રહેવું, તે માનવમાત્રનું કર્તવ્ય છે.

અનુકૂળતા એટલે સુખ અને પ્રતિકૂળતા એટલે દુઃખ-એવી જે સમજ તે ઐહિક-ભાવજન્ય છે, પરંતુ ભૂત, વર્તમાન અને ભવિષ્ય-એ ત્રણેય કાળની અપેક્ષાએ સુખ એ છે, જે સ્થિર રહે છે, દુઃખ એ છે, જે સ્વ-પરને સ્વભાવ ભ્રષ્ટ કરે છે.

આવવા જવાના સ્વભાવવાળા સુખ-દુઃખ સાથે આરાધક આત્મા કદીયે બંધાતો નથી, પણ એમાંથી બોધ ગ્રહણ કરીને આત્મપક્ષે અધિક સ્થિરતા ખીલવીને માનવ-જન્મને સાર્થક કરે છે.

卐

# સુખનું સાચું સ્વરૂપ

સુખ બાહ્ય પદાર્થોનો ધર્મ નહિ, પણ અંતરના અનુભવની વસ્તુ છે. બાહ્ય ધનના ઢગલા હોય પણ ચિત્ત જો કોઇ ચિંતાથી સળગી રહ્યું હોય તો તે વ્યક્તિ સુખી કઈ રીતે કહી શકાય? ટૂંકી બુદ્ધિવાળા માને છે કે સુખ ધનમાં છે, સ્રીમાં છે, મેવા-મીઠાઇમાં છે, માન-પાન અને સત્તા-સાહ્યબીમાં છે; પણ તે મિથ્યા છે.

સુખ એ બાહ્ય વસ્તુનો ધર્મ નથી, એ તો આત્માની ચીજ છે. અને એ ત્યારે જ અનુભવમાં આવે છે, કે જ્યારે કોઇ ચિંતા ન હોય, ભય ન હોય, અજંપો ન હોય, પરંતુ નિશ્ચિંતતા, નિર્ભયતા અને શાંતિ હોય.

વન-વગડાના અત્યંત ભૂખ્યા માણસને સૂકો રોટલો પણ મહાસુખ આપે છે. તેવી રીતે ધર્માત્માને દુન્યવી સામાન્ય સંયોગોમાં પણ સંતોષ રહે છે. પુણિયા શ્રાવકને રહેલા સંતોષનું દૃષ્ટાંત આની સાક્ષી પૂરે છે.

ધર્મ વડે પુણ્યના થોક સર્જાય છે. અને તે જન્માંતરમાં સારી ગતિ, કુળ, જાતિ, આરોગ્ય, ઋદ્ધિ-સમૃદ્ધિ અને ધર્મ સામગ્રી આપે છે.

સુખ એ બજારમાંથી ખરીદી લેવાની ચીજ નથી, પણ આત્માના ઘરમાં વસવાટ કરવાથી તે પમાય છે. જેનો સ્વાદ શબ્દાતીત છે.

## સુખ-દુ:ખનું દર્શન ચિંતન

પોતાનાથી અધિક દુ:ખીને જોઇને તેનું દુ:ખ દૂર કરવાની બુદ્ધિરૂપી દયાથી પોતાનું દુ:ખ અને તેનાથી આવેલી દીનતા નષ્ટ થાય છે. પોતાથી અધિક સુખીનું સુખ જોઇને તેમાં હર્ષ (પ્રમોદભાવ) ધારણ કરવાથી પોતાના સુખનો ગર્વ ગળી જાય છે.

આ રીતે નિગોદના દુ:ખનો અને સિદ્ધના સુખનો વિચાર અનુક્રમે દીનતા અને અને દર્પને નિવારવાનો સચોટ ઉપાય છે. બધાં દુ:ખી આત્માનાં દુ:ખ કરતાં નરકનાં નારકીનું દુ:ખ ચડી જાય છે, તેથી પણ અધિક દુ:ખ નિગોદમાં છે. બધાં સુખી આત્મા-ઓનાં સુખ કરતાં પણ એક સિદ્ધના આત્માનું સુખ અનંતગણું વધી જાય છે.

એક નિગોદનો જીવ જે દુ:ખ ભોગવે છે, તે દુ:ખની આગળ નિગોદ સિવાયના સર્વ જીવોનું દુ:ખ એકત્ર થાય, તો પણ કોઇ વિસાતમાં નથી. એક સિદ્ધના જીવનું સુખ, દેવ અને મનુષ્યના ત્રણે કાળના સુખનો અનંત-અનંતવાર ગુણાકાર કરવામાં આવે, તો પણ એની સરખામણીમાં ઘણું ઘણું વધારે છે.

એ રીતે દયા અને પ્રમોદ વડે દ્વેષ અને રાગ તથા મોહ એ ત્રણેય દોષોનો એક સામટો નિગ્રહ થાય છે.

નિગોદના જીવોના દુઃખોનું ચિંતન નિર્વેદભાવને જગાડે છે. મોક્ષના જીવોનાં સુખનું ચિંતન સંવેગભાવને જગાડે છે. સંવેગ ( મોક્ષાભિલાષ )=મુક્તિસુખનું વર્ણન સાંભળીને ચિત્તમાં થતો પ્રમોદ—એ સંવેગનું લક્ષણ છે. નિર્વેદ ( ભવોદ્વેગ ) = નરક નિગોદાદિના દુઃખોનું વર્ણન સાંભળીને થતા ચિત્તમાં ઉદ્વેગ કરુણા, દીનાનુગ્રહાદિ સાત્ત્વિક ભાવો—એ નિર્વેદનું સ્વરૂપ છે.

卐

# સુખ-દુઃખ

દુઃખ અને આપત્તિઓમાં આર્ત્ત અને રૌદ્રધ્યાન કરવાથી દુઃખ અને આપત્તિઓ ઓછા થતાં નથી. પણ તેનો ગુણાકાર થાય છે.

માનવીનો વર્તમાન સંસાર અને તેનાં સુખ–દુઃખ ભૂતકાળની ભૂલોના દંડરૂપે કે ગુણોના પારિતોષિકરૂપે હોય છે.

પર પદાર્થોના સંયોગથી ઊપજતો આનંદ ક્ષણિક અને અંતે દુઃખમાં પરિણમવાના સ્વભાવવાળો છે.

પુણિયા શ્રાવક, રાજા શ્રી રામચંદ્ર કે હરિશ્ચંદ્ર, શ્રેણિક કે કૃષ્ણ મહારાજાનાં જીવનને સામે રાખો અને તમને દુઃખમાં સમાધાન પ્રાપ્ત થશે, એટલું જ નહિ પણ જીવનમાં સંતોષ આવી જશે.

ધર્મરૂપી ધન જ્યાં હોય છે, ત્યાં જ આપત્તિઓરૂપી ચોરો ઊભાં રહે છે. કરોડપતિઓને ત્યાં જ ચોકીદારો રાખવા પડે છે.

સાધનામાં કષ્ટ રહેલું જ હોય છે. ઉપર ચઢવામાં શ્વાસ ચઢે છે અને થકાવટ લાગે છે. તે સિવાય ઉપર ચઢાતું નથી. સોનાને શુદ્ધ કરવા માટે અગ્નિમાં તપાવવું જ પડે છે.

સોનાને શુદ્ધ કરવામાં અગ્નિ જે ભાગ ભજવે છે. આત્માને શુદ્ધ કરવામાં તે જ ભાગ દુઃખ–આપત્તિઓ ભજવે છે.

કર્મના સંયોગથી આવનારા દુઃખને સ્વકીય માનવું અને સહજાનંદ સ્વરૂપ આત્માના આનંદને પરકીય માનવું એ પણ મિથ્યાત્વનો એક પ્રકાર છે

તત્ત્વતઃ સુખ સ્વકીય છે, દુઃખ પરકીય છે. સુખ સ્વાધીન છે અને દુઃખ પરસંયોગથી છે. એટલે સુખ માટે આત્મદૃષ્ટિ ખીલવવી જોઈએ. પછી દુઃખ દુઃખદાયી નહિ રહે. હા, તે એક નાટકના અંગ જેવું લાગશે.

હું દુઃખી છું જ નહિ, કર્મના કારણે આવતાં સઘળાં દુઃખોનું નિવારણ ધર્મ વડે થાય જ છે. એ ધર્મ બહારની વસ્તુ નથી, પણ આત્માની અણમોલ સંપત્તિ છે.

પર પદાર્થોની આવ–જા જોવાની કળામાં નિપુણ થવા માટે તેવા મહાન સાધકોનાં જીવનને લક્ષ્યમાં રાખવાં જોઈએ, તેથી તેવી દશા સહજ પ્રાપ્ત થાય છે.

卐

# બોધ : એક બળ

બુદ્ધિથી બોધ અને ભાવનાથી ભક્તિ, પ્રેમ ઉત્પન્ન થાય છે; બોધને પ્રેમનું રૂપ મળે છે, ભાવનાને ભક્તિનું રૂપ પ્રાપ્ત થાય છે.

બોધ સ્થિર થાય એટલે તે એટલો બધો ગમવા લાગે છે કે નિત્ય નિરંતર મન એમાં જ રમવા લાગે છે. એમ થતાં બોધનું રૂપાંતર પ્રેમમાં થાય છે, તેથી ભાવનાનો અર્થ ભક્તિ પણ કરી શકાય.

બોધ પ્રેમનું રૂપ લે છે, ત્યારે શાંતિ વધે છે, આપત્તિ પણ સંપત્તિનું રૂપ લે છે. બોધ વગર ભાવના કે ભક્તિ નથી. ભક્તિ વિના શાંતિ કે સુખ નથી. આમ બોધ પણ જીવન વિધાયક એક મહાન ઘોધનું કામ કરે છે.

## સુખનું સ્વરૂપ

શાંતિનું, નિરૂપાધિકતાનું, અક્ષુબ્ધપણાનું, નિર્વિકારીપણાનું સુખ સામાન્ય સુખોથી જુદું છે.

તેને નિત્યસુખ, આત્મસુખ, ચિત્તસુખ કહે છે. તેને સત્યસુખ પણ કહેવાય છે. તેને ઓળખાવવા માટે સચ્ચિદાનંદ અથવા નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ પણ કહે છે. બોધ આત્મામાં સ્થિર થયો એટલે સુખ આવી મળે છે. તેથી તેની પ્રજ્ઞા સ્થિર થઈને તેનું જીવન સુખી થયું એમ કહ્યું છે.

## બુદ્ધિ વ્યાપાર

સામાન્ય વ્યવહારમાં જે બુદ્ધિનો ઉપયોગ છે, તે બુદ્ધિની એક શક્તિ છે. આત્મ-બોધ આત્મામાં જ રહેવો જોઈએ. અન્ય કોઈ પણ વ્યવસાયમાં નહિ.

વ્યવહારમાં રહી આત્મબોધ ટકાવી રાખવો, તે કાર્ય કઠિન જરૂર છે, પણ અશક્ય નથી, કેમ કે તે કૃત્રિમ નથી, કિંતુ સત્ય છે.

સદ્બુદ્ધિને અનુકૂળ મન અને મનને અનુકૂળ ઇન્દ્રિયો હોય, તો જીવનનો વ્યવહાર આત્માને અનુકૂળ થાય છે. એથી વિપરીત ઇન્દ્રિયોની પાછળ મન અને મનની પાછળ બુદ્ધિ જાય તો અનર્થકારક થાય છે

ઘોડેસવારના હાથમાં લગામ અને લગામને આધીન ઘોડો હોય, તો મુકામ પર સહેલાઈથી પહોંચી શકાય છે; પણ ઘોડાના તાબામાં લગામ અને લગામના તાબામાં સવાર હોય, તો મુકામે પહોંચવાની આશા રહેતી નથી.

ઇન્દ્રિયો ઘોડાને સ્થાને છે, મન લગામના અને બુદ્ધિ એ સવારના સ્થાને છે. બુદ્ધિ રૂપી સવાર, મન રૂપી લગામ અને ઇન્દ્રિયો રૂપી ઘોડાને જો મનુષ્ય વશ ન થાય, તો પ્રગતિ અવશ્યમેવ થાય.

## દુઃખ હળવું કરવાનો ઉપાય

સુખ કે દુઃખ એ વસ્તુ પર આધારિત નથી, પણ મનની સ્થિતિ પર આધારિત છે.

આ દુનિયામાં દુઃખની સામગ્રીમાં પણ મનની શાન્તિ અને સુખની સામગ્રીમાં પણ મનની અશાન્તિનો અનુભવ કરનારા દેખાય છે.

ચિત્તની શાન્તિ કે અશાન્તિ માટે બાહ્ય સામગ્રીની અપેક્ષાએ મનનું વલણ અધિક જવાબદાર છે.

પ્રાપ્તનો અસંતોષ અને અપ્રાપ્તનું ઔત્સુક્ય એ અશાન્તિનાં બીજ છે.

દુઃખ અને સુખ મનુષ્યભવમાં ઓછામાં ઓછાં હોય છે. અન્ય ભવોમાં તે બંનેયની માત્રા અધિક હોય છે. ધર્મની માત્રા અન્ય ગતિઓમાં અલ્પ છે અને મનુષ્યગતિમાં અધિક છે. માટે મનુષ્યગતિમાં ધર્મ સામગ્રીની અધિકતાનો સંતોષ અને અન્ય સામગ્રીની અલ્પતાનો સંતોષ—એ બંનેય ચિત્તને શાન્તિ અપાવી શકે.

થોડા દુઃખ વખતે, અધિક દુઃખનો અભાવ દૃષ્ટિપથમાં લાવવો જોઈએ.

સુખની અલ્પતા વખતે ધર્મ સામગ્રીની અધિકતાનો વિચાર મુખ્ય બનાવવો જોઈએ.

આ રીતે ચિત્તવૃત્તિને વલણ આપવાનો અભ્યાસ કેળવવાથી શાન્તિ અખંડ રહી શકે છે.

## દુઃખનો ધિક્કાર અને પાપનો ડર

દુઃખના ધિક્કારમાં પાપનો ધિક્કાર ભૂલી જવામાં આવે છે. પાપના ધિક્કારમાં દુઃખને સહન કરવાની તાકાત આવે છે.

જે દુઃખને સહે અને પાપને ન સહે તે સાધુ છે.

પાપ જુગુપ્સામાંથી દુઃખ સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે. દુઃખની જુગુપ્સા-વાળાને પાપનો ડર રહેતો નથી. પાપના ડરવાવાળાને દુઃખનો ડર હોતો નથી.

દુઃખને ખમવું, સુખને દમવું અને પાપને ઉપશમવું એ ધર્મ છે. મનને દમવું, વચનને ખમવું અને કાયાના કષ્ટને સહવું એ જ વિજયનો ઉપાય છે.

દુઃખને સહવું, પણ પાપને ન સહવું એ જ જ્ઞાન, ધ્યાન, તપ, જપ, પૂજા અને ભક્તિ છે.

દુઃખને સહવામાં અને પાપને ન સહવામાં આજ્ઞાનું બહુમાન છે.

કર્મસત્તા ધર્મસત્તા પ્રત્યે જીવની ઉદાસીનતાને સહી શકતી નથી. ધર્મસત્તા જીવના ક્ષુદ્ર અહંકારભાવને બરદાસ્ત કરી શકતી નથી.

દ્વેષ દુઃખ પ્રત્યે નહિ, પણ તેના કારણરૂપ પાપ પ્રત્યે થવો જોઈએ. જીવને દ્વેષના વિષયભૂત બનાવવો તે આજ્ઞાની વિરાધના છે.

આજ્ઞાની આરાધના દુઃખને સહવામાં છે, પાપને ન સહવામાં છે.

## મનનીય મુદ્દો

દુઃખ અને સુખ મનુષ્યના ભવમાં ઓછામાં ઓછાં હોય છે. અન્ય ભવોમાં તે બંનેની માત્રા અધિક હોય છે.

ધર્મની અથવા પાપપુણ્યની માત્રા અન્ય ગતિઓમાં અલ્પ છે અને મનુષ્ય ગતિમાં અધિક છે, અન્ય સામગ્રી અલ્પ છતાં ધર્મ સામગ્રી અધિક છે.

આ હકીકતનો વિવેકપૂર્વક સ્વીકાર કરી તે મનુષ્યભવને અજવાળવાના પ્રયાસો કરવા જોઈએ, તેમ જ સંતોષપૂર્વક રહેવું જોઈએ.

સુખ–દુઃખનું કારણ વસ્તુઓમાં નથી, પણ મનની સ્થિતિમાં છે. પ્રાપ્તનો અસંતોષ અને અપ્રાપ્તનું ઔત્સુક્ય એ અશાન્તિનાં બીજ છે.

મનના વલણમાં ફેરફાર કરવાથી અશાન્તિજનક પરિસ્થિતિ પણ શાન્તિનું કારણ બની જાય છે.

મનની શાન્તિ માટે મનુષ્યભવમાં અન્ય સામગ્રીઓની અલ્પતા વચ્ચે પણ ધર્મ સામગ્રીની અધિકતા છે, તે વિચારને મુખ્ય બનાવવો જોઇએ. તેથી ચિત્તની શાન્તિ ડહોળાતી નથી, પણ અખંડ રહે છે.

ધર્મ–સામગ્રી ધર્મીને તો રાજાના વહાલા સિંહાસન કરતાં પણ વધુ વહાલી લાગે છે, લાગવી જોઈએ.

卐

# આગમોનો અર્ક

**'નમામિ' અને 'ખમામિ' આ બે શબ્દો શ્રી જિનશાસનનું અર્ક છે.**

જીવનમાં રહેલું શુદ્ધત્વ એ નમનીય છે અને અશુદ્ધત્વ એ ખમનીય છે. જીવત્વ એ આદરણીય છે અને કર્મને કારણે આવેલું જડત્વ ક્ષન્તવ્ય છે. જીવરાશિના બે વિભાગ છે : એક ધર્મ પામેલ અને બીજો નહિ પામેલ. ધર્મને પામેલ જીવોની સાથે 'नमामि' શબ્દપ્રયોગ સાર્થક છે. ધર્મ નહિ પામેલ જીવોની સાથે 'खमामि' શબ્દપ્રયોગ સાર્થક છે.

'खमामि' એટલે પોતાના કરેલા અપરાધોની ક્ષમાપના અને તે જીવોના પોતાના પ્રત્યે થયેલા અપરાધોને પણ સહન કરવાની વૃત્તિ.

જીવમાત્ર પ્રત્યે, એક 'नमामि' અને બીજો 'खमामि' એ બે શબ્દોનો વ્યવહાર હોવો જોઈએ. શાસ્ત્રોક્ત આરાધક ભાવ नमामि અને 'खमामि' શબ્દોમાં રહેલો છે.

नमामि सव्व–जिणाणं, खमामि सव्व–जिवाणं ।

'नमामि' શબ્દ સુકૃતાનુમોદનાના અર્થમાં છે અને 'खमामि' શબ્દ દુષ્કૃતગર્હાના અર્થમાં છે.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાપૂર્વક, ચતુઃશરણ–ગમન એ ભવ્યત્વ–પરિપાકનાં પરમ સાધન છે.

ઉપકારના બદલામાં 'नमामि' અને અપકારના બદલામાં 'खमामि'નો પ્રયોગ સર્વ જીવો સાથે ઔચિત્યનું પાલન કરાવે છે. ઔચિત્ય ગુણના પાલનથી આત્મકલ્યાણનો માર્ગ સુલભ બને છે.

આત્માનું સ્વરૂપ જોવા માટે શ્રી અરિહંતાદિ ચારનું આલંબન છે. તેમના સ્મરણથી આત્મ–સ્વરૂપનું સ્મરણ થાય છે અને આત્મ–સ્વરૂપનું સ્મરણ કલ્યાણ નિધાન બને છે.

આત્મ સ્વરૂપ સર્વ ગુણોની ખાણ છે અને સર્વ પ્રકારના શુભ પર્યાયોની ઉત્પત્તિનું નિધાન છે. સ્વરૂપ રમણતા એ મોક્ષનું અનન્ય કારણ છે. સ્વરૂપ રમણતાનું સાધન અરિહંતાદિ ચારનું સ્મરણ છે.

ભાવથી થતું શ્રી અરિહંતાદિ ચારનું સ્મરણ, એ જીવસ્વરૂપનું જ સ્મરણ હોવાથી જીવને વિશ્રાંતિનું પરમ સ્થાન કહ્યું છે. કહ્યું છે કે,

जीयात्पुण्यांगजननी, पालनी–शोधनी च मे ।
हंसविश्रामकमल–श्रीः सदेष्टनमस्कृतिः ॥१॥

અર્થ : પુણ્યરૂપી શરીરને પેદા કરનાર, પુણ્યરૂપી શરીરનું પાલન કરનાર અને પુણ્યરૂપી શરીરનું શોધન કરનાર તથા જીવરૂપી હંસને વિશ્રાંતિ આપવા માટે કમળના વનની શોભાને ધારણ કરનાર એવી, શ્રી પંચપરમેષ્ઠિની નમસ્કૃતિ સદા જયવંત વર્તો.

અહીં શ્રી પંચપરમેષ્ઠિની નમસ્કૃતિ એ જ ચતુઃશરણ ગમનરૂપ છે. એ જ નિશ્ચયથી આત્મસ્વરૂપ રમણતા છે અને એ જ મોક્ષનું અનંતર કારણ છે.

'નમામિ' એ પદમાં ત્રણ આવશ્યકો સમાયા છે : દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ગુણનો વિકાસ કરનારા સામાયિક, ચઉવિસત્થો અને ગુરુવંદનની આરાધના, એક 'નમામિ' પદમાં સમાઈ જાય છે. 'ખમામિ' એ પદમાં પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ આવશ્યક સમાઈ જાય છે.

પ્રતિક્રમણથી શુદ્ધ ન થયેલા દોષોની શુદ્ધિ માટે કાયોત્સર્ગ અને એ બન્નેથી શુદ્ધ ન થઈ શકે એવા દોષોની શુદ્ધિ માટે પચ્ચક્ખાણ આવશ્યક છે.

'નમામિ'માં ઉપકારી તત્ત્વો પ્રત્યે કૃતજ્ઞતા છે. 'ખમામિ'માં અપકારમાત્રની ક્ષમાપના છે.

'નમામિ' અને 'ખમામિ' જેના જીવનમાં નથી તેને શુભધ્યાનનો અભાવ છે. કૃતજ્ઞતાને સ્થાને કૃતઘ્નતા અને પરોપકારને સ્થાને અપકારનું સેવન ચાલુ છે. તે બન્ને આર્તધ્યાનનાં જ નહિ, કિન્તુ રૌદ્રધ્યાનના પણ ઉત્પાદક છે; તેથી બન્ને પ્રકારના અશુભધ્યાનને રોકી, બંને પ્રકારના શુભધ્યાનનું સેવન કરાવનાર છ યે પ્રકારના આવશ્યકના સંગ્રહરૂપ 'નમામિ' અને 'ખમામિ' એ બંને ગુણો ક્ષણે ક્ષણે આરાધ્ય છે.

卐

# નમવું અને ખમવું

'नमामि सव्व जिणाणं । અને खमामि सव्व जिवाणं ।' એ બે પદોમાં આરાધનાનો સાર આવી જાય છે. જઘન્ય કોટિના જીવમાં સમ્યગ્દૃષ્ટિ જીવનો પણ સમાવેશ થાય છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધીના બધા આદરણીય પૂજનીય હોવાથી તે બધા પ્રત્યે નમસ્કારભાવ ઉપયુક્ત છે.

'खामेमि सव्व जीवाणं।' માં પ્રથમ ગુણસ્થાનકથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધીના બધા જીવો સાથે ખમત-ખામણાં થઈ જાય છે મારા આત્માથી થયેલી અવહેલના, વિરાધના પછી તે સંસારવર્તી જીવની હોય યા મુક્તિએ ગયેલ જીવની હોય. તે બધાની આલોચના અને ખમત-ખામણાં ન થયાં હોય, તો તે કરવાં આવશ્યક છે. 'खामेमि सव्व जिवाणं' પદથી તે આવી જાય છે.

नमामि सव्व जिणाणं।' એ પાઠમાં સમ્યગ્દૃષ્ટિથી માંડીને સિદ્ધ ભગવંત સુધીના આત્માની પૂજ્યતા સમજીને 'सव्व' શબ્દ મૂક્યો છે. ઉત્તરાર્ધ એટલે 'खमामि सव्व जिवाणं।' પાઠમાં 'सव्व' શબ્દથી સમ્યગ્દર્શનથી નીચલી ભૂમિકાના યાવત્ અવ્યવહારરાશિ પર્યન્તના નિગોદના જીવોનો સંગ્રહ કરવા માટે सव्व શબ્દ મૂક્યો છે. જે જે વર્ગના આત્માઓ સાથે જે જે વ્યવહાર ઉચિત છે, તેનું પાલન કરવા માટે બંને જગ્યાએ 'सव्व' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમ કરવાથી અખિલ જીવતત્ત્વની સાથેના વ્યવહારનો બોધ થાય છે અને આત્માનું શુદ્ધિકરણ તથા ઉત્થાન થઈ શકે છે.

પારાને સિદ્ધ મકરધ્વજનું રૂપ આપવું હોય, તો તેમાં રસાયણશાસ્ત્રી તથા બીજી ઔષધિઓની આવશ્યકતા રહે છે. તેવી રીતે જીવનના શુદ્ધિકરણ તથા ઉત્થાન માટે પણ રસાયણશાસ્ત્રીના સ્થાને ગુરુતત્ત્વની અને ઔષધિઓના સ્થાને શુદ્ધિકરણના તે તે ઉપાયોની જરૂર પડે છે.

'नमामि सव्व जिणाणं' મા ગુરુતત્ત્વ આવી જાય છે અને 'खमामि सव्वजिवाणं' માં રસાયણ પ્રયોગ આવી જાય છે. આરાધનાના આ બે ઉપાયો પ્રાપ્ત થવાથી જીવન ધન્ય બને છે.

પહેલા ઉપાયમાં જિનભક્તિ છે. બીજામાં જીવમૈત્રી છે. એકમાં સુકૃતાનુમોદના છે. બીજામાં દુષ્કૃતગર્હા છે. એકમાં પૂજ્ય-તત્ત્વ સાથે ઉચિત વ્યવહારનું પાલન છે, બીજામાં સંપૂર્ણ જીવરાશિ સાથે ઉચિત સંબંધ છે.

તાત્પર્ય કે નમવું અને ખમવું, એ આરાધનાનો સાર છે. નમનીયને ન નમવું, તે અપરાધ છે. તેનું પ્રાયશ્ચિત નમનીયને નમવાથી થાય છે. બધા જીવોને ખમવામાં ભવસ્થિતિનો પરિપાક થાય છે. આ બે ઉપાયો વડે જીવ શિવપદનો અધિકારી બને છે.

卐

# મુક્તિનો માર્ગ

'खंतो, दंतो, संतो।' ક્ષાન્ત, દાન્ત, શાન્ત આ શબ્દો શાસ્ત્રોમાં વારંવાર આવે છે, એથી એનું રહસ્ય સમજવા જેવું છે.

નમવું એટલે ખમવું, દમવું, શમવું. ખમવું એટલે કોઈ પાપ ન કરો એ ભાવના. દમવું એટલે કોઈ દુઃખી ન થાઓ એ ભાવના. શમવું એટલે સર્વ કોઈ મુક્ત બનો એ ભાવના.

નહિ ખમનાર પાપી બને છે. નહિ દમનાર દુઃખી થાય છે. નહિ શમનાર મુક્તિ પામી શકતો નથી.

પાપથી મુક્ત થવા માટે ખમવું જોઈએ. દુઃખથી મુક્ત થવા માટે મન-ઈન્દ્રિયોને દમવાં જોઇએ.

કર્મ અને ક્લેશથી મુક્ત થવા માટે લોભરહિત થવું જોઈએ. સર્વને માટે આત્મ-તુલ્ય સુખ ઈચ્છવું જોઈએ.

ધર્મના અધિકારી બનવા માટે કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, સર્વ કોઈ મુક્તિને પામો. એ પ્રાર્થના નિરંતર કરવી જોઇએ. એથી ક્ષમા, શમતા, નિર્લોભતા પુષ્ટ થાય છે.

અથવા ક્ષાન્ત એટલે આપણે બીજા પર ગુસ્સો ન કરવો જોઇએ. આપણે આપણા ગુસ્સા પર ગુસ્સો કરવો જોઈએ.

દાન્ત એટલે આપણે આપણા મન અને ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો જોઈએ. બીજા ઉપર કાબૂ સ્થાપવાની કોશિશ ન કરવી જોઇએ.

શાન્ત એટલે આપણે આપણા માટેની બાહ્ય ઈચ્છા અને તૃષ્ણાનો ત્યાગ કરવો જોઇએ અને બીજાઓની શુભ ઇચ્છાઓ અને ભાવનાઓ પૂર્ણ થાઓ એમ ઇચ્છવું જોઇએ.

એ માટેનો સરળ ઉપાય, સર્વ સત્ત્વો, પ્રાણીઓ માટે પાપ ન કરવાની દુઃખ ન પામવાની અને સકળ કર્મ-ક્લેશથી મુક્ત થવાની ભાવના કેળવવી જોઈએ.

દુઃખીની મૈત્રી દયા છે, સુખીની મૈત્રી પ્રમોદ છે, પાપીની મૈત્રી ઔદાસીન્ય છે. એ રીતે જીવ માત્ર પ્રત્યે સ્નેહની, નિઃસ્વાર્થ પ્રેમની ભાવના કેળવવી જોઇએ.

卐

# મોક્ષનાં સાધન

માતાના ત્રણ ગુણ ક્ષાન્તતા, દાંતતા અને શાન્તતા જેમ પુત્રને અનુલક્ષીને છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવના એ ત્રણ ગુણ સમસ્ત જીવસૃષ્ટિ પરત્વે છે.

પુત્રના અપરાધ પ્રત્યે માતા ક્ષમાશીલ હોય છે. પુત્ર પ્રત્યેની મમતના કારણે માતા પોતાની ઇન્દ્રિયોને દમનારી હોય છે અને પુત્રમાં અહભાવના કારણે દુઃખ વખતે ધૈર્ય ધારણ કરનારી અર્થાત્ શાન્ત હોય છે.

અપરાધને ખમવું, સુખને ત્યજવું અને દુઃખને સહવું એ ત્રણે સ્નેહનાં કાર્ય છે. સ્નેહનું પરિણામ અપરાધને ગળી જાય છે, દુઃખને સહી લે છે અને સુખને ત્યજી શકે છે.

સ્નેહ યાને વાત્સલ્યના કારણે માતા, પુત્રના સુખે સુખી, દુઃખે દુઃખી અને અપરાધ પ્રત્યે સહાનુભૂતિ દાખવી શકે છે તથા પુત્રનું સુખ એ પોતાનું સુખ, પુત્રનું દુઃખ એ પોતાનું દુઃખ અને પુત્રના દોષ એ પોતાના દોષ માની શકે છે

સમ્યગ્દૃષ્ટિ જીવ પણ બીજાના દુઃખ પ્રત્યે દયાવાન, સુખ પ્રત્યે પ્રમોદવાન અને પાપ પ્રત્યે ક્ષમાવાન રહી શકે છે

ધર્મ પૂર્ણ પ્રેમમય હોવાથી તે એક સાથે માતાની, પિતાની, મિત્રની, બંધુની, સ્વામી અને ગુરુની ઉપમા પામી શકે છે. ધર્મ એ કેવળ જ્ઞાન કે કેવળ ક્રિયાનું નામ નથી, પણ તેની પાછળ રહેલા સ્નેહપરિણામનું નામ છે જ્ઞાન અને ક્રિયા એ સ્નેહને પ્રગટ કરવાનું અને અભિવ્યક્ત કરવાનું એક સાધન માત્ર છે.

જે જ્ઞાન સર્વ પ્રત્યે સ્નેહના પરિણામને પેદા કરી શકે અને જે ક્રિયા સર્વ પ્રત્યે સદ્ભાવવાળું વર્તન રખાવી શકે, તે જ્ઞાન અને ક્રિયામાં સમ્યગ્પણું લાવી આપનાર સ્નેહ પરિણામ તે સમકિત છે. સમકિત વિનાના જ્ઞાન અને ક્રિયા નકામાં છે, તેમ સ્નેહ–પરિણામ વિનાનાં જ્ઞાન અને ક્રિયા નકામાં છે.

સ્નેહ પરિણામ એ જ ધર્મનું મૂળ છે અને એ જ સમ્યગ્દર્શનનું પરિણામ છે. જ્ઞાન એ સ્નેહપરિણામનું કારણ છે અને ક્રિયા એ સ્નેહ પરિણામનું કાર્ય છે.

જે જ્ઞાન સ્નેહ પરિણામને ન વિકસાવી શકે, તે જ્ઞાન અજ્ઞાન છે. જે ક્રિયા સ્નેહ પરિણામની અભિવ્યક્તિ ન કરે તે ક્રિયા અક્રિયા છે અથવા અસત્ ક્રિયા છે. સ્નેહ પરિણામને વિકસાવનારું જ્ઞાન ભણવું જોઈએ અને સ્નેહ પરિણામને પુષ્ટ કરનારી ક્રિયા કરવી જોઈએ.

શાસ્ત્ર દૃષ્ટિએ મૈત્ર્યાદિનું સંવેદન અને ગુરુ લાઘવ વિજ્ઞાન જેને હોય, તેનું જ જ્ઞાન સમ્યક્જ્ઞાનની ઉપમા પામે છે અને તેની જ ક્રિયા સમ્યક્ ક્રિયાની પ્રસિદ્ધિ મેળવે છે.

卐

# નયવાદ

श्रेयः सर्वनयज्ञानां विपुलं धर्मवादतः ।
शुष्कवादाद्विवादाच्च परेषां तु विपर्ययः ॥

સર્વ નયનાં જાણકાર અનેકાંતવાદીઓને ધર્મવાદથી કલ્યાણ થાય છે,
જ્યારે અજાણ એકાંતવાદીને શુષ્કવાદ અને વિવાદથી પરાજય થાય છે.



દરેક સમયે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયથી જોતાં શીખો, દુનિયાની તમામ ચીજોને દ્રવ્યાર્થિક નયથી જુઓ, એટલે રાગ-દ્વેષ નહિ થાય, પોતાને પર્યાયાર્થિકનયથી જુઓ એટલે એમ થશે કે આ મારું અસલ સ્વરૂપ નથી. માત્ર પર્યાય છે, માટે મારા મૂળ સ્વરૂપને પ્રગટાવવા માટે તમામ પુરુષાર્થ કરવો જોઈએ, એ ભાવના જોર પકડશે. જો આ રીતે ઉભય નયનો વિચાર કરવામાં ન આવે તો ભ્રાંતિ થવાનો સંભવ છે, એટલે નય સાપેક્ષ એકાંત રહિત-અનેકાંતપૂર્વકનું સચોટ માર્ગદર્શન આપીને નવી જ દષ્ટિ આપતા એવા-

પરમ સ્યાદ્વાદ વેત્તા પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર

શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# નયવાદ

આપત્તિઓનો સમૂળનાશ કરવા માટે પ્રભુશ્રી મહાવીરસ્વામી ભગવાને જે માર્ગ બતાવ્યો છે, તે અનેકાંતવાદ અથવા નયવાદના નામે ઓળખાય છે. તેનો આશ્રય લેનાર આ જગતમાં કોઈ પણ સ્થાને પરાભવ પામતો નથી, એવું તેઓશ્રીનું વચન છે અને તેથી જ તેઓશ્રીના વચન ઉપર જેમને સંપૂર્ણ શ્રદ્ધા છે, તેઓ જ્યારે જ્યારે પરાભવ પામે છે ત્યારે ત્યારે સ્વીકારે છે કે અમારો પરાભવ થયો છે તેમાં સ્યાદ્વાદ શૈલીનું ઉલ્લંઘન કર્યું હશે, અન્યથા આવું ન થાય.

એવી માર્ગસ્થિત સમાધિમાં સમ્યક્ સ્થિરતા કરાવનાર સ્યાદ્વાદ અને નયવાદનાં પ્રેરક પ્રકરણો....!


૧ નયવાદની ઉપયોગિતા

૨ સ્યાદ્વાદ દર્શન

૩ સ્યાદ્વાદની સાર્વભૌમતા

૪ સ્યાદ્વાદનું મહત્ત્વ

૫ એકાંતદષ્ટિના દોષો

૬ અનેકાંતવાદ

૭ શુદ્ધ નયની ભાવના

૮ વ્યવહાર–નિશ્ચય દર્શન

૯ પરસ્પરોપગ્રહો જીવાનાં

૧૦ નિશ્ચય મોક્ષમાર્ગ

# નયવાદની ઉપયોગિતા

જૈન દર્શનમાં વસ્તુનું જ્ઞાન, પ્રમાણ અને નય–ઉભયથી કરવાનું ફરમાવ્યું છે. 'प्रमाणनयैरधिगम'. એ વાચક શ્રી ઉમાસ્વાતિજીનું પ્રસિદ્ધ વચન છે.

જૈન દર્શનમાં પાંચ જ્ઞાન પ્રમાણ સ્વરૂપ છે. તેનાં નામ અનુક્રમે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન છે. તેમાં પ્રથમનાં બે જ્ઞાન, પરોક્ષ પ્રમાણ છે અને પછીનાં ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.

પ્રત્યક્ષ એટલે કેવળ આત્માથી જણાય તે. પરોક્ષ એટલે જે જાણવા માટે આત્માને ઇન્દ્રિયો અને મનની સહાય લેવી પડે તે.

મતિજ્ઞાન પાંચ ઈન્દ્રિયો અને મનની સહાયથી થાય છે અને શ્રુતજ્ઞાન એકલાં મનની સહાયથી થાય છે; પણ બન્ને પરોક્ષ પ્રમાણ જ્ઞાન છે.

નય એ શ્રુતજ્ઞાનનો જ એક પ્રકાર છે.

જે જ્ઞાન વસ્તુના એક અંશને ઈતર અંશોનાં અપલાપ કર્યા વિના જણાવે તે નયશ્રુત છે.

સ્વાભિપ્રેત અંશને જણાવવાની સાથે ઈતર અંશોનો જે અપલાપ કરે તે દુર્નયશ્રુત છે અને વસ્તુના સમગ્ર અંશોને જણાવે તે સ્યાદ્‌વાદશ્રુત છે.

આ જ વાત આપણે એક દૃષ્ટાંતથી સમજીએ :

ધર્મના અનુક્રમે ચાર પ્રકાર છે : દાન, શીલ, તપ અને ભાવ. એ ચારમાંથી કોઇ એકને જ ધર્મ તરીકે સ્થાપન કરવો તે નયશ્રુત છે.

એકને ધર્મ તરીકે સ્થાપી બીજાનાં ધર્મ સ્વરૂપનો નિષેધ કરવો છે દુર્નયશ્રુત છે અને ક્રમશઃ ચારેય ( દાન, શીલ, તપ અને ભાવ )ને ધર્મ તરીકે વર્ણવવા તે સ્યાદ્‌વાદશ્રુત છે.

વળી ધર્મને આરાધવા માટે અનુક્રમે ત્રણ ગુણોની અથવા ત્રણ તત્ત્વોની આવશ્યકતા રહે છે.

દર્શન, જ્ઞાન અને ચારિત્ર–એ ત્રણ ગુણો છે. દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વો છે. તેમાંના કોઈ એકનો સ્વીકાર તે સુનય. તે નય સાથે બીજાનો તિરસ્કાર તે દુર્નય. અને ત્રણેનો સ્વીકાર તે સ્યાદ્‌વાદ.

જ્ઞાન એ મોક્ષનો માર્ગ છે, એ વાક્ય સાચું છે, પણ 'એ એક જ મોક્ષમાર્ગ છે' એમ કહેવું એ સાચું નથી, પરંતુ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનો માર્ગ બને છે.

તેવી જ રીતે દેવાધિદેવની પૂજા એ મોક્ષનો માર્ગ છે, એ વાક્ય સાચું છે. પણ એ એક જ વાક્ય સાચું છે, એવું નથી. ગુરુવંદન પણ મોક્ષમાર્ગ છે, એ વાક્ય પણ સાચું છે અને દેવગુરુ અને ધર્મ એ ત્રણેનો મોક્ષના માર્ગ તરીકે સ્વીકાર એ સ્યાદ્વાદશ્રુત છે.

ત્રણમાંથી કોઈ એકને સ્વીકારનાર નયશ્રુત છે અને કોઈ એકને સ્વીકારી અન્યનો નિષેધ કરનાર દુર્નયશ્રુત છે. આ જ વાતને વ્યાવહારિક દૃષ્ટિએ સમજવા માટે લાડવાનું દૃષ્ટાંત છે.

## નયશ્રુત-દુર્નયશ્રુતનાં દૃષ્ટાંત

ઘી, ગોળ અને આટો-એ ત્રણેના વિધિપૂર્વકના મિશ્રણથી લાડવો બને છે. એ ત્રણમાંથી કોઈ એકને મોદકનું કારણ કહેવું-એ નય છે; એકને કહીને બીજાનો નિષેધ કરવો-એ દુર્નય છે; ત્રણેનું સ્થાપન કરવું-એ સ્યાદ્વાદ છે.

બીજું દૃષ્ટાંત ઘરનું છે.

કોઈ પણ ઘર અથવા મકાન તેનાં પાયાની, ભીંતની અને છાપરાની અપેક્ષા રાખે છે.

ઘર માટે પાયાનો સ્વીકાર કરવો, પાયા સિવાય બીજાનો ઇન્કાર કરવો અને ત્રણેનો સ્વીકાર કરવો-એ ત્રણે વાક્યો દેખીતી રીતે જ ભિન્ન છે. એ ત્રણે વાક્યોને અનુક્રમે નય, દુર્નય અને સ્યાદ્વાદની સંજ્ઞા આપી શકાય.

આ રીતે નયવાદ, દુર્નયવાદ અને સ્યાદ્વાદ, પ્રત્યેક સ્થળે વિચારી શકાય છે.

દુર્નયવાદ એ એકાંતવાદ છે, સ્યાદ્વાદ એ અનેકાંતવાદ છે અને નયવાદ એ અનેકાંતવાદનો જ એક અંશ છે.

શ્રી જૈનદર્શનમાં એકાંતવાદને મિથ્યા ઠરાવ્યો છે. મોક્ષમાર્ગમાં તે વિઘ્નભૂત છે, અનર્થકર છે. અસદ્ અભિનિવેશને પોષનારો છે.

જ્યારે અનેકાંતવાદ મિથ્યા અભિનિવેશને ટાળનાર છે, માધ્યસ્થ પરિણતિને પોષનાર છે તથા મુમુક્ષુઓને સર્વ પ્રકારની વિરાધનાઓથી બચાવી આરાધનાના માર્ગે ચઢાવનાર છે.

નયવાદની ઉપયોગિતા પ્રવૃત્તિમાં દૃઢતાને લાવનારી છે તથા સાચાં કારણોનો સ્વીકાર કરી અન્ય પણ તેટલાં જ સાચા કારણોનો ઇન્કાર કરાવતાં બચાવી લેનાર નીવડે છે, કેવળ 'જ કાર' દ્વારા બીજાં કારણોનો ઉચ્છેદ કરતાં અટકાવનારી પુરવાર થાય છે. ઘોર અંધારી રાતે દીવા જેટલું ઉપકારક આ જ્ઞાન મુમુક્ષુઓને માર્ગદર્શક નીવડે છે.

## એકાંતવાદનાં ફળ

જૈન શાસ્ત્રકારોના અભિપ્રાય મુજબ આ નયવાદ અને સ્યાદ્વાદનું રહસ્યપૂર્ણ જ્ઞાન નહિ થવાને લીધે જ, જીવ અનાદિકાળથી એકાંતવાદમાં તણાઈ આ ભવાટવીમાં પરિભ્રમણ કર્યા કરે છે.

એકાંતવાદના આ અંધકારમાંથી જીવને બચાવી લેનારું સમ્યગ્જ્ઞાન, નયવાદ અને સ્યાદ્વાદને તેના સાચા સ્વરૂપમાં વિસ્તારથી સમજાવનાર, પૂર્વાચાર્યોના અનેક ગ્રંથરત્નો આજે પણ મોજુદ છે. તેમાં **શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ** રચિત 'સમ્મતિતર્ક' ગ્રંથ સૌથી મોખરે છે.

બીજો શ્રી **મલ્લવાદીનો** 'નયચક્ર' નામે ગ્રંથ છે. તદુપરાંત શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** રચિત 'અનેકાંત જય પતાકા' **વાદીદેવસૂરિજીનો** "પ્રમાણ નય તત્ત્વ લોકાલંકાર" **કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનો** 'સ્યાદ્વાદ મંજરી' નામની ટીકાવાળો **"અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકારૂપ"** તથા પ્રમાણ **મીમાંસા,** ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** વિરચિત શાસ્ત્રવાર્તા સમુચ્ચયની ટીકા સ્વરૂપ **સ્યાદ્વાદ કલ્પલતા** તથા બીજાં પણ નય પ્રદીપ, નય રહસ્ય, નયોપદેશ ઇત્યાદિ નાનાં નાનાં પ્રકરણો અનેક છે.

આ બધા ગ્રંથો તેમજ પ્રકરણોને ગુરુગમથી ભણવા અને સમજવા માટે જેઓ સાચા અંતઃકરણથી પ્રયાસ કરે છે, તેઓને જ્ઞાનનો કોઈ નવો દિવ્ય-પ્રકાશ પ્રાપ્ત થાય છે કે જેના તેજ વિસ્તારમાં અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે અને સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્ય સહસ્ર કિરણો વડે અંતરમાં અજવાળા પાથરે છે.

સન્માર્ગે ચઢાવી મોક્ષમાર્ગમાં આગળ વધારનાર નયવાદના મર્મને હૃદયસાત્ કરવાથી મુમુક્ષુ સહુને વહેલી સ્પર્શો!

卐

# સ્યાદ્વાદ-દર્શન

શ્રી જૈનશાસને બતાવેલો આરાધનાનો માર્ગ કહો કે 'જૈની-આરાધના' કહો, એ બે નો અર્થ એક છે. જૈની એટલે શ્રી જિનેશ્વરદેવ સંબંધિત અથવા શ્રી જિનવરોપદિષ્ટ. મતલબ કે શ્રી જિનેશ્વરદેવોએ શ્રી જૈનશાસન પ્રવર્તાવ્યું અને શ્રી જૈનશાસને આરાધનાનો માર્ગ બતાવ્યો.

આરાધનાનો માર્ગ આરાધનાથી ભિન્ન નથી અને આરાધના શ્રી જૈનશાસનથી ભિન્ન નથી.

શ્રી જૈનશાસન, આરાધના અને આરાધનાનો માર્ગ એ ત્રણેય નિશ્ચયથી અભિન્ન હોવા છતાં વ્યવહારથી ભિન્ન પણ છે.

એક જ વસ્તુને ભિન્ન અને અભિન્ન એવા બે વિરુદ્ધ ધર્મોવાળી કહેવી એમાં ઉપલક-દૃષ્ટિએ ભલે વિરુદ્ધ જેવું લાગે પણ તાત્ત્વિક-દૃષ્ટિએ તે વિરુદ્ધ નથી, પણ અત્યંત સુસંગત છે. જગતનો કોઇ પણ પદાર્થ એકાન્ત ભિન્ન કે એકાન્ત અભિન્ન ધર્મોવાળો છે જ નહિ.

ચેતન અને જડ જેવા સર્વથા વિરુદ્ધ જણાતા ધર્મોવાળા પદાર્થો પણ સર્વથા ભિન્ન નથી, તેમજ આત્મા અને દેહ જેવા સર્વથા અવિરુદ્ધ જણાતા ધર્મોવાળા પદાર્થો પણ સર્વથા અભિન્ન નથી.

ચેતનત્વ અને જડત્વ જેવા વિશેષ ધર્મોથી ચેતન અને જડ જેમ સર્વથા ભિન્ન છે, તેમ અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ જેવા સર્વ સામાન્ય ધર્મોથી ચેતન અને જડ સર્વથા અભિન્ન પણ છે.

જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય આદિ ધર્મો વડે આત્મા અને જીવમાં જેમ અભેદ જણાય છે, તેમ 'अतति तान् तान् पर्यायान् प्राप्नोति' (તે તે પર્યાયોને પામે છે.) અને 'जीवति दशविध-प्राणान् धारयति' (દશ પ્રકારના પ્રાણોને ધારણ કરે છે.) એ બે અર્થો આત્મા અને જીવનો ભેદ પણ જણાવે છે.

પર્યાયોને ધારણ કરવા રૂપ ધર્મ સિદ્ધાત્માઓને છે, જ્યારે દશ પ્રકારના પ્રાણોને ધારણ કરવા રૂપ ધર્મ સિદ્ધાત્માઓને નથી. આ રીતે જેમ સિદ્ધના અને સંસારના આત્માઓ ભિન્ન પણ છે, તેમ ચૈતન્ય લક્ષણ ઉભયમાં સમાન હોવાથી અભિન્ન પણ છે.

## અનેકાન્તવાદની વ્યાપકતા

ભિન્નાભિન્ન, નિત્યાનિત્ય, એકાનેક આદિ સર્વથા વિરુદ્ધ ભાસતા ધર્મો આ રીતે જગતના પ્રત્યેક પદાર્થોમાં રહેલાં છે. એટલા જ માટે અનેકાન્તવાદની આવશ્યકતા છે કે, જેથી પદાર્થના સ્વરૂપનું યથાર્થ-દર્શન અને નિરૂપણ કરવાની તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થાય. અનેકાન્તવાદનો આશ્રય સ્વીકાર્યા સિવાય કોઇ પણ પદાર્થનું સત્ય નિરૂપણ થઇ શકતું નથી.

એક જ આકારવાળું વિજ્ઞાન અનેક આકારોથી યુક્ત છે. એક જ ચિત્રરૂપ, અનેક રૂપોને ધારણ કરે છે તથા એક જ પ્રકૃતિ-સત્ત્વ, રજસ અને તમસ્ એવા ત્રણ પરસ્પર વિરુદ્ધ ધર્મોથી સહિત છે, એમ વિદ્વાન ગણાતા પણ બૌદ્ધો, નૈયાયિકો અને સાંખ્યોને અનુક્રમે નિરૂપણ કરવું પડયું છે.

અનેકાન્તવાદને છોડીને, કોઇપણ પદાર્થની વ્યવસ્થા આજ સુધી કોઇ કરી શક્યું નથી અને કોઇ કાળે તે શક્ય પણ નથી. અનેકાન્તવાદ એ જ તત્ત્વવાદ છે, એકાન્તવાદ એ મિથ્યાવાદ છે.

## ભિન્નાભિન્ન

ભેદ અને અભેદ એ બે વિરુદ્ધ ધર્મો પણ એક જ વસ્તુનો આશ્રય કરીને રહેલા છે.

'દંતશૂળવાળો હાથી' એમ કહેવાથી હાથી અને તેના દાંત હાથીથી જુદા છે, એમ સિદ્ધ થતું નથી. હાથીના દાંત હાથીના શરીરની જેમ ભિન્ન નથી, તેમ અભિન્ન પણ નથી. જો અભિન્ન જ હોય તો 'હાથીના દાંત' એમ ભેદ અર્થમાં વપરાતી છઠ્ઠી

વિભક્તિથી કદી નિર્દેશ થઇ શકે જ નહિ. મતલબ કે હાથીના દાંત એ અવયવરૂપે હાથીના શરીરથી ભિન્ન છે અને એક જ શરીરનો અવયવ હોવાથી અવયવીરૂપે અભિન્ન છે.

આ રીતે ભેદાભેદનો વ્યવહાર સમસ્ત જગતમાં પ્રસિદ્ધ છે, તેમ છતાં તેનો સ્વીકાર ન કરવો એ મિથ્યા-મતિની નિશાની છે.

અનેકાન્તવાદ એ નિર્મળ આંતર-ચક્ષુ છે, તેના ઇન્કારથી તાત્વિક દૃષ્ટિ લુપ્ત થાય છે અને તત્ત્વમાર્ગથી ભ્રષ્ટ થવાય છે.

## સ્યાદ્વાદનો મહિમા

આપણે જોઈ ગયા કે શ્રી જૈનદર્શન, આરાધના કે આરાધનાનો માર્ગ, એ શ્રી જિનેશ્વરદેવોના ઉપદેશથી કોઇ ભિન્ન વસ્તુ નથી. શ્રી જિનેશ્વરદેવોનો ઉપદેશ એનું જ નામ શ્રી જૈનદર્શન છે.

ઉપદેશ, દર્શન, આરાધના અને માર્ગ આ ચારે ય ભિન્ન નથી અર્થાત્ અભિન્ન છે. પણ એથી કોઈએ એમ માની લેવાનું નથી કે એ ચારે ય સર્વાંશે અભિન્ન છે. ભેદાભેદનો આટલો વિવેક કરી શકવાની આંતર-સૂઝ ધરાવનારા આત્માઓ ભાવથી શ્રી જૈનદર્શનને પામવાને લાયક બની શકે છે, તે સિવાય નહિ.

શ્રી જિનેશ્વરદેવોનો ઉપદેશ અને શ્રી જૈનદર્શન દ્રવ્યતયા અભિન્ન હોવા છતાં પર્યાયતયા ભિન્ન છે. શ્રી જૈનદર્શન અને એથી આરાધના સામાન્યતયા એક હોવા છતાં વિશેષતયા જુદી છે. આરાધના અને આરાધનાનો માર્ગ જાતિતયા એક હોવા છતાં વ્યક્તિતયા અનેક છે. આ રીતનો દ્રવ્ય-પર્યાયનો, સામાન્ય-વિશેષનો કે જાતિ-વ્યક્તિનો વિવેક નહિ કરી શકનાર માટે પૂ. ઉપાધ્યાયજી ભગવંત શ્રી યશોવિજયજી મહારાજાએ સાચું જ કહ્યું છે કે-

"ગુરુ ઉપદેશ વિના જન મૂઢા, દર્શન જૈન વગોવે;<br>
પરમ ગુરુ, જૈન કહો કયું હોવે ?<br>
સ્યાદ્વાદ પૂરન જો જાને, નયગર્ભિત જસ વાચા,<br>
ગુન, પર્યાય, દ્રવ્ય, જો બુઝે, સો હી જૈન હૈ સાચા.<br>
પરમ ગુરુ, જૈન કહો કયું હોવે ?"

આ પંક્તિઓનું તાત્પર્ય એ છે કે, જે આત્મા સ્યાદ્વાદને જાણતા નથી. જેની વાણી નયવાદથી અર્થાત્ અપેક્ષાવાદથી ગર્ભિત નથી, ગુણ, પર્યાય કે દ્રવ્યનું જેને જ્ઞાન નથી, તે સાચો જૈન નથી, એવા આત્માઓ સ્યાદ્વાદના જ્ઞાતા ગુરુઓની નિશ્રા વિના જ્યાં-ત્યાં શ્રી જૈનદર્શનની વગોવણી કરે છે. મતલબ કે સ્યાદ્વાદની પરિણતિ સિવાય પૂર્ણતાના પંથે પ્રયાણ શકચ જ નથી.

## પારમેશ્વરી આજ્ઞા

શ્રી જિનવરોપદિષ્ટ આરાધનાનો બીજો પર્યાય પારમેશ્વરી-આજ્ઞા પણ થઇ શકે છે. પારમેશ્વરી એટલે પરમેશ્વર સંબંધી અને આજ્ઞા એટલે આરાધના! પરમેશ્વર એટલે સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યને ધારણ કરનારા! સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યના માલિક, આ જગતમાં ત્રિભુવન ઉપકારક શ્રી તીર્થંકર નામરૂપી પરમ પાવની પુણ્ય-પ્રકૃતિનો ઉપભોગ કરનાર શ્રી તીર્થંકર દેવો જ છે.

## સાચા પરમેશ્વર

"આ જગતમાં એક જ પરમેશ્વર છે! અને તે નિત્ય મુક્ત છે. એ પરમેશ્વરની ઇચ્છાથી જ જગત ઉત્પન્ન થઇ જાય છે અને ઇચ્છા માત્રથી જ જગતનો વિનાશ થઈ જાય છે." પરમેશ્વર સંબંધી આ પ્રકારની નિરાધાર કલ્પના કેટલી અસંબદ્ધ અને વિરોધી છે, તે ચર્ચવાનો અહીં પ્રસંગ નથી. કિન્તુ પારમેશ્વરી આજ્ઞા સમજવા માટે સત્ય પરમેશ્વર કોણ છે? એ સમજ્યા વિના ચાલી શકે તેમ પણ નથી.

નિત્યત્વ અને મુક્તત્વ વિશેષણથી અલંકૃત એક પરમાત્મા જગતનું સંચાલન કરે છે-એમ કહેવું એ "निरन्तरमहं मौनी" એમ બોલવાની જેમ નિતાન્ત અસત્ય છે. 'બોલું પણ છું અને મૌન પણ છું" એમ કહેવું એ જેમ પોતાના જ વચન વડે પોતાની પ્રતિજ્ઞાનું ખંડન છે, તેમ પરમેશ્વર નિત્ય પણ છે અને સંચાલક પણ છે તથા મુક્ત પણ છે અને ઇચ્છાયુક્ત પણ છે, એમ કહેવું એ પણ સ્વપ્રતિજ્ઞા-વિરોધી છે.

પ્રથમ તો અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિરૈકસ્વભાવ નિત્યત્વ ધર્મયુક્ત કોઇ પણ પદાર્થ જગતમાં હસ્તી ધરાવી શકતો નથી. જેટલા સત્ પદાર્થો છે, તે સઘળા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો અવિનાભાવ સંબંધ છે અર્થાત્ એકની ગેરહાજરીમાં બીજો રહી શકતો જ નથી.

જેમ દીપક અને તેનો પ્રકાશ, રત્ન અને તેની કાન્તિ એક બીજાથી છૂટા પડી શકતા નથી, તેમ દ્રવ્ય અને પર્યાય એક બીજા વિના હયાતિ ભોગવી શકતાં જ નથી

જ્યાં પ્રકાશ નથી, ત્યાં દીપક નથી અને જ્યાં દીપક નથી ત્યાં તેનો પ્રકાશ નથી, તેમ જ્યાં દ્રવ્ય નથી ત્યાં પર્યાય નથી અને જ્યાં પર્યાય નથી, ત્યાં દ્રવ્ય પણ નથી એટલા જ માટે 'અપ્રચ્યુત' એટલે વ્યયરહિત અને 'અનુત્પન્ન' એટલે ઉત્પાદરહિત એવા કોઈ પણ એક સ્થિર પરમેશ્વર જગતમાં હયાતિ ધરાવે છે, એમ માનવું એ ઉત્પાદ અને વ્યયધર્મરહિત શશશૃંગ (સસલાનું શિંગડું) પણ હયાતિ ધરાવે છે, એમ માનવા બરાબર છે.

અપ્રચ્યુત, અનુત્પન્ન અને સ્થિરૈકસ્વભાવવાળા પરમેશ્વર શશશૃંગ સમાન છે. એ સાબિત થયા પછી, પારમેશ્વરી આજ્ઞા સિદ્ધ કરવા માટે કેવા પરમેશ્વર જગતમાં વિદ્યમાન છે, એ સમજવું બાકી રહે છે.

**નિત્યમુક્ત નહિ, પણ સંસારમુક્ત પરમેશ્વર એ જ સાચા પરમેશ્વર છે.** એ સમજવા માટે અહીં એટલું જ સમજવું પર્યાપ્ત છે કે, મુક્તત્વની સાથે નિત્યત્વ વિશેષણ જેટલું અસંગત છે, તેટલું જ મુક્તત્વની સાથે સંસાર એટલે બદ્ધત્વ વિશેષણ સુસંગત છે.

જે બદ્ધ જ નથી, તે કોઈ કાળે પણ મુક્ત વ્યપદેશને યોગ્ય બની શકતા નથી. મુક્તપદને સાર્થક કરનારા તે જ છે કે, જેઓ બદ્ધ હોઈને 'મુક્ત' બન્યા છે. એટલા જ માટે સંસારમુક્ત પરમેશ્વર એ સાચા પરમેશ્વર છે અને નિત્યમુક્ત પરમેશ્વરની વાત નિરાધાર છે.

**આજ્ઞા**

નિત્યમુક્ત પરમેશ્વરને જગતનું સંચાલન જેટલું અઘટિત છે, તેટલું જ અઘટિત આજ્ઞાનું કરવું છે. આજ્ઞા એટલે આપ્તવચન યાને હિતોપદેશ.

ઉપદેશ વચનાત્મક છે. વચન–ક્રિયાત્મક છે અને ક્રિયા અનિત્ય છે.

નિત્ય પરમેશ્વર, અનિત્ય ક્રિયાનું ઉપાદાન બની શકે એ સર્વથા ન્યાય વિરુદ્ધ છે, એટલું જ નહિ, પણ વચન એ શરીરનો ધર્મ છે અને નિત્યમુક્ત આત્માને શરીરનો સંબંધ કોઈ રીતે પણ ઘટિત થઈ શકતો નથી.

વિષય–કષાયરૂપ સંસારથી મુક્ત પરમેશ્વર જ્યાં સુધી અઘાતિકર્મસહિત છે, ત્યાં પૃથ્વીતલ પર વિચરી હિતોપદેશ આપે છે અને જે ક્ષણે સર્વ–કર્મરહિત બને છે, તે ક્ષણે અશરીરી બની મુક્તિ સ્થાને પહોંચી જાય છે. ત્યાર બાદ તે મુક્તાત્માઓને ઉપદેશ-કર્મ હોઈ શકતું નથી.

卐

# સ્યાદ્વાદની સાર્વભૌમતા

**સ્યાદ્વાદ દૃષ્ટિ**

જીવનમાં સ્યાદ્વાદ પચાવવો ખૂબ જ જરૂરી છે. મનની સમાધિ, સાચો સામાયિક-ભાવ સ્યાદ્વાદની સહાયથી જ પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં અસમાધિના જે ભાવો જણાય છે, તે બધાય નિરાશાવાદમાંથી જન્મ્યા છે. આ નિરાશાવાદ નબળી બાજુઓના દર્શનથી જન્મે છે. સ્યાદ્વાદ આ નબળી બાજુના દર્શનને અટકાવી, સબળી બાજુના દર્શન તરફ આપણને દોરી જાય છે. સબળી બાજુનું દર્શન આશાનું પ્રેરક છે. આશાવાદી, સમાધિને સારી રીતે સિદ્ધ કરી શકે છે, કારણ કે તેણે ફળની અપેક્ષા રાખી નથી.

એક દાખલો લઈએ : એક કેરી છે. તેનો અડધો ભાગ સારો છે, અડધો બગડી ગયો છે. જો બગડેલા ભાગની એની નબળી બાજુને જોઈએ તો નિરાશા થાય. નિરા-

શામાંથી અસમાધિ જન્મે; જાતે જ વગર કારણે બુદ્ધિની ભૂલના કારણે દુઃખી થઇએ. પણ જો એ કેરીના સારા ભાગની સારી બાજુને જોઇએ તો ઉત્સાહિત થવાય, મન સ્વસ્થ રહે, બુદ્ધિ આપણને સુખી કરવામાં કારણ બને.

આ સામાન્ય દાખલા ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે, બુદ્ધિની ભૂલોમાંથી આપણે દુઃખો જન્માવીએ છીએ. સ્યાદ્‌વાદ-દૃષ્ટિ આ ભૂલો કરતાં અટકાવે છે એ વસ્તુની સબળી બાજુનું દર્શન કરાવીને સ્વસ્થતા પ્રદાન કરે છે.

## સ્યાદ્‌વાદ એક મહાન રથિક

ધર્મ સંબંધી જેટલા ઝઘડાઓ જગતમાં ઉપસ્થિત થયા છે, એટલા બીજા કોઈ વિષયમાં કદાચ ઉપસ્થિત નહિ થયા હોય, એમ એક અપેક્ષાથી કહેવાય.

મોગલોએ ઇસ્લામ-ધર્મનાં મૂળ ઊંડા લઇ જવા, અગણિત હિંદુ-મૂર્તિઓના ટુકડા કર્યા અનેક હિંદુઓને મુસલમાન બનાવ્યા, હજારો હિંદુ-સ્ત્રીઓને પોતાના અંતઃપુરમાં બેસાડી દીધી.

અંગ્રેજોએ ખ્રિસ્તી-ધર્મના પ્રચાર માટે હરિજનોને આર્થિક મદદ આપી, ખ્રિસ્તી બનાવ્યા. કહેવાતી સેવા આપનારી સંસ્થાઓ ખોલી, નિશાળો ઊભી કરી અને એઓ પોતાની કાર્યસિદ્ધિ કરતા રહ્યા.

આવી ધર્માંધ-વૃત્તિએ જીવોમાં પરસ્પર સમન્વય ન સાધ્યો. સ્યાદ્‌વાદ આ સમન્વય માટેનો અકસીર ઇલાજ છે. સ્યાદ્‌વાદ બધા દર્શનોની લગામ ઝીલનાર એક મહાન રથિક છે. એણે આ 'વાદ-નીતિ' સ્વીકારી નથી, પણ વાદીઓના કલેશ-કંકાસને ટાળવાનો રાજમાર્ગ જ અપનાવ્યો છે. દરેક કલેશને નિવારવા એ ન્યાયાધીશ તરીકેનું કાર્ય કરે છે. સહુને કોઇ એક રીતેય સારા જોવા માટે એ અપેક્ષા-દૃષ્ટિ સ્વીકારે છે.

આમ, ધર્મથી ઊભા થતા ઝઘડાઓને, યુદ્ધોને, સંહાર અને ભોગોને સ્યાદ્‌વાદ નિવારે છે, પ્રત્યેકમાં રહેલા સુંદર-તત્ત્વને બહાર લાવી, પ્રત્યેકને મોટો બનાવે છે. છતાં બીજાને નાનો સિદ્ધ ન કરતાં એના પણ સુ-તત્ત્વને પ્રગટ કરીને એટલો જ મોટો મોભો આપે છે. આમ પરસ્પર હાથ મિલાવીને સ્યાદ્‌વાદ ધર્મના બહાને થતાં યુદ્ધોને દૂર ઠેલે છે.

## વિશ્વશાન્તિની ભાવના અને સ્યાદ્‌વાદ

વિશ્વશાન્તિની ભાવનાને પણ સ્યાદ્‌વાદ જ મૂર્ત સ્વરૂપ આપી શકે. એ તો રશિયાને એની પ્રચંડ શક્તિની અપેક્ષાએ, અમેરિકાને સમૃદ્ધિની અપેક્ષાએ; બ્રિટનને મુત્સદ્દી-ગીરીની અપેક્ષાએ અને જર્મનીને વિજ્ઞાનની અપેક્ષાએ-એમ પ્રત્યેકને કોઇને કોઇ અપેક્ષાએ મહત્ત્વ આપે છે અને કહે છે-આ બધાય બળોના મિલન થાય તો જ વિશ્વ, શાન્તિને માર્ગે વળી શકે ? આ બળો જો છૂટા છવાયાં પડેલાં હશે, તો દરેક પોતાને જ બળવાન સમજી બીજાને તુચ્છકારશે.

ગટરમાંથી કચરો ઉલેચી નાખીએ તો પાણી તો આપોઆપ વહેવા લાગે છે. કચરો રાખીને પાણીને ધક્કો મારવો એ તો નિરર્થક છે. આ નીતિ સ્યાદ્વાદની છે. જ્યાં ક્લેશોના કચરા દૂર થયા, ત્યાં ધર્મતત્ત્વનું જળ, આપોઆપ આત્માના પ્રદેશોમાં વહેવા લાગે છે.

એકાંત-દર્શનો પોતાના કદાગ્રહી-મતની સિદ્ધિ માટે જ ગ્રન્થો ભરે છે અને આ સિદ્ધિથી ક્લેશ જન્માવે છે, પોતાના અનુયાયીઓને એ કદાગ્રહી બનાવે છે. આમ, ધર્મ-તત્ત્વની પ્રાપ્તિના નામે ક્લેશ વધે છે.

સ્યાદ્વાદ આ જ દર્શનોના એકાંતને તોડી નાખે છે અને પછી સર્વ-દર્શનોને પોતાનામાં સમાવી લે છે. એને કોઈ દર્શન સાથે વિરોધ નથી. અરે! એ તો એ દર્શનોએ બતાવેલ મોક્ષમાર્ગની સાધનામાં સહાયરૂપ બને છે. એમાંના એકાંત-નિરૂપણને બાધક સમજીને દૂર કરે છે, એટલે તરત જ એ દર્શન સ્યાદ્વાદનું જ અંગ બને છે. સ્યાદ્વાદની આ નૈસર્ગિક કાર્યપદ્ધતિ વડે એનું સ્વાતન્ત્ર્ય અજર અમર છે.

## સ્યાદ્વાદની અમી નજર

આ રીતે સ્યાદ્વાદ મૈત્રીને વ્યાપક બનાવે છે અને પછી સઘળાય દર્શનની પ્રક્રિયા-ઓને સાપેક્ષ દૃષ્ટિએ અપનાવે છે.

પ્રકૃતિ-ભેદે પ્રક્રિયા-ભેદ હોય છે, તેમ છતાં ય રાજમાર્ગ તો એક જ હોય છે. એમ સ્યાદ્વાદે પણ પોતાનો એક રાજમાર્ગ રાખ્યો છે, જે 'જૈન-દર્શન' રૂપ છે.

કેડીઓ અનેક હોય, પણ તે બધી રાજમાર્ગમાંથી નીકળે અને રાજમાર્ગમાં ભળે! આ કેડીઓ કેવળ ટૂંકી હોય છે, એવું નથી. કિન્તુ ભૂલભૂલામણી ભરેલી પણ હોય છે. જો રાજમાર્ગ પર પાછું ન અવાય તો ક્યાંક ઉન્માર્ગે ચઢી જવાય. માટે જ સ્યાદ્વાદ સહુને રાજમાર્ગ પર ચલાવવાનું પસંદ કરે છે. તેમ છતાં જો કોઈ કેડીઓમાંથી જ પસાર થવાનો આગ્રહ સેવે છે, તો તેના તરફ સ્યાદ્વાદ વાત્સલ્યનું અમી વહાવે છે, તેને રાજ-માર્ગનું મહત્ત્વ સમજાવે છે, કેડીએ જાય તોય તેને તુચ્છકારતો નથી, પણ તેની પર માધ્યસ્થ જ ધારણ કરે છે.

કેડીએ અટવાયેલો પાછો ફરીને રાજમાર્ગે આવી જાય છે, તો એનું ઝટ કલ્યાણ થાય છે. કદાચ સમય વધુ લાગે, તો પણ સ્યાદ્વાદ ધીરજ ધરે છે. એની રાહ જુએ છે. એક વાર એ જ્યારે પણ આવે છે, ત્યારે એટલા જ વાત્સલ્યથી, એટલા જ આનંદથી એને પોતાની ગોદમાં લે છે. એના જીવનને કલ્યાણના રાજમાર્ગે વાળે છે.

આપણે સહુ આવા વિશાળ હૃદયના મહાન ન્યાયાધીશ સ્યાદ્વાદનો આશ્રય લઈએ તો જીવનને વ્યવસ્થિત બનાવી શકીએ. આમ થાય તો સમાજ અને ધર્મ ઉભય ક્ષેત્રો

સમાધાન : આ પ્રશ્નનું સમાધાન એ છે કે-ધર્મતત્ત્વ જેવી મહાન વસ્તુ તુચ્છ હૈયામાં, મલિન બુદ્ધિમાં, ક્લેશના વાતાવરણમાં સિદ્ધ થઇ શકતી નથી. જ્યાં શાન્તિ છે, શુદ્ધ-બુદ્ધિ છે, સમાધાન છે, ત્યાં જ આ ધર્મતત્ત્વ ખીલે છે. સ્યાદ્વાદ ધર્મને યોગ્ય ભૂમિ બનાવે છે. બાદ એ ધર્મને ખીલવે પણ છે. જ્યાં વધુ ક્લેશ છે, વધુ અસમાધાન છે, ત્યાં સ્યાદ્વાદની વધુ જરૂર નથી શું?

કેમ કે સ્યાદ્વાદ તો ન્યાયાધીશ છે. એનું કાર્ય તો એવા સ્થળે જ હોઇ શકે! એ સ્થાનોમાં એનું કાર્ય ક્લેશાદિ દૂર કરીને ધર્મનાં બીજ વાવવાને યોગ્ય ભૂમિ તૈયાર કરવાનું છે. જ્યારે સંસારથી પર એવા સાધુ જીવનના ઉચ્ચ ક્ષેત્રે એ ધર્મબીજને ખીલવવાનું કાર્ય કરે છે, એટલો જ ફેર! બાકી સ્યાદ્વાદની જરૂર તો જન્મતાંની સાથે જ છે અને મરતાં સુધી રહેવાની જ છે.

જીવનને ટકાવવા જેટલો જરૂરી શ્વાસોચ્છવાસ છે, તેથી ય વધુ જરૂરી, જીવનના યથાર્થ અભિગમને વિકસાવવા માટે સ્યાદ્વાદ છે.

## સ્યાદ્‌વાદનું સ્વાતન્ત્ર્ય

એક પ્રશ્ન થાય છે કે-સ્યાદ્‌વાદ સર્વ દર્શનોને અમુક અમુક અપેક્ષાએ 'સત્ય' તરીકે અપનાવે છે, તો સ્યાદ્વાદનું સ્વાતન્ત્ર્ય શું? સ્યાદ્વાદ શું એક શંભુમેળો નથી બની જતો?

એનું સમાધાન એ છે કે-સર્વ દર્શનોને સાપેક્ષ દૃષ્ટિએ જોવાનું કાર્ય સ્યાદ્વાદ સિવાય, વિશ્વમાં કોઇ દર્શન કરતું નથી. એટલે કે સ્યાદ્વાદનું આવું સમન્વયીદર્શન, આવું સારગ્રાહીત્વ એ જ એનું સ્વાતન્ત્ર્ય છે.

ગંગા, યમુના, ગોદાવરી આદિ સરિતાઓ જ્યાં ભેગી થાય છે, તે વસ્તુને 'સમુદ્ર' એવું સ્વતન્ત્ર નામ અપાય છે. સમુદ્રમાં જેમ આ રીતે પોતાનું અસ્તિત્વ બધી નદીઓથી વિલક્ષણ બને છે, તેમ સ્યાદ્વાદ પણ શંભુમેળો નથી, પરંતુ સમુદ્રના જેવું જ એક સ્વતન્ત્ર તત્ત્વ છે. જેણે બીજા પ્રત્યેક દર્શનની ખંડન નીતિને ન અપનાવતાં સાપેક્ષ-દૃષ્ટિએ મંડનની વિશુદ્ધ-ભૂમિ ઉપર પોતાનું અસ્તિત્વ સ્થાપિત કર્યું છે.

સરિતાઓને પોતામાં સમાવી લેનાર સમુદ્રની જેમ, સર્વ-દર્શનોને પોતામાં સ્થાન આપનાર સ્યાદ્વાદ પણ સ્વતન્ત્ર એક મહાન તત્ત્વ છે.

સમુદ્રને મળનારી સરિતાઓ, સૂર્યના ગમે તેવા તાપથી પણ શોષાતી નથી, તેમ સ્યાદ્વાદમાં મળેલા સઘળા દર્શનોની ગૌરવગાથા 'યાવચ્ચન્દ્ર દિવાકરૌ' બને છે. સ્યાદ્વાદથી છૂટું પડેલું દર્શન તો ટૂંકા ગાળામાં નષ્ટ થઈ જાય છે.

## સ્યાદ્‌વાદનું કાર્ય

સ્યાદ્વાદ ઝઘડામાં ન પડતાં મોક્ષની પ્રાપ્તિ અને કર્મના ક્ષયની સુયોગ્ય નીતિને અપનાવવામાં વધુ માને છે અને તેણે સારગ્રાહી બનવું પસંદ કરીને ક્લેશોને નિવારવાનું સર્વ પ્રથમ કાર્ય ઉપાડી લીધું છે.

ગટરમાંથી કચરો ઉલેચી નાખીએ તો પાણી તો આપોઆપ વહેવા લાગે છે. કચરો રાખીને પાણીને ધક્કો મારવો એ તો નિરર્થક છે. આ નીતિ સ્યાદ્વાદની છે. જ્યાં કલેશોના કચરા દૂર થયા, ત્યાં ધર્મતત્ત્વનું જળ, આપોઆપ આત્માના પ્રદેશોમાં વહેવા લાગે છે.

એકાંત–દર્શનો પોતાના કદાગ્રહી–મતની સિદ્ધિ માટે જ ગ્રન્થો ભરે છે અને આ સિદ્ધિથી કલેશ જન્માવે છે, પોતાના અનુયાયીઓને એ કદાગ્રહી બનાવે છે. આમ, ધર્મ-તત્ત્વની પ્રાપ્તિના નામે કલેશ વધે છે.

સ્યાદ્વાદ આ જ દર્શનોના એકાંતને તોડી નાખે છે અને પછી સર્વ–દર્શનોને પોતાનામાં સમાવી લે છે. એને કોઈ દર્શન સાથે વિરોધ નથી. અરે! એ તો એ દર્શનોએ બતાવેલ મોક્ષમાર્ગની સાધનામાં સહાયરૂપ બને છે. એમાંના એકાંત–નિરૂપણને બાધક સમજીને દૂર કરે છે, એટલે તરત જ એ દર્શન સ્યાદ્વાદનું જ અંગ બને છે. સ્યાદ્વાદની આ નૈસર્ગિક કાર્યપદ્ધતિ વડે એનું સ્વાતન્ત્ર્ય અજર અમર છે.

## સ્યાદ્વાદની અમી નજર

આ રીતે સ્યાદ્વાદ મૈત્રીને વ્યાપક બનાવે છે અને પછી સઘળાય દર્શનની પ્રક્રિયા-ઓને સાપેક્ષ દૃષ્ટિએ અપનાવે છે.

પ્રકૃતિ–ભેદે પ્રક્રિયા–ભેદ હોય છે, તેમ છતાંય રાજમાર્ગ તો એક જ હોય છે. એમ સ્યાદ્વાદે પણ પોતાનો એક રાજમાર્ગ રાખ્યો છે, જે 'જૈન–દર્શન' રૂપ છે.

કેડીઓ અનેક હોય, પણ તે બધી રાજમાર્ગમાંથી નીકળે અને રાજમાર્ગમાં ભળે! આ કેડીઓ કેવળ ટૂંકી હોય છે, એવું નથી. કિન્તુ ભૂલભૂલામણી ભરેલી પણ હોય છે. જો રાજમાર્ગ પર પાછું ન અવાય તો ક્યાંક ઉન્માર્ગે ચઢી જવાય. માટે જ સ્યાદ્વાદ સહુને રાજમાર્ગ પર ચલાવવાનું પસંદ કરે છે. તેમ છતાં જો કોઈ કેડીઓમાંથી જ પસાર થવાનો આગ્રહ સેવે છે, તો તેના તરફ સ્યાદ્વાદ વાત્સલ્યનું અમી વહાવે છે, તેને રાજ-માર્ગનું મહત્ત્વ સમજાવે છે, કેડીએ જાય તોય તેને તુચ્છકારતો નથી, પણ તેની પર માધ્યસ્થ જ ધારણ કરે છે.

કેડીએ અટવાયેલો પાછો ફરીને રાજમાર્ગે આવી જાય છે, તો એનું ઝટ કલ્યાણ થાય છે. કદાચ સમય વધુ લાગે, તો પણ સ્યાદ્વાદ ધીરજ ધરે છે. એની રાહ જુએ છે. એક વાર એ જ્યારે પણ આવે છે, ત્યારે એટલા જ વાત્સલ્યથી, એટલા જ આનંદથી એને પોતાની ગોદમાં લે છે. એના જીવનને કલ્યાણના રાજમાર્ગે વાળે છે.

આપણે સહુ આવા વિશાળ હૃદયના મહાન ન્યાયાધીશ સ્યાદ્વાદનો આશ્રય લઈએ તો જીવનને વ્યવસ્થિત બનાવી શકીએ. આમ થાય તો સમાજ અને ધર્મ ઉભય ક્ષેત્રો

પરસ્પર મળીને ચાલે. એક તાણો છે, તો બીજો વાણો છે. ઉભયના મિલનમાંથી જ સુંદર મજાનું વસ્ત્ર તૈયાર થાય છે.

આખુંય વિશ્વ સ્યાદ્વાદી બને, સ્યાદ્વાદ સહુના હૈયે વસે, સ્યાદ્વાદ સહુના મનમાં રમે, સ્યાદ્વાદ સહુના જીવનનું અનિવાર્ય અંગ બને-એ જ અભિલાષા!

卐

# સ્યાદ્વાદનું મહત્ત્વ

## પ્રભુ શ્રી મહાવીર સ્વામીનો અનન્ય ઉપકાર

આસન્નઉપકારી પ્રભુ શ્રી મહાવીર સ્વામીજીના જે અસીમ ઉપકારો આ જગત ઉપર છે, તેમાં મોટામાં મોટો ઉપકાર, તેઓશ્રીએ જગતને આપેલા સ્યાદ્વાદના બોધનો છે. આ બોધ આપીને તેઓશ્રીએ જગતની તમામ આપત્તિઓનો એકસાથે ચૂરો કરી નાખ્યો છે.

આ જગત હંમેશાં આપત્તિઓથી પરિપૂર્ણ હોય છે અને તેમાં નિત્ય નવી નવી આપત્તિઓ ઉત્પન્ન થતી જ જાય છે. પણ જેમ નવી નવી આપત્તિઓ ઉત્પન્ન થાય છે, તેમ તેનો વિનાશ કરવા માટે પણ આ જગતમાં નવા નવા સત્પુરુષો કાળક્રમે ઉત્પન્ન થતાં જોવામાં આવે છે. અને એ આપત્તિઓના અંધકારને દૂર કરી નાખવા માટે ભગીરથ પ્રયાસ કરે છે અને તે જ તેમનો પ્રયત્ન જગત માટે આદર્શરૂપ બની જાય છે.

વિશ્વોપકારી મહાપુરુષોના પ્રયત્નો 'સાધના' રૂપે ઓળખાય છે. અને પ્રભુ શ્રી મહાવીર સ્વામીજીએ આવી ગજબ સાધના દ્વારા પ્રગટેલા કેવળજ્ઞાન દ્વારા જગતને જે બોધ આપ્યો, તેમાં જગતના જીવોને જીવનમાં ડગલે ને પગલે નડતી અનેક પ્રકારની આપત્તિઓને હઠાવવાના સર્વોત્તમ માર્ગરૂપ સ્યાદ્વાદનો ખાસ સમાવેશ થાય છે. અને એ તેઓશ્રીના જગત ઉપરના મોટામાં મોટા અનેક ઉપકારો પૈકીનો એક મોટો ઉપકાર છે. તેઓશ્રીએ પ્રકાશેલા એ (સ્યાદ્વાદ) માર્ગને જે કોઈ અનુસરે છે, તે પોતાના જીવનમાં નડતી અનેક પ્રકારની બાહ્ય અને આભ્યંતર બધી જ આપત્તિઓનો વિજેતા બની જાય છે.

મનુષ્ય સ્વભાવ પ્રમાણે પ્રત્યેક મનુષ્ય આપત્તિઓથી બચવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને દરેક સમજદાર માણસ પોતાની શક્તિ અને ક્ષયોપશમ પ્રમાણે એના માર્ગો શોધે છે. અને શોધ કરતાં જ્યારે સંપૂર્ણ સચોટ માર્ગ હાથમાં આવે છે, ત્યારે જ માણસ સંપૂર્ણ રીતે આપત્તિમાંથી છૂટવાને માટે સમર્થ બને છે.

આપત્તિઓનો સમૂળ નાશ કરવા માટે પ્રભુ શ્રી મહાવીર સ્વામીજીએ જે માર્ગ બતાવ્યો છે, તે 'અનેકાંતવાદ' અથવા 'અપેક્ષાવાદ'ના નામે પણ ઓળખાય છે. તેનો આશ્રય લેનાર આ જગતમાં કોઈ પણ સ્થાને પરાભવ પામતો નથી, એવું તેઓશ્રીનું વચન છે. અને તેથી જ તેઓશ્રીના વચન ઉપર જેમને સંપૂર્ણ વિશ્વાસ છે, તેઓ જ્યારે જ્યારે

પરાભવ પામે છે, ત્યારે ત્યારે નમ્રતાપૂર્વક સ્વીકારે છે કે 'અમારો પરાજય થયો છે તેમાં જાણતાં કે અજાણતાં પણ જરૂર અમોએ સ્યાદ્વાદશૈલીનું (મર્યાદાનું) ઉલ્લંઘન કર્યું હશે.' અન્યથા સ્યાદ્વાદીનો કદી પણ પરાજય હોઈ શકે નહિ. સૂર્યની વિદ્યમાનતામાં 'અંધકાર છે,' એ ઉક્તિ જેટલી અસત્ય ઠરે છે, તેટલી જ સ્યાદ્વાદી પરાજય પામે છે, એ ઉક્તિ પણ અસત્ય ઠરે છે.

## સ્યાદ્વાદને જીવનમાં ઉતારો

જે કોઈ જૈનકુળમાં જન્મ લે, તે પ્રભુ શ્રી મહાવીર સ્વામીનો અનુયાયી ગણાય, એમ કહેવાય છે. પણ આ વ્યવહાર-વચન છે. તે સંપૂર્ણ સત્ય નથી, પણ આપેક્ષિત સત્ય છે.

ખરી રીતે તો જીવનમાં જેટલા પ્રમાણમાં સ્યાદ્વાદનું શક્ય પાલન થઈ શકે છે અને પાલન કરવાની જેટલા પ્રમાણમાં ભાવના રહે છે, તેટલા પ્રમાણમાં જ પ્રભુ શ્રી મહાવીરનું સાચું અનુયાયીપણું ઘટી શકે છે.

જગતને સુખી બનાવવા માટે ભગવાન શ્રી મહાવીર સ્વામીનો એટલો જ ઉપદેશ છે કે, 'સ્યાદ્વાદને જીવનમાં ઉતારો.'

સ્યાદ્વાદ એક એવી વસ્તુ છે કે જીવનમાં ઊતર્યા પછી, વ્યક્તિનું જીવન જગતમાં આપોઆપ શ્રેષ્ઠ બની જાય છે. એનું પાલન આવે છે એટલે બધી જ આપત્તિઓ, વગર પ્રયત્ને પલાયન થઈ જાય છે. સંપત્તિઓ સ્વાભાવિકપણે આવી મળે છે અને સર્વત્ર એના ( એ વ્યક્તિના ) નામની વિજયપતાકા ફરકે છે!

આપણા ચાલુ જીવનવ્યવહારમાં 'સ્યાદ્વાદ' ઘણો અગત્યનો ભાગ ભજવે છે અથવા તો સ્યાદ્વાદના આશ્રયથી જ આપણો આખો જીવનવ્યવહાર સુખપૂર્વક ચાલી રહ્યો છે, એમ કહેવું એમાં જરા પણ અતિશયોક્તિ નહિ લેખાય.

આ વાત સાવ સાચી હોવા છતાં તે આપણા ધ્યાનની લગભગ બહાર છે. એ આપણી તે વિષય પ્રત્યેની બેદરકારી તેમજ અજ્ઞાનતા છે. સ્યાદ્વાદની સહાય વગર ગમે તેવો સમર્થ માણસ પણ, પોતાનો વ્યવહાર એક દિવસ પણ ચલાવી શકવાને સમર્થ બની શકતો નથી.

આપણા જીવનની આસપાસ ઘણી એવી ચીજો સંકલિત થયેલી હોય છે કે જે જીવન જીવવામાં મુખ્ય ભાગ ભજવે છે અને તે આપણી તદ્દન નજીક હોય છે તેમ છતાં આપણે તે વસ્તુઓથી તદ્દન અજાણ હોઈએ છીએ.

જેમ કે ભોજન કર્યા પછી શરીરમાં કેવી રીતે લોહી, માંસ, ચરબી, હાડકાં, શુક્ર વગેરે ઝપાટાબંધ બને છે, તેને આપણે જાણતાં નથી. આ વસ્તુઓ આપણી અધિકાધિક નિકટ બની રહેલી હોવા છતાં અને જીવન જીવવામાં મુખ્ય ભાગ ભજવનાર હોવા છતાં આપણે એનાથી ઘણા જ અજાણ હોઈએ છીએ.

તેવી જ રીતે મનુષ્યમાત્રના જીવનની સાથે સ્યાદ્વાદ ઓતપ્રોત થઈને રહેલો છે. માણસ સુખપૂર્વક જીવનનિર્વાહ કરે છે, તેમાં સ્યાદ્વાદનું પાલન એ મુખ્ય કારણ છે. અને માણસ જ્યાં પરાભવ પામે છે, ત્યાં સ્યાદ્ભાવના પાલનનો અભાવ એ જ મુખ્ય કારણ છે. આ વસ્તુથી આપણે અજાણ છીએ તેથી જ સુખ-દુઃખમાં કે હાર-જીતમાં, સ્યાદ્વાદ સિવાય બીજાને તેનો યશ-અપયશ આપવા મંડી પડીએ છીએ. વસ્તુતઃ તો હાર અને જીતમાં મુખ્ય કારણ, સ્યાદ્વાદની હદમાં રહેવું યા તેનું ઉલ્લંઘન કરવું તે જ છે. આ રીતે અજાણતાં પણ સ્યાદ્વાદનું પાલન, આજ દિન સુધી આપણને અનેક આપત્તિઓ-માંથી ઉગારનારું બન્યું છે.

બોલનાર પ્રત્યેક મનુષ્યને શબ્દપ્રયોગ કરવો પડે છે, પણ તે બધાઓએ વ્યાકરણનું વ્યવસ્થિત જ્ઞાન મેળવેલું હોય છે, એવું નથી હોતું. તેમ છતાં તેઓ સુસંબદ્ધ, વ્યવ-સ્થિત અને વ્યાકરણ ભણેલાની જેમ ભાષાપ્રયોગ કરી શકે છે, તેમ સ્યાદ્વાદને નહિ સમજનારા પણ નૈસર્ગિક રીતે પ્રાપ્ત થયેલી શક્તિથી સ્યાદ્વાદનું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર જ જીવનમાં સહજ રીતે સ્યાદ્વાદનું પાલન કરે છે અને તેથી પોતાના કાર્યમાં સફળતા પણ મેળવે છે. પણ તે ધોરી માર્ગ ન કહેવાય (ગણાય), કારણ કે તેમાં ગોથું ખાઈ જવાની સંભાવના છે. ઉન્મત્ત માણસ પણ કોઈ વખતે સારું બોલે છે, તેમ કોઈ વખતે ઊટવૈદું કરવાથી પણ સાજા થઈ જવાય, પણ સમજુ માણસો તેના ઉપર વિશ્વાસ મૂકતાં નથી, તેમ સમજણપૂર્વક સ્યાદ્વાદનું પાલન જીવનમાં કેમ થાય તે સમજવાની ખાસ જરૂર છે.

## સ્યાદ્વાદનું શિક્ષણ

સ્યાદ્વાદ એક શ્રેષ્ઠ વસ્તુ છે, એ વાત આપણામાંથી અનેક સમજી શક્યા છે અને અનેકને સમજાવી શકે એવા પણ વિદ્વાન પુરુષો સમાજમાંથી મળી શકશે, છતાં પણ આ ક્ષેત્રમાં હજુ વધુ પ્રગતિ થવાની ખાસ જરૂર છે.

સ્યાદ્વાદને જીવનમાં કેવી રીતે ઉતારવો તે શિક્ષણ પ્રાપ્ત કરવા માટે તદ્દન નવા વિદ્યાર્થી બનવાની અને નવેસરથી એકડો ઘૂંટવા માટે પ્રયત્ન કરવાની જરૂર છે. જાણવા માત્રથી અને અનેકને સમજાવવા માત્રથી કાર્ય સરતું નથી.

સારી વસ્તુનું માત્ર વર્ણન કરવાથી કાર્ય સિદ્ધ થાય નહિ. વસ્તુ ગમે તેટલી સ્વાદિષ્ટ હોય, પણ તેનો સ્વાદ અનુભવી શકાતો નથી. તેના સ્વાદનો અનુભવ કરવા માટે તે વસ્તુ મોમાં મૂકવી પડે, તેમ સ્યાદ્વાદનો ખરેખરો લાભ ઉઠાવવા માટે તેને જીવનમાં ઉતારવો જોઈએ. જીવનમાં ઉતાર્યા સિવાય તેનો વાસ્તવિક સ્વાદ આપણને મળી શકે નહિ. પછી ભલે આપણે જગતમાં સ્યાદ્વાદી કહેવાતા કે ગણાતા હોઈએ અને જે કોઈ તેને જીવનમાં ઉતારે, તે નામથી સ્યાદ્વાદી કહેવાતા કે ગણાતા ન હોય તો પણ તેના

ખરા સ્વાદનું આસ્વાદન કરનારા બની જાય છે અને જગતમાં એમનું સ્થાન 'અજેય' બની જાય છે

જો સ્યાદ્વાદને જીવનમાં ઉતાર્યા સિવાય કે ઉતારવાની દરકાર રાખ્યા સિવાય માત્ર તેનું વર્ણન કરવામાં જ આપણે શૂરવીર હોઇએ તો આપણે નટ કરતાં ઊતરતા ગણાઈએ. કારણ કે નટ તો પોતાની ભૂમિકામાં રહીને પોતાનો પાઠ ભજવે છે, જ્યારે આપણે ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી, હલકી ભૂમિકાનો પાઠ ભજવનારા બની જઈએ.

## સ્યાદ્વાદની વફાદારી

જે માણુસ જે પ્રમાણે પોતે બોલે છે અને ઉપદેશ આપે છે, તે જ પ્રમાણે જો પોતે અંદરથી વર્તન કરે અથવા વર્તન કરવા માટે કાળજી રાખે અને આદર્શને પહોંચવા માટે તનતોડ પ્રયત્ન કરે, તો જ તે સ્યાદ્વાદને વફાદાર છે એમ ગણાય. અન્યથા એ સ્યાદ્વાદને બેવફા ગણાય, સ્યાદ્‌વાદનો ઘાતક ગણાય.

## અમાપ ઉપકારક સ્યાદ્વાદ

મનુષ્યો બીજા પ્રાણીઓથી શ્રેષ્ઠ ગણાય છે તેનું મુખ્ય કારણ તેઓ ( મનુષ્યો ) સ્યાદ્વાદને જીવનમાં ઉતારી શકે છે, ઉતારવા માટે સ્વતંત્ર છે–તે છે.

તે સ્યાદ્વાદને પોતાના જીવનમાં ઉતારવા માટે શ્રી જિનેશ્વરદેવોએ ઉગ્ર સાધના કરી છે અને અંતે જીવનમાં તેનું સાંગોપાંગ પાલન કર્યું છે. માટે જ શ્રી તીર્થંકર ભગવંતો 'શ્રેષ્ઠ પુરુષોત્તમ પુરુષ' ગણાય છે અને એમના ઉપદેશ મુજબ ત્યાર પછીના મહાપુરુષોએ આ આદર્શને જીવનમાં જીવીને પચાવીને, શાસ્ત્રોમાં લખીને, આજ સુધી પુષ્કળ પરિશ્રમ વેઠીને ટકાવી રાખ્યો છે. તે ભવિષ્યની પ્રજા એને જીવનમાં ઉતારી તેના લાભને ઉઠાવે તે માટે છે.

સ્યાદ્વાદને જીવનમાં કેમ ઉતારવો એ માટેનો ઉપદેશ જૈન શાસ્ત્રોમાં ભરેલો છે, પણ તેને જીવનમાં ઉતારવાની વ્યવસ્થિત તાલીમની પણ જરૂર છે. ઠેર ઠેર આ તત્ત્વ-જ્ઞાનની તાલીમ મળે એવાં કેન્દ્રો ઊભાં કરવા જોઈએ. અને આવા કાર્યોની અંદર સમગ્ર સમાજે એક થવું જોઇએ. જ્ઞાની ભગવંતોએ સ્યાદ્‌વાદના પાલન ઉપર જેટલો ભાર મૂક્યો છે, એટલી જ કાળજી તેના પાલન માટે બતાવતા આપણે થઈ જવું જોઇએ.

સ્યાદ્વાદી એટલે જગતનો તાજ વગરનો રાજા, જગતનો ત્રાતા. વિવેકી પુરુષોની પરિષદમાં એની સત્તા સૌથી અધિક હોય. આ પરિસ્થિતિ આજ સુધી અખંડ રીતે ચાલી આવી છે.

માત્ર વિવાદ કરીને સ્યાદ્વાદની સર્વોપરિતા સ્થાપન કરે એવા વિદ્વાનો કરતાં, સ્યાદ્વાદને જીવનમાં કેમ ઉતારવો તેનું શિક્ષણ આપી શકે, જીવનની સાથે સ્યાદ્વાદને

અસ્થિમજ્જાવત્ બનાવી શકે, એવા વિદ્વાનોની શાસનને વધારે જરૂર છે. તે માટે આ દિશામાં પ્રયત્ન કરવાની ખૂબ જરૂર છે. હૃદયને વિશાળ અને પ્રેમી બનાવવાની સૌથી પ્રથમ જરૂર છે. સમાન વિચારવાળાઓએ પરસ્પર સંગઠન કરવાની અને ઉત્તેજન આપવાની જરૂર છે.

આ કાર્ય કઠણ છે, પણ તેને અપનાવ્યા સિવાય શાસનમાં ઉદારતા, વિશાળતા, પરમાર્થ પરાયણતા, ગુણગ્રાહિતા વગેરે લાવી શકાય તેમ નથી. માટે જ સ્યાદ્વાદ અમાપ ઉપકારકારક લેખાયો છે કે જે જીવનને 'ગુણધામ' બનાવી શકે છે.

અહીં સ્યાદ્વાદનો સંક્ષિપ્ત અર્થ એટલો જ લેવાનો છે કે, સ્યાદ્વાદ એટલે અપેક્ષાવાદ. એટલે દરેક વસ્તુને અપેક્ષાથી ઘટાવતાં શીખવું તે.

'આ આમ જ' અને 'આ આમ જ' એમ નહિ, પણ આ અપેક્ષાથી 'આ આમ છે' અને આ અપેક્ષાથી 'આમ છે' એમ ઘટાવવું એ જ સ્યાદ્વાદનું રહસ્ય છે.

'અમે સર્વ રીતે સાચા અને બીજા સર્વ રીતે ખોટા', એવી સમજ, ખ્યાલ કે બોલ, એનું નામ એકાંતવાદ. અને તે અનેકાંતવાદનો કટ્ટર શત્રુ છે. 'આ અપેક્ષાથી અમે સાચા' અને 'આ અપેક્ષાથી તમે ખોટા' પણ બધી અપેક્ષાએ નહિ. એવો અભિગમ, તમામ વિવાદો તેમ જ વિખવાદોને તરત જ શમાવી દે છે અને નવાને ઉત્પન્ન થવાનો અવકાશ ઊભો થવા દેતો નથી.

સ્યાદ્વાદનું પાલન જીવનમાં સુસંવાદ સ્થાપવાનો સર્વોત્તમ માર્ગ છે.

સમાજ તેમજ સકળ શ્રી સંઘમાં આત્મોન્નતિકારક એકસંપી કેળવવાનો જે રાજમાર્ગ તે પણ સ્યાદ્વાદનું અનુસરણ છે.

અનન્ય ઉપકારી શ્રી તીર્થંકરદેવોની આજ્ઞાનું યથાર્થ પાલન સ્યાદ્વાદના પાલનથી થઈ શકે છે. અને તેના પરિણામે આત્મા આર્ત્તધ્યાનથી બચીને શુભ ધ્યાનમાં યાને ધર્મધ્યાનમાં જોડાઈ શકે છે અને ધર્મનું ધ્યાન સ્વપર ઉભયનું કલ્યાણ કરનારું નીવડે છે.

એટલે આપણે સહુએ સાચા સ્યાદ્વાદી બનવાની દિશામાં પ્રયત્નશીલ બનવાની ખાસ જરૂર છે કે જેથી વિતંડાવાદને જન્મવાની એક પણ તક ઊભી ન થાય અને જીવનને સાર્થક કરવાની પ્રત્યેક તકનો આપણે સફળતાપૂર્વક સદુપયોગ કરીને શ્રી જૈન-શાસનને પૂરા વફાદાર બની શકીએ.

## સ્યાદ્વાદ દૃષ્ટિ

બીજાના પરમાણુ જેટલા ગુણને અને પોતાના પરમાણુ જેટલા દોષને પર્વત જેવા જોવાનું કારણ એ છે કે, સમ્યગ્દૃષ્ટિ જીવ બીજાના ગુણોને વ્યવહાર નયથી જુએ છે અને પોતાના આત્માને નિશ્ચય નયથી જુએ છે.

**નિશ્ચયથી** શુદ્ધ એવા આત્મામાં અલ્પ પણ દોષ અસહ્ય છે. વ્યવહારથી અશુદ્ધ એવા આત્મામાં ઘણા પણ દોષ અલ્પ છે.

એ રીતે પોતાના મોટા ગુણને પણ નાનો અને બીજાના નાના ગુણને પણ મોટો જોવાની પાછળ પણ એ જ સિદ્ધાન્ત રહેલો છે.

નિશ્ચયથી ગુણ વડે પરિપૂર્ણ આત્માને જોવાથી થોડા પણ ગુણની ન્યૂનતા ખટકે છે. વ્યવહારથી અપૂર્ણ એવા જીવની અંદર થોડો પણ ગુણ મોટો દેખાય છે.

એ રીતે સ્યાદ્વાદ દૃષ્ટિ, બીજાના નાના પણ ગુણની કદર કરી શકે છે અને પોતાના નાના પણ દોષને મોટો માની શકે છે.

અનેકાંત ભાવનાજન્ય તત્ત્વજ્ઞાનથી જ આ દૃષ્ટિ પ્રાપ્ત થઈ શકે છે અને એ દૃષ્ટિથી જ 'समयं गोयम ! मा पमायए' એ ઉપદેશ ઘટી શકે છે.

## ઉત્સર્ગ અને અપવાદ

જ્યાં સુધી આત્માના શુદ્ધ ઉપયોગમાં સુસ્થિર ન થવાય, ત્યાં સુધી આચરણની સુસ્થિતિ માટે ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી સાધવી જોઈએ.

પોતાની નિર્બળતાનો ખ્યાલ રાખ્યા વિના એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખી અતિ કર્કશ આચરણની હઠ ન કરવી જોઈએ. તેમજ ઉત્સર્ગરૂપ ધ્યેયને તદ્દન ભૂલી જઈને એકલા અપવાદના આશ્રયરૂપ કેવળ મૃદુ (અનુકૂળ અને સુખ શાન્તિપ્રદ) આચરણરૂપ શિથિલતા પણ ન સેવવી જોઈએ.

સર્વજ્ઞ ભગવંતોનો માર્ગ 'અનેકાંત'નો છે. એકાંત હઠ પણ ન થાય અને એકાંત શિથિલતા પણ ન સેવાય, એ રીતે વર્તવું જોઈએ.

નિષ્કપટપણે પોતાની દશા તપાસીને એકંદરે આત્મહિત થાય તે રીતે વર્તવાની શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે.

પોતાની ગમે તેવી સબળ કે નિર્બળ સ્થિતિ વખતે એક જ પ્રકારનું વર્તન રાખવું એ એકાંત હોવાથી શ્રી જિનેશ્વર ભગવંતોનો માર્ગ નથી, માટે તેનો ત્યાગ કરીને, વિવેકપૂર્વક ઉત્સર્ગ અપવાદની મૈત્રીનો સુયોગ સાધવો જોઈએ.

卐

# એકાંત દૃષ્ટિના દોષો

કુદરતી રીતે આપણને આંખો મળી જ છે! પરંતુ તે પોતાની સામેની વસ્તુઓની એક જ બાજુ જોઈ શકે છે. વસ્તુ માત્રને બીજી બાજુ પણ હોય છે. તે જોવા માટે કાં તો વસ્તુને ફેરવી–ફેરવીને જોવી પડે છે અથવા તો બીજી બાજુ જોવા માટે આપણે જાતે ફરવું પડે છે. આપણું જ્ઞાન એકપક્ષીય ન બની જાય, તે માટે આમ કરવું આવશ્યક

છે. અધૂરા જ્ઞાનમાંથી અનર્થો પેદા થાય છે. અલ્પ જ્ઞાન તે અતિ હાનિ-એમ કહેવાય છે, તે ખોટું નથી. આમ ઢાલની બીજી બાજુ અનેક ક્ષેત્રોમાં જોવાની રહી જાય છે.

સુંદર, મુલાયમ તળાઈમાં સૂવા ઇચ્છીએ છીએ, ત્યારે ખડતલ મટી આપણે સુંવાળા બનીશું-એ જોવાનું રહી જાય છે.

સ્વાદિષ્ટ વાનગીઓ જોઇએ છીએ, ત્યારે તેના સેવનથી થતો અપચો, આપણે જોતા નથી.

જીવનના રંગરાગ તરફ નજર જાય છે, ત્યારે મૃત્યુનું અસ્તિત્વ જોવાનું રહી જાય છે.

સુખની શોધમાં ભટકતી વખતે, તેના પડછાયા જેવા દુઃખ તરફ આંખો મંડાતી નથી.

શ્રમ ટાળવા એક પગે તૈયાર રહીએ છીએ, ત્યારે શ્રમમાં રહેલા આશીર્વાદનું સ્વરૂપ નજરે ચઢતું નથી.

પ્રેમ કરવાની તાલાવેલી જાગે છે, ત્યારે સાથે-સાથે તે પ્રેમનો નિભાવ કરવા કાજે કરવા પડતાં ત્યાગનું દર્શન જ થતું નથી !

આપણી દૃષ્ટિ જેમ એક તરફી હોય છે, તેમ ઘણી વાર બહુ જ ટૂંકી પણ હોય છે. આપણને એકી વખતે સમયનો અને સ્થળનો કોઈ નાનકડો એકાદ ખંડ જ દેખાય છે. એને સર્વ કાંઈ માની આપણે તેમાં ગુલતાન બની જઈએ છીએ. એનાથી આગળનો ભાગ કે આગળનો કાળપ્રવાહ આપણી ટૂંકી દૃષ્ટિમાં આવતો નથી.

ટૂંકી દૃષ્ટિવાળો વેપારી, ગ્રાહકને ખરાબ માલ આપી, વધારે ભાવ લઈ એક જ વખતમાં બધો નફો લઈ લેવાનું મન કરે છે.

## ટૂંકી દૃષ્ટિથી અનર્થ

ઈસપ-નીતિની એક કથામાં આવે છે કે એક ખેડૂત હરરોજ સોનાનું ઈંડું મૂકતી હંસલીને, તેના પેટમાં રહેલું બધું જ સોનું મેળવવાની લાલચે મારી નાંખે છે અને અંતે ભિખારી થાય છે. તેવી જ રીતે ટૂંકી દૃષ્ટિથી કામ કરતાં લોકો અનર્થો કરી મૂકે છે.

જો વસ્તુઓની અનેક બાજુઓ જોવાની તેમ જ લાંબે સુધી જોવાની. આપણે ટેવ પાડી હોય, તો લોભામણી વસ્તુઓનું ખોટું આકર્ષણ મટી જાય અને અણગમતી વસ્તુઓ તરફનો તિરસ્કાર ઓછો થઈ જાય. વળી આપણી લાગણીઓ અને વિચાર-શક્તિ સમતોલપણે કામ કરે. તેથી પ્રવર્તમાન સ્થિતિઓ આપણને યોગ્ય લાભ અપાવે અને અયોગ્ય હાનિથી બચાવી લે. દેખીતો લાભ એ કંઇ સર્વેસર્વા લાભ નથી અને દેખીતો ગેરલાભ એ સો એ સો ટકાનો ગેરલાભ નથી.

જીવનમાં એક ત્રીજી દૃષ્ટિ કેળવવાની પણ જરૂર છે. તેનું નામ છે : સૂક્ષ્મ દૃષ્ટિ !

જગતમાં બધી વસ્તુઓ અરસપરસ અવિચ્છિન્ન રીતે ગૂંથાયેલી છે. એકનો સંબંધ બીજા સાથે હોય જ છે. એકમાં ફેરફાર થાય, એની અસર બીજા પર થયા વિના રહેતી નથી. આપણે એકનો ફેરફાર જોઈએ છીએ, પણ એનાથી થતાં અનેકવિધ પરિણામોનો વિસ્તાર જોતા નથી.

માથું દુઃખે ત્યારે આપણે બામ લગાડીને કે 'એસ્પ્રો' (ASPRO) લઈને સંતોષ અનુભવીએ છીએ. પણ માથું દુઃખવું એ શરીરના સમગ્ર સ્વાસ્થ્યથી અલગ વસ્તુ નથી. ફક્ત માથાની જ દવા કરાવવી તે સ્થૂલ અને અપૂર્ણ છે. એની પૂર્તિ માટે દર્દનું હાર્દ જોવાની સૂક્ષ્મ દૃષ્ટિ જરૂરી છે.

જો આવી સૂક્ષ્મ દૃષ્ટિ ખીલવવા માટે પ્રયત્ન કરીએ, તો જ ખરો માર્ગ હાથ લાગે. સાચા માર્ગે ચઢ્યા પછી આપોઆપ બધું સારું થવા લાગે છે.

મૂળિયું હાથમાં આવ્યું કે થડ, ડાળીઓ, પાંદડાં, ફળ, ફૂલ આ બધું હાથમાં આવે છે. મૂળને પોષણ આપવાનું શરૂ કર્યું કે આખા વૃક્ષને પોષણ મળવા લાગે છે.

સાચો ડૉક્ટર અનેક વ્યાધિઓની જુદી જુદી દવા કરવા કરતાં, રોગનું મૂળ શોધી તેને જ હઠાવવા પ્રયત્ન કરે છે. આવી સૂક્ષ્મ દૃષ્ટિ જ જીવનમાં કામ આપી શકે છે.

આમ, એકદેશીય દૃષ્ટિ, અ દીર્ઘદૃષ્ટિ અને સ્થૂલ દૃષ્ટિ–આ ત્રણેય દૃષ્ટિ દોષિત છે. દૃષ્ટિના આ દોષને દૂર કર્યા વિના સાચું તત્ત્વદર્શન થતું નથી.

જૈન દર્શનની દૃષ્ટિ, સ્યાદ્વાદનો સિદ્ધાન્ત અને તેની પરિણતિ, દૃષ્ટિના ઉપરોક્ત ત્રણે દોષો અને તેનાથી નિપજતા અનર્થોનું નિવારણ કરી આપે છે.

ન્યાયનો અપલાપ કરી, જીવનમાં અશાન્તિ પેદા કરનારી એકાંતદૃષ્ટિથી બચવા માટે સહુએ અનેકાંતદૃષ્ટિના ઉપાસક બનવું જ રહ્યું.

卐

# અનેકાંતવાદ

અનેકાંતવાદ મોક્ષસાધનાનું અનન્ય સાધન છે.

વસ્તુ અનેક ધર્મવાળી છે તેથી અનેકાંતવાદ વડે શુદ્ધ થયેલી બુદ્ધિ વસ્તુ સ્વરૂપને યથાર્થ જાણે છે.

સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખી, સત્યનો સ્વીકાર અને અસત્યનો પરિહાર કરવો એ અનેકાંતવાદ યાને સ્યાદ્વાદની પરિણતિ છે.

અહિંસાધર્મના શ્રેષ્ઠ પાલન વિના મોક્ષપ્રાપ્તિ શક્ય નથી. કેવળ શારીરિક નહિ, કિન્તુ વાચિક અને માનસિક અહિંસાના શિખરે પહોંચવા માટે સ્યાદ્વાદનો આશ્રય અનિવાર્ય છે.

જૈન દૃષ્ટિની વિશેષતા સ્યાદ્વાદ સિદ્ધાન્તના નિરૂપણમાં રહેલી છે. એવી સમજણ પ્રાપ્ત થવી એ ભાવસમ્યગ્દર્શન છે.

અહીં દ્રવ્ય એટલે સત્યની રુચિ અને ભાવ એટલે સત્યનો પરીક્ષાપૂર્વક સ્વીકાર અભિપ્રેત છે. તેથી ભાવસમ્યગ્દર્શન, સ્વપરશાસ્ત્રવેત્તા ગીતાર્થ મહાત્માઓને જ માનેલું છે.

તેમની નિશ્રાએ વર્તનાર તત્ત્વરુચિવાન જીવોને ભાવના કારણરૂપ દ્રવ્ય-સમ્યગ્દર્શન સ્વીકાર્યું છે.

બીજી રીતે સમ્યગ્દર્શનના બે ભેદ છે, તે નિશ્ચય અને વ્યવહાર.

વ્યવહાર સમ્યગ્દર્શન દેવપૂજન અને ધર્મારાધના આદિ ધર્મક્રિયાઓ કરનારમાં માનેલું છે અને નિશ્ચય સમ્યગ્દર્શન, સાતમે ગુણસ્થાનકે અને તેની ઉપર રહેલા અપ્રમત્ત મુનિવરોને સંભવે છે, કે જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા અર્થાત્ જેવું જ્ઞાન તેવી જ શ્રદ્ધા અને જેવાં જ્ઞાન અને શ્રદ્ધા તેવાં જ પ્રકારની પરિણતિ, આત્મસ્થિતિ હોય છે.

એ સ્થિતિએ પહોંચવા માટે સ્યાદ્વાદનો આશ્રય અનિવાર્ય છે.

## સ્યાદ્વાદની આવશ્યકતા

સ્યાદ્વાદ એ એક એવા પ્રકારની ન્યાયબુદ્ધિ છે કે જ્યાં સત્યના કોઈ પણ અંશનો અસ્વીકાર અને અસત્યના કોઈ પણ અંશનો સ્વીકાર સંભવી શકતો નથી.

માર્ગાનુસારી ન્યાયસંપન્ન વૈભવ આદિથી માંડીને, અંતરંગ ષડ્રિપુઓના ત્યાગ પર્યંતના સઘળા નિયમોનું ભાવપૂર્વક પાલન એ સ્યાદ્વાદ સિદ્ધાન્તને પચાવવાની અને પામવાની પૂર્વ-લાયકાત છે.

વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે અથવા એક જ સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રિધર્માત્મક છે તથા કાર્યમાત્ર અનેક કારણોના એકત્ર મળવાનું પરિણામ છે.

જ્યારે છદ્મસ્થનું જ્ઞાન કોઈ એક ધર્મ કે કોઈ એક કારણને આગળ કરીને જ થઈ શકે છે. તેથી જો તે એક જ ધર્મ કે એક જ કારણ વસ્તુનું સ્વરૂપ કે કાર્યનો હેતુ મનાઈ જાય તો વસ્તુને જ અન્યાય થાય છે. બુદ્ધિનો દ્રોહ થાય છે. સકળ કાર્યના પ્રયોજનભૂત કાર્ય જે આત્મમુક્તિ, તે અસંભવિત બની જાય છે. માટે પ્રત્યેક વાક્ય, જો સ્યાત્ પદલાંછિત હોય તો જ પ્રમાણ છે.

પ્રત્યેક વિચાર, કોઈ એક અપેક્ષાને આગળ કરીને જ હોય છે, તે પૂર્ણ સત્ય ત્યારે જ બને કે જ્યારે અન્ય અપેક્ષાઓ તેમાં ભળે છે અને વસ્તુના સમગ્ર રૂપને સ્વીકારવા તત્પર હોય છે.

પ્રત્યેક પ્રવૃત્તિ મોક્ષગામી ત્યારે જ બની શકે કે જ્યારે તેની પાછળ પૂર્ણતાની પ્રાપ્તિનો હેતુ હોય. પૂર્ણતાના સાધનરૂપ માનીને તેને અપનાવવામાં આવે છે, કિન્તુ તે પોતે કદી પૂર્ણરૂપ હોઈ શકતી નથી. પૂર્ણતા તરફ લઈ જનારી અપૂર્ણ પ્રવૃત્તિઓ પણ

પૂર્ણતાનો હેતુ હોવાથી ઉપચારથી પૂર્ણ મનાય છે. આ જાતિનો વિચાર સ્યાદ્વાદીને જીવતો અને જાગતો હોય છે.

વૃત્તિ કે પ્રવૃત્તિને અહિંસક બનાવનાર તથા સત્યનો ઘાત કે વિરોધ નહિ કરનાર એકનું એક સાધન કોઈ પણ હોય તો, બુદ્ધિમાં કે પ્રવૃત્તિમાં સ્યાદ્વાદને પરિણમાવવો તે જ છે.

કોઈ કહે છે કે જીવ અનાદિથી જ્ઞાનના અભાવે ભટકે છે, કોઈ કહે છે કે ક્રિયાના અભાવે. પરંતુ ભટકવાનું સાચું કારણ કોઈ પણ હોય તો તે એક જ છે—જીવની સ્યાદ્વાદ પરિણતિનો અભાવ.

જીવને આગળ વધવામાં જરૂરીમાં જરૂરી કોઈ પણ વસ્તુ હોય તો તે નિરાગ્રહિતા છે.

સત્યનું મમત્વ અને અસત્યનું અમમત્વ નિરાગ્રહિતાનું ચિહ્ન છે. એના અભાવે જીવ જ્યાં–ત્યાં ખત્તાં ખાય છે. મોક્ષમાર્ગમાં તે એક મોટું વિઘ્ન અને અંતરાય છે. તેને દૂર કર્યા સિવાય એક ડગલું પણ આગળ ભરી શકાતું નથી, એવી સમજણ લઘુકર્મી આત્માઓને આવે છે, ત્યારે તેમનામાં સ્યાદ્વાદ રુચિ જાગે છે અને સ્યાદ્વાદી પુરુષોનાં વચનો તેને અમૃત જેવાં મીઠાં લાગે છે.

## એકાંતવાદ અસત્ય છે

વ્યવહારમાં આ સ્યાદ્વાદ સિદ્ધાન્તનું પાલન ઘણી વાર ભૂલયુક્ત થાય છે, જ્યારે મોક્ષમાર્ગમાં તો તેનો વારંવાર ભંગ થાય છે. તે ભંગમાંથી જ અનેક દર્શન, વાદ, મત અને તેની પરંપરાઓ જન્મે છે. જે મોટા ભાગે એકાંતવાદના પાયા ઉપર જ રચાયેલા હોય છે. એ એકાંતને જ જૈનશાસ્ત્રકારો નિશ્ચયથી મિથ્યાત્વ કહે છે અને અનેકાંતને જ સમ્યક્ દર્શન તરીકે સંબોધે છે.

એકાંતવાદીને જીવાદિક તત્ત્વના સ્વરૂપ અને તેના નિરૂપણમાં એકાંત–નિત્ય કે એકાંત–અનિત્યાદિ દૂષણો આવે છે એટલું જ નહિ પણ મુક્તિના ઉપાયમાં ખેંચતાણ આવીને ઊભી રહે છે. એ એક પક્ષની દુરાગ્રહિતા જ જીવના મોક્ષમાં અંતરાયરૂપ નીવડે છે. તેને ટાળવા માટે સ્યાદ્વાદ પરિણતિની જરૂર પડે છે અને એ પરિણતિનું ઘડતર જીવનના પ્રત્યેક વ્યવહારમાં શુદ્ધિની અપેક્ષા રાખે છે.

સર્વત્ર ઉચિત પ્રવૃત્તિનું બીજું નામ All life is yoga એમ કહી શકાય.

એ ઉચિત પ્રવૃત્તિ તો જ થઈ શકે જો સ્યાદ્વાદ પરિણતિ ઘડાયેલી હોય અથવા સ્યાદ્વાદ પરિણતિને ઘડવા માટે ઉચિત પ્રવૃત્તિ સાધનરૂપ પણ બની શકે. એમ પરસ્પર કાર્યકારણરૂપ બનીને જીવની એક એવી અવસ્થા આવે છે કે જે વડે પછી તે પ્રત્યેક વ્યવહારમાં સત્યનું સાંગોપાંગ પાલન કરી શકે છે. સત્યના એ સાંગોપાંગ પાલનને આપણે 'અહિંસા' શબ્દથી સંબોધી શકીએ.

અહિંસાની પાછળ આટલો વિશાળ ભાવ રહેલો છે એ સમજાવવા માટે જ તેને દ્રવ્ય, ભાવરૂપે, હેતુ-સ્વરૂપ-અનુબંધરૂપે, ઉત્સર્ગ-અપવાદરૂપે તેમ જ બીજી પણ અનેક રીતે વર્ણવવામાં આવેલી છે. એ સમજવું તે ઘણું જ રસમય છે. મુમુક્ષુઓને અત્યંત ઉપયોગી છે અને એની ઉપયોગિતા લક્ષમાં આવ્યા પછી જ શ્રી જિનાગમોની ગંભીરતા ખ્યાલમાં આવે છે.

卐

# શુદ્ધ નયની ભાવના

અસીમ ઉપકારી પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીનું અધ્યાત્મ-દર્શન.

પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના દર્શનમાં પ્રત્યેક જીવાત્મા અનાદિ નિધન અને શુદ્ધ નિરંજન છે. જે કાંઈ અશુદ્ધિ છે, તે પર્યાયગત છે અને ઔપાધિક છે, મૂળભુત નથી.

નિશ્ચય દૃષ્ટિથી વિચારતાં નિગોદથી માંડીને સિદ્ધિ પર્યંતના જીવો શુદ્ધ છે, એક-રસ છે, સમ છે, નિર્વિકલ્પ અને નિર્વિભેદ છે. સર્વ જીવ શુદ્ધ નયથી શુદ્ધ છે.

આ રીતે શુદ્ધ નય કોઈ પણ જાતના ભેદભાવ વિના વિશ્વ ચૈતન્ય અખંડ પરબ્રહ્મ સ્વરૂપ જુએ છે. નરમાત્રમાં નારાયણને જુએ છે. પ્રાણીમાત્રમાં પરમાત્મ-દર્શન કરે છે.

પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીનો પ્રત્યેક અનુયાયી એ રીતે આત્મભાવની ભાવના કરી રહેલ હોય છે, એ માત્ર કલ્પના નથી, પણ સત્ય ભાવના છે અને આત્મભાવના કહેવામાં આવે છે. કહ્યું છે કે-

'ઉચિત વ્યવહાર અવલંબને એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવીએ શુદ્ધ નય ભાવના પાવનાશયતણું ઠામ રે. ચેતન જ્ઞાન અજુવાળીએ.
દેહ, મન, પુદ્ગલ થકી કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય-અકલંક છે જીવનું જ્ઞાન-આનંદ-સ્વરૂપ રે. ચેતન...'

"હું એક-અખંડ, જ્ઞાયક, ચિત્, ચૈતન્યમૂર્તિ છું. પરાશ્રયથી રહિત એક માત્ર નિર્દ્વન્દ્વ સ્વાવલંબી, જ્ઞાનસ્વભાવી, અનાદિ-અનંત આત્મા છું."

## આત્માનું અસ્તિત્વ

'अतते इति आत्मा।' સ્વભાવમાં સતત ગતિશીલ. જ્ઞાનશીલ, પ્રાપ્તિશીલ તે આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવથી સત્ છે. પર દ્રવ્યાદિથી અસત્ છે.

મારો એક આત્મા જ મારા માટે ધ્રુવ છે, આધાર છે, આલંબન છે, શરણ છે. હું મારો છું, બાહ્ય દૃષ્ટિથી વિવિધ નિમિત્તોના કારણે મારામાં નાનાત્વ છે, પણ આંતર દૃષ્ટિએ જોતાં એક અભેદ, જ્ઞાયક, શુદ્ધ, અસંગ આત્મા જ છે.

આત્મા જેટલા અંશે પોતાને ભૂલે છે, તેટલા અંશે પરાશ્રયી બને છે. શુભાશુભ ભાવવાળો બને છે. તેનું મૂળ સંસાર ભાવ છે, જેટલા અંશમાં આત્મદૃષ્ટિવંત બને છે, સ્વાશ્રયનું લક્ષ્ય કરે છે. ત્રિકાળ એકરૂપ, ધ્રુવ જ્ઞાયક રૂપમાં પરિણામ પામે છે, તેનું ફળ મુક્તિભાવ છે.

આત્મભાવના તે અહંકારથી રહિત શુદ્ધ અહંનો શુદ્ધ બોધ છે. 'I am that I am.'

જ્યાં સુધી સાધક સ્વાશ્રયી શુદ્ધ અહંનો નિર્મળ બોધ નથી કરતો, ત્યાં સુધી તે નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિ છે. સ્વતંત્ર સ્વત્વ પર, પૂર્ણ અખંડ વ્યક્તિત્વ પર તેને આત્મ-વિશ્વાસ બનતો નથી, પર મુખ પ્રેક્ષણ કરી જગતના દાસરૂપે ઘર ઘર ભટકે છે.

સ્વાશ્રયી ભાવનું દર્શન, આંતરિક પુરુષાર્થને જગાડે છે. એ પુરુષાર્થ વડે જ મુક્તિ લાભ થઈ શકે છે. તે પુરુષાર્થને જ બળ, વીર્ય પૌરુષ, પરાક્રમ આદિ વિવિધ નામોથી સંબોધવામાં આવેલ છે.

દૃષ્ટિમાં શુદ્ધ નિશ્ચયને ધારણ કરીને વ્યવહાર કરવામાં આવે છે, તો તે ઉચિત વ્યવહાર બને છે.

દૃષ્ટિમાં શુદ્ધ નિશ્ચયનો પ્રકાશ ધારણ કરીને, પોતાના સ્વત્વને, વ્યક્તિત્વને પૂર્ણતાના બોધથી ભાવિત કરીને, જે વ્યવહાર કરવામાં આવે છે, તે જ શુદ્ધ વ્યવહાર છે. કહ્યું છે કે–

'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર ॥
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર ॥

આ નિશ્ચયદૃષ્ટિ મુમુક્ષુની પરાશ્રયી મનોવૃત્તિનું એક બાજુ મૂલોચ્છેદન કરે છે, જ્યારે બીજી બાજુ વ્યવહારદૃષ્ટિ બીજાઓ પ્રત્યે સહિષ્ણુ, ઉદાર અને સમબુદ્ધિ બનાવે છે.

બીજાના વ્યક્તિત્વને જ્યારે કેવળ વ્યવહાર પક્ષથી જ જોવામાં આવે છે ત્યારે શુભા-શુભ વિકલ્પોની માયાજાળ પ્રસરે છે.

શુદ્ધ નયનું અધ્યાત્મ દર્શન એ જ સર્વત્ર વ્યાપ્ત વિષમતામૂલક વિષ પ્રવાહનું અમોઘ ઔષધ છે.

જ્યારે આપણે પ્રાણીમાત્રમાં ઉપરના દ્વન્દ્વોથી મુક્ત, અંદર રહેલી ચેતનાનું દર્શન કરીએ છીએ, ત્યારે સર્વત્ર એકરસ, શુદ્ધ નિરંજન, નિરાકાર પરબ્રહ્મ ભાવનો સાક્ષાત્કાર થાય છે. જ્યાં એકતા, એકરૂપતા અને સમતા જ રહેલી છે. વિષમતા, ઘૃણા, વૈર અને દ્વન્દ્વનો સર્વથા અભાવ છે.

જે કાંઈ ભેદ છે, વૈષમ્ય છે, તે સર્વ ઔપચારિક–ઔપાધિક છે. આત્માના મૂળમાં તેનું લેશ માત્ર અસ્તિત્વ નથી.

જે ઉપચાર છે તે આરોપિત છે અને જે આરોપિત છે તે શુદ્ધ, સાર્વભૌમ જ્ઞાન ચેતનાના શુદ્ધ પરિણમનથી દૂર કરી શકાય છે.

જ્યારે આપણે વિષમતાને મૌલિક માનવાનો ઇન્કાર કરીએ છીએ, ત્યારે તે વિષમતા પોતાની મેળે જ મરી જાય છે.

એ રીતે પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીનું અધ્યાત્મદર્શન પ્રત્યેક વ્યક્તિની નૈશ્ચયિક શુદ્ધતા અને સ્વતંત્રતાનું પ્રતિપાદન કરે છે. તેના પરિણામે સમસ્ત ચૈતન્યજગતમાં એકરસતા અને સમત્વની સ્થાપના થાય છે.

આ દર્શનને દેવાધિદેવનું દર્શન કહે છે, જેનામાં સર્વ પાપનો સમૂલ ઉચ્છેદ કરીને, સર્વ મંગલ પ્રદાયકતા રહેલી છે.

卐

## વ્યવહાર-નિશ્ચય દર્શન

વ્યવહારનયને ન સ્વીકારવાથી તીર્થનો વિચ્છેદ થાય છે. તે વ્યવહારનયનું બીજ 'परस्परोपग्रहो जीवनाम् ।' છે.

નિશ્ચયનયને ન સ્વીકારવાથી તત્ત્વનો વિલોપ થાય છે. તેનું બીજ 'उपयोगो लक्षणम्' સૂત્ર છે.

'ઉપયોગે ધર્મ'ના ટંકશાળી સૂત્ર અનુસાર, તે તત્ત્વજીવી છે, જેનો ઉપયોગ આત્મતત્ત્વમાં છે.

આ ઉપયોગ લક્ષણ કોઈ કાળે નાશ પામતું નથી. તે જાણવા છતાં નાશ પામનારા પદાર્થો સાથે એકતા કરવાથી આત્મોપયોગથી ભ્રષ્ટ થવાય છે, એટલે માનવી લક્ષ્યભ્રષ્ટ થઈને ચારગતિમાં ભટકે છે.

જે કદી પોતાના ઉપયોગથી ભ્રષ્ટ થતો નથી, તેનો (તે આત્માનો) દુરૂપયોગ કદી ન કરવો, તે તત્ત્વમતિવંતનું લક્ષણ છે.

અતત્ત્વને ઉપયોગ હોતો નથી, કારણ કે તે ચેતનારહિત છે.

વ્યવહારનયના બીજરૂપ 'પરસ્પર ઉપગ્રહ કારકતા' અને નિશ્ચય નયના બીજરૂપ 'ઉપયોગ', આ ઉભયનો વિવેકપૂર્ણ સમાવતાર કરનારો સાધક મોક્ષમાર્ગમાં સરળતાથી આગળ વધી શકે છે.

બીજા બધા મારા ઉપકારી છે. માટે મારાથી કોઈ પર અપકાર ન કરાય એ નિયમને જીવનમાં વણવાથી વ્યવહારધર્મ નિશ્ચયધર્મનો પાયો બને છે. પછી આત્મ-જીવીપણું સુલભ બને છે.

સ્વને અહંકારરહિત બનાવવામાં 'પર'ની અમાપ ઉપયોગિતા છે.

જ્યાં અહંકારરહિતતા છે, ત્યાં હૃદયની વ્યાપકતા છે. વિશુદ્ધિ છે. એથી વ્યવહાર-

નય અંતઃકરણની વિશુદ્ધિ કરે છે. માટે ઉપાદેય છે. અંતઃકરણની વિશુદ્ધિ રત્નત્રયીની પુષ્ટિ કરે છે અને તેના ફળ સ્વરૂપે 'આત્મા' હાથ લાગે છે.

જે કદી પોતાના ઉપયોગને છોડતો નથી, તેના ઉપયોગમાં રહેવામાં જીવનની સાર્થકતા છે.

## વ્યવહાર અને નિશ્ચય

વ્યવહાર અને નિશ્ચય બંને શુભ ધ્યાનના પોષણ માટે છે.

આપણે જ્યારે ઉચિત વ્યવહાર પાળીએ છીએ, ત્યારે સર્વ જીવોના શુભધ્યાનના પોષક બનીએ છીએ. અને એ સમુચિત વ્યવહાર દ્વારા આપણે કોઈના પણ અશુભ ધ્યાનમાં નિમિત્ત થતા નથી.

વ્યવહારનો ભંગ કરવાથી સામાને અશુભ ચિંતન થવાની સંભાવના છે, તેથી તેના શુભધ્યાનમાં ભંગ થાય છે, એમ વ્યવહાર માને છે. નિશ્ચય પોતાના ધ્યાનનો પોષક છે. એમ આ બે નયો મળીને સર્વ જીવોના શુભ ધ્યાનના પોષક થાય છે.

તાત્પર્ય કે વ્યવહારથી સર્વ જીવોના શુભધ્યાનને ટકાવવાની યથાશક્ય જવાબદારી આપણા માથે છે.

卐

# પરસ્પરોપગ્રહો જીવાનાં

જો શ્રી જિનમતને અંગીકાર કરવાની ઇચ્છા હોય, તો વ્યવહાર-નિશ્ચય બેમાંથી એકેયને છોડી શકાય નહિ. વ્યવહારને છોડવાથી તીર્થ જાય છે અને નિશ્ચયને છોડવાથી તત્ત્વ જાય છે.

વ્યવહાર એટલે પર, નિશ્ચય એટલે સ્વ.

પરમાં શ્રી તીર્થંકર, ગણધર, ચતુર્વિધ શ્રી સંઘ, દ્વાદશાંગી, શ્રી જિન પ્રવચન આદિ રત્નત્રયનાં સાક્ષાત્ સાધનો અને ત્રૈલોક્યવર્તી વિશ્વ એ પરંપર સાધન.

'ઉપકૃતને પણ ઉપકારી માનવા, ઉપસર્ગ કરનારને પણ સહાયક ગણવો.' વગેરે વચનો સમગ્ર વિશ્વને તત્ત્વથી તીર્થ ગણવા સૂચવે છે. શત્રુ, મિત્ર, ઉદાસીન ત્રણ પ્રત્યે તીર્થબુદ્ધિ ધારણ કરવી. શત્રુ કર્મક્ષયમાં સહાય કરવા દ્વારા સહાયક થાય છે. આથી "परस्परोपग्रहो जीवानां" એ સૂત્ર સ્પષ્ટ થાય છે.

ઉપકારી તો ઉપકારી છે જ, પણ અપકારી પણ ઉપકારી છે-એમ ન માનીએ ત્યાં સુધી તારનારા ધર્મની પરિણતિથી વંચિત રહેવાય છે.

તત્ત્વાર્થ સૂત્રકાર ભગવંતનું ઉક્ત વચન ત્રિકાલાબાધ્ય છે અને તેની યથાર્થ પરિણતિ એ તત્ત્વ પરિણતિ છે, ધર્મ પરિણતિ છે, જે સ્વને તારે છે.

તાત્પર્ય એ છે કે, સમગ્ર વિશ્વ તત્ત્વથી તીર્થ છે, એવી બુદ્ધિ થયા વિના વ્યવહાર નયમાં નિષ્ણાત બની શકાતું નથી.

વ્યવહાર નય પરને વિષય કરે છે. પરમાં શત્રુ, મિત્ર અને ઉદાસીન-એ ત્રણે વર્ગ સમાઈ જાય છે. મોક્ષમાર્ગમાં-એ ત્રણે વર્ગ ભિન્ન-ભિન્ન રીતે ઉપકારક થઈ રહ્યાં છે-એવી સમજણ આવે તો ભવ્યતા વિકાસ પામે છે.

## ભવ્યત્વ એટલે ?

ભવ્યત્વ એટલે મુક્તિગમન યોગ્યતાનો વિકાસ, તેનું જ નામ પાત્રતા છે અર્થાત્ પાત્રતા એટલે કૃતજ્ઞતા અને કૃતજ્ઞતા એટલે પાત્રતા-એમ પરસ્પર અવિભાવી છે.

કૃતજ્ઞતા ગુણની ટોચને સ્પર્શ્યા વિના સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી.

પરનો અનુગ્રહ સ્વીકારવો-તે કૃતજ્ઞતા છે. એનો અર્થ-મુક્તિમાર્ગમાં Grace (અનુગ્રહ-કૃપા) અનિવાર્ય છે.

કૃતઘ્ન આત્માનો નિસ્તાર નથી. એનો અર્થ કૃતજ્ઞતા ગુણ સ્પર્શ્યા વિના કૃતઘ્નતા દોષનું નિવારણ થઈ શકતું નથી.

શત્રુ, મિત્ર કે ઉદાસીન ત્રણે વર્ગ વડે હિત થઈ રહ્યું છે. તેથી ત્રણે વર્ગ ઉપકારી છે-એવી બુદ્ધિ ઉત્પન્ન થયા સિવાય કૃતજ્ઞતા ગુણનો સ્પર્શ અધૂરો રહે છે. તેટલી પાત્રતા-યોગ્યતા પણ અણુવિકસિત રહે છે અને અયોગ્યની મુક્તિ થતી નથી.

નમ્રતા ગુણની પરાકાષ્ઠાએ પહોંચવા માટે વિશ્વત્રયને કોઈને કોઈ અવચ્છેદથી ઉપકારક માનવું અનિવાર્ય થઈ પડે છે.

ત્રણે ભુવનનો ઉપગ્રહ પરસ્પર થઈ રહ્યો છે, એવું જ્ઞાન જે સૂત્રથી મળે છે તે સૂત્રની પરિણતિ વ્યવહાર નયમાં નિષ્ણાત બનાવે છે.

નમ્રતા-કૃતજ્ઞતા-પાત્રતા-યોગ્યતા વગેરે શબ્દો એકાર્થક છે. તેને વિકસાવવા માટે વ્યવહાર અને નિશ્ચયથી સાક્ષાત્ અને પરંપરાએ જે ઉપકારક છે, તેને તીર્થ સ્વરૂપ આદર આપતાં શીખવું જોઈએ.

રત્નત્રય અને તેનાં સાધનો સાક્ષાત્ ઉપકારી છે. તેથી તેના પ્રત્યે પૂજ્યતાનો વ્યવહાર પ્રગટપણે પણ થઈ શકે છે. પરંપરાએ ઉપકારક પરિબળો પણ તત્ત્વથી તીર્થ છે, તેમ છતાં તેના પ્રત્યે બાહ્ય વ્યવહાર પૂજ્યતાનો ન કરી શકાય પણ અંતરમાં તેને તીર્થ તરીકે ગણવાનો નિષેધ નહિ, પણ વિધાન સમજવું. જો અંતરથી પણ તેને ઉપકારી ન મનાય, તો શત્રુભૂત અને ઉદાસીનભૂત પદાર્થો પ્રત્યે કૃતજ્ઞતા વિકસી શકે નહિ અને તે ન વિકસે, તો આત્મતત્ત્વની પ્રાપ્તિના અર્થાત્ મુક્તિ-રમણીના લાભના અધિકારી થઈ શકાય નહિ. સ્વરૂપ લાભરૂપી મુક્તિ તેને જ મળે કે, જે સ્વભિન્ન વિશ્વને ઉપકારી માને, કૃતજ્ઞતા દ્વારા તેના પ્રત્યે ઉપશમભાવ કેળવે, સંક્લેશ રહિત બને.

સંકલેશ રહિત બનવાનો અનન્ય ઉપાય કૃતજ્ઞતા ગુણ છે અને સકળ વિશ્વ પ્રત્યે તે વિકસવો જોઈએ.

જેઓ નમનીય છે, ત્રિલોકપૂજ્ય છે, તેઓ નમવા યોગ્ય સર્વને નમીને નમનીય બન્યાં છે. સર્વ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ કેળવીને પૂજ્ય બન્યાં છે. તેથી તેમને ભાવથી નમસ્કાર તો જ થઈ શકે કે નમનારના હૃદયમાં પણ સર્વ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ રહેલો હોય. તેમ ન હોય, તો નમનીયને નમન પહોંચતું નથી અર્થાત્ દ્રવ્ય નમસ્કાર થાય છે, ભાવ નમસ્કાર થતો નથી. ભાવ નમસ્કાર કરવા માટે તેમનામાં રહેલા કૃતજ્ઞતા ગુણને પણ નમવું જોઈએ.

'परस्परोपग्रहो जीवानां ।' સૂત્રના આ મર્મને એના સર્વ પાસાંઓથી અભ્યાસીએ આત્મસાત્ કરવાથી સાચી કૃતકૃત્યતાનો અપૂર્વ અનુભવ થાય છે, તેમ જ આખા વિશ્વમાં પોતે અને પોતાનામાં આખું વિશ્વ ભાવથી સ્થપાય છે. તેના પરિણામે વિશ્વેશ્વર વીતરાગ તીર્થંકર પરમાત્માની ભક્તિ પરાકાષ્ઠાએ પહોંચે છે. મુક્તિગમન યોગ્યતાનો શીઘ્રતર વિકાસ થાય છે.

卐

# નિશ્ચય મોક્ષમાર્ગ

નિજ શુદ્ધાત્માની અભેદરૂપથી શ્રદ્ધા કરવી, અભેદરૂપથી જ જ્ઞાન કરવું અને અભેદરૂપથી જ તેમાં લીન થવું, એ પ્રકારે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મા, તે નિશ્ચય મોક્ષ માર્ગ છે.

કર્મજન્ય સઘળી ઉપાધિઓ, જેવી કે નામ, જાતિ, લિંગ, અવસ્થા વગેરે સાથેના શારીરિક, વાચિક ને માનસિક જોડાણોને તોડી નાખીને, એક આત્માના જ શુદ્ધ સ્વરૂપ સાથે સંબંધ બાંધવો, દૃઢ કરવો અને તદ્રૂપતાનો અનુભવ કરવો તે નિશ્ચય મોક્ષમાર્ગ છે.

आत्मैव दर्शनज्ञान-चारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष, शरीरमधितिष्ठतिः ॥

નિશ્ચય રત્નત્રયનું કર્તારૂપ સાથે, કર્મરૂપ સાથે, કરણરૂપ સાથે સંપ્રદાન, અપાદાન સંબંધ અને અધિકરણ રૂપ સાથે ક્રિયા, ગુણ, પર્યાય, પ્રદેશરૂપ સાથે, અગુરુ લઘુસ્વરૂપ અને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ સાથે અભેદપણું અનુભવવું તે નિશ્ચય મોક્ષમાર્ગ છે.

કર્તા રૂપ દેખે, જાણે અને આચરે. કર્મ સ્વરૂપને દેખે, જાણે (અનુભવે) ધારણ કરે, કરણરૂપ જે દ્વારા, સંપ્રદાનરૂપ જે માટે, અપાદાન રૂપ જે થકી, સંબંધરૂપ સંબંધને, અધિકરણ રૂપ જેમાં, ક્રિયારૂપ દેખવા, જાણવા, આચરવા રૂપ ગુણ અને પર્યાયોના આશ્રય સ્વરૂપ જાણે, જુએ અને આચરે, તે નિશ્ચય મોક્ષમાર્ગ છે.

રત્નત્રયીને આત્મ અભિન્ન જાણવી તે નિશ્ચય અને ભિન્ન જાણવી તે વ્યવહાર મોક્ષમાર્ગ છે.

સમ્યગ્ દૃષ્ટિવંત પોતાના આત્માને તત્ત્વથી શુદ્ધસ્વરૂપ, અખંડ અને ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ માને છે.

## સમ્યગ્દષ્ટિજીવનું લક્ષ્ય

સમ્યગ્દષ્ટિ જીવ, અશુદ્ધ અવસ્થાને જાણે ખરો, પણ તેને લક્ષ્ય બનાવતો નથી. તેનું લક્ષ્ય અધ્રુવ સ્વરૂપ પર નહિ, પણ શુદ્ધ સ્વરૂપ પર હોય છે.

અધ્રુવ સ્વરૂપના લક્ષ્યથી રાગાદિ થાય છે અને ધ્રુવ સ્વરૂપના લક્ષ્યથી સમત્વભાવ પ્રગટે છે. સમત્વભાવ મોક્ષ પ્રાપ્તિમાં હેતુ બને છે. રાગાદિ ભાવ, સંસાર ભ્રમણના હેતુ બને છે.

અશુદ્ધને પકડી રાખવાથી, શુદ્ધ સાથેનો સંબંધ નથી સધાતો, શુદ્ધિ માટે શુદ્ધ આત્મ સ્વરૂપને પામવાના લક્ષ્યપૂર્વક જીવન જીવવું જોઈએ.

નિશ્ચય તે લક્ષ્ય. વ્યવહાર તે માર્ગ.

લક્ષ્યને પામવા માટેના વ્યવહારનો તે જ સંદર્ભમાં અમલ કરવાથી મોક્ષમાર્ગમાં પ્રગતિ સધાય છે.

## જ્ઞાન નિશ્ચયનું અને પાલન વ્યવહારનું

જે આત્માઓ, સર્વોત્તમ પરમાત્માના આલંબનને છોડી, આત્માને જ પરમાત્મા માની ધ્યાન કરવા જાય છે, તે અધઃપતનનો માર્ગ છે. નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા પરમાત્મ તુલ્ય અવશ્ય છે, પરંતુ આત્માની વર્તમાન દશા કર્મબદ્ધ હોવાને કારણે પરમાત્માનું આલંબન લીધા વગર મોક્ષ માર્ગની સાધનામાં એક ડગલું પણ આગળ વધી શકાય નહિ.

પરમાત્માને છોડી કેવલ આત્માનું ધ્યાન કરવું એ મોક્ષમાર્ગ નથી, પરમાત્મા થવા માટે પરમાત્માનું ધ્યાન જરૂરી છે. વર્તમાનકાળમાં નિશ્ચયનયને આંખ સમક્ષ રાખી વ્યવહારનયનું પાલન કરવું એ જ હિતાવહ છે. વ્યવહારને છોડી એકલા નિશ્ચયને જે પકડે છે, તેનું મહાન અધઃપતન થાય છે. જ્ઞાન નિશ્ચયનું અને પાલન વ્યવહારનું જોઈએ.

## નિશ્ચય-વ્યવહારનો સુમેળ

વ્યવહાર નય અને નિશ્ચયનયના અભિપ્રાય ભિન્ન અને પરસ્પર વિરુદ્ધ હોય છે.

ઉભય નયની માન્યતા લક્ષ્યમાં રહે. તે માટે તેનો જુદી જુદી રીતે ઉલ્લેખ કરવામાં આવે છે, પરંતુ કાર્યો તો બંને નયો મળીને જ થાય છે.

બંને નયોના અભિપ્રાય જાણીને કયા નયને કયા વખતે આગળ કરવો તે જીવની અભિરુચિ યા યોગ્યતા ઉપર આધાર રાખે છે.

યોગ્ય આત્મા, પ્રમાદ કે અભક્તિ ન પોષાય તે રીતે તેનો સદુપયોગ કરે છે. અને અયોગ્ય આત્મા પ્રમાદ પોષવા માટે કે અભક્તિ પોષાય તે રીતે નયવાદનો દુરુપયોગ પણ કરે છે.

એટલા માટે આત્માર્થી જીવો સમક્ષ જ નયવાદનું નિરૂપણ કરવાનો શાસ્ત્રકાર ભગવંતોનો આદેશ છે.

આત્માર્થી એટલે જે રીતે આત્માનું હિત થાય તે રીતે નયોની માન્યતાનો ઉપયોગ કરનાર જીવ.

કેવળ વ્યવહાર નયને આગળ કરવાથી અહંકાર દોષને પુષ્ટિ મળે છે અને કેવળ નિશ્ચય નયને આગળ કરવાથી પ્રમાદ પોષાય છે અને ભક્તિના પરિણામ નાશ પામે છે.

## સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગ

જ્ઞાન વડે ઉપયોગની વિશુદ્ધિ, દર્શન વડે ભાવની વિશુદ્ધિ અને ચારિત્ર વડે કરણોની વિશુદ્ધિ થાય છે.

શ્રી જિનભક્તિના વિકાસથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટે છે. તે દેવ, ગુરુ, સંઘ, સાધર્મિકાદિ મોક્ષમાર્ગ અને તેનાં સાધનોના સંબંધની વિશુદ્ધિ કરાવે છે.

ભક્તિમાં મન–વચન–કાયાની સમ્યક્ પ્રવૃત્તિ તે સમ્યગ્દર્શન અને વિરતિમાં ત્રણે યોગોની સમુચિત પ્રવૃત્તિ તે સમ્યક્ચારિત્ર.

દર્શન વડે મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધીનો ક્ષય–ક્ષયોપશમ અને ચારિત્ર વડે ૯ નોકષાય અને ૧૨ કષાયનો ક્ષયોપશમ.

એકમાં સર્વ સાવદ્ય યોગોનો વિરામ છે. બીજામાં સાવદ્ય યોગના ત્યાગની પ્રવૃત્તિ પ્રત્યે ભક્તિની વૃત્તિ છે.

વિરતિની ભક્તિમાં જોડનાર ભાવ તે સમ્યક્ત્વ છે. વિરતિની પ્રવૃત્તિમાં જોડનાર જે ક્રિયા છે, તે ચારિત્ર છે.

એક વૃત્તિ છે, બીજી પ્રવૃત્તિ છે. પ્રવૃત્તિ એટલે પ્રકૃષ્ટવૃત્તિ. વૃત્તિની હયાતિ બંનેમાં છે.

યથાર્થ જાણવું તે જ્ઞાન, યથાર્થ જોવું તે દર્શન અને યથાર્થ વર્તવું તે ચારિત્ર.

આમ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર મોક્ષમાર્ગ બને છે અને તે માર્ગનો પથિક, મોક્ષને પામે છે. એ જ અનેકાંત છે.

## મોક્ષ માર્ગરૂપ પ્રભુ

લોક વ્યવહારમાં ચિત્ત-સ્વાસ્થ્યને 'સુખ' કહેવાય છે.

લોકોત્તરમાં મોક્ષને 'સુખ' કહેવાય છે.

ચિત્ત-સ્વાસ્થ્ય ધર્મમાં પ્રધાન હેતુ છે. તેના અભાવે કોઈ પણ ધર્મકર્મ થઈ શકતું નથી. ઇષ્ટફળ સિદ્ધિની પ્રાર્થનામાં જેના વડે ચિત્ત સ્વાસ્થ્યપૂર્વક ધર્મકાર્ય થઇ શકે તેવી આ લોક સંબંધી પણ અભિમત અર્થ મને પ્રાપ્ત થાઓ, એવી ઇચ્છા પ્રદર્શિત કરેલી છે.

પ્રભુ, માર્ગોપદેશક અને માર્ગરૂપ પણ છે. ભૂતકાળમાં માર્ગ બતાવીને ઉપકાર કરી ગયા છે, તેમ વર્તમાનકાળમાં દર્શન-પૂજનાદિ વડે, જ્ઞાનાદિ અને તજ્જન્ય શુભ ભાવાદિ વડે માર્ગરૂપ બનીને ઉપકાર કરી રહ્યા છે.

પ્રભુના દર્શનાદિથી રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. તેમાં પ્રભુ પોતે નિમિત્તકર્તા છે અને શુભ ભાવ પામનારો જીવ ઉપાદાનકર્તા છે. પ્રભુના આલંબનથી મોહનીય આદિ કર્મનો ક્ષયોપશમ થાય છે અને જીવને શુભભાવરૂપી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે, તે જ માર્ગ છે અને તેને આપનારા પ્રભુ છે.

卐

### એકાંત

અંદરની શાંતિ માટે બહારના એકાંતની જરૂર છે. બહારના એકાંતથી અંદરથી એકાંત મળે છે. અંદરની એકાંત બધા જીવને ભૂલવામાં, બધાં કર્મ, ઇચ્છા, વિચાર અને વાસનાને છોડવામાં રહેલી છે. આ જ ખરી એકાંત છે. જેમાં જીવ અંદરના સમભાવથી, માધુર્યથી પરમકલ્યાણને રસ્તે પડે છે.

### શાંતિની ગાદી

શાંતિની ગાદી ઉપર આધ્યાત્મિક સૌન્દર્યની પૂર્ણતા પ્રગટ થાય છે.

# સામાયિક ધર્મ

यदि त्वं साम्यसंतुष्टो विश्वं तुष्टं तदा तव ।
तल्लोकस्यानुवृत्त्या किं स्वमेवैकं समं कुरू ॥

જો તું સામ્યમાં સંતુષ્ટ હો તો આખું વિશ્વ તારા પ્રત્યે સંતુષ્ટ છે,
માટે લોકને ખુશ કરવા કરતાં જાતને સમભાવમાં સ્થિર કર.



અચિંત્ય પ્રભાવશાળી આ સામાયિકનાં પરિણામની પ્રાપ્તિ જીવને સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરવાથી અને નિરવદ્ય યોગોનું સેવન કરવાથી થાય છે.

વસ્તુતઃ સર્વ જીવો સાથે મૈત્રી આદિ પ્રશસ્ત ભાવોને ધારણ કરવા એ જ સામાયિક છે, પરંતુ આ ભાવોને જીવનમાં સક્રિયરૂપ આપવા માટે સર્વ સાવદ્ય યોગોના ત્યાગની અને નિરવદ્ય યોગોના સેવનની પ્રતિજ્ઞા લેવી પડે છે. એ પ્રતિજ્ઞાના ગ્રહણ અને આસેવનને સામાયિક વ્રત કહેવામાં આવે છે.

આવા સામાયિક ધર્મને આત્મસાત્ કરેલા સમતાના સ્વામી પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર

શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# સામાયિક ધર્મ

સર્વજ્ઞ પરમાત્માઓએ મોક્ષનાં પરમ કારણ તરીકે સામાયિક ધર્મને જણાવેલ છે,
તે સામાયિક ધર્મનો પ્રાણ કહો કે સર્વસ્વ કહો
તે સામ્ય અથવા સમતાભાવ છે,
તે સામાયિક વાસી ચંદન કલ્પ મહાત્માઓને હોય છે.
કોઈ વાંસલાથી છેદે કે ચંદનનો લેપ કરે
બંને પ્રત્યે એક સરખો ભાવ રાખવો
અથવા
વાંસલાથી છેદનાર પ્રત્યે પણ ચંદનની
જેમ સૌરભભાવ ધારણ કરવો
તે વાસી
ચંદન કલ્પપણું છે.

આવા સામાયિકનાં અનુપમ રહસ્યોને બતાવવા અનુપમ સામ્યાંશો...!


૧ પ્રતિદિન અવશ્ય કરવા લાયક ક્રિયા સામાયિક
૨ પરમાં સ્વતુલ્યની ભાવના
૩ પરિણામ ત્રય
૪ સમતાનું સ્વરૂપ
૫ આત્મસમદર્શિત્વ
૬ સમત્વનો વિકાસ
૭ સમત્વનો સ્નેહ
૮ સામાયિક ધર્મ
૯ સામાયિક પરિણામ
૧૦ દ્રવ્ય–ગુણ–પર્યાય
૧૧ સામાયિક ચિંતન
૧૨ જીવનનું લક્ષ્ય સામાયિક
૧૩ સામાયિકરૂપી સુવર્ણ
૧૪ સામાયિક અને નવકાર

# પ્રતિદિન અવશ્ય કરવા લાયક ક્રિયા સામાયિક

## સામાયિક એટલે શું?

સમભાવની પ્રાપ્તિ તે સામાયિક કહેવાય છે.

જગતના સમસ્ત પદાર્થોના મૂળ દ્રવ્યનો વિચાર કરવામાં આવે અને વિનાશશીલ એવા પર્યાયનું ગ્રહણ ન કરાય અથવા ભેદભાવ અને વિવેકબુદ્ધિ વડે પદાર્થના સ્વરૂપનો ખ્યાલ કરી મધ્યસ્થ ભાવવાળા રહેવાય તે સામાયિક છે.

સામાયિક એ આત્માનો જ સ્વાભાવિક ગુણ છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર એ આત્માના મૂળ ગુણો છે. તેની સાથે બીજા પણ અનંત ગુણો બતાવ્યા છે.

તેમાં સામાયિક એ મુખ્ય ગુણ છે. એ ગુણ પ્રાપ્ત થવાથી કર્મબંધ થતો અટકે છે, કારણ કે કર્મબંધનું કારણ મમત્વભાવ છે. તેનો સમત્વભાવ વડે મૂળથી નાશ થાય છે. એ સમત્વભાવ તે સામાયિક છે.

## દ્રવ્ય અને ભાવ સામાયિક

આવા ભાવ સામાયિકની પ્રાપ્તિ માટે શાસ્ત્રકાર ભગવંતોએ દ્રવ્ય-સામાયિકનો વિધિ દર્શાવ્યો છે.

દ્રવ્ય તે ભાવનું નિમિત્ત છે.

જે જે દ્રવ્ય ક્રિયાઓ છે, તે દરેકની પાછળ ઉત્તમ ભાવનાઓ રહેલી છે.

સામાયિકનો સમાવેશ ચારિત્રમાં થાય છે અને ચારિત્ર તે રત્નત્રયીરૂપ ગુણમાંનો એક મૂળ ગુણ છે.

દ્રવ્યથી ચારિત્ર વ્રત-નિયમરૂપ છે.

ભાવથી આત્માના સ્વરૂપમાં નિરંતર રમણ કરવાની ક્રિયારૂપ છે.

મતલબ કે દ્રવ્ય-સામાયિક એ ભાવ-સામાયિકનું મંગળ પ્રવેશદ્વાર છે.

ભાવ-સામાયિકનો અર્થ એ છે કે, ચિદાનંદમય આત્મસ્વરૂપમાં નિર્વિકલ્પપણે, ઉદાસીનભાવે લીન થવું.

આવું સામાયિક સકળ કર્મનો ક્ષય કરવાવાળું છે.

ભાવ-સામાયિક એવા પ્રકારનું છે કે, તે દરેક પ્રવૃત્તિ-નિવૃત્તિમાં આપોઆપ થયા કરે છે. માત્ર આત્માની દિશાનું વલણ તે તરફ થવું જોઈએ. મન-વચન-કાયાની પ્રવૃત્તિ જ એવા પ્રકારની થઈ જવી જોઈએ કે જેથી ક્રમે ક્રમે આત્મિક ગુણોનો વિકાસ થતો રહે. એ ભાવસામાયિકના પ્રાગટ્યનું રહસ્ય છે.

## ખરું સામાયિક

'સમ' એટલે સમતાભાવ. 'આય' એટલે લાભ.

મતલબ કે જે ક્રિયા કરવાથી સમતા-સમભાવની પ્રાપ્તિ થાય તે ક્રિયાને સામાયિક કહે છે.

'સમતા-ગંગા મગનતા ઉદાસીનતા જાત.' સમતારૂપી ગંગામાં મગ્નતા થવાથી જે ઉદાસીનતાભાવ પ્રાપ્ત થાય, તે ખરું સામાયિક છે.

સર્વ પ્રાણીઓને વિષે સમતા, ઇન્દ્રિયોના પાંચ વિષયો પ્રત્યે સમતા, સર્વ પદાર્થો વિષે સમતા અને સર્વ ચિત્તવૃત્તિઓ પ્રત્યે સમતા એ સામાયિક છે.

## શ્રી નવકારનું સ્વરૂપ

આવા અનુપમ સામાયિકમાં પ્રવેશ, શ્રી નવકારના સ્મરણપૂર્વક કરવાનો હોય છે.

સાચા સામાયિક માટે સાચો 'નમસ્કાર' જરૂરી છે જ.

આ જગતમાં એવી એક પણ બાબત નથી કે જેનો સમાવેશ, મહામંત્ર શ્રી નવકારમાં ન થતો હોય. શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોનું યથાર્થ સ્વરૂપ જાણ્યું, તો જગતમાં બીજી કોઈ બાબત જાણવાની રહી જતી નથી.

સઘળાં તત્ત્વો, દ્રવ્યો અને સિદ્ધાન્તો શ્રી પંચપરમેષ્ઠીના મૂળ સ્વરૂપમાં સમાઈ જાય છે.

સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ સમજાઈ જાય, તો કર્મનું સ્વરૂપ સમજાઈ જાય. કર્મના સ્વરૂપને સમજવાની સાથે પુદ્ગલ પરમાણુનું સ્વરૂપ સમજાય, કર્મને બાંધનાર જીવનું સ્વરૂપ સમજાય. સાથે ધર્મ, અધર્મ, કાળ અને આકાશ દ્રવ્ય પણ સમજાય.

ષડ્ દ્રવ્યનું સ્વરૂપ સમજાય એટલે શ્રી અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ સમજાય અને એ બે બાબત સમજાય એટલે સમસ્ત લોકાલોકનું સ્વરૂપ પણ સમજાઇ જાય.

કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી નવકાર મંત્રનું યથાર્થ જ્ઞાન થાય તો એવો કોઇ પણ પદાર્થ નથી કે જેનું જ્ઞાન, શ્રી નવકારમંત્રની બહાર રહી જાય.

સકળ શાસ્ત્રોનું રહસ્ય કહો કે ચૌદ પૂર્વનો સાર કહો, તો પણ આ શ્રી નવકાર જ છે.

એટલે આ મહામંત્રનો પાઠ ભણીને સામાયિક કરવાનું વિધાન થયેલું છે.

## શ્રી અરિહંતનું સ્વરૂપ

મહામંત્ર શ્રી નવકારનું પ્રથમ પદ-'નમો અરિહંતાણં' શ્રી અરિહંત-નમસ્કારવાચી છે.

'અરિહંત'ની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે-

'रागादिदोषान् कर्मशत्रून् वा जयतीति जिनो, हन्ति इति अरिहंतः ।'

જે રાગદ્વેષાદિ અઢારે દૂષણો અથવા કર્મરૂપી શત્રુનો નાશ કરી વિજય મેળવે અને કર્મથી મુક્ત થાય તે અરિહંત.

ઘાતી કર્મોના ક્ષય વિના કેવળજ્ઞાન થતું નથી, તેથી પહેલાં ઘાતી કર્મોરૂપી શત્રુનો નાશ અને પછી તીર્થંકર નામકર્મનો ઉદય, એ બે જેને હોય તે 'અરિહંત' છે.

કેવળજ્ઞાનના પ્રાગટચ પછી શ્રી અરિહંતો જગતના જીવોને ધર્મનો ઉપદેશ આપી, કર્મથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે. તીર્થની સ્થાપના કરે છે.

એ રીતે ઉપદેશ વડે ભવ્ય જીવોને ઉપકારી શ્રી અરિહંત જ હોવાથી તથા સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ સમજાવનાર પણ શ્રી અરિહંત હોવાથી–ઉપકારકપણા વડે–તેમનું ગ્રહણ પ્રથમપદે થાય છે.

પરમ ઉપકારીને પ્રથમ નમવાથી વિનયરૂપી મહાન ગુણના અધિકારી બનાય છે.

## વિનયનું સ્વરૂપ અને ફળ

विणयाहिया विज्जा दिंति फलं इहपरलोअम्मि ।
न फलंति विणयहिणा सस्साणि व तोयहिणाणि ॥

અર્થ : વિનયથી પ્રાપ્ત થયેલી વિદ્યા આ લોક અને પરલોકને વિષે ફળદાયી થાય છે. વિનયહીન વિદ્યા, પાણી વિનાના ધાન્યની જેમ ફળદાયી થતી નથી.

'आयरियनमुक्कारा विज्जा मंता य सिज्जंति ।'

'જિનેશ્વરોની ભક્તિના પ્રભાવે જેમ પૂર્વસંચિત કર્મો નાશ પામે છે' તેમ 'આચાર્યોના નમસ્કાર વડે વિદ્યા અને મંત્રો સિદ્ધ થાય છે.'

એ કારણે સૌ પ્રથમ ગુરુઓને વંદન, વિનય, વૈયાવચ્ચ અને નમસ્કાર કરવા જરૂરી છે. દરેક પ્રકારની ધર્મક્રિયા ગુરુવંદનપૂર્વક અને ગુરુસાક્ષીએ કરવી જોઈએ.

ક્ષમાશ્રમણ–ક્ષમાપ્રધાન, દશવિધ યતિધર્મને પાળનાર તપોનિરત સાધુ ભગવંત ગુરુસ્થાને છે.

સામાયિક આદિ ધર્મક્રિયાઓમાં જેટલું મહત્ત્વ શ્રી નવકારસ્મરણનું તેમ જ ગુરુ-વંદનનું છે, તેટલું જ મહત્ત્વ ઇરિયાવહી પડિક્કમવાનું છે.

## ઇરિયાવહી

વસ્ત્રને રંગ ચડાવવો હોય તો પ્રથમ તેને ધોઈને સ્વચ્છ કરવું જોઈએ. શુદ્ધ થયેલ વસ્ત્ર પર મનમાન્યો રંગ ચડાવી શકાય છે, તેમ દરેક ક્રિયાના પ્રારંભમાં પાપ અને દોષથી મુક્ત થવા માટે ઇરિયાવહી પડિક્કમવી જોઇએ, એવો શિષ્ટ સંપ્રદાય છે.

ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક આદિ ઇરિયાવહી પડિકમ્યા વિના કલ્પે નહિ.

'ઇરિયાપથ' એટલે ચાલવાનો માર્ગ અથવા સાધુ, શ્રાવકનો માર્ગ.

તેમાં પ્રવર્તતાં થયેલા, લાગી ગયેલા દોષથી મુક્ત થવાની જે ક્રિયા તે ઇરિયાવહી.

તેમાં 'મિચ્છામિ દુક્કડમ્' પદ આંતરિક પશ્ચાત્તાપસૂચક છે

'અશક્ય પરિહારને લઈને કોઈ પણ જીવને ત્રાસ ઉપજાવ્યો હોય, તે સર્વે મિથ્યા થાઓ.' અર્થાત્ 'એ દોષથી હું મુક્ત થાઉં.' એવી તેમાં ભાવના છે.

અલ્પ દોષથી પણ આત્માને મુક્ત કરવા માટે કેટલો 'ઉપયોગ' રાખવાની જરૂર છે, તે નીચેના ભેદોથી સમજાશે.

'મિચ્છામિ દુક્કડમ્' અર્થાત્ 'મારું દુષ્કૃત મિથ્યા થાઓ' એ પદથી કર્મબંધનનું દ્વાર બંધ થાય છે એ સાચું, પરંતુ એ દ્વાર બંધ રાખવા માટે જરૂરી ઉપયોગમય અવસ્થામાં સહેજ પણ સ્ખલના યા પ્રમાદ સેવાઈ જાય છે. કુલ ૧૮,૨૪,૧૨૦ ભેદે આત્માને દોષ લાગી જાય, કર્મનો બંધ પડી જાય.

## ઇરિયાવહીયાના ભેદ

આ ૧૮૨૪૧૨૦ ભેદની સ્પષ્ટતા નીચે પ્રમાણે છે, ૫૬૩ જીવભેદ.

તેને 'અભિહયા' આદિ ૧૦ પદે ગુણતાં ૫૬૩૦ થાય.

તેને રાગ અને દ્વેષ વડે ગુણતાં ૧૧૨૬૦ થાય.

તેને કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ વડે ગુણતાં ૩૩૭૮૦ થાય

તેને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળ વડે ગુણતાં ૧૦૧૩૪૦ થાય.

૧૦૧૩૪૦ ને ત્રણ કાળના ત્રિકરણયોગે ગુણતાં ૩૦૪૦૨૦ થાય.

તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા એ ૬ વડે ગુણતાં કુલ ૧૮-૨૪૧૨૦ થાય.

આટલા ભેદે લાગતા દોષથી બચવા માટે, આત્માને મુક્ત રાખવા માટે કેવા ઉપ-યોગની જરૂર ગણાય તે સમજાય તેવું છે.

ઉપયોગપૂર્વક આપેલા મિચ્છામિ દુક્કડમ્થી આત્મા શુદ્ધ થાય, એમાં આશ્ચર્ય નથી.

દરેક જીવ પ્રત્યે મૈત્રીભાવ કેળવવા માટે આ 'મિચ્છામિ દુક્કડમ્' ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપે છે. જો તે સમજીને કરાય તો આંતરિક પરિણામની શુદ્ધિ કરાવી શુભ ધ્યાન વડે ઘોર પાપનો પણ એક ક્ષણ વારમાં જ વિનાશ કરી આપે છે.

સ્નાન કરીને શુદ્ધ થયા પછી ગૃહસ્થો વસ્ત્રાલંકાર ધારણ કરે છે તેમ ઈરિયાવહી પડિક્કમ્યા પછી, 'તસ્સઉત્તરી' સૂત્રનો પાઠ ભણાય છે.

અન્ય જીવો પ્રત્યે થતા પાપનો પ્રતિબંધ થયા પછી, આત્મા અંતરથી પણ વિશુદ્ધ થઈને પાપકર્મથી સર્વથા રહિત થાય એ હેતુથી કાયાનો દરેક જાતનો વ્યાપાર અટકાવીને કાયોત્સર્ગ કરવાનો છે.

ઈર્યાપથિકી ( ઇરિયાવહી ) સૂત્ર પરદયાને સૂચવે છે.

'તસ્સઉત્તરી' સૂત્ર સ્વદયાનું ભાન કરાવે છે.

કાયોત્સર્ગની ક્રિયા યોગપ્રધાનતા સૂચવે છે.

બીજાઓ જે યોગ પ્રાપ્ત કરવા અહર્નિશ પ્રયત્ન કરે છે, તે યોગની ઉત્તમ પ્રકારની ક્રિયા જૈનોને વારસામાં મળેલી છે.

કાયોત્સર્ગ ધ્યાનની ક્રિયા છે.

બંને સૂત્રો વડે આત્માની શુદ્ધિ કર્યા પછી ધર્મપ્રવર્તક, પરમોપકારી શ્રી તીર્થંકર ભગવંતોને નમન કરવારૂપી સ્તુતિનું કાર્ય કરવું જોઈએ.

સ્તુતિ વડે જીવ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને બોધિલાભને મેળવે છે.

આલંબન ઉપર જીવની પરિણતિનો આધાર છે અને ત્રણ જગતમાં સર્વશ્રેષ્ઠ આલંબન શ્રી તીર્થંકર પરમાત્માનું છે. એટલે જેમાં ચોવીસે તીર્થંકર ભગવંતોની સ્તુતિ સમાયેલી છે, તે 'લોગસ્સ' સૂત્રને વારંવાર સ્થાન અપાયું છે.

એટલે સામાયિકની પ્રતિજ્ઞા પૂર્વે લોગસ્સ સૂત્ર ભણવું પડે છે.

આ સૂત્ર ઉપર પુનઃ પુનઃ ચિંતન–મનન કરવાથી, શ્રી તીર્થંકર ભગવંતોએ જેવી રીતે પોતાનાં કર્મોનો ક્ષય કર્યો, તેવી રીતે આત્માને કર્મથી મુક્ત થવાનો માર્ગ મળી આવે છે.

## સામાયિક પ્રતિજ્ઞા

પૂરી બે ઘડી (૪૮ મિનિટ) સુધી સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા તે સામાયિકની પ્રતિજ્ઞા છે.

ત્રણ યોગ (મનોયોગ, વચનયોગ, કાયયોગ) ત્રણ કરણ વડે સર્વ સાવદ્ય( પાપ ) વ્યાપારનો ત્યાગ કરવો તે યથાર્થ સમભાવ છે.

પૂર્વે સેવેલાં પાપકર્મોની નિંદા, વર્તમાનમાં તેનો ત્યાગ અને ભવિષ્યમાં નહિ કરવાની ભાવના તેમાં દર્શાવાય છે.

'પડિક્કમામિ' એ વૈરાગ્યવાચક છે. 'પડિક્કમામિ' એટલે હું પ્રતિક્રમું છું. પ્રતિક્રમવું એટલે પાપથી પાછા પડવું. પાપથી પાછા પડવામાં વૈરાગ્ય સમાયેલો હોય છે. નિંદા એ જ્ઞાનવાચક છે. જ્ઞાન એ કુપથ્ય–ત્યાગ માટે છે. ગર્હા એ શ્રદ્ધાવાચક છે. શ્રદ્ધા એ પથ્ય-સેવનતુલ્ય છે. વ્યુત્સર્ગ એ ચારિત્રવાચક છે. ચારિત્ર એ રસાયણસેવન છે.

અહીં તપ એ સર્વ રસાયણમાં શ્રેષ્ઠ મકરધ્વજતુલ્ય છે.

પછી ત્રણ નવકાર ગણવાના છે.

ત્રણ નવકારમાં પ્રથમ એ પ્રારંભ મંગળ છે, બીજો સ્વાધ્યાયરૂપ છે અને ત્રીજો સમાધિ મંગળરૂપ છે.

પ્રથમ મંગળ વડે વિઘ્નનાશ, મધ્યમંગળ વડે સ્થિરીકરણ અને અંત્યમંગળ વડે શિષ્ય-પ્રશિષ્યાદિમાં પ્રવૃત્તિ થાય છે.

બધી ક્રિયા ગુરુસાક્ષીએ કરવાથી ફળીભૂત થાય છે. ગુરુ મહારાજની ઉપસ્થિતિ હોય તો તેમની પુણ્યનિશ્રામાં અને અનુપસ્થિતિ હોય તો સ્થાપનાચાર્યજી ભગવંત સન્મુખ હરેક ક્રિયા થવી જોઈએ.

આ રીતે થતી સામાયિકની ક્રિયા, અમૃતક્રિયારૂપે પરિણમી આત્માને સર્વ કર્મ-મુક્ત બનાવી, પરમપદનો ભાગી બનાવે છે.

卐

# પરમાં સ્વતુલ્યત્વની ભાવના

ચાર ગતિનાં દુઃખો ખરાબ છે, એમ માનીને અફસોસ કરવા માત્રથી એ દુઃખો ઘટતાં નથી, પણ તેના કારણરૂપ ચાર કષાયને છોડવાથી તેનાથી છુટકારો થાય છે. ક્રોધની સામે મૈત્રી, માનની સામે પ્રમોદ, માયાની સામે કરુણા અને લોભની સામે મધ્યસ્થ રહેવું જોઈએ.

કષાયથી મુક્ત થવું હોય, તો બીજાના હિતની ચિંતા કરવી જોઈએ. પ્રેમ એ આપવાની ચીજ છે, જ્ઞાન એ મેળવવાની ચીજ છે. જ્ઞાન એ પોતે પચાવવાનું છે, પ્રેમ એ બીજાને આપવાનો છે. તેના બદલે ઊંધુ થઈ રહ્યું છે. પરને ઉપદેશ આપનારાઓનો તોટો નથી, જ્યારે સદ્ભાવ આપનારા ક્યાંક જ જોવા મળે છે.

સદ્ભાવનો દુકાળ એ સર્વ પ્રકારના દુકાળનું જ બીજ છે. પરમાર્થની અપેક્ષાએ– 'હું બધાનો છું અને બધાં મારાં છે.' એમ માનવું જોઈએ.

અશુભકર્મના ઉદયે અનેકવિધ અંતરાયો તેમજ આપત્તિઓ એક સાથે હુમલા કરે, ત્યારે સમાધિભાવ ટકાવવાના એક માત્ર આશયપૂર્વક–'હું એકલો છું, મારું કોઈ નથી.' એમ ચિંતવવાનું છે. જેથી આત્મવીર્ય સ્ફુરાયમાન થાય અને સમાધિભાવ સચવાય.

આ શાસનમાં કોઈ જીવ એકાંતે પરાયો નથી, જો એવું હોત તો–परस्परोऽपग्रहो जीवानाम् એ સૂત્ર ન હોત.

પરને એકાંતે પરાયો માની લેવાથી જીવન સદ્ભાવ વગરનું, પવિત્ર સ્નેહ વગરનું, હાર્દિક લાગણી વગરનું, દયા વગરનું અને તેના પરિણામે ધર્મ વગરનું બની જાય છે.

શ્રી અરિહંત પરમાત્માના પરાર્થ વ્યસનીપણાના મૂળમાં ત્રણ જગતના જીવ નથી તો બીજું શું છે? તે જીવોની પરાધીનતા નથી તો બીજું શું? તે જીવોને પરમ સુખમય જીવનની ભેટ આપવાની ભાવના નથી તો બીજું શું છે? માટે પરને સ્વતુલ્યભાવ આપવામાં સ્વનું હિત છે.

卐

# પરિણામત્રય

ક્ષેત્રભેદે અભેદનો વિચાર મધુર પરિણામ પ્રગટાવે છે. તે સમ્યગ્દર્શન ગુણ છે.

કાળભેદનો વિચાર તુલા પરિણામ–તુલ્ય પરિણામરાગના હેતુમાં રાગ અને દ્વેષના હેતુમાં દ્વેષ ન કરવારૂપ તુલ્ય પરિણામ પેદા કરે છે.

વસ્તુ ભેદે અભેદ તે ખીરખંડયુક્ત પરિણામ છે.

દ્રવ્ય અને પર્યાય વચ્ચે વસ્તુનો ભેદ છે. પર્યાય તે દ્રવ્ય નથી અને દ્રવ્ય તે પર્યાય નથી પર્યાય વસ્તુનો અંશ છે, દ્રવ્ય પર્યાયનો આધાર છે. એ રીતે વસ્તુના બે વિભાગ છે, તેને જોડનાર ખીરખંડયુક્ત પરિણામ યથાર્થ ક્રિયાને કરાવે છે. ક્રિયા પર્યાયની અપેક્ષા રાખે છે.

વસ્તુના બે અંશ પૈકી એક પરિવર્તશીલ અને બીજો અપરિવર્તનશીલ છે. પરિવર્તનશીલ તે ક્રિયાશીલ અંશ છે. તે અંશને વિભાવમાં પરિણામ પામતો અટકાવી, સ્વભાવમાં પરિણામ પમાડવો તે ખીરખંડયુક્ત પરિણામ છે.

સહજ મળના કારણે પરભાવમાં પરિણમતા આત્મદ્રવ્યને મન, વચન અને કાયાના વ્યાપાર વડે સ્વભાવમાં પરિણમાવવાની ક્રિયા જે અધ્યવસાયથી થાય, તે ખીરખંડયુક્ત પરિણામ ગણાય, તે ચારિત્ર ગુણ છે.

પરિણામમાં મધુરતા લાવનાર સાદૃશ્ય ગુણનું ચિંતન છે, તુલ્યતા લાવનાર કુટસ્થ ગુણનું ચિંતન છે, ક્રિયાશીલતા લાવનાર વસ્તુસ્વભાવનું ચિંતન છે.

દેશભેદે અભેદ, કાળભેદે અભેદ અને વસ્તુના ધર્મભેદે અભેદનું ચિંતન અનુક્રમે રુચિ, બોધ અને પરિણતિને સુધારનાર થાય છે.

## સામાયિકનું સમ્મ પરિણામ

મધુર પરિણામ તે યથાર્થ–રુચિરૂપ છે.

તુલા પરિણામ તે યથાર્થ બોધરૂપ છે અને ખીરખંડયુક્ત પરિણામ તે યથાર્થ ક્રિયારૂપ છે.

**મન, વચન અને કાયાની ક્રિયા સ્વભાવ સન્મુખ હોય ત્યારે યથાર્થ ગુણકારી ગણાય છે. સ્વભાવ વિમુખ અને વિભાવ સન્મુખ હોય ત્યારે અવગુણકારી છે, તેથી ત્યાજ્ય છે.**

સ્વભાવથી જ પરના સંબંધમાં આવવાનો જીવસ્વભાવ વિભાવદશા સન્મુખ હોય છે. તેને સ્વભાવ સન્મુખ દશામાં લાવવા માટે જે ક્રિયા આવશ્યક છે, તે ખીરખંડયુક્ત પરિણામ છે.

મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગના સાધકના સમાગમમાં આવવાની ક્રિયામાં પુરુષાર્થ ફોરવ્યા વિના સંસાર, સંસારમાર્ગ અને સંસારમાર્ગના સાધકના સંબંધમાં આવવાનો જીવસ્વભાવ પલટાતો નથી એ સ્વભાવ પલટાવા માટે તત્ત્વરુચિ અને તત્ત્વબોધ વિકસાવનાર દર્શન, જ્ઞાન, ગુણ અને તેના વિષયભૂત પદાર્થના ચિંતનની આવશ્યકતા છે. તેમ જ તત્ત્વપરિણતિ વિકસાવનાર ચારિત્ર ગુણ–સત્‌માં પ્રવૃત્તિ અને અસત્‌થી નિવૃત્તિ પણ તેટલી જ આવશ્યક છે, તે સામાયિકનું સમ્મ પરિણામ છે.

**નિજ પરિણામ જિનાજ્ઞા સેવનમાં પરિણમે તે આશયને સદાશય** કહે છે. આશયમાં અસત્‌ની પ્રતિષ્ઠા કરવાથી આજ્ઞાનું ઉત્થાપન થાય છે તેથી ભવપરંપરા વધે છે, એટલું જ નહિ પણ જીવોને ઘણી જ અશાતા પહોંચાડનારી યોનિઓમાં વારંવાર રઝળવું પડે છે.

**આત્મતત્ત્વની રુચિ, તેનો જ યથાર્થ બોધ અને તદનુરૂપ વર્તન એ ત્રણ વડે જીવ, દેશ–કાળ અને કર્મના ત્રિકોણને ભેદીને શિવપદનો અધિકારી બની શકે છે.**

卐

# સમતાનું સ્વરૂપ

"सव्वे जीवा परमाहम्मिआ" ।

श्री दशवैकालिकसूत्रः अ. ४

સર્વ જીવો પરમ ધર્મવાળા છે. એટલે સુખની ઇચ્છા અને દુઃખના દ્વેષવાળા છે. 'परमाहम्मिआ' પદથી સર્વ જીવો સુખના અર્થી અને દુઃખના દ્વેષી છે. એમ કહીને કદી જીવને દુઃખ થાય નહિ અને સર્વ જીવોને સુખ થાય તે રીતે વર્તવાનું શાસ્ત્રમાં વિધાન કર્યું છે. આ જાતની સમતા વિના દાન, તપ, યમ કે નિયમનું મુક્તિમાર્ગમાં કાંઈ પણ ફળ નથી. સમતાપૂર્વક કે સમતા અર્થે કરાયેલાં તે ફળદાયી થાય છે. ત્રસ સ્થાવરાદિ ભેદવાળા સર્વ જીવોમાં સુખપ્રિયત્વાદિ ધર્મો આત્મતુલ્ય છે એમ સમજી સર્વ સાથે આત્મતુલ્ય પરિણતિને કેળવવી તે '**સમતા**' કહેવાય છે.

## જિનશાસનનું પરમ રહસ્ય

સામ્ય અથવા સમતા એ શ્રી જિનશાસનનું પરમ રહસ્ય છે. બ્રહ્મવાદીઓને બ્રહ્મ, ઈશ્વરવાદીઓને ઈશ્વર અને કર્મવાદીઓને કર્મની ઉપાસનાનું જે મહત્ત્વ છે, તેવું જ બલકે તેથી પણ વધુ મહત્ત્વ શ્રી જિનશાસનમાં 'સામ્ય'ની ઉપાસનાનું છે, કેમ કે કોઈ પણ ઉપાસના અંતે 'સામ્યપણા'માં પરિણમે, તો જ તે મોક્ષનું કારણ બની શકે.

સર્વજ્ઞ પરમાત્માઓએ મોક્ષનું પરમ કારણ તરીકે 'સામાયિક–ધર્મ'ને જણાવેલ

છે. તે સામાયિક ધર્મનો પ્રાણ કહો કે સર્વસ્વ કહો, તે 'સામ્ય' અથવા 'સમતાભાવ' છે. તે સામાયિક વાસી-ચંદન-કલ્પ મહાત્માઓને હોય છે.

કોઈ વાંસલાથી છેદે કે ચંદનનો લેપ કરે, બન્ને પ્રત્યે એક સરખો ભાવ રાખવો અથવા વાંસલાથી છેદનાર પ્રત્યે પણ ચંદનની જેમ સૌરભભાવ ધારણ કરવો તે વાસી-ચંદન-કલ્પતા છે.*

અહીં સૌરભભાવ તે અપકારી પ્રત્યે પણ ઉપકારભાવ ધારણ કરવાની મનોવૃત્તિ સમજવી.

સર્વ તીર્થંકર ભગવંતો દીક્ષાનો અંગીકાર કરતી વખતે 'સામાયિક'ની પ્રતિજ્ઞા કરે છે અને તે જ વખતે તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

ભૂત, ભાવિ કે વર્તમાન ત્રણે કાળમાં મોક્ષે જનારા જીવોને ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળ-જ્ઞાન પામવામાં પરમ આધાર કોઈ હોય, તો તે આ 'સમતા ધર્મ' છે.

શ્રી જિન શાસનમાં મોક્ષે જનારા જીવોના પંદર ભેદ છે, તે બધામાં બાહ્ય લિંગનો ભેદ હોવા છતાં ભાવ-લિંગ તો એક જ છે અને તે 'સમતા' છે. ×

## મોક્ષ અનન્ય સાધન સમતા

એક સમતા જ મોક્ષનું અનન્ય સાધન છે. સમતાના આરાધન વિના કોઈ જીવનો મોક્ષ થયો નથી, થતો નથી, થવાનો નથી. અને એ જ કારણે શ્રી જૈન શાસનમાં સઘળી બાહ્ય અને આભ્યંતર ક્રિયાઓ સમતાભાવ કેળવવા માટે, સમતાભાવની વૃદ્ધિ અને પુષ્ટિ કરવા માટે ઉપદેશવામાં આવી છે.

ક્રોડો જન્મ સુધી તીવ્ર તપ કરવા છતાં જે કર્મોનો ક્ષય થતો નથી. તે કર્મોને સમભાવથી ભાવિત ચિત્તવાળો જીવ અર્ધ ક્ષણમાં ખપાવે છે.

सेयंबरो वा दिगंबरो वा बुद्धो वा अहव अन्नो वा ।
समभावभावियप्पा लहइ मुक्खं न संदेहो ॥१॥ —संबोध सित्तरी

બાહ્યથી શ્વેતામ્બર હો, દિગમ્બર હો, બૌદ્ધ હો યા અન્ય હો, પણ જેનું ચિત્ત સમભાવથી ભાવિત હોય, તે અવશ્ય મોક્ષે જાય.

---

* सामायिकं च मोक्षाङ्गं परं सर्वज्ञभाषितम् ।
वासीचंदनकल्पानामुक्तमेतन्महात्मनाम् ॥
श्री हरिभद्रसूरिकृत अष्टक प्रकरण, अष्टक २९., श्लोक-१

× પન્નર ભેદ જે સિદ્ધના રે, ભાવલિંગ તિહાં એક,
દ્રવ્યલિંગ ભજના કરી, શિવ સાધન સમતા છેક રે,
તેહમાં છે સબલ વિવેક રે, તિહાં લગી મુજ મન ટેક રે,
ભાષા છે અવર અનેક રે, બલિહારી ગુણની ગોઠડી મેરે લાલ.
—શ્રી શાન્તિ જિન-નિશ્ચય વ્યવહાર સ્તવન ઢાળ-૫, ગાથા-૨,
કર્તા—પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ

મૂળ ઉત્તર ગુણોનું પાલન, બાહ્ય-આભ્યંતર તપનું સેવન, ધ્યાન-ધારણાથી યોગાંગોનું આરાધન, જો સમતાભાવને પામવાના લક્ષ્યવાળું હોય તો સાર્થક છે, અન્યથા નિરર્થક છે; એમ શ્રી જિન શાસનનું સ્પષ્ટ પ્રતિપાદન છે.

જ્ઞાનાદિ ગુણોમાં મોક્ષની કારણતા એક સમતા ગુણને અવલંબીને છે. સમતા સહિત અથવા સમતાના લક્ષ્યથી યુક્ત હોય તે જ્ઞાનને, તે શ્રદ્ધાને અને તે ચારિત્રને જ 'સમ્યક્' શબ્દથી ઓળખાવાય છે.

સમકિત, શ્રુત કે ચારિત્ર પણ સમતાના ધ્યેયથી જ આદરવાનાં છે. એ જણાવવા માટે એ ત્રણેની સાથે 'સામાયિક' શબ્દ જોડવામાં આવ્યો છે અને તે અનુક્રમે સમકિત સામાયિક, શ્રુત સામાયિક અને ચારિત્ર સામાયિક કહેવાય છે.

પાંચ પ્રકારના ચારિત્રમાં પણ પ્રથમ સામાયિક-ચારિત્ર છે અને તે પાંચે ચારિત્રમાં અનુગત હોય છે. એટલે બીજા ચારિત્રોની સફળતાનો આધાર પણ સામાયિક-ચારિત્ર છે.

આ રીતે સામાયિક એ પરમ ધર્મ છે અને તે સમતા, સમભાવ કે સામ્યને તેના પ્રકર્ષ પર્યંત કેળવવાથી સિદ્ધ થાય છે.

> अयं प्रभावः परमः समत्वस्य प्रतीयताम् ।
> यत्पापिनः क्षणेनापि पदमियंति शाश्वतम् ॥
>
> पू. श्री हेमचन्द्रसूरिकृत योगशास्त्र, प्रकाश-४ स्वोपज्ञ टीका

સમતાનો આ પરમ પ્રભાવ કહ્યો છે કે પાપી આત્માઓ પણ તેના પ્રભાવે એક ક્ષણવારમાં મોક્ષને પામે છે.

## માતૃતુલ્ય વૃત્તિ

સમગ્ર જીવસૃષ્ટિ સાથે પ્રેમમૂલક વૃત્તિ કેળવી સૌની સાથે સમાનપણું સાધવું તે સામાયિક ધર્મનું લક્ષણ છે.

સમાનપણું સાધવાની વૃત્તિને ચાર વિભાગમાં વહેંચવામાં આવી છે:

માતા જેમ પોતાના બાળકને પ્રેમથી પાળે છે. પોષે છે, માંદું પડે ત્યારે કરુણાથી તેની સેવા કરે છે. મોટું થઈને હોશિયાર થાય ત્યારે તેની પીઠ થાબડીને પ્રમોદ વ્યક્ત કરે છે અને જ્યારે તે સ્વતંત્રપણે પોતાનો સંસાર ચલાવે છે તેમ જ પોતાની ઇચ્છાથી વિરુદ્ધ વર્તે છે ત્યારે તેના પ્રત્યે મધ્યસ્થવૃત્તિ-ઉપેક્ષાભાવ દાખવે છે પણ દ્વેષભાવ નથી દાખવતી. આ પ્રમાણે સામાયિક ધર્મ પામેલો જીવ, સર્વ જીવો પ્રત્યે માતૃતુલ્યવૃત્તિથી અર્થાત્ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ વૃત્તિથી વર્તે છે. તેના પરિણામે સકળ કર્મનો ક્ષય કરીને સિદ્ધપદ મેળવે છે.

તાત્પર્ય કે જીવનો જરા જેટલો પણ તુચ્છકાર-પરિણામ સામાયિક ધર્મને દૂષિત કરે છે, એમ સમજી સ્વીકારી જીવ પ્રત્યે માતૃતુલ્યવૃત્તિ કેળવવી જોઈએ.

卐

# આત્મસમદર્શિત્વ

ગૃહસ્થોને જેમ ન્યાયોપાર્જિત વિત્ત એ મૂલ ગુણ છે, તેમ મુમુક્ષુઓને આત્મ-સમદર્શિત્વ એ મૂલ ગુણ છે.

આત્મસમદર્શિત્વ એ ન્યાયબુદ્ધિનું જ ફળ છે મનુષ્યને યોગ્યાયોગ્યનો વિભાગ કરવા માટે જે બુદ્ધિ મળી છે તે બુદ્ધિ તેને નીચેનો વિભાગ કરી આપે છે.

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃત્યાકૃત્ય અને ગમ્યાગમ્ય અથવા–

'मातृवत् परदारेषु परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥'

મનુષ્યને વિવેક દર્શન શક્તિ મળી છે, તેના ફળ રૂપે ગમ્યાગમ્ય વિભાગમાં मातृवत परदारेषु, કૃત્યાકૃત્ય વિભાગમાં परद्रव्येषु लोष्ठवत् તેમ એ બધા કર્તવ્યના આધારમાં સ્વ–પર તુલ્યતાની દૃષ્ટિ પણ આવશ્યક છે. તેથી आत्मवत् सर्वभूतेषु પણ કહ્યું છે.

જો આત્મસમદર્શિત્વ નામનો ગુણ ન હોય તો કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્ય કે ભક્ષ્યા-ભક્ષ્યાદિ વિભાગના વિવેકની કોઈ આવશ્યકતા જ રહેતી નથી. તેથી બધા સદ્‌ગુણોના આધારભૂત આત્મસમદર્શિત્વ ભાવ માનવમાત્રમાં હોવો જોઈએ.

એ હોય તો જ તેના ઉપર જ્ઞાન, ધ્યાન તથા જપની સફળતા છે, અન્યથા અહં-કાર–મમકાર–પોષક બનીને ભવવૃદ્ધિનો હેતુ થાય છે.

માર્ગાનુસારી બુદ્ધિ જેમ ન્યાયસંપન્ન વૈભવાદિ ગુણોમાં હેતુભૂત છે, તેમ તે જ માર્ગાનુસારી બુદ્ધિ આત્મસમદર્શિત્વમાં માતૃવત્ પરદાર બુદ્ધિમાં, લોષ્ઠવત્ પરધન બુદ્ધિમાં હેતુભૂત છે. અને એ બુદ્ધિ જ આગળ વધીને આત્મજ્ઞાનમાં પણ કારણભૂત થાય છે.

### સ્વજ્ઞાન

આત્મા દેહાદિથી ભિન્ન છે. ઉપયોગાદિ લક્ષણવાળો છે, ચેતન અને અવિનાશી પદાર્થ છે. આ બધું શાસ્ત્રીય જ્ઞાન 'પરજ્ઞાન' ( પર તરફથી મળેલું જ્ઞાન ) છે. તેને 'સ્વજ્ઞાન' એટલે પોતાનું અનુભવાત્મક બનાવવા માટે, એ જ્ઞાન આપનારા મહાપુરુષો પ્રત્યે કૃતજ્ઞ બનવું જોઈએ અને એ જ્ઞાન જેઓમાં નથી, તેઓને પમાડવા માટે નિઃસ્વાર્થ પ્રયત્ન કરવો જોઇએ. એમ કરવાથી તે જ્ઞાન પોતાનું બનાવી શકાય છે, અન્યથા તે પારકું જ રહે છે.

જેમ બીજાની ભોજનક્રિયાને જાણવાથી પોતાને તૃપ્તિ થતી નથી, તેમ બીજાની જ્ઞાનક્રિયાને જાણવા માત્રથી પોતાને તે જ્ઞાન ફળદાયી બનતું નથી. ભોજનક્રિયાની જેમ

તે જ્ઞાનને પોતાનું બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રયત્નનું નામ જ જ્ઞાતાદાતા પ્રત્યે નમ્ર અને કૃતજ્ઞ બનવું તે છે, તેથી તે જ્ઞાનનું પાચન થાય છે. તે જ્ઞાન અનુભવાત્મક બને છે અને આત્માના રૂપ-ગુણબળની વૃદ્ધિ કરનારું થાય છે.

કૃતજ્ઞતા જેમ જ્ઞાનસ્વરૂપ છે, તેમ પરોપકારવૃત્તિ પણ બુદ્ધિગમ્ય હોવાથી કથંચિત્ જ્ઞાનસ્વરૂપ માનેલ છે.

પરોપકાર જેમ સ્વોપકારમાં નિમિત્ત બને છે, તેમ પરોપકાર એ સ્વોપકારમાં નિમિત્ત થાય છે. એ એક પ્રકારનું વિશેષ જ્ઞાન છે અને તે નિપુણ બુદ્ધિગમ્ય છે.

અને પરહિતચિંતા એટલે–

'परस्मात् मम हितं भवति इति चिन्ता इत्यपि अर्थो युक्तः ।'

'બીજાથી મારું હિત થાય છે, એવી વિચારણા' આ અર્થ પણ વાજબી છે

સર્વ જીવો ઉપર આત્મદૃષ્ટિ રાખ્યા વિના કોઈ પણ આત્મા કદી ચિત્તશાન્તિ યા ભાવસમાધિ પામી શકતો નથી.

"आत्मवत् सर्वजीवेषु, दृष्टिः सर्वोन्नतिकारिका ।
भावशान्ति-प्रकाशार्थं देया भक्ति परायणैः" ॥१॥

સર્વ જીવો (નિજ) આત્મા સમાન છે, એવી દૃષ્ટિ સર્વની ઉન્નતિ કરનારી છે, તેથી ભક્તિપરાયણ પુરુષોએ ભાવશાન્તિને પ્રગટ કરવા માટે તે દૃષ્ટિ ધરાવવી જોઈએ.

卐

# સમત્વનો વિકાસ

સમત્વના વિકાસ અર્થે વૈરાગ્ય, વિશ્વપ્રેમ અને સમ્યગ્જ્ઞાન એ ત્રણેની સરખી આવશ્યકતા છે. સમ્યગ્જ્ઞાન એટલે જ્ઞાનાનંદમય પોતાના નૈશ્ચયિક શુદ્ધસ્વરૂપનું જાગૃતભાન.

ભાવ એટલે આંતરજ્ઞાન. પ્રતીતિકારક જ્ઞાન ભાવને જન્માવે છે. ભાવ એ સુદૃઢ જ્ઞાનનું કાર્ય છે. ક્રિયા એ ભાવનુ પરિણામ છે.

પ્રમાદ એટલે પરમાં રાગ આસક્તિ. તે વીતરાગની પૂજા આદિથી ટળે છે. વીતરાગની પૂજા વીતરાગમયતા માટે છે. રાગ દુઃખદાયી છે. તે જેમનામાં નથી તે વીતરાગ છે. તેથી તેમનું આલંબન કેવળ સુખને જ આપનારું થાય છે.

મનુષ્યભવ ઉત્કૃષ્ટ છે, તેથી તેમાં કાર્ય પણ ઉત્કૃષ્ટ થવું જોઈએ. રાગને દૂર કરવો એ જ પરમ પુરુષાર્થ છે. રાગ છે ત્યાં સુધી દુઃખ પણ છે જ. દુઃખને દૂર કરવાનો ઉપાય, દુઃખ જેમાંથી ઉત્પન્ન થાય છે, તે રાગ-પરમાં મારાપણાની બુદ્ધિ અને તેનું કર્તૃત્વાભિમાન–તે જ દૂર કરવા જોઈએ. માનવભવમાં તે કાર્ય થાય તો સોનામાં સુગંધ ભળે. માનવભવનું આ જ પરમ કર્તવ્ય છે.

રાગ દૂર કરવા યોગ્ય છે, એવી યાદ જેના હૃદયમાં નિરંતર છે, તે સાધકોના હૃદયમાં શ્રી વીતરાગ પરમાત્મા નિરંતર વસે છે. શ્રી વીતરાગ પરમાત્મામાં મન લીન કરવું હોય તેણે રાગ દૂર કરવાનું ધ્યેય મુખ્ય બનાવવું જોઈએ. રાગને દૂર કરવાની યાદ કે વીતરાગ પરમાત્માની યાદ બંને એક જ છે. પણ મુખ્ય તો રાગ દૂર કરવાની યાદ એ જ સાધ્ય છે. શ્રી વીતરાગ પરમાત્મા સાધન છે.

રાગ તીવ્ર હોય તો યાદ તીવ્ર બનવી–બનાવવી જોઈએ. રાગ દૂર કરવાથી જ સુખી થવાય, તેવું જ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન છે. આ જ્ઞાનની પરિણતિના અભાવે વીતરાગતામાં એકાકારતા પરિણમે છે. તેમાં જ સાચો વૈરાગ્ય અને વિશ્વપ્રેમ હોય છે.

તાત્પર્ય કે 'જય વીયરાય' સૂત્રના સાધકે પોતાના જીવનમાં વીતરાગતાને લક્ષ્ય બનાવવી જોઈએ. પર પદાર્થો પ્રત્યેનો રાગ સર્વથા નાબૂદ કરવાથી જ યથાર્થ વૈરાગ્ય અને વિશ્વપ્રેમ જીવનમાં પ્રગટે છે.

卐

# સમત્વનો સ્નેહ

જેને સમત્વબુદ્ધિ પ્રાપ્ત થઇ છે તે યોગી, જેને નથી થઇ તે અયોગી અર્થાત્ ચંચળ ચિત્તવાળો માનવી.

આત્મનિષ્ઠા એ જ શાન્તિનો ઉપાય રાગદ્વેષ રહિત બુદ્ધિ તે આત્મનિષ્ઠા છે. જિતેન્દ્રિયતા એ જ વિકાસનો માપદંડ છે.

જીવનની નિશા એટલે અંતરનું અંધારું જીવનની ઉષા એટલે અંતરનું અજવાળું.

નિષ્કામભાવે વર્તવાથી ફળ નથી મળતું એમ નહિ, પણ વધારે મળે છે. સ્વાર્થ એ રાત્રિ, અને પરમાર્થ એ દિવસ છે. શાન્તિનું મૂળ વાસનાના વિરોધમાં છે.

વિકારોની વચ્ચે નિર્વિકાર રહી, તે સ્થિતિને જીવતાં સુધી જાળવી રાખવામાં આત્મદર્શનનો વિજય છે, સંયમનો મહિમા છે. વાસનાઓનો ત્યાગ એ આત્મજ્ઞાનનું પ્રત્યક્ષ ફળ છે.

પર વસ્તુની સ્પૃહા એ ચોરી છે. पर द्रव्येषु लोष्ठवत् એ શાહુકારી છે. સત્યને અપનાવવું અને અસત્યને ત્યજવું તે જ ખાનદાની છે.

સ્થિતપ્રજ્ઞ આગમાં પણ શીતળ, વિષમાં પણ અમૃત તુલ્ય હોવાથી કોલાહલમાં પણ શાન્તિનો અનુભવ કરે છે. તેને બ્રાહ્મી સ્થિતિ પણ કહે છે. પરમાત્મા પરબ્રહ્મ પોતે આ સ્થિતિમાં રહે છે. સર્વજ્ઞ સર્વશક્તિમાન હોવાથી સદા સ્વાત્મ મહિમામાં રહે છે. અચલ મર્યાદા સંપન્ન છે. આપ્તકામ છે. ઉત્પાદ વ્યય કે લયમાં સમસ્થિત રહે છે. સત્‌ના જ્ઞાનથી સમપણે રહે છે, ચિત્‌ના જ્ઞાનથી આનંદમય રહે છે.

યુવાની યોગ માટે છે, ભોગ માટે નહિ. ભોગ એ પ્રજ્ઞાપરાધની સ્થિતિ છે. પ્રભુ પ્રાપ્તિ માટેની સાધના એ જ યુવાનીનો સમ્યગ્ ઉપયોગ છે. પરવસ્તુની પ્રાપ્તિ માટેના

પ્રયત્નોએ યુવાનીનો દુરુપયોગ છે. સદુપયોગ દુરુપયોગનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેના પ્રકાશમાં જીવવું તેનું જ નામ યથાર્થ જીવન છે.

જેના જીવનની કોઈ પણ પળ પર વસ્તુના અભાવને ખરેખર ખાલીપો સમજીને તેને ભરવા માટે ખર્ચાય છે, તે માણુસ આત્મનિષ્ઠ નથી જ. પૂર્ણને આવી ઇચ્છા ન જ હોય.

卐

# સામાયિક ધર્મ

રાગદ્વેષના અભાવરૂપ, આત્માના મધ્યસ્થ પરિણામ અને તે વખતે થતો જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોનો આત્માને જે લાભ, તેને શાસ્ત્રકાર ભગવંતો સામાયિક-ધર્મ કહે છે.

'समाना मोक्षं प्रति समानसामर्थ्यानां ज्ञानदर्शन-
चारित्राणामायः लाभः समायः, समाय एव सामायिकम् ॥'

સમ એટલે મોક્ષ પ્રાપ્ત કરવા માટે સમાન સામર્થ્યવાળા આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગુણો, તેનો લાભ એટલે સામાયિક. જે પરિણામને ધારણ કરવાથી આત્મા સમવૃત્તિવાળો બને, રાગદ્વેષરહિત થાય, સર્વ પ્રાણીઓને પોતાના આત્માની જેમ જુએ, તે સામાયિકનો પરિણામ છે.

સામાયિક એ સર્વ મૂળ ગુણોના આધારભૂત છે. સર્વ સાવદ્ય વ્યાપારોના ત્યાગરૂપ છે. કહ્યું છે કે—

'सामायिकं गुणानामाधारः खमिव सर्वभावानाम् ।
नहि सामायिकहीनाश्चरणादिगुणान्विता येन ॥ १ ॥
तस्माज्जगाद भगवान् , सामायिकमेव निरुपमोपायम् ।
शारीरमानसानेकदुःखनाशस्य मोक्षस्य ॥ २ ॥

અર્થ : આકાશ જેમ સર્વ પદાર્થોનો આધાર છે, તેમ સામાયિક સર્વ ગુણોનો આધાર છે.

સામાયિકથી રહિત એવા જીવોને ચારિત્રાદિ ગુણો પ્રાપ્ત થઈ શકતા નથી તે કારણે શારીરિક અને માનસિક અનેક દુઃખોના નાશરૂપ મોક્ષનો નિરુપમ ઉપાય, ભગવાને એક સામાયિકને જ કહ્યો છે.

જીવ જ્યારે 'સમ' પરિણામવાળો બને છે ત્યારે પ્રતિક્ષણ નવા નવા જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોને પામે છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રના આ પર્યાયો સંક્લેશના વિચ્છેદક અને નિરુપમ સુખના હેતુ છે. તેથી તેને શાસ્ત્રોમાં ચિંતામણિ, કલ્પતરુ અને કામધેનુથી પણ અધિક પ્રભાવ-શાળી કહ્યા છે.

## સામાયિક પરિણામની પ્રાપ્તિ

અચિન્ત્ય પ્રભાવશાળી આ સામાયિકના પરિણામની પ્રાપ્તિ જીવને સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરવાથી અને નિરવદ્ય યોગોનું સેવન કરવાથી થાય છે.

વસ્તુતઃ સર્વ જીવો સાથે મૈત્રી આદિ પ્રશસ્ત ભાવોને ધારણ કરવા એ જ સામાયિક છે. પરંતુ આ ભાવોને જીવનમાં સક્રિય રૂપ આપવા માટે સર્વ સાવદ્ય યોગોના ત્યાગની અને નિરવદ્ય યોગોના સેવનની પ્રતિજ્ઞા લેવી પડે છે. એ પ્રતિજ્ઞાના ગ્રહણ અને આસેવનને સામાયિક વ્રત કહેવામાં આવે છે.

આ સામાયિક વ્રતનું જ બીજું નામ અહિંસાધર્મ છે.

અહિંસાધર્મમાં આત્મૌપમ્યની દૃષ્ટિ છે અને એ જ દૃષ્ટિ સામાયિક વ્રતમાં છે.

જીવનમાં અહિંસાનો પરિપૂર્ણ અમલ કરવા માટે સામાયિક વ્રતની પ્રતિજ્ઞા અનિવાર્ય છે.

સામાયિકનો સીધો અર્થ સમતા છે.

'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।'

'પોતાને પ્રતિકૂળ વ્યાપારો બીજા પ્રત્યે ન આચરવા એ ધર્મનો સાર છે.'

સર્વ જીવો જીવવાને ઇચ્છે છે, કોઇ મરવાને ઇચ્છતું નથી. તું પણ જીવવાને ઇચ્છે છે, મરવાને ઇચ્છતો નથી; માટે તારે કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી કે કરાવવી એ તારો ધર્મ છે.

જેઓને ધર્મની જરૂર છે, તેઓએ જીવનમાં અહિંસાને સ્થાન આપવું જ જોઇએ અને કોઈ પણ જીવની થોડી પણ હિંસા જો પોતાના પ્રમાદથી થાય, તો તેને અધર્મનું કારણ માનવું જોઇએ. આવી નિરપવાદ અહિંસાને સિદ્ધ કરવા માટે પ્રતિજ્ઞા પણ આકરી જોઇએ અને તેના પાલન માટેના નિયમો પણ દૃઢ જોઇએ.

અહિંસા એ ધર્મ છે તથા તેની સિદ્ધિ માટે સત્યાદિ વ્રતો અને બ્રહ્મચર્યાદિ નિયમોનો ઉપદેશ ઓછેવત્તે અંશે સર્વ ધર્મોમાં અપાયેલો છે. સામાયિકની પ્રતિજ્ઞામાં તે ઉપદેશને પૂર્ણતાએ પહોંચાડવામાં આવ્યો છે.

કહ્યું છે કે,

'निरवद्यमिदं ज्ञेयं एकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरूपत्वात् सर्वयोगविशुद्धितः' ॥१॥

અર્થ : કુશલાશયરૂપ હોવાથી અને સર્વ યોગોની વિશુદ્ધિરૂપ હોવાથી આ સામાયિકનો પરિણામ તાત્ત્વિક અને એકાન્ત નિરવદ્ય છે.

જેવો વિચાર તેવો જ આચાર અને જેવો આચાર તેવો જ વિચાર, એ તાત્ત્વિક પરિણામ છે.

સામાયિકમાં સર્વ જીવો સાથે મૈત્રીભાવ છે અને તેવું જ અહિંસાયુક્ત આચરણ પણ છે, તેથી તે એકાન્ત નિરવદ્ય છે. એ કારણે સામાયિકની પ્રતિજ્ઞા અંગીકાર કરવાથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ જીવોની હિંસા પણ થઈ શકતી નથી અને તે હિંસાથી બચવા માટે ખાવા-પીવા, બેસવા-ઊઠવા, બોલવા-ચાલવા સૂવા અને જાગવા જેવી ક્રિયા કરતી વખતે પણ ઘણું યાતનાપૂર્ણ જીવન જીવવું પડે છે. એનું જ નામ સક્રિય અહિંસા અને આત્મૌપમ્ય દૃષ્ટિનું સક્રિય પાલન છે.

## સામાયિકના પર્યાય

સામાયિકની પ્રતિજ્ઞાના અર્થથી પ્રરૂપક શ્રી તીર્થંકર દેવો છે અને સૂત્રથી રચના કરનારા શ્રી ગણધર ભગવંતો છે.

સામ, સમ અને સમ્મ એ ત્રણ 'સામાયિક' શબ્દના પર્યાયવાચી શબ્દો છે.

સામ એટલે મધુર પરિણામ. સર્વ જીવો સાથે મૈત્રીના પરિણામ.

સમ એટલે ત્રાજવાં જેવાં સમાન પરિણામ. સર્વ સંયોગો અને વિયોગો પ્રત્યે સરખાં પરિણામ.

સમ્મ એટલે ખીર-ખાંડની જેમ પરસ્પર મળી જવાના પરિણામ. જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાનાં પરિણામ.

ચારિત્રરૂપી ખીરની સાથે જ્ઞાન-દર્શનરૂપી સાકરનું એકત્ર થઈ જવું તે સમ્મ પરિણામ છે.

ટૂંકમાં, સામાયિક એ સર્વ પાપ-વ્યાપારોના ત્યાગની અને નિષ્પાપ-વ્યાપારોના સેવનની પ્રતિજ્ઞારૂપ છે. તેથી તેમાં સર્વ જીવોની મૈત્રી, સર્વ સંયોગોમાં માધ્યસ્થ્ય અને સર્વ સદ્ગુણોના પાલન પ્રત્યેનો ઉત્સાહ વગેરે પ્રશસ્ત અધ્યવસાયો રહેલા છે.

## સામાયિકના ચાર પ્રકાર

૧. શ્રુત સામાયિક, ૨. સમ્યક્ત્વ સામાયિક, ૩. દેશવિરતિ સામાયિક ૪. સર્વ-વિરતિ સામાયિક.

શ્રુત સામાયિક અમુક સમય સુધી શાસ્ત્ર પાઠ ભણવાના નિયમરૂપ છે.

સમ્યક્ત્વ સામાયિક શ્રદ્ધા ગુણની શુદ્ધિરૂપ છે.

દેશવિરતિ સામાયિક બે ઘડી (૪૮ મિનિટ) પર્યંત સાવદ્ય વ્યાપારના ત્યાગના નિયમરૂપ છે.

સર્વવિરતિ સામાયિક જીવન પર્યંત નિરવદ્ય વ્યાપારના પાલનની પ્રતિજ્ઞારૂપ છે.

બીજી રીતે વિચારતાં શ્રુત સામાયિક શાસ્ત્રાભ્યાસ વડે થઈ શકે છે.

સમ્યક્ત્વ સામાયિક શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આદિ ગુણોના આસેવન વડે થઈ શકે છે.

દેશવિરતિ સામાયિક, સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચોરી વગેરે પાપ–વ્યાપારોને તજવા વડે થઈ શકે છે.

સર્વવિરતિ સામાયિક, હિંસાદિક પાપવૃત્તિઓનો સર્વથા ત્યાગ કરવા વડે થઈ શકે છે.

સામાયિકને શ્રાવકનાં બાર વ્રતોમાંનું નવમું વ્રત પણ કહ્યું છે. તેને શિક્ષાવ્રત કહેવાય છે.

શિક્ષા એટલે અભ્યાસ. આત્માની નિર્મળતાનો અભ્યાસ, પાપભારથી હલકા થવાનો અભ્યાસ અને જીવમાત્ર સાથે સમતાભાવ કેળવવાનો અભ્યાસ.

આ વ્રતનો વારંવાર અભ્યાસ થવાથી આત્મા, સર્વવિરતિધર્મને લાયક થાય છે, તેથી તેને સાધુતાનો અભ્યાસ પણ કહી શકાય.

રોજ ઓછામાં ઓછી બે ઘડી જેટલો સમય આ સાધુતાના અભ્યાસ માટે અપાય તે ગૃહસ્થોને અતિ લાભદાયી છે. એથી શાન્તવૃત્તિ, સંતોષવૃત્તિ અને રાગદ્વેષના હેતુઓમાં રાગદ્વેષ ન કરવારૂપ સમતાવૃત્તિ કેળવાય છે.

સામાયિક કરવું એટલે ચિત્તવૃત્તિને શાન્ત કરવાનો, સમભાવમાં સ્થિર થવાનો, મધ્યસ્થ ભાવને કેળવવાનો અને સર્વ જીવો પ્રત્યે સમાનવૃત્તિ અર્થાત્ સર્વાત્મભાવને કેળવવાનો પ્રશસ્ત અભ્યાસ. એનું જ બીજું નામ સામાયિક છે.

## દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સામાયિક

દ્રવ્યથી, ધર્મોપકરણ સિવાય બીજાં સર્વ દ્રવ્યોનો ત્યાગ કરવો.

ક્ષેત્રથી સામાયિક કરવા જેટલી જગ્યા રાખીને બીજી જગ્યાનો ત્યાગ કરવો.

કાળથી બે ઘડી પર્યંત સામાયિકમાં રહેવાનો નિર્ણય કરવો.

ભાવથી રાગદ્વેષ–રહિતતા અને સમભાવ–સહિતતા અથવા અશુભ ધ્યાનનો ત્યાગ અને શુભ ધ્યાનનો સ્વીકાર કરવો.

અશુભ ધ્યાન, આર્ત્ત અને રૌદ્ર સ્વરૂપ છે.

એ બે ધ્યાનનો ત્યાગ કરવા માટે મૈત્ર્યાદિ ચાર અને અનિત્યત્વાદિ બાર ભાવનાઓનો વિચાર કરવો તથા વચન અને કાયાના અશુભ વ્યાપારોથી બચવા માટે તેટલા વખત સુધી સર્વ સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો.

સામાયિકની આ પ્રતિજ્ઞા, વટેમાર્ગુને વૃક્ષની છાયાની જેમ, સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત આત્માને શાન્તિ લેવા માટેનું પરમ વિશ્રામ સ્થળ છે. તેમ જ પાપનો અંધકાર દૂર કરવા માટે અને આત્માનો આંતરિક પ્રકાશ મેળવવા માટેનું અદ્વિતીય સાધન છે.

આ વ્રત જીવને અધ્યાત્મમાર્ગના રસ્તે ચડાવવા માટેનો પરમ સોમિયો છે. તેમ જ દુર્ગતિના દ્વારની અર્ગળા અને સદ્ગતિના દ્વારની કૂંચી છે.

જેટલો વખત સામાયિક વ્રતમાં, સમતાભાવમાં ચિત્ત ચોંટેલું રહે છે, તેટલો વખત અશુભ કર્મોનો ઉચ્છેદ થાય છે. અને તેટલો વખત શ્રાવક સાધુ સમાન બને છે.

આથી આત્માર્થી જીવોએ વધુ ને વધુ સામાયિક કરવાં એ હિતકારક, સુખકારક અને કલ્યાણકારક છે.

卐

# સામાયિક પરિણામ

પરમેષ્ઠિ નમસ્કાર તે સામાયિક ધર્મને નમસ્કાર છે. સામાયિક તે આત્માનો શુદ્ધ પરિણામ છે. દ્રવ્યાર્થિક નયે સામાયિક તે આત્મા છે આત્માનો સામાયિક પરિણામ સામ, સમ અને સમ્મ છે.

**સામ તે મધુર પરિણામ** છે. અમૈત્રિક કટુક પરિણામનો તે વિરોધી છે. અમૈત્રી રૂપ કટુક પરિણામ તે જીવમાં અજીવ બુદ્ધિરૂપી મિથ્યાત્વના પ્રકાર સ્વરૂપ ઘોર પાપસ્થાનક છે. તે પાપનો પ્રતિઘાત મૈત્રીરૂપ મધુર પરિણામથી થાય છે. આ મધુર પરિણામને 'સામ' શબ્દથી ઓળખવામાં આવે છે. 'સામ' એ મધુર પરિણામરૂપ મૈત્રીનો ભાવ છે અને તેનાથી અમૈત્રી રૂપી પાપનો પ્રતિઘાત થાય છે. **સામાયિકનું સામરૂપ પરિણામ, આત્માના સમ્યગ્દર્શનરૂપી ગુણનું ફળ છે.**

સામાયિકનો બીજું પરિણામ 'સમ' છે. **'સમ' એટલે તુલા પરિણામ**...તે સમ્યગ્ જ્ઞાન ગુણનું ફળ છે. **સમ્યગ્ જ્ઞાન એ વિવેકરૂપ છે.** તે વિવેક વડે જીવમાં ગુણબીજાધાન થાય છે. **ગુણબીજાધાન પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય પરિણામરૂપ છે.** ગુણાધિક પ્રત્યે પ્રમોદ, દુઃખાધિક પ્રત્યે કરુણા અને પાપાધિક પ્રત્યે ઉપેક્ષા–એ ન્યાયબુદ્ધિનું વિવેક શક્તિનું અને સમ્યગ્જ્ઞાનનું ફળ છે.

સામાયિકનો ત્રીજું પરિણામ 'સમ્મ' રૂપ છે. **સમ્મ એટલે ખીરખંડયુક્ત પરિણામ, તે સમ્યક્ ચારિત્રરૂપ છે.** સમ્યક્ચારિત્ર એટલે આત્મ રમણતા તેને શરણગમન પણ કહેવાય છે.

**'સામ' પરિણામ વડે દુષ્કૃત ગર્હા થાય છે.** અમૈત્રીભાવ એ જ મોટું દુષ્કૃત છે. હિંસાદિ અન્ય દુષ્કૃતોનું બીજ છે.

**'સમ' પરિણામ વડે સુકૃતાનુમોદન થાય છે.** મોટામાં મોટો ભાવ–સુકૃત પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્યરૂપ છે. તે સ્વયં સુકૃત છે અને અન્ય સર્વ સુકૃતોનું મૂળ છે.

**'સમ્મ' પરિણામ વડે સર્વ સુકૃતવાન અને સર્વ દુષ્કૃત હીન એવા પરમ પંચ પરમેષ્ઠિઓનું શરણ સ્વીકારાય છે.**

પંચ પરમેષ્ઠિઓનું શુદ્ધાત્મસ્વરૂપ, પોતાના શુદ્ધાત્મસ્વરૂપથી ભિન્ન નથી, તેથી આ શરણગમન સ્વશુદ્ધાત્મસ્વરૂપનું જ સ્મરણ અને શરણ છે. આ ત્રણે પરિણામના પ્રતાપે ભવતાપ સર્વથા નાશ પામે છે.

## સમતા સર્વભૂતેષુ

સામ પરિણામ તેનાથી મન, વચન અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિઓના ત્યાગ માટેનું સામર્થ્ય પ્રગટે છે.

**સમ પરિણામ એટલે રાગ-દ્વેષનાં નિમિત્ત ઉપસ્થિત થવા છતાં રાગ-દ્વેષ ન કરવા તેને સમ પરિણામ કહે છે.** તે પણ સામાયિકનો એક પ્રકાર છે.

મોક્ષ સાધનામાં એકસરખું સામર્થ્ય ધરાવતા એવા જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણોનો જે લાભ તે સામાયિક. **ચારિત્ર એટલે પાપ વ્યાપારનો ત્યાગ અને નિષ્પાપ વ્યાપારનું પ્રતિપાદન**-પ્રતિસેવન અહીં સમ્મ પરિણામ છે. સમ્મ એટલે શ્રેષ્ઠ.

અપકારી પ્રત્યે પણ ઉપકારી જેવો સમાન ભાવ તે સામ સામાયિક છે. સુખ-દુઃખ પ્રત્યે સમાન ભાવ તે સામાયિક છે. સુખ વિચલિત ન કરી શકે, દુઃખ વ્યગ્ર ન બનાવે, માનઅપમાન, નિંદા-સ્તુતિ અને લાભાલાભમાં પણ સમાન ચિત્તવૃત્તિ તે સામાયિક છે.

મોક્ષ આપવામાં સમાન સામર્થ્યવાળા જ્ઞાન-દર્શન અને ચારિત્ર ત્રણે ગુણો ઉપર સમાન ઉપાદેયભાવ તે સમ્મ પરિણામ છે.

'સામ' શબ્દ સાદશ્યાસ્તિત્વને જાતિગત સ્પર્શે છે, તેથી મધુર પરિણામ પ્રગટે છે. 'સમ' શબ્દ સ્વરૂપાસ્તિત્વને કાળ વ્યાપક એક નિત્ય દ્રવ્યને સ્પર્શે છે, તેથી તુલા પરિણામ રૂપ વિવેક અને ન્યાયબુદ્ધિ પ્રગટે છે. સમ્મ શબ્દ એક દ્રવ્યમાં રહેલ અનેક ગુણો અનંત શક્તિ અથવા અનેક ગુણોમાં એક દ્રવ્ય એક આધારને સ્પર્શે છે.

પ્રથમ એકત્વ જાતિગત, બીજું એકત્વ દ્રવ્યગત અને ત્રીજું એકત્વ વસ્તુગત છે. એકમાં આકાશની જેમ વ્યાપકતા છે, વિશાળતા છે. બીજામાં સાગરની જેમ ગંભીરતા-ઊંડાણ છે. ત્રીજામાં મેરૂની જેમ સ્થિરત્વ-ઉચ્ચત્વ છે.

તાત્પર્ય કે **ઔદાર્ય, ગાંભીર્ય, નિષ્પ્રકંપતાદિ ગુણોની ખાણ તે સામાયિક-ધર્મ.** અને તેની સમગ્રતા છે, તેને ધારણ કરનારા પંચ પરમેષ્ઠિઓ, તે કારણે ગુણના ભંડાર ગણાય છે.

## સામાયિકથી ગુણપ્રગટન

સામાયિક ધર્મની આરાધનાથી જે ત્રણ ગુણો પ્રગટે છે તે અનુક્રમે અભય, અદ્વેષ અને અખેદ છે. અખંડ, અભંગ અને અક્ષય એવા આત્મ દ્રવ્યનો વિચાર ભયને દૂર

કરે છે. એક, નિત્ય, આત્મત્વજાતિનો વિચાર દ્વેષને દૂર કરે છે. અભયથી સ્થિરતા આવે છે અને અદ્વેષથી શીતળતા પ્રગટે છે. એક જ દ્રવ્યમાં એક કાળે અનંતગુણો ઘનીભૂત થઈને રહેલા છે. એ વિચાર ખેદને દૂર કરે છે.

**ખેદને દૂર કરનાર સામાયિકનો સમ્મ પરિણામ છે.**
**દ્વેષને દૂર કરનાર સામ પરિણામ છે.**
**ભયને દૂર કરનાર સમ પરિણામ છે.**

સમ પરિણામ પર્યાયોના પલટા વખતે પણ તુલ્ય રહી શકે છે. સામ પરિણામ વ્યક્તિનિષ્ઠ ભેદ વચ્ચે પણ એક અખંડ અભેદભાવને સ્થિર રાખી શકે છે.

સામાયિક એ આત્મા છે. અને આત્મા પોતે ભય, દ્વેષ અને ખેદ રહિત છે. ભય, દ્વેષ અને ખેદ એ પર્યાયના ધર્મો છે. તે ક્ષણભંગુર અને અસ્થિર છે. પર દ્રવ્યના સંબંધથી થનારા છે. તે બધાથી ભિન્ન એવા નિત્ય, અખંડ, અભંગ આત્માનો વિચાર નિર્ભયતા, નિર્દ્વેષતા અને નિર્ખેદતાની અનુભૂતિ કરાવે છે.

**ચેતનાને આત્મામાં સ્થિર કરવાની ક્રિયા તે સંવર સામાયિક છે અને તેનાથી કર્મની નિર્જરા, ભય, દ્વેષ, ખેદનો અભાવ તે મોક્ષ છે.**

જેની ઉત્પત્તિ અન્ય કોઈ દ્રવ્યથી થતી નથી તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય? આત્માને સ્વરૂપના અજ્ઞાનથી, સંશયથી વિપર્યયથી મૃત્યુના ભયની ભ્રાંતિ છે તેનું નિવારણ શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ વડે પરમ જાગૃતિના અનુભવથી જ્ઞાની પુરુષને થઈ શકે છે તેથી આત્મજ્ઞાની સદા નિર્ભય છે; એ જ સ્વરૂપના લક્ષ્યથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે તે અદ્વેષ છે. તથા સર્વ પર-દ્રવ્યથી વૃત્તિને વ્યાવૃત્ત કરી જ્યારે આત્મા, આત્મારૂપે વર્તે છે, ત્યારે તે અકલેશ સમાધિને પામે છે, તે અખેદ છે.

આ રીતે સામ, સમ અને સમ્મ પર્યાયવાળા સામાયિક ધર્મની આરાધના વડે આત્મા અભય, અદ્વેષ અને અખેદને પામે છે.

## સામાયિકનું સ્વરૂપ

સામાયિકમાં ત્રણ વસ્તુ છે:

૧. દુષ્કૃતવર્જનરૂપી જળપાન વિષયપિપાસાને શમાવે છે.
૨. સુકૃત સેવનરૂપી પરમાન્નનું ભોજન કષાય ક્ષુધાને નિવારે છે.
૩. સ્વ સ્વરૂપ રમણતારૂપી નિધાન આત્માને ગુણ સમૃદ્ધ બનાવે છે.

સામાયિકમાં ત્રણ પ્રતિજ્ઞા છે:

૧. '**करेमि सामाइयं।**' તે **સ્વરૂપ રમણની પ્રતિજ્ઞા છે.**
૨. '**सावज्जं जोगं पच्चक्खामि।**' એ પાપવર્જનની પ્રતિજ્ઞા છે.

૩. 'अप्पाणं वोसिरामि।' એ સુકૃતસેવનની પ્રતિજ્ઞા છે તેનાથી જીવને શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ મળે છે.

દુષ્કૃત વર્જન વડે શાંતિ થાય છે,
સુકૃત સેવન વડે તુષ્ટિ થાય છે.
શરણ ગમન વડે પુષ્ટિ થાય છે,
કેમ કે તે સ્વરૂપ રમણમાં પરિણમે છે.

બધા જીવોની સાથે સમતાભાવ તે સમતા સામાયિક. લાભ–અલાભ માન–અપમાન રાગ–દ્વેષ વગેરે દ્વંદ્વોમાં સમાન રહેવું તે શ્રુત સામાયિક અને તે જ્ઞાન દ્વારા ક્રિયામાં અપ્રમત્તતા રાખવી તે ક્રિયા સામાયિક છે.

સામ એટલે મધુર પરિણામ, સ્નેહ, મૈત્રી.

સમ્ એટલે રાગ દ્વેષમાં મધ્યસ્થપણાનું પરિણામ તે શ્રુતસામાયિક.

સમ્મ એટલે જ્ઞાન–દર્શન–ચારિત્રની ક્રિયામાં મળી જવું તે ક્રિયા સામાયિક છે.

આ પ્રતિજ્ઞા દિવસમાં નવવાર કરવાથી ભાવના પુષ્ટ બને છે. સારી ભાવનાવાળાને તેવા વખતે અંદરથી અદૃશ્ય બળ મળે છે.

卐

# દ્રવ્ય-ગુણ-પર્યાય

સજાતીય દ્રવ્યથી વૃદ્ધિ, ગુણની એકતા અને પર્યાયની સમાનતા અનુભવાય છે, તે સામાયિકનું મધુર પરિણામ છે. તેમાં કારણ દ્રવ્યથી સજાતીય ચેતનતત્ત્વનો સંબંધ વૃદ્ધિનું કારણ બને છે. તુલા પરિણામરૂપ સામાયિક પર્યાય વડે સમાનતાનું ભાન થાય છે અને ખીરખંડયુક્ત સામાયિકનું પરિણામ ગુણ વડે એકતાનું ભાન કરાવે છે.

મધુર પરિણામ દ્રવ્યની એકતાના ભાન વડે થાય છે.

તુલા પરિણામ પર્યાયોની સમાનતાના જ્ઞાનથી થાય છે અને
ખીરખંડયુક્ત પરિણામ ગુણના અભેદનું જ્ઞાન થવાથી થાય છે. અથવા
મધુર પરિણામ એ સજાતીય એકતાના સાદૃશ્યાસ્તિત્વ વડે એકતાના અનુભવથી થાય છે.

તુલ્ય પરિણામ ત્રૈકાલિક પર્યાયોમાં અનુસ્યૂત સ્વરૂપાસ્તિત્વ–સ્વરૂપ સત્તાના એકત્વના ભાનથી થાય છે અને

ખીરખંડયુક્ત પરિણામ એ ગુણોની એકતા અને અધિષ્ઠાનના એકત્વના ભાનથી થાય છે.

'गुण पर्यायवद् द्रव्यम्।' એમાં ગુણ, પર્યાય અને દ્રવ્યનું વર્ણન છે. અનંત ગુણોનો આધાર એક જ દ્રવ્ય છે. ગુણો સહભાવી છે, સપર્યાય ક્રમભાવી છે. અનંત

પર્યાયોનો આધાર પણ એક જ દ્રવ્ય છે. એ રીતે ગુણો અને પર્યાયોનો આધાર એક જ દ્રવ્ય છે, એ વિચારથી જે સમત્વ આવે છે, તે અનુક્રમે તુલા પરિણામરૂપ અને ખીર-ખંડયુક્ત પરિણામ છે. અનંત દ્રવ્યોમાં રહેલી સાદૃશ્ય પરિણામરૂપ એકતા એ મધુર પરિણામરૂપ સામાયિકનો અનુભવ કરાવે છે.

## સમસ્તસત્ત્વ વિષયક સ્નેહ પરિણામ

સમસ્ત સત્ત્વવિષયક સ્નેહ પરિણામ–એ મધુર પરિણામ છે અને તે સજાતીય દ્રવ્યોમાં રહેલી એકતાના ભાનથી થાય છે સજાતીયતા–સાદૃશ્ય પરિણામ એકરૂપ છે, તેથી આત્મૌપમ્યભાવ જાગે છે. જેવો સ્નેહ સ્વપ્રત્યે છે, તેવો જ સ્નેહ સર્વ પ્રત્યે જાગે છે સ્નેહની આ વૃદ્ધિ એ જ મધુર પરિણામરૂપે અનુભવાય છે.

વસ્તુમાત્રમાં મુખ્ય બે ધર્મો હોય છે: એક સામાન્ય અને બીજો વિશેષ. સામાન્ય બે પ્રકારનું છે, તિર્યક્ સામાન્ય અને ઊર્ધ્વતા સામાન્ય.

તિર્યક્ સામાન્ય ગુણને સ્પર્શે છે. ગુણરૂપી વિશેષનો આધાર તિર્યક્ સામાન્ય છે, તે સમષ્ટિ સ્વરૂપ છે. અનેક વ્યક્તિઓમાં રહેલું એક જ સમષ્ટિ સ્વરૂપ વ્યક્તિ કરતાં કંઇ ગણું અધિક છે, તેથી તે મધુરરૂપ બને છે. વિશેષમાં રહેલી ભેદરૂપી કટુતાને દૂર કરી અભેદરૂપી મધુરતાને જન્માવે છે. ભેદબુદ્ધિ જનિત કટુતાનું નિવારણ કરી, અભેદ બુદ્ધિરૂપી મધુરતાને પેદા કરવાનું સામર્થ્ય તિર્યક્ સામાન્યમાં રહેલું છે. તિર્યક્ સામાન્યને આગળ કરવાથી જે સમત્વનો અનુભવ થાય છે, તે સામાયિકમાં રહેલું મધુર પરિણામ છે. પ્રત્યેક વ્યક્તિમાં રહેલ વિશેષતામાં જે સામર્થ્ય નથી, તે તેના સમૂહમાં ઉત્પન્ન થાય છે એનું જ નામ માધુર્ય છે.

પર્યાયોમાં રહેલી એકતાનું ભાન તુલા પરિણામ Balance of mind ઉત્પન્ન કરે છે અને ગુણોમાં રહેલી એકતાનું ભાન સંયુક્ત પરિણામ Integrity of mind ઉત્પન્ન કરે છે. તેથી જે સમત્વ ઉત્પન્ન થાય છે તે પૂર્ણ સામાયિક છે.

Unity, integrity and Balance of mind are the three Conditions for complete Dharma which is called 'SAMAYIK VRATA'.

આકાશની જેમ તે સર્વ ગુણોનો અને સર્વ ધર્મોનો આધાર છે. જ્ઞાનદર્શન, ચારિત્રાદિ સર્વ ગુણોનો આધાર સામાયિક પરિણામ છે, તે આકાશની જેમ વિશાળ છે, સાગરની જેમ ગંભીર છે અને મેરૂની જેમ ઊંચો છે. વિશાળતા, ગંભીરતા અને ઉદારતા જ્યારે આત્માના અધ્યવસાયમાં આવે ત્યારે તે સામાયિક બને છે.

વિશાળતા એકતાના પરિણામથી આવે છે.
ગંભીરતા ત્રૈકાલિકતાના વિચારથી જન્મે છે અને
ઉચ્ચતા સર્વ ગુણોના અધિષ્ઠાનની એકતામાંથી ઉત્પન્ન થાય છે.

## ક્રમભાવી પર્યાય

ગુણોનું અધિષ્ઠાન, પર્યાયોનું દ્રવ્ય અને દ્રવ્યોનું સાદૃશ્ય એક જ છે. એક દ્રવ્યમાં અનંત ગુણો એક કાળે રહેલા છે, અનેક ક્રમભાવી પર્યાયોમાં અનુસ્યૂત એક જ દ્રવ્ય રહેલું છે અને અનેક વ્યક્તિઓમાં સજાતીય તત્ત્વ એક જ રહેલું છે. એ રીતે સજાતીયતા, એકદ્રવ્યતા અને એક આધારતાનો વિચાર અનુક્રમે મધુરતા, ગંભીરતા અને ધીરતા લાવે છે.

ક્રમભાવી પર્યાયોમાં અનુસ્યૂત એક દ્રવ્યનો વિચાર ધીરતા બક્ષે છે.

સહભાવી ગુણોમાં રહેલી એકતા ગંભીરતા અર્પે છે અને

સજાતીય દ્રવ્યોમાં રહેલી સાદૃશ્ય એકતા ઉદારતાને લાવે છે. **ધીરતા, વીરતા અને ગંભીરતા શાન્તરસને જન્માવે છે.** 'धीरोदात्तता ।' ધીરતા અને ઉદારતા એ શાન્તરસના લક્ષણો તરીકે પ્રસિદ્ધ છે.

દ્રવ્ય–ગુણ પર્યાયના સ્વરૂપની આ વિચારણામાં જેમ જેમ નિપુણતા આવતી જાય છે, તેમ તેમ સ્વ પર કલ્યાણકારી સમભાવ–સમતાનું પરિણામ વધુને વધુ સુદૃઢ બને છે. સમભાવની પ્રાપ્તિ થવાથી આ દુનિયામાં બનતા ગમે તેવા બનાવો વિચલિત કરી શકતાં નથી. **સમગ્ર દૃષ્ટિમાં અખિલતાનું અંજન થઇ જાય છે તેથી ભાવ પણ તેવો જ સમત્વપ્રચુર રહે છે.** ક્રમભાવી પર્યાયોનું દર્શન વિસ્મયકારી ન નીવડતાં સમભાવ પુષ્ટિકર નીવડે છે.

અહીં દ્રવ્યરૂપે આત્મતત્ત્વનું ગ્રહણ છે તે પછી આ બધી જ વિચારણામાં મનોવ્યાપાર વધારવાનો છે. તેનાથી જે લાભ થાય છે, તે અપૂર્વ આહ્‌લાદક અને સર્વશ્રેયસ્કર પ્રકારનો હોય છે.

卐

# સામાયિક–ચિંતન

રાગ–દ્વેષના અભાવરૂપ આત્માના મધ્યસ્થ પરિણામ અને એ પરિણામ વખતે થતો જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોનો આત્માને લાભ–તે સામાયિક ધર્મ છે.

સમ એટલે સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ, અને તેથી સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ અને નિરવદ્ય યોગોનું અનુષ્ઠાન. સમભાવના લાભવાળી આ ક્રિયાને સામાયિક કહે છે.

સાવદ્ય એટલે સપાપ. નિરવદ્ય એટલે નિષ્પાપ.

સાવદ્ય વ્યાપારથી આત્માને ગેરલાભ થાય છે, માટે તે હેય છે.

નિરવદ્ય વ્યાપારથી આત્માને લાભ થાય છે, માટે તે ઉપાદેય છે.

જેનાથી રત્નત્રયીની શુદ્ધિ તેમજ પુષ્ટિ થાય તે નિરવદ્ય વ્યાપાર છે. તેથી મોક્ષ-

માર્ગના સાધનરૂપ જ્ઞાન-દર્શન ચારિત્રાદિને પણ 'સમ' કહેવાય છે. તે ત્રણેમાં મોક્ષ આપવાની સમાન શક્તિ રહેલી છે. તેથી તે ત્રણેને વિષે પ્રવૃત્તિ કરવી તે સામાયિક છે.

સર્વ પ્રાણીઓ આત્મતુલ્ય છે, એ સાધનાનો સક્રિય અભ્યાસ. તે સામાયિક છે.

સમતા વિધાયક છે. સ-આત્મા. મતા-મૂડી.

અર્થાત્ સમતા એ આત્માની મૂડી છે તેનું ભરપેટ દાન કરવું એ સામાયિક છે. તે જ રીતે શુભ ભાવના વિધાયક છે.

શુભ ભાવના મૈત્ર્યાદિરૂપ છે. તેના વડે અશુભ ધ્યાનનો ત્યાગ સુકર બને છે.

સર્વ જીવો અને સર્વ ગુણોમાં સમાન ભાવ તે સમતા વિધાયક છે. તેના વડે ઈન્દ્રિયો અને મન વશમાં આવે છે. ઈન્દ્રિયોના વિષયો અને મનના વિકારો અર્થાત્ કષાયો જીતાય છે, તે સંયમ છે.

ષડ્ જીવ નિકાયની રક્ષારૂપી સંયમ સમતા વડે વિકાસ પામે છે.

ગુણ સમતા એટલે જ્ઞાનાદિ જે ત્રણે ગુણો સર્વ જીવોમાં છે અને તે ગુણોમાં મોક્ષ આપવાનું એકસરખું સામર્થ્ય છે, એવી ભાવના.

પર્યાય-સમતા એટલે મનની સ્થિરતા, રાગ-દ્વેષનો નિગ્રહ. વિષમતા કર્મજન્ય છે, સમતા આત્મસ્વભાવ છે.

રાગ-દ્વેષાદિ વિષમ ભાવો દૂર થઈને સ્વ-સ્વરૂપમાં રમણતા, એ પણ સમતાનું સ્વરૂપ છે.

## યથાર્થ દર્શન

સર્વ પ્રાણીઓ પોતાના આત્મા સમાન છે અને પોતાનો આત્મા પરમાત્માની તુલ્ય છે, એ સત્યનું દર્શન પ્રગટ થતાં સર્વ પ્રાણીઓમાં સુષુપ્ત રહેલ પરમાત્મ તત્ત્વનું દર્શન થાય છે. આ યથાર્થ દર્શન એ વાસ્તવિક સમતા જન્માવે છે. આવી તાત્ત્વિક સમતા એ સામાયિકની ક્રિયાનો પ્રાણ છે.

દેવાધિદેવના દર્શનનો-દર્શનં દેવ દેવસ્ય...વાળા શ્લોકમાં અગાધ જે મહિમા, અમાપ જે સામર્થ્ય વર્ણવવામાં આવેલ છે, તે ઉક્ત 'દર્શન'ને અનુલક્ષીને છે.

આત્મામાં વિશ્વવ્યાપી વિશાળતા પ્રગટ કરવાનું સાધન સામાયિક છે. એથી સ્વાર્થ સાથેનું સગપણ દૂર થઈ, સર્વ સાથેનો આત્મીય ભાવ પ્રગટે છે.

સ્વ-સંરક્ષણ વૃત્તિને સર્વ સંરક્ષણ વૃત્તિમાં બદલવાનો સ્તુત્ય પ્રયોગ તે સામાયિક છે.

પોતાનું હિત વિશ્વના હિત સાથે સંકળાયેલું છે. વિશ્વના જીવોના હિતની ઉપેક્ષા કરીને કોઈ આત્મા 'સામાયિક'માં રહી શકતો નથી. કઠણ કર્મોના પહાડને ખતમ કરી શકતો નથી. અપૂર્વ જે વીર્યોલ્લાસ વડે અત્યંત ચીકણાં પણ કર્મોનો નાશ થાય છે. તેનું પ્રાગટ્ય વિશ્વહિતની ભાવનાના સતતાભ્યાસ દ્વારા જ થાય છે.

વિશ્વહિતની ભાવના એટલે સર્વ સંરક્ષણ વૃત્તિ. આ વૃત્તિ ધર્મસ્વરૂપ છે અને ધર્મ સંબંધ સર્વને સુખકારક છે. અધર્મ સંબંધ પરસ્પરને પીડાકારક–અહિતકારક અને અસુખકારક છે. એટલે જ કહેવાયું છે કે–'સર્વના વિચારથી ધર્મનો પ્રારંભ થાય છે અને એકના ધર્મથી સર્વને લાભ થાય છે.'

આવો લાભ આપવાનું અચિન્ત્ય સામર્થ્ય જેનામાં છે, તે આત્માને સમતામાં રાખવો તે સામાયિક છે.

આવા તાત્ત્વિક સામાયિકની પરિણતિ, એક માનવભવમાં જ શક્ય છે. માટે તે 'દેવદુર્લભ' ગણાયો છે.

આવો દેવદુર્લભ માનવભવ વિષમતાના હવાલે ન થઈ જાય, તેની પૂરેપૂરી સાવધાની રાખવામાં માનવભવની સાર્થકતા છે.

સામાયિક બે ઘડીનું હોય કે જીવનભરનું હોય, પણ તેમાં કરવા જેવું ખાસ કામ એક જ છે અને તે આત્માને કામ કરવા દેવું તે.

## સમત્વભાવ પ્રગટન

મિથ્યાત્વના સેવનથી અનંતાનુબંધી કષાયોની પુષ્ટિ થાય છે. અનંતાનુબંધી કષાયોના સેવન વડે મિથ્યાત્વની પુષ્ટિ થાય છે.

આ જીવને અનંત સંસાર પરિભ્રમણ કરાવનાર મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયો છે. તેનો પ્રતિકાર ન થાય, ત્યાં સુધી કોઈ પણ સદ્‌ગુણ સાનુબંધ એટલે ટકાઉ થતો નથી.

સર્વ જીવ તુલ્યતાના પરિણામ મિથ્યાત્વને અટકાવે છે. વૈષમ્ય માત્ર કર્મકૃત છે. એ વિચાર રાગદ્વેષ, અનંતાનુબંધી કષાયોને અટકાવે છે.

જીવન જીવત્વનો વિચાર અને કર્મકૃત ભેદનો વિચાર જેમ–જેમ પરિપક્વ થાય છે, તેમ–તેમ સમત્વ ગુણ સ્થિર થાય છે.

જીવો પ્રત્યે મૈત્રીભાવ અને પુદ્‌ગલ માત્ર પ્રત્યે માધ્યસ્થભાવ રાગ–દ્વેષને શમાવે છે.

બધા આત્મ–દ્રવ્યો તત્ત્વતઃ એક સમાન છે અને દરેક આત્મામાં મોક્ષના હેતુભૂત જ્ઞાન–દર્શનાદિ રહેલાં છે–એ વિચારમાં સતત વિચરણ કરતા રહેવાથી સમ્યક્‌ત્વની સુદૃઢ પ્રાપ્તિ થાય છે, જેને આત્મ–રવિનો સાક્ષાત્કાર પણ કહી શકાય.

સર્વના હિતના વિચારમાં અનંત વિષયાભિલાષ નિવારવાનું સામર્થ્ય છે તથા અનંતાનુબંધી કષાય, અત્યંત પ્રમાદ અને અત્યંત અશુભ યોગોને ન પ્રવર્તવા દેવાનું પણ સામર્થ્ય છે.

બીજા પાસેથી લીધેલા સુખના ઋણમાંથી મુક્ત થવાનો ઉપાય સર્વનું સુખ ઇચ્છવું અને બીજાને દીધેલા દુઃખનું પ્રાયશ્ચિત, બધા જીવો દુઃખમાંથી મુક્ત થાઓ–એ ભાવના છે.

આ ભાવમાં રહેલા સામર્થ્યમાં જરા પણ સંદેહ રહેવો, તે પણ મિથ્યાત્વનું એક અંગ છે. અર્થાત્ આસ્તિક્ય-લક્ષણમાં દોષનું સૂચક છે.

પરમાત્માની પરમોચન ભાવનાની ત્રિભુવનમાં આણ વર્તે છે, એ હકીકત આ ભાવના ભાવનારને ભવ તારવામાં અમોઘ બળ પૂરું પાડે છે.

આ રીતે સર્વ જીવ તુલ્યતાના પરિણામથી અને વૈષમ્ય માત્ર કર્મકૃત છે-એમ વિચારવાથી અનુક્રમે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયો અટકે છે. મિથ્યાત્વ અને અનંતાનુંબધી કષાયો નબળા પડવાથી જીવમાત્ર પ્રત્યે સમત્વનો ભાવ પ્રગટ થાય છે અને સમત્વભાવ પ્રગટ થવો તેનું જ નામ સામાયિક છે.

## સર્વજીવ સમત્વ

જીવ માત્રના જીવત્વની મહત્તા સમજ્યો, તે જીવ જ જીવનની સાચી મહત્તા સમજ્યો ગણાય.

જીવ માત્રના જીવનનું બહુમાન એ સામાયિક ધર્મનો પાયો છે.

કોઈ પણ જીવને સહેજ પણ દૂભવતાની સાથે મનને આંચકો લાગવો તે સામાયિક ધર્મની પરિણતિની નિશાની છે.

વીજળીના આંચકા કરતાં પણ વધુ જલદ આ આંચકો પ્રતીત થાય, તો માનવું કે સર્વ જીવો આત્મા-સમાન હોવાનું સત્ય સ્પર્શ્યું છે.

સામાયિકમાં રહેલા ભવ્યાત્માને આ હકીકત એકને એક બે જેવી સ્પષ્ટ લાગે છે, લાગવી જોઈએ.

૪૮ મિનિટ માટે એક આસને બરાબર બેસવારૂપ સામાયિકનો મર્મ એ છે કે આ ૪૮ મિનિટ દરમ્યાન આત્મસ્થ રહો !

જે આત્મસ્થ છે, તે વિશ્વસ્થ છે. જે વિશ્વસ્થ છે, તે વિશ્વેશ્વર છે. વિશ્વના ઇષ્ટમાં જ સ્થિર છે.

સામાયિકનું પરમરહસ્ય એ છે કે-કોઈ પણ જીવને આત્મવત્ જોવો. પોતાને સુખ ગમે છે દુઃખ નથી ગમતું. તેમ જીવમાત્રને સુખ ઇષ્ટ છે. દુઃખ અનિષ્ટ છે તેથી કોઈના પણ દુઃખમાં નિમિત્ત ન બનવું જોઈએ. સર્વ જીવોને મારા તરફથી સુખ થાય કોઈ પણ જીવ મારા નિમિત્તે દૂભાય નહિ-આ રીતે ભાવના ભાવવી જોઈએ. જીવ-માત્રને પોતાના સમાન જોવો તે જ સામાયિકનું પરમ રહસ્ય છે.

## સામાયિક વ્રત એટલે ?

"त्यक्त्वार्त्तरौद्रध्यानस्य त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्तं समता या तां विदुः सामायिकं व्रतम् ॥"

**અર્થ** : આર્ત્ત અને રૌદ્રધ્યાન છોડીને તેમજ સાવદ્ય કર્મનો ત્યાગ કરીને, મુહૂર્ત પર્યંત સમતામાં રહેવું તેને સામયિકવ્રત કહે છે.

જ્ઞાનાદિ શક્તિઓ દ્વારા મોક્ષમાર્ગને સાધે તે સાધુ અને નિર્વાણ સાધક યોગો તે મોક્ષમાર્ગ.

સામાયિક ધર્મ એ માત્ર જાણવાનો વિષય નથી, પણ સમજવાનો, વિચારવાનો, આચરવાનો અને અંતરમાં ઊંડે ઉતારવાનો વિષય છે.

અનંત જીવ દ્રવ્યોમાં જીવત્વ–જાતિગત એકતા છે.

એક જીવના અનંત ગુણોમાં પરસ્પર વ્યાપ્તિ રૂપ એકતા છે.

એક જીવના અનંત પર્યાયોમાં દ્રવ્યગત એકતા છે.

જીવમાં જીવત્વનું ચિંતન સમતા લાવે છે. કર્મમાં કર્મત્વનું ચિંતન સમતા લાવે છે. ગુણોમાં ગુણત્વનું ચિંતન સમતા લાવે છે.

બધા જીવોમાં જીવત્વ સરખું છે. સંસારી જીવોમાં કર્મકૃત વૈષમ્ય સરખું છે. જીવોના ગુણોમાં આત્મધર્મત્વરૂપ સરખાપણું છે.

જીવત્વના ચિંતનથી મધુર પરિણામ ઉત્પન્ન થાય છે. કર્મ–વિપાકના ચિંતનથી સમ પરિણામ, તુલા પરિણામ ઉત્પન્ન થાય છે.

કર્મ વડે જીવ દુઃખ પામે છે, ધર્મ વડે સુખ પામે છે. ધર્મ મંગળ છે, કર્મ એ વિઘ્ન છે.

કર્મરૂપી વિઘ્ન ધર્મરૂપી મંગળ વડે ક્ષય પામે છે. અને તેના પરિણામે જીવ પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

સમતાની પ્રાપ્તિ માટે ત્રણ વસ્તુનો વિચાર કરવા યોગ્ય છે :

(૧) જીવનો પારિણામિક ભાવ : સહજ સ્વરૂપ (૨) જગતનો ઔદયિક ભાવ: કર્મ (૩) ઈશ્વરનો ક્ષાયિક-ક્ષાયોપશમિક ભાવ : ધર્મ. આ ત્રણ વસ્તુના વિચારમાં મન લગાડવું જોઈએ.

卐

# જીવનનું લક્ષ્ય સામાયિક ?

જે અનિવાર્ય છે, તેની સાથે સહકાર કેળવો. જે વસ્તુ ટાળી શકાતી જ નથી, તેની સાથે હાથ મિલાવવામાં જ ડહાપણ છે.

જે કાંઈ બની રહ્યું છે, તેનો શાન્ત સ્વીકાર કરવો તે સામાયિક છે.

શાન્ત સ્વીકાર એટલે અણગમાના અંશ વિનાનો સ્વીકાર, સહજભાવે સ્વીકાર.

જીવનનું લક્ષ્ય–શાન્તિ, સમતા કે સામાયિક જ છે. દુઃખને પચાવતાં આવડી જશે તો તેમાંથી નવું બળ ઓજસ્ સાંપડશે. અને એથી પરમ શાન્તિનો પ્રકાશ પામી શકાશે.

ધર્મ મહાસત્તાના સર્વેસર્વા સ્વામી શ્રી અરિહંત પરમાત્મા છે, તેઓશ્રીને આંતરિક કુટુંબના વડા નીમીએ, તેમની આગળ હૃદય ખોલીએ, જે કાંઈ આધ્યાત્મિક મેળવવા જેવું છે, તે તેમની પાસે માંગીએ. ઓછું પડે તો તેમની પાસે રડી લઈએ. મન આનંદિત થાય તો તેમની પાસે આભારવશ થઈને જઈએ અને મનભર નાચી લઈએ.

સૂના પડેલા આ જીવનમાં એક શ્રી અરિહતને દાખલ કરીશું, તો આપણી સર્વ ગમગીની દૂર થશે, કારણ કે સમગ્ર વિશ્વ તેમની કરુણાશક્તિના આધારે ટકી રહ્યું છે.

ભાવ સામયિકનું પરિણામ શ્રી અરિહંત-હૃદયમાં આવે છે અર્થાત્ શ્રી અરિહંતને હૃદય અપાય છે એટલે આવે છે. કારણ કે ભાવ સામાયિક અને શ્રી અરિહંત વચ્ચે અભેદ છે.

સહજ વાત્સલ્યની અનવરત વર્ષા કરનારા તેમજ કરી રહેલા શ્રી અરિહંત પરમાત્માને સમર્પિત થવામાં રખાતી ઢીલાશ યા સેવાતો પ્રમાદ એ જ ભવદુઃખનું કારણ છે, તેનું નિવારણ કરનાર હાજર હોવા છતાં તેને સમર્પિત ન થવું એ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે, જડતા છે. માટે પ્રતિપળે શ્રી અરિહંતના નામનો જાપ કરવાનું વિધાન છે કે જેથી આત્મા જરૂર કર્મસત્તા સામે ન ઝૂકવાનું હૈવત દાખવી શકે.

卐

# સામાયિકરૂપી સુવર્ણ

સાચા સોનામાં મુખ્ય જે બાર ગુણો છે, તે નીચે મુજબ છે :

૧. વિષઘાત ૨. રસાયણ ૩. મંગલ ૪. વિનીત ૫. પ્રદક્ષિણાવર્ત ૬. ગુરુ ૭. અદાહ્ય ૮. અકુથ્ય ૯. કષ ૧૦. છેદ ૧૧. તાપ ૧૨. તાડન.

સોનામાં રહેલા આ ગુણો સામયિકમાં પણ રહેલા છે, કારણ કે સામાયિક એ **"ભાવ સોનું"** છે.

સોનું દ્રવ્ય વિષનો અપહાર કરે છે તો સામાયિક **મોહ-વિષને** હણે છે.

સોનાની રાસાયણિક પ્રક્રિયા દ્રવ્ય-આરોગ્યને સહાયક થાય છે તો સામાયિક મોક્ષના **ઉપદેશરૂપી રસાયણનું** કામ કરીને ભાવ-આરોગ્યપ્રદ નીવડે છે. પરિણામે ગુણકારક હોવાથી તે **મંગળરૂપ** છે.

સામાયિકના સેવનમાં વિનયવંતપણું હોવાથી તે પણ સુવર્ણની જેમ **પરમ વિનીત** છે.

મોક્ષમાર્ગ યા યોગમાર્ગને અનુસરવાપણું એ **પ્રદક્ષિણાવર્તતા** છે.

સામાયિક અતિ ગંભીર હોવાથી સોનાની બાહ્ય ગુરુતાની જેમ **અભ્યંતર ગુરુતાવાળું** છે.

જેમ સોનું સ્થુલ અગ્નિથી બળતું નથી, તેમ સામાયિક પણ **ક્રોધરૂપી અગ્નિથી બળતું નથી.**

**શીલ સ્વભાવવાળું હોવાથી સામાયિકને પણ સોનાની જેમ કોહવાપણું નથી.**

**વિશિષ્ટ લેશ્યાયુક્ત હોવાથી સામાયિક પણ કસોટીમાં ઉત્તીર્ણ થાય છે.**

અપકાર કરનાર પર ઉપકાર કરવાપણું તથા પ્રાણાન્ત આપત્તિમાં પણ નિશ્ચિલપણું હોવાથી છેદ, તાપ અને તાડનમાં પણ ટકતા સોનાની જેમ સામાયિક પણ નિશ્ચલ રહે છે.

આવા સર્વ ગુણોયુક્ત હોવાથી સામાયિક ધર્મ તે સાચા સોનારૂપ છે.

સમતા—સામાયિક વિનાનો ધર્મ, એ નકલી સોનાની જેમ અથવા નામ માત્ર સુવર્ણની જેમ મોક્ષમાર્ગમાં કીંમતી ગણાતો નથી.

સામાયિકના પરિણામથી ઉપરોક્ત સર્વે ગુણો આવે છે. માટે સર્વ જીવો સાથે તુલ્યતાની ભાવનારૂપ સામાયિક અત્યંત ઉપાદેય છે.

આત્મ-તુલ્યતાની ભાવનાનું પરિણામ, સ્વ-પરનું હિત કરે છે. અને સર્વ સંયોગમાં પરભાવના આક્રમણને મારી હઠાવે છે, માટે તે સર્વથા ઉપાદેય છે.

આત્મ-સુવર્ણના ઉક્ત ગુણો પ્રગટાવીને આપણે નિષ્કલંક બનીએ!

卐

# સામાયિક અને નવકાર

સામાયિક એટલે સર્વ જીવો આત્મ-તુલ્ય છે, એ સાધનાનો અભ્યાસ.

શ્રી નવકાર એટલે પોતાનો આત્મા પરમાત્મ-તુલ્ય છે, એની સાધનાનો અભ્યાસ.

જીવનમાં સામાયિક અને સ્મરણ-ધ્યાનમાં શ્રી નવકાર.

સામાયિક એ જીવનમાં જીવવાનો અભ્યાસ છે.

સામાયિકરૂપ પ્રત્યક્ષ જીવનના અભ્યાસ વડે શ્રી નવકારથી ફલિત પરોક્ષ મોક્ષ-સુખની પ્રાપ્તિ થાય છે.

એ રીતે 'કરેમિ ભંતે' નો 'ક'કાર અને શ્રી નવકાર મંત્રનો 'ન'કાર પ્રાપ્ત થવો એ પરમ પુણ્યોદય છે.

શ્રી કરેમિ ભંતે એ દ્વાદશાંગીનો સંક્ષેપ છે. શ્રી નવકાર એ દ્વાદશાંગીનો સાર છે.

સંક્ષેપ એટલે ટૂંકો અર્થ, સાર એટલે ફળ.

સામાયિકની યથાર્થ સાધના વડે શ્રી પરમેષ્ઠિપદની પ્રાપ્તિ થાય છે.

શ્રી અરિહંત પ્રથમ પરમેષ્ઠિરૂપ હોવા છતાં શ્રી પંચપરમેષ્ઠિમય છે. શ્રી અરિહંતના ધ્યાનથી શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન થાય છે. સામાયિક એ પરમેષ્ઠિ થવાની સાધના છે.

શ્રી નવકાર, એ સાધનાના પરિણામે મળનારા પદનો દ્યોતક છે.

શ્રી નવકાર એ નિશ્ચય રત્નત્રયીનું પ્રતીક છે. નિશ્ચય એ ફળ છે, વ્યવહાર એ સાધન છે. 'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશેજી, ભવ–સમુદ્રનો પાર.' (ઉ. શ્રી યશોવિજયજી મ.)

વ્યવહારનું પાલન એ નિશ્ચયનું સાધન છે. નિશ્ચયનું ધ્યાન, વ્યવહારનું વિશોધક છે.

શ્રી નવકારને લક્ષ્યમાં રાખીને સામાયિકનું આચરણ કરનાર, નિયમા મુક્તિસુખને પામે છે.

સામાયિકનો વ્યવહાર શુભ હોવાથી પુણ્યનો ઉત્પાદક છે.

શ્રી નવકારનું ધ્યાન, લક્ષ્યને ઓળખાવનારું હોવાથી વ્યવહારને સુધારનારું છે.

'शिवमस्तु सर्व–जगतः' એ સામાયિકનું પરિણામ છે.

વેદ, વેદાંગ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર અને પુરાણોનું તાત્પર્ય જીવ–બ્રહ્મૈક્ય છે. દ્વાદશાંગીનું રહસ્ય, શ્રી પરમેષ્ઠિ નમસ્કાર અને એ દ્વારા શુદ્ધાત્મ સ્વરૂપનું પરિણમન છે.

## અનુમોદન

નમસ્કાર એ અનુમોદન સ્વરૂપ છે. અનુમોદન અને પ્રમોદ એ બે પર્યાય શબ્દો છે.

'अनु-पश्चात् मोदनं, प्रकर्षेण मोदनं ।' ગુણ જોઈને પહેલાં કે પછી ખુશ થવું', ઉત્કૃષ્ટપણે રાજી થવું તે અનુમોદન અને પ્રમોદ છે. નમસ્કાર તેનો સૂચક છે.

જો હૃદયમાં અનુમોદન કે પ્રમોદ ન હોય, જેને નમવામાં આવે છે તેના ગુણ ઉપર પક્ષપાત ન હોય, તે જે માર્ગે ગયા હોય તે માર્ગે જવાની વૃત્તિ ન હોય અને તેમણે જે કર્યું હોય તે જાણવાની ઈચ્છા કે જિજ્ઞાસા સુદ્ધાં ન હોય, તો તેઓને કરેલો તે નમસ્કાર પોકળ છે, સાચો નથી; દ્રવ્ય–નમસ્કાર છે, ભાવ–નમસ્કાર નથી.

પરંતુ ગુણનો પક્ષપાત અને એ પક્ષપાત સહિત સાચો નમસ્કાર આવે ક્યારે ?

ગુણનો પક્ષપાત એ ગુણો પ્રત્યે શ્રદ્ધા માગે છે. ગુણોમાં ઉપાદેયપણાની બુદ્ધિ એ જ સાચી શ્રદ્ધા છે. જ્યાં સુધી જેને નમવામાં આવે છે, તેના ગુણોમાં ઉપાદેય બુદ્ધિ નથી, તે ગુણો આદરવા લાયક છે, આચરવા લાયક છે, એનો ખ્યાલ નથી, એ ગુણોને જીવનમાં લાવવા પ્રત્યે ઉદાસીનતા છે અને ઉપેક્ષાબુદ્ધિ કે હેયબુદ્ધિ છે; ત્યાં સુધી સાચો નમસ્કાર. ભાવ–નમસ્કાર ક્યાંથી થાય ?

ગુણોમાં ઉપાદેયબુદ્ધિ એ ભાવ–નમસ્કારનું પહેલું પગથિયું છે જ્યાં સુધી ચિંતામણિ અને કામધેનુ કરતાં પણ, પરમેષ્ઠિઓને જે ગુણો પ્રાપ્ત થયા છે, તેની કિંમત અધિક છે એવો ખ્યાલ ન આવે, એનું સાચું ભાન ન થાય, ત્યાં સુધી ભાવ-નમસ્કાર આવી શકતો નથી.

આજે તો મોટે ભાગે જેને નમવામાં આવે છે તેના ગુણોનું જ્ઞાન નથી, જ્ઞાન છે તેને ઉપાદેયબુદ્ધિને બદલે ઉપેક્ષાબુદ્ધિ છે. અથવા આગળ વધીને કહીએ તો હેયબુદ્ધિ હોય તેવો વર્તાવ છે.

શ્રી પરમેષ્ઠિ ભગવંતોએ પાંચ વિષય ત્યજ્યા છે અને ચાર કષાય જીત્યા છે; પાંચ આચારો અને પાંચ મહાવ્રતોમય તેઓનું જીવન છે. અષ્ટ પ્રવચન માતા અને ૧૮૦૦૦ શીલાંગ-રથના તેઓ ધોરી છે. તેમાંની કોઈ પણ વસ્તુ ઉપર જેઓને પ્રેમ નથી, આદર નથી, મેળવવાની કે જાણવાની પણ ઇચ્છા કે દરકાર નથી તેઓનો નમસ્કાર, ભાવ-નમસ્કાર કેવી રીતે બની શકે?

નમસ્કારને ભાવ-નમસ્કાર બનાવવા માટે ગુણ-બહુમાનરૂપ ભાવ જોઈએ.

બીજ વાવ્યા વિના જેમ કદી પણ ધાન્ય ઊગે નહિ, તેમ ગુણો ઉપર બહુમાન-આદરભાવરૂપ બીજનું આધાન કે વાવેતર કર્યા વિના ગુણપ્રાપ્તિ અને તેના ફળરૂપે મોક્ષ-પ્રાપ્તિરૂપી ધાન્ય ક્યાંથી ઊગે?

ગમે તેટલી વૃષ્ટિ થાય અને ગમે તેટલી શુદ્ધ ભૂમિ હોય, પરંતુ બીજ વાવ્યા વિના હજાર હેતુઓએ પણ ધાન્ય ઊગી શકે નહિ!

## ધર્મબીજનું વપન

'वपनं धर्मबीजस्य सत्प्रशंसादि ।'

સત્પુરુષોના ગુણોનું બહુમાન અને પ્રશંસા એ ધર્મરૂપી બીજનું સાચું વપન-વાવેતર-છે.

શ્રી પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલા અનેક ગુણોને ચિંતામણીથી અધિક માનો, કામ-ધેનુથી અધિક માનો, કલ્પવૃક્ષથી અધિક માનો, કામકુંભથી અધિક માનો કેમ કે એ બધામાં ઇચ્છા પૂરવાનું અને ચિંતા ચૂરવાનું જે સામર્થ્ય છે, તેના કરતાં અનેકગણું અધિક સામર્થ્ય સાચા ગુણો અને તેના બહુમાનમાં રહેલું છે. અથવા કહો કે ચિંતામણિ આદિમાં જે સામર્થ્ય આવે છે, તે સામર્થ્ય તેનું પોતાનું નથી, પણ ગુણ બહુમાનના ભાવથી બંધાયેલા અમાપ સામર્થ્યવાળા પુણ્યનું છે. તે પુણ્ય ગુણ બહુમાનના ભાવથી ઉપાર્જન થાય છે. તેથી તે ચિંતામણિ આદિથી પણ અધિક છે.

શ્રી નવકારનું પુનઃ પુનઃ રટણ એક બાજુ પુણ્યને વધારે છે, જ્યારે બીજી બાજુ પાપનો નાશ કરે છે.

નવમું પાપસ્થાન લોભ અને અઢારમું પાપસ્થાન મિથ્યાત્વશલ્ય, એ બધાં પાપોમાં મોટાં ગણાય છે. તે બંનેનો નાશ એક જ શ્રી નવકારથી સધાય છે, કારણ કે શ્રી નવકાર દુન્યવી લોભનો શત્રુ છે અને મુક્તિસુખનો લોભ જીવમાં જગાડે છે.

શ્રી નવકાર, પાપને પાપ નહિ માનવારૂપ તથા પુણ્યને પુણ્ય નહિ માનવારૂપ જડતાનો નાશ કરે છે અને શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર પ્રેમ પેદા કરે છે.

卐

# સાધુ જીવન

મહાવ્રતધરાધીરા   भैक्षमात्रोपजीविनः
सामायिकस्था धर्मोपदेशकागुरवो मताः ॥

મહાવ્રતને ધારણ કરનારા, ધૈર્યશાલી, ભિક્ષા ઉપર જીવનારા સામાયિકમાં રહેલા, ધર્મનો ઉપદેશ કરનારા ગુરુઓ ( સાધુઓ ) કહ્યા છે.



જ્ઞાનની ઉચ્ચ ભૂમિકામાં વિહરતાં જ્ઞાની પુરુષના અંતઃકરણમાંથી વિચાર-જ્ઞાનની સૂક્ષ્મ-ધારાનો પ્રવાહ અધિકારી શિષ્યની હૃદય ભૂમિ પર પડે છે ત્યારે તેમાં નૂતન બોધરૂપ જ્ઞાનની વાડી ઊગી નીકળે છે તે માટે ગુરુ પ્રત્યે ભક્તિનો અતિરેક જોઈએ.

ભક્તિભાવ પ્રગટાવવાનાં મુખ્ય સાધન બે છેઃ એક તો ગુણોનું ચિંતન અને બીજુ આજ્ઞાનું ત્રિવિધે પાલન.

એક ભક્તિભાવ અને બીજો સેવાભાવ. સેવા કરવાથી ભક્તિ ટકે છે, વધે છે અને જો ન હોય તો ઉત્પન્ન થાય છે.

ગુણોનું વિશેષતાઓનું ઉપકારકતા આદિનું ચિંતન કરવાથી, ભક્તિનું અંતરંગ સાધન જે આંતરિક બહુમાન છે, તે ખરેખર જાગૃત થાય છે અને જાગૃતિ દેવ-ગુરુ ભક્તિમાં પ્રાણ પૂરે છે.

એવા ગુરુભક્તિનાં ભાવોને વિકસિત કરનાર આરાધ્યપદ પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર

શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# સાધુ જીવન

જેમ સુવાસ વિના પુષ્પ
સુંદર આકૃતિ કે ઘણી પાંખડીઓવાળું હોય
તો પણ શોભા પામતું નથી
કે
દેવાધિદેવના મસ્તકે ચડવારૂપ
તેનું પ્રધાન કાર્ય કરવા શક્તિમાન થતું નથી
તેમ ગુણરૂપી સુગંધ વિનાનું સાધુ જીવન,
ઉત્તમ વેષ
તેમજ
વિવિધ ચર્યાઓ સહિત હોય
તો પણ શોભા પામતું નથી
અથવા
તેના સ્વામીને લોકના મસ્તક ભાગ ઉપર રહેલા
સિદ્ધ સ્થાન ઉપર શાશ્વત કાળ માટે
વસવાનો અધિકારી બનાવી શકતું નથી.

આવા સાધુ જીવનની સુગંધને પ્રગટાવનારા પવિત્ર પ્રેરક લેખાંશો...!


૧ સાધુ જીવનની સુગંધ
૨ આદર્શમુનિ જીવન
૩ છ જીવની કાયની રક્ષા
૪ તપ અને જપ
૫ ચાર અનુયોગ અને રત્નત્રયી
૬ નિજ ગુણ સ્થિરતારૂપ ચારિત્ર
૭ ભક્તિ ભાવના
૮ ગુરુ ભક્તિ
૯ દેવ–ગુરુ પ્રત્યે રતિ
૧૦ ગુરુતત્ત્વ
૧૧ ગુરુ પારતંત્ર્ય
૧૨ ગુરુ કૃપા અને ભક્તિ
૧૩ દેવ–ગુરુ–ધર્મ
૧૪ અઢાર હજાર શીલાંગ
૧૫ સાધુ પુરુષનાં લક્ષણ

# સાધુજીવનની સુગંધ

## સાધુજીવન એટલે શું ?

સાધુજીવન એટલે સારું જીવન, સુંદર જીવન, ઉત્તમ જીવન, પવિત્ર જીવન.

જે જીવન સ્વભાવથી જ સારું હોય તેની ઉત્તમતાને જણાવવા માટે બીજા શબ્દની ભાગ્યે જ જરૂર ગણાય.

જગતમાં જેમ મોરનાં પીંછાને બીજા રંગની કે ચંદનના વૃક્ષને બીજા ગંધની જરૂર ન હોય, તેમ સાધુ જીવનને સુંદર કે ઉત્તમ તરીકે જણાવવા માટે બીજા શબ્દ કે વિશેષણની ભાગ્યે જરૂર છે.

છતાં અહીં સાધુજીવનની સાથે 'સુગંધ' શબ્દનો પ્રયોગ એક રીતે સાર્થક પણ છે.

સારી વસ્તુને સારી તરીકે જણાવવા માટે પ્રસંગ પામીને બંને પ્રકારના શ્રોતાઓ સમક્ષ વિશેષણ વાપરવાની જરૂર પડે છે.

શ્રોતાઓ બે પ્રકારના હોય છે: એક તે સુંદરતા નહિ જાણનાર અને બીજા તે સુંદરતા ઠીક ઠીક જાણનાર.

એટલે પહેલા પ્રકારના શ્રોતાઓને જણાવવા માટે અને બીજા પ્રકારના શ્રોતાઓ સમક્ષ તેની અધિકતા દર્શાવવા માટે તે વિશેષણ વાપરવાની ફાયદો જ થાય છે.

## સાધુજીવનની શોભા

વિશાળ પણ વૃક્ષ છાયારહિત હોય કે સુંદર પણ સરોવર જળરહિત હોય, તો જેમ શોભાને પામતાં નથી, તેમ ગુણરહિત સુંદર પણ સાધુજીવન શોભતું નથી.

જેમ સુવાસ વિનાનું પુષ્પ, સુંદર આકૃતિ કે ઘણી પાંખડીઓવાળું હોય તો પણ શોભા પામતું નથી, કે દેવાધિદેવના મસ્તકે ચડવારૂપ તેનું પ્રધાન કાર્ય કરવા શક્તિમાન થતું નથી, તેમ ગુણરૂપી સુગંધ વિનાનું સાધુજીવન, ઉત્તમ વેષ તેમ જ વિવિધ ચર્યાઓ સહિત હોય તો પણ શોભા પામતું નથી, અથવા તેના સ્વામીને લોકના મસ્તક-ભાગ ઉપર રહેલા સિદ્ધિસ્થાન ઉપર શાશ્વત કાળ માટે વસવાનો અધિકારી બનાવી શકતું નથી.

ગુણરૂપી સુગંધ વિનાનું સાધુજીવન શોભતું નથી તો અહીં સાધુજીવનના પ્રસંગમાં કયા ગુણોરૂપી સુગંધ લેવી એ પ્રશ્ન સહેજે થાય છે.

એના જવાબમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ ગુણરૂપી રત્નત્રયી તે મોક્ષમાર્ગ છે.

મોક્ષ સાધવાનો માર્ગ, મોક્ષને સાધનાર સાધુઓને જીવનમાં જીવવાનો માર્ગ છે.

જ્ઞાન એટલે મોક્ષના ઉપાયોનું જ્ઞાન.

દર્શન એટલે સમ્યક્ જ્ઞાનથી નક્કી થયેલા મોક્ષના ઉપાયો ઉપરની અચળ શ્રદ્ધા.

અને ચારિત્ર એટલે સમ્યક્ જ્ઞાન અને સમ્યગ્દર્શનથી નક્કી થયેલા મોક્ષના ઉપાયોનું શક્તિ મુજબ જીવનમાં આચરણ.

આ ત્રણ ગુણો સર્વ ગુણોમાં પ્રધાન છે. માટે રત્નની ઉપમાને પાત્ર છે. અને એ ત્રણ જ સાધુજીવનની સાચી સુગંધ છે, સાચી શોભા છે. તેના પ્રતાપે જ તેમના મૂલગુણો અને ઉત્તરગુણો તથા દશ પ્રકારના યતિધર્મોની શુદ્ધિ જળવાઈ રહે છે.

## દશ પ્રકારની સામાચારી

'મોક્ષના ઉપાયોનું યથાસ્થિત જ્ઞાન અને શ્રદ્ધા ગૃહસ્થાવસ્થામાં પણ થઇ શકે છે, પરંતુ તેનું જીવનમાં સર્વાંશે આચરણ—સર્વ સમય માટે પાલન—તો સાધુજીવનમાં શક્ય છે,' એમ શ્રી તીર્થંકર દેવોએ ફરમાવ્યું છે. અને તે માટે જ્ઞાન—દર્શન—ચારિત્રને પોષક અનેક પ્રકારની ચર્યાઓ અને સામાચારીઓ બતાવેલી છે. તેમાં દશ પ્રકારની ચક્રવાલ સામાચારી અને દશ પ્રકારની પ્રતિદિન સામાચારી મુખ્ય છે.

## સામાચારી

મોક્ષના અનન્ય ઉપાયભૂત મૂલગુણો અને ઉત્તરગુણો, મહાવ્રતો અને સમિતિ–ગુપ્તિઓ એ બધાનું અખંડિતપણે આચરણ કરી શકાય તે માટે જે સરળ માર્ગ તેનું નામ સામાચારી.

સાધુજીવનનાં સર્વ અંગોને સ્પષ્ટ કરે તે રીતે તે સામાચારીઓ રચાયેલી છે કારણ કે તેના રચયિતા સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી તીર્થંકર પરમાત્માઓ હતા.

એ સામાચારીનું પાલન શ્રી તીર્થંકર પરમાત્માઓના શાસનમાં સર્વ સુવિહિત આચાર્યો અને મુનિવરો આજ સુધી કરતા આવ્યા છે અને શક્તિ મુજબ કરી રહ્યા છે.

દશ પ્રકારની નિત્યની સામાચારીમાં સાધુજીવનને લગતા પડિલેહણ, પ્રતિક્રમણ, પ્રમાર્જન, કાલગ્રહણ, ભિક્ષાગ્રહણ તથા આહાર-નિહારકરણ આદિ કાર્યોમાં સાચવવા યોગ્ય વિધિનો સમાવેશ થઈ જાય છે.

અને દશ પ્રકારની ચક્રવાલ સામાચારીમાં મુખ્યત્વે સાધુ—સાધુ વચ્ચેના નિત્ય વ્યવહારમાં કેવી જાગૃતિપૂર્વક વર્તવું જોઇએ, તેનો સુંદર વિધિ બતાવેલો છે.

## સુપ્રસિદ્ધ પ્રથમ ત્રણ સામાચારી

અહીં આપણે તે ચક્રવાલ સામાચારીની સુપ્રસિદ્ધ પ્રથમ ત્રણ સામાચારી, સાધુ-જીવનમાં કેવી વ્યાપક છે અને મનુષ્યમાત્રના જીવનઘડતરમાં કેવી ઉપકારક છે, તે જોવું છે.

તે ત્રણ સામાચારીનાં નામ અનુક્રમે 'ઇચ્છાકાર', 'મિચ્છાકાર' અને 'તહકાર' છે.

કેટલાકની એવી ફરિયાદ છે કે, 'જૈન સાધુ કે શ્રાવક જીવનનું સ્વરૂપ સુંદર છે, ઉચ્ચ અને આદર્શરૂપ છે. જૈનોનાં અહિંસા, સંયમ અને તપ પોતાની ઉચ્ચતા અને ઉજ્જવળતા આજેય જાળવી રહ્યાં છે, પરંતુ એક મનુષ્યે બીજા મનુષ્યની સાથે કેમ વર્તવું કે એક શ્રાવકે બીજા શ્રાવક બંધુની સાથે કેમ વર્તવું યા એક સાધુ મુનિરાજે બીજા સમાનધર્મી સાધુની સાથે કેમ વર્તવું તે સંબંધી જેવું જોઈએ તેવું શિક્ષણ, જૈન ધર્મમાં આપવામાં આવ્યું હોય તેમ લાગતું નથી.'

પણ આ ફરિયાદ યથાર્થ નથી.

જેઓએ પ્રાચીન કે અર્વાચીન જૈનાચાર્યોના પ્રમાણભૂત (શાસ્ત્રાધારમૂલક) ગ્રન્થોનો કે ઉપદેશોનો અભ્યાસક દૃષ્ટિએ, જિજ્ઞાસા બુદ્ધિથી થોડો પણ પરિચય સાધ્યો હશે, તેઓને એ વાત પ્રથમ દૃષ્ટિએ જ પૂરેપૂરી ખ્યાલમાં આવી ગયા સિવાય નહિ રહે કે જૈન ધર્મમાં જેમ નાનામાં નાના જીવની પણ હિંસા ન કરવા પર ભાર મુકાયો છે, તેમ પ્રાણીવર્ગમાં સર્વશ્રેષ્ઠ એવી મનુષ્યગતિ અને મનુષ્યજાતિમાં જીવોની સ્વલ્પ પણ પીડા વર્જવા માટે અને તેમને સન્માર્ગની પ્રાપ્તિ સર્વ રીતે સુલભ બનાવવા માટે ઘણા ઉત્તમ પ્રકારના માર્ગો ઘણી ઝીણવટપૂર્વક તથા જીવનના પ્રત્યેક અંગના પૃથક્કરણપૂર્વક બતાવેલા છે.

તે બધાનો સમાવેશ પૂર્વાચાર્યોએ માર્ગાનુસારીના ન્યાયસંપન્ન વૈભવ આદિ પાંત્રીસ ગુણોમાં અને દ્રવ્યશ્રાવકના અક્ષુદ્રત્વાદિ એકવીસ ગુણોમાં કરેલ છે. અને તે ગુણો ઉપર જ ધાર્મિક જીવનનો પાયો રચવાનું ફરમાવેલું છે.

એ પાયા ઉપર રચાયેલી ધાર્મિક જીવનની ઇમારતને વધુ સુદૃઢ બનાવવા માટે સાધુજીવનની પ્રાપ્તિ થયા પછી પણ દશવિધ ચક્રવાલ સામાચારીમાં, 'ઇચ્છાકાર' 'મિચ્છાકાર' અને 'તહકાર' સામાચારીઓને જીવનમાં પ્રધાન સ્થાન આપવાનું ફરમાવેલું છે.

શાસ્ત્રાભ્યાસનિપુણ વર્તમાન જૈનાચાર્યો કે જેઓ સાધુજીવનના વિશિષ્ટ ઘડતર માટે ખૂબ રસ લઈ રહ્યા છે, તેઓનો એ અભિપ્રાય છે કે, 'જૈન સાધુજીવનનો કોઈ સાર હોય, કોઈ અર્ક હોય, તો તે દશ પ્રકારની ચક્રવાલ સામાચારીનું પાલન છે. અને તેમાં પણ પ્રથમની ત્રણ સામાચારી બધા સાધુ આચારોમાં મુકુટ સમાન છે.'

પ્રથમની એ ત્રણ સામાચારીના સાંગોપાંગ શુદ્ધ પાલન વિના જીવનની સાંગોપાંગ શુદ્ધિ થવી અશક્ય છે.

'ઇચ્છાકાર' સામાચારી એમ શીખવે છે કે મોટા સાધુએ, નાના સાધુ પાસે કોઈ પણ કાર્ય કરાવવું હોય તો ઇચ્છા પ્રધાન બનવું જોઈએ.

મતલબ કે નાના સાધુ કે શિષ્યની ઇચ્છા જોઈને જ તે કાર્ય કરવા માટે ફરમાન કરવું જોઇએ.

'મિચ્છાકાર' સામાચારી એમ શીખવે છે કે, પોતાની નાનામાં નાની ભૂલ પણ બીજાના કહેવાથી કે પોતાની મેળે જાણવામાં આવે તો તેનું વિના વિલંબે, કશા પણ ખચકાટ સિવાય, પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થવું જોઇએ. 'તહકાર' સામાચારી એમ શીખવે છે કે, રત્નાધિક (વડીલ મુનિ) કે ગુરુ તરફથી જે કાંઈ ફરમાન થાય, તેને તે જ ક્ષણે 'તથેતિ' (તહત્તિ) શબ્દ કહીને સ્વીકારી લેવું જોઇએ અને પૂર્ણ કરી આપવું જોઇએ.

આ ત્રણ સામાચારીનું આંશિક (વાચિક અને વ્યાવહારિક) પાલન પણ કેટલું પ્રભાવશાળી નીવડે છે. તે આજની રાજસત્તા, તેનો અધિકારી વર્ગ કે સમગ્ર આંગ્લ પ્રજાના ચાલુ ભાષાના શબ્દ–વ્યવહાર ઉપરથી પણ સમજી શકાય છે.

## વર્તમાનમાં સર્વત્ર ત્રણ સમાચારીનું પાલન

પોતાના નોકરને કે આશ્રિતને પણ કોઈ કાર્ય કરવાનું ફરમાન કરતાં પહેલાં, અધિકારી શરૂમાં 'પ્લીઝ' (please) અને તે કામ પૂરું કરાતાં 'થેંક્યુ' (Thank you) શબ્દનો જે પ્રયોગ કરે છે, તે 'ઇચ્છા' સામાચારીનું જ જાણે આંશિક અનુકરણ હોય તેમ પ્રતીત નથી થતું?

જાણતાં કે અજાણતાં પણ પોતાની ભૂલ થતાંની સાથે પ્રયોજાતા 'વેરી સૉરી' (Very sorry) અને 'આઈ બેગ યોર પાર્ડન' (I beg your parden) યા 'પ્લીઝ એક્સક્યૂઝ મી' (Please excuse me) વગેરે શબ્દોના પ્રયોગ એ 'મિચ્છા' સામાચારીનું જ જાણે આંશિક અનુકરણ હોય તેમ નથી લાગતું?

'આપનો પૂર્ણ આજ્ઞાંકિત સેવક' (Your most obedient servant), 'આપનો વિશ્વાસુ' (Your faithfully) વગેરે શબ્દો 'તહકાર' સામાચારીની આંશિક ઝાંખીરૂપ નથી જણાતાં શું?

શબ્દમાત્રથી જ્ઞાનીઓના માર્ગનું આંશિક અનુકરણ પણ વ્યવહારની કેટકેટલી મુશ્કેલીઓને હઠાવનાર થાય છે, તે આજે પ્રત્યક્ષ છે.

તો જે ત્રણ સામાચારીનું પાલન, અનંતજ્ઞાની શ્રી તીર્થંકર દેવોની અનુપમ હિતકર આજ્ઞા સ્વરૂપ માનીને મન–વચન–કાયાની શુદ્ધિપૂર્વક પ્રત્યેક પળે જે મુનિ-જીવનમાં થતું હોય, તે મુનિજીવનની મહત્તા, ગુણકારિતા કે સુખકરતાનું વર્ણન કોણ કરી શકે?

સાધુજીવનની સુગંધ તરીકે 'ઇચ્છાકાર', 'મિચ્છાકાર' અને 'તહકાર' રૂપ ત્રણ સામાચારીના ભાવપૂર્વકના પાલનને અહીં આપણે જણાવવા માગીએ છીએ, તો તે વાત શાસ્ત્ર, યુક્તિ તેમજ અનુભવસિદ્ધ છે. અને બુદ્ધિથી થોડો વિચાર કરવામાં આવે તો સર્વ કોઈને માન્ય થઈ શકે તેવી છે.

અનુપમ ઉપકારી આ સામાચારીનું વિશેષ વર્ણન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આવશ્યક સૂત્ર આદિ મૂળ આગમોમાં તથા શ્રી પંચાશક, શ્રી પંચવસ્તુ આદિ પ. પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાનાં ગ્રન્થરત્નોમાં છે. અધિક જિજ્ઞાસુએ તેમાંથી ગુરુગમપૂર્વક જાણવા પ્રયત્ન આદરવો.

卐

# આદર્શ મુનિજીવન

## હિતશિક્ષા

"ઓછામાં ઓછું બોલવું અને અધિકમાં અધિક કામ કરવું." આ જ બે બાબતમાં મુનિપણાનો સાર આવી જાય છે.

ન છૂટકે બોલવું પડે ત્યારે પણ પોતાની પ્રશંસા અને બીજાની નિંદાનો એક પણ શબ્દ ન આવી જાય, તે માટે મુનિએ પૂરેપૂરા સાવધ રહેવું જોઈએ.

નિંદનીય પણ નિંદાપાત્ર નથી, પણ કર્મસ્થિતિનો વિચાર કરીને દયા ચિંતવવા લાયક છે. અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી પોતાનો આત્મા તો પ્રત્યક્ષપણે નિર્ગુણી હોવાથી જરા પણ પ્રશંસા કરવા લાયક નથી."

ઉપકારીઓ તરફથી વારંવાર આપવામાં આવતી આ જાતની હિતશિક્ષામાં-અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં-ઘણો ઘણો સાર સમાયેલો છે.

અનેક વર્ષો સુધી શાસ્ત્રોના પરિશીલન પછી અને વિનયપૂર્વક સદ્‌ગુરુઓની નિશ્રા સેવીને, પોતાના અનુભવથી સિદ્ધ કરેલી આ હિતશિક્ષા, દેખાવમાં ભલે સામાન્ય જણાતી હોય, પરંતુ અર્થથી ઘણી જ ગંભીર આશયવાળી છે. કારણ કે અનેક શાસ્ત્રોના દોહનરૂપ હોવાથી આત્માને હિત કરનારી અને પરિણામે અનુપમ લાભ આપનારી છે.

આ કારણે આ હિતશિક્ષા જીવનને અજવાળનારી છે.

આ વિષમ કાળમાં પણ જો દરેક મુનિ, આ સાદી શિખામણને આદરપૂર્વક અપનાવી લે, તો આ કાળમાં પણ તે ઘણું ઘણું સાધી શકે.

ભાવદયાના સાગર સમાન, ઉપકારી ગુરુદેવો તરફથી નિઃસ્વાર્થભાવે આપવામાં આવતી આ હિતશિક્ષાની પાછળ ખરેખર એ ઉપકારીઓની ભાવદયા જ તરવરે છે.

સાચા હિતચિંતકોના હિતોપદેશની ભીતરમાં, મુખ્યતયા ભાવદયાનું જ પ્રાધાન્ય હોય છે. એ હકીકત મોહગ્રસ્ત આત્માઓ મોહની પ્રબળતાના કારણે સમજી શકતા નથી, એ ખેદજનક બીના છે.

## જગતમાં સહુથી વધારે સુખી કોણ?

શાસ્ત્રકાર ભગવંતોએ જગતમાં સંસારી પ્રાણીઓમાં સહુથી વધારે સુખી કોણ હોઈ શકે તેની વ્યાખ્યા કરતાં પ્રારંભમાં દેવલોકના સુખનું સુંદર વર્ણન કર્યું છે, પરંતુ વર્ણન કર્યા પછી, અંતે તો દેવલોકના સુખી આત્માઓના સુખને ટપી જાય એટલો સુખી ફક્ત એક જ વર્ષના દીક્ષાપર્યાયને ધારણ કરનાર મુનિ હોય છે, એવું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

એટલે જો મુનિ, હિતચિંતકો તરફથી મળતી હિતશિક્ષાને બરાબર ઝીલતો જાય, તેમજ પોતાની શક્તિને ગોપવ્યા સિવાય તેનું શક્ય પાલન કરવામાં અપ્રમત્તપણે ઉદ્યમશીલ બને, તો એક જ વર્ષમાં દેવલોકના સુખને સર્વ અપેક્ષાએ ટપી જનારા આત્માનંદનો અપૂર્વ અનુભવ કરતો થઈ જાય.

સર્વ પ્રકારનું સાંસારિક સુખ, દુઃખજન્ય તેમજ દુઃખફલક હોવાથી તેના તરફ માધ્યસ્થ્યપણે વર્તતો મુનિ, સ્વપ્નમાંય તેની વાંછા કરતો નથી, કારણ કે તે સુખ પણ આત્માના ઘરનું હોતું નથી, પણ પરપદાર્થજન્ય હોય છે એ તે યથાર્થપણે જાણતો હોય છે.

મુનિજીવનના સુખની ઝંખના તો અનુત્તર વિમાનમાં વસતા દેવો પણ રાતદિન કરતા હોય છે.

દુન્યવી સુખના શિખરે મહાલતા ચક્રવર્તીઓને પણ જ્યારે મુનિધર્મની મહત્તા સમજાય છે, ત્યારે તેઓ પણ પોતાની વિપુલ સમૃદ્ધિને તૃણ સમાન ગણી, ઉલ્લાસપૂર્વક તેનો ત્યાગ કરી, આનંદપૂર્વક સાધુપણું અંગીકાર કરે છે અને તેમ કરવામાં પોતાના જન્મની સફળતા માને છે.

આ રીતે સંસારમાં સર્વ સુખી આત્માઓમાં મુનિઓનો નંબર સૌથી પ્રથમ આવે છે. અને અનંત સુખના ધામરૂપ મુક્તિપુરીની નિકટમાં નિકટ પણ તે મુનિઓ જ છે.

શ્રી અરિહંત આદિ પંચ પરમેષ્ઠી ભગવંતોનો સમાવેશ પણ મુનિઓમાં થાય છે.

મુક્તિપ્રાપ્તિ માટેનો મુખ્ય ધોરી માર્ગ મુનિ ધર્મનું યથાર્થપણે પાલન કરવું તે જ છે.

તે સિવાય, મુક્તિના બીજા બધા માર્ગો એ અપવાદમાર્ગો છે. અને તે માર્ગોથી કોઈ જીવ કવચિત જ મુક્તિમાં જાય છે અને તેઓની સંખ્યા ખૂબ જ અલ્પ હોય છે.

મુનિધર્મનું આ મહત્ત્વ લખવાની પાછળ મુખ્ય હેતુ એ છે કે, આવા પ્રકારના ઉત્તમ ફળદાયક અને સર્વશ્રેષ્ઠ એવા મુનિધર્મનો સ્વીકાર કર્યા પછી તેનું કેવી રીતે પાલન કરવું કે જેથી તે સાચી રીતે સફળ થાય.

### ગુરુકુળ વાસ

શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલું આ મુનિપણું એવા પ્રકારનું છે કે તેનું યથાર્થ

પાલન ઘરમાં બેસીને અથવા એકલા વસીને થઈ શકતું નથી. પણ તે માટે ગુરુકુળ-વાસમાં વસવું પડે છે.

અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોએ સંયમપાલનના જે લાભ બતાવ્યા છે તેના ભાગી બનવા માટે તેઓશ્રીએ જ પ્રકાશેલા વિધિમાર્ગોનું અપ્રમત્તપણે પાલન પણ કરવું પડે. *તેમાં જો પ્રમાદ સેવાય કે અવિધિ આચરાય તો મુનિ તે લાભથી વંચિત રહી જાય.*

જે સંયમ એક જ ભવમાં મુક્તિ અપાવે, તે સંયમનું અનેક વાર પાલન કર્યાં છતાં પણ જો આપણી મુક્તિ થઈ નથી, તો તેની પાછળ એક જ વસ્તુ રહેલી છે કે જે વિધિ મુજબ સંયમ પાળવાનું શ્રી તીર્થંકર ભગવંતોએ ફરમાવ્યું છે, તે વિધિ મુજબ પાલન થતું નથી.

પ્રત્યેક ક્રિયાનું જે ફળ બતાવ્યું છે, તે તે ક્રિયાનું યથાર્થપણે વિધિપૂર્વક આરાધન કરવામાં આવે તો જ શક્ય બને છે.

ઉત્તમ પણ ક્રિયાઓ યથાર્થપણે ફળદાયક નહિ નીવડતી હોવાની ફરિયાદનું મૂળ કારણ પણ અવિધિનું સેવન છે. નહિ કે તે ક્રિયામાં તેવું ફળ આપવાના સામર્થ્યનો અભાવ.

જે જે ક્રિયાઓનું જે જે ફળ છે, તે તે ક્રિયાઓ તે જ ફળ આપી શકે છે. હીરાના વેપારી પાસેથી સીધી રીતે કોલસા ન મળે તેથી હીરાના વેપારીમાં કોલસા આપવાની ત્રેવડ નથી એમ નહિ કહેવાય, પણ તે તેનો વેપાર નથી એમ જ કહેવાશે.

જેમ જિનપૂજાનું ફળ સંયમની પ્રાપ્તિ છે, સંયમની પ્રાપ્તિ માટે જિનપૂજા કરવી તે તેની વિધિનું પાલન છે અને તે રીતે થતી જિન પૂજા, શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યા મુજબનું ફળ આપે છે. પણ અન્ય ઇરાદે કરવામાં આવતી જિન પૂજા ન ફળે તેમાં જિનપૂજાનો પ્રભાવ ઓછો છે એમ નહિ, પણ તેમાં અવિધિનું આચરણ એ જ દોષપાત્ર છે.

શ્રી જિનપૂજારૂપ ઔષધનું સેવન કરવું અને સંયમપ્રાપ્તિથી દૂર દૂર ભાગવું, અથવા સાંસારિક સુખના ઇરાદે શ્રી જિનપૂજા કરવી એ ઔષધનું સેવન કર્યા પછી, કુપથ્યનું સેવન કરવા જેવું છે અને કુપથ્યનું સેવન નુકસાન કરે તેમાં ઔષધ દોષિત નથી. આ જ પ્રમાણે દરેક ક્રિયામાં સમજી લેવું.

મુનિપણું એ સર્વશ્રેષ્ઠ વસ્તુ છે અને તેનું પાલન અનંત ઉપકારીઓની આજ્ઞા મુજબ ગુરુકુળવાસમાં રહીને જ થઈ શકે છે. ગુરુકુળવાસમાં વસવા છતાં પણ મુનિ જો અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ વર્તન ન કરે તો તે ગુરુકુળવાસ પણ તેને ફળદાયક બની શકતો નથી, પણ અનેક પ્રકારની વિરાધનાનું સ્થાન બને છે અને પરિણામે આત્માની અધોગતિનું જ કારણ બને છે.

સાધુપણાનો સ્વીકાર કર્યા પછી, ગુરુકુળવાસમાં મુનિએ કેવી રીતે વસવું જોઈએ કે જેથી તેનો આરાધક ભાવ સદાકાળ ટકી રહે અને ગુરુકુળવાસથી મળતા બધા અનુપમ લાભો તે ઉઠાવી શકે તે હકીકત ટૂંકાણમાં છતાં સ્પષ્ટ રીતે અહીં રજૂ કરવાનો ઉદ્દેશ છે.

જે ગુરુકુળવાસમાં મુનિએ વસવાનું છે, ત્યાં સાથે રહેતા સર્વે મુનિઓ હંમેશાં એક જ વિચારના કે એક જ પ્રકૃતિના હોય તે બાબત અસંભવિત છે.

અનાદિ કાળથી સર્વે આત્માઓના સ્વભાવ કુદરતી રીતે ભિન્ન ભિન્ન પ્રકારે ઘડાયેલા હોય છે. તેમનું તે ઘડતર ફેરવી નાખવું એ કોઈના હાથની વાત નથી.

વળી સર્વ આત્માની ભવસ્થિતિ પણ એકસરખી હોતી નથી. કોઈ લઘુકર્મી આત્મા અલ્પ કાળમાં મુક્તિમાં જવાનો છે, તો કોઈ આત્મા લાંબા ગાળે મુક્તિમાં જવાનો છે.

ભવસ્થિતિ પરિપક્વ થયા વિના આત્મા ઉપર લાગેલા રાગાદિ મળો, એ ઇચ્છે તો પણ, ઓછા થઈ શકતા નથી અને ભવસ્થિતિની પરિપક્વતા એ કોઈની બનાવેલી વસ્તુ નથી, પણ સ્વભાવથી જ આ પાંચ સમવાયોના મેળાપથી નીપજતી વસ્તુ છે.

આ પાંચ સમવાયોના મેળાપ એ કોઈના હાથની વાત નથી.

એટલે જે ગુરુકુળવાસમાં મુનિએ વસવાનું ત્યાં ભિન્નભિન્ન પ્રકૃતિના આત્માઓ રહેવાના જ.

અધિકગુણી, સમાનગુણી, હીનગુણી અને નિર્ગુણી—આ પ્રમાણે ચાર વિભાગમાં સર્વ પ્રકારના આત્માઓનો સમાવેશ થઈ જાય છે.

આ ચારે પ્રકારના આત્માઓ સાથે વસનાર મુનિ જો સાવધ ન રહે તો તેને સર્વ સ્થાનેથી બંધાવાનું જ રહે છે. અને સાવધ રહે તો ઉક્ત ચારેય સ્થાન એના આત્મા માટે લાભદાયી બની રહે છે.

જ્યારે જ્યારે પ્રસંગ પડે ત્યારે ત્યારે પોતાનો આરાધક ભાવ ટકાવી રાખવા માટે ચારે પ્રકારના મુનિઓ સાથે, મુનિ કેવી ભાવનાપૂર્વક વર્તે તે અહીં બતાવવામાં આવે છે.

પોતાથી અધિકગુણીને જોઈને તે એમ ચિંતવે કે, ગુણની પ્રાપ્તિ ગુણીના ગુણને જોઈને મનમાં રાજી થવાથી, તેની અનુમોદના કરવાથી, તેના ગુણની પ્રશંસા કરવાથી થાય છે. હું ભાગ્યશાળી છું કે, તેવા ગુણી આત્માઓનો મને હંમેશાં સાક્ષાત્ સમાગમ પ્રાપ્ત થયો છે. તેથી આ ગુણના પ્રતાપે જ મારામાં ગુણની ખિલવણી થશે અને મારા અવગુણો નાશ પામશે.

સમાનગુણીને જોઈને તે એમ ચિંતવે કે, આ જગતમાં સર્વ વસ્તુ સુલભ છે, પણ સમાન ગુણવાળા આત્માઓનો સમાગમ દુર્લભ છે. જે ગુણની પ્રાપ્તિ મેં કરી છે, તે જ ગુણની પ્રાપ્તિ આ પુણ્યવાન આત્માએ કરી છે અને તેનો મને સમાગમ થવાથી હું ધન્ય છું.

હીન ગુણવાળા આત્માને જોઈને તે એમ ચિંતવે કે આ જગતમાં સર્વ આત્માઓ મારાથી અધિક ગુણવાન કે મારા સમાન ગુણવાન હોત તો મારા ગુણની કિંમત પણ શી રહેત? જો કોઈ યાચક ન હોય તો દાતારના દાનની શી કિંમત રહે?

જો યાચક છે તો જ દાતાર દાન આપી શકે છે અને થોડું આપીને ઘણું પુણ્ય ઉપાર્જન કરે છે. માટે મારાથી હીન ગુણવાળા આત્માઓ છે તો મને પુણ્ય ઉપાર્જન કરવાની તક મળે છે.

દશ કરોડ શ્રાવકોને જમાડવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે, તે પુણ્ય એક મુનિને દાન આપનાર શ્રાવક ઉપાર્જન કરે છે. તો જે મુનિ પ્રાસુક અન્ન-પાણી આદિ લાવીને મુનિની ભક્તિ કરે છે, તેના પુણ્યનું તો પૂછવું જ શું?

ગુરુકુળવાસમાં વસતા મુનિઓએ પોતાનું કર્તવ્ય શું છે તેનો જ ખ્યાલ રાખવો જોઈએ. તેમાં જ તેમનું હિત છે. જો બીજાના કર્તવ્ય તરફ જોવા ગયા તો અનેક મુશ્કેલીઓ ઊભી થઈ જશે અને આરાધકભાવને ધક્કો પહોંચશે.

બીજાનું શું કર્તવ્ય છે એ જોવાનો અધિકાર ગુરુઓનો છે, આપણો નથી. અને તેમ છતાં જેઓ આ પ્રકારની અનધિકાર ચેષ્ટા કરે છે, તેટલા અંશે તેમની આરાધનામાં મુશ્કેલી ઊભી થાય છે.

મુનિધર્મનો સ્વીકાર એ પોતાના આત્માની શુદ્ધિ કરવા માટે છે, તે હકીકતને ભૂલી જઈને, યોગ્યતા પ્રાપ્ત કર્યા સિવાય, બીજાને સુધારવાની પ્રવૃત્તિમાં પડી જવું એ સર્વથા અનુચિત છે.

અધિકાર પ્રાપ્ત કર્યા સિવાય, સત્ય વસ્તુનો ઉપદેશ પણ નુકશાનકારક છે.

મુનિએ બીજાઓને હિતશિક્ષા અથવા અન્યમાં રહેલી ભૂલો પણ ત્યારે જ બતાવવાની આજ્ઞા છે કે જ્યારે સામો ઇચ્છતો હોય.

સામાની ઇચ્છા વિરુદ્ધ, જો સાચી પણ ભૂલ બતાવવામાં આવે છે તો તે લાભને બદલે નુકશાનમાં પરિણમે છે અને આરાધના વિઘ્નપ્રચુર બની જાય છે.

આ જગતમાં મોટે ભાગે જે અશાન્તિ દેખાય છે, તેનું મૂળ કારણ જો કોઇ હોય તો તે એ છે કે દરેક જીવને પોતાના વિચાર અને પોતે માનેલા સિદ્ધાન્ત ઉપર એટલો બધો મદાર હોય છે કે તેમાં જો કોઈ તેની અનિચ્છાએ વચ્ચે આવે તો તેનાથી અકળાઈ ઊઠે છે.

પોતાના આચાર તેમજ વિચારમાં તે હંમેશાં સ્વતંત્ર રહેવા ઇચ્છે છે અને તેમાં ગમે તેવી ઉપકારક બુદ્ધિથી પણ જો કોઈ વચ્ચે પડે છે તો અથડામણ ઊભી થયા વિના રહેતી નથી. અને તેથી જ શાસ્ત્રકાર ભગવંતોએ મુનિઓ માટે 'ઇચ્છા' સામાચારી બતાવી છે. અને તેમાં સામાનું હિત કરવું હોય તો પણ તેમાં તેની ઇચ્છા કરાવ્યા પછી

કરવું એવી આજ્ઞા છે. કારણ કે હિત પણ સામાની ઇચ્છા કરાવ્યા વગર થઈ શકતું નથી. અને જો થઈ શકતું હોત તો દયા સાગર શ્રી તીર્થંકર દેવોએ ક્યારનાય સર્વ જીવોને મોક્ષમાં પહોંચાડી દીધા હોત.

જો સામો મુદ્દલ ઇચ્છતો જ નથી, છતાં આપણે ઉપકાર કરવા જઈએ છીએ, તો તેમાં સ્વ–પરનું હિત નહિ, પણ એકાંત અહિત જ રહેલું છે.

ઇચ્છા એ એક એવી વસ્તુ છે કે તે જાગ્યા પછી માણસ બહુ જ હર્ષભેર તદનુરૂપ પ્રવૃત્તિ કરે છે.

ઇચ્છાથી જ જીવ કરવતથી પોતાનું શરીર કપાવે છે.

ઇચ્છાથી જ જીવ સળગતી ચિતામાં ઝંપલાવી દે છે.

ઇચ્છાશક્તિ મુક્તિ માટેનો પ્રબળ પુરુષાર્થ જીવ પાસે કરાવે છે.

માટે શ્રી તીર્થંકર ભગવંતોએ મોટે ભાગે પ્રથમ ઇચ્છા કરાવ્યા પછી જ કાર્ય કરાવવાનું ફરમાવ્યું છે.

એથી વિરુદ્ધ ઇચ્છા કરાવ્યા સિવાય, નાનામાં નાનું પણ કોઈ કાર્ય કરાવવું તે આરાધકને વિરાધક બનાવવા જેવું છે.

અનિચ્છાએ કરાવેલાં મોટાં મોટાં કાર્યો પણ પરિણામે એટલાં દીપતા નથી, જેટલાં ઇચ્છાપૂર્વક કરાવેલાં નાના કાર્યો દીપે છે.

ગુરુકુળવાસમાં વસતા મુનિએ, ગુરુકુળવાસમાં રહેતા અન્ય મુનિઓ પાસેથી કંઈને કંઈ સાર ગ્રહણ કરવાની વૃત્તિ પણ રાખવી જોઈએ.

જે આત્મા મુનિધર્મનો સ્વીકાર કરે છે તે આત્મામાં કોઈને કોઈ પ્રકારની વિશેષતા ઘણું કરીને હોય જ છે.

જે મુનિ બને છે તેમાં, ઓછામાં ઓછો એકાદ ગુણ તો એવો નૈસર્ગિક હોવો સંભવ છે કે જે બીજાને મેળવવા જેવો હોય તો તે ગુણ નાના કે મોટા ગમે તે મુનિમાં હોય, તો તે મેળવવા માટે મુનિએ પ્રયત્નશીલ બનવું જોઈએ કે, જેથી પરસ્પર વચ્ચે સ્નેહ અને વાત્સલ્ય ભાવની વૃદ્ધિ થાય.

નાના પાસેથી પણ ગુણ ગ્રહણ કરવામાં નાનમ નથી. તેથી મોટાની મહત્તા ઘટતી નથી પણ વધે છે.

જેટલી ઉતાવળ જીવને બીજાને ગુણ આપવાની છે, તેટલી જ ઉતાવળ બીજામાંથી ગુણ ગ્રહણ કરવાની આવી જાય, તો મુનિજીવન ખરેખર ઉજ્જવળ બની જાય.

મુનિપણાને ઉચિત સર્વ ક્રિયાઓ, મુનિ અપ્રમત્તપણે આચરે. ઊંઘ અલ્પ લે અને તે સિવાયના કાળમાં જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, જાપ અથવા સ્વ-પરહિતકર કોઈને કોઈ ક્રિયામાં જ મગ્ન હોય, પણ એક મિનિટ પણ વેડફે નહિ.

એ પ્રમાણે શ્રી તીર્થંકર દેવની આજ્ઞા મુજબ પાળેલ સંયમ આત્માને સર્વકાળમાં હિતકારી નીવડવા ઉપરાંત અનેક આત્માઓને પ્રેરક તેમજ ઉપકારક નીવડે છે.

ગુરુકુળવાસમાં વસતા મુનિએ પોતાના આત્મશ્રેય માટે એક બાબત ખાસ ખ્યાલમાં રાખવાની છે કે જે ક્રિયા કરવાથી વિષય અને કષાયની મંદતા થાય તે ક્રિયાની જરા જેટલી પણ ઉપેક્ષા ન થઈ જાય.

જે ક્રિયાઓ કરવાથી વિષય અને કષાય પાતળા પડતા નથી, તે ક્રિયાઓ ગમે તેટલી મોટી હોય, છતાં આરાધનાના માર્ગમાં તેની કોઈ કિંમત નથી, પણ તે માત્ર કાયક્લેશરૂપ અને અર્થહીન બોજારૂપ બને છે.

અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોએ ફરમાવેલી વિવિધ પ્રકારની આજ્ઞાઓમાંથી કોઈ પણ આજ્ઞા લઈશું તો તે આજ્ઞાની પાછળ પ્રધાનપણે એ એક જ ભાવ રહેલો પ્રતીત થશે કે, કોઈ પણ રીતે વિષય અને કષાયની મંદતા થાઓ. બસ આ એક જ ધ્વનિ પ્રત્યેક આજ્ઞાના મૂળમાં રહેલો હોય છે.

જે ક્રિયામાં આત્માનું હિત નથી, તે ક્રિયા પરમાર્થથી ક્રિયા જ નથી. લાખો-કરોડોના વેપારમાં જો નફો નથી તો તે વેપાર જેમ નિરર્થક છે, તેમ પરોપકાર માટે ગણાતી મોટામાં મોટી ક્રિયાઓમાં પણ જો આત્મહિતની બુદ્ધિ નથી, તો તે પણ નિરર્થક છે.

છેવટે ઓછામાં ઓછું બોલવું અને વધુમાં વધુ કામ કરવું એ પ્રમાણે આ લેખના પ્રારંભમાં દર્શાવેલા બે મુદ્દાઓનું અમલીકરણ મુનિજીવનમાં ખાસ જરૂરી છે.

એના વિના યથાર્થ પ્રગતિ શક્ય નથી. વિઘ્નોની પરંપરા ઘટવાને બદલે વધતી જ જાય છે.

આથી આદર્શ મુનિજીવનના ઘડતર માટે ઓછામાં ઓછું બોલવું એ ઉપાય સર્વોત્તમ છે.

'પૂછયા વિના કોઈની સાથે બોલવું નહિ.

ખરાબ ઈરાદે પૂછનારને પણ ઉત્તર આપવો નહિ.

જાણવા છતાં બુદ્ધિમાન પુરુષે અનર્થકર બાબતોમાં લોકને વિષે જડની જેમ આચરણ કરવું. તુલાભાવ અપનાવવો જોઈએ.'

ટંકશાળી આ શાસ્ત્રવચનો મુનિએ ગાંઠે બાંધવા જેવાં છે.

તેથી સાધકનું જીવન આદર્શરૂપ બને છે.

卐

# છ જીવનીકાયની રક્ષા

પોતાના ઘરની યાદ, માનવીને પરદેશમાં બેચેન બનાવી દે છે. પરદેશની સુખ–સગવડમાંથી તેનું મન ઊઠી જાય છે, તેમ મોક્ષની યાદ, વિભાવ દશામાં રહેલા વિવેકી આત્માને આકુળવ્યાકુળ બનાવી દે છે, કારણ કે તે તેનું સાચું ઘર છે.

વિભાવ દશાને દૂર કરીને, સ્વભાવ દશાને પ્રકટાવવાનું સામર્થ્ય સિદ્ધચક્રમાં છે. સિદ્ધચક્રજીનાં ધ્યાનમાં છે.

સિદ્ધચક્રનું ધ્યાન એટલે નવપદનું ધ્યાન, પરમેષ્ઠિ ભગવંતોનું ધ્યાન.

ધ્યેયમાં ઉપયોગને જોડવો તે ધ્યાન.

આ ધ્યેય ષટ્કાયને હિતકારી છે. માટે સર્વ દેશ અને સર્વ કાલના જીવો માટે સર્વોત્તમ ધ્યેયરૂપ છે.

જીવની સુરક્ષા કરવાથી પણ સ્વર્ગ મળે છે, તો ષટ્કાયની રક્ષાથી કેટલો લાભ થાય તે વિચારો!

'જેવો મારો જીવ તેવો પરનો જીવ અને મારો આત્મા, નિશ્ચયથી પરમાત્મા સમાન છે' એવી સમજનો અભાવ તે અજ્ઞાન અને મિથ્યાત્વ. આ પાપ, જીવને સંસારમાં રઝળાવે.

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ કરનારો પુન્યશાળી, કદી પણ જીવહિંસા ન ઇચ્છે.

'ષટ્કાય જીવની રક્ષા' શબ્દમાં ઉપયોગને જોડવો તે પણ ધ્યાનનો જ એક પ્રકાર છે. તેનાથી ૧૮ પાપોનો નાશ થાય છે. જીવ અર્ધપુદ્ગલ પરાવર્તમાં આવી જાય છે.

પાપ ન કરવું એ જેટલું મહત્ત્વનું છે, તેના કરતાં પણ અધિક મહત્ત્વનું પાપ-રહિત ભગવંતોને નમવું અથવા નમન કરવું–તે છે.

આચાર્યાદિ બધા સાધુ ભગવંતો છે. સાધુ અર્થાત્ ષટ્કાય જીવના રક્ષક, જીવના સાચા સહાયક. સ્વાર્થમાં સહાયક તે સ્વાર્થસાધુ!

સર્વજીવોને હિતકારી કાર્ય કરનારા તેમ જ સર્વશ્રેયસ્કર વચનો સાંભળવામાં સદા તત્પર અને અકાર્યના ત્યાગની દૃઢ પ્રતિજ્ઞાવાળા જ સાધુ છે. વિરતિ એ સર્વશ્રેષ્ઠ પ્રતિજ્ઞા છે અને તે પ્રતિજ્ઞાના ત્રિવિધ પાલનમાં આત્મશક્તિનો વિકાસ છે.

પ્રતિજ્ઞા એ બંધન નથી, પણ કર્મરૂપી જંજીરને તોડનારો પોલાદી હથોડો છે. આત્માના ઘર તરફ દોરી જનારો દીપક છે.

આત્મામાં અનંત શક્તિ છે. તેમાં જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, તપશક્તિ આદિનો સમાવેશ થાય છે.

ઇચ્છાશક્તિ એટલે પરદુઃખનિવારણ કરવાની ભાવના.

આ ભાવનાને ચરિતાર્થ કરવા માટે વિરતિ જરૂરી છે.

## વિરતિની આવશ્યકતા

'કરેમિભંતે'ની પ્રતિજ્ઞા સિવાય, સાધુપુરુષ ષટ્કાય જીવની રક્ષા નહિ કરી શકે.

બે ઘડી (૪૮ મિનિટ)ના સામાયિકના મૂલ્યનું નિમિત્ત પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞા વિના તપ પણ શક્ય નથી.

પ્રતિજ્ઞાપૂર્વક પાપનો ત્યાગ કરી, સર્વ જીવાત્માઓને સ્વ સમાન માનનાર તેમજ નિર્ગ્રન્થતાને ધારણ કરનાર સાધુ છે.

આવા સાધુ ભગવંત સર્વ કાર્ય કરવા છતાં આત્મરમણતામાં રહે છે.

આત્મરમણતા તે સ્વગૃહ છે. મોહરાજાનું ઘર તે શત્રુનું ઘર છે.

'મારું' અર્થાત્ પરને મારવાની ઇચ્છા. એટલે 'મારું ઘર' તે મોહરાજાનું ઘર. ત્રણ જગતના જીવોના શત્રુ મોહનું ઘર.

વિગઇ તે શત્રુનું ઘર છે. આયંબિલ તે મિત્રનું ઘર છે. ઉપવાસ તે આત્માનું ઘર છે.

આત્માના શત્રુ કોણ? અને મિત્ર કોણ? તે જાણવું જરૂરી છે. શત્રુને મિત્ર માની લેવાય અને મિત્રને શત્રુ, તો અનર્થ થાય.

શરીર વિનાશી છે. આત્મા અવિનાશી છે.

૧૦ પ્રાણ કર્મરચિત છે. શરીરના નાશની સાથે તે પ્રાણોનો પણ નાશ થાય છે.

જ્યારે આત્માના જ્ઞાનદર્શનાદિ ચાર પ્રાણો આત્માની જેમ જ અવિનાશી છે. તેમાં રહેવા માટે પ્રતિજ્ઞા જરૂરી છે.

સાધુ ભગવંતોને થતો નમસ્કાર, વાસ્તવમાં તેમણે સોલ્લાસ સ્વીકારેલી વિરતિને જ નમસ્કાર છે.

સૌધર્મેન્દ્ર પણ સાધુ ભગવંતની વિરતિને નમસ્કાર કરીને સિંહાસન પર બેસે છે. સૌધર્મને પણ ઇન્દ્ર બનાવનાર તેમણે પૂર્વકાળના માનવભવમાં પાળેલી 'વિરતિ' જ છે.

વિરતિ મોક્ષનું કારણ છે. આ 'વિરતિ' માનવભવમાં જ શક્ય છે. માટે માનવભવ મહામૂલો ગણાય છે.

વિરતિ અને જીવમૈત્રી વચ્ચે ગાઢ સંબંધ છે. 'સર્વ જીવ હિતરતિ'—એ વિરતિનો જ પર્યાય છે.

વેશની સાથે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું ત્રિવિધે પાલન કરનાર સાધુમાં સદાય 'અ—મારું'ની ભાવનાનો ઉલ્લાસ વર્તતો હોય. એવા સાધુ 'હું' અને 'મારું'ના સ્થાને 'અમે' અને 'અમારા' સ્થાન પામીને 'જીવમૈત્રી'ને ઝળકાવે છે.

## મોક્ષનું દ્વાર મૈત્રી

મોક્ષના દ્વાર ખોલવા માટે જીવમૈત્રી ઉત્પન્ન થવી જોઈએ.

જીવ મૈત્રી એ સમકિત. પરપદાર્થમાં પ્રીતિ એ મિથ્યાત્વ. મિથ્યાત્વ એ મોટું પાપ.

શ્રી નવકારની શ્રદ્ધાથી પાપપક્ષનો નાશ અને પુન્યપક્ષની વૃદ્ધિ થાય છે.

એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો,

એ શ્રી નવકારનું ઘોષણા પત્ર છે. એટલે પંચ નમસ્કારરત આત્માના પાપોનો નાશ થાય છે.

'જગતના સર્વ જીવોના સર્વ પાપો નાશ પામો' એ ભાવના ભાવવાથી દુઃખનો નાશ થાય છે. પાપના નાશથી જ દુઃખનો નાશ થતો હોય છે.

સાધુતા માટે વેશ, ક્રિયા અને ભાવ ત્રણે જોઈએ.

સાધુ બન્યા પછી પણ જો સર્વ જીવરાશિ તરફ શુભભાવ ન હોય તો શ્રાવક કરતાં પણ ઊતરતી કક્ષા ગણાય.

આ ભાવના બરાબર ભાવતાં ભાવતાં જ શ્રાવક પણ સાધુધર્મના પાલનની યોગ્યતા હાંસલ કરી શકે છે. જીવ તરફના દ્વેષને કારણે પેદા થતા પાપને ધોવાની પ્રચંડ શક્તિ આ ભાવનામાં રહેલી છે.

છ કાય જીવની રક્ષામાં જીવન વ્યતીત કરવાથી ત્રણ ભવમાં મોક્ષનો સુયોગ થાય છે, ભવપાર થવાય છે.

પાપ ૧૮ છે. પુણ્ય ૯ છે.

અઢારે પાપનો નાશ કરી નવ પુણ્યનો પ્રાદુર્ભાવ, નવપદની ભક્તિથી થાય છે.

નવપદને સમર્પિત થનારનાં સર્વ પાપોનો નાશ, નવપદ કરે છે.

નવપદમય શ્રી સિદ્ધચક્રનું ધ્યાન એ પરમદયાળુ શ્રી અરિહંતનું ધ્યાન છે.

શ્રી અરિહંતનું ધ્યાન અરિને હણે જ.

આત્માનો અરિ છે–મોહ અને મિથ્યાત્વ.

અતત્ત્વમાં તત્ત્વ બુદ્ધિ, તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ તે મિથ્યાત્વીનું લક્ષણ છે.

સમકિતી જીવમાત્રનો મિત્ર હોય. જડ સાથે તે કદી ન બંધાય. શરીર અને તેના ધર્મોને બદલે આત્મા અને તેના ગુણોમાં તેની રમણતા હોય. તેથી પરમાત્મા તેને પ્રાણ-પ્યારા લાગે છે.

એ પ્રાણ પ્યારા પરમાત્માને સમગ્ર જીવન સમર્પિત કરી દે છે અને પરમપદને પ્રાપ્ત કરવા સદા પ્રયત્નશીલ રહે છે.

卐

# તપ અને જપ

ગૃહસ્થને લૌકિક દૃષ્ટિએ જેમ ધન અને સ્ત્રી વિના ન જ ચાલી શકે, તેમ ગૃહત્યાગી અણગારને દેવ અને ગુરુના અનુગ્રહ વિના ન જ ચાલી શકે.

દેહ-પ્રાણ ટકાવવા માટે ધન અને ધરાની જેમ ધર્મપ્રાણ-સંયમપ્રાણને ટકાવવા માટે દેવ-ગુરુ અને તેમના અનુગ્રહની અનિવાર્ય આવશ્યકતા છે.

ભોગીને જેવી ધનની આવશ્યકતા, યોગીને તેવી જ અનુગ્રહની આવશ્યકતા,

સંયમનો પ્રાણ છે તપ અને જપ.

તપનો જન્મ ભેદજ્ઞાનમાંથી છે. જપનો જન્મ અભેદ જ્ઞાનમાંથી છે.

દેહ અને આત્માના ભેદનું જ્ઞાન તપમાં પ્રાણ પૂરે છે અને આત્મા અને પરમાત્માના અભેદનું જ્ઞાન જપમાં પ્રાણ પૂરે છે.

તપથી તનશુદ્ધિ થાય છે અને જપથી મનશુદ્ધિ. તન અને મનની શુદ્ધિ એ જ સંયમનું ફલ છે.

તપથી શુદ્ધિ થાય છે, જપથી પુષ્ટિ થાય છે. શુદ્ધિ, કર્મક્ષયજનિત આંશિક નિર્મલતા છે. પુષ્ટિ પુણ્યોદયરૂપ છે.

'त्रयमेकत्र संयमः' એ વ્યાખ્યા મુજબનો સંયમ પણ તપ અને જપથી સાધ્ય છે.

જપથી ધારણા બંધાય છે અને તપથી ધ્યાન થાય છે.

જપથી પ્રશસ્ત ઈચ્છા અને તપથી ઇચ્છાનિરોધ, એમ એકબીજાના પૂરક બનીને તપ અને જપ મુમુક્ષુ આત્માને પોતાના આત્મ વિકાસમાં પ્રબલ સહાય કરે છે.

卐

# ચાર અનુયોગ અને રત્નત્રયી

દ્રવ્યાનુયોગ એ સમ્યગ્દર્શનનું કારણ છે. ગણિતાનુયોગ એ સમ્યગ્જ્ઞાનનું કારણ છે અને ચરણકરણાનુયોગ એ સમ્યક્ ચારિત્રનું કારણ છે. રત્નત્રયીની આરાધના કરનારનો કેવી રીતે મોક્ષ થાય છે અને વિરાધના કરનારને કેવી રીતે સંસારમાં રખડવું પડે છે, તેને ચોથો ધર્મકથાનુયોગ સમજાવે છે.

દ્રવ્યનયની અપેક્ષાએ શુદ્ધ એવો આત્મા પણ પર્યાયનયની અપેક્ષાએ અનાદિથી અશુદ્ધ છે. તેને શુદ્ધ કરવા માટે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મના આચારોનું નિરૂપણ તે ચરણકરણાનુયોગ છે.

અશુદ્ધ એવા આત્માને શુદ્ધ બનાવવાનો પ્રેરણાત્મક બોધરૂપ મહાપુરુષોના ચરિત્રોના વર્ણન-તે ધર્મકથાનુયોગ છે.

દ્રવ્યાનુયોગ વડે આત્માના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ થાય છે અને ગણિતાનુયોગ-વડે ભવભ્રમણનો, ચાર ગતિ, પાંચ જાતિ, ૮૪ લાખ જીવયોનિ વગેરેનો ખ્યાલ આવે છે, સિદ્ધિસ્થાન અને ભવભ્રમણનો વિચાર કરી શકાય છે.

ધર્મનું પ્રત્યક્ષ દર્શન સર્વજ્ઞ ભગવંતો જ કરી શકે છે. પરંતુ ધર્મના ફળનું દર્શન તો છદ્મસ્થો પણ કરી શકે છે. મનુષ્યપણું, પંચેન્દ્રિયપટુતા, ઉચ્ચકુળ, નિરોગી-કાયા એ બધાં ધર્મનાં પ્રત્યક્ષ ફળ છે.

નિર્ધ્વંસપણે પૃથ્વીકાયાદિની વિરાધના કરનાર પૃથ્વીકાયાદિમાં ઉત્પન્ન થાય છે અને જીવરક્ષાની કાળજી રાખનાર, ત્રસનામકર્મ અને બીજી પણ પુણ્ય-પ્રકૃતિઓનું ઉપાર્જન કરે છે.

જીવતત્ત્વની હીલના તેમજ હિંસા, અને તે પણ નિષ્ઠુરતાપૂર્વક કરવી તે ઘણું મોટું પાપ છે. માટે તેનું એટલું જ ભયંકર પરિણામ તે પાપ કરનારને ભોગવવું પડે છે.

નવ તત્ત્વોમાં પહેલું જીવ તત્ત્વ છે. મતલબ કે તે ધર્મના પાયારૂપ છે અને તેથી જ જીવદયાને ધર્મનું મૂળ કહ્યું છે અને શ્રી તીર્થંકરદેવ પ્રણિત ધર્મને 'દયાપ્રધાન' કહ્યો છે.

મૂળની માવજત કરનાર યથા કાળે તેના સુફળને મેળવે છે તેમ જીવતત્ત્વની જયણા કરનાર યથાકાળે નવ તત્ત્વમાં શિખરરૂપ મોક્ષપદનો અધિકારી બને છે અને તેથી જ જીવ-તત્ત્વને ઓળખાવનાર શ્રી જિનેશ્વરદેવ આપણને 'પ્રિયતમ' રૂપે પ્રતીત થવા જોઈએ.

卐

# નિજ ગુણ સ્થિરતારૂપ ચારિત્ર

ચારિત્રમાં અમુક ક્રિયા આદિનું સ્થાન ઘણું જ મહત્ત્વનું છે, છતાં તે વ્યવહાર ચારિત્ર છે.

નિજ ગુણસ્થિરતા તે નિશ્ચય ચારિત્ર છે. ક્ષમા-નમ્રતા, સરળતા, સમતા, સંતોષ, શાન્તિ, વિરક્તિ આદિ ગુણોમાં સ્થિરતા આવવી એ નિશ્ચય ચારિત્ર છે.

એકલી બાહ્ય ક્રિયાઓને જોઈને જ ચારિત્રગુણનો નિર્ણય કરવાનો હોતો નથી. બાહ્ય-અનુષ્ઠાન વડે પણ આખરે તો નિજ ગુણસ્થિરતા સિદ્ધ કરવાની છે.

જીવનમાં પવિત્રતા, સદ્ગુણોનો વિકાસ—એ બધું પ્રગટે ત્યારે ચારિત્રની પરિપૂર્ણતા થઈ ગણાય છે. સર્વ પ્રથમ એના માટે સમર્પણભાવ, દેવ-ગુરુ પ્રત્યે શરણભાવ કેળવવો આવશ્યક છે.

દેવ-ગુરુની ભક્તિ, સેવા, પરોપકાર આદિ નિજગુણ સ્થિરત્વમાં પ્રધાનપણે સહાયક હોવાથી મુખ્ય છે, બીજી વસ્તુઓ ગૌણ છે

આત્મા સદ્ગુણોથી તરે છે. દેવ-ગુરુની ત્રિવિધ ઉપાસનાથી તરવાનું એ કાર્ય, તદ્દન સહેલું બની જાય છે તેથી એ મોટી સિદ્ધિ ગણાય છે.

# ભક્તિ ભાવના

રાગાદિ દોષોને જીતાડનાર પ્રતિપક્ષ ભાવનામાં વૈરાગ્યાદિ અને ક્ષમાદિ ગુણોની સાથે વૈરાગ્યવાન અને ક્ષમાવાન પુરુષોની ભાવના અને ભક્તિ પણ લઈ શકાય.

પ્રતિપક્ષના વિચારમાં ગુણ અને ગુણી બન્ને લેવાય.

પરમાર્થ ભક્તિ આજ્ઞા પાલનમાં છે, આજ્ઞા પાલનનું બળ મેળવવા માટે, ગુણ-સ્તુતિ, નમસ્કાર આદિ સાધન છે.

મુનિજીવન એ વ્યષ્ટિજીવન નથી, પરંતુ સમષ્ટિજીવન છે.

ભક્તિ એ દોષોની પ્રતિપક્ષી ભાવના છે, કેમ કે શ્રી જિનશાસનમાં ભક્તિ, દોષ-રહિત એવા વીતરાગ અને નિર્ગ્રન્થ પુરુષોની ઉપદેશેલી છે.

વીતરાગની ભક્તિ, રાગ-દ્વેષ, મોહની પ્રતિપક્ષભૂત ભાવનાની ખાણ છે.

નિર્ગ્રન્થની ભક્તિ એ કામ, ક્રોધ, લોભ અને હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આદિ દોષોની પ્રતિપક્ષભૂત ભાવનાઓનો ભંડાર છે.

જેમ જેમ નિર્ગ્રન્થ અને વીતરાગની સેવા, પૂજા, સ્તુતિ, સ્તોત્ર, જાપ, સ્મરણ અને ધ્યાન વધતાં જાય છે, તેમ તેમ રાગાદિના પ્રતિપક્ષભૂત જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોનાં બહુમાન અને તે દ્વારા દોષોનો હ્રાસ વધતો જ જાય છે, એ નિશ્ચિત છે.

卐

# ગુરુભક્તિ

ગુરુએ જ્ઞાન આપવા માટે હંમેશાં વાણીનો પ્રયોગ કરવો જ પડે એવું હોતું નથી.

**જ્ઞાનની ઉચ્ચ ભૂમિકામાં વિહરતા જ્ઞાની પુરુષના અંતઃકરણમાંથી, વિચાર-જ્ઞાનની સૂક્ષ્મ-ધારાનો પ્રવાહ અધિકારી શિષ્યની હૃદયભૂમિ પર પડે છે,** ત્યારે તેમાં નૂતન બોધરૂપ જ્ઞાનની વાડી ઊગી નીકળે છે.

આ માટે જ્ઞાનની જિજ્ઞાસાવાળા શિષ્યે પોતાના મનને યોગ્ય અધિકારવાળું કરવાની અગત્યતા રહે છે. શિષ્યના મનની આવી યોગ્યતા, ગુરુમાં ઈષ્ટ-બુદ્ધિ-ઈશ-બુદ્ધિ ધારણ કરવાથી સિદ્ધ થાય છે. તેનું કારણ એ છે કે-શિષ્યનું મન તુચ્છ ગણાતા વિષયોમાં ભ્રમણ કરતું હોય છે. તેથી તે નિકૃષ્ટ-પ્રકારનું હોય છે. આવા અશુદ્ધ-મનનો, ગુરુના વિશુદ્ધ-મનની સાથે સંબંધ થઈ શકતો નથી. તેથી શિષ્યનું એ કર્તવ્ય છે કે-પોતાના મનને ઉચ્ચ વિષયમાં રમતું કરીને ઉચ્ચતાવાળું કરવું જોઈએ.

ગુરુમાં દેવબુદ્ધિ ધારણ કરીને, શિષ્ય જ્યારે પોતાના મનને પુનઃ પુનઃ ગુરુની અભિમુખ કરવાનો, શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કરે છે, ત્યારે શિષ્યનું મન અશુદ્ધિને ત્યજીને

વિશુદ્ધિ ધારણ કરતું જાય છે અને તેમ થતાં ગુરુના ઉચ્ચ મન સાથેનો સંબંધ સાધવાની યોગ્યતાવાળું બને છે. કહ્યું છે કે—

'यस्य देवे परा भक्ति,-र्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिताःह्यर्थाः, प्रकाशन्ते महात्मनः ॥१॥

અર્થ : જેને દેવતત્ત્વ ઉપર ઉત્કૃષ્ટ ભક્તિ છે અને તેવી જ ગુરુતત્ત્વ ઉપર પણ છે, તે મહાત્માને શાસ્ત્રમાં કહેલા આ અર્થો પ્રત્યક્ષ થાય છે. જ્યાં આ બુદ્ધિ નથી આવતી, ત્યાં જ્ઞાનનો કે ઉપદેશનો છેડો, બહુ બહુ તો શબ્દ-જ્ઞાન કે વાચિકજ્ઞાનમાં આવે છે. પરંતુ અનુભવજ્ઞાનરૂપે અંતરમાં પરિણામ પામતો નથી.

ઉપદેશનું પરિણામ અનુભવ જ્ઞાનમાં આવે, એ માટે ઉપદેશદાતા ગુરુ પ્રત્યે શિષ્યે બહુમાનવાળી ઉચ્ચ-બુદ્ધિ રાખવી જોઈએ.

ઉપદેશ કે શિક્ષણનો હેતુ કેવળ બાવન અક્ષરોની રચનાવાળું શબ્દજ્ઞાન આપવાનો નથી, જીવનને પૂર્ણ, વિશુદ્ધ, ઉદાત્ત અને શક્તિશાળી બનાવવાનો છે.

આવું જીવન, ગ્રંથોમાં વર્ણવેલી અને ઉપદેશમાં કહેલી વિગતો પોપટપાઠની પેઠે માત્ર બોલી જવાથી અથવા તેનો શબ્દાર્થ માત્ર જાણી લેવાથી થતું નથી. પરંતુ સુગુરુના વિશુદ્ધ મનનો અને શિષ્યની ઊતરતી પંક્તિના મનનો અનુકૂળ સંબંધ થવાથી થાય છે. એ અનુકૂળ-સંબંધ, ગુરુ પ્રત્યેની ઉચ્ચ બુદ્ધિથી જ થઈ શકે છે.

ગુરુને 'ગુરુ' તરીકે માનવા, સમજવા તેમ જ સ્વીકારવાથી શિષ્ય નિજ આત્મશુદ્ધિની સાધનામાં સફળ થઈ શકે છે. સુગુરુ તો શિષ્યની આંખ તેમ જ પાંખ બને છે. ગુરુ એટલે ગુરુ! તેમના ચરણકમળમાં સર્વસ્વ ધરું! તો જરૂર મુક્તિપ્રકાશને વરું! બસ, આ ભાવના હૃદયે ધરું અને આ સંસાર-સાગરને તરું! સુશિષ્યના આ જ હૃદયોદ્ગાર હોય છે.

卐

# દેવ-ગુરુ પ્રત્યે રતિ

મહામોહની સામે સર્વથા નિર્મોહના અનુગ્રહનો ભાવ જ બાથ ભીડી શકે. આવરણ પ્રચુર આત્માનું બળ કેટલું? અને સર્વથા નિરાવરણ વિશુદ્ધ પરમાત્માનું, તેમના અનુગ્રહનું, તે અનુગ્રહને ઝીલનારનું બળ કેટલું?

મહાબળવાન મોહની સામે, અનંતબળી ભગવદ્-અનુગ્રહ જ ટકી શકે, અણનમ રહીને વિજય અપાવી શકે. આંશિક પણ મોહથી વ્યાપ્ત આત્મા, સ્વયમેવ મોહને

જીતવામાં પ્રાયઃ સફળ નથી થઈ શકતો, પણ તે મોહને મહાત કરવા માટે તેને મહા-મોહજેતા શ્રી અરિહંત પરમાત્મા અને તેમની આજ્ઞા અનુસાર સર્વવિરતિપણું અંગીકાર કરનારા સાધુ ભગવંતોરૂપી ગુરુ તત્ત્વનું શરણું સ્વીકારવું પડે છે.

એટલે સાચો વિરાગી, દેવ-ગુરુનો મહારાગી હોય, હોવો જોઈએ. દેવ-ગુરુનો *રાગી બનનાર જ વિષયોનો વિરાગી બની શકે. નિર્વિષયી એવા દેવ-ગુરુની રતિ જ* વિષયોની રતિને બાળી શકે.

જેના જીવનમાં દેવ-ગુરુની રતિ નથી, તેની વિરતિમાં વિષયની રતિ હશે. વિષયોની રતિને દેવ-ગુરુ સ્વરૂપ મહાવિષયો-શ્રેષ્ઠ વિષયોની રતિ જ નિવારી શકે.

જેઓને નમસ્કાર કરવા માત્રથી જ અગણિત પાપ-રાશિઓ, પાપવાસનાઓ, વિષયોની રતિ અને કષાયોના મહાદાવાનળો શાંત થઈ જતા હોય છે તે નિર્વાસન નિરંજન દેવ-ગુરુ આપણા સૌથી મોટા હિતચિંતક છે. એમાં વિવાદ ન જ હોઈ શકે. મતલબ કે, એ નિર્વિવાદ હકીકત છે.

અનંતકાળના આપણા અનંત દારિદ્રયને ફગાવી દેનાર દેવ-ગુરુ જ હોય અને બીજું કોઈ ન હોય તો તેમના ઉપર મહારતિ ઉત્પન્ન કેમ ન કરવી?

જીવના ખરા સ્નેહી કોણ? દેવ, ગુરુ કે દુનિયા? પરમ હિતસ્વી જો દેવ-ગુરુ જ છે, તો તેમના પર સર્વાધિક સ્નેહ થવો જોઈએ અને જો ન થતો હોય, તો દેવ-ગુરુની કિંમત કરતાં બીજા સ્નેહીઓની કિંમત અંતરમાં વધારે આંકી છે; એમ સિદ્ધ થાય છે. એ મિથ્યાત્વ જ જીવને અનંતકાળ ભવસાગરમાં ભટકાવનાર થાય છે.

વિષયોની વિરક્તિને ટકાવવા માટે દેવ-ગુરુ રૂપી મહાવિષયો પર રતિ કેળવવી જ પડશે. જો નહિ કેળવાય તો વિષયરતિ (વિષયો પ્રત્યેનો રાગ-સ્નેહ) કેડો મૂકશે જ નહિ.

વિષયોમાં રતિનો અર્થ જ વિષયોની કિંમત વધુ આંકવી એ છે.

બધાં વિષયોમાં પ્રધાન વિષય દેવ-ગુરુ છે. તેનું કારણ સૌથી વધુ હિતૈષી તેઓ છે. તેઓનું નામસ્મરણ કરતાં જ જીવોની પાપરાશિઓ, અજ્ઞાન અને મોહની રાશિઓ પળ માત્રમાં વિલીન થઈ જાય છે.

આત્માનું હિત કરે તે જ હિતૈષી કહેવાય. આત્માનું હિત, દેવ-ગુરુના આલંબને જ થાય છે, તેથી અન્ય વિષયોની રતિને દૂર કરી દેવ-ગુરુને વિષે મહારતિ કેળવવી, એ જ વિરક્તિને મેળવવાનો, ટકાવવાનો, વધારવાનો અને પરમ વિરક્તિને ધારણ કરનારા વીતરાગ પદની પ્રાપ્તિનો અનન્ય ઉપાય છે.

卐

# ગુરુ તત્ત્વ

ગુરુની સાથે સરખાવી શકાય તેવી કોઈ વસ્તુ આ જગતમાં છે નહિ. પારસમણિ–સ્પર્શમણિ લોખંડને સુવર્ણ બનાવી શકે, પણ પારસ નહિ. જ્યારે સાચા ગુરુ શિષ્યને સ્વતુલ્ય બનાવે છે.

ગુરુ એ માત્ર જ્ઞાન આપનાર છે, એમ નહિ, કિન્તુ સુશિષ્યને આત્મ સમાન બનાવનાર છે.

અપેક્ષાએ દેવ કરતા પણ ગુરુ ચઢે છે. દેવભક્તિ મોક્ષ આપે છે, પણ દેવ પ્રત્યે ભક્તિ, ગુરુ વિના શક્ય નથી. અતીન્દ્રિય દેવતત્ત્વને, ગુરુતત્ત્વ સિવાય પામી શકાતું નથી. દેવનો મહિમા ગુરુની ભક્તિ વિના પરખી શકાતો નથી.

ગુરુ પ્રત્યે દૃઢ વિશ્વાસ એ ઊંચામાં ઊંચી સાધના છે. મુક્તિમાર્ગમાં આવતા અનેક વિઘ્નોને ગુરુની સહાયથી જીતી શકાય છે.

દેવને ગુરુએ શાસ્ત્રદૃષ્ટિથી જોયા હોવાથી ગુરુ જ તેમનો સાક્ષાત્કાર કરાવી શકે છે. સાચા ગુરુ તે જ છે કે જે દેવનો સાક્ષાત્કાર–પ્રત્યક્ષ દર્શન કરાવી શકે છે.

ગુરુને તન–મન–ધન વગેરે સમર્પિત કરવાથી ગુરુ બદલામાં પરમાત્મપણું કે જેને આપણે સદા ઝંખીએ છીએ, તે આપે છે.

સાચા ગુરુને પામવાથી સાચી ઝંખના જેના હૃદયમાં ઉત્પન્ન થઈ હોય છે, તેને સાચા ગુરુ અવશ્ય મળે છે.

કૃત, ત્રેતા અને દ્વાપર યુગમાં તપશ્ચર્યાદિ વડે પરમપદની પ્રાપ્તિ થઈ શકતી હતી. આ કલિયુગમાં તે માટે માત્ર ગુરુકૃપા જ એક આધાર છે, તેથી ગુરુભક્તિમાં જ સઘળો ઉદ્યમ કરવો જોઈએ.

ગુરુતત્ત્વની શરણાગતિમાં સ્વયંની લઘુતા–અલ્પતા આદિનો એકરાર સમાયેલો છે. ત્યાં હું પણું ભયંકર દીવાલરૂપ છે. માટે ગુરુને માતારૂપે સ્વીકારીને, પોતે બાળરૂપે રહેવાની ભલામણ પણ અનુભવી મહાપુરુષોએ કરી છે. નિષ્કપટભાવે ગુરુને સમર્પિત થવામાં સાચી ગુરુભક્તિ છે. જે નિયમા ફળે છે.

卐

# ગુરૂ–પારતંત્ર્ય

મોહનીય કર્મ ખપાવવા માટે ગુરુ પારતંત્ર્યને છોડીને બીજો કોઈ ઉપાય નથી. જેનામાં ગુરુ પારતંત્ર્ય નથી અથવા જેણે ગુરુ આજ્ઞાની આધીનતા કેળવી નથી, તે જ્ઞાન કે ચારિત્ર ગમે તેટલું મેળવે કે કેળવે, તો પણ તેનું મિથ્યાત્વ મોહનીય તદવસ્થ રહે છે.

ગુરુ પારતંત્ર્ય, આજ્ઞા પારતંત્ર્ય, શાસ્ત્ર પારતંત્ર્યાદિ એક જ અર્થને કહે છે. તેને જ માર્ગાનુસારિતા અને તેને જ પ્રજ્ઞાપના પ્રિયતા કહે છે.

અતીન્દ્રિય એવા મોક્ષમાર્ગમાં આજ્ઞા પારતંત્ર્ય સિવાય પ્રગતિ થઈ શકતી નથી, એ કારણે ધર્મને વિનયમૂળ કહ્યો છે.

વિનય વિના વિદ્યા નથી, અર્થ નથી, કામ નથી, ધર્મ નથી અને મોક્ષ પણ નથી.

અયોગ્ય વ્યક્તિ અને વસ્તુના વિનયથી જ સંસાર છે. તે સંસારનો ક્ષય યોગ્યના વિનયથી જ થઇ શકે છે. મોહક્ષયનું નામ જ મોક્ષ છે.

મોહ એટલે અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, ધર્મનો અનાદર, પ્રમાદશીલતા, મન, વચન તથા કાયાના યોગોનો દુષ્ટ વ્યાપાર ઈત્યાદિ. તેનો ધ્વંસ આજ્ઞાપારતંત્ર્ય વડે થાય છે.

ઇચ્છા એ સંસાર છે. આજ્ઞા એ મોક્ષ છે. ઇચ્છા કર્મોદયજનિત છે. આજ્ઞા એ કર્મ ક્ષયોપશમ જનિત છે. સ્વમતિએ ચાલવાની ઇચ્છા એ મોહ છે. શાસ્ત્રમતિએ ચાલવાની વૃત્તિ એ વિવેક છે. વિવેક વડે મોહ જીતાય છે.

સારને ગ્રહણ કરવો અને અસારને છોડી દેવો તે વિવેક છે. સાર તે છે જેનામાં પરમ શુદ્ધત્વ છે. તેને જ જિનાજ્ઞા કહે છે. જેનું પાલન કરવાથી મિથ્યાત્વ મોહનીય પણ સર્વથા નાશ પામે છે. માટે સ્વમતિની તરફદારી છોડીને જિનમતિવંત બનવા શ્રી જિનમતિવંત ગુરુની આજ્ઞામાં રહેવામાં સર્વકાલીન હિત છે.

આ હકીકત કેટલી બળવાન છે, તે સમજવા માટે શ્રી ગૌતમસ્વામીજીના ગુરુ પારતંત્ર્ય ગુણને વારંવાર સ્મરણમાં લાવવો જ જોઇએ કે જેથી સ્વમતિના સંબંધનું વિસ્મરણ થાય અને તારક આજ્ઞાનું સ્વામીત્વ મન ઉપર સ્થાપિત થઇ જાય.

卐

# ગુરુકૃપા અને ભક્તિ

વાસનાની શાન્તિ વિના ભક્તિ નહિ અને ભક્તિ વિના વાસનાની શાન્તિ નહિ. આ અન્યોન્યાશ્રય દોષને તોડવાનો ઉપાય ગુરુકૃપા છે. ગુરુ એ લુહાર છે, તેની કૃપા એ હથોડો છે અને ભક્તિ એ તેનું મૂલ્ય છે. ભક્તિથી કૃપા અને કૃપાથી અન્યોન્યાશ્રય દોષનું નિવારણ થાય છે.

કાયાથી થતી ગુરુની ભક્તિ, આત્માની મુક્તિમાં કારણ બને. શિષ્યની ભક્તિ ગુરુની કાયાને ઉદ્દેશીને હોય છે અને ગુરુની કૃપા શિષ્યના આત્માને ઉદ્દેશીને હોય છે ગુરુની કૃપા શિષ્યના ચિત્તની સમાધિનું કારણ બને છે. ભક્તની ભક્તિ નિર્વિષયતા અને નિષ્કષાયતાના આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદની આગળ દુનિયાના સઘળા સુખો તુચ્છ ભાસે છે.

ગુરુકૃપા એ માતાના સ્થાને છે. તેના ખોળામાં વિશ્રાંતિ લેનારને વાસનાના જાળા ફસાવી શકતાં નથી. ગુરુકૃપાને કશું અસાધ્ય નથી. કૃપા ભક્તની ભક્તિને આધીન છે.

ભક્તિથી કૃપા વધતી જાય છે અને કૃપાથી ભક્તિ વધતી જાય છે. ગુરુકૃપા જેને પ્રાપ્ત થાય છે, તેના ચિત્તમાંથી એક બાજુ વિષયરતિ નાશ પામે છે, બીજી બાજુ વીતરાગ-ભક્તિ ઉત્પન્ન થાય છે.

ગુરુકૃપા મોહનીયકર્મનો ક્ષય કરી શકે છે. તેના પ્રભાવે વિષયવિરક્તિ અને જિન-ભક્તિ પ્રાપ્ત થાય છે. કૃપા એ એક એવું તત્ત્વ છે કે જે નજરે ન દેખાતું હોવા છતાં નજરે દેખાતી કોઈ પણ વસ્તુ કરતાં અતિ અધિક ઉપકાર કરે છે. તે ઉપકારનું નામ છે વિષયવિમુખતા અને નિર્વિષયી પરમાત્મપ્રીતિમાં અપૂર્વરતિ.

ગુરુ આગળ લઘુ બનીને રહેવાય. તેનો જ્વલંત દાખલો શ્રી ગૌતમસ્વામીજી છે. પોતે પ્રત્યેક સમયે શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીજી સમક્ષ નહિવત્ બનીને રહ્યા હતા માટે તે જ ભવમાં મુક્તિગામી બન્યા હતા. 'હું કંઈક છું' એવો ઘમંડ શિષ્યને ગુરુની કૃપાથી વંચિત રાખે છે. ગુરુને સર્વસર્વા માનનાર વિનીત શિષ્ય જ ગુરુની કૃપાને પાત્ર બને છે.

કૃપાનું તત્ત્વજ્ઞાન કહે છે કે, કૃપા જોઈતી હોય, તો અંદરથી ખાલી થઈ જાઓ. સર્વત્ર વરસતો વરસાદ પણ ત્યાં જ ઝીલાય છે, જ્યાં પૂરતું ખાલીપણું હોય છે. માટે ખાલી થઈને ગુરુને સમર્પિત થવામાં જ ગુરુકૃપાને પાત્ર થવાય છે.

卐

# દેવ-ગુરુ-ધર્મ

વીતરાગપણું એટલે પૂર્ણત્વ. અપૂર્ણતાનું કારણ રાગાદિ દોષો છે. તે આત્મામાંથી નાબૂદ થઈ ગયા પછી પૂર્ણત્વ પ્રાપ્ત થાય છે.

નિર્ગ્રંથ વિના તીર્થની ઉત્પત્તિ જ નથી. તીર્થની હયાતિ સાધુ ભગવંતો હોય ત્યાં સુધી જ હોય છે. માટે જ શાસનને 'નિર્ગ્રન્થ પ્રવચન' શબ્દથી સંબોધવામાં આવે છે.

પૂર્ણના કહેલા માર્ગે પૂર્ણત્વની પ્રાપ્તિ માટે ઉદ્યત થયેલા હોય તે નિર્ગ્રન્થ, સ્નાતક, પુલાક વગેરે નિર્ગ્રન્થોના જ ભેદ છે. એ દરેકનું ધ્યેય વીતરાગતા અર્થાત્ પૂર્ણત્વની પ્રાપ્તિ છે.

આચાર્યાદિ ત્રણે શ્રી જિનેશ્વર પરમાત્માએ પ્રકાશેલા તત્ત્વોને તે રૂપે જ પ્રકાશે. તો જ તેઓ ગુરુપદે માન્ય થઈ શકે છે. પૂર્ણના આશ્રયે જ અપૂર્ણ પૂર્ણ બની શકે છે.

દેવત્વના આધારે ગુરુતત્ત્વ છે, અને ગુરુતત્ત્વના આધારે ધર્મતત્ત્વ છે. ઉત્પત્તિના ક્રમથી દેવ મુખ્ય છે અને સાધનાના ક્રમથી ધર્મ મુખ્ય છે.

ધર્મએ સનાતન સત્ય છે, તેને કોઈ બનાવતું નથી, પણ બતાવે છે. શ્રી તીર્થંકર પરમાત્મા પોતાની વાણી વડે તેને પ્રકાશિત કરે છે.

શ્રી તીર્થંકર ભગવંતો દ્રવ્ય-ગુણ અને પર્યાયથી તીર્થ ગણધરોને સોંપે છે અને ગણધર ભગવંતો, આચાર્ય ભગવંતને સોંપે છે. શ્રી તીર્થંકર ભગવંતોના વિરહકાળમાં શાસનના માલિક આચાર્ય ભગવંતો છે.

આચાર્ય અર્થની દેશના આપે છે, ઉપાધ્યાય સૂત્ર અને અર્થ બંનેની દેશના આપે છે, તેને સૂત્રાનુગમ કહેવાય છે. નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ તેમજ પરંપરા પ્રાપ્ત અર્થને અર્થાનુગમ કહેવાય છે, તેને આપનાર આચાર્ય છે.

## આચાર પ્રથમ

દીવો અજવાળું કરી દે, પણ મકાનમાંથી કચરો કાઢવો હોય તો ક્રિયા કરવી જ પડે. તેમ જ્ઞાન એ કર્મરૂપી કચરાને ઓળખાવે પણ તેને દૂર કરવાનું કાર્ય તો ક્રિયાથી જ થઇ શકે. તાત્પર્ય કે દેવ-ગુરુ ધર્મમાં આચાર પ્રથમ છે.

વિનય મૂળધર્મ દયાધર્મ, સત્ય અધિષ્ઠિત ધર્મ આચાર સ્વરૂપ છે. તેવી રીતે સુદેવ, કુદેવ અને સુગુરુ, કુગુરુની ભેદરેખા પણ આચાર છે.

ઉપશમ ક્ષપક શ્રેણીનું મૂળ વર્તન છે વીતરાગપણું ચારિત્રથી પ્રાપ્ત થાય છે, માત્ર જ્ઞાનથી નહિ.

વીતરાગ શબ્દ વર્તનની અપેક્ષાએ છે. સર્વજ્ઞ શબ્દ જ્ઞાનની અપેક્ષાએ છે. પ્રથમ વીતરાગતા અને પછી સર્વજ્ઞતા છે.

ઉપાધ્યાય સામાન્ય અર્થ આપે છે. એક ચરવાની ક્રિયા અને બીજી વાગોળવાની ક્રિયા છે. સામાન્ય વિશેષ ઉભય અર્થને આપનાર એક જ આચાર્ય હોય, તો તેને બંને પદવી મળે છે.

શ્રી અરિહંત અને સિદ્ધ પરમાત્માના વિરહકાળે વિંશતિ સ્થાનક માટેની આરાધના માટે તેમની પ્રતિમાની જરૂર છે. આચાર્યનો વિરહ શાસનમાં હોતો નથી, તેથી તેમની ભક્તિ આપણે કેવળ સ્થાપના વડે કરવાની નથી. તેમ કરવા જતાં ભાવ આચાર્યની ઉપેક્ષા થવા સંભવ છે. સારણાદિક વડે ગચ્છની સંભાળ રાખનાર ઉપાધ્યાય આચાર્ય વડે નિયુક્ત થયેલા હોય છે.

પંચપરમેષ્ઠિ પદો સ્વતંત્ર આરાધ્ય છે, તેમ જ્ઞાનાદિ ગુણો સ્વતંત્રપણે આરાધ્ય નથી. ગુણીની આરાધના દ્વારા ગુણની આરાધના થઈ શકે છે.

દેવ-ગુરુ-ધર્મનું આ યથાર્થ સ્વરૂપ સમજી તેની યથાર્થ આરાધના નિત્ય ચઢતે પરિણામે કરવાથી ચઢિયાતી ગતિ દ્વારા સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

卐

# અઢાર હજાર શીલાંગ

૧૮૦૦૦ શીલાંગ (શીલનાં અંગ) સર્વ સાવદ્ય યોગની વિરતિ કરવાથી થાય છે. તે વિરતિ તત્ત્વથી એક જ સ્વરૂપ હોય છે.

આ વાત વિરતિભાવની અપેક્ષાએ છે, બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષાએ નહિ. અપવાદે પ્રવૃત્તિ ભિન્ન હોઇ શકે છે, પરંતુ અપવાદની તે પ્રવૃત્તિ, વિરતિભાવને બાધક થતી નથી, કિન્તુ સાધક થાય છે.

એક પણ શીલાંગ શુદ્ધ ત્યારે જ હોય કે જ્યારે બીજા બધા શીલાંગો સહિત હોય. આત્માનો એક પ્રદેશ, બીજા અસંખ્યાત પ્રદેશ સહિત જ હોય અથવા એક પ્રદેશે, આત્માના સર્વ પ્રદેશો જીવ ન કહેવાય.

સર્વ સાવદ્ય યોગની વિરતિરૂપ ૧૮ હજાર શીલાંગ અને તે રૂપ સંયમનું આરાધન, એક ગીતાર્થને અને બીજા ગીતાર્થની નિશ્રાએ રહેનારને હોય. એ સિવાય ત્રીજો સંયમ-વ્યવહાર ભગવાને જોયો નથી. તેનું કારણ એ છે કે, જે ગીતાર્થ હોય, તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરે નહિ અને પોતાની નિશ્રાવાળો અશુદ્ધ પ્રવૃત્તિ કરતો હોય, તો તેને રોકયા સિવાય રહે નહિ.

અગીતાર્થ શુદ્ધાશુદ્ધને જાણે નહિ અને અજ્ઞાનના કારણે શુદ્ધનો ત્યાગ અને અશુદ્ધનું સેવન કર્યા વગર રહે નહિ.

गीयत्थो विहारो, बीओ तन्नीसीओ भणिओ ।

એક ગીતાર્થ અને બીજો તન્નિશ્રિત, એ બેના વિહારને સંયમ કહ્યો છે, ત્રીજાને નહિ.

卐

# શીલાંગ રથનો ધોરી મુનિ

શીલના ૧૮૦૦૦ અંગ છે.

૩ કરણ-મન, વચન, કાયા. ૫ ઇન્દ્રિય-શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જિહ્વા, સ્પર્શ.
૩ યોગ-કરવું, કરાવવું, અનુમોદવું. ૧૦ પૃથ્વ્યાદિ-૫ સ્થાવર, ૪ ત્રસ, ૧ અજીવ
૪ સંજ્ઞા-આહાર, ભય, મૈથુન, પરિગ્રહ. ૧૦ ક્ષાન્ત્યાદિ દશવિધ યતિધર્મ.

૩ × ૩ = ૯, ૯ × ૪ = ૩૬, ૩૬ × ૫ = ૧૮૦, ૧૮૦ × ૧૦ = ૧૮૦૦, ૧૮૦૦ × ૧૦ = ૧૮૦૦૦

આ રીતે શીલના ૧૮૦૦૦ અંગ થાય છે.

૧૮૦૦૦ શીલાંગ સર્વ સાવદ્ય યોગની વિરતિ કરવાથી હોય છે.

તે વિરતિ તત્ત્વથી એક જ સ્વરૂપ હોય છે. તેમાં વિભાગ પડે નહિ. એક પણ શીલાંગ શુદ્ધ ત્યારે જ હોય કે બીજા બધા શીલાંગોનો સદ્ભાવ હોય એ વાત વિરતિ-ભાવની અપેક્ષાએ છે, બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષાએ નહિ. અપવાદની પ્રવૃત્તિ ભાવ સાધુના ૧૮૦૦૦ શીલાંગરૂપ વિરતિભાવને બાધ કરનારી નથી.

વિરતિ તત્ત્વથી એક છે. પ્રવૃત્તિ ઉત્સર્ગ અપવાદથી ભરેલી હોય છે.

જીવ-રતિની મુખ્યતામાં મન પરોવાતું જાય છે, તેમ તેમ વિરતિનું પરિણામ પુષ્ટ થતું જાય છે.

卐

## સાધુ પુરૂષના લક્ષણ

૧. કૃપા-દુઃખ સહન કરે, અને તે પણ કડવાશ સિવાય, અને દુઃખ દેનાર પ્રતિ વાત્સલ્ય દાખવે.
૨. અદ્રોહ-અપકારની ભાવનાનો ત્યાગ.
૩. તિતિક્ષા-સુખ-દુઃખ, ક્ષુધા, તૃષા, શિત-ઉષ્ણાદિ સહન કરે અને આત્માને ડૂબાડનારા દોષોથી દૂર રહે.
૪. સત્યસારતા-સત્ય વ્યવહાર.
૫. અનવદ્યતા-અસૂયાદિ રહિતતા.
૬. સમતા-શત્રુ-મિત્રાદિમાં સમભાવ, એકસરખો ભાવ.
૭. સર્વોપકારકતા-સર્વના ઉપર ઉપકારની બુદ્ધિ.
૮. ભગવત શરણ્ય-કેવળ ભગવાન અને ભગવાનની આજ્ઞાનો જ આશ્રય.
૯. ધૃતિ-આપત્તિમાં અદીનતા.
૧૦. જિતેન્દ્રિયતા-ઇન્દ્રિયો પર જય.
૧૧. અમાનિતા-સત્કારની અનિચ્છા.
૧૨. માનદત્વ-બીજા ગુણીનો સત્કાર.
૧૩. દમ-ઇન્દ્રિયોનું દમન.
૧૪. શમ-મનની વશતા.
૧૫. સ્થિરતા-ભક્તિમાં નિશ્ચલતા.
૧૬. મુનિતા-તાત્ત્વિક સ્વરૂપનું મનન.
૧૭. કથા શ્રોતૃત્વ-ધર્મકથા સાંભળે.
૧૮. કથા વક્તૃત્વ-ધર્મકથા કહે.
૧૯. સામાન્ય શાસ્ત્રનું જ્ઞાન.
૨૦. વિશેષ શાસ્ત્રનું જ્ઞાન.
૨૧. સામાન્યથી વિહિત પણ વિશેષથી નિષેધનો ત્યાગ.
૨૨. સામાન્યથી નિષિદ્ધ પણ વિશેષથી વિહિતને અંગીકાર કરે.

આવા ગુણ ધારણ કરનાર ગુરુ ભગવંતની ભક્તિ, જીવને દુન્યવી આસક્તિથી છોડાવીને આત્મરતિનો રંગ લગાડે છે.

卐

# ધ્યાન

मोक्षः कर्मक्षयादेव स चात्मज्ञानतोभवेत् ।
ध्यान–साध्यं मतं तच्च तद्ध्यानं हितमात्मनः ॥

મોક્ષ કર્મક્ષયથી જ થાય છે, કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે અને
આત્મજ્ઞાન ધ્યાનથી થાય છે, માટે ધ્યાન એ આત્મા માટે હિતકારક છે.



ધ્યેય તરીકે શ્રી પંચપરમેષ્ઠિનું આલંબન પુષ્ટાલંબન છે,
તે વડે ધ્યાતા સ્વયં ધ્યેયરૂપ બની જાય છે.
પુષ્ટાલંબનનો અર્થ એ છે કે ધ્યાતાને જે સ્વરૂપ પામવું ઇષ્ટ છે,
તે સ્વરૂપને જેઓ સ્વયં પામેલા છે,
તે શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોનું આલંબન લેવું તે.
ધ્યાનનો વિષય અતિ ગંભીર છે,
એથી યોગી પુરુષોને પણ અગમ્ય છે, છતાં ગુરુભક્તિ દ્વારા
તે ધ્યાન માર્ગમાં પણ અતિ ઉચ્ચ કોટિનો વિકાસ સાધી શકાય છે.
એવા ધ્યાનનાં વિષયને પામેલા ધ્યાન યોગી પરમ પૂજ્ય પંન્યાસપ્રવર
શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# ધ્યાન

આલંબન દ્વારા ધ્યાન સૂક્ષ્મ બને છે,
સૂક્ષ્મમાં એકાગ્રતા આવવાથી
નિરાલંબતા પ્રાપ્ત થાય છે
ત્યારે લય અવસ્થા પ્રગટે છે.
લય અવસ્થાને પ્રાપ્ત થયેલો
પરમાત્મ સ્વરૂપમાં તન્મય બની
સ્વ સ્વરૂપને અનુભવે છે,
જે ધ્યાનનું ધ્યેય છે.

આવા ધ્યાન વિષયક માર્ગદર્શન આપતાં અનુપમ પ્રેરક લેખો.


૧ ધ્યાનનું સ્વરૂપ
૨ ધ્યાનનું ધ્યેય
૩ ધ્યાનથી કર્મક્ષયના દૃષ્ટાંત
૪ લેશ્યા
૫ ધર્મધ્યાનમાં દ્વાર
૬ ધ્યાન ચતુષ્ક
૭ વચનાનુષ્ઠાનની સંગતિ
૮ પ્રાણાયામ
૯ સર્વ આગમોનું પરમ રહસ્ય
૧૦ પરમાત્મ ધ્યાનનાં ચાર માધ્યમ
૧૧ સમાપત્તિયોગ
૧૨ ૐ અર્હં મંત્રનું તાત્પર્ય
૧૩ ૐકારનું ધ્યાન
૧૪ નાદ
૧૫ કાયોત્સર્ગનો પ્રભાવ
૧૬ અભય–અદ્વેષ–અખેદ
૧૭ ધ્યેયનું ધ્યાન
૧૮ શ્રી ગૌતમસ્વામીનું ધ્યાન
૧૯ પ્રભુનું ધ્યાન
૨૦ તત્ત્વનાદ
૨૧ મંત્ર
૨૨ મંત્રસિદ્ધિ
૨૩ મંત્રયોગ
૨૪ મૂર્તિ અને મંત્ર
૨૫ મંત્ર–મૂર્તિ અને પૂજા
૨૬ મંત્ર–મૂર્તિ અને આજ્ઞા
૨૭ મૂર્તિ–મંત્ર અને શાસ્ત્ર
૨૮ માતૃકા માહાત્મ્ય
૨૯ મનની માવજત
૩૦ મનવશીકરણ
૩૧ અદ્વેષ, મૈત્રી અને નિર્વિષય મન
૩૨ મનોનિગ્રહ
૩૩ વાસના વિજય
૩૪ અનાહત
૩૫ અધ્યાત્મ યોગ
૩૬ પરમાત્મા સાથે આત્માનો યોગ
૩૭ ઉપાસનાનું ધ્યેય


卐

# ધ્યાનનું સ્વરૂપ

જૈન–પરંપરા માનસિક, વાચિક અને કાયિક–એમ ત્રણ પ્રકારનાં ધ્યાનો દર્શાવે છે. શ્રી બૃહત્ કલ્પસૂત્ર લઘુ ભાષ્યમાં 'ધ્યાન' અને 'ચિંતા' નું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે :

'આત્માના દૃઢ–નિશ્ચળ અધ્યવસાય પરિણામને ધ્યાન કહેવામાં આવે છે અને તે દૃઢ અધ્યવસાયરૂપ અર્થાત્ મનઃ સ્થૈર્યરૂપ સર્વ પ્રકારનું ધ્યાન ચિંતનરૂપ હોવાથી, તેને ચિંતારૂપ પણ કહી શકાય છે.'

આ અપેક્ષાએ ધ્યાન અને ચિંતાનો અભેદ છે, પરંતુ દૃઢ અધ્યવસાય એક અન્ત-મુંહૂર્તથી અધિક નિરંતર રહેતો નથી. તેથી એક ધ્યાનમાંથી બીજા ધ્યાનના મધ્યમાં અદૃઢ અધ્યવસાયરૂપ 'ચિંતા' છે, તેને ધ્યાનાન્તરિકા પણ કહે છે અને જે છૂટી–છૂટી (વિ–પ્રકીર્ણ) ચિત્તની ચેષ્ટા, તેને પણ ચિંતા કહે છે. આવી સામાન્ય ચિત્ત ચેષ્ટા અને ધ્યાનાન્તરરૂપ ચિંતા એ બંને ધ્યાનથી ભિન્ન છે.

## ધ્યાનના ત્રણ ભેદ

દૃઢ અધ્યવસાયરૂપ ધ્યાનના ત્રણ ભેદ છેઃ

૧. **કાયિક ધ્યાન :** કાયાના વ્યાપારથી વ્યાક્ષેપનો ત્યાગ કરી, ઉપયુક્ત થઈ ભાંગા વગેરે ગણવા અથવા કાચબાની જેમ અંગોપાંગ સંકોચી સ્થિર રહેવું તે.

૨. **વાચિક ધ્યાન :** મારે નિર્દોષ ભાષા બોલવી જોઈએ, પણ સાવધ ભાષા ન બોલવી જોઈએ. આ પ્રમાણે વિચારપૂર્વક બોલવું તે; અથવા વિકથાનો ત્યાગ કરી, શાસ્ત્રા-ભ્યાસ–સૂત્ર પરાવર્તન આદિ ઉપયોગપૂર્વક કરવું તે.

૩. **માનસ ધ્યાન :** એક પદાર્થમાં ચિત્તની એકાગ્રતા કરવી તે.

## ધ્યાનાન્તરિકા

દ્રવ્યાદિ એક વસ્તુ વિષયક ધ્યાનને પૂર્ણ કરી જ્યાં સુધી દ્વિતીય વસ્તુ વિષયક ધ્યાનમાં પ્રવેશ ન થાય, ત્યાં સુધી વચગાળામાં જે ચિંતન–વિચાર થાય, જેમ કે હવે કયા વિષયનું ધ્યાન કરું? તે વિચારને ધ્યાનાન્તરિકા કહેવાય છે.

જેમ માર્ગમાં ચાલતો મુસાફર, જ્યાં બે રસ્તા ફંટાતા હોય, ત્યાં થોડી વાર બંને માર્ગની વચમાં ઊભો રહી વિચાર કરે કે–બેમાંથી કયા માર્ગે જાઉં? જેથી મારા ઇષ્ટ સ્થાને પહોંચી શકું. ધ્યાનાન્તરિકામાં પણ આવી સ્થિતિ હોય છે.

આ રીતે એક પદાર્થ કે તેના ગુણના ચિંતનમાં એકાગ્ર બનેલું ચિત્ત એક અંતર્મુહૂર્ત પછી ત્યાંથી ચલિત થાય છે, ત્યારે બીજા પદાર્થ કે તેના ગુણના ચિંતનમાં એકાગ્ર બનાવવા માટે અનિત્યતાદિ કે મૈત્ર્યાદિ ભાવનાઓ વડે ચંચળ થયેલા તે ચિત્તને વાસિત–

ભાવિત બનાવવું પડે છે અને જ્યાં સુધી દૃઢ અધ્યવસાયથી દ્વિતીય ધ્યાનમાં પ્રવેશ ન થાય, ત્યાં સુધીની અવસ્થાને ધ્યાનાન્તર કે ધ્યાનાન્તરિકા કહેવામાં આવે છે.

## સુનિર્મળ ધ્યાનયોગ

વિસ્તીર્ણ એવી દ્વાદશાંગીનો સાર સુનિર્મળ ધ્યાનયોગ છે, એમ શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે. દ્વાદશાંગી એટલે શ્રી જિન પ્રવચન તે સ્વયંભૂરમણ સમુદ્રની જેમ અગાધ છે, તેનો સાર શ્રી નવકાર છે, એમ કહેવાય છે તેનું તાત્પર્ય પણ નિર્મળ ધ્યાનયોગ છે.

શ્રી નવકાર વડે ચિત્તની જે વિશુદ્ધિ થાય છે, તે જ દ્વાદશાંગી વડે થાય છે. અને દ્વાદશાંગી વડે પરિણામની જે વિશુદ્ધિ થાય છે, તે જ શ્રી નવકાર વડે થાય છે. આ કારણે સમર્થ એવા ચૌદ પૂર્વધર પણ અંત સમયે ચૌદ પૂર્વનો સ્વાધ્યાય કરવા અસમર્થ બને ત્યારે ચૌદ પૂર્વના સારરૂપ એક શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં લીન બની જાય છે અને તે દ્વારા ઉત્કૃષ્ટ આત્મ-વિશુદ્ધિ કરે છે.

આત્મ-વિશુદ્ધિનું અનન્ય કારણ નિર્મળ ધ્યાનયોગ છે, પછી તેનું આલંબન ચૌદ પૂર્વ બનો કે તેના સારરૂપ એક શ્રી નવકાર બનો. આ દૃષ્ટિએ શ્રી નવકાર, નવપદ, ચૌદપૂર્વ કે તેમાંનું કોઈ એક પદ પણ સમાન કાર્ય કરે છે. અને તે શુભાસ્રવ, સંવર અને નિર્જરા રૂપ છે.

શ્રી જૈન શાસનમાં મોક્ષનો માર્ગ સંવર અને નિર્જરારૂપ કહ્યો છે. તેનું પ્રધાન સાધન તપ છે અને તપનું પણ પ્રધાન અંગ ધ્યાન છે. * તેથી ધ્યાન એ મોક્ષનો પરમ હેતુ છે.

શ્રી તત્ત્વાર્થ સૂત્રકાર ફરમાવે છે કે તપ વડે સંવર અને નિર્જરા થાય છે,* સંવર વડે અભિનવ કર્મનો આશ્રવ રોકાય છે અને નિર્જરા વડે ચિરંતન કર્મનો ક્ષય થાય છે.

ધ્યાન એ મોક્ષનો હેતુ છે, પણ તે સુવિશુદ્ધિ હોવું જોઈએ. મનશુદ્ધિ રહિત તપ કે ધ્યાનના બળે ક્વચિત્ અભવ્યને પણ નવમા ગ્રૈવેયક પર્યંતની ગતિ સંભવે છે; પણ મોક્ષ-ફળ મળતું નથી. મુક્તિલક્ષી કોઈ પણ અનુષ્ઠાન ચિત્તની શુદ્ધિ માગે છે.

શ્રી નવકાર વડે કે ચૌદ પૂર્વના કોઈ પણ પદના આલંબન વડે ચિત્તશુદ્ધિ અને એકાગ્રતા થતી હોવાથી, તેને નિર્મળ ધ્યાનયોગનું નામ આપી શકાય છે.*

વિશુદ્ધ અને એકાગ્ર એવું ચિત્ત તે જ ઉત્તમ ધ્યાન છે.

મોક્ષદાયક ઉત્તમ ધ્યાનની બે શરત છે: એક તો ચિત્તની વિશુદ્ધિ અને બીજી

---

* ध्यानस्य सर्वेषां तपसामुपरि पाठो मोक्षसाधनेष्वस्य प्राधान्यख्यापनार्थः ।
યોગશાસ્ત્ર, પ્ર. ૪, ટીકા

* तपसा निर्जरा च । તત્ત્વાર્થ સૂત્ર અ. ૯, સૂત્ર ૩

* विशुद्धं च यदेकाग्रं चित्तं तद् ध्यानमुत्तमम् ।
ઉપમિતિભવપ્રપંચા કથા પ્ર. ૮, શ્લોક ૭૨૮

ચિત્તની એકાગ્રતા. વિશુદ્ધિનો હેતુ ભાવના દ્વારા સધાતી 'સમતા' છે અને એકાગ્રતાનો હેતુ અભ્યાસ દ્વારા સધાતી 'સ્થિરતા' છે.

રાગાદિ દોષો આત્મસ્વરૂપને ઢાંકે છે, તેને વૈરાગ્ય–ભાવના વડે દૂર કરી શકાય છે અને રાગ–દ્વેષના હેતુઓમાં પણ માધ્યસ્થ્યભાવરૂપ પરમ ઔદાસીન્ય કેળવી શકાય છે.

## એકાગ્રતા માટે આત્મજ્ઞાન

એકાગ્રતા માટે આત્મજ્ઞાનના પુનઃ પુનઃ અભ્યાસની આવશ્યકતા રહે છે. સ્વ–સંવેદન જ્ઞાન વડે તે અભ્યાસ જ્યારે સ્થિરતાને પ્રાપ્ત કરે છે, ત્યારે આત્મનિશ્ચય દૃઢ થાય છે અને આત્મસ્વરૂપથી ભિન્ન એવા કર્મો ક્ષય પામે છે. એથી મુમુક્ષુ આત્માઓનું પરમ કર્તવ્ય નિર્મળ એવા ધ્યાનયોગનો આશ્રય લેવો તે છે.

પ્રત્યેક કાર્ય તેની સામગ્રી સહિત જ ફળ આપે છે. ધ્યાનરૂપી કાર્યની મુખ્ય સામગ્રી ધ્યાતા, ધ્યેય, ધ્યાન અને તેના ફળની વિચારણા છે. ધ્યાનનો વિષય જ્યારે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો બને છે, ત્યારે ચિત્ત ઉત્કૃષ્ટ વિશુદ્ધિને અનુભવે છે અને એકાગ્રતાનું કાર્ય સરળ બને છે.

ધ્યેય તરીકે શ્રી પંચ પરમેષ્ઠિનું આલંબન 'પુષ્ટાલંબન' છે. તે વડે ધ્યાતા સ્વયં ધ્યેયરૂપ બની જાય છે. પુષ્ટાલંબનનો અર્થ જ એ છે કે ધ્યાતાને જે સ્વરૂપ પામવું ઈષ્ટ છે, તે સ્વરૂપને જેઓ સ્વયં પામેલા છે, તે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું આલંબન, લેવું તે.

ધ્યાનનો વિષય અતિ ગંભીર છે, એથી યોગી પુરુષોને પણ અગમ્ય છે છતાં ગુરુભક્તિ દ્વારા તે ધ્યાન માર્ગમાં પણ અતિ ઉચ્ચ કોટિનો વિકાસ સાધી શકાય છે, શ્રી પંચ પરમેષ્ઠિ આદિ પરમ તત્ત્વોના વિધિયુક્ત ધ્યાન વડે આપણે સૌ આત્મવિકાસ સાધીએ એ જ એક પરમ કર્તવ્ય છે.

卐

# ધ્યાનનું ધ્યેય

મોક્ષ સાધક સર્વ અનુષ્ઠાનોનું ધ્યેય આત્માનો અનુભવ છે, આત્મિક સહજ સમતા સુખનો અનુભવ કરાવવો તે જ છે.

તે સર્વ સાધનાઓમાં આત્માનુભવ કરાવવાનું પ્રધાન સાધન ધ્યાન યોગ છે. કર્મયોગ, ભક્તિયોગ વગેરે ધ્યાન યોગનાં સાધનો છે.

ધ્યાનયોગના અનેક પ્રકારો છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીતઆદિનું જ્ઞાન મેળવી તેનો સતત અભ્યાસ કરવો જોઈએ.

પ્રથમ પિંડસ્થ–પાંચ ધારણાઓ. પછી પદસ્થ મંત્ર–જાપ વગેરે.

પછી રૂપસ્થ–સમવસરણસ્થ જિન પ્રતિમાદિ વગેરે આલંબનો દ્વારા અરિહંતાદિના સ્વરૂપનું ચિંતન કરવું. પછી સ્વાત્માને પણ પરમાત્મ સ્વરૂપે ધ્યાવવો એથી આત્મ-તત્ત્વનો અનુભવ થશે.

શુદ્ધ સંગ્રહ નયે સત્તાથી સર્વ જીવોનું સ્વરૂપ સિદ્ધ સમાન છે, તેથી પરમાત્માના આલંબને વૃત્તિઓની નિર્મળતા અને સ્થિરતા થતાં અનુક્રમે શુદ્ધાત્મસત્તામાં તન્મયતા પ્રાપ્ત થાય છે.

આત્મા–પરમાત્મા કે જીવાત્માનું શુદ્ધ સ્વરૂપ–ચૈતન્ય સ્વરૂપ એકસરખું છે. તેથી પરમાત્મ ધ્યાનમાં તન્મય બનેલો આત્મા પોતાનું પરમાત્મ સ્વરૂપ અનુભવે છે. એ જ 'અનુભવ દશા' છે. એને જ આત્મદર્શન કે આત્માનુભવ કહે છે.

### ધ્યાનનું આલંબન

આલંબન દ્વારા ધ્યાન સૂક્ષ્મ બને છે. સૂક્ષ્મમાં એકાગ્રતા આવવાથી નિરાલંબતા પ્રાપ્ત થાય છે. ત્યારે લય અવસ્થા પ્રગટે છે. લય અવસ્થાને પ્રાપ્ત થયેલો પરમાત્મ સ્વરૂપમાં તન્મય બની, સ્વ–રૂપને અનુભવે છે, જે ધ્યાનનું ધ્યેય છે.

દેહાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ એ બહિરાત્મબુદ્ધિ છે. તેનો ત્યાગ કરવાથી અંતરાત્મા–બુદ્ધિ પ્રગટે છે. તે પછી જ ધ્યેય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન, ધ્યાતા અંતરાત્મા કરી શકે છે.

બહાર જે વસ્તુ નથી તેની ત્યાં જ શોધ કરવાથી લાખો વર્ષે પણ તે મળતી નથી. તેની શોધ તો તે જ્યાં રહેલી છે ત્યાં જવાથી સફળ થાય છે. આ જ વાત બહિરાત્મભાવને લાગુ પાડીને વિચારશું તો આપણને અંતરાત્મભાવ દ્વારા પરમાત્મ-ભાવમાં સ્વાત્માના શુદ્ધ સ્વરૂપનો ભેટો થશે.

卐

## ધ્યાનથી કર્મક્ષયનાં દૃષ્ટાંત

મન એ વિષ સમાન, અગ્નિ સમાન અને જળ સમાન પણ છે. ત્રિલોક વ્યાપી મન એ ઝેર સમાન છે તેને ઠેઠ ડંખમાં લાવીને ઓકાવી દેવાનું કાર્ય, શોક–સંતાપ રૂપી અગ્નિ સમાન મનને ઠારવાનું કાર્ય અને ભવરૂપી ભેજ વધારનારા જળ સમાન મનને શોષવાનું કાર્ય ધ્યાનથી થાય છે.

૧. દેહ વસ્ત્ર આદિ પદાર્થોના મળને જેમ જળ દૂર કરે છે, તેમ ધ્યાન આત્માનાં કર્મમેલને દૂર કરે છે.

૨. જીવરૂપ સુવર્ણમાંથી કર્મકલંકને દૂર કરવા માટે ધ્યાન અગ્નિનું કામ કરે છે.

૩. જીવ પર ચોંટેલ કર્મપંકને શોષવાનું કાર્ય, ધ્યાનરૂપી સૂર્ય વડે થાય છે.

૪. કર્મરોગનું નિવારણ કરવા માટે ધ્યાન ઔષધની ગરજ સારે છે. જેમ ઔષધની પ્રક્રિયામાં લાંઘણ દોષોને પકવે છે, વિરેચન દોષોને દૂર કરે છે. અર્થાત્ પચન, શમન, નિવારણ કરી આરોગ્ય અર્પે છે, તેમ ધ્યાન કર્મરોગોનું નિર્જરણ-સંવરણ કરી ભાવ-આરોગ્ય અર્પે છે.

૫. કર્મરૂપી કાષ્ટ બાળવામાં ધ્યાન અગ્નિ સમાન છે.

૬. ધ્યાનરૂપી અનુકૂળ પવનથી કર્મવાદળ વિખેરાઇ જાય છે. આત્મા શુદ્ધ રૂપથી જ્ઞાન માત્રના સ્વભાવવાળો છે. વસ્તુને માત્ર જોવી-જાણવી એવો સ્વચ્છ સ્વભાવ આત્માનો છે-એ ભાવનાને અંતરમાં સારી રીતે ભાવિત કરવામાં આવે, તો રાગાદિ દોષોનો ક્ષય થાય છે.

૭. ધ્યાનના બળે ઈર્ષ્યા, વિષાદ, શોક આદિ માનસિક તાપ નાશ પામે છે.

૮. ધ્યાનના બળે શારીરિક વેદના વખતે પીડાને બદલે આનંદ અનુભવાય છે.

૯. ધ્યાન વડે મનસંકોચ અને મનોનાશ થાય છે. આખા શરીરે વ્યાપેલું ઝેર મંત્રના બળે ખેંચાઈ-તણાઈને ડંખના ભાગમાં આવી જાય છે અને પછી કાનમાં મંત્ર બોલવાથી ડંખવાળા ભાગમાંથી દૂર કરાય છે, તેમ ધ્યાનના બળે મોહ-વિષને આત્માના પ્રદેશોમાંથી દૂર કરી શકાય છે.

ઘણાં લાકડાથી મોટો અગ્નિ સળગતો હોય, ત્યારે ક્રમશઃ લાકડા ખેંચી લેવામાં આવે, તો અગ્નિ ઓછો થતો જાય અને પછી બાકીના લાકડા પણ ખેંચી લેવામાં આવે, તો અગ્નિ શાંત થઈ જાય છે, તેમ મોહની સામગ્રી ઘટે છે કે ઘટાડવામાં આવે છે, તો મોહ આસ્તે-આસ્તે નિર્મૂળ થઈ જાય છે.

કાચી માટીના ઘડામાં ભરેલું પાણી ધીમે ધીમે ઝરીને ક્રમશઃ ઓછું થતું જાય છે, તેમ અપ્રમાદના બળે કર્મ-શરીર, કાચી માટીના ઘડા જેવું પોચું (ઢીલું) બની જાય છે; તેમાં ધ્યાનરૂપી જળ ભરવાથી તેનો નાશ થઈ જાય છે. યોગીઓનું મન પાણીની જેમ દ્રવણશીલ હોય છે.

ધ્યાન એ સકળ ગુણોનું સ્થાન છે. દષ્ટ-અદષ્ટ સુખોનું નિધાન છે, અત્યંત પ્રશસ્ત છે; તેથી સર્વ કાળ શ્રદ્ધેય, જ્ઞેય અને ધ્યેય છે.

ધ્યાનનાં ફળ :- શુભાશ્રવ, સંવર, વિપુલ નિર્જરા, સદ્ગતિનાં સુખ અને તેનાં અનુબંધવિશેષો છે, પરંપરા એ મુક્તિ છે.

卐

# લેશ્યા

લેશ્યા છ પ્રકારની છે : ૧. કૃષ્ણ, ૨. નીલ, ૩. કાપોત, ૪. પીત, ૫. પદ્મ, ૬. શુક્લ.

૧ થી ૪ ગુણસ્થાનકે કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા હોય છે.

૫ થી ૭ ગુણસ્થાનકે પીત, પદ્મ લેશ્યા હોય છે.

૮ થી ૧૩ ગુણસ્થાનકે શુક્લ લેશ્યા હોય છે.

૧. **કૃષ્ણ લેશ્યાવાળો** :- રૌદ્ર સ્વભાવી, ક્રૂરપ્રકૃતિવાળો, ક્રોધી, ધર્મભાવના રહિત અને દયાહીન હોય છે.

૨. **નીલ લેશ્યાવાળો** :- આળસુ, મંદબુદ્ધિવાળો, વિષયલંપટ, બીજાને હાનિ પહોંચાડવામાં સાવધાન, નિદ્રાખોર, માની અને પ્રપંચી હોય છે.

૩. **કાપોત લેશ્યાવાળો** :- શોકગ્રસ્ત, ઉદાસ, ચીડિયો, અવિશ્વાસી, સંશયી અને પરનિંદામાં પ્રવીણ હોય છે.

૪. **પીત લેશ્યાવાળો** :- વિદ્વાન, કરુણાવાન, વિચારજ્ઞ, પ્રીતિવાન, ધર્મવાન હોય છે.

૫. **પદ્મ લેશ્યાવાળો** :- ક્ષમાવાન, વૈરાગ્યવાન, ત્યાગવૃત્તિવાળો, સદાનંદી, પરોપકારી અને દેવ-ગુરુ ધર્મનો આરાધક હોય છે.

૬. **શુક્લ લેશ્યાવાળો** :- રાગ-દ્વેષરહિત, શોક-નિંદા મુક્ત, ગુણગ્રાહી આત્મનિષ્ઠ ધર્મારાધક હોય છે.

પ્રથમ ત્રણ લેશ્યા દુર્ગતિદાયક છે, છેલ્લી ત્રણ લેશ્યા સદ્‌ગતિદાયક છે. ક્રૂર કૃત્યથી માંડી મોક્ષપ્રાપ્તિ પર્યંત કાર્ય કરવાવાળા મનુષ્યોની કૃતિના વર્ણ બતાવેલા છે. પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષય છે. તેમાં ચક્ષુઇન્દ્રિયના ૫ વિષય છે. ૧ શ્યામ, ૨ નીલ, ૩ પીત, ૪ રક્ત અને ૫ શ્વેત. લેશ્યાઓના રંગની સાથે વિષયોનાં રંગ પણ બદલાય છે.

પાંચ પરમેષ્ઠિઓના પણ પાંચ વર્ણ છે. શરીરમાં પૃથ્વી આદિ તત્ત્વોના પાંચ વર્ણ છે. છ લેશ્યાઓમાં પણ પાંચ વર્ણ છે. પાંચ આંગળીઓમાં પાંચ વર્ણ નીચે મુજબ છે : અંગુઠો-શ્યામવર્ણ, તર્જની-પીતવર્ણ, મધ્યમા-શ્વેતવર્ણ, અનામિકા-નીલવર્ણ, કનિષ્ઠિકા-રક્તવર્ણ.

આંગળીઓમાં પાંચ વર્ણના પાંચ તત્ત્વ નીચે મુજબ છે :

અંગુઠામાં આકાશ તેનો શ્યામવર્ણ, તર્જનીમાં પૃથ્વી તત્ત્વ તેનો પીતવર્ણ, મધ્યમામાં જળતત્ત્વ તેનો શ્વેતવર્ણ, અનામિકામાં વાયુતત્ત્વ તેનો નીલવર્ણ, કનિષ્ઠામાં અગ્નિતત્ત્વ તેનો રક્તવર્ણ છે.

શ્યામવર્ણનો કડવોરસ, નીલવર્ણનો તીખોરસ, પીતવર્ણનો ખાટોરસ, લાલવર્ણનો કષાયેલો રસ અને શ્વેતવર્ણનો અગમ્યરસ સ્વસંવેદ્ય છે.

પંચ પરમેષ્ઠિ મંડલ આલેખનમાં પણ પાંચ વર્ણ હોય છે. પંચ પરમેષ્ઠિ પૂજનમાં પાંચ ધ્વજાઓના પાંચ વર્ણ છે.

પંચ પરમેષ્ઠિની આરાધના માટે આયંબિલ તપમાં પાંચ વર્ણનાં ધાન્ય લેવાય છે.

પાંચ વર્ણની માળાઓ, પાંચ વર્ણના આસનો, પાંચ વર્ણના વસ્ત્રો વગેરે પણ વિવિધ ભગવંતોની આરાધનામાં વપરાય છે.

### લેશ્યા—ધ્યાન

તાત્પર્ય કે **વર્ણનો સંબંધ ધ્યાનની સાથે છે, ધ્યાનનો સંબંધ આત્માની સાથે** છે. ધ્યાન કરવાના વિવિધ પ્રકારોમાં વર્ણની પ્રધાનતા શાથી છે ? તે હવે લક્ષ્યમાં આવશે.

આત્મગુણ રમણતામાં ઓતપ્રોત થવા માટે પોતાના શરીરની, પ્રકૃતિની, લેશ્યાની સ્થિતિ ધ્યાનમાં રહેવી જોઈએ.

ધ્યાન કરતી વખતે કમળની કેસરા શ્યામવર્ણની દેખાય, તો સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રારંભ થયો સમજવો. કમળની પાંખડીઓ તેજોમય લાલવર્ણની દેખાય, તો સિદ્ધિ પ્રાપ્તિનો મધ્યભાગ સમજવો. સ્ફટિક જેવો શ્વેતવર્ણ દેખાય, તો આત્મદર્શન થઈ ગયું છે એવો અનુભવ થાય.

ધ્યાન કરવા માટે આસન સ્થિર કરીને બેસવું, નેત્ર બંધ કરવાં, ત્યાર બાદ શ્યામ ઘટા જેવો અંધકાર દેખાશે, પછી શ્યામતા મટી નીલવર્ણનો આભાસ થશે, પછી તે મટી પીળો, પછી લાલ વર્ણ દેખાશે. જ્યારે વર્ણ સિદ્ધ થઈ જશે ત્યારે શ્વેતવર્ણનો પ્રકાશ દેખાશે.

પહેલા ચાર વર્ણ પ્રયત્નથી અને છેલ્લે શ્વેતવર્ણ કુદરતી રીતે દેખાય ત્યારે સમજવું કે આત્મદર્શન સિદ્ધ થયું છે.

### લેશ્યા—ગુણસ્થાનક

छसु सव्वा तेचतिगं इगि छसु सुक्का अजोगि अलेसा ।
बंधस्स मिच्छ अविरइ, कसाय जोगत्ति चउ हेऊ ॥

પહેલા છ ગુણસ્થાનકોમાં છ એ લેશ્યા, ૭ મામાં તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા, ત્યાંથી ૧૩ મા ગુણસ્થાનક સુધી કેવળ શુક્લલેશ્યા હોય છે. ૧૪ મા ગુણસ્થાનકે લેશ્યા હોતી નથી. અલેશીપણું હોય છે. આ રીતે લેશ્યા અને ગુણસ્થાનકોને સંબંધ છે. પ્રથમની ત્રણ લેશ્યાઓ નષ્ટ ન થાય ત્યાં સુધી આગળ વધવાનો અવકાશ નથી.

પ્રત્યેક વર્ણ પર વિજય પ્રાપ્ત થવાથી છેલ્લે સ્ફટિક જેવો શુદ્ધ પદાર્થ રહે છે. આત્મદર્શન થયા પછી તે પ્રકાશ સ્થિર રહે છે. **આત્મદર્શનની સાથે તદ્રૂપ આત્મ સ્વરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ ગુણ પણ સ્થિર રહે છે.**

ધ્યાનમાં તદ્રુપ થવાથી આત્માને અનાહત सोऽहं सोऽहं નો લય લાગે છે, સમગ્ર વલણ ઉપર તેનું ચલણ સ્થપાય છે અને સંસારદશાનો નાશ થઈ મુક્ત દશા પ્રાપ્ત

થાય છે. એ માટે વર્ણવાર વ્યવસ્થા અને વર્ણોની યોજનાને સમજવાની તેમ જ સમજીને તેનો ઉપયોગ કરવાની જરૂર છે.

લેશ્યાનું સ્વરૂપ સમજ્યા પછી તેના વર્ણ, સ્વાદ આદિનું સ્વરૂપ બરાબર સમજી લઈ, રંગ, રૂપ, આકાર, સ્વાદ રહિત પરમ શુદ્ધ જે દશા છે, તેને પામવાના લક્ષ્ય સાથે શ્રી પંચપરમેષ્ઠિની વિધિ બહુમાનપૂર્વક આરાધના કરવાથી પરમ ઇષ્ટ પદે પહોંચી શકાય છે.

卐

# ધર્મધ્યાનનાં દ્વાર

ધર્મધ્યાન કરવાની અમુક મર્યાદાઓ છે. તે સંબંધી બાર દ્વારો નીચે મુજબ છે :

૧. ભાવના દ્વાર :–દર્શન-જ્ઞાન-ચારિત્ર અને વૈરાગ્ય જોઈએ. ૨. પ્રદેશ :–એકાંત અને સાધના યોગ્ય ભૂમિ જોઇએ. ૩. આસન :–શરીરનું અવસ્થાન સુખાકારી જોઈએ. ૪. કાળ :–સંધ્યાકાળ. ૫. આલંબન :–વાચના, પૃચ્છના, પરાવર્તના અને આવશ્યક આદિ જોઇએ. ૬. ક્રમ :–શરીર, વાણી અને મનોગુપ્તિ. ૭ ધ્યાતવ્ય-ધ્યેય :–अर्हं ॐકારાદિ. ૮. ધ્યાતા :–અપ્રમાદી, નિર્મોહી, જ્ઞાની. ૯. અનુપ્રેક્ષા :–સ્વાધ્યાય, ધ્યાન. ૧૦. લેશ્યા :– તેજો, પદ્મ અને શુક્લ. ૧૧. લિંગ :–આજ્ઞા-રુચિ આદિ. ૧૨. ફળ :–આત્મજ્ઞાન, શુદ્ધાત્માનો સાક્ષાત્કાર.

દ્વારમાં થઈને દહેરાસરમાં દાખલ થઈ શકાય છે, તે આ બાર દ્વાર વાટે 'ધર્મ-ભવનમાં' દાખલ થવાય છે. આ પ્રત્યેક દ્વાર સર્વ મંગળકારી ધર્મનું દ્વાર છે. તેની સાથે આંતર-બાહ્ય રીતે આત્માને જોડવો તે આરાધકનું કર્તવ્ય છે. અધર્મના ધ્યાનથી છૂટવા માટે આ પ્રત્યેક દ્વાર સબળ સહાયક પુરવાર થાય છે. તેથી તેની સાથેનો સંબંધ ગાઢ કરવો તે હિતાવહ છે.

## ધર્મધ્યાનની સ્થિરતા માટે

ચાર ભાવના અને ચાર શરણ વડે ધર્મધ્યાન સ્થિર થાય છે.

ધર્મધ્યાન, ભાવનાઓ દ્વારા ગુણસમૃદ્ધ બને છે અને શરણો તેમાં સ્થિરતા લાવે છે.

**પહેલું શરણ** :–શ્રી અરિહંતનું : શ્રી અરિહંતનું શરણ ગ્રહણ કરવાથી, ચાર ઘાતી કર્મોથી રહિત આત્માવસ્થા હાંસલ કરવાની દિશામાં આગળ વધી શકાય છે.

**બીજું શરણ** :–શ્રી સિદ્ધ પરમાત્માનું : શ્રી સિદ્ધ પરમાત્માના શરણે જવાથી ચાર ઘાતી અને ચાર અઘાતી એમ કુલ આઠેય પ્રકારના કર્મોથી રહિત થવા માટે આત્મવીર્ય સ્ફુરાયમાન થાય છે.

**ત્રીજું શરણ** :–શ્રી સાધુ ભગવંતનું : સાધુ ભગવંતનું શરણું સ્વીકારવાથી પાંચ પ્રકારનાં આશ્રવથી રહિત થવાની યોગ્યતા ખીલવી શકાય છે.

ચોથું શરણુ:—કેવળી પ્રરૂપિત ધર્મનું : ધર્મનું શરણું એટલે અઢાર પાપ સ્થાનકોથી રહિત, પરમ વિશુદ્ધ અને સચરાચર વ્યાપી શબ્દાતીત શક્તિનું શરણું.

જે જેના શરણે જાય તે તેના જેવો થાય....! જેવો સંગ તેવો રંગ...!' જેવી સોબત તેવી અસર, એ ન્યાય અહીં કામ કરે છે.

આ ચાર શરણને મંગલના મહાકેન્દ્ર કહ્યાં છે અને મૈત્રી આદિ ચાર ભાવનાઓ તેમાં જરૂરી સહાય પૂરી પાડે છે.

卐

## ધ્યાન—ચતુષ્ક

૧. ધર્મધ્યાનના ચાર ભેદ છે: આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન. ધર્મધ્યાનના ચાર આલંબન છે: વાચના, પૃચ્છના, પરિવર્તના અને ધર્મકથા. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે: એકત્વ, અનિત્ય, અશરણ અને સંસાર. ધર્મધ્યાનના ચાર લક્ષણ છે: આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ અને ઉપદેશરુચિ. (શ્રી ઉવવાઈ સૂત્ર)

૨. (अ) આર્તધ્યાનના ચાર પાયા છે: ૧. મનોજ્ઞ વસ્તુની અભિલાષા, ૨. અમનોજ્ઞ વસ્તુના વિયોગની ઇચ્છા, ૩. રોગાદિ અનિષ્ટોના વિયોગની ઈચ્છા અને ૪. પરભવના સુખ માટે નિદાન કરવું તે.

(ब) આર્તધ્યાનનાં ચાર લક્ષણ છે: ૧. ચિંતા–શોક કરે, ૨. અશ્રુપાત કરે, ૩. આક્રંદ–વિલાપ–શબ્દ કરીને રોવે, ૪. છાતી–માથું કૂટીને રોવે.

૩. (अ) રૌદ્રધ્યાનનાં ચાર પાયા છે: ૧. હિંસા, ૨. જૂઠ, ૩. ચોરી, ૪. પરિગ્રહમા આનંદ માનવો.

(ब) રૌદ્રધ્યાનનાં ચાર લક્ષણ છે. ૧: થોડા અપરાધ પર ઘણો ગુસ્સો, ૨. ઘણા અપરાધ પર અમર્યાદ ગુસ્સો, ૩. દ્વેષ રાખવો, ૪. જીવે ત્યાં સુધી દ્વેષ રાખવો.

૪. શુક્લધ્યાનના ચાર પાયા છે: ૧. દ્રવ્યમાં અનેક પર્યાયનો વિચાર, ૨. અનેક પર્યાયોમાં એક દ્રવ્યનો વિચાર, ૩. યોગ–નિરોધ, ૪. સૂક્ષ્મક્રિયા નિરોધ.

૫. શુક્લધ્યાનનાં ચાર લક્ષણ છે: ૧. દેવાદિ ઉપસર્ગથી ચલિત ન થાય, ૨. સૂક્ષ્મભાવમાં સંદેહ ન કરે, ૩. શરીર અને આત્માને ભિન્ન ચિંતવે, ૪. પરપુદ્ગલનો ત્યાગ કરે.

૬. શુક્લધ્યાનનાં ચાર આલંબન છે: ૧. ક્ષમા, ૨. નિર્લોભતા, ૩. નિષ્કપટતા, ૪. નિર્માનતા.

卐

## વચનાનુષ્ઠાનની સંગતિ

વિધિ-નિષેધરૂપ વચનાનુષ્ઠાનમાં એકાંત ન હોવા છતાં તેમાં મુખ્ય પ્રવર્તકનું ધ્યાન તો એકાંતે અનુસ્યૂત છે. અને એ ધ્યાન જ કર્મક્ષયનું મુખ્ય સાધન બને છે.

अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन्, नियमात् सर्वार्थसंसिद्धिः ॥

મોક્ષનું અનંત સાધન આત્મજ્ઞાન છે. તેનું સાધન પરમાત્મ-ધ્યાન છે. અને તેમાં આલંબન વચનાનુષ્ઠાન છે.

સર્વત્ર મુખ્ય પ્રવર્તક પરમ ગુરુ શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન સતત ચાલુ રખાવવું એ વચનાનુષ્ઠાનનો મહિમા છે. એ ધ્યાન જ આત્મજ્ઞાનનું કારણ બનીને કર્મક્ષય કરાવનાર થાય છે.

પોતાની ભૂમિકાને અનુરૂપ દ્વાદશાંગીનો સ્વાધ્યાય હોય કે માત્ર શ્રી નવકારનું ધ્યાન હોય, પણ બંને વડે શુભ પરિણામની પ્રાપ્તિ દ્વારા કર્મક્ષય થાય છે. તેમાં પ્રધાન કારણ, તે દ્વારા થતું શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન જ છે. એમ વચનાનુષ્ઠાનની વ્યાખ્યા દ્વારા સમજી શકાય છે.

એ વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ માટે પ્રીતિભક્તિ અનુષ્ઠાન પણ ઉપયોગી હોવાથી તેનો આદર કરવાનો હોય છે.

પ્રીતિરૂપે, ભક્તિરૂપે કે વચનરૂપે નાનું કે મોટું કોઈ પણ અનુષ્ઠાન, સાક્ષાત્ કે પરંપરાએ અસંગાનુષ્ઠાનનું કારણ બનીને મોક્ષસાધક થાય છે. કહ્યું છે કે,

'मोक्षः कर्मक्षयादेव, स चात्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तच्च तद्ध्यानं हितमात्मनः ॥'

卐

## પ્રાણાયામ

પ્રાણાયામ બે પ્રકાર છે. દ્રવ્ય પ્રાણાયામ અને ભાવ પ્રાણાયામ.

દ્રવ્ય પ્રાણાયામમાં પવનનો નિરોધ હોય છે.

ભાવ પ્રાણાયામમાં માનસિક અશુદ્ધ વિકલ્પોનો નિરોધ હોય છે.

દ્રવ્ય પ્રાણાયામની સાધનાથી વાત, પિત્ત અને કફ એ ત્રણે પ્રકારના દોષ નાશ પામે છે.

ભાવ પ્રાણાયામથી મિથ્યાત્વ મંદ થતાં, વિષય-કષાય નાશ પામે છે.

એ રીતે બંને પ્રકારના પ્રાણાયામથી બાહ્ય તેમ જ અંતરંગ બધા દોષો શમે છે. કાન્તિ, પુષ્ટિ અને ધૈર્ય વગેરેની વૃદ્ધિ થાય છે તથા સાધક અકલુષિત મનવાળો થાય છે. મનની તે અકલુષિતતા ઔદાસિન્ય-માધ્યસ્થ્યના સેવનથી વૃદ્ધિ પામે છે. સાધક પ્રમાદ

રહિત થઈને એકાંતનું સેવન કરતો થાય છે. એનાથી ધર્મરુચિ વધે છે. બાહ્ય મળરૂપ શારીરિક રોગો નાશ પામે છે, અંતરંગ મળરૂપ અશુદ્ધ ધ્યાનાદિ ટળે છે. એ રીતે સાધક શુભ અધ્યવસાયવાળો થાય છે.

આવો સાધક જો હૃદય–કમળમાં ગુરુગમપૂર્વક, પાંચ વાયુના પાંચ બીજની સ્થાપના ધારણ કરે, તો કાળ ક્રમે તે પાંચે વાયુઓનું સમ્યગ્ ગ્રહણ–ઉત્થાન થાય છે. તેથી અનાહત નાદ પ્રગટે છે.

જેમાં કુંભક ન હોય, તેને પ્રાણાયામ નહિ, પણ વ્યાયામ ગણાય છે.

卐

# સર્વ આગમોનું પરમ રહસ્ય

શાસ્ત્રોક્ત સર્વ અનુષ્ઠાનો આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં તન્મય બન્યા વિના પ્રાપ્ત થઈ શકતાં નથી.

શ્રી અરિહંત પરમાત્માના નામ–સ્મરણ, મૂર્તિ–દર્શન, ગુણચિંતનાદિ દ્વારા અને અસંયમ–ત્યાગ અને સંયમ–સેવનરૂપ તેમની આજ્ઞાના પાલન દ્વારા તેમના ધ્યાનમાં એકાગ્ર બનવાથી પ્રગટે છે. અનુક્રમે તેમના ધ્યાનમાં લયલીન બની આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો એ જ સર્વ આગમોનું પરમ રહસ્ય છે. કહ્યું છે કે–

'યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે,
એહ તણે અવલંબને આતમ ધ્યાન પ્રમાણો રે.'

શ્રી જિનેશ્વર દેવોએ મોક્ષસાધક યોગના અસંખ્ય પ્રકારો બતાવ્યા છે. તેમાં શ્રી અરિહંતાદિ નવપદોનું આલંબન મુખ્ય છે.

નવપદોના આલંબનથી આત્માનું ધ્યાન પ્રગટે છે અને આત્મધ્યાન, એ જ અંતે પ્રમાણભૂત છે. કેમ કે આત્મધ્યાન વિના મુક્તિ સુખ મેળવી શકાતું નથી.

આત્મધ્યાન માટે પરમાત્મધ્યાન, પરમાત્મ–ધ્યાન માટે નામ–સ્મરણ, મૂર્તિદર્શન ગુણચિંતનાદિ સાધનો છે. અને તે માટે આશ્રવના ત્યાગરૂપ અને સંયમના સેવનરૂપ આજ્ઞાનું પાલન છે. આજ્ઞા પાલનથી ચિત્તની નિર્મળતા, ગુણચિંતન વડે ચિત્તની સ્થિરતા અને નામસ્મરણાદિ વડે તન્મયતા પ્રાપ્ત થઈ શકે છે.

તન્મયતા એ જ સમાપત્તિ છે.

આ સર્વાગમ રહસ્યને સમજી સ્વીકારી આત્મભૂખ જગાડવી તેમાં જ દેવદુર્લભ માનવભવની સાર્થકતા છે. અન્ય ગતિઓમાં આ યોગ દુર્લભ છે.

卐

# પરમાત્મધ્યાનનાં ચાર માધ્યમ

नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥१॥

પોતાના નામ, આકૃતિ દ્રવ્ય અને ભાવ દ્વારા જે અરિહંત પરમાત્માઓ સમગ્ર વિશ્વમાં, સર્વ કાળે જગતના જીવોને પવિત્ર બનાવે છે તે શ્રી અરિહંતોની અમે ભાવપૂર્વક ઉપાસના કરીએ છીએ.

નામજિન-સ્થાપનાજિન-દ્રવ્યજિન અને ભાવજિનના ભેદથી શ્રી અરિહંત ચાર પ્રકારના હોય છે :

૧. નામજિન : જિનેશ્વર પરમાત્માનું નામ જેમ કે શ્રી પાર્શ્વનાથપ્રભુ, શ્રી વર્ધમાનસ્વામી વગેરે.

૨. સ્થાપનાજિન : શ્રી જિનેશ્વર પરમાત્માની મૂર્તિ.

૩. દ્રવ્યજિન : શ્રી જિનેશ્વરપદને પામનાર જીવો જેમ કે ભવિષ્યમાં તીર્થંકર પરમાત્મ થનારા શ્રી કૃષ્ણ વાસુદેવ, શ્રી શ્રેણિક મહારાજા વગેરે અને શ્રી ઋષભાદિક ચોવીસ શ્રી તીર્થંકર ભગવંતો વગેરે. જેઓ જિનપદ પામીને અત્યારે સિદ્ધ થયેલા છે. તે બધા દ્રવ્યજિન છે.

૪. ભાવજિન : સમવસરણમાં બિરાજમાન થઇને પોતાની નિર્મળ વાણી વડે ભવ્ય જીવોના સંદેહ દૂર કરી રહ્યા છે, શ્રી સીમંધરસ્વામી આદિ વિહરમાન જિનેશ્વરો.

સમવસરણમાં સ્થિત શ્રી જિનેશ્વર ભગવંતો ભાવ નિક્ષેપ વડે જેમ ત્રણ જગતના જીવોને પવિત્ર કરી રહ્યા છે, તેમ તેમના નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ અને પૂર્વોત્તર અવસ્થારૂપ દ્રવ્ય-નિક્ષેપની ઉપાસના દ્વારા પણ ભવ્ય જીવો પરમ વિશુદ્ધ ભાવ ઉત્પન્ન કરી આત્માને નિર્મળ બનાવી શકે છે.

વર્તમાન કાળમાં આપણા ભરતક્ષેત્રમાં ભાવ જિનેશ્વરદેવનો વિરહ હોવા છતાં તેમનાં નામ, આકૃતિ અને દ્રવ્યની ઉપાસના દ્વારા તેમના સાક્ષાત્ સ્વરૂપની ઉપાસનાથી જેવી નિર્મળતા અનુભવી શકીએ, તેવી જ નિર્મળતાનો અનુભવ કરી શકાય છે.

શ્રી જ્ઞાનવિમળસૂરિકૃત ચૈત્યવંદનમાં એક સ્થળે ફરમાવ્યું છે કે—

'નામે તો જગમાં રહ્યા, સ્થાપના પણ તિમહી,
દ્રવ્યે ભવમાંહી વસે, પણ ન કળે કિમહી ॥ ૧ ॥

ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવનમાં ત્રિકાલે,
તે પારગને વંદીએ, ત્રિહું યોગે સ્વભાવે ॥ ૨ ॥

નામરૂપે અને સ્થાપનારૂપે પરમાત્મા સર્વદા વિદ્યમાન છે, દ્રવ્યરૂપે પણ તેઓ વિશ્વમાં વિદ્યમાન છતાં ઓળખાતા નથી, ભાવરૂપે તો અર્થાત્ અરિહંતપણે તો પરમાત્મા જગતમાં ત્રણે કાળમાં વિદ્યમાન હોય છે.

સર્વ શ્રી તીર્થંકર ભગવંતોમાં આયુષ્ય, શરીરમાન વગેરેનો ભેદ છતાં આર્હન્ત્ય સમાન ભાવે રહેલું છે, તે અપેક્ષાએ સર્વ અરિહંતોની એકરૂપતા છે. એવા પરબ્રહ્મ પરમાત્માને ત્રિકરણ યોગની શુદ્ધિપૂર્વક ભાલસ્થળે બે હાથ જોડીને નમસ્કાર કરીએ.

## નામ–અરિહંત દ્વારા પ્રભુની ઉપાસના

શાસ્ત્રોમાં પ્રભુના નામનો અચિન્ત્ય મહિમા વર્ણવેલો છે. સર્વ આસ્તિક દર્શનકારો પોતપોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરીને પોતાના જીવને ધન્ય અને કૃતાર્થ બનાવે છે. નામસ્મરણ એ પ્રભુના ધ્યાનનો સરળમાં સરળ ઉપાય હોવાથી બાળ–વૃદ્ધ સહુને તે એકસરખું ઉપકારક થાય છે.

જૈનદર્શનમાં શ્રી નમસ્કાર મહામંત્રનો અચિંત્ય મહિમા વર્ણવેલો છે, તે નામસ્મરણનો જ મહિમા સમજવો. જૈન ધર્મમાં જન્મેલાને સૌ પ્રથમ શિક્ષણ શ્રી નમસ્કાર મહામંત્રનું જ આપવામાં આવે છે. અને પ્રત્યેક ધર્મક્રિયાના પ્રારંભમાં તેને ગણવાનું વિધાન છે, તે નામનિક્ષેપ વડે થતી એક પ્રકારની પ્રભુની ઉપાસના જ છે.

શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે તે દ્વાદશાંગનો સાર છે, ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે. સર્વ પાપોનો સમૂળ નાશ કરનાર છે, સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે, તેમ જ સ્વર્ગ અને અપવર્ગનાં સુખોનું તે મૂળ મંગળ છે. વિધિપૂર્વકની એ મહામંત્રની આરાધના શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિ કરાવે છે. એ બધો પ્રતાપ નામનિક્ષેપ વડે થતી પ્રભુની આરાધનાનો છે.

શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રમાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી ફરમાવે છે કે

'आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते, नामापि पाति भवतो भवतो जगन्ति ।'

હે પ્રભો ! તારા ગુણ–સ્તવનનો મહિમા તો અચિંત્ય છે જ, પરંતુ તારું નામસ્મરણ પણ ભવ્ય જીવોને સંસારના ભયથી રક્ષણ કરે છે.

શ્રી ભક્તામર સ્તોત્રમાં શ્રી માનતુંગસૂરિજી ફરમાવે છે કે–

'त्वन्नाममंत्रमनिशं मनुजाः स्मरन्तः सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ।

તારા નામરૂપી મંત્રનું સ્મરણ કરનારા જીવો શીઘ્રપણે સ્વયમેવ બંધનના ભયથી મુક્ત થાય છે.

શ્રી અરિહંત પરમાત્માનું નામ એ તેમનો મંત્રાત્મક દેહ છે. મોક્ષગમન સમયે સર્વ શ્રી અરિહંતો વિશ્વના જીવોના ઉદ્ધાર માટે પોતાનું મંત્રાત્મક શરીર આ જગતમાં મૂકતા જાય છે કે જે વડે તેમની ગેરહાજરીમાં પણ સાધક તેનું આલંબન લઈને, સર્વ પાપોનો ક્ષય કરી મુક્તિપદને મેળવી શકે અર્થાત્ ભાવ અરિહંતરૂપ સ્વ આત્મ-સ્વરૂપનાં દર્શન કરી સકળ કર્મથી મુક્ત થઈ શકે.

નામ અરિહંત એ અક્ષરાત્મક છે. અક્ષર એ મંત્ર સ્વરૂપ છે. મંત્ર માત્ર, તત્ત્વથી નાદ સ્વરૂપ છે. જ્યારે 'અર્હં' આદિ મંત્ર નાદરૂપે પરિણમે છે, ત્યારે આ દેહમાં જ પરમાનંદનો અનુભવ થાય છે.

આ પ્રમાણે એ મંત્રપ્રયોગની સાધના એ પણ નામઅરિહંતની જ આરાધના છે.

'અર્હં' આદિ મંત્રના ધ્યાનમાં એકાકાર બનવાથી શ્રી અરિહંત પરમાત્મા સાથે એકાકારતા સધાય છે.

'અરિહંત' એ શબ્દ શ્રી અરિહંત પરમાત્માનો વાચક હોવાથી કથંચિત્ અરિહંત સ્વરૂપ છે. તેથી શ્રી અરિહંતના ધ્યાનમાં તન્મય બનેલો સાધક પણ ઉપયોગથી અરિહંત બને છે અને અરિહંતાકાર ઉપયોગ, સર્વ પાપનો નાશ કરવા સમર્થ છે.

અન્ય સ્થળે વાણીના ચાર પ્રકાર બતાવ્યા છે: ૧. વૈખરી, ૨. મધ્યમા, ૩. પશ્યન્તી અને ૪. પરા. આ ચારે પ્રકારની વાણી, ઉત્તરોત્તર અધિક ફળવતી છે.

૧. વૈખરી વાણી તે મુખગતા છે: પરમાત્માના નામનો ભાષ્ય જાપ તેમ જ સ્તુતિ, સ્તોત્ર વગેરે સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક બોલવામાં આવે, તે વૈખરી વાણી છે.

૨. મધ્યમા વાણી તે કંઠગતા છે: તેના વડે ઉપાંશુ જાપ થાય છે. ઉપાંશુ એટલે એટલે જેમાં માત્ર હોઠ અને જિહ્વા જ ચાલતા હોય તે.

આ જાપ વખતે મંત્રના અક્ષરોનો ધ્વનિ, સાધક પોતે જ સાંભળી શકે છે. પાસે બેઠેલી વ્યક્તિને પણ તે સંભળાય નહિ, એવી રીતે તે જાપ કરવાનો હોય છે.

૩. પશ્યન્તી વાણી હૃદયગતા છે: માનસજાપ તથા કાયોત્સર્ગાદિ વખતે આ હૃદયગતા પશ્યન્તી વાણીનો ઉપયોગ થાય છે.

૪. પરા વાણી નાભિગતા છે: આ વાણી વડે જ્યારે જાપ થાય છે, ત્યારે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન ત્રણેયની એકતા સધાય છે. અર્થાત્ ધ્યાતા પોતાના આત્માને ધ્યેયસ્વરૂપે નિહાળે છે.

આ રીતે નામનિક્ષેપ વડે થતું શ્રી અરિહંતનું ધ્યાન, સ્મરણ, ચિંતન આદિ કર્મક્ષયનું અસાધારણ કારણ બને છે.

## સ્થાપના-નિક્ષેપે શ્રી અરિહંતની ભક્તિ

નામની જેમ આકૃતિ પણ વસ્તુનો જ પર્યાય હોવાથી વસ્તુમાં જ રહે છે.

શ્રી અરિહંત પરમાત્માની શાન્ત રસમયી મનોહર મૂર્તિ પણ શ્રી અરિહંત સ્વ-રૂપે છે અને એમના અનંત ગુણોનો જ સાક્ષાત્કાર કરાવે છે. વીતરાગના અનંત ગુણો અરૂપી હોવા છતાં મૂર્તિ દ્વારા તે મૂર્ત થાય છે.

જ્ઞાન અરૂપી હોવા છતાં જેમ રૂપી અક્ષરો દ્વારા વ્યક્ત થાય છે, તેમ શ્રી જિન-પ્રતિમાદ્વારા, શ્રી જિનેશ્વરદેવમાં રહેલા વીતરાગતાદિ ગુણો અભિવ્યક્ત થાય છે. તે કારણે શ્રી જિનાગમોમાં શ્રી જિનની મૂર્તિને જિનેશ્વર તુલ્ય કહી છે.

સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવનાં દર્શન, વંદન, પૂજન, સ્તવન કે ધ્યાનાદિ કરવાથી આત્મવિશુદ્ધિરૂપ જે ફળ મળે છે, તે જ ફળ શ્રી જિનપ્રતિમાના દર્શન, વંદન, પૂજન, સ્મરણ અને ધ્યાનાદિથી મળે છે.

શ્રી અરિહંત પરમાત્માની મૂર્તિના દર્શન વડે તેમની પૂર્ણ પ્રભુતાનું જ્ઞાન થાય છે, તે વખતે આત્મદ્રવ્યની તુલ્યતા હોવાથી સ્વાત્મામાં પણ તેવી પ્રભુતા રહેલી છે, તેનું ભાન થાય છે, તેની રુચિ પ્રગટે છે અને તે રુચિ અનુસાર આદર-બહુમાન જાગે છે.

અનુક્રમે વીર્યોલ્લાસ વધતાં જ્યારે પરમાત્માના ધ્યાનમાં તન્મયતા સધાય છે, ત્યારે ધ્યાતા પોતાને ધ્યેય સ્વરૂપે અનુભવે છે.

એ અરિહંત પરમાત્માની મૂર્તિ, એ શ્રી અરિહંત પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. તેથી તેને રૂપસ્થ ધ્યાન કહેવાય છે.

આકાર જ્યોતિરૂપ છે, જ્યોતિ જ્ઞાનમય છે અને જ્ઞાન આત્મમય છે. તત્ત્વથી તે ત્રણની એકતા હોવાથી તેનો અનુભવ પરમાત્માનું સાક્ષાત્ દર્શન કરાવનાર થાય છે.

## દ્રવ્ય-નિક્ષેપે શ્રી અરિહંતની ભક્તિ

શ્રી અરિહંત પરમાત્માની પૂર્વ એટલે પહેલાંની અવસ્થા અને ઉત્તર એટલે પછીની અવસ્થા, એ દ્રવ્યઅરિહંત છે.

સિદ્ધ અવસ્થાને પામેલા અરિહંતો જેમ દ્રવ્યજિન છે, તેમ ભવિષ્ય કાળમાં તીર્થંકર થનારા શ્રી શ્રેણિક, કૃષ્ણાદિના જીવો પણ દ્રવ્યજિન છે.

ચતુર્વિધ શ્રી સંઘમાં આવા ઉત્તમ આત્માઓ હંમેશાં ગુપ્તપણે હોય છે. તેમને ઓળખવાનું કામ ઘણું અઘરું હોવા છતાં, સંઘભક્તિ અને સાધર્મિક વાત્સલ્ય દ્વારા તેમની ભક્તિ થઈ શકે છે. તેમની ભક્તિ તે વસ્તુતઃ શ્રી તીર્થંકર દેવની જ ભક્તિ છે.

શ્રી સંઘ એ શ્રી અરિહંતાદિ ઉત્તમ પુરુષરત્નોની ખાણ છે, તેથી તીર્થંકરોને પણ પૂજ્ય છે.

સમવસરણમાં બિરાજમાન થતી વખતે શ્રી તીર્થંકર પરમાત્માઓ પણ 'નમો-તિત્થસ્સ' પદનો ઉચ્ચાર કરવાપૂર્વક તીર્થને અર્થાત્ ચતુર્વિધ શ્રી સંઘને નમસ્કાર કરે છે. ચતુર્વિધ શ્રી સંઘ એ તીર્થ છે. તીર્થને સ્થાપનારા શ્રી તીર્થંકર દેવો છે, તેઓ પણ તીર્થને નમે છે.

નિરાશંસભાવે કરેલી તીર્થભક્તિ જ તીર્થંકર પદ પ્રાપ્ત કરાવે છે. શ્રી ઉપદેશપદાદિ મહાગ્રંથોમાં કહ્યું છે કે જે આરાધક આશંસા રહિત બની ચૈત્ય, કુલ, ગણ કે સંઘની ભક્તિ કરે છે, તે પ્રત્યેક બુદ્ધ, ગણધરપદ અને યાવત્ શ્રી તીર્થંકર પદને પામે છે.

## ભાવ-નિક્ષેપે થતી શ્રી અરિહંતની ભક્તિ

સમવસરણમાં બિરાજમાન થઈ ધર્મદેશના દેનાર, વિચરતા શ્રી જિનેશ્વરદેવ "નોઆગમ"થી ભાવનિક્ષેપે અરિહંત સ્વરૂપ છે.

વર્તમાન કાળે, શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધરસ્વામી આદિ વીસ વિહરમાન શ્રી જિનેશ્વરદેવો ભાવ-અરિહંત કહેવાય છે.

તે ભાવ-અરિહંતના ધ્યાનમાં તન્મય બનેલો ધ્યાતા પણ અરિહંતના ઉપયોગમાં ઉપયુક્ત હોવાથી તે સમયે તે 'આગમ'થી ભાવ-અરિહંત કહેવાય છે, કેમ કે તે સમયે તેના હૃદયમાં અરિહંતનો ભાવ વર્તે છે.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યની વૃત્તિમાં કહ્યું છે કે, નામાદિ ભેદથી આચાર્ય ચાર પ્રકારના છે. તેમાં આચાર્યના ઉપયોગરૂપ જે ભાવાચાર્ય છે, તે તો શિષ્યના મનમાં વર્તે છે, માટે ગુરુનો વિરહ સિદ્ધ થતો નથી.

એ જ રીતે સાક્ષાત્ શ્રી અરિહંત ભગવંતના વિરહમાં પણ, શ્રી અરિહંત પર-માત્માના ગુણોમાં ઉપયોગવાળા સાધકના દેહમાં ઉપયોગરૂપે ભાવ-અરિહંત વર્તે છે, તેથી શ્રી અરિહંત પરમાત્માનો વિરહ સાધકને હોતો નથી.

વળી ભાવપણે સર્વ જીવો સમાન છે. સર્વ જીવોની સત્તા શુદ્ધ સંગ્રહનયથી સિદ્ધ સમાન છે. આત્મત્વ જાતિ એક જ છે. શુદ્ધ ગુણ-પર્યાયમયી આત્મસત્તા પલટાઈને કોઈ કાળે પણ અનાત્મસ્વરૂપ-અચેતન બનતી નથી, એટલે ચેતનાની અપેક્ષાએ જીવોનો એક જ ભેદ છે.

સંસારી જીવોની શુદ્ધ આત્મસત્તા, કર્મથી આવૃત હોવા છતાં આઠ રુચક પ્રદેશોની અપેક્ષાએ સદા નિરાવરણ છે; તેથી સાધક જ્યારે ભાવ-અરિહંતના ધ્યાનમાં પોતાની મનોવૃત્તિઓને તદાકાર બનાવે છે, ત્યારે પોતે પરમાત્મા સ્વરૂપે પરિણમે છે. કહ્યું છે કે,

**'ભાવાદ્ ભાવપ્રસૂતિ :'**

ભાવથી ભાવની ઉત્પત્તિ થાય છે. જેમ પ્રગટ દીપકના પ્રકાશ સાથે એકમેક થવાથી બીજો અપ્રગટ દીવો પણ પ્રકાશિત બની અન્ય દીવાઓને પણ, પોતાના સમાન બનાવવા સમર્થ બને છે, તેમ કેવળજ્ઞાન-જ્યોતિથી પ્રકાશમાન એવા પરમાત્મા સાથે તન્મય બનેલો અંતરાત્મા પણ પરમાત્મ-જ્યોતિને પ્રાપ્ત કરે છે.

કહ્યું છે કે, જે સ્વયં જિનસ્વરૂપ થઈ જિનનું ધ્યાન કરે છે, તે જિન બને છે.

આગમથી ભાવનિક્ષેપે અરિહંત બનનાર 'નોઆગમ'થી પણ ભાવનિક્ષેપે અરિહંત બની શકે છે.

'આગમ'થી એટલે ઉપયોગરૂપી અને 'નોઆગમ'થી એટલે સાક્ષાત્ સ્વરૂપે. ભાવ-અરિહંતના ધ્યાનમાં ઉપયુક્ત બનેલો સમ્યગ્દૃષ્ટિ ધ્યાતા પણ, તે ઉપયોગ વડે શ્રી અરિહંતપદની આરાધના કરી સાક્ષાત્ અરિહંત સ્વરૂપ બને છે. કહ્યું છે કે—

'आगमाभिहित-सर्वज्ञ-स्वरूपोपयोगोपयुक्तस्य तदुपयोगानन्यवृत्तेः परमार्थतः सर्वज्ञ-स्वरूपत्वात् ।'

—षोडशकवृत्ति

આગમમાં બતાવેલ શ્રી તીર્થંકરના સ્વરૂપમાં ઉપયુક્ત સાધક એ વસ્તુતઃ તીર્થંકર સ્વરૂપ છે; કારણ કે તે ઉપયોગ સાથે તેની અભેદવૃત્તિ છે.

એ રીતે સાક્ષાત્ શ્રી તીર્થંકર પરમાત્માની જેમ શ્રી તીર્થંકર પરમાત્માનું નામ, મૂર્તિ, વાણી તથા ચતુર્વિધ શ્રી સંઘ પણ કથંચિત્ શ્રી તીર્થંકર સ્વરૂપ છે, એમ સૂક્ષ્મ બુદ્ધિ વડે સમજી, જેઓ નામાદિ ચારે નિક્ષેપોથી શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ અને ઉપાસના કરે છે, તેઓ શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિના અધિકારી બની અપૂર્વ આત્મ-કલ્યાણને સાધનારા થાય છે.

દેવવંદન અને પ્રતિક્રમણ આદિ સૂત્રોમાં પણ નામાદિ નિક્ષેપ વડે શ્રી જિનેશ્વર ભગવંતોની ભક્તિ કરવાનું વિધાન છે.

જેમ કે શ્રી 'લોગસ્સ' સૂત્ર દ્વારા નામ જિનની આરાધના થાય છે, 'અરિહંત ચેઇયાણં' સૂત્ર દ્વારા સ્થાપના જિનની આરાધના થાય છે, 'નમુત્થુણં' સૂત્ર દ્વારા ભાવજિનની આરાધના થાય છે અને 'સિદ્ધાણં બુદ્ધાણં' આદિ સૂત્રો દ્વારા દ્રવ્ય જિનની આરાધના થાય છે. વળી કહ્યું છે કે—

'परिणमते येनात्मा भावेन स तेन तन्मयो भवति ।
अर्हद्ध्यानाविष्टो भावार्हन् स्यात् स्वयं तस्मात् ॥'

જે ભાવ વડે જીવ પરિણમે છે, તે ભાવ સાથે તન્મય થઈ જાય છે. એથી જ શ્રી અરિહંત પરમાત્માના ધ્યાનમાં તન્મય થયેલો આત્મા સ્વયં અરિહંત બને છે.

સ્ફટિકમણિ જેમ તેની સામે રહેલી વસ્તુના સ્વરૂપને ધારણ કરે છે તે ન્યાયે આત્મા પોતાને જે સ્વરૂપે ધ્યાવે છે, તે સ્વરૂપવાળો બને છે. રાગી અને દ્વેષીનું ધ્યાન કરનાર રાગી–દ્વેષી બને છે અને શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન કરનાર વીતરાગ સ્વરૂપને પામે છે.

## બીજી રીતે ધ્યેયના ચાર પ્રકાર

૧. નામ ધ્યેય–ધ્યાનના વિષયભૂત વાચ્ય અર્થાત્ અભિધેય પદાર્થના વાચકને નામ ધ્યેય કહે છે. તે આદિ, મધ્ય અને અંત એમ સકળ વાઙ્મય(શાસ્ત્ર)માં વ્યાપીને રહેલું છે.

'અ'કારથી 'હ'કાર સુધીના અક્ષરો ઉભય લોકના ફળને આપનારા પરમ શક્તિ-શાળી મંત્રો છે. મૂલાધારાદિ ચક્રોમાં તેનું ધ્યાન કરવું જોઈએ. તેને નામધ્યેય યા પદસ્થ ધ્યાન કહે છે.

૨. સ્થાપનાધ્યેય-વાચ્ય–અભિધેય પદાર્થની આકૃતિ–પ્રતિમાને સ્થાપના ધ્યેય કહે છે. શ્રી આગમોમાં વર્ણવેલા શાશ્વતા–અશાશ્વતા શ્રી જિનબિંબોનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ધ્યાન કરવું, તેને રૂપસ્થ ધ્યાન કહે છે.

૩. દ્રવ્ય ધ્યેય-ગુણપર્યાયવાળું હોય તેને દ્રવ્ય કહે છે. પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત હોય છે. વિવક્ષિત સમયે ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયનો નાશ થાય છે અને દ્રવ્યરૂપે કાયમ રહે છે.

અનાદિ, અનંત જીવ અને અજીવ દ્રવ્યોમાં સ્વપર્યાયો, જળમાં જળતરંગોની જેમ ઉત્પન્ન થાય છે અને તેમાં જ વિલય પામે છે, એમ વિચારવું તે દ્રવ્ય–ધ્યેય છે.

૪. ભાવ ધ્યેય–સર્વ દ્રવ્યોનો જ્ઞાતા આત્મા છે. તેથી જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન કરાય એમાં ધ્યાન વિષયીભૂત આત્માનું શુદ્ધચૈતન્ય તે ભાવધ્યેય છે.

સર્વ તેજોમાં પ્રધાન તેજરૂપ અને સર્વ જ્યોતિઓમાં પ્રધાન જ્યોતિરૂપ, શ્રી અરિ-હંત પરમાત્માનું શિવસુખની પ્રાપ્તિ માટે ધ્યાન ધરવું જોઈએ. તેઓ વીતરાગ હોવા છતાં ધ્યાતા–મુમુક્ષુઓને–સ્વર્ગ અને અપવર્ગનાં ઉત્તમ ફળોને આપનારા છે. તેઓની એવી જ સ્વાભાવિક શક્તિ છે.

આ પ્રમાણે નામાદિ ભેદથી ધ્યેયના ચાર પ્રકાર પડે છે. પદસ્થ ધ્યાનમાં નામ ધ્યેય, રૂપસ્થ ધ્યાનમાં સ્થાપનાધ્યેય, પિંડસ્થ ધ્યાનમાં દ્રવ્યધ્યેય અને રૂપાતીત ધ્યાનમાં ભાવધ્યેયનો સમાવેશ થાય છે.

## ધર્મ–બોધ

પિંડસ્થ ધ્યાન દેહાધ્યાસને તોડે છે. પદસ્થધ્યાન નામાધ્યાસને તોડે છે. રૂપસ્થધ્યાન રૂપાધ્યાસને તોડે છે.

દેહ, દેહનું નામ, દેહનું રૂપ અને દેહના ગુણોનો અભ્યાસ તોડવા માટે પ્રભુનું સ્મરણ સબળ ઉપાય છે.

પોતાના પિંડનું, રૂપનું, નામનું કે ગુણનું સ્મરણ આર્ત્ત-રૌદ્રધ્યાન કરાવે છે.

પ્રભુનાં નામ, દેહ, રૂપ અને ગુણનું સ્મરણ ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું કારણ બને છે. તેમાં પણ નામ અને પિંડના સ્મરણ કરતાં રૂપ અને ગુણનું સ્મરણ પ્રબળ ધ્યાન ઉત્પન્ન કરે છે.

卐

# સમાપત્તિયોગ

અરિહંતાકાર ઉપયોગમાં ઉપયોગના વિષયભૂત અરિહંત ધ્યેય છે. ઉપયોગવાન જીવ ધ્યાતા છે. અને ઉપયોગ ક્રિયા એ ધ્યાન છે. ધ્યેયમાં ધ્યાતાનો ઉપયોગ એ જ ધ્યાન છે.

**ધ્યાન સમયે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણેની એકતા થાય છે. તેનું જ નામ સમાપત્તિ છે.**

અરિહંતના ઉપયોગમાં વર્તતો જીવ અરિહંત સ્વરૂપ બને છે. તેનો અર્થ પણ એ જ છે.

**ઉપયોગ એ આગમ છે. તેમાં વર્તવું તે ભાવ છે.** આગમથી ભાવ નિક્ષેપે અરિહંત તે અરિહંતના ઉપયોગમાં વર્તતો જીવ છે. કેમ કે તે વખતે પણ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન, ત્રણેની એકતા થાય છે. એકતા, સમાપત્તિ, સમરસાપત્તિ વગેરે એક અર્થને કહેનારા શબ્દો છે.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા દ્વારા થતો તીવ્ર ઉપયોગ અને તે ઉપયોગ દ્વારા થતાં સ્પષ્ટ જ્ઞાનમાં પણ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન-એ ત્રણેની એકતા સધાય છે. તેથી **જીવ અરિહંતના ઉપયોગમાં જેટલી વાર રહે છે, તેટલી વાર તે અરિહંત સ્વરૂપ બને છે.** તે ઉપયોગ ભાવ સંવરરૂપ હોવાથી અત્યંત ઉપાદેય છે.

અરિહંતાકાર ઉપયોગ અભવ્યને પણ સંભવે છે. છતાં તેનો તે ઉપયોગ મોક્ષ-સાધક બનતો નથી. તેનું કારણ તેનું જ્ઞાન ધ્યાનમાં પરિણત નથી થતું તે છે. તેને વિષયની સમાપત્તિ હોય છે, પણ આત્માની સમાપત્તિ થતી નથી.

વિષયની સમાપત્તિ આગમથી ભાવ નિક્ષેપરૂપ બને છે, પણ આત્માની સમાપત્તિ તાત્ત્વિક ભાવરૂપ છે. આત્મદ્રવ્યનું તે ભાવરૂપ પરિણમન છે. દ્રવ્ય-ગુણ પર્યાયથી સમર-સાપત્તિરૂપી સમાપત્તિ ભવ્યને જ થાય છે. મિથ્યાદૃષ્ટિ અભવ્યને નહિ.

તત્ત્વથી આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે, એવી શ્રદ્ધા, જ્ઞાન અને પરિણતિ અભવ્યને અસંભવિત છે. જ્યારે ભવ્યની સમાપત્તિ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકાગ્રતા વડે એકતારૂપ બની મુક્તિનું કારણ થાય છે. આમ અરિહંતાકાર ઉપયોગ તાત્ત્વિક સમાપત્તિરૂપ બનીને ભવ્યને મુક્તિદાયક નીવડે છે.

## દ્રવ્યસમાપત્તિ

દ્રવ્ય શબ્દ જેમ અનુપયોગ વાચક છે તેમ કારણતાવાચી પણ છે. અનુપયોગ, અશુદ્ધોપયોગ, વિપરીતોપયોગ, વિરુદ્ધોપયોગ–એ બધા દ્રવ્યવાચક બને છે.

સમાપત્તિ ધ્યાતા–ધ્યેય અને ધ્યાનની એકતા સૂચક હો યા જ્ઞાતા–જ્ઞેય અને જ્ઞાનની એકતા–સૂચક હો, પણ જો તે ઉપયોગ શૂન્યપણે હોય યા અન્યોપયોગપણે હોય તો તે ભાવ સમાપત્તિ બનતી નથી, પણ દ્રવ્ય સમાપત્તિ બને છે.

સમ્યગ્દૃષ્ટિની ભાવસમાપત્તિ ઉપયુક્તપણે હોય ત્યારે બને છે, તે આગમથી ભાવ-નિક્ષેપે હોય છે. તે આગમથી દ્રવ્ય નિક્ષેપે સમાપત્તિ મિથ્યાદૃષ્ટિને હોય છે અથવા ઉપયોગશૂન્ય સમ્યગ્દૃષ્ટિને હોય છે.

નોઆગમથી દ્રવ્ય નિક્ષેપ કારણતાવાચી છે. તેથી જ્ઞશરીર અને ભવ્યશરીરને ઉપાદાન કારણતાવાચી છે. અને જ્ઞ, અને ભવ્યથી વ્યતિરિક્ત નોઆગમથી દ્રવ્ય નિક્ષેપ નિમિત્ત કારણતાવાચી છે.

જ્ઞાતાનું મૃત કલેવર પણ ભૂત પર્યાયનું કારણ છે અને ભવિષ્યમાં જ્ઞાતા બનનારનું વર્તમાન શરીર ભવિષ્ય પર્યાયનું ઉપાદાન કારણ છે. શરીર એ આત્માથી કથંચિત્ અભિન્ન ગણીને અહીં ઉપાદાન કારણ કહેલ છે. શરીર આત્માથી સર્વથા ભિન્ન હોય તો શરીરના નાશથી હિંસાનું પાપ ન લાગે, પણ શરીરના નાશથી આત્માને પીડા અનુભવ સિદ્ધ છે તથા શરીરાકાર પર્યાયનો નાશ પણ પ્રગટ છે. તેથી શરીરાવસ્થામાં સંસારમાં આત્મા શરીરથી સર્વથા ભિન્ન નથી પરંતુ કથંચિત્ અભિન્ન છે. તેથી ભૂત અને ભાવિ જ્ઞાતાપણાનું જ્ઞાન હોવાથી અહીં ભૂતજ્ઞાતાને જ્ઞશરીર અને ભવિષ્ય જ્ઞાતાને ભવ્યશરીર દ્રવ્ય નિક્ષેપથી ઓળખવામાં આવે છે.

જ્ઞાતાપણામાં ઉપાદાન કારણ જેમ અભ્યંતર કારણ છે, તેમ બાહ્ય કારણને નિમિત્ત કારણ તરીકે ઓળખાવાય છે. જ્ઞાતાપણામાં જેટલાં નિમિત્તો કારણો છે તે બધાં દ્રવ્ય-નિક્ષેપમાં ગણવામાં આવ્યાં છે.

અરિહંતાકાર ઉપયોગમાં નિમિત્ત કારણ તરીકે નામ, સ્થાપનાની જેમ દ્રવ્યને પણ નિમિત્ત માનેલ છે. શરીર સિવાયના જે દ્રવ્યના સંબંધથી અરિહંતાકાર ઉપયોગ જ્ઞાતાના જ્ઞાનમાં આવે, તે બધા નિમિત્ત કારણો જ્ઞ, ભવ્ય, વ્યતિરિક્તને નોઆગમથી દ્રવ્ય નિક્ષેપમાં ગણેલાં છે.

કાર્ય માત્રની ઉત્પત્તિ, ઉપાદાન અને નિમિત્ત ઉભય કારણોનાં સંયોગથી માનેલી છે.

અરિહંતાકાર ઉપયોગ પણ એક કાર્ય છે, તેથી તે કાર્યમાં ઉપાદાન કારણ જેમ આત્માથી કથંચિત્ અભિન્ન એવું ભૂત અને ભાવિ પર્યાયમાં કારણભૂત વર્તમાન શરીર છે, તેમ નિમિત્ત કારણ તરીકે નામ, સ્થાપના અને અનુપયોગી, પ્રતિયોગી આત્મા અને શરીરથી ભિન્ન સઘળાં કારણોનો સમાવેશ થાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ, તે બધાં કારણોને કારણપણે સદ્દહે છે, તેથી તેને દ્રવ્યભાવ સમાપત્તિનો લાભ થાય છે. અને **સમાપત્તિ જ તીર્થંકર નામકર્મના બંધ અને તીર્થંકર નામકર્મના ઉદયનું પરમ કારણ બને છે.**

તીર્થંકરોના ધ્યાનમાં ધ્યાતાની એકતા જે–જે નિમિત્તો અને ઉપાદાનના કારણોથી થતી હોય, તે બધાં નિમિત્ત અને ઉપાદાન કારણોને સમ્યગ્દૃષ્ટિ જીવ કારણપણે સદ્દહે છે. તેથી તેનું જ્ઞાન સમ્યગ્ બને છે.

**સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ગુણ સહિત સમ્યગ્દૃષ્ટિની પ્રવૃત્તિ અરિહંતાકાર ઉપયોગવાળી બનતી હોવાથી સમાપત્તિ સ્વરૂપ છે.** એ સમાપત્તિ અમુક કાળે જ પ્રાપ્ત થાય અને અમુક કાળે પ્રાપ્ત ન થાય, એવું સમ્યગ્દૃષ્ટિ જીવ માટે બનતું નથી. કારણ કે તેની મન–વચન અને કાયા વડે થતી પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું પ્રણિધાન હોય છે આજ્ઞાપૂર્વકની પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ આજ્ઞાકારક શ્રી અરિહંત પરમાત્માનું હૃદયમાં ધ્યાન વર્તતું હોય છે. એ ધ્યાન, ધ્યાતા અને ધ્યેયની એકતારૂપ હોવાથી સમાપત્તિરૂપ બને છે. તેથી શાસ્ત્રોમાં આજ્ઞાપાલનના અધ્યવસાયને જ નિરાશંસ અને નિઃશલ્ય ધર્મપ્રવૃત્તિ તરીકે વખાણવામાં આવેલ છે.

આજ્ઞાપાલનનો અધ્યવસાય એક બાજુ પોતાની ભૂમિકાને અનુરૂપ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવે છે અને બીજી બાજુ આજ્ઞાકારક પરમાત્માનું હૃદયમાં ધ્યાન ધરાવે છે. ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન અશુભ આશ્રવને રોકે છે અને એ રીતે પરમાત્માનું હૃદયમાં થતું અનુસંધાન શુભ સંવર અને નિર્જરાનું સાધન બને છે.

'અશુભ આશ્રવનો ત્યાગ, શુભ સંવરનું સેવન અને સકામપણે પરમાત્માના ધ્યાનથી થતી દ્રવ્ય અને ભાવનિર્જરા મુક્તિમાર્ગ બને છે. એ ત્રણેના એકત્ર મિલનથી જીવ સકળ કર્મ નિર્મોક્ષરૂપ મોક્ષને અચિરાત્–શાશ્વત કાળ માટે પ્રાપ્ત કરે છે.'

ધર્મના ઉભય લક્ષણ–શુભાશ્રવ, સંવર અને નિર્જરા તથા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો સંયોગ, આજ્ઞાપાલનના શુભ અધ્યવસાયમાં રહેલો છે. તેથી આજ્ઞા પાલનનો શુભ અધ્યવસાય એ જ મોક્ષનો પરમ હેતુ છે.

## સમાપત્તિ

સમાપત્તિ એ વિશિષ્ટ ભૂમિકા છે. વિષયની સમાપત્તિ યોગી પુરુષને થયેલી હોય તો પણ ભાવ નામધારી ચિત્તની ઉત્પત્તિ છે.

**સમાપત્તિ** વસ્તુતઃ તે છે, જેમાં ખરેખર સમાનતા–એકતા થાય.

આત્માની સમાપત્તિમાં, આત્મા તદ્રુપે પરિણામ પામે છે, માટે એ તાત્ત્વિક સમાપત્તિ છે.

પરમાત્મ-સમાપત્તિ વખતે પરમાત્મ-સ્વરૂપ આત્મા જ પરમાત્માની સાથે એકતા અનુભવે છે.

પહેલાં તત્સ્થતા આવે છે, પછી તદંજનતા. જે તન્મયતા સ્વરૂપ અને સાધ્ય છે, તે સમાપત્તિ થાય છે. બંનેનો આગમથી ભાવ નિક્ષેપમાં સમાવેશ કરી શકાય. નોઆગમથી અરિહંત સ્વરૂપ જેમને વ્યક્ત થયેલું હોય તે લઈ શકાય.

નોઆગમમાંનો 'નો' શબ્દ દેશ નિષેધક અર્થમાં લઈએ, તો નિજ શુદ્ધાત્મા-શુદ્ધ નિજાત્માને લેવામાં સાધક-બાધક પ્રમાણ વિચારવાં જોઈએ.

બાહ્ય ઋદ્ધિ આદિને બાદ કરીને, અરિહંત પરમાત્માને દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણવામાં આવે તો મોહ લય પામે છે.

આત્માને જાણો કે અરિહંતને જાણો, એ બન્ને નિશ્ચય નયથી એકરૂપ છે. ભેદ કે અભેદ બંને ઉપાસના આત્મ-સમાપત્તિરૂપ છે.

સ્વ કે પર આત્મા સિવાયના વિષયમાં તન્મયતા એ વિષય-સમાપત્તિ છે.

જ્યારે સ્વમાં પરમાત્માને જુએ, ત્યારે એ તાત્ત્વિક સમાપત્તિ છે.

વિષયની સમાપત્તિ વખતે પણ ચિત્તની તન્મયતા હોય છે, પરંતુ એ તન્મયતા વખતે ભાવ નામ ધરાવતા ચિત્તની જ ઉત્પત્તિ હોય છે. જ્યારે આત્માની સમાપત્તિ વખતે વાસ્તવિક ( આત્માની ) પરમાત્મ સમાપત્તિ હોય છે.

પરમાત્માનું ધ્યાન-નમન, ભેદોપાસના કે અભેદોપાસના બધું નિશ્ચયમાં લઈ શકાય અને સમાપત્તિમાં પણ ગણાય.

વિષય સમાપત્તિ તે ખરેખર સમાપત્તિ જ ન કહેવાય. જેમાં એકતા થવાની શક્યતા હોય, તે સમાપત્તિ.

જડ-ચેતનની એકતા થવાની શક્યતા જ નથી, માટે સમાપત્તિમાં વિષય-સમાપત્તિ ન ગણતાં આત્મ-સમાપત્તિ જ ગણવી.

શ્રી અરિહંતના ધ્યાતાને આત્મ-સમાપત્તિ કહેવી એ જ બરાબર છે. શ્રી અરિહંતનો જ્ઞાતા એ જુદી વસ્તુ છે અને ધ્યાતા એ જુદી વસ્તુ છે.

ધ્યાતામાં ધ્યાન મુખ્ય હોય છે.

જ્યાં સામાન્ય ધર્મનો અનુભવ છે, ત્યાં વિશેષનો પણ કથંચિત્ અનુભવ હોય છે. એકાંતે સામાન્યનો અનુભવ હોતો નથી. સામાન્ય પોતે પણ સામાન્ય-વિશેષ સ્વરૂપ છે. નિજાત્મા પણ સામાન્યમાં ભેગો આવી જાય છે. એ રીતે એને અભેદ ઉપાસના કહેવામાં હરકત નથી.

અભેદ ઉપાસનામાં પણ સામાન્ય અને વિશેષ એમ બે ભેદ પડી શકે. મારો આત્મા અરિહંત સ્વરૂપ છે, એવો જ્યારે સ્પષ્ટ ઉલ્લેખ સાથે વિચાર પ્રવાહ હોય, ત્યારે ત્યાં વિશેષ અભેદ ઉપાસના કહેવાય.

અગ્નિ એ માણવકનું તાત્ત્વિક પરિણામ નથી, જ્યારે પરમાત્મપણું એ આત્માનું તાત્ત્વિક પરિણામ છે.

આગમથી ભાવ નિક્ષેપમાં તાત્ત્વિક–અતાત્ત્વિક બંને પ્રકારની સમાપત્તિ આવી જાય. ભેદ ઉપાસના, પછી તે ગમે તેવી તન્મયતાવાળી હોય, તો પણ અરિહંત અને હું જુદા છીએ. એવા ભાવવાળી હોય ત્યાં સુધી એ અતાત્ત્વિકી સમાપત્તિ છે અને જ્યારે આત્મામાં અર્હંત્વને જાણે, અનુભવે ત્યારે એ તાત્ત્વિક સમાપત્તિ બને.

卐

# ॐ અર્હં મંત્રનું તાત્પર્ય

ॐ અર્હં, એ મંત્ર આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન–નિવારક છે અને ધર્મધ્યાન–શુક્લધ્યાનકારક છે.

ॐ એ પદ વડે કર્મનો વિચાર, રૌદ્રધ્યાનને રોકે છે અને અર્હં પદ વડે થતો ધર્મનો–આત્મધર્મનો વિચાર આર્ત્તધ્યાન નિવારે છે.

ધર્મધ્યાનનો વિચાર, રૌદ્રધ્યાન નિવારક છે.

શુક્લધ્યાનનો વિચાર, આર્ત્તધ્યાન નિવારક છે.

ધર્મધ્યાનમાં આલંબન તરીકે મુખ્યત્વે કર્મનો વિચાર છે અને શુક્લધ્યાનમાં આલંબન તરીકે આત્મતત્ત્વનું એકાગ્ર ચિંતન છે.

ॐ પંચપરમેષ્ઠિ વાચક છે. અર્હં પ્રથમ પરમેષ્ઠિવાચક છે.

પરમેષ્ઠિ મંત્ર ધર્મ–શુક્લના વિચાર વડે આર્ત્તરૌદ્ર વિનાશક છે.

કર્મવિચાર ધર્મધ્યાનને પોષક છે. આત્મવિચાર શુક્લધ્યાનવર્ધક છે.

કર્મ-વિજ્ઞાન વડે નમ્રતા અને આત્મ–વિજ્ઞાન વડે નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

અણુથી પણ અણુ બનવું તે નમ્રતાનું પ્રતીક છે

મહત્થી પણ મહત્ થવું, તે નિર્ભયતાનું પ્રતીક છે.

લોકોત્તર પુરુષોનાં ચિત્ત વજ્રથી પણ વધુ કઠોર હોય છે, તે તેમની નિર્ભયતાને સૂચવે છે. અને કુસુમ કરતાં વધુ કોમળ હોય છે, તે તેમની નમ્રતાને સૂચવે છે.

નમ્રતા ગુણની પરાકાષ્ઠા નિર્ભયતાને આપે છે અને નિર્ભયતા ગુણની પરાકાષ્ઠા નમ્રતામાં પરિણમે છે.

ॐ અર્હં મંત્રનું આ તાત્પર્ય છે.

## ઓંકારની માત્રાઓનો અર્થ

ॐ કાર अ, उ, म અને ँ અર્ધમાત્રાનો બનેલો છે.

अ એટલે સત્ત્વગુણ, उ એટલે રજો ગુણ, म એટલે તમોગુણ.

ँ ( આ અર્ધમાત્રા ) એટલે અર્ધમાત્રાથી ઉત્પન્ન થતો અનુનાસિક ધ્વનિ, આત્માના શુદ્ધ સ્વરૂપનો વ્યંજક છે. જે અંતમાં ઘંટ નિનાદની જેમ બ્રહ્મમાં લય પામી જાય છે.

આ રીતે કુંડલિનીના સાડા ત્રણ આંટા, સાડા ત્રણ માત્રાના સમજવા. તેને અનાહત વાચક પણ કહેવાય છે.

ॐ કાર પણ ત્રણ માત્રા ભૌતિક અને અર્ધી દિવ્ય માત્રાનો બનેલો છે.

ત્રણ સૃષ્ટિ, ત્રણ વાણી, ત્રણ અવસ્થા સાથે પણ ત્રણ માત્રાને સંબંધ છે. એ ત્રણથી પર રહેલી અર્ધમાત્રા પરમ પદને સૂચવે છે.

૧. સ્થૂલ=દૃશ્યમાન સૃષ્ટિ ' अ ' માત્રા રૂપે.

૨. સૂક્ષ્મ=તૈજસ્ સૃષ્ટિ ' उ ' માત્રા રૂપે.

૩. કારણ=પ્રાજ્ઞ સૃષ્ટિ ' म ' માત્રા રૂપે. આ ત્રણે સૃષ્ટિ અને દેહનો છેવટે એક માત્ર પરમાત્મ તત્ત્વમાં લય થાય છે.

अ = વૈખરી વાણી, उ = મધ્યમા વાણી, म् = પશ્યન્તી વાણી. આ ત્રણેનો લય પરાવાણીમાં થાય છે.

अ=જાગૃત અવસ્થા, उ=સ્વપ્નાવસ્થા, म्=સુષુપ્તાવસ્થા.

આ ત્રણેનો તુરીયાવસ્થામાં લય થાય છે.

માટે બિંદુ સંયુક્ત ઓમકારના ધ્યાનમાં નિમગ્ન રહેતા યોગીઓ અંતે પરમસ્વરૂપ પામે છે.

ત્રિગુણાતીત બનાય છે ત્યારે અર્ધમાત્રા સ્થિત બિંદુમાં સ્થિર થવાય છે. અને અંતે પરમપદની પ્રાપ્તિ થાય છે.

## સમાલંબન

સમાલંબન એટલે સમ્યક્ પ્રકારે આલંબન. આલંબન એટલે ધ્યેયમાં ઉપયોગની એકતા.

ઉપયોગ એટલે બોધરૂપ વ્યાપાર. એકતા એટલે સજાતીય જ્ઞાનની ધારા.

સમ્યગ્ આલંબન એટલે આમ્નાય મુજબ વિશ્વાસ બાહુલ્ય સહિત ઉપયોગની ધ્યેયમાં થતી એકતા.

અલક્ષ્યને સાધવા માટે પદસ્થ લક્ષ્યનું આલંબન લેવું તે સમાલંબન છે. લક્ષ્યીભાવની ઉપપત્તિ માટે લેવાતું યથાવિધિ આલંબન એ સમાલંબન છે.

આમ્નાય એટલે સંપ્રદાયનું અનુસરણ.

વિશ્વાસ બાહુલ્ય એટલે મંત્ર, મંત્રપ્રદાતા તથા ગુરુ પંરપરા ઉપર અતૂટ વિશ્વાસ.

## સામાયિક

દ્વાદશાંગીનો સાર ધ્યાનયોગ છે. ધ્યાનયોગની સિદ્ધિ માટે મનઃ પ્રાસાદ આવશ્યક છે, મનઃ પ્રાસાદ મૂલોત્તર ગુણોના અનુષ્ઠાન વડે સાધ્ય છે.

ધ્યાનયોગનું સાધ્ય આત્મજ્ઞાન છે. શુદ્ધાત્માનો લાભ છે. શુદ્ધાત્માનો લાભ સમાપત્તિ વડે સાધ્ય છે. સમાપત્તિ શ્રી નવકારના પદો વડે સધાય છે.

શ્રી નવકારના પદોમાં રહેલું પદસ્થ ધ્યેય તેમાં ઉપયોગની એકતા કરવા વડે સધાય છે. એ એકતા સામાયિકના અનુષ્ઠાન વડે સધાય છે. તેથી સામાયિક પણ ચૌદપૂર્વનો સાર છે.

આત્મ–સમ–ભાવની ભાવિતતાનું ચરમ બિંદુ સામાયિક વડે સધાય છે.

આ કક્ષા, ઉપરના ક્રમે આરાધના કરતાં સાંપડે છે. ક્રમ તૂટે છે તો આરાધના ડહોળાય છે અને ગતિરોધ ઉત્પન્ન થાય છે. તેથી આરાધકે પ્રતિ સમયે અપ્રમત્ત રહેવાનો પ્રયત્ન જારી રાખવો જોઈએ.

## મંત્ર અને મૂર્તિ

ભક્તિનું ફળ જ્ઞાન અને વૈરાગ્ય છે. જ્ઞાની અને વિરક્તની ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય લાવે તે સહજ છે.

મંત્ર તે શબ્દબ્રહ્મરૂપ છે. મૂર્તિ તે પરબ્રહ્મસ્વરૂપ છે.

શબ્દબ્રહ્મ તિર્યક્ સામાન્યરૂપ અને પરબ્રહ્મ ઊર્ધ્વતા સામાન્યરૂપ છે. એકથી ક્રોધ અને બીજાથી કામ હણાય છે.

મૂર્તિ અને મંત્રને બતાવનાર ગુરુ છે. ગુરુથી કુબુદ્ધિ–લોભ બુદ્ધિ હણાય છે.

ભક્તિ માટે નિર્વૈરતા અને નિર્વાસના જોઈએ. વાસના જાય એટલે ચિત્ત નિરોધ માટે નિર્વૈર વૃત્તિ અને વાસનારહિતતા જોઈએ. તે મંત્ર અને મૂર્તિના ધ્યાનથી મળી રહે છે.

મંત્રનું ઘર મન છે, મૂર્તિનું ઘર હૃદય છે. મન, મંત્રમય બને, હૃદય, મૂર્તિમય બને એટલે જ્ઞાન અને વૈરાગ્યનો ઉદ્ગમ સ્વાભાવિક બને એટલે વિભાવદશા ભારભૂત બને અને સંસાર છોડવાની તમન્ના પરાકાષ્ઠાએ પહોંચે.

卐

# ૐ કારનું ધ્યાન

ૐ કારનું ધ્યાન એ જ શુભોપયોગ.

'उपयोगो लक्षणम्।' જીવનું ઉપયોગ એ લક્ષણ છે. એ ઉપયોગ જ્યારે ઓમકાર પરોવાય છે, તેને 'સુરતાનું શબ્દમાં પરોવવું'.' એમ કેટલાક કહે છે.

જૈન દર્શન તેને શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયના ધ્યાનમાં ઉપયોગને પરોવવાની ક્રિયા તરીકે પ્રતિપાદન કરે છે.

ૐકાર પરમાત્મ વાચક છે. અને પરમાત્મા એ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે.

ૐકાર વડે વ્યવહાર નયથી શુદ્ધ-દ્રવ્ય-ગુણ-પર્યાયમય શ્રી પંચ પરમેષ્ઠિનું ધ્યાન થાય છે. ત્યાં નિજત્વ અને જિનત્વ એક થઈ જાય છે.

તેથી ૐકાર એ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનું પ્રતીક છે, એમ માનીને તેનું ધ્યાન કરવાથી આત્મા, સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરે છે. નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા જેમ-જેમ વધતી જાય છે, તેમ-તેમ અસંખ્ય-અસંખ્ય કર્મની નિર્જરા દ્વારા જીવ, મોક્ષ-સુખનો અધિકારી થાય છે.

ૐકારમાં જે નાદ, બિંદુ અને કલાનું ધ્યાન છે, તેને જ નાદ=દ્રવ્ય, બિંદુ=ગુણ અને કલા=પર્યાયનું ધ્યાન કહેવાયું છે.

'ह्रस्वो दहात पापानि, दीर्घः संपत्प्रदोऽव्ययः ।
अर्धमात्रसमायुक्तः, प्रणवो मोक्षदायकः ॥'
ॐकारं बिन्दुसंयुक्तं,, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥

卐

# નાદ

सिद्धो वर्ण समाम्नायः ।

માતૃકાનો દરેક વર્ણ સંકેત નિરપેક્ષ હોવાથી વાચ્યાર્થથી રહિત છે. વાચ્ય ન હોવાથી વાચક પણ નથી. તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે. વર્ણનો આત્મા નાદ હોવાથી તેના અનુસંધાન વડે સર્વશ્રુતના પારગામી થવાય છે.

વર્ણમાલાના ત્રણ ખંડ છે. अ ખંડ ૧૬ સ્વરો ચન્દ્ર મંડલ છે.

क ખંડ ૨૫ સ્પર્શ વ્યંજનો સૂર્યમંડલ છે. य ખંડ ૮ ઉષ્માક્ષરો અગ્નિ મંડલ છે.

સ્વરો શિવવાચક અને વ્યંજનો શક્તિવાચક છે.

માતૃકા વર્ણ સમૂહને સિદ્ધચક્ર કહે છે.

"अकारादि क्षकारान्तानां पंचाशतः सिद्धत्वेन प्रसिद्धानां यश्चक्रं समुदायस्तच्च सिद्धचक्रम् ।"

જ્ઞાન શક્તિની પ્રસારક હોવાથી માતૃકા, આત્માની જ્ઞાન શક્તિ છે. તેને વર્ણ 'તનુ' પણ કહે છે.

વર્ણો દેહના સ્થાને છે અને માતૃકારૂપી જ્ઞાનશક્તિ આત્માના સ્થાને છે.

એ જ્ઞાનશક્તિને પ્રગટ ઉન્મીલન કરનાર વૈખરી આદિ ચાર પ્રકારની વાણી છે.

વૈખરી સ્વયં પ્રાણવૃત્તિરૂપ છે. જ્ઞાનમય તેજનું માતાની જેમ જનન–પાલન–શોધન કરનારા હોવાથી 'માતૃકા' કહેવાય છે. આત્માની તે 'પરમજ્યોતિ' છે.

૧. વૈખરીનું ઉપાદાન સ્થૂલ પ્રાણવૃત્તિ છે મધ્યમાનું ઉપાદાન બુદ્ધિ છે. તે સૂક્ષ્મ પ્રાણમાં રહે છે. તેમાં ક્રમ છે. મધ્યમાનો આધાર સૂક્ષ્મ પ્રાણ છે. વૈખરી અને પશ્યં-તીની હોવાથી તે 'મધ્યમા' છે.

૨. મધ્યમા વાણી–અંતઃ સંકલ્પમાન ક્રમ યુક્ત અને જેના વર્ણોની અભિવ્યક્તિ શ્રોત્રગ્રાહ્ય નથી, તેવી હોય છે.

૩ પશ્યંતીવાણી–સ્વ પ્રકાશા, સંવિદ્‌રૂપા, ક્રમ રહિતા અને વાચ્ય–વાચક વિભાગ રહિતા છે. તેમાં દેશ, કાળકૃત કર્મ નથી, છતાં કર્મવિવર્ત શક્તિ તો છે જ.

૪. પરાવાણી તે અષ્ટવર્ગમાં વિભક્ત છે. હૃદયગ્રન્થિને ભેદે છે, સંશયને છેદે છે અને જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય કરે છે.

દ્રવ્ય–વાણી શબ્દ પુદ્‌ગલના સમૂહરૂપ છે. પર્યાયવાણી નિનાદ–ધ્વનિરૂપ છે. તે સંજ્ઞા-ક્ષર, વ્યંજનાક્ષરરૂપ વૈખરી છે. ભાવવાણી વ્યક્તિ અને શક્તિરૂપ છે. વ્યક્તિરૂપ મધ્યમા ઉપયોગરૂપ છે. વૈકલ્પિક મતિરૂપ છે. શ્રોત્રગ્રાહ્ય વાણીનું કારણ છે.

શક્તિરૂપ પશ્યંતી વાણી લબ્ધિરૂપ છે અને વાણીના વેદનને આવરનાર કર્મોના ક્ષયોપશમરૂપ છે.

શ્રુતજ્ઞાન અનંત, અપાર વિસ્તીર્ણ–દુરવગાહ સ્વયંભૂરમણ સાગરરૂપ છે. છતાં માતૃકાના ધ્યાનથી સુખે પાર પામી શકાય છે. માતૃકાના સદા કાળ અસ્તિત્વ ધરાવે છે, તેથી અનાદિ સંસિદ્ધ છે.

'सिद्धो वर्ण सामाम्नायः।'

ॐ नमः सिद्धं। આ મંત્ર અનાદિ સિદ્ધ વર્ણમાળાને નમસ્કારરૂપ છે.

માતૃકાનો જાપ જપનારને રસાયણાદિના સંપૂર્ણ ગુણો મળે છે. કહ્યું છે કે–

'जापाज्जयेत् क्षयमरोचकमग्निमांद्यम् कुष्ठोदरामकसनश्वसनादि रोगान्।'

સમસ્ત વર્ણમાળાની લિપિ મૂળમાં એક જ છે અને તે બિંદુરૂપ છે. ભૂમિતિના નિયમ મુજબ બિંદુમાંથી રેખા, વૃત્તાદિ બને છે.

नम इति प्रणिपातेन निवृत्तिः। વૃત્ત=વર્તન–વૃત્તિ, તેનું નિવર્તન પ્રણિપાત વડે થાય છે.

'विप्रतीपं मनो नमः।' અર્થાત્ નમસ્કાર એ તિરસ્કારનું વિપરીતીકરણ છે. વિપ્રતીપ રૂપ છે.

તિરસ્કાર માન કષાયમાંથી ઉત્પન્ન થાય છે. નમસ્કાર તેને જેર કરે છે. તે સર્વોત્કૃષ્ટ શુભ વૃત્તિ છે. માન સાથે રહેનારી ક્રોધવૃત્તિ, લોભવૃત્તિ સર્વનો એકી સાથે વિલય કરે છે.

મદ-માનને જીતનાર નમ-નામ છે. મન વડે 'નમ' થાય છે. નામ વડે 'માન' થાય છે.

વિશ્વમન 'આર્હન્ત્ય' અને વિશ્વનામ 'अर्हं' વડે સ્વ-મન અને સ્વ-નામને નમાવી શકાય છે. 'सर्वेऽक्षराः शब्दाः परमेश्वरवाचकाः। 'અક્ષર' અવિનાશી આત્માનું નામ છે.

'ઓં' અક્ષર ભુક્તિ-મુક્તિપ્રદ છે. કામદ મોક્ષદ છે. શ્રેયસ-પ્રેયસ પ્રદાતા છે. 'નમો' અક્ષર, મોક્ષ અને તેના હેતુ વિનયનો પ્રદાતા છે.

'अर्हं' અક્ષર સર્વનું મૂળ છે.

## 'હ' વર્ણ

'હ' અક્ષર અવ્યક્ત ધ્વનિ છે. તેના ધ્યાન, ધારણાદિ બીજા વર્ણોની સહાય વિના થઈ શકતાં નથી. તેથી તેને 'અ' થી પુરસ્કૃત અને રેફ, બિંદુ-કલારૂપ પરિકરથી યુક્ત કરવામાં આવે છે.

'હ' કારરૂપ અક્ષરનું સદા સ્ફુરણ થતું રહે છે. તેથી તે અક્ષર અવિનાશી કહેવાય છે. તે નિત્યોદિત અને સદા સ્ફુરિત છે. પ્રાણીઓના હૃદયેશમાં રહેલો દેવ (આત્મા) એ નાદને સદા સ્વયં ઉચ્ચારતો હોય છે. તેથી તે સ્વયંભૂ-સહજ છે. સ્થાનકરણ અભિઘાતાદિથી પર છે. તેથી તેને અવ્યક્ત યા અક્ષર કહેવાય છે. એ નાદનું પરમ બીજ છે. સર્વભૂતોમાં અવસ્થિત છે, એને જ 'તત્ત્વ' કહેવામાં આવે છે. તે સૂક્ષ્મ અને વ્યાપક છે. પ્રાણતત્ત્વનો વાચક છે. વૈખરી રૂપે બધાને પ્રત્યક્ષ છે. મધ્યમાદિ સૂક્ષ્મ વાણીરૂપે તેને કોઈક જ યોગી લક્ષિત-અનુસંધિત કરી શકે છે.ઇન્દ્રિયોના વિષયો ત્યાં સુધી જ છે કે, જ્યાં સુધી યોગીનું મન અનાહત નાદ (રૂપ 'હ')માં લીન થતું નથી.

અનુસ્વાર અને વિસર્ગની જેમ અનુચ્ચાર્ય અને અશ્રાવ્ય હોવા છતાં બિંદુ નવકગત અર્ધ ચન્દ્રાદિ પણ વર્ણ છે. તેને 'કાર' પ્રત્યય લાગતો નથી, છતાં તે વર્ણ છે અને ધ્વનિ પદથી વ્યવહાર્ય છે.

રેફ, બિંદુ, કલા પરિકરથી સહિત 'હ' કાર દીપ્ત બને છે. મૂલાધારથી ક્રમશઃ ઉર્ધ્વગતિ કરતો 'अर्हं' 'અક્ષર બુદ્ધ' કહેવાય છે.

વર્ણમાલામાં 'હ' ને મહાપ્રાણ કહે છે. મંત્રાક્ષરોમાં તેને પ્રાણ કહ્યો છે.

'હ' નો ઉદય શરીરમાં સર્વત્ર માનવામાં આવ્યો છે. પ્રાણ, શરીરમાં સર્વત્ર છે. તેની સ્ફુટ ઉપલબ્ધિ હૃદયમાં થાય છે. એ પ્રાણના આધારે પ્રાણીઓનું જીવન છે.

એ પ્રાણને 'હંસ' કહેવામાં આવે છે. જે સહજ રીતે ઊંચે અને નીચે શરીરની નાડીઓમાં વહ્યા કરે છે.

પ્રાણનું સ્વ–સ્થાન 'બ્રહ્મરન્ધ્ર' છે, ત્યાં તે મનની સાથે સ્થિરતા અને લયને પામે છે. તેનો મધ્ય નાડીમાં સુષુમ્ણામાં સમરસભાવથી સંચાર થતાં જ મનની સ્થિરતા ઉત્પન્ન થાય છે. તે જ્યારે અત્યંત સ્થિર થાય છે, ત્યારે 'મનોન્મની' કહેવાય છે.

ઉચ્ચાર વડે સમુચ્ચાર (હ્રસ્વ,દીર્ઘ, પ્લુતાદિ) અને સમુચ્ચાર વડે અનુચ્ચાર્ય (બિંદુ આદિ અવસ્થાઓ) રૂપ અર્ધમાત્રા ઉચ્ચારને યોગ્ય થાય છે.

સૃષ્ટિ બીજ= સઃ–બહિર્મુખગતિ=પરાર્થ વૈખરી ખરી.

સંહારબીજ=હઃ–અંતર્મુખગતિ=વૈખરીથી પરા અનાહત શબ્દનો અનુભવ=અમૃતોપમ.

પ્રત્યય–નાદનો અભ્યાસ, નાડી શુદ્ધિ, ચિત્ત શુદ્ધિ અને ભૂતશુદ્ધિ કરે છે.

વૈખરી વાણી વ્યક્ત હોય છે. શબ્દ–અર્થ વચ્ચે ભેદ.

મધ્યમા–વ્યક્તાવ્યક્ત. શબ્દ–અર્થ વચ્ચે ભેદાભેદ.

પશ્યંતી–અવ્યક્ત. શબ્દ–અર્થ વચ્ચે અભેદ.

પરા–પરમ અવ્યક્ત અર્થનો સાક્ષાત્કાર.

શબ્દને જપાદિ દ્વારા શુદ્ધ કરવામાં આવે છે ત્યારે તે દિવ્ય વાણીમાં પરિણમી, અભિમત અર્થની સિદ્ધિ કરે છે.

જ્ઞાનજ્યોતિથી પ્રભુ પ્રતિમાના દર્શન થાય છે અને અનાહત નાદથી પ્રભુ નામના મંત્રનો જાપ થાય છે.

જ્યોતિ-દર્શનનું આલંબન શ્રી જિનપ્રતિમા છે અને નાદાનુસંધાનનું આલંબન નામ મંત્ર છે.

મંત્ર વડે નાદ–બિંદુ–કલાનો પુનઃ પુનઃ અભ્યાસ થાય છે. અને તે અભ્યાસના પ્રભાવે જ્યોતિ ઉત્પન્ન થાય છે. તે ચિન્મય જ્ઞાન જ્યોતિ આત્માનું સ્વરૂપ છે. તેની ઉપલબ્ધિ થવાથી પરમ પદની પ્રાપ્તિ થાય છે.

મંત્ર, નામ સ્વાધ્યાય સ્વરૂપ છે. અને પ્રતિમાનું દર્શન ધ્યાન સ્વરૂપ છે. સ્વાધ્યાયથી ધ્યાન અને ધ્યાનથી સ્વાધ્યાયનો પુનઃ પુનઃ અભ્યાસ કરવાથી આત્મતત્ત્વ પ્રકાશિત થાય છે.

આત્મા, નાદ અને જ્યોતિ સ્વરૂપ છે. તેનું પ્રકટીકરણ મંત્ર અને મૂર્તિના અનુક્રમે જાપ અને ધ્યાન વડે સુલભ બને છે. નાદનું આલંબન મંત્ર છે અને જ્યોતિનું આલંબન મૂર્તિ છે.

ત્રણ પ્રકારની સૃષ્ટિ છે. સ્થૂલ–अ, સૂક્ષ્મ–उ, કારણ–म्.

ત્રણ પ્રકારના ગુણ છે. સત્ત્વ–अ, રજસ–उ, તામસ–म्.

ત્રણ પ્રકારની અવસ્થા છે. જાગૃત–अ, સ્વપ્ન–उ, સુષુપ્ત અવસ્થા–म्.

ત્રણ પ્રકારની વાણી છે. વૈખરી–अ, મધ્યમા–उ, પશ્યંતી–म्.

ત્રણ સૃષ્ટિ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ વાણી લૌતિક છે. અર્ધમાત્રા અલૌતિક છે. લૌતિક અને ઐન્દ્રિયકમાંથી, અલૌતિક અને અતીન્દ્રિયમાં જવા માટે અર્ધ-માત્રા સેતુ બને છે. સર્જનમાંથી વિસર્જનમાં જવા માટે, ગુણોમાંથી ત્રિગુણાતીત થવા માટે, તુરીય અને તુરીયાતીત અવસ્થા પામવા માટે તથા 'પરા' અને અનાહતમાં જવા માટે અર્ધમાત્રા એ દ્વાર છે.

નાદનો અવ્યક્ત ધ્વનિ, ઇન્દ્રિયોનો ઘોંઘાટ શમી ગયા પછી શાન્તભાવે અનુભવાય છે. અહંકાર શમતાં પ્રગટતા નમસ્કાર દ્વારા મૂર્તિમાં આત્માનું અમૂર્ત સ્વરૂપ નિરખી શકાય છે.

નાદનો નેહ, શ્રી નવકારના સતત જાપમાંથી જન્મે છે. પરમ જ્યોતિ સ્વરૂપના દર્શનની લગની, શ્રી જિનપ્રતિમાના દર્શન-ધ્યાન આદિમાં રમણતા વધવાથી પુષ્ટ થાય છે.

આમ શ્રી નવકાર અને શ્રી જિનપ્રતિમા જીવમાત્રના કલ્યાણના કારણરૂપ છે, તેનું આલંબન એ જ આપણું લક્ષ્ય હો !

卐

# કાયોત્સર્ગનો પ્રભાવ

ઉપવાસથી ઇન્દ્રિય-જય, મનોનિગ્રહ, વાસના ક્ષય અને પ્રાણસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ઉપવાસ ત્રણ પ્રકારના છે : વાણીનો ઉપવાસ તે મૌન છે. મનનો ઉપવાસ તે ધ્યાન છે.

શરીરનો ઉપવાસ તે આહાર ત્યાગ અને એક સ્થાને સ્થિર આસન છે. શરીરના ઉપવાસથી ઇન્દ્રિયોનો જય, મનના ઉપવાસથી મનોનિગ્રહ અને વાણીના ઉપવાસથી પ્રાણનો વિજય થાય છે.

કાયોત્સર્ગમાં ત્રણે પ્રકારના ઉપવાસનો લાભ મળે છે. તેથી કાયોત્સર્ગની ક્રિયાને શાસ્ત્રમાં અભ્યંતર તપનો ઉત્કૃષ્ટ એક પ્રકાર કહ્યો છે.

આહાર ત્યાગરૂપ ઉપવાસની સાથે જેમાં મૌન, ધ્યાન અને એક સ્થાન સ્થિર થવાની ક્રિયા થાય છે, તે કાયોત્સર્ગનો અભ્યાસ પાડવામાં આવે, તો તપનો હેતુ જે કર્મક્ષય છે, તે અવશ્ય સિદ્ધ થાય છે.

કાયોત્સર્ગ (કાઉસગ્ગ) કર્મને આવવાના દ્વાર-મન, વચન અને કાયા તેનો નિરોધ કરે છે અને કર્મક્ષયના કારણ ઇન્દ્રિયજય, મનોનિગ્રહ અને વાસનાક્ષયનું સેવન થવાની સાથે પ્રાણ સિદ્ધિ જેનું બીજું નામ વીર્યવૃદ્ધિ છે, તેનો પણ લાભ મળે છે.

સ્થાન, મૌન અને ધ્યાન વડે થતો કાયાનો ઉત્સર્ગ એ અનુક્રમે દેહ, વાણી અને મન ઉપર પ્રભુત્વ અપાવે છે. દેહ, વાણી અને મન ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થવાથી પ્રાણ-શક્તિઓનો સંચય થાય છે. પ્રાણ શક્તિઓના આ સંચયનું બીજું નામ સંયમ છે. એ સંયમ સર્વ પ્રકારની સિદ્ધિઓનું બીજ છે.

યોગદર્શનમાં ધ્યાન, ધારણા અને સમાધિ એક જ વિષય ઉપર થાય, ત્યારે તેને સંયમ કહેવામાં આવે છે કાયોત્સર્ગ વડે થતો સંયમ એ યોગદર્શનમાન્ય સંયમથી અધિક છે.

કાયોત્સર્ગમાં ધ્યાન, ધારણા અને સમાધિ ઉપરાંત કાયાનું સ્થૈર્ય, વાણીનું મૌન પણ અભિપ્રેત છે. જો કે યોગદર્શન પણ ધારણા, ધ્યાન અને સમાધિરૂપ સંયમના અધિકારી યોગના પ્રથમ અંગો યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહારને સિદ્ધ કરનારને જ કહે છે, તો પણ તેમાં તરતમતાઓ રહેલી છે.

કાયોત્સર્ગમાં તો એ અંગના બધા અંગોનું સેવન અનિવાર્યપણે થતું હોવાથી સંપૂર્ણ યોગક્રિયા રૂપ છે. મનઃસંયમ ઉપરાંત ઇન્દ્રિયજય-સંયમરૂપ પ્રત્યાહાર, આસન-જય અને પ્રાણજયરૂપ આસન અને પ્રાણાયામ તથા કાયાના સંયમ વડે યમ નિયમનું પૂર્ણપણે પાલન થાય છે.

### કાયોત્સર્ગના લાભ

કાયોત્સર્ગથી દેહની અને બુદ્ધિની જડતા દૂર થાય છે. વાત વગેરે ધાતુઓનું વૈષમ્ય દૂર થાય છે, તેથી દેહનું આરોગ્ય વધે છે. બુદ્ધિની જડતા દૂર થવાથી વિચાર-શક્તિ વિકસે છે. સુખદુઃખ તિતિક્ષા થાય છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સમભાવ રાખવાની શક્તિ વધે છે. ભાવના તથા ધ્યાનનો અભ્યાસ વધે છે. અતિચાર તથા દોષોનું ચિંતન થાય છે. તેથી તેને સહેલાઈથી દૂર કરી શકાય છે, તેમ જ આત્મરતિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પણ થાય છે.

卐

## અભય—અદ્વેષ—અખેદ

'નમો અરિહંતાણં' પદના ધ્યાનથી અભય-અદ્વેષ-અખેદ એ ત્રણ ગુણોની સિદ્ધિ થાય છે.

શ્રી અરિહંતના ધ્યાનથી અભય, અદ્વેષ અને અખેદની પ્રાપ્તિ થાય છે. ભય, દ્વેષ, ખેદ વગેરે આત્મશત્રુઓ નાશ પામે છે.

શ્રી અરિહંતનું ધ્યાન એ અભેદ નયથી નિજ શુદ્ધાત્માનું ધ્યાન છે. તે અભય, અદ્વેષ અને અખેદ આપે છે.

અનાત્મામાં આત્મબુદ્ધિ, ભય, દ્વેષ અને ખેદજનક છે, એ જ બુદ્ધિ જ્યારે આત્મામાં આત્મબુદ્ધિ ધારણ કરે છે, ત્યારે ભય, દ્વેષ અને ખેદ ચાલ્યા જાય છે.

આત્માનું નિત્યત્વ ભયને હરે છે, શુદ્ધત્વ દ્વેષને હરે છે અને બુદ્ધત્વ ખેદને હરે છે.

આત્મામાં રહેલ સત્યત્વ ભયનું વિરોધી છે, ચૈતન્ય દ્વેષનું વિરોધી છે અને આનંદમયત્વ ખેદનું વિરોધી છે.

નામ-રૂપને બાદ કરીને જ્યારે સત્, ચિત્ અને આનંદ સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે, ત્યારે અભય, અદ્વેષ અને અખેદ ગુણ આપોઆપ પ્રગટ થાય છે.

અરિહંતનો આદિ અકાર, અભય સૂચક છે, ર કાર અદ્વેષ સૂચક છે અને હકાર અખેદ સૂચક છે.

અથવા શ્રી અરિહંત પરમાત્માઓને અભય, અદ્વેષ અને અખેદ ગુણની પૂર્ણ પ્રાપ્તિ થઈ છે, તેથી તેમનું ધ્યાન પછી, તે ત્રણ ગુણોને પ્રાપ્ત કરાવે છે, અથવા આત્મસ્વરૂપ પોતે જ અભય, અદ્વેષ અને અખેદ સ્વરૂપ છે, તેથી અભેદ બુદ્ધિએ થતું આત્માનું ધ્યાન, તે ત્રણ ગુણોને પ્રાપ્ત કરાવે છે.

'નમો અરિહંતાણં' પદનું નિરંતર ધ્યાન કરવામાં આવે તો અભેદાદિ ત્રણ ગુણોની સિદ્ધિ અવશ્ય થાય છે.

ભય મડદાલ છે, દ્વેષ ઝેરી છે, ખેદ નપુંસક છે.

એ સત્યનું જ્ઞાન અને ભાન સર્વ સત્તાધીશ શ્રી અરિહંતના સ્મરણ-મનન-ધ્યાનથી પૂર્ણતયા પરિણત થાય છે. તે પછી નિજાનંદનો અસ્ખલિત પ્રવાહ સ્વ-પરના કર્મમાલિન્યને ધોવાનો સ્વધર્મ સક્રિયપણે બજાવતો અનુભવાય છે.

## ધ્યેયનું ધ્યાન

આજ્ઞા વિચયાદિમાં દેવાધિદેવની આજ્ઞા એ ધ્યેય છે. અપાયવિચયમાં કષ્ટમય સંસાર એ ધ્યેય છે.

વિપાક વિચયમાં કર્મફળ એ ધ્યેય છે અને સંસ્થાન વિચયમાં ચૌદ રાજલોકનું સ્વરૂપ એ ધ્યેય છે.

એ રીતે મૈત્રી ભાવનામાં જીવનું 'જીવત્વ' એ ધ્યેય છે. પ્રમોદ ભાવનામાં 'ગુણાધિકતા' એ ધ્યેય છે.

કરુણા ભાવનામાં 'દુઃખાધિકત્વ' એ ધ્યેય છે અને માધ્યસ્થ ભાવનામાં 'પાપાધિકત્વ' એ ધ્યેય છે.

પિંડસ્થ ધ્યાનમાં પ્રભુજીનું 'જીવન' એ ધ્યેય છે.

પદસ્થ ધ્યાનમાં પ્રભુજીનું 'નામ' એ ધ્યેય છે.

રૂપસ્થ ધ્યાનમાં પ્રભુજીની 'આકૃતિ' એ ધ્યેય છે.

અને રૂપાતીત ધ્યાનમાં પ્રભુજીનો 'શુદ્ધ આત્મા' એ ધ્યેય છે.

એ ચારે ધ્યેયમાં એક જ પરમાત્મ તત્ત્વની મુખ્યતા છે.

પદસ્થ ધ્યાનમાં 'પદ' એટલે કૈવલ્યાદિ પદને પામેલા શ્રી તીર્થંકરાદિ અથવા 'પદ' એટલે આગમાદિની વચન પંક્તિઓ, તેનું ધ્યાન તે પણ પદસ્થ ધ્યાન કહેવાય છે.

રૂપાતીત ધ્યાન એ મુખ્યતાએ ધર્મધ્યાન છે અને ગૌણતાએ શુક્લ ધ્યાન છે.

પિંડ એટલે શરીર, પ્રભુજીના જીવ સહિત શરીરના આલંબનથી થતું ધ્યાન, તે પિંડસ્થ ધ્યાન છે અથવા પિંડ એટલે ધ્યાતાનું શરીર તેમાં રહેલું (પોતાના શરીરની અંદર) નાભિ વગેરે સ્થળોએ કમલાદિ ચિંતવી, જે ધ્યાન થાય તે પિંડસ્થ ધ્યેયનું ધ્યાન છે. પોતાના શરીરમાં પોતાના આત્માનું અથવા નવપદાદિનું ધ્યાન, તે પણ પિંડસ્થ ધ્યાન છે.

સિદ્ધાન્તમાં કહેલાં પવિત્ર પદો કે મંત્રપદોનું આલંબન કરીને ધ્યાન કરાય અથવા શ્રી જિનેશ્વરદેવ અને આચાર્યાદિ વગેરે ધ્યેય વસ્તુઓ ઉપર ચિત્તને એકાગ્ર કરાય અર્થાત પદવાચ્ય અરિહંતાદિ પદોને ધ્યેય બનાવીને ધ્યાન કરાય તે પણ પદસ્થ ધ્યાન છે.

ધ્યેયાકારે ધ્યાતાની પરિણતિ માટે આ સર્વ પ્રકારનાં ધ્યાન, એકસરખાં ઉપકારક છે. મૂળ મુદ્દો, પોતાની સમગ્રતાને આત્મામાં ઢાળવી તે છે.

卐

# શ્રી ગૌતમસ્વામીજીનું ધ્યાન

શ્રી ગૌતમસ્વામીજીનું ધ્યાન, સર્વાભિષ્ટ વસ્તુને આપનાર કહ્યું છે, તેનું કારણ તેમના ધ્યાનનું ધ્યાન છે.

જે આદરથી—અહોભાવપૂર્વક તેમણે શ્રી અરિહંત પરમાત્માનું ધ્યાન કર્યું હતું, તે ધ્યાનનું ધ્યાન સર્વાભિષ્ટપ્રદ છે.

શ્રી અરિહંતનું ધ્યાન તો કવચિત્ અભવ્યને પણ સંભવે છે, પરંતુ શ્રી અરિહંતના ધ્યાનનું ધ્યાન તો નિયમા ભવ્યને જ હોય.

શ્રી ગૌતમસ્વામીજીનું ધ્યાન તે શ્રી અરિહંતના ધ્યાનનું ધ્યાન કરનાર જીવનું ધ્યાન છે.

પૂર્ણ, શિવંકર, પરમ વિશુદ્ધ પરમાત્માના ધ્યાનનું ધ્યાન, પરિપૂર્ણ શરણાગતિ પછી જન્મે છે. જેનો જીવંત ઝળહળાટ શ્રી ગૌતમસ્વામીજીના શ્રી મહાવીરમય જીવનના અણુએ અણુમાં હતો.

આવા ધ્યાનની ભૂમિકા, સમર્પણયોગની સાધના સુદૃઢ થતાં બંધાય છે.

卐

# પ્રભુનું ધ્યાન

પ્રભુનું ધ્યાન કરવું એટલે પ્રભુના ધ્યાનનું ધ્યાન કરવું, એનો પરમાર્થ છે.

આત્માનું જ્ઞાન કરવું એટલે જ્ઞાનનું જ્ઞાન કરવું. વસ્તુ માત્રના જ્ઞાનનો જ્ઞાતા આત્મા છે, એમ દૃઢ કરવું.

પ્રભુનું ધ્યાન કરવું એટલે પ્રભુના ધ્યાનનું ધ્યાન કરવું. પ્રભુનું ધ્યાન વિશ્વવર્તી સર્વજીવો પ્રત્યે વાત્સલ્યવાળું છે. અને પોતાના આત્મામાં પૂર્ણતાની દૃષ્ટિવાળું છે.

પ્રભુના ધ્યાનનો વિષય-આત્મા દ્રવ્યદૃષ્ટિએ પૂર્ણતાથી ભરેલો છે—એ છે. તેથી પૂર્ણતાનું જ્ઞાન પ્રભુના ધ્યાનમાં નિશ્ચયથી રહેલું છે, એ જાતનું પ્રભુના ધ્યાન વિષયક ધ્યાન કરવું તે પ્રભુનું ધ્યાન છે.

પ્રભુના ગુણનું જ્ઞાન અને ધ્યાન એ જ સંસાર સાગરથી તારનારું છે.

એક તરફ સ્નેહદૃષ્ટિ અને બીજી તરફ પૂર્ણદૃષ્ટિ એ બે ઊઘડતાં જ જીવનમાં પ્રભુતા પ્રગટે છે, જેના પ્રભાવે સંસારનો ઉચ્છેદ થયા સિવાય રહેતો નથી.

卐

# તત્ત્વ નાદ

દૃશ્ય અનિત્ય છે, પર છે, સંસાર છે, બંધન છે, આવાગમન છે. દૃષ્ટા નિત્ય છે, સ્વ છે, બ્રહ્મ છે, મુક્તિ છે, નિર્વાણ છે. આ અનુભૂતિ ત્યારે થાય કે જ્યારે બુદ્ધિ મૌન ધારણ કરે છે, બુદ્ધિ પૂછવાનું ત્યજે છે, સમાધાન લાવતી નથી. સમાધાન મૌનથી સધાય છે અર્થાત્ ચિત્તની નિસ્તરંગ સ્થિતિમાં સમાધાન જળવાય છે. સમાધિ અનુભવાય છે.

પ્રભુને પોકારવા પડતા નથી, પણ પ્રભુનો પોકાર સાંભળવાનો હોય છે. બધા અવાજ-ધ્વનિ બંધ થઈ જાય છે, તે પછી પ્રભુનો નાદ ઉપલબ્ધ થાય છે. બધા અવાજ મુખ્યત્વે ઈચ્છાના ઘરના હોય છે એટલે એ અવાજ બંધ થતાં નિરીચ્છ પ્રભુનો અવાજ સંભળાય છે.

સમર્પિત થવાની ભાવના જેની પાસે છે અને પોતાની જાતને મિટાવી દેવાનું શૂન્ય બની જવાનું મહાપરાક્રમ જે દાખવી શકે છે, તે અમૃતજીવન પામી શકે છે, અર્થાત્ પ્રભુને પ્રાપ્ત કરી શકે છે.

ધર્મ એ વિસ્મરણ નહિ, જાગૃતિ છે. સ્વની પૂર્ણ જાગૃતિ છે, અહં બોધ મટી જવાથી પૂર્ણ બોધ થાય છે. બધી ક્રિયા શૂન્ય થાય અને એક સાક્ષી ચૈતન્ય અવશેષ રહે, તેનું નામ સાચી પ્રાર્થના છે.

દીપકમાં માટી અને જ્યોતિ બને છે. માટી પર ધ્યાન આપવાથી અંધકાર મળે છે; જ્યોતિ પર ધ્યાન કેન્દ્રવવાથી પ્રકાશ મળે છે. આ જ નિયમ દેહદૃષ્ટિ અને આત્મદૃષ્ટિને પણ લાગુ પડે છે. દેહભાવમાં આસક્ત રહે છે તે સંસારમાં રખડે છે. આત્મદૃષ્ટિવંત શીઘ્ર કર્મમુક્ત બને છે.

સ્મરણની જ્ઞાનની ઉપલબ્ધિ એ જ પ્રભુની ઉપલબ્ધિ છે.

## બે અવસ્થાઓ : નાદ અને શાંતિ

નાદનો જેટલો મહિમા છે, તેટલો જ નાદ પછી પથરાતી શાન્તિનો મહિમા છે.

જ્યાં કદી કોઈ અવાજ પ્રકટ્યો જ ન હોય, એવા સ્થળની શાન્તિ કરતાં, અવાજ પછીની શાન્તિ અનોખી હોય છે.

પહેલાં જ્યાં અવકાશ હોય છે, ત્યાં શબ્દ થયા પછી શબ્દનો ધ્વનિ વિલીન થયા પછી મૌન સ્થપાય છે.

મૌનમાં આગળ બોલાયેલા શબ્દો અને ધ્વનિ વિના પણ સૂક્ષ્મ રીતે તરી રહ્યા હોય છે.

કોઈ માણસના ચહેરા પરના વિષાદમાં આગળ બનેલી ઘટનાઓની અસર જોઈ શકીએ છીએ.

જેમ નાદ શમ્યા પછી એના ધ્વનિ પછીનું મૌન હોય છે, તેમ કવિ નથી હોતો ત્યારે પણ એની કવિતા રહેતી હોય છે. એ કવિતાનો મહિમા ઘણો જ હોય છે.

શબ્દની જેમ ધ્યાન પછીનું મૌન અને ધ્યાન પહેલાંનું મૌન એ બે વચ્ચે ઘણું અંતર છે.

ધ્યાન દ્વારા નવપદમય કે પંચપરમેષ્ઠિમય આત્મા બન્યા પછી જે આત્મસ્વરૂપમાં લીનતા આવે છે, તે પહેલાં ન જ આવે–નથી આવતી એ રીતે સામાયિકમય બનેલો આત્મા જે રીતે સામાયિક સ્વરૂપ બને, તે રીતે પહેલાં ન જ બને.

'आया सामाइए । आया सामाइयस्स अट्ठे ।' એ બે સૂત્રો દ્વારા જ સામાયિકનો અર્થ એ મળીને આત્મા થાય છે, એમ કહેવું છે.

એકલો 'आया सामाइए' નહિ પણ સામાયિક અર્થોની અપેક્ષા રાખીને આત્માને સામાયિક કહેલ છે. તેમ આત્મામાં નવપદ કે પંચપરમેષ્ઠિ–એ નવપદ કે પરમેષ્ઠિપદના ધ્યાનમાં લીન થનારની અપેક્ષાએ સમજવાં, કેવળ આત્મામાં નહિ.

નવપદ કે પંચ પરમેષ્ઠિમાં તન્મય બનેલો આત્મા. પોતે નવપદ અને પંચપરમેષ્ઠિમય બને છે અને તે આત્મા મંગળરૂપ બનીને કર્મક્ષય અને પાપક્ષયનો હેતુ બને છે, એમ સમજવું જોઈએ.

આ સ્પષ્ટતા એટલા માટે જરૂરી છે કે સાધના દ્વારા સિદ્ધિનો સિદ્ધાન્ત કેટલો પ્રમાણભૂત છે, તે બરાબર સમજાઈ જાય અને એકાન્ત નિશ્ચયનો દુરાગ્રહ છૂટી જાય.

卐

# મંત્ર

મંત્ર એટલે ગુહ્યભાષણ.

આત્માનું પરમાત્મા સાથે ગુહ્યભાષણ જે પદોથી થાય તે પદોને મંત્ર કહે છે.

ગુહ્ય ભાષણ એટલે અન્ય કોઈની હાજરી વિના, જાહેરાત વિના સ્વસાક્ષીથી "આત્મા-પરમાત્મા છે. આત્મા તત્ત્વથી પરમાત્મા છે. સર્વે જીવાત્મનઃ તત્ત્વતઃ પરમાત્મનઃ અથવા ફલતયા પરમાત્મા એવં જીવાત્મા" એ જાતિનું પોતાના આત્મામાં પોતાના શુદ્ધ સ્વરૂપનું મનન, તેને જ 'મંત્ર' એવી સંજ્ઞા આપવામાં આવે છે.

પુનઃ પુનઃ તે મંત્રણા-ગુહ્યકથન એ પોતાના સંકોચ-સ્વરૂપનો ત્યાગ કરાવી નિઃસીમ સ્વરૂપનું ભાન કરાવે છે અને તે ભાન જેમ-જેમ દૃઢ થતું જાય છે, તેમ-તેમ સંકલ્પ-વિકલ્પમાંથી મુક્ત કરી નિર્વિકલ્પ અવસ્થાની પ્રાપ્તિ કરાવે છે. આ અવસ્થાને ચિન્માત્ર સમાધિ અથવા સ્વશુદ્ધ સ્વરૂપની અનુભૂતિ પણ કહે છે

સાચો મંત્ર એક બાજુ દેવ-ગુરુ અને આત્મા તથા બીજી બાજુ મન-પવન અને આત્માનું ઐક્ય સધાવી આપનાર હોવાથી અંતરાત્મભાવનું સંવેદન કરાવનાર થાય છે.

અંતરાત્મભાવ એટલે આત્માની આત્મામાં પ્રતીતિ.

આ પ્રતીતિને દૃઢ-દૃઢતર બનાવવા માટે, સત્ય મંત્રોનું આરાધન પરમ સહાયભૂત થાય છે. તેમાં કારણ એ છે કે મંત્રના અક્ષરનું ઉચ્ચારણ પ્રાણની ગતિને નિયમિત કરે છે. પ્રાણની ગતિની નિયમિતતા મનને કાબૂમાં લાવે છે. મનનો કાબૂ આત્માને પ્રભુત્વ અપાવે છે.

મંત્રના અર્થોનો સંબંધ દેવ અને ગુરુતત્ત્વની સાથે હોય છે. તેથી દેવ અને ગુરુતત્ત્વનો બોધ કરાવી શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન કરાવે છે. એ રીતે સમ્યક્ક્રિયા અને સમ્યક્જ્ઞાન વડે મંત્ર અનંત ફળદાયી નીવડે છે.

મંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ એ આરાધનાની પ્રથમ શરત છે.

આ વિશ્વાસ જ મનને મંત્રમય બનાવવામાં મુખ્ય ભાગ ભજવે છે અને પરમ વિશ્વસનીય આત્મતત્ત્વમાં અભેદભાવ પેદા કરે છે.

卐

# મંત્રસિદ્ધિ

આમ્નાય, વિશ્વાસબાહુલ્ય અને ઐક્યભાવ મંત્ર-સિદ્ધિમાં સહકારી કારણો છે.

શબ્દ, અર્થ અને પ્રત્યયને પરસ્પર સંબંધ છે.

શબ્દથી અર્થની પ્રતીતિ થાય છે. એનો અર્થ દૂર રહેલ પદાર્થ પણ શબ્દના બળથી વિકલ્પરૂપે અર્થાત્ માનસ આકૃતિરૂપે પ્રતીત થાય છે, ઉપસ્થિત થાય છે.

પદને પદાર્થની સાથે વાચ્ય-વાચક સંબંધ છે. પદના ઉચ્ચારણ, સ્મરણ કે ધ્યાનથી વાચ્ય પદાર્થની પ્રતીતિ થાય છે.

શબ્દાનુસંધાનથી અર્થાનુસંધાન અને અર્થાનુસંધાનથી તત્ત્વાનુસંધાન થાય છે, તત્ત્વાનુસંધાનથી સ્વરૂપાનુસંધાન થાય છે.

સંભેદ પ્રણિધાનનો અર્થ સંબદ્ધ અથવા સંશ્લિષ્ટ ભેદ છે અને તે જ વાચ્યનો વાચક વડે સંસર્ગ સૂચવે છે.

ગુરુ પરંપરાગત આચારનું અનુસરણ તે આમ્નાય છે.

મંત્ર પ્રદાતા અને મંત્રશક્તિમાં અત્યંત વિશ્વાસ એ વિશ્વાસ બાહુલ્ય છે.

ગુરુ, મંત્ર, દેવતામાં એકત્વની ભાવનાને તાત્ત્વિક વિમર્શ કહેવાય છે. તેથી મંત્ર ચૈતન્ય શીઘ્રપણે પ્રગટે છે.

શબ્દમાં અર્થને કહેવાનું સ્વાભાવિક સામર્થ્ય છે અને તે સંકેત મુજબ કહે છે. સંકેત આમ્નાયને કહે છે. આમ્નાય ગુરુપરંપરાને કહે છે.

ગુરુ આપ્તપુરુષ છે. આપ્તતાના કારણે વિશ્વાસ બેસે છે.

મંત્રપ્રદાતા ગુરુની શક્તિમાં અને મંત્રના વર્ણપદોમાં અચિન્ત્ય સામર્થ્ય રહેલું છે, એવી શ્રદ્ધા અને વિશ્વાસ તે વિશ્વાસ બાહુલ્ય છે.

બીજું મહાન સહકારીકારણ અભેદ ભાવના છે. અર્થના પ્રત્યયની સાથે આત્માનો અભેદ રહેલો છે અને આત્માની સાથે દેવતા અને ગુરુતત્ત્વનો અભેદ રહેલો છે. એ રીતે ઐક્યનું ભાવન, આત્મજ્ઞાનનું સાક્ષાત્ કારણ બને છે.

મંત્રમાં શબ્દશક્તિ, પુરુષશક્તિ અને પ્રત્યયની સાથે અભેદ બુદ્ધિ જરૂરી છે. શબ્દ, અર્થ, પ્રત્યય અને તે બધાનો પુરુષની સાથે અભેદ મળીને પોતાનું કાર્ય કરે છે.

મંત્રજાપના અભ્યાસથી રજો–તમો મળ દૂર થાય છે. ઈડા–પિંગળા થંભી જાય છે. સુષુમ્ણા ખૂલે છે. પ્રાણ શક્તિની સહાયથી શુદ્ધ થયેલ મંત્રશક્તિ ઊર્ધ્વગમન કરે છે.

આ અવસ્થામાં અનાહતનાદના અનુભવનો પ્રારંભ થાય છે. તેને મંત્ર ચૈતન્યનો ઉન્મેષ થયો કહેવાય છે. મંત્ર ચૈતન્ય એટલે પ્રાણમય નાદશક્તિનો આવિર્ભાવ.

નાદાન્તના ભેદન પછી દેહાત્મભાવ સર્વથા નાશ પામે છે. તેથી આત્માની મહાન શક્તિઓનો અનુભવ થાય છે.

મંત્રસિદ્ધિના આ કારણોનું સ્વરૂપ જાણી, સમજી, સ્વીકારી, તે પ્રમાણે વર્તવાની ભલામણ છે. પ્રત્યેક કારણ એના સ્થાને એકસરખું ઉપકારી છે એમ સમજીને તેનો ઉપયોગ કરવામાં વિવેક દાખવવો જોઈએ.

卐

# મંત્રયોગ

શબ્દમાં સુરતા પરોવવી.

શ્રુતોપયોગને ભાવસંવર અને બહુ નિર્જરાદિ ગુણવાળો માનવો.

શ્રુતોપયોગ બહુ મૂલ્યવાન છે. તેનો હેતુ એ છે, કે શ્રુતદ્વારા શ્રુતને કહેનારા વીતરાગ પુરુષોમાં સુરતા પરોવાય છે.

દા.ત. સર્વ શ્રુતનો સાર **શ્રી** નવકાર છે. નવકારરૂપી સારભૂતશ્રુતમાં જ્યારે સુરતા ઉપયોગ પરોવાય છે, ત્યારે તે દ્વારા શ્રુતને કહેનારા સર્વજ્ઞ પુરુષોમાં ચિત્તવૃત્તિ જોડાય છે. સર્વજ્ઞત્વ આત્મતત્ત્વ છે. એટલે આત્મામાં ઉપયોગ જોડાય છે. નવકાર દ્વારા સર્વજ્ઞ, સર્વદર્શી શુદ્ધાત્મતત્ત્વને નમસ્કાર થાય છે. તે શ્રુત દ્વારા શ્રુતને પ્રકાશિત કરનાર સર્વજ્ઞ પુરુષોમાં ચિત્તવૃત્તિ પરોવાય છે.

શ્રી નવકારમાં નમનીય-નમસ્કાર્ય અને કથનીય આત્મતત્ત્વ બંને શુદ્ધ સ્વરૂપી હોવાથી તેમાં ચિત્તવૃત્તિનો ઉપયોગ, તે સંવર અને નિર્જરાનો હેતુ બને છે.

શ્રુતોપયોગ એ સોયમાં દોરો પરોવવાની ક્રિયારૂપ છે. અહીં સોય તે આત્મા છે, દોરો તે શ્રુત છે અને તેમાં ઉપયોગ તે સોયમાં દોરો પરોવવાની ક્રિયારૂપ છે. એકાગ્ર ઉપયોગ વડે તે કાર્ય સિદ્ધ થાય છે.

શ્રુતશબ્દ જ્ઞાનવાચક છે અને જ્યાં હોય ત્યાં જ્ઞાતા અને જ્ઞેય પણ હોય જ છે. જ્ઞાતા શ્રુતોપયોગવંત જીવ છે અને જ્ઞેય શ્રુત પ્રકાશમય શુદ્ધાત્મતત્ત્વ છે. શુદ્ધાત્મતત્ત્વને વિષે ઉપયોગ તે સર્વ સિદ્ધિનું કારણ છે. તે જ સમાપત્તિ છે. નિર્વાણફલપ્રદા યોગી-માતાની ઉપમા તેને ઘટે છે.

શ્રુત શબ્દ વડે કહેનારનો બોધ થાય છે અને સાંભળનારની પણ ઉપસ્થિતિ થાય છે તથા કથનીય તત્ત્વ તરફ પણ વૃત્તિ ખેંચાય છે. શ્રુતના કહેનાર આદ્ય પુરુષ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, શ્રુતને સાંભળનાર સર્વજ્ઞતાનો અર્થી જીવ છે અને શ્રુત વડે કથનીય તત્ત્વ સાક્ષાત્ યા પરંપરાએ શુદ્ધાત્મતત્ત્વ છે.

સર્વજ્ઞોનું જ્ઞાન શબ્દ વડે અભિવ્યક્ત થયેલું છે. શબ્દ એ સૂત્ર છે, તેમાં પરો-વાયેલ આત્મા તે સોય છે અને તેને વિષે ઉપયોગ તે સોયની સાથે દોરાની એકતાની અનુભૂતિ કરનાર મનોવ્યાપાર છે.

શ્રી નવકારરૂપી સૂત્રમાં ઉપયોગ તે શબ્દમાં સુરતાને પરોવવાની ક્રિયા છે.

શબ્દ એટલે કથક અને કથનીય શુદ્ધ આત્મતત્ત્વ, તેને વિષે મનનું વિલીનીકરણ તે સુરતા શબ્દયોગ છે. તેને જ મંત્રયોગ કહેવાય છે. શબ્દના મનન વડે આત્માનું ત્રાણ થાય છે, માટે તે મંત્ર છે.

સુરતા થતાં આત્માની સુરત પમાય છે, વિરક્તતા સહજ બને છે, અન્યત્ર નામ માત્ર રતિ રહેતી નથી. એટલે સર્વ વિરતિનાં પરિણામ જાગે છે.

સુરતાનું અંજન એટલે શ્રી નવકારનું સ્મરણ—શરણ મનન—ધ્યાન. જ્યારે જગતનો કોઈ પદાર્થ આપણને આંજી ન શકે ત્યારે માનવું કે આપણને સુરતા લાગુ પડી છે. સ્વાત્મસત્તા પ્રાપ્ત થઈ છે.

卐

# મૂર્તિ અને મંત્ર

સઘળાં દુઃખનું મૂળ જે આત્મ-અજ્ઞાન અને સઘળાં સુખનું મૂળ જે આત્મજ્ઞાન, તે અનુક્રમે ટાળવા અને આપવા માટે જ જિનમૂર્તિ અને જિન-આગમનનું અસ્તિત્વ છે.

આગમથી આત્મ-અજ્ઞાન ટળે છે. મૂર્તિથી આત્મજ્ઞાન મળે છે.

આગમના ઉપદેશક શ્રી તીર્થંકર, ગણધરો છે. તેથી શ્રી તીર્થંકર, ગણધરોનું અસ્તિત્વ પણ આત્મજ્ઞાન માટે છે. શ્રી તીર્થંકર, ગણધરોની ઉત્પત્તિ પણ સિદ્ધપણાનું અસ્તિત્વ છે, તેથી છે. સિદ્ધ-ગતિનો માર્ગ બતાવવા માટે અને સિદ્ધગતિ પામવા માટે જ તેમનો પ્રકાશ છે. તેથી પરંપરાએ સિદ્ધ પરમાત્મા જ સર્વના ઉપકારક છે.

સિદ્ધ પરમાત્મા અનાદિ અનંત છે અને તેમનું અસ્તિત્વ જીવોને નિગોદમાંથી બહાર કાઢવાથી માંડીને સિદ્ધ પદ સુધી પહોંચાડવા માટે સતત ક્રિયાશીલ છે. અક્રિય-પદ હોવા છતાં, ક્રિયામાત્રનું પ્રયોજક સિદ્ધ પદ છે, એ એક કોયડો છે. બધાનો હેતુ આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન થવાના વિવિધ ઉપાયો અને વિવિધ કારણોનો સંગ્રહ તે જૈનશાસન છે. તેમાં મૂર્તિ અને મંત્ર મુખ્ય છે. શીઘ્રપણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનાં તે સર્વોત્તમ સાધનો છે. કેમ કે તે બંનેમાં આત્મજ્ઞાની મહાપુરુષોનું પૂજન, સ્મરણ, ધ્યાન અને તે દ્વારા આત્મજ્ઞાનની સિદ્ધિ રહેલી છે.

આગમ આપ્તવચનરૂપ છે. તે બંનેના મહત્ત્વને બતાવે છે અને ચતુર્વિધ શ્રી સંઘમાં ઉપદેશ દ્વારા એકવાક્યતા જાળવી રાખે છે.

## યોગના અંગ

પદસ્થ ધ્યાનનું મૂળ, મંત્ર છે. રૂપસ્થ ધ્યાનનું મૂળ મૂર્તિ છે.

મંત્ર જિહ્વાથી જપાય છે. મૂર્તિ ચક્ષુથી જોવાય છે.

જિહ્વા દ્વારા થતાં મંત્રજાપ વડે અને ચક્ષુ દ્વારા થતાં મૂર્તિનાં દર્શન વડે યોગનાં આઠે અંગોનું સેવન થાય છે.

પ્રથમનાં પાંચ અંગ બહિરંગ સાધન છે. પછીનાં ત્રણ અંગ અંતરંગ સાધન છે.

બહિરંગ સાધનરૂપ બાહ્ય સંયમ એ ઇન્દ્રિયોનો અને પરંપરાએ પ્રાણ અને દેહનો સંયમ છે.

અંતરંગ સાધનરૂપ અંતરંગ સંયમ એ મન અને પરંપરાએ બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ઉપર સંયમ છે.

બહિરિન્દ્રિયનો સંયમ જેમ સંયમ છે, તેમ મનઃ–સંયમ પણ 'સંયમ' શબ્દ વાચ્ય છે.

બાહ્યાભ્યંતર ઉભય સંયમની સામગ્રી પૂરી પાડવાનું સામર્થ્ય મૂર્તિ અને મંત્રમાં રહેલું છે.

## મૂર્તિમાં શુદ્ધ આત્મદ્રવ્યનું મૂર્ત સ્વરૂપ

ભગવાનની મૂર્તિ એ શુદ્ધ આત્મદ્રવ્યનું જ મૂર્ત સ્વરૂપ છે.

મૂર્તિ તે સ્થાપના છે. આત્મદ્રવ્ય એ સાક્ષાત્ પરમાત્મા છે.

પર્યાયને ગૌણ બનાવીને, આત્મદ્રવ્ય તરફ જ્યારે દૃષ્ટિ વાળવામાં આવે, ત્યારે તે આત્મદ્રવ્ય સિદ્ધ પરમાત્માનું હો કે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવાત્માનું, હો, બંને સમાન છે.

ભગવાનની મૂર્તિમાં સિદ્ધ પરમાત્મા સદૃશ પોતાનું આત્મદ્રવ્ય છે, એવો નિશ્ચય જેઓને થયેલો છે તેવા પંચ મહાવ્રતધારી આચાર્યપદ પર્યંત પહોંચેલા મહાપુરુષો દ્વારા પ્રાણ–પ્રતિષ્ઠા કરાવાય છે, તેથી સિદ્ધ સદૃશ શુદ્ધ આત્મદ્રવ્યનાં નિરંતર દર્શન કરવા માટે તે મૂર્તિ ભવ્ય જીવોને પરમ આલંબન પૂરું પાડે છે.

પ્રતિષ્ઠિત મૂર્તિના દર્શન, વંદન, પૂજન વિનયાદિ વડે દર્શક, વંદક, પૂજકાદિ સ્વશુદ્ધાત્માનાં દર્શન, વંદન, પૂજન કરે છે, જેનું પરિણામ આત્મદ્રવ્યની સાથે એકત્વની અનુભૂતિમાં પરિણમે છે; જે મુમુક્ષુમાત્રનું પરમ ધ્યેય છે.

ભગવાનની મૂર્તિનાં દર્શનમાં ચતુર્વિધ શ્રી સંઘના શુદ્ધ આત્મદ્રવ્યનાં દર્શન થાય છે, કેમ કે, ચતુર્વિધ શ્રી સંઘની પ્રત્યેક વ્યક્તિ, શ્રી જિનેશ્વરદેવના દર્શનના નિયમવાળી હોય છે અને એ દેવના દર્શનમાં પોતાના પાપનો નાશ અને મંગળનો લાભ માને છે.

પાપનો નાશ થવાથી સમ્યગ્દર્શનનો લાભ થાય છે, તે જ મંગળનો લાભ છે.

સમ્યગ્દર્શન એટલે સ્વ–સ્વરૂપનું યથાર્થ દર્શન.

આત્માનું શુદ્ધ સ્વરૂપ તેના દ્રવ્યમાં છુપાયેલું છે. તે દ્રવ્ય સર્વ જીવોમાં રહેલું છે; તેના અજ્ઞાનના પ્રભાવે જ સંસાર અને તેના જ્ઞાનના પ્રભાવે જ મોક્ષ છે.

સંસાર અને મોક્ષ, પુણ્ય અને પાપ, સુખ અને દુઃખ એ બધું આત્મજ્ઞાન અને આત્મઅજ્ઞાનનું જ ફળ છે

શુદ્ધ આત્માનું જ્ઞાન દ્રવ્યરૂપે એક છે, તેનું સ્થાપન મૂર્તિમાં થયેલું હોય છે. તેથી મૂર્તિના દર્શનમાં સમગ્ર વિશ્વના શુદ્ધાત્મ–દ્રવ્યનું દર્શન થાય છે. એ દર્શન રાગદ્વેષરૂપી મળનો નાશ કરી શુદ્ધ સ્વરૂપની અભિવ્યક્તિ કરે છે.

મૂર્તિના દર્શનમાં સ્વરૂપનાં દર્શન છે. સ્વરૂપની સાથે એકત્વની અનુભૂતિનો ભાવ મૂર્તિમાં આરોપિત કરેલો છે. તે આરોપ એ અભેદારોપ છે. અભેદારોપ એટલે એકતાની અનુભૂતિનો ભાવ, તેનું મૂર્ત સ્વરૂપ તે મૂર્તિ.

શબ્દમાં જેમ સંકેતગ્રહ શબ્દબોધનું કારણ છે, તેમ મૂર્તિમાં અભેદારોપ એ ઉપાસનાનું બીજ છે.

## પ્રતિષ્ઠાવિધિ અને પ્રતિષ્ઠાકારક

મૂર્તિમાં પ્રતિષ્ઠાકારકનો પરમાત્મવિષયક સ્વ–આત્માનો અભેદભાવ આરોપિત થાય છે, તેથી મૂર્તિ તે અભેદભાવના વિષયભૂત પરમાત્માનું સ્મરણ કરાવે છે.

આરોપમાં નિમિત્ત અને પ્રયોજન હોવાં જરૂરી છે. નિમિત્ત સદૃશાકાર છે અને પ્રયોજન પરમાત્માની ઉપાસના, ધ્યાનાદિ છે.

કાષ્ઠ યા પાષાણની મૂર્તિમાં પરમાત્મ સદૃશ આકૃતિ હોવાથી તેમાં આરોપ સહજ બને છે. નિરાલંબનમાં પ્રવૃત્તિ કરવા માટે આલંબન આવશ્યક છે. મૂર્તિ તે આલંબન પૂરું પાડે છે.

પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિના દર્શનથી, પરમાત્મવિષયક સ્વ–આત્માનો અભેદ મૂર્ત સ્વરૂપ ધારણ કરે છે. અમૂર્ત ભાવનું મૂર્ત મૂર્તિમાં સ્થાપન અને મૂર્તિના દર્શનાદિ વડે અમૂર્તભાવનું ભાવન, એ રીતે પરસ્પર કાર્યકારણ ભાવ છે.

મૂર્તિમાં પ્રતિષ્ઠાકારક ભાવાચાર્યની સમાપત્તિનું સ્થાપન થાય છે. સમાપત્તિવિષયક ભાવનું આરોપણ થાય છે, તેથી તે મૂર્તિના દર્શનથી વ્યુત્પન્ન સમ્યગ્દૃષ્ટિને સમાપત્તિનું દર્શન થાય છે. અને વ્યુત્પન્નને પ્રતિષ્ઠાનું પ્રત્યભિજ્ઞાન થાય છે. એટલે કે આ મૂર્તિ પ્રતિષ્ઠિત છે, એવું જ્ઞાન થવાથી દર્શકને પ્રતિષ્ઠાવિધિ તથા પ્રતિષ્ઠાકારક આચાર્યનું સ્મરણ થાય છે.

પ્રતિષ્ઠાવિધિ, એ પ્રવર્તકતાસંબંધથી પરમાત્માનું જ્ઞાન કરાવે છે અને આચાર્યનું જ્ઞાન કરાવે છે અને આચાર્યનું સ્મરણ એ તેમણે સ્થાપેલા ભાવનું સ્મરણ કરાવે છે. ઉભયમાં પરમાત્માનું સ્મરણ અનુસ્યૂત હોવાથી પરમાત્મા સદૃશ આત્માનું સ્મરણ થાય છે, એ સ્મરણ પરંપરાએ મુક્તિહેતુક બને છે અને સાક્ષાત્ ધર્મનું કારણ થાય છે.

## મૂર્તથી અમૂર્ત તરફ

મંત્ર, મૂર્તિ અને પૂજા એ ઉપાસનાનાં મુખ્ય ત્રણ સાધનો છે.

મંત્રમાં વર્ણની પ્રધાનતા છે. મૂર્તિમાં આકારની પ્રધાનતા છે અને એ વડે જે પરમ તત્ત્વની ઉપાસના થાય છે, તેનું નામ પૂજા છે.

પૂજા, સત્કાર, સન્માન એ બધા એકાર્થક છે અને ભક્તિ-બહુમાનના ઉત્પાદક છે.

ભક્તિ એ બાહ્ય પ્રતિપત્તિ છે અને બહુમાન એ આંતરપ્રીતિ છે.

બાહ્ય પ્રતિપત્તિ, આંતરપ્રીતિની ઉત્પાદક છે અને આંતરપ્રીતિ બાહ્ય પ્રતિપત્તિની પ્રેરક છે. બાહ્ય અને આંતર એ દ્રવ્ય અને ભાવની જેમ પરસ્પર સંબંધિત છે.

દ્રવ્ય એ કારણ છે અને ભાવ એ કાર્ય છે. એ મુજબ બાહ્ય એ કારણ અને આંતર એ કાર્ય છે. એવી જ રીતે ભાવ એ કારણ અને દ્રવ્ય એ કાર્ય તથા આંતર ભાવ એ કારણ અને બાહ્ય ક્રિયા એ કાર્ય, એમ પરસ્પર એક-બીજા કાર્યકારણરૂપે પ્રવર્તે છે.

મનુષ્યને અંતર્મુખ થવા માટે આંતર તરફ લઈ જનારાં પ્રતીકો, સાધનો અને બાહ્ય વસ્તુઓ પરમ નિમિત્ત બને છે. એ નિમિત્તો દ્વારા આંતરિક પ્રદેશોમાં જવાનું થાય છે, તેથી તેને સાલંબન ધ્યાન પણ કહે છે.

મૂર્તથી અમૂર્ત તરફ, સાલંબનથી નિરાલંબન તરફ, દ્રવ્યથી ભાવ તરફ, સ્થૂલથી સૂક્ષ્મ તરફ એ ક્રમ છે.

પ્રમત્ત અવસ્થા પર્યંત આલંબન અનિવાર્ય છે. પગથિયાના આલંબનથી જ મેડા ઉપર જવાય છે, દોરડાના ટેકાથી ઊંચે ચડાય છે, એ નિયમ આંતરિક સાધનાને પણ લાગુ પડે છે. એટલા માટે જ કહ્યું છે કે,

> आलंबनादरोद्भूत-प्रत्यूह-क्षय-योगतः ।
> ध्यानाद्यारोहणाद्भ्रंशो योगिनां नोपजायते ॥ १ ॥

卐

# મંત્ર, મૂર્તિ અને પૂજા

મંત્ર એ વર્ણોનો સમૂહ છે.

મૂર્તિ એ આકૃતિરૂપ હોવાથી યંત્રસ્વરૂપ છે.

મંત્રનો જાપ, યંત્રનું ધ્યાન અને તે બે વડે ઇષ્ટની પૂજા એ તંત્રનું સાધન છે.

નવ પ્રકારની ભક્તિમાં, પ્રથમની ત્રણ ભક્તિ મંત્ર દ્વારા થાય છે. પછીની ત્રણ મૂર્તિ દ્વારા થાય છે અને છેલ્લી ત્રણ ભક્તિ સાક્ષાત્ ભગવાનની પૂર્વાપર અવસ્થા દ્વારા થાય છે.

પ્રથમ ત્રણ ભક્તિનાં નામ શ્રવણ, સ્મરણ અને કીર્તન છે.

પછીની ત્રણનાં નામ વંદન, પૂજન અને અર્ચન છે.

છેલ્લી ત્રણનાં નામ દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન છે.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-એ ચાર નિક્ષેપ વડે શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની નવ પ્રકારે થતી ભક્તિ એ મુક્તિનું સાધન છે.

મંત્ર નામ સ્વરૂપ છે.

મૂર્તિ યંત્ર સ્વરૂપ છે.

દ્રવ્ય એ સિદ્ધ અને સાધક અવસ્થા છે તથા ભાવ એ વિદ્યમાન ઉપકાર કરનારી સાક્ષાત્ અવસ્થા છે.

શ્રી અરિહંત ભગવંતની મૂર્તિ, પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન, પૂજન, વંદનાદિ કરવા માટેનું આલંબન પૂરું પાડે છે.

શ્રી અરિહંત ભગવાનનો મંત્ર—'નમો અરિહંતાણું'—પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપનું સ્મરણ, ચિંતન, ધ્યાન કરવા માટેની સામગ્રી પૂરી પાડે છે.

મંત્ર-સ્મરણ, મનન, કીર્તન માટે થાય છે.

મૂર્તિ-વંદન, પૂજન, અર્ચન માટે છે.

મંત્ર અને મૂર્તિ, નામ અને રૂપ દ્વારા શુદ્ધ સ્વરૂપની ભક્તિનું સાધન બને છે.

ભક્તિ દ્વારા એકતાની અનુભૂતિ થાય છે. તે અનુભૂતિ જ સર્વ ક્રિયાઓ અને સાધનાઓનું અંતિમ ફળ છે.

## મૂર્તિમાં પ્રણિધાન

સાધુ અને શ્રાવકની સમાચારીમાં, પ્રતિષ્ઠિત મૂર્તિનાં દર્શન કરતી વખતે ચતુર્વિધ શ્રી સંઘનું પ્રણિધાન કરવા માટે વિધાન છે. તેનો અર્થ, ચતુર્વિધ શ્રી સંઘની સમાપત્તિનાં દર્શન કરવાનું વિધાન છે.

ચતુર્વિધ શ્રી સંઘની પ્રભુમૂર્તિમાં સમાપત્તિ સ્થાપેલી છે. તેનું દર્શન કરવાથી ચતુર્વિધ શ્રી સંઘનો આત્મભાવ વિકસિત થાય છે, સમાપત્તિમાં દૃઢતા પેદા થાય છે, પરમાત્મ તુલ્ય આત્મભાવની શ્રદ્ધા-સુદૃઢ બને છે, આત્મધ્યાનની ક્રિયામાં પ્રોત્સાહન મળે છે. તેથી મિથ્યાત્વરૂપી મળ નાશ પામે છે, બહિરાત્મભાવનો વિલય થાય છે, અંતરાત્મભાવ જાગે છે; આત્મામાં પરમાત્મભાવનું ભાવન થાય છે. તેથી પ્રતિષ્ઠિત મૂર્તિનું દર્શન, પૂજન અવશ્ય કર્તવ્ય છે.

પ્રતિષ્ઠિત મૂર્તિ, એક દિવસ પણ અપૂજ ન રહે તેની કાળજી શ્રી સંઘ રાખે છે, તેની પાછળ કારણ શ્રી સંઘની સમાપત્તિ તેમાં સ્થાપિત થયેલી છે, તે છે.

જે મૂર્તિ પ્રતિષ્ઠિત છે, તે મૂર્તિમાં ચતુર્વિધ શ્રી સંઘની સમાપત્તિ રહેલી છે, તેથી પ્રતિષ્ઠિત મૂર્તિનાં દર્શન કરતી વખતે ચતુર્વિધ શ્રી સંઘના શુદ્ધ આત્માનાં દર્શન થાય છે, તેનું નામ ચતુર્વિધ શ્રી સંઘનું પ્રણિધાન છે.

## મંત્રમાં પ્રણિધાન

મૂર્તિમાં જેમ ચતુર્વિધ શ્રી સંઘની સમાપત્તિનો અભેદ આરોપ છે, તેમ મંત્રમાં સર્વ સમ્યગ્દૃષ્ટિનો શુદ્ધ આત્મા વાચ્ય બને છે; તેથી મંત્રનું સ્મરણ, સર્વ સમ્યગ્દૃષ્ટિ આત્માના શુદ્ધ આત્માનું સ્મરણ છે. કેમ કે મંત્રનું મંત્રત્વ સમાપત્તિ નિરૂપક વાચ્યના આલંબનત્વમાં રહેલું છે.

મંત્ર એ સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવની સમાપત્તિના વિષયભૂત પરમાત્માના સ્મરણનું આલંબન છે. તેથી મંત્રના સ્મરણ વખતે કેવળ શબ્દનું ઉચ્ચારણ નથી, કિન્તુ શબ્દ વાચ્ય સમાપત્તિ-અંગભૂત-પરમાત્માનું સ્મરણ થાય છે. સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોના વિશુદ્ધ આત્મા સાથે પોતાના અંતરાત્માનું ગુહ્ય સંભાષણ થાય છે તેથી પરસ્પર ધર્મસ્નેહ વધે છે. એનું જ નામ મંત્ર-ચૈતન્યની જાગૃતિ જણાય છે અને એ જ તત્ત્વથી મંત્રનું મંત્રત્વ છે.

## ચતુર્વિધ શ્રી સંઘની વતી પ્રણિધાન

પ્રતિષ્ઠિત પ્રતિમામાં તાત્ત્વિક પ્રતિષ્ઠાનો ઉપચાર કરવામાં આવ્યો છે.

તાત્ત્વિક પ્રતિષ્ઠા એટલે મુક્તિગત પરમાત્માનું રૂપ પોતાના આત્મામાં છે, તેથી પોતે જ પરમાત્મ સ્વરૂપ છે એવી ભાવના.

આ ભાવના જેઓના હૃદયમાં સ્થિર થયેલી છે, તેવા ગુણવંત આચાર્ય દ્વારા તે ભાવનો ઉપચાર, જિનોક્ત વિધિ-વિધાન દ્વારા, પ્રતિમામાં કરવામાં આવે છે. તેને ઔપચારિક પ્રતિષ્ઠા કહેલી છે.

તે પ્રતિષ્ઠાથી પ્રતિષ્ઠિત મૂર્તિનાં જ દર્શન-પૂજનાદિ વિહિત થયેલાં છે, તેથી દર્શક-પૂજકાદિને પ્રતિષ્ઠિત મૂર્તિના દર્શન-પૂજનાદિથી તાત્ત્વિક પ્રતિષ્ઠાનાં સ્મરણાદિ થાય છે.

આ મૂર્તિ પ્રતિષ્ઠિત છે, એવી પ્રત્યભિજ્ઞા વડે ચતુર્વિધ શ્રી સંઘ, મૂર્તિનાં દર્શન પૂજન કરે છે, તેનો અર્થ ચતુર્વિધ શ્રી સંઘ વતી પ્રતિષ્ઠિત થયેલ તેમના આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શનાદિ કરે છે; તેનો લાભ ચતુર્વિધ શ્રી સંઘને નિરંતર મળે છે. અર્થાત્ બધાની આત્મજાગૃતિ કાયમ રહે છે.

**પૂજા વખતે પ્રણિધાન**

મૂર્તિના દર્શન વખતે ચતુર્વિધ શ્રી સંઘની પ્રત્યેક વ્યક્તિ, ચતુર્વિધ શ્રી સંઘ વતી દર્શનાદિ કરે છે તેનો લાભ ચતુર્વિધ શ્રી સંઘને નિરંતર મળે છે. તેનું કારણ– 'અમારા વતી દર્શનાદિ કરજો' એવી પરસ્પરને કહેવાની સમાચારી સાધુ-શ્રાવકની કહેલી છે.

એ સમાચારીના બળથી સાધુ–શ્રાવકના શુદ્ધ આત્માનું પ્રણિધાન દર્શનાદિ વડે નિત્ય થતું હોય છે. તેનાથી ચતુર્વિધ શ્રી સંઘનું સૌભાગ્ય વધતું રહે છે. ભાવ–આરોગ્ય, ધૃતિ, મતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, મેધાદિની નિત્ય વૃદ્ધિ થાય છે. પુત્ર, મિત્ર, ગોત્ર, કલત્ર અને સર્વત્ર લોકમાં શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ થયા કરે છે.

શાન્તિ એટલે ક્લેશની નિવૃત્તિ, તુષ્ટિ એટલે સંતોષવૃત્તિ, પુષ્ટિ એટલે સંતોષાદિજનિત સુખની વૃદ્ધિ.

પ્રતિષ્ઠિત મૂર્તિની પૂજાનું આ મહત્ત્વ હોવાથી પ્રતિષ્ઠા મહોત્સવાદિની ઉજવણીમાં ઉલ્લાસની વૃદ્ધિ સ્વાભાવિક બને છે. સર્વના સુખની વૃદ્ધિ થાય તેવા અનુષ્ઠાનમાં પ્રસન્નતા વધે જ.

卐

# મંત્ર, મૂર્તિ અને આજ્ઞા

શબ્દ વડે વ્યક્ત થતો અભેદ તે મંત્ર છે. સ્થાપના ( આકૃતિ ) વડે અભિવ્યક્ત થતો અભેદ તે મૂર્તિ છે.

આજ્ઞાપાલન વડે પ્રગટતો અભેદ તે આજ્ઞા—આપ્તવચનનું અનુસરણ છે.

એકમાં વાચ્ય–વાચક સંબંધ, બીજામાં સ્થાપ્ય–સ્થાપક સંબંધ અને ત્રીજામાં કાર્યકારક સંબંધ પ્રધાનપણે પોતાનું કાર્ય કરે છે.

મંત્રમાં સકળ શ્રી સંઘની સમાપત્તિ વાચકતા સંબંધથી રહેલી છે. મૂર્તિમાં તે જ સમાપત્તિ સ્થાપકતા સંબંધથી રહેલી છે અને આપ્તવચનમાં તે સમાપત્તિ, કારણના સંબંધથી રહેલી છે.

સ્વ–નિરૂપક વાચ્યાલંબનત્વ સંબંધથી સમાપત્તિ મંત્રમાં રહેલ મંત્રત્વની જનની છે.

સ્વ–નિરૂપક સ્થાપ્યાલંબનત્વ સંબંધથી સમાપત્તિ મૂર્તિમાં પ્રતિષ્ઠિતત્વ વ્યવહારની ઉત્પાદક છે.

સ્વ–નિરૂપક ભાવાલંબનત્વ સંબંધથી સમાપત્તિ આપ્તવચનના અનુસરણમાં, દ્રવ્યાજ્ઞાપાલનત્વ વ્યવહારની ઉત્પાદક છે.

મતલબ કે મંત્ર વડે જ્ઞાન, મૂર્તિ વડે સમાપત્તિનું દર્શન અને આજ્ઞાપાલન વડે તેનું સમ્યગ્ આચરણ થાય છે.

મૂર્તિમાં 'પરમાત્મ તુલ્ય આત્મા' એ ભાવને મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે.

મંત્રમાં 'પરમાત્મ તુલ્ય આત્મા' એ અર્થને કહેનાર શબ્દસમૂહને ગોઠવવામાં આવ્યો છે.

આજ્ઞામાં 'પરમાત્મ તુલ્ય આત્મા' એવું ધ્યાન કરવાની સામગ્રી પૂરી પાડવામાં આવી છે.

મંત્ર વડે 'પરમાત્મ સદૃશ આત્મા' છે, એ વાતનું મનન અને જ્ઞાન થાય છે, મૂર્તિ વડે તેનું દર્શન થાય છે અને આજ્ઞાપાલનના ભાવ વડે તેનું પ્રત્યક્ષ આચરણ થાય છે.

બધી ક્રિયાઓ, બધી ભાવનાઓ અને બધાં દર્શનોની સફળતા, પરમાત્મ સદૃશ આત્મ તત્ત્વના જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં છે.

આત્મા જ્ઞાનથી જણાય છે, દર્શનથી દેખાય છે અને ચારિત્રથી જીવાય છે. તપથી શુદ્ધ થાય છે.

नाणेण जाणइ भावे दंसणेण च सद्दहइ ।
चरित्तेण निगृहंणाति, तवेण परिसुज्झइ ॥१॥

આત્માનું ધ્યાન પરમાત્માની મૂર્તિમાં, પરમાત્માના નામના મંત્રમાં અને પરમાત્માની આજ્ઞાના પાલનમાં જુદી જુદી રીતે રહેલું છે.

## પરમાત્માનું ધ્યાન—શુદ્ધ આત્માનું ધ્યાન

મૂર્તિમાં સ્થાપ્યના સંબંધ વડે, મંત્રમાં વાચ્યના સ્મરણ વડે અને આજ્ઞાપાલનમાં આજ્ઞાકારકના સંબંધ વડે પરમાત્માનું ધ્યાન થાય છે. અને પરમાત્માનું ધ્યાન એ એક પ્રકારે પોતાના જ શુદ્ધ આત્માનું ધ્યાન છે. એ ધ્યાન સિદ્ધ કરવા માટેનું આલંબન મૂર્તિ, મંત્ર અને આગમ પૂરું પાડે છે.

આગમ આપ્તવચનરૂપ છે અને તે વચનના આદ્ય પ્રકાશક શ્રી અરિહંત પરમાત્મા છે. શ્રી અરિહંત પરમાત્માનું અનુષ્ઠાન દ્વારા થતું સ્મરણ જ આત્મામાં પરમાત્મપણાની બુદ્ધિ પેદા કરી આપે છે.

બાહ્યાત્માનો ત્યાગ કરી, પ્રસન્ન ચિત્તવાળા અંતરાત્મા વડે પરમાત્માનું ભાવન કરવાની આજ્ઞા શાસ્ત્રોમાં ઠેરઠેર ફરમાવેલી છે, તેની આરાધના મૂર્તિ, મંત્ર અને આગમ વડે થાય છે.

મંત્ર વડે મનન, મૂર્તિ વડે દર્શન અને આગમ વડે અનુસરણ થાય છે.

મનન મનથી, દર્શન ચક્ષુથી અને અનુસરણ કાયાથી થાય છે.

મંત્રથી મનનનું પરિણામ, સમ્યગ્જ્ઞાનમાં આવે છે, મૂર્તિથી દર્શન, પૂજન, સ્તુતિ, સ્તોત્રનું પરિણામ સમ્યગ્દર્શનમાં આવે છે અને આગમથી થતા અનુસરણનું પરિણામ ચારિત્રમાં આવે છે.

ચારિત્ર ગુણ યોગની સ્થિરતારૂપ છે અને જ્ઞાન-દર્શન ગુણ ઉપયોગની શુદ્ધતારૂપ છે.

મૂર્તિ અને મંત્ર વડે ઉપયોગની શુદ્ધિ થાય છે, આત્માના જ્ઞાન-દર્શન ગુણ નિર્મળ થાય છે. જ્ઞાનની સમજણ, દર્શનની શ્રદ્ધા, સ્પષ્ટ અને દૃઢ થાય છે. મન-વચન-કાયાના વ્યાપારો રૂપ ચારિત્ર ગુણ નિયમિત બને છે. આત્મામાં આત્માની, આત્મા વડે સ્થિરતા તે જ અનુક્રમે ચારિત્ર, દર્શન અને જ્ઞાન ગુણ છે. એ સ્થિરતા પરમાત્મ સ્વરૂપનો પોતાના આત્મામાં જ અનુભવ કરાવી મોક્ષનો હેતુ બને છે.

આગમ એટલે આપ્તવચન.

આપ્ત સર્વજ્ઞ, સર્વદર્શી છે, તેથી તેમનાં વચન દ્વારા થતું આપ્તનું સ્મરણ સર્વજ્ઞ, સર્વદર્શી એવા પરમાત્માની સત્તાનો સ્વીકાર કરાવે છે અને એ સત્તાનો સ્વીકાર આત્મ-તત્ત્વ પ્રત્યે પરમ આકર્ષણ પેદા કરે છે.

આપ્તવચન બીજી બાજુ, જીવોની ભૂમિકાને અનુરૂપ વર્તન અને તેનો બોધ કરાવે છે. ભૂમિકાને અનુરૂપ સદ્વર્તન વડે જીવ અસદ્વર્તનજનિત અશુભાસવના દોષથી ઊગરી જાય છે, શુભાસ્રવ અને સંવરનો અધિકારી બને છે. પરમાત્મ તુલ્ય આત્માના ધ્યાન વડે નિર્જરા તત્ત્વનો લાભ થાય છે.

શુભાસ્રવ, સંવર અને નિર્જરા એ ત્રણ મળીને ધર્મતત્ત્વ બને છે.

એ ધર્મતત્ત્વ ચારિત્ર ગુણને વિકસાવે છે.

સમ્યક્ ચારિત્ર એ સમ્યગ્ દર્શન સમ્યગ્જ્ઞાનથી યુક્ત હોય છે તેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણેની એકતા થવાથી આગમનું અનુસરણ એ મુક્તિનો માર્ગ બને છે.

આગમનું બહુમાન, એ જ મોક્ષનું બહુમાન છે.

મૂર્તિ એ પરમાત્માની સાકાર મુદ્રા છે.

સાકાર વડે નિરાકારનો બોધ થાય છે. નિરાકાર પોતાનો આત્મા છે, તેનો બોધ થવાથી અનાત્મ તત્ત્વ તરફનું આકર્ષણ શમી જાય છે. તેનું નામ વૈરાગ્ય છે. અને આત્મતત્ત્વ તરફનું આકર્ષણ વધી જાય છે, તેનું નામ ભક્તિ છે.

વૈરાગ્ય એ સંસારના પ્રવાહ તરફ વળતી ચિત્તવૃત્તિને રોકે છે. ભક્તિ એ, કૈવલ્યના પ્રવાહ તરફ ચિત્તવૃત્તિને વાળે છે.

મૂર્તિના ધ્યાન વડે ધ્યાતાને ધ્યેયની સાથે એકતાનો અનુભવ થાય છે.

ધ્યાતા અંતરાત્મા છે, ધ્યેય પરમાત્મા છે અને ધ્યાન એ વૃત્તિનો ધ્યેયને વિષે અખંડ પ્રવાહ છે. મૂર્તિ દ્વારા તે સધાય છે, તેથી તેને પરમ આલંબન માન્યું છે.

મૂર્તિમાં ભગવદ્ભાવનો અભેદ આરોપ થાય છે અને આત્મામાં પરમાત્મભાવનો અભેદ આરોપ થાય છે. પરમાત્મભાવને આત્મભાવમાં લાવવા માટેનું પરમ સાધન મૂર્તિ છે.

**મંત્ર**

મનનું રક્ષણ કરે તે મંત્ર અથવા મનન વડે રક્ષણ કરે તે મંત્ર છે.

મનન મુખ્યત્વે મન વડે થાય છે, તેથી મન દ્વારા આત્માનું રક્ષણ જે સાધનથી થાય તે મંત્ર છે, એવો અર્થ થયો.

મંત્રમાં મનન કરાવવાનું સામર્થ્ય વર્ણસમૂહ વડે થાય છે. વર્ણસમૂહનું ઉચ્ચારણ પ્રાણ વડે થાય છે એટલે મંત્ર મનની જેમ પ્રાણની સાથે સંબંધ ધરાવે છે. કેવળ મનનું જ નહિ, પણ પ્રાણનું પણ જે શુદ્ધીકરણ કરે તે મંત્ર છે. કહ્યું છે કે–

'गुरू–मंत्र–देवताऽऽत्म–मनः–पवनानामैक्यनिष्कलनात् मंत्रः ।'

શબ્દનો સંબંધ પવન સાથે, પવનનો મનની સાથે અને મનનો સંબંધ આત્મા, અંતરાત્મા અને પરમાત્મા સાથે છે.

પરમાત્મા એ દેવ છે. અંતરાત્મા એ ગુરુ છે. તેની સાથે આત્માની એકતા કરાવનાર મંત્ર છે કેમ કે, મંત્ર એ પ્રાણ અને મન ઉભયની સાથે સંબંધ ધરાવે છે તથા પ્રાણ અને મન આત્માની સાથે સંબંધ ધરાવે છે.

મંત્રનો પરમાત્માની સાથે વાચ્ય-વાચક-ભાવનો સંબંધ છે. અંતરાત્માની સાથે જ્ઞાતા–જ્ઞેય ભાવનો સંબંધ છે. એ સંબંધનું જ્ઞાન મન દ્વારા થાય છે. એ સંબંધની ક્રિયા પ્રાણ દ્વારા થાય છે.

વર્ણને પ્રાણની સાથે, પ્રાણને મનની સાથે, મનને આત્માની સાથે, આત્માને પરમાત્માની સાથે અને પરમાત્માને અંતરાત્માની સાથે પરસ્પર અવિનાભાવી સંબંધ છે. તેથી વર્ણ–સમૂહાત્મક મંત્રનું આરાધન કરવાથી પ્રાણ, મન, આત્મા, પરમાત્મા અને ગુરુ એ બધાંની સાથે સંબંધ બંધાય છે. અને એ સંબંધનું જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ જેમ જેમ વધુ પ્રમાણમાં થતું જાય છે, તેમ તેમ જીવની કર્મથી, કર્મજનિત ઋણથી અને ઋણજનિત ચાર ગતિમાં પરિભ્રમણ કરવારૂપ અનર્થથી મુક્તિ થાય છે.

એ 'મુક્તિ' અનંત અને અવ્યાબાધ સુખથી યુક્ત છે.

મંત્ર પાંચ પર્યાયને જણાવે છે.

મૂર્તિ પાંચ પર્યાયના આધારભૂત દ્રવ્યને જણાવે છે અને આગમ એ દ્રવ્યને અભિમુખ પર્યાયને બતાવવાની રીતને જણાવે છે.

પાંચ શુદ્ધ પર્યાયનું અસ્તિત્વ આ વિશ્વમાં છે, એમ શ્રી પંચ પરમેષ્ઠીમંત્રનું (નવકારનું) અસ્તિત્વ સાબિત કરે છે.

પર્યાયનો આધાર દ્રવ્ય છે તેથી શુદ્ધ પર્યાયનું ઉત્પત્તિ-સ્થાન દ્રવ્ય છે. તે દ્રવ્યનાં દર્શન કરવાનું આલંબન મૂર્તિ છે.

મૂર્તિ દ્રવ્યનું દર્શન કરાવે છે, કે જે દ્રવ્યરૂપી મૂળમાંથી શુદ્ધ પર્યાય પ્રગટેલ છે.

પર્યાય એ પત્ર કે શાખાના સ્થાને છે તો, દ્રવ્ય એ મૂળ અને થડના સ્થાને છે. પ્રત્યેક પત્ર વૃક્ષની શાખાને જણાવે છે અને પ્રત્યેક શાખા થડને જણાવે છે. અને થડ એ જમીનમાં દટાયેલાં પણ બધાના કારણભૂત મૂળિયાંને જણાવે છે. એ જ ન્યાયે શુદ્ધ પર્યાયો દ્રવ્યના આધારે છે.

પર્યાયના સ્મરણનું સાધન મંત્ર છે તો દ્રવ્યના દર્શનનું સાધન મૂર્તિ છે.

દ્રવ્યની સન્મુખ થવાથી શુદ્ધ પર્યાય પ્રગટે છે એમ જણાવનાર આગમ છે. તેથી આગમને આપ્તવચન તરીકેની ખ્યાતિ છે.

卐

# મૂર્તિ, મંત્ર અને શાસ્ત્ર

શાસ્ત્ર, મૂર્તિ કે મંત્ર, શાસ્ત્રનાં આદિ પ્રરૂપક-મૂર્તિના સ્થાપ્ય દેવ કે મંત્રના વાચ્ય પરમાત્મા સાથે કાર્ય-કારણ, સ્થાપ્ય-સ્થાપક અને વાચ્ય-વાચક ભાવનો સંબંધ ધરાવે છે, તેથી તે દરેકને આગળ કરવાથી તેના કારણ, સ્થાપ્ય અને વાચ્યને જ આગળ કરાય છે અને તેને આગળ કરવાથી તેની સાથે દ્રવ્ય, ગુણ અને પર્યાય વડે સામ્યને ધારણ કરનાર નિજ આત્માને જ આગળ કરાય છે.

નિજ આત્માને આગળ કરવાથી અનાત્મતત્ત્વ પ્રત્યેની પ્રીતિનો વિલય થાય છે, આત્મતત્ત્વ પ્રત્યે પ્રીતિ-ભક્તિ જાગે છે અને તેના પરિણામે કર્મબંધનના હેતુ છૂટી જાય છે અથવા કર્મક્ષયના હેતુ આવી મળે છે.

કર્મક્ષયનો પ્રધાન હેતુ આત્મજ્ઞાન છે અને આત્મજ્ઞાનનો સીધો ઉપાય આત્મધ્યાન છે. આત્મધ્યાનનું આલંબન પરમાત્મધ્યાન છે, પરમાત્મધ્યાનનું આલંબન શાસ્ત્ર, મૂર્તિ અને મંત્રમાં રહેલું છે. તેના અનુષ્ઠાન વડે, અનુષ્ઠાનને બતાવનાર શાસ્ત્ર અને શાસ્ત્રના આદ્ય પ્રકાશક શ્રી તીર્થંકર પરમાત્મા અને ગણધર ભગવંત આદિનું ધ્યાન થાય છે.

એ ધ્યાન વડે આત્મજ્ઞાન થાય છે. આત્મજ્ઞાન વડે સકળ કર્મનો ક્ષય થઈ, મોક્ષનો લાભ થાય છે.

આ રીતે મૂર્તિ, મંત્ર અને શાસ્ત્ર, જીવને શિવપુરીમાં પહોંચાડનાર શ્રેષ્ઠ આલંબન-રૂપ સિદ્ધ થાય છે. તે પૈકી કોઈ એકની પણ ઉપેક્ષા કર્મવૃદ્ધિમાં પરિણમે છે. કર્મ વધતાં

જીવનો સંસાર વધે છે; સંસારના ત્રિવિધ તાપમાં જીવને શેકાવું પડે છે, રીબાવું પડે છે.

માટે વિવેકી આત્માએ સદા હર્ષોલ્લાસપૂર્વક મૂર્તિ, મંત્ર અને શાસ્ત્રની અનુક્રમે પૂજા, જાપ અને સ્વાધ્યાયની રુચિ વધારીને સંસાર ઘટાડવો જોઈએ.

卐

# માતૃકા માહાત્મ્ય

મંત્ર સિદ્ધિમાં આમ્નાય અને વિશ્વાસ બાહુલ્ય એ બે મહત્ત્વનાં સહકારી કારણો છે.

ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, પ્રાણ એ બધામાં ઐક્યની ભાવના એ તાત્ત્વિક વિમર્શ છે. તેથી મંત્ર ચૈતન્ય શીઘ્રપણે પ્રગટ થાય છે.

પદ એ કામધેનુ છે. તેનું પદસ્થ આલંબન લેતાં શીખવું જોઈએ. એક જ 'अर्हं' શબ્દને શ્રુત, ચિંતા, ભાવના જ્ઞાનથી સુજ્ઞાત અને સુપ્રયુક્ત કરવામાં આવે તો તે મોક્ષ પર્યંતનાં ફળ આપે છે.

બીજા પદસ્થ ધ્યાનોમાં ધ્યેયનો આકાર વિકલ્પ રૂપે મનમાં આવે છે. જ્યારે માતૃકાના સ્મરણમાં મન નિરાકાર રહે છે, તેથી નાદાનુસંધાન થતાં જ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય ક્ષયોપશમ થવાથી આત્મામાં શીઘ્રતઃ જ્ઞાન પ્રકટતું જાય છે.

માતૃકા અને જ્ઞાનશક્તિનો ગાઢ સંબંધ છે. માતૃકા એ જ્ઞાનમય તેજનું જનન, પાલન અને શોધન કરે છે. તેથી તે ચાર પ્રકારની છે :

(૧) વૈખરી (૨) મધ્યમા (૩) પશ્યંતી (૪) પરા

વૈખરીનું ઉત્પાદન પ્રાણવૃત્તિ, મધ્યમાનું ઉપાદાન બુદ્ધિ અને પશ્યંતી પરાનું ઉપાદાન જ્યોતિ છે. જ્યોતિ જ એનું સ્વરૂપ છે.

માતૃકાના યોગ્ય સ્મરણથી મનુષ્ય અંતે સર્વજ્ઞ બની શકે છે. માતૃકા અનાદિ અનંત છે. સિદ્ધાંતનું પરમ પદ છે. આત્માની પરમજ્યોતિ છે. બીજમાંથી અંકુરની જેમ માતૃકાક્ષરોમાંથી સર્વ શાસ્ત્રો ઉત્પન્ન થાય છે. માતૃકાક્ષરો અનાદિ સિદ્ધ છે. સિદ્ધાન્ત, તર્ક, શ્રુત, વિદ્યા આદિનાં મૂળ છે. તેમાં 'अ, र, ह,' એ ત્રણ વિશિષ્ટ તત્ત્વો છે. તેમાં સર્વજ્ઞ પરમાત્માની સ્મૃતિ રહે છે.

માતૃકાના ખરા રહસ્યને જાણે તે ફરી ગર્ભાવાસમાં આવતો નથી.

ચારે વાણી મળીને પૂર્ણ શબ્દ બ્રહ્મ થાય છે. માતૃકા મંત્રોની માતા છે. તેથી પરમ ભક્તિ વડે તેની આરાધના કરવી જોઈએ.

'अर्हं' પદ તે શ્રી અરિહંત પરમાત્માનો શબ્દમય દેહ છે. તે જ પદમયી દેવતા છે. મંત્ર અને તેના વાચ્ય દેવતા અપેક્ષાએ અભિન્ન છે. એ કારણે મંત્ર પોતે વાચ્ય દેવતાથી થતાં સર્વ કાર્યો કરી શકે છે.

પદ બે પ્રકારના છે: સ્થૂલ અને સૂક્ષ્મ. પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે તે જ દેવતા સ્વરૂપ બની જાય છે.

પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે, વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે. પ્રકાશ શિવતત્ત્વ અને વિમર્શ એ શક્તિ તત્ત્વ છે. આ વિમર્શ એ જ તાત્ત્વિક મંત્ર દેવતા, મંત્રમય દેવતા અથવા પદમય દેવતા છે. એ આત્માની અમૃતકલારૂપ છે.

તેથી પ્રત્યેક માતૃકાક્ષરનું માન, સન્માન, બહુમાન કરવું અને તે દ્વારા આત્મજ્ઞાન તેમજ આત્મભાનવંત બનવું જોઈએ.

卐

# મનની માવજત

મન જેમ પાપની જડ છે, તેમ ધર્મની પણ જડ છે. મનને મારવાનું નથી, પણ મન દ્વારા સાધના કરવાની છે.

મન ચંચળ છે, એ એનો દોષ નથી પણ સ્વભાવ છે. મન ચંચળ અને સ્ફુર્તિ-શીલ છે, એટલે જ તે ચિંતન પ્રધાન બની શકે છે અને શાસ્ત્ર સિદ્ધાંત, જ્ઞાન–વિજ્ઞાન, ઉપર કાબૂ મેળવી શકાય છે.

મનમાં ચિંતન કરવાની અગર હિલચાલ કરવાની કે ફેરફાર કરવાની શક્તિ ન હોત, તો હજારો પ્રકારની શોધ અને તે દ્વારા ઐશ્વર્ય–વૈભવાદિની પ્રાપ્તિ ક્યાંથી શક્ય હોત?

શ્રુતજ્ઞાનનું મૂળ મન છે. મનની આ મનનશક્તિ વડે જ તે સ્ફૂર્તિપ્રદ, સ્વચ્છ, નિર્મળ અને તેજસ્વી એવા શ્રુતજ્ઞાનનું કારણ બની શકે છે. મન દ્વારા જ મનુષ્યોએ મહેલ બનાવ્યા છે, શબ્દ નિર્માણ કાર્યો કર્યા છે અને મન દ્વારા જ સ્વર્ગ તથા મોક્ષ સુલભ બને છે.

શરીર અને ઇન્દ્રિયો તો પશુઓને પણ છે. વળી તેમાં શક્તિ પણ વિશેષ હોય છે. છતાં મનુષ્ય કરતાં પશુ નિર્બળ ગણાય છે કારણ કે તેમને પ્રગટ મન હોતું નથી. તેથી મનવાળો માનવી પશુને વશ કરી શકે છે. પછી ભલે તે અશ્વ હોય કે હાથી, ઊંટ હોય કે પાડો હોય. તાત્પર્ય કે બળવાન એવું મન મળવું એ પણ એક પ્રકારનો પુણ્યોદય છે. આવા બળવાન મનનો સદુપયોગ કરવાની કળા એક માનવભવમાં જ સાધી શકાય છે.

### મનનો ઉપયોગ

માણસ પોતે ખરીદેલી કિંમતી વસ્તુનો જે વિવેકથી સદુપયોગ કરે છે, માવજત કરે છે, તે જ વિવેકથી મનનો સદુપયોગ કરવામાં આવે, તો વિશ્વ વિસ્મયકારી મહાકાર્યો તેના દ્વારા થઈ શકે. સદુપયોગ એટલે સતનો ઉપયોગ. મનને સદા સતની સેવામાં જોડી દેવું તે સદુપયોગ છે.

નદીમાં નિર્મળ જળ ભરપૂર હોય છે અને પ્રચંડ વેગપૂર્વક વહેતું હોય છે, તે ખોટું નથી પણ તેને તરવાની કળા ન જાણવી તે ભૂલ છે, પ્રમાદ છે. સમુદ્ર ઘણો ઊંડો છે, તો પણ મનુષ્ય બુદ્ધિના બળથી તેને પાર કરવા માટે સ્ટીમરો બનાવીને તેને પાર કરી જાય છે. સમુદ્રમાં પાણી ન હોવું એ ઇચ્છવા યોગ્ય છે કે હોવા છતાં બુદ્ધિનાં બળથી તેનો તાગ પામવો અને તે પમાડનાર મન હોવું, તે ઈચ્છવા યોગ્ય છે?

તાત્પર્ય કે શક્તિ, સ્ફૂર્તિ અને વેગવાળું મન મળ્યા પછી તેને સાધવું જોઇએ. તેના પર કાબૂ મેળવવાની કળા હસ્તગત કરવી જોઈએ. સુખ-દુઃખ બંને અવસ્થામાં સ્વસ્થ કેમ રહેવાય, તે સારી રીતે જાણવું જોઈએ. દુઃખ વખતે વજ્રવત્ કઠોર અને સુખ વખતે પુષ્પવત્ કોમળ રહી શકાય, તે માટેનો ઉપાય જાણવો જોઈએ.

મન રૂપી ઘોડાને કાબૂમાં રાખવા માટે જ્ઞાન રૂપી લગામ બસ છે. તોફાની ઘોડાને ચાબૂકથી ફટકારી-ફટકારીને મડદા જેવો બનાવવાથી કામ સુધરતું નથી, પણ બગડે જ છે. તેમ મનને કચડવાના પ્રયત્નોથી જીવન સુધરતું નથી, પણ કથળે છે.

મન રૂપી ઘોડાને જ્ઞાનરૂપી લગામથી અંકુશમાં રાખવો, તે સર્વ પ્રકારે હિતાવહ છે. તે માટે તપ, સંયમ, સ્વાધ્યાય, ચિંતન, મનન, ધ્યાનાદિનો સતત અભ્યાસ રાખવો જોઈએ. અભિમાન, લોભ, તૃષ્ણા આદિ ઉપર ધ્યાનનું નિયંત્રણ ન રહે, તો અનર્થનો પાર ન રહે. દ્વન્દ્વ, સંઘર્ષ, ઘૃણા, કલહાદિથી બચવા જ્ઞાનનું બળ જ સમર્થ છે.

મનને વશ કરવા માટે આત્માના શુદ્ધ સ્વરૂપનો બોધ શ્રેષ્ઠ સાધન છે, તેથી આત્મસ્વરૂપનું વ્યવસ્થિત ચિંતન કરતા રહેવાય, તો મન મારફત મંગળકારી કાર્યો થતાં રહે.

卐

## મનવશીકરણ

'सा विद्या या विमुक्तये ।' ત્રિવિધ તાપથી મુક્ત કરે તે વિદ્યા.

અક્ષરાધીન શબ્દ છે, શબ્દાધીન જ્ઞાન, જ્ઞાનાધીન વાસના છે અને વાસનાધીન મન છે. મનને આધીન સુખ-દુઃખ છે.

દુઃખ જોઈતું હોય તો મનને બગાડો, સુખ જોઈતું હોય તો મનને સુધારો.

મનને સુધારવાનો ઉપાય સ્વાધ્યાય છે. તે જપરૂપ અને શાસ્ત્રાધ્યયનરૂપ બે પ્રકારનો છે.

મન એટલે એકત્ર કરેલા સંસ્કાર, શુભાશુભ વાસના. વાસના અને સંસ્કાર એ અનુદ્ભૂત શબ્દરાશિ સ્વરૂપ છે.

અણુ જેટલા મનને વશ કરવાનું કામ સમુદ્રને શોષવા કરતાં કે મેરૂનું ઉન્મૂલન કરવા કરતાં પણ દુષ્કર છે. સ્વાધ્યાય જપથી તે સુકર–સરળ છે. મંત્ર વિજ્ઞાન વડે તે સહેલાઈથી વશ થઈ શકે છે.

કાંટા વડે કાંટાની જેમ વિશિષ્ટ શબ્દો વડે શુભાશુભ વાસનાઓના પુંજરૂપ મનને જીતી શકાય છે.

પ્રત્યેક યંત્રના મૂળમાં એક ચક્ર સાથે 'નિયામક' (Regulator) અને 'રોધક' (Break) હોવાં જોઈએ. ન હોય તો હાનિ થવા સંભવ છે.

તે જ રીતે, મનરૂપી ચક્રથી જે વ્યવહાર કરવાનો છે, તેમાં પણ તેને આપણી ઈચ્છા અનુસાર સંચાલન અને નિરોધ કરવાની શક્તિ હોવી જોઇએ.

મનરૂપી ચક્રને ધીચક્ર પણ કહે છે. તેના આધારે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તાવસ્થાનો વ્યવહાર ચાલે છે.

## મનની શક્તિ

મન એ વાસના પુંજરૂપ હોવાથી સતત ગતિમાન છે, તેના ઉપર બ્રેક ન હોય તો અર્થાત્ ચિત્તવૃત્તિઓ સંયત ન હોય તો તે, આહારાદિ સંજ્ઞાને આધીન રહે છે. રાત–દિવસ પશુવત રખડપટ્ટી કર્યા કરે છે.

અસંયત મન એટલે જીવાત્માને અવશીભૂત મન, મનની ગુલામી. ચિત્ત સતત વેગવાન હોવાથી અશાન્ત રહે છે. અશાન્તિ એ જ દુઃખ છે. સંયત ચિત્ત વડે વાસ્તવિક સુખનો અનુભવ થઈ શકે છે.

સ્થૂલ અને સૂક્ષ્મ તત્ત્વોમાં સર્વ શ્રેષ્ઠ તત્ત્વ મન છે. તેને વશ કરવાથી વાણી આદિ ઈન્દ્રિયો વશ રહે છે. 'जितं जगत् केन ? मनो हि येन ।' જગત કોણે જીત્યું ? જેણે મનને જીત્યું, એણે જગતને જીત્યું.

સુખદુઃખજન્ય રાગ–દ્વેષાત્મક વૃત્તિઓ જાગે છે, ત્યારે સ્વ–સ્વ ભાષાને અનુરૂપ શબ્દ સ્ફુરણાકાર સંકલ્પ વિકલ્પ થાય છે.

ભોગોન્મુખ સંકલ્પો ભોગ્ય પદાર્થો મેળવવા માટે તે–તે ઇન્દ્રિયોને પ્રેરે છે. દુર્બળ સંકલ્પ હોય તે શાન્ત થઈ જાય છે. એ રીતે દિવસ–રાત સાર્થક અને નિરર્થક સંકલ્પ–વિકલ્પ ઊઠતાં જ રહે છે. અને ઘાણીના બળદની જેમ જીવને ભમાવ્યા કરે છે. વધારે શબ્દજ્ઞાન તેમ વધારે ગતિશીલતા અને વધારે ગતિશીલ મન.

શબ્દ સંસ્કારજન્ય મનશ્ચક્રની ગતિને વિશિષ્ટ શક્તિસંપન્ન મંત્રના વારંવાર ઉચ્ચારણ રૂપી જપકર્મ વડે નિયમનમાં રાખી શકાય છે.

જેના જપ, ચિંતન, મનન વડે ત્રિવિધ તાપથી રક્ષણ થાય તે મંત્ર છે.

અક્ષરમાંનું અક્ષરત્વ, મન કરતાં પણ સૂક્ષ્મ હોવાથી મનને વશીભૂત કરી શકે છે.

મનવશીકરણ માટેની અમાપ શક્તિ આવા ૬૮ અક્ષરોવાળા શ્રી નવકારમાં રહેલી છે.

卐

# અદ્વેષ, મૈત્રી અને નિર્વિષય મન

## તત્ત્વની પ્રાપ્તિમાં પાયાનો ગુણ

તત્ત્વવિષયક જિજ્ઞાસા પહેલાં અદ્વેષ અને જિજ્ઞાસા પછી શુશ્રૂષા હોય તો તે તાત્ત્વિક બને છે.

'યોગનું અંગ અદ્વેષ છે પહેલું, સાધન સવિ લહે તેહથી વહેલું.'

એમ પૂ. શ્રી યશોવિજયજી મહારાજ દ્વેષ પાપસ્થાનકની સજ્ઝાયમાં કહે છે.

યોગની આઠ દૃષ્ટિઓમાં પ્રથમ મિત્રા દૃષ્ટિમાં 'અદ્વેષ' ગુણ પ્રગટે છે.

પછી તારા, બલ, દીપ્રા વગેરે દૃષ્ટિઓમાં અનુક્રમે જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ વગેરે ગુણો પ્રગટે છે.

યોગની પૂર્વસેવામાં પણ દેવપૂજા, સદાચાર અને તપની સાથે ચોથો 'મુક્ત્યદ્વેષ' (મુક્તિનો અદ્વેષ) ગુણ મુખ્ય માન્યો છે.

અભવ્યોને અખંડ શ્રમણપણાના પાલનથી નવ ગ્રૈવેયક પર્યંતની પ્રાપ્તિ કહી છે, ત્યાં પણ મુક્તિનો અદ્વેષ તત્કાલ પૂરતો તેઓને હોય છે. તેના બળથી જ તે ક્રિયા તેમને ગ્રૈવેયકની પ્રાપ્તિ કરાવે છે.

આ બધો વિચાર કરતાં તત્ત્વની પ્રાપ્તિમાં પાયાનો ગુણ 'અદ્વેષ' છે.

## 'અદ્વેષ' એ શું પદાર્થ છે?

અદ્વેષ પછી જ સાચી જિજ્ઞાસા, પછી શુશ્રૂષા અને શુશ્રૂષા પછી જ શ્રવણ, ગ્રહણ, ધારણ, ઊહાપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન માનેલાં છે.

અદ્વેષ ગુણની પ્રાપ્તિ પછી જ બધા ગુણોની પ્રાપ્તિ સુલભ બને છે.

તો 'અદ્વેષ' એ શું પદાર્થ છે?

જીવને અનાદિકાલીન દુઃખ (પદાર્થ) ઉપર દ્વેષ છે અને દુઃખના મૂળ 'પાપ' ઉપર પ્રેમ છે.

એ રીતે સુખ ( પદાર્થ ) ઉપર પ્રીતિ છે, પણ સુખનું જે મૂળ છે તે 'ધર્મ' ઉપર દ્વેષ છે.

'पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति सादराः ॥'

એ રીતે જ્ઞાની પુરુષોએ માનવીની સાધારણ વૃત્તિનું નિદાન કર્યું છે.

ધર્મ ઉપરનો આ દ્વેષ અજ્ઞાનજન્ય છે અને તે ( દ્વેષ ) ધર્મ, ધર્મી અને ધર્મનાં સાધનો પ્રત્યે હોય છે.

સાચું સુખ મુક્તિમાં છે.

પરંતુ અનાદિ અજ્ઞાન અને મિથ્યાત્વના કારણે જીવને મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ–પ્રસ્થિત મહાપુરુષો ઉપર અનુરાગને બદલે દ્વેષ હોય છે. તે દ્વેષ પહેલાં ટળવો જોઈએ.

મુક્તિના રાગમાં તો મુક્તિને મેળવી આપવાનું સામર્થ્ય છે જ, પણ મુક્તિ પ્રત્યે અદ્વેષ પણ આવી જાય, તો પણ સંસારના ઉચ્ચ કોટિનાં સુખ આપવાનું સામર્થ્ય તેમાં છે જ.

તે દ્વેષ ટાળવાનો અને અદ્વેષ કેળવવાનો પ્રાથમિક ઉપાય શું છે? તેના વિચારમાંથી માર્ગાનુસારિતાના ગુણોનું વર્ણન છે.

## ન્યાયયુક્ત વ્યવહારનો પાયો

તેમાં પ્રથમથી જ વૈભવ, વિવાહ, આહાર આદિ પ્રત્યેક ક્રિયામાં 'ન્યાયબુદ્ધિ'ને આગળ કરેલ છે.

ન્યાયયુક્ત વૈભવ, ન્યાયયુક્ત વિવાહ, ન્યાયયુક્ત વેષ, ન્યાયયુક્ત વ્યય, સ્થાન, સંગ આદિનું વર્ણન છે.

આ ન્યાયયુક્ત વ્યવહારનો પાયો શો છે, તેને ટૂંકમાં કહેવું હોય તો 'આત્મૌપમ્યભાવ' છે, એમ કહેવાય.

માર્ગાનુસારિતાથી માંડીને આગળની ભૂમિકાવાળાને દાન, દયા, પૂજન, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મનાં જેટલાં અંગો છે, તે બધાંયમાં 'આત્મૌપમ્યભાવ'નો ક્રમિક વિકાસ છે.

એ ક્રમિક વિકાસનું ધ્યેય સિદ્ધ થાય તો તે ભાવધર્મ છે અને ન થાય તો તે દ્રવ્યધર્મ છે.

દ્રવ્યધર્મ પણ ભાવધર્મની સિદ્ધિ અર્થે હોય તો પ્રધાન દ્રવ્ય છે અને તે અર્થે ન હોય તો અપ્રધાન દ્રવ્ય છે.

આત્મૌપમ્યભાવ એક બાજુ દ્વેષભાવ ટાળી આપે છે અને બીજી બાજુ સામગ્રીના સદ્ભાવે સ્નેહભાવને વિકસાવે છે.

દ્વેષનો અભાવ અને સ્નેહનો ભાવ–એ બે એક નથી.

દ્વેષનો અભાવ અભવ્યને પણ સંભવે છે. પરંતુ મુક્તિ, મુક્તિમાર્ગ કે મુક્તિમાર્ગ-પ્રસ્થિત મહાપુરુષો તરફ અભવ્યના આત્માને સ્નેહનો ભાવ પ્રગટી શકતો નથી.

## નિર્વિષય મનની સાચી વ્યાખ્યા

ધ્યાનનું એક લક્ષણ 'તત્ત્વાર્થસૂત્ર'માં 'एकाग्रचिन्ता-निरोधोध्यानम्।' એ રીતે કર્યું છે.

ચિત્તવૃત્તિનો કોઈ એક પ્રશસ્ત વિષયમાં નિરોધ કરવો તે ધ્યાન છે.

યોગદર્શન મુજબ વિજાતીય વૃત્તિના અંતરરહિત સજાતીય વૃત્તિનો તૈલધારાવત્ અવિચ્છિન્ન પ્રવાહ ( तत्प्रत्ययैकतानता ) તેને ધ્યાન કહ્યું છે.

અહીં 'નિર્વિષય' મનને ધ્યાન કહ્યું છે.

નિર્વિષયનો અર્થ નિર્વિકલ્પ અર્થાત્ વૃત્તિરહિત ચિત્ત, એવો થઈ શકે.

વૃત્તિરહિત ચિત્તના ત્રણ અર્થ થઈ શકે: મનોગુપ્તિની વ્યાખ્યામાં તે ત્રણે પ્રકારના ચિત્તનું વર્ણન છે.

## ત્રણ પ્રકારનાં ચિત્ત

विमुक्तकल्पनाजालं = આર્તરૌદ્રધ્યાનથી રહિત

समत्वे सुप्रतिष्ठितं = ધર્મધ્યાનથી સહિત

आत्मारामं मनः = શુક્લ ધ્યાનથી યુક્ત,

નયભેદે આ ત્રણે પ્રકારના ચિત્તને 'નિર્વિષય' કહી શકાય અને એ ત્રણેની ઉત્પત્તિ 'આત્મૌપમ્યભાવ'માંથી થઈ શકે, તેમજ તેને સામાયિકવાળું ચિત્ત પણ કહી શકાય.

'त्यक्तार्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्तं समता या तां, विदुः सामायिकव्रतम् ॥

અહીં જે બે ઘડીની સમતા 'સામાયિકવ્રત'માં વર્ણવી છે તે અને મનોગુપ્તિમાં ત્રણ પ્રકારના ચિત્તની વૃત્તિ ગણાવી છે તે એક જ છે.

'निर्विषयं चित्तं ध्यानम्' ત્યાં 'શબ્દાદિ વિષયોના ચિંતનનો અભાવ' એટલો જ અર્થ નથી લેવાનો, કિન્તુ ( 'आत्मारामं मनः' ) ચિત્તની આત્મારામતા–આત્મરમણતા પણ વિવક્ષિત છે.

તે જાતની ચિત્તની વૃત્તિ, વિષયોમાં દોષદર્શન માત્રથી થતી નથી, કિન્તુ સર્વ વિષયોમાં પ્રધાન એવો વિષય 'આત્મા', તેમાં રમણતા કેળવવાથી થાય છે.

અને આત્મારામતા, સર્વ આત્માઓને આત્મતુલ્ય જોવા માત્રથી જ નહિ, પણ સાથોસાથ આત્મામાં રહેલ પરમાત્મતત્ત્વ જોવાથી આવે છે.

અભવ્યના આત્માઓને પણ ગ્રૈવેયકમાં નિર્વિષયતા આવે છે, પણ આત્મારામતા નથી આવતી.

આત્મારામતા માટે આત્મતત્ત્વ પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થવી જોઈએ. અને એ પ્રીતિ જ સમત્વભાવની તાત્ત્વિક જનેતા છે.

વિષયો પ્રત્યેના વૈરાગ્યથી, 'સમસુખદુઃખતા' આવે છે અને આત્મતત્ત્વના પ્રેમથી 'વાસીચંદન કલ્પતા' 'સમશત્રુ મિત્રતા' પ્રગટે છે.

એ બંને મળીને વાસ્તવિક 'निर्विषय' मनः' બને છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ વિષયોની વિપાક વિરસતા સમજતો હોવાથી મોક્ષને છોડીને બીજી કોઈ વસ્તુ ઉપર પ્રીતિ ધરાવતો નથી.

મોક્ષ ઉપરની પ્રીતિની કસોટી, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ-પ્રસ્થિત મહાપુરુષો ઉપર પ્રીતિ હોવી તે છે.

બીજી બાજુ તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) વિષયાસક્ત (મિથ્યાદૃષ્ટિ) જીવો ઉપર કરુણા-બુદ્ધિવાળો હોય છે.

જગતમાં સૌથી વધારે દુઃખી કોણ? તેના ઉત્તરમાં શ્રી તીર્થંકર પરમાત્માએ ફરમાવ્યું છે કે, 'અવિરત સમ્યગ્દૃષ્ટિ'

બીજા જીવો સ્વદુઃખે દુઃખી છે.

જ્યારે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ ચતુર્ગતિમાં ભ્રમણ કરી રહેલા અને મિથ્યાત્વ, અજ્ઞાનાદિથી રિબાતા જીવોના દુઃખે પણ દુઃખી છે. તે બધાંનાં દુઃખોને જાણવા છતાં અને તેનો પ્રતિકાર પણ જાણવા છતાં પોતે કાંઈ કરી શકતો નથી, તેનું તેને દુઃખ (કરુણા) હોય છે.

એ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાભાવથી ભરેલો હોય છે.

તેથી અવિરતિના કારણે તથા બદ્ધાયુષી હોવાથી નરકમાં રહેલા શ્રેણિક આદિના જીવો કાયાથી નરકની પીડા ભોગવવા છતાં ચિત્તથી વજ્રના તંદુલની જેમ અભેદ્ય હોય છે.

તેઓને કાયપીડા છે, પણ ચિત્તની પીડા નથી, તેમનું શારીરિક દુઃખ તેમને આર્ત-રૌદ્રાદિ દુર્ધ્યાનનું કારણ થતું નથી. દુઃખાનુભવ વખતે પણ તેઓમાં વૈરાગ્ય, કરુણા આદિ શુભ ભાવોનું પ્રાબલ્ય વર્તે છે.

'मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धने विषयासंगि मुक्तेर्निर्विषयं मनः ॥'

આ શ્લોકમાં કહ્યા મુજબ, વિષયાસક્ત મન બંધનનો હેતુ છે અને 'નિર્વિષય મન' તે મોક્ષનો હેતુ છે.

મિથ્યાદષ્ટિ જીવ જિનોક્ત અનુષ્ઠાન કરવા છતાં, તેનું ચિત્ત વિષયાસંગિ હોવાથી, આર્તધ્યાનાદિ કરે છે. અને સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્વિષય મનવાળા હોવાથી સાંસારિક ક્રિયા વખતે પણ ધર્મધ્યાન ટકાવી રાખે છે ક્રિયામલનો ક્ષય ન હોવા છતાં, ભાવમલનો ક્ષય હોવાથી સંસારની ક્રિયા ઉદયાધીન થઈને કરતા હોય છે. અર્થાત્ તેમને ચારિત્ર-મોહનો ઉદય છે, પણ મિથ્યાત્વ-મોહનો નથી. નિશ્ચયનયથી આ વાત બરાબર છે.

પ્રભુજીનું શાસન સપ્તનયસમૂહાત્મક છે. તેથી વ્યવહારનયે ધર્મ, સાવદ્યના ત્યાગીને છે. નિશ્ચયનયે ધર્મ, અંતરંગ વિરાગીને છે. વ્યવહારનય ક્રિયાને પ્રાધાન્ય આપે છે. નિશ્ચયનય ભાવને પ્રાધાન્ય આપે છે.

ભાવ પણ અવિરતિ સમ્યગ્દૃષ્ટિનો ઋજુસૂત્રનય માને છે.

શબ્દનય પ્રમત્ત સંયતને, સમભિરૂઢનય અપ્રમત્ત સંયતને અને એવંભૂતનય કેવળી ભગવાનને ધર્મ માને છે.

એ રીતે નયવાદને વિચારવાથી સમાધાન થશે.

'ज्ञान क्रियाभ्यां मोक्षः ।'

હવે મહત્ત્વના આ પદ પર વિચાર કરીએ :

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના એકલી સાવદ્ય યોગના ત્યાગની કે તપ, સંયમની ક્રિયાથી મોક્ષ નથી. તેમ તપ સંયમ અને સાવદ્ય વ્યાપારના ત્યાગની ક્રિયા વિના એકલા જ્ઞાનથી પણ મોક્ષ નથી.

'ज्ञानस्य फलं विरतिः ।'

સાચું જ્ઞાન તે જ છે કે જે સાવદ્યનો ત્યાગ કરાવે છે આવતાં નવાં કર્મોને રોકે છે. અને પૂર્વનાં કર્મને ખપાવે તેવી બધી જ ક્રિયા જ્ઞાનીને પણ ઉપકારક છે, કારણ કે તે વિના, જ્ઞાન નિષ્ફળ જાય છે.

જ્ઞાન અમૂર્ત છે. તે મૂર્ત કર્મનો ક્ષય કરી શકે ?

ક્રિયાકૃત કર્મનો ક્ષય, પ્રતિપક્ષ ક્રિયાથી જ થાય.

જ્ઞાનથી અજ્ઞાન અને મિથ્યાત્વ રોકાય, પણ ક્રિયાજનિત આસ્રવ ક્રિયાથી જ રોકાય. એ કારણે કેવળી ભગવાનને પણ યોગનિરોધાખ્ય ક્રિયા કરવા વડે જ મોક્ષ થાય છે.

જ્ઞાનના સ્થાને જ્ઞાનનું બળ છે અને ક્રિયાના સ્થાને ક્રિયાનું બળ છે. જ્ઞાન વડે ઉપયોગશુદ્ધિ થાય, તો પણ યોગશુદ્ધિ ક્રિયા વડે જ થાય.

જ્ઞાન થયા પછી પણ ધર્મમાં—તપ, સંયમમાં વીર્ય ન ફોરવવું તે એક પ્રકારે મોહનો જ ઉદય છે.

મન-વચન-કાયાના યોગોની શુદ્ધિને રોકનાર પ્રમાદદોષ એ પણ ચારિત્રમોહનો જ ઉદય ગણાય છે. તેથી બંને પ્રકારના મોહને જીતવા માટે જ્ઞાન અને અપ્રમાદ બંને *જોઈએ. બેમાંથી એક હોય અને બીજો ઉપાય ન હોય ત્યાં સુધી મોક્ષ થાય નહિ.*

એટલે અજ્ઞાનીને જેમ અજ્ઞાન ટાળવા યોગ્ય છે, તેમ પ્રમાદીને પ્રમાદ ટાળવા યોગ્ય છે. બંને ટાળવા યોગ્ય છે, એમ જે માને, તેનું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

મોક્ષમાર્ગમાં યોગશુદ્ધિ અને ઉપયોગશુદ્ધિ ગૌણ-મુખ્ય ભાવે સાથે જ ચાલે છે.

અહિંસાદિ વ્રતોના પાલનથી યોગશુદ્ધિ થાય છે અને ભક્તિ, વૈરાગ્યાદિ વડે ઉપયોગશુદ્ધિ થાય છે.

આત્માના બે ગુણ મુખ્ય છે:

એક જ્ઞાન અને બીજો વીર્ય.

વીર્ય ગુણની શુદ્ધિ વ્રતાદિના પાલનથી થાય છે અને જ્ઞાન ગુણની શુદ્ધિ મૈત્ર્યાદિ ભાવો વડે થાય છે.

વૈરાગ્ય ભાવ, માધ્યસ્થ્યભાવની અંતર્ગત છે.

એક માધ્યસ્થ્ય પાપી પ્રત્યે છે, બીજું પુદ્ગલ પ્રત્યે છે.

## જીવમાત્ર પ્રત્યે મૈત્રી જોઇએ

ગુણી પ્રત્યેની મૈત્રી, ભક્તિ વડે અભિવ્યક્ત થાય છે. દુઃખી પ્રત્યેની (મૈત્રી) કરુણા વડે અને પાપી પ્રત્યેની મૈત્રી ઉપેક્ષા વડે.

જીવાદિ તત્ત્વના સમ્યગ્જ્ઞાનથી પુદ્ગલ પ્રત્યે વૈરાગ્ય અને જીવ તત્ત્વ પ્રત્યે મૈત્રી-સ્નેહ-પરિણામ જાગે છે, તે જ નિર્વિષય મનની સાચી વ્યાખ્યા છે.

'નિર્વિષયં મનઃ ધ્યાનમ્ ।' એ વાક્ય ધર્મધ્યાનને જણાવવા માટે છે. અને તે, શુક્લ ધ્યાનને પણ જણાવે છે.

શ્રી જિનશાસનમાં સામાયિકવાળું ચિત્ત એ જ ધર્મધ્યાન છે. અને શુક્લ ધ્યાનનું કારણ પણ તે જ છે.

નિર્વિષયનો અર્થ નિરનુબંધ પણ થઈ શકે.

જેમાં કર્મનો અનુબંધ નથી, કર્મબંધનની પરંપરા ચાલતી નથી, તે નિરનુબંધ મન છે.

એવું મન સામાયિકયુક્ત ચિત્તને જ કહી શકાય.

## સામાયિક

સામાયિક ચાર પ્રકારનાં કહ્યાં છે :

(૧) સમ્યક્ત્વ સામાયિક, (૨) શ્રુત સામાયિક, (૩) દેશવિરતિ સામાયિક (૪) સર્વવિરતિ સામાયિક.

સામાયિકયુક્ત ચિત્તને 'વાસીચંદનકલ્પ' પણ કહ્યું છે.

વાંસલાથી કોઈ છોલે કે ચંદનથી કોઈ લેપે (વિલેપન કરે) તો પણ જેની ચિત્ત-વૃત્તિ સમાન છે તેને વાસી ચંદન તુલ્ય કહેવાય છે.

'સામાયિક' શબ્દ સામ, સમ અને સમ્મ શબ્દોને 'ઇક' પ્રત્યય લગાડવાથી બન્યો છે.

સામ એટલે મધુર પરિણામ, સમ એટલે તુલાપરિણામ, સમ્મ એટલે ખીરખાંડ-યુક્ત પરિણામ.

મધુર પરિણામ એટલે સર્વ જીવોને વિષે મૈત્રી.

તુલા પરિણામ એટલે સુખદુઃખના હેતુઓને વિષે તુલ્ય મનોવૃત્તિ.

અને ખીરખાંડયુક્ત પરિણામ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું પરસ્પર જોડાણ.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એ ચારે ભાવો મળીને સામાયિકનો પરિણામ બને છે.

પાંચ ભાવયુક્ત જીવમાં પારિણામિક ભાવ એ મૈત્રીભાવનો વિષય છે.

ઔદયિક ભાવ, માધ્યસ્થ્ય અને કરુણા ભાવનો વિષય છે.

ઔપશમિકાદિ ભાવો મુદિતા (પ્રમોદ)ના વિષયો છે.

ઔદયિક ભાવ, તીવ્ર મોહનીય કર્મનો હોય તો તે માધ્યસ્થ્યનો અને વેદનીય, અંતરાયાદિ કર્મનો હોય તો કરુણાનો વિષય બને છે.

આ રીતે સામાયિકવાળું ચિત્ત જ ધર્મધ્યાનનો વિષય બને છે. અને એ જ ચિત્ત જ્યારે આત્મ રમણતાવાળું બને છે, ત્યારે શુક્લરૂપ બનીને ઘાતી કર્મનો ક્ષય કરનારું થાય છે.

તેને વાસીચંદનકલ્પ કહેવામાં બીજી અપેક્ષા એ છે કે, ચંદનને વાંસલાથી છોલ-વામાં આવે તો પણ છોલનારને, તે શીતળતા અને સુગંધ આપે છે, તેમ સામાયિકયુક્ત ચિત્તવાળા મહાત્માઓ અપકાર કરનાર પર પણ અનુકંપાવાળા બને છે. અને ઉપકાર કરનારા થાય છે.

આ રીતે દુઃખ પ્રત્યે અદ્વેષ, જીવ પ્રત્યે મૈત્રી અને સામાયિકવાળું ચિત્ત એ ત્રણે પરસ્પર એવી રીતે જોડાયેલાં છે કે એકનો સદ્ભાવ, બાકીના બેનો સુયોગ કરાવીને જીવને શિવપદનો ભાગી બનાવે છે.

卐

# મનો નિગ્રહ

મનન, ચિંતન, ભાવના અને સ્વાધ્યાય આદિમાં મનની પ્રધાનતા છે. ઊઠવું, બેસવું, જવું, આવવું, બોલવું, ચાલવું, ખાવું, પીવું, દેખવું, સાંભળવું એ ક્રિયાઓમાં ઇન્દ્રિયોની સહાયની મુખ્યતા છે. મનને યથેચ્છ વર્તવા દેવું અને ઇન્દ્રિયો પર કાબૂ રહેવો એ અશક્ય છે.

બધા ઉપદ્રવોનું મૂળ નિરંકુશ મન છે. વૃક્ષની ડાળી તોડવાથી વૃક્ષ નષ્ટ નથી થતું પણ તેના મૂળને નષ્ટ કરવાથી વૃક્ષ આપોઆપ નષ્ટ થતું જાય છે. રાજા વશમાં આવ્યા પછી તેની સેના આપોઆપ વશ થઈ જાય છે, તેના માટે સ્વતંત્ર પ્રયત્નની આવશ્યકતા રહેતી નથી, તે જ રીતે મનને વશ કરવાથી ઇન્દ્રિયો આપોઆપ કાબૂમાં આવી જાય છે.

મનુષ્યમાં બે પ્રકારની શક્તિ છે. એક ઉન્નતિના શિખર પર લઈ જાય છે, બીજી અવનતિની ખીણમાં નાંખી દે છે. કાચો પારો નુકસાન કરે પણ શુદ્ધ થયેલો હોય તો રસાયણ બને છે. ઘોડો અસવારના કાબૂમાં હોય તો ઇષ્ટ સ્થળે પહોંચાડે છે. ઘોડાના કાબૂમાં અસ્વાર હોય તો ખાડામાં પટકાય છે. નિરંકુશ મન બે લગામ ઘોડાની જેમ જીવને જ્યાં–ત્યાં ભટકાવી દે છે.

મનને અંકુશમાં લેવા માટે પ્રારંભથી જ પ્રયત્ન જરૂરી છે. પ્રયત્નથી જે મન મિત્ર બની શકે છે, તે જ મન પ્રમાદથી શત્રુ બને છે. વિદ્યુતની ગતિથી પણ શીઘ્ર ગતિવાળા મનને અંકુશમાં લાવવા માટે સૌથી અધિક પ્રયત્નની આવશ્યકતા છે. એ પ્રયત્ન તે યોગ યુક્તિ છે.

ભયંકર જંગલી પશુઓને વશ કરવાની જેટલી આવશ્યકતા છે, તેના કરતાં અધિક આવશ્યકતા જ્યાં–ત્યાં વિનાશ વેરતા સ્વચ્છંદી મનને વશ કરવાની છે. વિષયોના ચિંતનથી પહેલાં તેને વિરત કરવું જોઇએ અને શુભચિંતનમાં જોડવું જોઈએ. તત્ત્વ વિચારરૂપી થડ સાથે તેને બાંધી બુદ્ધિરૂપી અંકુશ દ્વારા તેને વશ કરવું જોઈએ.

અભ્યાસ દ્વારા મન વશ થાય છે અને વૈરાગ્ય દ્વારા તે શાન્ત, સ્વચ્છ અને નિર્મળ થાય છે. ત્યાગ ઇન્દ્રિયો દ્વારા થાય છે અને વૈરાગ્ય મન દ્વારા થાય છે. મન, બુદ્ધિ, હૃદય અને તે દ્વારા થતી સમજશક્તિ એ મનુષ્યની બહુ મૂલ્ય મૂડી છે. તેનો ઉપયોગ ત્યાગ અને વૈરાગ્ય માટે કરવો જોઈએ.

પાત્રનું ગંગાજળ અને ગંગાનું ગંગાજળ બંને એક જ છે. અગ્નિમાંથી નીકળેલી ચિનગારી પણ અગ્નિસ્વરૂપ જ છે. જીવ નાનું પાત્ર છે માટે તેની શક્તિ મર્યાદિત દેખાય છે, પણ તેમાં રહેલી ચેતના તો ઇશ્વર સ્વરૂપ જ છે. ઇશ્વરની જ ચિનગારી છે. તેના ઉપરના આવરણને દૂર કરી તેને સર્વજ્ઞ બનાવી શકાય છે. મનના સંયમથી તે કાર્ય

સુલભ બને છે. મનના સંયમથી ઈચ્છાશક્તિ દૃઢ થાય છે. તે સંકલ્પની જનેતા છે. દૃઢ સંકલ્પ એ જ ઉદ્ધારનો મૂળ મંત્ર છે.

'जितं जगत् केन ? मनोजितेन । 'મનની જીતે જીત. મનની હારે હાર' ગણાય છે.

મન કદી થાકતું નથી, કદી વૃદ્ધ થતું નથી, કાર્ય વિના રહી શકતું નથી. તેની શક્તિ અગાધ છે. એ શક્તિને સર્જનાત્મક માર્ગે વાળવા માટે મનને અંકુશમાં લેવું જોઈએ. કેવળ બળાત્કારથી તે અંકુશમાં આવતું નથી પણ વધુ ઉગ્ર બને છે પણ સ્નેહ અને યુક્તિસભર પ્રયત્નોથી તે ધીમે ધીમે અંકુશમાં આવે છે.

રાગ–દ્વેષરૂપી કાદવ-કીચડમાં સહેલાઈથી દોડે જતા મનને સમજાવવાનું છે. મનરાજ આપને તો માનસસરોવરના નિર્મળ જળમાં છાજે. તેમાં જ આપની મહાનતા છે. મહાન આત્માના દૂત એવા આપને ઈન્દ્રિયોની સહાયમાં દોડવું પડે તો તો આપની ગરિમા ખંડિત થઈ જાય. શાસ્ત્રો મનને ચંદ્ર કહે છે, ચંદ્રમાં ચાંદની હોય તેમ આપમાં પણ સૌમ્યભાવની ચાંદની જ જોઈએ. તમારી સમગ્રતામાં નર્યું શુભ જ હોવું જોઈએ. ગંદા, મલિન, ક્ષુદ્ર, ચંચળ અને પાશવી વિચારોનો સંગ તમને ન છાજે. મનને વશ કરવાનો આ પણ એક માર્ગ છે. અને આવા બીજા માર્ગો પણ શાસ્ત્રોમાં કહેલા છે જેમાં પરમાત્માનું, ગુરુનું સ્મરણ–કીર્તન પૂજન, સેવન વગેરેનો સમાવેશ થાય છે. પરમાત્માના ધ્યાનથી મનને વશ કરી શકાય છે. 卐

## વાસના–વિજય

વાસનાને જીતવાનું અનન્ય સાધન ઉપાસના છે. પ્રાકૃતમાં ઉપાસનાનું રૂપ ઉ+વાસના, ઉદ્ગત વાસના, ઉવાસના થાય છે.

ધર્મનો એક અર્થ મોહ, ક્ષોભરહિત આત્મ પરિણામ છે. શ્રી નવકારમંત્રના પુનઃ-પુનઃ માનસિક ઉચ્ચારણમાં મોહ અને ક્ષોભને નિવારવાની શક્તિ પ્રત્યક્ષપણે અનુભવાય છે.

મોહ, ક્ષોભરહિત આત્મ પરિણામ ચૌદપૂર્વનો સાર છે, અને તે પરિણામને સહજ રીતે પેદા કરનાર શ્રી નમસ્કાર મહામંત્રનો માનસજાપ પણ ચૌદપૂર્વનો સાર પુરવાર થાય છે.

મનનું નિસ્તરંગ થવું તે મોહરહિતતા છે અને કાયાનું નિસ્પંદ થવું તે ક્ષોભરહિતતા છે.

નમસ્કારના ૬૮ વર્ણોનું વિધિપૂર્વક ઉચ્ચારણ તે ભાષ્ય જાપ છે. તે ઉચ્ચારણ જ્યારે પોતે જ માત્ર સાંભળી શકે ત્યારે તે ઉપાંસુ જાપ છે અને બહિર્જલ્પાકાર મટીને અંતર્જલ્પાકાર થાય, ત્યારે તે માનસજાપ છે. તે માનસજાપ જ મનને નિસ્તરંગ અને કાયાને નિસ્પંદ બનાવે છે.

મોહ ક્ષોભ રહિત આત્મપરિણામનું બીજું નામ 'વત્થુ સહાવો ધમ્મો' આત્મવસ્તુનો સહજ સ્વભાવ પણ કહી શકાય તેનું પ્રકટીકરણ ક્ષાન્ત્યાદિ દશવિધયતિધર્મરૂપે અને જ્ઞાનાદિ રત્નત્રયી–મોક્ષમાર્ગરૂપે થાય છે.

જ્ઞાન અને દર્શન મનને નિર્મળ બનાવે છે. ચારિત્ર કાયાની સ્થિરતા પેદા કરે છે. ક્ષમાદિ ચાર મનને નિસ્તરંગ બનાવે છે. અહિંસાદિ પાંચ કાયાને સ્થિર કરે છે.

પ્રવૃત્તિરૂપી ધર્મના અંગ દાન, શીલ, તપ અને ભાવ પણ અનુક્રમે તન, મન, ધનના સદુપયોગ રૂપ છે. તન વડે શીલ, મન વડે ભાવ અને ધન વડે દાન ધર્મ સધાય છે. તેમાં પણ પરિણામે મોહ-ક્ષોભ રહિત આત્મ પરિણામ પ્રગટ થાય છે.

ધર્મના દેવપૂજા ગુરુઉપાસના અને સ્વાધ્યાયાદિ અંગો પણ મોહક્ષોભ રહિત આત્મ પરિણામ પેદા કરવાનાં સાધનો છે.

ચતુર્થગુણસ્થાનકથી માંડીને ચતુર્દશ ગુણસ્થાનક સુધીના ગુણસ્થાનકો અનુક્રમે મોહક્ષોભ રહિત આત્મઅવસ્થાના દર્શક છે. નમસ્કાર મહામંત્રના માનસ જાપ વડે તે કાર્ય સરળપણે સધાતું હોવાથી તેને સઘળા શ્રુતનાં સાર અને સઘળા ધર્મોનો અર્ક કહ્યો છે, તે યથાર્થ છે અને તેની ઉપાસના વડે ભવ વિષયક સર્વ વાસનાઓનો સમૂળ ક્ષય થાય છે.

卐

## અનાહત

૧. શ્રી સિદ્ધચક્રનું બીજ 'अर्हं' તેની સાથે 'અનાહત' એ 'સમ્યગ્દર્શન' અને 'વિનય સમાધિ'નું બીજ છે.

૨. અષ્ટવર્ગની સાથે તે અનાહત સમ્યગ્જ્ઞાન અને શ્રુત-સમાધિનું બીજ છે.

૩. અડતાળીસ લબ્ધિ પદોના મધ્યમાં આઠ અનાહતોનું આલંબન સમ્યક્ ચારિત્ર અને શીલ-સમાધિ તથા તપ-સમાધિનું બીજ છે.

૪. અર્હં, અષ્ટવર્ગ કે ૪૮ લબ્ધિઓ અને અનાહતનું મૂળ પણ છે અને ફળ પણ છે. કોઈ પણ અનાહત દ્વારા જ ફળે છે.

૫. અનાહત શુદ્ધ ધ્વનિરૂપ, શુદ્ધ સમતારૂપ અથવા શુદ્ધ સમાધિરૂપ છે.

૬. ધ્યાન દ્વારા થતી ઉત્તરોત્તર વિશુદ્ધિ અક્ષર કે શબ્દ દ્વારા કહી શકાતી નથી, કિન્તુ અનાહત દ્વારા આલેખી શકાય છે.

૭. 'અનાહત'નું ઉચ્ચારણ અને આલેખન એ અનક્ષર શ્રુતનો જ એક પ્રકાર છે. તેનું સ્મરણ, ચિંતન અને ધ્યાન એ અભ્યંતર તપનો જ એક પ્રકાર છે.

## મંત્રજાપ માહાત્મ્ય

મંત્રના શબ્દોમાં પ્રાણનો વિનિયોગ થતાં મન અને બુદ્ધિનું પ્રાણ તત્ત્વમાં રૂપાંતર થાય છે. શ્વાસ-પ્રશ્વાસ મનની જ ક્રિયારૂપ બની જતાં મનના સંકલ્પ-વિકલ્પો શમી જાય છે. મન, મંત્ર અને પ્રાણ ત્રણેની એકતાનો અનુભવ થાય છે.

આહત પ્રાણ અને આહત ધ્વનિ, અનાહત પ્રાણ અને અનાહત ધ્વનિમાં લીન થતાં આત્મશક્તિ આવિર્ભૂત થાય છે, તેમ થતાં મંત્ર દેવતા અને મંત્રસાધક વચ્ચે ભેદનો છેદ થાય છે.

તાત્ત્વિક મંત્રદેવતા આત્મગત પરા-પશ્યંતી છે અને તે શક્તિ જ સાધકના યોગક્ષેમ કરે છે.

## સ્વયં સિદ્ધ શ્રી સિદ્ધચક્ર યંત્ર

નવ-પદમાંથી અનાહતમાં જવાનું છે. નવે પદો સવિકલ્પ છે.

અનાહત નિર્વિકલ્પ છે. અનાહત, પશ્યંતી દ્વારા જ્યારે ભ્રૂમધ્યને પ્રાપ્ત થાય, ત્યારે જ તેની દેવ સંજ્ઞા છે.

'દેવ' એટલે યોગ-ક્ષેમને વહન કરનાર દિવ્ય આત્મશક્તિ.

અનાહત પૂજ્યોથી પણ પૂજ્ય છે. તે આત્માની પોતાની પશ્યંતી-પરા છે. તેથી તે બધાં જ પૂજ્ય પદોમાં અનુગત છે. પૂજ્ય પદોમાં અનુસંધેય જે આત્મશક્તિ તે સર્વત્ર અનુગત જ હોય છે.

યંત્ર તે એક જાતનું ચેતના ચક્ર છે. જેની ગતિ કેન્દ્રગામી છે. બધાં જ યંત્રો કેન્દ્રમાં લઈ જવા માટે છે. કેન્દ્ર તે આત્મા અથવા આત્મશક્તિ પોતે જ છે. તેને જિન, શિવ, શક્તિ, નિરંજન, બુદ્ધ આદિ પદોથી લક્ષિત કરવામાં આવે છે.

મંત્રયંત્રાદિ બધાં જ સાધનોમાં જ્યારે આત્મશક્તિ આંદોલિત થાય, ત્યારે જ તે અર્થક્રિયાકારી બને છે.

વિદ્યાપ્રવાહના રહસ્યભૂત સિદ્ધચક્રમાં દેવતાઓનું પ્રયોજન વિશાળ છે.

દેવતાઓ, દેવાધિદેવની બાહ્ય સ્થૂલ શક્તિ છે. દેવતાઓની તે શક્તિથી દેવાધિદેવની દિવ્યતાનું ભાન થાય છે.

अर्हं-પરમાત્માની દેવતાઓગત જે શક્તિ, તેને સૌ પ્રથમ સમજવાથી જ પૂજ્ય પદોની શક્તિને જાણી શકાય છે. તેથી દેવ-દેવીઓનું મંડળ વિશેષ મહત્ત્વ ધરાવે છે.

દરેક દેવતા પદનો લક્ષ્યાર્થ શોધવો જોઈએ. નવગ્રહ કે નવ નિધાન કોઈ સામાન્ય વસ્તુઓ નથી.

અન્ય યંત્રો સિદ્ધ કરવાના હોય છે. જ્યારે શ્રી સિદ્ધચક્ર યંત્ર તો દરેક માટે સ્વયં સિદ્ધ છે.

સંસાર ચક્રમાં ફસેલા જીવને, સિદ્ધચક્ર એ સર્વ શ્રેષ્ઠ આલંબન છે. અર્થાત્ સિદ્ધ-ચક્ર, સંસારચક્રનું પ્રતિપક્ષી છે.

પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષયોમાં આસક્ત અને ચાર કષાયમાં ચકચૂર જીવ જ્યારે શ્રી અરિહંત આદિ પંચ પરમેષ્ઠી અને દર્શન આદિ ચાર આત્મગુણનો પક્ષકાર બને છે, ત્યારે તે આપોઆપ નિજ સ્વરૂપની શુદ્ધિને સાધતો સિદ્ધસ્વરૂપી બની રહે છે.

卐

# અધ્યાત્મ-યોગ

અધ્યાત્મવાદ સર્વ મનુષ્યોમાં બંધુત્વની ભાવના વિકસાવે છે, એટલું જ નહિ પણ જીવધારીઓને એક જ સૂત્રમાં બાંધે છે. બધાનું મૂળ એક પરમાત્મામાં માને છે.

જ્યાં સુધી વ્યક્તિ પોતાને બીજાથી ભિન્ન સમજે છે, ત્યાં સુધી સંઘર્ષ છે. જ્યારે બીજાની સાથે તે અભેદને સ્વીકારે છે, ત્યારે બધા ક્લેશોનું મૂળ નાશ પામે છે. એક અધ્યાત્મ દૃષ્ટિ જ તે માટે સમર્થ છે.

વિજ્ઞાનમાં 'ખોજ'નું મહત્ત્વ છે. અધ્યાત્મમાં 'દર્શન'નું મહત્ત્વ છે.

યોગનો અર્થ વૃત્તિ નિરોધ સાથે બ્રહ્મનો સાક્ષાત્કાર છે. ચિત્ત જ્યારે સર્વથા નિરુદ્ધ બને છે, ત્યારે બાહ્ય જગતથી સંબંધ કપાઈ જાય છે અને અંતરમાં રહેલ દેવત્વ પ્રગટ થાય છે.

મનુષ્યનો વ્યવહાર બાહ્ય સ્થિતિઓથી પરિચાલિત છે. તેથી જાગૃત અવસ્થાને તે વાસ્તવિક માને છે તથા સ્વપ્ન અને સુષુપ્તિને અવાસ્તવિક માને છે.

યોગસાધના વડે મનુષ્ય બાહ્ય સ્થિતિઓને સુષુપ્તિ અને સ્વપ્નની જેમ જુએ છે અને વૃત્તિ નિરોધ વડે તેનાથી પૂર્ણપણે નિઃસંગ બની જાય છે. દેશ-કાળ અને કાર્ય-કારણ સંબંધથી પર બની જાય છે. પોતાને સીમિત મટીને નિઃસીમ અનુભવે છે. તે વખતે તેનામાં દિવ્ય સામર્થ્ય પ્રગટે છે. જે વ્યક્તિગત અનુભવની વાત હોવાથી શબ્દો વડે વર્ણવી શકાતી નથી.

પ્રત્યેક મનુષ્ય અમુક સીમા સુધી યોગી છે. અભ્યાસ અને વૈરાગ્ય વડે તે સીમાનું જેમ-જેમ ઉલ્લંઘન થતું જાય છે, તેમ-તેમ તે નિઃસીમ બનતો જાય છે.

યોગના ચરમ લક્ષ્ય સુધી પહોંચવા માટે સરળ અને નિષ્કલંક જીવન પ્રથમ સાધન છે. કામ, ક્રોધ અને લોભ વડે થતા અસત્ય, હિંસાદિ વ્યાપારોનો ત્યાગ અને યોગની ચરમ સીમાએ પહોંચેલની ઉપાસના—એ આવશ્યક શરત છે.

ત્યાર બાદ આસન પ્રાણાયામ વડે દેહ અને પ્રાણ પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું હોય છે. પ્રત્યાહાર વડે ઇન્દ્રિયો અને મનનો વિજય પ્રાપ્ત કરવાનો હોય છે. બુદ્ધિના વ્યાપારો અને અહંકારભાવનો વિજય અંતે ધ્યાન અને સમાધિ વડે સિદ્ધ થાય છે, ધ્યાને ઋતંભરા પ્રજ્ઞા અને કૈવલ્યદશા પ્રગટે છે.

પ્રિયતમ પ્રભુનો વિયોગ અતિશય વસમો લાગતાં યોગની તાલાવેલી આ ક્રમે સાકાર બને છે.

卐

# પરમાત્મા સાથે આત્માનો યોગ

પરમાત્માની સાથે આત્માનો યોગ કરાવી આપે તે યોગ છે.

જેઓ ઉજ્જડ ભાગને વસાવે છે અને વસેલા ભાગને ઉજ્જડ કરે છે, તેવા યોગીઓ ધન્યવાદને પાત્ર છે.

યોગના અભ્યાસીઓ નાસિકાથી નાભિ અથવા મૂલાધાર સુધીનો જે પ્રદેશ પ્રાણ-વાયુના ગમનાગમનથી વસેલો છે, તેને ઉજ્જડ કરે છે અને નાસિકાથી સીધો બ્રહ્મરન્ધ્ર સુધીનો જે માર્ગ ઉજ્જડ છે જેમાં પ્રાણવાયુનો માર્ગ બંધ છે, તે ઉજ્જડ માર્ગને વસાવે છે. અથવા તે માર્ગે થઇ પ્રાણવાયુ સ્વાભાવિક બ્રહ્મરન્ધ્ર દ્વારા નીકળે એવો રસ્તો બનાવે છે. આ યોગીનો માર્ગ છે.

જ્ઞાનયોગમાં શુદ્ધાત્માનુભવના પરિણામોને સ્વસંવેદન જ્ઞાન દ્વારા સ્થિર કરવાં તે ઉજ્જડ ભાગને વસાવવા બરાબર છે. અને મિથ્યાત્વાદિ વિકલ્પ જાળથી મનનો પ્રદેશ નિરંતર વસેલો છે. આ વિભાવ પરિણામવાળા માર્ગ-પ્રદેશને સ્વસંવેદન જ્ઞાન દ્વારા ઉજ્જડ કરવો, તે વસેલા ભાગને ઉજ્જડ બનાવવા સમાન છે.

નાસિકાના બંને દ્વારોથી શ્વાસોચ્છ્વાસ બહાર નીકળતો બંધ થઇને જે આકાશ-પ્રદેશમાં લય પામે છે. ત્યાં આવી શાન્ત જાગૃત દશામાં મનુષ્યનો મોહ તૂટી જાય છે. મન પણ ત્યાં જ વિલય થઈ જાય છે.

પ્રાણ નાસિકાદ્વારનો માર્ગ મૂકી દઈને અંદર લીધેલા શ્વાસોચ્છ્વાસરૂપે તાલુરન્ધ્ર દ્વારા બહાર નીકળે તે આકાશ પ્રદેશમાં અર્થાત્ નિર્વિકલ્પ સમાધિમાં રાગાદિ વિકલ્પ જાળરૂપ-મોહનાશ પામે છે. વિકલ્પના આધારભૂત મન પણ ત્યાં વિલય પામે છે, અર્થાત્ સ્વરૂપમાં લીન થઇ જાય છે.

જ્યારે આત્મા રાગાદિ પરભાવમાં નહિ પરિણમતાં કેવળ નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, ત્યારે ઉચ્છ્વાસરૂપી વાયુ નાસિકાના બંને છિદ્રોમાંથી નીકળવાનું બંધ કરીને સાધકની પ્રેરણા વિના જ પોતાની સહજગતિએ તાળવાનાં મધ્યભાગમાં વાળના આઠમા ભાગ

જેટલું પાતળું જે એક છિદ્ર છે અને જે દશમા દ્વારના નામે ઓળખાય છે, તે દ્વાર વડે પ્રાણવાયુ બહાર નીકળે છે, તે વખતે નાસિકાના છિદ્ર વાટે પ્રાણવાયુ થોડા વખત માટે નીકળવો બંધ થઈ જાય છે. અભ્યાસે કરીને પ્રાણ બ્રહ્મરન્ધ્ર દ્વારા નીકળવાને ટેવાઈ જાય છે. તેથી મન નિર્વિકલ્પદશામાં લય પામી જાય છે અને મોહ નાશ પામે છે.

હઠયોગમાં ક્રિયાની મુખ્યતા છે. રાજયોગમાં જ્ઞાનની—આત્મોપયોગની મુખ્યતા છે.

ધારણા દ્વારા પવનને બ્રહ્મરન્ધ્ર તરફ હઠયોગથી લઈ જઈ શકાય છે. વાયુની ધારણાથી દેહની નિરોગિતા, શરીરનું હળવાપણું ઇત્યાદિ થાય છે, પરંતુ આત્મજાગૃતિને લીધે જ્યારે મન વિકલ્પો કરતું બંધ થઈ જાય છે, ત્યારે મનની નિર્વિકલ્પ સ્થિતિમાં પ્રાણ નાસિકા દ્વારથી નીકળતો બંધ થઈ સહજ ઊર્ધ્વગતિએ બ્રહ્મરન્ધ્ર દ્વારા બહાર નીકળે છે. તે નિર્વિકલ્પ આત્મજાગૃતિવાળી સ્થિતિમાં મન અને મોહનો નાશ થાય છે, તેવું હઠ-યોગમાં થતું નથી.

### યોગનું દશમું દ્વાર

વિકલ્પો બંધ થતાં નિર્વિકલ્પ સમાધિના બળે યોગીપુરુષો જેને દશમું દ્વાર કહે છે, (તેને બ્રહ્મરન્ધ્ર અથવા સૂક્ષ્મ પણ કહેવાય છે) તે તાળવાના છિદ્રમાંથી વાયુ બહાર જાય છે. તે આકાશમાં વિશેષ ઉપયોગરૂપે સ્થિર થતાં મોહ ક્ષીણ થાય છે. વિકલ્પવાળું મન મરે છે. શ્વાસોચ્છવાસ ચાલતો બંધ થાય છે. આ સ્થિતિ વધુ વખત લંબાય તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

મનનું મનનપણું અને પવનનું ચલનપણું જ્યાં નાશ પામે છે. ત્યાં વિશ્વનો પ્રકાશક આત્મા સ્વરૂપમાં—નિર્વિકલ્પ સમાધિમાં રહી શકે છે અને આનંદનો અનુભવ કરે છે.

મનની નિર્મળતા અને નિર્વિકલ્પતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ મન આ દેહથી છૂટું થતું જાય છે. નિર્વિકલ્પ સમાધિમાં મનને વિશ્વવ્યાપીપણે ધારી શકાય છે અને સ્થિર કરી શકાય છે. આ સ્થિતિમાં કર્મોનો ક્ષય થાય છે અને આત્મા પરમાત્મ-સ્વરૂપ થઈ રહે છે.

卐

# ઉપાસનાનું ધ્યેય

'अयं तु परमो धर्मो यद् योगेनात्मदर्शनम् ॥' મનુસ્મૃતિ.

યોગ દ્વારા આત્મસાક્ષાત્કાર કરવો એ સૌથી મોટો ધર્મ છે અને એથી જ ઉપાસનાને પણ ધર્મનાં અંગોમાં મહત્ત્વનું સ્થાન છે.

આત્મસાક્ષાત્કાર એ ધર્મની અચૂક કસોટી છે.

વિશ્વનાં બધાં પ્રાણીઓ બ્રહ્મથી ભિન્ન નથી, છતાં એ અભેદનો અનુભવ સર્વને થતો નથી.

દરેક વ્યક્તિ પોતપોતાના નાના-નાના સ્વમાં એવી અટવાયેલી છે કે એને પેલા મહાન સ્વનો પત્તો જ લાગતો નથી. તેથી સમાધિ દ્વારા આત્મસાક્ષાત્કાર પામનાર પુરુષ પરમ ભાગ્યશાળી મનાય છે.

વ્યવહારમાં પતિ-પત્ની કે માતા-બાળકો વચ્ચે એક જાતનું તાદાત્મ્ય હોય છે અને એકબીજા માટે અવસરે જીવન ન્યોચ્છાવર કરી શકે છે, પણ ત્યાં બાકીના બધા જીવો પ્રત્યે અણગમો પણ હોઈ શકે છે.

માતાને મન એનાં બાળકો સર્વસ્વ છે, અને તેમની ખાતર આખા વિશ્વ સામે એ ઝઝૂમી શકે છે. પતિ-પત્ની માટે પણ આ જ નિયમ લાગુ પડે છે. એક તરફ પોતાનું પ્રેમીજન અને બીજી તરફ આખું વિશ્વ.

ધાર્મિક કાર્ય માટે આ નિયમ નથી. કોઈ વ્યક્તિ ધાર્મિક કાર્ય કરે છે ત્યારે તે એકની સાથે તાદાત્મ્ય સાધે છે, તો પણ બીજાઓ તરફ વિમુખતા આવતી નથી.

કોઈ વ્યક્તિ પાણીમાં ડૂબી રહી હોય કે કોઈ વ્યક્તિ બળતાં ઘરમાં સપડાઇ ગઇ હોય, ત્યારે બીજી વ્યક્તિ તેને બચાવવા માટે પાણી કે આગમાં કૂદી પડે તો તે વખતે આપદ્ગ્રસ્ત વ્યક્તિ સાથે એનું તાદાત્મ્ય સધાય ખરું, પણ સાથેસાથ આખા વિશ્વથી વિમુખ નથી બનાતું.

વિવિધતાવાળા વિશ્વમાં પણ એટલીવાર તેને આનંદનું દર્શન થઇ જશે! એ પળમાં વિશ્વનું વાસ્તવિક અને મૂળ સ્વરૂપ તેની સામે આવી જશે. ભેદભાવથી ક્ષણવાર માટે તે પર બની જશે. સાચા ધાર્મિક કાર્યની આ સૌથી મોટી ઓળખાણ છે.

દુનિયામાં ધર્મનો પ્રચાર અને પ્રસાર જેઓને ઇષ્ટ હોય, તેઓએ અહિંસાદિ ધર્મો કે જેને માટે સમગ્ર વિશ્વનું ઐકમત્ય છે. તેનો જ પ્રચાર અને પ્રસાર મુખ્ય બનાવવો જોઇએ. પૂજા-પાઠ-ઉપાસના અને ધર્મશાસ્ત્રો બધાની સાર્થકતા તેમાં રહેલી છે.

ઉપાસ્ય તત્ત્વની અવહેલના તો આ જીવને અનાદિકાળથી કોઠે પડેલી છે. આત્મૌપમ્ય દૃષ્ટિ વડે તેને ભેદવામાં આ માનવભવની સાર્થકતા છે. પછી આત્મસાક્ષાત્કાર સ્વાભાવિક ક્રમે પ્રગટે જ છે. અને તાત્ત્વિક વિશ્વૈક્ય અનુભવાય છે.

卐

> અશુભની સામે શુભનું બળ ઘણું છે. આ વિશ્વમાં અશુભ ઘણું છે, તો શુભ પણ ઘણું છે. પંચ પરમેષ્ઠિ ભગવંતોનો શુભ ભાવ એટલો બધો પ્રબળ છે, કે તેની સામે અનંતાનંત જીવોનું અશુભ એકઠું થાય, તો પણ પ્રચંડ દાવાનળની આગમાં ઘાસના તણ તુલ્ય છે.

# ચિંતનની ચિનગારીઓ

द्रढतामुपैति वैराग्य भावना येन येन भावेन ।
तस्मिंस्तस्मिन्कार्यः, कायमनोवाग्भिरभ्यासः ॥

જે-જે ભાવથી વૈરાગ્ય ભાવના દૃઢ બને તે-તે ભાવમાં મન-
વચન-કાયાથી અભ્યાસરૂપ ચિંતન કરીને આત્મભાવમાં સ્થિર થવું.



મનુષ્ય પોતાની જાત પ્રત્યે ક્ષમાશીલ, ઉદાર અને સહિષ્ણુ હોય છે,
તેથી પોતાના દોષને ભૂલી શકે છે અને ગુણને યાદ રાખે છે,
બીજાના ગુણને અને પોતાના દોષને ઝટ ભૂલી જાય છે,
બીજાના દોષને અને પોતાના ગુણને સારી રીતે યાદ રાખે છે
તેની પાછળ પોતાના અને પરાયામાં ભેદબુદ્ધિ મુખ્ય કારણ છે,
જ્યારે અભેદ બુદ્ધિ થશે
ત્યારે જ
આત્મવિકાસનો વિશેષ પ્રારંભ થઈ
ગુણસ્થાનોની પ્રાપ્તિ થશે. આવા અભેદને પામવા
સદા સજાગ નિઃસ્પૃહમૂર્તિ
પંન્યાસ પ્રવરશ્રી

**શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

# ચિંતનની ચિનગારીઓ

સ્નેહ પરિણામ એ જ ધર્મનું મૂળ છે અને એ જ સમ્યગ્દર્શન છે. અનાદિ ભવચક્રમાં તેની પ્રાપ્તિ ન થવાથી જ જીવ ભવભ્રમણ કરે છે. મૈત્ર્યાદિનું સંવેદન અને ગુરુ લાઘવ વિજ્ઞાન જાગ્યા પછી જ તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનની ઉપમાને પામે છે અને તેની ક્રિયા સમ્યક્ ક્રિયાની પ્રસિદ્ધિ મેળવે છે, પણ આ તત્ત્વને સમ્યક્ બનાવવા માટે જાણેલા–પામેલા સ્વીકારેલા પદાર્થોનું ઐદમ્પર્ય સુધીનું ભાવન એટલે ચિંતન... એ ચિંતનોની ચિનગારીઓ......

૧ આત્મ સુખનો ઉપાય...!
૨ પુદ્ગલ અને જીવનો સ્વભાવ
૩ તત્ત્વરુચિ
૪ મૃત્યુ મિત્ર છે
૫ વર્તમાન સાક્ષાત્કાર
૬ રાગ–દ્વેષ અને મોહ નિવારણ
૭ સમવાય કારણવાદ
૮ ઉત્તમ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ
૯ માન–મુક્તિ
૧૦ સ્વાપકર્ષ બોધ
૧૧ વિતરાગી–સરાગી
૧૨ માનવ અને યંત્ર
૧૩ સત્સંગનો મહિમા
૧૪ વિશ્વનાં વિધાન
૧૫ કસોટીનો ડર
૧૬ દુષ્કૃત ગર્હા
૧૭ લોકોત્તર જીવન–બોધ
૧૮ અભેદ
૧૯ દિવ્યતા અને ક્ષુદ્રતા
૨૦ સામૂહિક સાધના
૨૧ અનુમોદનાથી અનુબંધ
૨૨ ભવ્યત્વ પરિપાકના ઉપાયો
૨૩ વાણીની દિવ્યતા
૨૪ ત્રિકરણ યોગ
૨૫ પર્વાધિરાજનો પ્રભાવ
૨૬ મૂળ પ્રકૃતિનું પરિવર્તન
૨૭ વસ્તુ અને વાસના
૨૮ ભાષા વિશુદ્ધિ
૨૯ આનંદનો અનુભવ
૩૦ પુરુષાર્થવાદ
૩૧ ઉપયોગ–ઉપગ્રહ (परस्परोपग्रहो जीवानाम्)
૩૨ અર્હં, તારક ત્રિવેણી ઉપકારસ્નાન
૩૩ અષ્ટપ્રકારી પૂજાનું રહસ્ય
૩૪ શિવમસ્તુ સર્વજગત
૩૫ શરણાગતિ
૩૬ શુદ્ધોપદેશનો સાર
૩૭ અધ્યાત્મયોગ

# આત્મસુખનો ઉપાય

સિદ્ધ દશા એટલે કેવળ આત્માનો આનંદ.

આત્માનો સ્વ-સન્મુખ ઉપયોગ અને વીર્ય એ જ તારક છે. વીર્ય અને ઉપયોગ એ જ્ઞાન અને આનંદ સહિત જ હોય છે.

આત્મા પોતે સ્વવીર્ય વડે શુદ્ધોપયોગનું સર્જન કરીને સિદ્ધિને પામે છે.

અનુકૂળતા એ જ આનંદ છે, રાગમાં આકૂળતા છે, જ્ઞાનમાં અનાકૂળતા છે, રાગ કઠોર છે, જ્ઞાન કોમળ છે. કઠોરતાનો નાશ કોમળતા વડે થાય છે.

દ્રવ્યાનુયોગમાં છ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું છે અને તેમાં શુદ્ધાત્માનો મહિમા બતાવ્યો છે, તેમજ તેના અનુભવની રીત પણ બતાવી છે.

નિશ્ચય-વ્યવહારને જાણી, નિશ્ચય સ્વરૂપમાં આરૂઢ થવાથી આ અનુભવ થાય છે.

લોકરચના શાશ્વત છે, તેમ તેને વર્ણવનાર શાસ્ત્રોની પરંપરા પણ અનાદિ અનંત છે. અને તેનું જ્ઞાન કરનાર જીવો પણ શાશ્વત છે.

શબ્દ, અર્થ અને જ્ઞાન-ત્રણે સાથે રહેનારી વસ્તુઓ છે.

ચારે અનુયોગ દ્વારા વસ્તુનું સ્વરૂપ સમજી શુદ્ધાત્માનું ધ્યાન કરવું, એ ઉપદેશ માત્રનો સાર છે.

વીતરાગ સ્વરૂપ અને શુદ્ધાત્માનું સ્વરૂપ એક જ છે.

આત્માના શુદ્ધ વીતરાગ સ્વરૂપમાં દૃષ્ટિની-ઉપયોગની એકાગ્રતા સાધવી એ શુદ્ધ ઉપદેશનો સાર છે.

શુદ્ધોપયોગ એટલે વીતરાગ સ્વરૂપમાં આત્માને જોડવો. તેથી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે.

શુદ્ધ-દૃષ્ટિ આત્માના પૂર્ણ સ્વરૂપને જોનારી છે.

શાસ્ત્રોનું સાચું રહસ્ય સમજવા માટે પૂર્ણ દૃષ્ટિ કેળવવી જોઈએ.

શુદ્ધોપયોગ એટલે વીતરાગ સ્વરૂપમાં આત્માને જોડવો. તેથી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે.

અણુવ્રત, મહાવ્રતોનું આચરણ પણ ચૈતન્ય સ્વભાવનો અનુભવ કરવાનું સાધન માત્ર છે.

જનરંજન છોડીને જિનરંજન કરવું જોઈએ. જિનરંજન તે આત્મરંજન છે.

આત્મરંજન આત્માના અનુભવ વડે શક્ય છે. તે માટે જનોક્ત માર્ગ છોડીને જિનોક્ત માર્ગને અનુસરવું જોઈએ.

આત્માને રાજી કરવો તે જિનરંજન. આત્મ-રંજન એ જિનોક્ત માર્ગ છે.

સંસાર પરિભ્રમણનો અંત લાવવાનું સાધન, મોહને છોડીને આત્મસ્વભાવનું ચિંતન-ધ્યાન કરવું તે છે.

નેત્ર અગ્નિને દેખે છે, પણ અગ્નિનું સર્જન કે વેદન કરતું નથી, તેમ આત્મા જ્ઞાન-દર્શનરૂપી ચક્ષુ વડે રાગાદિને જાણે છે, પણ તેનું સર્જન કે વેદન કરતો નથી.

શુદ્ધ જ્ઞાન જેમ અકર્તા, અભોક્તા છે, સર્જક કે વેદક નથી, તેમ શુદ્ધ જ્ઞાન પરિણતિરૂપે પરિણમેલો જીવ પણ અકર્તા, અભોક્તા છે, વેદક કે સર્જક નથી.

## મોક્ષમાર્ગ

જ્ઞાનભાવ પરિણમન તે શુદ્ધ ધર્મ છે, ભાવધર્મ છે. તેને શ્રદ્ધા-જ્ઞાન-અનુભવમાં લેવો તે મોક્ષમાર્ગ છે.

બાહ્ય ચક્ષુ પુદ્ગલની રચના છે. આત્મા જ્ઞાનચક્ષુવાળો-જ્ઞાનનેત્રવાળો છે.

આત્મા અકષાયરૂપ છે, તેથી શાન્ત અને શીતળ છે. જ્ઞાન અને દર્શન એ આત્માનાં ગુણ છે, તેથી શાન્ત અને શીતળ છે.

રાગમાં આકુળતારૂપ અગ્નિ છે. જ્ઞાનમાં શીતળતારૂપ શાન્તરસ છે.

જ્ઞાનચેતના રાગાદિ રહિત છે માટે અકર્તા છે. અને સુખાદિ રહિત છે, માટે અભોક્તા છે.

શુદ્ધજ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખીને અનુભવવો તે ધર્મ છે. જેમ આંખ છે, તો શરીરની શોભા છે, તેમ આત્માની શોભા ચૈતન્ય-ચક્ષુ વડે છે.

સંસાર અસાર છે, તેમાં આત્મા જ સાર છે. નિજ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધાન એ અતિ દુર્લભ છે. તેથી તે માટે પુરુષાર્થ કરવો એ જ કર્તવ્ય છે.

દેહરૂપી ગુફામાં અંદર ઊંડે-ઊંડે આત્મા છે. તેને લક્ષ્યમાં લેવો જોઇએ, બહાર ફાંફાં મારવા કરતાં મનને અંદર વાળવું તે અંતર્મુખતા છે.

દેહ આવે અને જાય, પણ આત્મા કદી દેહરૂપી ન થાય. મરણને જાણનારો કદી મરતો નથી. દેહ આવ્યો અને ગયો પણ આત્મા તો એનો એ જ રહ્યો

આત્માને આત્માનો વિયોગ કદી હોય નહિ. શરીરના વિયોગે આત્માનો વિયોગ થતો નથી.

આગમ મૂર્તિરૂપી આદર્શ ( દર્પણ ) માં જે શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાયું, જાણવામાં આવ્યું તે જ્ઞાન છે અને એ મુજબ ધ્યાન કર્યું, તે ક્રિયા છે. 'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ ।' એનો ટૂંકો અર્થ છે.

જ્યાં સમ્યક્ત્વાદિ છે, ત્યાં સુખ છે અને મિથ્યાત્વાદિ છે, ત્યાં દુઃખ છે.

સુખ અને દુઃખ, સંયોગ અને વિયોગમાં નથી, પણ જીવની આકુળતા અને નિરાકુળતામાં છે.

દેહ અને રાગાદિમાં એકત્વ બુદ્ધિ તે મિથ્યાત્વ છે.

આત્મામાં એકત્વ બુદ્ધિ તે સમ્યક્ત્વ છે. શુભ વિકલ્પરૂપી રાગથી સ્વર્ગ મળે. પણ આત્મા ન મળે. આત્મા નિર્વિકલ્પરૂપી જ્ઞાનથી મળે.

## સંસારનું મૂળ

હું જ્ઞાનસ્વરૂપ છું, એ ભૂલીને, હું રાગવિકલ્પરૂપ છું અને શરીરસ્વરૂપ છું, એવી બુદ્ધિ તે સંસારનું મૂળ છે.

જીવ જ્ઞાનસ્વરૂપ છે, શરીર જડ છે, બહારની બધી અનુકૂળતા હોય, પણ અંતર્લક્ષ્ય ન હોય તો સમ્યગ્દર્શન ન થાય.

પ્રતિકૂળતા વચ્ચે પણ અંતરમાં હું જ્ઞાનસ્વરૂપ છું, એવું લક્ષ હોય તો સમ્યગ્દર્શન થાય.

આત્મા કેવો છે?

દેહથી ભિન્ન, ચૈતન્ય સ્વરૂપ તત્ત્વોમાં ઉપાદેયતત્ત્વ, નિશ્ચયથી શુદ્ધજીવતત્ત્વ છે.

દેહબુદ્ધિ ક્યારે છૂટે? ઉપયોગ સ્વરૂપ આત્માનો અનુભવ કરે ત્યારે. પરથી ભિન્નતા અને સ્વરૂપથી પૂર્ણતા જાણીને સ્વમાં ઠરે ત્યારે સુખનો આસ્વાદ અનુભવે. આ આસ્વાદ જીભના સ્વાદથી સર્વથા નિરાળો છે. કલ્પનાતીત વાત્સલ્યરૂપ છે. આત્માની પ્રીતમાં પાવરધા પ્રભુની દુનિયાનો પૂરો સ્વાદ ચખાડનારો છે.

જ્ઞાન અને આનંદ કેવળ આત્મામાં છે. દેહમાં કે રાગાદિ વિકલ્પોમાં નથી. આત્માને અનુભવ વડે જાણી શકાય છે.

શ્રી અરિહંત, સિદ્ધ વગેરેની સાચી ઓળખ ક્યારે થાય? ઉપયોગ સ્વરૂપ આત્માને ઓળખે ત્યારે.

આત્મા સદા ઉપયોગ વડે જીવે છે. માત્ર દેહ અને ખોરાક વડે નહિ.

મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વ અંગીકાર કરે, ઉપયોગ દ્વારા આત્માને શરીરથી ભિન્ન માને ત્યારે સમ્યક્ત્વ સહિત સામાયિક પ્રતિક્રમણાદિ ક્રિયા ધર્મસ્વરૂપ બને છે. સમ્યગ્દર્શન એટલે આત્મ-સાક્ષાત્કાર, વ્યક્તપણે આત્માનું સ્વ-સંવેદન.

ઇન્દ્રિય અને મનથી જે પરમાં એકાગ્ર થાય છે, તેને ફેરવીને મતિજ્ઞાનને સ્વમાં એકાગ્ર કરવાથી આત્મા પ્રત્યક્ષ અનુભવાય છે. તે પ્રગટ અનુભવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

જયાં સુધી કોઈ પણ જડ વસ્તુની ક્રિયા અને રાગના વિકલ્પની ક્રિયાને જીવ એકાંતે પોતાની માને, ત્યાં સુધી તે સાચી સમજણના માર્ગે નથી.

## સર્વસાર નવકાર

સમયસાર, સિદ્ધાન્તસાર, આગમસાર, ચૌદ—પૂર્વ અને દ્વાદશાંગનો સાર શ્રી નવકાર અર્થાત્ શુદ્ધ આત્મા છે.

રાગથી ભિન્ન થઈ જયારે જ્ઞાન સ્વસન્મુખ બને છે અને અભેદપણે જે શુદ્ધ અનુભવ થાય છે, તે જ સમયસાર છે.

સ્વ તરફ રૂચિ થાય છે એટલે સંસાર રૂચિ ઊડી જાય છે. શ્રુતના અવલંબનથી જ્ઞાન સ્વભાવનો નિર્ણય કરીને તે અનુસાર અનુભવ કરવો જોઈએ.

આત્માનો નિર્ણય તે કારણ. અને આત્માનો અનુભવ તે કાર્ય. જયાં સાચું કારણ મળે, ત્યાં સાચું કાર્ય થાય જ.

ઇન્દ્રિયોના અવલંબને મતિજ્ઞાન પર-લક્ષે પ્રવર્તે છે. અર્થાત્ પરપદાર્થોને વિષયભૂત બનાવે છે. મનના અવલંબને શ્રુતજ્ઞાન નયપક્ષોના વિકલ્પોમાં ભટકે છે. તે બંનેને અંતર સ્વભાવ સન્મુખ કરી, એક જ્ઞાન સ્વભાવને લક્ષ્યમાં લઈ, તેમાં ઉપયોગ પ્રવર્તાવી નિર્વિકલ્પ થઇને શુદ્ધાત્માનો અનુભવ કરવો તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે.

શુદ્ધસ્વભાવ એકરૂપ છે, અનાકુળ છે. વિશ્વમય હોવા છતાં વિશ્વથી પર છે. આત્મસ્વભાવ બધાથી જુદા અને ઉપર છે. વિજ્ઞાનઘન છે, વિકલ્પોના પ્રવેશથી રહિત છે, પરમાત્મસ્વરૂપ છે. એવો નિર્ણય અને અનુભવ એ સ્વધર્મ છે અને મોક્ષનો અનન્ય ઉપાય છે.

જ્ઞાન-સ્વભાવી આત્મા તે શુદ્ધ નિશ્ચય છે. અને પરિણતિને સ્વભાવ સન્મુખ કરવી તે શુદ્ધવ્યવહાર છે. તે વખતે આત્માનો સહજ આનંદ સ્વભાવ પ્રગટ થાય છે. નિર્વિકલ્પ થવાનો પુરુષાર્થ તે ધર્મ છે.

જ્ઞાન સ્વભાવની પકડથી જે જ્ઞાન થાય, તે સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન એ કોઈ બાહ્ય વસ્તુ નથી, પણ સ્વાનુભવરૂપ પરિણમેલો આત્મા એ જ સમ્યગ્જ્ઞાન-દર્શન છે.

જ્ઞાન સ્વભાવના અનુભવથી જે આત્મહિત થાય છે.

જેવું પરમાત્માનુ સ્વરૂપ છે, એવુ જ આપણું સ્વરૂપ છે. તેને આપણે ઓળખીએ તો જ પ્રભુતાની પ્રાપ્તિ થાય.

શુદ્ધાત્માનું વેદન, જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, અનુભવ કે સાક્ષાત્કાર એ આત્મા જ છે. સિદ્ધપદ કે સાધુપદ કે કેવળીપદ તે આત્મા જ છે. મોક્ષમાર્ગ, આરાધના વગેરે આત્મામાં જ સમાય છે. એવી અનુભૂતિ એ સર્વ ધર્મનું મૂળ છે.

શ્રુતનું લક્ષણ અનેકાન્ત છે. અનેકાન્તનું લક્ષણ છે કે–દરેક પદાર્થ સ્વરૂપથી છે પણ પર રૂપથી નથી.

મતિ વસ્તુની સ્વતંત્રતાને સિદ્ધ કરે છે. શ્રુતજ્ઞાન વસ્તુની પૂર્ણતાને સિદ્ધ કરે છે. ક્ષણિક પર્યાયમાં વિકાર છે. ત્રૈકાલિક વસ્તુ અવિકારી છે. સ્વભાવને ઓળખી કષાય ભાવથી આત્માને બચાવવો એ ખરી સ્યાદ્વાદિતા છે.

## સ્નેહપરિણામ

કષાયના નિમિત્તો ઉપર વિજય, સ્નેહ પરિણામથી સધાય છે. આ સ્નેહ પરિણામ શુદ્ધાત્મ સ્વભાવ છે. તેને ઓળખીને અપનાવવાથી દયાવંત બનાય છે.

વસ્તુને પરાધીન માની કર્તૃત્વબુદ્ધિ અને રાગ–દ્વેષ કરવા તે ભાવહિંસા છે. કારણ કે તેનાથી સ્વભાવ ડહોળાય છે. તેનો તિરસ્કાર થાય છે.

શરીરથી ભિન્ન અને પુણ્ય–પાપથી પર એવા જ્ઞાન સ્વભાવથી આત્માનો અનુભવ તે સામાયિક છે.

જ્ઞાનપણે પરિણમવું તે મોક્ષનું કારણ છે. પુણ્યવડે પરિણમવું તે નહિ.

પુણ્યની ખાતર મોક્ષમાર્ગને અવગણવો તે રાખ માટે ચંદનના વનને ભસ્મસાત્ કરવા જેવું છે, એક દોરાને માટે રત્નના હાર તોડવા જેવું છે, એક કાંકરા માટે કે કાચના ટુકડા માટે ચિંતામણિ રત્નને ફેંકી દેવા જેવું છે.

ચિદાનંદ તત્ત્વનો આશ્રય છોડીને પુણ્ય તત્ત્વનો આશ્રય લેવો, તે પણ તેવું જ અવિચારી કૃત્ય છે.

મોક્ષનો માર્ગ આત્માના આશ્રયે છે. પુણ્યના આશ્રયે ચૈતન્યભાવ અને રાગભાવ વચ્ચે ભેદ જ્ઞાન કરીને એક ચૈતન્યનો જ આશ્રય લેવો અને રાગનો આશ્રય છોડવો તેમાં જ સાચી વિદ્વત્તા અને સાચી શાસ્ત્રજ્ઞતા છે.

આકાશની અનંતતા કરતાં પણ જ્ઞાનસ્વભાવની અનંતતા મોટી છે. તેવા મોટા જ્ઞાન સ્વભાવવાળા આપણે છીએ.

વ્યક્તિ પોતે આ સ્વભાવમાં રહેવાને બદલે કંઈક બીજું મેળવવા મથે છે. એટલે આપમેળે ગુલામી વહોરીને દુઃખી થાય છે. કારણ કે સાચું સુખ પરવસ્તુ આપી શકતી નથી, સ્વ વસ્તુ સ્વરૂપ આત્માને સેવવાથી જ તે મળે છે.

આત્મસ્વરૂપની શોધને જીવનસાધના બનાવવામાં માનવભવની સાર્થકતા છે. જવાના સ્વભાવવાળા સર્વ પદાર્થોને છોડી દઈને કાયમ રહેવાના સ્વભાવવાળા આત્માની શોધ માટે શુદ્ધ મન એ શ્રેષ્ઠ સાધન છે. અને નામજપ એ પ્રબળ શક્તિ છે.

આ રીતે વિચારવાથી આત્માના સ્વરૂપનું અચિન્ત્ય સામર્થ્ય અને ઐશ્વર્યના ભોક્તા બનીને અજરામર પદના અધિકારી બનીશું!

卐

# પુદ્ગલ અને જીવનો સ્વભાવ

પુદ્ગલમાં સુખ આપવાનો ગુણ નથી.

જીવમાં સ્વરૂપથી દુઃખ આપવાનો સ્વભાવ નથી.

સુખ ઉપર રાગ અને દુઃખ ઉપર દ્વેષ એ વિકૃત સ્વભાવની પરિણતિ છે.

પુદ્ગલમાં સુખ આપવાની શક્તિ છે, એ ભ્રમ છે. એનું નિવારણ જેમ શ્રી જિનવચનથી થાય છે, તેમ જીવમાં દુઃખ આપવાનો સ્વભાવ છે, એ ભ્રમનું નિરસન પણ શ્રી જિનવચનથી થાય છે.

જીવ ઉપર દ્વેષ થવાનું કારણ જીવમાં દુશ્મનબુદ્ધિ છે.

પુદ્ગલમાં દુશ્મન બુદ્ધિ નથી, તેથી દ્વેષભાવનો સંભવ નથી.

પુદ્ગલ ઉપર રાગ થવાનું કારણ, તે સુખનું સાધન છે-એવી ભ્રાંતિ છે. એ ભ્રાંતિ નિવારવા માટે પુદ્ગલના સ્વભાવનું ચિંતન કરીને વૈરાગ્ય કેળવવો જોઈએ.

જીવ ઉપર દ્વેષ થવાનું કારણ, જીવમાં દુશ્મનબુદ્ધિ રહેલી છે. આ દુષ્ટ બુદ્ધિના નિવારણ માટે જીવ કર્મને વશ છે, એ વિચારીને મૈત્રીભાવ કેળવવો જોઈએ.

સ્નેહભાવ એની ટોચે પહોંચે છે, એટલે દ્વેષભાવનો અંત આવે છે.

પુદ્ગલમાં જ્ઞેયભાવ એની ટોચે પહોંચે છે, એટલે રાગભાવનો અંત આવે છે. તેમાં શ્રી જિનવચન સહાયક થાય છે તેથી ભક્તિ પેદા થાય છે. એ ભક્તિ શ્રી જિનેશ્વર ભગવંતોનું ધ્યાન કરાવવામાં કારણભૂત થાય છે, તેથી મુક્તિનો હેતુ બને છે.

મુક્તિનો હેતુ શ્રી જિનધ્યાન છે. શ્રી જિનધ્યાનમાં હેતુ, શ્રી જિનવચનનો વિચાર છે.

શ્રી જિનવચનનો સાર, પુદ્ગલ પ્રત્યે માધ્યસ્થ્યભાવ અને જીવ પ્રત્યે સ્નેહભાવ કેળવવો તે છે. એનું જ નામ સામાયિક છે.

સામાયિકનો 'સામ' શબ્દ મૈત્રીવાચક છે, 'સમ' શબ્દ માધ્યસ્થ્ય વાચક છે અને 'સમ્મ' શબ્દ એ બંનેના સંયોગનો વાચક છે.

માધ્યસ્થભાવ એ ખીર છે. મધુરભાવ એ ખાંડ છે, એ બેનો સંયોગ સમ્મભાવ કરાવે છે.

સામાયિકના ત્રણે અર્થોની સાર્થકતા એ રીતે જ્ઞાન દર્શન ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનામાં છે.

卐

# તત્ત્વરુચિ

સુગુરુનો સમાગમ–નિશ્રાની પ્રાપ્તિ–મહા પુણ્યના ઉદયે થાય છે.

સુગુરુ એ તો અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાતા જીવની આંખ છે.

સુગુરુના ઉપદેશ દ્વારા જીવ, ધર્મનો માર્ગ જાણી શકે છે. અને તે માર્ગ પર ચાલવાની શ્રદ્ધા કેળવી શકે છે.

સુગુરુના શ્રીમુખે શ્રી સિદ્ધચક્રનું સ્વરૂપ જાણી–સમજી–સ્વીકારીને, શ્રદ્ધાપૂર્વક તેનું ધ્યાન કરવાથી તડકામાં ઊડી જતાં ભેજની જેમ, પાપનો ભેજ ઉડી જાય છે. પુણ્યનો પ્રકાશ પ્રગટ થાય છે.

ધન, પોતાનું પોતાને લાભકારી છે, જેને મેળવવા માટેનો પ્રારંભ સ્વાર્થથી પ્રેરાઈને થતો હોય છે.

જ્યારે 'ધર્મ' સર્વ માટે છે, સર્વને લાભ કરનારો છે. પરને પમાડાતો 'ધર્મનો લાભ' પોતાના ખાતામાં જમા થતો હોય છે, એ યાદ રાખો!

તત્ત્વરુચિ એટલે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન અને જ્ઞાન એટલે સર્વ જીવોને જીવ તત્ત્વ તરીકે જોવા તેમજ તે તત્ત્વનું જ્ઞાન પામવું તે. જેના પ્રકાશક શ્રી તીર્થંકર પરમાત્મા હોય છે.

જીવમાં શક્તિ અચિન્ત્ય છે. જીવનું હિત ચાહવાથી તે આપણને શિવપદ સુધી પહોંચાડી શકે છે. અને અહિત ચાહવાથી નરક–નિગોદ સુધી હડસેલી શકે છે.

સમ્યગ્દર્શનમાં પ્રથમ જીવનું જ્ઞાન એટલે જીવ છે. અનાદિકાળથી જીવ નિત્ય છે. કર્મનો કર્તા તેમજ ભોક્તા છે.

શુભદાનનું, શુભ શીલ અને શુભ ભાવનું ફળ પણ મળવાનું છે. કારણ કે કર્મ, કર્તાનું જ અનુકરણ કરે છે. અને કર્તા જીવ હોય છે. એ પહેલાં આપણે જાણી લીધું.

સમ્યગ્દર્શન, આપણને જીવના અસ્તિત્વનું જ્ઞાન કરાવે છે.

જીવ સદા કર્મબંધ કરી રહ્યો હોય છે. નિદ્રા કાળે પણ કર્મબંધ ચાલુ રહે છે.

સર્વ જીવોનાં કર્મો ભિન્ન ભિન્ન હોય છે. કર્મોની આ ભિન્નતાના કારણે, એક જ પિતાના બે પુત્રો પણ રૂપ–રંગ–આયુષ્ય આદિમાં સમાન નથી હોતા.

જીવનાં અસ્તિત્વમાં શ્રદ્ધાપૂર્વકના જ્ઞાનથી મિથ્યાત્વની ગાંઠ છૂટી જાય છે.

જીવ છે, જીવ કર્મનો કર્તા અને ભોક્તા છે, કર્મોને દૂર કરીને જીવ મોક્ષમાં જાય છે. ગયા છે. જવાના છે.

આ સત્યોનો સ્વીકાર તે સમ્યગ્ દર્શન તેવી સમજ તે જ્ઞાન.

કર્મબંધના હેતુઓનો ત્યાગ અને કર્મક્ષયની ઇચ્છાથી સકામ નિર્જરાથી વિના કષ્ટે કર્મોનો ક્ષય થાય છે.

કર્મક્ષયની ઇચ્છા વગરની અકામ નિર્જરાથી કર્મજન્ય કષ્ટો ભોગવવાં પડે.

જે કર્મોનો ક્ષય અનંત કષ્ટથી થાય. તેજ કર્મોનો ક્ષય, શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના અન્તર્મુહૂર્તના ધ્યાનથી થાય.

પરમાત્મા, આપણા આત્માને અભેદભાવથી પોતાના માને છે. પરંતુ આપણે તેમની સાથે એક સમાન અભેદ ભાવ માનવાની કે જાણવાની ઇચ્છા પણ નથી રાખતા.

સર્વત્ર 'હું અને મારૂં' જ ભરેલું પડયું છે. સિદ્ધોના સ્વરૂપને ન સ્વીકારવું તે પણ ઘોર મિથ્યાત્વ છે.

શ્રી જિન વચનની પરિણતિ વિના, જીવ તત્ત્વ ઉપર શ્રદ્ધા જામતી નથી.

કર્મ મુક્ત જીવ, કર્મબદ્ધ જીવોને મુક્ત કરી રહ્યા છે. પણ ભાણામાં ભોજન પીરસાયા બાદ ખાવાની ક્રિયા તો માણસને જાતે જ કરવી પડેને ? તેમ પરમાત્માએ આપણને મુક્ત કરનારૂં સાધન તો બતાવી દીધું. પણ તેનો ઉપયોગ તો આપણે જાતે જ કરવો પડે ને ! એ ઉપયોગથી વંચિત રહેવું તે અધર્મ અને તે જ દુઃખનું કારણ છે.

શ્રદ્ધાપૂર્વક એ સ્વીકારવું જોઇએ કે, જ્યાં સુધી જીવ સંસારથી મુક્ત નથી થતો, ત્યાં સુધી તે દુઃખી થાય છે. આ સત્યના સ્વીકારથી ભવ-નિર્વેદ પેદા થાય છે.

જ્યાં થોડો પણ ધર્મ છે, ત્યાં, ધર્મની સાથોસાથ ધર્મની છાયાથી અધર્મની પણ રક્ષા થતી હોય છે.

શરીર તથા મનથી પર બનીને, આત્મ સ્વરૂપમાં સ્થિર બનાય અને પરમાત્મ સ્વરૂપમાં અવાય ત્યારે સત્યનો બોધ થાય છે.

શ્રી જિનવચનમાં રહેલી રુચિ અને પ્રીતિ જીવ તત્ત્વમાં રુચિ અને પ્રીતિ પેદા કરે છે.

આ તત્ત્વ રૂચિથી ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ જાગે છે.

જગતમાં રહેલા જીવો, મુક્તિના અધિકારી છે. અપરાધી પર ક્ષમા. નિરપરાધી તરફ લાગણી આ છે કલ્યાણનો માર્ગ.

ભવથી મુક્ત થઇને મોક્ષ પામવા માટે જીવ-દયા તેમજ અપરાધી તરફ ક્ષમા જોઇએ જ. તેમજ કાર્યસિદ્ધિ ન થાય ત્યાં સુધી સહનશીલતા, ધીરજ વગેરે જરૂરી છે.

મોક્ષ ન મળે ત્યાં સુધી દયા તેમજ ક્ષમાનું પાલન કરવું અને મોક્ષે સિધાવેલા આત્માનું ધ્યાન કરવું તે ઉત્તમ કરણી છે.

આ શુભ કર્મનું શુભ ફળ આપણા ખાનામાં જમા થઈ જાય છે.

ભવ, એ સાગર છે. મોક્ષ, એ ઘર છે. અને ધર્મ એ સંસાર સાગરનો કિનારો છે. સમકિત સામાયિકનો પરિણામ આવ્યા પછી જીવાદિની શ્રદ્ધામાં સ્થિર રહેવાય છે અને ધર્મ રૂપી કિનારા તરફ આગળ વધાય છે. અને ત્યાંથી વધુ આગળ વધતાં મોક્ષરૂપી ઘરમાં પ્રવેશતા અધિકારી બનાય છે.

卐

# મૃત્યુ મિત્ર છે

મૃત્યુ ભલે આવે, એ મિત્ર બનીને જ આવશે. અને આપણે મૈત્રીભર્યા ઉમળકાથી તેનું સ્વાગત કરવું જોઈએ.

ઉત્તમ પુરુષો, સત્ત્વવંત પુરુષો મૃત્યુને મિત્ર માને છે, પણ શત્રુ નહિ. મૃત્યુ અતિથિવિશેષ છે–એમ માનીને તેનું હાર્દિક સ્વાગત કરે છે, પણ તિરસ્કાર નહિ.

મૃત્યુ આપણને માન આપવા આવે છે. અપમાનિત કરવા નહિ.

હોય છે તે સ્થાનથી ચઢીઆતા સ્થાને જનારને જતી વખતે અભિનંદન આપવા મૃત્યુ સદા તૈયાર રહે છે.

સદાચારસંપન્ન સત્ પુરુષો મૃત્યુરૂપી મિત્રને આવકારે છે, કે જે મિત્ર તેમને વર્તમાન સ્થિતિમાંથી–સારી સ્થિતિમાં લઈ જવા માટે સદા ઝંખે છે.

અસત્ પુરુષો મૃત્યુથી સદા ભય પામે છે.

મૃત્યુનો ભય તેઓને જ વિશેષ હોય છે, જેઓ નિશદિન પાપકર્મમાં આસક્ત રહે છે.

ધર્મ કર્મમાં નિત્ય મગ્ન રહેનારા પુરુષોને મૃત્યુનો ભય મુદ્દલ હોતો નથી.

જે કદી મરતો નથી, તેની મહોબ્બતમાં મસ્ત મહાપુરુષો તો સદા, 'અબ હમ અમર ભયે, ન મરેંગે' ના મહાગાનમાં મશગૂલ રહે છે.

સડવા–પડવાના સ્વભાવવાળા શરીરને જ વળગી રહેનારા, શરીરમાં જ જીવનારા, શરીર–સુખના દાસને જ 'મૃત્યુ' શબ્દ મર્મસ્થાનના ઘા સમાન આકરો લાગે છે.

મૃત્યુનું હાર્દિક સ્વાગત કરવાનું સત્ત્વ, જીવનની પ્રત્યેક પળનો સ્વ–પર કલ્યાણકર ધર્મારાધનામાં સદુપયોગ કરનારા જ કરી શકે છે.

મળેલા જીવનને પરમજીવનની સાધનામાં એકાકાર બનાવવાથી મૃત્યુનો ભય સદંતર નાબૂદ થાય છે. કારણ કે એવા જીવનમાં સદૈવ અમર આત્માનું પ્રભુત્વ હોય છે.

卐

# વર્તમાન સાક્ષાત્કાર

આપણને જે કાંઇ દેખાય છે, તે જ ઈશ્વરનું ચૈતન્યમય મધુરરૂપ છે.

આપણું પ્રત્યેક દર્શન, તે એક પ્રકારનો સાક્ષાત્કાર છે.

આપણે વિશ્વનું રૂપ જોઈએ છીએ, તે સાક્ષાત્કાર નથી, એમ માનવું તે જ અનાદિ વિભ્રમ છે.

આપણે નવું જ કાંઈ-આપણી કલ્પના મુજબનું જોવા, જાણવા અને અનુભવવા સદા મથીએ છીએ, એથી વર્તમાન-સાક્ષાત્કાર તિરોહિત થઈ જાય છે.

જે સામે છે, તે જ જોવા, જાણવા અને અનુભવવાનું છે. કલ્પનાથી કલ્પિત નહિ.

આપણી સામે જે કાંઇ છે, તે જ વિશ્વ કે તેનો અંશ છે. અને તે જ સત્, મધુર, રમ્ય, મનોહર અકાલ્પનિક છે.

આજનું જગત જે કેવળજ્ઞાની ભગવંતો સામે છે, તે જ આપણી સામે છે. કેવળજ્ઞાની ભગવંતો જે છે, તે જુએ છે. તેમને દેશ-ભેદ કે કાળ-ભેદ નથી. દેશ-કાળ-ભેદ આપણી કલ્પના માત્ર છે.

સતત ચાલુ એવા સાક્ષાત્કારને આપણે જ્યારે સાક્ષાત્કારરૂપે સમજીએ છીએ, ત્યારે જે આદ્રતા આવે છે, જે સમત્વનો અનુભવ થાય છે, તે વાણીનો વિષય નથી, પરંતુ અનિર્વચનીય આનંદનો વિષય છે.

દરેક વસ્તુમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો સત્સ્વરૂપે સાક્ષાત્કાર થઈ રહ્યો છે, તે કેટલો મધુર છે, એનાથી કાંઈક જુદી જ વસ્તુ આપણે શા માટે ઝંખવી જોઇએ? આવી ઝંખના તે જ અપૂર્ણતા છે. અને વધુ ઊંડા ઉતરીને વિચારીએ તો એવી ઝંખનારુપ અપૂર્ણતા પણ, પૂર્ણ વસ્તુ-સ્વરૂપથી જુદી નથી, તે પણ આત્મ સ્વરૂપ જ છે.

જગતમાં એવી કઈ વસ્તુ છે, કે જે દ્રવ્યથી સંપૂર્ણ, પરિપૂર્ણ અને સાથે જ પર્યાયથી અસંપૂર્ણ અને અપરિપૂર્ણ ન હોય?

જે જગત આપણી સામે છે, તેને તે સ્વરુપે જ સ્વીકારવાથી અને પરમ મંગળરૂપે આરાધવાથી તેની પરમ મંગળમયતા અનુભવાય છે. તેની પાછળ રહેલી સુવ્યવસ્થા, ન્યાયપૂર્ણતા અને ઉર્ધ્વગામિતા તથા પરમ તત્ત્વની અચિન્ત્ય શક્તિ યુક્તતા, દયાળુતા, પરમાર્થતા વગેરેનો અનુભવ થાય છે.

સત્ય, દયા, ન્યાય વગેરેની અનુભૂતિ એ જ પરમાર્થથી ઈશ્વરાનુભૂતિ છે. ઇશ્વર સત્યસ્વરુપ, દયામય અને ન્યાય સંપન્ન છે, એવી પ્રતીતિ થઈ, તે જ પૂર્ણતાની અનુભૂતિ છે.

ભાવિ પર્યાય તે જ ખરું કારણ છે. આવતી કાલે જે પર્યાયો થવાના છે, તે આજના પર્યાયોમાં કારણભૂત છે. આવતી કાલે જે પર્યાયો થવાના છે, તે જ રીતે આપણે આજે વર્તીશું. એ રીતે વર્તવા માટે જ વિશ્વનું આપણા પર દબાણ હશે.

સમગ્ર વિશ્વ સુસ્થિત રહેતું હોય, તો તેનો પ્રત્યેક પર્યાય નિયત હોવો જ ઘટે. પ્રત્યેક પર્યાયને જો નિયત ન માનવામાં આવે, તો કેવળજ્ઞાન ઘટે નહિ.

કેવળજ્ઞાન એટલે જ ક્રમબદ્ધ ઉત્પાદ, વ્યય એવા ધ્રુવ વિશ્વનું જ્ઞાન.

જગત, કેવળી ભગવંતના જ્ઞાનને પરતંત્ર છે. એ અપેક્ષાએ કેવળી ભગવંતો જગતના ત્રિભુવનના સ્વામી, અધિપતિ અને ઈશ છે.

એ રીતે વર્તમાનનું કારણ, સમગ્ર ભાવિ કાળ છે. તથા જીવના સર્વ સંસારી પર્યાયોનું કારણ સિદ્ધ પર્યાય છે.

'કેવળી ભગવંતે દીઠું હોય તે થાય' એ વાકયમાં ઘણું ઊંડું રહસ્ય છે. તેથી નિવૃત્તિરૂપ સમતા (નિશ્ચિતતા) સધાય છે.

જીવ સ્વતંત્ર છે, એનું રહસ્ય પ્રવૃત્તિરૂપ સમતામાં છે.

આ તત્ત્વજ્ઞાન પચવાથી જીવ હર હાલતમાં આનંદમગ્ન રહી શકે છે.

卐

# રાગ, દ્વેષ અને મોહ નિવારણ

રાગ નામનો દોષ, પોતાના દોષોને દેખવા દેતો નથી. દુષ્કૃત–ગર્હા રાગ–દોષની પ્રતિપક્ષી છે. દ્વેષ–દોષ બીજાના ગુણોને દેખવા દેતો નથી. સુકૃતાનુમોદન દ્વેષ દોષનું પ્રતિપક્ષી છે. મોહ–દોષ આત્માના હિતનું જ્ઞાન અને તે મુજબ વર્તન કરવા દેતો નથી.

શ્રી અરિહંતાદિનું શરણગમન મોહ દોષનું પ્રતિપક્ષી છે. શરણગમન આજ્ઞાપાલન રૂપ છે. આજ્ઞાપાલન પૂજન, સ્તવન, ધ્યાન અને વ્રત–નિયમના આરાધનરૂપ છે.

દુષ્કૃત ગર્હા ત્રણ યોગ, ત્રણ કરણથી થવી જોઈએ

સુકૃતાનુમોદન સાત ધાતુ–દશ પ્રાણથી થવું જોઇએ.

શરણગમન સાડા ત્રણ કરોડ રોમ અને અસંખ્યાત પ્રદેશથી થવું જોઈએ. તેથી જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે ગુણની નિર્મળતા સધાય છે.

**રાગ ટળવાથી વાત–વિકાર શમે છે.**
**દ્વેષ જવાથી પિત્ત–વિકાર શમે છે.**
**મોહ જવાથી કફ વિકાર શમે છે.**

જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે રાગ, દ્વેષ, મોહ જવાથી દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારનું સ્વાસ્થ્ય અનુભવાય છે.

રાગ, દ્વેષ અને મોહનું નિવારણ કરવાનો ઉપાય દુષ્કૃત ગર્હા, સુકૃતાનુમોદન અને શરણગમનમાં છુપાએલો છે. એ ત્રણ ઉપાયનું સેવન જેમ-જેમ અધિક ભાવથી થવા લાગે છે, તેમ-તેમ રાગ, દ્વેષ, મોહ તથા વાત, પિત્ત, કફ ટળે છે તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર વધે છે અને તે ગુણને ધારણ કરનાર આત્મતત્ત્વની સાથે એકતાનું અનુસંધાન થાય છે.

卐

# સમવાય કારણવાદ

વિશ્વ ઉપર પ્રભુત્વ પાંચ સમવાયનું છે. પાંચ સમવાય ઉપર પ્રભુત્વ શુભ ભાવનું છે. ચતુઃશરણગમનાદિ, એ શુભભાવની આરાધના રૂપ છે. તેથી તે પાંચ સમવાય ઉપર પ્રભુત્વ ધરાવે છે.

વિશ્વ ઉપર કાબુ મેળવવા માટે પોતાની જાત ઉપર કાબુ મેળવવો જોઈએ. પોતાની જાત ઉપર કાબુ મેળવવા માટે પોતાની પાંચ ઇન્દ્રિયો અને છટ્ઠું મન તેના ઉપર કાબુ મેળવવો જોઈએ.

ઇન્દ્રિયો અને મન ઉપર કાબુ ત્યારે જ આવી શકે કે જ્યારે સર્વત્ર વિલસી રહેલું ચૈતન્ય પોતાની શક્તિ વડે વિશ્વનું સંચાલન કરી રહ્યું છે, એ વાત સ્પષ્ટપણે હૃદયગત થાય.

વિશ્વસંચાલક પાંચ સમવાયો પર જે શુભભાવનું પ્રભુત્વ છે, તે શુભ ભાવ કયો ? ચતુઃશરણગમનાદિ વડે ઉત્પન્ન થતો શુભભાવ એ જ વિશ્વનો સંચાલક છે, એ ભાવની ઉત્પત્તિ શ્રી અરિહંતાદિના આલંબને થાય છે. તેથી વિશ્વના સાચા પ્રભુ શ્રી અરિહંતાદિ ગણાય છે. પાંચ સમવાયનું તત્ત્વજ્ઞાન પણ તેમની દયાની જ દેન છે.

સાધકને સર્વ પ્રકારના દોષોમાંથી મુક્ત કરાવનાર પાંચ સમવાયનું તત્ત્વજ્ઞાન છે. એ તત્ત્વજ્ઞાન પૂરું પાડીને પ્રભુએ જીવોને (૧) પુરુષકારકના અહંકારી; (૨) ભાગ્યદેવના પૂજારી (૩) કાળને પરાધીન, (૪) નિયતિના ગુલામ, (૫) સ્વભાવના દાસ થતાં બચાવ્યા છે તથા પ્રત્યેક કારણને તેના સ્થાને ઘટતો ન્યાય આપીને સદા પ્રસન્ન રહેતાં શિખવ્યું છે.

ચિત્તને સમત્વવાદની તાલીમ પાંચ કારણથી મળે છે. જેમ-જેમ સમત્વભાવ વધે છે, તેમ-તેમ કર્મક્ષય વધતો જાય છે.

સમ્યક્ત્વ સમત્વભાવરૂપ છે, વિરતિ અધિક સમત્વભાવ સૂચક છે. અપ્રમાદ એના કરતાં પણ અધિક સમત્વભાવને સૂચવે છે. એથી આગળ અકષાયતા, અયોગીતાદિ ઉત્તરોત્તર અધિકાધિક હોવાથી અધિકાધિક નિર્જરાના હેતુ બને છે.

પરસ્વરૂપ પુદ્ગલોને સ્વ-સ્વરૂપ અને સ્વસ્વરૂપ જીવોને પરસ્વરૂપ જાણવા તે અસમત્વભાવ છે.

શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીપ્રરૂપિત ધર્મ એ ચાર મુખ્ય શરણાં છે. અને તે ચારેયમાં જીવને શરણ આપવાની અમાપ શક્તિ છે. માટે ચારના શરણા સ્વીકારમાં જ સહુનું એકાંતે હિત છે એમ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે.

卐

# ઉત્તમ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ

શ્રી જિનાગમ, જિન ચૈત્ય, જિનમૂર્તિ અને તેને પૂજનાર ચતુર્વિધ શ્રી સંઘ એ ઉત્તમ દ્રવ્ય છે.

શ્રી શત્રુંજય ગિરિરાજ, શ્રી સમેતશિખર, શ્રી ગિરનાર આદિ ઉત્તમ ક્ષેત્ર છે.

શ્રી પર્યુષણાદિ પર્વ ઉત્તમ કાળ છે. અને નમસ્કાર અને ક્ષમાપનાદિ ઉત્તમ ભાવ છે.

ક્ષમાપનાદિથી નમ્રતા; નમ્રતાદિથી પ્રભુતાદિ પોષાય છે. નમસ્કારના ત્રણ વિભાગ છે : (૧) દ્રવ્ય, (૨) ભાવ, (૩) તાત્ત્વિક.

દ્રવ્યનમસ્કાર શરીર સંકોચરૂપ છે, ભાવ નમસ્કાર મનના સંકોચરૂપ છે. મનનો સંકોચ સંભેદ અને અભેદ પ્રણિધાનરૂપ છે. અભેદ પ્રણિધાન એ તાત્ત્વિક નમસ્કાર છે.

ધર્મનું પ્રયોજન એ ચિત્તશુદ્ધિ છે. અને તે ક્ષમાપનાદિ સિવાય અશક્ય છે.

દાનાદિ વડે વ્યવહાર શુદ્ધ થાય છે.

પર્વને પામી કૃપણ દાતાર બને છે, કુશીલ સુશીલ બને છે, તપરહિત તપસ્વી બને છે, દયારહિત દયાળુ બને છે અને અવિરત વિરતિધર થાય છે, નિર્ગુણી ગુણવાન બને છે અને નિધર્મી ધર્મી બને છે.

ધર્મ એટલે દાન, શીલ, તપ અને ભાવ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ક્ષમા, નમ્રતા, સરળતા, શીલ, સંતોષ, દેવ-ગુરૂ-ધર્મ-સાધુ સાધર્મિક ભક્તિ આદિ ધર્મના અંગોનું શ્રદ્ધા સહિત પાલન કરવાથી બ્રહ્મચર્ય નિર્મળ થાય છે. અને તપ નિઃશલ્ય બને છે.

પર્યુષણા પર્વ અનાદિ-સંબંધી એવા કષાયાદિનું મૃત્યુ કરનાર હોવાથી મુનિઓ માટે તે ઉત્તમ કાળ, મુંડન કાળ બની રહે છે. અર્થાત્ તે કાળે મુનિઓ મુંડન કરાવે છે.

પ્રભુનો શ્રી સંઘ આ ઉત્તમ દ્રવ્ય, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કાળ અને ઉત્તમ ભાવની ભક્તિ દ્વારા સદા ઉજમાળ રહે છે. તેમજ તેને પામીને કૃતકૃત્યતા અનુભવે છે.

卐

# માન-મુક્તિ

માનવને માન-કષાયની અધિકતા છે. માટે અભિમાન છોડીને નામગ્રહણપૂર્વક બીજાને માન આપવામાં માનવજન્મની સાર્થકતા છે.

દેવગુરુને નમસ્કારથી ધર્મનો પ્રારંભ થાય છે. તેના મધ્યમાં અને અંતમાં પણ નમસ્કાર વડે જ માનરહિત અને જ્ઞાનસહિત થવાય છે.

પોતાનું મનાવવાનો પ્રયાસ માન વધારવા માટે થાય છે, તેથી સામાનું મન ઘવાય છે, બે માનવો વચ્ચે અંતર વધે છે. આપ્તજનોનું માનવાની ટેવ પડવાથી માન ઘસાય છે. અને ધર્મના મૂળરૂપ વિનયગુણ પુષ્ટ બને છે.

આધ્યાત્મિક સુખ અને શાન્તિ મેળવવાનો ઉપાય, પોતાનું મનાવવાનો મિથ્યા આગ્રહ છોડી દઈને, બીજાને સહાનુભૂતિપૂર્વક સાંભળવા-માનવાનો છે.

દરેક ક્ષેત્રમાં માનવીનો વિકાસ, માનવીને માન આપવાથી થાય છે. માન માંગવાથી નહિ, પણ માન્ય પુરુષોને માન આપવાથી, તેમનું બહુમાન કરવાથી થાય છે. માન તે માંગવાની વસ્તુ જ નથી, આપવાની વસ્તુ છે.

પ્રભુની આકૃતિ મૂર્તિના દર્શનથી સાલોક્ય મુક્તિ, પ્રભુના નામનું ગ્રહણ કરવાથી સામીપ્ય મુક્તિ, પ્રભુના આત્મદ્રવ્યના ચિંતનથી સારુપ્ય મુક્તિ અને પ્રભુના ભાવની સાથે તન્મય થવાથી સાયુજ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે. એ ચારે પ્રકારની મુક્તિ 'માન' મુક્તિના પર્યાયરૂપ મુક્તિ છે.

પૂજ્યોના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને ભક્તિપૂર્વક હૃદયમાં સ્થાન આપવાથી માનકષાયથી મુક્ત થવાય છે. માન મુક્તિથી અન્ય કષાયથી મુક્તિ સુલભ બને છે.

દાન પણ માન છોડવા માટે હોય તો જ ધર્મરૂપ બની શકે છે પ્રત્યેક ધર્મક્રિયા મુખ્યત્વે માનવને માનકષાય ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વિહિત છે.

માનનું ઘર મન છે, એ ઘરમાં પરમ માનનીય પરમાત્માને બહુમાનપૂર્વક પગલાં કરાવવાથી માન કે જે કષાયરૂપ હતું તેનું નમન દ્વારા ભક્તિમાં રૂપાંતર થઈ જાય છે.

'નમો' પણ એ જ સૂચવે છે, 'ખમો' પણ એ જ કહે છે કે, માન છોડો, સન્માન દો. ખમી ત્યારે જ શકાય, જ્યારે માન-કષાય મોળો પડ્યો હોય. એ મોળો ત્યારે પડે જ્યારે મહાપુરુષોને મન આપવામાં આપણે કટિબદ્ધ બનીએ.

卐

# સ્વાપકર્ષ બોધ

स्वापकर्ष-बोधानुकूल-व्यापारो नमस्कारः ॥

પોતાના અપકર્ષનો બોધ જે વડે થાય, તે ક્રિયાને નમસ્કાર કહે છે. એમાંથી જ એ અર્થ નીકળે છે કે ગુણાધિક પુરુષોનો ઉત્કર્ષનો બોધ જે ક્રિયા વડે કરાય, તે ક્રિયાને નમસ્કાર કહેવાય છે. અર્થાત્ નમસ્કારની ક્રિયા વડે બે વસ્તુનો બોધ થાય છે એક તો નમસ્કાર કરનાર, પોતાની ગુણહીનતા બતાવે છે અને બીજું પોતાથી અધિક ગુણવાન પ્રત્યે આદરભાવ બતાવે છે. અને અપકર્ષ બતાવવા વડે પોતાના દુષ્કૃતોની ગર્હા કરે છે અને ગુણાધિકનો ઉત્કર્ષ બતાવવા વડે સ્વ-પરના સુકૃતોની અનુમોદના કરે છે દુષ્કૃતગર્હા વડે પાપનાશ અને સુકૃતની અનુમોદના વડે પુણ્યોપાર્જન થાય છે.

એકમાં પોતાના પાપનો સ્વીકાર છે. બીજામાં પુણ્યવાન પુરુષોના પુણ્યની અનુમોદના છે. એકમાં મૈત્રી અને મુદિતા છે. બીજામાં કરૂણા અને માધ્યસ્થ છે પોતાના પાપ પ્રત્યે કરૂણા અને બીજાના પાપ પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ કેળવવો. એ જ રીતે પરના ગુણો પ્રત્યે મુદિતા અને પ્રમોદ છે અને તે મૈત્રીનું ફળ છે.

નમસ્કાર વડે પાપનાશ અને મંગળનું આગમન એ બે ફળ કહ્યા છે પોતાના અપકર્ષનું કારણ ગુણનો તિરસ્કાર છે, સુકૃતનો અનાદર છે. અપકર્ષનું ઉત્કર્ષમાં પરિવર્તન તે નમસ્કાર છે. ગુણી પુરુષને નમસ્કાર છે. સ્વ-પર-સર્વના સુકૃતોની હાર્દિક અનુમોદના છે.

અપકર્ષ જેટલો ડંખે છે, તેટલું જ જો પાપ ડંખવા માંડે, તો પરમ ઉત્કર્ષવંતા પંચ પરમેષ્ઠિ અવશ્ય ગમે, નમસ્કરણીય લાગે, વંદનીય લાગે, પૂજનીય લાગે, સ્તુત્ય લાગે એટલું જ નહિ પણ રૂંવાડે રૂંવાડે તેમની ભક્તિનો ભવ્યભાવ પ્રસરી જાય. દ્રવ્ય અને ભાવ વડે તેમની ભક્તિ કરતા થઈ જવાય જેથી પાપનાશ અને મંગળ બંને સિદ્ધ થાય.

卐

# વિતરાગી-સરાગી

'सरागोऽपि हि देवश्चेत् । गुरुरब्रह्मचार्यपि ।
कृपाहिनोऽपि धर्मः स्यात्, कष्टं नष्टं हहा जगत् ॥

कलिकालसर्वज्ञ श्री हेमचंद्रसूरीश्वरजी म.

અર્થ : સરાગી પણ દેવ તરીકે પૂજાય, અબ્રહ્મચારી પણ ગુરુ તરીકે મનાય તથા દયાહીન ધર્મ પણ ધર્મ તરીકે લેખાય તો મોટા કષ્ટની વાત છે કે આખું જગત નાશ પામી ગયું સમજવું.

જગતનો સર્વનાશ અટકી રહ્યો હોય તો તેમાં કારણભૂત, થોડાઘણા આત્માઓ પણ સરાગીને નહિ પણ વીતરાગને જ દેવ તરીકે, અબ્રહ્મચારીને નહિ પણ બ્રહ્મચારીને જ ગુરુ તરીકે અને દયાશૂન્યને નહિ પણ દયાયુક્તને જ ધર્મ તરીકે સ્વીકારે છે.

## સરાગી તારી ન શકે

આ વાતને સ્પષ્ટ રીતે સમજવા માટે એ વિચારવું જોઈએ કે સરાગીની પણ પૂજા અને અબ્રહ્મચારીની પણ સેવા ફળદાયી થતી હોય તો તેવી પૂજા અને તેવી સેવા, આજ સુધી જગતમાં કોણે અને ક્યારે નથી કરી?

સહુ કોઈ, કોઈ ને કોઈ બીજા સરાગી ઉપર પ્રેમ, ભક્તિ કે વાત્સલ્યભાવ ધરાવે જ છે. અને તે કારણે તેની શુશ્રુષા કે આજ્ઞાપાલનાદિ કરે જ છે.

કયો પિતા પોતાના પુત્ર ઉપર, કઈ માતા પોતાની પુત્રી ઉપર અને કયો પતિ પોતાની પત્ની ઉપર પ્રેમ ધારણ કરતો નથી? અને તે પ્રેમના યોગે અનુક્રમે પુત્ર, પુત્રી ને પત્નીની સારસંભાળ કે સેવા કરતો નથી?

એ જ રીતે કયો પુત્ર પિતા ઉપર, કઈ પુત્રી માતા ઉપર અને કઇ પત્ની પતિ ઉપર પ્રેમ કે ભક્તિ ધરાવતાં નથી? સહુ કોઈ ધરાવે છે. અને તદનુસાર સેવા શુશ્રૂષાદિ પણ કર્તવ્યબુદ્ધિએ કરે છે.

હિંસક પશુપક્ષીઓ પણ પોતાના સંતાનાદિ પ્રત્યે વાત્સલ્યભાવવાળા હોય છે. અને તેની રક્ષા, સંવર્ધનાદિના કાર્યમાં સદા અપ્રમત્તપણે તત્પર રહે છે.

માતાપિતા ઇત્યાદિ ઉપર ભક્તિભાવ ધારણ નહિ કરનાર સંતાનો કે સંતાનાદિ ઉપર વાત્સલ્યભાવ ધારણ નહિ કરનારાં માતાપિતાદિ આ સંસારમાં નથી હોતાં એવું નથી. તેમ છતાં તેઓ પણ સ્વસ્નેહી, સ્વજન આદિને છોડીને અન્ય સ્નેહી, સ્વજન આદિ ઉપર સ્નેહ, પ્રેમ કે વાત્સલ્યભાવ ધારણ કરનાર હોય જ છે. અને તેમાંના એક પણ વીતરાગ હોતા નથી, કિન્તુ સરાગી હોય છે.

જો સરાગીની સેવા, ભક્તિ કે પૂજાદિ સ્વર્ગાપવર્ગનાં સુખાદિ આપતાં હોય તો થોડાક જ જીવો નરક આદિ દુઃખોને અનુભવનારા આ વિશ્વમાં રહ્યા હોત.

પણ આ વિશ્વનું પ્રત્યક્ષ દર્શન એનાથી સર્વથા વિરુદ્ધ પ્રકારનું છે.

વીતરાગ અને વીતરાગની પૂજાને ભૂલીને, સમગ્ર વિશ્વ સરાગીની પૂજા પાછળ પડેલ છે.

કોઈક વિરલ આત્મા જ સરાગીની પૂજાને છોડીને, વીતરાગ કે વીતરાગતાની ભક્તિની પાછળ લાગેલો દેખાય છે. તે પણ દિલથી નહિ પણ દ્રવ્યથી, માત્ર દેહવ્યાપારાદિથી જ મોટે ભાગે હોય છે.

દ્રવ્ય–ભાવ અને બાહ્ય–અભ્યંતર ઉભયથી વીતરાગની કે વીતરાગતાની ભક્તિની પાછળ મન, વચન, કાયા અને સર્વસ્વનું સમર્પણ કરનારા જીવ વિરલ જ દેખાય છે. તે જ એમ બતાવે છે કે જગતના દુઃખનું બીજ સરાગીનું સ્મરણ અને વીતરાગનું વિસ્મરણ છે.

જગતને સરાગીની જેટલી ઓળખાણ છે, તેટલી વીતરાગની નથી, સરાગીની સેવાથી જેવો લાભ માને છે, તેવો વીતરાગની સેવાથી માનતું હોય તેમ જણાતું નથી. સરાગીની દોરવણી તેને જેટલી પસંદ છે, તેટલી વીતરાગની દોરવણી પસંદ આવતી નથી. જગતની વિનાશકતાનાં મૂળ ઝેરી બીજ એમાં જ રહેલાં છે.

સરાગી ઉપરની શ્રદ્ધા અને વીતરાગ ઉપરની અશ્રદ્ધા એ જ વિનાશનું મૂળ છે, એ સત્ય હકીકતને કોઈ વિરલ આત્મા જ જાણે છે. અને એ જ નિયમ, બ્રહ્મચર્યાદિવિહીન એવા ગુરુની સેવાને અને દયાવૃત્તિ આદિથી રહિત એવા ધર્મની આરાધનાને લાગુ પડે છે.

બ્રહ્મચર્યાદિ ગુણસંપન્ન ગુરુને અને દયાવૃત્તિ આદિમાં પ્રધાન એવા ધર્મને જ સેવનારા અને તે સિવાયના ગુરુ અને ધર્મને છોડનારા કે નહિ માનનારા જગતમાં કેટલા છે?

આજના કાળમાં જ નહિ, પરંતુ પ્રત્યેક કાળમાં ગુરુગુણસંપન્ન શુદ્ધ ગુરુ અને ધર્મગુણસંપન્ન શુદ્ધ ધર્મ ઉભયને જાણનારા, માનનારા અને સેવનારા ઓછા જ રહ્યા છે. અને એ જ કારણે જગતની વિનાશકતાની પાછળ (ગુરુ અને ધર્મના વિષયમાં પણ) અયોગ્યની સેવા અને યોગ્યની અસેવારૂપી ઝેરી બીજો જ કાર્ય કરી રહ્યાં હોય છે. વિરલ આત્માઓ જ તે વસ્તુને જાણી કે સમજી શકે છે.

## સત્ય વચનનું મૂળ

જૈનશાસ્ત્રોનું એ સ્પષ્ટ નિરૂપણ છે કે અવીતરાગતા અને અસર્વજ્ઞતા એ દેવનાં મોટાં દૂષણ છે. અવીતરાગતા અને અસર્વજ્ઞતાને ધારણ કરનારા આત્માઓ પણ જો જગતને સાચી દોરવણી આપી શકતા હોય તો, જગત કોઈ પણ કાળમાં ઉન્માર્ગે ન હોત,

અસત્ય કે સત્યવિરોધી નિરૂપણનું મૂળ, જો કોઈ પણ હોય તો તે અવીતરાગતા અને અસર્વજ્ઞતા જ છે.

અસર્વજ્ઞ અને અવીતરાગને ધર્મના પ્રણેતા બનવાનો અધિકાર ન્યાયવિરુદ્ધ છે.

સત્ય વચનનું મૂળ, વીતરાગતા અને સર્વજ્ઞતા જ છે. છતાં અજ્ઞાન, મોહ કે દુરાગ્રહવશાત્ વીતરાગ અને સર્વજ્ઞનું અનુયાયીપણું સ્વીકારવામાં ન આવે અને એથી વિપરીત અસર્વજ્ઞ અને અવીતરાગનું અનુયાયીપણું સ્વીકારવામાં આવે તો આંધળાની પાછળ દોરાયેલા આંધળાની જેમ વિશ્વ વિનાશના પંથે જ ખેંચાઈ જાય એમાં નવાઈ નથી.

ઉન્માર્ગથી બચવા માટે અને સન્માર્ગને પામવા માટે, દેવ તરીકેનું સ્થાન વીતરાગ અને સર્વજ્ઞ સિવાય બીજાને ન જ અપાય. તેમ ભક્તિ અને પૂજનનું ફળ મેળવવા માટે પણ વીતરાગ અને સર્વજ્ઞને છોડીને અન્યને હૃદયમાં સ્થાન ન અપાય.

વીતરાગ અને સર્વજ્ઞની ભક્તિ એ મુક્તિની દૂતી બને છે. અવીતરાગતા અને અસર્વજ્ઞની ભક્તિ મુક્તિની વિરોધી બને છે. એ માટે મોટું પ્રમાણ પ્રત્યક્ષ જગત છે.

## કંચન અને કામિનીનો રાગ...

કંચન અને કામિનીના સંગથી નહિ નિવર્તેલા આત્માઓ તે નુકસાન કરી શકતા નથી, જે તેના સંગથી નહિ નિવર્તવા છતાં ગુરુપદને ધારણ કરનાર કરે છે.

રાગદ્વેષાદિ ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓની ઉત્પત્તિનું મૂળ કોઇ પણ હોય, તો તે કંચન અને કામિની પ્રત્યેનો અયોગ્ય મોહ છે. એ જેનો ખસ્યો નથી, તે આત્મા સ્વયં ક્લેશથી બચ્યો નથી. તો પછી અન્યોને બચાવવા સમર્થ કેવી રીતે થાય ?

જ્ઞાનમય જીવન જીવવા માટે પણ કંચન-કામિનીનો સંગ ત્યાજ્ય છે. કંચનકામિનીના બાહ્ય તેમજ અભ્યંતર સંગમાં વસીને જ્ઞાનસ્વરૂપ હોવાનો કે જ્ઞાનદાતા બનવાનો દાવો પોકળ છે.

જ્ઞાન અને રાગ–કંચનકામિનીના સંગને પરસ્પર વિરોધ છે.

કંચનકામિનીના આકર્ષણની ઉત્પત્તિનું બીજ અજ્ઞાન છે. એ અજ્ઞાનથી જેઓ અલગ થયા નથી, તેઓ ગુરુ બનવાને લાયક કેવી રીતે બને ?

કંચનકામિનીના સંગમાં ફસેલા આત્માઓ પાસેથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી હોત તો જગત આજે અજ્ઞાની ન હોત. પણ એ સ્થિતિ જગતની નથી એનું એક જ કારણ છે કે જ્ઞાનમય જીવન જીવવા માટે અને યથાર્થ જ્ઞાનનું દાન કરવા માટે અવિદ્યા કે અજ્ઞાનના ફળસ્વરૂપ કંચનકામિનીના સંગથી દૂર થવાની જરૂર છે. જેઓ એનાથી દૂર થયા નથી તેઓ, ગુરુ તરીકે હૃદયમાં સ્થાપના કરવા યોગ્ય નથી.

## નિષ્કલંક ધર્મ

અવીતરાગતા અને અસર્વજ્ઞતા એ જેમ દેવનું દૂષણ છે અને કંચનકામિનીનો સંગ એ જેમ ગુરુનું કલંક છે, તેમ કામભોગ અને તેના કારણ અને કાર્યસ્વરૂપ આરંભ, પરિગ્રહાદિ એ ધર્મનું અપલક્ષણ છે.

જે ધર્મમાં અર્થ, કામ અને તેના સાધનભૂત આરંભ, પરિગ્રહને તિલાંજલિ નથી, તે ધર્મ પણ જો તારનાર હોય તો આખું જગત, આજ પહેલાં તરી ગયું હોત.

અર્થ, કામ અને આરંભ, પરિગ્રહ એ હિંસા તેમજ અસત્યાદિ દોષોનું નિવાસસ્થાન છે. જે ધર્મમાં તેનો લેશ પણ અંશ નથી, તે ધર્મ જ સુખનો હેતુ છે.

એવો ધર્મ સામાયિકરૂપ છે, જિનપૂજારૂપ છે, નિરવદ્ય છે. નિષ્કલંક છે. નિષ્પાપમયતાના માર્ગે આગળ વધારનારો છે.

એ સિવાયનો ધર્મ એનાથી વિપરીત ફળને આપનારો છે, એ વાત સર્વ પ્રમાણથી સિદ્ધ છે.

વિનાશનાં ઝેરી બીજો, અસર્વજ્ઞ, અવીતરાગદેવની પૂજામાં, કંચનકામિનીથી નહિ નિવર્તેલા ગુરુની સેવામાં, અર્થકામાદિની આસક્તિથી નહિ બચેલા ધર્મની આરાધનામાં છે. એ વાત ખ્યાલમાં નથી ત્યાં સુધી સત્ શ્રદ્ધા, સજ્જ્ઞાન અને સચ્ચારિત્રની પ્રાપ્તિ દૂર છે.

અસત્ શ્રદ્ધા, અસજ્જ્ઞાન અને અસચ્ચારિત્ર એ જ જીવનના પતનનું મૂળ છે.

તેથી વિશ્વને પતનના માર્ગથી બચાવવા માટે ભાવકરુણાધર કલિકાલસર્વજ્ઞ ભગવંતના મુખકમળમાંથી, આ લેખની શરૂઆતમાં ટાંકેલા શબ્દો (શ્લોકરૂપે) સ્વાભાવિક રીતે જ નીકળી પડે છે. એના મર્મને સહુ કોઈ હિતાર્થી આત્મા સમજો તેમજ સ્વીકારતા થાઓ !

卐

# માનવ અને યંત્ર

જે વિજ્ઞાને દૂરનાંને નજીક લાવી દીધાં છે, તે જ વિજ્ઞાને પોતાનાંને પારકા બનાવી દીધાં છે. લોકસંપર્ક વધી ગયો છે. પણ લોકસંગ્રહનું કાર્ય જાણે હંમેશને માટે વિદાય થઈ ગયું છે. લોકોના શરીરનો સ્પર્શ થઈ રહ્યો છે. પણ પ્રાણનો પ્રાણ સાથે સ્પર્શ નથી થતો.

હાથ-પગ, આંખ-કાન વગેરેને ઠીકઠાક રાખવા માટે બુદ્ધિ અને યંત્રોનો ઉપયોગ થઈ રહ્યો છે, પરંતુ દીન-દુઃખી આત્માને વિશાળ રૂપમાં જોવાની હૃદયની વિશાળતાની સાધના ભૂલાતી જાય છે.

આ યુગમાં મનુષ્યની દેહભૂખ વધી ગઈ છે, પરંતુ આત્માની ભૂખ લગભગ મરી ગઈ છે.

ભોગ-વિલાસની સામગ્રીથી હજારો દુકાનોની શોભા વધી રહી છે, પણ આત્માનો મહાન ગુણસમૂહ મડદાળ બની. માનવસભ્યતાને મરૂભૂમિમાં પલટાવી રહ્યો છે.

આર્થિક અને રાજનૈતિક સ્વાર્થને લીધે માનવી એકબીજાની ઘણી નિકટ આવી રહ્યો છે, પરંતુ ધાર્મિક અને આધ્યાત્મિક અર્થને ભૂલી, એકબીજાથી અત્યંત દૂરનો બન્યો છે.

યંત્રોની ઉત્પાદન ક્ષમતા અસીમ હોવા છતાં પણ પ્રેમ રહિત માનવ સંસ્કૃતિ મરૂભૂમિની તપતી રેતીની માત્ર ભઠ્ઠી છે.

આ પ્રેમનું ઉદ્ભવ સ્થાન હૃદય છે. યંત્ર નહિ'. પ્રેમના વિષય તરીકે સર્વ જીવો છે, લૌકિક સત્તા કે સંપત્તિ નહિં.

સામગ્રી એ સંસ્કૃતિનો આત્મા નથી, પણ વાત્સલ્ય તેનો આત્મા છે.

સંવેદનશીલતા રહિત યંત્રવાદના સામ્રાજ્યમાં પણ જેઓ ગુંગળામણ નથી અનુભવતા, તેઓની આજ અને આવતીકાલ બંને દયાજનક છે. માટે હૃદયને 'દયાસદન' બનાવવાની જરૂર છે, તેના સિવાય માનવ સભ્યતા મુંરઝાઇ જશે. જીવતો મનાતો માણસ, યાન્ત્રિક બની જશે.

卐

# સત્સંગનો મહિમા

મમતા અને સમતા બંનેના મૂળમાં પ્રેમતત્ત્વ રહેલું છે. પ્રેમ જ્યારે સંકીર્ણ હોય ત્યારે મમતા કહેવાય છે અને તે જ્યારે નિર્બંધપણે વિકસે ત્યારે સમતા કહેવાય છે. મમતા પોતે સંકુચિત મટી વ્યાપક બને, ત્યારે સમતારૂપે ઓળખાય છે.

આ સમતા તે ધર્મમાત્રનું સાધ્ય છે. શાશ્વત જીવનની ઉપાદેયતા એ આર્ય સંસ્કૃતિનું ધ્યેય છે.

કાયોત્સર્ગ એ કાયમુક્તિરૂપ વિરતિનો જ એક પ્રકાર છે. 'ઉવસમસાર'' અહીં ઉપશમનો અર્થ મૈત્રી છે. સાધુપણાનો સાર મૈત્રી છે.

ઇન્દ્રિયો દેહની દાસી છે. મન આત્માનો કિંકર છે. તેથી ઇન્દ્રિયોનું સુખ અલ્પ છે. મનનું સુખ અનલ્પ છે. સર્વ જીવરાશિ ઉપર મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય ભાવરૂપી સમભાવ તે ભાવ અહિંસા છે.

સમભાવથી સર્વ પુદ્ગલ રાશિ ઉપર જે વિરક્તભાવ પ્રગટે છે, તે ભાવ સંયમ છે. સર્વ પ્રતિકૂળ ભાવો ઉપર સહનશીલતા ભાવ પ્રગટે તે તપ છે.

તપથી નિર્જરા, સંયમથી સંવર અને અહિંસાથી શુભાસવ, સંવર અને નિર્જરા ત્રણે ફળ મળે છે.

મનને નમાવવું તે ભાવ નમસ્કાર છે, શરીરને નમાવવું તે દ્રવ્ય નમસ્કાર છે દ્રવ્ય, એ ભાવનું કારણ છે. અને ભાવ એ દ્રવ્યનું સાર્થક્ય છે.

એક મનના માણસો જેમ વધારે એકત્રિત થાય છે, તેમ તેનો પ્રભાવ વધે છે, એનું જ નામ સત્સંગનો મહિમા ગણાય છે.

સત્સંગ મુખ્યત્વે સત્-સંગ વાચી છે. સત-સંગ એટલે સત પદાર્થના સંગમાં રાચવું તે, અન્ય પદાર્થોના સંગથી ત્રિવિધે છુટી જવું તે. મનમાં આત્મસત્તાની પ્રતિષ્ઠા કરવાનો અદ્ભુત યોગ સત્સંગના પ્રભાવે થાય છે.

પણ ખ્યાલ એ રહેવો જોઇએ કે સત્સંગના નામે સત્ વિરોધી કોઇ સ્થૂલ યા સૂક્ષ્મ પદાર્થોના સંગમાં તો જકડાઈ નથી રહ્યાં ને ?

સતનું અચિન્ત્ય જે સામર્થ્ય છે, તેના ચરણમાં માથું નમાવવું, તે સત્સંગનો તાત્ત્વિક અર્થ છે.

પરમ સત્તાવાન પરમાત્માનો સંગ નહિ કરીને જ આપણે કર્મસત્તાની ઠોકરે ચઢીએ છીએ. માટે દિનપ્રતિદિન સત્સંગરૂચિ વધારીને પરમ સંત પરમાત્મા અને તેના ભક્તોના સંગમાં જીવનને જોડવું જોઇએ.

સત્સંગની ભૂખ એ સર્વ પ્રકારના દુઃખ અને તેના કારણરૂપ પાપનો ઉચ્છેદ કરનારી ઉચ્ચતમ ભૂખ છે.

卐

# વિશ્વનાં વિધાન

વિશ્વનાં વિધાન અને તત્ત્વ પોતાની મેળે જ કામ કરે છે, માત્ર મનુષ્ય જ પોતાના કાર્યનો ઘમંડ રાખે છે.

મનુષ્ય માને છે કે, હું બીજાને સુખ આપું છું, પણ તેની આ માન્યતાના મૂળમાં ભારોભાર ઘમંડ રહેલો છે.

દા. ત. માણસ ગમે તેટલી વિજળી ઉત્પન્ન કરે અને તેમાંથી ગમે તેટલા દીવા પ્રગટાવે, છતાં એક ચન્દ્ર જેટલો પ્રકાશ આપે છે, તેટલો પ્રકાશ પણ નથી લાવી શકતો.

સૂર્ય અને ચન્દ્ર માનવ–પ્રાણીઓનાં ઉપકારનાં જે કાર્ય કરી શકે છે, તે મનુષ્ય વડે કદી પણ થઈ શકતાં નથી. સૂર્ય અને ચન્દ્ર જે રસકસ આપે છે, તે મનુષ્યે ઉત્પન્ન કરેલી વિજળીથી કદી મળી શકતાં નથી.

નૈસર્ગિક નિયમોની વફાદારી સાચવીને ખીલતા ગુલાબના ફૂલ જેવું ફૂલ તો શું, પણ એ ગુલાબના ફૂલની પાંખડી જેવી એક પાંખડી પણ આજનો વિજ્ઞાનવીર નહિ બનાવી શકે.

વિશ્વ બિલકુલ નિયમ મુજબ જ ચાલે છે ચક્રવર્તી પણ વિશ્વના વિધાનને યા નિસર્ગના નિયમને બદલી શકતો નથી. લીમડા માટે લીમડાનું જ બીજ જોઈએ, ઘઉં માટે ઘઉંનું જ બીજ જોઈએ; તેમ સુખ માટે સુખનું જ બીજ જોઈએ.

તમે સુખના ખપી છો, તો બીજાને સુખ આપો. બીજાને દુઃખ આપવાથી તમને સુખ નહિ, પણ દુઃખ જ મળશે.

થોડાંક વર્ષ અગાઉ આંધ્રપ્રદેશમાં એક વૈજ્ઞાનિકે ઉંદર મારવાની ગોળીઓ શોધી કાઢી. લાખો ગોળીઓ ખેતરોમાં નંખાઈ ગઈ. સવારે મરેલા ઉંદરોના ઢગલે ઢગલા થઈ ગયા.

લોકોએ ખુશ થઈને એ વૈજ્ઞાનિકને માનપત્ર આપ્યું. છાપામાં એનું નામ અને ફોટો પણ આવી ગયા. આમ બધાએ સામુદાયિક કર્મ બાંધ્યું.

આવા કોઈ સામુદાયિક કર્મના કારણે જ આંધ્રમાં બીજા વર્ષે રેલ આવી. ખેતરોના પાક તણાઈ ગયા. ખેડૂતો રોટલા વિનાના થઈ ગયા. એમને ભીખ માગવાનો વખત આવી ગયો.

દુઃખ વાવવાથી દુઃખ મળે છે તે જ સુખ વાવવાથી સુખ પણ મળે જ છે.

એક ખેડૂત બેન્કનો દેવાદાર થઈ ગયો. દેણી રકમ ભરવાની છેલ્લી તારીખ આવી ગઈ. આબરૂ બચાવવા માટે તે ટ્રેક્ટરોની લે-વેચ કરનારા દલાલને ત્યાં ગયો. અને પોતાનું ટ્રેક્ટર આજને આજ વેચી આપવાની વાત કરી.

દલાલે કહ્યું આજે તમારું ટ્રેક્ટર વેચાય પણ ખરું અને ન પણ વેચાય કારણ કે મારા લીસ્ટમાં કુલ ૪૦ ટ્રેક્ટરો આજની તારીખમાં વેચવાનાં છે.

દલાલના જવાબથી ખેડૂત મૂંઝાણો અને પહોંચ્યો પોતાના ધર્મગુરૂ પાસે. ખેડૂતની વાત સાંભળીને ધર્મગુરૂએ તેને સલાહ આપી કે તું હમણાંને હમણાં ધર્મસ્થળે જઈને પ્રભુને પ્રાર્થના કર કે, દલાલને ત્યાં લીસ્ટ પર છે તે ૪૦ ટ્રેક્ટરો પહેલાં વેચાઈ જાય અને મારું ટ્રેક્ટર છેલ્લે વેચાય.

ધર્મગુરૂની આ સલાહ મુજબ પ્રાર્થના કરવાથી ખેડૂતનું કામ થઈ ગયું. દલાલ પણ નવાઇ પામ્યો કે કોઈ દિવસ નહિ ને આજે ફક્ત બે કલાકમાં ૪૧ ટ્રેક્ટર ખપી ગયાં.

તાત્પર્ય કે પરહિતની પ્રધાનતાવાળુ ચિત્ત એ સુખનું જબ્બર આકર્ષક કેન્દ્ર બનીને સ્વને પણ સુખ પ્રદાન કરી શકે છે.

'આ રીતે 'વાવો તેવું લણો' નો કુદરતી કાયદો અફર રહે છે. જેને વિશ્વના વિધાન રૂપ પણ કહેવાય છે.

વિશ્વનાં વિધાન કહો કે કુદરતી કાનૂન કહો કે પ્રકૃતિના નિયમ કહો—એક જ છે.

卐

# કસોટીનો ડર

કસોટીએ ચડવાનો પ્રસંગ આવે છે ત્યારે માણસ ગભરાય છે અને એ પ્રસંગ ટાળવા મથે છે. એને એ ડર સતાવતો હોય છે કે, હું કદાચ કસોટીમાં નહિ ટકી શકું તો......?

પણ, આમ સત્યનો ડર રાખ્યે કેમ ચાલશે ? પોતાનું ખરૂં સ્વરૂપ, પોતાને અને જગતને જાણવા દેવામાં જ સદા કલ્યાણ છે. મધુર અસત્ય કરતાં કડવું સત્ય વધારે પથ્ય નીવડે છે.

આપણે ક્યાં છીએ અને શું છીએ એ જાણ્યા વિના, ક્યાં જવું અને શું થવું એ ભાગ્યે જ સમજાય છે. તત્ત્વચિંતકો કહે છે કે, જીવન એ તો આત્મસાક્ષાત્કારની એક મહત્ત્વની પ્રક્રિયા છે. એ પ્રક્રિયાનો પરિચય કરી લેવાની એક રીત એ કસોટી છે.

કસોટીથી ડરનાર, બહિર્મુખ હોય છે. એ અંગત સુખ–દુઃખનો જ ફક્ત ખ્યાલ કરી અણુગમતાં પરિણામોથી ગભરાયા કરે છે.

કસોટી માટે તત્પર રહેનાર અંતર્મુખ હોય છે. તે અંગત સુખ–દુઃખનો ખ્યાલ છોડી દઈ શ્રેયસ્કર જીવનની ઝંખના કરતો રહે છે.

સુખ એ તો આનુસંગિક બાબત છે. એ કાંઈ જીવનનું ધ્યેય નથી. સતત વિકાસ અને અંતે આત્મસાક્ષાત્કાર એ જ સાચું જીવન છે, જીવનનું સાચું ધ્યેય છે.

આટલું બરાબર સમજનારને પ્રત્યેક કસોટી હંમેશાં શ્રેયસ્કર નીવડે છે. જ્યારે તે કસોટીમાં સફળ થાય છે ત્યારે તેનામાં આત્મશ્રદ્ધા પ્રગટે છે. અને નિષ્ફળ નીવડે છે ત્યારે તે પોતાની નિર્બળતાઓને પારખીને તેને દૂર કરવા પ્રયત્નશીલ બને છે. આમ બન્ને સ્થિતિમાં તેની તો પ્રગતિ જ થાય છે.

કસોટીએ ચઢતા જવું, પોતાનું મૂલ્યાંકન કરતા જવું અને મૂલ્ય વધારવા મથતા જવું, એ આત્મોન્નતિની નિસરણીના ક્રમિક પગથિયા છે.

જેને આત્મોન્નતિ સાધવી છે, આત્મસાક્ષાત્કાર પામવો છે, તેને કસોટીથી ડર્યે નહિ ચાલે.

કસોટીથી દૂર ભાગવું એ કાયરતા છે. ઉલટભેર કસોટીને આવકારવી એ મર્દાનગી છે. કંચનને ક્યારેય કસોટીનો ડર નથી જ સ્પર્શતો.

卐

# દુષ્કૃત ગર્હા

દુષ્કૃત ગર્હા વડે સહજમળનો હ્રાસ થાય છે. સુકૃતાનુમોદન વડે તથાભવ્યત્વનો વિકાસ થાય છે. શરણગમન વડે ઉભય કાર્ય એક સાથે સધાય છે. કેમકે જેનું શરણ ગ્રહણ કરાય છે. તેમનો સહજમળ સર્વથા નાશ પામ્યો છે, અને તેમના ભવ્યત્વનો પરિપૂર્ણરૂપે વિકાસ થયો છે.

સહજમળ તે પરતત્ત્વના સંબંધમાં આવવાની શક્તિ છે. તે શક્તિનું બીજ જ્યારે બળી જાય છે. ત્યારે પરના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ શક્તિથી ઉત્પન્ન થતી ઈચ્છા માત્રનો વિલય થાય છે, સ્વાધીન સુખને પામેલા શુદ્ધ પુરુષોના સ્મરણરૂપ શરણથી તે ઈચ્છા નાશ પામી જાય છે. પરાધીન સુખની ઈચ્છા નષ્ટ થવાથી સ્વાધીન સુખને પામવાની ઈચ્છા વધતી જાય છે તે જ ભવ્યત્વભાવનો વિકાસ છે.

સ્વાધીન સુખ પામેલાનું શરણ એકાગ્રચિત્તે સ્મરણ પરાધીન સુખની ઈચ્છાનો નાશ કરી અને સ્વાધીન મોક્ષ સુખ પમાડીને જ જંપે છે.

દુષ્કૃતગર્હા એટલે પર-પીડાની ગર્હા, સંસારાવસ્થા પર-પીડારૂપ છે. તેની ગર્હા કરવી એટલે પરપીડાને ત્યાજ્ય માનવી અને તેમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો 'તે 'નમો' પદનો અર્થ છે.

હું એટલા માટે નમું છું કે બીજાને પીડા આપીને જીવું છું. 'સ્વાપકર્ષબોધાનુકૂલ વ્યાપાર' તે નમસ્કાર છે. સ્વનો અપકર્ષ કરાવનાર બોધમાંથી નીપજેલી ચેષ્ટા તે નમસ્કાર છે. અપકર્ષ એટલા માટે કે હું પરપીડારૂપ છું.

સુકૃત એટલે પરોપકાર. તેની અનુમોદના તે સુકૃતાનુમોદના. આવા સુકૃત કરનારાઓમાં શ્રી અરિહંત મોખરે છે. પરને પરમ ઉપકારક છે. એ ઉપકાર એકાંતિક અને આત્યંતિક છે. જે કોઈ તેનો આશ્રય તેમના નામાદિ દ્વારા લે છે, તેને અક્ષય સુખ પમાડનારા થાય છે એટલે તેમનું શરણ પરમ સુકૃતરૂપ છે. તેમની અનુમોદના એટલે તેમના ઉક્ત પરોપકારરૂપ સુકૃતની અનુમોદના.

એ રીતે પરપીડારૂપ દુષ્કૃતની ગર્હા તથા પરોપકારરૂપ સુકૃતની અનુમોદના કરવાપૂર્વક શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓનું જેઓ શરણ અંગીકાર કરે છે તેઓ ભવભયથી સર્વથા મુક્ત થાય છે.

પરપીડાનો પરિહાર અને પર ઉપકારનો આવિષ્કાર ભવભયથી મુક્ત કરાવનાર છે...તે ઉભયસ્વરૂપને શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો વરેલા છે.

તેથી તેઓનું સ્મરણ-શરણ, પૂજન, આદર-સત્કાર, ધ્યાન અને તેમના શરણે રહેલાની ભક્તિ-પૂજા, સેવા-સન્માન આદિ નિયમા મુક્તિપ્રદ નીવડે છે.

દેવું ચૂકવવામાં સજ્જનતા છે તેમ ઉપકારનું ઋણ ચૂકવવામાં વિનમ્રતાપૂર્ણ ધર્મ-પરાયણતા છે. બેમાંથી એક પણ પ્રકારના દેવાની ચૂકવણી વખતે જરા જેટલો પણ અહંકાર ન આવવો જોઈએ. જો આવે તો માની લેવું કે આપણને એ દેવું ખટકતું નથી. ભારરૂપ લાગતું નથી અને જેને દેવું ભારરૂપ ન લાગે તે જરૂર ડૂબે છે.

માટે હંમેશાં ઋણમુક્તિના આશયપૂર્વક અસીમોપકારી શ્રી અરિહંતાદિની ભક્તિ કરતા રહીને જીવમાત્રના સાચામિત્રનું કર્તવ્ય બજાવતા રહેવું તે મંત્રાધિરાજના આરાધકોની ફરજ છે.

卐

# લોકોત્તર જીવન-બોધ

ષટ્જીવનિકાયનો અબોધ અને નિશ્ચય-વ્યવહારનું અજ્ઞાન, આ બે દોષ દયાને લૌકિકી બનાવે છે. લોકોત્તર દયામાં ષટ્જીવનિકાય અને નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન રહેલું હોય છે.

એ રીતે શ્રી નવકારમંત્રને પણ લોકોત્તર બનાવનાર શ્રી પંચપરમેષ્ઠિઓ સંબંધી યથાર્થ જ્ઞાન અને નિશ્ચય-વ્યવહાર સંબંધી યથાર્થ બોધ છે. એ બેમાંથી એકનું પણ અજ્ઞાન નમસ્કારને લૌકિક નમસ્કાર બનાવે છે.

એ જ્ઞાન કદાચ પોતાને ન હોય પણ મંત્ર પ્રદાતા ગુરુને હોય, તો હજી ચાલે. બેમાંથી એકેયને ન હોય, તો ન ચાલે.

લૌકિક દયા અને લૌકિક નમસ્કાર, અલૌકિક જીવનની ધ્યેયની પ્રાપ્તિમાં અપૂરતાં નીવડે છે.

લૌકિક દયા મુખ્યત્વે દ્રવ્ય દયારૂપ હોય છે. તેના વિષય તરીકે સમગ્ર જીવજાતિ નથી હોતી, સમગ્ર જીવજાતિ પ્રત્યે દયા ભાવ યાને સ્નેહભાવ ષટ્જીવનિકાયના યથાર્થ બોધથી પ્રગટે છે.

નિશ્ચય અને વ્યવહાર એ બે નય છે, દૃષ્ટિકોણ છે. આગળ ઘોડો અને પાછળ રથ એ દૃષ્ટિકોણ અપનાવવાથી-અર્થાત્

'નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે, ભવસમુદ્રનો પાર.'

તેમાં તારનાર આ દૃષ્ટિના દાતા શ્રી અરિહંતાદિ છે, એવી દૃઢ સમજ રહેવી જોઈએ. કારણ કે આવી દૃષ્ટિના સ્વામી શ્રી અરિહંત જ છે.

આ દૃષ્ટિને વિશ્વદૃષ્ટિ પણ કહે છે. પરને સ્વાધિક ભાવ આપવાનું દૈવત પ્રગટવું તે આ દૃષ્ટિની દેન છે.

જીવમાં શિવનું દર્શન આ દૃષ્ટિ કરાવે છે. તેથી તેને જિનદૃષ્ટિ પણ કહે છે.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો સાર પણ એ જ છે કે-જીવ માત્રનો હાર્દિક સત્કાર કરો. આ સત્કાર એ એક એવું મહાન સત્કાર્ય છે કે, જેના પ્રભાવે જીવ, શિવપદનો અધિકારી બને છે. આ સત્કાર્ય તે ભાવ નમસ્કાર છે.

卐

# અભેદ

મનુષ્ય પોતાની જાત પ્રત્યે ક્ષમાશીલ, ઉદાર અને સહિષ્ણુ હોય છે, તેથી પોતાના દોષને ભૂલી શકે છે અને ગુણને યાદ રાખે છે. બીજાના ગુણને અને પોતાના દોષને ઝટ ભૂલી જાય છે. બીજાના દોષને અને પોતાના ગુણને સારી રીતે યાદ રાખે છે, તેની પાછળ પોતાના-પરાયામાં ભેદબુદ્ધિ મુખ્ય કારણ છે.

ભેદબુદ્ધિનું કારણ આત્મજ્ઞાનનો અભાવ છે. આત્મજ્ઞાન વધવાથી સ્વ-પર ભેદબુદ્ધિ ટળી જાય છે.

'જેને હું પોતાનો સમજુ છું, તે માત્ર મારા દેહમાં જ નથી; પણ સર્વ દેહમાં રહેલો છે. એક જ આત્મા સર્વ દેહોમાં પ્રસરેલો છે, વસેલો છે. અર્થાત્ આત્મત્વેન આત્મા સર્વ સમાન છે-એમ માનવાથી સર્વ પ્રત્યે સ્વતુલ્ય સહિષ્ણુતા ઉદારતા અને ક્ષમાશીલતા પ્રગટે છે. ચિત્તશુદ્ધિ થવાથી આત્મજ્ઞાન વધે છે. વ્યાપક આત્મજ્ઞાન સમગ્ર સૃષ્ટિ સાથે એકત્વબુદ્ધિ પેદા કરે છે. સ્વ-પર ભેદ બુદ્ધિ ટળે છે.

આત્મા-આત્મા વચ્ચે ભેદ રહે છે, ત્યાં સુધી અભય-અખેદ-અદ્વેષ આદિ ઉત્તમ ગુણો દબાયેલા રહે છે.

'वसुधैव कुटुम्बकम्'ની ભાવનાનો એકડો શીખવાડનાર મંત્રાધિરાજ શ્રી નવકારના આરાધકને પણ ભેદબુદ્ધિ ખટકવી જોઈએ.

આ ભેદ-બુદ્ધિ જ આત્માનો અરિ છે. તેનો નાશ 'નમો' અરિહંતાણં' કરે છે.

નમસ્કારની પરિણુતિ એટલે અભેદ બુદ્ધિનો સચોટ અનુભવ સર્વ જીવોને ચાહવાની શ્રેષ્ઠ કળામાં નિપુણતા સાધીને જ જીવ, શિવપદનો અધિકારી બને છે. આ ચાહના તે સ્નેહ પરિણામ છે. જે અભેદબુદ્ધિનો પરિપાક છે.

卐

# દિવ્યતા અને ક્ષુદ્રતા

મનુષ્યમાં રહેલી નિર્બળતાઓનો લોકો જેટલો તિરસ્કાર કરે છે તેટલો તેનામાં રહેલાં બળ અને શક્યતાઓનો આદર કરતાં નથી તેની જડતા પર જેવા જોરથી ઘા કરે છે તેવા કે તેથી અડધા જોરથી પણ તેનામાં રહેલા ચૈતન્યનો આદર કરતાં નથી. મનુષ્યમાં દેખાતી ક્ષુદ્રતા જેટલી ખૂંચે છે તેટલી તેનામાં રહેલી વિરાટતા પ્રત્યે પ્રેમ કરવાનો લેશ માત્ર વિચાર કરતા નથી. મનુષ્યની શેતાનીયત લોકોને નજરે તુરત ચઢી જાય છે પરન્તુ તેની દિવ્યતા તો તેમનાં ધ્યાન બહાર જ રહી જાય છે.

દરેક વ્યક્તિમાં જડતા અને ચૈતન્ય બન્ને વસેલાં છે. જડતા તેને અધોગતિ તરફ ખેંચે છે. ચૈતન્ય તેને ઉર્ધ્વગામી બનાવવા કોશિષ કરે છે. વ્યક્તિ માત્રના જીવનને આ નિરંતરની ખેંચતાણ અનુભવવી પડે છે. જડતા જો કે ટાળી ટળી શકતી નથી. છતાં તેને ચૈતન્યને આધીન કરવી હોય તો તેમ કરી શકાય છે. આ હકીકતમાં મનુષ્યના ઉદ્ધારના બીજ રહેલાં છે.

પડવું સાહજીક છે એ વાત માની લઈએ તો પણ ચઢવું એ સાવ અસ્વાભાવિક નથી, એમ પણ માનવું પડશે. જડતાનો બોજો ઉંચકીને પણ ચૈતન્ય-પંખેરૂ ગગન ભણી ઉડવા પાંખો ફફડાવ્યા કરે છે અને તે ઊડવામાં એક દિવસે જડતાને ખંખેરીને સફળ થશે, એવી શ્રદ્ધા રાખવી અસ્થાને નથી.

તત્ત્વદૃષ્ટિએ વિચાર કરતાં મનુષ્યમાં સૂક્ષ્મરૂપે દિવ્યતા રહેલી છે અને તે તેના સ્થૂલજીવનમાં પ્રગટ થવા મથામણ કર્યા જ કરે છે. આટલું સમજમાં આવ્યા પછી કોઈપણ વ્યક્તિનો તિરસ્કાર કરવાનું અંતરથી મન થતું નથી. મનુષ્ય સ્વભાવની આ ઉર્ધ્વગામિતા પર વિશ્વાસ મૂકયા પછી કોઈ પણ વ્યક્તિને અનાદરથી જોવાની ટેવ છૂટી જાય છે. અને આદરથી જોવાની ટેવ પડે છે પછી તે અજ્ઞાનીઓને હસતો નથી કે દુષ્ટો પ્રત્યે ઘૃણા દર્શાવતો નથી. બાળકની દુર્બળતાની તે હાંસી કરતો નથી કે સ્ત્રીઓને અબલા ગણીને તુચ્છકારતો પણ નથી. તે જાણે છે કે દુષ્ટતા, દુર્બળતા કે અજ્ઞાનતા એ તો ચૈતન્યની આજુબાજુ વીંટળાયેલી અશુદ્ધિઓ માત્ર છે. સોનાની કાચી ધાતુમાં મિશ્રિત થયેલાં ખડક મટોડી કે અન્ય ધાતુઓને જોઈને કોઈ સોનાને ફેંકી દેતું નથી. તો પછી અદ્‌ભુત શકયતા-ઓથી ભરેલા વ્યક્તિત્વવાળા માનવને શી રીતે તિરસ્કારી શકાય ? વ્યક્તિમાં રહેલી સુવર્ણ સમી દિવ્યતા પર તો પ્રેમ જ પ્રગટાવી શકાય–નીચમાં નીચ ગણાતા મનુષ્યો પણ શ્રેષ્ઠતાના અધિકારી બન્યાના અગણિત દાખલાઓ છે–તે બતાવી આપે છે કે મનુષ્યમાં રહેલી દિવ્યતા એ સત્ય છે કિન્તુ ભ્રમણા નથી. નીચમાં નીચ વ્યક્તિનો પણ અનાદર નહિ કરતાં શકય હોય તો તેનામાં રહેલી દિવ્યતાને પ્રગટ કરવામાં સહાય રૂપ બનવું –એ જ પરમ ધર્મ છે. જેઓ દુષ્ટતાથી કંટાળી સુવર્ણ જેવી દિવ્યતા ફેંકી દેવા પ્રયાસ કરે છે, તેઓને મનુષ્યમાં રહેલી અંતિમ સારરૂપતા ઉપર હજુ વિશ્વાસ ઉત્પન્ન થયો નથી. મહાન પુરુષોને એ વિશ્વાસ હતો. તેથી તેઓએ કોઈનો તિરસ્કાર કર્યો નથી. સર્વ પ્રત્યે સમભાવ પ્રેમ અને અહિંસા પ્રબોધ્યાં છે.

卐

પોતાના આત્મ–સ્વરુપનો અનુભવ કરવા માટે શ્રીઅરિહંતોને નમસ્કાર અનિવાર્ય છે. શાસ્ત્રો સ્વ–રૂપ તરફ આંગળી ચીંધે છે. મંત્ર સાથે રહીને સ્વ–રૂપનો અનુભવ કરાવે છે. શાસ્ત્ર એ માર્ગદર્શક છે. મન્ત્ર એ સાથી છે. સ્વ–રૂપ એ પહોંચવાનું સ્થાન છે.

# સામૂહિક–સાધના

જનતાના આધ્યાત્મિક જીવનમાં સાધનાનું મહત્વ ખૂબ જ છે. કારણ કે તે માનવ સમૂહને દિવ્ય જીવનના પરસ્પર સંબંધી સહેતુકતા અને એકતાની સૂઝ આપે છે.

સમૂહ સાધનાનો હેતુ માત્ર સાધકોના જીવનમાં આધ્યાત્મિક હેતુની જાગૃતિ આણવા પૂરતો જ નથી, પણ સંસારમાંથી ચિંતા અને ધમાલથી પર થઈને સહાનુભૂતિભર્યા વાતાવરણમાં આધ્યાત્મિકતાની પ્રાથમિક સ્વરૂપની સાધના કરવાની તક મેળવી આપવાનો છે.

બ્રહ્મ મુહૂર્તમાં નિદ્રા ત્યાગીને પ્રાર્થના, ધ્યાન વગેરે નિત્ય–નિયમિતપણે કરવાથી મન અને શરીરનું નિયમન થાય છે. અને પોતાની જાતને આધ્યામિકતાથી ભરી દેવાય છે.

સાધના એક યાન્ત્રિક ક્રિયા જેવી ન બની જાય તેની પૂરતી કાળજી રાખવી જોઈએ.

સાધનામાં કેટલો સમય ગાળો છો, તે મહત્ત્વનું નથી, પરંતુ દૈનિક જીવનમાં તેની કેવી અને કેટલી અસર થઈ રહી છે, તે સૌથી વિશેષ મહત્ત્વનું છે.

સાધના, પ્રાર્થના સમય પૂરતી નથી. પણ સમગ્ર જીવનમાં વણી લેવા માટે જીવનને સાધનામય બનાવવા માટે છે.

સાધના જીવનમાં વણાય એટલે જીવનમાંથી સ્વાર્થ નીકળી જાય, હૃદયમાંથી સંકુચિતતા નાબૂદ થાય, મનમાંથી કટુતા વિદાય થાય. અર્થાત્ આત્માની મોટપ વડે સમગ્ર જીવન સમૃદ્ધ બને.

સાધક જીવન એટલે આત્માર્થી જીવન.દયા–દાન,ક્ષમા સંતોષ મત્રી–પ્રમોદાદિમય જીવન.

આધ્યાત્મિક સાધનાના પ્રસાર માટે વધુ પ્રયત્નો કરવાથી સત્પુરૂષોના આશીર્વાદ મળે છે. સાધકોને પરમાત્મા તરફથી વિદ્યા, તુષ્ટિ, દૈવી ઐશ્વર્ય, કૈવલ્ય અને મોક્ષ મળે છે. તેથી સૌ ચિંતામુક્ત અને આબાદ બને છે.

આબાદ એટલે "આ" એવા "હું"ને બાદ કરવાથી સાંપડતી શુદ્ધિ અને સિદ્ધિ.

આવી સામૂહિક–સાધના અચૂક વિશ્વકલ્યાણકારી નીવડે છે.

卐

# અનુમોદનાથી અનુબંધ

આપણે જે અનુષ્ઠાન કરીએ છીએ, તે અનુષ્ઠાન જ્યાં જ્યાં થતું હોય, તેની અનુમોદના કરવી જોઈએ. કેમ કે ત્રિકરણયોગથી ધર્મ પરિપૂર્ણ બને છે.

કોઈ પાપ કરે છે, તો તેને તે પાપનો બંધ પડે છે; તેમ તે પાપની પ્રશંસા યાને અનુમોદના કરનાર અને કરાવનાર બધાને તે પાપનો બંધ પડે છે.

પાપની અધિક પ્રશંસા કરનારને અધિક પાપ લાગે છે, કારણ કે આત્માનું અહિત કરનારા પાપની પ્રશંસા કરીને તે પોતે પાપ તો બાંધે જ છે, પરંતુ તે પાપનાં

ભારોભાર વખાણ કરીને બીજા ભદ્રિક તેમજ વિશ્વાસુ માણસોને પણ તેમ કરવા પ્રેરીને તે અધિક પાપ વડે બંધાય છે.

પાપના કરનારને પળ આવે પસ્તાવો થવાથી યા સદ્ગુરુના સદુપદેશથી યા નિમિત્તના જોગે પાપથી પાછા ફરવાનું બને છે, પણ પાપની અનુમોદના કરનારને તો પાપ વધતું જ જાય છે.

એવી જ રીતે ધર્મમાં પણ સમજવું. ધર્મ કરનાર પોતે તે પુણ્ય બાંધે છે, પણ તે ધર્મ કરાવનાર અને તેની અનુમોદના કરનારા પણ પુણ્ય બાંધે જ છે, એટલું જ નહિ પણ ક્યારેક ધર્મ કરનારા કરતાં પણ અધિક પુણ્ય બાંધે છે.

વાત એમ બને છે કે, ધર્મ કરનારને (મેં આટલો ધર્મ કર્યો એ મતલબના) અહંકારનો સંભવ રહે છે. જ્યારે કરાવનારને લઘુતા (નમ્રતા) રહે છે. છતાં ક્યારેક અહંકાર સ્પર્શી જાય છે. (જોયું! મારી પ્રેરણાથી કેવો ધર્મ થઈ રહ્યો છે!) એ મતલબનો.

જ્યારે સાચા દિલથી અનુમોદના કરનારને, આવા કોઈ અહંકાર આદિ દોષની સંભાવના ન રહેતી હોઈને, તેને ઘણો મોટો લાભ થાય છે. એનો અર્થ એ નથી કે ધર્મ કરવો અને કરાવવો ન જોઇએ, પણ કરવા અને કરાવવાની સાથે તેની અનુમોદના પણ અવશ્ય કરવી જોઈએ.

જે ધર્મ કરવો ગમે, કરાવવો ગમે, તે જ ધર્મની અનુમોદના ન કરી શકીએ, તો આપણો ધર્મ અધૂરો રહે.

ત્રણે કાળ અને ત્રણે લોકના ધર્મની (શ્રી જિનવરોપદિષ્ટ અનુષ્ઠાનોની) અનુમોદના થવી જોઇએ, તે અધિક ફળદાયક બને છે.

કરણ (કરવું, તે) બિંદુ છે. અનુમોદન સિંધુ છે.

અનુમોદન એ મહોર (છાપ) લગાવવા રૂપ હોઇને તેનાથી શ્રેષ્ઠ અનુબંધ પડે છે.

ધર્મની (ધર્મ કરવાની) સામગ્રી મળવા છતાં, તેનો ઉપયોગ પ્રમાદમાં થાય છે, કારણ કે કરેલ ધર્મનો અનુબંધ નથી પડયો.

આપણે જાતે કરતા હોઈએ, કે બીજા કરતા હોય, પણ તે ધર્મની અનુમોદના જો ચૂકી જવાય છે, તો તેની અસર ઉપરચોટિયા બની જાય છે.

ધર્મનું મૂળ મળ્યા પછી, જો ધર્મને ભૂલી જવાય તો તે નિરનુબંધ ધર્મ છે. અનુબંધ અનુમોદનથી પડે છે.

પ્રતિજ્ઞામાં એક પણ કરણ અધુરૂં હોય, તો તે ન ચાલે, તેમ ધર્મ પણ ત્રિકરણ-યોગે થવો જોઈએ.

અનુમોદનપૂર્વક કરણ સમ્યગ્ બને છે. આપણે જે ધર્મ કરીએ છીએ તે જ ધર્મ શ્રી સંઘમાં, કે અન્યત્ર કોઈ કરતો હોય. તો એની પણ હૃદયમાં અનુમોદના હોય, તો જ તે ધર્મ સફળ કહેવાય છે.

પણ જો પોતાના કે પોતાને ત્યાં થઈ રહેલા ધર્મનો હર્ષ હોય અને બીજાને ત્યાં થઈ રહેલા ધર્મ કે ધર્મી પ્રત્યે, અણગમો કે અપ્રીતિ હોય, તો પોતે કરેલ ધર્મ નિષ્ફળ છે અર્થાત્ તે ધર્મ મુક્તિરૂપી ફળ આપી શકતો નથી.

ઉત્તમ દૃશ્ય યા પ્રસંગ જોતાંવેંત હૃદયમાંથી હર્ષના ઉદ્ગાર નીકળી પડે છે. તે એમ સૂચવે છે કે, ઉત્તમની અનુમોદના કરવાની યોગ્યતા આપણી અંદર તો છે જ!

ઉત્તમોત્તમ એવા ધર્માનુષ્ઠાનો થતાં જોઈને, કે થયેલાં સાંભળીને તે યોગ્યતા સોળે કળાએ ખીલી ઉઠવી જોઈએ, આપણા હૈયામાં હર્ષની ભરતી આવવી જોઈએ. આપણી જબાનમાં મિઠાશ છુટવી જોઈએ, આપણી આંખોમાં હર્ષાશ્રુ નીકળવાં જોઈએ.

આ બધાંથી અનુમોદના પ્રાણવંતી બને છે. અનુબંધ ગાઢ બને છે. ઉત્તમ ધર્મ-કરણી માટેની લાયકાત પુષ્ટ થાય છે અને ઉત્તમ દેશકાળાદિના યોગે ઉત્તમ આરાધના દ્વારા કર્મો ખપાવીને આત્મા મુક્તિગામી બને છે.

卐

# ભવ્યત્વ પરિપાકના ઉપાયો

ભવ્યત્વ (આત્માના મુક્તિગમન-યોગ્યત્વ)ના પરિપાક માટે જ્ઞાની ભગવંતોએ ત્રણ ઉપાયો બતાવ્યા છે.

૧. દુષ્કૃતગર્હા ૨. સુકૃતાનુમોદન ૩. શરણગમન.

જ્યારે જ્યારે દુઃખ કે પ્રતિકૂળતા આવે, ત્યારે ત્યારે 'એ મારાં જ પૂર્વકૃત પાપનું ફળ છે' એમ માનીને બીજા કોઈ ઉપર દ્વેષ ન કરવો, તે દુષ્કૃતગર્હા છે.

દુઃખ આવે છે, પાપના ઉદયથી. પાપનો ઉદય પાપ કરવાથી થાય છે. પાપ આપણે પોતે કરીએ છીએ, એમાં કોઇનું અનુમોદન હોતું નથી, કારણ કે લોકમાં પાપ નિંદ્ય છે. પાપ કરે તેની લોકો પણ નિંદા કરે છે, માટે પાપના કટુ ફળ વખતે બીજાને દોષ ન દેવાય પણ એને સમભાવે વેદવું જોઇએ.

પ્રતિકૂળતા વખતે બીજાને દોષ દેવાની આપણી ટેવ છે, તે ખોટી છે.

અનુકૂળતા બીજાને કારણે મળે છે, તેમાં અનેકની સહાય હોય છે; તે વખતે પણ પાપ કરીએ, તો તેની જવાબદારી પોતાની છે.

પાપના ફળમાં દોષ પોતાનો હોવા છતાં, બીજાને દોષ દેવાની વૃત્તિ તે જ મિથ્યાત્વ છે.

દુઃખમાં વજ્ર જેવા કઠોર બનવું જોઇએ. પોતાના દુઃખમાં બીજાને શા માટે તકલીફમાં મૂકવા ? એ વિચારથી આવતી નમ્રતા દુષ્કૃતગર્હા છે. તેનાથી પાપનો અનુબંધ અટકે છે.

## સુકૃતાનુમોદન

ભવ્યત્વ પરિપાકના ત્રણ ઉપાયો પૈકી દુષ્કૃતગર્હાની પછી, સુકૃતાનુમોદન આવે છે.

આપણે જે સુકૃત કરીએ છીએ, તેની અનુમોદના કરનાર હોય, તો તે સુકૃત સારી રીતે થાય છે. તે જે બીજાએ અનુમોદના કરી તેનો હર્ષ ધારણ કરવો, તે સુકૃતાનુમોદના.

પોતાના પુણ્યના ઉદયની અનુમોદના નથી કરવાની પણ આપણને શુભમાં જે સહાય કરે છે, તેનું અનુમોદન થવું જોઇએ.

સારા કુળમાં જનમ્યા તે માતાપિતાના પુણ્યથી છે, એમ માનવું જોઈએ, તો જ નમ્રતા આવે છે, કારણ કે એ પુણ્ય પણ બીજાની સહાયથી મેળવેલ છે.

દાન આપવું હોય તો લેનાર જોઇએ. પૂજા કરવી હોય તો પૂજ્ય વ્યક્તિ જોઇએ. દીક્ષા લેવી હોય તો ગુરૂ જોઇએ. ભણવામાં બીજાનાં (રચેલાં) શાસ્ત્રો ભણીએ છીએ.

આપણા આત્મહિત માટે જેમણે સહાય કરી છે. તેનું અનુમોદન તે સાચી સુકૃતાનુમોદના છે.

આટલી સ્થિતિએ પહોંચવામાં કેટકેટલાની સહાય લીધી છે ?

બીજાના ઉપકારને કૃતજ્ઞભાવે માથે ચઢાવવામાં આપણે ઉણા ઉતરીએ છીએ પણ આપણે બીજા ઉપર જે ઉપકાર કરીએ છીએ, તેની ઠેર ઠેર જાહેરાત કરવાનું ચૂકતા નથી.

સાચા સાધકે દરેકનો ઉપકાર માનવો જોઈએ.

આપણી ભૂલ બીજા ખમી શકે તો આપણે પણ બીજાની ભૂલ ખમવી જોઇએ. આપણી ભૂલ ખમી ખાનારનો પણ ઉપકાર માનવો જોઇએ.

## શરણગમન

શરણગમનથી દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના ફળે છે. શ્રી અરિહંતાદિ ચારે ય આપણને શરણ આપે છે, પણ આપણે લેતા નથી. કારણ કે તેઓ 'આપણને શરણ આપે છે' એવી શ્રદ્ધા જ નથી.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનથી અંતઃકરણ શુદ્ધ થયા પછી જ, શ્રી અરિહંતાદિના શરણે જવાની યોગ્યતા પ્રગટ થાય છે. ભીંત સામે ઊભા રહેવાથી કંઇ ન દેખાય.

દર્પણ સામે ઊભા રહેવાથી આપણું ભૌતિક સ્વરૂપ દેખાય છે, તેમ શ્રી અરિહંતો આપણને આપણું વાસ્તવિક સ્વરૂપ બતાવે છે. તેઓના સ્મરણ વડે આપણા સ્વરૂપનું

**સ્મરણ થાય છે, તે જ સાચું શરણ છે અને એ શરણ-દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનથી અંતઃકરણ શુદ્ધ થયા પછી જ પ્રાપ્ત થાય છે.**

શ્રી અરિહંત પરમાત્મા ૧૩મા ગુણસ્થાનકે રહેલા છે. શ્રી સિદ્ધ પરમાત્મા ૧૪મા ગુણસ્થાનકે રહેલા છે. સાધુ ભગવંતો ૬-૭મા ગુણસ્થાનકે રહેલા છે. એ બધા નિર્મળ આત્માઓમાં ધર્મ રહેલો છે.

તેમના સ્મરણથી આત્માના સાચા સ્વરૂપનું ભાન અને જ્ઞાન થાય છે.

તેમના સ્મરણથી આત્માના સાચા સ્વરૂપનું ભાન અને જ્ઞાન થાય છે.

રૂપ દેખાડે તે દર્પણ. આત્મસ્વરૂપ દેખાડે તે અરિહંતસિદ્ધ, એ આત્મસ્વરૂપ જોવા પ્રયત્ન કરવો જોઈએ.

આત્માનું શુદ્ધ સ્વરૂપ, અરિહંત-સિદ્ધ રૂપ છે. એ જાણ્યા પછી ભય રહેતો નથી, કારણ કે આ જાતનો આત્મા આપણી સાથે જ રહેવાનો છે.

આત્મસ્વરૂપને જાણવા આપણા જ્ઞાનચક્ષુને વિકસિત કરવા જોઈએ.

વ્યવહારથી આપણો આત્મા સંસારી અને નિશ્ચયથી સિદ્ધ સ્વરૂપી છે. એ બંને સ્વરૂપો અત્યારે મોજુદ છે.

શુદ્ધ નયની ભાવના માટે શ્રી અરિહંતાદિનું શરણ લેવાનું છે. તેથી જ બધી ફરીયાદો દૂર થઈને આત્મોન્નતિ થાય છે.

卐

# વાણીની દિવ્યતા

વાણી એ વિચારને પ્રગટ કરવાનું સાધન છે.

'વાગ્-લબ્ધિ' દ્વારા આત્મા શ્રાપ, આશીર્વાદ આપવાની શક્તિ ધરાવે છે.

મિતવાણી સમ્યક્ ચિંતનમાં હેતુ બને છે. માટે ચિંતન ઠીક થઈ શકે તે ખાતર વાણી પરિમિત બોલવી જોઈએ. હિતકારી પણ વાણી મિત ભાષામાં સત્ય સાપેક્ષપણે **બોલવી જોઈએ.**

મનમાં ઊઠે તે પણ વાણી છે. તે ગૂઢ વાણી છે. તેને પરાવાક્ કહેવાય છે. તે વડે પણ ગુણગ્રહણ અને હિતચિંતન થવું જોઈએ.

અનિંદા અને ગુણગ્રહણ તે હિતવાણીનું લક્ષણ છે. હિતવચન ઓપરેશનની જેમ ઉભય માન્ય હોવું જોઈએ. અર્થાત્ શ્રોતા-વક્તા ઉભયને માન્ય હોવું જોઈએ. વાગ્લબ્ધિ માટે સત્ય. સમ્યક્, ચિંતન માટે મિત, પથ્યવચન બોલવું. નિંદા પીઠ પાછળ થાય છે, હિત બુદ્ધિથી સન્મુખ દોષ પ્રકાશન તે હિત ચિંતનાત્મક વાણી છે.

'मन्यते यो जगत्तत्त्वं' न केवलं वाग्निरोधनं मौनमित्यर्थः । અર્થાત્ સદ્ વસ્તુનું મનન તે મૌન છે. કેવળ વાણી-નિરોધ એ જ મૌન નથી. મનનપૂર્વક કરેલા મૌનથી વાણીની શક્તિ વધે છે.

પાણીની શક્તિની જેમ વાણીની શક્તિ પણ સર્વમાન્ય છે. દોષ દેહના છે, તેથી નશ્વર છે અને ગુણ આત્માના છે, તેથી અમર છે. દોષ દેહની સાથે ભસ્મીભૂત થાય છે. સત્ય, પ્રેમ, નિર્ભયતા વગેરે સદ્‌ગુણ આત્માના ધર્મ છે. તેના મનનપૂર્વકનું ભાષણ સબળ અસર કરે છે.

કોઈના પણ દોષ ગાવાથી જીવન પવિત્ર નથી થતું, પણ દૂષિત થાય છે. તે વાણીનો બગાડ છે, દુરૂપયોગ છે.

પાણીની જયણાની જેમ વાણીની જયણા ભાષાસમિતિના પાલન વડે કરવી જોઈએ.

નિર્બંધ જળની જેમ વિવેક વગરની વાણી પણ વિનાશક નીવડે છે વાણી આંતર છે, શબ્દ બાહ્ય છે. તે વડે વાણી વ્યક્ત થાય છે. આંતર વાણીથી આંતરભાવ ઊઠે છે. તેની વિશ્વ પર મોટી અસર થાય છે.

卐

# ત્રિકરણ યોગ

'આરાધનામાં યાદ કરજો, દેવદર્શનમાં યાદ કરજો. યાત્રામાં યાદ કરજો, સંઘની વતી દર્શન કરું છું,' ઇત્યાદિ સમાચારીની પાછળ શો આશય રહેલો છે?

શ્રી જિનશાસનની પ્રત્યેક આરાધના ત્રણ કરણ અને ત્રણ યોગથી કરવાની હોય છે, પછી તે પ્રતિક્રમણ હો, કે પડિલેહણ હો, પ્રભુની ભક્તિ હો કે શ્રી નવકારનું સ્મરણ હો, અઢાર હજાર શીલાંગ હો કે મિચ્છામિ દુક્કડં હો, પણ તેમાં ત્રણ કરણ અને ત્રણ યોગ હોવા જોઈએ.

ત્રણ કરણ એટલે મન-વચન કાયાનો વ્યાપાર અને ત્રણ યોગ એટલે મનથી, વચનથી અને કાયાથી થતું કરણ કરાવણ અને અનુમોદન. મનથી જેમ કરવાનું છે, તેમ જેઓ નથી કરતા તેઓ કરે અને જેઓ કરી રહ્યા છે તેનું અનુમોદન થાય ત્યારે મનના ત્રણ યોગ સધાય છે. એ રીતે વચનના અને કાયાના કરણની સાથે કરાવણ અને અનુમોદન જોડાયેલા હોય છે, તો તે ક્રિયા શુદ્ધ બને છે અને મુક્તિપર્યંતનાં ફળને આપનારી થાય છે.

મુક્તિ એટલે અવ્યાબાધ સુખ, તે સાધ્ય છે ષડ્‌જીવનિકાયહિત એ સાધન છે. અવ્યાબાધ સુખનો વિચાર એ આત્માના ઊર્ધ્વતા સામાન્યને ઉદ્દેશીને છે ષડ્‌જીવનિકાયનું હિત એ આત્માના તિર્યક્ સામાન્યને ઉદ્દેશીને છે.

વસ્તુમાત્ર સામાન્ય વિશેષ રુપ છે. સામાન્યના બે ભેદ છે. એકતિર્યંક અને બીજું ઉર્ધ્વ. પ્રદેશ ભેદે અભેદ તે તિર્યંક સામાન્ય અને કાળભેદે અભેદ તે ઉર્ધ્વતા સામાન્ય.

વિશેષ પણ બે પ્રકારનું છે. એક ગુણરુપ અને બીજું પર્યાયરુપ. ગુણરૂપ વિશેષ એ તિર્યંક સામાન્યનું વિશેષ છે અને પર્યાયરૂપ વિશેષ એ ઉર્ધ્વતા સામાન્યનું વિશેષ છે.

ગુણ એ સહભાવી પર્યાય છે અને પર્યાય એ ક્રમભાવી પર્યાય છે. ક્રમભાવી પર્યાયરૂપ વિશેષની આસકિતનું નિવારણ ઉર્ધ્વતા સામાન્યના વિચારથી સધાય છે, સહભાગી પર્યાયરૂપ વિશેષનું અયોગ્ય આચરણ તિર્યંક સામાન્યના વિચારથી નિવારી શકાય છે.

સંસારરૂપ વિષય કષાયનો પ્રતીકાર આ રીતે ઉભય પ્રકારના સામાન્ય ધર્મના વિચારથી ઉત્પન્ન થતા સમભાવ વડે સાધી શકાય છે. તેથી ધર્મના, યોગના, અધ્યાત્મના લક્ષણમાં શાસ્રોક્ત અનુષ્ઠાનની સાથે મૈત્ર્યાદિ ભાવોનો પ્રવેશ કહેલો છે. આગમભાષામાં ત્રિકરણયોગ શબ્દ અને યોગભાષામાં મૈત્ર્યાદિ ભાવો એક જ અર્થને કહેનારા છે.

卐

# પર્વાધિરાજનો પ્રભાવ

શ્રી પર્યુષણ પર્વમાં સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ અને અકષાયાદિ, મોક્ષના હેતુઓનું સેવન થાય છે. કૃપણ દાતાર બને છે. કુશીલ સુશીલ થાય છે, તપરહિત પણ તપસ્વી થાય છે. દયારહિત દયાળુ બને છે અને નિર્ધર્મી ધર્મી બને છે.

દાન, શીલ અને તપ; જ્ઞાન, દર્શન અને ચારિત્ર; આદિ ગુણોની આ મહાન દિવસોમાં પુષ્ટિ થાય છે. પર્વાધિરાજનો પુણ્ય પ્રસંગ પામીને, દેવ-ગુરુ-ધર્મમાં નિષ્ઠા વધુ દૃઢ બને છે. શ્રી સંઘ, સાધુ અને સાધર્મિકની ભક્તિનો પ્રવાહ પ્રાણવંતો બને છે. સામાયિક, પ્રતિક્રમણ અને પૌષધનું જોરદાર વાતાવરણ જામે છે; ક્ષમા, નમ્રતા અને સરળતા, સાચા રૂપમાં ખીલવા માંડે છે; શીલ, સંતોષ અને બ્રહ્મચર્યાદિ ગુણોની પુષ્ટિ થાય છે અને આ પંચમકાળમાં પણ આ પર્વાધિરાજના પ્રભાવે પુણ્યાત્માઓ ચતુર્થકાળની સમાન આચરણ કરે છે

શ્રી પર્યુષણ પર્વ એ ક્રોધાદિના નાશનો ઉત્સવ છે. મૈત્ર્યાદિ ભાવનાઓનો મહોત્સવ છે. આ સુપર્વના સુયોગે અનાદિનાં આત્માનાં સંબંધી બની બેઠેલા એવા કષાયાદિનું મૃત્યુ થાય છે; તેથી મુનિઓ મુંડન કરાવે છે. મુનિઓ આને 'કેશ-લોચ' કહે છે એની પાછળ આવો અર્થ પણ ઘટાવી શકાય છે.

શ્રી પર્યુષણા પર્વમાં નવ પ્રકારના પુણ્યનું પોષણ થાય છે અને અઢાર પ્રકારના પાપનું શોષણ થાય છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયાદિ બંધ-હેતુઓનો ત્યાગ થાય છે.

શ્રી પર્યુષણ પર્વના પ્રધાન કર્તવ્યો પાંચ છે.

૧. પહેલું કર્તવ્ય છે, 'અમારિ પ્રવર્તન.' એનો સામાન્ય અર્થ છે, જીવદયાનું પાલન કરવું તેમજ કરાવવું" એ અને રહસ્યાર્થ છે, 'સર્વથી પ્રિય વસ્તુનું દાન કરવું' એ

સર્વથી પ્રિય વસ્તુના દાન દ્વારા એ પુરવાર કરી શકાય છે કે, 'પર્વાધિરાજ અમને સર્વથી અધિક પ્યારા છે.'

૨. બીજું કર્તવ્ય છે 'સાધર્મિક વાત્સલ્ય.' જેનો સામાન્ય અર્થ છે, 'સાધર્મિક તરફ વાત્સલ્ય દાખવવું' તે. અને રહસ્યાર્થ છે, 'શ્રી જિનાજ્ઞા-વત્સલતાને પાત્ર બનવું' એ. આજ્ઞાકારનું વાત્સલ્ય તેમની આજ્ઞા પ્રત્યે વાત્સલ્ય દર્શાવવા દ્વારા પામી શકાતું હોય છે. જેમાં સર્વ ધર્મનો સમાવેશ થઈ જાય છે.

૩. ત્રીજું કર્તવ્ય છે, 'પરસ્પર ક્ષામણા' પરસ્પરને ત્રિવિધે ખમાવવા તે. જે ખમે તે નમે. જે ખમી શકે તે નમી શકે. જે ખમી શકે તે ખમાવી શકે. પાયાનું મહત્ત્વ ખમવામાં છે.

પર્વાધિરાજની આરાધનાનું અમૃત રગેરગમાં પરિણત ત્યારે થાય, કે જ્યારે આરાધક આત્મા જગતના સર્વ જીવોને ખમવા-ખમાવવાના પરિણામ વડે પૂરેપૂરો રંગાઈ જાય!

૪. ચોથું કર્તવ્ય છે, 'અઠ્ઠમનો તપ' સળંગ ત્રણ ઉપવાસનો આ તપ પાપ-પંકને શોષવામાં મધ્યાહ્નના સૂર્યનું કામ કરે છે.

૫. શ્રી પર્યુષણ પર્વનું પાંચમું કર્તવ્ય, 'ચૈત્ય-પરિપાટી' છે. ચૈત્યપરિપાટી એટલે નિજ-નગર સ્થિત શ્રી જિનચૈત્યોને વિધિ-બહુમાન પૂર્વક જુહારવાં! શ્રી જિનેશ્વર દેવને ભાવથી ભેટવાનું આ કર્તવ્ય પાપને ભેટવાની અધમ વૃત્તિને ખંખેરી નાખવામાં પ્રચંડ પવનનું કામ કરે છે.

આ પાંચ કર્તવ્યોના પાલનથી દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મની આરાધનામાં અપૂર્વ વેગ આવે છે, અને શ્રી જિનાજ્ઞાના અમૃતને ઝીલવામાં આત્મા અપૂર્વ ઉલ્લાસ દાખવતો થાય છે.

卐

# મૂળ પ્રકૃતિના પરિવર્તનો

મનની ઈચ્છા સ્વ પ્રત્યેથી વાળીને સર્વ પ્રત્યે વાળવામાં આવે તો, સુખ-દુઃખ, રાગ-દ્વેષ, કામ-ક્રોધની વૃત્તિઓનો અંત આવે છે. તેનું ઉત્પત્તિ-સ્થાન 'અસ્મિતા' હતું, તે રહેતું નથી. 'અસ્મિતા'નું પ્રથમ રૂપ 'હું' રહેતું નથી. તેનું બીજું સ્વરૂપ 'અહંકાર, છે, તે પણ રહેતો નથી.

મનનો સંબંધ સ્વાર્થની સાથે થાય તો 'અસ્મિતા' અભિમાન જાગે, પણ સર્વના હિતની સાથે થાય તો 'અસ્મિતા' 'હું'પણું ઉત્પન્ન થઈ શકતું નથી અને તેની સાથે સંબંધ રાખનારી વાસનાઓ પણ જાગતી નથી.

મૂળ પ્રકૃતિને પરિવર્તન કરવાનો એકનો એક ઉપાય મનનો સંબંધ સ્વના ભૌતિક સુખો સાથે ન થવા દેવો અને સર્વના હિતની સાથે કરવો તે છે.

સર્વના સુખની ઈચ્છા જાગ્યા પછી અહંકાર અને મમકારના સ્થાને સમર્પણ. અને સેવાભાવ જ ઉભો રહે છે પરમાત્મ-ભાવને સમર્પણ અને જીવાત્મ ભાવની સેવા એ તેનું ફળ છે.

## અહંભાવનો વિલય.

અહંભાવ સંસાર-ભ્રમણનું કારણ છે. તેના 'હ'કારની ઉપર 'ર'કાર રૂપ અગ્નિબીજ સ્થાપન કરવામાં આવે તો આરાધક, એ અગ્નિબીજ વડે અહંભાવનું દહન કરી શકે. જેથી અહંભાવ ભસ્મીભૂત થાય અને એથી 'અર્હં'કારની તત્ત્વમયતા સ્થાપિત થાય છે.

તત્ત્વ એટલે ધ્યેય અથવા રહસ્ય.

તત્ત્વવિત્ એટલે યથાર્થ જાણનાર.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, સમાધિ તો યોગીઓ જ લગાવે. સમાધિમાં શરીર અને સ્થાન ભૂલી જવાય છે. તેવી અવસ્થાનો યોગીઓ જ નહિ, પણ પોતાના રોજીંદા જીવનમાં દરેક જીવ અનુભવ કરતો હોય છે. ભલે એ સમાધિનો પ્રકાર અલગ હોય.

જીવનમાં જે કાર્ય અને જે વસ્તુ ઉપર પ્રીતિ હોય તેવા કાર્યમાં દરેક જીવ (ક્ષણિક) સમાધિનો અનુભવ કરતો હોય છે. એક પ્રેમી બીજા પ્રેમીની યાદમાં પોતાને શું નથી ભૂલી જતો ?

આ રીતે જો વિશ્વના સર્વ જીવો સાથે પ્રેમ કેળવાય, તો વિશ્વપ્રેમી પરમાત્માની યાદમાં કેટલો આનંદ આવે !

## સમાધિ સુખનો ઉપાય.

વિશ્વના સર્વ જીવોનું હિત ચિંતવનાર શ્રી અરિહંત પરમાત્માની યાદમાં આનંદ આવવા લાગે ત્યારે સમજવું કે તમારો તેમની સાથે યોગ થઇ ગયો. એથી જે સમાધિ આવશે તેમાં શાશ્વત આનંદનો અનુભવ થશે.

તે યોગ અને સમાધિ સાધવા માટે મનને કેળવવું પડશે. જગતના સર્વ જીવોનું હિત થાય અને સર્વ જીવોનું હિત ચાહનાર અને કરનાર પરમાત્માનો વિજય થાય

એ ભાવનાને મનમાં વારંવાર લાવવી પડશે. એ ભાવનાના પુદ્દગલો ચૌદ રાજલોકમાં ફેલાઈને સર્વત્ર શાન્તિનો પ્રસાર કરશે.

'વિશ્વમાં શાન્તિ પ્રસારનાર ભાવનાનો અને શાન્તિ વરસાવનાર શ્રી અરિહંત પરમાત્માનો વિજય થાઓ.' આ મહામંત્રનું જેઓ રટણ કરશે તેઓ ચિત્તની સમાધિ પામશે. સમાધિનું સુખ મેળવશે. અને શાશ્વત શાન્તિનો અનુભવ કરશે.

卐

# વસ્તુ અને વાસના

ઘરના આંગણે કચરો હોય એ ગંદકી ગણાય છે. એ જ કચરો ખેતરમાં ખાતર ગણાય છે; એ ન્યાયે ધન પણ સ્વયં પોતે સારું કે નરસું નથી; એ કયા સ્થાને વપરાય છે એ ઉપરથી તે સારું યા ખરાબ ઠરે છે.

સ્ત્રી એ મોહીની રૂપે ભલે ભયંકર હોય, પણ માતા રૂપે મહાકલ્યાણિની છે. કીર્તિ એ કામના રૂપે ભલે કાળી નાગણ હોય કિંતુ સત્યની કાંતિ રૂપે પરમ સોહામણી છે.

મતલબ કે, વસ્તુમાં પાપ નથી પરંતુ વસ્તુની વાસનામાં પાપ છે.

વસ્તુ જ્યારે કોઈની વાસનાનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તે વસ્તુ પાપ યા પુણ્યનું પ્રબળ નિમિત્ત બની જાય છે.

એકની એક વસ્તુને, ભિન્ન ભિન્ન માણસો પોતાની આંતરિક યોગ્યતા અનુસાર જોતા, તેમજ મૂલવતા હોય છે. વસ્તુને તેનાં સ્વરૂપે જોવી, તે યથાર્થદૃષ્ટિ છે. તે વસ્તુને વાસના, ઈચ્છા કે મમતા વડે જોવી એ મિથ્યાદૃષ્ટિ છે.

સંપત્તિને ભોગ અર્થે વાપરનારાઓનો તોટો નથી, કિંતુ તેની મુર્છાથી મૂક્ત રહીને જગત-કલ્યાણ અર્થે વાપરનારા મહાન સામર્થ્યને સર્જે છે, તેથી લક્ષ્મી–એ દોષ નથી પણ આદર્શ વિનાના વાસનાગ્રસ્ત મનુષ્યોના હાથમાં, તે દોષરૂપ, બંધનરૂપ કે સારહીન બને છે.

જે વસ્તુઓ વાસનાના સાધનરૂપે વિષને પ્રસારે છે તે જ વસ્તુઓ સત્યના સાધનરૂપ બને ત્યારે અમૃતને વરસાવે છે.

વસ્તુ તો તેની તે જ રહે છે, પણ તેના તરફ જેવો ભાવ હૃદયમાં હોય છે, યા જોતાં જેવો ભાવ તેના પ્રત્યે જાગે છે, તેવું વાતાવરણ માણસની અંદર–બહાર તે વસ્તુ સર્જે છે.

卐

# ભાષા-વિશુદ્ધિ

સુખમય અને સફળ જીવન જીવવા માટે જેમ મનશુદ્ધિ, અન્નશુદ્ધિ, ધનશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, શરીરશુદ્ધિ વગેરેની જરૂર છે, તેમ વચનશુદ્ધિની પણ જરૂર છે. જીવન-વ્યવહાર માટે ઉપયોગમાં આવતા ધન, અન્ન અને વસ્ત્રાદિ બાહ્ય પદાર્થ છે, તેમ વિવેક, વિચાર અને વચનાદિ અંતરંગ પદાર્થો પણ છે.

ધનાદિ બાહ્ય પદાર્થો વિના જેમ એક દિવસ પણ ચાલતું નથી, તેમ વચનાદિ અભ્યંતર પદાર્થો વિના એક ક્ષણ પણ ચાલી શકતું નથી. તેથી જ કવિઓએ ગાયું છે કે-

क्षीयन्ते खलु भूषणानि सततं, वाग्भूषणं भूषणम् ।

બીજાં આભૂષણો ખરેખર ક્ષીણ થઈ જાય છે, જ્યારે વાણીરૂપી આભૂષણ માણસને સતત શોભાવે છે.

અંગ્રેજ કવિ રેલેએ પણ કહ્યું છે કે-

The tongue is the instrument of the greatest good and the greatest evil that is done in the world.

દુનિયામાં વધારેમાં વધારે ભલું કે વધારેમાં વધારે ભૂંડું કરવાનું સાધન જીભ છે.

દુનિયાનું ભલું કે ભૂંડું કરવાનું સૌથી અધિક સામર્થ્ય વાણીમાં છે, એનો કોનાથી ઇન્કાર થઈ શકે તેમ છે ?

વિશ્વોપકારી શ્રી જિનેશ્વરદેવો સત્ય-તત્ત્વોનો ઉપદેશ કરી; વિશ્વ ઉપર જે ઉપકાર કરે છે, તે તેમના વચનાતિશયનો જ પુણ્ય-પ્રતાપ છે.

શરીરથી તનતોડ મજૂરી કરનાર મજૂર, જે કમાણી જીવનભર મજૂરી કરીને નથી કરી શકતો, તે કમાણી વચનશક્તિ ધરાવતો એક કુશળ વક્તા કે વકીલ એક કલાકમાં પણ કરી લે છે.

**વચનવર્ગણા**

વચનશ્રવણથી માણસ ધર્મી બને છે અને વચનશ્રવણથી જ માણસ અધર્મી બને છે. માણસના અંતરમાં રહેલી સારી કે નરસી વૃત્તિઓને જાગ્રત કરીને બહાર લાવવાનું સામર્થ્ય જેટલું વચનવર્ગણામાં રહેલું છે, તેટલું પ્રાયઃ બીજા કશામાં દેખાતું નથી.

આજની કેળવણીમાં અક્ષરજ્ઞાનને જે પ્રાધાન્ય આપવામાં આવે છે, શાસ્ત્રોમાં કેવળજ્ઞાન આદિ પાંચ જ્ઞાનોમાં, શ્રુતજ્ઞાનને જે મુખ્ય પદ આપવામાં આવ્યું છે, તેની પાછળ એક યા બીજી રીતે વચન-સામર્થ્યનો જ સ્વીકાર રહેલો છે.

સચેતનના મુખમાંથી નીકળેલું સીધું વચન તો અસર નિપજાવનારું થાય જ છે. પરંતુ અચેતન ચિત્રપટો, ફોનોગ્રાફી કે રેડિયામાંથી સંભળાતા શબ્દોની પણ ચમત્કારિક અસર આજના માનવીઓના જીવન ઉપર પ્રત્યક્ષ અનુભવાય છે.

વચનશક્તિનો પ્રભાવ એક અપેક્ષાએ જ્ઞાનશક્તિથી પણ વધી જાય છે. વચનના મનન વિના જ્ઞાન પણ કાંઇ કરી શકતું નથી. જ્ઞાન ગ્રહણ કરવા માટે પણ વચનની જરૂર પડે છે.

એક આત્મામાં રહેલું જ્ઞાન, બીજા આત્મા સુધી પહોંચાડવા માટે, જ્ઞાનના વાહન તરીકેનું કાર્ય કરનાર વચન સિવાય બીજી કઇ ચીજ છે? તાત્પર્ય કે જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર, સંસ્કારિત બનાવનાર તથા સર્વત્ર ફેલાવનાર વચનશક્તિ જ છે.

વચનશક્તિ એ ધારી તલવાર જેવી છે. જો તેનો ઉપયોગ વિવેકપૂર્વક થાય તો સ્વ-પર શ્રેયસ્કર નીવડે અને જો તેનો ઉપયોગ વિવેકરહિતપણે થાય તો તે જ શક્તિ સ્વ-પર ઘાતક નીવડે.

એ જ કારણે કેટલાક અનુભવીઓને કહેવું પડયું છે કે-

Give your ears to all, tongue to none.' (Shakespeare)

(કાન બધાને આપો, પણ જીભ કોઈને ન આપો.)

## જીભ ઉપર અંકુશ

કુદરતે પણ જીભ ઉપર અધિક સંયમ રાખવાની યોજના કરેલી છે. કાન, આંખ બે-બે છે અને જીભ એક જ છે. છતાં બે કાન અને બે આંખોને કામ એકજ સોંપાયેલું છે. જ્યારે એક જીભને કામ બે સોંપેલાં છે, એક બોલવાનું અને બીજું ખાવાનું. આ બે કામ કરનાર એક જીભ અને એક જ કામ કરનાર બે કાન અને બે આંખની રચના જ જીભ ઉપર અધિક સંયમ રાખવાનું માણસને શીખવે છે. તેમ છતાં માણસ બે કાન વડે જેટલું સાંભળે છે અને બે આંખ વડે જેટલું જુએ છે, તેના કરતાં બોલે છે વિશેષ.

જીહ્વેન્દ્રિય ઉપરનો આ અસંયમ મનુષ્ય જાતને વધારેમાં વધારે અપકાર કરનાર નિવડે છે. જ્યાં-ત્યાં કજિયાઓ અને-હૃદયનો સંતાપ, અપ્રીતિની વૃદ્ધિ અને પ્રીતિનો વિનાશ, વૈરવૃદ્ધિ અને વિરોધના દાવાનળ વગેરે દેખાય છે, એ મોટે ભાગે વાણીના દુરુપયોગનાં જ કટુફળ હોય છે.

જો મનુષ્ય બોલવાનું ઓછું કરી નાખે, જેટલું સાંભળે તેમજ જુએ છે, તે બધું હૃદયમાં રાખતાં શીખે, જરૂર પડે ત્યારે પણ વિચારીને જ કોઇને પણ નુકસાન ન થાય તેની કાળજીપૂર્વક બોલે, તો ઘણી આપત્તિઓનો અંત આપોઆપ આવી જાય અને એ

માટે ભાષાવિશુદ્ધિના શિક્ષણની ભારે અગત્યતા છે. જૈન શાસ્ત્રોમાં એ શિક્ષણ સંગીન રીતે આપવામાં આવ્યું છે.

મુનિઓની વાગ્ગુપ્તિ અને ભાષાસમિતિ એ શિક્ષણનું સુમધુર ફળ છે. આ શિક્ષણથી સુશિક્ષિત થયેલો મુનિ સતત ભાષણ કરે, તો પણ કોઇ અપકાર કરનાર થતો નથી. અને એ શિક્ષણને નહિ પામેલો આત્મા ઓછું બોલે તો પણ ફાયદો કરવાને બદલે નુકસાન કરનારો થાય છે.

શ્રી જૈન શાસ્ત્રોમાં ચારિત્ર એ મુક્તિનું પરમ અંગ છે. અષ્ટપ્રવચન માતા એ ચારિત્રની જનેતા છે. અને એ બંને ભાષાવિશુદ્ધિને આધીન છે. ભાષાવિશુદ્ધિ એ પરંપરાએ મુક્તિનું પરમ અંગ બની જાય છે.

શ્રી જૈન શાસ્ત્રોએ મુનિઓને સર્વથા મૌન ધારણ કરવાનું ઉપદેશ્યું નથી. સર્વથા મૌન ધારણ કરવાથી વ્યવહાર માર્ગનો ઉચ્છેદ થાય છે અને બીજા પણ મિથ્યાભિમાનાદિ અનેક દુર્ગુણો પોષાય છે. એ કારણે મુનિને જ્યારે જ્યારે બોલવાની જરૂર ઊભી થાય ત્યારે-ત્યારે શાસ્ત્રે બતાવેલા નિયમ અનુસાર તેને બોલવાનું હોય છે. અને એ રીતે શાસ્ત્રાનુસારી વચન બોલવામાં કુશળ બનેલો મુનિ ચિરકાળ સુધી બોલે તો પણ અન્યને ધર્મમાં સહાય કરવા દ્વારા લાભ કરે છે.

## ચાર ભાષા

વચન-વિન્યાસમાં મુનિને ધર્મ-કુશળતા બક્ષવા માટે, શ્રી જૈનશાસ્ત્રોમાં બોલવા લાયક ભાષાના ચાર પ્રકાર બતાવ્યા છે. તેમાં બોલવા લાયક સઘળી ભાષાઓનો સમાવેશ થઇ જાય છે. એ ચાર પ્રકાર અનુક્રમે સત્ય, અસત્ય મિશ્ર અને અનુભય છે

મિશ્ર અને અનુભય એ નિશ્ચયથી અસત્ય છે, તથા વ્યવહારથી સત્યાસત્ય છે. જેમ કે અશોકવન, શ્રમણસંઘ એ મિશ્ર ભાષાના પ્રયોગ છે. તેને અશોક પ્રધાન વન, શ્રમણ પ્રધાન સંઘ એ અપેક્ષાથી બોલે તો સત્ય છે અને અશોકનું જ વન, શ્રમણનો સંઘ, એ રીતે બોલે તો અસત્ય છે.

અનુભય ભાષા પણ ઠગવા કે અવિનયની બુદ્ધિપૂર્વક બોલે તો અસત્ય છે, અન્યથા સત્ય છે.

શાસ્ત્રોમાં ઉપયોગ પૂર્વક બોલનારની ચારે ભાષા આરાધક માની છે અને અનુપયોગપૂર્વક બોલનારની ચારે ભાષા વિરાધક માનેલી છે.

જૈન શાસ્ત્રની દૃષ્ટિએ ભાષા નિમિત્તક શુભાશુભ સંકલ્પ એ જ આરાધકપણા કે વિરાધકપણાનું તત્ત્વ છે. તેથી શુભ સંકલ્પ પૂર્વક અસત્ય ભાષા પણ સત્ય છે અને

અશુભ સંકલ્પ પૂર્વક સત્ય ભાષા પણ પરમાર્થ દૃષ્ટિએ અસત્ય છે.

ભાષા વિષયક આ સઘળું જ્ઞાન શ્રી જૈન શાસ્ત્રોમાં યથાર્થ રીતે રહેલું છે.

ભાષાની સત્યાસત્યતા, સાવદ્ય નિરવદ્યતા, સદોષ નિર્દોષતા અને વ્યવહાર-મિશ્રતા આદિને જે જાણતો નથી, તેવા અગીતાર્થને જૈન શાસ્ત્રો બોલવાનો પણ નિષેધ કરે છે. પછી ઉપદેશાદિ કરવાની તો વાત જ ક્યાં રહી ?

ભાષાની વિશુદ્ધિ ચારિત્રની વિશુદ્ધિ કરે છે અને ચારિત્રની વિશુદ્ધિથી કર્મ–નિર્જરા અને ૨૮ પ્રકારનો મોહ–ક્ષય થાય છે. મોહના ક્ષયથી કૈવલ્ય, કૈવલ્યથી શૈલેશી-કરણ, શૈલેશીકરણથી સર્વ સંવર અને સર્વ સંવરથી આત્મા મુક્તિનું સુખ પ્રાપ્ત કરે છે.

મુક્તિનું સુખ સકલ સાંસારિક સુખ સમૂહથી અનંત ગણું છે, દુઃખના લેશ વગરનું અને અવિનાશી છે. વિશુદ્ધ ચારિત્રના પાલન વડે આ સુખ મળે છે. વિશુદ્ધ ચારિત્રપાલનનો ઉપાય ભાષા વિશુદ્ધિ છે ભાષા વિશુદ્ધિનો ઉપાય હિત, મિત, સ્તોક અને અવસરોચિત ભાષા વડે ગુણકર વાક્યો બોલવાં તે છે

ટૂંકમાં જે બોલવાથી રાગ–દ્વેષાદિ દોષો ઘટે અને સમ્યગ્જ્ઞાનાદિ ગુણો વધે તે જ ભાષા મુનિને તેમજ વિવેકીને યોગ્ય છે, એવો સર્વજ્ઞ ભગવંતોનો ઉપદેશ છે.

卐

# આનંદનો અનુભવ

ઊંઘ દરમ્યાન આઠ કલાકમાં માણસ સોળ કલાકમાં ગૂમાવેલી બધી શક્તિ પાછી મેળવી લેતો હોય છે. સામાન્ય માનવીની બાબતમાં જાગૃત અવસ્થામાં શરીર પર મનની ભીંસ સતત જામેલી હોય છે. તેથી અનેક પ્રકારના તાણ અને ઘર્ષણ તે અનુભવે છે.

'હું અમુક છું', મારી જ્ઞાતિ આ છે, સમાજમાં મારો આ મોભો છે, આ મારી મિલ્કત છે, આ મારા આપ્તજનો છે, મારું અને સગાઓનું હિત સધાવું જ જોઈએ. બીજાઓનું ગમે તે થાય ! આવા આવા 'હું' પદ અને મમત્વવાળા વિચારો મનમાં સતત ચાલ્યા જ કરતા હોય છે. તેને ક્ષતિ પહોંચતાં ક્રોધાદિ માણસ પર સવાર થઇ જાય છે, અને પરિણામે તેનું શરીર આઘાત અનુભવે છે. અને મન નબળું પડે છે.

ધન વગર હું દુઃખી થઇ જઇશ ! સમાજમાં અપકીર્તિ થાય તો પછી કેમ જીવાય ? બાહ્ય સાધનો વગર આપણે કેમ સારા ગણાઇએ ? વગેરે પ્રકારની ગ્રંથિઓ તેની પાસે સાચાં–ખોટાં અને ન કરવાનાં કામો કરાવે છે.

આમ રોજ બળતામાં તેલ હોમાયા જ કરે છે અને પ્રમાણમાં અલ્પ આયુષ્ય ભોગવી માણસ જે કાર્ય કરવા જગતમાં જન્મેલો હતો, તે ભૂલી ભળતું જ કાર્ય કરી મરણને શરણ થાય છે. સાચી દિશામાં તેનું ગમન થતું નથી. ઘાંચીના બળદની જેમ સેંકડો માઈલ ચાલવા છતાં, જ્યાંનો ત્યાં જ રહે છે.

રામમય બનવાની ટેવ માણસ પાડે તો રામ જેવો બની શકે છે. આ કાંઈ તાત્કાલિક બની શકે તેવી ચીજ નથી. તે માટે ક્રમે-ક્રમે માણસે ગુસ્સો, લોભ, લાલચ, કામવૃત્તિ અને હું પદવાળા ભાવો ઘટાડવા જોઈએ.

આમ થતાં શક્તિનો દુર્વ્યય થતો અટકશે અને માણસનું મન સમાધાનવાળી સ્થિતિ પ્રાપ્ત કરીને આત્માનો આનંદ માણતું થઈ જશે.

卐

# પુરૂષાર્થવાદ

## ચાર પુરૂષાર્થનું તાત્ત્વિક વિવેચન

પુરુષાર્થ એટલે પુરુષની ઈચ્છા અને પ્રયત્નનો વિષય. જેને મેળવવા માટે મનુષ્ય ઇચ્છા અને પ્રયત્ન કરે છે, તે પુરુષાર્થ કહેવાય છે. તેના ચાર પ્રકાર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

પુરુષના સર્વ પ્રયત્નોનું સાધ્ય માત્ર સુખ જ છે. તેથી સુખ એ જ મુખ્ય પુરુષાર્થ-પુરુષ પ્રયોજન છે. પરંતુ સુખની કલ્પના જીવોની બે પ્રકારે હોય છે. એક બાહ્ય અને બીજી અભ્યંતર. બાહ્ય સુખ અને તેનાં સાધનો માટેનો પ્રયત્ન એ અનુક્રમે કામ અને અર્થ માટેનો પુરુષાર્થ છે. અભ્યંતર સુખ અને તેના સાધનો માટેનો પ્રયત્ન, એ અનુક્રમે મોક્ષ અને ધર્મ પુરુષાર્થ કહેવાય છે.

અર્થ અને કામ એ બે પુરૂષાર્થો, પુરૂષના પ્રયત્નથી સાધ્ય હોવા છતાં એ માટેનો પ્રયત્ન પરિણામે આત્માને હાનિકારક હોવાથી તેને શ્રી જૈનશાસને આદર આપ્યો નથી અર્થ અને કામ એ બે પુરૂષાર્થોને મનુષ્ય જીવનમાં આદર કે ઉત્તેજન નહિ આપવાનું બીજું કારણ એ પણ છે કે એ પુરૂષાર્થ પ્રત્યે જીવનો પ્રેમ અનાદિકાળથી લાગી રહેલો છે. અને એ બે અસદ્ વસ્તુઓના નૈસર્ગિક અનુરાગથી જ જીવ અનેક પ્રકારની નિરર્થક તકલીફો પ્રત્યેક સ્થાને ભોગવી રહ્યો હોય છે. એમાંથી બચવા માટેનો અને એ અયોગ્ય વસ્તુઓના રાગમાંથી છૂટવા માટેનો અવસર જીવને મનુષ્યભવ આદિ ઉત્તમ ભવોમાં જ મળે છે. અન્ય ભવોમાં સારાસાર, યુક્તાયુક્ત અને કાર્યાકાર્યનો વિવેક કરવાની તે શક્તિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી, કે જે મનુષ્ય ભવમાં પ્રાપ્ત થાય છે, અને એ વિવેક

શક્તિનો સંપૂર્ણ અમલ પણ મનુષ્યભવમાં જ થઈ શકે છે. તેથી તેવો ભવ પ્રાપ્ત થયા પછી પણ આત્મા અર્થ અને કામના અનુરાગથી ન છૂટે અને તેના પ્રેમમાં પડી રહી અનેક પ્રકારનાં પાપોને આચરે, તેના જેવું અસમંજસ અને અઘટિત ચેષ્ટિત બીજું એક પણ ન હોઈ શકે.

## કામ પુરુષાર્થ

કામ પુરૂષાર્થ એ જીવને સાક્ષાત્ સુખ આપનાર છે. અર્થ પુરૂષાર્થ એ કામ પુરૂષાર્થનું સાધન હોવાથી જીવને પરંપરાએ સુખને આપનાર થાય છે, તો પણ એ કામ પુરૂષાર્થજનિત સુખનો જ્યારે વિચાર કરવામાં આવે છે, ત્યારે તે સુખ નહિ, પણ સુખના આભાસમાં છૂપાયેલું ભયંકર કોટિનું દુઃખ જ છે, એમ લાગ્યા સિવાય રહેતું નથી. ખસનો રોગી ખસને ખણીને જે સુખ ઉપાર્જન કરે છે, તે સુખની સ્થિતિ જેટલા કાળની છે, તથા તે સુખનું પરિણામ જેવા પ્રકારનું છે, તેટલી જ સ્થિતિ અને તેવા જ પરિણામવાળું કામજનિત સુખ છે.

પાંચે ઇન્દ્રિયોના વિષયોના સેવનથી થનારૂં સુખ એ ક્ષણવાર રહેનારૂં અને દીર્ઘ-કાળના દુઃખને લાવનારૂં છે. એ વાતનો ઈન્કાર કોઇનાથી પણ થઈ શકે એમ નથી. અને એવા સુખનો ઉપભોગ કરવાની ખાતર જ અર્થોપાર્જનનું કષ્ટ સહન કરવું એ પોતાના હાથે જ પોતાના માટે દુઃખનો ઊંડો ખાડો ખોદવા જેવું છે.

## અર્થ પુરૂષાર્થ

કોઈપણ વસ્તુની સારાસારતાનો વિચાર કરવા માટે એનાં કારણ, સ્વરૂપ, વિષય, ફળ વિગેરે સઘળી બાજુઓને અવશ્ય જોવી જોઇએ. વસ્તુ માત્રની અનંત અવસ્થાઓ હોય છે. જેમાંની કેટલીક મુખ્ય અવસ્થાઓની પેટા અવસ્થાઓ પણ અનેક પ્રકારની હોય છે. તે સર્વનો કદાચ વિચાર ન થાય અને માત્ર મુખ્ય અવસ્થાઓનો વિચાર થાય તો પણ વસ્તુના સ્વરૂપની પિછાણ થઈ શકે છે. અર્થની એ મુખ્ય અવસ્થાઓનો વિચાર કરતાં એમાંની એક પણ અવસ્થા સ્વપરોપકારક સાબિત થતી નથી કિન્તુ સ્વ પર હિતોપ-ઘાતક સાબિત થાય છે.

અર્થના કારણ તરીકે સામાન્ય રીતે અસિ, મસિ, કૃષિના વ્યાપારો, વિવિધ પ્રકારનાં વાણિજ્ય અને શિલ્પો વિચિત્ર પ્રકારનાં ધાતુવાદ અને રસાયણો તથા સામ, દામ, દંડ, ભેદાદિ નીતિઓને ગણાવી શકાય. એમાંનો કોઈપણ પ્રકાર એવો નથી કે જેમાં હિંસાદિ પાપોનું ઓછું વધતું સેવન ન હોય. કોઇને કોઇ પ્રકારના પાપ સેવન વિના લક્ષ્મીનું ઉપાર્જન થઇ શકતું નથી. હિંસાદિ પાપોનું આસેવન એ જીવની દુર્ગતિમાં પરમ નિમિત્ત છે. આ થઇ અર્થના કારણ ( cause ) ની વિચારણા.

અર્થના સ્વરૂપ (nature)નો વિચાર કરતાં તે ક્ષણભંગુર છે. સદા અસ્થિર અને ચંચલ છે. પ્રાપ્ત કરવા માટે ગમે તેટલો પ્રયાસ કરવામાં આવે તો પણ ભાગ્યનું સહકારીપણું હોય તેટલા જ પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે છે, પ્રાપ્ત થયા પછી સંરક્ષણાદિની ચિંતા ઉત્પન્ન કરે છે. સંરક્ષણ કરવા છતાં અચાનક ચાલી જાય છે, ત્યારે ચિત્તને અધિક સંતાપ આપે છે. અપ્રાપ્તકાળમાં આર્તધ્યાન કરાવે-છે. પ્રાપ્તકાળમાં રૌદ્રધ્યાન કરાવે છે. વિયોગકાળે આર્ત–રૌદ્ર ઉભય પ્રકારના ધ્યાન વડે અસમાધિની વૃદ્ધિ કરે છે.

અર્થનો વિષય (Subject) વિચારતાં સુવર્ણાદિ વસ્તુઓ, એ અર્થ પુરૂષાર્થનો વિષય છે. અને એ પુદ્ગલમય છે, પુદ્ગલની સ્થિતિ એક સરખી રહેતી નથી. તેમાં પરાવર્તન થયા કરે છે. તેનું મૂલ્ય પણ જરૂરિયાત-બીન જરૂરિયાત પ્રમાણે વધતું ઓછું થયા કરે છે. કોઈ પણ પુદ્ગલ સ્વયં સુખરૂપ કે દુઃખરૂપ નથી. શુભ પુદ્ગલ પણ પરિણામવશાત અશુભ બની જાય છે અને અશુભ પુદ્ગલ પણ પરિણામવશાત્ શુભ બની જાય છે.

કારણના વશથી એક જ પુદ્ગલ એક વખત શુભ લાગે છે, પ્રયોજન મટયા પછી એ જ પુદ્ગલ ફરી અશુભ લાગે છે. પોતાના અભિપ્રાયથી અન્યને જે પુદ્ગલ આનંદ આપનારૂં થાય છે, તે જ પુદ્ગલ બીજાને તેના અભિપ્રાયથી દુઃખ આપનારૂં પણ થાય છે, એકના એક પુદ્ગલ ઉપર જીવને કાલાદિ સામગ્રી પામીને રૂચિ–અરૂચિ ઉભય થતી પ્રત્યક્ષ અનુભવાય છે. એ કારણે કોઈપણ પુદ્ગલ જીવને નિશ્ચયથી ઈષ્ટ જ છે કે અનિષ્ટ જ છે એવો નિયમ બાંધી શકાય એમ નથી. સોનું, રૂપુ, હીરા, પન્ના, મોતી, માણેક, ધન, ધાન્ય, જમીન, જાગીર, દ્વિપદ, ચતુષ્પદ, સૈન્ય, ગામ, રાજ્યાદિ સઘળી અર્થ સંપત્તિઓ ભિન્ન ભિન્ન પ્રકારના પુદ્ગલમય છે તે જીવને સદા માટે એક સરખી રીતે ઉપકારક કે સુખકારક બની શકતી નથી. જુદા જુદા કારણવશાત્ તેની તે જ સામગ્રી ઉપર શુભાશુભ ભાવ થયા કરે છે, અને એ શુભાશુભ ભાવથી રાગી, દ્વેષી, બનેલો જીવ કર્મબંધન કર્યા કરે છે, કર્મબંધનથી સંસાર એટલે જન્મ મરણની પરંપરા વધે છે, અને જન્મ મરણની પરંપરા એ જ સર્વ દુઃખોનું મૂળ છે.

અર્થનાં કારણ, સ્વરૂપ અને વિષય એ ત્રણે આ રીતે જો જીવને દુઃખજનક જ છે તો તેનું ફળ પણ દુઃખકારક હોય એમાં પણ આશ્ચર્ય નથી. તો પણ એ અર્થથી જ કામ સામગ્રી પ્રાપ્ત થઈ શકે છે, એ કારણે કામોપભોગના અર્થી આત્માઓ આગળ પાછળના એ સઘળાં કષ્ટોને અવગણીને પણ અર્થ પ્રાપ્તિની પાછળ મંડયા રહે છે. અને પાપ કરવામાં પાછુ વળીને જોતાં નથી છતાં અર્થથી મળતાં કામભોગના સાધનો અને એ સાધનોથી મળતાં સુખનો વિચાર કરવામાં આવે તો એ સુખના લેશની ખાતર ભૂત અને ભાવિમાં ઉત્પન્ન થતું મહાન કષ્ટ વેઠવા માટે કોઈપણ બુદ્ધિમાન તૈયાર ન જ થાય.

અર્થ એ દુર્ગતિદાયક હોવા છતાં પણ એનાથી પ્રાપ્ત થનારા કામ સુખોની અભિલાષાવાળા આત્માઓને એનો મોહ છૂટતો નથી. કેટલાક આત્માઓ કામની ખાતર નહિ પણ અર્થની ખાતર જ અર્થ ઉપાર્જન કરવામાં રસિયા હોય છે. તેઓના અધ્યવસાય અતિ સંકલિષ્ટ હોય છે. શાસ્ત્રોમાં તેઓને નરાધમ તરીકે વર્ણવેલા છે. કારણ કે તેઓના ચિત્ત સદા માયા, શોક, ભય, ક્રોધ, લોભ, મોહ, અને મદથી ઘેરાયેલાં હોય છે. એમાંનો એકેક દોષ પણ દુર્ગતિનું કારણ છે. તો પછી એ સઘળા દોષોનું જ્યાં સંગમ સ્થાન હોય, ત્યાં ચિત્તની એ ક્લિષ્ટતાનું વર્ણન થવું જ અશક્ય છે એ કારણે ઇતર દર્શનકારોએ એવા આત્માઓને તામસ પ્રકૃતિવાળા ગણાવ્યા છે અને જૈન શાસ્ત્રકારોએ કૃષ્ણાદિ અધમ લેશ્યાવાળા વર્ણવ્યા છે.

કામની ખાતર અર્થોપાજનની ઇચ્છાવાળા આત્માઓ તેટલા ક્લિષ્ટ અધ્યવસાયવાળા નથી હોતા, તો પણ તેઓનું ચિત્ત હંમેશા રાગગ્રસ્ત તથા વિવેકવિકલ હોય છે. તેઓ પણ દુર્ગતિના અધિકારી થાય છે.

અર્થ પુરૂષાર્થની જેમ કામ પુરૂષાર્થનાં પણ કારણ, સ્વરૂપ, વિષય અને ફળ ગર્હણીય છે. કામનું કારણ જે અર્થ છે એ તો સ્વભાવથી જ અસુંદર છે. કામનું સ્વરૂપ તીવ્ર અભિષ્વંગ છે તે પણ સંતાપને પેદા કરનારૂં છે. કામનો વિષય સ્ત્રી કલેવર છે, તે પણ અત્યંત અશુચિમય છે અને કામનું ફળ તો અત્યંત કટુ અને વિરસ છે. તેથી તે પણ જીવને અનિષ્ટ જ છે

કામની સાધન સામગ્રી જેમ લક્ષ્મી છે. તેમ શરીર, વય, કલા, દાક્ષિણ્ય, અનુરાગ, દ્યુત આદિના વ્યાપારો રતિક્રિડા વિગેરે છે. એ સઘળી વસ્તુઓ સ્વયં–અશુભ છે. ક્ષણમાત્રમાં વિપરિણતિને પામનારી છે. તથા અતિ અલ્પ અને કલ્પિત સુખને આપનારી છે, એટલું જ નહિ પણ સરસવ જેટલા સુખને આપી મેરૂ જેટલા કષ્ટને આપે છે અથવા બિંદુ માત્ર સુખનો અનુભવ કરાવી સાગર જેટલા દુઃખોમાં નાંખે છે. કામ–સુખની તૃષ્ણાથી જ જીવને સ્વર્ગ અને મોક્ષનાં અનંત સુખો હારી જવાં પડે છે. તથા નરક અને તિર્યંચગતિઓના દુઃસહ કષ્ટોને ભોગવવાં પડે છે.

## ધર્મ–પુરૂષાર્થ

કામ પુરુષાર્થમાં જેમ મલિન કામભોગોમાં રાગનો ઉત્કર્ષ વધીને વિપર્યાસ વધતો જાય છે અને વધતો વધતો દુર્ગતિમાં પરિણમે છે, તેમ ધર્મ પુરુષાર્થમાં એથી વિપરીત થાય છે ધર્મ પુરુષાર્થનાં સાધન, સ્વરૂપ, વિષય અને ફળ એ ચારે અંગો વિશુદ્ધ છે. દયા, દાન, ક્ષમાદિ એનાં અંગો કારણો છે. આત્માનાં વિશુદ્ધ અધ્યવસાય એ એનું સ્વરૂપ છે. પંચપરમેષ્ઠિ આદિ પરમ તત્ત્વોની ભક્તિ, ઉપાસના અને આજ્ઞાપાલનાદિ એ એનો વિષય છે અને ઉત્તમ પ્રકારનાં દેવ ભવનાં અને મુક્તિનાં સુખો, એ એનું ફળ છે.

એ પ્રત્યેક વસ્તુઓ ચિત્ત વિશુદ્ધિનું રસાયણ છે. અને વિશુદ્ધ ચિત્તથી જીવ પુણ્યબંધ અને કર્મનિર્જરાને કરે છે. પુણ્યબંધ અને કર્મનિર્જરા એ પરંપરાએ સ્વર્ગાપવર્ગમાં પરિણમે છે. મોક્ષને વિષે એકતાન મતિવાળા, ઉત્તમ લેશ્યાઓને ધારણ કરનારા, સાત્ત્વિક પુરુષો જ ધર્મ પુરુષાર્થનું આસેવન કરી શકે છે અર્થ અને કામ પુરુષાર્થ એ લોકોને ઇષ્ટ હોવા છતાં, પાપ વૃદ્ધિના જનક હોવાથી, પરોપકાર રસિક પુરુષો આલોક-પરલોકમાં હિતકારી અને સર્વને અમૃતતુલ્ય એવી સુવિશુદ્ધ ધર્મકથાનો જ આદર કરે છે. જે કથામાં ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય આદિની પ્રધાનતા છે. તથા જે અનુકંપા, ભક્તિ, સકામ નિર્જરાદિ પદાર્થોના વિસ્તૃત વર્ણનોથી ભરેલી છે તે ધર્મ કથા જ ઉત્તમ પુરુષોને આનંદ આપનારી છે.

ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયોથી આચ્છાદિત મતિવાળા શ્રોતાઓને ધર્મકથા આનંદ આપનારી થતી નથી. તેનું કારણ તેઓની અયોગ્ય પ્રકૃતિ છે. કષાયની પરિણતિથી તેવા આત્માઓ સદાય પરલોકના સુખથી પરાઙ્મુખ હોય છે. આ લોકોને જ પરમાર્થ તરીકે અને પરમ તત્ત્વ તરીકે પિછાને છે તથા પોતાના સિવાય અન્ય સર્વ જીવો ઉપર સદાય નિરઅનુકંપ રહે છે તેવા અધમ પુરુષો સુગતિની પ્રતિપક્ષિણી અને દુર્ગતિની જ એક કંદલીસમી અનર્થથી ભરેલી અર્થકથાને જ ચાહે છે. પરંતુ તેથી વિપરિત સ્વભાવવાળી ધર્મકથાને મનથી પણ ઇચ્છતા નથી.

બીજા કેટલાક જીવો પાંચ ઇન્દ્રિયોના વિષય-વિષથી હંમેશાં મોહિત મનવાળા રહે છે. ભાવ શત્રુ સમાન ઇન્દ્રિયોને અનુકૂળ વિષયોમાં જ પ્રવર્તનારા હોય છે. અને પરમાર્થના માર્ગથી અજાણ તથા સુંદરાસુંદર વસ્તુઓમાં અનિશ્ચિત મતિવાળા હોય છે. તથા મધ્યમ લેશવાળા રાજસી સ્વભાવવાળા હોય છે. તેઓ કામ કથામાં જ આનંદ માને છે, કે જે કામ કથા પંડિતજનોને હસનીય છે. કરનાર કે સાંભળનારની માત્ર વિડંબના જ કરનાર છે. તથા આ ભવ અને પરભવના દુઃખોને જ માત્ર વધારનાર છે. એ કામકથામાં આસક્ત થયેલાઓને પણ ધર્મકથા ગમતી નથી.

શ્રી જૈનશાસનમાં એક ધર્મ પુરુષાર્થ જ ઉપાદેય મનાયેલો છે. ધર્મ પુરુષાર્થ એટલે મોક્ષ માટે સર્વજ્ઞોના વચનોને અનુસરીને થતો મૈત્ર્યાદિ ભાવયુક્ત જીવોનો શુભ પ્રયત્ન વિશેષ.

એ ધર્મના ચાર પ્રકાર પડી જાય છે નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ. ચારેમાં પણ ભાવધર્મ એ જ ઉપાદેય છે. એ ભાવધર્મની પ્રાપ્તિ જીવોને મિથ્યાત્વમોહનીયાદિ કર્મના ક્ષયોપશમથી થાય છે. ભાવધર્મ આત્માના સ્વભાવરૂપ છે અને એ આત્મ સ્વભાવ મૈત્ર્યાદિભાવ અને પ્રશમાદિ ચિન્હથી ગમ્ય છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર પ્રકારના ભાવો એ જેમ જીવોના ભાવધર્મને જણાવનાર

છે. તેમ શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકયાદિ લિંગો પણ જીવોના ભાવ-ધર્મને જણાવનાર છે. એ જાતિનો મૈત્ર્યાદિભાવ અને પ્રશમાદિ લિંગગમ્ય જીવસ્વભાવરૂપ ભાવધર્મની પ્રાપ્તિ જીવને તો જ ઘટે કે જો જગતમાં જીવ હોય, કર્મ હોય તથા જીવ અને કર્મનો સંબંધ પણ હોય એ ત્રણમાંથી એકની પણ હયાતી ન હોય તો ભાવ ધર્મની હયાતી પણ ન હોય. એ કારણે જીવ, કર્મ અને એ એના સંયોગ તથા વિયોગનું સ્વરૂપ જૈનશાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણવ્યું છે.

## મોક્ષ પુરુષાર્થ

શ્રી જૈનશાસને જગતમાં જે સાધનાનો માર્ગ દર્શાવ્યો છે, તે અર્થ, કામ કે તેવી જ કોઈ પૌદ્ગલિક વસ્તુઓની સાધનાનો નહીં, કિન્તુ જેમાં સર્વ પૌદ્ગલિક વસ્તુ-ઓની સાધનાનો પરિત્યાગ છે, એવા આત્મિક સાધનાના માર્ગ દર્શાવ્યા છે. આત્મિક સાધના એટલે આત્મગુણોની સાધના અને આત્મગુણોની સંપૂર્ણ સાધના, સર્વ કર્મના ક્ષયથી નિષ્પન્ન થતા મોક્ષ સિવાય શક્ય નથી. તેથી જૈન દર્શનની સાધનાનું પ્રધાન લક્ષ્ય મોક્ષ યાને કર્મરહિત અવસ્થા છે. કર્મરહિત અવસ્થામાં જે સુખ છે તે જ શાશ્વત, નિરાબાધ અને સંપૂર્ણ છે, એ અવસ્થાનું બીજુ નામ સિદ્ધાવસ્થા છે.

આ સિદ્ધાવસ્થા કે મોક્ષનું સુખ શાશ્વત નિરાબાધ અને સંપૂર્ણ છે, તેના મુખ્ય કારણ નીચે મુજબ છે.

(૧) સિદ્ધાત્માઓ સર્વથા રાગ-દ્વેષ અને મોહરહિત હોય છે. જીવની એ ત્રણે પ્રકૃતિઓ પરમ સંકલેશ સ્વરૂપ છે. તે માટે કહ્યું છે કે રાગથી અભિષ્વંગ પેદા થાય છે, દ્વેષથી અપ્રીતિ ઉત્પન્ન થાય છે અને મોહથી કાર્યાકાર્યનો વિવેક નાશ પામે છે, અજ્ઞાન વધે છે. અભિષ્વંગ, અપ્રીતિ અને અજ્ઞાન એ ત્રણ ચિત્તના અતિ સંક્લિષ્ટ અધ્યવસાયો છે, સંક્લિષ્ટ કર્મના કારણભૂત છે અને પરંપરાએ સંકલેશને વધારનારા છે. રાગાદિ સંક્લિષ્ટ અધ્યવસાયોથી અભિભૂત થયેલા આત્માઓને આ સંસારમાં એક ક્ષણ-વાર પણ સુખ હોતું નથી. એ દુષ્ટ અધ્યવસાયોને પરાધીન એવા આત્માઓ આ સંસાર સાગરમાં, નવાં નવાં ક્લિષ્ટ કર્મોનું ઉપાર્જન કરીને જન્મ મરણનાં અપાર દુઃખોને અનુભવે છે. રાગાદિના અભાવે જીવને જે સંકલેશ રહિત સુખ થાય છે તે જ સાચું સુખ છે. એ સુખને રાગાદિ રહિત આત્માઓ જ જાણી શકે છે. સન્નિપાતથી ગ્રહીત આત્મા સન્નિપાતના અભાવમાં થનારા સુખને જેમ જાણી શકતો નથી, તેમ રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષોથી પરતંત્ર એવો આત્મા પણ, એ ત્રણ દોષથી રહિત અવસ્થામાં થનારા સુખને જાણી શકતો નથી.

(૨) સિદ્ધના જીવોને જન્માદિનો અભાવ છે. તેથી તેમનું સુખ અવ્યાબાધ છે. બીજ બળી ગયા પછી જેમ અંકુરો પ્રગટ થતો નથી, તેમ સિદ્ધના જીવોને કર્મરૂપી

બીજ બળી જવાથી જન્મરૂપી અંકુરો પ્રગટ થતો નથી. જ્યાં જન્મ નથી ત્યાં જરા-વૃદ્ધાવસ્થા નથી, જ્યાં જરા-વૃદ્ધાવસ્થા નથી ત્યાં મરણ નથી અને જ્યાં મરણ નથી ત્યાં ભય નથી.

(૩) સિદ્ધોનું સુખ અવ્યાબાધ છે, તેનું ત્રીજું કારણ સિદ્ધના જીવોને સદાકાળ ઔત્સુક્યની નિવૃત્તિ છે. સંસારના સુખોનો અનુભવ પણ જીવને ઔત્સુક્ય કે અભિલાષની નિવૃત્તિથી જ થાય છે. પરંતુ ઇન્દ્રિય વિષયોના ભોગ પર્યંતે થનારી ઔત્સુક્ય નિવૃત્તિ સ્વલ્પ કાલ માત્ર રહેવાવાળી છે. એટલું જ નહિ પણ એક નિવૃત્ત અન્ય વિષયની અભિલાષા અને ઉત્સુકતા ઉભી કરીને જ જાય છે, અને તે ઉત્સુકતાની પરંપરાઓ જ્યાં સુધી નિવૃત્ત થતી નથી ત્યાં સુધી દુઃખ કાયમ રહે છે.

સિદ્ધના જીવોને ઉત્સુકતાની નિવૃત્તિ સાર્વકાલિકી હોય છે. સર્વ કાલ માટે સર્વ અભિલાષાની નિવૃત્તિ એ જ સિદ્ધપણું છે, તેથી તેમનું સુખ સર્વ સંસારી જીવોના સર્વ સુખો કરતાં પણ અનંતગણું અધિક બને છે. સિદ્ધોનું અનંત સુખ આ રીતે અનુભવ, યુક્તિ અને આગમ આદિ સર્વ પ્રમાણોથી સિદ્ધ છે પરંતુ ત્રણે ભુવનમાં તે સુખની કોઈ જોડી નહીં હોવાથી તેનું યથાર્થ કથન કોઈપણ ઉપમા વડે થઇ શકતું નથી. સર્વજ્ઞ ભગવાનો પણ વાણી દ્વારા એ સુખનું યથાસ્થિત કથન કરી શકતા નથી. પણ તેટલા માત્રથી તે સુખનો આ જગતમાં અભાવ છે, એમ કહેવુ તે મિથ્યા છે.

જે સર્વ જીવોને અનુભવગમ્ય એવું સંસારિક સુખ પણ અન્યની આગળ કથન કરી શકાતું નથી, તો પછી સિદ્ધાત્માઓનું પરોક્ષ આત્મિક સુખ વાણીના વિષયમાં ન ઉતરે, એમાં આશ્ચર્ય જ શું છે ?

અંધ પુરુષ જેમ ઘટરૂપને ન જાણે તેમ બ્રહ્મ (મોક્ષ) જે સ્વયંસંવેદ્ય છે, તેને અબ્રહ્મ (મોક્ષ નહિ પામેલા આત્માઓ) કદી પણ ન જાણી શકે.

સિદ્ધના સુખને સિદ્ધો જ જાણે છે કારણ કે તેનો અનુભવ તેમને જ છે. કહ્યું છે કે.—

"જાણે પણ ન કહી શકે પુરગુણ, પ્રાકૃત તિમ ગુણ જાસ;
ઉપમા વિણ નાણી ભવ માંહી, તે સિદ્ધ દીઓ ઉલ્લાસ."

—ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ

卐

# ઉપયોગ–ઉપગ્રહ

'ઉપયોગ' જીવનું અંતરંગ લક્ષણ છે.
'ઉપગ્રહ' જીવનું બહિરંગ લક્ષણ છે.
'જીવ', ઉપયોગ વગરનો ન જ હોય.

જીવ-સ્વભાવ, અન્ય જીવોને ઉપગ્રહકારક થવાનો છે.

જીવત્વ જાતિની તુલ્યતાની અપેક્ષાએ જગતના બધા જીવો આપણા સગા છે. આત્મીય છે.

જીવનાં એ બે લક્ષણ ઉપર વ્યાપક પ્રકાશ પાથરતા આ ચિંતનાત્મક લેખને ધીરજપૂર્વક વાંચવા વિચારવાથી, આપણને જીવલોકનું યથાર્થ દર્શન કરાવનાર શ્રી જિનરાજ આપણને જરૂર ઈષ્ટતમ અને આરાધ્યતમ લાગશે અને જીવ માત્રના હિતનો વિચાર-વાણી તેમજ આચાર આપણા જીવનનું 'જીવન' બની જશે.

"उपयोगो लक्षणम्" અને "परस्परोपग्रहो जीवानाम्"

આ બંને સૂત્રો જીવના-અનુક્રમે અંતરંગ અને બહિરંગ લક્ષણના દ્યોતક છે.

'ઉપયોગ' એ જીવનું અંતરંગ લક્ષણ છે, એનાથી જીવનું પોતાનું સ્વરૂપ કેવું છે ! એનો બોધ થાય છે. 'ઉપગ્રહ' એ જીવનું બહિરંગ લક્ષણ છે. એનાથી પ્રત્યેક જીવનો, બીજા બધા જીવો સાથે શો સંબંધ છે ! તેનો બોધ થાય છે.

સંક્ષિપ્તમાં એમ કહી શકાય કે 'ઉપયોગ' એ જીવનું સ્વરૂપ દર્શક લક્ષણ છે. અને 'ઉપગ્રહ' એ સંબંધદર્શક લક્ષણ છે.

ચાહે નિગોદના જીવો હોય કે સિદ્ધના જીવો હોય, પણ 'ઉપયોગ' એટલે જ્ઞાનદર્શનરૂપ જીવનો વ્યાપાર અને 'ઉપગ્રહ' એટલે પરસ્પર એક-બીજા જીવોના હિતાહિતમાં (અનુગ્રહ-ઉપઘાતમાં) નિમિત્તભૂત બનવું. આ બન્ને લક્ષણો પ્રત્યેક જીવમાં સદા વિદ્યમાન હોય છે. જેનામાં આ બે લક્ષણો ન હોય, તે જીવ નહિ પણ જડ છે.

ચૈતન્યશક્તિના વિકાસના તારતમ્યને લઈને જેમ ઉપયોગમાં તારતમ્ય હોય છે, તેમ ઉપગ્રહમાં પણ તારતમ્ય હોઈ શકે છે, પરંતુ ઓછા-વત્તા અંશે આ બન્ને ધર્મો સદા-સર્વદા-સર્વત્ર સર્વ જીવમાં હોય છે.

જગતમાં પિતા-પુત્રના, પતિ-પત્નીના, શત્રુ-મિત્રના, સ્વામી-સેવકના અને પૂજ્ય-પૂજકના એમ અનેક પ્રકારના લૌકિક અને લોકોત્તર સંબંધ તો પ્રસિદ્ધ છે જ. પરંતુ સર્વ જીવોનો પરસ્પર જે સંબંધ છે, તેનું જ્ઞાન બહુ જ વિરલ વ્યક્તિઓને હોય છે. અને એ જ્ઞાનને અનુરૂપ, સર્વ જીવો સાથે ઉચિત વ્યવહાર કરનારા મહાત્મા પુરુષો તો એનાથી પણ વિરલ હોય છે.

## સંસાર અને દુઃખનું મૂળ

જીવના સ્વરૂપનું અને જીવના સર્વ જીવો સાથેના સંબંધનું જ્ઞાન અને તદનુરૂપ (ઔચિત્યપૂર્ણ) વ્યવહારનું પાલન ન હોવાના કારણે જ જીવનું વાસ્તવિક હિત થઈ શકતું નથી. અને તેથી જ તેને ભવમાં ભટકવું પડે છે. અત્યંત દુઃખમય જીવન જીવવું પડે છે.

સંસારનું કે દુઃખનું મૂળભૂત કોઈ કારણ હોય તો, તે આ જીવના સ્વરૂપનું તથા તેના બધા જીવો સાથેના સંબંધનું અજ્ઞાન (મિથ્યાત્વ) અને તદનુરૂપ ઔચિત્ય પાલનનો અભાવ (અવિરતિ) જ છે.

## જીવનું સ્વરૂપ

પ્રત્યેક આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય છે, પૂર્ણ આનંદ અને ઉપયોગમય છે. ટૂંકમાં જીવનું શુદ્ધ સ્વરૂપ સચ્ચિદાનંદમય છે.

## જીવનો સંબંધ

જીવો અનંતા છે, તે વ્યક્તિ (દ્રવ્યપ્રદેશો)ની અપેક્ષાએ છે, પણ જીવત્વ જાતિની દૃષ્ટિએ જીવ માત્ર એક છે. દરેક જીવમાં જીવત્વ જાતિ એક જ છે.

જેમ દેશ, વર્ણ, જ્ઞાતિ વગેરેની અપેક્ષાએ માનવના અનેક પ્રકાર પાડી શકાય છે, પણ મનુષ્યત્વ જાતિની દૃષ્ટિએ તો માનવ માત્ર એક ગણાય છે. તેમ પર્યાયભેદે, 'આ ગાય, આ ઉંદર, આ કીડી, આ દેવ, આ અસુર એમ બોલાય છે, પણ, પ્રત્યેક જીવ-દ્રવ્યમાં રહેલી ગુણોની તુલ્યતાના કારણે જીવની જાત એક જ રહે છે.

આ રીતે પ્રત્યેક જીવનો બીજા બધા જ જીવો સાથે જીવત્વ જાતથી ગાઢ સંબંધ છે, એમ સિદ્ધ થાય છે. અને 'परस्परोपग्रहो जीवानाम्' સૂત્ર એમાં પ્રમાણ પૂરું પાડે છે.

## કાર્યલક્ષણ

પરસ્પર (હિતાહિતમાં) ઉપગ્રાહક થવું એ જીવદ્રવ્યનું 'કાર્યલક્ષણ' છે. તેનો વિશેષ ભાવ એ છે કે એક જીવ પોતાના વિચાર, વાણી અને વર્તનદ્વારા બીજા જીવોનું હિત કે અહિત કરવામાં જેવી રીતે નિમિત્ત બને છે, તેવા પ્રકારના અનુગ્રહ કે ઉપઘાત એ સ્વયં પામે છે.

એવો પરસ્પર ઉપગ્રાહ્ય (ઉપગ્રહ પામવાનો) અને ઉપગ્રાહક (ઉપગ્રહ કરવાનો) સ્વભાવ માત્ર જીવ દ્રવ્યમાં છે. તે સિવાયના બીજા પાંચ (ધર્માસ્તિકાયાદિ) દ્રવ્યો જીવ દ્રવ્યને ઉપગ્રહકારક બને છે, પણ જીવ સિવાયના બીજા કોઈ દ્રવ્ય ઉપર ઉપગ્રહકારક નથી. અર્થાત્ જીવદ્રવ્ય સિવાયના દ્રવ્યોનો ઉપગ્રહ એકપક્ષીય છે.

परस्परोपग्रहो जीवानाम् સૂત્રમાં વપરાએલો 'પરસ્પર' શબ્દ અતિ મહત્ત્વનો છે. એનાથી જીવદ્રવ્યનો ઉભય–પાક્ષિક ઉપકાર છે, એ વાત સ્પષ્ટ થાય છે.

એક જીવ બીજા જીવ ઉપર ઉપકાર કરે છે, તેનાથી જેમ સામા જીવને ઉપકાર થાય છે, તેમ ઉપકાર* કરનાર જીવને પણ ઉપકાર થાય જ છે. મતલબ કે અન્ય જીવો પ્રત્યેની મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિની અસર બીજાની જેમ જીવને પોતાને પણ થાય છે.

'પરસ્પર' શબ્દ જીવોના આ ઉપગ્રાહ્ય અને ઉપગ્રાહક સ્વભાવને જ સૂચિત કરે છે.

*અહીં એક એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જીવનો આ સ્વભાવ સર્વ જીવોમાં સર્વ* કાળે વિદ્યમાન હોય છે કે અમુક જીવોમાં અને અમુક કાળમાં જ ?

આ પ્રશ્ન અતિ મહત્ત્વનો છે. શાસ્ત્ર સાપેક્ષ વિચારણા દ્વારા તેનું સમાધાન આપણને મળી શકે એમ છે. અને તે નીચે મુજબ છે.

'ઉપયોગ' લક્ષણ જીવનાં સ્વરૂપને બતાવે છે. અને તે સર્વ જીવોમાં સર્વ કાળે હોય છે. એમ 'ઉપગ્રહ' લક્ષણ પણ જીવોના પરસ્પર સંબંધનું બોધક છે. તેથી તે પણ સર્વ જીવોમાં સર્વ કાળે હોય છે.

લક્ષણ તો તેને જ કહેવાય છે કે જે લક્ષ્ય માત્રમાં વ્યાપીને રહે છે.

## સર્વ જીવોમાં ઉપગ્રાહક સ્વભાવ

ઉપગ્રાહ્ય–ઉપગ્રાહક સ્વભાવ સર્વ જીવોમાં છે. કારણ કે સર્વ જીવો સાથે જીવત્વ જાતિનો સંબંધ નિત્ય છે, શાશ્વત છે.

કોઇ પણ જીવ કોઈ પણ અવસ્થામાં હોય, પરંતુ એનામાં જીવત્વ તો સર્વત્ર–સર્વદા કાયમ જ હોય છે, જીવત્વ રહિત કોઈ જીવ કદાપિ સંભવી શકતો નથી.

પૂ. આગમ ગ્રન્થોમાં પણ 'एगे आया' એવા અનેક પાઠો–જીવોના અભેદને જણાવનારા–મળી આવે છે. એનાથી એ જ સાબિત થાય છે કે, સર્વ જીવોમાં જીવત્વ એક સરખું હોવાથી જીવો એક છે અને અક્ષય સદા કાળનું છે. સંસારી કે સિદ્ધ અવસ્થા એ કર્મોના ઉપચય અને ક્ષયને આશ્રયીને છે. બાકી જીવત્વ જાતિ તો જીવ માત્રમાં એક છે.

સર્વ જીવો સાથેનો જીવનો સંબંધ શાશ્વત છે, એ વાત સ્પષ્ટ રીતે સમજાયા પછી આ વાત પણ સહજ રીતે સમજાય એવી છે કે જીવો સાથેનો જીવનો સંબંધ કાયમી છે, તો એ સંબંધ દ્વારા જીવોને કંઇ લાભ કે હાનિ, અનુગ્રહ કે ઉપઘાત પણ થતા જ હોય છે.

અન્યથા આ સંબંધનું તાત્પર્ય કે કાર્ય શું ? એ સવાલ ઊભો રહે છે એટલે એ વાત સ્પષ્ટ થાય છે કે જીવદ્રવ્યનો પરસ્પર ઉપગ્રાહ્ય ઉપગ્રાહક સ્વભાવ, સર્વ જીવમાં સર્વ કાળે કોઇને કોઈ પ્રકારે વિદ્યમાન છે.

---

* અહીં 'ઉપકાર'નો તાત્પર્યાર્થ હિત–અહિતમાં કે અનુગ્રહ–ઉપઘાતમાં નિમિત્તભૂત બનવું એ છે.

પૂ. આગમ ગ્રન્થોમાં છ દ્રવ્યોનાં કાર્યલક્ષણો બતાવતાં જણાવ્યું છે કે જીવને (અને પુદ્ગલને) ગતિ અને સ્થિતિમાં નિમિત્ત બનવું એ અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું કાર્ય છે. એટલે કે જીવને ગતિસ્થિતિ કરવામાં આ બંને દ્રવ્યો ઉપકાર (સહાય) કરે છે.

હકીકતમાં ગતિ-સ્થિતિનું ઉપાદાન કારણ જીવ પોતે જ છે. પણ કાર્યની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા રહેતી જ હોય છે. નિમિત્ત કારણ વિના ઉપાદાન કારણ સ્વયં સક્રિય બની શકતું નથી. એથી જ જીવદ્રવ્યની ગતિસ્થિતિમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નિમિત્ત કારણરૂપે ઉપકારક (સહાયક) બને છે.

એ જ રીતે પોતાના હિતાહિતમાં-અનુગ્રહ ઉપઘાતમાં જીવ પોતે જ ઉપાદાન કારણ છે, પણ એની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા જરૂરી બની રહે છે. અને એથી એ વાત સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે જીવોનું હિતાહિત થવામાં નિમિત્ત કારણરૂપે સર્વ જીવોનો ફાળો રહેલો છે. અને એ ફાળો કઈ રીતે છે, તે આગળ વિચારીશું.

## ભાવની પ્રધાનતા

સર્વ જીવો સાથે જીવત્વનો શાશ્વત સંબંધ અને તેના કારણે હિતાહિતમાં પરસ્પર નિમિત્ત કારણતા છે, એ વાત સ્પષ્ટ થયા પછી એ નિમિત્ત કારણતા કઇ રીતે ઘટી શકે છે, તે વિચારવાનું છે.

વાણી અને કાયાનું કાર્યક્ષેત્ર ખૂબ જ મર્યાદિત છે. એટલે એના દ્વારા સર્વ જીવો, સર્વ કાળે પરસ્પર હિતાહિતમાં નિમિત્ત ન બની શકે એ હકીકત છે. પણ મન (દ્રવ્ય મન અને ભાવ મન) દ્વારા એટલે કે વિચાર-ભાવના દ્વારા તો સર્વ જીવોના હિતાહિતમાં પરસ્પર નિમિત્ત બનવું શક્ય છે. કારણ કે વિચાર દ્વારા મન આખા વિશ્વમાં વિચરી શકે છે, જે તન તેમજ વચન દ્વારા શક્ય નથી.

જે જીવોને મન નથી, એવા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ સચેતન હોવાથી એમને સતત કર્મબંધ ચાલુ હોય છે, એમાં કારણભૂત આશ્રવો છે-મિથ્યાત્વ, અવિરતિ આદિ.......

સર્વનું હિત ચિંતવનારા ઉપકારી આત્માઓ પ્રત્યેની સતત ઉદાસીનતાદિરૂપ કે આત્મ અશ્રદ્ધાનરૂપ અનાભોગ મિથ્યાત્વ એ જીવોને હોય જ છે. એથી તેઓમાં પણ ઉપગ્રાહકતા ઘટી શકે છે.

સિદ્ધાત્માઓ પણ કર્મ અને મનથી રહિત છે. છતાં એમનામાં જીવરાશિ પ્રત્યે ક્ષાયિક ભાવની કરૂણા રહેલી છે અને ભાવ-કરૂણા જગજ્જંતુઓના આત્મહિતમાં પુષ્ટ કારણરૂપે નિમિત્તભૂત બને જ છે.

ઉપદેશ–દાનાદિ વડે વાણી દ્વારા અને સેવા ઉપમર્દનાદિ વડે કાયા દ્વારા હિતા-હિતમાં નિમિત્ત બની શકાય છે, એ તો સહુને અનુભવસિદ્ધ જ છે.

આ રીતે મન (ભાવ), વાણી અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિ દ્વારા પરસ્પરના હિતાહિતમાં સર્વ જીવો નિમિત્ત બની શકે છે.

## ધર્મનો પાયો મૈત્રી આદિ ભાવ :

પરમ કરુણાનિધિ વિશ્વોદ્ધારક શ્રી જિનેશ્વર પરમાત્માએ આત્મહિતકર જે ધર્મનો ઉપદેશ આપ્યો છે, તેનો પાયો મૈત્રી આદિ ચાર ભાવ છે. કારણ કે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર રાગ, દ્વેષ અને મોહની મલિન વૃત્તિઓ છે. એ મલિન વૃત્તિઓને શુદ્ધ બનાવવા માટે મૈત્રી આદિ ભાવો અનિવાર્ય છે. માટે જ આ મૈત્રી આદિ ભાવોને ધર્મના મૂળ (પાયા) તરીકે ગણવામાં આવ્યા છે. મતલબ કે ધર્મરૂપી પ્રાસાદનો પાયો મૈત્રી આદિ ભાવો છે.

## મૈત્રી આદિ ભાવોનું સ્વરૂપ :

પરહિત ચિંતારૂપ કે સ્નેહ પરિણામ સ્વરૂપ મૈત્રીભાવ સર્વ જીવો પ્રત્યે પ્રગટાવવાનો છે.

પંડની ચિંતામાં તો સહુ કોઈ પાવરધા હોય છે. માનવજીવનનું ગૌરવ પરહિત-ચિંતા વડે બંધાય છે.

જીવો પ્રત્યેની જે દ્વેષની કે ઉદાસીનતાની લાગણી છે, તે જીવને ભવભ્રમણ કરાવ-નારી છે. તેને દૂર કરવા માટે જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવો જોઈએ.

મૈત્રીભાવ મિત્ર તુલ્ય ભાવ, સહૃદયી બે મિત્રોને પરસ્પર હોય છે તેવો ભાવ જગતના બધા જીવો પ્રત્યે કેળવવો તે.

માનવતાના નાતે બધા માનવો એક સમાન છે, તેમ જીવત્વના નાતે બધા જીવો એક છે. માટે કોઈ પણ જીવ પ્રત્યે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી રાખવી એ હકીકતમાં પોતાના જીવ પ્રત્યે જ દ્વેષ યા ઉદાસીનતાભાવ રાખવા બરાબર છે.

જડના રાગના કારણે જીવ પ્રત્યે દ્વેષ જન્મે છે અને પંડ પ્રત્યેના અધિક વ્યામોહના કારણે પર પ્રત્યે ઉદાસીનતા ભાવ જન્મે છે. આ બંને મહાદોષોને દૂર કરવામાં મૈત્રીભાવ રામબાણ ઔષધ છે.

એટલે જો પોતાના આત્માના મિત્ર બનવું હોય તો ત્રણ જગતના સર્વ જીવો પ્રત્યે મિત્ર સરખો ભાવ દાખવવો તે અત્યંત જરૂરી છે.

૨. એ જ રીતે જે જીવો પોતાનાથી અધિક ગુણવાન છે, એમના પ્રત્યે પ્રસન્નતા-રૂપ 'પ્રમોદભાવ' કેળવવો જોઈએ. જેથી આપણા આત્મામાં દુર્ગુણની દુર્ગંધ દૂર થાય અને સદ્‌ગુણની સુવાસ મહેકી ઉઠે.

'જે જેના ગુણ ગાય, તે તેના જેવો થાય' એ ન્યાયે ગુણવાનના ગુણની પ્રશંસા આદિ વડે જીવ સ્વયં ગુણવાન બની રહે છે.

૩. મૈત્રી અને પ્રમોદ પછી ત્રીજી ભાવના છે કરુણા.

જે જીવો દીન હીન અને દુઃખી હાલતમાં છે, એમનાં સર્વ દુઃખો અને તેનાં મૂળ કારણરૂપ પાપ-અશુભ કર્મો સર્વથા નિર્મૂળ થાઓ એ ભાવના ભાવવી તે 'કરૂણા' છે.

'મારું દુઃખ તે દુઃખ અને બીજાનું દુઃખ તે કાંઈ નહિ' એવી સમજ ધરાવવી તે નિષ્ઠુરતા છે. નઠોર હૃદયની પેદાશ છે. સહૃદય-હૃદયને 'કરુણા' શિખવાડવી નથી પડતી.

૪. અને જે જીવો પાપમાં પ્રવૃત્ત છે, રત છે, અધમ છે, સમજાવ્યા ન સમજે, વાર્યા ન વળે એવા કદાગ્રહી અને અવિનીત છે, તેમના પ્રત્યે પણ સ્નેહગર્ભિત (એમને સદ્‌બુદ્ધિ મળોની ભાવનાપૂર્વક) ઉપેક્ષા વૃત્તિરૂપ 'માધ્યસ્થ ભાવ' કેળવવો જોઈએ.

આ ચાર ભાવનાઓથી ભાવિત થએલા આત્મામાં ચાર ગતિને ચૂરવાનું દૈવત અચૂકપણે પ્રગટે છે. માટે જ 'ભાવના ભવનાશિની' કહેવાઈ છે.

## પાંચ ભાવોના જ્ઞાનથી મૈત્રી આદિ ભાવો

શ્રી જિનાગમોમાં જીવને ભાવ સ્વરૂપ પણ કહ્યો છે. એ ભાવના પાંચ પ્રકાર છે. તે નીચે પ્રમાણે છે.

૧. ઔપશમિક ભાવ, ૨. ક્ષાયિક ભાવ, ૩. ક્ષાયોપશમિક ભાવ, ૪. ઔદયિક ભાવ, ૫. પારિણામિક ભાવ.

આ પાંચ ભાવોમાંથી સિદ્ધાત્માઓને ક્ષાયિક અને પારિણામિક બે જ ભાવ હોય છે અને સંસારી જીવોને ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ ચાર તથા પાંચ ભાવો પણ હોઈ શકે છે. ભાવશૂન્ય જીવ હોઇ શકતો નથી. ઓછાવત્તા અંશે પણ પાંચમાંથી બે કે ત્રણ ભાવો તો દરેક જીવાત્મામાં અવશ્ય હોય છે.

સહજ અને વિકૃત બંને સ્વરૂપના જ્ઞાન માટે પાંચ ભાવોનું સ્વરૂપ જાણવું અનિવાર્ય છે, એ વિના જીવના યથાર્થ સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન થવું શક્ય નથી.

શ્રી જિનાગમોના અધ્યયન તેમજ શ્રવણથી જ્યારે જીવના ભાવાત્મક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે, ત્યારે જીવોના તે-તે ભાવો પ્રત્યે અંતઃકરણમાં મૈત્રી આદિ ભાવો, સમ્યગ્દૃષ્ટિ જીવને ઉત્પન્ન થાય છે.

* સર્વ જીવોમાં પારિણામિક ભાવ (જીવત્વરૂપ) રહેલો છે, તેથી તેના પ્રત્યે મૈત્રી-ભાવ પ્રગટાવવો જોઈએ.

* જે જીવોમાં ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવ પ્રગટેલો છે, તેમના પ્રત્યે પ્રમોદભાવ ઉત્પન્ન થવો જોઈએ.

* અને જીવોના ઔદયિક ભાવનો વિચાર કરવાથી તેમના દુઃખો પ્રત્યે કરુણાભાવ અને પાપાચરણ પ્રત્યે માધ્યસ્થ ભાવ જાગવો જોઈએ.

આ રીતે જીવોના વિવિધ ભાવોનું સ્વરૂપ વિચારવાથી તે–તે ભાવો પ્રત્યે આપણા હૃદયમાં મૈત્રી આદિ ભાવો પ્રગટે છે.

સર્વ જીવો સાથે જે પારિણામિક વગેરે ભાવોની અપેક્ષાએ શાશ્વત સંબંધ છે, ઐક્ય છે, તેને વધુને વધુ આત્મસાત્ અને બુદ્ધિગમ્ય બનાવવો જોઈએ.

સર્વ જીવો સાથેના જીવત્વના સંબંધને યાદ કરી અને એના દ્વારા સ્વ–પરના આત્માનું હિત સાધવા (હિતમાં નિમિત્ત બનવા) માટે જ સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ-મૈત્રીભાવ ઉત્પન્ન કરવો જોઈએ. અને એમાં પણ ગુણાધિક જીવો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ અને પાપી જીવો પ્રત્યે માધ્યસ્થભાવ કેળવી એ સ્નેહ-ભાવને પરિપુષ્ટ બનાવવો જોઈએ.

સમસ્ત જીવરાશિ પ્રત્યે ઉપર જણાવેલા ક્રમ મુજબ મૈત્રી આદિ ભાવો ભાવવામાં આવે તો જ સાધકની ધર્મસાધના ઔચિત્યમય અને વાસ્તવિક ફળ આપનારી બને છે.

**ભાવનાના ક્રમ અને ઉત્ક્રમથી હિતાહિત** યોગશતક *ગ્રન્થમાં પૂજ્ય **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે ફરમાવ્યું છે કે, ઉક્ત ક્રમ મુજબ જે, જે–જીવો પ્રત્યે જેવા–જેવા પ્રકારનો ભાવ કેળવવાનો છે, તે ક્રમે જ એ ભાવોનો વિનિયોગ–પ્રયોગ કરવામાં આવે, તો જ સર્વ જીવો સાથેનું ઔચિત્ય જાળવી શકાય છે. અન્યથા એ ક્રમથી ઉલટા કે આડા અવળા ક્રમે મૈત્રી આદિ ભાવો ભાવવામાં આવે, તો સાધકને પ્રગતિના બદલે અવગતિ કે સ્વ–પરના હિતના બદલે અહિત જ થાય છે.

ગુણાધિક જીવો પ્રત્યે પ્રમોદભાવને બદલે કરુણા કે માધ્યસ્થ, દુઃખી જીવો પ્રત્યે કરુણાને બદલે પ્રમોદ કે માધ્યસ્થ તથા સર્વ જીવો પ્રત્યે મૈત્રીના બદલે કેવળ માધ્યસ્થ-ભાવ કેળવવાથી સર્વ જીવો સાથેના જીવત્વના સંબંધ પ્રત્યે ઉદાસીન બનાય છે. અને તેથી ભયાનક આત્મ–અહિત થાય છે. માટે શાસ્ત્રોક્ત ક્રમે સર્વ જીવો પ્રત્યે તે–તે પ્રકારના ભાવ કેળવી એને જીવનમાં જીવંત બનાવવા ઉદ્યમશીલ બનવું જરૂરી છે.

મૈત્રી આદિ ભાવો દ્વારા સર્વ જીવો સાથે ઉચિત વ્યવહારનું પાલન થવાથી પર-સ્પરના હિતમાં નિમિત્ત બનાય છે. અને તેના વિના એટલે કે જીવો સાથેના સંબંધને તથા તેમના ઔચિત્યને જાણવામાં ન આવે કે જાણવા છતાં તેનું પાલન કરવામાં ન આવે, તો હિતના બદલે સ્વ–પરના અહિતમાં નિમિત્ત બનવાનું થાય છે.

---

* एसो चेवेत्थ कमो उचिय पवित्ताएवण्णिओ साहु ।
इहराऽसमंजसत्तं तहा तहा गणविणिओया ॥८०॥ (યોગશતક)

## સર્વ જીવોની પરસ્પર હિતાહિતમાં નિમિત્તતા

સર્વજ્ઞ, સર્વદર્શી, પરમ કરુણાનિધિ પરમાત્માએ સંસારને દુઃખમય અને પાપમય કહ્યો છે. એમાં પણ નરક અને નિગોદના જીવોની સ્થિતિ તો અત્યંત દુઃખમય અને પાપમય બતાવી છે.

આ નિગોદવાસી જીવોને એક શ્વાસોચ્છ્વાસ જેટલા અલ્પ કાળમાં સત્તરથી અધિકવાર જન્મ-મરણ કરવાં પડે છે. અને એક સોયના અગ્રભાગ જેટલા સૂક્ષ્મ ભાગમાં અનંતા જીવોની સાથે વસવાની પીડા સહવી પડે છે.

જન્મ-મરણની પરંપરા અને સંકડાશના ભયાનક દુઃખો નિગોદના જીવોને સતત ભોગવવાનાં હોય છે.

સંસારી જીવોની સ્થિતિ આવી દુઃખમય અને પાપમય છે, એવું શ્રુતજ્ઞાન દ્વારા જાણ્યા-સમજ્યા પછી કયા મધ્યસ્થ સજ્જન પુરુષના હૃદયમાં એ સ્વજાતિ જીવો પ્રત્યે હમદર્દી ન પ્રગટે કે એમના દુઃખો પ્રત્યે સહાનુભૂતિ ન જાગે ?

જીવ-જીવ વચ્ચેનું સગપણ એક ભવ પૂરતું સીમિત નથી, પરંતુ સર્વકાલીન છે, શાશ્વત છે એટલે જો એક ભવના સગાનું સગપણ પણ મીઠું લાગતું હોય, તેના સુખે પોતે સુખ અનુભવતો હોય-તેના દુઃખે પોતે દુઃખી થતો હોય, તો જીવત્વની તુલ્યતાના કારણે જેની સાથેનો સંબંધ કાયમી છે, એ જીવનું દુઃખ આપણને સ્પર્શવું જોઈએ.

જેમ આપણા જીવને દુઃખ ઇષ્ટ નથી, એ ક્યારે દૂર થાય, એવી જ સતત ઝંખના આપણે સેવતા હોઇએ છીએ, એમ જે બીજા જીવો પણ દુઃખથી ઘેરાએલા છે, એમનાં "દુઃખ દૂર થાઓ" અને "કોઈ જીવ પાપ ન કરો," એવી શુભ ભાવના પણ સમ્યગ્-દૃષ્ટિ જીવોના હૃદયમાં ઉત્પન્ન થાય છે.

જીવત્વની તુલ્યતાના કારણે બધા જીવો સમાન છે. સહુને સુખ જ ગમે છે. દુઃખ કોઇને પ્રિય નથી. માટે જેવી લાગણી આપણને પોતાના જીવ પ્રત્યે થાય છે, તેવી જ લાગણી જગતના સર્વ જીવો પ્રત્યે પણ થવી જ જોઇએ.

પોતાના જીવ પ્રત્યે રાગની અને બીજા જીવો પ્રત્યે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી રાખીએ તો એ નર્યું એકપક્ષીય વલણ ગણાય. જ્યાં-જ્યાં આવું વલણ હોય છે, ત્યાં-ત્યાં સંસારનું ચલણ હોય છે. જે જીવને દુઃખ અને પાપની ભયાનક ભીંસમાં જ રાખે છે.

જેમ આપણા કોઈ સ્નેહી-સંબંધી ઉપર ઉપાધિ કે આપત્તિ આવી પડે ત્યારે એની એ 'આપત્તિ દૂર થાઓ'ની ભાવના અને તદનુરૂપ પ્રયત્નો આપણે તરત જ શરૂ

કરીએ છીએ, કારણ કે ત્યા સ્નેહ-સંબંધ છે. એ સંબંધ આપણને તેમ કરવાની પ્રેરણા કરે છે. જો તેમ ન કરીએ તો લોકોની નજરમાં પણ 'સ્વાથી'' તેમજ 'નિષ્ઠુર' ઠરીએ છીએ

એમ સર્વ જીવો સાથે આપણો જીવત્વનો સંબંધ હોવાથી, દુઃખી જીવોનાં દુઃખો દૂર થાઓની ભાવના પણ આપણા દિલમાં પ્રગટવી જોઈએ. જો તે ન પ્રગટે તો આપણે દોષિત અને નિષ્ઠુર બનીએ છીએ.

## ઉદાસીનતા એ મહાન દોષ છે

કોઈ જીવ દુઃખી હોય કે સુખી, ગુણી હોય કે દુર્ગુણી, તો એ એના કર્મ છે. એમાં મને શું ? આવી આભોગિક (ઇરાદાપૂર્વકની) કે અનાભોગિક (સ્વાભાવિક) જે ઉદાસીનતાની લાગણી અથવા ઉપેક્ષાની વૃત્તિ છે, તે સર્વ દોષોમાં મહાન દોષરૂપ છે. અર્થાત્ રાગ-દ્વેષ કરતાં પણ અપેક્ષાએ ઉદાસીનવૃત્તિ અધિક બંધનકર્તા છે.

આપણને રાગ-દ્વેષની લાગણી બહુ જ થોડા જીવો પ્રત્યે હોય છે. બાકીના જે અનંત જીવો છે તે બધા તરફ નથી રાગ કે નથી દ્વેષ, પણ ઉદાસીનતા છે.

આ પ્રકારની ઉદાસીનતા ઉપેક્ષારૂપ છે. અર્થાત્ તે બધા જીવોના હોવાપણા સાથે આપણે કોઇ નિસ્બત ન હોવાની કોરી વૃત્તિ.

જો આ ઉદાસીનતાને દોષરૂપે ન માનતાં ગુણરૂપે માનવામાં આવે તો અનંત જીવો પ્રત્યેના ઉદાસીન ભાવના કારણે આપણો આત્મવિકાસ યા મોક્ષ જલ્દી થઈ જવો જોઇતો હતો, પણ એમ નથી બન્યું. એથી જ એ સાબિત થાય છે કે જીવોને ભવમાં પરિભ્રમણ કરાવનાર, દુઃખમય દીનહીન સ્થિતિ સર્જનાર, અનંતા જીવો પ્રત્યેની ઉદાસીનતા એ મુખ્ય કારણ છે.

રાગ-દ્વેષની લાગણીઓ ચારિત્ર મોહનીય કર્મની દેન છે, અને ચારિત્ર મોહનીય કર્મની બંધક પણ છે. જ્યારે જીવો પ્રત્યેની ઉદાસીન ભાવની લાગણી એ દર્શન મોહનીય જન્ય છે. અને દર્શન મોહનીય કર્મની જનેતા પણ છે.

જીવોને અનંત કાળ સુધી સંસારમાં ભટકાવનાર અને નરક-નિગોદના અનંત દુઃખમય જીવનનો અનુભવ કરાવનાર આ દર્શન મોહનીય કર્મ છે, એમ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે.

"न निषिद्धं अनुमतं"

જે વાત કે વસ્તુ આપણને ઇષ્ટ ન હોય, તેનો આપણે સ્પષ્ટપણે નિષેધ કરવો જોઇએ. જો નિષેધ કરવામાં ન આવે, તો તે વાત કે વસ્તુ આપણને માન્ય છે, એવું અર્થઘટન થાય તેમજ એવી લોકોક્તિ પણ છે.

એ જ રીતે જીવોની દુઃખમય અને પાપમય સ્થિતિ જાણ્યા-સમજ્યા પછી પણ જો એ જીવો પ્રતિ તેમનું 'દુઃખ દૂર થાઓ' અને તેઓ 'પાપ ન કરો' એવી શુભ ભાવના પણ ભાવવામાં ન આવે તો 'ન નિષિદ્ધં અનુમતં' એ ન્યાયે એ દુઃખ અને પાપ આપણને માન્ય છે, એમ કહી શકાય. અને એથી-ઉપેક્ષારૂપ એ અનુમોદના દ્વારા એ બધા દુઃખ અને પાપના ભાગીદાર પણ આપણે બનીએ જ.

## સૂત્ર-પ્રમાણ :

કરેમિ ભંતે સૂત્રમાં, 'કરંત પિ અન્નં ન સમણુ-જાણામિ' આ પદનું તાત્પર્ય પણ એ જ છે કે, પાપની અનુમતિનો ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી જે કોઇ જીવો પાપ કરી રહ્યા છે, તેની અનુમોદના ચાલુ જ રહે છે. અને તેથી એ પાપમાં આપણી પણ ભાગીદારી નોંધાય છે. અર્થાત્ એ નિમિત્તે કર્મબંધ થાય છે.

આથી સામાયિકની પૂર્ણ પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર સાધકે અન્ય જીવોના પાપાચરણની અનુમોદનાનો પણ ત્યાગ કરવો જરૂરી બની જાય છે.

અનુમોદનાના ત્યાગથી એ પાપ કર્મોનો નિષેધ થાય છે, માટે એની અનુમતિથી બચી જવાય છે. અન્યથા 'ન નિષિદ્ધં અનુમતં' એ ન્યાયે (અનુમોદનાના ત્યાગ વિના) એ પાપ કાર્યોમાં અનુમતિ અને તજ્જન્ય પાપકર્મબંધ ચાલુ રહે છે. કારણ કે શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રકાશેલો ધર્મ કરણ, કરાવણ અને અનુમોદનારૂપ છે. એટલે સ્વયં પાપાચાર ન સેવે તે સંપૂર્ણ ધર્માચારરૂપ નથી બની જતું પણ તેમાં કરાવણ અને અનુમોદના ભળતાં જ તે સંપૂર્ણ ધર્માચારરૂપ બની રહે છે.

એટલે સામાયિકની શુદ્ધિ માટે, "કોઈ જીવ દુઃખી ન થાઓ." 'કોઇ જીવ પાપ ન કરો,' 'સર્વ જીવો કર્મથી મુક્ત બનો' એવો મૈત્રીભાવ કેળવવો જરૂરી છે. એ સિવાય સામાયિકની શુદ્ધિ થવી શક્ય નથી.

દરેક ક્ષેત્રમાં કે કાળમાં ભાવની પ્રધાનતા હોય છે. ભાવ વિનાની કે ભાવના લક્ષ્ય વિનાની પ્રત્યેક ક્રિયા માત્ર કાયકષ્ટ બની રહે છે.

પ્રસંગ અને પાત્રને અનુરૂપ ભાવપૂર્વક કરેલી ક્રિયા અવશ્ય પોતાનું ફળ આપે છે એ ભાવ મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ સ્વરૂપ છે. તે સિવાયનો ભાવ અશુભ ભાવ હોવાથી તેનું સેવન સ્વ-પરને અહિતકારી નીવડે છે.

## ઉદાસીનતા અજ્ઞાનસૂચક છે

જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય વચ્ચે પરસ્પર વૈધર્મ્ય હોવાથી ભેદ છે. પણ બધા જીવોમાં કેટલાક ધર્મો સમાન હોવાથી અભેદ પણ છે, એમ શ્રી જિનાગમો ફરમાવે છે.

જડ પદાર્થો આત્મભિન્ન હોવાથી એના પ્રત્યે ઉદાસીન વૃત્તિ રાખવાની હોય છે, પણ જીવો સાથે તો જીવત્વરૂપે કથંચિત્ અભેદ હોવાથી એમના પ્રત્યે મૈત્રીભાવ પ્રગટાવવો જરૂરી છે.

સર્વ જીવો સાથેના આ ઐક્ય–સંબંધનું યથાર્થ જ્ઞાન ન હોવાથી આપણે જડની જેમ જીવોની પણ ઉપેક્ષા કરીએ છીએ. એમ કરવાથી આપણે સ્વ–પરના અહિતકર્તા બનીએ છીએ.

જે ઉદાસીન (માધ્યસ્થ્ય) ભાવ જડ ભૌતિક પદાર્થો પ્રત્યે કે કર્માધીન જીવોના (જીવત્વ પ્રત્યે નહિ પણ) પાપાચરણ પ્રત્યે કેળવવાનો હોય છે, તે ભાવ જો આપણે અનંતા જીવો પ્રત્યે ધારણ કરીએ છીએ, તો એનાથી એ જ સાબિત થાય છે કે આપણને હજુ જીવ અને જડના ભેદનું જ્ઞાન જ નથી થયું. અથવા સર્વજ્ઞ પરમાત્માના ત્રિકાલાબાધ્ય વચન ઉપર વિશ્વાસ નથી પ્રગટ્યો.

જડ પદાર્થો પ્રત્યેની ઉદાસીનતા જેટલી ઉપકારક છે, આત્મ હિતકર છે, તેટલી જ અનુપકારક તેમજ આત્મહિત ઘાતક જીવ પ્રત્યેની ઉદાસીનતા છે.

## મૈત્રી આદિ ભાવો અનિવાર્ય છે.

આપણને આપણા પોતાના સુખ–દુઃખના કે હિતાહિતના વિચારની જેમ ત્રણ જગતના સર્વ જીવોના સુખ–દુઃખાદિનો વિચાર પણ જીવત્વ–જાતિ તરીકેના એક સંબંધને લઈને આવવો જોઈએ.

સર્વના શુભ વિચાર વિના, વાસ્તવમાં સ્વનું હિત થઇ શકતું નથી. સર્વ જીવો સાથેના જાતિગત ઐક્ય–સંબંધને જાળવી રાખવા માટે મૈત્રી આદિ ભાવો અનિવાર્ય છે. આ ભાવોમાં જેટલા અંશે ન્યૂનતા કે ખોટ આવે છે, તેટલા અંશે જીવો સાથેના સંબંધમાં કે તેમના દ્વારા થતા સ્વ–પર હિતમાં ખોટ આવે છે. મૈત્રીભાવ વિનાના સંબંધો હિતકારી નહિ, પણ અહિતકારી બને છે.

પંડ પ્રત્યેના ગાઢ વ્યામોહને કારણે જન્મતી પર પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિને સર્વથા નામશેષ કરવામાં મૈત્રી આદિ ભાવો અમોઘ ઇલાજરૂપ છે.

## ભાવોની વ્યાપક અસર

શુભ કે અશુભ ભાવની જેવી અસર આપણા ચિત્તને થાય છે, તેવી જ અસર એ ભાવ જેને ઉદ્દેશીને કરવામાં આવે તેને પણ વહેલી કે મોડી અવશ્ય થાય છે.

'परस्परोपग्रहो जीवानाम्' સૂત્રથી પણ એ જ વાત સ્પષ્ટ થાય છે.

ભાવોની પરસ્પર અસર વિના ઉપગ્રાહક સ્વભાવ ઘટી શકતો નથી. જે જીવોની સાથે કાયા કે વાણી દ્વારા સંબંધમા આવવાની કોઈ જ શકયતા નથી, તે જીવોની સાથે

પણ ભાવાત્મક રીતે સંબંધ હોવાથી ઉપગ્રાહક બની શકાય છે. ભાવનો આટલો વ્યાપક પ્રભાવ હોવાથી, આ સૂત્ર સર્વ જીવોને સર્વત્ર-સર્વદા લાગુ પડી શકે છે

શ્રી 'યોગ બિન્દુ' ગ્રન્થરત્નમાં પૂજ્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે પરમાત્માંના કરુણાભાવનો મહાન પ્રભાવ બતાવતાં કહ્યું છે કે "*સર્વ જીવોના પાપ-અકરણના નિયમમાં પ્રધાન કરુણારૂપ ઉત્કૃષ્ટ શુભભાવ જ હેતુભૂત છે, કેમકે પ્રાણીઓના સર્વ અશુભ ભાવો (અપરાધો) નું નિવર્તન કરવાનું સામર્થ્ય એમાં રહેલું છે. એમ સૂક્ષ્મદર્શી (સર્વજ્ઞ) મહાપુરુષો કહે છે.

આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, પાપમાં ડૂબેલા જીવોને જયારે-ત્યારે પણ પાપ ન કરવાની જે વૃત્તિ-ઈચ્છા ઉત્પન્ન થાય છે, એની પાછળનું પ્રેરક બળ (તત્ત્વ) છે, સિદ્ધ-ભગવંતોની કરુણાનો ઉત્કૃષ્ટ શુભભાવ!

સજાતીયતાના નાતે જગતના જીવો ઉપર સિદ્ધ પરમાત્માના ઉત્કૃષ્ટતમ શુભભાવની અસર સ્વાભાવિક રીતે થતી હોય છે. એમાં કર્તૃત્વનો કોઈ સવાલ ઊભો થતો નથી.

જડ એવું લોહચુંબક પોતાની ચુંબકીય શક્તિના પ્રભાવે પોતાથી દૂર રહેલા લોહ-કણોમાં હીલચાલ પેદા કરીને તે કણોને પોતાની દિશામાં ખેંચી શકે છે, તેમ સર્વથા વિશુદ્ધ એવા સિદ્ધ પરમાત્મા લોકના અગ્રભાગે બિરાજેલા હોવા છતાં જીવતત્ત્વ ઉપર સજાતીયતાના નાતે શુભ અસર ફેલાવતા હોય છે અને તે અસર જીવને સન્માર્ગમાં ગતિ કરવારૂપે સહાયક નીવડે છે.

તે જ રીતે, 'કોઈ જીવ દુઃખી ન થાઓ,' 'કોઈ જીવ પાપ ન કરો,' 'જગતના બધા જીવો જિનશાસન રસિયા બનો' આવી કરુણા સભર ઉત્કૃષ્ટ જે શુભભાવના ઉત્તમ પુરુષોના (શ્રી તીર્થંકરાદિના) અંતઃકરણમાં સદા સ્ફુરાયમાન રહે છે, તે શુભ-ભાવના જ જીવોને પાપ ન કરવાની વૃત્તિ ઉત્પન્ન થવામાં અવ્યક્તપણે પ્રેરણા આપે છે. અશુભભાવ કરતાં શુભભાવની શક્તિ અધિકતર હોવાથી અશુભભાવમાં રત જીવોને શુભભાવ તરફ વાળવામાં તે કામિયાબ થાય છે. શુભભાવની તાકાત અશુભભાવ કરતાં અધિકતર હોવાનું કારણ એ છે કે, તે સર્વ-જીવહિતવિષયક હોય છે.

ઉત્કૃષ્ટ કરુણા ભાવના પ્રભાવે જાતિવૈરવાળા જીવોના શત્રુતા આદિ મલિન પરિણામો પણ શાન્ત થઈ જાય છે.

ક્રોધની આગથી સદા પ્રજ્વલિત રહેતો ચંડકૌશિક નાગ, કરુણાસાગર શ્રી મહાવીર પરમાત્માના કરુણાભર્યા ત્રણ (બુજઝ-બુજઝ ચંડકોસિય) શબ્દોએ જ પ્રશાન્ત બની ગયો હતો, દુર્ગતિની ખીણમાં ગબડતો બચી ગયો હતો.

---

*हेतुमस्य परं भावं सत्त्वाद्यागो-निवर्तनम् ।
प्रधानकरुणारुपं ब्रुवते सूक्ष्मदर्शिनः ।।૪૧૮।। યોગબિંદુ

પ્રત્યક્ષમાં કે પરોક્ષમાં સર્વત્ર-સર્વદા આ કરુણાનો ઉત્કૃષ્ટ શુભ ભાવ, જીવ માત્રને શુભની પ્રેરણા આપી જ રહ્યો છે.

ભાવની આટલી ઘેરી અસરને લઇને જ જીવો પરસ્પર હિતાહિતમાં નિમિત્તભૂત બની રહ્યા છે.

જેમ અવિરતિ, પ્રમાદ, કષાય કર્મબંધના હેતુઓ છે, એમ અજ્ઞાનતા અને તજ્જન્ય મિથ્યાત્વ પણ મહા આશ્રવના હેતુ છે.

હિંસાદિ અઢાર પાપોમાં 'મિથ્યાત્વ' સૌથી મોખરે છે. એની હાજરી જ્યાં હોય છે, ત્યાં બધાં પાપો વણનોતર્યાં આવીને ઊભાં રહે છે.

નિગોદના જીવોને પણ મિથ્યાત્વનો સતત ઉદય હોય છે. એમની ચિત્શક્તિ અત્યંત અવિકસિત હોવાથી એમના મિથ્યાત્વને 'અનાભોગ મિથ્યાત્વ' કહેવાય છે. આ અનાભોગ મિથ્યાત્વાદિના કારણે એ જીવોને પણ સતત કર્મબંધ થાય છે.

જગતના સર્વ જીવોના હિતની ચિંતા કરનારા 'જગતમાં કોઇ દુઃખી ન રહો કોઇ પાપી ન રહો'ની શુભ ભાવના ભાવનારા ઉપકારી આત્માઓ પ્રતિ સ્નેહભાવ અને પ્રમોદભાવ ન જાગવો એ પણ મિથ્યાત્વનો જ એક પ્રકાર છે. કારણ કે એમાં ઉપકારીનો, 'ઉપકારી' તરીકે અસ્વીકાર થાય છે.

નિગોદાદિના જીવોને સર્વ જીવ પ્રત્યે અનાભોગ મિથ્યાત્વના કારણે સતત ઉદાસીનભાવ હોય છે, તેથી હિતચિંતક ઉપકારી આત્માઓ પ્રતિ પણ મિત્રભાવ કે પ્રમોદભાવ એ દાખવી શકતા નથી. તો સર્વ જીવ પ્રતિના મિત્રભાવની વાત જ કયાં રહી? અર્થાત્ તે તેમના માટે અશક્ય છે.

જીવો પ્રત્યેનો આ ઉદાસીનભાવ સર્વને પરસ્પર અહિતમાં કારણભૂત બનાવે છે અને મૈત્રી આદિ ભાવો દ્વારા જ તેનું નિવારણ થઈ શકે છે.

આ રીતે અનાભોગ મિથ્યાત્વજન્ય ઉદાસીનતા આદિના કારણે નિગોદના અને બીજા જીવો વચ્ચેની પરસ્પર ઉપગ્રાહકતા પણ ઘટાવી શકાય છે.

## જીવોની પરસ્પર અધિકરણતા

आद्यं संरम्भसमारंभारम्भयोगकृतकारितानुमतकषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥

(तत्त्वार्थ सूत्र)

આ સૂત્રમાં જીવના એકસો ને આઠ (૧૦૮) અધિકરણોનો નિર્દેશ છે.

તેના મુખ્ય ભેદ ત્રણ છે. સંરંભ, સમારંભ અને આરંભ.

આ ત્રણને ત્રણ યોગે ગુણતાં ૯ થાય, તેને ત્રણ કરણથી ગુણતાં ૨૭ થાય અને તેને ચાર કષાયોથી ગુણતાં ૧૦૮ ભેદ થાય છે. તેમાં સમારંભ આરંભજન્ય અધિકરણના

વિષય બહુ જ થોડા જીવો બની શકે છે. પણ સંરંભજનિત અધિકરણના વિષય તો નિગોદ આદિ સર્વ જીવો બની શકે છે.

જેમ અવિરતિના કારણે કર્મોનો સતત આશ્રવ થાય છે, એમ કષાયોના કારણે પણ સતત કર્મબંધ થાય જ છે.

સંરંભ એ સકષાય યોગ વ્યાપાર હોવાથી તે સર્વ સંસારી જીવોના અધિકરણનો (કર્મબંધનું સાધન-કરણ) ભેદ બને છે. આ સૂત્ર દ્વારા પણ જીવોનો પરસ્પર સંબંધ અને ઉપગ્રાહ્ય-ઉપગ્રાહક સ્વભાવ સિદ્ધ થાય છે.

જો અધિકરણના વિષય ન બનવું હોય, તો કષાયોના પ્રતિપક્ષી મૈત્રી આદિ ભાવો કેળવવા જ જોઇએ. એ વિના અધિકરણના દોષથી બચવાની કોઈ શકયતા નથી. અધિકરણ દ્વારા સ્વ-પરના અહિતમાં અને મૈત્રી આદિ ભાવો દ્વારા સ્વ-પરના હિતમાં નિમિત્ત બનાય છે. એમ પરસ્પરોપગ્રાહકતા ઘટી જાય છે

## જીવદ્વેષ મોક્ષનો બાધક છે.

આજ સુધી આપણા આત્માનો મોક્ષ ન થવા પાછળ કારણભૂત મોક્ષદ્વેષ છે, મોક્ષ પ્રાપ્તિની રૂચિનો અભાવ છે, એમ શ્રી જિનાગમો ફરમાવે છે.

મોક્ષ એટલે મુક્તિ, જીવનું સર્વકર્મરહિત શુદ્ધ સ્વરૂપ.

મોક્ષનો દ્વેષ એ હકીકતમાં શુદ્ધાત્મ સ્વરૂપનો જ દ્વેષ છે. અર્થાત્ જીવત્વનો દ્વેષ છે.

શુદ્ધ જીવ તત્ત્વનો દ્વેષ હોય ત્યાં, ત્યાં અશુદ્ધ જીવ પ્રત્યે તો સુતરાં દ્વેષ સંભવે છે. પોતાના, પરના કે સર્વ કોઈના જીવત્વ પ્રત્યેનો દ્વેષભાવ જ મોક્ષનો બાધક બને છે, શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિનો અવરોધક બને છે.

માટે જ મોક્ષની સૌ પ્રથમ શરત મુક્તિના દ્વેષનો અભાવ છે. અને પછી બીજી શરત, મોક્ષ પ્રત્યેની તીવ્ર રુચિ-પ્રીતિ છે. એનો અર્થ એ જ છે કે સર્વ જીવો પ્રત્યેનો દ્વેષભાવ દૂર કરી એમના પ્રતિ પરમ મિત્રભાવ પ્રગટાવવો જોઈએ. એ વિના મોક્ષ શકય નથી.

## સંસારી અને સિદ્ધ આત્માઓનો પરસ્પર સંબંધ અને એમની ઉપગ્રાહકતા

આત્મા કર્મથી લિપ્ત હોય કે અલિપ્ત હોય, પણ જીવત્વ તો દરેક આત્મામાં એક સરખું જ હોય છે.

જીવત્વ જાતિની તુલ્યતાની અપેક્ષાએ જીવ-જીવ વચ્ચે કોઈ ભેદ જ નથી.

એટલે અશુદ્ધ એવા સંસારી જીવોનો પરમ શુદ્ધ પરમાત્મા સાથે પણ જીવત્વનો સંબંધ છે જ. અને તે સંબંધના કારણે તેઓની પરસ્પર ઉપગ્રાહકતા પણ છે જ. તે કઈ રીતે છે, તે હવે જોઈએ.

જે સમયે એક આત્મા સિદ્ધ થાય છે, તે જ સમયે એક આત્માનો અવ્યવહાર-રાશિમાંથી ઉદ્ધાર થાય છે. અર્થાત્ એક આત્માનું અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આગમન થાય છે. એમાં એ સિદ્ધાત્મા જ પુષ્ટ નિમિત્તરૂપ બને છે.

એક આત્મા મુક્ત (સર્વ કર્મ રહિત) ન થાય, ત્યાં સુધી એક આત્માની અવ્યવહાર રાશિમાંથી મુક્તિ નથી થતી તે હકીકત જ શુદ્ધાત્મ સ્વરૂપની અચિન્ત્ય શક્તિની પ્રતિપાદક છે.

આત્માના સહજ શુદ્ધ સ્વરૂપને વરેલા સિદ્ધ ભગવંતો ભવ્યાત્માઓને સ્વ–શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનો મહાન આદર્શ પૂરો પાડે છે તથા ધ્યાનાદિ દ્વારા સાધકના આત્મ-હિતમાં ધ્યેયરૂપે પરમ આલંબનભૂત બને છે.

સિદ્ધ પરમાત્મા અનંત જ્ઞાનાદિ ગુણોના ભંડાર છે. પૂજ્યતા, અનુગ્રહકારકતા, કરુણા, તારકતા આદિ ગુણો પણ એમનામાં છે જ. પણ આ ગુણોની અભિવ્યક્તિ ભક્તાત્મા દ્વારા કરાતાં આદર–બહુમાન, કીર્તન–પૂજનાદિથી થાય છે. એટલે તે ગુણોની અભિવ્યક્તિમાં ભક્તાત્મા નિમિત્ત બને છે અર્થાત્ પરમાત્મામાં પૂર્ણ પૂજ્યતા છે, પણ તેનું પ્રગટીકરણ પૂજકની પૂજા દ્વારા થાય છે. પરમાત્મા અનુગ્રહના સાગર છે, પણ એની અભિવ્યક્તિ ભક્તિ દ્વારા થાય છે.

'નમુત્થુણં' (શક્રસ્તવ)માં આવતા "લોગનાહાણં" પદ દ્વારા પણ પરમાત્મા અને સંસારી જીવોની પરસ્પર ઉપગ્રાહકતા વધુ સ્પષ્ટ થાય છે.

'લલિત વિસ્તરા' ગ્રન્થમાં પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આ 'લોગનાહાણં" પદની ટીકામાં ફરમાવે છે કે, લોક એટલે ધર્મબીજાધાનાદિયોગ્ય જીવો, અને ' નાથ ' એટલે યોગક્ષેમ કરનારા પરમાત્મા.

પરમાત્મામાં રહેલી આ નાથપણાની શક્તિની અભિવ્યક્તિ જેના યોગ અને ક્ષેમ થઈ શકે તેમ છે, એવા ચરમાવર્તમાં આવેલા જીવો દ્વારા જ થાય છે અને ધર્મબીજા-ધાનાદિયોગ્ય ભવ્ય જીવોના યોગ અને ક્ષેમ પણ પરમાત્માના અનુગ્રહના પ્રભાવે જ થાય છે.

અર્થાત્ અન્ય સહકારી કારણો કરતાં પણ પરમાત્માની કૃપાનો પ્રભાવ અધિક છે.

પરમાત્મામાં એટલે તેમની આજ્ઞામાં *જેમ તારકતા રહેલી છે, મોક્ષ પ્રાપ્તિની કારણતા રહેલી છે, એમ તેમની આજ્ઞાની ઉપેક્ષામાં અપેક્ષાએ મારકતા અને ભવવૃદ્ધિની કારણતા પણ રહેલી છે.

---

× आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥ (વીતરાગસ્તોત્ર)

અર્થાત્ પરમાત્મા જેમ જીવોને ભવસાગર તારવામાં-મોક્ષપદ આપવામાં નિમિત્ત-કર્તા બને છે, તેમ સંસાર પરિભ્રમણમાં પણ ઉપેક્ષા અને આશાતનાદિ દ્વારા નિમિત્ત કર્તા બને છે.

પરમાત્માના ગુણોના અને તેમની આજ્ઞાના આદરબહુમાન અને પાલન દ્વારા ભક્તાત્મા જેમ પરમાત્માની પૂજ્યતા, તારકતા આદિ ગુણોની અભિવ્યક્તિમાં નિમિત્ત કારણ બને છે, તેમ મિથ્યાદૃષ્ટિ વગેરે જીવો એમનો અનાદર-તિરસ્કાર કે આશાતનાદિ કરવા દ્વારા પરમાત્માની નિગ્રહ શક્તિને એટલે કે એમની આજ્ઞાના ઉત્થાપનમાં રહેલી ભીષણ-તાને પણ પ્રગટ કરવામાં નિમિત્ત કારણ બની શકે છે, એમ અપેક્ષાએ સમજી શકાય છે.

આજ્ઞાના પાલનમાં આજ્ઞાકારના આદરનો સમાવેશ થાય છે, આજ્ઞાના ખંડનમાં આજ્ઞાકારના અનાદર-તિરસ્કારનો સમાવેશ થાય છે. આજ્ઞાકારના આદર સાથે સકલસત્ત્વ હિતાશયનો આદર સંકળાએલો હોઈને તેમના અનાદરથી-તિરસ્કારથી સકલસત્ત્વહિતા-શયનો અનાદર-તિરસ્કાર થાય છે, જે જીવને ભારે નિગ્રહકારક નીવડે છે. જ્યારે આજ્ઞાનો આદર, જીવને એ જ રીતે અનુગ્રહકારક નીવડે છે.

આ રીતે સિદ્ધ અને સંસારી આત્માઓની પણ પરસ્પર ઉપગ્રાહકતા ઘટાવી શકાય છે.

## ગુણી પ્રત્યેનું માધ્યસ્થ્ય મહાન અહિતકર છે

સિદ્ધના આત્માઓ પૂર્ણ ગુણી છે. શેષ પદે રહેલા પરમેષ્ઠિઓ પણ મહાન ગુણી છે. પૂર્ણ ગુણી બનનારા છે. એટલે જો એમના પ્રત્યે સ્નેહપૂર્ણ પ્રમોદભાવ પ્રગટાવવામાં ન આવે તો તેમની એટલે કે તેમના જ્ઞાનાદિ અનંત ગુણોની ઉપેક્ષા જ કરી કહેવાય છે.

અને ગુણી અને ઉપકારી આત્માઓ પ્રત્યેની ઉપેક્ષા-ઉદાસીનતાથી આત્માનું ભયંકર અહિત થાય છે.

કહ્યું પણ છે કે, 'माध्यस्थमपि दौःस्थ्याय, किं पुनर्द्वेषविप्लवः ।' (વીતરાગસ્તોત્ર)

આ શ્લોકનો એ અર્થ છે કે, પરમાત્મા પ્રત્યે સેવેલો મધ્યસ્થભાવ પણ દુર્ગતિને માટે થાય છે, તો પછી એમના પ્રત્યેના દ્વેષભાવની તો વાત જ શી કરવી?

જીવત્વ તરીકેનો સંબંધ, પરમાત્મા અને સદ્ગુરુ સાથે પણ છે જ. એટલે એમનામાં રહેલા ગુણો પ્રતિપ્રમોદને બદલે મધ્યસ્થભાવ રાખવાથી આત્માનું અહિતઅધઃપતન થાય છે.

સદ્ગુણ સિવાય સદ્ગતિ કે શિવગતિ મળી શકતી નથી. અને સદ્ગુણી પ્રત્યેના પ્રમોદ-હર્ષ વિના સદ્ગુણની પ્રાપ્તિ થઇ શકતી નથી.

હકીકતમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય આ ચારે ભાવોની યથાસ્થાન પ્રવૃત્તિ એ જ સદ્ગુણ-સાધનાની સચોટ પ્રક્રિયા છે. એના અભાવમાં દુર્ગુણોની વૃદ્ધિ અને દુર્ગતિની પરંપરા જ સર્જાય છે.

ગુણાધિક અને ઉપકારી જીવો પ્રત્યેનો મધ્યસ્થભાવ તો આત્મા માટે અત્યંત અહિતકર છે.

## પરમાત્માની લોકવ્યાપી ઉપકારકતા

શ્રી અરિહંત પરમાત્માના સદ્ભૂત ગુણોની સ્તુતિ કરતાં 'નમુત્થુણં' સૂત્રમાં પરમાત્માને 'લોગહિયાણં' પદ દ્વારા સમગ્ર લોકના હિતકારી તરીકે બિરદાવવામાં આવ્યા છે.

'લલિત વિસ્તરા' ગ્રન્થમાં ટીકાકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું છે કે, લોક એટલે પંચાસ્તિકાયસ્વરૂપલોક, તેનું હિત કરનારા શ્રી અરિહંત પરમાત્મા છે.

માત્ર જીવરાશિ ઉપર જ નહિ, પણ ધર્માસ્તિકાયાદિ અજીવ દ્રવ્યો ઉપર પણ શ્રી અરિહંત પરમાત્માનો ઉપકાર છે, અને તે આ રીતે છે.

પરમાત્મા જીવ અને અજીવ દ્રવ્યોનું યથાર્થ દર્શન કરીને, તે દ્રવ્યોનું તે જ સ્વરૂપે યથાસ્થિત નિરૂપણ કરે છે. જેથી ભાવિમાં પણ કોઈ આ દ્રવ્યોના સ્વરૂપમાં, વિકૃતિ કે વિપરીતતા ન કરી શકે એથી પરમાત્મા લોકના હિતસ્વરૂપ છે.

પરમાત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી એમને પદાર્થોનું યથાર્થ દર્શન અને યથાસ્થિત જ્ઞાન થાય છે. માટે જ તેમનું નિરૂપણ પણ યથાર્થ જ હોય છે.

જો દર્શન યથાર્થ ન હોય તો નિરૂપણ પણ અસત્ય થઈ જાય છે અને અસત્ય નિરૂપણથી લોકોની તે દ્રવ્યો પ્રત્યેની સમજણ અને પ્રવૃત્તિ ભ્રામક અને અનુચિત બની રહે છે. એથી ભાવિ અનેક અનર્થો ઉત્પન્ન થવાની શકયતા ઊભી થાય છે.

પણ પરમાત્માનું દર્શન-જ્ઞાન યથાસ્થિત હોવાથી અને એમનું નિરૂપણ યથાર્થ હોવાથી લોકમાં રહેલા સર્વ દ્રવ્યોનું સત્ય સ્વરૂપ જગતને જાણવા, સાંભળવા મળે છે. અને તે દ્રવ્યોની સાથે તેના સ્વરૂપને અને તેની સાથેના સંબંધને અનુરૂપ ઉચિત વ્યવહાર કરવા સમ્યગ્દૃષ્ટિ વગેરે જીવો પ્રેરાય છે.

આ રીતે યથાર્થ દર્શન અને નિરૂપણ દ્વારા પરમાત્મા પંચાસ્તિકાયમય લોકના સદા-સર્વદા હિતકારી છે.

## અયથાર્થ દર્શનાદિથી સર્વનું અહિત

આ હકીકતથી આપણને પણ એ જ બોધપાઠ મળે છે કે કોઈ પણ વસ્તુનું યથાર્થ દર્શનાદિ કરવાથી હિતમાં અને અયથાર્થ દર્શનાદિ કરવાથી અહિતમાં નિમિત્તભૂત બનાય છે.

ભલે આપણને એવું વિશિષ્ટ દર્શન કે જ્ઞાન નથી, પણ સર્વજ્ઞ-સર્વદર્શી પરમાત્માના કહેલા આગમગ્રન્થો કાયમ છે તેના નિર્દેશ અનુસાર જીવ અને અજીવ વગેરે દ્રવ્યો (તત્ત્વો)નું યથાર્થ સ્વરૂપ સમજી-શ્રદ્ધાન કરી, જો તદનુરૂપ તેનું યથાર્થ દર્શન અને નિરૂપણ કરીએ તો આપણે પણ તે-તે દ્રવ્યોના હિતકારી બનવા દ્વારા સ્વહિત-સાધક

બની શકીએ. અને શ્રી જિનાગમથી વિરુદ્ધ સ્વમતિ કે અન્ય મતિથી દોરવાઇને જીવાદિ દ્રવ્યોનું વિપરીત દર્શન કે નિરૂપણ કરીએ તો સર્વના અહિતકર બનીએ છીએ. જેમાં સ્વના અહિતનો સમાવેશ થઈ જાય છે.

## કર્તા અને કર્મની સાપેક્ષતા અને પરસ્પર હિતાહિત

ક્રિયા કરનાર કર્તા કહેવાય છે. અને જેને ઉદ્દેશીને ક્રિયા કરવામાં આવે તેને કર્મ કહેવાય છે. એટલે કોઇ પણ ક્રિયામાં કર્તા કર્મ બન્ને સાપેક્ષ હોય છે. અને ક્રિયાનું ફળ કર્તાને તો અવશ્ય મળે છે, કર્મને પણ કદાચિત્-કથંચિત્ મળે છે.

પ્રસ્તુતમાં અજીવ દ્રવ્ય સંબંધી કરેલી જોવાની નિરૂપણની ક્રિયાથી અજીવ દ્રવ્યોનું હિતાહિત કઇ રીતે થાય? તેનું આ સમાધાન છે, કે અજીવ જડ પદાર્થો સંબંધી સાચી, જૂઠી ક્રિયાનું ફળ કર્તાજીવને તો અવશ્ય અને કર્મ જીવ હોય, તો તેને પણ કથંચિત્ ભોગવવું પડે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જડ સંબંધી ક્રિયાથી જડને કોઇ વિશેષ હિત કે અહિતની અસર પહોંચી શકતી નથી, પણ થએલી ક્રિયાનું ફળભૂત-પરિણામ પણ કદી નિષ્ફળ જતું નથી. એટલે એ પરિણામ કર્મમાં જવાને બદલે પરિવર્તિત થઇને કર્તાને જ પોતાનો વિષય બનાવે છે. અર્થાત્ ક્રિયાનું પરિણામ કર્તાને તો અવશ્ય ભોગવવું પડે છે.

આ જ નિયમ સિદ્ધ પરમાત્માની બાબતમાં પણ ઘટાવી શકાય. તેઓ પૂર્ણ કૃત-કૃત્ય અને સર્વથા કર્મથી અલિપ્ત છે. એટલે એમના સંબંધી ક્રિયાનું પરિણામ, એમને નહિ પણ કર્તાને અવશ્ય પ્રાપ્ત થાય છે.

અજીવ દ્રવ્ય સંબંધી ક્રિયાનું પરિણામ કથંચિત્ અજીવને પણ ભોગવવું પડે છે, તો જીવ દ્રવ્ય સંબંધી ક્રિયાનું પરિણામ જીવને તો અવશ્ય ભોગવવું જ રહ્યું.

નિગોદ અને પૃથ્વીકાયાદિ જીવોનું યથાર્થ સ્વરૂપ ન જાણીએ કે સત્ય નિરૂપણ ન કરીએ તો આપણું અને એ જીવોનું પણ અહિત થાય છે. અસત્ય દર્શન અને નિરૂપણથી પણ જો અહિત થાય છે, તો અનુચિત વર્તનથી સ્વપરનું અહિત કેમ ન થાય? જરૂર થાય.

માટે જ જિનોક્ત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન, શ્રદ્ધાન કરી તદ્દનુરૂપ ઔચિત્યપૂર્ણ વ્યવહાર કેળવવા મૈત્રી આદિ ભાવો અત્યંત જરૂરી છે. અને તો જ 'परस्परोपग्रहो जीवानां' એ મહાવાકયનો અર્થ યથાર્થપણે ગ્રહણ કર્યો ગણાય.

## સૂત્રનું ગાંભીર્ય

'परस्परोपग्रहो जीवानाम्' આ સૂત્રના રચયિતા છે, પૂર્વધર મહર્ષિ શ્રી ઉમાસ્વાતિ મહારાજ. તેઓ 'સંગ્રહકાર' તરીકે વિશ્વવિખ્યાત મહર્ષિ છે. તેમના રચેલા આ નાનકડા

સૂત્રમાં કેટલું મહાન અર્થગાંભીર્ય સમાએલું છે, તે માપવાનું કામ આપણા જેવાઓ માટે અતિગહન છે.

આપણા જેવા મંદ મતિવાળા જીવોમાં એવું સામર્થ્ય ક્યાંથી હોય ? અને આવા સૂત્રોના ગંભીર અર્થો અને ગૂઢ રહસ્યોના ઉકેલ માત્ર બુદ્ધિથી કે તર્કથી આવી શકતા નથી. એના માટે તો અહિંસા, સંયમ અને તપોમય દિવ્ય આત્મસાધના દ્વારા આત્માનુભૂતિ–આત્મસાક્ષાત્કારની ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચવું જરૂરી છે.

卐

## અર્હં

अर् + हं = अर्हं

'र्' અગ્નિબીજ છે. તેમાં પૃથ્વી, જળતત્ત્વ અંતર્ગત છે. 'ह्' આકાશબીજ છે. તેમાં વાયુતત્ત્વ અંતર્ગત છે.

એ રીતે પાંચ તત્ત્વનું ઉર્ધ્વીકરણ અર્હંના પ્લુત ઉચ્ચારથી થાય છે.

અર્હંનું એક તાત્પર્ય, 'હું અહં નહિ, પણ અર્હં છું, દેહ નહિ પણ આત્મા છું.' આત્મા સત્ય છે અને અન્ય સર્વ મિથ્યા છે, એવો બોધ અર્હંનું સ્મરણ અને ધ્યાન કરાવે છે.

卐

## તારક ત્રિવેણી

अप्रतिहतेयं कर्मानुबन्धापनयने 'दुष्कृतगर्हणम्'
महदेतत्कुशलाशयनिबन्धनम् 'सुकृतानुमोदनम्'
महानयं प्रत्यपापरिरक्षणोपायः 'चतुःशरणगमनम्'

આમાં આખી સાધના ગર્ભિત છે, જે આત્મામાં રહેલી સહજ સમંતભદ્ર યોગ્યતાને વિકસાવે છે.

આ ત્રિવેણી વિના કદી પણ સહજ ધર્મની પ્રાપ્તિ ન થાય

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું મુખ્ય કાર્ય, આત્માઓનાં પાપના અનુબંધોને તોડવા અને પુણ્યના અનુબંધોને ઉત્પન્ન કરવા તે છે **આના કરતાં વધુ મહત્ત્વનું કોઈ કાર્ય જગતમાં છે નહિ.**

શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકાઓ મહત્ કાર્યને ધ્વનિત કરે છે. અરૂપી સિદ્ધ ભગવંતોનું આજ અરૂપી કાર્ય છે. ચાર શરણાનું મહત્ત્વ પણ તે જ છે.

સ્વકૃત દુષ્કૃતની અતિ કટુ આલોચના અને ગર્હા જ્યારે રગરગ વ્યાપી બને છે, ત્યારે ત્યાં-ત્યાં બધે જ સુકૃતની ભૂખ જાગે છે અને સહુના સુકૃતોની વારંવાર ત્રિવિધે અનુમોદના થતી રહે છે.

દુષ્કૃતની યથાર્થ ગર્હાથી પાપનો અનુબંધ તૂટે છે. સુકૃતની જીવંત અનુમોદનાથી પુણ્યનો અનુબંધ પુષ્ટ થાય છે તે પછી સુકૃત સાગર એવા પંચ પરમેષ્ઠિઓ વહાલા લાગે છે. તેમના સ્મરણ સિવાયના શ્વાસમાં પણ કંટાળો આવે છે, ભાર લાગે છે. તેમના સ્મરણમાં વધતી જતી રમણતા ચતુઃશરણરૂપ છે.

આ તારક ત્રિવેણીમાં નિત્ય ઉમંગથી સ્નાન કરતો સાધક, સાધ્ય સાથે અભેદ સાધતો, સર્વ કર્મોનો ક્ષય કરીને અક્ષય પદને વરે છે.

માટે બચો પાપ અને તેના અનુબંધથી!

સેવો સુકૃતને, વારંવાર કરો સહુનાં સુકૃતોની અનુમોદના! અને શરણ ગ્રહણ કરો શ્રી અરિહંતાદિ ચારનું! પછી ઉદ્ધારનો ભાર તમારે વહેવો નહિ પડે.

卐

# ઉપકાર સ્નાન

मणसा गुणपरिणामो, वायाए गुणभाषणं च पंचण्हं ।
काएण संपमाणो एस पयत्थो नमुक्कारो ॥१॥

આ શ્લોકમાં ગુણનો અર્થ ઉપકાર છે.

પાંચ પરમેષ્ઠિના ઉપકારોનું મનથી ચિંતન-ભાવન-પરિણમન; વચનથી તે ઉપકારોનું જ ભાષણ, કથન-પ્રવચન અને કાયાથી યોગમુદ્રાદિ વડે વિધિપૂર્વક પ્રણમન-નમનાદિ નમસ્કારપદનો અર્થ-ભાવાર્થ-રહસ્યાર્થ છે.

કાયાથી પ્રણમન તે અર્થ છે.
વચનથી કથન તે ભાવાર્થ છે.
મનથી ભાવન તે રહસ્યાર્થ છે.

આત્માનું તદ્રૂપ પરિણમન તે ઐદંપર્યાર્થ છે.

આમ પંચ-નમસ્કાર વડે, જીવ પરમ ઉપકારી શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોના ઉપકારની ગંગામાં સ્નાન કરીને પાવન થાય છે. ચિત્તને ચાંદની જેવું ચળકતું બનાવીને સ્નેહ સુધાકર બની શકે છે.

**ભાવ-નમસ્કારનું વિવરણ**

૧. નમસ્કારની ક્રિયામાં સતત ઉપયોગ. ૨. જાપ કરતી વખતે તે અર્થની વિચારણા.

૩. આરાધ્ય પ્રત્યે બહુમાન. ૪. નમસ્કાર કરવાનો અવસર મળ્યો તેનો હર્ષ.

૫. ભવભ્રમણનો ભય.

આ સમગ્ર વિચારણાના ભાવપૂર્વક જે નમસ્કારની ક્રિયા કરાય તે ભાવ-નમસ્કાર છે.

દ્રવ્ય સંકોચ-હાથ, પગ, મસ્તક આદિ અવયવોનો સંકોચ, ભાવ સંકોચ-મનનું પ્રણિધાન.

શિર આદિ નમાવીને અને અંતરંગ પરિણામમાં શ્રદ્ધાભાવ ધારણ કરીને જે નમસ્કાર થાય તે ભાવ-નમસ્કાર છે.

ભાવમાંથી ભવ-વિષયક દુર્ગંધને દૂર કરીને મુક્તિ-વિષયક સુગંધને સ્થાપન કરનારા શ્રી નવકારને ભાવ આપવામાં અપૂર્વ ઉલ્લાસ પેદા કરવો તે સર્વ મંગલકારી મહાકાર્યનું બીજ છે.

卐

# અષ્ટપ્રકારી-પૂજાનું રહસ્ય

**અભિષેક-પૂજા :-** બ્રહ્મરંધ્રમાં હજાર પાંખડીવાળા કમળમાં સાકાર પરમાત્મા બિરાજે છે. તે સાકાર પરમાત્માના મસ્તક ભાગમાંથી અમૃત રસ ઝરે છે. તેના પ્રતીકરૂપે અભિષેક-પૂજા કરવામાં આવે છે.

'મેરુ શિખર ન્હવરાવે ઓ સુરપતિ......' એટલે શરીરમાં મેરુદંડની ઉપરથી અમૃત રસ ઝરે છે.

**પુષ્પ-પૂજા :-** શરીરમાં ચક્રો હોય છે, તે બીડાયેલાં કમળોના આકારે હોય છે. પરમાત્માની પુષ્પ-પૂજા દ્વારા તે ચક્રો ( કમળો ) વિકસ્વર થાય તેવી ભાવના કરવામાં આવે છે. તાજું ખીલેલું, પ્રફુલ્લ સુવાસિત પુષ્પ પ્રભુ અંગે પધરાવતાં વેંત પ્રગટતા ભાવોલ્લાસથી આ ચક્રો ( કમળો ) વિકસ્વર થાય છે.

**ગંધ-પૂજા :-** ચંદન કેસર આદિ સુગંધી દ્રવ્યો દ્વારા વિકસિત થયેલાં ચક્રો ( કમળો )ની સુગંધનો અનુભવ લેવાનો છે. તેના પ્રતિકરૂપે ગંધ-પૂજા છે.

**ધુપ-પૂજા :-** આત્મા જ્યારે પોતાની અંદર પરમાત્મ-દશાનો અનુભવ કરે છે, ત્યારે કર્મ બળે છે અને તેની ધુમાડા જેવી શિખા બ્રહ્મરંધ્રમાંથી નીકળે છે, તેના પ્રતીકરૂપે ધૂપ-પૂજા કરવામાં આવે છે. 'ધૂપ ધ્યાન ઘટા અનુસરીયે રે.... હો મન માન્યા મોહનજી...' એ પંક્તિ તેની સૂચક છે.

**અક્ષત-પૂજા :–** આપણું અક્ષય-અખંડ જે સ્વરૂપ છે તેના પ્રતીકરૂપ અક્ષત-પૂજા છે. જે અક્ષત છે તેને હું પૂજું છું" એવો તેનો ભાવાર્થ છે. માટે પૂજામાં ક્ષતિ-રહિત અક્ષત વાપરવાનું વિધાન છે.

**ફળ-પૂજા :–** પરમાત્માની પૂજામાં જે ફળ મુકવામાં આવે છે તે શુભાશુભ કર્મ-ફળના ત્યાગરૂપે છે. કર્મના શુભાશુભ ફળનો હું કર્તા કે ભોક્તા નથી અને હું કર્મફળથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ છું તેવી અનુભૂતિના પ્રતીક રૂપે ફળ-પૂજા કરવામાં આવે છે.

**નૈવેદ્ય-પૂજા :–** આ પૂજા આત્મનિવેદનરૂપ છે. સર્વ મિષ્ટ અને ઇષ્ટ પદાર્થોમાં મને કોઈ રસ નથી. રસ છે એક માત્ર ભગવાનમાં આવી ભાવના નૈવેદ્ય ધરતાં ભાવનાની છે.

**આરતી :–** આરતી પાંચ જ્ઞાનનું પ્રતીક છે. મંગળ દીવો એ કેવળજ્ઞાનનું પ્રતીક છે. આ રીતે મંદિર અને મૂર્તિ-પૂજા એ ભારતીય દર્શનની સાધનામાં મુખ્ય અંગ છે.

પ્રભુને પૂજવામાં પ્રભુની પ્રભુતા પૂજ્ય છે, પરમ તારક છે, એ વિશ્વાસ દ્રઢીભૂત કરવાનો છે, કે જેથી વિષય-કષાય રૂપ સંસારને પૂજવાની મનની મિથ્યાગતિ, આપોઆપ અંકુશિત થઇને, પ્રભુ તરફ ગતિ કરતી થાય અને આત્મા, આત્મામાં રમણતા કરતો થાય.

卐

# શિવમસ્તુ સર્વજગત

પોતાનું હિત વિશ્વના હિત સાથે સંકળાયેલું છે. અનાદિ ભવભ્રમણમાં સર્વ જીવો સાથે સર્વ પ્રકારનાં સંબંધો કર્યાં છે, પણ ધર્મસંબંધ કર્યો નથી, કર્યો છે તો બહુ ઓછો કર્યો છે, એવું શાસ્ત્રવચન છે.

એથી ફલિત થાય છે, કે અધર્મ સંબંધનાં કારણે ભવભ્રમણ છે અધર્મ સબંધ એટલે-પરસ્પરને પીડાકારક, અહિતકારક, અસુખકારક સંબંધ. આપણે એકબીજાને પીડા આપીને જીવ્યા છીએ, સુખ આપનાર તરફ કૃતજ્ઞતાનો ભાવ દાખવ્યો નથી, દુઃખ આપ્યા પછી ક્ષમા માંગી નથી, દુઃખ આપનારને ક્ષમા આપી નથી. દુઃખી પ્રત્યે દયા, સુખી પ્રત્યે અમી નજર, પુણ્યવાન પ્રત્યે પ્રમોદ અને પાપી પ્રત્યે સહનશીલતા દાખવી નથી. માત્ર પોતાનાજ સુખની ચિંતા કરી છે અને બીજાં સર્વનાં સુખ-દુઃખ પ્રત્યે ઉપેક્ષાભાવ કે અનાદરભાવ જ દાખવ્યો છે. એનું જ બીજું નામ મિથ્યાત્વનું સેવન છે અને અનંતાનુબંધી કષાયોનું રક્ષણ છે.

જીવને અનંત સંસારમાં ભટકાવનાર આ બે જ મહા પાપ છે. તેનો પ્રતિકાર ન થાય ત્યાં સુધી કોઇ પણ સદ્ગુણનું સેવન, સાનુબંધ-ટકાઉ બનતું નથી. મિથ્યાત્વના આ

મહા પાપરૂપી અંધકારમાંથી ઉગારી લેનાર અને સમ્યક્ત્વરૂપી સૂર્ય પ્રગટાવનાર કોઈ ભાવના હોય તો તે 'શિવમસ્તુ સર્વજગતઃ' છે. માત્ર આ બે શબ્દોમાં જ શાસ્ત્રકાર મહર્ષિઓએ, એ ભાવના ફરમાવી છે.

કોઈ કહે છે કે, વિષયોના કારણે જીવ ભટકે છે. કોઈ કહે છે કે, કષાયોના કારણે જીવ ભટકે છે. કોઈ કહે છે કે, અશુભ યોગના કારણે તે ભટકે છે, તે બધાયમાં પ્રાણ પૂરનાર દોષ એક જ છે, અને તે છે મિથ્યાત્વનું સેવન.

જીવમાં અજીવ જેવી બુદ્ધિ અને અજીવમાં જીવ જેવી બુદ્ધિ; મિથ્યાત્વનો પાયો છે.

બીજા જીવો પોતાના જેવાં જ જીવો છે, પોતાની જેમ સુખ–દુઃખની લાગણી અનુભવનારા છે; તેઓના તરફ દુર્લક્ષ્ય કરવું; એ જ મિથ્યાત્વરૂપી અંધત્વ છે, અને તે બધા જીવો તરફ સમાન લાગણી ધરાવવી; તે જ સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય છે.

'**બધાંને સુખ મળો, અને બધાંનું દુઃખ ટળો.**' એ વિચાર આજ પર્યંત, જીવે કદી કર્યો નથી. જો કર્યો હોત, તો તેનું ભવભ્રમણ હોત નહિ, કેમકે એ વિચારમાં જ અનંત વિષયાભિલાષ નિવારવાનું સામર્થ્ય છે; અનંતાનુબંધી કષાયોને રોકવાનું બળ છે અને અત્યંત પ્રમાદ તેમજ અત્યંત અશુભ યોગને ન પ્રવર્તવા દેવાનું બળ છે.

સુખની ઇચ્છા, માત્ર પોતાને માટે હોવી અને બીજા કોઈ માટે ન હોવી, દુઃખ નિવારણ પણ, માત્ર પોતાનું થાય તો ઇષ્ટ માનવું અને બીજા કોઈનું પણ અંતરથી ન ઇચ્છવું એનું નામ ભાવઅંધાપો છે. મિથ્યાત્વનો ઘોર અંધકાર આ જ છે.

એ અંધકારને ટાળવાનું સામર્થ્ય, "સર્વ સુખી થાઓ, અને સર્વનાં દુઃખ ટળો." એ ભાવનામાં રહેલું છે. એ ભાવનાના બળે, પોતાના એકનાં જ સુખની અભિલાષારૂપ વિષયસુખની તીવ્ર આસક્તિ ટળી જાય છે, પ્રમાદનું જોર પણ હટી જાય છે અને અશુભ યોગોનું બળ પણ ક્ષીણ થાય છે.

પોતે સર્વના સુખ–દુઃખનો આ રીતે યથાર્થ વિચાર કરે છે, તેનું પરિણામ ઉત્તમ આવે છે અને એ ઉત્તમતા અનુભવ્યા પછી 'એ વિચાર સહુ કોઈ કરે તો કેવું સારું!' એવી ભાવના સહેજે જાગે છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવની બીજી ભાવના એ છે કે, परहित-निरता भवन्तु भूतगणाः ।' (પ્રાણી માત્ર પરહિતમાં નિરત બનો.)

'સર્વ સુખી થાઓ અને સર્વનાં દુઃખ ટળો' એવી ભાવનાવાળા સહુ કોઇ બનો. એવી ભાવના ભાવવા છતાં ભવિતવ્યતાને યોગે; કે કાળદોષથી, સ્વભાવદોષથી કે અશુભ (પૂર્વકૃત)ના કર્મ ઉદયથી જે કોઈ તાત્કાલિક આ ભાવનાવાળા ન બની શકે તેમ હોય, તેઓના તે તે દોષ ટળો दोषाः प्रयान्तु नाशम् અને તેઓ પણ આ ભાવનાવાળા બનો; એવી ત્રીજી ભાવના સમ્યગ્દષ્ટિ જીવ ભાવે છે. અને એ ત્રણેય ભાવનાના એક સામટા બળથી, ચોથી 'सर्वत्र सुखीभवतु लोकः ।' એ ભાવના આપોઆપ પ્રગટે છે.

સર્વ દેશ અને સર્વ કાળમાં 'સર્વ જીવો સુખી થાઓ.' આ મુખ્ય ભાવના છે. એ ભાવના વડે આજ પર્યંત, જે જીવોને દુઃખી કર્યા છે, જે જીવોના સુખમાં વિઘ્નો નાખ્યાં છે, જે જીવોને કષ્ટ આપ્યા છે, ઈર્ષાભાવ, અસૂયાભાવ, ક્રોધભાવ અને દ્રોહભાવ વડે જેમને દૂભવ્યા છે, તે સર્વનું માનસિક પ્રાયશ્ચિત આ ભાવનાથી થાય છે.

પાપો આચરીને મલિન બનેલું મન, આ ભાવનાઓથી નિર્મળ બને છે. મન, વચન અને કાયાના ત્રણેય દોષો સેવ્યા છતાં ત્રણેમાં પ્રધાનતા મનની જ રહી છે. તેથી તેની શુદ્ધિ માટે, પ્રથમ મન વડે જ સર્વનું સુખ ઈચ્છવાનું અને શક્ય સંયોગોમાં વચન અને કાયા વડે પણ જીવોના સુખ માટે અને દુઃખ નિવારણ માટે પ્રયત્ન કરવાનો. એ પ્રયત્ન કરવાનું બળ પેદા કરવા માટે પણ સૌથી પ્રથમ અને અનિવાર્ય વસ્તુ, 'शिवमस्तु सर्वजगतः ।' 'सर्वत्र सुखीभवतु लोकः ।' એ ભાવનાને ભાવવાની છે.

આ રીતે મલિન મનને નિર્મળ બનાવીને, એ ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલાં શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું ત્રિકાળ વિશુદ્ધભાવથી સ્મરણ કરવામાં આવે, તો તે સ્મરણમાં બાકીના કષાય, પ્રમાદ, અશુભ યોગ અને તુચ્છ વિષયો પ્રત્યેની આસક્તિનું નિવારણ કરવાનું જે અચિંત્ય સામર્થ્ય છૂપાયેલું છે; એની પ્રતીતિ થાય.

ત્રણ કાળ ( સવાર, બપોર અને સાંજ ) ત્રણ ત્રણ વખત 'शिवमस्तु सर्वजगतः।' એ ભાવનાપૂર્વક બાર બાર વાર શ્રી નવકાર ગણવાથી, ગણનાર વ્યક્તિની, સમૂહની, સંઘના સ્થાપક શ્રી જિનેશ્વર દેવના તીર્થની, એમની આજ્ઞાની અને પ્રવચનની કેટલી મોટી ઉન્નતિ અને પ્રભાવની વૃદ્ધિ થાય! પરંપરાએ કેટલાયે આત્માઓ બોધિ–બીજની પ્રાપ્તિ કરી સદ્ગતિની પરંપરાએ મુક્તિસુખના અધિકારી બને; એ હકીકત સહેલાઈથી સમજી શકાય એવી છે.

તાત્પર્ય એ છે કે મિથ્યાત્વ, પ્રમાદ, કષાય અને યોગ સાથેના ગાઢ માનસિક સંબંધમાં રહીને જીવ, જગતનાં સર્વ જીવોનું અહિત કરતો આવ્યો છે; અશુભ ચિંતવતો રહ્યો છે અને પોતાના સુખની ઘેલછામાં બીજાના સુખની ઉપેક્ષા કરતો રહ્યો છે. પાપ, અશાંતિ અને પરાધીનતાવર્ધક આ પ્રક્રિયાની પ્રબળ પકડમાંથી છૂટવા માટે આપણે, ચિત્તને સર્વથા કલ્યાણની ભાવના વડે વારંવાર વાસિત કરવું જ જોઈએ અને આ ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું હંમેશાં ભાવપૂર્વક સ્મરણ કરવું જ જોઈએ.

આ ભગવંતો, નિત્ય સ્મરણીય એટલા માટે છે કે, આપણે આપણાં અસલ આત્મસ્વરૂપને સતત સ્મરણમાં રાખીને ત્રણ જગતના બધા આત્માઓને જોવા, જાણવા અને ચાહવા રૂપ ધર્મથી ભ્રષ્ટ થતા આપણે બચી જઈએ.

卐

# શરણાગતિ

શરણાગતિ એટલે સ્વ-પુરુષાર્થનો ત્યાગ નથી, પણ વધુ પુરુષાર્થ છે.

શરણમાં એકાગ્ર બનવા પુરુષાર્થ ન ફોરવવામાં આવે તો તે પ્રમાદ છે.

આપણો પુરુષાર્થ એ પરમાત્માથી ભિન્ન નથી. પરમાત્માના જ વીર્યનું પ્રતીક છે.

પ્રત્યેક જીવમાં વસતા પરમાત્મા એજ એ જીવ માટે તેમજ સર્વ જીવો માટે માર્ગરૂપ છે. માર્ગ, જ્ઞાનાદિ ત્રયરૂપ છે, જે પરમાત્મ તત્ત્વથી અભિન્ન છે. પરમાત્મ તત્ત્વ કરણ-કારણ છે.

પરમાત્મામાં એકાગ્ર થવા સિવાયનાં જેટલાં કાર્યો જીવ આ જગતમાં કરવા દોડે છે, તે બધાં અવિશ્વાસમૂલક છે.

**એકાગ્રાલંબનનું કાર્ય એ મહાન કાર્ય છે.** બીજાં બધાં કાર્યો, એ મહાન કાર્યને તત્ત્વથી વિઘાતક છે.

અન્ય લેખનાદિથી જે સાધવા પ્રયત્ન થાય છે, તેના કરતાં અનંતગુણી પ્રાપ્તિ એકાગ્રાલંબનની છે.

પરમાત્મામાં એકાગ્ર આલંબન એ જ ખરો પુરુષાર્થ છે અને એજ ખરું આરાધ્ય છે.

કોઈ પણ કાર્યનું પ્રધાન કારણ, પરમાત્મ-ભિન્ન છે, એમ ભાસે ત્યારે અનાભોગે પણ અવિશ્વાસ છે.

દીર્ઘ પ્રયત્નના અંતે પણ સુસાધ્ય થતી સાચી શરણાગતિ એજ જીવની સાચી ગતિમાંની પાકી રતિ છે.

卐

# શુદ્ધોપદેશનો સાર

નિગોદમાં પણ જીવ, શરીરરૂપ નહિ પણ ઉપયોગરૂપ જ રહે છે. સિદ્ધદશા એટલે કેવળ આત્માનો આનંદ. આત્માનો સ્વ-સન્મુખ ઉપયોગ અને વીર્ય એજ તારક છે. વીર્ય અને ઉપયોગ એ જ્ઞાન અને આનંદ સહિત જ હોય છે.

આત્મા પોતે સ્વ-વીર્ય વડે શુદ્ધોપયોગની રચના કરીને સિદ્ધિને પામે છે.

અનાકુળતા એ જ આનંદ છે.

રાગમાં આકુળતા છે માટે ત્યાજ્ય છે.

જ્ઞાનમાં અનાકુળતા છે, માટે ઉપાદેય છે.

રાગ કઠોર છે. જ્ઞાન, કોમળ છે.

કઠોરતાનો નાશ કોમળતા વડે થાય છે.

દ્રવ્યાનુયોગમાં છ દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું છે. તેમાં શુદ્ધાત્માનો મહિમા ગાયો છે. તેના અનુભવની રીત બતાવી છે.

નિશ્ચય-વ્યવહારને જાણી, નિશ્ચય સ્વરૂપમાં આરૂઢ થવાનું છે.

લોકરચના શાશ્વત છે. તેમ તેને વર્ણવનારા શાસ્ત્રોની પરંપરા પણ અનાદિ-અનંત છે. તેનું જ્ઞાન કરનારા જીવો પણ શાશ્વત છે.

શબ્દ, અર્થ અને જ્ઞાન-એ ત્રણ સાથે રહેનારી વસ્તુઓ છે.

ચારે અનુયોગ દ્વારા વસ્તુનું સ્વરૂપ સમજી શુદ્ધાત્માનું ધ્યાન કરવું એ ઉપદેશ-માત્રનો સાર છે.

વીતરાગ સ્વરૂપ અને શુદ્ધાત્માનું સ્વરૂપ એક જ છે.

આત્માના શુદ્ધ વીતરાગ સ્વરૂપમાં દૃષ્ટિની-ઉપયોગની એકાગ્રતા સાધવી, એ શુદ્ધોપદેશનો સાર છે.

卐

## અધ્યાત્મયોગ

૧. ઉચિત પ્રવૃત્તિવાળા વ્રતધારી આત્માની મૈત્ર્યાદિ યુક્ત શાસ્ત્રોક્ત વિચારણા તે અધ્યાત્મ છે.

૨. ધાર્મિક પુરુષનું પ્રધાન લક્ષણ હોવાથી જપ એ પણ અધ્યાત્મ છે.

૩. ઔચિત્યાલોચન અને આત્મસંપ્રેક્ષણ એ પણ અધ્યાત્મ છે.

૪. દેવવંદન, પ્રતિક્રમણ અને મૈત્ર્યાદિ ભાવોનું ચિંતન એ પણ અધ્યાત્મ છે.

### ભાવના યોગ

આત્મચિંતન-અધ્યાત્મના સતત અભ્યાસથી ભાવના યોગ પ્રગટે છે.

દાન, શીલ, તપ અને ભાવ તથા દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ધર્મનો સંગ્રહ અધ્યાત્મ યોગમાં છે.

જાપ વડે પાપરૂપ વિષનો પરિહાર થાય છે.

જાપ સ્તુતિરૂપ હોવાથી મંત્ર દેવતાના અનુગ્રહોને પાત્ર બનાવે છે.

જપ એ ધ્યાનનું સાધન છે. સતત અભ્યાસ દ્વારા ધ્યાનરૂપે પરિણામ પામે છે.

વીસ સ્થાનકાદિ તપોવિધાનમાં જપને અનિવાર્ય સ્થાન મળેલું છે.

નામ સ્તવરૂપ હોવાથી લોગસ્સ સૂત્ર પણ મંત્રસ્વરૂપ છે. તેથી પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયામાં વિહિત થએલ છે.

કાયોત્સર્ગમાં લોગસ્સ સૂત્રનું ઉચ્ચારણ તથા સ્મરણ એ ભાષ્ય જાપ અને માનસિક જાપનો એક પ્રકાર છે.

ચૈત્યવંદન, દેવવંદન, સ્તુતિ, સ્તવન, સ્તોત્ર, સ્મરણાદિ અને શાસ્ત્ર સ્વાધ્યાય આદિ પણ ભાષ્યાદિ જાપસ્વરૂપ છે.

જપરૂપી અધ્યાત્મ યોગના સતત અભ્યાસથી આત્મભાવના, ધ્યાન અને સમતા યોગ સુધી પહોંચી શકાય છે.

## ધ્યાનનું ફળ

ભાવના, અનુપ્રેક્ષા કે ચિંતન એ ધ્યાનની અભ્યાસ ક્રિયા ગણાય છે.

ચેતના અને વીર્યાદિ ગુણોનું સ્વરૂપના ઉપયોગમાં લીન થવું તે ધ્યાન કહેવાય છે.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની અર્થાત્ ધ્યેયની એકાગ્રતારૂપ પરિણતિમાં એકતા—નિર્વિકલ્પ સ્થિતિ, તારતમ્ય રહિત ચૈતન્યની પરિણતિ તે સમાપત્તિ છે.

જેમાં મળની પરાશ્રયરૂપ વૃત્તિની અત્યંત ક્ષીણતા થએલી છે, એવા ઉત્તમ મણિસમાન અંતરાત્માને વિષે પરમાત્મ ગુણનો સંસર્ગારોપ અને પરમાત્માનો અભેદારોપ, એ ધ્યાનનું ફળ અતિ વિશુદ્ધ સમાધિ છે.

નિર્મળ અંતરાત્મા એટલે કષાય અને વિકલ્પરૂપ મળથી રહિત અંતરાત્મભાવ.

પરમાત્મા તે ઘાતિ કર્મ રહિત શ્રી અરિહંત અથવા અષ્ટ કર્મરહિત સિદ્ધ અથવા સદ્‌વૃત્તિથી સત્તામાં રહેલા સિદ્ધાત્મા.

અંતરાત્મામાં પરમાત્માનો અભેદ આરોપ તે ધ્યાનનું ફળ છે. અને તે સંસર્ગારોપથી સિદ્ધ થાય છે.

સંસર્ગારોપ એટલે તાત્ત્વિક અનંતગુણો આવિર્ભાવ પામેલા છે, એવા સિદ્ધ આત્માઓના ગુણોને વિષે અંતરાત્માનો ઉપયોગ.

ચંચળ ચિત્તવાળાને તે ઇન્દ્રિયનિરોધ વિના થતો નથી. તે નિરોધ, શ્રી જિનપ્રતિમાદિ અવલંબન વિના થતો નથી. માટે તત્ત્વની પ્રાપ્તિમાં સ્થાપના ઉપકારક છે.

વીસ સ્થાનક તપ, ગુણવંતના બહુમાન વડે ધ્યાનના ત્રિવિધ ફળથી યુક્ત હોવાથી કરવા યોગ્ય છે.

અભવ્યોને ધ્યાનનું ત્રિવિધ ફળ હોતું નથી; કેમકે તેમને સમ્યગ્દર્શનના અભાવે ગુણવંતનું બહુમાન નથી. અને તેથી ધ્યાનોપયોગશૂન્ય તપ, કાયક્લેશ માત્ર બને છે. અભવ્યોના બાહ્યાચરણ અનંતવાર પણ ધ્યાનોપયોગ શૂન્યપણાથી નિષ્ફળ જાય છે.

## ઉત્સર્ગ અને અપવાદ

ઉત્સર્ગ એટલે સામાન્ય નિયમ, અપવાદ એટલે વિશેષ નિયમ.

અપવાદ એ ઉત્સર્ગનો પોષક છે અને ઉત્સર્ગનો પોષક હોય, ત્યાં સુધી જ તે અપવાદ ગણાય છે.

ઉત્સર્ગ, સર્વ દેશ-કાળમાં લાગુ પડે છે. અપવાદને દેશ-કાળ, સંયોગોની મર્યાદા છે.

કેવળ અપવાદને આગળ કરીને જેઓ વર્તે છે, તેઓ મંદધર્મી છે અને મૂળચ્યુત છે.

## નિર્મળ આનંદ

જ્ઞાનની તીક્ષ્ણતા તે ચારિત્ર છે. અને જ્ઞાનની એકાગ્રતા તે ધ્યાન છે. અને તન્મયતા તે નિર્મળ આનંદ છે.

સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્ધ્યાન જન્મે. અને તેમાંથી નિર્મળ ચારિત્ર અને આનંદ પ્રગટે છે.

નિર્મળ આનંદ, સર્વ ઈચ્છા નિરોધરૂપ તપગુણનું ફળ છે.

## જ્ઞાનની ત્રણ ભૂમિકાઓ

શ્રુતજ્ઞાનની ભૂમિકા ઉપર तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइयं । તે સાચું અને શંકા વિનાનું છે, જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રકાશ્યું છે.

ચિંતા-જ્ઞાનની ભૂમિકા ઉપર, શ્રી જિનેશ્વરદેવોએ શું પ્રકાશ્યું છે, તેવો પ્રશ્ન ઉઠે છે. તેના ઉત્તરમાં ( सव्वे जीवा न हंतव्वा ) કોઈ પણ જીવ ( ત્રણ કરણ, ત્રણ યોગથી ) હણવા લાયક નથી, એ વિચારણા ઉત્પન્ન થાય છે.

ભાવના જ્ઞાનની ભૂમિકા પર, કોઈ પણ જીવ એટલા માટે હણવા લાયક નથી, કે તે મારા જીવની સમાન જીવત્વ-સુખદુઃખની લાગણીને-ધારણ કરનારો છે. એ રીતે જીવ સમાપત્તિ થાય છે.

આ રીતે જ્ઞાનની ત્રણ ભૂમિકાઓ સમજવી.

## મોહ

મોહનો એક અર્થ અજ્ઞાન અને મિથ્યાત્વ, બીજો અર્થ વેદોદય.

ચોથા ગુણઠાણે પ્રથમ અર્થનો 'મોહ' ન હોય. બીજા અર્થનો હોઈ શકે.

મોહ એટલે કામવિહ્વળતા એવો અર્થ કુવલયમાલા કથામાં કરેલ છે. ચાર કષાયથી જુદો 'મોહ' પાંચમો પદાર્થ કહ્યો છે.

## શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞા

શ્રી વીતરાગ પ્રભુની સૌથી મોટી આજ્ઞા વિશ્વના સકળ જીવો સાથે મૈત્રી કેળવવાની અને કોઇ એક પણ જીવની સાથે વેર, વિરોધ કે દ્વેષભાવ નહિ રાખવાની છે. બીજી

બધી આજ્ઞાઓ આ મોટી આજ્ઞામાં સમાઈ જાય છે. અથવા બીજી બધી આજ્ઞાઓ આ મુખ્ય આજ્ઞાને પુષ્ટ કરવા માટે અને સરળ બનાવવા માટે છે.

ભક્તિને પરિણામે વિશ્વમૈત્રીની ભાવનાને જીવનમાં ઉતારવા અહિંસા, કરૂણા, સત્યપ્રિયતા વગેરે ગુણો વિકસવા જોઈએ. તથા દાન, શીલ, તપ અને ભાવ પ્રત્યે અભિરૂચિ અને એને જીવનમાં વણી લેવાની તાલાવેલી પ્રકટવી જોઈએ.

એક બાજુ પ્રભુની ભક્તિ થાય અને બીજી બાજુ મન, વાણી અને કાયામાં વિશ્વમૈત્રી અને દાનાદિ સત્ ક્રિયાઓ તથા બીજી ગુણ-સંપત્તિઓ વિકાસને ન પામે, તો તે ભક્તિ ખામી ભરેલી યા હસ્તી સ્નાન જેવી નિષ્ફળ ( ગએલી ) ગણાય.

ભક્તિના ફળરૂપે સદ્‌ગુણવિકાસ અને સદાચાર નિર્માણ થવા જોઈએ.

## ભક્તિનું જીવંતપણું

ભક્તિનું જીવંતપણું વિચાર અને બુદ્ધિને લીધે છે. તેની ( ભક્તિની ) શુદ્ધિ નિઃસ્વાર્થતાને લીધે છે.

કેવળ સ્વાર્થ, ભક્તિને પાંગળી બનાવે છે.

બાહ્ય કઠોરમાં કઠોર તપ, અતિ ઉગ્ર દેહદમન કે કાયક્લેશ અંતર્મુખ બનવા માટે છે. આંતરશુદ્ધિ પ્રગટાવવાના હેતુથી હોય તો ઉપયોગી છે.

જીવનશુદ્ધિ આણવા માટે થતો બાહ્ય તપ આદરણીય છે. તેથી તપેલા સુવર્ણ જેવી કાન્તિ ભક્તિમાં પ્રગટે છે. 'ભક્તિ' એ શબ્દ મટીને જીવનરૂપ બનવા માટે છે.

પોતાના ધ્યેયની સિદ્ધિ માટે સહવું તે પરિષહ છે.

તપ, ત્યાગ અને પરિષહોનો ઉદ્દેશ ભક્તિને જીવંત બનાવીને આધ્યાત્મિક શાન્તિ અનુભવવી તે છે.

આધ્યાત્મિક શાન્તિ એટલે ક્લેશો અને વિકારોની શાન્તિ.

## આક્ષેપરહિત ચારિત્ર

જીવમૈત્રી, જિનભક્તિ, સર્વવિરતિ, ક્લેશમુક્તિ, ચિન્માત્ર સમાધિ—અરિહંત ભક્તિનાં જ સુફળ છે.

હે નાથ ! પરોપકારમાં એકાંતપણે મગ્ન અને પોતાના આશ્રયબદ્ધ કલેવર પ્રત્યે અત્યંત નિષ્ઠુર એવી કરૂણાવિહીન કરૂણા ફક્ત તારામાં જ હતી.

હે નાથ ! પોતાના હિંસકો ઉપર પણ ઉપકાર કર્યા છે અને સ્વ-આશ્રિતોની પણ ઉપેક્ષા કરી છે. તારૂં ચારિત્ર સહજ રીતે જ વિચિત્ર હોય, ત્યાં આક્ષેપને અવકાશ જ ક્યાં છે ?

卐

# સંકલિત ચિંતનિકા

तथा चिन्त्यं तथा वाच्यं चेष्टितव्यं तथा तथा ।
मलीमसं मनोत्पर्थं यथा निर्मलतां व्रजेत् ॥

વિચારવું બોલવું અને કરવું એવું કે જેથી મલિન મન નિર્મલતાને પામે.



જૈન શાસ્ત્રોમાં ચારિત્ર એ મુક્તિનું પરમ અંગ છે.
અષ્ટપ્રવચનમાતા એ ચારિત્રની જનેતા છે.
વચનગુપ્તિ અને ભાષા સમિતિ એ અષ્ટપ્રવચનમાતાની અંતર્ગત છે.
અને
એ બંને વાણીના વિવેકને આધીન છે.
વાણી-વિવેક એ રીતે પરંપરા એ મુક્તિનું પરમ અંગ બની જાય છે.

આવા અષ્ટપ્રવચનમાતાના પાલનહાર સંયમના સાધક પંન્યાસ પ્રવર

શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

# સંકલિત ચિંતનિકા

સારૂં તે મારૂ, સારામાંથી સાર એ'ચનારી હ'સવૃત્તિ છે. જગતમાં વિવિધ ચિંતકો-વિવિધ વિષયોને લક્ષ્યમાં લઇને આત્મોપકારક ચિંતનોને શબ્દસ્થ કરતા હોય છે.

આવા અનેક ચિંતનો જ્યારે જ્યારે આંખ સમક્ષ આવ્યા ત્યારે ગુણગ્રાહિતાના સ્વામી પરમ પૂજ્ય પ'ન્યાસપ્રવર શ્રી ભદ્ર'કરવિજયજી ગણિવર્ય'શ્રી એ ચિંતનોના સારને નજરમાં રાખીને ચિંતનોને આત્મિક ઉપકારક ઢાળ આપી દીધો અને એ ચિંતનો અનેકોનાં જીવનનાં માર્ગ'દર્શ'ક બની ગયા.

ચાલો માણીએ એ સ'કલિત ચિંતનિકાની પુણ્ય પ્રકૃતિઓને


૧ સાચુ સૌન્દર્ય'
૨ આદર્શ' અને વ્યવહાર
૩ વિચાર અને વર્ત'ન
૪ આચરણ સાથે ઉપદેશ
૫ જીવનની કેળવણી
૬ જીવન મૂલ્યોની આંકણી
૭ ઉચ્ચતાની અભિરૂચિ
૮ જીવનનો આન'દ
૯ આપવાનો આન'દ
૧૦ માનવતા અને દિવ્યતા
૧૧ સાચી માનવતા
૧૨ પરિણામનું' મૂલ્ય
૧૩ પરિવર્ત'નશીલ વિજ્ઞાન
૧૪ ચમત્કારનું' વિજ્ઞાન
૧૫ ઇચ્છા શક્તિનું' રહસ્ય
૧૬ અહ'કારનો મિથ્યાભાવ
૧૭ સાચુ' એ સહુનું' !
૧૮ નિદ્રાની કરકસર
૧૯ સિંહાવલોકન
૨૦ રમકડાં
૨૧ સમાનતાનો સાચો ઉપાય
૨૨ યોગ્યને યોગ્યનું' મીલન
૨૩ વસ્તુ અને તેનો આભાસ
૨૪ સ'પૂર્ણ' અધઃપતન કેમ નહિ ?
૨૫ શરીર એક સાયકલ
૨૬ સ'યોગો અને સિદ્ધિ
૨૭ પાંચ પ્રાણોનું' સ્વરુપ
૨૮ નમન
૨૯ મ'ત્રની શક્તિ


卐

# સાચું સૌન્દર્ય

ચહેરાને સુંદર દેખાડવાની પ્રવૃત્તિ આજકાલ વધતી જાય છે. પણ તે પ્રવૃત્તિ દેખાવા પૂરતી જ હોય છે. સુંદર બનવા માટે હોતી નથી. આ ખૂબ જ દુઃખદ બાબત છે.

સ્નો-પાવડર લગાડવા, અંજન આંજવું, લાંબા વાળ રાખવા, સુગંધી દ્રવ્યોના લપેડા કરવા વિગેરેનો ઘણો મોહ વર્તમાનકાળે વધ્યો છે.

શરીરની વિરૂપતા ઢાંકવા માટે અવનવી ઢબનાં રંગબેરંગી વસ્રો માણસ પહેરતો હોય છે, પરંતુ સૌન્દર્ય એ કેવળ ચહેરાનો અને શરીરનો જ પ્રશ્ન નથી. માનસિક જીવનનો તેમાં મોટો હિસ્સો હોય છે. **સૌન્દર્ય, શરીર કરતાં મનમાં વધારે વસે છે.**

જે વ્યક્તિ જ્ઞાન વડે જીવનને સમજે છે, સંયમ વડે તેનું નિત્ય ઘડતર કરે છે, જેનું અંતઃકરણ ઉદાર છે, જેનું જીવન-માધુર્ય તેની વાણીમાં ટપકે છે, જે પાપથી ભયભીત છે, પણ દુઃખથી નિરંતર નિર્ભય છે, જે અનુકૂળતા જેટલી જ પ્રસન્નતા, પ્રતિકૂળતામાં પણ ટકાવી શકે છે, તેવા મહા મનુષ્યની આંખો વાટે, હોઠો દ્વારા, ભવામાંથી, કપોલ અને કપાળ પરથી સૌન્દર્યશાળી આત્માની પ્રતિમા ડોકિયાં કરતી હોય છે.

સાચું સૌન્દર્ય સૂક્ષ્મ હોય છે, સ્થૂલ દેખાય છે તે તો ઇન્દ્રિયોમાં અટવાઈ રહેલાઓ માટેનું મૃગજળ છે. એ મૃગજળથી જીવનની ઊંડી સૌન્દર્ય તૃષા કદી સંતોષાતી નથી.

સાચું સૌન્દર્ય સ્મિતની પ્રફુલ્લતામાં છે, કરુણાની મૃદુતામાં છે, સંયમની તેજસ્વિતા અને સત્યમય જીવનની ઉજ્જવળતામાં છે.

'દેખાવ'ના સૌન્દર્યની માયાજાળમાં ફસાવા કરતાં, શાશ્વત સૌંદર્યના તેજ-સૌરભમાં રાચવું જોઈએ. સ્ત્રૈણ (સ્રી જેવા) બનવાના ચાળા કરવા કરતાં જીવનમાં સાચું પૌરૂષ પ્રગટાવવા મથવું જોઈએ.

કામ-ક્રોધાદિની મલિનતાઓ દૂર કરી, દીપ્તિમાન જીવન જીવવાનું શરૂ થાય કે-તરત જ સૌન્દર્યમૂર્તિ આત્માનું શુદ્ધ રૂપ, આંખો તેમજ સમગ્ર શરીર દ્વારા પ્રગટવા લાગે છે. અને તે જ સાચું અને કાયમી સૌન્દર્ય છે.

માનવીએ મહેનત સુંદર બનવા માટે કરવી જોઇએ, સુંદર દેખાવા માટે નહિ. દેખાવની સુંદરતામાં અંજાવું, તે નર્યું પાગલપન છે, એ બુદ્ધિનો સરિયામ બગાડ છે ને એમાં જીવનની બરબાદી છે. સૌંદર્યપ્રેમીઓએ તો કાયમ ટકનારા આત્માના સૌન્દર્યની માવજત કરવી જોઈએ. ત્યાંથી જ તેને સાચી સુંદરતા સાંપડશે!

卐

# આદર્શ અને વ્યવહાર :

આપણે વ્યક્તિરૂપે એક છીએ, પણ જીવન બે જીવીએ છીએ : એક વ્યવહારનું પ્રત્યક્ષ જીવન છે અને બીજુ ભાવના અને આદર્શોનું પરોક્ષ જીવન છે. તેને જો ઘડિયાળની ઉપમા આપીએ, તો પ્રત્યક્ષ જીવન એ ઘડિયાળનું ડાયલ અને કાંટા છે. અંદરના ચક્રો અને યંત્રો એ પરોક્ષ જીવન છે.

અંદરના જીવનની ગતિ, બહારના જીવનના કાંટા બરાબર ફેરવે નહિ, ત્યાં સુધી જીવન–ઘડિયાળ નકામું! ડાયલ અને કાંટા હોય, પરંતુ અંદરનું યંત્ર–કામ ન કરતું હોય તોય તે નકામું બની રહે.

બહારનું વ્યવહારીક જીવન અને અંદરનું ભાવાનાત્મક જીવન, આ બે વચ્ચેનું અંતર, વિરહની વેદનાની જેમ અતિ દુઃખદાયક હોવું જોઈએ. જેને ઝંખીએ, તેને પામીએ નહિ, તો તૃપ્તિ કેવી રીતે થાય?

અંદરનું જીવન હૈયું છે. તો બહારનું–વ્યવહારનું જીવન હોઠ છે. જો હૈયે ગીત હોય, તો તે હોઠે કેમ ન આવે?

શું કરવું જોઈએ? તેના ભાન વિના, જે કરીએ તે બધું નકામું. આદર્શો જાણીએ નહિ અને વ્યવહારો કર્યે જઈએ, અથવા તો આદર્શોની ઝાંખી કર્યા કરીએ, પણ આચરણ તદનુરૂપ ન રાખીએ, તો પણ બધું નકામું.

આદર્શ અને વ્યવહાર વચ્ચે રહેતું અંતર અંતઃકરણમાં ડંખવું જોઇએ, આદર્શ પ્રિયતમા છે. અને વ્યવહાર પ્રિયતમ છે. વ્યવહારરૂપી પ્રિયતમ આદર્શરૂપી પ્રિયતમાને મળે નહિ, ત્યાં સુધી તેને ચેન કેમ પડે? ન જ પડે.

ચાહવા જેવા આદર્શો હોવા તે ધન્ય છે, છતાં એના વિરહમાં, વિરહના આંસુ સારવા એ વધુ ધન્ય છે! એમાં દર્દ છે, પણ એય વધુ મીઠું છે. આદર્શને પામવાની ક્ષણો નિકટ આવતી જાય એ ધન્યતર છે, પરંતુ એ આદર્શમાં જ્યારે વ્યવહારીક જીવન વિલીન થઈ જાય, ત્યારની સ્થિતિ તો ધન્યતમ હોય છે!

ઉચ્ચતમ આદર્શને વરવાની તીવ્રતમ તાલાવેલીને તાલબદ્ધ રીતે પ્રતિધ્વનિત કરતા જીવન વડે જ મોંઘોમૂલો માનવભવ સાર્થક થાય છે. આટલી વાત કાળજે કોતરી રાખીએ!

卐

# વિચાર અને વર્તન

સારો પાક ઉતારવો હોય તો સારા બીજ મેળવવા જોઈએ. જમીન ગમે તેટલી ફળદ્રુપ હોય, હવાપાણી ગમે તેટલા અનુકૂળ હોય, ખેડૂત ગમે તેટલો ઉદ્યમી હોય, તો પણ સારા 'બિયારણ' વિના સારો પાક ન ઉતરી શકે! જેવું બી હોય, તેવું જ ફળ આવે.

વિચારો અને ભાવનાઓ એ જીવનના 'બિયારણ' છે. ઉત્તમ વિચાર કે ઉન્નત ભાવના એ ઉત્તમ બી જેવા છે.

આખો દિવસ વૈતરું કરવાથી કે ઘાંચીના બળદની જેમ યંત્રવત્ પ્રવૃત્તિમાં જોતરાયા રહેવાથી જ ઉત્તમ ફળ મેળવી શકાતા નથી. વર્તનની કિંમત ઘણી છે, પણ વિચારની કિંમત ભૂલીને નહિ.

સારો ખેડૂત પ્રથમ ઉત્તમ પ્રકારનું બી મેળવશે. પછી તેને વાવશે અને સારું ખાતર આપશે. પછી પાણી પાઈને મોલ તૈયાર કરશે. મોલને કણુસલાં આવશે, ત્યાં સુધી તેનું જતન કરશે. આજુબાજુ નિંદામણ કરશે. અને સદા જાગૃત રહી પાક લણવા સુધી ધીરજ ધરશે.

વિચારરૂપી બી ઉત્તમ હોય તો પણ તેને વાવ્યા વગર કે ઉછેર્યા વગર કશું નિષ્પન્ન થવાનું નથી. વિચારને વર્તનમાં પરિણમાવ્યા વિના તેને યથાર્થ મહત્તા મળતી જ નથી. તેમ છતાં 'બી' તે તો 'બી' જ છે. તે ભૂમિમાં પડ્યું નથી, ત્યાં સુધી કાંઈ નિષ્પન્ન થતું નથી, એ વાત સત્ય છે, તો પણ તેનામાં અમાપ શક્તિ તો રહેલી જ છે.

સારું 'બી' પણ કોઈ સારા વર્તનરૂપી છોડના કણુસલામાંથી જ છૂટું પડેલું છે. આ રીતે વિચાર અને વર્તન વસ્તુતઃ એક જ વિકાસ યોજનાના બે જુદા-જુદા છેડા છે. વિચાર કે ભાવના એ પણ એક પ્રકારનું કાર્ય જ છે. તેથી તેનું પણ કારણ શોધવું જોઈએ. એ કારણ, પૂર્વ જીવનકાળના વર્તન સિવાય બીજું કાંઈ નથી.

જીવનરૂપી ખેતરમાં ઉત્તમ પાક પકવવા ઈચ્છનારે ઉત્તમ વિચારોની કિંમત જેમ ઓછી નહિ આંકવી જોઈએ, તેમ ઉત્તમ વિચારોની કિંમત આંકનારાઓએ ઉત્તમ વર્તનની પણ તેટલી જ કિંમત આંકવી જોઈએ.

ઉત્તમ વિચાર અને ઉત્તમ આચાર, ઉભયનો યથાર્થ-સમન્વય, 'આદર્શ' જીવન'-માં જ પરિણમે છે!

卐

# આચરણ સાથે ઉપદેશ

નદીનાં પાણી પૃથ્વીની રચના પ્રમાણે ઢાળની દિશામાં વહે છે. તેને ખાળી શકાતાં નથી, પણ વાળી જરૂર શકાય છે. કુશળ ઇજનેર, નદીની આડે બંધ બાંધે છે, તો સાથે-સાથે બંધાએલા પાણીને અન્ય માર્ગે વહેવડાવવાનો પ્રબંધ પણ કરે જ છે!

વસ્તુ માત્ર પોતપોતાના ગુણધર્મ પ્રમાણ વર્તે છે. આપણે તેમને તેમ કરતાં રોકી શકતા નથી. પણ અનુકૂળ માર્ગોમાં તેમને યોજી શકીએ છીએ.

છોડ, વૃક્ષ, પશુ, પક્ષી, જળચર સહુ સૌ કોઇ પોતપોતાના પ્રાકૃતિક સ્વભાવ પ્રમાણે વર્તે છે. તેમાં ફેરફાર કરવાની અપેક્ષા રાખવી વ્યર્થ છે. મનુષ્ય પણ આમાં અપવાદ રૂપ નથી. તે પણ પોતાના કુદરતી સ્વભાવના વહેણોને સહેલાઇથી રોકી શકતો નથી. એમ કરવા જતાં અનેક વિકૃતિઓ રૂપે એ સ્વભાવ પ્રગટ થવાની શક્યતા નકારી કઢાય, એવી નથી.

સ્વભાવ તો જીવન વ્યક્ત થવાની રીત છે અને સારા પ્રયોજન માટે પણ એ વાપરી શકાય, ખરાબ પ્રયોજન માટે પણ એ વાપરી શકાય!

પરમાર્થ માટે વહેતું સ્વભાવનું વહેણ સદ્ગુણ છે, જ્યારે સ્વાર્થ માટે વહેનારૂં દુર્ગુણ ગણાય છે. સ્વભાવ તો એનો એ જ હોય છે. સત્યની દિશામાં વહીને તે જીવનને ફળદ્રૂપ બનાવે છે. અને નહિ તો ફાવે તેમ વહીને હાનિ પણ કરે છે. જેમ પારસમણિને સ્પર્શતાં લોઢું સુવર્ણ બને છે. તેમ સત્સંકલ્પોની ભૂમિને સ્પર્શતાં દુર્ગુણો પણ સદ્ગુણો બને છે.

હઠ અને દઢતા, ક્રોધ અને પુણ્યપ્રકોપ, અભિમાન અને ગૌરવ, ક્રુરતા અને શૂર-વીરતા, ઉડાઉપણું અને ઉદારતા, લોભ અને કરકસર, મોહજાળ અને પ્રેમભાવ. ઔદાસિન્ય અને વૈરાગ્ય-આ જોડકાઓમાં પ્રગટતો સ્વભાવ આમ તો એક જ પ્રકારનો હોય એમ લાગે છે. છતાં એક અનિષ્ટ માર્ગનું અવલંબન લઇ દુર્ગુણ બને છે અને બીજો સન્માર્ગે વળી સદ્ગુણ બને છે.

આત્મ સુધારણા કરનારે ખરેખર તો સ્વભાવને અવરોધવાનો નથી, ફક્ત તેને સન્માર્ગે વહેવડાવવાનો છે. તે માટે સહુ પ્રથમ તેણે ખરાબ વાતાવરણમાંથી દૂર ખસી જવું જોઇએ. વિષયોના આકર્ષણો અને દુર્ગુણ પોષક પ્રલોભનોની વચ્ચે રહીને સ્મશાન વૈરાગ્ય જેવા નિશ્ચયો કરવાથી કાંઇ વળતું નથી. એથી કંઇ ઝાઝો લાભ થતો નથી.

સત્સંગ એક અતિ ઉત્તમ ઉપાય છે. એ પારસમણિ જેવો અતિ મૂલ્યવાન મણિ છે. સુધરવાના પ્રયત્નો અને અનેકવિધ તપશ્ચર્યાઓ કરતાં પણ તે વિશેષ પરિણામકારક છે.

સત્સંગ પ્રત્યક્ષ ઉદાહરણ પૂરું પાડી મનુષ્યના સદ્ભાવને જગાડે છે, અને એના દ્વારા મનુષ્ય નવી-ભૂમિકામાં પ્રવેશ કરે છે.

લોકો માત્ર બોધથી જ ભાગ્યે જ સુધરે છે. તેમને પ્રવૃત્તિમાં પ્રેરનારા પ્રગટ આદર્શનું દર્શન પણ વધુ જરૂરી છે. બાળક પાસેથી તેના હાથમાંનું રમકડું ત્યારે જ છોડાવી શકાશે, કે જ્યારે તેને તે રમકડા કરતાં અધિક આકર્ષક રમકડું આપવામાં આવશે.

આમ, સન્માર્ગનું દર્શન કરાવ્યા વિના, કુમાર્ગો છોડાવવાનો પ્રયત્ન, રેતી પીલીને તેમાંથી તેલ કાઢવા જેવો વ્યર્થ નીવડે છે.

કેવળ બોધ નહિ, પરંતુ બોધદાતાનું તથા પ્રકારનું જીવન જ સંસ્કારનું ખરેખરું પ્રેરણા સ્થાન છે.

આજકાલ કહેવાતા અનેક સુધારકો જાત-ઉદાહરણથી તો દુર્ગુણ શીખવે છે અને બોધ આપીને સદ્ગુણ સિંચવા મથે છે, એ કેવું વિપરીત છે?

બીજાઓને સુધારવાની ઇચ્છાવાળાએ જાતે સુધરવાની પહેલી જરૂર છે, કેવળ બોધથી કોઇ સુધરે નહિ. સુધારવાનો સરળ ઉપાય જાત-ઉદાહરણ છે.

જે પોતામાં હોય નહિ, તે પરમાં કઇ રીતે સિંચી શકાય ? જીવદયાપાલનનો ઉપદેશ કરનાર પોતે જો જીવદયા ન પાળતો હોય તો તેના તે ઉપદેશની અસર કાગળના ફુલ જેવી ગણાય. આચરણ સાથેનો ઉપદેશ, જીવનને સુધારવાનો સચોટ ઉપાય છે.

卐

# જીવનની કેળવણી

ઘણા ખરા લોકો હમેશાં મોટી બાબતો તરફ દોડે છે અને નાની બાબતો વિસરી જાય છે. તેઓ સમાજના, દેશના અને વિશ્વના ભારેખમ વિચારો કરે છે અને પોતાના કુટુંબીઓના અને ઘરના સીધાસાધા વિચારો કરવાનું વિસરી જાય છે, મોટા ગ્રન્થો, શાસ્ત્રો અને ઇતિહાસોમાં ગૂંચવાયા કરે છે અને નાની નોંધપોથી, દિનચર્યા અને દરરોજની વાતો વિસરી જાય છે, આદર્શોના જંગલોમાં રખડે છે અને વાસ્તવિકતાની કેડીઓને છોડી દે છે.

આ ગુણ નથી પણ દોષ છે સ્થૂલ બુદ્ધિનું આ વિપરીત પરિણામ છે.

મોટી વસ્તુઓ હંમેશાં નાની વસ્તુઓમાંથી બનેલી હોય છે. મોટું સરોવર નાનાં ટીપાઓથી બનેલું હોય છે.

મહાન વસ્તુઓ પ્રથમ નાની જ હોય છે. સાગર જેવી ગંગા, પ્રથમ ગંગોત્રીની નાની ધાર જ હોય છે. વડનું મોટું વૃક્ષ, પ્રથમ નાનાં બીજ રૂપે હોય છે.

નાની બાબત તત્ત્વતઃ નાની છે, એમ સમજી તેના તરફ બેદરકાર રહેવું, એ સૂક્ષ્મ દૃષ્ટિની ખામી સૂચવે છે.

નાની બાબતો, મોટી બાબતોના અવયવો સ્વરૂપ છે–એમ માની તેમના તરફ વધારે કાળજી રાખવી–એ જ સાચી દૃષ્ટિ છે.

'યથા પિંડે તથા બ્રહ્માંડે' એ ન્યાયે નાની વસ્તુઓને સમજનાર મોટી વસ્તુઓને આપોઆપ સમજી શકે છે. પોતાને સંપૂર્ણ ઓળખનાર આખા વિશ્વને સહેલાઈથી ઓળખી લે છે એટલા માટે જ આત્મજ્ઞાનને સર્વથી શ્રેષ્ઠ જ્ઞાન કહ્યું છે.

જીવનની પ્રત્યેક ક્રિયાને સૂક્ષ્મ રીતે સમજવા તેમાં શુદ્ધિ, સમજ અને સરળતા લાવવા જોઈએ. કેમ બોલવું ? કેમ ચાલવું ? કેમ બેસવું ? કેમ ઉઠવું ? કેમ ખાવું ? કેમ પીવું ? એવી નાની–નાની જણાતી ક્રિયાઓ જ સંસ્કૃતિના પાયાની ઈંટો છે.

નજીવી જણાતી બાબતોને પણ બુદ્ધિ અને અંતઃકરણમાં કેન્દ્રિત કરો ! સમગ્ર શક્તિ વડે જોનારને, વિચારનારને અને આચરનારને જ તેમાં મહાનતાનાં દર્શન થશે !

નજર જાડી થાય છે, એટલે પાસે પડેલી સોય પણ દેખાતી નથી. તેમ જાડી બુદ્ધિવાળાને જીવનની નાની–નાની બાબતો ધ્યાનમાં આવતી નથી. એટલે તે ઢંગધડા વગરના જીવનનો ભાર વેંઢારીને સંસ્કૃતિ–પોષક ગુણોથી વંચિત રહી જાય છે.

કેમ જમવું અને કેમ ચાલવું–એ પણ એક કળા છે. જેના વડે જીવન કેળવાય છે અને સુઘડતા, સુસંવાદિતા અને સુસંસ્કારિતા ધારણ કરતું થાય છે.

નાની ગણાતી બાબતોમાં જીવનની કેળવણીની મોટી તેમજ મહત્ત્વની વાતો રહેલી છે.

卐

# જીવન મૂલ્યોની આંકણી

મનુષ્ય જેવું મૂલ્ય આંકી શકે છે, તેવો તે થાય છે. જે વસ્તુને તે કિંમતી ગણે છે, તે વસ્તુને મેળવવા માટે તે મથે છે. જે સ્થિતિને તે મૂલ્યવાન ગણે છે, તે સ્થિતિએ પહોંચવા તે પ્રયાસ કર્યા વિના રહી શકતો નથી.

જેના આદર્શો નીચા છે, તે નીચો પડે છે. જેના આદર્શો ઊંચા, તે ઊંચો ચઢે છે.

જે મનુષ્ય પાસે મહાન મૂલ્યો જ નથી, તે પશુ સમાન છે. અને જેના મનમાં મૂલ્યો વિશે નિશ્ચિત આંકણી નથી, તે સઢ–સુકાન વગરના વહાણની જેમ ડોલંડોલ થઈ દુર્ગતિ પામે છે.

ઘણીવાર મનુષ્યની બુદ્ધિ મૂલ્યો સમજે છે, પણ તેમાં તેને શ્રદ્ધા હોતી નથી. એટલે નવા–નવા સંપર્કોથી તેમજ અવનવા વિચારસ્રોતોથી તેના મૂલ્યાંકનો ડહોળાઈ

જાય છે. આ સારૂં કે તે સારૂં-એવી અનિશ્ચિતતા તેના મનમાં પેદા થાય છે. સંદિગ્ધ મૂલ્યોની ઘૂમરીમાં તે ચક્કર-ચક્કર ફરે છે અને અતો-ભ્રષ્ટ-તતોભ્રષ્ટ જેવો બની કશુંય સિદ્ધ કરી શકતો નથી.

કેટલાક લોકો તો પોતે જે કરે છે, તે જ મૂલ્યવાન છે અને એજ એક સાચો માર્ગ છે-એવું માની લઇ, બીજા એવી રીતે કેમ વર્તતા નથી, તેનું આશ્ચર્ય વ્યક્ત કર્યા કરે છે.

હરેકને પોતાની બુદ્ધિમાં બંધ બેસતા થાય, તેવા સુખ અને ભોગના મૂલ્ય મૂલવવાની છૂટ હોય, એમ કદાચ માની લઈએ. પરંતુ જે જીવન તેમણે અનુભવ્યું નથી, અથવા તો જે બાબતો તેમની દૃષ્ટિ મર્યાદાથી બહારની છે, તે વિશે મૂલ્યો ઠરાવવાનું કામ તેમનુ નથી એ કામ દ્રષ્ટાઓનું, ચિંતકોનું અને વિશ્વના અંતિમ રહસ્યોના જાણકાર મહાત્માઓનું-મહર્ષિઓનું છે.

કૂવામાંના દેડકાની જેમ પોતાની સ્થિતિને ઊંચી ગણી, દરિયાના અજ્ઞાનથી બીજા સર્વને નીચા ગણી, જે જોયું નથી કે અનુભવ્યું નથી, તે કનિષ્ટ જ છે અને પોતાનું વિલાસનું, સત્તાનું કે આમોદપ્રમોદનું જીવન જ શ્રેષ્ઠ છે, એવું ઠસાવવા મથવું તે વાંધાભર્યું છે.

આપણે આપણી જીભને પસંદ પડે તે ભોજન લઈએ પણ તેથી તે કાંઈ પૌષ્ટિક અને ઉપકારક જ ગણાય નહિ. આપણે ભલે આપણી રીતે જીવીએ, પણ તેને કાંઇ શ્રેષ્ઠ જીવન તરીકે મૂલવી શકાય નહિ.

જેને વૈભવ જોઈતા હોય, જેને સત્તાની જરૂર હોય, અથવા જેને જે કાંઈ અભિલાષા હોય, તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે અને તેમાં સફળ પણ થાય, પરંતુ તે બધાનું અંતિમ વિકાસની દૃષ્ટિએ શું સ્થાન છે કે શું મૂલ્ય છે? તેના વિશે સંદિગ્ધતા કે અનિશ્ચિતતા રાખવી યોગ્ય નથી.

હજી કોઇ પોતાની માની લીધેલી મહત્તાનો ભ્રમ સેવી શકે અને હલકા જીવનને બહુ મૂલ્ય ગણાવી શકે, પરંતુ સમાજમાં આવી સ્થિતિ ચાલવા દેવી, એ ભયંકર બાબત છે.

જે મહાન આત્માઓએ પોતાનું સમગ્ર જીવન ચિંતનમાં ગાળ્યુ છે, જેમની દૃષ્ટિ ત્રણ કાળને આવરી લે,-તેવી વિશાળ છે, જેમની પાસે અંતિમ રહસ્ય પામવાનું અંતઃકરણ છે, જેમણે સત્યનો સાક્ષાત્કાર કર્યો છે, તેવી વિભૂતિઓને જ આપણી સંસ્કૃતિનાં, જીવનનાં અને નીતિમત્તાનાં મૂલ્યો ઉચ્ચારવાનો અધિકાર છે. તેમાનાં આપેલાં મૂલ્યો જ સ્વીકારી શકાય અને તેનો પ્રચાર, અસંદિગ્ધ ભાષામાં કરી શકાય.

મૂલ્યો, નિશ્ચિત અને સ્પષ્ટ રીતે મૂલવવા જોઇએ. પછી જેને જેમ કરવું હોય તેમ કરે. એનો નતીજો એને ભોગવવો પડશે.

કૂવામાંનો દેડકો, કૂવાના આવાસનો ભલે ઉપયોગ કરે, પણ દરિયાના દેડકાનો ઉપહાસ ન કરી શકે.

સાચા મૂલ્યોનું ઉચ્ચારણ અસંદિગ્ધપણે સમાજમાં વારંવાર થવું જોઈએ. સમાજ–ધુરંધરો આ કાર્ય બરાબર કરતા રહે, એમાં જ સમાજનું કલ્યાણ છે.

જીવનમૂલ્યોની યથાર્થ–આંકણીની બાબતમાં માનવીની અનધિકાર–ચેષ્ટા અહિતકર છે–તેમ ઉચ્ચ જીવન મૂલ્યોને વરેલા આત્માઓનો ઉપહાસ પણ વિઘાતક છે.

ઉચ્ચથી ઉચ્ચતર અને ઉચ્ચત્તમ જીવનમૂલ્યોને વરવા માટે સહુએ કટિબદ્ધ બનવું જોઈએ. મહાપુરુષોએ આંકેલી મૂલ્યરેખા સમજીએ પછી જ આપણે કટિબદ્ધ બની શકીએ !

卐

# ઉચ્ચતાની અભિરૂચિ

કોઈ પણ પ્રવૃત્તિનું પ્રેરક બળ, તેમાં રહેલો રસ છે. જે રસપૂર્વક કામ કરે છે, તે કદી થાકતો નથી.

અમુક પ્રવૃત્તિ સારી છે' એટલું જાણવા માત્રથી તે પ્રવૃત્તિ કરવા ભાગ્યે જ કોઈ પ્રેરાઈ છે. અથવા અમુક પ્રવૃત્તિ ખરાબ છે, એમ જાણવાથી કોઈ તેને છોડી દેવા તૈયાર થતું નથી. જો એવું હોત તો સદાચારી બનવા માટે વિદ્વતા જ પૂરતી ગણાત ! અથવા પુસ્તકો જ ગુરુના સ્થાને ગોઠવાઈ જાત !

ઉચ્ચ વસ્તુઓના જ્ઞાન માત્રથી ઉચ્ચ બનાતુ નથી, પરંતુ ઉચ્ચ પ્રકારની અભિરૂચિ કેળવવાથી જ ઉચ્ચ બનાય છે.

અભિરૂચિ તરફ દુર્લક્ષ કરીને, હકીકતોના ઢગલાને 'જ્ઞાન' કહેવાની અને એ ઢગલા પર બેસીને સર્પની જેમ ફૂફાડા મારનારને કેળવાએલો માનવાની એક પ્રથા પડી છે, પરંતુ તેની પાછળ વિચાર નથી.

જ્ઞાનમાં રહેલા રસને ચાખી શકવાની જેનામાં શક્તિ નથી. તેને જ્ઞાની કહેવાને બદલે 'વેદીઓ' કહેવો એજ વધુ યોગ્ય છે. મોટે ભાગે અધિકાંશ જીવોની રૂચિ હલકી વસ્તુઓ તરફ જ રહેતી હોય છે તેનાં બે કારણો છે.

એક તો હલકી વસ્તુઓની છત વધારે હોય છે. લગભગ સર્વત્ર તે જ જોવા તેમજ ચાખવા મળે છે, તેથી અભિરૂચિ પણ તેના જેવી બની જાય છે.

બીજું કારણ ઉંચી વસ્તુઓની અછત છે. તેથી તેને જોવાનો કે તેનો સ્વાદ ચાખવાનો પ્રસંગ જ ઓછો મળે છે.

સિનેમાના ટાયલા તેમજ તેના ઢંગ-ધડા વગરના ગાયનોમાં લોકો રસ શાથી લે છે? તેને વારંવાર જોવા અને સાંભળવા સહુ કોઈને સહેલાઈથી મળે છે. તેનો સ્વાદ ચાખવાથી તેમાં રસ બંધાઈ જાય છે.

ઉચ્ચ–પ્રેમ જોવાનો તેમજ ઉચ્ચ પ્રકારનું સંગીત સાંભળવાનો સુઅવસર ભાગ્યે જ મળે છે. એટલે પછી તેના આસ્વાદ અનુભવવાની તો વાત જ ક્યાં રહી? પછી તેમાં અભિરૂચિ કેવી રીતે કેળવાય?

માણસ જો ઉંચે ચઢવાનો શ્રમ ઉઠાવે અથવા બીજા કોઈ તરફથી તેને તેવો ઉચ્ચ રસ ચાખવા મળે, તો પછી તેને હલકી વસ્તુમાં રૂચિ રહેતી નથી.

નાની વયના બાળકો, કિશોરો કે કુમારોને તો હલકી વસ્તુઓમાં રસ લેવાની એક પણ તક ન મળવી જોઇએ. તેમની સન્મુખ હંમેશાં ઉચ્ચ વસ્તુઓની તેમજ વાતોની જ રજુઆત થવી જોઇએ. નાની વયથી જ જો તેમને સારી વસ્તુઓનો સ્વાદ ચાખવા મળશે, તો પછી નઠારી વસ્તુઓ તેમને ગમવાની જ નહિ!

સારી વસ્તુઓની રૂચિ કેળવવા માટે, સારી વસ્તુઓ અલ્પ હોવાથી તેની શોધ કરવી પડે છે. પોતાની ભૂમિકાથી ઉંચે હોય, તો તેનું સાન્નિધ્ય સેવવા માટે ઉંચે ચઢવાનો શ્રમ ઉઠાવવો પડે છે. અને જો આ શ્રમ ઉઠાવીએ તો બેડો પાર થઈ જાય!

ઉચ્ચ વસ્તુની અભિરૂચિ કેળવવા માટેનો શ્રમ અનેકગણો બદલો મેળવી આપે છે. પછી તે રૂચિ ધરાવનારનું જીવન વિસ્તીર્ણ બને છે, તેનો આનંદ 'શુદ્ધ' બને છે, તેની સંપત્તિ દૈવી થાય છે ક્રમશઃ ઉચ્ચતાની અભિરૂચિ દૃઢ થતી જાય છે. પછી હલકી વસ્તુઓની હાજરીને પણ તે સહી શકતો નથી.

સદભિરૂચિવાળાને નઠારી પ્રવૃત્તિઓ દુર્ગંધની જેમ અકારી થઈ પડે છે. તીવ્ર અરૂચિ થવાને લીધે તે વિના પ્રયત્ને, હલકી બાબતોથી સદાય દૂર રહે છે. ઉચ્ચતાની દૃઢ થતી જાય છે. પછી હલકી વસ્તુઓની હાજરી અભિરૂચિ કેળવવી તે જ સદાચારનું ખરેખરૂં પ્રેરક બળ છે.

સાચો ગુરુ, સાચો શિક્ષક કે સાચો નેતા તે જ છે કે–જે પોતાના શિષ્ય, વિદ્યાર્થી કે અનુયાયીના અંતઃકરણમાં સદ્‌વસ્તુ પ્રત્યેની અભિરૂચિ જગાડવા વારંવાર પ્રયાસ કરે છે.

માત્ર હકીકતના જ્ઞાનથી કે પુસ્તકોના 'પોપટિયા–પાઠ' માત્રથી સદાચારી બની શકાતું નથી.

સાચા જ્ઞાન મુજબ જીવન ઘડવા માટે તે જ્ઞાનનો રસ ચાખવો જોઇએ. એ રસ ચાખવાનું કાર્ય દુષ્કર છે, તો પણ ઉપેક્ષણીય નથી. કારણ કે તે તેનું પૂરૂં વળતર અપાવે છે.

ઉચ્ચ વિચારો, વાતો અને વસ્તુઓમાં રસિકતા કેળવવાથી નિરસતા દૂર થાય છે અને સરસ આચારમાં ધીમે ધીમે સમરસતાનો અપૂર્વ આલ્હાદ અનુભવવા મળે છે.

卐

# જીવનનો આનંદ

આપણી ચારે તરફ જ્યાં નજર કરીએ, ત્યાં કંઈને કાંઈ સુંદર, રસભર્યું અને ઝગમગતું પડ્યું હોય છે, પણ આપણને તેનું કામ હોતું નથી, એટલે તે કશામાં આપણી આંખ ઠરતી નથી. અને તૃષ્ણાના વિવિધ તીરોથી ઘાયલ થઈને આપણે આજુબાજુ દૃષ્ટિ કર્યા વિના જ ભાગીએ છીએ. આમ, અપ્રાપ્ત-આનંદની પાછળ વલખાં મારવા જતાં પ્રાપ્ત-આનંદની અવહેલના થઈ જાય છે

મારે અમુક રમકડું જોઈએ, એવી હઠે ચડેલા બાળકને, હાથમાં રહેલાં રમકડાનો આનંદ મળતો નથી, તેમ આપણા ઘણા આનંદો અપ્રાપ્તની ઝંખનામાં માણ્યા વગરના જ રહી જાય છે.

કેટલીક વસ્તુઓ આપણને એટલી સામાન્ય અને સુલભ હોય છે કે—આપણે તેનો હિસાબ જ ગણતા નથી, પરિચયની ધૂળ તેની ચમક જ ઉડાવી દે છે. જાણે કે એ પદાર્થો આપણી પાસે ન હોય, તો કંઈ બગડી જતું નથી, એવી બેપરવાઈ આપણામાં આવી જાય છે.

સૂર્ય હવા, પાણી, પૃથ્વી વિગેરે પદાર્થો સિવાય આપણને ઘડીવાર પણ ચાલતું નથી, છતાં જાણે કે તે વધારાનાં હોય, તેમ આપણે વર્તીએ છીએ. એ જ ન્યાયે આકાશ, તારા, ચન્દ્ર, વનરાજી, પહાડો અને નદીઓ વિગેરેનું મૂલ્ય પણ આપણે ભાગ્યે જ આંકીએ છીએ.

વળી શરૂ શરૂમાં નવીન અને નયનરમ્ય લાગતી વસ્તુ, ધીમે ધીમે સ્વાભાવિક અને સામાન્ય બનતી જાય છે અને બીજી નવી અને અસામાન્ય, વસ્તુઓની શોધ ચાલુ જ રહે છે. એટલે એની અગ્રતા રહ્યા જ કરે છે.

તાત્પર્ય એ છે કે આનંદ અને શોક, વસ્તુમાં બંધાઈ રહેતા નથી. પરંતુ એને અનુભવનાર વ્યક્તિ પર અવલંબે છે. તેથી જ કહેવાય છે કે—વસ્તુનું મૂલ્ય વસ્તુમાં નથી, પણ તેની જરૂરીઆતમાં છે.

લોકો તો બધાને ન મળી શકે એવી અસામાન્ય વસ્તુઓને મૂલ્યવાન ગણે છે. તેમને મન બંગલા, મોટરો સોનું-રૂપું, હીરા, મોતી વિગેરે ખૂબ મૂલ્યવાન છે પણ શું તે બધાંની કિંમત, બધાને સહજ રીતે પ્રાપ્ત થએલ આંખોરૂપી રત્નોના હજારમા ભાગ જેટલી પણ છે?

વાજિંત્રો ગમે તેટલા મધુર અને સુરીલાં હોય, તો પણ તેની કિંમત તેને સાંભળનાર કાનની કિંમતના લાખમા ભાગ જેટલી પણ ગણાય ખરી?

સુગંધથી મઘમઘતાં અત્તર અને સ્વાદપૂર્ણ પકવાન્નોનું મૂલ્ય નાકના કે જીભના મૂલ્ય સાથે સરખાવી શકાય ખરું ?

એ જ રીતે વાત્સલ્ય, પ્રેમ, અનુકંપા કે મૈત્રીભાવ સામાન્ય છે, એટલે શું એનું મૂલ્ય ઉતરતું ગણાય ?

બિચારો માનવ! કસ્તુરીયા મૃગની જેમ આનંદની કસ્તુરી શોધવા ફાંફાં માર્યા કરે છે. પણ તે મૃગને કયાં ખબર છે કે-એ કસ્તુરી તો એની પોતાની નાભિમાં જ છે ? તેમ મનુષ્ય પણ પોતામાં અને પોતાની આજુબાજુ પડેલા અમૂલ્ય સામાન્ય તત્ત્વોને વિસારી, અસામાન્ય દેખાતા પરપોટાઓને મેળવવાની વેઠમાં જીવનને પૂરું કરી નાખે છે.

જો ઊંડે ડૂબકી મારવાનું સામર્થ્ય હોય, તો સામાન્ય જણાતા પદાર્થોમાંથી પણ અસામાન્ય આનંદ અનુભવી શકાય છે. એ સામર્થ્ય ન હોય તો હંમેશ માટે નિષ્ફળતા, નિરાશા અને અગણિત દુઃખોમાં સબડયા કરવાનું રહે છે.

ક્રિયા ગમે તે હોય-ખાવાની કે પીવાની, બોલવાની કે ચાલવાની, ઉઠવાની કે બેસવાની, પણ તેમાં જીવનની ધબક મેળવવામાં આવે છે, ચૈતન્યની પ્રતીતિ કરવામાં આવે તો આનંદ કદી ખૂટતો નથી.

માનવીને પોતાની સાધારણમાં સાધારણ સ્થિતિમાં પણ, જોતાં અને અનુભવતાં આવડે તો આનંદનો પાર નથી. માત્ર જોવાની દૃષ્ટિમાં પરિવર્તન લાવવું પડે. વિશેષના મૂલ્યાંકનની સાથે સામાન્યનું પણ મૂલ્યાંકન કરતાં આવડવું જોઇએ.

જૈનશાસ્ત્રમાં ફરમાવે છે કે, સામાન્ય વિનાનું વિશેષ કે વિશેષ વિનાનું સામાન્ય હોતું નથી.

માણસની નજર મોટે ભાગે વિશેષને (Extra ordinary) જ જોવા ટેવાયેલી છે. જો તે વિશેષની પાછળ રહેલા સામાન્યને પણ જુએ અને તેનું મૂલ્ય પણ સમજે, તો જીવનમાં નિરાશા કે તેમાંથી જન્મતા વિષાદ આદિને કાયમી દેશવટો મળે અને તેના સ્થાને સુખ અને આનંદનું સામ્રાજ્ય સ્થપાય.

જીવનનો આનંદ નથી સામાન્યમાં કે નથી વિશેષમાં! પણ પદાર્થો અને પરિસ્થિતિઓ જે મૂલવવાની દૃષ્ટિમાં છે. એ દૃષ્ટિમાં જીવંતતા હોય, નિર્દોષ ભાવનાં અમી હોય, તો 'આનંદ' એ ખોજની વસ્તુ મટીને, 'ઘર'ની બની રહે છે.

સામાન્ય તેમજ વિશેષ-ઉભયને મૂલવી શકનારનું જીવન ખરેખર મૂલ્યવાન બનીને જીવનના અણમોલ આનંદનો અનુભવ કરતું થઇ જાય છે.

卐

# આપવાનો આનંદ

જગતમાં જે લેવાનું શીખ્યો છે, પણ દેવાનું શીખ્યો નથી, તે ધીમે ધીમે ભિખારીનું માનસ પ્રાપ્ત કરી, અંતે ભિખારી જ બને છે. ભિખારી ગમે તેટલું ધન ભેગું કરે, તો પણ ભિખારી એ ભિખારી છે!

કેટલાક લોકો એથી આગળ વધેલા હોય છે. તેઓ જગતનું કે સમાજનું કાંઈ લે છે, ત્યારે તેની કિંમત તુરત જ આપી દે છે આવા લોકો ભિખારીપણાનું કલંક ટાળી શકે છે. પણ વધી વધીને તેઓ પ્રામાણિક લેવડ દેવડ કરનારા વેપારી જ બની શકે છે. આનાથી ઉંચી અમીરી વૃત્તિ છે. એ વૃત્તિ ધારણ કરનારા ઓછું લે છે અને વધારે આપે છે.

આ અમીરી વૃત્તિથી ય ચઢિયાતી વૃત્તિવાળા પણ હોય છે કે—જેઓ લોક સંગ્રહાર્થે જીવે છે. તેઓ સર્વસ્વ સમર્પણ કરે છે અને બદલામાં લેતા કંઈ નથી માત્ર જીવન ધારણ કરવા અર્થે જોઇતી વસ્તુ, શેષરૂપે કોઈને પણ પીડા ન થાય તે રીતે લે છે.

વ્યક્તિના જીવનને વિકસાવવામાં અને તેમાં આનંદ રેડવામાં આપવાની પ્રવૃત્તિ—પ્રદાનવૃત્તિ, મોટો ભાગ ભજવે છે

જગતમાંથી જે લીધા જ કરે છે, તે કદાચ સંપત્તિવાળો બનશે, પણ મહાન બની શકશે નહિ. લેવાના આનંદ કરતાં, દેવાનો આનંદ ઘણો જ ઊંડો અને વિસ્તીર્ણ હોય છે.

મનુષ્ય આપે છે, ત્યારે તે વ્યષ્ટિ જીવનના નાનકડા પિંજરામાંથી બહાર આવી સમષ્ટિ જીવનના વિશાળ વનમાં ઉડવા લાગે છે, તે પિંજરાનો મટી વનનો બને છે. તેના મુક્ત વિહારમાં જે સમૃદ્ધિ અને આનંદ છે, તે નાનકડા પિંજરામાં ક્યાંથી હોય?

પ્રદાન—ક્રિયામાં આ વિકાસ એ જ મુખ્ય લાભ છે. આપવાની વસ્તુઓમાં એકલું ધન જ નથી આવતું! બીજા પણ ઘણા પ્રદાનો છે. એ બધામાં ધન તદ્દન નીચી કક્ષાનું છે તેનો લાભ, ઉપર—ઉપરનો અને ક્ષણિક છે.

જુદા—જુદા લોકો પાસે આપવાનું પણ જુદું-જુદું હોય છે. કોઇની પાસે વિચારો, કોઈની પાસે કલા, કોઇની પાસે શક્તિ, તો કોઇની પાસે પ્રતિભા હોય છે. અને જે વિચારક, કલાકાર, શક્તિશાળી કે પ્રતિભાશાળી ન હોય, તે પણ આપી શકે એવું ઘણું છે. કદર કરવી, રસ લેવો, સહાનુભૂતિ ધરાવવી, ઉત્તેજન આપવું, આદર કરવો, શાબાશી આપવી આ અને આવી પણ આપવા જેવી ઘણી—ઘણી વસ્તુઓ છે. પૈસા કરતાં તે વધુ કાર્ય કરે છે અને વ્યાવહારિક જીવનમાં પણ તેની સફળતા અદ્ભુત હોય છે.

પ્રતિક્ષણે પ્રદાન કરવાની તકો જીવનમાં આવે જ જાય છે. એમાંની એક પણ તક ચૂકવી ન જોઇએ. ઉર્મિ ઉઠતાંની સાથે જ તરત દાન અને મહાપુણ્ય આ નિયમ અપનાવી લેવો જોઇએ.

આપવાની વસ્તુ નાની છે. એમ ધારી ખચકાવું ન જોઇએ. પ્રેમથી આપેલી નાની વસ્તુ પણ મહાન સદ્ભાવનું વહન કરી શકે છે. સદ્ભાવ વિનાના લાખો રૂપિયાના દાનથી પણ તે અધિક છે.

પ્રદાન કરવાની તકનો જગતમાં તોટો નથી, ભૂખ્યાને અન્ન જોઇએ છે, તરસ્યાને પાણી જોઈએ છે. માંદાને ઔષધ જોઈએ છે, દુઃખીઓને દિલાસો જોઈએ છે. કલાકારોને પોતાની કલાના રસિયા જોઇએ છે. જ્ઞાનીઓને જિજ્ઞાસુ જોઇએ છે. વક્તાઓને શ્રોતા જોઇએ છે.

આ બધાને જે જોઈએ છે. તેમાંનું આપણી પાસે શું કાંઈ પણ નથી? અવશ્ય છે. તે વિવેક પૂર્વક આપવાથી ઉભય-પક્ષને લાભ થાય છે.

આપણે આપીએ છીએ તે જ વખતે આપણા વ્યક્તિત્વને વિકસાવીએ છીએ. અને જેને આપીએ છીએ. તેને યોગ્ય ભૂમિકા પૂરી પાડી તેના વ્યક્તિત્વનું પણ સંવર્ધન કરીએ છીએ.

આમ, આ દાન-પ્રદાનના સંવાદથી પરસ્પર પ્રેમ ઉત્પન્ન થાય છે અને જ્યાં પ્રેમ-ભાવ પ્રગટ્યો હોય ત્યાં બીજું શું જોઈએ? પ્રેમના બળે બધું જ આપ મેળે આવી મળે છે.

જીવનને ટકાવી રાખનારી શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ દાનના આગવા મહત્વને બિરદાવી રહી છે તે કેમ ભૂલાય?

卐

# માનવતા અને દિવ્યતા

આજે એક વિચિત્ર-વાયરો વાઈ રહ્યો છે:

પેટ પૂરતું અન્ન ન મળતું હોય, અંગ ઢાંકવા પૂરતાં વસ્ત્રો ખરીદવાની શક્તિ ન હોય અને ખાવાને પૂરાં દૂધ-ઘી પણ ન મળતાં હોય, તેવા માણસો દેવને નૈવેદ્ય ધરાવવાની અને દેવ સમક્ષ ધૂપ-દીપ જળાવવાનો આગ્રહ કેમ છોડતા નહિ હોય?

પોતાનું ઘર સમારવાને જેની પાસે ધન નથી તેવા માણસો દેવમંદિરમાં આરસ જડાવવાનું અને નકસી કોતરાવવાનું મન કેમ કરતા હશે?

આવા પ્રશ્નો ઘણાના દિમાગમાં ઉઠે છે પણ તેના ઉત્તરો તેમને જડતા નથી તેથી હતાશ થઇને તેઓ દેવની, દેવમંદિરની અને દેવપૂજાની પેટ ભરીને નિંદા કરવાનો અવળો માર્ગ લે છે. અને પોતાની જાતને સુધારકમાં કલ્પીને એક પ્રકારનો મિથ્યા અહંકાર સેવે છે.

માનવ, માનવ તરીકે ભલે જન્મ્યો હોય, પણ તેને માનવ રહીને જ મરવું કે માનવ જન્મમાં દિવ્યતા તરફ જવાનો પ્રયત્ન કરતાં-કરતાં મરવું-એ એક પ્રશ્ન છે ભલે તે એક માનવ તરીકે જન્મ્યો અને માનવ સહજ અપૂર્ણતાને ટાળી ન શક્યો હોય,

પરંતુ તેટલા માત્રથી તેની દિવ્યતા પ્રત્યેની ભક્તિ ગેરવ્યાજબી છે, એમ કોણ કહી શકે? તે જ કહી શકે જેણે માનવ-જન્મની કિંમત પેટ ભરવા જેટલી જ આંકી હોય.

ઉદર નિર્વાહ એ જીવનનું અપેક્ષાએ એક આવશ્યક અંગ છે, પણ એ જ એક અંગ છે અને બીજા તેનાથી ચઢિયાતા અંગો અને માનવેતર જીવનમાં અસુલભ એવા અંગોનું મૂલ્ય કાંઇ જ નથી-એ વિચાર સરણી શું યોગ્ય છે?

માનવને મન, દેહ કરતાં આત્મા એ મહત્ત્વની વસ્તુ છે. દેહનું જીવન તો પશુઓ પણ જીવે છે તેટલા માત્રથી માનવની સાર્થકતા શું?

દિવ્યતાની પૂજામાં માનવતા સાર્થક થાય છે. પૂજા એ કેવળ વિધિ જ નથી. કિન્તુ તેની પાછળ માનવની ભાવના છે, પોતે જે નથી, તે થવાની કામના છે. પૂજાની ક્રિયા દ્વારા માનવી તે ભાવનાને ઉચ્ચારે છે.

સાંસારિક લાભ-હાનિની દૃષ્ટિએ પૂજાના અને તેની પાછળ રહેલી ભાવનાના મૂલ્ય આંકવા એ દિવ્યતાની નરી-ઠેકડી છે.

જે માનવતા દિવ્યતાને પ્રગટાવી ન શકે. તે માનવતાનું મૂલ્ય પાશવતાથી જરા પણ અધિક નથી.

માનવતાની પૂજા, દિવ્યતાની પૂજાના ફળ સ્વરૂપ ન હોય તો તે પૂજા માનવતાની નહિ, પણ દાનવતાની જ છે.

દિવ્યતાનું મૂલ્ય જેઓ સમજે છે, તેઓ ઘરમાં ભલે અંધારૂં રહે-તેની ચિંતા કરતા નથી, પણ દેવમંદિરમાં દીવો અવશ્ય કરે છે. પોતે અધભૂખ્યા રહે છે, પણ અતિથિ કે સાધુ-સંતને ભોજન આપ્યા સિવાય નથી રહી શકતા.

ઐહિક સુખોમાં સર્વસ્વને જોનારાઓ આ વાત નહિ સમજી શકે. દિવ્યતા પ્રગટાવતી માનવતાના જ જેઓ પૂજારી હશે, તેઓને આ વાત સહેલાઇથી સમજાશે.

પેટ ભરી માનવતા અને દિવ્યતાની યાત્રા સ્વરૂપ માનવતા એ બે વચ્ચે મોટું અંતર છે.

સંસારી જીવો ભલે ગણત્રી કર્યા કરે, હિસાબ મેળવ્યા કરે, ઉપયોગિતાવાદને આગળ કરીને માનવતાને છેહ દે, પણ દિવ્યતાના પંથે વિહરવાની તાલાવેલીવાળો સાચો માનવ, દેવ કે દેવમંદિર, ગુરુ કે ગુરુમંદિર, ધર્મ કે ધર્મસ્થાનને કદી નહિ ભૂલે, નહિ ભૂલી શકે.

દિવ્યતાના સાધનરૂપ નાનામાં નાની વસ્તુ પણ તેને મન માનવની સકલ સમૃદ્ધિઓથી પણ અધિક સમૃદ્ધિવાળી છે. સકળ સુખોપભોગથી પણ અધિક સુખકારક છે.

卐

# સાચી માનવતા

આહાર, આરામ અને ભોગનાં સાધનોનો વિસ્તાર એટલે માનવતા નહિ. સ્થૂલ સાધનોની પ્રાપ્તિથી બાહ્ય જીવન વધારે સગવડ ભર્યું બને છે, પણ તેથી લોભ, ભય, સ્વાર્થ કે કપટ ઘટતાં નથી. સુધારેલી પશુ-ટેવોનો વિકાસ, એ માનવતાનો વિકાસ નથી. માનવતાનો વિકાસ છે, પોતે પોતાને ઓળખે એમાં!

પશુથી વિશિષ્ટ એવું 'કાંઈક' માનવીમાં છે. જ્ઞાન અને આનંદ-પ્રાપ્તિની એક અદમ્ય-જિજ્ઞાસા માનવીમાં સુષુપ્તપણે રહેલી છે. પશુભાવોને વશ થઇ, માનવીએ આ ભાવતૃષા વિસારી છે. બહાર પ્રગટ થવા મથતી ચેતનાનો આંતર-અવાજ જે સાંભળે છે, તે શરીર-તૃપ્તિની જેમ માનસ-તૃપ્તિ માટે પણ અવશ્ય પ્રયત્ન કરે છે.

સાહિત્ય, સંગીત, કલા, ચિત્ર અને શિલ્પના જુદા જુદા સ્વરૂપો દ્વારા વ્યક્ત થવા મથી રહેલું માનવ મન, પશુત્વથી ભિન્ન સ્વભાવ દર્શાવે છે. અવ્યક્તમાંથી વ્યક્ત થવા મથી રહેલા આંતર-અવાજને જે સાંભળે છે ને અનુસરે છે, તેણે પશુભાવથી મુક્તિ મેળવી છે, તેણે માનવ નામને સાર્થક કર્યું છે.

દેહનો નાશ એ મૃત્યુ નથી, માનવતાનો વિધ્વંસ એ મૃત્યુ છે.

ધન, સત્તા અને કીર્તિની અપ્રાપ્તિ એ નિષ્ફળતા નથી, પણ માનવ સહજ ગુણોનો સંકોચ એ નિષ્ફળતા છે. મુશ્કેલીઓનો સતત-સામનો પરાજય નથી. પણ પ્રયત્નનો અંત એ પરાજય છે. મુશ્કેલીઓમાં મૂકાયા વિના જીવનનું સત્ત્વ બહાર નહિ આવે. અમૃત જેને પ્રગટાવવું છે, તેને મંથનનું કષ્ટ સહવું પડશે.

"હું માનવી છું, પશુ નહિ!"

જે અસીમ, અનંત અને અતાગ તત્ત્વ મારામાં ભર્યું પડયું છે, તેને ભલે આજે હું ન સમજી શકું! પરંતુ હું જાણું છું કે-મારી સીમા નથી, મારો અંત નથી. મારો તાગ નથી. હું સ્થૂલ નથી, સૂક્ષ્મ છું. હું બાહ્ય નથી. આંતર છું. સ્થૂલની પ્રાપ્તિ મારૂં ધ્યેય નથી. સૂક્ષ્મનો વિકાસ મારૂં ધ્યેય છે. પ્રકાશની શોધ એ મારૂં જીવન છે! આ વિચારોનું વાયુમંડળ માનવીનું આત્મ રક્ષક અભેદ્ય બખ્તર બની શકે છે.

માનવતા એટલે જ્ઞાનનો પ્રકાશ અને પ્રેમની ઉષ્મા! વિકસિત માનવતાથી અણુ અને વિશ્વ, પદાર્થ અને શક્તિ, કાળ અને વિચાર, મન અને આત્માના રહસ્યોના પણ પારને પમાય છે.

જેમ પ્રાકૃતિક-શક્તિઓનું જ્ઞાન, તેનો ઉપયોગ, તેના ગૂઢ રહસ્યોની સમજણ એ વિજ્ઞાન છે, તેમ માનવભવની વિશાળતા, ઉંડાણ, તેની અગાધ-શક્તિઓનું માપ, એ પણ વિજ્ઞાન છે. જ્યાં શ્રેષ્ઠ માનવતા, ત્યાં શ્રેષ્ઠ વિજ્ઞાન!

આજનું વિજ્ઞાન રાજકીય, આર્થિક અને સામાજિક બંધનોથી જકડાએલું છે. વિજ્ઞાન રાજસત્તાથી, રાજસત્તા વ્યાપારી હિતોથી, વ્યાપારી-હિતો અર્થ-સંગ્રહથી, અર્થસંગ્રહ સ્વાર્થવૃત્તિથી અને સ્વાર્થવૃત્તિ વાસનાવૃત્તિથી દબાએલી છે. ત્યાં સુધી વિજ્ઞાન માનવતાને ઊંચે ક્યાંથી લાવી શકે ?

માનવતાને ઊંચે લાવવા માટે સ્થૂલને છોડીને સૂક્ષ્મમાં જવું પડશે. બાહ્યને છોડીને આંતરમાં પ્રવેશ કરવો પડશે

સુધારેલી પશુ-આવૃત્તિ જેવો માનવ, માનવતાનો ચાહક, વાહક કે પ્રસારક નહિ બની શકે માનવતા મહોરે છે-વાસનાને વશ કરવાથી, સ્વાર્થને સંકોચવાથી, પરમાર્થને વિકસાવવાથી, આત્માને ઓળખવાથી અને જડની ચાકરી છોડવાથી ! માણસ જો માણસાઈનો દીવો બને, તો એનામાં પોષાતી પશુતાને વિદાય લેવી જ પડે.

卐

# પરિણામનું મૂલ્ય

કેટલાક લોકો જાડી દૃષ્ટિના હોય છે. તેઓ ધાંધલ ધમાલને કાર્ય માની લે છે. જેમાં દોડધામ, ગરબડ, હીલચાલ, ધમપછાડા ન હોય તેવી પ્રવૃત્તિમાં તેઓ કાર્ય જોઇ શકતા નથી.

કારખાનાના યંત્રો ઘરઘરાટી બોલાવે, મજૂરો આડા અવળા થયા કરે, જાણે કે કામ થઈ રહ્યું છે. ઓફિસના કાગળિયા ફડફડાટ થતા હોય, કારકુનો અરસપરસ અથડાયા કરતાં હોય, ત્યારે એ લોકો માને કે-કામ ધમધોકાર ચાલી રહ્યું છે. આ જાતના કાર્યોમાંથી શું નિષ્પન્ન થયું ? તે તપાસવા જેટલી ઝીણી દૃષ્ટિ તેમનામાં હોતી નથી. આવા લોકોને કાર્યમાં કૌશલ્ય, સફાઇ, વેગ, અગમબુદ્ધિ વિગેરેની મૂલવણી આવડતી નથી.

શું હાથ-પગ ચાલ્યા કરે તે જ કામ ? ચિંતન, શોધન અને આદર્શ દર્શન એ કોઈ કાર્ય નહિ ?

ધ્યેયશૂન્ય, પરિણામશૂન્ય, આંધળી ધાંધલ-ધમાલની કિંમત તો, 'પાઈની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ,' જેવી ગણાય ! દેખાવ, પડછાયા કે ફુગાવામાં રાચનારી બાળક બુદ્ધિ જ તેમાં સોળવાય છે.

સૂર્ય શું કામ કરે છે ? આત્મા પણ શું કરે છે ? બંને સાક્ષીની જેમ હાજરી આપવા સિવાય કશું કરતા જણાતા નથી. પણ તેઓના કાર્યની કોણ બરાબરી કરી શકે ? તેઓની હાજરી માત્રથી જ જગત દેખતું અને ચેતનવંતુ છે. તેઓ ભલે કશું ન કરે, પણ તેમને લીધે જ આખું જગત ક્રિયાશીલ રહી શકે છે. તેજસ્વિતા અને ઓજસ, શક્તિ અને આકર્ષણ પોતાનામાં ધારણ કરનાર-સૂર્ય અને આત્મા બધાં કાર્યોના પ્રણેતા છે.

કોઈ કરે, કોઈ પ્રેરે, ક્યારેક મૌન પણ વ્યાખ્યાન બની જાય અને સંશયોને છેદી નાંખે! જેમણે તેજ, શક્તિ અને આદર્શ સિદ્ધ કર્યા છે, તે કશું ન કરે, છતાં સહુથી મહાન કાર્ય કરે છે. તેમનામાંથી સહજ સ્વભાવે કાર્યધારાઓ વહ્યા જ કરતી હોય છે. જાડી દૃષ્ટિને એ દેખાય કે ન દેખાય-તેની બહુ કિંમત નથી. કિંમત તો કાર્યની અને તેનાથી નીપજતા પરિણામની છે.

નાના કે મોટા કાર્યનું મૂલ્ય તેના પરિણામ પર અવલંબે છે. એક માણસ ધ્યેય-શૂન્યપણે ૧૦ માઇલ દોડી નાખે એટલે તેનું તે કાર્ય મોટું ન ગણાય! જ્યારે સમજ-પૂર્વક પગલાં ભરીને નિજ-લક્ષ્યને વરવું તે કાર્ય 'કાર્યરૂપ' ગણાય!

દેખાવની મોટપથી બચીને માણસે, સ્વ પર હિતકર વૃત્તિ તેમજ પ્રવૃત્તિ સાથે સંબંધ કેળવવો જોઈએ. તો જ પરિણામનું મૂલ્ય આંકી શકવાની શક્તિ જાગૃત થાય.

卐

# પરિવર્તનશીલ-વિજ્ઞાન

વિજ્ઞાન રોજ પોતાની માન્યતાઓ બદલે છે. પહેલાં એ મૂળ તત્ત્વો ૨૨ છે આમ કહેતું, પછી ૯૩ થયાં. હવે તો અણુ અને ઇલેકટ્રોનની વાત આવી. તે કહે છે કે દરેક વસ્તુ સરખી છે. માત્ર એના ઇલેકટ્રોન્સની સંખ્યા અને ગતિ જુદી જુદી છે.

વિજ્ઞાન કહે છે પારો અને સોનું મૂળ દ્રવ્ય એક જ માત્ર તેના ઈલેકટ્રોન્સની ગતિ અને સંખ્યા જુદી જુદી દિશામાં છે.

જૈનદર્શન આવા ભાવની વાત પહેલેથી જ કહે છે કે-બધું પુદ્ગલ દ્રવ્ય જ છે. માત્ર પરમાણુઓની સંખ્યા અને રચના ભિન્ન ભિન્ન પ્રકારની થાય છે

અંધકાર એ પ્રકાશનો અભાવ છે. એમ નૈયાયિકો અને વૈજ્ઞાનિકો કહેતા આવ્યા છે. જૈનોનું 'તત્ત્વાર્થ સૂત્ર' આ વાતની 'ના' પાડે છે. તે કહે છે કે અંધકાર એ પણ પુદ્ગલ પરમાણુઓ જ છે. અને તે ઘ્રાણેન્દ્રિયનો વિષય છે આ અંધકારના પુદ્ગલોની ગંધથી માંકડ રાત્રે બહાર નીકળી પડે છે. આ ગંધ આપણે કેમ ગ્રહણ કરી શકતા નથી?

આ પ્રશ્નનું સમાધાન, શ્રાવ્ય-અશ્રાવ્ય ધ્વનિનો પ્રયોગાત્મક-સિદ્ધાંત જે જમાનામાં વિજ્ઞાને સિદ્ધ કરી બતાવ્યો છે. ત્યાં સહેલાઈથી સમજી શકાય એવું છે.

આકાશમાં ઉડતા વિમાનમાંથી બોમ્બમારો કરતી વખતે એનો પ્રચંડ અવાજ ન સંભળાય, એ માટે એક અંશ વધારી દઇને એને અશ્રાવ્ય બનાવી દેવાય છે. એટલે એ અવાજ આપણા કાન પાસેથી પસાર થઇને જતો હોય, છતાં આપણે તેને પકડી શકીએ નહિ. તેનું નામ સુપરસોનીક છે. તેમ અંધકારના પુદ્ગલની ગંધ માટે પણ સમજવું. તે

પુદ્ગલોની ગંધ અતિ તીવ્ર હોવાથી આપણી ઘ્રાણેન્દ્રિય તેને પકડી શકતી નથી. એટલે એમ ન કહી શકાય કે—અંધકાર એ પુદ્ગલ નથી. કારણ કે એની ગંધ આપણે ગ્રહણ કરી શકતા નથી.

જૈનદર્શન, સર્વજ્ઞનું દર્શન છે. એટલે તેમાં પ્રકાશિત થએલા જડના સ્વભાવ અને ગુણધર્મો તથા જીવના સ્વભાવ અને ગુણધર્મો, સર્વ–કાળમાં યથાતથ્ય અને અબાધિત રહ્યા છે, રહે છે તેમજ રહેવાના છે!

卐

# ચમત્કારનું વિજ્ઞાન

બ્રાઝિલના જંગલોમાં આવેલાં કેટલાંક સરોવરનાં પાણી પીવાથી ત્યાંના વતનીઓનો ટાઢીયો તાવ ઉતરી જતો હતો. એટલે તેઓ આવા સરોવરને ચમત્કારિક માનવા લાગ્યા હતા.

સ્મશાનામાં કેટલીક વાર રાતે ભડકા દેખાય છે અને લોકો તેને ભૂતનો ચમત્કાર માની લે છે. જેનાં કારણો દેખાતા નથી અથવા કલ્પી શકાતાં નથી, એવા બનાવોને ચમત્કાર કહે છે.

કાળાંતરે કાળજી ભરી તપાસને અંતે સમજાયું કે—ઉપરોક્ત સરોવરને કાંઠે ઉગેલાં ક્વીનાઈનના વૃક્ષોના સંપર્કથી પાણીમાં એની ઔષધિ મિશ્ર થતી હતી અને તેવા પાણીની અસરથી તાવ જતો રહેતો હતો.

સ્મશાનમાં પડી રહેલા હાડકા, તેની અંદરના ફોસ્ફરસના જ્વલનથી ક્યારેક ભડકે બળતા દેખાય છે, આવી સમજણનો ઉદય થતાં ચમત્કારની કોટિના બનાવો, સામાન્ય બનાવ જેવા જ ગણાય છે.

મૃત્યુ શય્યા પર પડેલો માણસ એકાએક વગર ઔષધે સાજો થઈ જાય, ભયંકર આપત્તિમાંથી અણધારી રીતે છૂટકારો થઈ જાય, અણીને વખતે અણચિંતવી સહાય આવી પડે. ન સમજાય એવી રીતે આપણા ચિત્તમાં નવી સૂઝ પ્રગટે, બુદ્ધિમાં ન ઉતરે એવી રીતે કંઈક બને, ત્યારે લોકો તેમાં ઓછે–વધતે અંશે ચમત્કારના ચમકારા નીહાળે છે.

વિજ્ઞાનના વિકાસને લીધે ચમત્કાર જેવી ગણાતી અસંખ્ય બાબતો હવે અતિ સામાન્ય ગણાય છે. કોઈ દૈવી શક્તિ પોતાના મનસ્વી તરંગો પ્રમાણે વિશ્વ નિયમોને કોરાણે મૂકીને ચમત્કાર કરે છે—આવી માન્યતાને હવે ખાસ સ્થાન રહ્યું નથી.

આ અર્થમાં ભલે કદાચ ચમત્કાર ન હોય! પરંતુ વિશ્વનું બધું જ બુદ્ધિમાં ઉતરી

શકે છે અને અમને ન સમજાય, એ અમે માનીએ જ નહિ—આવું અભિમાન કોઈ કરે, તો તે પણ મિથ્યા છે.

બુદ્ધિની પહોંચ અને શક્તિ ખૂબ જ પરિમિત છે. બુદ્ધિના પ્રદેશથી પર વિશ્વમાં એવું કેટલુંય પડ્યું છે કે—જેના પ્રાગટ્યના નિયમો ભલે હોય, પણ બુદ્ધિ તેનો પાર પામી શકતી નથી. એવું ન હોય, તો જગતમાં નવાઈ જેવું કશું રહે જ નહિ! જ્યાં-ત્યાં અને જ્યારે ત્યારે અવનવું અને ચમત્કૃતિ ભર્યું જે બન્યા કરે છે, તે બનત નહિ! બુદ્ધિના ક્ષેત્રથી ઊંચે, કોઈ અદ્‌ભુત સૃષ્ટિ છે, જેને સર્વજ્ઞ પુરુષો જ જોઈ—જાણી શકે છે. એની કોઈથી પણ ના કહી શકાય નહિ.

## બુદ્ધિની બળવત્તા

અસામાન્યની વાતો જવા દો. પણ કેટલીક સામાન્ય બાબતો પણ આપણી બુદ્ધિમાં ક્યાં પૂરેપૂરી બેસી શકે છે?

વર્ષો સુધી નિર્જીવની જેમ પડી રહેલું બીજ, ભૂમિ અને જળનો સંયોગ થતાં ચૈતન્યથી સળવળી ઉઠે છે. શસ્ત્રક્રિયા કર્યા પછી શરીરના માંસ અને ચામડી આપોઆપ સંધાઈ જાય છે. આવી તો અસંખ્ય બાબતો બુદ્ધિના કિંચિત્ પણ પ્રભાવ વિના બન્યે જાય છે અને આપણે તેનાથી ટેવાઈ જઈ, તેમાં રહેલી સર્જક શક્તિથી આશ્ચર્ય પામવાનું ઘણીવાર ભૂલી જઈએ છીએ.

સપાટી માત્રના દર્શનથી, બધું બુદ્ધિમાં ઉતરી ગયું, એમ માની ઘણીવાર બુદ્ધિ ખોટો સંતોષ અનુભવે છે.

વસ્તુઓ અને બનાવો બને છે, તે કોઈના માત્ર કરવાથી નહિ, પણ તેવા પ્રકારના કારણો મળવાથી! બુદ્ધિ નવું તો કાંઈ કરતી નથી. જે થાય છે તેની માત્ર નોંધ જ લે છે.

વિશ્વમાં રહેલી કોઇ અગમ્ય-શક્તિ અવનવા રૂપો, ઘટનાઓ અને ક્રિયાઓ સર્જે છે. બુદ્ધિનું તેમાં કોઇ ગજું નથી બુદ્ધિ પોતે જ એ સર્જક શક્તિનું એક બાળક છે મનુષ્ય પણ જ્યારે પોતાની પ્રકૃતિમાંથી તદ્દન નવું જ કંઇક પ્રગટાવે છે, ત્યારે આપણે તેને ચમત્કૃતિ જ કહીએ છીએ.

ચમત્કાર એ બુદ્ધિહીન પ્રવૃત્તિ નથી, પણ બુદ્ધિથી ઉચ્ચ કોટિની પ્રવૃત્તિ છે બધા સર્જનોમાં નવીનતા અને અદ્‌ભુત હોય છે, પણ બુદ્ધિહીનતા ક્યાંય જણાતી નથી, એ સ્પષ્ટપણે સાબિત કરે છે કે નૂતન સર્જન એ બુદ્ધિહીનતાનું ફળ નથી.

જે પ્રામાણિકપણે પોતાના ઉચ્ચ ધ્યેયને વળગી રહે છે અને બુદ્ધિના શિખરો પર ચઢી અગમ્ય આત્મશક્તિની આરાધના કરે છે, તેનું જીવન ચમત્કારિક બનવા છતાં, તેને મન ચમત્કાર જેવું કાંઈ રહેતું નથી.

પોતાની સીમિત બુદ્ધિમાં ન ઉતરે, તેવી બધી બાબતો ચમત્કારિક! આ માન્યતા જેમ સાવ બરાબર નથી. તેમ પોતાની બુદ્ધિમાં ન ઉતરે, બધું જ પોકળ! આ માન્યતા પણ ખોટી છે.

લોકાલોકના સમગ્ર સ્વરૂપને સર્વજ્ઞ તેમજ સર્વદર્શી પરમાત્મા જ જાણી શકે છે. એમના વચનોમાં વિશ્વાસ મૂકીને આત્મામાં ઓતપ્રોત થનારને ચમત્કારનું સમગ્ર સ્વરૂપ ધીમે ધીમે હૃદયગત થવા માંડે છે અને મિથ્યા ગ્રન્થિઓથી જીવન-મન મુક્ત થતું જાય છે.

卐

# ઇચ્છા શક્તિનું રહસ્ય

કહેવાય છે કે જેની ઇચ્છા શક્તિ બળવાન છે, તે મહાન કાર્યો કરી શકે છે.

મહાન વીરપુરુષો અને વીરાંગનાઓનો ઇતિહાસ એટલે અદમ્ય ઇચ્છા શક્તિનો જ ઇતિહાસ.

સંસાર એટલે સતત પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ માત્ર ઇચ્છા શક્તિનું જ પરિણામ છે. ભલે, પછી એ શક્તિ સારીનરસી હોઈ શકે છે.

આ બધું સ્વીકારી લેવા છતાં એક વાત વિચારવાની રહે છે કે-સાંસારિક સફળતા ખરેખર ઇચ્છા શક્તિની ખીલવણી પર જ આધાર રાખે છે કે તેની પાછળ બીજું કોઈ ગૂઢ તત્ત્વ રહેલું છે?

આપણી અંદર એક એવી શક્તિ પણ રહેલી છે કે-જે આપણી ઇચ્છા પ્રમાણે કામ કરતી નથી.

હૃદય ધબકે છે. ફેફસા સંકોચ-વિકાસ પામ્યાં કરે છે. ખોરાક પાચન થાય છે. શરીરની વૃદ્ધિ થાય છે. અને શરીરમાં બીજી એવી અનેક ક્રિયાઓ થયા કરે છે. આવા બધાં કાર્ય કરનાર શક્તિ, ઇચ્છાને ક્યાં અનુસરે છે?

નથી આપણે આ ક્રિયાઓને અટકાવી શકતા કે નથી તે અટકે ત્યારે આપણી ઇચ્છાથી ફરી એને ચાલુ કરી શકતા. આપણા જીવનને ચલાવવાના ઉપકારક હેતુઓથી આ ક્રિયાઓ ચાલ્યા કરે છે અને કોઈ અગમ્ય કારણે અટકી પણ પડે છે. આપણી બુદ્ધિ તેનું સંચાલન કરતી નથી. છતાં તેમાં સમજ, વ્યવસ્થા અને હેતુ તો સ્પષ્ટ રીતે રહેલાં છે.

એ સંચાલક શક્તિ આપણને અધીન નથી, તેમ પૂર્ણપણે આપણાથી અલગ પણ નથી. એ શક્તિ કોણ? કોઈ તેને અજ્ઞાત-મન, કોઈ કુદરત, કોઈ ભગવાન, કે કોઈ સ્વયંભૂ-બ્રહ્મા કહે છે.

અજ્ઞાત મનની વાત જવા દઈએ. તોય સંપ્રજ્ઞાત મનને લગતી બધી પ્રવૃત્તિઓ પણ ક્યાં આપણા પૂર્ણ કાબૂ નીચે છે?

ભૂખ લાગે તો ખાધા વિના ચાલતું નથી. ઉંઘને રોકવા ધારીએ તોય ભાગ્યે જ રોકી શકાય છે. ક્રોધ પણ કાબૂ બહાર જાય છે. સ્મરણ શક્તિ પણ ઘણી વાર ઈચ્છાને ગાંઠતી નથી. કોઈ ધાર્યું કામ કરવા જઈએ, તો આપણે એ કરી શકતાં નથી. અમુક રાગ ગાવા જઇએ, અને કોઇ જુદા જ સ્વરો નીકળી પડે છે. જાણે કે કોઈના ખેંચાયા ખેંચાઈને આપણે પ્રવૃત્તિ કરતા હોઈએ છીએ અને તે પ્રવૃત્તિઓ આપણી ઇચ્છાને અધીન નહિ પણ કોઈ અગમ્ય નિયમો અધીન હોય તેમ જણાય છે.

ઉંઘને રોકવા આહાર અને શ્રમ ઘટાડવા પડે, ક્રોધને ખાળવા ઉશ્કેરણીનાં કારણો ટાળવાં પડે. એકલી ઇચ્છા સફળ થતી નથી. ઈચ્છાને પણ કોઇ સત્તાને અધીન રહીને નિશ્ચિત માર્ગે કામ કરવાનું બંધન તો રહેલું જ છે. વળી ઈચ્છા પણ ક્યાં તદ્દન મુક્ત છે ? તે પણ આપણા શરીર, મન અને પ્રકૃતિની જરૂરીઆતોમાંથી જ જન્મે છે.

તૃષા લાગે, ત્યારે પાણી પીવાની ઈચ્છા થાય. કોઈનું દુઃખ દેખી ન શકાય, એટલે દયા-દાન કરવાની ઈચ્છા થાય. સામે કોયડાઓ આવે, ત્યારે ઉકેલવાની ઇચ્છા થાય. મનમાં જિજ્ઞાસા જાગે, ત્યારે શોધખોળ કરવાની ઈચ્છા થાય.

## ઇચ્છાઓ

એવું પણ બને કે-આપણી ઘણી ઇચ્છાઓ આપણને ન ગમે અને તેને દબાવી દેવાની ઇચ્છા પણ થાય. કોઇ વાર અમુક ઇચ્છાઓ થવી જોઇએ અને થતી નથી-એવું જાણીને એ ઈચ્છાઓ કરવાની ઇચ્છા થાય. આવી વિચિત્રતાઓ જોતાં આશ્ચર્યમુગ્ધ થઇ જવાય છે. અને આપણે મુંઝાઇ જઇએ છીએ કે-આ બધું શું ? તેમજ આપણે અને આપણી ઇચ્છાઓ એટલે શું ? છેવટે ઊંડો-વિચાર કરતાં અસંપ્રજ્ઞાત અર્ધપ્રજ્ઞાત અને સંપ્રજ્ઞાત એવી બધી પ્રવૃત્તિઓમાં રહેલો પરસ્પર અનિવાર્ય સંબંધ તથા કુદરતનો અને કર્મનો અકાટ્ય નિયમ સમજાય છે. એક અપેક્ષાએ આપણી પ્રકૃતિ અને હયાતિ એ વિશ્વની વ્યાપક અને પૂર્ણ કર્મ પ્રકૃતિનું એક મોજું છે, એક તરંગ છે, એવી પ્રતીતિ થતી જાય છે.

આપણું વ્યક્તિગત જીવન, આપણામાં રહેલા પરમ શાશ્વત-જીવનના પ્રાગટ્ય અને અનુભવ માટે છે. અને એ પરમ શાશ્વત-જીવન પણ આપણાં પૂરતું જ મર્યાદિત નથી ! તે તો વિશ્વના સર્વ-જીવોના જીવનમાં ગૂઢપણે નિહિત છે.

આ જ્ઞાનનો સાક્ષાત્કાર થયા પછી વ્યક્તિગત ઇચ્છા પરમ તત્ત્વ (મહાસત્તા)ની ઇચ્છા સાથે તાલ દેવા લાગે છે અને ઐહિકતાને પોષનારી ઇચ્છાઓથી જીવન બે-તાલ બનતું અનુભવાય છે.

માત્ર ઇચ્છાઓ કરવાથી કાર્ય સિદ્ધિ થતી નથી. ઉલ્ટી પ્રવૃત્તિઓની જંજાળ વધતી

જાય છે. જંજાળથી છૂટવા માટે સત્ય-ઈચ્છાઓ થવી જોઈએ. તે વિના કાયમી શાન્તિ, સમાધાન કે આનંદ પ્રાપ્ત થવા દુર્લભ છે.

ઇચ્છા શક્તિનું ખરૂં રહસ્ય, માત્ર ઇચ્છાઓ કરવામાં નથી, કિન્તુ યોગ્ય-ઇચ્છાઓ કરવામાં અને અંતે ઇચ્છાઓથી રહિત બનવામાં રહેલું છે.

ઇચ્છવા જેવું છે સ્વનું તેમજ પરનું કલ્યાણ ! તે સિવાયની ઇચ્છાઓ લોખંડની બેડીઓ જેવી છે. એ આત્માને કઠિન-કર્મોના બંધન વડે જકડનારી અને પરાધીનતા વધારનારી છે. આપણી ઇચ્છા શક્તિને, પરમ-શક્તિના અંગભૂત બનાવીને, આપણે પરમાત્મ શાસનના એક જીવંત ઘટકરૂપ બની શકીશું, તો જ ઊભા-વગડે ઉગી નીકળતા ઘાસ જેવી ઇચ્છાઓથી મુક્ત થઇને અંતે ઇચ્છા-રહિત બની શકીશું !

卐

# અહંકારનો મિથ્યાભાવ

આત્મોન્નતિની ગતિમાં હુંપણુ" એક મોટી રૂકાવટ છે. માણસ કંઈક અજ્ઞાનમાં અને કંઈક ભોળપણમાં માને છે-હું કરૂં છું ! હું કમાઉ છું ! હું ઉગાડું છું ! હું ચલાવું છું ! હું બનાવું છું ! હું જ બધું કરૂં છું !

આ બધા અર્ધ સત્યો છે. માણસ એકલો કશું જ કરતો હોતો નથી. પરંતુ એના દ્વારા એ બધું થતું હોય છે. વિશ્વના અબાધિત નિયમો વ્યક્તિ દ્વારા પ્રગટ થતા હોય છે. પરંતુ પોતામાં રહેલી શક્તિઓને પોતાની માની લઈને મનુષ્ય, કર્તાપણાનો ખોટો અહં સેવતો હોય છે.

માણસ અર્થશાસ્ત્રના નિયમો પ્રમાણે ચાલવાથી કમાય છે, કુદરતી તત્ત્વોના આધારે પેદા થનારી વનસ્પતિ માટેના સંયોગો રચી, તે તેને ઉગાડવાનો અહંકાર સેવી શકે છે. વસ્તુઓ પ્રકૃતિગત (કર્મનું અબાધિત ગણિત) નિયમોથી ચાલતી હોય છે, છતાં તે તેનો ચાલક બની બેસે છે, બધું ય કુદરતનું લઇને પોતે માત્ર નિમિત્ત બનતો હોવા છતાં, તે કર્તાપણું છોડતો નથી. કુહાડો પોતાને લાકડાં ફાડનારો માની બેસે, તેના જેવી જ આ વાત થઇ !

આ કર્તાપણાની અને અહંપણાની ભૂલ આપણને ડગલે ને પગલે આડી આવે છે.

મૂર્ખ ઘોડેસ્વાર જેમ ભારનું પોટલું માથા પર લઇ મફતનો ભાર ઉપાડે છે, તેમ આપણે દુનિયાનો ભાર, મફતનો વહીએ છીએ.

જગતમાં બધું પોતાની રીતે જ બનતું હોય છે, આપણા વગર કંઇ પણ અટકી પડતું નથી. આપણે નહિ તો આપણા જેવું અન્ય કોઇ સાધન પામીને જગત ચાલ્યે જ જવાનું છે ! તો પછી અહંપણાનો આ ભાર શા માટે ?

અનાજની અછત હોય તો શું માણસ ઘઉં-ચોખા બનાવવાનું કારખાનું ઊભું કરી શકવાનો છે ? એ તો સમય પ્રમાણે અને નિયમ પ્રમાણે જ ઉગાડવાના છે ! આપણું ધાર્યું કરી શકાતું નથી. કારણ કે સાધનોથી અને કારણોથી (INSTRUMENTS) કર્તા બની શકાય નહિ.

જે બધું બનવાનું છે, તે નિયમાધીન છે. આપણે નિમિત્ત બનવાનો યશ મેળવવાનો છે. આપણે ઉત્તમ સાધન કેમ બની શકીએ એ જ મુદ્દાની વાત છે.

અહંકાર છોડી, ઉત્તમ નિમિત્ત બનવા પ્રવૃત્ત થઈએ તો વિશ્વની સર્જકશક્તિ આપણા દ્વારા વહેવા લાગશે. આપણે એ શક્તિનું સરસ સાધન બનીએ અને અહંકારથી રૂંધાતા આત્મોન્નતિના માર્ગને સરળ બનાવીએ.

વિશ્વક્રમમાં જ્યારે અહંકારને સ્થાન જ નથી, ત્યારે માત્ર સરસ નિમિત્ત બનવાનો યશ મેળવવો એ જ આપણા હાથની વાત છે.

આપણા જન્મ પૂર્વે જગત હતું અને આપણા મૃત્યુ પછી પણ જગત રહેવાનું છે, એ હકીકત સ્પષ્ટપણે નિર્દેશ કરે છે, માનવી કર્તાપણાના મિથ્યા ભાર તળે નકામો ચગદાઈ રહ્યો છે માટે આપણું કર્તવ્ય એ કે-પવિત્ર-સર્જનોના આપણે સર્વોત્તમ સાધન બનીએ !

卐

# સાચું એ સહુનું !

એમાં મારે શું ?-એમ કહીને સમાજની ઉન્નતિનાં અનેક સારાં અને લોકોપયોગી કાર્યો કરવામાં મનુષ્ય ઉદાસીન બની જાય છે. આટલેથી જ ન અટકતાં કેટલાક તો એવાં કાર્યો કરનારની ઇર્ષ્યા કરવા લાગે છે અને તેમાં વિઘ્નો નાખે છે. જાણે કે એ કાર્ય એનું એકલાનું જ હોય અને બીજાને એમાં કાંઇ લેવાદેવા ન હોય-એમ બીજા વર્તે છે. ઉપરથી એનો દ્વેષ પણ કરે છે.

આપણે સહેજ આત્મનિરીક્ષણ કરીશું. તો જણાશે કે-જેને આપણે 'હું' કહીએ છીએ, તે ગ્રાહક છે. અને જેને મારૂં કહીએ છીએ, તે બધું આપણે ગ્રહણ કરેલું છે. ગ્રાહકને જે મળેલું હોય છે, તે તેણે કુદરતમાંથી, સમાજમાંથી, સંસ્થાઓમાંથી કે વ્યક્તિઓ પાસેથી લીધેલું હોય છે.

બહાર વિસ્તરેલું અનંત-જગત, અકલ્પ્ય આટીઘૂંટીવાળું એનું તંત્ર, વંશપરંપરાગત અનુભવોમાંથી ઘડાયેલી સમાજવ્યવસ્થા, મહાન વિભૂતિઓનાં સૂક્ષ્મ-દર્શનોના આધારે રચાયેલા શાસ્ત્રો-સાહિત્ય-રચનાઓ અને કલાકૃતિઓ, સમાજ-ધારણા માટે

પ્રચલિત થએલી રાજઘટના અને પ્રણાલિકાઓ અને કૌટુંબિક આચાર-વિચારો, સાધુ-સંતોની સ્વાનુભવ નીતરતી વાણી અને ઉચ્ચ-સંસ્કારોની શિક્ષણરૂપે આપ-લે કરનારી સંસ્થાઓ, એ બધા તાણાવાણામાંથી મનુષ્યના વ્યક્તિત્વનું અને તેના 'હું'નું વણાટકામ થાય છે. તેનું પોતાનું કંઇ હોય તો તે માત્ર તેની ગ્રહણ શક્તિ છે અને તેના ચૈતન્યે આપેલી વણાટની ભાત છે !

આ બધાં ઐહિક-ઋણ ભૂલી જઇને, માણસ જ્યારે એમ કહેવા લાગે છે કે-એમાં મારે શું ? ત્યારે તે આત્મવંચના જ કરી રહ્યો હોય છે

પોતાના વ્યક્તિત્વની સામગ્રીને અવગણીને કાલ્પનિક 'હું'ની જાળમાં તે માણસ ફસાય છે. પોતાના શરીરને કે શરીરના ઇન્દ્રિય વ્યાપારોને જ 'હું" માની લઇને પોતાની પરિમિત સ્વાર્થ-કોટડીમાં પૂરાઇ રહે છે અને 'પરમાર્થ'ને બીજા શબ્દોમાં કહીએ તો મહાન સ્વાર્થને જતો કરે છે.

વસ્તુતઃ કોઈએ પણ સત્યને પારકું માનવું જોઈએ નહિ. જે જે માણસ સત્યાચરણ કરતો હોય, તેને પોતાનું સમજી લઇને અને તેના સત્કાર્યને પોતાનું જ કાર્ય માની લઈને વ્યવહારો ચલાવવા જોઇએ.

જે આપણે કરવું જોઇએ, તે બીજો કોઇ કરે તો તે આપણું જ કામ કરે છે-એવી ભાવનાથી તેને સંપૂર્ણ સહાય પહોંચાડવી જોઈએ. બીજુ કંઇ કહાય ન બની શકે, તો પણ તેનો દ્વેષ તો ન જ કરી શકાય એ તો પોતાનો જ દ્વેષ કરવા જેવું નિંદ્ય-કાર્ય છે, સમાજના પરમાર્થનાં અનેક-કાર્યો લોકોની આત્મવંચનાને પરિણામે મંદ બની જાય છે.

## અભિમાનનો ત્યાગ

સારૂં કાર્ય કરનારે પણ તેના અભિમાનને તિલાંજલિ આપવી જોઇએ. યશને ખાતર સારૂં કામ કરનાર પોતાના ક્ષુદ્ર અભિમાનને જ પોષે છે. સત્કાર્ય જ સારૂં હોઇ શકે. સત્ય ભલે મનુષ્ય દ્વારા પ્રસ્થાપિત થતું હોય, પણ એમાં મનુષ્યોની શક્તિઓનું સામર્થ્ય તો નિમિત્ત માત્ર છે. સત્યમાં પોતામાં જ સ્થાપિત થવાનું અને બધાને માન્ય થઇ જવાનું સામર્થ્ય છે.

સત્ય પ્રગટ કરવામાં જ મહત્તા છે, તેને બળજબરીથી લાદવાની કોઈ જરૂર નથી. અહિંસાની સિદ્ધિ થાય તે જ સત્ય ! ધન્ય છે એને કે-જે સત્ય પ્રગટ કરવાનું માધ્યમ બને છે. એ વાજિંત્ર છે, સત્ય બજવૈયો છે. સત્યના વાજિંત્ર થવાની ભાગ્યરેખા ન હોય તેને પણ સત્યનું સંગીત સાંભળવાનું ભાગ્ય તો મળેલું જ છે.

સાચું એ સહુંનું અને ખોટું તે કોઇનું જ નહિ-આ સદાચારનો મહામૂલો મંત્ર છે.

સકલ લોકના વિવિધ પ્રવાહોમાંથી અને જીવનના ભિન્ન-ભિન્ન તબક્કાઓમાંથી સાર તારવીને જીવનને સમૃદ્ધ બનાવવાનો સચોટ ઉપાય ઉક્ત સૂત્રમાં રહેલો છે. તેને અજમાવવાની સુઝ સહુમાં વહેલી-વહેલી જાગે, એ જ અભિલાષા!

卐

# નિદ્રાની કરકસર

નિદ્રા એ નાનકડી નિવૃત્તિ છે, થોડી વારનું મૃત્યુ છે. જે નિવૃત્તિ ભોગવી શકતો નથી, તેનાથી પ્રવૃત્તિ પણ કરી શકાતી નથી. જેને મરતાં ન આવડે, તેને જીવતાં ક્યાંથી આવડે? જે મરી જાણે છે, તે જ જીવી જાણે છે. વીરનું એક જ મૃત્યુ હોય છે, ડરપોકના સેંકડો હોય છે. એજ રીતે જે સારી રીતે ઉંઘી શકતો નથી, તે સારી રીતે જાગી શકતો નથી.

ઉંઘ અને જાગૃતિ એ પરસ્પરાવલંબી છે. ઉંઘ એ કમાણી છે અને જાગૃતિ એ ખર્ચ છે. ઉંઘમાં શરીર નવી શક્તિઓ કમાય છે. અને જાગૃતિમાં તે ખર્ચે છે. જો કમાણી ન હોય, તો ખર્ચ કેમ થઈ શકે? એથી ઊલટું જે ખર્ચ ન કરે, તેને કમાવાનો આનંદ પણ શી રીતે મળે? તેમ છતાં લોકો નિદ્રાની કિંમત ભાગ્યે જ સમજે છે. અતિનિદ્રા અને અનિદ્રા એ આધુનિક જગતના વ્યાપક રોગો છે.

ઉંઘ એ પણ જીવનની મહત્વની ક્રિયા છે. શાસ્ત્રોમાં એક અપેક્ષાએ એને મુક્તિના અવિરત પ્રયાણની સહાયક સામગ્રી માની છે.

સામાન્ય રીતે બે પ્રહરની, વિધિપૂર્વકની નિદ્રા ત્યાગી જીવનમાં પણ વિહિત કરાયેલી છે. તેની પાછળ નક્કર હેતુ છે.

જેમ વૈયક્તિક જીવનની દિવાલો તોડ્યા વિના, અહંકારની શૃંખલા ફેંકી દીધા વિના અને સંપૂર્ણ કામના રહિત થયા વિના, સમાધિ પ્રાપ્ત થતી નથી; તેમ જાગૃત જીવનની સાંકળો તોડ્યા વિના અને સંપૂર્ણપણે મનને અને શરીરને પ્રવૃત્તિમાંથી ખેંચી લીધા વિના સાચી નિદ્રા પ્રાપ્ત નથી.

સમાધિ એટલે પરમ આત્મા સાથે તાદાત્મ્ય અને નિદ્રા એટલે પ્રકૃતિ માતાના ખોળે પડી શક્તિનું કરાતું સ્તનપાન!

ઉંઘતી વખતે જેઓ સંકલ્પ-વિકલ્પો રાખે છે, પોતાના માથા પર, 'આ કરવું ને તે કરવું'' ના વિચારોનો મિથ્યા-ભાર રાખે છે, તેઓ સારી રીતે ઉંઘી શકતા નથી. સ્વપ્નાઓ તેમને ઉંઘ માણવા દેતાં નથી. સુપ્તાવસ્થામાં પ્રકૃતિ સાથે તેનું તાદાત્મ્ય થઈ શકતું નથી. પછી નવી શક્તિ આવે ક્યાંથી?

શરીર, આત્માનું મંદિર છે. ઉંઘ તેનું સમારકામ છે. ઉંઘતી વખતે શરીરને સંભાવી

દેવું જોઈએ. અને પ્રત્યેક અવયવને ઢીલા મૂકી દેવા જોઈએ. શરીરના બધા અવયવોને પૂર્ણપણે શિથિલ કર્યા વગર અને તેને પૂર્ણ આરામની સ્થિતિમાં રાખ્યા વગર, ત્યાં પૂર્ણ સમારકામ થતું નથી. **માટે ઊંઘતી વખતે સમારકામ કરનાર પ્રકૃતિને પૂર્ણપણે સોંપાઇ જવું જોઇએ.** આ સમારકામ વખતે અનુકૂળ સામગ્રી અને પૂર્વ તૈયારી પણ જોઇએ.

શાન્ત જગ્યા, ખૂલ્લી હવા, મનની પ્રસન્નતા વિગેરે સમારકામની સામગ્રી છે.

શ્રદ્ધાપૂર્વક તન-મનને પરમાત્માને શરણે સોંપીને સૂવું વિગેરે સમારકામની પૂર્વ તૈયારી છે.

જેને આહાર પર કાબૂ છે, જે શરીરમાં ઓછો કચરો થવા દે છે, જે અતિ શ્રમથી શરીરને પ્રમાણ બહાર ઘસી નાખતો નથી, જે બ્રહ્મચર્ય પાળી, સમારકામમાં માટી-ચુના તૈયાર રાખે છે, જે પોતાની સુઘડ-ટેવોથી રોગોને શરીરમાં પ્રવેશવા દેતો નથી, તે નિદ્રાનો પૂરો લાભ ઉઠાવી શકે છે. થોડી ઉંઘ લેનારે ગાઢ ઉંઘ લેવી જોઈએ.

પહેલી રાતની ઉંઘ ગાઢ હોય છે, એટલે વહેલા સૂઈ રહેવું. પરોઢની ઉંઘ શ્વાન-નિદ્રા હોય છે, એટલે વહેલા ઉઠવું. આવા બધા નિદ્રાની કરકસરનાં રહસ્ય છે.

ઉંઘ એ જાગૃતિનો ભેરૂ છે. તેનું રહસ્ય જે પિછાને છે, તે જાગૃતિને વધુ ચેતનામય, વધુ પ્રવૃત્તિમય કરી શકે છે. નાના આયુષ્યમાં પણ ભરપૂર શક્તિનું તેજ જન્માવવું હોય, તેણે નિદ્રાની કરકસર અને તેના રહસ્યો સમજવા જોઈએ.

મન-વચન-કાયા આદિને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા જે ઘસારો દિવસ દરમ્યાન પહોંચતો હોય છે, તે ઘસારાને દૂર કરવા માટે રાત્રિ દરમ્યાન નિશ્ચિતપણે લેવાતી ગાઢનિદ્રા, ઘા પર કામ કરતા મલમ કરતા અધિક સારી અસર કરે છે અને વળતા પ્રભાતે માણસ પ્રસન્ન-પ્રફુલ અને સ્ફૂર્તિમય બનીને જીવનનું ધ્યેય હાંસલ કરવાની દિશામાં જરા પણ કંટાળા, અણગમા કે નિરાશા સિવાય, કટિબદ્ધ બને છે.

નિદ્રા ન ડહોળાય તેની કાળજી લેનારને જાગૃતિ દરમ્યાન શક્તિનો અભાવ સહવાનો ભાગ્યે જ અનુભવ કરવો પડે છે.

પ્રકૃતિમાતાના ખોળે વિરમવારૂપ નિદ્રા, જીવનને નિસ્તંદ્ર બનાવવામાં પૂરતી સહાય કરે છે, તેમજ પ્રમાદને પરાસ્ત કરે છે. એમ સમજી વિવેકપૂર્વક તેનો લાભ લેવામાં આવે તો આ યુગને લાગુ પડેલા 'અનિદ્રા-અતિનિદ્રા'ના રોગમાંથી બચી શકાય !

卐

# સિંહાવલોકન

## ધ્યેયનો તાર !

મન વીજળી જેવું ચંચળ અને તરલ છે. તેના વેગ અને શક્તિ વીજળીથી પણ અધિક ચઢિયાતા છે. જો વીજળી અદ્ધરને અદ્ધર રહે તો ફાવે ત્યાં અને ફાવે તેમ પડે ! અને એ વિનાશ સર્જે ! પણ તમે તેને તારમાં પરોવી લો અને કામે લગાડો તો તમારા બધા કાર્યો તે ત્વરિત રીતે કરી આપે, અન્યથા ઉન્માદમાં જ્યાં-ત્યાં અથડાઈ, બધું ભસ્મીભૂત કરી નાખે

આમ મનના વેગો અને આવેગોને કોઈ શુદ્ધ-ધ્યેયના તારમાં પરોવી લો, તો એ તમારૂં કામ ઝપાટાબંધ કરી નાખે. અન્યથા એના ઝપાટામાં તમે ખુદ આવી જશો.

## શક્તિ અને સંયમ

મન આખલા જેવું બળવાન અને રખડું છે. તેના બળ અને ભ્રમણ તો આખલાથી પણ ચઢિયાતા છે. જો તેને સ્વચ્છંદે રખડવા દો. તો તે મારકણું અને ભાંગફોડિયું બને છે. જો તમે તેને નાથી લો ને ધૂંસરીએ જોડી દો. તો તે જીવનની ગાડીને બરાબર ચલાવે છે.

જેણે મનને પુષ્ટ બનાવ્યું છે, પણ નાથ્યું નથી, અથવા નાથ્યું છે, પણ પુષ્ટ બનાવ્યું નથી, તે એક કે બીજા પ્રકારની ભૂલ કરી રહ્યા છે. શક્તિ અને સંયમ બંને સરખા આવશ્યક છે. શક્તિ હશે પણ સંયમ નહિ હોય તો જીવનની ગાડી ઉંધી વળવાની. સંયમ હશે પણ શક્તિ નહિ હોય, તો ગાડી ક્યાંક વચ્ચે જ પડી રહેવાની.

પુષ્ટ મન, શક્તિદાયક બને છે અને તેને નાથવાથી તે સંયમ સહાયક બને છે. જીવનમાં આ બંને ગુણોની પૂરતી આવશ્યકતા છે.

## આત્મશક્તિ જ વધારે કિંમતી !

મન, એક દૃષ્ટિએ રૂપાળા શીંગડાં પર મોહી પડેલા, પેલી હિતોપદેશની કથાના સાબર જેવું છે. તે (મન) બહારના રૂપમાં, વૈભવમાં, દેખાવમાં તરત જ મોહી પડે છે, જ્યારે જીવનના શિકારીઓ-કામ ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એનો પીછો પકડે છે, ત્યારે તે રૂપાળા શીંગડા તેને ઝાડી-ઝાંખરામાં અટવાવી દે છે. તેને ત્યારે સાચી મદદ તો તેના પાતળા, લાંબા અને નાજુક દેખાતા પગ જ કરી શકે છે. બહારની નકામી શોભા અને ઠાઠઠારા કરતાં પોતાની અંદરની ઉઠાવદાર નહિ, એવી પણ આત્મશક્તિ જ વધારે કિંમતી છે. તે શક્તિ સદ્‌ગુણોરૂપે પ્રગટ થાય છે.

તમારી પાસે કેટલું ધન છે ? શી સત્તા છે ? શા સાધનો છે ? શું જ્ઞાન છે ? તેની બડાઇ છોડી દો. આ બધી તો શોભાદાર શીંગડા જેવી ચીજો છે. એ તમને ક્યાંક અટકાવી દે છે. તમારી આંતરિક શક્તિ કેટલી ખીલી છે ? તે જુઓ. તે જ તમારા કલ્યાણકારી પગ બની તમને મુશ્કેલીમાંથી બહાર કાઢશે.

## સિંહ-વૃત્તિ ધરીને સિંહાવલોકન

ટૂંકમાં સત્પ્રવૃત્તિ, સંયમ અને ચારિત્રથી મનને બળાઢ્ય બનાવો. એવું બળવાન મન સિંહવૃત્તિનું ધારક બનશે. પણ સિંહની એક ટેવ પણ તેને જોઈશે, અને તે સિંહાવલોકનની !

સિંહની જેમ છલાંગ મારીને આગળ ભલે વધો, પણ સિંહની જેમ પાછળ જોવાનું ચૂકતા નહિ.

તમે તમારી આવક-જાવકનો હિસાબ રાખો છો ? તમે તમારા અનુભવોની રોજનીશી લખો છો ? તમે તમારા વહી જતા જીવનકાળની પળે-પળ ક્યાં વપરાય છે ?–તે નોંધો છો ?

જો તમે આવું બધું નહિ કરતા હો, તો કેવી રીતે સિંહાવલોકન કરશો ? તમારાં નાણાં અયોગ્ય માર્ગે ખર્ચાઈ જશે અને તેનો તમને ખ્યાલ પણ નહિ આવે ! તમારા અનુભવો વેરાઈ જશે અને સ્મરણોની તાજગી રહેશે નહિ. તમે વૃદ્ધ થઈ જશો અને તમારૂં યૌવન ક્યાં ગયું ? તેનો પત્તો પણ લાગશે નહિ.

માટે વારંવાર સિંહાવલોકન કરવા માટે તમારા ખર્ચનો તમારા અનુભવોનો અને તમારા સમયનો હિસાબ રાખો. વારંવાર પુરાંત નહિ મેળવો તો પસ્તાશો માટે સિંહ બનીને સિંહવલોકન કરતાં શીખો.

આવક-જાવકના હિસાબની નોંધ રાખનારા સહુની એ ફરજ છે કે–તેઓ પોતાના સમય અને શક્તિ કયા માર્ગે ખર્ચાય છે ?–તેની પણ નોંધ રાખે અને જીવનમાં સદ્-ગુણોના વિકાસની આવક બરાબર વધતી રહે છે કે નહિ–તેની ચીવટ રાખે. આ આવક વધવી જ જોઈએ.

તમારી પાસે શું છે એનું મહત્ત્વ એટલું નથી, જેટલું તમે શું છો ?–તેનું છે. એટલે જીવનમાં સિંહવૃત્તિ જગાડવા માટે તમારે મનના માલિક બનવું પડશે. મનની માલિકી માલિકની આજ્ઞાને સોંપવી પડશે તો જ જીવનની પળેપળનો સર્વોત્તમ સદ્ઉપયોગ કરવાની કળા તમે હસ્તગત કરી શકશો. 卐

## રમકડાં

બાળકને કોઇ પૂછે કે–પૈસા ક્યાંથી આવે છે ? તો તે બેધડક કહેશે કે બાપાના ગજવામાંથી ! કારણ કે તેના માટે તો દેખીતું જગત જ સાચું છે !

બાળક જુએ છે કે–શાકભાજી માર્કેટમાંથી આવે છે, અનાજ–કાપડ દુકાનોમાંથી આવે છે, પાણી નળમાંથી આવે છે, દૂધ, દૂધવાળો લાવે છે. અને એ બધું મેળવવાના પૈસા બાપાના ગજવામાંથી જ આવે છે.

બાળકની આ સમજ ખોટી નથી, પણ અધૂરી છે. એટલે જ એ રમકડાંની દુનિયાની મોજ માણી શકે છે. ક્યારેક ગજવાના પૈસા ખૂટે છે, બાળકના રમકડાંની ગાય ભાંગી પડે છે, તેની રમકડાંની સિસોટી વાગતી નથી અને એ રોકકળ કરી મૂકે છે.

મોટી ઉંમરે પણ કેટલાંક માણસો બાળ-બુદ્ધિથી દોરવાતા હોય છે. 'અહિંસા પરમો ધર્મ'નો પોપટીયો જાપ જપનારા લોકો મોજશોખ માટે મુલાયમ ચામડાના બુટ પહેરે છે, શરીર સુધારવા હેમોગ્લોબીન, લીવર એકટ્રેકટ અથવા કોડલીવરની દવાઓ પીએ છે, બંગલાઓ તેમજ મોટરોમાં મોજ માણે છે, ત્યારે તેમને ભાગ્યે જ ખબર હોય છે કે-તેમની ક્ષુદ્ર-મોજશોખ ખાતર, બુટના ચામડાં મેળવવા માટે હજારો મૂંગા ઢોરની કતલ કરવામાં આવે છે. તેમની દવાઓ માટે સેંકડો ઘોડા, બળદો, માછલાંઓ તેમજ ઈતર પ્રાણીઓનો અસહ્ય-ક્રુરતાથી ભોગ લેવામાં આવે છે. એમના બંગલા બંધાવવામાં કે મોટરો ચલાવવામાં ખર્ચાતાં અન્યાયના નાણાં, કાળી મજુરી કરનારા લાખો મજૂરોના રક્તના શોષણનું ફળ હોય છે.

આવું ઘણા માણસોને નજરે દેખાતું નથી, એટલે બાળકો જેટલા જ અજ્ઞાનથી તેઓ મોજમાં મશગુલ રહ્યા કરે છે. ક્યારેક તેમના રમકડાં કામ આપતાં નથી કે ધન લુપ્ત થાય છે, ત્યારે તેઓ બાળકની પેઠે જ રોકકળ કરી મૂકે છે.

નજરે દેખાતી વસ્તુઓમાં જ સર્વસ્વ જોનારા આવા લોકો, જગતના રમકડાઓમાં જ લટ્ટુ હોય છે. ધન તેમને આ બધું ખરીદી આપે છે-એટલે તેઓ ધનનું મૂલ્ય આંકે છે અને ધનવાન થવામાં જ જીવનની બધી શક્તિઓ ખર્ચે છે.

નિર્ધન માણસો પણ આ જ પ્રકારના હોય છે, ફરક એટલો જ હોય છે કે-તેઓ ધનવાન થવાનો પ્રયત્ન કરવા છતાં ધનવાન થઈ શક્યા હોતા નથી. પરિણામે કેટલાંક નિર્ધનો ધનવાનોથી અંજાઇ જઈ તેમના દાસાનુદાસ બની રહે છે અને કેટલાક નિષ્ફળતાથી ખીજવાઈ, ધનવાનોનો ભયંકર દ્વેષ કરે છે.

પરંતુ એટલું તો નક્કી જ છે કે-ધનવાન અને નિર્ધન બંને ધનપતિપણાનું પ્રમાણાધિક મૂલ્ય આંકે છે. દ્રવ્યોપાર્જનનું મૂળ તેઓ જોઈ શકતા નથી, તેઓ તો દ્રવ્ય-વૃક્ષની ડાળે લટકતાં ફળમાં જ ચકચૂર હોય છે.

પણ જો સમજાઈ જાય કે લાખ રૂપિયા એટલે લાખ માણસની દૈનિક એક રૂપીઆના હિસાબે એકત્ર થએલી એક દિવસની મજુરી! તો તેઓ દ્રવ્યોત્પાદનનું સાચું મૂલ્ય આંકતા થશે.

દ્રવ્ય બળ છે ખરૂં! પણ એ બળ તેના માલિક થઈ બેઠેલા દ્રવ્યવાનનું પોતાનું નથી. અકસ્માતથી કે કારણથી ધનની માલિકી હરાઈ જતાં ધનવાનની સ્થિતિ પાંખ વગરના પંખી જેવી થઈ જાય છે. ધનથી વિભક્ત થએલા ધનિકની કિંમત સડેલા ફળ જેટલી થાય છે. ધનિક કે નિર્ધન જો આટલું જ સમજી લે તો તેઓ ધનવાનોથી અંજાઈ જતાં કે તેમનો દ્વેષ કરતાં બચી જાય ?

ધનની પાછળ રહેલો શ્રમ જે જુએ છે, મોજમઝાની પાછળ રહેલું પાપ જે જુએ છે, તે જ ધનનું સાચું મૂલ્ય આંકી શકે છે, અને ધનવાન બનવા કરતાં, ધનનો કેવળ સંગ્રહ કરવા કરતાં, તેનો વ્યય સન્માર્ગે કરતાં રહે છે.

હાં ! અને ધન બધું જ કયાં ખરીદી શકે છે ?

માતાપિતાનો, ભાઇ–ભાંડુઓનો કે પ્રિયજનોનો સાચો પ્રેમ ધનની ખરીદ શક્તિની બહાર છે. સિદ્ધાન્તવાદી લોકોત્તર પુરુષો ધનથી કયાં લલચાય છે ? ધનથી આયુષ્ય ખરીદી શકાતું નથી. સમયના પ્રવાહને ધન કયાં ખાળી શકે છે ? ચારિત્ર અને માનસિક શાન્તિ ધનની કક્ષામાં ફરતા નથી. ધન મહાત્માઓ પાસે કયાં હોય છે ?

ટૂંકમાં ધન, બાહ્ય–જગતનું મહાન બળ છે ખરૂં. તો પણ તેની શક્તિઓ ખૂબ મર્યાદિત છે. અને તે પણ તેના સદુપયોગ પર આધારિત છે. નહિ કે કેવળ સંગ્રહ કે સંચય ઉપર !

ધનના સંગ્રહ કે સંચયમાં રાચનારા, રમકડામાં રાચનારાં બાળકો કરતાં જરા પણ આગળ વધ્યા હોય એમ માનવુ તે મુદ્દલ વ્યાજબી નથી.

卐

# સમાનતાનો સાચો ઉપાય :

વિશ્વની કોઇ બે વસ્તુઓ સંપૂર્ણ રીતે સમાન નથી. આપણે સહુ રૂપ, રંગ, શક્તિ અને વ્યક્તિત્વની દૃષ્ટિએ ભિન્ન અને અસમાન છીએ' હરેકનું સ્થાન જુદું, ગુણધર્મો જુદા ને અધિકાર જુદો !

વિવિધતા અને ભેદ તો પ્રકૃતિનું પ્રગટ સ્વરૂપ છે. આ હકીકત ભૂલી જઇને–આપણે બધા સમાન છીએનું પ્રચલિત સૂત્ર અણસમજ્યે ચાલવાના પ્રયાસો કરવામાં આવે છે આ એક દુઃખદ બીના છે.

કોલેજનો વિદ્યાર્થી લો કે મીલનો મજુર લો. સરકારી અમલદાર લો કે તેનો પટાવાળો લો. કારખાનાનો માલિક લો કે તેનો કારકુન લો. બધા જ સમાનતાની વાતો કરે છે.

આ જગતમાં કોઈ ઊંચું નથી અને કોઈ નીચું નથી ! જાતિ–જાતિ, વર્ણ–વર્ણ, પ્રજા–પ્રજા, સ્ત્રી–પુરુષ સર્વત્ર સમાનતા રહેલી છે ! આવી વાતો કરનારાઓ તે સમાનતા કયાં રહેલી છે ? અને કેવી રીતે રહેલી છે ? આ અંગે ભાગ્યે જ વિચાર કરે છે.

પવન વાય તે બાજુ પીઠ કરીને ચાલવાનું લોકોને ઠીક પડે છે. પ્રજાતંત્રના આ જમાનામાં, સ્વતન્ત્રતાના આ યુગમાં, સમાજવાદના ભણકારા સંભળાયા કરે છે તે કાળમાં, સમાનતાના ગીત ગાવાની તેમને કોઈ 'ના' પાડી શકતું નથી. સમાનતાના 'નારા' લગાડવાનું શીખી લઈને અનેક પ્રકારની મૂર્ખાઈઓ થાય છે, તેનો ખ્યાલ સુદ્ધાં પણ એ લોકોને આવતો નથી. આ નારાઓ સાંભળીને લોકો બિચારા સમાનતાના કલ્પિત સ્વર્ગમાં વિહરે છે અને તેની ઈન્દ્રજાળમાં ફસાઇ પડે છે. લોકો સમાનતાના નામે પોતાનામાં રહેલી વિશેષતાઓને વિકસાવતા નથી અને બીજાઓમાં રહેલી વિશેષતાઓનો આદર કરતા નથી.

હિંદુ અને મુસલમાનો સમાન છે! સત્તાધીશો પણ આપણા જેવા માણસો જ છે! આપણે બધા એક જ પિતાના સંતાનો છીએ! આવું-આવું ક્યાંકથી શીખી લાવીને લોકો ભ્રમિતપણાના ચશ્માંમાંથી આખા જગતને જુએ છે. ધીમે ધીમે તેમાંથી દેખાદેખી જન્મે છે. બુદ્ધિહીન, બુદ્ધિમાન જેવું કરવા લલચાય છે. અશક્ત, સશક્તની ચાલે ચલવા જાય છે. રંક, ધનવાનની પેઠે રહેવા જાય છે. ઉલટ પક્ષે બુદ્ધિમાન, બુદ્ધિહીન જેવાં કાર્યો કરવા તૈયાર થાય છે. સશક્ત અશક્તની જેમ વર્તવા જાય છે. ધનવાન, નિર્ધનનું અનુકરણ કરે છે. અને દેખાદેખીથી વર્તન કરવામાં ફાવટ જણાતી નથી, ત્યારે પરસ્પર અદેખાઇ કરવા લાગે છે. અભિમાન ઘવાતાં મિથ્યાભિમાનના ઊંચા આસને ચઢવા જાય છે. છેવટે પટકાય છે અને વ્યવહારમાં અસમાનતાનું સામ્રાજ્ય જોઈ અકળાય છે, અંતે તિરસ્કાર, ક્રોધ, કટુતા વિગેરે તેમના જીવનના સહચર બને છે.

ઢોલ પીટીને કહેવાનું મન થઈ જાય છે કે ભાઈ! શા માટે સમાનતાના ચાળે ચઢ્યા છો? વિષમતા તો કુદરતી છે. નાના મોટા વ્યવહારોમાં અને કુદરતની સ્વાભાવિક દુનિયામાં રહેવું હોય તો વિષમતાનો સ્વીકાર કરતા થઈ જાઓ. જ્યાં-જ્યાં વિશેષતા દેખો, વધુ શક્તિ અને સદ્ગુણો દેખો, ત્યાં-ત્યાં તેનો આદર કરતાં શીખો; નમ્ર બની તેમનું અનુકરણ કરો. જ્યાં-જ્યાં ઉણપ દેખો, ઓછી શક્તિ દેખો, દુર્ગુણો અને દોષ દેખો, ત્યાં-ત્યાં તેના તરફ સહાનુભૂતિ ભરી નજર રાખો.

વયમાં જેમ નાના-મોટા માણસો હોય છે, તેમ ગુણથી પણ નાના મોટા હોય છે, બધાને વિકાસના પગથિયાં ચઢવાનાં છે. કોઇ ચઢી ગયા છે, તો કોઇને હજી ચઢવાનું છે.

વિશ્વમાં જણાતી ભિન્નતા-અસમાનતા, પ્રાકૃતિક છે. જ્યારે સમાનતા સાંસ્કૃતિક છે. પ્રાકૃતિક ભિન્નતા હોવા છતાં સર્વને એકત્વ અપાવનાર કોઈ બળવાન તત્ત્વ બધામાં રહેલું છે. સંસ્કારિતાના શઢે આગળ વધી તે તત્ત્વને શોધી કાઢવાનું છે.

ઉચ્ચ કોટિએ પહોંચાય છે, તે પછી જ સમાનતા કે એકતા અનુભવી શકાય છે. વિષમ-જગતમાં સમાનતા અનુભવવી હોય, તો તે દેખાદેખી કે ઈર્ષ્યાવૃત્તિમાં નહિ મળે. પણ પ્રેમમાં મળશે.

જ્ઞાની–પિતા અજ્ઞાની–સંતાનને ચાહી શકે છે. દયાળુ–માણસ દુઃખીને ચાહી શકે છે. એકને આપવામાં સુખ છે, બીજાને લેવામાં. ખૂબી તો એ છે કે–વિષમતા અને વિવિધતા જ જગતના પ્રેમનું અધિષ્ઠાન છે. એકને પ્રેમી થવું છે, તો બીજાને પ્રેમપાત્ર થવું છે! એટલે બંનેનો તરત મેળ બેસે છે. ભૂખ છે તો અન્ન છે. તૃષ્ણા છે તો જળ છે. આંખ છે તો પ્રકાશ છે. બધા એક–બીજા માટે છે.

બધી વિષમતાને આત્મીયતાથી જોવામાં ખરી સમાનતા રહેલી છે. બધા પોતપોતાની વિષમતા પ્રમાણે વર્તે છે; પોતપોતાના ગુણ–ધર્મો પ્રમાણે વર્તી રહ્યા છે, યથાર્થ વિકાસ થયા બાદ જ બધા સમાન બની શકવાના છે.

卐

# યોગ્યને યોગ્યનું મિલન

ગર્ભ શ્રીમંત માબાપના પુત્રને ઓચિંતો મોટી સંપત્તિનો વારસો મળી જતાં, તેની જેવી સ્થિતિ થાય છે, તેવી જ સ્થિતિ આજના જગતની થઇ છે.

બૌદ્ધિક–જ્ઞાનનો મોટો વારસો માનવજાતને આજે મળ્યો છે. પરંતુ તેને જીરવવાની કે પચાવવાની તેની આંતર–શક્તિ હજી ખીલી નથી.

વાંદરાને હથિયાર મળી જાય એટલે કાં તો તે પોતાને ઘાયલ કરી બેસે, અથવા તો બીજાને નુકશાન પહોંચાડે!

જ્ઞાન–વિજ્ઞાનની શક્તિથી માનવ પોતાનો અવાજ, જગતના દૂર–દૂરના ખૂણા સુધી પહોંચાડી શકે છે. પણ અફસોસ એ વાતનો છે કે વાતચીત કઈ રીતે કરવી, તે એને હજી આવડતું નથી.

મનુષ્ય, હજી અંતઃકરણ પશુ જેવું ધરાવે છે અને શક્તિઓ દેવ જેવી મેળવે છે. આ શોચનીય સ્થિતિ ચાલુ રહેશે, ત્યાં સુધી જગતનો આપત્તિઓમાંથી ઉદ્ધાર નથી થવાનો!

પાચન–શક્તિને સુધાર્યા વિના પૌષ્ટિક ખોરાકનો કશો ઉપયોગ નથી, તેમ અંતઃકરણને સુધાર્યા વિના જ્ઞાન–વિજ્ઞાનનો પણ ઉચિત ઉપયોગ થઈ શકતો નથી.

દેવ જેવી શક્તિઓને વાપરવા માટે દેવ જેવા અંતઃકરણની જરૂર છે.

અંતઃકરણમાં દિવ્યતા પ્રાપ્ત કર્યા વિના, શક્તિઓ દૈવી નહિ પણ રાક્ષસી બને છે.

પાત્રતાના વિકાસની ઉપેક્ષા કરીને, માત્ર પ્રગતિની ધૂનમાં, ક્ષિતિજો સર કરવાની આંધળી જે દોટ જ્ઞાન–વિજ્ઞાને મૂકી છે, તેણે માનવજાતને વધુ બેહાલ બનાવી છે.

રમતા બાળકને સગડી પાસે ન જવા દેવાય, તેમ જેઓની બુદ્ધિ વાસના તેમજ

સ્વાર્થબદ્ધ છે, તેવા માનવોની અધિકતાવાળા આ જગતમાં, અગત્યની આવશ્યકતા અંતઃકરણને અજવાળનારા ઔષધોની છે! હૈયું સુધરશે તો કાળા કોલસા પાસેથી પણ એ ઉજળું કામ લઈ શકશે. જ્યારે કાળું હૈયું તો ધોળા ચાકનો ઉપયોગ પણ કાળા કામમાં કરશે. માટે જ્ઞાન-વિજ્ઞાન જેમના માટે છે, તેમની યોગ્યતાને બધી બાજુએથી સુધારવાની પ્રધાન-આવશ્યકતા છે.

卐

# વસ્તુ અને તેનો આભાસ

કોઈને કોઈ સ્વરૂપમાં કીર્તિનો મોહ લગભગ દરેકને હોય છે. હું 'વીર' ગણાઉં, લોકો મને 'ઉદાર' ગણે, હું 'સાધુ-પુરુષ' કહેવાઉં, લોકો મને 'વિદ્વાન કહે, હું 'સુંદર' દેખાઉં, લોકો મને 'ચતુર' માને, હું 'મહાન લાગું', લોકો મને 'નેતા' કબૂલે! આવી અનેક પ્રકારની કીર્તિ-લાલસા મનુષ્યને વળગેલી હોય છે.

ક્યારેક કોઈ કહે કે આ બધો કીર્તિનો મોહ છે! ત્યારે 'મેં' કીર્તિનો મોહ છોડ્યો છે, એવું 'એ ભાઈ' લોકોને ઠસાવવા મથે છે. પરિણામે કીર્તિનો મોહ, આગલે બારણેથી પ્રવેશ ન મળતાં, પાછલે બારણેથી વેશપલટો કરી ઘૂસી જાય છે. કીર્તિની લાલસા એવી પ્રબળ છે.

કનક, કામિની અને કીર્તિ, આ ત્રણે વસ્તુઓ મોહ ઉપજાવનારી છે. સંસાર-મંડપના એ આધાર સ્થંભો છે, એ લઈલો, કે સંસારીજીવન સમાપ્ત થાય. સાંસારિક જીવનમાં તે અનિવાર્ય છે, એમ માની લઈએ તો પણ તેનો મોહ એ બહુ બૂરી ચીજ છે. મોહ માણસને આંધળો બનાવે છે. દીવાનો બનાવે છે. અંતે તેનો નાશ કરીને જ છોડે છે.

આ મોહ મૃગજળ જેવો આભાસ ઉત્પન્ન કરે છે, એથી મનુષ્ય પોતાની બધી શક્તિ, તેની પાછળ ભટકવામાં ખર્ચી નાખે છે અને જે પ્રાપ્ત કરવાનું છે, તેને માટે શક્તિ બચતી નથી.

વળી આભાસી-વસ્તુ જ એવી છે કે તે ખરેખર હોતી જ નથી. એટલે તેને માટે પ્રયત્ન કરવા છતાં મળતું કાંઈ નથી. તેને મેળવવાનો પ્રયત્ન છોડી દેવામાં આવે, તો જ આભાસની પાછળનો સાચો અર્થ ભાસે છે અને તે પ્રાપ્ત થતાં તેનો આભાસ પણ પ્રાપ્ત થાય છે.

દેખાવની પાછળ પડવા કરતાં, તે જેનો દેખાવ છે, તે સત્ય જ પ્રાપ્ત કરવું જોઈએ. સત્યનો સૂરજ ઉગતાં મોહનું ધુમ્મસ ઉડી જાય છે.

શ્રમ કર્યા વિના ધનની પાછળ પડવું, માતા તરીકેનો આદર કર્યા વિના રૂપની પાછળ ભમવું, સદાચારી બન્યા વિના કીર્તિની પાછળ વલખાં મારવાં, એ બધો મોહનો વિલાસ છે. એ બધી આંધળી દોટ છે અને વ્યર્થ પરિશ્રમ છે.

આપણે ફૂલ થઇએ તો આપોઆપ સૌરભ પ્રસરે.
આપણે દીપક બનીએ તો આપોઆપ પ્રકાશ ફેલાય.
આપણે સુવર્ણ બનીએ તો તરત ચળકવા લાગીએ.
આપણે રત્ન હોઇએ, તો આપોઆપ મૂલ્ય અંકાય.
પણ આપણે તો તેવું કશું થયા વિના જ તેવા દેખાવા માગીએ છીએ.

આજના માણસને બનાવટી ફૂલ ચાલે, છીછીનો પ્રકાશ ચાલે, સોનાનો ઢોળ ચાલે, કાચનો ટૂકડો ચાલે. શરત એટલી જ છે કે–તે ફૂલ, દીવા, સુવર્ણ કે રત્ન જેવું દેખાવું જોઇએ. પણ આમ મૃગજળથી કંઈ તૃષા શમે !

કીર્તિ એક એવી મોહિની છે કે–તે દેખાવ ઇચ્છનારને કેફી–સુરા પાય છે, અને સત્ય ઇચ્છનારને તે અમૃતનું પાન કરાવે છે.

લોકોને શું દેખાડવું, તેના કરતાં પોતે શું બનવું, તેનો ખ્યાલ કરનારને અચળ–કીર્તિ મળે છે. બાકી એ યાદ રાખવું જરૂરી છે કે–ક્ષણિક ઢોળ ઉતર્યા વિના રહેતો નથી. સાચું સોનું ચળકયા વિના રહેતું નથી.

દેખાવની પાછળ પડ્યા વિના, દેખાવ જેનો છે તે સત્યની પાછળ જ પડવું અને તેને જ મેળવવા પરિશ્રમ કરવો, એ સાચો વિવેક છે. સાચા વિવેકનું પરિણામ પણ સુંદર આવે છે !

卐

# સંપૂર્ણ અધઃપતન કેમ નહિ ?

પ્રશ્ન :– આ જગત અધઃપતનના માર્ગે જતું દેખાય છે, છતાં તેનું સંપૂર્ણ અધઃપતન કેમ નહિ થઇ જતું હોય ? અંશે અંશે પણ શુભ ભાવનાઓ, શુભ પ્રવૃત્તિઓ ટકી રહે છે, એનું કારણ શું ?

સમાધાન :– શરીરમાં જ્યાં સુધી જીવ છે, ત્યાં સુધી એ શરીરમાં કોઇ ઠેકાણે બગાડો થતો દેખાય છે કે તરત જ એને સુધારવાનું કાર્ય શરૂ થઇ જાય છે. ઘસારો લાગે કે પ્રાયઃ તરત એને પૂરી દેવા આખું યંત્ર કાર્ય કરતું રહે છે. કોઈ ઠેકાણે ઘા થતાં જ, લોહી વહી જતું અટકાવી દેવા, લોહીના સફેદ રજકણો ત્યાં જમા થઇ જાય છે.

જે જીવની હાજરી–માત્રથી શરીરમાં સડો થતો અટકી જાય છે. એ જીવ આ શરીરને છોડી દે છે કે–તરત જ શરીર ગંધાઇ ઉઠે છે.

સંસારી અશુદ્ધ જીવની આટલી અસર છે, તો સર્વથા શુદ્ધ–જીવોની અસર કેટલી માનવી ?

યથાપિંડે તથા બ્રહ્માંડે.

પોતાના પિંડમાં જેમ પોતાના અશુદ્ધ પણ જીવની આટલી સારી અસર પહોંચે છે, તો સમગ્ર બ્રહ્માંડમાં કે-જ્યાં અનેક શુદ્ધ આત્માઓ, સિદ્ધ આત્માઓ વિદ્યમાન છે, ત્યાં તેમની અસર કેમ ન પડે ?

જગત તદ્દન અધઃપતનના માર્ગે નથી ઘસડાઈ જતું. તેનું કારણ શુદ્ધ-જીવોની જગતમાં સદાકાળ જે હાજરી રહેલી છે તે છે.

સમગ્ર લોકનું સંપૂર્ણ અધઃપતન ક્યારેય થયું નથી. થતું નથી કે થવાનું નથી! કારણ કે લોકના અગ્ર ભાગે અનંત શુદ્ધ (સિદ્ધ) આત્માઓ સર્વ-કાળે બિરાજમાન હોય છે.

બીજી મહત્વની બાબત એ છે કે-આ અનંતા સિદ્ધ આત્માઓ લોકની બહાર નથી. પરંતુ લોકના અગ્ર ભાગે છે. તેના કારણે લોકમાં આંશિક પણ શુભ પ્રવૃત્તિ તેમજ આત્મ-શુદ્ધિની પ્રક્રિયા કોઈ પણ કાળે સર્વથા લુપ્ત થતી નથી એટલે આખું જગત આ પરમ વિશુદ્ધ આત્માઓનું ઋણ સ્વીકારે છે.

卐

# શરીર એક સાઈકલ

પૂર્વ-કર્મોના ફળ સ્વરૂપ જે શરીર મનુષ્યને મળે છે, તેને બે પૈડાંની એક સાઇકલ સાથે પણ સરખાવી શકાય.

સાઈકલ પાસેથી જેમ કામ લઈએ છીએ અને તેને સંભાળીને રાખીએ છીએ, તેમ શરીર પાસેથી પણ કામ લેવાનું છે અને તેને યોગ્ય સંભાળ રાખવાની છે.

સાઈકલને ચલાવતી વખતે તેનું બેલેન્સ બરાબર રાખવું પડે છે. જો તેમ કરવામાં ન આવે તો તે સુખને બદલે, દુઃખનું કારણ થઈ પડે છે.

તે રીતે શરીર પાસેથી કામ લેવાને માટે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે-આ શરીર એ જીવ નથી, પણ જીવનું સાધન માત્ર છે.

શરીર માટે સાઇકલ છે, પણ સાઇકલ માટે શરીર નથી. તેમ જીવ માટે શરીર છે, પણ શરીર માટે જીવ નથી.

સાઈકલને ગમે તેટલી સંભાળીને રાખો તો પણ એક દિવસ જૂની થઇ જવાની અને તેના વિવિધ ભાગો ઢીલા પડી જવાના. અને છેવટે તે નકામી બની જવાની.

આવી જ દશા માનવ-શરીરની અને તેમાં રહેલ ઇન્દ્રિયો વિગેરેની પણ થઇ જવાની. એ કારણે એમાં આસક્તિ નહિ રાખતાં સમતાપૂર્વક સાધન તરીકે તેનો ઉપયોગ કરી લેવો એ જ સાર છે.

સાઇકલ, પ્રવાસની સુગમતા માટે છે, તેમ શરીર પણ ભવવાટ કાપવાનું સરસ એક સાધન છે. અર્થહીન કે લક્ષ્યહીન રખડપટ્ટીથી સાઇકલ ઝડપથી બિસ્માર બની જાય છે. તેમ આરાધનાના લક્ષ્ય વગરનું શરીર પણ અલ્પકાળમાં રોગનું ઘર બનવાનો પૂરો સંભવ રહે જ છે. માટે તેને જીવન વિકાસનું વફાદાર સાધન બનાવીને ઉપયોગમાં લેવું જોઇએ.

卐

# સંયોગો અને સિદ્ધિ

તમે સફળ થવા શક્તિમાન છો, પણ સંયોગો તમને સફળ થવા દેતા નથી–આ કેવળ બહાનું છે.

બહારના સંયોગો માટી જેવા છે. જ્યાં સુધી તમે તેનાથી દૂર ભાગવા પ્રયાસ કરશો, ત્યાં સુધી તમને ખરી સિદ્ધિ મળશે નહિ અને સંયોગોની માટીમાંથી ત્યાં સુધી કંઇક નવું ઘડી શકાશે નહિ.

સંયોગો જેવી એક કોઇ 'વસ્તુ' છે, તેનો અહીં ઇન્કાર નથી, પરંતુ મનુષ્યની પ્રકૃતિ, કાર્ય શક્તિ અને એની વિશિષ્ટતાનો અહીં એકરાર કરવાનો છે.

જે એકને નિરાશાજનક લાગે, તે જ સંયોગો બીજાને આશા પ્રેરક લાગે. જે સ્થિતિ એકને વિકટ લાગે, તે બીજાને સરસ એક તક સમાન થઇ પડે. જેનાથી એક હારીને ભાગે, તેને બીજો પોતાને વશ કરી, પ્રગતિ સાધે–એવું આ જગતમાં બનતું આવે છે.

સંયોગો તો સરિતાના જળ જેવા છે. જે તેમાંથી નહેર કાઢી, તેને પોતાના ખેતરમાં વાળી લે, ત્યાં તે વળી જાય છે!

જેમ લોઢાને ટીપીને લુહાર, લાકડાને કાપીકૂપીને સુથાર અને માટીને ઘાટ આપીને કુંભાર પોતાનું ધાર્યું કરી શકે છે, તેમ સામર્થ્યવાન મનુષ્ય સંયોગોનો યથાર્થ ઉપયોગ કરીને પોતાનું ધાર્યું કરી શકે છે.

આપણી પાસે પૈસા નથી એટલે આપણું ધાર્યું થતું નથી, આપણી પાસે વિદ્યા નથી એટલે આપણી ધારણા બર આવતી નથી, આપણી પાસે સાધનો નથી એટલે બધું બગડી જાય છે–એવું એવું બોલીને માણસ પોતાના સંયોગોને દોષ દે છે.

ખરી હકીકત એ છે કે આ રીતે રોદણા રડનારો સિદ્ધિના ક્ષેત્રથી બહુ દૂર છે ત્યાં સુધી પહોંચવા માટેનું બળ અજમાવવાનું સામર્થ્ય તેનામાં છે નહિ અને જ્યાં સુધી ઉક્ત પ્રકારનાં રોદણાં એ રીતે રહેશે, ત્યાં સુધી તે સામર્થ્ય પ્રગટ થવાનું પણ નથી.

દરેક માણસમાં એવું 'કંઇક' છે. જે બીજામાં નથી. માણસ ભિન્ન છે, એનો અર્થ જ એ કે તે બીજા કરતાં કંઈક જુદી સ્થિતિ અને શક્તિ ધરાવે છે. પોતાની ભિન્નતા ઓળખી લેવી અને પોતાનું સાચું કામ શોધી કાઢી, સંયોગોને તે દિશામાં વાળવા પ્રયત્ન કરવો. એમાં જ પુરુષાર્થ છે.

આપણે બીજા બધા કરતાં કંઇક જુદી જ સ્થિતિમાં જન્મ્યા છીએ, એટલે સંયોગો પણ આપણી સામે જુદી જ સ્થિતિમાં ઊભા રહેવાના. કારણ કે સંયોગની પ્રાપ્તિમાં દૈવ પણ કારણ છે. દૈવ-યોગે પ્રાપ્ત થએલી પોતાની સ્થિતિમાં ઊણપ જોઇને નિરાશ ન થતા, મનુષ્યે તેમાં રહેલી વિશિષ્ટતા શોધી કાઢવી જોઇએ. અને જે સંયોગો આપ મેળે મળ્યા છે, તેનો સારામાં સારો સદુપયોગ કરી લેવો જોઈએ.

જે મળ્યું છે તે અપૂરતું છે-એમ માની, ભાગ્યને દોષ દઇ રોદણાં રડ્યાં કરતાં તેમાં જ સર્વ શક્તિ ખર્ચી સિદ્ધિને માટે મથવું જોઈએ. મળેલા ભાગ્યને વખાણવામાં અને તેનો સદુપયોગ કરી લેવામાં જ ખરો પુરુષાર્થ અને સદ્બુદ્ધિ છે. નહિ કે નિંદવામાં અને પોતાની અશક્તિનો ખોટો બચાવ કરવામાં. એમ કરવું એ તો એક પ્રકારની આત્મ-વંચના છે.

સારા સંયોગોની રાહ જોઈને માત્ર બેસી રહેવામાં જીવનની બરબાદી છે. દૃઢ નિર્ધાર દ્વારા સંયોગો પર સવાર થઈ શકનાર જ જીવનમાં સંગીન-સફળતા સાધી શકે છે.

卐

# પાંચ પ્રાણોનું સ્વરૂપ

પ્રાણ. અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ પ્રાણો છેઃ પ્રાણનું સ્થાન હૃદય, અપાનનું સ્થાન ગુદા, વ્યાનનું સ્થાન સર્વ શરીર, ઉદાનનું સ્થાન કંઠ અને સમાનનું સ્થાન નાભિ છે.

નાગ, કૂર્મ, કુકર, દેવદત્ત અને ધનંજય એ પાંચ ગૌણ પ્રાણો છે. અને દેહની અમુક અમુક ચેષ્ટા પ્રસંગે પ્રગટ થાય છે.

ઓડકાર વખતે નાગની કળા જાગે છે. અને તે પીઠના છેડામાં રહેલી કુંડલિની શક્તિને વળગી રહેલો હોય છે.

કૂર્મ નામનો પ્રાણ આંખોને ઉઘાડવાનો વ્યાપાર કરે છે, તેનું સ્થાન મૂલાધાર છે.

કુકર પ્રાણનો વ્યાપાર ક્ષુધાને ઉત્પન્ન કરે છે, તેનું સ્થાન શરીરના બધા સાંધાઓમાં છે.

દેવદત્ત પ્રાણ બગાસું ખાવાના વ્યપારમાં પ્રગટ થાય છે અને તેની વ્યાપ્તિ સમગ્ર ત્વચામાં છે.

ધનંજય પ્રાણ સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલો છે. મરણ પછી પણ દેહમાં કેટલોક સમય તે રહે છે. ધનંજયની ઉપયોગિતા દોડવા વગેરે ક્રિયામાં જણાય છે.

આ બધા પ્રાણોનો પ્રભુ આત્મા છે. માટે આત્માને સાચવવાથી આ પ્રાણોનો તાલ સચવાઈ રહે છે, આત્માને સાચવવો એટલે આત્મભાવમાં રહેવું, આત્મૌપમ્ય દૃષ્ટિનું જતન કરવું. પ્રાણોને ધક્કો ત્યારે લાગે છે જયારે આત્મા વિભાવ વશ થાય છે. માટે સ્વભાવમાં રહેવું એ ધર્મ છે.

卐

## નમન

દાન એ કર્મ છે અને પૂજા એ યજ્ઞ છે.

Give to the needy and worship the unneedy, these two are the Fundamentals of true religion.

એકમાં વસ્તુનું દાન છે, બીજામાં સન્માનનું દાન છે.

વિષયો વાનર જેવા ચપળ છે. કષાયો નાગ જેવા ઝેરી છે. 'નમો અરિહંતાણં' નું ધ્યાન ઉભયને જ જીતવા માટે છે.

ઉર્ધ્વતા સામાન્યથી થતું ધ્યાન, વિષય-વાસનાનું પ્રતિપક્ષી છે.

તિર્યક્ સામાન્યથી થતું તે ધ્યાન કષાયોનું પ્રતિરોધક છે.

મન એક ચોર છે, તેણે આત્મમુક્તિનું અપહરણ કર્યું છે. તેને દંડવાથી જ પરમ પદની પ્રાપ્તિ છે. તેને દંડવું એટલે નમાવવું. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોના ચરણ કમળમાં વારંવાર ઝુકાવવું. ત્યાં સુધી ઝુકાવવું કે તેનો બધો ઝોક શ્રી અરિહંત તરફ જ થઈ જાય અને એ સંસારને પૂંઠ બતાવતું થઈ જાય.

સંસારમાં રમતું મન વિપત્તિઓના સાગરરૂપ સંસારમાં જ જીવને રીબાવે છે. શ્રી નવકારમાં રમતું મન, જીવની મુક્તિનું પ્રબળ કારણ બને છે.

નમન, એ જ મનનો સર્વ શ્રેષ્ઠ સદુપયોગ છે.

卐

# મંત્રની શક્તિ

એક બાજુ સ્ટીલ અને બીજી બાજુ પાણી. આ બેમાંથી શક્તિ વધારે કોની? સ્થૂલ દૃષ્ટિવાળો કહેશે કે-સ્ટીલની. પણ સ્ટીલને પાણીના કુંડમાં નાખો. ચાર મહિના પછી જુઓ કોની હાર થાય છે. પોલાદની કે પાણીની?

આગળ વધીએ. પાણીની શક્તિ વધારે કે વરાળની જ બાષ્પની વધારે? એ બાષ્પ નીકળે છે તો, પાણીમાંથી જ! પણ એના વડે મોટી-મોટી ટ્રેનો ચાલે છે. કારખાનાઓ અને યંત્રો એના બળથી ચાલે છે. માટે પાણી કરતા વરાળ વધુ શક્તિશાળી ગણાય!

આ વરાળ કરતાં પણ હાઈડ્રોજનની શક્તિ વધારે. એ એના કરતાં પણ મનની શક્તિ વધારે. હવે પ્રશ્ન એ છે કે-આવા શક્તિશાળી મનને વશ શી રીતે કરવું?

વર્તમાન કાળે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞાઓમાં મન બંધાઇ ગયું છે. બકરાના ટોળામાં રહેલ કેસરીની દશા જેવી અવદશા આ મનુષ્ય-મનની થઈ છે.

જે મન સાધે, તેને મંત્ર કહેવાય છે. શ્રી નમસ્કાર મંત્રાધિરાજ છે. આમ તો એમાં માત્ર પરમેષ્ઠિઓને નમસ્કાર છે પણ એનાથી મનને વશ કરવામાં આવે, તો સર્વ-શ્રુતના પારને, રહસ્યને સમજી શકાય છે. એના આરાધનથી મન એવું બની જાય છે કે, જે ઉત્સર્ગ, અપવાદ, દ્રવ્યાર્થિક-નય, પર્યાયાર્થિક-નય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યથાર્થપણે આપોઆપ જાણી શકે છે.

નમસ્કારથી શુદ્ધ થએલું મન, મોહને પણ ઓળખી શકે છે અને ધર્મને પણ જાણી શકે છે.

## મંત્ર વડે સૂક્ષ્મતા અને શુદ્ધતા

જ્યાં સુધી સ્થૂલ દૃષ્ટિ નહિ જાય, સૂક્ષ્મ દૃષ્ટિ નહિ જાગે, ત્યાં સુધી આ સંસારના ધોખાને, સંસારની માયાને મનુષ્ય નહિ સમજી શકે. મનમાં સૂક્ષ્મતા આવે તો મોહની આ રમત સમજાઈ જાય.

શ્રી તીર્થંકરદેવો આ જાણતા હતા, તેથી મનને વશ કરવાનો, મનને સૂક્ષ્મ અને શુદ્ધ બનાવવાનો ઉપાય બતાવી ગયા છે. શ્રી નમસ્કાર મંત્રથી મનમાં સૂક્ષ્મતા અને શુદ્ધતા આવે છે. અને પછી એ મન આપો આપ વિવેક કરતું થઈ જાય છે.

## મનને વશ કરવાનો ઉપાય:

પ્રશ્ન-મનને વશ શી રીતે કરવું?

ઉત્તર-ટ્રેન અને સ્ટીમરના માર્ગમાં કેટલી મુશ્કેલીઓ હોય છે. પર્વતમાં કોરેલા ઘાટ, તેમાં અંધકાર, હિંસક અને ઝેરી પશુ પક્ષીઓ, નદીઓ, ખીણો, સાગરમાં મગર-

મચ્છો, ખડકો, વમળો વગેરે હોય છે, છતાં ટિકિટ લઈને નિરાંતે ઉંઘી જાઓ છો. કારણ? રેલ્વે કંપની પર વિશ્વાસ છે. તેની કાર્યવાહી, વ્યવસ્થા શક્તિ, નીતિમત્તા અને પ્રામાણિકતા ઉપર પૂરો ભરોસો છે. શ્રી તીર્થંકરદેવો ઉપર તેના કરતાં પણ વધુ વિશ્વાસ કેળવો. કાયર ન બનો. ભીરૂતા અને અશ્રદ્ધાનો ત્યાગ કરો. પ્રયોગ કરી જુઓ.

સૌથી પહેલી શરત શરણાગતિની છે. **શરણાગતિ એ અકાટય કાનૂન છે.** રાગીઓનાં, રૂશ્વત લેનારાઓનાં વચનો ઉપર વિશ્વાસ મૂકો છો. તો શ્રી તીર્થંકરદેવના વચનો ઉપર વિશ્વાસ મૂકતાં આંચકો કેમ? આમાં શંકા અને કૃપણતા શા માટે?

## વિશ્વાસની અગત્યતા

જાપના પ્રારંભમાં જ શ્રી નવકાર પાસે કંઈ માગવા કરતાં, જાપ ચાલુ રાખવો એ ડહાપણભર્યું છે. ગણવા પહેલાં એ શું આપે? કેવી રીતે આપે? આવો અવિશ્વાસ ન રાખો. દુકાન માંડો પછી નફો ક્યારે હાથમાં આવે? વર્ષના અંતે સરવૈયું કાઢ્યા બાદ. ત્યાં સુધી મહેનત કર્યે જ જાઓ છો. તેમ શ્રી નવકારને પણ છ મહિના તો સેવા (Service) આપો, પછી એનાથી શું લાભ છે? એ પૂછજો. પૂછવું નહિ પડે, અનુભવ થઈ જશે. પરંતુ અટકે છે ક્યાં? વિશ્વાસ જોઈએ.

**'જિસકે મનમેં ખટક, વોહી બડી અટક.'** વિશ્વાસ પૂરો જોઈશે. રેલ્વે કંપની કરતાં, સ્ટીમર કંપની કરતાં, ઈન્સ્યોરન્સ કંપની કરતાં, વધુ વિશ્વાસ શ્રી તીર્થંકરદેવના વચન અને તીર્થ પર જોઈશે.

શ્રી તીર્થંકરદેવોના તીર્થની સેવા કરો તો મોક્ષ મળશે. ગવર્નમેન્ટની સર્વિસ કરે, તેને પેન્શન મળે છે. મોક્ષ એ નિવૃત્તિ સ્થાન છે. પેન્શન મેળવવા માટે પહેલાં સેવા (Service) કરવી જોઈએ. મોક્ષ મેળવવા માટે પહેલાં તીર્થની, શ્રી તીર્થંકરદેવોના વચનની સેવા કરવી જોઈએ.

શ્રી નવકારથી આ જ જન્મમાં ત્રણે પ્રકારના સુખો અનુભવી શકાય છે: આધિભૌતિ, આધિદૈવિક અને આધ્યાત્મિક–આ ત્રણેય પ્રકારના સુખો ન માંગે તોય મળે છે.

## શ્રી નવકાર એ શું છે?

'नमो अरिहंताणं' એ વાસ્તવમાં મોહના કટ્ટર વૈરી અરિહંતોનો જયનાદ છે, મોહરૂપી દુશ્મન સામે, તેની સત્તા સામે જબ્બર પડકાર છે.

અંગ્રેજ–સરકાર પોતાની સામે પડકાર કરનારને કેદમાં પૂરી દેતી હતી. પરંતુ (એ.બી.સી.ડી.) એવા ચાર વર્ગ જેલમાં રાખવા પડતા હતા. બળવાન પડકાર કરનારાઓને 'સી' (C) કે 'ડી' (D) ક્લાસમાં રાખતાં ગભરાટ થતો હતો, તેથી તેમને 'એ' (A) કે 'બી' (B) ક્લાસમાં રાખતા હતા. તેમ મોહની સામે સંગઠિત થઈને એવો પડકાર

કરીએ કે—તે જેલમાં રાખે તો પણ 'એ' કે 'બી' વર્ગમાં જ તેને મૂકવા પડે. 'સી' કે 'ડી' વર્ગમાં મૂકતાં તે ગભરાય.

દેવ અને મનુષ્યગતિ એ 'એ' અને 'બી' વર્ગ છે, જ્યારે નરક, તિર્યંચ 'સી' અને 'ડી' વર્ગ છે.

શ્રી અરિહંતનો નમસ્કાર એ મોહને સીધો (Direct) પડકાર છે. શ્રી અરિહંતના નામથી મોહની સેના ધ્રુજી ઉઠે છે કેમકે તે નામ, મોહના મૂળને ઉખેડનાર વિશ્વના પરમ મિત્ર શ્રી અરિહંત ભગવંતની વિશ્વ વત્સલ ભાવનાનું સ્મરણ કરાવનાર છે.

જેના અંતરમાં વિશ્વ પ્રત્યે બંધુભાવ જાગ્યો, તેના અંતરમાં રાગદ્વેષાત્મક મોહનું બળ ટકી શકતું નથી.

ત્રણ જગતના સર્વ જીવોની ઉત્કૃષ્ટ હિત ચિંતાના ભાવરૂપ મિત્રતા વડે, અરિતા—શત્રુતાનો ઉચ્છેદ કરનાર શ્રી અરિહંત પરમાત્માઓ છે તેથી તે ગુણના કારણે તેમને ભાવથી નમસ્કાર કરનાર જીવ પણ, જીવો પ્રત્યે શત્રુતાનો ત્યાગ કરનાર થઈને અરિહંત સ્વરૂપ બની જાય છે.

સૂક્ષ્મની શક્તિનું મૂલ્ય, સ્થૂલ દૃષ્ટિવાળાને નથી સમજાતું. એટલે તે તેમાં વિશ્વાસ પણ નથી મૂકી શકતો. શ્રી નવકાર સર્વથા વિશ્વાસપાત્ર છે. કારણ કે તેમાં પરમ વિશ્વસનીય શ્રી તીર્થંકર ભગવંતો આદિ બિરાજે છે.

શ્રી અરિહંતને ત્રિવિધે સમર્પિત થનાર જ તેમાંથી જન્મતા આનંદનો આસ્વાદ કેવો હોય તે જાણી શકે છે.

તડકામાં ભેજ સૂકાય છે, તેમ શ્રી નવકારની સેવાથી મોહનો પરાજય થાય છે, અરિહંતભાવનો વિજય થાય છે. આ સત્યમાં વિશ્વાસ મૂકીને સહુએ શ્રી અરિહંતને ભાવથી ભજવા જોઈએ.



# પરિશિષ્ટ

પરમ પૂજ્ય સંઘહિતચિંતક, મૈત્રીભાવનાચાહક, નમસ્કાર–મહામંત્રનાં મહાન ઉપાસક, પ્રદ્યોતક, પ્રભુ–ભક્તિ પ્રભાવક પંન્યાસ પ્રવર **શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના** વિવિધ લેખો–ચિંતનોના પ્રકાશનોમાં કંઈક વિશેષ અનુભવ કરાવતા પદાર્થો હતા તે અહિં પ્રસ્તુત છે.




૧ 'બાર'ના અંકનું મહત્ત્વ
૨ પ્રેરણાદાયી પ્રશ્નોતરી
૩ ચતુષ્ક વિચાર
૪ આનંદમાં રહેવું રે...!
૫ આવશ્યક અધ્યયનોપલક્ષિત
૬ ચિત્તના પાંચ શુભાશય
૭ 'નમો અરિહંતાણં'ની અર્થ ભાવના
૮ નમઃ મંત્રનો અર્થ
૯ ભવસમુદ્ર નિર્યામક
૧૦ સાધુરૂપી સુવર્ણની પરીક્ષા
૧૧ જીવના ૧૦ વિશેષ સ્વભાવ
૧૨ જીવના ૧૧ સામાન્ય સ્વભાવ
૧૩ મુક્તિ મેળવવાના બે ઉપાય
૧૪ ૐ નમો સિદ્ધં
૧૫ શુભ સંકલ્પ

# 'બાર'ના અંકનું મહત્વ

અંતરિક્ષમાં બાર રાશિઓ છે. લગ્ન-કુંડળીમાં બાર સ્થાનો છે અને મનુષ્યના શરીરમાં તેના જેવા જ ગુહ્યસ્થાનો પણ બાર છે.

દરેક ગણધર ભગવંત ત્રિપદી સાંભળતાંની સાથે જ દ્વાદશાંગીની રચના અંતર્મુહૂર્તમાં કરે છે. તે પણ એક સાંકેતિક ભાષાનો પ્રયોગ લાગે છે. વસ્તુમાત્રનો ઉત્પાદાદિ ત્રિસ્વભાવ, અંતઃકરણમાં સ્પર્શતાંની સાથે જ, પોતાનામાં રહેલી બારે પ્રકારની શક્તિઓ જાગ્રત થઇ જાય છે અને એ શક્તિઓ ગણધર ભગવંતોને દ્વાદશાંગીની રચના કરવામાં મુખ્ય કારણ લાગે છે. બાર શક્તિઓમાં શ્રદ્ધા (Faith), જ્ઞાન (Knowledge) અને ક્રિયા (Doing) આ ત્રણ શક્તિઓ મુખ્ય છે. અને તેનાં સ્થાન માનવદેહમાં ક્રમશઃ સહસ્રાર અથવા આજ્ઞાચક્ર, અનાહતચક્ર અને મણિપુરચક્ર મુખ્ય છે.

જે કોઇ શક્તિ પોતાનામાં નિર્બળ કે મંદ લાગે, તેને પ્રબળ વીર્યવંતી કરવા માટે, શરીરનાં તે તે સ્થાનોમાં ઉપયોગ મૂકી મંત્રાક્ષરોનો જાપ, ધ્યાન કે ભાવનાદિ થાય, તો તે શક્તિઓ પ્રબળ બને.

સમવસરણમાં બાર પર્ષદા, બાર દરવાજા, અશોકવૃક્ષ બાર ગણું ઊંચું, કાળચક્રના બાર આરા, દિવસ-રાત્રિનાં બાર કલાક, બાર પ્રકારના તપ, બાર માસનું વર્ષ, રામનો બાર વર્ષનો વનવાસ, 'બાર ગાઉએ બોલી બદલાય' એવી જુની કહેવત વગેરે વસ્તુઓનો વિચાર બારના આંકના મહત્ત્વને સ્પષ્ટ કરે છે.

ભિક્ષુની પડિમાની સંખ્યા ૧૨, શ્રાવકોનાં વ્રતની સંખ્યા ૧૨, શ્રી અરિહંતનાં ગુણોની સંખ્યા ૧૨, નિર્જરા અને તપનાં પ્રકારો પણ ૧૨.

જીવમાત્રમાં, બાર પ્રકારની શક્તિઓ પ્રચ્છન્નપણે રહેલી છે. તેને પ્રકટાવવા, વિકસાવવા અને પૂર્ણતાએ પહોંચાડવા માટે ૧૨ વ્રતો, ૧૨ પડિમાઓ અને ૧૨ પ્રકારના તપનું યથાશક્તિ પાલન કરવું જરૂરી છે.

'બાર' સંખ્યાનો, માતૃકા-શાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવાથી (બા એટલે માતા અને ર એટલે પિતા) 'ર' એટલે રક્ષક. એક અક્ષર માતાના વાત્સલ્યાદિ કોમળ ભાવોને અને બીજો, પિતાના આજ્ઞાકારકત્વાદિ ઉગ્ર ભાવોને વ્યક્ત કરે છે. એટલે આ 'બાર' શબ્દમાં માતાપિતાનાં ભાવો. સૂર્ય-ચંદ્રનાં ભાવો તથા મન અને આત્માના ભાવો પ્રકાશિત થાય છે.

ચંદ્ર સાથે 'મા' અક્ષર બોલાય છે; જેમકે 'ચંદ્રમા' અને 'ર' એ અગ્નિબીજ છે એટલે તેમાં સૂર્ય કે પિતાના ભાવો પ્રકાશિત થાય છે.

જેમ 'નમો' પદમાં રહેલા બે અક્ષરો અનેક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે, તેમ 'બાર' ના અંકમાં રહેલા 'બા' અને 'ર' એ બન્ને અક્ષરો પણ પોતાનું આગવું મહત્ત્વ ધરાવે છે.

પ્રાકૃત વ્યાકરણમાં દ્વારાદેર્વા' એ સૂત્રથી 'દ્વાર' શબ્દનું પ્રાકૃતરૂપ 'બાર' થાય છે. અર્થાત્ 'બાર'નો અર્થ દ્વાર, મોક્ષ કે ધર્મપ્રાસાદનું દ્વાર એવો પણ અર્થ થઇ શકે છે. આ અર્થ મુજબ જ જાણે વ્રતો ઉચ્ચારતા પહેલાં, દીક્ષાની, ઉપધાનની કે યોગની ક્રિયાની શરૂઆતમાં 'બાર' નવકાર ચારે દિશાએ ગણવાનો વિધિ કરવામાં આવે છે. અર્થાત્ બાર નવકાર ગણીને જ ધર્મપ્રાસાદમાં પ્રવેશ મળે છે. સમવસરણમાં પણ બાર જ દરવાજા હોય છે.

નાનો બાળક પ્રથમ જે શબ્દો બોલે છે તે 'બા' 'મા' 'પા' ઇત્યાદિ ઓષ્ઠય વ્યંજનો હોય છે. 'ૐ કાર'ની જેમ આ વર્ણો સરળતાથી બોલાય છે. 'ર' વ્યંજન અગ્નિ ઉત્પાદક છે. 'બા' અને 'ર' એ બન્ને વર્ણો મળીને જળ અને અગ્નિ, શીતળતા અને ઉષ્ણતા, મા અને બાપની જેમ, તુષ્ટિ-પુષ્ટિ આદિ કરે છે.

અનિત્યત્વાદિ ભાવનાઓ પણ બાર પ્રકારની શક્તિને પોષક છે. આમ, બારનો અંક, પોતાની એક વિશિષ્ટતા ધરાવે છે.

卐

# પ્રેરણાદાયી પ્રશ્નોત્તરી

(૧) આત્મા કેવો છે? દેહથી ભિન્ન, ચૈતન્ય સ્વરૂપ.

(૨) દેહબુદ્ધિ ક્યારે છૂટે? ઉપયોગ-સ્વરૂપ આત્માનો અનુભવ કરે ત્યારે 'પરથી' ભિન્નતા જાણીને 'સ્વ'માં ઠરે ત્યારે સુખનો આસ્વાદ અનુભવે.

(૩) જીવે શાનો વિચાર નથી કર્યો? પોતાના સ્વરૂપનો.

(૪) શ્રી અરિહંતનું નામ લેવાથી મિથ્યાત્વ જાય? નામ સાથે તેનું સ્વરૂપ ઓળખવાથી જાય. (But must realise nature.)

(૫) શ્રી અરિહંત, સિદ્ધ વગેરેની સાચી ઓળખ ક્યારે મળી ગણાય? ઉપયોગ સ્વરૂપ આત્માને ઓળખો ત્યારે, આત્મા સદા ઉપયોગ વડે જીવે છે; માત્ર દેહ અને ખોરાક વડે નહિ.

(૬) સાચું સામાયિક અને પ્રતિક્રમણ ક્યારે થાય? મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વ અંગીકાર કરે ત્યારે. શરીરથી આત્માને ઉપયોગ-સ્વરૂપે ભિન્ન માને ત્યારે સમ્યક્ત્વ આવે; અને તે સહિત સામાયિક, પ્રતિજ્ઞા, પ્રતિક્રમણ વગેરે ધર્મરૂપ બને.

(૭) સમ્યગ્દર્શન એટલે શું ? સમ્યગ્દર્શન એટલે આત્મસાક્ષાત્કાર. વ્યક્તપણે આત્માનું સ્વસંવેદન. ઇન્દ્રિય અને મનથી, જે પરલક્ષ્ય થાય છે, તેને ફેરવીને મતિજ્ઞાન સ્વ (Soul) માં એકાગ્ર કરતાં આત્માને પ્રત્યક્ષ અનુભવાય છે તે પ્રગટ અનુભવનારને સમ્યગ્દર્શની અને સમ્યગ્જ્ઞાની કહેવાય છે.

(૮) સૌથી મોટો રોગ કયો ? દેહમાં આત્મભ્રાંતિ.

(૯) જીવ શાથી હેરાન થાય છે? આત્માના અજ્ઞાનથી.

(૧૦) સંસારમાં જીવને દુર્લભ શું ? અને અપૂર્વ શું ? ત્રસપણુ, પંચેન્દ્રિયપણું, સંજ્ઞીપણું, મનુષ્યપણું, ઉત્તમ જાતિ-કુળ, પંચેન્દ્રિય પૂર્ણતા, દીર્ઘાયુ અને સાચા દેવ-ગુરુ આ બધું દુર્લભ છતાં પૂર્વે મળ્યું છે. પછી આત્મરૂચિ કરી સમ્યગ્દર્શન પ્રગટાવવું તે દુર્લભ અને અપૂર્વ છે. મુનિપણું અને કેવળજ્ઞાન સૌથી દુર્લભ છે.

(૧૧) સુગુરુ કોને કહેવાય? જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી ગુણોમાં જે મોટા તે સુગુરુ. શુદ્ધાત્માના ઉપદેશ વડે તેઓ ઉપકાર કરે છે.

(૧૨) સાચું જૈનત્વ એટલે શું ? સાચું જૈનત્વ એટલે સમભાવ અથવા સમદૃષ્ટિ-સત્યદૃષ્ટિ. સમભાવ એટલે અહિંસા અને સત્યદૃષ્ટિ એટલે અનેકાંત. અહિંસા આચારને નિર્મળ બનાવે છે. અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ કરે છે.

(૧૩) શાસ્ત્ર એટલે શું ? શાસન કરી, સમજાવી, બીજાને બચાવે તે શાસ્ત્ર ! અને હણીને બીજા બીજાને બચાવવાની શક્તિ તે શસ્ત્ર !

(૧૪) કઇ ચીજ એવી છે, કે જે વધ્યે જાય છે ? તૃષ્ણા.

(૧૫) કઇ ચીજ એવી છે, કે જે ઓછી થતી જાય છે? આયુષ્ય.

(૧૬) કઇ ચીજ એવી છે, કે જે વધતી-ઘટતી નથી? સંસાર.

(૧૭) કઇ ચીજ એવી છે, કે જેમાં વધ-ઘટ થાય છે? મોહ.

(૧૮) શુદ્ધાત્માને જાણવાની રીત કઇ? પોતાના સ્વાનુભવ વડે તે જણાય છે.

(૧૯) તજવા જેવી વસ્તુઓ કઈ ? જીવને અધોગતિમાં નાંખનાર કનક અને કામિની.

(૨૦) બંધાયેલો કોણ ? પાંચે વિષયોમાં આસક્તિવાળો જીવ.

(૨૧) છૂટેલો કોણ ? જેને વિષયો પ્રત્યે વૈરાગ્ય આવેલો છે, તે.

(૨૨) ઘોર નરક કઈ ? પોતાનો જ દેહ, જો એ દમાયેલો ન હોય તો...

(૨૩) સ્વર્ગાપવર્ગનું પગથિયું કયું ? સર્વ તૃષ્ણાઓનો સમૂળ-ક્ષય.

(૨૪) જીવની સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ, છતાં સંસાર-અવસ્થામાં તિર્યક્ કે અધોગમન થાય છે, તે શાથી ? કર્મદ્રવ્યની અસરને લીધે જ તેમ થાય છે.

(૨૫) સર્વ દ્રવ્યો વેર વિખેર થઇને, અલોકમાં ફેંકાઇ જતાં કેમ નથી ? એમાં કારણ તરીકે, ધર્મ-અધર્મ દ્રવ્યની અસર છે.

(૨૬) સંસારી જીવની અવગાહના શરીર પ્રમાણ જ કેમ ? અને લોકવ્યાપી કેમ નહિ ?
શરીરનામકર્મનું બંધન તેનું કારણ છે.

(૨૭) શુભ રાગપૂર્વક થતાં ધર્મનાં અનુષ્ઠાનો એ પરંપરાએ જો અક્રિયપદનો હેતુ થતાં હોય, તો તેને કર્મબંધનકારક ક્રિયા કહેવાને બદલે કર્મક્ષયસહાયક ક્રિયા કે, અક્રિયા કહેવામાં શી હરકત ? ક્રિયાથી કર્મબંધ જ થાય, પણ કર્મક્ષય ન થાય-એ નિયમ વાસ્તવિક રીતે અશુભ ક્રિયાને જ લાગુ પડે. શુભ અને શુદ્ધ ક્રિયાને એ નિયમ બળજબરીથી કેવી રીતે લગાડાય ? જેમ પારો પોતાની હાજરી માત્રથી અનાજને સડતું બચાવી લે છે, તેમ શુદ્ધ ક્રિયા જગતને અશુદ્ધિથી બચાવી લઈ શુદ્ધિ તરફ લઈ જાય છે.

(૨૮) પાપનું બળ વધારે કે પુણ્યનું ? મણ પાપ કરતાં પણ કણ પુણ્યનું બળ વધારે છે કારણ કે, પુણ્યની સાથે વિશ્વની મહાસત્તા છે. સરકારનો એક નાનકડો સિપાહી પણ ગમે તેવા મોટાં માણસને પકડીને લઇ જઈ શકે છે, એમા તેને કોઇ રોકી શકતું નથી, તેમ નાનકડા પણ પુણ્યને પડખે આખી ધર્મ મહાસત્તા રહેતી હોવાથી તેનું સામર્થ્ય ખૂબ જ વધી જાય છે.

卐

# ચતુષ્કવિચાર

અજીર્ણ ચાર જાતના છે. ૧. તપનું અજીર્ણ ક્રોધ છે. ૨. જ્ઞાનનું અજીર્ણ માન છે. ૩. ભોજનનું અજીર્ણ અધિક આહાર છે. ૪. માનનું અજીર્ણ તુચ્છકાર છે.

ચાર પ્રકારના પુરુષ છે. ૧. પોતાનો અવગુણ દેખે, પણ પરનો ન દેખે.
૨. પોતાનો અવગુણ ન દેખે, પણ પરનો દેખે.
૩. પોતાનો અવગુણ દેખે અને પરનો અવગુણ પણ દેખે.
૪ પોતાનો અવગુણ ન દેખે અને પારકાનો અવગુણ પણ ન દેખે.

ચાર પ્રકારનાં કારણે જીવ ધર્મ પામે નહિ. ૧. અહંકાર, ૨. ક્રોધ, ૩. રોગ, ૪. પ્રમાદ.
ફળોનું નરમ કે કઠણપણું ચાર પ્રકારે હોય છે.

૧. શ્રીફળ :–બહાર કઠણ, અંદર પોચું. ( માતાની જેમ )
૨. બોર :– બહાર પોચું, અંદર કઠણ. ( ઓરમાન માની જેમ )
૩. દ્રાક્ષ :–અંદર પોચી અને બહાર પણ પોચી. ( સાધુ પ્રમાણે )
૪. સોપારી :–અંદર કઠણ અને બહાર પણ કઠણ. ( પાપી પ્રમાણે )

કષાયનાં ચાર સ્થાનો : ૧. ક્રોધ કપાળમાં, ૨. માન ગરદનમાં, ૩. માયા હૈયામાં, ૪. લોભ સર્વાંગ શરીરમાં હોય છે.

આ ચાર પ્રકારનાં ગુણોવાળાં થોડાં હોય છે. ૧. પરદુઃખે દુઃખિયા, ૨. પરોપકારી, ૩. ગુણગ્રાહી અને ૪. ગરીબ સાથે સ્નેહ રાખનારા.

ચાર પ્રકારનાં ગરણાં છે. ૧. ધરતીનું :–ઈર્યાસમિતિ, ૨. મતિનું :–શુભધ્યાન, ૩. વચનનું :–ભાષાસમિતિ, ૪ પાણીનું :–સરખું જાડું વસ્ત્ર.

મોક્ષના ચાર દરવાજા છે. ૧. જ્ઞાન, ૨. દર્શન, ચારિત્ર, ૪. તપ.

સંત-સેવાના ફળ પણ ચાર છે ૧. મંગળની વૃદ્ધિ, ૨. પાપનો નાશ, ૩. યશ પ્રસાર, ૪. ભગવદ્ દર્શન.

卐

# આનંદમાં રહેવું રે....

" અનુભવીને એકલું, આનંદમાં રહેવું રે,
ભજવા શ્રી પરિબ્રહ્મ, બીજું કાંઈ ના જોવું રે–૧
વેદ જોયા, કિતાબ જોઇ, સરવ જોઇને જોયું રે
પણ પ્રભુના નામ વિના, સરવે ખોયું ખોયું રે–૨
અવર કોઇના આત્માને, દુઃખ ન દેવું રે.
સુખ દુઃખ જ્યારે આવી પડે, ત્યારે સહીને રહેવું રે–૩
જાપ અજપા જાપ જપે ત્રણ લોકમાં તેવું રે
મૂળદાસ કહે મોહ મદ મૂકી મહાપદમાં રહેવું રે–૪
–અનુભવીને એકલું આનંદમાં રહેવું રે

અર્થ : આપણે સંસારમાં રહીએ છીએ. અનેક માણસોના સંબંધમાં આવતા હોઇએ છીએ. તેમાં કેટલાક પ્રત્યે આપણને રાગ થતો હોય છે, તો કેટલાક પ્રત્યે દ્વેષ થતો હોય છે. આ રાગ અને દ્વેષમાંથી દુઃખ શોક અને નિરાશા આદિ જન્મતાં હોય છે.

સંસારનો એક પણ સંબંધ સ્થાયી અને સનાતન નથી. વહેલા–મોડા કાંતો એને આપણાથી છૂટા પાડવાનું, કાંતો આપણે એનાથી છૂટા પડવાનું હોય છે. એ સબંધ પ્રત્યે આપણો રાગ જેટલો પ્રબળ હોય છે, તેટલો જ પ્રબળ તેનાથી છૂટા પડતી વખતે શોક પણ હોય છે. એટલે જેણે પોતાનાં સુખ-શાન્તિ કે આનંદને કોઇ બીજી વ્યક્તિ કે વસ્તુમાં શોધ્યા, તેને વહેલો મોડો સંતાપ જ અનુભવવાનો હોય, તે સ્પષ્ટ છે.

સાચાં ને સ્થાયી સુખ, શાન્તિ કે આનંદને માટે અસંગત્વ, સંગરહિતતા અનિવાર્ય છે અસંગત્વ એટલે આનંદનું કેન્દ્ર સ્ત્રી પુત્ર, મિત્રાદિને, ઇન્દ્રિયોનાં ભોગને કે યૌવન, ધન, સત્તા, કે કિર્તી આદિને નહિ, પણ અનાસક્ત ભાવે પોતાના અંતરાત્માને બનાવવો તે.

આવો અનુભવી એટલે કે આત્મનિષ્ઠ તત્વદર્શી, ક્લેશના મૂળ જેવા ક્ષણભંગુર વિષયો પાછળ ભમતો નથી સત્, ચિત્ત, આનંદ સ્વરૂપ પરમાત્મા સિવાય બીજા કશાની સાથે તન્મય થતો નથી ને પોતામાં જે આત્મા રહ્યો છે, તે જ આત્મા ભૂત–પ્રાણી માત્રમાં પણ રહ્યો હોવાથી ઋણાનુબંધને યોગે પોતાના પરિચયમાં આવનાર કોઈ પણ વ્યક્તિને કચવાવતો કે પીડાતો નથી.

એ આત્મનિષ્ઠ અને અસંગ હોવાથી મનથી તો એ સદા કાળ આનંદમાં જ રહેતો હોય છે. પણ દેહ ધારણ કર્યો હોવાથી દેહની સાથે અનિવાર્ય રીતે જોડાયેલાં જ છે, તેવાં જે સુખ–દુઃખ, તેને ભોગવવાનાં આવે, ત્યારે એ હર્ષ શોક વિના સમતાથી સહન કરી લેતો હોય છે. દુઃખ તો ઠીક પણ સુખ પણ માણવાનું કે ભોગવવાનું નહિ, પણ સહન કરી લેવાનું જ હોય છે.

આવો આત્મનિષ્ઠ, તત્વદર્શી, મોહ અને મદથી મુક્ત થઇને ચિત્તની ઊંચામાં ઊંચી ભૂમિકાએ રહેતો હોય છે. તેના અંતરમાં પ્રભુ નામનો અજપાજપ ચાલતો રહે છે.

卐

# ચિત્તના પાંચ શુભાશય

૧. પ્રણિધાન, ૨. પ્રવૃત્તિ, ૩. વિઘ્નજય, ૪ સિદ્ધિ, ૫. વિનિયોગ.

૧. પ્રવચનની આરાધના, ઉપકારીઓના ઉપકારની અખંડ સ્મૃતિ, જેને 'પ્રણિધાન કહેવાય છે.

૨. સન્માર્ગમાં દૃઢતા, મોક્ષસાધક અનુષ્ઠાનોમાં અખંડ ઉત્સાહ જેને 'પ્રવૃત્તિ' કહે છે.

૩. કર્તવ્યતાનો નિશ્ચય 'આ જ મારું કર્તવ્ય છે,' એવા અખંડ વિશ્વાસપૂર્વક સન્માર્ગમાં દૃઢ રહીને આવતાં વિઘ્નોને વિદારવાં, જેને 'વિઘ્નજય' કહે છે.

૪. શુભાશયની વૃદ્ધિ, અંતઃકરણની પ્રસન્નતા તે 'સિદ્ધિ' છે.

૫. સાનુબંધ શુભાનુષ્ઠાનની પ્રાપ્તિ જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી પુનઃ પુનઃ સદનુષ્ઠાનની પ્રાપ્તિ તે વિનિયોગ.

卐

# નમો અરિહંતાણંની અર્થ ભાવના

मयि तद्रूपं, स एवा ऽ हं ।

तत्स्थता = 'मयितद्रूपं' સંસર્ગારોપ.

तदञ्जनता = 'स एवा ऽ हं' । અભેદારોપ.

તાત્સ્થ્ય એટલે અંતરાત્માને વિષે પરમાત્માનો ગુણનો સંસર્ગારોપ અને તદંજનત્વ એટલે અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ.

શ્રી અરિહંતમયતા સિવાયની પ્રત્યેક અવસ્થામાં થતી ન્યૂનતાની સખ્ત વેદના, આ અર્થભાવના વડે ભાવિત થવાય છે, તેમ તેમ આરાધકને અરિહંતમયતા પ્રકાશક બને છે.

卐

# નમઃ મંત્રનો અર્થ

नमः इति प्रणिपातेन निर्वृत्ति ।
પ્રણિપાતપૂર્વક નિર્વૃત્તિ એ નમઃ મંત્રનો અર્થ છે.

प्रणिपातो नमस्कारः समञ्जसा परिक्रमाः ।
शक्तिनालिं समुद्दिश्य वैराज स्व स वामनः ॥१॥

અર્થ :- વસ્તુ માત્રની શક્તિ નાભિ (બિન્દુ અથવા કેન્દ્ર)માં હોય છે. તે શક્તિ સ્વરૂપ નાભિસ્થાનને ઉદ્દેશીને સુસંગત પ્રદક્ષિણા અર્થાત્ સન્નિપાત, વિનિપાતપૂર્વક પ્રણિપાત કરવો તેને નમસ્કાર કહે છે. તેમાં કાયિક સ્થૂલ નમસ્કારને વૈરાજ અને પ્રાણ-મન દ્વારા થતા સૂક્ષ્મ નમસ્કારને વામન કહે છે.

काय प्राण मनोभिर्या सौष्ठवबिन्दुवश्यता ।
नमो मन्त्रेण साध्या सा विप्रतीयं मनो नमः ॥२॥

અર્થ :- જીવદ્રવ્ય સંઘાતરૂપ છે. કાયા પ્રાણ અને મનનો સંઘાત બિન્દુ અર્થાત્ નાભિને વશ હોય છે. પણ તે નિયતતામાં જે કાંઈ અલ્પાધિકતા-આગળ, પાછળ કે તિર્યગ્દશામાં થાય છે, તે બધામાં સૌષ્ઠવ-સુવ્યવસ્થિત દશા 'નમો' મંત્રથી લાવી શકાય છે.

'નમો' મંત્રમાં 'મ' વર્ણ આત્મવાચક છે. તેને નિષેધાત્મક 'ન' વર્ણ વડે જોડવાથી બહિર્મુખતા આવે છે, તે મન કહેવાય છે.

મનના વર્ણો પલટવાથી-ઉલટા કરવાથી નમ થાય તે અંતર્મુખ દશા સૂચવે છે.

卐

# ભવ સમુદ્ર નિર્યામક

નિર્યામક દ્રવ્ય-ભાવ બે પ્રકારે છે. દ્રવ્ય નિર્યામકનું ઉદાહરણ અને ઉદ્ઘોષણા સાર્થવાહતુલ્ય સમુદ્રમાં ૧૬ પ્રકારના વાયુઓ છે. તેમાં કાલિકાવાતવિરહિત અને ગર્જનાદિઅનુકૂલ વાતસહિત સમયે નિપુણ નિર્યામકવાળા છિદ્રરહિત પોતો યથાભિલષિત નગરને શીઘ્ર પામે છે.

ઉપનય

| | |
|---|---|
| સમુદ્રસ્થાને | સંસાર |
| નિર્યામક સ્થાને | અરિહંતો |
| કર્ણધાર ,, | યથાવસ્થિત જ્ઞાન |
| પોત ,, | જીવ ઓહિત્થો |
| કલિકા વાત ,, | મિથ્યાત્વ |
| ગર્જના વાત ,, | સમ્યક્ત્વ |
| ઇપ્સિત સ્થાન | મોક્ષ |

卐

# સાધુરૂપી સુવર્ણની પરિક્ષા

કષ, છેદ, તાપ અને તાડન એ ચાર વડે સુવર્ણની શુદ્ધિની પરિક્ષા થાય છે તેમ સાધુરૂપી સુવર્ણની પરિક્ષા પણ–

કષ = વિશિષ્ટ લેશ્યા હોવાપણું.

છેદ = એકાગ્રપણું.

તાપ = અપકાર કરનાર પર અનુકંપા

તાડન = આપત્તિમાં નિશ્ચલતા. આ ચાર પ્રકાર વડે થાય છે.

આવા સર્વ ગુણોએ સહિત સાધુપણું તે સાચા સોનારૂપ છે. બીજું બનાવટી અથવા કેવળ નામરૂપથી સાધુપણું છે.

卐

# જીવના ૧૧ વિશેષ સ્વભાવ

૧. ચેતન સ્વભાવ જો ન માનીએ તો કર્મનો બંધ ન ઘટે.

૨. અચેતન સ્વભાવ (વિકૃત ચેતના) જો ન માનીએ તો ધ્યાતા–ધ્યેય, ગુરુ–શિષ્ય આદિ ભાવ ન ઘટે.

૩. મૂર્ત સ્વભાવ જો ન માનીએ તો સંસાર–એક ગતિમાંથી બીજી ગતિમાં જવાપણું ન ઘટે,

૪. અમૂર્ત સ્વભાવ જો ન માનીએ તો મોક્ષ ન ઘટે.

૫. એકપ્રદેશ સ્વભાવ જો ન માનીએ તો એકત્વ પરિણતિ–અખંડાકાર સંનિવેશ ન ઘટે.

૬. અનેક પ્રદેશ સ્વભાવ જો ન માનીએ તો અવયવ-અવયવી ભાવ ન ઘટે.

૭. શુદ્ધ સ્વભાવ ન માનીએ તો મુક્તિ ન ઘટે.

૮. અશુદ્ધ સ્વભાવ ન માનીએ તો કર્મનો લેપ ન ઘટે.

૯. કર્મજ ઉપચરિત સ્વભાવ ન માનીએ તો મૂર્તતા અચેતનતા જીવને ન ઘટે.

૧૦ સહજ ઉપચરિત સ્વભાવ ન માનીએ તો સિદ્ધને પરજ્ઞતા ન ઘટે.

૧૧. પરમ ભાવ ગ્રાહકત્વ સ્વભાવ જેથી આત્મા જ્ઞાન સ્વભાવી છે, તેવો વ્યવહાર થાય છે.

અનંત ધર્મવાળા દ્રવ્યને, જે એક ધર્મની મુખ્યતાએ વ્યવહાર કરાય છે, તે પરમ ભાવ સ્વભાવનું લક્ષણ છે.

પ્રત્યેક દ્રવ્યમાં ૯ સ્વભાવ હોય જ છે.

ચેતનત્વ-અચેતનત્વ અને મૂર્તત્વ-અમૂર્તત્વ વિરોધી હોવાથી એક સાથે હોતા નથી. આ ચાર જાતિ અપેક્ષાએ સામાન્ય છે, વ્યક્તિ અપેક્ષાએ વિશેષ છે.

卐

# મુક્તિ મેળવવાના બે ઉપાય

૧. સ્વચ્છતા-હૃદયની નિર્મળતા. ૨. શૂન્યતા-વિચારોની શૂન્યતા.

નમ્રતા એ હૃદયની શુદ્ધિ કરે છે. અને સમર્પણ વડે શૂન્યતાનું નિર્માણ થાય છે.

નમસ્કારની સાધના વડે ચિત્તને નિર્મળ, સ્વચ્છ અને શુદ્ધ કરતાં રહેવું જોઈએ અને નિર્વિકલ્પતાનો અભ્યાસ વધારતા જવું જોઈએ, તો જ નમસ્કારની સાધના પૂર્ણ થઈ કહેવાય.

નમ્રતા દ્વારા નિર્ભયતા અને નિર્ભયતા દ્વારા નિશ્ચિંતતા સાધતો સાધક મુક્તિ-પથમાં આગળ વધતો રહે છે.

અહંમુક્ત મન, વિચાર મુક્ત થઈ, કર્મમુક્તિનું કારણ બની, આત્મમુક્તિનું કાર્ય નિપજાવે છે.

卐

# ૧૦ સામાન્ય સ્વભાવ

૧. અસ્તિત્વ-જેથી સદ્રૂપતાનો વ્યવહાર થાય છે.

૨. વસ્તુત્વ-જેથી જાતિ-વ્યક્તિનો વ્યવહાર થાય છે.

૩. દ્રવ્યત્વ-જેથી દ્રવ્ય-પર્યાયનો વ્યવહાર થાય છે.

૪. પ્રમેયત્વ-જેથી પ્રમાણ-પ્રમેયનો વ્યવહાર થાય છે.

૫. અગુરૂ લઘુત્વ–જેથી અમૂર્ત દ્રવ્યના પર્યાયનો વ્યવહાર થાય છે.

૬. પ્રદેશવત્ત્વ–જેથી અવયવ–અવયવીનો વ્યવહાર થાય છે.

૭. ચેતનત્વ–જેથી અનુભૂતિ થાય છે.

૮. અચેતનત્વ–જેથી અનુભૂતિ થતી નથી.

૯. મૂર્તત્વ–રૂપરસગંધાદિમત્ત્વ.

૧૦. અમૂર્તત્વ–રૂપાદિ અભાવવત્ત્વ.

卐

# ૐ નમઃ સિદ્ધં

આ પદનો જાપ અને બ્રહ્મરંધ્રમાં તેનું ધ્યાન નિયમિતપણે અર્ધો કલાક કરવા માત્રથી માત્ર બે મહિનામાં બધી દિશાએ અદ્ભુત વિકાસ સાધી શકાય છે.

આ મંત્રમાં અદ્ભુત શક્તિઓ છે. સિદ્ધ ભગવંત–શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને નમસ્કાર છે. તેમાં સિદ્ધ શિલા ઉપર રહેલા સિદ્ધ ભગવંતો અને નયાપેક્ષયા સર્વ જીવરાશિ આવી જાય છે.

આ મંત્રની એક માળા પૂરી થાય ત્યારે મેરૂ ઉપર 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' એમ કહેવું.

સંખ્યાની ગણત્રી રાખવાની જરૂર નથી. માત્ર ૩૦ મિનિટનો સમય થવો જોઈએ.

卐

# શુભ સંકલ્પ

૧. વર્તમાન શ્રી જૈન સંઘ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો આરાધક બનો.

૨. વર્તમાન શ્રી જૈન સંઘ મૈત્રી આદિ શુભભાવનાઓથી વાસિત બનો.

૩. વર્તમાન શ્રી જૈન સંઘ, શ્રી અરિહંત પરમાત્માની સર્વ કલ્યાણકારી ભાવના તથા તેના પ્રભાવે ઉત્પન્ન થયેલ, વિશ્વ કલ્યાણકારી તીર્થની સાચી ઓળખાણ આપો.

૪. વિશ્વના જીવો શ્રી અરિહંત પરમાત્મા, તેમની આજ્ઞા, અને તે આજ્ઞાનું પાલન કરનાર શ્રી ચતુર્વિધ સંઘ પ્રત્યે આદરવાળા બનો.

૫. શ્રી અરિહંત પરમાત્માની ભાવના, એ ભાવનાના પરિપાકરૂપ આજ્ઞા અને એ આજ્ઞાને પાળનાર શ્રી સંઘ વિશ્વ માત્રના હિતની વિશાળ દૃષ્ટિવાળો છે–એવી પ્રતીતિ બધાયને દૃઢપણે થાઓ.

શુભ સંકલ્પોમાં અસાધારણ બળ રહેલું છે, તે સંકલ્પને વારંવાર દોહરાવવાથી પોતાના મનનું સમગ્ર વલણ, એ જ ઢાળમાં ઢળવાની સાથેસાથ અશુભ વિચારોથી પર બને છે. પ્રભુશાસનના અમાપ ઉપકારોનું યતકિંચિત્ પણ ઋણ અદા કરવા માટે આપણે આ સંકલ્પોને વારંવાર ઉચ્ચારવા રહ્યા.

# પૂર્વાચાર્યોના વચનામૃતો

આત્માનો વાસ્તવિક વિકાસ મૈત્ર્યાદિભાવોથી આત્માને ભાવિત કરવાવડે શક્ય બને છે. એ મર્મને સારી રીતે અનુભવી ચૂકેલા પરમ પૂજ્ય, પરમોપકારી, મૈત્રીભાવનાના સાધક–ચાહક, પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીએ જે–જે ગ્રન્થોમાં મૈત્ર્યાદિ-ભાવો તથા પરોપકાર ભાવોને લગતા શ્લોકો કે ટીકાઓ વાંચવા મળ્યાં તે પદાર્થોને હૃદયસ્થ કરવા માટે ડાયરીમાં ટાંકી રાખ્યા હતા. તે આ આત્મ–ઉત્થાનના પાયામાં આપણા આત્માને ઉપકારક બને તેથી અહીં ટાંકયા છે, તે વાંચીવિચારીને જીવનમાં ઉતારીને પરમપદના પથિક બનવા ઉપકારક બનેલા, મૂર્તિમંત મૈત્રીભાવનાના સાધક, પરમ પૂજ્ય ગુરુદેવ............

શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

## પરોપકાર તથા મૈત્રી આદિ ભાવ વિષયક પૂર્વાચાર્યોના વચનામૃતોનાં દર્શક એ પવિત્રગ્રન્થો

| | | |
|---|---|---|
| ૧ | શ્રી સૂયગડાંગ સૂત્ર | ગણધર ભગવંત |
| ૨ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | ગણધર ભગવંત |
| ૩ | બૃહત્કલ્પ ભાષ્ય | ગણધર ભગવંત |
| ૪ | શ્રી ચઉશરણ પયન્ના | ગણધર ભગવંત |
| ૫ | શ્રી દશવૈકાલિક સૂત્ર | શ્રી શય્યંભવસૂરિ |
| ૬ | શ્રી યોગસાર | શ્રી ચિરંતનાચાર્ય |
| ૭ | શ્રી તત્ત્વાર્થ સૂત્ર | શ્રી ઉમાસ્વાતિ મહારાજ |
| ૮ | શ્રી તત્ત્વાર્થ કારિકા | શ્રી ઉમાસ્વાતિ મહારાજ |
| ૯ | શ્રી વિશેષાવશ્યક ભાષ્ય | શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ |
| ૧૦ | શ્રી આવશ્યક ચૂર્ણિ | શ્રી જિનદાસ ગણિ |
| ૧૧ | શ્રી દ્વાત્રિંશિકા | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૧૨ | શ્રી સમરાઈચ્ચ કહા | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૧૩ | શ્રી પંચાશક | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૧૪ | શ્રી પંચવસ્તુ | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૧૫ | શ્રી ષોડશક | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |

| | |
|---|---|
| ૧૬ શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૧૭ શ્રી શાસ્ત્રવાર્તા મોટી ટીકા | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૧૮ શ્રી પાતાંજલ યોગદર્શન | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૧૯ શ્રી યોગબિન્દુ | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૨૦ શ્રી ઉપદેશપદ | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ |
| ૨૧ શ્રી હરિભદ્રીય અષ્ટક | ” ” ” ” |
| ૨૨ શ્રી ધર્મપરીક્ષા | શ્રી જિનમંડન ગણિ |
| ૨૩ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચાકથા | શ્રી સિદ્ધર્ષિ ગણિ |
| ૨૪ શ્રી ઉપમિતિ કથાસારોદ્ધાર | |
| ૨૫ શ્રી ધર્મબિન્દુ | શ્રી મુનિચન્દ્રસૂરિ |
| ૨૬ શ્રી યોગશાસ્ત્ર | શ્રી હેમચન્દ્રાચાર્ય |
| ૨૭ શ્રી વીતરાગ સ્તોત્ર | શ્રી હેમચન્દ્રાચાર્ય |
| ૨૮ શ્રી ધર્મરત્ન પ્રકરણ | શ્રી શાંતિસૂરિ |
| ૨૯ શ્રી શાન્ત સુધારસ ભાવના | મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિ |
| ૩૦ શ્રી દ્વાત્રિંશિકા | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ |
| ૩૧ શ્રી વૈરાગ્ય કલ્પલતા | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ |
| ૩૨ શ્રી પ્રતિમા શતક | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ |
| ૩૩ શ્રી ષોડશક | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ |
| ૩૪ શ્રી ધર્મપરીક્ષા | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ |
| ૩૫ શ્રી અધ્યાત્મસાર | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ |
| ૩૬ શ્રી ધર્મસંગ્રહ | ઉપાધ્યાય શ્રી માનવિજય ગણિ |
| ૩૭ શ્રી ધર્મરત્ન પ્રકરણ | શ્રી શાંતિસૂરિ |
| ૩૮ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ | શ્રી મુનિસુંદરસૂરિ |
| ૩૯ શ્રી શામ્યશતક | શ્રી વિજયસિંહસૂરિ |
| ૪૦ શ્રી હીરસૌભાગ્ય કાવ્ય | |
| ૪૧ શ્રી દાનદ્વિંશિકા | |
| ૪૨ શ્રી પુષ્પમાલા પ્રકરણ | |
| ૪૩ શ્રી અમિતગતિ સ્તોત્ર | |
| ૪૪ શ્રી ઉપદેશ રત્નાકર પીઠિકા | |
| ૪૫ શ્રી ધ્યાનશતક આવશ્યક | |
| ૪૬ શ્રી અધ્યાત્મોપનિષદ | ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ |

# પૂર્વાચાર્યોનાં વચનામૃતો

क्षान्त्यादि दशधा धर्मः सर्वधर्मशिरोमणिः ।
सोऽपि साम्यवतामेव, मैत्र्यादिकृतकर्मणाम् ॥१॥

શ્રી યોગસાર પ્ર–૨ શ્લોક નં. ૩૭.

ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ એ સર્વધર્મમાં શિરોમણી છે. તે ધર્મ મૈત્ર્યાદિથી વાસિત ચિત્તવાળા સમતાધારીને જ હોઈ શકે.

✠

દશવિધ યતિધર્મમાં એક શૌચધર્મ છે.

તેનું લક્ષણ કરતાં દ્વાત્રિંશિકા ૨૨, શ્લોક નં. ૨ ની ટીકામાં કહ્યું છે કે–

" शौचं शुचित्वम्, तद्विविधं बाह्यमाभ्यन्तरं च । तत्र बाह्यं मृज्जलादिभिः कायप्रक्षालनम्, आभ्यन्तरं मैत्र्यादिभिश्चित्तप्रक्षालनम् ।

શૌચ એટલે પવિત્રતા. તે બે પ્રકારની છે. બાહ્ય અને અભ્યંતર. તેમાં માટી, જલ વગેરેથી શરીરનું પ્રક્ષાલન કરવું તે બાહ્ય શૌચ છે. અને મૈત્ર્યાદિ ભાવનાઓ વડે ચિત્તનું પ્રક્ષાલન કરવું તે અભ્યંતર શૌચ છે.

✠

शमसंवेगनिर्वेदकृपाऽऽस्तिक्यैर्युतं जनम् ।
मैत्री–प्रमोद–कारुण्य–माध्यस्थ्यैश्च करोत्ययम् ॥१॥

વૈરાગ્ય કલ્પલતા સ્તબક–૫, ગાથા નં. ૧૩૫૩.

સમ્યગ્દર્શન નામનો પરિપાલક, જીવને શમાદિથી અને મૈત્ર્યાદિથી યુક્ત કરે છે. એ અર્થનો સૂચક પાઠ દ્વાત્રિંશિકા ૧૪, શ્લોક નં. આઠ અને નવમાં નીચે મુજબ છે.

अङ्गाभावे यथा भोगोऽतात्त्विको मानहानितः ।
शान्तोदात्तत्वविरहे क्रियाप्येवं विकल्पना ॥१॥
क्रोधाद्यबाधितः शान्तः उदात्तस्तु महाशयः ।
बीजरूपं फलं चाऽयं, ऊहते भवगोचरम् ॥२॥

અહીં શાન્તત્વ અને ઉદાત્તત્વના વિરહમાં ક્રિયાને વિકલ્પ માત્ર કહી છે. શાન્તત્વ એટલે ક્રોધાદિ રહિતતા અને ઉદાત્તત્વ એટલે મહાશયસહિતતા એવી ક્રિયા વખાણી છે.

ભાવાર્થ :–શરીર વિના જેમ ભોગ, પ્રમાણ વિનાનો હોવાથી અતાત્ત્વિક છે. તેમ શાન્ત અને ઉદાત્તપણાના વિરહમાં ક્રિયા પણ વિચાર માત્ર છે. ક્રોધાદિથી રહિત એ શાંત કહેવાય. અને વિશાળ આશય તે ઉદાત્ત કહેવાય. ઉપરોક્ત બે ગુણો બીજ છે અને વૈરાગ્ય એનું ફળ છે.

એટલે કે, સમ્યગ્દર્શનની હાજરીમાં શાન્ત શબ્દથી શમાદિભાવો અને ઉદાત્ત શબ્દથી મૈત્ર્યાદિ ભાવો ક્રિયાને સફળ બનાવનારાં છે– એમ સમજી શકાય છે.

૩૫૦ ગાથાના સ્તવનની ૧૦ મી ઢાળની છેલ્લી કડીઓમાં કહ્યું છે કે–

માનહાનીથી દુઃખ દીએ રે, અંગ વિના જેમ ભોગ રે;
શાન્તોદાત્તપણા વિના રે, તિમ કિરિયાનો યોગ રે...૨૦.
શાન્ત તે કષાય અભાવથી રે, જે ઉદાત્ત તે ગંભીર રે;
કિરિયા દોષ ત્યજી લહે રે, તે સુખ જશ ભર ધીર રે...
પ્રભુ તુજ વાણી મીઠડી રે...૨૧.

શ્રી સૂયગડાંગ સૂત્ર અધ્યયન...૧, ગાથા નં. ૩ ની ટીકામાં કહ્યું છે કે...

'आयतुल्ले पयासु' ।

અહીં પ્રજા એટલે ષટ્કાયવર્તી જીવો. તેઓને સ્વ–આત્મતુલ્ય જુએ.

'एवंविधो भावसाधुः सर्वजीवेषु आत्मतुलां कलयति' ।

એ પ્રમાણે ભાવસાધુ સર્વ જીવો વિષે આત્મતુલ્યતાનો ભાવ કરે.

जं इच्छसि अप्पणत्तो, तं इच्छ परस्स वि य ।
जं च ण इच्छसि अप्पणत्तो तं न इच्छ परस्स वि;
एत्तियगं जिणसासणयं ॥

જે તું તારા માટે ઇચ્છે છે; તે બીજા માટે ઇચ્છ. જે તું તારા માટે નથી ઇચ્છતો તે બીજા માટે પણ ન ઇચ્છ.

'आत्मवत् परमपि पश्य इत्यर्थः' ।

સમગ્ર જૈનશાસનનો સાર આત્મૌપમ્ય ભાવ છે.

શ્રી બૃહત્કલ્પભાષ્ય ભાગ–૪ ગાથા–૪૫૮૪.

'तेण सुहालंबणओ, परिणाम–विसुद्धिमिच्छया ।
निच्चं कज्जा जिणाइपूआ, भव्वाणं बोहणत्थं च ॥

શ્રી વિશેષાવશ્યક ગાથા નં. ૩૨૯૪

આ ગાથામાં જિનપૂજા કરવામાં બે હેતુ બતાવ્યા છે. એક તો શુભાલંબનથી પરિણામની વિશુદ્ધિ અને બીજો ભવ્યજીવોને બોધ.

એમ કહ્યું કે, આ બીજો હેતુ પરાર્થરૂપે મૈત્રીભાવને જણાવે છે. પોતાના હિતની જેમ અન્ય ભવ્યજીવોનું પણ હિત કરવાની બુદ્ધિ એ પરહિતચિંતારૂપ હોવાથી મૈત્રીભાવથી ભિન્ન નથી. અને તે જિનાદિની પૂજારૂપ સમકિતની કરણી દ્વારા કરવાનું વિધાન છે. એટલે સમકિતીને પણ તે હોય એ સિદ્ધ થાય છે.

✠

पूजापूजक पूज्य संगतगुण–ध्यानावधान–क्षणे,
मैत्रीसत्त्वगणेष्वनेन विधिना भव्यः सुखी स्यादिति ।
वैरव्याधि–विरोधमत्सर–मद–क्रोधैश्च नोपप्लव–
स्तत्को नाम गुणो न दोषदलनो द्रव्यस्तपोपक्रमे ॥१॥

શ્રી પ્રતિમાશતક. શ્લો. નં. ૩૩

પૂજા, પૂજક અને પૂજ્યમાં રહેલા ગુણના ધ્યાનના ઉપયોગ સમયે, વિધિપૂર્વક કરેલી પૂજા દ્વારા ભવ્ય જીવો સુખી થાઓ એવી પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રી ઉત્પન્ન થાય છે અને વૈર–વ્યાધિ–મત્સર–મદ–ક્રોધ વડે ઉપદ્રવ થતો નથી.

એ રીતે સર્વ દોષને દૂર કરનાર દ્રવ્યપૂજાનો મહાન લાભ છે.

અહીં પ્રભુની પૂજામાં એકાગ્રતા થવાથી પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે તેથી ઘણાને થતો ઉપકાર, અલ્પને બાધાકારક હોવા છતાં દ્રવ્યસ્તવ કરણીય મનાયો છે તથા ઘણા ફલવાળો કહ્યો છે.

✠

'सीलधम्मं सव्वजीवेसु निरीहभावेण मेत्तीकरणं ।'

–પુષ્પમાલા પ્રકરણ.

શીલધર્મની અહીં તાત્ત્વિકી વ્યાખ્યા છે. જ્યાં સુધી સર્વ જીવો પ્રત્યે નિરીહતા-પૂર્વકનો મૈત્રીભાવ એટલે સ્નેહપરિણામ–હિતચિન્તા, દુઃખપ્રહાણેચ્છા વગેરે ન જાગે, ત્યાં સુધી શીલ કે જે સદાચરણ રૂપ છે તે યથાર્થ ન બને.

✠

ધર્મબિન્દુ અ. ૪. સૂત્ર–૪ માં ગુરુની યોગ્યતા જણાવનારા ગુણોમાં 'સત્ત્વહિતરતઃ' ગુણ કહ્યો છે.

તેની ટીકામાં કહ્યું છે કે,

'तत्तच्चित्रोपायोपादानेन सामान्येन सर्वसत्त्वप्रियकरण परायणः ।'

ગુરુનું "પ્રાણીઓના હિતમાં રક્ત" એવું લક્ષણ કહ્યું છે. અર્થાત્ ગુરુ, તે તે પ્રકારના વિવિધ ઉપાયો દ્વારા સામાન્યથી સર્વ પ્રાણીઓને હિત કરવામાં તત્પર હોય છે.

तस्यैव च गुरुत्वादिति । तस्य परार्थसंपादनस्यैव चेत्यवधारणे गुरुत्वात् । गुरुत्वं चास्य सर्वानुष्ठानेभ्य उत्तमत्वात् ।

ધર્મબિન્દુ અ. ૬. સૂત્ર-૬

તે જ ગુરુ કહેવાય. અને તે ગુરુમાં રહેલી પરોપકાર પરાયણતા એ જ ગુરુ છે. અને ગુરુ = મોટું. કેમ? કારણ કે પરોપકાર એ જ સર્વગુણોમાં ગુરુ=મુખ્ય છે.

આ બંને સૂત્રો મુજબ સર્વ અનુષ્ઠાનોના પ્રાણભૂત મૈત્રી આદિ ભાવો છે એમ સ્પષ્ટ થાય છે.

✕

परोपकारकरणव्यग्रा एव सत्पुरुषा भवन्ति । ते हि परे प्रियं कर्तुमुद्यताः शिथिलयन्ति स्वप्रयोजनं । परप्रयोजमेव हि ते स्वप्रयोजनं मन्यन्ते ।

ઉપમિતિ પૃ. ૧૬૩

સત્પુરુષો પરોપકાર કરવામાં વ્યગ્ર જ હોય છે. તે સત્પુરુષો બીજાનું પ્રિય કરવામાં તત્પર બનેલા પોતાના પ્રયોજનને ગૌણ કરે છે. અને બીજાના કાર્યને પોતાનું કાર્ય માને છે.

અહીં સામાન્ય સત્પુરુષોનું વર્ણન છે. આથી પ્રથમ ગુણસ્થાનકવર્તી સામાન્ય શિષ્ટ-પુરુષની શિષ્ટતા પણ મૈત્રીભાવથી યુક્ત હોય છે. એમ સાબિત થાય છે.

✕

विलिहइ य मज्झ हिययंमि, जो कओ तस्स अग्गिसम्मस्स ।
परिभवकोवुप्पाओ, तवइ अकज्जं कयं पच्छा ॥१॥
एण्हिं पुण पडिवन्नो, मेत्तीं सव्वेसु चेव जीवेसु ।
तिण वयणाओ अहयं, विसेसओ अग्गिसम्मंमि ॥२॥

સમરાઇચ્ચ કહા-પ્રત પૃ. ૭૦ શ્લોક ૧૯-૨૦.

અગ્નિશર્માને મેં પરિભવ કરવા દ્વારા ક્રોધિત કર્યો તે મારા હૃદયમાં ખટકે છે. કહેવાય છે કે, કરેલું અકાર્ય પાછળથી તપે છે.

હવે હું સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને સ્વીકારું છું. અને તે કારણે અગ્નિશર્મા વિશે વિશેષથી મૈત્રીભાવને સ્વીકારું છું.

ભાવાર્થ :- કાઉસગ્ગ ધ્યાને રહેલા ગુણસેન રાજાને દેવલોકમાં ગયેલ અગ્નિશર્મા તાપસનો જીવ ઉપદ્રવ કરે છે. તે વખતની ગુણસેન રાજાની ભાવના, તેના ઉપર મૈત્રી-ભાવના વાળી રહે છે. અને તેથી સમતાપૂર્વક ઉપસર્ગ સહન કરવાનું બળ મળે છે.



✕

प्रमोदं गुणाधिकेषु-प्रमोदो नाम विनयप्रयोगः ।

वन्दनस्तुतिवर्णवादवैयावृत्यकरणादिभिः सम्यक्त्व-ज्ञान-चारित्र-तपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियाभिव्यक्तो मनःप्रहर्ष इति ।

શ્રી તત્વાર્થસૂત્ર-અ. ૭. સૂ ૬ ભાષ્ય.

ગુણાધિકમાં પ્રમોદ એટલે-વડીલો પ્રત્યે વિનયનો પ્રયોગ, સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર-તપ આદિ ગુણો દ્વારા અધિક-એવા સાધુઓને વિશે વંદન-સ્તુતિ-ગુણાનુવાદ સ્વપર વડે કરવા, કરાવવા દ્વારા સર્વ ઇન્દ્રિયોમાં અભિવ્યક્ત થતો મનનો હર્ષ એનું નામ પ્રમોદ.

ભાવાર્થ :- અહીં પ્રમોદને વિનય પ્રયોગ કહ્યો છે. તેથી તે અભ્યંતર તપ સ્વરૂપ બનીને નિર્જરાનો પ્રધાન હેતુ કહી શકાય.

✠

तहिं तहिं सुअक्खायं, से य सच्चे सुसमाहिए ।
स हि सच्चेण संपन्ने, मित्ती भूएसु कप्पए ॥१॥

શ્રી સૂત્રકૃતાંગ અ. ૧૫. ઉદ્દે. ૩ ગા. ૬.

તે તે શ્રુતમાં કહેલું છે કે, તે સત્ય અને સુસમાહિત અને સત્યથી યુક્ત છે કે જે પ્રાણીઓને વિશે મૈત્રી કરે છે.

✠

रोइय णायपुत्तवयणे, अत्तसमे मण्णेज्ज छप्पिकाए ।
पंच य फासे महव्वयाइं, पंचासव संवरए जे स भिक्खु ॥

શ્રી દશવૈકાલિક અ. ૧૦ ગા. ૫.

सव्व-भूअप्प-भूअस्स, सम्मं भूयाइं पासओ ।
पिहिआसवस्स दंतस्स, पावं कम्मं न बंधइ ॥१॥

શ્રી દશવૈકાલિક અ. ૪ ગા. ૯.

મહાવીરસ્વામિના વચનને રૂચીપૂર્વક ગમાડીને, છ એ જીવનિકાયને આત્મ સમાન માને અને પાંચ ઇન્દ્રિયો અને પાંચ આશ્રવનો સંવર કરે, પાંચ મહાવ્રતને પાળે તે સાધુ કહેવાય.

સર્વ ભૂતને વિશે આત્મભૂત બનીને સર્વ પ્રાણીઓને જોતો, ઇન્દ્રિઓનું દમન કરતો, અને આશ્રવને રોકતો જીવ પાપ કર્મને બાંધતો નથી.

टीका– सर्वभूतेषु आत्मभूतः सर्वतभूात्मभूतो यः आत्मवत् सर्वभूतानि पश्यति, तस्यैवं सम्यग् वीतरागोक्तविधिना भूतानि पृथिव्यादीनि पश्यतः सतः। पिहितास्रवस्य स्थगित-प्राणातिपाताद्यास्रवस्य दान्तस्य,

इन्द्रिया दमेननां इन्द्रियदमेन पापं कर्म न बध्यते,

✠

सव्वत्थ अपडिबद्धा, मेत्तादि-गुणण्णिया य णियमेण।
सत्ताइसु होंति दढं, इय आययमग्ग तल्लिच्छा॥

શ્રી પંચાશક ગા. ૪૨ પૃ. ૩૨૦.

સાધુઓ સર્વત્ર અપ્રતિબદ્ધ હોય છે. અને પ્રાણીઓને વિશે દઢ મૈત્ર્યાદિ ભાવવાળા હોય છે. તથા આત્મમાર્ગના ઇચ્છુક હોય છે.

टीका– मैत्र्यादि गुणान्विता नियमेन, नियोगेन यथासंख्यं सत्त्वादिषु भवन्ति॥

✠

मेत्तादी सत्ताइसु, जिणिंदवयणेण तहय अच्चत्थं, भावेइ तिव्वभावो, परमं संवेगमावण्णो ॥१॥

શ્રી પંચવસ્તુ ગા. ૧૬૭૩ પૃ. ૨૭૫.

શ્રી જિનેશ્વર ભગવંતના વચન દ્વારા પરમ સંવેગને પામેલો, અત્યંત તીવ્ર ભાવના યુક્ત બનીને સત્વ-ગુણાધિક આદિને વિષે મૈત્રી પ્રમોદ આદિ ભાવોને ભાવે છે.

टीका– मैत्र्यादीनि सत्त्वादिषु, जिनेन्द्रवचनेन, हेतुभूतेन तथा चात्यर्थं नितरां भावयति, तीव्रभावः सन् परमसंवेगमापन्नः अतिशयमाद्रान्तःकरण इति गाथार्थः।

✠

इति चेष्टावतः उच्चैर्विशुद्धभावस्य सद्यतेः क्षिप्रम्।
मैत्रीकरुणामुदितोपेक्षाः किलसिद्धिमुपयान्ति॥

શ્રી ષોડશક ૧૩. શ્લો. ૭.

વિશુદ્ધ ભાવવાળ સાચા સાધુને આ પ્રમાણે ક્રિયા કરતાં, મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા આદિ શુભ ભાવો જલ્દી સિદ્ધ થાય છે.

टीका– इति चेष्टावतः साधु चेष्टायुक्तस्य विशुद्धाध्यवसायस्य सत्साधोः अचिरेणैव निष्पत्ति लभन्ते।

✠

एते पापविकारा न प्रभवन्त्यस्य धीमतः सततं ।
धर्मामृत-प्रभावात् भवन्ति मैत्र्यादयश्च गुणाः ॥

શ્રી ષોડશક ૪. શ્લોક. ૪.

વિષયતૃષ્ણા વગેરે પાપ વિકારો, બુદ્ધિમાન્ આત્માને કનડતા નથી. અને ધર્મરૂપી અમૃતના પ્રભાવથી મૈત્ર્યાદિ ગુણો પ્રાપ્ત થાય છે.

✱

सत्त्वेषु मैत्रीं गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।
माध्यस्थ्यभावं विपरीतवृत्तौ सदा ममात्मा विदधातु देवः ॥

શ્રી અમિતગતિ સ્તોત્ર શ્લો. ૧.

અહીં પ્રભુને પ્રાર્થના કરી છે કે-

હે દેવ! મારો આત્મા હંમેશા પ્રાણીઓને વિષે મૈત્રી, ગુણીપુરુષોને વિષે પ્રમોદ, દુઃખી જીવોને વિષે દયાળુતા અને વિપરીત વૃત્તિવાળા જીવો ઉપર મધ્યસ્થભાવને ધારણ કરો..!

આ ઉપરથી ફલિત થાય છે કે-ભક્તિમાન્ આત્માઓ આ ચારે પ્રકારના ભાવોને સદા ઝંખે છે.

✱

प्रवृत्तिरप्यमीषां ( स्थिरादिदृष्टिमतां ) परार्था ( दृष्टिः ) शुद्ध-बोधभावेन विनिवृत्ताग्रहतया, मैत्र्यादि पारतन्त्र्येण गंभीरोदाराशयत्वात् ॥

શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય. શ્લોક ૧૪ ની ટીકા.

શુદ્ધ બોધ, આગ્રહ રહિતતા, મૈત્ર્યાદિની આધીનતા તથા ગંભીર આશય યુક્તતા હોવાના કારણે સ્થિરાદિ દૃષ્ટિમાં રહેલા જીવની દૃષ્ટિ પરોપકાર પરાયણ હોય છે.

१. प्रभादृष्टिमतां योगिनां परानुग्रहकर्तृता ।

પ્રભાદૃષ્ટિમાં રહેલા યોગીઓને પરોપકાર સહજ હોય છે.

२. परादृष्टिमतां योगिनां परोपकारित्वम् ।

પરાદૃષ્ટિમાં રહેલા યોગીઓ પરોપકારી હોય છે.

શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લોક નં. ૧૫ ની ટીકા.

अन्नेसु अ जीवेसु, मित्तीकरुणाइ गोयरेसु कयं ।
परियावणाइ दुःखं, इण्हीं गरिहामि तं पावं ॥

શ્રી ચઉશરણ પયન્ના. ગા. ૫૩

અહિં સર્વ જીવોને મૈત્રી કરૂણાદિના વિષયભૂત ગણાવ્યા છે. અને તેમને પરિતાપનાદિ દુઃખ ઉપજાવ્યું હોય, તે પાપની નિંદા-જુગુપ્સા કરી છે. અન્ય જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવો ન હોય તેને પરિતાપનાદિરૂપ પાપ કેવી રીતે લાગે? માટે સર્વ જીવો સમ્યગ્દૃષ્ટિ જીવોને મૈત્રી આદિના વિષયભૂત હોય જ છે.

## ધર્મધ્યાનનો ધ્યાતા.

तथाहि–लेश्याविशुद्धया, भावनाहेतुक–साम्यहेतुक–रागद्वेषजयेन वा कृत–मनःशुद्धिः, मैत्री–प्रमोद–कारुण्य–माध्यस्थ्य–पवित्रित–चित्तो, भावितात्मा, पर्वतगुहा-जीर्णोद्यान–शून्यागारादौ मनुष्यापातविकलेऽवकाशे मनोविक्षेपनिमित्तशून्ये सत्त्वोपघात-रहित उचिते शिलातलादौ यथा समाधानं विहित–पर्यंकाद्यासनः मन्दप्राणापानसंचारः निरुद्धलोचनादिकरण–प्रचारो हृदि ललाटे मस्तकेऽन्यत्र वा यथा परिचयं मनोवृत्ति प्रणिधाय प्रसन्नवदनः पूर्वाभिमुखः उदङ्मुखो ध्यायति धर्म्यम् ॥

શાસ્રવાર્તા મોટી ટીકા પૃ. ૩૩૬ પુઠી-૧.

લેશ્યાની વિશુદ્ધિપૂર્વક, ભાવના અને સમતામાં હેતુભૂત રાગદ્વેષનો જય કરીને, મનશુદ્ધિવાળો, મૈત્રી-પ્રમોદ—કરૂણા માધ્યસ્થથી પવિત્ર ચિત્તવાળો, ભાવિતાત્મા, પર્વત-ગુફા-જીર્ણોદ્યાન-શુન્યઘર આદિ જે સ્થાનકે જ્યાં મનુષ્યોની અવર જવર ઓછી હોય, મનનો વિક્ષેપ ન થતો હોય, વિરાધના આદિનો સંભવ ન હોય એવા ઉચિત શીલાતલાદિ ઉપર મનની સમાધિ રહે તે રીતે પદ્માસને બેસીને, શ્વાસોશ્વાસ મંદ કરીને, ઇન્દ્રિયોને અંતર્મુખ કરીને, હૃદય-લલાટ-મસ્તક અથવા અન્ય પરિચિત સ્થાનમાં મનને સ્થિર કરીને પ્રસન્ન મુખમુદ્રાપૂર્વક પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે ધર્મધ્યાન કરે.

अन्योपकारकरणं, धर्माय महीयसे च भवतीति ।
अधिगत–परमार्थानामविवादो वादिनामत्र ॥

શ્રી ધર્મબિન્દુ અ. ૩ સૂ. ૭૧ ની ટીકા.

પરોપકાર કરવો તે મોટા ધર્મ માટે થાય છે. એ બાબતમાં તત્ત્વને જાણનાર સર્વ વિદ્વાનો એક મત છે.

सर्वेऽपि सन्तु सुखिनः, सेर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् पापमाचरेत् ॥

ધર્મબિન્દુ અ. ૩. સૂત્ર ૭૯ ની ટીકામાંથી.

સર્વ પ્રાણીઓ સુખી થાઓ, સર્વે નિરોગી બનો.
સર્વ કલ્યાણને પામો, કોઈપણ પાપ ન આચરો.

तथा सत्त्वादिषु मैत्र्यादियोग इति ।

ધર્મબિન્દુ અ. ૩ સૂત્ર. ૯૩.

જીવ, ગુણી દુઃખી અને અવિનયી ઉપર ક્રમશઃ મૈત્રી પ્રમોદ-કરુણા-ઉપેક્ષાનો યોગ હોવો જોઈએ.

✕

परोपकारः सततं विधेयः स्वशक्तितो ह्युत्तमनीतिरेषा ।
स्वोपकाराच्च न भिद्यते तत्, तं कुर्वतैतद् द्वितयं कृतं स्यात् ।

શ્રી ઉપદેશ રત્નાકર પીઠિકા શ્લોક-૧૩.

પોતાની શક્તિ મુજબ પરોપકાર હંમેશ કરવો જોઇએ. એ ઉત્તમપુરુષોની નીતિ છે. સ્વોપકારથી એ જુદુ નથી. પરોપકાર કરતાં (કરવાથી) સ્વોપકાર થઇ જ જાય છે.

परोपकारपरो हि पुमान् सर्वस्य नेत्रामृतांजनम् ।

યોગશાસ્ત્ર. પ્રકાશ-૧.

પરોપકારી પુરુષ સર્વ જીવોની આંખમાં અમૃતનાં અંજન સમાન છે.

यो हि प्रकृत्यैव परेषां हितकरणे निरंतरं रतो भवति स धन्यो धर्मधनार्हत्वात् ॥

ધર્મરત્ન પ્રકરણ

જે સ્વભાવથી જ બીજાનું હિત કરવામાં હંમેશ રક્ત હોય છે, તે ધન્ય છે. અને તે જ ધર્મરૂપી ધનને યોગ્ય છે.

तत्त्वं धर्मस्य सुस्पष्टं मैत्रीभावविकासनम् ।
परोपकार-निर्माणं शमवृत्तेरुपासनम् ॥

મૈત્રીભાવનો વિકાસ, પરોપકાર કરણ, સમતાની સાધના એ ધર્મનું સ્પષ્ટ તત્ત્વ છે.

आत्मवत् सर्वभूतेषु दृष्टिः सर्वोन्नतिकारिता ।
भावशान्ति-प्रकाशार्थं देया भक्तिपरायणैः ॥

સર્વ પ્રાણીઓમાં આત્મવત્ દૃષ્ટિ, સર્વની ઉન્નતી કરનારી છે. તેથી ભક્તિપરાયણ-જીવોએ ભાવની શાન્તિ માટે તે દૃષ્ટિને સર્વત્ર સ્થાપવી જોઈએ.

✕

मैत्री परहिते चिन्ता, परार्तिच्छेदधीः कृपा ।
मुदिता सद्गुणे तुष्टि-र्माध्यस्थ्यं पाप्युपेक्षणम् ॥१॥

શ્રી ભાવદેવસૂરિકૃત પાર્શ્વનાથ ચરિત્ર ધર્મારાધન શિક્ષા શ્લોક ૧૮

પરના હિત વિશે ચિંતા એ મૈત્રી, પરના દુઃખને દૂર કરવાની બુદ્ધિ તે કરૂણા, વિદ્યમાન ગુણમાં આનંદ તે પ્રમોદ, પાપી જીવની ઉપેક્ષા તે માધ્યસ્થ્ય.

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्याख्या महागुणाः ।
युक्तस्तै र्लभते मुक्तिं, जीवोऽनन्तचतुष्टयम् ॥२॥

શ્રી ભાવદેવસૂરિકૃત પાર્શ્વનાથ ચરિત્ર ધર્મારાધન શિક્ષા શ્લોક ૬૯.

મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય એ મહાન ગુણો છે. તે ગુણોથી યુક્ત જીવ અનન્તચતુષ્ટય વાળી મુક્તિને પ્રાપ્ત કરે છે.

✕

सद्धर्मध्यानसंध्यान–हेतवः श्री जिनेश्वरैः ।
मैत्रीप्रभृतयः प्रोक्ताश्चतस्रो भावनाः पराः ॥१॥

શ્રી જિનેશ્વરભગવંતોએ સદ્ધર્મધ્યાનના સંધાનમાં હેતુભૂત મૈત્રી વગેરે શ્રેષ્ઠ ચાર ભાવનાઓ કહેલી છે

तथाहुः मैत्रीप्रमोद कारुण्य–माध्यस्थ्यानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्तुम्, तद्धि तस्य रसायनम् ॥२॥

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થની સતત ભાવના કરવી જોઇએ. તે ધર્મધ્યાનને પુષ્ટ કરવા માટે રસાયણ છે.

मैत्री परेषां हितचिंतनंयत् भवेत् प्रमोदो गुणपक्षपातः ।
कारुण्यमार्ताङ्गिरूजां जिहीर्षेत्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥३॥

પરના હિતની ચિંતા તે મૈત્રી, ગુણનો પક્ષપાત તે પ્રમોદ, દુઃખીજીવોના રોગને દૂર કરવાની ઇચ્છા તે કરૂણા, દુષ્ટ બુદ્ધિવાળાની ઉપેક્ષા તે માધ્યસ્થ્ય (ઉપેક્ષાભાવ).

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन्, चिन्त्यो जगत्यत्र न कोऽपि शत्रुः ।
कियद्दिन–स्थायिनि जीवितेऽस्मिन्, किं खिद्यसे वैरिधिया परस्मिन् ॥४॥

હે આત્મન્ ! તું સર્વત્ર મૈત્રીને ધારણ કર. જગતની અંદર કોઇપણ શત્રુ નથી એમ વિચાર. થોડા દિવસ રહેનાર આ જીવનમાં બીજા ઉપર વેર રાખીને શા માટે ખેદ પામે છે

सर्वेऽप्यमी बन्धुतयानुभूताः, सहस्रशोऽस्मिन् भवता भवाब्धौ ।
जीवास्ततो बन्धव एव सर्वे, न कोऽपि ते शत्रुरिति प्रतीहि ॥५॥

સર્વજીવોને બંધુ તરીકે તેં હજારો વાર અનુભવ્યા છે. માટે બધા જીવો તારા બાંધવ છે, કોઇ શત્રુ નથી તેમ વિચાર.

सर्वे पितृमातृ-पितृव्यभ्रातृ-पुत्राङ्गजास्त्रीभगिनीस्नुषात्वम् ।
जीवाः प्रपन्ना बहुशस्तदेतत् कुटुम्बमेवेति परो न कश्चित् ॥६॥

સર્વ જીવો માતા, પિતા, કાકા, ભાઈ, પુત્ર, પુત્રી, સ્ત્રી, બેન, પુત્રવધુ તરીકે અનેક વાર થયા છે. માટે આખું જગત કુટુમ્બ જ છે. કોઈ બીજું નથી (પરાયું નથી).

एकेन्द्रियाद्या अपि हन्त जीवाः, पञ्चेन्द्रियत्वाद्यधिगम्य सम्यक् ।
बोधिं समाराध्य कदा लभन्ते, भूयो भवभ्रान्तिभियां विरामम् ॥७॥

એકેન્દ્રિયાદિ જીવો પણ પંચેન્દ્રિયપણું આદિ સામગ્રી પામીને, સમ્યક્બોધિનું આરાધન કરીને ભવભ્રમણનો વિરામ ક્યારે પામશે.

या रागरोषादिरुजो जनानाम्, शाम्यन्तु वाक्कायमनोद्रुहस्ताः ।
सर्वेऽप्युदासीनरसं रसन्तु, सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥८॥

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર્ય વિરચિત,

श्री शान्त सुधारस भावना-त्रयोदश-प्रकाशः

મન-વચન-કાયાને ત્રાસ આપનારા લોકોના રાગ-રોષાદિ દોષો શાંત થાઓ, સર્વ જીવો ઉદાસીન ભાવને પામો, સર્વત્ર સર્વ જીવો સુખી થાઓ.

ભાવાર્થ :-અહીં ધર્મધ્યાનનું અનુસંધાન કરવા માટે મૈત્ર્યાદિ ભાવનાઓની ઉપયોગીતા બતાવી છે. મૈત્ર્યાદિ ભાવનાઓ ઈષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ, રોગ ચિન્તા ઈત્યાદિ આર્તધ્યાનના પ્રકારોમાંથી છૂટવા માટે (અને) 'सर्वत्र सर्वे सुखिनो भवन्तु' એ વિચારના બળે ધર્મધ્યાનમાં પ્રવેશ કરવાનું દ્વાર બની જાય છે. સર્વના હિતનો વિચાર, એ માત્ર પોતાના જ ઐહિક હિતની ક્ષુદ્ર ચિંતામાંથી મુક્ત કરાવી, આત્માના અનંત હિતની ચિંતાને યોગ્ય બનાવે છે.

✖

साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावतः ।
आत्मीयग्रहमोक्षश्च, धर्महेतुप्रसाधनम् ॥१॥

નિરંતર ભક્તિપૂર્વક જ્ઞાનવૃદ્ધ સાધુ પુરુષોની સેવા, ભાવપૂર્વક પ્રાણીમાત્રના હિતની ચિંતા અને આગ્રહવૃત્તિનો ત્યાગ એ ધર્મના હેતુભૂત અહિંસા આદિના સાધન છે.

—શ્રી શાસ્ત્રવાર્તા સમુચ્ચય, શ્લોક નં. ૬

✖

"ભૂત માત્રની દયા" એ પુણ્યાનુબંધી પુણ્યનું પ્રથમ સોપાન છે. એ બતાવતાં કહ્યું છે કે—

दया भूतेषु वैराग्यं, विधिवद् गुरुपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्यदः ।।

—हरिभद्रीय अष्टक...।

પ્રાણીઓને વિશે દયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરૂપૂજન, વિશુદ્ધશીલનું આચરણ એ પુન્યાનુબંધી પુન્યનું કારણ છે.

✠

दट्ठूण पाणिनिवहं, मीमे भवसायरम्मि दुःखत्तं ।
अविसेसओऽणुकम्पं, दुहावि सामत्थओ कुणइ ।।१।।

ભયંકર ભવસાગરમાં પ્રાણીઓના સમૂહને દુઃખી જોઈને, નિષ્પક્ષપણે દ્રવ્ય–ભાવ અનુકંપા શક્તિ મુજબ કરવી જોઈએ.

✠

चरमे पुद्गलावर्ते, क्षयश्चास्योपपद्यते ।
जीवानां लक्षणं तत्र, यत एतदुदाहृतम् ।।३१।।
दुःखितेषु दयात्यन्त–मद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव, सर्वत्रैवाविशेषतः ।।३२।।

–श्री योगदृष्टिसमुच्चय

ચરમ પુદ્ગલાવર્તમાં મોહનો ક્ષય થાય છે. તેથી ચરમપુદ્ગલાવર્તમાં જીવોનું લક્ષણ નીચે મુજબ છે. દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ, સર્વત્ર નિષ્પક્ષપણે ઔચિત્યનું સેવન.

परपीडेह सूक्ष्मापि, वर्जनीया प्रयत्नतः ।
तद्वत्तदुपकारेऽपि, यतितव्यं सदैव हि ।।१।।

—श्री योगदृष्टिसमुच्चय

પ્રયત્નપૂર્વક સૂક્ષ્મ પણ પરપીડાનું વર્જન અને તેવી જ રીતે પ્રયત્નપૂર્વક ઉપકાર કરવામાં સદા પ્રયત્ન કરવો જોઈએ.

पापवत्स्वपि चात्यन्तं, स्वकर्मनिहतेष्वलम् ।
अनुकंपैव सत्त्वेषु, न्याय्या धर्मोऽयमुत्तमः ।।१५१।।

—श्री योगदृष्टिसमुच्चय

પોતાના કર્મથી હણાયેલા પાપી પ્રાણી પ્રત્યે દયા એ જ ઉત્તમ ધર્મ છે. અને એ જ ન્યાય છે.

सर्वत्राद्वेषिणश्चैते, गुरुदेवद्विजप्रियाः ।
दयालवो विनीताश्च, बोधवन्तो यतेन्द्रियाः ॥२१०॥

—श्री योगदृष्टिसमुच्चय

આ દૃષ્ટિમાં રહેલા જીવો સર્વત્ર અદ્વેષી હોય છે. દેવ-ગુરૂ અને બ્રાહ્મણ પ્રત્યે પ્રેમવાળા હોય છે. દયાળુ, વિનીત તથા જીતેન્દ્રિય હોય છે.

✕

**નીચેના શ્લોકો સમ્યગ્દર્શનની સાથે મૈત્રીભાવનો સંબંધ બતાવે છે.**

"सम्यग्दर्शन-स्वरूपम्"

यानि ते कथितान्यत्र, सप्त तत्त्वानि सत्पुरे ।
दृढनिश्चयमेतेषु, भवचक्रपराङ्मुखम् ॥२०४॥
शमसंवेगनिर्वेदकृपाऽऽस्तिक्यविराजितम् ।
मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यैर्भावितात्मकम् ॥२०५॥
सदा प्रयाणकारूढं, निर्वृत्तौ गमनेच्छया ।
करोत्येष जनं वत्स ! सम्यग्दर्शन-नामकः ॥२०६॥

(त्रिभिर्विशेषकम्)

—श्री उपमितिभवप्रपंचाकथा पृ. २८७

જે મેં આ ધર્મનગરની અંદર સાત તત્ત્વ (જીવ-અજીવ આદિ) ની વાત કરી, તે તત્ત્વોમાં (સમ્યગ્દર્શનના પ્રતાપે જીવને) દૃઢ નિશ્ચય હોય છે. અને (તે જીવ) ભવ-ચક્રથી પરાઙ્મુખ હોય છે.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યથી શોભિત હોય છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્યથી ભાવિત હોય છે. એવા જીવને સમ્યગ્દર્શન એ મોક્ષમાં જવાની ઇચ્છાપૂર્વક સતત પ્રયાણમાં આરૂઢ રાખે છે.

✕

પૂર્વભૂમિકા :—નીચેનું લખાણ તેમજ શ્લોકો મહાત્માપુરૂષોના સહજ પરાર્થકરણ સ્વભાવને જણાવે છે. ઉત્તમપુરૂષોની પ્રકૃતિ જ પરાર્થપરાયણ હોય છે. નિષ્પન્ન-યોગી પુરૂષોનું ચિત્ત સ્વભાવથી જ પરાર્થકરણશીલ હોય છે.

विमलेन चिन्तितं—अयं समागतः स एष भगवान् बुद्धसूरिः । अहो भगवतो वैक्रियरूपकरणातिशयः ! अहो ममोपरि करुणा ! अहो परोपकारकरणैकरसत्वं ! अहो स्वसुखकार्यनिरपेक्षता ! अहो निर्व्याजसौजन्यातिरेक इति । तथाहि—

स्वकार्यमवधीर्यैव, परकार्ये कृतोद्यमाः ।
भवन्ति सततं सन्तः, प्रकृत्यैव न संशयः ॥१॥
स्वकार्यमिदमेतेषां, यत् परार्थे प्रवर्तनम् ।
भानोः किं किंचिदस्त्यन्यल्लोकोद्योतादृते फलम् ॥२॥
निजे सत्यपि साधूनां, कार्ये नैवादरः क्वचित् ।
सलाञ्छनो जगद्-द्योती, दृष्टान्तोऽत्र निशाकरः ॥३॥
नाभ्यर्थिताः प्रवर्तन्ते, परकार्ये महाधियः ।
केन हि प्रार्थिता लोके, वृष्टये धीर ! नीरदाः ॥४॥
स्वप्नेऽपि न स्वदेहस्य, सुखं वाञ्छन्ति साधवः ।
क्लिश्यन्ते यत्परार्थं ते, सैव तेषां सुखासिका ॥५॥
यथाग्निर्दाहपाकाय, जीवनाय यथाऽमृतं ।
स्वभावेन तथा लोके, परार्था साधुसंहतिः ॥६॥
कथं तेनामृतं सन्तो, ये परार्थपरायणाः ।
तृणायाऽपि न मन्यन्ते, ससुखे धनजीविते ॥७॥
इत्येवं ते महात्मानः, परार्थे कृतनिश्चयाः ।
आत्मनोऽपि भवन्त्येव, नूनं सिद्धप्रयोजनाः ॥८॥ ( अष्टभिः कुलकम् )

—श्री उपमितिभवप्रपंचा कथा पृ. ५०६

વિમલે વિચાર્યું કે, આ તે જ પૂજ્ય બુદ્ધિસૂરિ છે. ખરેખર! ભગવાનનું વૈક્રિયરૂપ ધારણ કરવાનું સામર્થ્ય કેટલું છે! મારા પ્રત્યે કરૂણા કેટલી છે! પરોપકાર કરવામાં રસ કેટલો છે! પોતાના સુખ અને કાર્યની નિરપેક્ષતા કેટલી છે! સાહજિક સૌજન્યાતિશય કેટલો છે!

કહ્યું છે કે-સત્પુરુષો પ્રકૃતિથી પોતાના કાર્યોની ઉપેક્ષા કરીને સતત પરમાર્થમાં ઉદ્યમવંત હોય છે.

સત્પુરુષો પરોપકારને સ્વકાર્ય જ માને છે. શું સૂર્યને લોકમાં પ્રકાશ કરવા સિવાય બીજું કાર્ય હોય છે?

પોતાનું કાર્ય હોવા છતાં પણ સત્પુરુષોને એમાં આદર હોતો નથી. જગતને પ્રકાશિત કરનાર ચંદ્ર પોતાના લાંછનને દૂર કરવા માટે પ્રયત્ન કરતો નથી.

મહાનપુરુષો બીજાની માંગણીથી પ્રવૃત્તિ કરતા નથી. પણ સ્વયમેવ કરે છે. હે ધીર! મેઘરાજા કોની પ્રાર્થનાથી પૃથ્વી ઉપર વૃષ્ટિ કરે છે?

સાધુપુરુષો સ્વપ્નમાં પણ પોતાની અનુકૂળતા ઇચ્છતા નથી અને પરકાર્યમાં કષ્ટ હોવા છતાં પણ સતત પ્રવૃત્તિ કરે છે. તે જ તેમનું સુખ છે.

જેમ અગ્નિ, ગરમી અથવા ગરમ રસોઇ માટે થાય છે. અમૃત જીવન માટે થાય છે. તેમ સાધુપુરુષો લોકમાં સ્વભાવથી જ પરોપકાર કરે છે.

જે પરાર્થપરાયણ સત્પુરુષો છે તેમને અમૃત કેમ ન કહેવા? કે જે સુખપૂર્વકના સમૃદ્ધ જીવનને પણ તૃણની જેમ માને છે.

આ પ્રમાણે પરમાર્થમાં પરાયણ સત્પુરુષો, પોતાના કાર્ય પણ પૂર્ણ કરે છે.

✕

**સમ્યગ્દર્શન અંગીકાર કરનાર જીવની પ્રવૃત્તિ મૈત્ર્યાદિ ભાવોથી યુક્ત હોય છે, તે આ પ્રમાણે**

"सम्यग्–दर्शन–स्वरूपम्"

ततः संक्षेपेण प्रथमावस्थोचितमस्य पुरतो धर्मगुरवः सम्यग्दर्शन–स्वरूपं वर्णयेयुः ॥

यथा–" भद्र ! यो रागद्वेषमोहादिरहितोऽनन्तज्ञानदर्शनवीर्यानन्दात्मकः, समस्त-जगदनुग्रहप्रवणः, सकलनिष्कलरुपः परमात्मा स एव परमार्थतो देव इति बुद्धया तस्योपरि यद् भक्ति–करणं, तथा तेनैव भाषिता–ये जीवाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबंध-मोक्षाख्या नव पदार्थास्ते अवितथा एवेति या प्रतिपत्तिः, तथा तदुपदिष्टे ज्ञानदर्शन चारित्रात्मके मोक्षमार्गे ये प्रवर्त्तन्ते साधवः त एव गुरवो वन्दनीया इति या बुद्धिः तत् सम्यग्दर्शनं, तत्पुनर्जीवे वर्त्तमानं प्रशम–संवेग–निर्वेदानुकम्पाऽऽस्तिक्याभिव्यक्ति-लक्षणैर्बाह्यलिङ्गैर्लक्ष्यते, तथा तदंगीकृत्य जीवेन सत्त्वगुणाधिकक्लिश्यमानाविनेयेषु मैत्री–प्रमोद–कारुण्य–माध्यस्थ्यानि समाचरणीयानि भवन्ति, तथा स्थिरता, भगव-दायतनसेवा, आगमकुशलता, भक्तिः, प्रवचन–प्रभावना इत्येते पञ्चभावाः सम्यग्दर्शनं दीपयन्ति । तथा शंका-कांक्षा–विचिकित्सा–परपाखण्डप्रशंसातत्संस्तवश्चैते तु तदेव दूषयन्ति ।

तदेव सकल—कल्याणावहो दर्शनमोहनीयकर्मक्षयोपशमादिनाऽऽविर्भूतः खल्वात्म-परिणाम एव विशुद्धसम्यग्दर्शनम् अभिधीयते ।

—श्री उपमितिभवप्रपंचा कथा पृ. ७३

ત્યારપછી ધર્મગુરુઓ જીવની પ્રથમ અવસ્થાને ઉચિત સમ્યગ્દર્શનનું સ્વરૂપ સંક્ષેપથી વર્ણવે છે.

હે ભદ્ર...! રાગ, દ્વેષ, મોહ આદિથી રહિત, અનંતજ્ઞાન, દર્શન, વીર્ય અને આનંદ સ્વરૂપ, સમસ્ત જગતના અનુગ્રહમાં તત્પર, સકલ અને નિષ્કલસ્વરૂપ જે પરમાત્મા છે તે જ પરમાર્થથી દેવ છે, એ બુદ્ધિથી તેમની ભક્તિ કરવી. તથા તેમણે જ કહેલા, જીવ–અજીવ–પુન્ય–પાપ–આશ્રવ–સંવર–નિર્જરા–બંધ અને મોક્ષ નામના જે નવ પદાર્થો છે. તેનો તે રીતે સ્વીકાર કરવો. તથા ભગવાનના ઉપદેશેલા જ્ઞાન–દર્શન–ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગમાં જે પ્રવૃત્તિ કરે છે, તે જ ગુરુ વંદનીય છે–એવી જે બુદ્ધિ તે સમ્યગ્-દર્શન કહેવાય છે.

જીવમાં વર્તતું તે સમ્યગ્દર્શન, પ્રશમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા–આસ્તિક્ય આદિ બાહ્ય ચિહ્નો દ્વારા જણાય છે. તથા સમ્યગ્દર્શનને અંગીકાર કરીને જીવે, પ્રાણીમાત્ર, ગુણાધિક, દુઃખી અને અવિનીતિ જીવો વિષે ક્રમશઃ મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થનું આચરણ કરવું જોઈએ. તથા જિનધર્મમાં સ્થિરતા, ભગવાનના શાસનની સેવા, આગમની કુશલતા, ભક્તિ, તથા પ્રવચન પ્રભાવના એ પાંચ ગુણો સમ્યગ્દર્શનને પ્રકાશિત કરે છે. અને શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિપ્રશંસા અને તેમનો પરિચય એ સમ્યગ્દર્શનને દૂષિત કરે છે.

સકલ કલ્યાણને લાવનાર દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી થયેલો આ સ્વરૂપનો આત્મપરિણામ એ જ વિશુદ્ધ સમ્યગ્દર્શન કહેવાય છે.

✕

**અહિં, બુદ્ધસૂરિની દેશનામાં મૈત્ર્યાદિભાવોનો મહિમા વર્ણવ્યો છે. તથા મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ કરવા પ્રેરણા કરી છે.**

अनुकूलचारिणी मैत्री, अकारणवत्सला करुणा ।
सदाऽऽनंददायिनी मुदिता, सर्वोद्वेगविघातिनी उपेक्षेति ॥

—बुद्धसूरि देशना उपमिति पृ. ५१७

તે જીવને મૈત્રી અનુકૂલ આચરણવાળી છે, કરૂણા અકારણવાત્સલ્યવાળી છે, મુદિતા સદા આનંદને આપનારી છે અને ઉપેક્ષા સર્વ ઉદ્વેગને નાશ કરનારી છે.

अभ्यास–वैराग्य–महिमा–

निरोद्धव्यो महामोहादिसैन्यस्य यत्नतो बहिः प्रचारः । निहन्तव्या यथादर्शं बलान्निर्गच्छंतस्तत्सैनिकाः, संधारणीयं चारित्रधर्मसैन्यं, स्थिरीकर्तव्या चित्तवृत्ति-राज्यभूमिः, प्रवर्तितव्या मैत्रीमुदिताकरुणोपेक्षाश्चतस्रो महादेव्यः ।

—उपमिति पृ. ५९७

અભ્યાસ અને વૈરાગ્યનો મહિમા–

મહામોહાદિ સૈન્યનો બહાર થતો પ્રચાર યત્નપૂર્વક અટકાવવો અને બલાત્કારે બહાર નીકળતા તેના સૈનિકોને જ્યાં દેખાય ત્યાં જ તે જ સમયે હણી નાંખવા. ચારિત્ર-ધર્મનાં સૈન્યને ધારણ કરવું. ચિત્તવૃત્તિ–રાજ્યભૂમિને સ્થિર કરવી.

મૈત્રી-મુદિતા-કરૂણા અને ઉપેક્ષારૂપી ચાર મહાદેવીઓને પ્રવૃત્તિશીલ બનાવવી.

✠

અહીં ક્ષમાધર્મની પ્રાપ્તિ માટે સમસ્ત જન્તુસમૂહ પ્રત્યે મૈત્રીભાવના ભાવવાનું જણાવ્યું છે. અને બધા ઉપાયોમાં તેને પ્રથમ સ્થાન આપ્યું છે.

" कन्यादशक–परिणयनोपायः "

आर्य ! क्षान्तिमभिवाञ्छता तावदनेन भावनीया समस्त–जन्तुषु मैत्री, सहनीयः परविहितः परिभवः । अनुमोदनीयस्तद्द्वारेण परप्रीतियोगः, चिन्तनीयस्तत्संपादनेन आत्मानुग्रहः । निन्दनीयः परिभावकदुर्गतिहेतुतयाऽऽत्मा, श्लाघनीयाः परकोपकारण-भावरहिता धन्यतया भगवन्तो मुक्तात्मनः, गृहितव्या कर्मनिर्जरणहेतुतया–न्यक्कार-कर्तारो हितबुद्ध्या, प्रतिपत्तव्या संसाराऽसारत्त्वदर्शितया त एव गुरुभावेन सर्वथा विधेयं निष्प्रकम्पमन्तःकरणमिति,

दयां पुनः परिणिनीषताऽनेन सर्वथा वर्जनीयः स्तोकोऽपि परोपतापः, दर्शनीयः सर्वदेहिनां बन्धुभावः, प्रवर्तितव्यं परोपकारकरणे, नोदासितव्य' परव्यसनेषु, सर्वथा भवितव्यं समस्तजगदाह्लादकरामृताशयधारिणेति– —उपमिति पृ. ७१७

ક્ષાંતિ=ક્ષમા આદિ દશ કન્યાઓને પરણવાનો ઉપાય–

હે આર્ય....! ક્ષમાને ઇચ્છનાર મનુષ્યે સમસ્ત પ્રાણીઓમાં મૈત્રીને ભાવિત કરવી જોઇએ. બીજાએ કરેલો પરાભવ સહન કરવો જોઇએ. તે દ્વારા થયેલો બીજા સાથેનો પ્રેમ સંબંધ અનુમોદવો જોઈએ, તેથી ઉત્પન્ન થતો આત્માનુગ્રહ વિચારવો જોઈએ. પરાભવ કરનાર આત્માની દુર્ગતિમાં હું નિમિત્તભૂત બનું છું એ રીતે આત્માની નિંદા કરવી. બીજા ઉપર કોપ કરવાના ભાવથી રહિત એવા પૂજ્ય સિદ્ધભગવંતો ધન્ય છે

એવી પ્રશંસા કરવી. તિરસ્કાર કરનારા, મારા આત્માની કર્મનિર્જરામાં હેતુભૂત છે. એમ માનીને હિતસ્વી તરીકે સ્વીકારવા અને હેરાન કરનારા, તેઓ સંસારની અસારતા દેખાડવા દ્વારા ગુરુ તરીકે સ્વીકારવા. સર્વથા નિશ્ચલ અંતઃકરણ બનાવવું.

દયાને પરણવા ઇચ્છતા જીવે—થોડો પણ પરનો ઉપતાપ ( પરને પીડા ) સર્વ રીતે છોડવો જોઈએ. સર્વપ્રાણીઓને બંધુભાવ દેખાડવો પરોપકાર કરવામાં પ્રવૃત્તિ કરવી, બીજાના દુઃખમાં જરાય ઉપેક્ષા કરવી નહિં. અને સર્વપ્રકારે જગતને આહ્લાદ કરનારો જે આશય ( મૈત્રી–સ્નેહ–પ્રેમ ) તેને ધારણ કરવો.

✖

અહિં, વૈરાનુબન્ધનો મૂળથી ઉચ્છેદ કરવા માટે શેષ ઉપાયની અસારતા બતાવીને સમસ્ત સત્ત્વ વિષયક સ્નેહ પરિણામરૂપી મૈત્રી ભાવનાને જ સમર્થ ઉપાય તરીકે બતાવી છે.

मित्रं–मिद्यतीति मित्रं, स्निह्यतीत्यर्थः । तस्य भावःसमस्त सत्त्वविषयः स्नेहपरिणामो मैत्रीः । येऽपि कृतापकाराः प्राणिनः प्रमाददन्यथा वा तेष्वपि मित्रतां चेतसि सन्निवेश्य मित्रमहमेतेषां, एते च मे मित्राणि, इति तत्कथमहं मित्रद्रोहतां प्रतिपत्स्ये, दौर्जन्याश्रयं हि मित्रद्रोहित्वं अतः क्षमेऽहं सर्वसत्त्वानामिति क्षमां भावयेत् । सम्यक् मनोवाक् कायैः सहेऽहं सर्वसत्त्वानाम् । एवं हि मित्रता यथार्थत्वमासादयति । येषां च मया अपकारः कृतः तानपि सत्त्वान् क्षमयेऽहं मित्रत्वात् । क्षमये इति क्षमां ग्राहयामि सर्वान् प्राणिनः प्रशस्तेन चेतसा । स्वचेतसश्च कालुष्यमपनेयमित्येवमुपनयस्तन्त्रे । परस्तु क्षमेत वा नवेत्येतदेव स्पष्टतरं विवृणोति मैत्री मे सर्वसत्त्वेषु वैरं मम न केनचिदिति ।

—तत्त्वार्थ अध्याय–७ सूत्र–६–श्री सिद्धसेनीय टीका

મિત્ર એટલે સ્નેહ કરે તે. તેનો ભાવ એટલે સમસ્ત સત્ત્વવિષયક સ્નેહ પરિણામ તેનું નામ મૈત્રી છે.

પ્રમાદ અથવા બીજા કારણે અપકાર કરનારા પ્રાણીઓને વિષે પણ ચિત્તમાં મિત્રતા ધારણ કરીને "આ બધાનો હું મિત્ર છું તેઓ બધા મારા મિત્ર છે માટે હું કેવી રીતે મિત્ર–દ્રોહ કરું ?"

દુર્જનતાનો આશ્રય કરવો એ મિત્રદ્રોહ છે. માટે સર્વ પ્રાણીઓને હું ક્ષમા આપું છું.

મન-વચન-કાયાથી સર્વ પ્રાણીઓની ભૂલને સમ્યક્પ્રકારે સહન કરૂં છું. આ પ્રમાણે કરવાથી જ મિત્રતા યથાર્થ બને છે. જેનો મેં અપકાર કર્યો છે તે પ્રાણીઓની પણ હું મિત્ર તરીકે ક્ષમા માંગુ છું.

એ રીતે મારા ચિત્તની કલુષિતતાને દૂર કરૂં છું. એ આગમનો સાર છે.

બીજો ક્ષમા કરે કે ન કરે પણ મારે તો સર્વ પ્રાણીઓ વિષે મૈત્રી છે, કોઈની સાથે વૈર નથી.

✖

वैरमविच्छिन्नकोपपराणां शूराणामन्योन्यव्यापादनलक्षणा कर्मपरम्परा, तत्र कृतापकारेण अकृतापकारेण वा केनचिदसुमता सार्धम् वैरानुबन्धः स चैष प्रसृतदुरित-शाखाशतसम्बाधो मात्सर्यविषयोदयः पुनः पुनः अविच्छिन्न-बीजाङ्कुर-प्रसवप्रत्यलस्तीक्ष्णप्रज्ञाकुठारधाराच्छेद्योवधीरितसकलशेषोपायो मैत्रीभावनया निरवशेषमामूलादुत्कीर्तनीयः ॥

અવિછિન્ન ક્રોધમાં તત્પર, શૂરવીર માણસોની એકબીજાને મારવારૂપ કર્મ પરંપરાનું નામ વૈર છે. અપકાર કરનારા કે અપકાર નહિં કરનારા કોઇ પણ સાથેનું તે વૈરાનુબંધ વિસ્તૃત સેંકડો શાખાવાળા માત્સર્યના ઉદયવાળા પાપરૂપી વૃક્ષના અવિચ્છિન્ન બીજાંકુર ન્યાયે વૈરને ઉત્પન્ન કરવામાં તત્પર છે.—એવા તેને તીક્ષ્ણ બુદ્ધિરૂપી કુઠારધારાથી છેદવા માટે સકલ ઉપાયમાં શ્રેષ્ઠ ઉપાયરૂપ મૈત્રીભાવના વડે સંપૂર્ણ મૂળથી ઉખેડી નાખવો જોઈએ.

✖

અહિં, સાધ્યની સિદ્ધિ માટે અને દુષ્કર એવી ચિત્તની શુદ્ધિ માટે સર્વપ્રાણીઓ સાથે આત્મતુલ્ય મૈત્રી-ભાવનારૂપ અમૃતકુંડમાં નિમગ્ન થવાનો ઉપદેશ છે.

पापबुद्धया भवेत् पापं, को मुग्धोऽपि न वेत्यदः ।
धर्मबुद्धया तु यत्पापं, तच्चिन्त्यं निपुणै र्बुधैः ॥४०॥

પાપબુદ્ધિથી પાપ થાય, એ ભોળો માણસ પણ જાણે છે. ધર્મબુદ્ધિથી જે પાપ થાય તે બુધપુરુષોએ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ.

सर्वभूताऽविनाभूतं, स्वं पश्यन् सर्वदा मुनिः ।
मैत्राद्यमृतसंमग्नः, क्व क्लेशांसमपि स्पृशेत् ॥

સર્વ પ્રાણીઓની સાથે અવિનાભૂત એવા પોતાના આત્માને સર્વદા જોતો એવો મુનિ, મૈત્રી આદિ અમૃતમાં મગ્ન બનીને ક્લેશના અંશને પણ સ્પર્શતો નથી.

साम्यं समस्तधर्माणां, सारं ज्ञात्वा ततो बुधा ।
बाह्यं दृष्टिग्रहं मुक्त्वा, चित्तं कुरुत निर्मलम् ॥

સમસ્ત ધર્મોનો સાર સમતા છે. એ જાણીને બાહ્યદર્શનનો આગ્રહ છોડીને, ચિત્તને નિર્મળ કરવું જોઈએ.

श्रुतश्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे ।
तथाऽपि तत्त्वतस्तस्माज्जनोऽयं प्लवते बहिः ॥

જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ યોગોનો વિસ્તાર સમતા માટે છે. તો પણ લોકો હકીકતમાં તેનાથી દૂર જ રહે છે.

सुकरं मलधारित्वं, सुकरं दुस्तपं तपः ।
सुकरोऽक्षनिरोधश्च, दुष्करं चित्त–शोधनम् ॥

श्री योगसार

મલને ધારણ કરવો, દુઃખે તપી શકાય તેવો તપ તપવો, ઇન્દ્રિયોનો નિરોધ કરવો તે સહજ છે પણ ચિત્તને શોધવું=શુદ્ધ કરવું દુષ્કર છે.

મૈત્ર્યાદિ ભાવનાઓનું જેમને જ્ઞાન કે અભ્યાસ નથી, તેમને ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે એમ અહીં બતાવ્યું છે. મૈત્ર્યાદિથી પરિકર્મિત નહિ થયેલા મોહોપહત ચિત્ત-વાળા જીવો સ્વયં નાશ પામે છે. અને બીજાઓનો નાશ કરે છે.

मैत्री निखिल–सत्त्वेषु, प्रमोदो गुण–शालिषु ।
माध्यस्थ्यमविनयेषु, करुणा सर्व( दुःखि )–देहिषु ॥१॥

धर्मकल्पद्रुमस्यैता, मूलं मैत्र्यादिभावनाः ।
यैर्न ज्ञाता न चाभ्यस्ता, स तेषामतिदुर्लभः ॥२॥

સમસ્ત પ્રાણીઓ વિષે મૈત્રી, ગુણીજન પ્રત્યે પ્રમોદ, અવિનીત પ્રત્યે માધ્યસ્થ, દુઃખી પ્રાણીઓ પ્રત્યે કરૂણા–એ ચાર ભાવનાઓ ધર્મકલ્પદ્રુમના મૂળભૂત છે. જેઓને તેનું જ્ઞાન નથી અથવા અભ્યાસ નથી તેઓને ધર્મકલ્પવૃક્ષની પ્રાપ્તિ દુર્લભ છે.

मोहोपहतचित्तास्ते, मैत्र्यादिभिरसंस्कृताः ।
स्वयं नष्टा जनं मुग्धं, नाशयन्ति च धिग् हहा ! ॥३॥

મોહથી હણાયેલા અને મૈત્ર્યાદિથી અસંસ્કૃત ચિત્તવાળા જીવો, સ્વયં નાશ પામે છે અને ભોળા માણસોનો નાશ કરે છે.

सुखमार्जवशीलत्वं, सुखं नीचैश्च वर्तनम् ।
सुखमिन्द्रियसंतोषः, सुखं सर्वत्र मैत्र्यकम् ॥४॥

—श्री योगसार

સરલતા એ સુખ છે. નમ્રતા એ સુખ છે. ઇન્દ્રિયોનો સંતોષ તે સુખ છે. સર્વત્ર મૈત્રીની ભાવના એ સુખ છે.

✖

मैत्र्या सर्वेषु, सत्त्वेषु, प्रमोदेन गुणाधिके ।
माध्यस्थ्येनाविनीतेषु, कृपया दुःखितेषु च ॥१॥

सततं वासितं स्वान्तं, कस्यचित्पुण्यशालिनः ।
वितनुते शुभं कर्म, द्विचत्वारिंशदात्मकम् ॥२॥

—धर्मसंग्रह भाग—२ आश्रवभावना

કોઈક પુન્યશાળીનું ચિત્ત, સર્વ પ્રાણીઓ પર મૈત્રી, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, અવિનીત પ્રત્યે માધ્યસ્થ્ય અને દુઃખી પ્રત્યે કરૂણા વડે વાસિત બનીને બેંતાલીસ પ્રકારનું શુભકર્મ બાંધે છે.

✖

मैत्री मम स्वइव सर्वसत्त्वेषु, आस्तां क्षितिस्त्वर्बलिवेश्मजे च ।
धर्मोऽर्जितो वैभववन्मया यः, तं प्रीतचेता अनुमोदयामि ॥१॥

वृन्दं द्रुमाणामिव पुष्पकालात्, यस्मादृतेऽन्यद्विफलं व्रतादि ।
शुभः स भावोऽस्तु ममापवर्ग—मार्गानुलग्नांगभृतां सहायः ॥२॥

ત્રણે લોકનાં સર્વ પ્રાણીઓમાં મને પોતાની જેમ મૈત્રી હો, અને એ મૈત્રી દ્વારા મેં જે ધર્મ પ્રાપ્ત કર્યો તેની પ્રસન્નચિત્તથી અનુમોદના કરૂં છું.

પુષ્પ પ્રાપ્તિના કાલ વિના વૃક્ષોનો સમૂહ જેમ નિષ્ફળ છે, તેમ મૈત્રી વિનાના વ્રતાદિ નિષ્ફળ છે. મોક્ષમાર્ગમાં ચાલનારા પ્રાણીઓને સહાયભૂત (થાઉં) એવો શુભ ભાવ મને પ્રાપ્ત થાય.

व्याख्या :— क्षितिः भूलोकः स्वर्देवलोकः, बलिवेश्म—पाताललोकः, तेषु जायन्ते स्मेति, त्रिजगज्जन्मसु समस्तजन्तुजातेषु विषये मम मैत्री सखिता आस्ताम् स्वेष्विव आत्मीयजनेषु यथासंख्यं स्यात् अथवा मम मैत्री स्वैरिव सर्वसत्त्वैरास्ताम् ॥

तत्र स्वर्बलिवेश्मजातैः सर्वसत्त्वैः सार्धं स्वैरिव मम मैत्री अस्तु । अथ यो मया वैभववत् संपत्तिरिव धर्मोऽर्जितः संचितः प्रीतचेताः हृष्टमनाः सन् तं धर्मं पुण्यं सुकृतमनुमोदयामि–प्रशंसामि ॥१५०॥

यस्मात् शुभभावादृते अन्यदितरव्रतादि सर्वनियमचरित्रादिपालनप्रमुख सकलमपि विफलं वन्ध्यमेव । किमिव ? वृन्दमिव । यथा पुष्पकालात् वसन्तसमयादृते समस्तं पादपाना वृन्दं कदम्बकं निष्फलं भवेत् । स शुभो भावो ममास्तु निर्मल-परिणामो मम भवतु । किं भूतः ? अपवर्गो–मोक्षः अर्थान्नगरं तस्य मार्गः पन्थाः तत्रानुलग्नास्तमनुप्रस्थिता ये अंगभृतो भव्यजनास्तेषां सहायः ॥१५१॥

—हीरसौभाग्य काव्य–सर्ग १७. श्लोक नं. १५०–१५१

✕

तथा आत्मवत्परत्र कुशलवृत्ति चिन्तनं, शक्तितस्त्यागतपसी च धर्माधिगमो-पायाः । एते आयुर्घृतमिव सम्यग्धर्मस्य हेतुतया धर्मोऽभिधीयन्ते । यतः—

धम्मस्स कारणाइं, जीवदया–दाण–पूअणाईणि ।
सुहभाव–जणणहेऊ, उवयारेण हवइ धम्मो ॥१॥

—श्री जिनमंडनगणिविरचित धर्मपरीक्षा पृ. ५१

પરમાં આત્મવત્ કુશલભાવનો વિચાર અને શક્તિપૂર્વક ત્યાગ અને તપ એ ધર્મ-પ્રાપ્તિનાં ઉપાય છે. આ ગુણો, જેમ ઘી એ શરીર માટે આયુષ્યવૃદ્ધિનું કારણ હોવાથી આયુષ્ય કહેવાય છે, તેમ ધર્મના હેતુભૂત હોવાથી ત્યાગ અને તપ એ ધર્મ કહેવાય છે.

જીવદયા–દાન–પૂજા આદિ ધર્મના કારણો છે. તે શુભભાવની ઉત્પત્તિમાં હેતુભૂત હોવાથી ઉપચારથી ધર્મ કહેવાય છે.

✕

અહીં, કર્મક્ષયજનિત ૧૧ અતિશયોનું રહસ્યભૂત તત્ત્વ મૈત્ર્યાદિભાવ ચતુષ્કને કહ્યું છે.

एवं च कर्मक्षयात्कृतकृत्यं परमात्मानं स्तुतिकृत् प्रणिनिंसुराह–

मैत्री–पवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षा–प्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥१॥

—श्री वीतरागस्तोत्र तृतीयस्तव

મૈત્રીનાં પવિત્રપાત્ર, પ્રમોદની સુગંધથી શોભતા, કરૂણા અને ઉપેક્ષાથી પ્રતીક્ષા કરવા લાયક એવા યોગસ્વરૂપ હે પરમાત્મા ! તમને નમસ્કાર થાઓ.

✕

અહીં નિષ્પન્ન યોગીનું ચિત્ત પરોપકારકરણ સ્વભાવવાળુ હોય છે એમ કહ્યું છે. અને તે મૈત્ર્યાદિ ભાવનાઓના પ્રકર્ષપર્યંત અભ્યાસનું જ ફળ છે.

एतद्रहितं तु तथा, तत्त्वाभ्यासात्परार्थकार्येव ।
सद्बोधमात्रमेव हि, चित्तं निष्पन्नयोगानाम् ॥१॥

નિષ્પન્નયોગી જીવોનું ચિત્ત બાહ્યદૃષ્ટિએ મૈત્ર્યાદિથી રહિત હોવા છતાં પણ તત્ત્વના અભ્યાસનાં કારણે સદ્બોધ માત્ર હોવા છતાં પરોપકારમય હોય છે.

मैत्र्यादियुक्तं विषयेषु चेतः, प्रभावधैर्यसमन्वितं च ।
द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभो, जनप्रियत्वं च तथापरं स्यात् ॥

—श्री उपाध्यायजी महाराजकृतटीका षोडशक–१३ श्लोक–१२

(મૈત્ર્યાદિના વિષયભૂત) જીવાદિ વિષયોમાં યોગીઓનું ચિત્ત મૈત્ર્યાદિથી યુક્ત હોય છે. તથા પ્રભાવ ધીરતાથી યુક્ત હોય છે. રાગ-દ્વેષાદિ દ્વન્દ્વોથી રહિત હોય છે. અને તેઓને ઈષ્ટ વસ્તુનો લાભ અને જનપ્રિયતા વિશિષ્ટ હોય છે.

अज्झप्पाबाहेणं, विसयविवेगं अओ मुणी विंति ।
जत्तो हु धम्मवाओ ण सुक्कवाओ विवाओ व ॥१०५॥

टीका– अध्यात्माबाधेन स्वपरमतमैत्र्यादिसमन्वितं, शुभाशयाऽविच्छेदेन विषयविवेकं कर्तव्यम् ।

साधूनां माध्यस्थ्यप्रधानत्वात्, शुभानुबन्धित्वाच्च साधूनां प्रयत्नस्य ।

—उ. श्री यशोविजयजी महाराजा—धर्मपरीक्षा

અધ્યાત્મની બાધા ન આવે એટલે કે, સ્વમત-પરમત વિષે મૈત્ર્યાદિથી યુક્ત ચિત્ત દ્વારા શુભ-આશયનો છેદ ન થાય તે રીતે વિષયનો વિવેક કરવો જોઈએ અને તે જ ધર્મવાદ કહેવાય. બાકીના શુષ્ક વાદ-વિવાદ છે. કેમકે સાધુઓ માધ્યસ્થ્યપ્રધાન હોય છે અને તેમનો પ્રયત્ન શુભાનુબંધિ હોય છે

ભાવાર્થ :– અહીં, અધ્યાત્મચિંતનને પરમજ્ઞાન કહ્યું છે. એમાંથી જ વિરતિ અને સમતાની ઉત્પત્તિ કહી છે. તે અધ્યાત્મને બાધ ન પહોંચે તેવી રીતે જ ધર્મવાદને વિષે યત્ન કરવાનું કહ્યું છે.

સ્વ-પરમત વિષે મૈત્ર્યાદિ સમન્વિત શુભાશયને અહીં અધ્યાત્મશબ્દથી સંબોધન કર્યું છે.

**ચિત્તપ્રસાદ માટે મૈત્ર્યાદિ ભાવનાઓના અભ્યાસની અગત્યતા.**

**मैत्री–करूणा–मुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ॥**

—श्री पातंजल योगदर्शन १–३२

સુખી, દુઃખી, પુન્યશાળી અને પાપી જીવો વિષે અનુક્રમે મૈત્રી-કરુણા-પ્રમોદ અને ઉપેક્ષા ભાવનાથી ચિત્તની પ્રસન્નતા ઉત્પન્ન થાય છે.

✖

વિવેકી આત્માઓને વિશેષ પ્રકારે મૈત્ર્યાદિ ચિન્તનરૂપ અધ્યાત્મ હોય છે એમ જણાવતાં આ શ્લોકમાં કહ્યું છે કે–

विवेकनो विशेषेण, भवत्येतद् यथागमम् ।
तथा गंभीरचित्तस्य, सम्यग्मार्गानुसारिणः ॥१॥

—श्री योगबिंदु श्लोक–४०३

વિવેકી, માર્ગાનુસારી અને ગંભીર ચિત્તવાળા જીવને, વિશેષે કરીને આગમાનુસારી અધ્યાત્મ હોય છે. અધ્યાત્મ એટલે મૈત્ર્યાદિ ચિંતન.

हेतुमस्य परं भावं, सत्त्वाद्यागो–निवर्तनम् ।
प्रधानकरूणारूपं, ब्रुवते सूक्ष्मदर्शिनः ॥४१८॥

—श्री योगबिन्दु पृ. ७१/१

પાપસ્થાનોમાંથી નિવૃત્તિ માટેનો પ્રધાનભાવ કરૂણા છે. તેનાથી પ્રાણીઓનું પાપ દૂર થાય છે. એમ જ્ઞાનીપુરુષો કહે છે.

✖

સાધુપુરુષોના અંતઃકરણમાં જેમ ધૃતિ, શ્રદ્ધા, મેધા, અનુપ્રેક્ષા, વિવિદિષા, વિજ્ઞપ્તિ આદિ હોય છે તેમ મૈત્રી, કરૂણા, મુદિતા, ઉપેક્ષા આદિ પણ હોય છે એમ અહીં કહ્યું છે–

तथा गाढानुरक्तमन्तरङ्गमन्तःपुरं यतस्तेषां भगवतां संतोषदायिनी धृतिसुंदरी, चित्तप्रसादहेतुः श्रद्धा, आल्हादकारिणी सुखासिका, निर्वाणकारणं विविदिषा, प्रमोदविधायिनी विज्ञप्तिः, सद्बोधकारिणी मेधा, प्रमोदातिरेकनिमित्तमनुप्रेक्षा, अनुकूलचारिणी मैत्री, अकारणवत्सला करूणा, सदानन्ददायिनी मुदिता, सर्वोद्वेग–विघातिनी उपेक्षा इति–

—श्री उपमिति भवप्रपंचा कथा–पृ. ५१६–५१७

સાધુપુરુષોને અંતરંગ અંતઃપુર અત્યંત અનુરક્ત હોય છે. તેમને ધૃતિસુંદરી સંતોષ આપે છે. શ્રદ્ધા ચિત્તની પ્રસન્નતા આપે છે. સુખાસિકા આલ્હાદ આપે છે.

જીજ્ઞાસા નિર્વાણનું (શાંતિનું) કારણ બને છે. જ્ઞપ્તિ (જ્ઞાન) એ પ્રમોદ આપે છે. બુદ્ધિ બોધ કરાવે છે. અને અનુપ્રેક્ષા અત્યંત આનંદને ઉત્પન્ન કરે છે. મૈત્રી અનુકૂળ ચાલે છે. કરુણા વાત્સલ્યવંત રહે છે. મુદિતા સદા આનંદને આપનારી બને છે અને ઉપેક્ષા સર્વ ઉદ્વેગનો નાશ કરે છે.

✖

एकमपि जिनवचनाद् यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चाऽनन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥२७॥

—श्री तत्त्वार्थकारिका—श्लोक—२७

જિનવચનમાંથી ઉદ્ધરેલું એક પણ પદ સારી રીતે ગ્રહણ કરેલું ઉત્તરોત્તર જ્ઞાનનું કારણ બનીને ભવનિસ્તારક થઈ શકે છે. એક 'સામાયિક' પદને માત્ર ભાવથી ગ્રહણ કરનાર અનન્ત આત્માઓ સિદ્ધિ પામ્યા છે.

[ અહિં 'સામાયિક' આત્મૌપમ્ય ભાવનો જ પર્યાય શબ્દ છે. ]

✖

અશેષગુણોની સિદ્ધિ માટે અનુકંપા દયાદિનું પાલન કરવા માટે અહિં વિધાન છે.

तम्हा सत्तणुरूवं, अणुकंपासंगएणं धम्मेणं ।
अणुचिट्ठियव्वमेयं, इत्तोच्चिय सेसगुणसिद्धि ॥—दानविंशिका—गाथा—२०

ભવ્ય જીવે શક્તિ અનુસાર અનુકંપા સહિત દાનધર્મનું પાલન કરવું જોઇએ. એનાથી જ શેષગુણોની પ્રાપ્તિ થાય છે.

✖

## સમતાનું સ્વરૂપ

सव्वे जीवा परमाहम्मिया ॥ —श्री दशवैकालिक सूत्र—अ. ४.

સર્વ જીવો પરમ ધર્મવાળા છે. એટલે સુખની ઇચ્છા અને દુઃખના દ્વેષવાળા છે. 'परमाहम्मिया' પદથી સર્વ જીવો સુખના અર્થી અને દુઃખના દ્વેષી છે. એમ કહીને તે જીવોને કદાપિ દુઃખ થાય નહિ, અને સર્વ જીવોને સુખ થાય એ રીતે વર્તવાનું શાસ્ત્રમાં વિધાન કર્યું છે.

ત્રસ-સ્થાવરાદિ ભેદવાળા સર્વજીવોમાં સુખ-પ્રિયત્વાદિ ધર્મો આત્મતુલ્ય છે. એમ સમજી સર્વજીવો સાથે આત્મતુલ્ય પરિણતિને કેળવવી તે સમતા કહેવાય છે.

✖

विश्वजन्तुषु यदि क्षणमेकं साम्यतो भजसि मानसमैत्रीम् ।
तत्सुखं परममत्रपरत्राप्यश्नुषे न यदभूत्तव जातु ॥५॥

ક્ષણવાર પણ વિશ્વના જંતુઓ પ્રત્યે મૈત્રીભાવનું સેવન થાય તો ભવચક્રમાં કદી પણ પ્રાપ્ત ન થયું હોય તેવા પરમસુખનો અનુભવ થાય છે (એમ શ્રી મુનિસુંદરસૂરિ કહે છે.)

भजस्व मैत्रीं जगदङ्गिराशिषु, प्रमोदमात्मन्! गुणिषु त्वशेषतः ।
भवार्तिदीनेषु कृपारसं सदाऽप्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि ॥१०॥

હે જીવ! જગતના પ્રાણીમાત્રમાં મૈત્રીને ભજ, ગુણવાળા દરેક જીવમાં પ્રમોદને ધારણ કર, ભવના દુઃખથી દીન (જીવ)માં સદા કરુણારસને અને નિર્ગુણમાં ઉદાસ-વૃત્તિને ધારણ કર.

मैत्र्यादि–स्वरूपं चैवम्–

मैत्री परस्मिन् हितधीः समग्रे, भवेत्प्रमोदो गुणपक्षपातः ।
कृपा भवार्त्ते प्रतिकर्तुमीहो–पेक्षा च माध्यस्थ्यमवार्यदोषे ॥११॥

—अध्यात्मकल्पद्रुम—श्लो. ५–१०–११

મૈત્ર્યાદિનું સ્વરૂપ આ પ્રમાણે છે.

બીજા જીવના હિતનો વિચાર તે મૈત્રી, ગુણપક્ષપાત તે પ્રમોદ, સંસારમાં દુઃખી જીવોના દુઃખને દૂર કરવાની ઇચ્છા તે કરુણા અને જેના દોષ દૂર થઈ શકે તેમ નથી તેવા જીવોની ઉપેક્ષા તે માધ્યસ્થ્ય.

✻

બાહ્ય–અભ્યન્તર શત્રુઓને જીતવા માટે સર્વ પ્રાણીઓને વિષે દયા, મૈત્રી આદિ ગુણોનું સેવન કરવા અહીં ફરમાવ્યું છે.

दयाङ्गना सदा सेव्या, सर्वकामफलप्रदा ।
सेविताऽसौ करोत्याशु, मानसं करूणामयम् ॥२६१॥

ઇચ્છિત ફળને આપનારી દયારૂપી સ્ત્રીની સદા સેવા કરવી જોઈએ. અને તેની સેવાથી મન કરુણામય બને છે.

मैत्र्यङ्गना सदोपास्या, हृदयानन्दकारिणी ।
या विधत्ते कृतोपास्ति–श्चित्तं विद्वेषवर्जितम् ॥२६२॥

હૃદયને આનંદ કરનારી મૈત્રીરૂપી સ્ત્રીની સદા સેવા કરવામાં આવે તો તે ચિત્તના વિદ્વેષને દૂર કરે છે.

सर्वं सत्त्वे दया मैत्री, यः करोति सुमानसः ।
जयत्यसावरीन् सर्वान्, बाह्याभ्यन्तरसंस्थितान् ॥२६३॥

જે સુજ્ઞ માણસ સર્વ પ્રાણીઓમાં દયા અને મૈત્રીને કરે છે, તે પોતાના બાહ્ય અને અભ્યન્તર સર્વ શત્રુને જીતી લે છે.

प्रज्ञा मुदा च मैत्री च, समता करूणा क्षमा ।
सम्यक्त्वसहिताः सेव्याः, सिद्धिसौध-सुखप्रदाः ॥२७०॥ –तत्त्वामृत

સમ્યક્ત્વ સહિત સેવવામાં આવેલી પ્રજ્ઞા, પ્રમોદ, મૈત્રી, સમતા, કરુણા, ક્ષમા આદિ ગુણો સિદ્ધિમહેલના સુખને આપે છે.

✗

મૈત્ર્યાદિ વાસનાથી મુદિત ચિત્તવાળા પુરુષોને સિદ્ધિવધૂ સ્વયં વરવા આવે છે એમ અહિં કહ્યું છે.

अवधत्से यथा मूढ! ललनाललिते मनः ।
मैत्र्यादिषु तथा धेहि विधेहि हितमात्मनः ॥७८॥
मैत्र्यादि-वासनामोद-सुरमीकृत-दिङ्मुखम् ।
पुमांसं ध्रुवमायाति, सिद्धिभृगांगना स्वयम् ॥९८॥

—श्री विजयसिंहसूरि विरचित-शाम्यशतक.

હે મૂઢ! સ્ત્રીની ચેષ્ટાઓમાં મનને સ્થિર કરે છે તેને બદલે મૈત્ર્યાદિમાં મનને સ્થિર કરીને આત્માનું હિત કર.

મૈત્ર્યાદિની વાસનાઓની સુગંધથી દિશાઓને સુગંધિત કરનાર પુરુષની પાસે સિદ્ધિરૂપી ભમરી સામેથી આવે છે.

✗

સમ્યગ્દર્શનની સાથે શમ-સંવેગાદિની જેમ મૈત્રી, મુદિતા આદિ ભાવો રહેલા છે. એમ અહીં કહ્યું છે. ગૃહીધર્મની સાથે સદ્‌ગુણરક્તતા અને યતિધર્મની સાથે સદ્‌ભાવ સરિતા સમ્યગ્દર્શન વડે જોડાયેલા છે, એમ પણ કહ્યું છે.

यात्वेषा दृश्यते वत्स! शुभवर्णा मनोहरा ।
इयमस्यैव सद्भार्या, सुदृष्टिर्नाम विश्रुता ॥२०७॥
इयं हि जैनलोकानां, सन्मार्गे वीर्यशालिनी ।
चित्तस्थैर्यकरी ज्ञेया विधिना पर्युपासिता ॥२०८॥

उपमिति. भ.प्र.क. पृ. ९५१ लैटी ५११-१२.

હે વત્સ....! જે આ રૂપવાન અને મનોહર સ્ત્રી દેખાય છે. તે આ (સમ્યક્‌દર્શન)ની સુદૃષ્ટિ નામની પ્રખ્યાત સ્ત્રી છે, પરાક્રમી એવી તે સ્ત્રીની વિધિપૂર્વક ઉપાસના કરવામાં આવે તો, જૈનલોકોને સન્માર્ગમાં ચિત્તની સ્થિરતા ઉત્પન્ન કરાવે છે.

✗

પરમસુખની પ્રાપ્તિ માટે અન્ય અન્ય ઉપાયોની જેમ મૈત્રી આદિ ભાવને પણ અહિં બતાવ્યા છે.

चित्तरक्षोपदेशः

यदेदं निःस्पृहं भूत्वा, परित्यज्य बहिर्-भ्रमम् ।
स्थिरं संपत्स्यते चित्तं, तदा ते परमं सुखम् ॥५३५॥

આ ચિત્ત જ્યારે બહાર ભમવાનું તજીને, નિઃસ્પૃહ થઈને, સ્થિર થશે ત્યારે તને પરમ સુખ થશે.

भक्ते स्तोतरि कोपान्धे, निन्दाकर्तरि चोत्थिते ।
यदा समं भवेच्चित्तं,तदा ते परमं सुखम् ॥५३६॥

ભક્ત, સ્તુતિકરનાર, ક્રોધી, નિંદા કરનાર સામે આવે ત્યારે ચિત્ત જો સમભાવમાં રહેશે, ત્યારે તને પરમ સુખ થશે.

स्वजने स्नेहसम्बद्धे, रिपुवर्गेऽपकारिणि ।
स्यात्तुल्यं ते यदा चित्तं, तदा ते परमं सुखम् ॥५३७॥

સ્વજન, સ્નેહી, શત્રુ અને અપકારી ઉપર સમાન ચિત્ત થશે ત્યારે તને પરમ સુખ થશે.

शब्दादिविषयग्रामे, सुन्दरेऽसुन्दरेऽपि च ।
एकाकारं यदा चित्तं, तदा ते परमं सुखम् ॥५३८॥

સુંદર કે અસુંદર શબ્દાદિ પાંચ વિષયના સમૂહમાં જ્યારે મન સમભાવવાળું થશે ત્યારે તને પરમસુખ થશે.

गोशीर्षचन्दनालेपि– वासीच्छेदकयोर्यदा ।
अभिन्नचित्तवृत्तिः स्यात्तदा ते परमं सुखम् ॥५३९॥

ગોશીર્ષ ચંદનનો લેપ કરનાર, કે કુહાડાથી છેદનાર ઉપર સમાન ચિત્તવૃત્તિ થશે ત્યારે તને પરમ સુખ થશે.

सांसारिकपदार्थेषु, जलकल्पेषु ते यदा ।
अश्लिष्टं चित्तपद्मं स्यात्तदा ते परमं सुखम् ॥५४०॥

પાણી જેવા સાંસારિક પદાર્થોમાં જ્યારે તારૂ મનરૂપી કમળ ચોટશે નહિ ત્યારે તને પરમ સુખ થશે.

दृष्टेषूद्दामलावण्यबन्धुराङ्गेषु योषिताम् ।
निर्विकारं यदा चित्तं, तदा ते परमं सुखम् ॥५४१॥

અત્યંત લાવણ્યથી સુંદર સ્ત્રીઓના અંગોપાંગ જોવા છતાં પણ જ્યારે ચિત્ત નિર્વિકારી બનશે ત્યારે તને પરમ સુખ થશે.

यदासत्त्वैकसारत्वादर्थकामपराङ्मुखम् ।
धर्मे रतं भवेच्चित्तं, तदा ते परमं सुखम् ॥५६२॥

જ્યારે સાત્ત્વિક બનીને, અર્થકામથી પરાઙ્મુખ એવું ચિત્ત, ધર્મમાં રક્ત બનશે ત્યારે તને પરમસુખ થશે.

रजस्तमोविनिर्मुक्तं, स्तिमितोदधिसन्निभम् ।
निष्कल्लोलं यदा चित्तं, तदा ते परमं सुखम् ॥५६३॥

રજોગુણ-તમોગુણથી રહિત, શાંત સમુદ્ર જેવું નિસ્તરંગ ચિત્ત થશે ત્યારે તને પરમસુખ થશે.

मैत्रीकारूण्यमाध्यस्थ्य-प्रमोदोद्दामभावनम् ।
यदा मोक्षैकतानं तत्, तदा ते परमं सुखम् ॥५६४॥

—उपमितौ प्रस्ताव-७ पृ. ६५६.

મૈત્રી-કરુણા-માધ્યસ્થ્ય અને પ્રમોદની અત્યંત ભાવનાથી યુક્ત બનીને ચિત્ત જ્યારે મોક્ષમાં એકતાન બનશે ત્યારે તને પરમસુખ થશે.

✖

**અધ્યવસાયરૂપી મહાહ્રદને સ્વચ્છ કરવા માટે મૈત્રી, મુદિતા આદિ ભાવનાઓને પ્રવર્તાવવા અહીં ઉપદેશ કર્યો છે.**

इतश्च तत्र यातस्य, तव वत्स ! भविष्यति ।
पालितस्यास्य राज्यस्य, परिपूर्णं फलं ध्रुवम् ॥६०६॥

सर्वाधारा पुनस्तेषां, चित्तवृत्ति-महाटवी ।
पश्चिमे तामतिक्रम्य, भागे पुर्यस्ति निर्वृत्तिः ॥६०७॥

तस्यां च प्रेप्सुना सेव्य-स्त्वयौदासीन्यनामकः ।
राजाद्ध्वा समतायोगनलिका दत्तदृष्टिना ॥६०८॥

तत्रास्पृष्टे महामोहादिभिस्ते व्रजतः सतः ।
आदावेवाध्यवसायाभिधानोऽस्ति महाहृदः ॥६०९॥

पुष्णाति स महामोहसैन्यं पंकेन कश्मलः ।
प्रसादितस्तु चारित्रधर्मसैन्यं स्वभावतः ॥६१०॥
ततश्च कार्यं यो यत्र, कुशलस्तत्र तं सुधीः ।
नियुञ्जीतेति भवता, तं प्रसादयितुं हृ दम् ॥६११॥
चतस्रोऽपि महादेव्यो, नियोज्यास्तत्र कर्मठाः ।
उपेक्षा करुणा मैत्री, मुदिताख्या नरोत्तम ! ॥६१२॥

—उपमिति–कथा–सारोद्धार–पृ. १५३. प्र.–६.

આ બાજુ ત્યાં જવાથી હે વત્સ! તને પાલન કરેલા રાજ્યનું પરિપૂર્ણ ફલ મળશે. તે સર્વના આધારરૂપ ચિત્તવૃત્તિ મહાટવી છે. તેના પશ્ચિમ ભાગે નિવૃત્તિ નગરી છે.

તે નગરીમાં જવાની ઇચ્છાવાળાએ, ખરેખર દૃષ્ટિ રાખીને ઉદાસીન ભાવની સેવા કરવી અને તેનો મુખ્ય માર્ગ સમતાયોગની નાલ છે.

મહામોહાદિથી સ્પર્શાયા વગર તે નલીકામાં જતાં પ્રારમ્ભમાં જ અધ્યવસાય નામનો મોટો હ્રદ=સરોવર આવે છે. તે સરોવર જો કાદવથી ડોહળાઈ જાય તો મહામોહના સૈન્યને પોષે છે અને પ્રસન્ન બનેલું સરોવર સ્વભાવથી ચારિત્રધર્મના સૈન્યને પોષે છે.

તેથી આ હ્રદને પ્રસન્ન કરવા માટે, બુદ્ધિમાન–કુશલ પુરુષોએ તે સરોવરની અંદર શાંતિ લાવવા માટે મૈત્રી, કરુણા, ઉપેક્ષા અને મુદિતા નામની કાર્યકુશળ દેવીઓને નિમવી જોઈએ.

✠

સદાગમના પ્રભાવે ક્ષાન્ત્યાદિ કન્યાઓની સાથે, તથા મૈત્ર્યાદિ કન્યાઓની સાથે પણ વિવાહ થયાનું અહીં વર્ણન છે.

धर्मेण निर्मितं तत्र, वह्निकुण्डं स्वतेजसा ।
जज्ञे पुरोधाः सद्‌बोधः, कर्माणि समिधो हुताः ॥२६१॥
ततः सदागम–ज्योतिषिकेणाहं विधापतिः ।
क्षान्त्यादिकन्यकोद्वाहं, तुष्टास्तत्वितरोऽखिलाः ॥२६२॥
तथा शुभपरिणाम–तनया अपरा अपि ।
तन्निष्प्रकम्पताजाता, मया बह्वयो विवाहिताः ॥२६३॥
एताश्च ता धृतिः श्रद्धा–मेधा–विविदिषा–सुखाः ।
मैत्री–प्रमुदितोपेक्षा–विज्ञप्ति–करणादिका ॥२६४॥

तत्स्तेन स्वभार्याणां, वृन्देन सह लीलया ।
अत्यर्थं निर्भरीभूता, ललतो मे सुखासिका ॥२६५॥

—उपमिति-कथा-सारोद्धार-प्र. ८ पृ. १८१.

ધર્મરાજાએ પોતાના તેજથી લગ્ન માટે અગ્નિકુંડ બનાવ્યો અને સદ્બોધરૂપી પુરોહિતે તેમાં કર્મરૂપી લાકડા હોમ્યા. સદાગમ નામના જ્યોતિષીએ મારો ક્ષાન્ત્યાદિ કન્યાઓ સાથે વિવાહ કર્યો. બધા લોકો ખુશ થયા. પછી શુભપરિણામ અને નિષ્પ્રકંપતા આદિ રાજા-રાણીઓની ધૃતિ, શ્રદ્ધા, મેધા, વિવિદીષા, સુખા, મૈત્રી, મુદિતા, ઉપેક્ષા, વિજ્ઞપ્તિ આદિ બીજી પણ કન્યાઓની સાથે વિવાહ કર્યો.

તે મારી પોતાની ભાર્યાઓનાં સમૂહની સાથે લીલાપૂર્વક ક્રીડા કરતાં એવા મને અત્યંત સુખાસિકા ઉત્પન્ન થઈ.

✕

અહીં પણ સમ્યગ્દર્શનની સાથે મૈત્ર્યાદિ ભાવનાઓનો સંબંધ બતાવ્યો છે.

'सम्यग्-दर्शन-नामा महत्तमः'

सम्यग्-दर्शन-नामाऽयं, पित्रा च परिपालकः ।
महत्तमोऽनयोर्योग्यश्चक्रे वक्रेतराशयः ॥१३५०॥

एतौ नाऽनेन रहितौ, दृश्येते च कदाचन ।
अर्थप्रकाशनपरे, नयने तेजसा यथा ॥१३५१॥

एतौ प्रवर्धयत्येष, वत्सलो निकटस्थितः ।
सप्ततत्त्वशुचिश्रद्धासुधापानैर्निरन्तरम् ॥१३५२॥

शमसंवेगनिर्वेद-कृपाऽऽस्तिक्यैर्युतं जनम् ।
मैत्रीप्रमोदकारुण्य-माध्यस्थ्यैश्च करोत्ययम् ॥१३५३॥

—वैराग्यकल्पलता-स्त. ५. पृ. १०९.

પિતાએ આ બેના પરિપાલન માટે, સમ્યગ્દર્શન નામના સરલ અને યોગ્ય વડીલની સ્થાપના કરી. આ બંને સમ્યગ્દર્શન રહિત કદી હોય જ નહિં. પદાર્થને દેખાડનાર બે આંખ જેમ તેજ વિના ન રહી શકે, તે રીતે. વાત્સલ્યવાળું આ સમ્યગ્દર્શન પાસે રહીને, સાત તત્ત્વ ઉપરની પવિત્ર શ્રદ્ધારૂપી અમૃતપાન વડે નિરંતર પુષ્ટ કરે છે.

અને આ સમ્યગ્દર્શન, શમ-સંવેગ-નિર્વેદ-કૃપા-આસ્તિક્ય-મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્યથી યુક્ત કરે છે.

✕

અહીં પણ સમ્યગ્દર્શનની સાથે મૈત્ર્યાદિનો સંબંધ બતાવ્યો છે.

વિમલને જાતિસ્મરણ જ્ઞાન થાય છે ત્યારે તેના મનના પરિણામ કેવા થાય છે તેનું વર્ણન—

'विमलस्य जातिस्मरणम्'

रञ्जितं दर्शनेनान्तः, सदनुष्ठानमादृतम् ।
सद्भावैर्भावितश्चात्मा, मैत्रीपात्रीकृता मतिः ॥१३५॥
अङ्गाङ्गिभावं नीतश्च, प्रमोदो गुणशालिषु ।
क्लिश्यमानेषु कारुण्यं, दुष्टे चोपेक्षणं धृतम् ॥१३६॥
औदासीन्यं स्थिरीभूतं, शमः परिणतस्तराम् ।
संवेगः संस्तुतः स्फीतो, भवनिर्वेदचारिमा ॥१३७॥

—वैराग्यकल्पलता स्त. ६, पृ. १२०

સમ્યગ્દર્શન વડે કરીને અંતઃકરણ રંજીત બને છે. સદનુષ્ઠાનમાં આદર ઉત્પન્ન થાય છે. આત્મા સદ્ભાવથી ભાવિત બને છે. બુદ્ધિ, મૈત્રીને પાત્ર બને છે. ગુણી વ્યક્તિઓ ઉપર પ્રમોદ, દુઃખી ઉપરની કરુણા અને દુષ્ટ વ્યક્તિ ઉપરની ઉપેક્ષા—એ આત્મામાં એકમેક બને છે. ઉદાસીનતા સ્થિર બને છે. સમતા અત્યંત પરિણત થાય છે. સંવેગ પરિચિત બને છે અને ભવનિર્વેદ સ્પષ્ટ બને છે.

✕

અહીં પણ શ્રદ્ધા, મેધા, ધૃતિ આદિની જેમ ચિત્તનો પ્રસાદ કરનાર મૈત્રી આદિ પ્રિયાગણનું વર્ણન છે.

संतोषदा धृतिः पत्नी, श्रद्धा चित्तप्रसादकृत् ।
सुखासिकाऽऽह्लादकरी, हिता विविदिषा सदा ॥४६४॥
विज्ञप्तिः पाटवाधात्री, मेधा सद्बोधकारिणी ।
नैश्चिन्त्यकृदनुप्रेक्षा, मैत्री चित्तानुवर्तिनी ॥४६५॥
करुणा वत्सलाऽऽकालं, मुदितान्तःप्रसादकृत् ।
उपेक्षोद्वेगहन्त्री चेत्येष तेषां प्रियागणः ॥४६६॥

—वैराग्यकल्पलता–स्त. ६ पृ. १३२.

ધૃતિરૂપી પત્ની સંતોષ આપે છે. શ્રદ્ધા ચિત્તની પ્રસન્નતા કરે છે. સુખાસિકા આહ્લાદને કરે છે. જીજ્ઞાસા હિતકારી બને છે. અને વિજ્ઞપ્તિ કુશલ—ધાત્રી બને છે. મેધા સદ્બોધને કરે છે. અનુપ્રેક્ષા નિશ્ચિન્તતા ઉત્પન્ન કરે છે. મૈત્રી ચિત્તને અનુસરે છે. કરુણા તો હંમેશા વાત્સલ્યવાળી રહે છે. મુદિતા ચિત્તને પ્રસન્ન કરનારી બને છે. ઉપેક્ષા ચિત્તના ઉદ્વેગને હણે છે. આ તેઓનો પ્રિયાગણ હોય છે.

✕

**મૈત્રી આદિ જલ વડે ભવભ્રમણનો શ્રમ, ક્રોધરૂપી તાપ અને તૃષ્ણારૂપી તૃષા દૂર થાય છે એમ અહીં કહ્યું છે.**

अस्ति पश्चिमदिग्-भागे, स्थिताऽतीत्य महाटवीम् ।
तव राज्यफलं पूर्णं, तां प्राप्तस्य भविष्यति ॥४६५॥
तस्यामेव त्वयातत्र, गन्तव्यमविलम्बिना ।
औदासिन्याभिधकहा-राजमार्गममुञ्चता ॥४६६॥
आयान्ति वि विधास्तत्राशयस्थानजलाश्रयाः ।
तद्भाववारिकलुषं, न पेयं रोगवृद्धिकृत् ॥४६७॥
मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यैर्निर्मलीकृतम् ।
पेयं च तद् यथा तापः, श्रमस्तृष्णा च हीयते ॥४६८॥
—वैराग्यकल्पलता—स्त. ७. पृ. १६१

મહાટવીને ઓળંગીને પશ્ચિમ દિશામાં (નિવૃત્તિનગરી) છે. તેને પ્રાપ્ત કરીને, રાજ્યનું સંપૂર્ણ ફલ તને મળશે.

ઔદાસીન્ય નામના રાજમાર્ગને છોડયા વિના ઝડપથી ત્યાં તારે જવું. ત્યાં આશય સ્થાનરૂપી ઘણા સરોવરો આવશે. તેનું વિચારથી કલુષિત બનેલું પાણી, રોગવૃદ્ધિ કરનાર હોવાથી પીવું નહિ.

મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થથી તે પાણીને નિર્મલ કરીને પીવું તેથી તાપ, શ્રમ અને તરસ દૂર થશે.

✕

**ક્ષમા માટે પ્રાણી માત્ર ઉપર પ્રયત્નપૂર્વક મૈત્રીને ભાવવાનું અહીં વર્ણન છે.**

प्राह कन्दमुनिर्नाथा !, युष्मदाज्ञावशंवदः ।
अयमस्ति वदन्त्वस्य, तल्लाभौपयिकान् गुणान् ॥३६७॥
बभाषे भगवानार्य ! क्षान्तिं समभिकाङ्क्षता ।
मैत्री समस्तसत्त्वेषु, भावनीया प्रयत्नतः ॥३६८॥
—वैराग्यकल्पलता—स्त. ९ पृ. २१०.

કન્દમુનિએ કહ્યું કે, "હે નાથ ! તમારી આજ્ઞાને હું વશ છું. માટે તેના (ક્ષમાનાં) લાભના ઉપાયભૂત ગુણોને કહો."

ભગવાને કહ્યું કે, "હે ભદ્ર ! ક્ષાન્તિની ઇચ્છા હોય તો સમસ્ત પ્રાણીઓને વિષે પ્રયત્નપૂર્વક મૈત્રીને ભાવિત કરવી.

✕

અહીં પણ ક્ષાન્ત્યાદિ સાથે મૈત્ર્યાદિનું સાહચર્ય વર્ણવેલું છે.

क्षान्तिर्दया च ये कान्ते, मृदुता सत्यते च ये ।
ऋजुताचौरते ये च, ये ब्रह्मरतिमुक्तते ॥८९१॥

विद्यानिरीहते ये च, यच्च लीनं पुरा स्थितम् ।
सैन्यं चारित्रधर्माद्यं, तत् सर्वं पार्श्वमेष्यति ॥८९२॥

प्रियाश्चान्या धृतिः श्रद्धा, मेधा विविदिषा सुखा ।
मैत्रीप्रमुदितोपेक्षाविज्ञप्तिकरुणादिकाः ॥८९३॥

सुखं तस्य प्रदास्यन्ति, भावराज्यं स लप्स्यते ।
करिष्यति गुणैः शुभ्रैश्चित्तवृत्तिं सुनिर्मलाम् ॥८९४॥

—वैराग्यकल्पलता स्त. ९ पृ. २२९

ક્ષમા–દયા–મૃદુતા–સત્યતા–સરળતા–અચૌર્યતા–બ્રહ્મરતિ–મુક્તતા–વિદ્યા– નિરીહતા આદિ જે ગુણો ઢંકાયેલા છે, તે ગુણોથી યુક્ત એવું ચારિત્રધર્મનું સૈન્ય તારી બાજુમાં આવશે.

અન્યપણ ધૃતિ–શ્રદ્ધા–મેધા–વિવિદિષા–સુખા–મૈત્રી, પ્રમુદિતા, ઉપેક્ષા, વિજ્ઞપ્તિ વગેરે ગુણો તને સુખ આપશે અને ભાવરાજ્યને પ્રાપ્ત કરાવશે તથા શુભ ગુણો વડે ચિત્તવૃત્તિને નિર્મળ કરશે.

✻

તીર્થંકર ભગવંતના જીવોની કરુણાદિ ભાવના અને પરાર્થ વ્યસનીતાદિનું અહીં વર્ણન છે.

मोहान्धकारगहने, संसारे दुःखिता बत ।
सत्त्वाः परिभ्रमन्त्युच्चैः सत्यस्मिन् धर्मतेजसि ॥२८५॥

अहमेतानतः कृच्छ्राद्यथायोगं कथंचन ।
अनेनोत्तारयामीति, वरबोधिसमन्वितः ॥२८६॥

करुणादिगुणोपेतः, परार्थव्यसनी सदा ।
तथैव चेष्टते धीमान्, वर्धमानमहोदयः ॥२८७॥

तत्तत्कल्याणयोगेन, कुर्वन् सत्त्वार्थमेव सः ।
तीर्थकृत्त्वमवाप्नोति, परं सत्त्वार्थसाधनम् ॥२८८॥ —योगबिन्दु ग्रन्थ.

"મોહાન્ધકારરૂપી ગહન સંસારમાં દુઃખી એવા પ્રાણીઓ ધર્મરૂપી તેજની હાજરી હોવા છતાં પણ ભમે છે. માટે હું આ જીવોને આ દુઃખમાંથી તે-તે જીવોની યોગ્યતા મુજબ તારૂં." એ ભાવનાથી વરબોધિથી યુક્ત, કરુણાદિ ગુણોથી સંપન્ન, સદા પરાર્થ-વ્યસની એવા તે બુદ્ધિમાન જીવ, વધતા ઉદયપૂર્વક તે પ્રમાણે ચેષ્ટા કરે છે. અને તે તે રીતે બીજાનું કલ્યાણ કરવા દ્વારા શ્રેષ્ઠ પરોપકારનું સાધન, તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.

**સર્વ ભૂતોની સાથે મૈત્રી એ પ્રતિક્રમણ આવશ્યકનું એક પરમ અંગ છે એમ અહીં કહ્યું છે.**

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमन्तु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥

टीका–क्षमयामि सर्वजीवान्, अनन्त भवेष्वप्यज्ञानमोहावृत्तेन या तेषां कृता पीडा तयोरपगमात् मर्षयामि, सर्वे जीवाः क्षाम्यन्तु मे दुश्चेष्टितं, अत्र हेतुमाह–मैत्री मे सर्व–भूतेषु वैरं मम न केनचित्, कोऽर्थ ? मोक्षलाभहेतुभिस्तान् सर्वान् स्वशक्त्या लम्भयामि, न च केषांचित् विघ्नकृतामपि विघाते वर्तेऽहमिति । वैरं हि भूरिभव-परम्परानुयायि कमठमरुभूत्यादीनामिवेति– –धर्मसंग्रह पृ. २३९.

અનંત ભવોમાં, અજ્ઞાન અને મોહથી મેં જે જે જીવોને ત્રાસ આપેલ છે, તે સર્વને હું ખમાવું છું. સર્વ જીવો મને માફી આપશો.

પોતે એમને ખમાવે તે બરાબર છે પરંતુ અન્ય સર્વ જીવો પ્રતિ ખમાવવાનું જે કહે છે તેમાં મુખ્ય હેતુ એ છે કે, મારા તરફના વૈર-વિરોધ નિમિત્તે તેઓને કર્મબંધ ન થાઓ. એમ કારુણ્યભાવના જાહેર કરવાની છે. કારણ કે મને સર્વ પ્રાણીઓમાં મૈત્રીભાવ છે.

કોઇની સાથે પણ વૈર વિરોધ નથી. આ પ્રમાણે બોલવામાં આશય એ છે, કે-હું પોતે તો વૈર વિરોધનો ત્યાગ કરીને મુક્તિસુખ પ્રાપ્ત કરૂં. પરંતુ અન્ય સર્વ જીવોને પણ મોક્ષસાધક હેતુઓમાં જોડી મોક્ષનો લાભ અપાવું.

મારા મોક્ષમાર્ગમાં કોઈ વિઘાત કરે તો પણ હું તેને વિઘાત ન કરૂં. કોઈ નિંદા કરે તો પણ હું દ્વેષ નહિ કરૂં. –અર્થ દીપિકા-પૃ. ૨૬૩.

અહીં પણ વૈર અને દ્વેષને નિવારવા માટે સર્વભૂતોની સાથે મૈત્રીભાવનાનું તથા સર્વ જીવોની મોક્ષપર્યંતની હિતચિંતા કરવાનું વિધાન છે.

**અશુભ ધ્યાનથી નિવૃત્ત થઇ શુભધ્યાનમાં પ્રવેશ કરવા માટે દ્વાર તુલ્ય મૈત્ર્યાદિ ભાવનાઓને અહીં વર્ણવી છે.**

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥२१८॥

કોઇ જીવ પાપ ન કરો, કોઇ જીવ દુઃખી ન થાઓ, સમસ્ત જગત મોક્ષને પામો એ બુદ્ધિને મૈત્રી કહેવાય છે.

अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥२१९॥

સંપૂર્ણ દોષથી મુક્ત, વસ્તુ તત્ત્વના જાણ એવા જીવોના ગુણોમાં જે પક્ષપાત તે પ્રમોદ કહેવાય છે.

दीनेष्वार्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतिकारपराबुद्धिः, कारूण्यमभिधीयते ॥२२०॥

દીન-દુઃખી, ભયભીત, જીવનની યાચના કરનારા તે તે જીવોના દુઃખનો પ્રતિકાર કરવાની બુદ્ધિ તે કરુણા કહેવાય છે.

क्रूरकर्मसु निःशंकं, देवतागुरूनिंदिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरीतम् ॥२२१॥

ક્રુર કર્મમાં નિઃશંક, દેવગુરુના નિંદક, આત્મપ્રશંસા કરનારા જીવો પ્રત્યે જે ઉપેક્ષા તે માધ્યસ્થ કહેવાય છે.

आत्मानं भावयन्नाभिर्भावनाभिर्महामतिः ।
त्रुटितामपि संघत्ते, विशुद्धां ध्यानसंततिम् ॥२२२॥

યોગશાસ્ત્ર પ્રકાશ-૪

આ ભાવનાઓ વડે આત્માને ભાવિત કરતો બુદ્ધિમાન્ પુરુષ તુટેલી ધ્યાન પરંપરાને સાંધી લે છે.

卐

ननु क्रियामात्रमप्याज्ञाबहुमानशून्यानां कथं ज्ञायते इत्याशंक्याह- किरियामेत्तं तु इह', जायति लद्धादवेक्खयाएऽपि गुरूलाघवादिसन्नाणवज्जियं पायमियरेसिं ॥२४१॥

टीका-क्रियामात्रं पुनरक्तरूपमिह-दूरभव्येष्वभव्येषु च जायते लब्ध्याद्यपेक्षयादि इह च लब्धिर्वस्त्रपात्रकीर्त्यादिलाभलक्षणा गृह्यते, आदि शब्दात् स्वजनाद्यविरोधकुल-

लज्जादिग्रहः तान्यपेक्ष्य स्यात् । गुरूलाघवादिसंज्ञानवर्जितं गुणदोषयोः प्रवृत्तौ गुरूलाघवमादिशब्दात् सत्त्वादिषु मैत्र्यादि भावग्रहस्तेषु यत्संज्ञानं शुद्धं संवेदनं रूपं तेन विनिर्मुक्तं प्रायो बाहुल्येनेतरेषां शुद्धाज्ञाबहुमानविहीनानामिति ॥

—उपदेशपद गाथा २४१. पृ. १७४.

પ્રશ્ન :– આજ્ઞા–બહુમાનથી શુન્યજીવોમાં ક્રિયા માત્ર પણ છે તે કેમ જણાય ?

ઉત્તર :– અહીં બીજાઓમાં ક્રિયામાત્ર લબ્ધિ આદિની અપેક્ષાએ જણાય છે. પણ તે ક્રિયા ગુરુલાઘવાદિના જ્ઞાન વિનાની હોય છે. ત્યાં આદિ શબ્દથી મૈત્ર્યાદિભાવ વિનાની હોય છે એમ લેવાનું છે.

અહીં આજ્ઞા–બહુમાન શૂન્ય જીવોને મૈત્ર્યાદિનું શુદ્ધ સંવેદન ન હોય એમ કહ્યું છે. અર્થાત્ મૈત્ર્યાદિનું સંવેદન...આજ્ઞાબહુમાનભાવને સૂચવનારૂં છે.

✖

અહીં મૈત્ર્યાદિ ભાવથી સંયુક્ત એવા અધ્યાત્મ વડે શૂન્ય અનુષ્ઠાનોને શરીરના મેલ તુલ્ય કહ્યાં છે. ક્રિયા સમાન છતાં અભવ્ય, દૂરભવ્યાદિનો ભેદ, ભાવનાની શુદ્ધિ ઉપર અવલંબે છે એમ જણાવતાં કહે છે કે–

तुल्लाए किरियाए अभव्व–दूरभव्वमाइ जीवाणं ।
धम्मट्ठाणविसुद्धी एमेव हवेइ इट्ठफला ॥३६७॥

દૂરભવ્ય–અભવ્ય આદિની તુલ્યક્રિયા હોવા છતાં પણ શુદ્ધ બુદ્ધિવાળાની ધર્મસ્થાનની વિશુદ્ધિ મૈત્ર્યાદિ ભાવનાના કારણે ઈષ્ટફલ આપનારી થાય છે.

अज्झप्पमूलबद्धं इत्तोणुठाणमो सयं बिंति ।
तुच्छमलतुल्लमणाणं, अण्णोऽज्झप्पसत्थण्णू ॥३६८॥

टीका– इहाध्यात्मलक्षणमित्थमवसेयं–

औचित्याद् वृत्तयुक्तस्य वचनात् तत्त्वचिंतनम् ।
मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः ॥१॥

इति ततोऽध्यात्ममेवमूलं तेन बद्धमायत्तीकृतमध्यात्ममूलबद्धं अतो भूमिका शुद्धावेवानुष्ठानस्येष्टफलत्वाद्धेतोर्यदनुष्ठानं परमार्थतस्तदनुष्ठानं ब्रुवते, तुच्छमल–तुल्यमसारशरीर लग्नमलसदृशमन्यद् ध्यात्ममूलबंधविकलमन्येऽपि तीर्थान्तरीया अध्यात्मशास्त्रज्ञा ब्रुवन्तीति।

यदेषाध्यात्मबन्धप्रधानमनुष्ठानं, तदेव भवव्याधिक्षय–कारणतया तत्वतोऽनुष्ठानं । तद्विलक्षणं च शरीररूदरजोराशिवत् मालिन्यकारितयाऽत्यन्ततुच्छमन्येऽपि योगशास्त्रविदो विदुः ॥३६८॥ –उपदेशपदे पृ. ३१९ गाथा–३६७–३६८

એટલે અનુષ્ઠાન અધ્યાત્મ યુક્ત હોવું જોઈએ. અને અધ્યાત્મનો અર્થ ઔચિત્ય-પૂર્વક (એટલે કે મૈત્ર્યાદિ ભાવપૂર્વક) આગમાનુસારી તત્ત્વચિંતન અને અધ્યાત્મથી શૂન્ય અર્થાત્ મૈત્ર્યાદિ ભાવ વિનાના અનુષ્ઠાન શરીરના મેલ તુલ્ય છે.

✖

**અહીં ઉદાર આશય માટે પરોપકારની આવશ્યકતા તથા ભાવવિશુદ્ધિ માટે મૈત્ર્યાદિ ભાવોની આવશ્યકતા જણાવતાં કહે છે કે :–**

सम्भवति चास्यां स्वोपकारवत् परोपकारेऽपि शक्तिरिति, नेदानीं युक्ता कदर्यता, किन्तु भवितव्यमुदाराशयेन परोपकारपूर्विकैव च स्वोपकारप्रवृत्तिरुदाराशयतां ख्यापयतीति परोपकार एवादितः प्रवर्तितुमुचितम् ।

–उत्तराध्ययन शान्त्याचार्यवृत्तौ–पृ. १.

આ સ્થિતિમાં સ્વઉપકારની જેમ પરોપકાર માટે પણ શક્તિ હોય છે. માટે કૃપણતા કરવી યોગ્ય નથી પણ ઉદાર આશયવાળા બનવું જોઈએ.

પરોપકારપૂર્વકની જ સ્વોપકારની પ્રવૃત્તિ આપણામાં રહેલી ઉદારતાને જણાવે છે. માટે શરૂઆતમાં પરોપકારમાં જ પ્રવૃત્તિ કરવી જોઈએ.

खमावयणाए पल्हायणभावं जणेइ पल्हायणभावमुवगए य, सव्वपाणभूअजीवसत्तेसु मित्तीभावं उप्पाएइ, मित्तीभावमुवगए य जीवे भावविसोहिं काउण निब्भए भवइ । –उत्तराध्ययन २८/१७ पृ. ५२४

ક્ષમાપનાથી પ્રસન્નતા ઉત્પન્ન થાય છે. પ્રસન્નતાથી સર્વ પ્રાણ–ભૂત–જીવ અને સત્ત્વમાં મૈત્રીભાવ ઉત્પન્ન થાય છે. મૈત્રીભાવને પ્રાપ્ત થયેલો જીવ ભાવ વિશુદ્ધિ કરીને નિર્ભયતાને પામે છે.

✖

**મૈત્રીભાવથી રાગદ્વેષના વિગમરૂપ ભાવવિશુદ્ધિ અને ભાવવિશુદ્ધિથી નિર્ભયતા અર્થાત્ સમસ્ત ભય હેતુઓના અભાવની પ્રાપ્તિ થાય છે એમ જણાવતાં કહે છે કે–**

टीका- सर्वसत्त्वेषु मैत्रीभावं-परहित-चिन्ता-लक्षणामुत्पादयति, ततो मैत्री-भावमुपगतश्चापि जीवः भावविशुद्धिं, रागद्वेषविगमरूपां कृत्वा निर्भयः इह लोकादि-भयविकलो भवति अशेषभयहेत्वभावात् शेषं च कर्म क्षपयति ॥

—उत्तराध्ययनवृत्तिः पृ. ५८९

પરહિત ચિંતાસ્વરૂપ સર્વ પ્રાણીઓમાં મૈત્રીભાવ ઉત્પન્ન કરે છે. અને મૈત્રીભાવને પામેલો જીવ, રાગદ્વેષનાં વિગમ-સ્વરૂપ, ભાવવિશુદ્ધિને પામીને આ લોક અને પરલોકના ભયથી રહિત બનીને નિર્ભય બને છે. ત્યારબાદ સંપૂર્ણભયનો અભાવ થવાથી બાકીના કર્મો પણ ખપાવી દે છે.

✱

भावसामम्-आओवम्मेण सव्वसत्ताणं दुःखस्स अकरणं, अकरणं नाम परिहरणं, सामेण ताव जिन्हाइ-मधुरेणेत्यर्थः । अतः सव्वसत्तेसु महुरभावत्तणं भावसामं ।

—आवश्यकचूर्णि- सामायिक व्याख्या पृष्ठ—६०६.

ભાવસામ્ય એટલે મધુર પરિણામ વડે આત્મસમાન સર્વ સત્વોને દુઃખ ન પમાડવું. અર્થાત્ દુઃખનો નાશ કરવો.

अनुकंपाप्रवणचित्तो जीवः सामायिकं लभते, शुभपरिणामयुक्तत्वात् ।

—आवश्यक—मलयगिरि—पृ. ४६०

અનુકંપાથી યુક્ત ચિત્તવાળો જીવ, શુભપરિણામવાળો થવાથી સામાયિકને પામે છે.

नमस्कारः सामायिकाङ्गमेव । —आवश्यक—मलयगिरि—पृ.५५५

નમસ્કાર એ સામાયિકનો જ અંગ છે.

सामायिकस्य विवृत्तिं कृत्वा यदवाप्तमिह मया कुशलं तेन खलु सर्वलोको लभतां सामायिकं परमम् ॥ —आवश्यक—मलयगिरि—पृ. ५८९

સામાયિકનું વિવરણ કરીને જે મેં પુન્ય પ્રાપ્ત કર્યું. તેનાથી સર્વલોક પરમ સામાયિકને પામો.

✱

અહીં પ્રભુની આજ્ઞાના ૧૨ વિશેષણોનું વર્ણન છે.

सुनिउणमणाइनिहणं, भूयहिअं भूयभावणमणग्घं ।
अमियमजितमहत्थं, महाणुभावं महाविसयं ॥१॥

—ध्यानशतक आवश्यक—( हारिभद्रीय ) पृ. ५९५

આજ્ઞાના વિશેષણો :–

સુનિપુણ, અનાદિઅનંત, ભૂતને હિત કરનાર, સત્ય જણાવનાર, નિર્મળ, અમીત, અજીત, મહાન અર્થવાળી, મહાન પ્રભાવવાળી, મહાન વિષયવાળી (ભગવાનની) આજ્ઞા છે.

✕

जो समो सव्वभूएसु, तसेसु थावरेसु अ ।
तस्स सामाइअं होइ, इइ केवलिभासिअं ॥७९८॥

—हारिभद्रीय आवश्यकवृत्ति पृ. ३२९

જે ત્રસ અને સ્થાવર આદિ સર્વ પ્રાણીઓમાં સમાન છે. તેને સામાયિક પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે કેવળજ્ઞાનીઓ કહે છે.

यः समः मध्यस्थः आत्मानमिव परं पश्यतीत्यर्थः ।

સમ એટલે મધ્યસ્થ, આત્માની જેમ પરને જુએ.

जो समो सव्वभूएसु । यः समः सर्वत्र मैत्रीभावात् तुल्यः ।

—अनुयोगद्वार मल्लधारीय टीका पृ. २३६

જે સર્વ પ્રાણીઓમાં સમાન હોય અર્થાત્ સર્વ પ્રાણીઓને વિષે મૈત્રીભાવથી યુક્ત હોય.

✕

उक्तभेदानामेतासां मैत्र्यादीनां यथाक्रमं परिणममानानं विशुद्धस्वभावानामेव अध्यात्मोपयोग इति फलद्वारा दर्शयन्नाह—

सुखिष्वीर्ष्यां दुःखितोपेक्षां पुण्यद्वेषमधर्मिषु ।
रागद्वेषौ त्यजन्नेता लब्ध्वाऽध्यात्मं समाश्रयः ॥७॥

टीका—सुखीति—सुखिष्वीर्ष्यां न तु साध्वेनां सुखित्वमिति मैत्रीं । दुःखितानामुपेक्षां, न तु कथं नु नाम एतेषां दुःखविमुक्तिः स्यादिति कृपां । पुण्ये, प्राणिनां सुकृते द्वेषं न तु तदनुमोदनेन हर्षं । अधर्मिषु रागद्वेषौ न तु उपेक्षां । त्यजन्—परिहरन् एताः परिणतिशुद्धा मैत्र्याद्या लब्ध्वा अध्यात्मं समाश्रयेत् । निष्पन्नयोगानां हि मैत्र्यादिरहितं सन्दोघमेव स्वभावतः परार्थसारं चित्तं । योगारंभकाणां त्वभ्यासादेव सुखीष्वीर्ष्यादित्यागेन मैत्र्यादिविशुद्धिरिति, तदुक्तम् एताः खल्वभ्यासात् क्रमेणवचनानुसारिणां पुंसां । सद्वृत्तानां सततं श्राद्धानां परिणमन्त्युच्चैः ॥ ततश्च निरुपायोऽध्यात्मलाभ इति स्थितम् ॥ —द्वात्रिंशिका १८ योगभेद. पृ. १०९ श्लो. ७

વિશુદ્ધ સ્વભાવવાળા કહેલા મૈત્ર્યાદિભાવો, જેમ જેમ ક્રમશઃ પરિણામ પામે, તેમ તેમ અધ્યાત્મનો ઉપયોગ કેવી રીતે થાય તે ફલદ્વારા દેખાડતાં કહે છે કે–

સુખી પ્રત્યે ઇર્ષ્યા, દુઃખી પ્રત્યે ઉપેક્ષા, પુન્યશાળી પ્રત્યે દ્વેષ અને અધર્મી પ્રત્યે રાગદ્વેષ છોડીને આ મૈત્ર્યાદિને પ્રાપ્ત કરવા દ્વારા અધ્યાત્મને પ્રાપ્ત કરે છે.

**ટીકાનો અર્થ**:– સુખી પ્રત્યે ઇર્ષ્યા કરે પણ આ સુખી છે, સારૂં છે એવી મૈત્રી ન કરે. દુઃખી પ્રત્યે ઉપેક્ષા કરે પણ આ બીચારા દુઃખીનું દુઃખ કેમ દૂર થાય? તેવી કરુણા ન કરે. પ્રાણીના સુકૃતમાં દ્વેષ કરે પણ અનુમોદના દ્વારા હર્ષ ન કરે. અધર્મીમાં રાગદ્વેષ કરે પણ ઉપેક્ષા ન કરે. આવી સ્થિતિને છોડતો, પરિણતિથી શુદ્ધ મૈત્ર્યાદિને પ્રાપ્ત કરીને અધ્યાત્મને પ્રાપ્ત કરે છે. નિષ્પન્નયોગીઓનું ચિત્ત તો મૈત્ર્યાદિથી રહિત હોવા છતાં પણ એટલે કે સક્રિય મૈત્રી ન હોવા છતાં પણ સદ્બોધમય (જ્ઞાનમય) ચિત્ત પરોપકારી જ હોય છે. અને યોગના આરંભ-કરનારાને તો અભ્યાસ દ્વારા સુખી પ્રત્યે ઇર્ષ્યાદિનો ત્યાગ કરીને મૈત્ર્યાદિની વિશુદ્ધિ થાય છે.

કહ્યુ છે કે, આગમને અનુસરનારા, સદ્વર્તનવાળા, શ્રદ્ધાળુ પુરુષોને અભ્યાસથી ક્રમશઃ મૈત્ર્યાદિભાવો પરિણામ પામે છે અને તેથી નિર્વિઘ્ન અધ્યાત્મ લાભ થાય છે.

✕

वचनाद् यदनुष्ठानमविरुद्धाद्यथोदितं ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥ —धर्मबिन्दु

वचनादविरुद्धाद्यदनुष्ठानं यथोदितम् ।
मैत्र्यादिभावसंमिश्रं, तद्धर्म इति कीर्त्यते ॥—धर्मसंग्रह पृ.१ श्लोक—३

વચનાનુસારી, અવિરુદ્ધ અને મૈત્ર્યાદિભાવ સંયુક્ત જે અનુષ્ઠાન તે ધર્મ કહેવાય છે

औचित्याद्वृत्तयुक्तस्य वचनात्तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ॥

—योगबिन्दु (अध्यात्मयोगनुं स्वरूप)

આગમ પ્રમાણે વર્તન અને ઔચિત્યપૂર્વક, અત્યંત મૈત્ર્યાદિ યુક્ત જે તત્ત્વચિંતન તેને અધ્યાત્મ કહે છે.

रुढयर्थनिपुणास्त्वाहुश्चित्तं मैत्र्यादिवासितम् ।
अध्यात्मं निर्मलं बाह्यव्यवहारोपबृंहितम् ।

—अध्यात्मोपनिषद् श्लोक ३

રૂઢિમાં નિપુણપુરુષો, બાહ્ય વ્યવહારથી યુક્ત અને મૈત્ર્યાદિથી વાસિત એવા ચિત્તને નિર્મળ અધ્યાત્મ કહે છે.

> सामायिकं यथा सर्वचारित्रेष्वनुवृत्तिमत् ।
> अध्यात्मं सर्वयोगेषु तथानुगतमिष्यते ॥३॥
>
> —अध्यात्मसार (अध्यात्मस्वरुपाधिकारे)

સર્વ ચારિત્રમાં જેમ સામાયિક હોય છે તેમ સર્વયોગમાં અધ્યાત્મ રહેલ છે.

# સંપૂર્ણ

પૂજ્યશ્રીના ચિંતનપ્રસાદીને પરમ પૂજ્ય, મુનિરાજ શ્રી રત્નસેનવિજયજી મહારાજે હિન્દી અનુવાદ કરીને સંપાદન કરેલા પુસ્તકો...

**હિન્દી પુસ્તકો :**

१. नमस्कार मीमांसा
२. महामन्त्रकी अनुप्रेक्षा
३. चिंतनकी चिनगारी
४. चिंतन के फूल
५. चिंतन की चांदनी
६. परमात्म दर्शन
७. चिंतन का अमृत
८. प्रतिमा पूजन
९. जैन मार्ग परिचय
१०. आपके सवाल-हमारे जवाब
११. परमेष्ठि नमस्कार
१२, समत्व योग की साधना
१३. जिनभक्ति
१४. आत्म साधना के पथ पर
१५. मन्त्राधिराज भाग-१-२-३-४.

પરમ પૂજ્ય, અધ્યાત્મયોગી, અનુપમ ચિંતક, પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની ચિંતન પ્રસાદી ગુજરાતી જે તેઓશ્રીના શિષ્યરત્ન, પરમ પૂજ્ય, આચાર્યદેવ, શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજા તથા તેમના શિષ્યરત્ન, પરમ પૂજ્ય, પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રી સંપાદિત...

## ગુજરાતી પુસ્તકો

૧. નમસ્કાર મહામન્ત્ર
૨. પરમેષ્ઠિ નમસ્કાર
૩. અનુપ્રેક્ષા ( કિ. ૧-૨-૩ સાથે)
૪. નમસ્કાર મીમાંસા
૫. નમસ્કાર દોહન
૬. નિત્ય સમરો નવકાર
૭. મંત્ર ભલો નવકાર
૮. અનુપ્રેક્ષા અમૃત
૯. અનુપ્રેક્ષાના અજવાળાં
૧૦. જિન શાસનનો સાર
૧૧. જૈન માર્ગની પિછાન
૧૨. જૈન તત્ત્વ રહસ્ય
૧૩. ધર્મશ્રદ્ધા
૧૪. સાધના
૧૫. આરાધનાનો માર્ગ
૧૬. આરાધના સંગ્રહ
૧૭. પ્રતિક્રમણની પવિત્રતા
૧૮. નાસ્તિક મતનું નિરસન
૧૯. આસ્તિકતાનો આદર્શ
૨૦. પ્રાર્થના
૨૧. દેવદર્શન
૨૨. પ્રતિમા પૂજન
૨૩. જિનભક્તિ
૨૪. તત્ત્વ દોહન
૨૫. તત્ત્વપ્રભા
૨૬. મનની માધુરી
૨૭. મંગલવાણી
૨૮. ચૂંટેલું ચિંતન
૨૯. ચિંતન સુવાસ
૩૦. ચિંતન ધારા
૩૧. વચનામૃત સંગ્રહ
૩૨. અજાતશત્રુની અમરવાણી
૩૩. સંતવચન સોહામણા
૩૪. સવિ જીવ કરું શાસનરસિ
૩૫. શ્રી મહાવીર દેવનું જીવન
૩૬. આશીર્વાદની અમીદૃષ્ટિ
૩૭. ધર્મચિંતન
૩૮. અમીદૃષ્ટિથી સંયમસૃષ્ટિ
૩૯. ગુરુદેવનો પ્રેરણા પ્રકાશ
૪૦. આત્મ ચિંતન
૪૧. પ્રેરણાનું પીયુષ પાન
૪૨. આધ્યાત્મિક પત્રમાળા
૪૩. નમસ્કાર ચિંતન.

卐




ત્રણ લોકમાં દિપક સમાન એવા મહામંત્રાધિરાજ શ્રી નવકાર મહામંત્રમાં ફકત ૬૮ અક્ષર કે નવપદ જ નથી પણ તેમાં તો છે ચૌદ પૂર્વનો ખજાનો ના...એનાથી પણ વિશેષ જૈન શાસનનો પૂર્ણ અવતાર. કેવળી ભગવંતો પણ આ નવકારના ગુણો પૂરા ગાઈ શકતા નથી તેવા ગુણની ગરિમાથી ગંભીર એવા નવકાર મંત્રના એક-એક અક્ષર, એક-એક શબ્દમાં જે તત્ત્વો-વિદ્યાઓ-સધ્ધિઓ રહેલી છે તેને આગમોમાં તથા વિવિધ ગ્રન્થોમાં પૂર્વના મહાપુરૂષો બતાવી ગયા છે. તે પદાર્થોને આત્મ અનુભવથી ભાવિત કરવા પૂર્વક, પ્રભુભકિત-યોગ સાધના અને આરાધના દ્વારા અનુપ્રેક્ષા કરીને સ્વ-પરના કલ્યાણ માટે લિપીબધ્ધ કર્યા. જે હજારો પેજ લખાયા તેમાંથી સારાંશ રૂપ પદાર્થોને એકત્રિત કરીને

(૧) નમસ્કાર મહામંત્ર
(૨) નમસ્કાર મીમાંસા
(૩) પરમેષ્ઠિ નમસ્કાર
(૪) નમસ્કાર દોહન
(૫) અનુપ્રેક્ષા
(૬) મંત્ર ભલો નવકાર
(૭) નવકાર ચિંતન રૂપે પ્રકાશિત કરાયા. જેનું એક વિશાળ વોલ્યુમ તૈયાર કરવામાં આવ્યું. અને નવકારનો એક અનુપ્રેક્ષાત્મક ખજાનો 'ત્રૈલોક્ય દિપક મહા મંત્રાધિરાજ' તરીકે પૂજયશ્રીના પ્રશિષ્યરત્ન, પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેન વિજયજી મહારાજે સંપાદિત કરેલ તે અમોએ ભદ્રંકર પ્રકાશન તરફથી પુસ્તક રૂપે પ્રકટ કરેલ છે તે આપ આજેજ મેળવી લેશો. આત્મિક શાંતિનો અનુભવ સિધ્ધ ચિંતન.

એટલે

**ત્રૈલોક્ય દિપક મહામંત્રાધિરાજ.**

પૂજયશ્રીના હસ્તાક્ષરે
ચિંતન કર્ણિકા....!!

જિનેશ્વર પરની ભક્તિ તેમના વચનો પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરી જીવો પરની પ્રીતિને જગાડે છે તે સમ્યગ્ દર્શનીઓને જીવો પરની પ્રીતિ નિર્મળ કરાવે છે એ વિરતિના પરિણામ છે. વિરતિ એ વિશિષ્ટ રતિ રૂપ જ્ઞાનીઓ સંભાળાવે પામે છે ત્યારે રત્નત્રયના પ્રકાશ રૂપ નિશ્ચય ચારિત્ર રૂપ સમાપત્તિને જગાડે છે. પ્રીતિમાં નિર્મળ ભક્તિ માંહે વિરતિ અને વિરતિ માંહે અનુક્રમે સમાપત્તિ મળવાની છે. કહ્યું છે કે 'વિહિતાનુષ્ઠાન સંયમ એવ મોક્ષસાધનોપાય.' વિહિતાનુષ્ઠાન એ સત્-[illegible] પ્રવૃત્તિ રૂપ છે તેનું પાલન કરવાથી આત્માનું આરાધન થાય છે. આ આરાધનાથી આ-ત્મ સાક્ષાત્કારક સ્મરણ તે પુનઃ [illegible] અને પુનઃ પરાવર્તનથી આત્માનું અનુસંધાન કરાવનાર શુદ્ધ આત્મ પ્રણિધાનમાં [illegible] શુદ્ધાત્મ પ્રણિધાન મોક્ષનું અસાધારણ કારણ બની ને મોક્ષ અપાવી દે